# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૬

NO. 057308
Lo - 43.09

(પાક્ષિક)




: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

# પૂ.આગમોદ્ધારક તથા તેઓશ્રીની અ

વિદ્વત્ કુલ મંડન શ્રુતસ્થવિર



શ્રી ઝવેરસાગરજી મ.સા.

પ્રથમ ગચ્છાધિપતિ



પૂ.આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ.સા.





આગમોદ્ધારક પૂ.આ.



શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસન સુભટ



પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.

વિદ્વા



શ્રી મહોદ

# ામવાણીને સુરક્ષીત રાખનારા પૂજ્યો





ામુનિ



રજીમ.સા.

પ્રૌઢ પ્રતાપી



પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ



પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મહારાજ

જંબૂદ્વીપ પ્રણેતા



પૂ. પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.

પૂ. આ. ભગવંત



શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૬

(પાક્ષિક)




: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

# -: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી**
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
ટે. નં. : ૨૩૦૭ - ૪૨૦૨૨

**આગમોદ્ધારક પ્રતિષ્ઠાન**
C/o સેવંતિભાઈ શાંતિલાલ શાહ
છાણી (વડોદરા) પીન : ૩૯૦૭૪૦
ટે. નં. : ૭૭૧૯૯૪

**અશોકભાઈ સૂરજમલ શાહ**
ન્યુ ગુજરાત ટ્રેડીંગ કું.
બહુઆની પોળ, રાયપુરચકલા, અમદાવાદ-૧.
ટે. નં. : (ઓ.) ૨૧૪૭૧૭૨

**આગમોદ્ધારક સંસ્થા**
આગમ મંદિર રોડ,
ગોપીપુરા,
સૂરત, પીન : ૩૯૫૦૦૧

**ગોડીજી જૈન દેરાસર**
૧૨ - પાયધુની, વિજયવલ્લભ ચોક,
મુંબઈ - ૪૦૦૦૦૨

**ઋષભદેવ કેશરીમલ જૈન શ્વે. પેઢી**
બજાજ ખાના,
રતલામ (મ.પ્ર.)
પીન : ૪૫૭૦૦૧

**ઋષભદેવ છગનીરામ પેઢી**
શ્રીપાલ માર્ગ, ખારાકૂવા, ઉજ્જૈન (મ.પ્ર.)
પીન : ૪૫૬૦૦૬
ટે. નં. : ૫૫૩૩૫૬



Kanak *Creativity Graphics*
Anantdarshan Appt., Gopipura, SURAT. Ph : 0261 - 2419349

**નોંધ :- આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને માલીકી કરવી.**

શ્રી આગમોદ્ધારકાય નમો નમઃ

## પ્રસ્તાવના

### સિદ્ધચક્ર પાક્ષિક એટલે ઘર બેઠા દર્શન

સિદ્ધચક્ર પાક્ષિક પ્રકાશન એટલે પરોપકાર પરાયણત્તા ગુણને વરેલા મહાપુરૂષનું મૌન મૌલીક જીવન નું આબેહુબ દૃશ્ય.

પાક્ષીકો - સાપ્તાહીકો - માસિકો આદિ પ્રકાશન ઘણું જોવામાં આવે છે. પરંતુ આ પાક્ષિકનું પ્રકાશન એક અનેરા સુવર્ણ ઈતિહાસપૃષ્ઠનું દર્શન કરાવે છે.

સિદ્ધચક્ર પાક્ષિકના ઉત્થાન કરનાર પૂજ્ય આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજા છે. જેઓને આગમોદ્ધારક નામથી જગત ઓળખે છે, અને જૈન સમાજ સાગરજી એવા હુલામણા નામથી સંબોધે છે.

પાક્ષિકના વર્ણનની મહત્તા લખતાં પહેલા પાક્ષિકનો ઉદ્ભવ કરનાર મહાપુરૂષની જીવન છાયા ઉપર સિહાંગવલોકન કરીએ તો જ પાક્ષિકની મહત્તા અવર્ણનીય જણાય. આ કારણથી વિશેષ લખવાનું કે પૂ. સાગરજીના સંયમી જીવનના અભ્યાસી જીવનની અંદર દેખાય દેતી પરોપકાર - પરાયણતા નજીકનાં રહેલા વ્યક્તિઓને ધ્યાનમાં આવે એવી હતી અને તેથીજ વૈયાવચ્ચ ગુણના મૂર્ત દર્શન હોય તો સાગરજીના જીવનનું કવન કરો. આમાં સાગરજીએ કોઈપણ જાતીના ખ્યાતીના મોહ વગર આગમીક જીવનના તલ સ્પર્શી અધ્યયનના જીવનની અંદર આગળ વધતાં પરોપકારના ઉચ્ચત્તમ શીખર ઉપર ડગ માંડવા તે વખતે સૌથી પહેલાં અલ્પમાં બહુ જ્ઞાન થાય તે માટે સિદ્ધ હેમ વ્યાકરણ ઉપરથી સિદ્ધ પ્રભા વ્યાકરણ લઘુ - મધ્યમ - ઉતકૃષ્ટ રૂપે સર્જન કર્યું.

તેઓએ આગમીક જીવનના ગુઢતમ અધ્યયન કરાવવાનું સંકલ્પ જાહેર કરતું આગમ સંશોધન કાર્ય પ્રારંભ્યું સંપૂર્ણ તપાગચ્છ આદિ સંપ્રદાયમાં આશ્ચર્યમાં મૂકી દે તેવી શાસ્ત્રીય વાતોની ઝાંખી સૌને કરાવા અને સૌના મુખથી સંવાદ શરૂ થયો કે સાગરજી જે વાત ગુજરાતી ભાષામાં કહે તેનું મૂળ આગમમાં હોય જ. ઉત્તરોત્તર વધતી જતી ખ્યાતી અને લોકોની જીજ્ઞાસા જોઈને પરોપકાર પરાયણતા ગણી સાગરજીએ સ્વ-પરના ઉપકારક આગમ વાચના શરૂ કરી.

આગમ વાચનાના ફળ સ્વરૂપે જે વર્ષો પર્યન્ત છ-છ મહિનાના ગાળા વાળી અનેક વાચનાઓ આપી. આવી પરોપકાર પરાયણતાનું કાર્ય લગભગ સાધુ સાધ્વીજીને લાભદાયક દેખાતા આ જ પરાયણતાએ તેઓને ચર્તુવિધ સંઘના આગમીક રહસ્યોના

જીજ્ઞાસુ વર્ગને લાભ થાય એ હેતુ એ ગુજરાતી ભાષામાં આગમોનું રહસ્ય સુંદર શૈલીમાં પ્રસિદ્ધ થાય તેવી ભાવના એજ આ સિદ્ધચક્ર પાક્ષિકનો જન્મ આપ્યો.

વર્તમાન શાસનમાં જૈન-જૈનેત્તર વર્ગ તરફથી શાસન આદિમાં જે કાંઈ કાર્ય અધિકાર રૂપ કરવું પડે એ પણ ચકાસણી કરીને શાસન સેવા કરીને પોતાનો મૌલીક પરોપકાર પરાયણતા ગુણનો ઉત્તરોત્તર વિકાસ વધતો ગયો. આથી જ જૈન સમાજમાં કહેવત શરૂ થઈ કે સિદ્ધચક્ર પાક્ષિકમાં જે કાંઈ પ્રકાશિત થાય તેનુ મૂળ આગમમાં હોય. એટલે ટૂંકમાં કહીએ તો સાગરજી આગમની જીવંત ડીક્ષનરી છે. આવી પ્રસિદ્ધી સહજ સુલભ થઈ.

જેઓ સંસ્કૃત-પ્રાકૃતના ઊંડા અભ્યાસી ન હોતા તેઓને માટે સિદ્ધચક્ર પાક્ષિક ઘર બેઠા દીપક સમાન બન્યુ અને સિદ્ધચક્ર વાંચીને દરેક વ્યક્તિ વિના સંકોચે કહી શકે કે જૈન આગમ આ વાત બતાવે છે આવી વાત જાહેરમાં સંઘ કરે એનો મુખ્ય યસ સિદ્ધચક્ર પાક્ષિક ને છે.

આવી સુલભ કીર્તિવાળા સિદ્ધચક્ર પાક્ષિકના સર્જનમાં સાગરજી મહારાજ યોગ્ય વ્યક્તિ પાસે એકાન્તમાં બેસી લખાણ લખાવતાં હતાં. જેના ફળ સ્વરૂપે આ પાક્ષિકમાં આગમ રહસ્ય - સાગર સમાધાન - અમોઘ દેશના વિગેરે વિશિષ્ટ લેખો તેમજ તીર્થયાત્રાનો નિબંધ તીથી પ્રકરણના લેખો અને અઘટીત વિધાનોનું સમાલોચન તેમજ શાસ્ત્રીય ગ્રંથોનુ તેમજ આગમ મંદિરના સર્જન આદિ અનેક કાર્ય સંબંધી લખાણથી સમૃદ્ધ થતું ગયું. જેના ફળ સ્વરૂપે છઠ્ઠા વર્ષના પ્રકાશનનું પુનઃમુદ્રણ થઈ રહ્યું છે. આમ તેઓના જીવન પર્યંત સિદ્ધચક્રનું પ્રકાશન રહ્યું.

આજે પણ તેની ઉપયોગીતા ઘણાને જરૂરત લાગે પરંતુ લાંબા વર્ષ સુધી તેનું પ્રકાશન થયું તેનું પુનઃમુદ્રણ કરવા માટે શુભ ભાવના અમારા સમુદાયના અગ્રગણ્ય સાધુઓમાં જેમની ગણતરી થાય તેવા શાસન પ્રભાવક આ. શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબને ઊદ્‌ભવ્યું તેમાં તેઓશ્રીના ગુરૂદેવશ્રી પં. અભયસાગરજી મહારાજના દિવ્ય આશીષ સાથે સમુદાયના સાધુ સાધ્વીઓની મંગલભાવના સાથે શ્રી સંઘની સહાયતાથી આરંભેલ છે. તેનો છઠ્ઠો ભાગ પ્રસિદ્ધ થઈ રહ્યો છે. તે પ્રસંગે આ કાર્ય સંપૂર્ણ જલ્દી થાય એવા અંતરના આશીર્વાદ સાથે શાસનદેવની પણ સહાયતા મળે એવી મંગલ ભાવના સાથે વિરમું છું.

**આ. સૂર્યોદયસાગરસૂરિ**

# સંપાદકની કલમે

રળીયામણી શરદપૂર્ણિમાનાં સૌમ્ય દિવસે બુહુશ્રુત આગમોધ્ધારકરુપ હિમાલય પરથી આગમવાણી રુપ ગંગાનું અવતરણ સિદ્ધચક્ર પાક્ષિક રૂપે વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ આજથી ૬૮ વર્ષ પૂર્વે થયું જેના સતત ૨૮ વર્ષ સુધી જિનશાસન રૂપી વિશ્વપર ધસમસતા પવિત્ર પ્રવાહથી અનેક સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની આગમ જિજ્ઞાસા રુપી તૃષાથી ત્રસ્ત આત્માઓને તૃપ્તિનું કારણ બન્યું એટલું જ નહી આ આગમગંગાનો પ્રવાહ અનેક નાની નાની નદીઓ રૂપી ગ્રંથો અને પુસ્તકોમાં આજે પણ વહી રહ્યો છે.

ગંગાનો પ્રવાહ તો એકજ દિશામાં વહી રહ્યો છે. ત્યારે આ પૂ. આગમોધ્ધારકશ્રીની આગમ વાણીનો પ્રવાહ ચારે બાજુ વહ્યો છે જૈન શાસનનો આજે વિદ્યામાન દરેક સમુદાય ગચ્છ સંપ્રદાય વર્ગમાં એવો એકેય વર્ગ શોધ્યો નહી મળે કે જેઓએ આ .પૂ. આગમોધ્ધારકશ્રીની વાણીસમ ગંગાનો આસ્વાદ ન માન્યો હોય.

પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીનું સાહિત્ય જેટલું પ્રગટ થયુ તેટલું હજી અપ્રગટ પેન્સીલોથી લખાયેલ સાહિત્ય પ્રગટ થવાની રાહ જોઈ રહ્યું છે.

પૂ. સાગરજી મ.ના વચનો ટંકશાળી ગણાય છે. તેઓશ્રી શું બોલ્યા ? તેઓશ્રીએ શું લખ્યું ? તેમનાં વચનો અડીખમ પથ્થર પરની લકીર જેવા સૌ ગણે છે.

અમદાવાદ જૈન નગરમાં મારા સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં ભોજકકુલઅવતંસ પંડિત શ્રી અમૃતભાઈ વારંવાર આવતા મઝેની જ્ઞાનગોષ્ઠી થતી તેમાં તેઓએ એક અનોખો પ્રસંગ કહ્યો જેને તેજ વખતે મે નોટમાં લીપીબધ્ધ કરેલ. વાત એમ હતી કે તેરાપંથી સંપ્રદાય શ્રીભગવતીજી સૂત્રનું પ્રકાશન કરી રહી હતી તેમાં એક ન એવા સ્થાને ગોઠવાઈ ગયેલ કે કેમેય કરી અર્થ બેસે નહિ. આ ન બિનજરૂરી લાગતો હતો. મુનિઓ બેઠા, પંડિતો બેઠા, ચર્ચાઓ ચાલી પણ સાગરજીમહારાજે આ ન છાપ્યો છે માટે જરૂર કોઈ રહસ્યાર્થ હશે. જો કે તે ન એ પ્રેસમીસ્ટીક હતી. છતાંય સાગરજીનો ન કાઢતાં ધ્રુજારી છૂટતી. આવું તો તેઓશ્રીનું આગમ વિષયક આગવું પ્રભુત્વ હતું. આગમ પ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પૂણ્યવિજયજી મ.સા.ના પણ પૂ. સાગરજી મ. પ્રત્યેની નિષ્ઠાનાં અનેક આવા પ્રસંગો પંડિતજી પાસેથી જાણવા મળ્યા બીજા પણ કેટલાય પ્રસંગો છે જેમાં પૂજ્ય મ.ની બહુશ્રુતતા આજે પણ ઝળકી રહી છે.

સં. ૨૦૫૪ નાં જંબૂદ્વીપનાં ચાતુર્માસ દરમ્યાન એક દિવસ પૂ.આ.શ્રી. નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાસે બેઠો હતો. સિધ્ધચક્ર માસિક આગમવાણીનાં અણમોલ ખજાનાં જેવું અત્યારે જીર્ણશીર્ણ હાલતમાં છે. આનું પુન : પ્રકાશન ખૂબજ જરુરી છે. નહી તો આ આગમોનાં રહસ્યાર્થો જણાવનારો આ ખજાનો નષ્ટ પ્રાય: થઈ જશે. આ અંગે થોડુંક

પ્રારંભિક કાર્ય વિનેય મુનિ સૌમ્યચંદ્ર સાગરે તથા મુનિ વિવેકચંદ્ર સાગરે પૂજ્યશ્રીની નિશ્રામાં બેસી શરુ કર્યુ પણ સમયના અભાવે આગળ ન વધ્યું. સાબરમતીમાં મુનિ પૂર્ણચંદ્રસાગર મ. સાથે પણ આ અંગે વિચારણા થયેલ.

સં. ૨૦૫૬નું આગમતીર્થ સમા સૂરત શહેર જ્યાં પૂ. આગમોધ્ધારકશ્રીએ અગ્યાર ચાર્તુમાસ કરી સુરતના પ્રત્યેકપરમાણુને આગમમય બનાવી દીધેલ જ્યાં પવિત્ર આગમમંદિર જૈનાનંદ પુસ્તક ભંડાર, શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી જૈન તત્વબોધ પાઠશાળા, શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધારક ફંડ આદિ વિશાળ જ્ઞાન પરબો જ્ઞાન તૃષાતુરોને પરમ તૃપ્તિનું કારણ બની છે જેનો પ્રભાવ આજે પણ વાડીનાં ઉપાશ્રયમાં પ્રવચનકારો શ્રોતાઓની સૂઝ બૂજ દ્વારા અનુભવી રહ્યા છે. આ. સુરત શહેરનાં કૈલાસનગર શ્રી સંઘના ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

પાલીતાણા જંબૂદ્વીપ ચાતુર્માસની એ અધૂરી ભાવના આપોઆપ સ્ફૂરી આથી અંતરમાં એક પ્રકારના માત્ર અનુભવી શકાય પણ લખી ન શકાય તેવા નાદનું પ્રગટીકરણ થયું અને પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી સિદ્ધચક્ર માસિકના તમામ અંકોનાં પુનર્મુદ્રણનાં સંકલ્પનો સાક્ષાત્કાર થયો સહવર્તીમુનિઓ સાથે વિચારણ થઈ. પરિણામે 'દેવાવિ તં નમંસન્તિ' મુજબ ચારેબાજુથી તમામ અનુકૂળતાઓ અલ્પ પ્રયત્ને સહજતાથી મળવા લાગી કાર્યકળા કુશળ મુનિ સૌમ્યચંદ્રસાગરે "નેમ-પ્રભા" પ્રિન્ટર્સવાળા શ્રી કનકભાઈ તથા જંબૂદ્વીપ પ્રીન્ટ વીઝનવાળા શ્રી કાંતિભાઈને બોલાવી કોમ્પ્યુટર - કાગળો વિ.ની સફળ કાર્યવાહી આરંભી લીધી.

સાગર સમુદાયના રાગી શ્રુતભક્ત અને વફાદાર એવા શ્રાવકોની એક કમિટી બનાવી. દેવગુરુની પરમકૃપા અને પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ. શ્રી નરેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સાહેબના આશીર્વાદપત્રો પણ આવી ગયા. અને કાર્યનો પ્રારંભ થયો ચારેબાજુથી આર્થીક સહયોગ ન ધારેલો સહજ પ્રયત્ને આપોઆપ મળવા લાગ્યો. અને આ કાર્યનાં શ્રી ગણેશ થયા જેમાં સૌપ્રથમ વાડીનો ઊપાશ્રય, કૈલાસનગર જૈન શ્રીસંઘ, નાનપરા જૈન શ્રીસંઘ, અઠવા લાઈન્સ જૈન શ્રી સંઘ તથા શ્રી ઑકાર સૂરિ આરાધના ભવને ઉલ્લાસથી કાર્યનાં પ્રારંભે મહત્વનો સહયોગ આપ્યો.

પ્રથમ તો ઝેરોક્ષ ફોટા કોપીનો વિચાર કરેલ જેમાં પ્રૂફ જોવાની મહેનત નહી પણ તેમાં પીળા અને ઝાંખા પડી ગયેલા પાનાની અસર પણ આવે વળી તે લેટર પ્રેસમાં છાપેલાં અક્ષરો આજના સમયને જોતાં અનુરુપ નહીં લાગવાથી બધું જ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું વિચાર્યું. મંગળ મુહુર્તે પ્રારંભાયેલું આ કાર્ય એટલા વેગથી ચાલ્યું કે આનુ પ્રૂફ કેમ જોવું ? રોજના ૩૦૦ થી ૩૫૦ પાનાં તૈયાર થવા લાગ્યા, શરુમાં પ્રૂફ જોનારાઓએ પણ ઢગલાબંધ ભૂલો એમનીએમ રાખી છેવટે પ્રૂફ જોનારાઓ બદલ્યા. અમોએ જ આ કાર્ય છેલ્લા પ્રૂફનું

હાથમાં લીધું ચાતુર્માસની અનેક કાર્યવ્યસ્તતા છતાં સંતોષકારક કાર્ય થવા લાગ્યું જોકે મારા પૂ. ગુરુદેવશ્રી મઝાકમાં ક્યારેક કહેતા કે "ઈત્થિયા પુત્થિયા કભી ન શુધ્ધિયા" નાં ન્યાય મુજબ વધુને વધુ સમય આપવા છતાં, પ્રૂફરીડરો બદલવા છતાં ક્ષતિઓ તો આવી જ છે જે વાંચકો ક્ષમ્ય ગણશે. એક વાર તો એક ફર્મો છપાયા બાદ છેલ્લા ૧૦ પાનામાં ઘણી ભૂલો હતી. આ ફર્મો અમારા ચેકીંગમાં રહી ગયેલ જેથી છપાઈ ગયેલાં એ તમામ પાના કેન્સલ કરી તે ફર્મો પુનઃછાપ્યો છતાં એક મહામૂલો આગમનો ખજાનો નષ્ટભ્રષ્ટ થતાં બચ્યો એક સૂચન એ પણ આવ્યું કે પૂ. આગમોદ્ધારકશ્રીની ભાષા જ્યાં ક્લીષ્ટ છે તથા ગામઠી કહેવતો છે ત્યાં આજની ભાષામાં સરળ બનાવવી. પણ તેમ કરતાં દેશનાકારશ્રીનો ભાવ જ બદલાઈ જવાનાં ભયે તે સાહસ ન કર્યુ અને જેમ હતું તેમ જ રાખી છપાવ્યું જો કે એક બે વાર શાંતિથી થોડું વાંચન ચાલુ રખાય તો આપોઆપ ગેડ બેસતી જાય અને આગમીક રહસ્યોની મઝા મનાતી જાય. "શુભે યથાશક્તિ યતનીયમ્‌ના ન્યાયનો પરમ આનંદ આજે અમારા આત્મામાં લહેરાઈ રહ્યો છે.

પ્રુફને જોવાનાં બહાને મને પણ નવા નવા કેટલાય મુદ્દા, નવીન તર્કો, નવાશાસ્ત્ર પાઠો, નવા દ્રષ્ટાંતો, નવીનવી કહેવતો વિ. પ્રાપ્ત થઈ જે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિનું શુદ્ધિનું કારણ બન્યું.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીના સ્વહસ્તે દીક્ષીત શિષ્ય કર્મગ્રંથ નિપુણ પૂજ્યપાદ ગચ્છાધિપતિ **આચાર્યદેવશ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. શ્રી**એ આ પ્રસ્તાવનાનું ગૌરવ વધાર્યુ છે.

અમે આ સિધ્ધચક્રનાં અંકોનાં ટાઈટલ પણ જેવા રંગનાં હતાં તેવાજ રાખ્યા છે.

મારા આ કાર્યમાં મુનિ સૌમ્યચંદ્રસાગર મ., મુનિ વિવેકચંદ્રસાગર મ., મુનિ ધૈર્યચંદ્રસાગર મ. અનેક કાર્યવ્યસ્તતા હોવા છતાં સારા સહભાગી બન્યા છે.

લગભગ દરેક આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારકશ્રીની વિષયવાર જીવનપ્રભાની જ્યોત મૂકવામાં આવી છે.

તથા પ્રથમથીજ તંત્રી તરીકે સેવા આપનાર ઝવેરી પાનાચંદ રુપચંદ (સૂરત) તથા ચીમનલાલ સવાઈચંદ સંઘવી (સૂરત)ની અનુમોદના કરીયે છીયે.

અન્તે ભગવતી શ્રુતદેવી શાસનદેવતા અને પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાને વિનંતી કે આ કાર્ય ઝડપી સંપૂર્ણ બને અને જિજ્ઞાસુઓ આગમનાં રહસ્યોને પામી. જીવનમાં ઉતારી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

**અભયગુરુપાદપદ્મસેવી**

**અશોકસાગરસૂરિ**



# અમારો અહોભાવ પ્યારાગુરુજી પ્રતિ....

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નીર્મળ થાઉં રે...
હે મારા પ્યારા, ગુરુદેવ, તમારા ગુણોનું વર્ણન
કયા સ્વરુપે કરું !
સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન સમ્યગ્ ચારિત્રનાં
તમારા ગુણગણને જોતાં, જાણે હું તમારા આ ગુણોને ગાયા જ કરું,
બસ તમારી ગુણગંગામાં નાહ્યા જ કરું.

જ્યારે

પૂ. આચાર્યશ્રી અશોકસાગરસૂરિજી મ. સાહેબે અમોને સૂરત બોલાવી સિધ્ધચક્ર માસિકનાં જીર્ણશીર્ણ અંકોને બતાવવા સાથે હૃદયને હલબલાવી મૂકે તેવી રીતે આ સિદ્ધચક્ર માસિકનાં પુનર્મુદ્રણ માટે પ્રેરણા કરી અને તુર્ત જ અમો એ આ કાર્ય વધાવી લીધું પરંતુ તેમા સાચી મહેનત તો પૂ. આચાર્યશ્રી એ તથા તેઓશ્રીનાં વિનેય મુનિશ્રી સૌમ્યચંદ્ર સાગરજી મ.સાહેબે જ કરી છે.

અમોતો માત્ર
ગુણીજન ગુણ ગાવતાંગુણ આવે નિજ અંગ આ ઉક્તિ મુજબ કંઈ
તમારા ઢગલાબંધ ગુણોમાંથી તેના લેશ ને પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવીએ એ મંગળ કામના સાથે.

## -: સિદ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિનાં સભ્યો :-

- ❖ શ્રી પ્રફુલ્લભાઈ શાંતીચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી રાજુભાઈ કલ્યાણચંદ ઝવેરી, સુરત.
- ❖ શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ચોકસી, મુંબઈ
- ❖ શ્રી ચંદ્રસેન અભેચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી પ્રફુલ્લ અમીચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંતભાઈ સાકરચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી પુષ્પસેન પાનાંચદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી શાંતીચંદ રવિચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંત અમરચંદ ઝવેરી, મુબઈ
- ❖ શ્રી અશોકભાઈ પાનાચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી હેમચંદભાઈ મોતીચંદ ઝવેરી, મુંબઈ

## તથા જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી, ટ્રસ્ટી ગણ

૧. શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઈ. ૨. શ્રી વસંતભાઈ ઉત્તમચંદ વૈદ્ય, ઉંઝા.
૩. શ્રી અશોકભાઈ સુરજમલ શાહ, અમદાવાદ. ૪. શ્રી વિનુભાઈ જગજીવનદાસ સંઘવી, ભાવનગર.

## આગમોદ્ધારકની સાહિત્ય જીવન ઝરમરાદિ અવતરણિકા

ઢૂંઢકની સામા સિંહપણે ઝઝુમતા **શ્રી ઝવેરસાગરજી મહારાજ** પાસે સં. ૧૯૪૭ના મહા સુદિ પના દિવસે લીંબડી મુકામે કપડવંજના શ્રી મગનભાઈના ચિ. હેમચંદભાઈએ **આનંદસાગરજી**ના નામે દીક્ષા લીધી. (અહીં ફક્ત **સાહિત્ય સેવાનો** વિષય લીધો છે.) ગુરૂદેવ પાસે દીક્ષા અંગીકાર કરીને વિનયપૂર્વક ગુરૂદેવ પાસેથી જ્ઞાન મેળવ્યું અને બાળપણથી જે પોતાનો ક્ષયોપશમ હતો તે જ્ઞાનાવરણીયનો ક્ષયોપક્ષમ થવાથી આગળ વધ્યો અને ગુરૂની આપેલી હિત શિખામણે અભ્યાસ કરતા થયા, પણ ટુંક સમયમાં ગુરૂજીનો સ્વર્ગવાસ થવાથી પોતાની જાતમહેનતે પોતાના ક્ષયોપશમે અભ્યાસ કરવાનો થયો.

**વ્યાકરણ** વગેરે પોતે ભણે પણ શંકાનું સ્થાન પંડિતજીને પૂછીને નિર્ણીત કરવું પડે. આવા અવસરે સંજોગ એવો મળી ગયો કે સંસારીપણાનાં માતુશ્રી વંદન કરવા આવતા સારી રકમથી જ્ઞાન પૂજન કર્યું અને તેમાંથી જરૂર પૂરતા પંડિતજીને બોલાવી પગાર ચૂકવાવ્યો. એવી રીતે અભ્યાસ વધાર્યો.

**પાલીમાં** ચોથા વર્ષના દીક્ષા પર્યાયમાં **શ્રીસ્થાનાંગસૂત્ર** વ્યાખ્યાનમાં વાંચ્યું, એટલો ક્ષયોપશમ વધાર્યો હતો. હસ્તલિખિતિ વાંચવું કે કઠિન ગ્રંથ બેસાડવો એ એમને મન સહેલ હતું.

કોઈ અવસરમાં છાણીમાં રાજાના હાથીરૂપી રાજારામ શાસ્ત્રીને રોકવામાં આવ્યા અને ત્યાં સ્વ. પૂ. આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજે, સ્વ. પૂ. પંન્યાસ મણિવિજયજી મહારાજે અને આ સાહિત્ય ઉપાસકે પંડિતજીનો સારો લાભ ઉઠાવ્યો. આ તો લગભગ ૧૯૫૩ ની વાત. પોતાનો ક્ષયોપશમ વધેલો હતો એટલે વાંચન કરવું એ તો ખાસ ધ્યેય. શંકાનું સમાધાન કરવા કોઈ આવ્યો હોય તો નીડરપણે જવાબ દેવો. પોતે એવો રિવાજ પાડ્યો હતો કે પાંચસો શ્લોક તો રોજ વાંચવા જ અને બોપરના આરામ લેતા પહેલાં ચર્ચાના ગ્રંથો વાંચવા. એવી વાંચનકળામાં અતિશય વાંચન વધાર્યું હતું અને આગમો જેવા ગ્રંથોને સારી રીતે બેસાડતા થયા હતા. રહસ્યને સમજવાની તાકાદ મેળવી હતી.

આ અરસામાં ગ્રંથો રચવાની શરૂઆત કરી હતી અને **વિંશતિ વિંશિકા** ગ્રંથની ટીકા તેમજ બીજા ગ્રંથોની ટીકાઓ રચવાનો આરંભ કર્યો હતો. સંસ્કૃત પદ્યમાં રચના કરવી એ તો એમને મન રમત હતી અને પદ્યો પણ ભિન્ન ભિન્ન છંદમાં રચતા હતા. આવા અવસરે સંપાદનનું કાર્ય ચાલુ થયું.

શ્રી જૈનધર્મ પ્રચારક સભાના સંપાદન કાર્યમાં પોતે ફાળો આપ્યો હતો. શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ ૧૯૬૪માં સ્થપાયા પછીથી સંપાદનની જવાબદારી વધતી ગઈ. હસ્તલિખિત પ્રતો મેળવવી, પ્રેસકોપીઓ કરાવવી, તેનું સંશોધન કરવું, પ્રેસમાં આપવું

અને પ્રુફ આવે તે તપાસવાં. એટલે રચનાનો સમય બંધ થતો ગયો.

લહિયાઓ બેસાડીને નવા ગ્રંથો લખાવતા હતા. (તે લખાયેલા ગ્રંથો અત્યારે સુરતમાં શ્રી જૈન આનંદ પુસ્તકાલય જે એમના અક્ષરઆત્મક શ્રુતજ્ઞાનના ખજાનાનું ઝળહળતું મૂર્તિમંત સ્થાન છે, તેમાં મોજૂદ છે.)

સં. ૧૯૭૦ માં શ્રી આગમોદય સમિતિની ભોયણી મુકામે સ્થાપના થતાં અને તેમાં આગમો છપાવવા અને આગમવાચના આપવી એ નિર્ણીત થતા, એની જવાબદારી-છપાવવું અને વાચના આપવી એ બન્નેની પોતાના શિર પર આવી. તેમાં ૭ વાચનાઓ થઈ એટલે પણ રચવાનું કાર્ય બંધ પડ્યું. તે પછીથી ઋષભદેવજી કેસરીમલની પેઢી દ્વારા પોતાના સંપાદન કરેલા ગ્રંથો બહાર પાડવાનો ઉધમ થયો. આ રીતે ૧૯૬૪ થી ૧૯૯૪ સુધી ધમધોકાર સંપાદનનું કાર્ય ચાલતું હતું તે વચગાળામાં કોઈ એવો અસર મળી જાય તો વળી નાની મોટી કોઈ રચના થઈ જાય.

સં. ૧૯૯૪માં શ્રીવર્ધમાનજૈનગમમંદિર કરવાનું નિર્ણીત થયું. કારણ કે જો આગમો શિલામાં કોતરાવેલાં હોય તો તૂટી ફૂટીને જમીનમાં દટાયેલા પણ કોઈ કાળે જવાબ દેવા તૈયાર થાય, શ્રીદેવર્ધિગણિ ક્ષમાક્ષમણે જેમ આગમો પુસ્તકારૂઢ કર્યાં અને આપણે તેનો લાભ મેળવી શક્યા. તેમ ભવિષ્યકાળમાં આગમો સ્થિતિ બગડે એ વગેરે કારણોથી આગમોને શિલામાં કોતરાવવાને માટે તેની પૂર્વે તેને છપાવવા પડ્યા. એટલે આદિમાં નિર્યુક્તિઓ પછી મૂળ માત્ર માત્ર **આગમો** અને તે પછી **પંચાશકાદિ** મૂળ પ્રકરણોનું સંપાદન કાર્ય કરવું પડ્યું. સંપાદન થયાં અને તેને તે જ રૂપમાં શિલાઓમાં કોતરાવાયાં. પછીથી આગમોને એવી કોઈ સ્થિતિમાં એક સ્થઆનેથી બીજા સ્થાને ફેરવવાં પડે તો ફેરવી શકાય એવા મુદ્દાએ આગમોને તામ્રપત્રમાં આરૂઢ કરાવાયાં, પણ રચનાના કાર્યમાં રૂકાવટ ઊભી થાય એ સ્વાભાવિક છે.

પછીથી નાશવંત એવું આ શરીર એ એના સ્વભાવને ભજતાં, એ પણ રચનાના કાર્યમાં સં. ૨૦૦૩ થી વિઘ્નભૂત થવા લાગ્યું. છતાં પણ શરીરનું સ્વાસ્થ્ય જ્યારે હોય ત્યારે તો સંથારામાં બેઠા બેઠા પણ એમણે નવો નવો જ્ઞાનનો ઉધમ કરવાનો છોડ્યો ન હતો. સં. ૨૦૦૫ના સંથારાની સ્થિતિમાં **ઉપદેશરત્નાકર**ના અપરતટનું મેળવવું, **પંચસૂત્ર** ઉપર **વાર્તિક** અને **તર્કાવતાર**નું રચવું, **જૈનગીતાના** બાકી રહેલા અધ્યાયોનું રચવું અને અંતે **આરાધના માર્ગ** નામની કૃતિ રચી અને આરાધના કરી. આ રીતે **ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજની શ્રુતજ્ઞાનઉપાસના** યાને **સાહિત્ય સેવા** છે.

## પંડિત સુખલાલજીની આચાર્ય શ્રી આનંદસાગરજીની અંજલી

હવે આપણે નવા યુગ તરફ વળીએ, એક તરફથી યુરોપમાં જૈન શ્રુત દાખલ થતાં તેનો અભ્યાસ શરૂ થયો, વધ્યો અને વિસ્તર્યો. તે ઉપર અનેક ભાષામાં અનેક રીતે કામ થયું અને હજી થાય છે, બીજી બાજુ દેશમાં જ પાશ્ચાત્ય વિચારોના પડઘા પડ્યા, અને જૈન શ્રુતને પ્રકાશિત કરવાનો વિચાર ફેલાતો ગયો. બાબુ ધનપતસિંહજીના પુરાણા પ્રકાશનની વાત જતી કરીએ તોય આપણે આગમવાચનાને જતી કરી શકીએ તેમ નથી. આગમ અને બીજા શાસ્ત્રોને છપાવવાનો વિરોધ શ્વેતામ્બર દિગમ્બર બન્ને પરંપરામાં એકસરખો હતો. શ્રીમાન્ સાગરાનંદસૂરિ પહેલા વિરોધ પક્ષમાં હતા, પણ તેમની ચકોર દૃષ્ટિએ કાળબળ પારખ્યું અને પોતે જ આગમ પ્રકાશનના કાર્ય માટે આગળ આવ્યા. મેં એમના સહવાસમાં જોયું છે કે જ્યારે તેઓએ આ ભગીરથ કાર્ય હાથમાં લીધું ને પાટણમાં વાચના સાથે મુદ્રણ કાર્ય પણ શરૂ કર્યું ત્યારે તેમાં સાથ આપનારા સાધુઓ એવા ન હતા કે ખાસ લાગવગવાળા હોય, જે કાર્યસાધક વિદ્વત્તા પણ ધરાવતા હોય અને જે સાગરજીને તેમના કાર્યમાં સીધા સહાયક પણ થતા હોય. જે સાધુઓ તે વખતે આવેલા તે મોટેભાગે ચાલતી વાચનાના શ્રોતા માત્ર હતા. કામ તો એકલે હાથે એ બાહોશ સાગરજી જ કરતા. તે વખતે બીજા વિદ્વાન્, લાગવગવાળા અને સામગ્રી સંપન્ન આચાર્યો કે સાધુઓએ સાગરજીને, કોઈપણ જાતનો સ્વપ્રતિષ્ઠાનો ભેદભાવ રાખ્યા સિવાય, સાથ આપ્યો હોત તો એ આગમ પ્રકાશનનું કાર્ય જુદી જ રીતે સંપન્ન થયું હોત. આ બધું છતાં **બહુશ્રુત અને પુરૂષાર્થી શ્રીસાગરાનંદસૂરિએ** ખરેખર એકલે જ હાથે અને કલ્પી ન શકાય એટલા મોટા સમયમાં લગભગ બધું આગમશ્રુત લોકોને સુલભ કરી દીધું. એને પરિણામે શ્વેતામ્બર પરંપરા ઉપરાંત દિગમ્બર, સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરામાં પણ નવચેતના પ્રગટી. સૌએ પોતપોતાની દૃષ્ટિએ શ્રુત પ્રકાશનનો માર્ગ અંગીકાર કર્યો. જે આજે પણ કામ કરી રહ્યો છે.

- *'દર્શન અને ચિંતન'* ભાગ-૧. પૃષ્ઠ ૪૯૬-૪૯૭

## શ્રી આગમવાચના અને ગુરૂદેવશ્રીનો ભગીરથ પ્રયત્ન

આજથી પોણી કે અર્ધી સદી પહેલાંની વિષમ પરિસ્થિતિને ઉકેલવા આગમ-શ્રુતજ્ઞાનના પવિત્ર વારસાને અયોગ્યના હાથમાંથી યોગ્ય મહામુનિઓના હાથમાં સ્થાપિત કરવાની મહાન જરૂરીયાત હતી, તેના માટે વ્યવસ્થિત આગમોનું જ્ઞાન સંપાદન કરી મોહનીયકર્મના ક્ષયોપશમની વિશિષ્ટ માત્રાના બળે અધિકારી બનેલા મુનિઓને આગમોના અભ્યાસી બનાવવાની જરૂર હતી.

આવું ભગીરથ કાર્ય જેવા તેવા સામાન્ય વ્યક્તિથી થાય તેમ હતું નહિ, છતાં શાસનના પુણ્ય-પ્રતાપે બે કે અઢી સૈકા પછી એકક મહાપ્રભાવિક મહાપુરૂષ થતા હોવાની પ્રણાલિકા પ્રમાણે વીશમી સદીના પૂર્વાર્ધમાં તેવા મહાપુરૂષ જૈનશાસનથી પવિત્ર સેવા માટે ખડેપગે કમર કસીને સદાકાલ તૈયાર રહેવાના ગુરૂમંત્રને લઈને હાજર થાય છે, જેમનું પવિત્ર નામ **આગમોદ્ધારક** જેવા ટૂંકા પણ ગૌરવશાળી બિરૂદથી જગજાહેર. આગમ જ્યોતિર્ધર **ધ્યાનસ્થ સ્વ. આ. શ્રીઆનંદ સાગરસૂરીશ્વરજી મહારાજા !!!**

આ મહાપુરૂષથી પૂર્વભવની શ્રુતજ્ઞાનની આરાધનાનું એવું બળ લેતા આવેલા કે સોળ વર્ષની ચઢતી જુવાની એ શાસનને સમર્પિત થઈ. નવ મહિના જેટલા ટુંકા સયમ પછી ગુરૂમહારાજના સ્વર્ગવાસ પછી પણ આપમેળે આખી જીંદગીમાં ફક્ત **પચાસ રૂપિયા પંડિતના પગારના ખર્ચાવી** ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, તર્ક, છંદ આદિ શાસ્ત્રોના પ્રકાંડ પારગામી બની શ્રુતજ્ઞાન-આગમોના અખંડ અભ્યાસી બનેલા કે આખું શ્રુતજ્ઞાન (પિસ્તાલીશેય આગમો અને તે ઉપરાંત ઘણું ઘણું શાસ્ત્રાનુસારી સાહિત્ય) જીભના ટેરવે એવું રમતું કે અંધારી રાતે પણ ગમે તે શાસ્ત્રના ગમે તે પાઠને આંગળીથી ચોક્કસ રીતે બતાવતા અને **પાશ્ચાત્ય વિદ્વાન ડો. બ્રાઉન અને જર્મન લેડી ડો. કાઉઝે જેવાઓ દ્વારા અદૃષ્ટ-પૂર્વ જંગમ લાયબ્રેરી તરીકે જેઓ પ્રખ્યાત થયેલા!**

**આગમના પ્રત્યેક અક્ષરનું એટલું ઉંડુ મનન** તેઓશ્રી કરતા અને વ્યાખ્યાનદિમાં પ્રતિપાદિત કરતા કે "इक्किक्कस्स सुत्तस्स अणंतो अत्थो" વચનની યથાર્થતા હસ્તામલકવત્ તત્વજ્ઞ શ્રોતાઓને ભાસતી!!!

આવા અલૌકિક ગુણનિધાન મહાપુરૂષથી તે વખતની શાસનની પરિસ્થિતિ અને શ્રમણ-સંસ્થાની પવિત્રતા અને ઉચ્ચતાના પરમાધાર સ્વરૂપ મૂળભૂત તત્ત્વોનું સાચું નિદાન કરી અથાગ પરિશ્રમ, અતુલ ખંત અને અદમ્ય ઉત્સાહના બળે એકલે હાથે પ્રેસકોપી સુધારવાથી માંડી પ્રૂફ સંશોધન પ્રસ્તાવના-લેખન અને પ્રકાશનીય આર્થિક વ્યવસ્થા આદિના તમામ બોજાને સફળતાપૂર્વક ઉઠાવી વીશમી સદીના ઉત્તરાર્ધના વચગાળે તો (વિ.સં.

૧૯૭૦માં) જૈન-શાસનના ચરણે શ્રમણ-સંસ્થાની સેવામાં આગમોનો પવિત્ર વારસો યોગ્યતા-સંપન્ન અધિકારી શ્રમણો લાભ લઈ શકે તેવી દૃષ્ટિ અને યોજનાપૂર્વક સમર્પિત કર્યો.

પણ તે વારસાને ઓળખવા સમજવા માટે જરૂરી ગુરુગમરૂપ કૂંચી વિના તિજોરીના તાળાંને કરસ્પર્શમાત્રથી ઈષ્ટસિદ્ધિ થતી ન હોવાની જેમ આગમોની પઠનપાઠનાદિની પ્રણાલિકાને પૂર્વવત્ વ્યવસ્થિત કરવાની જરૂર જણાઈ, તેથી તે વખતના અગ્રગણ્ય શ્રદ્ધાળુ શ્રમણોપાસકોએ **વિ.સં. ૧૯૭૧ ના મહા સુદ ૧૦**, તા. ૨૫-૧-૧૯૧૫ સોમવારે **શ્રી ભોયણીતીર્થે પૂ. આ. વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.** ના શિષ્ય પૂ.આ. **શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ.** (તે વખતે પૂ. પં. શ્રી મેઘવિજયજી મ.) અને સાંસારિક વડીલ બંધુ **પૂ. મુનિશ્રીમણિવિજયજી મ.** ની હાજરીમાં પૂ. આચાર્ય ભગવંતના હાથે **શ્રી આગમોદય સમિતિ**ની સ્થાપના કરી. પૂ. આગમોદ્ધારકદેવશ્રીને શ્રમણસંઘને વ્યવસ્થિત રીતે આગમોના પઠન-પાઠનાદિનું યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતિ કરી, તે મુજબ સમિતિની વ્યવસ્થાનુસાર ઉપસ્થિત થનારા સાધુસાધ્વીઓને પુસ્તક વગેરેની દરેક પ્રકારની સગવડ સાથે વિ.સં. ૧૯૭૧ થી વિ.સં. ૧૯૭૭ સુધી **૧. પાટણ, ૨. કપડવંજ ૩. અમદાવાદ. ૪. સુરત. ૫. સુરત. ૬. પાલીતાણા** અને **૭. રતલામ**માં સાત વખત સામુદાયિક વિશાળ આયોજનપૂર્વક **આગમવાચનાઓ** આપી.

જેના રસાસ્વાદ લેવા ભાગ્યશાળી બનેલા પુણ્યાત્માઓ આજે પણ તે વાચનાના અમૃત જેવા સ્વાદને વિસરતા નથી, અને પ્રાચીનકાળની થતી વાચનાઓની પવિત્ર ઝાંખીને માનસપટ પરથી વિસારી શકતા નથી.

## પૂ. આગમજ્યોતિર્ધર સૂરીશ્વરશ્રીએ સાત ઠેકાણે કરેલી આગમ વાચનાઓમાં ક્યાં ક્યાં કયા કયા ગ્રથોં વાંચ્યા.

## તેની માહિતી નીચેના કોઠા ઉપરથી સમજાશે.

| નં. | વર્ષ | સ્થળ | શું વાંચ્યું |
|---|---|---|---|
| ૧. | વિ.સં. ૧૯૭૧ | પાટણ | શ્રી દશવૈકાલિક, શ્રીસુત્રકૃતાંગસૂત્ર, ષટ્ત્રિંશિકાઓ |
| ૨. | વિ.સં. ૧૯૭૨ | કપડવંજ | શ્રીલલિતવિસ્તરા, શ્રીયોગદષ્ટિસમુચ્ચય, શ્રી અનુયોગદ્વાર ૧/૨, શ્રીઆવશ્યકસૂત્ર ૧/૪, શ્રીઉત્તરાધ્યયનસૂત્ર ૧/૩ |

| | | | |
|---|---|---|---|
| ૩. | વિ.સં. ૧૯૭૨ | અમદાવાદ | શ્રીવિશેષાવશ્યક સૂત્ર ૮/૪, શ્રીસ્થાનાંગસૂત્ર ૧/૨ |
| ૪. | વિ.સં. ૧૯૭૩ | સુરત | શ્રીવિશેષાવશ્યક સૂત્ર ૧/૨, શ્રીસ્થાનાંગસૂત્ર ૧/૨, શ્રીઔપપાતિકસૂત્ર ૩/૪, શ્રીઉત્તરાધ્યયનસૂત્ર ૧/૨, શ્રીઅનુયોગદ્વાર સૂત્ર ૧/૨, શ્રીનંદીસૂત્ર |
| ૫. | વિ.સં. ૧૯૭૩ | સુરત | શ્રીઆવશ્યક સૂત્ર ૩/૪, શ્રીઆચારાંગ સૂત્ર ૧/૨, શ્રીઅનુયોગદ્વારસૂત્ર ૧/૨, શ્રીનંદીસૂત્ર. |
| ૬. | વિ.સં. ૧૯૭૬ | પાલીતાણા | શ્રીઓઘનિર્યુક્તિ, શ્રીપિંડનિર્યુક્તિ, શ્રીભગવતીસૂત્ર ૮/૪૧, શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર ૩૩/૩૬ |
| ૭. | વિ.સં. ૧૯૭૭ | રતલામ (માળવા) | શ્રીભગવતીસૂત્ર ૩૩/૪૧, શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર ૩/૩૬, શ્રીસમવાયાંગસૂત્ર |

આગમોદ્ધારક દેવશ્રીએ ઉપર મુજબ સાત સ્થળે થયેલી સાત વાચનાઓમાં કુલ ૨,૩૩,૨૦૦ શ્લોકોની વાચના શ્રમણ સંઘને આપી. જેના પરિણામે યોગ્યતા સંપન્ન અધિકારી શ્રમણોને યોગ્યતા મુજબ શ્રુતજ્ઞાનના વારસાને મેળવવાની સફલ ઉત્કઠાં જાગૃત થઈ.

આ પ્રસંગે કોઈ એમ કહી શકે કે આ તો **આગમોદ્ધારકગુરુદેવશ્રીએ** માત્ર સૂત્રોના અર્થો સમજાવી દીધા એ તે કંઈ વાચના કહેવાય? અને જો વાચના કહેવાય તો પછી દરેક ગુરૂઓ પોતાના શિષ્યોને પાઠ આપતા હોય તો બધાને વાચનાકારક ગણવા? વગેરે આશંકાઓ આ પ્રશ્નની પૃષ્ઠ ભૂમિકામાં રહેલ વાચના શબ્દના લક્ષ્યાર્થના અજ્ઞાનથી ઉપજે તે સ્વાભાવિક છે. પણ ખરી રીતે વાચના શબ્દનો સામાન્ય અર્થ ભણવું કે ભણાવવું કે માત્ર અહીં વિવક્ષિત નથી અને જ્ઞાની ભગવંતોએ છ વાચનાઓનું કરેલ સ્વતંત્ર વર્ણન પણ આ અર્થને ગૌણ બનાવે છે અહીં તો તેના લક્ષ્યાર્થને સમજવાની જરૂર છે. **વાચના** શબ્દનો લક્ષ્યાર્થ એ થાય છે કે, **"જે કાર્ય દ્વારા પવિત્ર શ્રુતજ્ઞાનના અભ્યસ, પાઠન, ભક્તિ, પ્રભાવ, સંરક્ષણ, સંકલન કે અવ્યુચ્છિતિ આદિ ગમે તે અંગને પોષણ મળી રહે."**

આ લક્ષ્યાર્થ મુજબ વિચારતાં જેમ બીજી છ વાચનાઓથી શ્રુતજ્ઞાનના સંરક્ષણ વ્યવસ્થા પાઠન અવ્યુચ્છિતિ કે સંકલન આદિ પ્રકારને પોષણ મળ્યું છે, અને તે ઉદ્દેશ્યથી તે તે કાર્યને **વાચના** પદથી જ્ઞાનીઓએ સંબોધ્યું છે. તે મુજબ પૂ. આગમોદ્ધારકદેવશ્રીની સાત

વાચનાઓના પવિત્ર કાર્ય ભલે શ્રમણસંસ્થામાં મંદ પડી ગયેલ શ્રુતજ્ઞાનના અભ્યાસની અને તેને અનુકુળ યોગ્ય સામગ્રીની વ્યવસ્થામાં પુરતો સુધારો થયો છે તે જગજાહેર છે. એટલે પછી પૂ. આગમોદ્ધારકશ્રીના ભગીરથ આગમાભ્યાસપ્રચારક સામુદાયિક સાત વાચનાઓનો કાર્યક્રમ શા સારૂ મહત્ત્વનો ન ગણાય! વ્યક્તિગત, રાગ ને દ્વેષના ચશ્મા ઉતારી મધ્યસ્થ વૃત્તિએ વસ્તુતત્ત્વને યથાર્થ રીતે વિચારતાં આ વાત દીવા જેવી સ્પષ્ટ ભાસશે! બાકી તો પૂર્વગ્રહ કે વ્યુદગ્રહની અસર તળે આવી જનાર વિવેકી પ્રાણીની પણ વિવેક બુદ્ધિ અવરાઈ જાય છે. ખરી રીતે આપણા સંયમ જીવનને અને આરાધકભાવને ટકાવી રાખવા માટે જરૂરી વીતરાગની વાણીની મહત્તા સમજવા-સમજાવવાના શુભ સંકલ્પથી અને આગમો પ્રતિ આપણી વફાદારીના કર્તવ્ય તરફ સજાગ બની રહેવાના શુભ ઉદ્દેશ્યથી આગમવાચના સંબંધી આ લખાણ લખ્યું છે.

આગમવાચનાનું આ લખાણ મળતા બધા પ્રમાણોની પૂર્ણ સમીક્ષા કરીને લખ્યું છે. છતાં મતિમંદતા કે ક્ષયોપશમની વિચિત્રતાથી શાસ્ત્ર કે પરંપરાથી વિરૂદ્ધ કંઈ પણ લખાયું હોય તેનું ત્રિવિધે ૨ શ્રમણસંઘની સેવામાં સકલસંઘ સમક્ષ મિથ્યાદુષ્કૃત દઉં છું.

લી.

શ્રમણસંઘ સેવક તપસ્વી ગુરૂદેવ

**પૂ. શ્રીધર્મસાગરગણિવરશિષ્યાણુ મુનિ અભયસાગર**

તા.ક.

**પૂ. આગમોદ્ધારકદેવશ્રીની** સાત વાચના સંબંધી લખાણ કોઈ પણ જાતના પક્ષપાત પૂર્વગ્રહ કે અંધશ્રદ્ધાથી દોરવાઈને લખેલ નથી. પણ ગુણાનુરાગપૂર્ણ સમીક્ષક દષ્ટિથી બનતો પૂર્ણ વિચાર કરી વિવેકબુદ્ધિની સમતુલા જાળવી લખેલ છે, કોઈના ઉપર આક્ષેપ કે પ્રતિક્ષેપ કરવાના આશયથી આ લખાણ નથી. તેથી કોઈને તેજોદ્વેષ કે વ્યક્તિગત રાગદ્વેષની ખોટી દોરવણી હેઠળ દોરવાઈ જઈને કોઈ પણ જાતના અસંગત વિચારો ન કરવા નમ્ર વિનંતિ છે.



## અમારું આયોજન.... તમારો સહકાર....

## આ સિદ્ધચક્ર પાક્ષિકમાં લાભ લેવાનાં પ્રકારો.....

### મુખ્યસ્તંભ

૧,૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં મુખ્ય સ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પૂરા પેજ સાથે તમારું અભિનંદન કરશું.

### આધારસ્તંભ

૫૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં આધારસ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે અર્ધા પેજમાં આભાર પ્રદર્શિત કરશું.

### શ્રુતસ્નેહી

૨૫,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શ્રુતસ્નેહી બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પા. પેજમાં સહયોગી તરીકેનો લાભ મળશે.

### શુભેચ્છક

૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શુભેચ્છક બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો નામ આપનાર દાતા તરીકે આ સમ્યગ્જ્ઞાનની પરબમાં પ્રગટ કરશું.

રૂપિયા ૪૦૦૦ હજાર
ભરનાર સભ્યને સિધ્ધચક્ર માસિકનાં
તમામ અંકોના અઢાર દળદાર ગ્રંથોનો
એક સેટ આપવામાં આવશે.

## મુખ્યસ્તંભ

* **શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર, પાલીતાણા.**

* **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર, ગોપીપુરા, સુરત.**

* **શ્રી મહાવીર સ્વામિ જૈન દેરાસર, શ્રી નાનપરા જૈન શ્રી સંઘ, દીવાળીબાગ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી આદીનાથ જૈન દેરાસર, કૈલાસનગર જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ, મજુરાગેટ, સુરત.** પ્રેરક :- સાધ્વીશ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.

* **શ્રી આદિનાથ જૈન દેરાસર, અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત. શેઠ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.**

* **શ્રી સંભવનાથ જૈન દેરાસર, શ્રી સંભવનાથ જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ, વિજયવાડા.** પ્રેરક :- સાધ્વીશ્રી સુરક્ષાશ્રીજી મ.સા.

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી વિજયદેવસૂરિ સંઘ તથા ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાયધુની, મુંબઈ.**

* **શ્રી ધર્મનાથ જૈન દેરાસર, શ્રી જવાહર નગર શ્વે.મૂ.પૂ. સંઘ ગોરેગાંવ, મુંબઈ** પ્રેરક :- મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, ચોપાટી, મુંબઈ** પ્રેરક :- મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી અનંતનાથ જૈન દેરાસર, સુરત. શેઠશ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, સુરત.**

* **શ્રી માટુંગા જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, મુંબઈ. બ્રાહ્મણવાડા રોડના નાકે, માટુંગા, મુંબઈ.**

## આધારસ્તંભ

* **શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત.**
* **શ્રી જૈન શ્વેતાંબર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી, નાગેશ્વર** પ્રેરક :- સચિવ દીપચંદજી જૈન ઉન્હેલ (રાજસ્થાન)
* **શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર, બાઈ ફુલકોરબાઈ ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ, પ્રવિણચંદ્ર રુપચંદ ઝવેરી, માળીફળીઆ, ગોપીપુરા, સુરત.**
* **શ્રી શીતલનાથ જૈન દેરાસર, શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર, પૂ. પાદ આગમોદ્ધારક શ્રી દ્વારા સ્થાપિત ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી, બજાજખાના, રતલામ. (મ.પ્ર.)**
* **શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર, ઊંઝા, જૈન મહાજન પેઢી, ઊંઝા.** પ્રેરક :- મુનિશ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.

* શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ.

* શ્રી ઋષભદેવ છગનીરામ જૈન શ્વે. પેઢી, ખારાકુવા, ઊજ્જૈન.

* શ્રી અર્બુદગિરિરાજ જૈન શ્વે. તપાગચ્છ ઉપાશ્રય ટ્રસ્ટ, ઈન્દોર પિપલી બજાર, ઈન્દોર, (મ.પ્ર.)

## શ્રુતસ્નેહી

* **શ્રી અજીતનાથ જિનાલય, શ્રી વાવજૈન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, વાવ (બ.કાં.)** પ્રેરક :- સાધ્વીશ્રી પૂણ્યયશાશ્રીજી મ.સા.
* **શ્રી નમિનાથ જૈન દેરાસર, ખાનપુર જૈન શ્રી સંઘ, અમદાવાદ.**
* **શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી (ઘર દેરાસર) સુરત નિવાસી, હાલ. પાર્લા (વે.) મુંબઈ.**
* **શ્રી સુપાર્શ્વનાથ સ્વામી જૈન દેરાસર, છાપરીયા શેરી, મોટા ઉપાશ્રય, સુરત.** પ્રેરક :- પૂ.પ. શ્રી નરચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી આદીશ્વર જૈન દેરાસર, જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ શેઠ ડોસાભાઈ અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર.**
* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ.**
* **શેઠશ્રી હઠીસિંહ કેશરસિંહ જૈન દેરાસર, શ્રુતનિધિ ટ્રસ્ટ, શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર, અમદાવાદ.**
* **શ્રી મુનિસુવ્રતસ્વામી જીનાલય, શ્રી કારેલીબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ કારેલીબાગ, વડોદરા.**

* **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર સંઘ, નવસારી,**
  પ્રેરક :- પૂ.પ. મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ, ભગવાન નગરનો ટેકરો, પાલડી. અમદાવાદ.**
* **શ્રી વેપ્રી શ્વેતાંમ્બર મૂ.પૂ. જૈન સંઘ, મુ. ચેન્નાઈ.**
  પ્રેરક :- પં.પૂ. આ. શ્રી નરદેવસાગરસૂરિ મ.સા.
* **શ્રી વર્ધમાન જૈન શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ, અમદાવાદ. ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, પીન-૩૮૦૦૧૪**
* **શેઠ વાડીલાલ સારાભાઈ દેરાસરજી ટ્રસ્ટ શ્રી ચંદ્રપ્રભુજી જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ**
* **શ્રી પાર્શ્વમણી આરાધના ભવન સુરત** પૂ. વિજેતાશ્રીજી સા.મ. પ્રેરણાથી હ : એક સદ્‌ગ્રહસ્થ.
* **શ્રી જૈન સોસાયટી જૈન સંઘ પાલડી, અમદાવાદ.**

## શુભેચ્છક

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. તપ. જૈનદેરાસર, વોરાબજાર, ભાવનગર.**
* **શ્રી મણીનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક :- પૂ.આ.શ્રી નિરંજનસાગરસૂરિ મ.સા.
* **શ્રી જૈન શ્વે. મંદિર શ્રી આદિશ્વર ભગવાન પેઢી તાજના પેઠ આકોલા.** પ્રેરક :- પ.પૂ. આ. શ્રી નરદેવસાગર સૂરિ. મ. સા.
* **એક સદ્ગૃહસ્થ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી સદ્ગુણાશ્રીજી મ. સા. નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી સુલસાશ્રીજી મ. સા. પાટણ.
* **શ્રી અભયસાગર જૈન ઉપાશ્રય, કીર્તિ સોસાયટી, સાબરમતી, અમદાવાદ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી જયવંતાશ્રીજી મ. સા.
* **બુહારી શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ.** પ્રેરક:- પૂ. સા.શ્રી અમીતાશ્રીજી મ.સા.
* **શ્રી પોરબંદર શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ ટ્રસ્ટ** પ્રેરક :- પૂ.સા.શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રીજી વિદિતરત્નાશ્રીજી મ.સા.
* **શ્રી સરેલાવાડી જૈન શ્રી સંઘ, ઘોડદોડ રોડ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ. સા.
* **શ્રી નાગેશ્વર જૈન શ્રીસંઘ, નાગેશ્વર** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી દમિતાશ્રીજી મ. સા.
* **પૂ. શ્રી ફલ્ગુશ્રીજી મ.સા. ના શિષ્યા પૂ.શ્રી અમિતગુણાશ્રીજી મ.ની ૧૦૦ ઓળીની સમાપ્તિ નિમિત્તે પારણા મહોત્સવ સમિતિ.** પ્રેરક:- પૂ. શ્રીના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર.
* **સુંદરલાલ સેવંતિલાલ શાહ (ચાણસ્માવાળા) સુરત**
* **લલીતાબેન નાથાલાલ શાહના સ્મરણાર્થે સ્વ. નાનચંદભાઈ છગનલાલ શાહ (રાંદેરવાળા તરફથી)** પ્રેરક:- પ.પૂ. સાધ્વીજીશ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રશાંતગુણાશ્રીજી મ.ના. શિષ્યા મૂ.સા. વિદિતપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રીતિવર્ષાશ્રીજી મ. સા. તથા પૂ. સા. શ્રીપૂર્ણભદ્રાશ્રીજી મ.

* **નાનુબ્હેન બંગલાના આરાધક બ્હેનો તરફથી**પ્રેરક:- પ.પૂ.સા.શ્રી રેવતીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી શમગુણાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ. સા.
* **શ્રી ગુણનિધિ શ્વે.મૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક:- પૂ. આ. શ્રી જિતેન્દ્રસાગરસૂરિજી મ. સા. તથા પૂ. મુનિ શ્રી પૂન્યપાળસાગરજી મ.
* **એક સદ્‌ગૃહસ્થ**પ્રેરક:- પૂ.સા.પ્રશમધરાશ્રીજી મ. તથા પૂ.સા. શીલંધરાશ્રીજી મ.ની પ્રેરણાથી પૂ.સા.શ્રી કીર્તિધરાશ્રીનાં શિષ્યા પૂ.સા. વૃષ્ટિધરાશ્રી સા. કૃતિધરાશ્રીની દીક્ષા નિમિત્તે.
* **ચાણસ્મા જૈન મહાજન શ્રીસંઘ, ચાણસ્મા.**
* **દ.વી.પૌષધશાળા નાનપરા, અઠવાગેટ, સૂરત.**
* **શ્રી ચીમનલાલ ચુનીલાલ ઝવેરી, માલણવાળા, સૂરત.**
* **એક સદ્‌ગૃહસ્થ**પ્રેરક:- પૂ. રંજનશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. પ્રીયંકરાશ્રી મ.ની સ્મૃતિમાં પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.
* **સગરામપુરા જૈન શ્રી સંઘ, સુરત.**
* **શ્રી રુપચંદ ફકીરચંદ ઝવેરી પરિવાર સુરત.**
* **અઠવાલાઈન્સ જૈન સંઘની બ્હેનો તરફથી**પ્રેરક:- પૂ.સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજીમ.
* **શ્રી વડોદરા શહેર જૈન સંઘ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, વડોદરા.**
* **શ્રી લલિતા, વનિતા, હીરા આરાધના ભવન, સાબરમતી, અમદાવાદ.**પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી નિત્યાનંદશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વી કલ્પજ્ઞાશ્રીજી.
* **વડાચૌટા સંવેગી જૈન ઊપાશ્ર. સૂરત.**
* **શ્રી કોટન ગ્રીન શ્વે. મૂર્તિ પૂજન જૈન સંઘ.** પ્રેરક:- પૂ. મલય-ચારુ **શીશુ દિવ્યપૂર્ણાશ્રીજી મ.**
* **છાણી જૈન શ્વે. શ્રી સંઘ - છાણી**

* **ભટાર રોડ જૈન શ્વે. શ્રી સંઘ, સુરત.**
* **એક સદ્ગૃહસ્થ હ : શકુબહેન રતલામવાલા** પ્રેરકઃ- પૂ.સાધ્વીજી શ્રી શીલરેખાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજીશ્રી વિશ્વવિદાશ્રીજી મ.ની
* **લુણાવાડા જૈન શ્વે શ્રી સંઘ** પ્રેરકઃ- પૂ.સાધ્વીજીશ્રી વસંતપ્રર્ભાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી અમિતગુણાશ્રીજી મ.
* **શ્રી ગુલાબચંદજી તારાચંદજી કોચર, નાગપુર.**
* **શ્રી સુધારા ખાતાની પેઢી, મહેસાણા.**
* **શ્રી વિદ્યાવિહાર બાલીભુવન, જૈન ધર્મશાળા, પાલીતાણા.**
* **શ્રી વિશા શ્રીમાલી તપાગચ્છ જ્ઞાતિ, જૈન પાઠશાળા, જામનગર.**
* **શ્રી વર્ધમાન ભક્તિ શ્વે.મૂ.પૂ. ઈરાની વાડી, જૈન સંઘ, કાંદીવલી (વે.)**
* **શ્રી બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-જય ચેરીટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.**
* **શ્રી લીલચંદભાઈ રંગજીભાઈ શાહ પરિવાર, દીલોદવાળા, હાલ - પાલડી, અમદાવાદ.**
* **શ્રી શાંન્તાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ, શાન્તાક્રુઝ મુંબઈ.**
* **શ્રી આદીનાથ શ્વે.મૂ. જૈન સંઘ, કાનજીવાડી, શાંતાદેવી રોડ, નવસારી.**
* **શ્રી વલસાડ જૈન શ્વે. મહાવીર સ્વામી ભગવાન પેઢી, વલસાડ.**
* **શ્રી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રય સુરત.** પ્રેરકઃ- સાધ્વીશ્રી મનકશ્રીજી મ.
* **ત્રિકમનગર જૈન શ્રીસંઘ, સુરત. નવા ઉમરવાડા, સુરત.**
* **શ્રી નગીબાઈ ચુનીલાલજી જૈન શ્વેતાંમ્બર ટ્રસ્ટ, મહિદપુર.**
* **શ્રી પૂ.સા. શ્રી વિપુલયશાશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી રમ્યશીલાશ્રીજી તથા સા. શ્રી ભવ્યશીલાશ્રીજી મ. ના સદ્ ઉપદેશથી શ્રી જસવંતીબેન પ્રભુદાસ ટોળીયા રાજકોટવાળા તરફથી**

* શ્રી સંઘ બદનાવર (મ.પ્ર.) હ. શ્રી ભરતકુમાર સુંદેચા
* સ્વ. ગાંધી રતિલાલ પાનાચંદ વેજલપુરવાળા, વડોદરા. હ. ગાંધી પાનાંચદ ખેમચંદ પરિવાર, મુ. વડોદરા.
* શ્રી શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, મું. આણંદ. ભગવાન મહાવીર માર્ગ મુ. આણંદ, જી. ખેડા.
* પૂ. મનોહર ઈન્દુશ્રીજી મ.સા. ની શિષ્યાશ્રી શશીપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી શ્રી રાજગઢ જૈન સંઘ (મ.પ્ર.) હ. શ્રી કૈલાસચંદ્ર જૈન
* શ્રી મહાયશાશ્રીજી આરાધના ભુવન, ગોપીપુરા, સુરત. હ. વસુબેન સંઘવી.
* માલણ જૈન શ્રીસંઘ, મુ. માલણ (બનાસકાંઠા)
* શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સુમેરનગર ટ્રસ્ટ બોરીવલી (વેસ્ટ) મુંબઈ પ્રેરક :- સા. શ્રી પ્રીતિધર્માશ્રીજી મ.
* પૂ.સા. શ્રી ગુણોદયશ્રીજી મ. ની સ્મૃતિ નિમિત્તે પૂ.સા. શ્રી મનોગુપ્તાશ્રીજી મ. તથા સા. શ્રી કલ્પલતાશ્રીજી મ. આદિની પ્રેરણાથી હીરીબેન કેશવલાલ રત્નત્રયી આરાધના ભવન તરફથી
* શ્રી ચીંતામણી પાર્શ્વનાથ સુમેર નગર જૈન ટ્રસ્ટ બોરીવલી. ( વેસ્ટ ) મુંબઈ પૂ. સા. પ્રિતિધર્માશ્રીજી મ. ની પ્રેરણાથી.
* શ્રી માલણ જૈન સંઘ માલણ.
* શ્રી અમૃતલાલ ચુનીલાલ સંઘવીની સ્મૃતિમાંહ : સુમનભાઈ સંઘવી માલણવાળા હાલ - સુરત.
* શ્રી સેટેલાઈટ શ્વે. મુ. જૈન સંઘ, સેટેલાઈટ, અમદાવાદ.
* શ્રી પૂ. સા. ગુણોદયાશ્રીજી મ.ની પૂણ્ય સ્મૃતિ નિમિત્તે પૂજ્ય સા. રંજનશ્રીજી તથા પૂ. સા. મ્રનોગુપ્તાશ્રીજી તથા પૂ. સા. કલ્પલત્તાશ્રીજી મ.
* શ્રી પ્રવિણચંદ રતનચંદ રાજા પરિવાર, મુંબઈ.

* * *

* *

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | નવા વર્ષમાં પ્રવેશ અમારૂં ધ્યેય | ૧ |
| ૨ | આગમરહસ્ય-દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | ૭ |
| ૩ | આગમોધ્ધારકની અમોઘદેશના – શાશ્વતસ્થાન | ૧૨ |
| ૪ | પર્યુષણપર્વ અને શ્રાવક વર્ગ | ૧૬ |
| ૫ | સાગર સમાધાન | |
| → | અપર્વતિથિમાં પર્વતિથિ કરનારાને આજ્ઞાભંગાદિદોષ લાગે ? | ૨૭ |
| → | ભા. સુ. ૪ પર્વતિથિમાં નથી તો તેની ક્ષય વૃધ્દ્રિ માનવામાં શો બાધ ? | ૩૧ |
| → | વિદ્યાદિથી થયેલ વાહન પર સાધુ બેસે ખરા ? | ૩૧ |
| → | ગોશાલાના સ્થવિરો ગોશાળો જીવતે મહાવીર પ્રભુને શરણે આવ્યા છે ? | ૩૧ |
| ૬ | દીપાલિકા અને પ્રભુ મહાવીર | |
| ૭ | સમાલોચના | |
| ૮ | પર્યુષણા પર્વ અને શ્રાવક વર્ગ | ૩૩ |
| ૯ | જૈનધર્મ અને જ્ઞાન પંચમી | |
| ૧૦ | આગમરહસ્ય – દ્રવ્યનંદિરૂપ ત્રીજો ભેદ | ૪૯ |
| ૧૧ | સમાલોચના | ૫૪ |
| ૧૨ | આગમોધ્ધારકની અમોઘદેના – શાશ્વતસ્થાન | ૫૬ |
| ૧૩ | પર્યુષણાપર્વ અને શ્રાવક વર્ગ | ૫૭ |
| ૧૪ | સાગરસમાધાન | – |
| → | નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ કોને કહેવાય ? | ૭૨ |
| → | તે બે ધર્મ પરિણમન કર્યા સિવાય સમક્તિ કહેવાય ? | ૭૨ |
| → | સમક્તિ સિવાય સકામનિર્જરા થાય ? | ૭૨ |
| → | સકામ નિર્જરા સિવાય આધિ-વ્યાધિ, અનિષ્ટવિયોગાદિથી મુક્તિ થાય ? | ૭૨ |
| → | મુક્તિ કોની થાય ? અને કોનાથી ? | ૭૨ |
| → | મુક્ત થવાવાલો અને મુક્ત થવાય એ બે સ્વરૂપ જાણ્યા સિવાય મુક્ત થાય ? | ૭૨ |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| → | જીવ કોને કહેવાય ? અને જીવનું સ્વરૂપ શું ? | ૭૨ |
| → | જીવ (દ્રવ્ય) કોને નિપજાવ્યું ? ક્યા દ્રવ્યમાંથી નિપજ્યું ? | ૭૨ |
| → | આ શરીરનો માલિક કોણ ? શરીરમાં પાચનાદિક્રિયા કોણ કરે છે ? | ૭૨ |
| → | જે ક્રિયા કરનાર ક્રિયાને જાણે તે પોતાને જાણે ? | ૭૨ |
| ૧૫ | **કાર્તિક પુનમની પવિત્રતા** | |
| ૧૬ | **તીર્થયાત્રા સંઘયાત્રા** | ૭૩ |
| ૧૭ | **આગમોધ્ધારકની સમોધ દેશના-શાશ્વતસ્થાન** | ૮૯ |
| ૧૮ | **સાગર સમાધાન** | - |
| → | પહેલી પ્રતિમા કેવી હોય ? | ૯૩ |
| → | પૌષધની બે વ્યુત્પત્તિ કરીને એક પ્રવૃત્તિ જુદી કેમ જણાવી ? | ૯૩ |
| → | જાતીસ્મરણજ્ઞાન ચિત્તસમાધિના અંધિકારમાં સંજ્ઞિજ્ઞાન કેમ ? | ૯૪ |
| → | પર્વતિથિને દિવસે આરંભ કેમ છુટો રહે છે ? | ૯૪ |
| → | રહેલ સાધુની વગર રજાએ બીજા સાધુ ઉતરે તો ક્યા દોષ ? | ૯૫ |
| → | ખરતરો અભય દેવસૂરિજીને માને છે તો છઠ્ઠ, અઠ્ઠમ આદિને કેમ નહિ ? | ૯૫ |
| → | દીક્ષા આપતી વખતે ઓઘો, મુહપત્તી એન ચોલપટ્ટો અપાય ? | ૯૬ |
| ૧૯ | **મૌન એકાદશી અને ભગવાન નેમનાથજી મહારાજ** | |
| ૨૦ | **તીર્થયાત્રા-સંઘયાત્રા** | ૯૮ |
| ૨૧ | **જૈનતીર્થમાલાઓ અને જૈનતીર્થો** | ૧૦૫ |
| ૨૨ | **સંઘપૂજન** | - |
| ૨૩ | **તીર્થયાત્રા-સંઘયાત્રા** | ૧૨૧ |
| ૨૪ | **લૌકિક અને લોકોત્તર માર્ગમાં તફાવત** | - |
| ૨૫ | **તિથિ-ક્ષય-વૃધ્ધિ-પ્રદિપ** | ૧૭૦ |
| ૨૬ | **તીર્થયાત્રા-સંઘયાત્રા** | ૨૦૧ |
| ૨૭ | **આયુષ્યના બંધનો સમય અને સમાનત્રિભાગે કાલગણત્રી** | - |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૨૮ | તિથિ-ક્ષય-વૃધ્દ્રિ-પ્રદિપ | ૨૦૯ |
| ૨૯ | તીર્થયાત્રા-સંઘયાત્રા | ૨૪૧ |
| ૩૦ | આગમોધ્ધારકની અમોઘદેશના-શાશ્વતસ્થાન | ૨૪૯ |
| ૩૧ | ગર્ભાષ્ટમકે લીયે દૂસરે ક્યા કહતેં હૈ | ૨૫૬ |
| ૩૨ | જીનેશ્વરમહારાજની મૂર્તીકરતા ગિરિરાજની અધિકતા કેમ ? | - |
| ૩૩ | તિથિ-ક્ષય-વૃધ્દ્રિ-પ્રદિપ | ૨૫૮ |
| ૩૪ | આણસૂરપક્ષીય પત્ર ત્રણમાંથી તરેલી ત્રેપન ત્રુટીયો | ૨૯૦ |
| ૩૫ | સમાલોચના | ૩૦૪ |
| ૩૬ | આગમ અને તેની અવિચ્છિન્નતા | - |
| ૩૭ | તીર્થયાત્રા-સંઘયાત્રા | ૩૦૫ |
| ૩૮ | આગમોધ્ધારકની અમોઘ દેશના-શાશ્વત સ્થાન | ૩૨૧ |
| ૩૯ | જૈન ધર્મ અને અનુકંપા | - |
| ૪૦ | આગમોધ્ધારકની અમોઘ દેશના | ૩૨૯ |
| ૪૧ | તીર્થયાત્રા-સંઘયાત્રા | ૩૩૭ |
| ૪૨ | સાગર સમાધાન | - |
| → | ફુલના હારમાં ફુલ પરોવરેલા હોય તો ન ચાલે ? | ૩૪૬ |
| → | બલદેવ-હરિણ અને સુથાર પાંચમે દેવલોક કેવી રીતે ગયા ? | ૩૪૬ |
| → | સાધુની જેમ શ્રાવકના કુલ-ગણ વગેરે કહેવાય કે નહિ ? | ૩૪૬ |
| → | આકાલં નો અર્થ નિત્ય એમ ન કરાય તો આકાલં શબ્દ કેમ યોજ્યો ? | ૩૪૭ |
| → | નમો અરિહંતાણં વગેરેમાં બહુવચન શા માટે રાખવું ? | ૩૪૭ |
| ૪૩ | સમાલોચના | ૩૪૪ |
| ૪૪ | જૈનધર્મની વિશ્વધર્મ થવાની લાયકાત | - |
| ૪૫ | આગમોધ્ધારકની અમોઘ દેશના-શાશ્વત સ્થાન | ૩૫૩ |
| ૪૬ | સનાતન ધર્મ ક્યો ? | ૩૬૦ |

# અનુક્રમણિકા


૪૭ તીર્થયાત્રા-સંઘયાત્રા ૩૬૧

૪૮ સાગર સમાધાન –

→ સ્થાપનાચાર્ય સમક્ષ દેવવંદન કેમ કરાય ? ૩૭૩

→ અન્યમતવાળાનો અનાદર અને અવજ્ઞા થવાથી જિનશાસનનો અનાદર અવજ્ઞા થાય ? ૩૭૩

→ શ્રીપાળચરિત્ર, શ્રાધ્ધવિધિ સિવાય કોઈ પ્રાચીનગ્રંથમાં ઉજમણાનો અધિકાર છે ? ૩૭૩

→ જિનેશ્વર ભગવાનની મૂર્તિનો આકાર સિધ્દદશાની કે સમવસરણની અપેક્ષાએ ? ૩૭૪

→ જૈનમત અને અન્યમતના દોષો સમાન પ્રરૂપવા, પણ સંઘકુલાદિનો પક્ષ કરવો ? ૩૭૪

→ આરામભદ્રો કહે છે તીર્થંકર પ્રભુ અંતીમ ભવમાં આરાધક જ હોય છે તે યોગ્ય છે ? ૩૭૪

→ જિનેશ્વરો સર્વથા અનુકરણીય જ હોય એવુ માનનાર કેવા ગણાય ? ૩૭૫

→ શું જીવ, કર્મ અને ઉભયનો યોગ અનાદિ છે તે સમજણ વગરનું છે ? ૩૭૫

૪૯ ભવઅટવી કઈ રીતે ઓલંઘવી ? અને ઉતરેલો ક્યાં જાય ? –

૫૦ આગમોધ્ધારકની અમોઘ દેશના-શાશ્વત સ્થાન ૩૭૭

૫૧ તીર્થયાત્રા-સંઘયાત્રા ૩૮૫

૫૨ સાગર સમાધાન –

→ જીવ અને કર્મનો યોગ એ જ સંસાર બોલવામાં સમજણની ખામી ? ૪૦૧

→ જીવ અને કર્મનો વિયોગ એ જ મોક્ષ એમ બોલવુ તત્વનુ સ્વરૂપ સમજ્યા વગરનું ? ૪૦૧

→ નિશીથ ભાગ્યની ગાથામાં પ્રરૂપણાની બાબતમાં જુદા વિશેષણો શા માટે ? ૪૦૧

→ સિધ્ધાચળજી જેવા ક્ષેત્રમાં પુંડરિક સ્વામી સમક્ષ ચૈત્ય કરવું યોગ્ય છે ? ૪૦૨

→ અગ્નિનું જવાલન શસ્ત્રરૂપ હોવાથી ઉચિત નથી તો આરતી મંગળ દીવો કેમ કરાય છે ? ૪૦૩

→ સાધુ મહારાજથી વંદણવત્તિયાએ આદિ પાઠ કેમ બોલાય ? ૪૦૩

૫૩ સમાલોચના ૪૦૫

૫૪ હું કોણ છું ? ૪૧૮

૫૫ શું જિનમંદિરે રાત્રિગમન ન હોય ? –

૫૬ જ્ઞાન ક્રિયાવાદ ૪૨૫

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૫૭ | વર્ધમાન જૈન આગમ સંસ્થાનું ધારા-ધોરણ | ૪૨૯ |
| ૫૮ | તીર્થયાત્રા-સંઘયાત્રા | ૪૩૩ |
| ૫૯ | કઈ ગતિનું આયુષ્ય શાથી બંધાય ? | ૪૪૧ |
| ૬૦ | આગમોદ્ધારકની અમોઘ દેશના | ૪૪૨ |
| ૬૧ | પરૂષાર્થ કેટલા અને ક્યા | – |
| ૬૨ | વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાને અંગે કંઈક | ૪૪૯ |
| ૬૩ | સાગર સમાધાન | – |
| → | સર્વાંગ સુંદર તપ કરનાર મીથ્યાત્વી ? તે શું વિષ કે ગરલ અનુષ્ઠાન છે ? | ૪૫૪ |
| → | ચૈત્ય વંદન, સ્તવન અને સ્તુતિ માં શું ફરક ? | ૪૫૪ |
| → | ૪૫ આગમમાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિનો અધિકાર ક્યાં છે ? | ૪૫૫ |
| → | ઉત્તરાધ્યયનમાં સ્તવસ્તુતિમંગલમાં એકવચન જ હોવાથી તે એક જ કેમ ન મનાય? | ૪૫૫ |
| → | સ્તવ અને સ્તુતિ કરનાર સાધુ અને શ્રાવક હોય છે તો તેનાથી ૧૨ દેવલોકનું ફળ ની આરાધના કેમ જણાવી ? | ૪૫૫ |
| → | થયથુઈ૦ સૂત્રમાં સ્તવ-સ્તુતિઆદિથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ઉત્પન્ન થવાનું કેમ કહ્યું ? | ૪૫૬ |
| → | સ્તવ-સ્તુતિ મંગલથી બોધિલાભ થવાનું કેમ જણાવ્યું ? | ૪૫૬ |
| → | સ્તવ-સ્તુતિ સ્તોત્ર છે તો ચૈત્યવંદન તેવા પ્રાચીન કોઈ છે ખરા ? | ૪૫૬ |
| ૬૪ | સમાલોચના | ૪૫૭ |
| ૬૫ | તીર્થયાત્રા-સંઘયાત્રા | ૪૫૮ |
| ૬૬ | આગમોદ્ધારકની અમોઘ દેશના આત્મા અને તેનું નિત્યાનિત્યપણું | ૪૬૫ |
| ૬૭ | શેઠ આણંદજી કલ્યાણજી અને યાત્રિકો | – |
| ૬૮ | પર્યુષણા પર્વનું ઉત્તમ ધ્યેય | ૪૭૪ |
| ૬૯ | આગમોદ્ધારકની અમોઘ દેશના આત્મા અને તેનું નિત્યાનિત્યપણું | ૫૦૫ |
| ૭૦ | શ્રી ચતુર્વિધ સંઘમાં એક જ દિવસ સંવચ્છરી કેમ ? | ૫૧૩ |
| ૭૧ | સાગર સમાધાન | – |

# અનુક્રમણિકા


→ શું જૈન સૂત્રોમાં સ્યાદ્વાદ નથી ? સિધ્દસેન દિવાકરસૂરિએ તેને અનેકાંતવાદ તરીકે સ્થાપના કર્યા ૫૨૦

→ નિત્યપદાર્થમાં વિકાર ન થાય કે માનમાં ફેર ન થાય એ બરોબર ૫૨૦

→ સિધ્દાચળનું પ્રમાણ ન્યૂનાધિક થાય છે તો તે શાશ્વત કેમ ? ૫૨૦

→ સ્તુતિ-સ્તવ અને સ્તોત્ર કોને કહેવાય ? ૫૨૦

**૭૨ પર્યુષણા અને આરાધના –**

**૭૩ અનિત્યતા આદિ ૧૨ ભાવના (ગેય) ૫૨૧**

**૭૪ આગમોધ્ધારકની અમોઘ દેશના આત્મા અને તેનું નિત્યાનિત્યપણું ૫૨૩**

**૭૫ સમાલોચના ૫૩૬**

**૭૬ પર્યુષણાપર્વનું ઉત્તમ ધ્યેય ૫૩૭**

**૭૭ સાગર સમાધાન –**

→ તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં છેલ્લે સોલઉપવાસ આદિ કેમ લેવાતુ નથી ? ૫૬૦

→ ખરતરગચ્છવાળા બીજા ઉપવાસે છઠ્ઠ ઈત્યાદિ કહે છે તે કેમ ? ૫૬૦

→ નંદિસૂત્રની ચૂર્ણીમાં દર્શન અને ચારિત્રને મોક્ષમાર્ગ તરીકે કેમ લીધા ? ૫૬૦

→ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ એમ કહેવાય કેમ ? ૫૬૧

**૭૮ વર્ષનું અંતિમ નિવેદન ૫૬૨**

**૭૯ છઠ્ઠા વર્ષનો વિવિધ-વિષયક્રમ ૫૬૫**

**૮૦ થવું જોઇતું સાધર્મિકોનું ભાવવાત્સલ્ય –**


❋ ❋ ❋

Regd. No. 3047

# શ્રી સિદ્ધચક્ર

## (પાક્ષિક)

વર્ષ : ૬

शिवाध्वा यैरेषोऽनुगत उदितश्च स्वयमिह
तकेऽर्हन्तः सिद्धाः सततमुपयुक्ताश्च गणिनः।
शिवाध्वोद्देष्टारोऽङ्गगतकथका वाचकवराः
शिवे साहाय्यं ये विदधति च मुनयस्तान्नमः सदा॥१॥
यत्रार्हन्तोऽभवाः सिद्धाः सूर्युपाध्यायसाधवः।
सैद्धं दृग्ज्ञानचारित्रतपश्चक्रं सदाश्रये॥२॥

અંક - ૧ } મંગળવાર { તા. ૧૫-૧૦-૧૯૩૭
વીર સંવત્ ૨૪૬૩ વિ. સંવત ૧૯૯૩

પ્રકાશક :-
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
- તરફથી -
તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

## श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

| | | | |
|---|---|---|---|
| दशवैकालिकचूर्णि | ४-०-० | तत्त्वतरंगिणी | ०-८-० |
| उत्तराध्ययनचूर्णि | ३-८-० | बृहत्सिद्धप्रभाव्याकरण | ०-८-० |
| पंचाशकादिशास्त्राष्टकं | ४-०-० | मध्यमसिद्धप्रभाव्याकरण | ०-८-० |
| ३५०, १५०, १२५ स्तवनानि | ०-८-० | आचारांगसूत्रवृत्तिः ( भागद्वयं ) | ७-०-० |
| पंचाशकादिदशआकारादि | ४-०-० | भगवतीजीदानशेखरसूरिटीका | ५-०-० |
| ज्योतिष्करंडकः सटीकः | ३-०-० | पुष्पमाला मल. हेम. स्वोपज्ञ | ६-०-० |
| पंचवस्तुकः सटीकः | ३-०-० | तत्त्वार्थटीका हारिभद्रीया | ६-०-० |
| क्षेत्रलोकप्रकाशः | २-८-० | पर्युषणादशशतकं | ०-१०-० |
| युक्तिप्रबोधः स्वोपज्ञः | १-१२-० | बुद्धिसागरः | ०-३-० |
| विचाररत्नाकरः | ३-०-० | विशेषावश्यकटीका ( भागद्वयं ) | ११-०-० |
| वन्दारूवृत्तिः | १-४-० | भवभावनावृत्तिः पूर्वार्धं | ३-८-० |
| पयरणसदोह | १-०-० | कल्पकौमुदी | २-०-० |
| अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति | ०-८-० | षोडशकप्रकरणं सटीकं | १-०-० |
| नवपदप्रकरणबृहद्वृत्तिः | ४-०-० | षडावश्यकसूत्राणि | ०-८-० |
| बारसासूत्रं सचित्रं | १२-०-० | उत्पादादिसिद्धिः | २-८-० |
| ऋषिभाषितानि | ०-३-० | तत्त्वार्थकर्तृसमीक्षा | ०-१०-० |
| प्रत्याख्यानप्रकरण - सारस्वत, विशेषणवती-वीराबीशी | १-४-० | भगवतीसूत्र ( अभयदेवीया ) ( सटीक ) प्र. भा. | ५-०-० |
| विशेषावश्यकगाथाक्रमादि | ०-५-० | प्रवचनपरीक्षा संपूर्ण ( उ.धर्म. ) | १०-०-० |
| ललिताविस्तरा | ०-१०-० | सुबोधिका | प्रेसमां- |
| | | भवभावना ( उत्तरार्धं ) | प्रेसमां- |
| | | प्रव्रज्याविधानवृत्तिः | प्रेसमां- |

-: प्राप्तिस्थानं :-

**सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.**

**पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.**

संवत् १९९३ पोष शुद १.

धी "जैन विजयानंद" प्रीं. प्रेस कणपीठ बजार, सुरतमां शा. फकीरचंद भगनलाल बदामीએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

તા. ૧૫-૧૦-૩૭ મંગળવાર
અંક ૧ ............. વર્ષ ૬

## નવા વર્ષમાં પ્રવેશ અમારૂં ધ્યેય

### પત્રની ઈચ્છા.

આ પત્ર પોતાનાં પાંચ વર્ષ પૂરાં કરીને જે વખતે છઠ્ઠાવર્ષમાં પ્રવેશ કરે છે તે વખતે આ પત્ર જરૂર આશા રાખે છે કે હું મ્હારા વાંચકોને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ મોક્ષની પ્રાપ્તિ માટે સંવર અને નિર્જરાની મુખ્યતાવાળા જે આગમો નિરૂપણ કરેલાં છે તેમાંથી જુદા જુદા રૂપે રહસ્યો અર્પણ કરૂં કે જે રહસ્યોને લીધે સૂત્રકાર ગણધરમહારાજાઓએ શ્રમણોપાસકવર્ગને અંગે જે વિશેષણો लद्धट्ठा गहियट्ठा અને विनिच्छियट्ठा એવાં જે સ્થાન સ્થાન ઉપર લાગું કરેલાં છે. તેને ધરાવવાવાળો શ્રમણોપાસકવર્ગ બરોબર થાય.

વાંચકવૃંદે ધ્યાન રાખવાની જરૂર છે કે શ્રદ્ધાના પરિપકવપણાને લીધે સાતક્ષેત્રમાં હંમેશાં ધન વાપરવાને લીધે અને પાપકર્મનો ક્ષય કરવાને લીધે દેશવિરતિ અને સમ્યક્ત્વવાળા વર્ગનું શ્રાવક એવું નામ श्रा-व-क એમ ત્રણ અક્ષરો એકઠા કરીને નિરૂક્તિદ્વારાએ આપેલું છે અને વ્યુત્પત્તિદ્વારાએ શ્રાવક શબ્દને માટે શાસ્ત્રકારોએ પ્રતિદિવસ ઉત્કૃષ્ટી સાધુ અને શ્રાવકની સામાચારીને એટલે સાધુ અને શ્રાવકના આચારમય સૂત્રસિદ્ધાંતોને સાધુમહાત્મા પાસેથી શ્રવણ કરનારો જે સમ્યક્ત્વાદિકે સહિત હોય તે શ્રાવક કહેવાય એમ જણાવ્યું છે. આવી રીતે શ્રાવક શબ્દ શાસ્ત્રકારોએ સિધ્ધ માન્યો છે છતાં શ્રી પર્યુષણા કલ્પસૂત્ર શ્રી ભગવતીજી અને ઉપાસકદશાંગ વિગેરેમાં દેશવિરતિ અને સમ્યક્ત્વવાળા વર્ગને શ્રમણોપાસકશબ્દથી ઘણે ભાગે જણાવે છે. અર્થાત્ શ્રદ્ધાસંપન્ન જે મનુષ્યો અણુવ્રતની પ્રાપ્તિ માટે અગર મહાવ્રતની પ્રાપ્તિ માટે સાધુની સેવના કરનારો હોય તેને શ્રમણોપાસક કહેવાય છે ધ્યાન રાખવું કે ઝવેરાતની દુકાને આર્યા, તુરીયાં, કારેલાં, ચીભડાં, અગર ભીંડા મળવાનાં નથી. તેવી જ રીતે શ્રમણભગવંતો પાસે શરીર કુટુંબ ધન સંપત્તિ ઐશ્વર્ય અને દેશસંપત્તિનાં સાધનો મળવાનાં નથી. તે શ્રમણમહાત્માઓનો વર્ગ જ આ જૈનશાસનમાં મોક્ષમાર્ગે પ્રયાણ કરવા માટે અને જેઓ મોક્ષમાર્ગના અર્થી ન હોય તેઓને મોક્ષમાર્ગના અર્થી કરવા અને જેઓ મોક્ષમાર્ગના અર્થી હોય અને મોક્ષમાર્ગની સિધ્ધિ માટે પ્રયત્ન કરવા તૈયાર થતા હોય તેઓને મોક્ષમાર્ગમાં હરકોઈ પ્રકારે સહાય કરવી તેને માટે જ છે.

### શ્રમણ મહાત્મા જ આત્મ સ્થિતિ બતાવશે ?

સહાય કરનાર તે શરીરદ્વારાએ સ્વાર્થને સાધનારા કુટુંબીઓ મલશે. અર્થની આપત્તિની

વખતે ધનના ભાગીયા થનારા તથા ભોક્તા થનારા મદદગાર થશે. કુટુંબની આપત્તિ વખતે જે જે કુટુંબી તરીકે કે સ્નેહી તરીકે સંબંધી હશે તે મદદ કરવા ઉભા રહેશે, એવી જ રીતે આજ્ઞૈશ્વર્યમાં અને દેશસંપત્તિમાં પણ જેઓ જેઓને સ્વાર્થ હશે તેઓ તે તે વિષયમાં મદદ કરશે, એટલું જ નહિં પરન્તુ આખા દેશમાં ઘેરે ઘેરે ફરો, દેશે દેશે ભટકો, ચ્હાય તો જંગલમાં જાઓ, ચ્હાય તો પહાડ ઉપર જાઓ, પરન્તુ તમારા આત્માની સ્થિતિને બતાવનાર તો શ્રમણમહાત્મા સિવાય બીજો કોઈપણ મલશે નહિં. તમારા પરભવમાં મેળવવાની સદગતિનાં સાધનો દેખાડનારો નિઃસ્વાર્થ પુરૂષ જગતભરમાં કોઈપણ હોય તો તે શ્રમણ મહાત્મા જ છે. સર્વ જગત્‌માં ધર્મસંબંધી કંઈ પણ તમારા આત્માનું સ્વરૂપ જણાવે તો તે કેવલ શ્રમણ મહાત્માઓ જ છે. યાદ રાખવું કે તમે આત્માનું સ્વરૂપ જાણો સદ્‌ગતિના સાધનો મેળવો અને ધર્માત્મા બનો તેમાં શ્રમણ મહાત્માને કંઈ પણ સ્વાર્થ પણ નથી, અને સિદ્ધિ પણ નથી, ધ્યાનમાં રાખવું કે શ્રમણ મહાત્માઓ પોતાની જીંદગીનો સમગ્ર ભાગ સર્વજ્ઞપ્રણીત આગમોના અભ્યાસથી સંસ્કારિત કરી તેના સારરૂપ ધર્મનું સ્વરૂપ તમોને સંભળાવે છે. નથી તો તેઓને ધર્મ સંભળાવવા બદલે ફી લેવાની, નથી તો અખીયાણું લેવાનું, એટલું જ નહિં, પણ શાસ્ત્રકારોએ તો એટલા સુધી કહી દીધું કે 'वंदमाणं न जाइज्जा' અર્થાત્ જેઓ ધર્મશ્રમણ કરવા આવે અને વિનયથી વંદન કરવાવાળા થાય તેની પાસે કંઈ માગણી પણ કરવી નહિં, એટલું જ નહિં. પણ આગલ વધીને સૂત્રકારોએ એટલું બધું જબરજસ્ત ફરમાન કર્યું છે કે શ્રદ્ધાલુ ગૃહસ્થને ઘેર ગોચરી માટે ગયેલા સાધુએ વગર દેખાડેલી અને વગર નિમન્ત્રણ કરેલી વસ્તુની માગણી પણ નહિં કરવી. સૂત્રકારમહારાજાના આ ફરમાનને બારીક દ્રષ્ટિથી વિચારનારો મનુષ્ય શ્રમણ મહાત્માનું ધર્મોપદેશને અંગે નિઃસ્વાર્થીપણું બરોબર સમજ્યા વગર રહેશે જ નહિં અને આજ કારણથી શાસ્ત્રકાર મહારાજાઓ શ્રમણ મહાત્માઓને તરણ તારણ ગણીને જહાજની ઉપમા આપે છે. યાદ રાખવું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો એકલા તારક છે, પણ ઉપદેશથી તરનારા નથી, કારણ કે તેઓ તરી ગયેલા છે. તેમને તરવાનું બાકી નથી. ભગવાન્ જિનેશ્વરો તો જે ઉપદેશ આપે છે તે કેવલ ભવ્યજીવોને તારવા માટેજ છે. દીવો લઈને આગલ ચાલનારો મનુષ્ય પોતાને અને પાછલના આવનારા બન્નેને માટે અજવાલું કરે છે, તેવીજ રીતે શ્રમણમહાત્માઓ ભવ્યજીવોને દેશનાદ્વારાએ ધર્મ પમાડતા ઉપકારની બુદ્ધિથી બીજાને તારવાની સાથે પોતે પણ તરે છે. ભગવાન્ ઉમાસ્વાતિવાચકજી એજ ફરમાવે છે કે 'ब्रुवतोऽनुग्रहबुद्धया वक्तुस्त्वकान्ततो भवति' અર્થાત્ શ્રોતાજીવોના ઉપકારને અંગે એટલે તેઓ જન્મ જરા મરણ રોગ શોક આધિ વ્યાધિ અને ઉપાધિથી ભરેલા એવા સંસારમાંથી કર્મક્ષય કરીને મુક્ત થાય. એવા વિચારથી ધર્મના ઉપદેશને જે બોલનાર છે તેને તો સર્વથા ધર્મ જ થાય છે. અને તેવી રીતે આત્મકલ્યાણની બુદ્ધિએ સાંભળનારને

પણ પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલા જ માટે સૂત્રકારો જણાવે છે કે પ્રથમ તો શાસ્ત્રોનું શ્રવણ થાય, તેનાથી હેયોપાદેયનું જ્ઞાન થાય, અને તે હેયોપાદેયનું જ્ઞાન થવાથી હેયને છાંડવા અને ઉપાદેયને આદરવાની બુદ્ધિરૂપી વિજ્ઞાન થાય, અને તે વિજ્ઞાનથી જ વિરતિ થઈ આશ્રવનો રોધ થાય, અને તે રોધથી પરંપરાએ નિર્જરા અને યાવત્ અક્રિયા સુધીના ફલની પ્રાપ્તિ થાય છે. એટલે આ સંસારસમુદ્રથી તરનારા અને તારનારા જો કોઈપણ હોય તો તે શ્રમણ મહાત્માઓજ છે. અને તેવા શ્રમણમહાત્માઓની સેવા કરનારો વર્ગ જે હોય તેને જ શાસ્ત્રકારો શ્રમણોપાસક વર્ગ કહે છે. તેવા શ્રાવક અને શ્રમણોપાસકવર્ગને નવાં નવાં આગમનાં રહસ્યો સમજાવી હું મ્હારા નવા વર્ષમાં લબ્ધ અર્થઆદિ ગુણોવાળા કરૂં. અને આશા રાખું છું કે મ્હારા વાચકો મગજને સ્થિર રાખી બુદ્ધિને નિષ્પક્ષ કરી રક્ત દ્વિષ્ટ મૂઢ અને વ્યુદ્ગ્રાહીપણાને છોડી આગમના રહસ્યોને વાંચવા વિચારવા અને મનન કરવા પ્રયત્નશીલ થાય કે જેથી તેઓ લબ્ધાર્થાદિક કરવાની મ્હારી ઈચ્છાને ફલીભૂત કરનારા થાય.

## શ્રાવકોને આગમનું રહસ્ય સમજાવાય કે નહિ?

જો કે કેટલાકની એવી પણ માન્યતા છે કે શ્રાવકોને આગમનાં રહસ્યો સમજાવવાં કે સંભળાવવાં નહિં, કારણ કે શ્રાવકોને આગમનાં રહસ્યો સંભળાવવા અને સમજાવવાથી તેઓ છિદ્રાન્વેષી થાય અને તેથી તે શ્રમણોપાસક પોતાના આત્માનું હિત ન કરી શકે, એટલું જ નહિં, પણ છિદ્રોને ખોળી પ્રગટ કરનારા થવાથી શ્રમણમહાત્માના નિંદક બને અને અન્ય આત્માઓને શ્રદ્ધાથી પતિત કરનારા બને.

આવું કહેનારાઓએ સમજવું જોઈએ કે શાસ્ત્રનું જે ઉત્સર્ગ અપવાદમય જ્ઞાન છે તે કોઈ દિવસ છિદ્રાન્વેષી બનાવતું નથી છિદ્રાન્વેષી તો તેઓ જ બને છે કે જેઓ શાસ્ત્રોના યથાસ્થિત તત્ત્વને જાણનારા ન બનતાં દુર્વિદગ્ધદશામાં જ જાય છે, એટલે દાધારંગા બને છે, પરન્તુ જૈનશાસ્ત્રોનું યથાસ્થિત સ્યાદ્વાદરૂપી જેઓને જ્ઞાન પરિણમ્યું છે તેઓ તો શાસ્ત્રોક્તગુણોને બરોબર જોવાવાળા થાય છે, અને અવગુણ ધારણ કરનારાઓના અવગુણને છોડાવવા માટે પ્રેરણા કરનારા થાય છે. જગત્માં જેમ પોતાની માતા બ્હેન કે છોકરી પિતા ભાઈ કે છોકરો જો ઉન્માર્ગે જતા માલમ પડે છે તો તેને કુટુંબના હિતને વિચારનારો મનુષ્ય કેવી રીતે સમજાવે છે અને પોતાના કુટુંબની આબરૂ પણ કેવી રીતે બચાવે છે. એ વાત જો ધ્યાનમાં લેવામાં આવે અને પ્રમત્ત કે અપ્રમત્ત શ્રમણમહાત્મા દૂષિત કે અદૂષિત સાધુઓને માટે શાસન પ્રત્યે પોતાની કેવી ફરજ છે તે સર્વ આગમના રહસ્યને જાણીને લબ્ધાર્થાદિ ગુણોવાળા થનારા શ્રમણોપાસકોજ સમજી શકે. બાકી દુર્જનોને પીડાના ડરથી સમજાવવું ને સંભળાવવું બંધ કરાય તે તો કોટવાલને દંડવા

જેવું જ થાય. માટે લબ્ધાર્થાદિક ગુણવાળો શ્રમણ વર્ગ થાય તેને ઉદ્દેશીને આગમ રહસ્યનું અમૃત પીરસ્યા જઈશ એવી આશા રાખું તે યોગ્ય જ છે.

## અમોઘદેશના અને તેનો ઉદ્દેશ

વળી ક્રમસર આવતા આગમના રહસ્ય કરતાં એકેક વિષય ઉપર અથથી ઈતિ સુધીનું કથન કે જે શ્રોતાઓને થોડીબુદ્ધિ ચલાવવાથી પણ બોધકારક થઈ શકે તેવી રીતે આમાં પીરસાય છે. જો કે કેટલાકો એવું કહેવા તૈયાર થાય છે કે ભગવાન્ મહાવીરમહારાજની પણ દેશના અમોઘ ન્હોતી ગણાઈ, તો પછી આ દેશનાને અમોઘદેશના એવું વિશેષણ અપાય જ કેમ ? પરન્તુ એવું કહેનારા મહાપુરૂષે સમજવું જોઈએ કે સૂર્યના ઉદ્યોતથી ઘુવડને ઊલટું અંધારૂં થાય છે. પરન્તુ ચક્ષુવાળાને સૂર્ય પ્રકાશ કરનાર છે તેથી તેને પ્રકાશક એમ કહેવું કોઈપણ પ્રકારે ખોટું નથી. તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ના શાસ્ત્રોને અનુસારે જે તત્ત્વ વિસ્તારથી સમજાવવામાં આવે તે શ્રોતાને જરૂર બોધ કરે એ અપેક્ષાએ અમોઘદેશના માત્ર પદ જોડવામાં આવ્યું છે અથવા તો જીનેશ્વર મહારાજનાં વચનો દરેક આસન્નભવ્યોને માટે અમોઘ જ હોય છે અને તેવી જીનેશ્વર ભગવાનના વચનને અનુસરતી દેશના જે હોય તેને અમોઘદેશના કહેવી એમાં કોઈ પણ પ્રકારે અનુચિત નથી. અથવા તો ભગવાન્ જીનેશ્વર મહારાજના વચનો આ દેશનાના કહેનારના આત્મામાં અમોઘરૂપ થયાં અને તેથી તેની વિકાશદશા માટે દેવાતી દેશના જે હોય તેને અમોઘદેશના કહેવી એ કોઈપણ પ્રકારે અનુચિત જ નથી. શંકાકાર મહાપુરૂષના કહેવા પ્રમાણે તો અમોઘ-વચન જગત્‌માં પણ સંભવી શકે નહિં અને તેથી અમોઘશબ્દ કોઈપણ પ્રકારે લાગી શકે નહિં એમ માનવું પડે. પરન્તુ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજની દેશનામાં પણ ઘણાઓ પ્રતિબોધ ન્હોતા પણ પામતા, તોપણ કોઈ કોઈકને પ્રતિબોધ થવાથી તે દેશનાને ફળવાળી ગણી અમોઘદેશના કહેવાતી હતી, તેવી રીતે આ અમોઘદેશના કોઈપણ આત્મામાં ફલવાળી થતી નથી. એવું કહેવાને શંકાકારની પાસે કોઈપણ જાતનું પ્રબલ સાધન નથી. અને એકેક વિષય શાસ્ત્રના પુરાવાથી યુક્તિથી અને દુનિયાદારીના દ્રષ્ટાન્તોથી સમજાવવામાં આવે તેથી શ્રોતાના મગજમાં બરોબર ઠસે એ સ્વાભાવિકજ છે. માટે તેવા નિરૂપણને અમોઘદેશનાનું બિરૂદ આપવું, એ કોઈ પણ પ્રકારે અનુચિત હોય એમ અમારૂં માનવું નથી.

## સાગર-સમાધન અને તેનું ફલ.

પૂર્વે જણાવેલાં આગમરહસ્ય અને અમોઘદેશના એ બન્ને વક્તાની અભિરૂચિને અનુસરનારાં છે. પરન્તુ સાગરસમાધાન નામનો ત્રીજો વિષય કે જે શ્રોતાની અભિરૂચિ ઉપરજ આધાર રાખે છે. કારણ કે પ્રશ્નોનું ઉત્થાન શ્રોતાના હૃદયને અનુસરતું જ હોય છે. એ સાગર-સમાધાનમાં કેટલાક પ્રશ્નો પરદેશથી પત્રો દ્વારાએ આવેલા હોય છે. કેટલાક પ્રશ્નો જે સ્થાનમાં લેખકની સ્થિરતા હોય તે સ્થાનના લોકો તરફથી હોય છે.

જ્યારે કેટલાક પ્રશ્નો સિદ્ધાન્તરૂપે ચાલુ ચર્ચાને સ્થિર કરવા માટે હોય છે. આ રીતે અનેક કારણોથી જે પ્રશ્નો થાય છે તેનું સમાધાન જાહેર કરવાથી ઈતર જીજ્ઞાસુ લોકોને તે ઘણા બોધદાયક થાય છે. આપણે જાણીયે છીએ કે એક નિરૂપણ દ્વારાએ કહેવાતી વસ્તુ કરતાં પ્રશ્નોત્તર દ્વારાએ કહેવાતી વસ્તુ શ્રોતાઓના મગજ ઉપર સારી અસર કરે છે. અને તેથી જ શ્રીઅભયદેવસુરિજી અને મલયગિરિજી મહારાજના કથન પ્રમાણે સંપૂર્ણ શ્રુતજ્ઞાની એવા ગણધરમહારાજાઓએ નથી તો પ્રશ્ન પૂછ્યા અને નથી તો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ તે શબ્દોમાં તે પ્રશ્નોના ઉત્તરો આપ્યા. છતાં સૂત્રરચનાના રીવાજની અપેક્ષાએ મ્હોટાં મ્હોટાં સૂત્રો પ્રશ્નોત્તરરૂપે ગુંથવામાં જ આવેલાં છે કારણ કે ગણધરમહારાજાએ પણ વસ્તુતત્ત્વનું નિરૂપણ પ્રશ્નોત્તર દ્વારાએ જ ઘણી સારી રીતે થાય છે અને અસર કરનારૂં થાય છે, એમ માન્યું છે. તેથી મ્હારામાં પણ આગમરહસ્ય અને અમોઘદેશ્નાની સાથે સાગરસમાધાન કે જે પ્રશ્નોત્તરરૂપ છે તેનો પ્રવાહ પણ અસ્ખલિતરીતે વહેતો જ રાખ્યો છે.

### સમાલોચનાની વિશિષ્ટતા -

આ ત્રણ વિષયો આત્માને હવા દવા અને પથ્યની માફક અત્યન્ત હિતકર છે, છતાં પણ જેમ રોગી મનુષ્ય હવા દવા અને પથ્યને આચરનારો છતાં જો કુપથ્યથી દૂર ન રહે તો તે હવા દવા અને પથ્યનો ફાયદો ન મેળવી શકે. તેવી રીતે અહિં પણ હું આગમરહસ્ય, અમોઘદેશના અને સાગરસમાધાન દ્વારા અવ્યાબાધ પ્રભાવશાળી શ્રીજીનેશ્વરમહારાજના શાસનના તત્ત્વોનો આવિર્ભાવ કરૂં, તો પણ અન્ય દૈનિક, સપ્તાહિક, પાક્ષિક કે માસિક પેપરો દ્વારાએ શ્રીજીનેશ્વર મહારાજના શાસન ઉપર, આચાર્યભગવંતો ઉપર, શ્રમણમહાત્માઓ ઉપર, શ્રાવક શ્રાવિકાના વર્ગ ઉપર, તીર્થો ઉપર, શ્રીસંઘના સદાચારો ઉપર, મંદિર ઉપર, ભગવાન્‌ની મૂર્ત્તિ ઉપર, પ્રતિષ્ઠા-ઉપધાન-ઉજમણાં-પ્રવેશોત્સવ-સાધર્મિક-વાત્સલ્ય અને યાવત્ ધર્મ ઉપર થતાં આક્ષેપો અગર દેવાતી વિરૂદ્ધ સમજણ રૂપી કુપથ્ય જો મ્હારા વાચક સત્પુરૂષોના હૃદયમાંથી દૂર કરવામાં ન આવે તો મ્હારો વાચકવર્ગ ભગવાન્ જીનેશ્વર મહારાજના નિરૂપણ કરેલા માર્ગ ઉપર સ્થિર રહી શકે નહિ, માટે કેટલાક લેખકોને દુઃખ થાય, અરૂચિ થાય, મને વગોવનારા થાય, મ્હારાથી દૂર ભાગનારા થાય, તો પણ સમાલોચનાની કડવી ફરજ મ્હારે બજાવવી પડે છે. પરન્તુ સમાલોચનામાં સમાધાન જણાવ્યા પછી સ્હામો લેખક તેને મૌનપણે સ્વીકાર કરી લે છે તો તે વાતને ઉદીરવામાં આવતી નથી, પરન્તુ જ્યારે સ્હામો મનુષ્ય નિરૂપણ કરેલી સત્યવસ્તુને નહિં સ્વીકારતાં પોતાના અસત્પ્રલાપને ચાલુ રાખે છે, ત્યારે સમાલોચનામાં પણ વારંવાર તેનું પુનરાવર્ત્તન કરવું પડે છે. છતાં કેટલીક વખત મ્હને વાંચનારાઓને અરૂચિ ન થાય માટે હું મ્હારાથી ભિન્નરૂપે વધારાને લઈને બહાર પડું છું. આટલું બધું કરવા છતાં એ વાત તો મ્હારી ધ્યાન

બહાર નથી જ કે મને જેમ હજારોની સંખ્યામાં પ્રશંસનારા છે. તેમ હજારોની સંખ્યામાં નિંદનારા પણ છે. છતાં હું એવી રીતે જગત્નો સ્વભાવ છે એમ વિચારીને મ્હારૂં કાર્ય આગળ ધપાવું છું અને આ છટ્ઠા વર્ષમાં મ્હારા વાંચકો સારી રીતે અપનાવશે અને મ્હારા તરફથી પ્રગટ થતા સારા સારા લેખોને તેઓ જુદા હેન્ડબીલો દ્વારા ચોપાનીયા દ્વારા કે ચોપડીઓ દ્વારાએ ઈતરજનોને પણ તે પહોંચાડશે એવી આશા રાખું છું.

## મારી સ્થિતિ સંબંધી બે બોલ :

હું જુદી જુદી જગો પર પસાર ઉત્પન્ન થાઉં છું. કારણ કે મારૂં ઉત્પત્તિસ્થાન ગ્રામાનુગ્રામ વિચરનારી વ્યક્તિના હાથમાં છે, અને મ્હારૂં પ્રગટ થવાનું સ્થાન તેથી સેંકડો કોશ દૂર છે, મ્હને ઉત્પન્ન કરનારાને હું બીજી વખતે મળી શકતો નથી કે જેથી તે મ્હારી ખોડખાંપણને દૂર કરી મને ઘણા ઉંચા સ્વરૂપમાં મૂકે. પરન્તુ હું એટલો ભરોસો તો જરૂર રાખું છું કે મ્હારો વાચકવર્ગ મ્હારા તે અશુદ્ધ સ્વરૂપ તરફ ધ્યાન નહિં આપતાં અથવા છાપાની અશુદ્ધિને ખ્યાલમાં નહિં લેતાં મ્હારા શુદ્ધ ધ્યેયને બરોબર સમજશે.

મ્હારૂં પ્રકાશન મ્હારા કદરદાન ગ્રાહકોની મદદ કરતાં ઘણું મોઘું છે, છતાં ભાવિક શ્રદ્ધાલુ પુરૂષો એટલા બધા મ્હારી કિંમત કરનારા છે કે જેને લીધે હું મ્હારા સ્વરૂપમાં નિયમિતરૂપે પ્રકાશિત થઈ શકું છું. 'હું એક કોઈ પગે ચાલનારી વ્યક્તિ હોત તો તે કદરદાન ગ્રાહકોને અને સહાયકોનો ઉપકાર માનત્ પરન્તુ હું એવી વ્યક્તિ છું કે મ્હારા કદરદાન ગ્રાહકો અને મ્હારા સહાયકો મ્હારી માફક જ શાસનના સાચા તત્ત્વનો પ્રચાર કરવા માટે કટિબદ્ધજ છે અને તે દ્વારાએ તેઓ મહાલાભને મેળવવાવાળા છે, અને તે મહાલાભ મ્હારા ઉપકાર માનવામાં અંશે પણ તણાઈ જાય તે મને ઈષ્ટ નથી, તેથી ઉપકાર ગણવા છતાં ન માનવો એ શ્રેયસ્કર ગણ્યું છે.

## અંતિમ ઈચ્છા.

અન્તમાં હું એજ આશા રાખું છું કે મને તત્ત્વજીજ્ઞાસુઓ દિનપ્રતિદિન વધારે ને વધારે અપનાવે અને મારા ઉદ્દેશને બર લાવવામાં ડગલે પગલે મદદ કરનારા થાય. ન્હાનું બાલક સુંદર કપડાંવાળું ન હોય તો પણ રળીયામણું લાગે, તેમ હું તેવી રીતની ફેન્સીપદ્ધતિથી બહાર ન પડું, ચટક મટક મારામાં ન હોય, કથાના કોયલ સ્વરો હું ન પુરૂં, સમાચારના શોભન સ્વરોથી હું ન ગાઈ શકું, તો પણ મ્હારા તત્ત્વરુપી શરીરને કોમલ અવસ્થાવાળું દેખી મ્હારા વાચકો જરૂર ખુશ થશે અને જો મ્હારા વાંચકો ખુશ થશે તો મ્હારો પ્રચાર હું સફલ ગણીશ.

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદિરૂપ ત્રીજો ભેદ

આગમરહસ્યમાં દ્રવ્યનંદીને અંગે ભગવાન્ જીનેશ્વરમહારાજનું પરોપકારીપણું તેમની દ્રવ્યપૂજાને અંગે વિચારતાં ગણવામાં આવ્યું અને તે પરોપકારીપણું દર્શાવવા ભગવાન્ શ્રીઋષભદેવજી દ્વારાએ થયેલી વર્ણવ્યવસ્થા જણાવતાં ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની ઉત્પત્તિ જણાવ્યા પછી બ્રાહ્મણ એટલે માહનની ઉત્પત્તિને અંગે ભગવાન્ ઋષભદેવજીના કેવળજ્ઞાનના પ્રસંગથી તેઓશ્રીની પ્રવ્રજ્યાનું વર્ણન કરતાં નમિ અને વિનમિના સેવાના અધિકારમાં નિર્ગ્રંથ એવા શ્રીઋષભદેવજી ભગવાનથી તેમના પૌત્ર નમિ વિનમિને ફલની પ્રાપ્તિ કેમ થઈ તેનો વિચાર કરીએ.

### આત્માના અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ ક્યારે થાય ?

સામાન્ય રીતે જૈનશાસન અને અન્ય કેટલાક સારા દર્શનોના અભિપ્રાયથી દરેક જીવનો આત્મા અનન્તગુણવાલો છે અને ભગવાનની સેવા ગુરૂની ચાકરી કે ધર્મનું આરાધન વિગેરે જે કંઈપણ કરવામાં આવે છે, તે માત્ર આત્માના ગુણોને રોકનાર વિઘ્નોને દૂર કરી આત્માના તે ગુણોને પ્રગટ કરવા માટેજ હોય છે. અર્થાત્ જેમ વાદલનાં પડલો ખસી જવાથી સૂર્યનો સ્વાભાવિક પ્રકાશ બહાર આવે છે. તેમાં વાદલનું ખસવું એ સૂર્યના પ્રકાશને કરનાર નથી. સૂર્યના પ્રકાશને તો કરનાર સૂર્યજ છે, પરંતુ તે વાદલના પડલને અંગે તે સૂર્યનો પ્રકાશ જગતમાં દેખાતો ન્હોતો, તેવીજ રીતે દરેક આત્મામાં સ્વાભાવિક રીતે અનન્ત એવું જ્ઞાનદર્શન વીર્ય અને સુખ વિગેરે રહેલાં જ છે. પરન્તુ તેને પ્રગટ થવામાં કર્મરૂપી પદલો જ આડાં છે, અને તે કર્મપડલો જ્યારે ખસી જાય ત્યારે આત્માના તે અનન્તજ્ઞાનાદિક ગુણો આપોઆપ પ્રગટ થાય છે. યાદ રાખવું કે પારાની સાથે મળેલું સોનું સુવર્ણરૂપે નાશ પામેલું નથી, તેમ અગ્નિના સંયોગે પારો ઉડી જવાથી સોનું નવું પણ ઉત્પન્ન થતું નથી, પરન્તું સોનાના સ્વરૂપને ઢાંકી દેનાર એવો પારો અગ્નિના સંયોગથી જ્યારે ઉડી જાય છે ત્યારે તે સોનું આપોઆપ પોતાના સ્વરૂપે પ્રકાશે છે. તેવી રીતે અહિં પણ નાશ પામતા કર્મરૂપી આવરણો આત્માને જ્ઞાનાદિક ગુણો કરી દેતા નથી. પરન્તુ તે આવરનારાં કર્મો ખસી જવાથી તે આવરાયેલા જ્ઞાનાદિક ગુણો પ્રગટ થાય છે. આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે જૈનશાસ્ત્રકારોએ આત્માના ગુણોને અંગે કહેલા ક્ષાયિક ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવોની સમજણ પડશે.

### આત્માના ગુણો ઉત્પન્ન થતા નથી, પણ પ્રગટ થાય છે.

ધ્યાન રાખવું કે કોઈપણ આત્માનો ગુણ જો નવો ઉત્પન્ન થતો હોત તો ઔત્પાતિક નામનો છટ્ઠો ભાવ માનવો પડે, પરન્તુ ભાવના પાંચ પ્રકાર ગણીએ છીયે. જો કે છ પ્રકાર ગણીએ તો પણ તેમાં

ઔત્પાતિકનામનો ભાવ કોઈ પણ માનવામાં આવ્યો નથી, પરન્તુ ક્ષાયિક આદિભાવો માનવામાં આવેલા છે, તેનું કારણ એટલું જ કે આત્મામાં જ્ઞાનાદિક ગુણો નવા ઉત્પન્ન થતા નથી. પરન્તુ કર્મનાં પડલોથી રોકાયેલા તે પ્રગટ થાય છે. આ ઉપરથી જે બીજી જગો પર કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું, અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું, વિગેરે જે ઉત્પત્તિને નામે કહેવાય છે તેનો અર્થ પ્રગટપણે થયું એટલો જ કહી શકાય. ઉપર જણાવેલી હકીકત ઉપરથી સ્પષ્ટ સમજાશે કે આ આત્માને ભગવાનઆદિની આરાધના વિગેરેથી કંઈપણ બહારથી મેળવવાનું નથી, પરન્તુ ભગવાન્ વિગેરેની આરાધના વિગેરેના આલંબનથી પોતાના જ્ઞાનાદિકગુણોને રોકનારા કર્મોનો નાશ કરવો એટલું જ ધ્યેય હોય છે. અને તેથી જ આત્માના પરિણામની અપેક્ષાએ આરાધનાનું ફલ ગણવામાં આવે છે. જેમ પરિણામ ઉચ્ચતમ તેમ કર્મનો ક્ષયોપશમ કે ક્ષય પણ ઉચ્ચતમ થાય છે. જેમ પરિણામની મધ્યમદશા તેમ કર્મના ક્ષયોપશમાદિની પણ મધ્યમદશા હોય છે અને પરિણામની જઘન્યતાએ કર્મના ક્ષયોપશમની પણ જઘન્યદશા હોય છે.

### તેવા ગુણો મેળવવા શું કરવું ?

આવી રીતે આત્માના પરિણામથી જ ફલ હોવાને લીધે જ કેવલજ્ઞાનઆદિક ગુણોના આલંબને કેવલજ્ઞાનઆદિકવાળા જીવોના શરીરાદિને વન્દન નમસ્કાર કરવાથી ફલની પ્રાપ્તિ થઈ શકે છે. યાદ રાખવું કે કેવલજ્ઞાની મહારાજનું પણ શરીર હોય, તોપણ તે શરીરમાંથી એક અંશે પણ જ્ઞાનાદિકની ઉત્પત્તિ થાય અને તે સેવકને મલે એવું કોઈ કાલે થયું નથી, થતું નથી, અને થશે પણ નહિ, પરન્તુ તે શરીર દ્વારાએ તેમાં અધિષ્ઠાન તરીકે રહેલા મહાપુરૂષના ગુણોનો બહુમાનથી આત્માના પરિણામ નિર્મલ થાય છે, અને તેથી જ તે નિર્મલ થયેલા આત્માના પરિણામ આવરણકર્મના ક્ષયોપશમાદિને કરે છે. આજ કારણથી મૂક્તિ પામેલા ત્રિલોકનાથ તીર્થંકર મહારાજા, ગણધર મહારાજા, અને સામાન્ય મુનિઓના કલેવરો પણ શાસનમાં શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ વિગેરે સૂત્રો દ્વારાએ ભક્તિને લાયક ગણાયેલાં છે, એટલું જ નહિ, પણ શ્રી અનુયોગદ્વારમાં શ્રી સિદ્ધશિલાના તલ ઉપર, શય્યામાં, સંથારામાં, કે નિષધામાં કાલધર્મ પામેલા મુનિના શરીરને અંગે આવશ્યકના શિક્ષણની આવશ્યકનો પ્રસંગ હોવાથી ભાવના જણાવી છે.

### સિદ્ધશિલાનું સ્પષ્ટીકરણ

ધ્યાન રાખવું કે ચૌદરાજલોકમાં આઠમી પૃથ્વી તરીકે ગણાયેલી સિદ્ધશિલા ઉર કોઈ પણ મુનિને અનશન કરવાનું હોય જ નહિ, અને તેથી તે સિદ્ધશિલા ઉપર કોઈપણ મુનિનું શરીર હોય જ નહિ, એટલે એ સિદ્ધશિલાતલપદથી ચોક્કસ માનવું પડશે કે પ્રાચીનકાલમાં મુનિઓની સિદ્ધિનાં સ્થાનો સિદ્ધશિલા તરીકે પવિત્ર ગણાતાં હતા અને એ ઉપરથી જેઓ શ્રી અષ્ટાપદજી, સમેતશિખરજી, શ્રી

સિદ્ધાચલજી અને શ્રી ગિરનારજી વિગેરે તીર્થો જૈનોના મૂલઆગમોમાં પ્રતિપાદન કરેલાં છે, છતાં પણ ન માને તેઓને સૂત્ર અર્થ અને ઉભયના પ્રત્યનીક (શત્રુ) કહેવા જ પડે. જો કે આ કઠોરવચન તીર્થ નહિ માનનારાઓને દુઃખદાયી થશે, પણ તે દુઃખના નાશનો ઉપાય તેમના પોતાના જ હાથમાં છે અને તે એ કે શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા તીર્થોની અમાન્યતા છોડે. અને એમ થશે તો ઉપર જણાવેલું વચન તેમને કોઈપણ અંશે પણ દુઃખ કરનારૂં થશે નહિ. આત્માના પરિણામને અંગે કર્મના ક્ષયોપશમઆદિનું ફલ થતું હોવાને લીધે ઉપર જણાવ્યું તેમ જીવત્શરીરદ્વારાએ કે જીવરહિત શરીર દ્વારાએ ફલ થઈ શકે છે. વળી તે કરતાં પણ વધારે આશ્ચર્ય તો એ છે કે સિદ્ધપરમાત્મા કે જેઓ આપણી દ્રષ્ટિના વિષયમાં જ નથી, તેઓને પણ નમસ્કાર કરતાં સર્વપાપનો નાશ થાય અને તે નમસ્કાર સર્વમંગલમાં પ્હેલું મંગલ બને. એવી જે આજ્ઞા પંચપરમેષ્ઠિસૂત્રે કરેલી છે. તે પણ આત્માદ્વારાએ જ આત્મા ફલ મેળવતો હોય તો બની શકે.

## ગુણો જાણવાઆદિ માટે આકૃતિની અવશ્ય જરૂર છે ?

આ બધી વસ્તુ ધ્યાનમાં રાખનારો મનુષ્ય ભગવાનની ભક્તિમાં ઉત્થાપકો તરફથી જે ગાયની આકૃતિનું દ્રષ્ટાન્ત દેવામાં આવે છે તેમાં તે દ્રષ્ટાન્ત દેનારની મૂર્ખતાને સમજી શકશે. કેમકે જૈનશાસ્ત્ર પ્રમાણે આત્મપરિણામથી ઉત્પન્ન થતા દેવાદિકની આરાધના વિગેરેથી જે ગુણરૂપી ફલો છે તે પોતાના આત્મામાંથી પ્રગટ કરવાના છે. પરન્તુ તે બીજે ઉત્પન્ન થાય અને આત્મામાં આવે એમ જૈનશાસન પ્રમાણે બનતું નથી અને માનેલું પણ નથી. જો તે મૂર્ખમનુષ્યે દીધેલા ગાયના દ્રષ્ટાન્ત ઉપર ઘટના કરવા માગીએ તો સ્પષ્ટ માનવું પડે કે જેમ ગાયને જે વખતે દોહી લઈયે તે વખત પછી તે ગાયમાં દૂધ રહેતું નથી. તેવી રીતે એકપણ કેવલજ્ઞાની મહાત્માથી કોઈપણ એક ભક્ત જીવનું કલ્યાણ થાય, તો પછી તે કેવલજ્ઞાની મહાત્મા તો કેવળ જ્ઞાન વગરના જ બની જાય. વળી જે ગાયને દોહી હોય તે ગાયનું કાલાન્તરે જ નવું દૂધ થાય છે, તેવી રીતે ભક્તને કેવળજ્ઞાન આપનારા મહાત્મા પણ તેટલો કાલ એટલે નવું કેવલજ્ઞાન ઉત્પન્ન ન કરે ત્યાં સુધી કેવલજ્ઞાન વગરના છે એમ માનવું પડે.

વળી જેમ દૂધ એ દેવા લેવાની ચીજ છે તેમ કેવલજ્ઞાન પણ લેવાદેવાની ચીજ છે એમ માનવું પડે. દૂધ એ દ્રવ્ય છે તેમ કેવળજ્ઞાન પણ દ્રવ્ય છે એમ માનવું પડે. દૂધ એ રૂપી વસ્તુ છે તેમ કેવલજ્ઞાન પણ રૂપી વસ્તુ છે એમ માનવું પડે. એટલું જ નહિં પણ તે અક્કલ શૂન્યપણે ગાયનું દષ્ટાન્ત દેનારાને नमो अरिहंताणं કહેવાનો વખત પણ રહે નહિ. કેમકે જગત્માં જ્યારે ગાયની આકૃતિ માત્રથી દૂધ નીકળતું નથી તો પછી શું ગાયનું નામ લેવામાત્રથી કોઈને દૂધ મળે છે ? અથવા ગાયની આગળ હાથ જોડવાથી શું કોઈને દૂધ મળ્યું છે ? એક સામાન્ય અજ્ઞાન

મનુષ્યપણ કબુલ કરશે કે ગાય ગાય પોકારવાથી કોઈ દિવસ કોઈને પણ દુધ મલતું નથી. અને ગાયની આગલ ચહ્યા જેટલું માથું અફળાવીયે યાતવ્ માથું ફોડી પણ નાંખીએ તો પણ તે માથું નમાવતા માત્રથી દુધ મલતું નથી. હજુ કદાચ જે દેશમાં ગાય ન હોય અને ગાયની આકૃતિથી કોઈ વિચક્ષણપુરૂષ ગાયને ઓળખાવવાનો થયો હોય અને તે વિચક્ષણ દેશાન્તરે જતાં જંગલોમાં ક્ષુધા અને તૃષાને લીધે મરણદશાને પ્રાપ્ત થયો હોય, તેવી અવસ્થામાં કદાચ સાચી ગાય મળે તો તે વિચક્ષણ તે સાચી ગાયથી ભય નહિ પામે, એટલું જ નહિં પણ આકૃતિદ્વારાએ ગાયને ઓળખેલી હોવાથી તેનું સ્મરણ હોવાથી દૂધ દેવા રૂપી તેના ગુણને યાદ કરી તે સાચીગાયમાંથી દૂધ લઈ પોતાનું જીવન બચાવી શકશે, પરન્તુ જે મૂર્ખમનુષ્યને ગાયની આકૃત્તિદ્વારાએ ગાયનો અંશે પણ ખ્યાલ નથી, એવો મનુષ્ય તો દેશાન્તરે જતાં જંગલમાં ક્ષુધા અને તૃષાથી મરણદશાએ આવ્યો હોય થતાં અને સાચી ગાય ત્યાં આવી હોય છતાં બીચારો મરણને શરણ જ થાય.

## નમિવિનમીની સેવા અને માગણી

આ વસ્તુને વિચારનારાઓ તો ગુણોને જાણવા ઓળખવા અને સ્મરણ કરવા માટે આકૃત્તિની અતિશય જરૂર છે એમ માન્ય શિવાય રહેશે નહિ. આકૃત્તિને નહિં માનનારાઓએ યાદ રાખવું જોઈએ કે ખુદ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને પણ તેમના ભક્તો આત્માદ્વારાએ ઓળખતા ન્હોતા. પરન્તુ તેમની મુખની આકૃતિ દ્વારાએજ ઓળખતા હતા. આટલું બધું અતીત અને વર્ત્તમાનમાં આકૃત્તિનું માહાત્મ્ય જાણ્યા છતાં આકૃત્તિની માન્યતાને ઉઠાવવા જેઓ તૈયાર થાય. તેઓ બુકાની બાંધીને મોંઢુ છુપાવનારા લુંટારૂઓની લાઈનથી બ્હાર નીકળેલા ગણાય તો ઘણું સારૂં ભગવાનની આરાધના ગુરૂની સેવા અને ધર્મના આચરણથી પોતાના આત્માના પરિણામને નિર્મલ કરી આત્મીયફલ મેળવવાનું હોય છે એ સિદ્ધિ હોવાથી જ શાસ્ત્રકારો કહે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની સેવા કરતાં ચિન્તામણિ અગ્નિ કલ્પવૃક્ષ વિગેરેનાં દૃષ્ટાંતો ધ્યાનમાં રાખવાં. કેમકે તે ચિંતમણિઆદિને રાગ દ્વેષ નથી, છતાં ફલદાયી થાય છે. આ બધી હકીકત તો આત્મીયફલને અંગે વિચારી, પરન્તુ પ્રસ્તુત નમિવિનમિના પ્રકરણમાં બાહ્યફલને અંગે વિચાર કરવાનો હોઈ નિર્ગ્રંથપરમાત્મા એવા ભગવાન્ ઋષભદેવજીની સેવાથી નમિવિનમિને બાહ્ય ફલ કેમ થયું તે વિચારવાનું છે. સામાન્ય રીતે બાહ્યફલને ઉદેશીને કહેવાય છે કે **स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वर।** અર્થાત્ પોતે ઐશ્વર્યવગરનો દરિદ્ર હોય તે બીજાને ઐશ્વર્યવાળો કરી શકે નહિ તો નિર્ગ્રંથસ્વરૂપ ભગવાન્ ઋષભદેવજી નમિવિનમિને રાજ્ય રૂપી ફલ દેવાવાળા થાય ક્યાંથી? જો કે ભગવાન્ ઋષભદેવજી રાષ્ટ્ર રાજ્ય ઋદ્ધિ અને કુટુંબ વગેરે સર્વના ત્યાગી છે. અને તે માંહેથી તેમની પાસે કાંઈ પણ નથી, છતાં નમિવિનમિજી તો સેવા કરતાં હંમેશા એકજ માંગણી કરે છે કે **राज्यभागप्रदो भव** એટલે રાજયના ભાગને દેવાવાળા થાઓ.

ટુંકી દ્રષ્ટિવાળાઓની અપેક્ષાએ તો એમ કહી શકીએ કે નામિવિનમિજીની ધારણા મૂર્ખતાની છેલ્લી કોટિ ગણાય કેમકે તે નમિવિનમિ પોતેજ જાણે છે કે ભગવાન્ ઋષભદેવજી તો નિર્ગ્રંથ પરમાત્મા છે, તેમની પાસે તો બીજાને આપવા માટે એક સળી સરખી પણ રહી નથી, પરંતુ પૂર્વે જણાવ્યું તેમ अस्ति नास्तीति का चिन्ता, कार्या सेवैव सेवकैः અર્થાત્ સ્વામિ પાસે છે કે નહિં એનો વિચાર સેવકોએ કરવાનો હોય જ નહિં. પરન્તુ સેવકોએ તો માત્ર સેવ્યની સેવાજ કરવાની હોય, આ વિચાર જાણે નમિવિનમિએ મનમાં ધાર્યો ન હોય તેવી રીતે નિર્ગ્રંથપરમાત્મા ભગવાન ઋષભદેવજીની તેઓ લાગલાગટ સેવા કરતા રહ્યા. પરન્તુ સુજ્ઞપુરૂષોએ ધ્યાન રાખવા જેવું છે કે ઉત્તમગુણવાળાઓ એવા એક ચિન્તામણિરત્ન જેવા પત્થરની, કામદુધા જેવી ગાયરૂપ પશુની ! વનસ્પતિરૂપ જગતમાં અચેતન કહેવાતા એ કલ્પવૃક્ષની સેવા કરનારા પણ ફલ પામે છે, પરન્તુ તે ફલ તે ચિન્તામણિ આદિકના ગુણને લીધે આકર્ષાયેલા દેવતાઓ દ્વારા થાય છે. તો પછી ત્રણ લોકના નાથ અનન્તગુણના નિધાન સુરેન્દ્ર નરેન્દ્ર અને યોગીન્દ્રને પૂજ્ય એવા ભગવાન્ શ્રી ઋષભદેવજીની સેવાનું ભક્ત દ્વારા ફલ મળે તેમાં આશ્ચર્યજ શું ?

### ભક્તોનું કાર્ય શું ?

ધ્યાન રાખવું કે ભગવાનના અધિષ્ઠાયક કોઈ ન્હોતા. કેમકે તેઓ ત્રણે જગત્‌ના પૂજ્ય હતા. પરન્તુ તે ત્રિલોકનાથના સેવકો ઈંદ્રો નરેન્દ્રો ચ્યવી ગયા ન્હોતા. સામાન્ય રીતે આચાર્ય ભગવન્ત કે સાધુમાહારાજની બીરૂદાવલી બોલનારા યાચકોને આચાર્યભગવન્તો કે મુનિ મહારાજઓ નહિં, પણ તેઓશ્રીના ભક્તો લાકખો સોનૈયા આપે છે, તો પછી ઈંદ્ર નરેન્દ્રના પૂજ્ય એવા ભગવાન્ શ્રી ઋષભદેવજીની સેવા કરનારા નમિવિનમિને ભગવાન્ ઋષભદેવજી તો નિર્ગ્રંથ પરમાત્મા હોવાથી કંઈપણ બાહ્ય વસ્તુ ન આપે, પરન્તુ તેમના ભક્તો ભગવાનની સેવા દેખીને ભક્તની ઈષ્ટપૂર્ત્તી ન કરે એ સંભવીત નથી. અર્થાત્ ભક્તિવાળા ભક્તોનું કાર્યજ એ છે કે પોતાના પૂજ્યના ભક્તોનું કાર્ય જ એ છે કે પોતાના પૂજ્યના ભક્તોનું ઈષ્ટ સંપૂર્ણ કરે. અને તેથીજ ભગવાન ઋષભદેવજીની સેવા કરવા આવેલા નાગકુમારના ઈંદ્ર ધરણેન્દ્ર નમિવિનમિજીને ઈષ્ટ સમર્પણ કર્યું. જો કે ભક્ત મનુષ્ય પોતાના પૂજ્યની સેવાના ફલને દેવાને માટે સમર્થ નથી, કેમકે તે સેવા ચૌદરાજાલોકના ચક્રવર્ત્તિ પણાથી પણ અધિક કિંમતવાળી ગણાય તેવી છે, છતાં પણ ભક્તે પોતાની શક્તિને ગોપવ્યા સિવાય પોતે જેઓને પૂજ્ય ગણ્યા હોય તેમના સેવકોના મનોરથો બાહ્યાદષ્ટિએ પણ પૂરવાજ જોઈયે. તે અપેક્ષાએ ધરણેન્દ્ર નાગરાજે પણ નમિવિનમિના મનોરથો બાહ્યદષ્ટિથી સંપૂર્ણ કર્યા તે ધરણેન્દ્ર નાગરાજે નમિવિનમિને ભગવાન્ ઋષભદેવજીએ પોતાના સો પુત્રોને વ્હેંચેલા દેશો કરતાં પણ મોટો દેશ આપ્યો અને તેથી વૈતાઢ્યપર્વતની ઉત્તર અને દક્ષિણ બન્ને

# આગમોદ્ધારકની

# અ
# મો
# ઘ
# - દેશના -

## - શાશ્વત્ સ્થાન -

### સંસાર એટલે શું ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્હરિભદ્રસૂરીશ્વરજી આગલ જણાવી ગયા કે આ જીવને પોતાની આ સંસારમાં અનાદિથી થતી રખડપટ્ટીનું ભાન નહિં થાય ત્યાંસુધી એ રખડવાનું બંધ થાય તેમ નથી. સામાન્ય રીતે જગો જગો પર જ્યાં અને ત્યાં કાંઈપણ ફળ મળે તો તેને કોઈ રખડવાનું કહેતું નથી. પણ શાસ્ત્રકારે અહીં તેટલા જ માટે સંસાર શબ્દ રાખ્યો છે. સરકી જવું, અત્યંત ખસવું, તેનું નામ સંસાર. કર્માધીન પ્રાણી જેની અંદર અત્યંત ખસ્યા કરે તેનું નામ સંસાર છે. સમ્યકસાર છે જેમાં તે સંસાર કહેવાય એવું કહેનારા શબ્દની વ્યુત્પત્તિ જાણી શક્યા નથી. ઉપસર્ગ ધાતુની સાથે જોડાય છે. સંજ્ઞા, સંચારિત હોય છે એ રીતે સં નહિ રહેતા સમ્યક્શબ્દ કેમ રહ્યો ? શબ્દ સાથે ઉપસર્ગ જોડી શકતા નથી. તો અહીં સંસાર શબ્દની સાથે કેવી રીતે તે જોડીએ ? સૃધાતુની સાથે સંનો સંબંધ છે સૃ નો અર્થ સરકવું જ થાય છે. મૂર્ખશેખર - અહીં શેખર એ શબ્દ છે ત્યાં સં લગાડયો ? શબ્દ સાથે ઉપસર્ગ લાગતા નથી. શાસ્ત્રકારની તમે ઉંડી વાત ન સમજી શકો તોપણ આટલું જરૂર સમજી શકશો કે સાતમી નરક નીચેના ભાગથી ઉપરની સિદ્ધશિલા સુધી લઈએ તો જીવને શાશ્વતું સ્થાન નથી. સંસારભરમાં ૩૩ સાગરોપમથી વધારે સ્થિતિ ક્યાંઈ નથી. ઉત્કૃષ્ટુ દરેક સ્થાન ૩૩ સાગરોપમે તો બદલાય જ છે. આ સંસારમાં અનંતા પુદ્ગલપરાવર્તો થઈ ગયા, અને સંસારભરમાં ૩૩ સાગરોપમથી વધારે સ્થિતિવાળું એક પણ સ્થાન નથી, તે છોડવું પડે છે, નિગોદમાં એક શ્વાસમાં

---

શ્રેણિઓ તે નમિવિનમિને આપી. અને તેજ શ્રેણીઓમાં અનેક નગરો વસાવડાવ્યાં, અને ગંધવ ઘર નિકાયાદિ આઠ નિકાયો ત્યાં સ્થાપન કરી. એટલું જ નહિં, પણ તે બન્ને શ્રેણિઓનું આધિપત્ય બન્નેને આપતાં સર્વ આપત્તિઓને દૂર કરનાર અને સર્વસંપત્તિઓનો સમાગમ કરનાર એવી અડતાલીસ હજાર વિદ્યાંઓ અને તે પણ કેવલ પાઠમાત્રથી જ સ્વસ્વ કાર્યને સિદ્ધ કરનારી હતી એવી સમર્પણ કરી. આવી રીતે ધરેન્દ્રનાગરાજે આપેલી ઋદ્ધિ સમૃદ્ધિ જાણી સમજીને ભક્તોએ પૂજ્યની સેવા કરનારને કેવા ઉચ્ચપદમાં મ્હેલવા જોઈએ તેનું કંઈક અંશે ભાન થશે. આ વાતને આટલેથી જ સંક્ષેપી ભગવાન્ ઋષભદેવજીએ પારણું કરવામાં પણ કેવો વિચાર કર્યો તે અંગે વિચાર કરીએ.

(અનુસંધાન પેજ નં. ૪૯)

૧૭॥ ભવ કરવા પડે છે, જન્મવું મરવું પડે છે, તો શાશ્વતપણાની ગંધ પણ ક્યાં છે ? મોક્ષને શાશ્વત પદવી કહી છે. શાશ્વત વિશેષણ એને આપ્યું છે. મોક્ષની સ્થિતિ મેળવ્યા સિવાય કોઈ જગોપર આ જીવને સ્થિર રહેવાનું નથી. આ ઉપરથી એક નિશ્ચય થયો કે સંસારમાં આ જીવ એક સ્થાનમાં રહ્યો નથી, રહેતો નથી, અને રહેશે પણ નહિ. એક શ્વાસમાં ૧૭ સ્થાન બદલવા સુધીની સ્થિતિ કઈ ગણાય ? ખાલી હાથે નીકળવું અને ખાસડાં ખાવાં આ દશા છે. ને?

**જડતી લેવાશે, વાલની વીંટી પણ કાઢી લેશે, તે પણ અવગતિયો ન થવા દેવા માટે!**

આખી જીંદગી સુધી કુટુંબ માટે માલમીલકત મેળવે, મજુર હીરો ખોદી લાવે, હીરો ખાણના માલીકનો હીરો છે, (ખોદી કહાડે, ઉપર લાવે, પણ તેનું નામ કંઈજ નહિ) એવી રીતે આખી જીંદગી સુધી મહેનત કરીએ, પેદા કરીએ, રક્ષણ કરીએ એ બધું મજુરી તરીકે છે, તે સિવાય કાંઈ નથી. નીકળતી વખતે ખાલી હાથે નીકળવું પડે છે. મજુરી કરનારની જેમ ખાણથી નીકળ્યા પછી ઝડતી લેવાય છે. તેવી જ રીતે આપણી પણ ઝડતી લેવાય છે. વાલની વીંટી રહી ગઈ હોય તો પણ તે અંગ કાપીને પણ કાપી લેવાય છે. ચોર તો આ ગતિમાં ખરાબ, પણ આ જીવ તો અવગતિઓ થશે, 'એમ કહીને વીંટી કાઢનાર કુટુંબિયો કાઢી લે છે. હાથે રહેલી વીંટી કાઢી લેવી છે તેથી કાઢનાર મરનારને બહોતાણું આપે છે. અને વીંટી કાઢી લે છે. મરતી વખત સુધી પણ મમતા છોડો નહિ તો તમે અવગતિયા છો એ ખરો સિદ્ધાંત છે, છતાં તે તમે પોતાના આત્માને સમજાવ્યો નહિઃ મમતાથી અવગતિ થાય એવું વિચારે ત્યારે સમજાયને ? શબ્દનો ઉપયોગ તો કરે છે. અર્થનો ઉપયોગ આ જીવ કરતો નથી. પાઘડી બોતાણામાં બીજો ફરક નથી, જેનો તાળો કસબી તે પાઘડી, જેને તાલો કસબી નહિ તે બોતાણું. આખી જીંદગી મમતા ન છોડી, પણ છેવટે તો મમતા છોડો, એ શબ્દનો ઉપયોગ બીજાએ વીંટી, કંદોરો કાઢી લેવામાં કર્યો. આખી જીંદગી મેળવ્યું, પણ ખાણના મજુરની માફક ઝડતી લઈ લેનારા બધું લઈ લે છે. મડદાને રહેલી વીંટીથી એ અવગતિયો થશે એ બહાનાથી પણ પાછળના કુટુંબિઓ કાઢી લેશે.

**જેનો નાશ કરવો હોય તેના કારણનો નાશ કરવો જોઈએ.**

દરેક જન્મની તમામ મહેનત છેવટે મીનીટમાં માટીમાં મળી ગઈ. તેમાં પણ ખાલી હાથે નીકળવું તો હજીએ સારૂં, પણ ખાસડાં ખાતાં ખાતાં નીકળવું, માલ ખાવાનો કુટુંબને અને માર ખાવાનો પોતાને! પાપ ભોગવવાનું કોને ?, આપણને જ. કે આવી રીતે અનંતાકાળથી આ જીવ રખડતો આવ્યો છે, તો આને રખડેલ ન કહેવાય તો શું કહેવાય? જ્યાં ત્યાં જાય અને ખત્તાં ખાય અને પાછો આવે તે રખડેલ : કઈ જગો પર ખત્તાં નથી ખાધાં ? રખડપટ્ટીનો છેડો લાવનાર બીજો કોઇ નથી. રખડપટ્ટી છોકરાને શીખવવી પડતી નથી,

ઉધોગીપણાની જીંદગી શીખવવી પડે છે. રખડપટ્ટી સ્વાભાવિક છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ વળગેલા છે તે કારણથી જીવ રખડપટ્ટી કર્યા કરે છે. તે ટળે કેમ ? કારણના નાશ વગર કોઈ દિવસ કાર્યનો નાશ થતો નથી. કાર્યનો નાશ કરવો તેણે કારણનો નાશ અવશ્ય કરવો જ જોઈએ. અગ્નિ ઓલવે નહિ અને માત્ર વસ્તુ બચો, વસ્તુ બચો એમ પોકાર કરે તો વસ્તુ બચે નહિ.

## અભવ્યની ઓળખાણ

માટે રખડવાનાં કારણો તપાસીને નાશ કરવા જોઈએ. કોઈપણ કાર્ય હાથ ધરવા પહેલાં વિચારનો સુધારો થવો જોઈએ. જ્યાં સુધી વિચારો ન સુધરે ત્યાં સુધી કાર્ય સુધરવું અશક્ય છે. મનોરથો કરવાથી શું વળે ? દરિદ્રી પણ મનોરથો તો કરે છે. શેખચલ્લીના વિચારોનો પાર હોતો નથી. દરિદ્ર તથા શેખચલ્લીના વિચારો નિરર્થક છે, જૈનશાસનમાં વિચારોની કિંમત છે. શાસ્ત્રકાર મનના મોતીનો ચોક પણ સાચા ઠરાવવા બંધાય છે. જો મનમાંયે મોતીના ચોક ન પૂરી શકો તો એના જેવી કમનશીબી બીજી કઈ ? મોક્ષ મળે આટલોમાત્ર વિચાર કરનારને શાસ્ત્રકાર મોક્ષ આપવા બંધાય છે. આ વાત સમજવાની છે. અભવ્યને પોતાના ભવ્યાભવ્યપણાની શંકા થતી જ નથીઃ અર્થાત્ મોક્ષ મેળવવાની ઈચ્છા તે તો મોટી જ ચીજ છે. પણ તેનાથી જ અલ્પ એવી મોક્ષ મળશે કે નહિ આટલી જેને શંકા આવે તેને પણ મોક્ષ આપવા શાસ્ત્રકાર બંધાય છે.

મોક્ષની આટલી સામાન્ય સમજ બસ છે કે સંસારની ઉપાધિ રહિત સ્થાન તે મોક્ષ, જન્મ જરા મૃત્યુ રહિત સ્થાન તે મોક્ષ. આટલું પોપટીયું જ જાણે તો પણ બસ છે. આવું સ્થાન મળશે કે નહિ એટલો સંશય વિચારો તોપણ તમને મોક્ષનું પ્રમાણપત્ર મળી ચુકયું. માટે શાસ્ત્રકારે નક્કી કર્યું કે અભવ્યને પોતાના ભવ્યાભવ્યપણાની શંકા થાય નહિ. હંમેશા શંકા ક્યારે થાય ? બન્ને વિરૂદ્ધ વસ્તુ જાણવામાં તથા માનવામાં આવે ત્યારે શંકા થાય અનિષ્ટની આપત્તિની શંકા, ઈષ્ટ નહિ પ્રાપ્ત થવાની શંકા ઈષ્ટ અનિષ્ટ જાણે માને ત્યારે જ થાય. સાપ તથા દોરડું બન્ને જાણનારનેજ સાપ છે કે દોરડું છે ? તેની શંકા થાય છે, પણ દોરડાને માનતો કે ઓળખતો નથી. સાપને પણ માનતો કે ઓળખતો નથી. તેને તેની શંકા થતી જ નથી. વાદીનો વકીલ હારી જાય, અવળું હુકમનામું થાય તો જપ્તી કોને ઘેર ? અસીલને ઘેર કે વકીલને ઘેર ? વકીલને અંગત કોઈ નથી ભલે હાર જાણે છે છતાં પોતાને લેવાદેવા નથી. તેવી રીતે અભવ્યે એમ જાણ્યું કે બીજા આમ માને છેઃ પોતે માનતો નથી. આપણે પણ આશ્રવ, સંવર, બંધ, નિર્જરા શાસ્ત્રકાર આમ કહે છે એમ બોલ્યા કરીએ તો ન ચાલે, શાસ્ત્રકારનું કહેલું પોતાના આત્મામાં ઉતારે તો જોખમદારી માને, અને તોજ જવાબદારીમાં આવે, પોતાને એ મુજબ લાગવું જોઈએ. અભવ્યજીવો કંઈક ન્યૂન દશપૂર્વ સુધી ભણે છે છતાં એને સમ્યકત્વ કેમ નહિ ? એ તેમાં અસીલ નથી એ જ કારણ છે. એ બધું પૌદ્ગલિક ઈચ્છા એ જ કરે છે. પહેલાં તો તીર્થંકરની પૂજા દેખી એને એમ થાય છે કે પૂજ્યમાં પૂજ્ય સ્થાન આ જ છે.

ઈંદ્રો તથા નરેંદ્રો ભગવાનની સેવા કરે છે એ બધું જોઈને એને જગતમાં ઉંચામાં ઉંચું સ્થાન આ જ છે એમ થાય છે, આ સ્થાનમાં દાખલ થયેલા આવા પૂજનીક બને છે. માટે એ સ્થાનમાં દાખલું થવું આવા મુદ્દાથી એ ચારિત્ર લે છે, ભલે એ દેશ ન્યૂન દશપૂર્વ ભણી જાય છે પણ અસીલ થતો નથી, વકીલ જેવો થાય છે. દેવલોકમાંથી આવેલા દેવતાના મોઢેથી તેમનો પૂર્વભવ સાંભળે, ચારિત્રથી એઓ આવું દેવપણું પામ્યા એમ નજરે દેખે, તેથી પણ અભવ્ય ચારિત્ર લે છે. દેવતા થવા, રાજા થવા, પૂજનીક થવા એ અભવ્ય ચારિત્ર લે છે.

## મોક્ષનો પ્રયત્ન કેમ ન થયો ?

મોક્ષને એ નજરે દેખતો નથી. પ્રત્યક્ષ દાખલો હોય તેની જ એ ઈચ્છા કરે. સંવર નિર્જરા સાધીને મોક્ષ પ્રાપ્ત કરવાની એની બુદ્ધિ થતી નથી. પોતાના ભવ્યાભવ્યાપણાની શંકા તેને જ થાય કે જે બન્ને વિરૂદ્ધ વસ્તુને જાણે પછી પોતાના હિસાબે માને, એકને ઈષ્ટ ગણે, બીજાને અનિષ્ટ ગણે, બન્ને ગણીને નિર્ણય ન થાય ત્યારે શંકા થાય. જેણે મોક્ષ માન્યો હોય, સંસાર માન્યો હોય, સંસાર મોક્ષ માન્યા હોય બંન્નેને જાણ્યા હોય, પછી પણ મોક્ષ મુખ્ય અને સાધ્ય ચીજ છે, સંસાર એક અનિષ્ટ ચીજ છે, એમ માને ત્યારે સમકિતિ ને ત્યારે પોતાના ભવ્યાભવ્યપણાની શંકા થાયને! મોક્ષ ભવ્ય હોય તેજ પામે.

## મનના મોતીના ચોક સાચા થાય છે!

સર્વે પણ ભવ્યો મોક્ષે જાય તો સંસાર ભવ્ય વગરનો થાય ? ના. જે જે મોક્ષે જાય તે બધા ભવ્યો જ હોય. તમામ ભવ્યો મોક્ષે જાય તેમ નહિં. અહીં અભવ્ય મોક્ષ ન પામે એટલો ફક્ત ધ્વનિ વિકાશ છે. સર્વે પણ ભવ્યો મોક્ષે જશે તે વખતે સંસાર ખાલી થવો જોઈએ ને ? તમામ ભવ્યો મોક્ષે જાય તેમ નથી. મોક્ષે જનારામાં એક પણ અભવ્ય ન હોય. બધા ભવ્ય જ હોય. ભવ્ય સિવાય બીજાને મોક્ષ હોય જ નહિ. મોક્ષ જવાને લાયક તે ભવ્ય. સંસારમાં જ ભટકવાવાળો અભવ્ય. ઈષ્ટ અનિષ્ટ મનાય પછી ભવ્યાભવ્યાપણાની શંકા થાયને! જેણે મોક્ષની ચાહના કરી, ઈચ્છા કરી, મોક્ષ ન મળવામાં જેને અનિષ્ટ લાગ્યું, તે જરૂર ભવ્ય છે. સમજુ હો કે અણસમજુ, પણ મોક્ષની જ ઈચ્છા થઈ તેને મોક્ષનો પટ્ટો મળી ગયો. શંકાવાળાને મળશે એટલો નિયમ ખરો, પણ કેટલાકાળે મળે તેનો નિયમ નહિ. મોક્ષ માટે ઉદ્યમ કરૂં એવી વૃત્તિ જેને થાય તેને એક પુદ્‌ગલપરાવર્તની વધુમાં વધુ મુદત એટલે એટલી મુદતે મોક્ષ મળે જ. મોક્ષ માટે એટલી મુદતની મુદતી હુંડી મળી ગઈ. કેટલાકને ધન બાયડી છોકરાં પણ જોઈએ છે અને મોક્ષ પણ જોઈએ છે, પણ 'જ' વાળો મોક્ષ ઈચ્છો કે મોક્ષ જ જોઈએ છીએ. આ બધા મનના મોતીના ચોક છે. ક્રિયા પ્રવૃત્તિ કંઈ નથી. પણ આવા મનના મોતીના ચોક પૂરનારને પણ સાચી વસ્તુ આપવા શાસ્ત્રકાર બંધાયેલા છે. ફરીને સમજો! શંકાવાળા વિચારમાત્રથી

એ મોક્ષને લાયક છે. મોક્ષ જોઈએ છીએ એવો વિચાર થયો એટલે મોક્ષ મળવામાં વધારેમાં વધારે એક પુદ્‌ગલપરાવર્ત્તનની મુદત મોક્ષને જોઈએ છે. એમ થાય તો આઠ ભવમાં (વધારેમાં વધારે આઠ ભવમાં) મોક્ષ છેઃ પણ આડા ન જાઓ તો! આડા જાઓ તો અર્દ્ધપુદ્‌ગલપરાવર્તની વધારેમાં વધારે મુદત સમજવી. સમ્યકત્વની જઘન્ય આરાધના પણ આઠભવમાં મોક્ષ દેનારી છે. મોક્ષ જ જોઈએ છે. એવું અંતઃકરણથી થવું જોઈએ.

પ્રશ્ન - એ રસ્તે ચાલવું જોઈએ ને ?

ઉત્તર - ઉલટા રસ્તે ન જાઓ એટલે બસ !

## હૃદયમાં રમે શું ?

રાંડેલી બાઈને ખાવા પીવાથી લુગડાંલત્તાથી આનંદ થતો નથી, તેવી રીતે જે વખતે મોક્ષની ઈચ્છા થઈ, મોક્ષને ઈષ્ટ ગણ્યો, અને એ નથી મળ્યું એવું જે વખતે અંતઃકરણમાં આવે તે વખતે તમારી દશા કઈ હોય ? વિધવા બાઈ ખાય છે, પીએ છે, પણ એને પૂછો કે અંતઃકરણમાં શું રમે છે ? ઉત્તર એજ કે મરનારો અંદર રમે છે. તેવી રીતે દુનિયાદારીમાં લાખો કરોડો મળી જાય, માનપાન વધે, પણ પેલી બાઈની જેમ સમકીતીનું ચિત્ત બીજે ન લાગે. એના અંતઃકરણમાં મોક્ષનું જ ધ્યાન હોય. બાઈની માફક એ જ ખટકો હોય. આવી સ્થિતિ આવે ત્યારે 'જ' વાળો મોક્ષ (મોક્ષજ) મળે એ વિચાર થયો જાણવો. એ ન મળે ત્યાં સુધી બધું નકામું માને, શોકવાળા મનુષ્ય પાસે લાડવો ધરવામાં આવે તો ઉલટો એ રડે છે. તમે લાડુ ઉડાવો તે વખતે ઉલટો એને ઘા લાગે છે. તેવી રીતે મોક્ષ જ જોઈએ આવી બુદ્ધિ જેને આવી હોય ત્હેને ધન, કુટુંબ વધે તે વખતે આંસુ આવે. દુનિયાએ જે સ્થિતિને ચઢતી ગણી તે સ્થિતિને એ રોવડાવનારી માને છે. કરવાનું હજી કાંઈ નથી. બળ્યું ખાવું એમ ખાધા છતાં કહે છે. કાળજું બળતું હોય, શરીર કંપતું હોય. તે વખતે નિભાવ ખાતર તેમજ દાક્ષિણ્યતા ખાતર બે કોળીયા લેવા પડે તેને દંભી કહેવાય નહિ. તેવી રીતે મોક્ષ જ જોઈએ છે આવો નિશ્ચય જેને થાય તેને ભલે ખાય, પીએ, છતાં અંતઃકરણમાં શાંતિ હોય નહિ. ચાહે જેટલા પૈસા આવે, ગમે તેવો સુખી થાય, પણ એના અંતઃકરણથી લાહ્ય ઓલવવા જગતમાં કોઈ પદાર્થ સમર્થ થતો નથી, મોક્ષ ન મળે ત્યાં સુધી જન્મ નિષ્ફળ માનનારને બીજી જગો પર આનંદ આવે નહિ. આ સ્થિતિ જે થાય એ મોક્ષ જ જોઈએના માનસિક વિચારથી આઠ ભવનું મોક્ષ માટે સરટીફીકેટ છે પણ આડા-અવળું... ન કરો તો અર્થાત્ તીર્થંકર, પ્રવચન, શ્રુત, ગણધર, મહર્દ્ધિક, આચાર્યની ઘણી વખત આશાતના કરે તેવાને અનંતો સંસાર છે, પણ તે પણ મોક્ષજ જોઈએ છે આવા નિશ્ચયમાં બે ઘડી આવ્યો હોય તો તેવાનો અર્દ્ધપુદ્‌ગલપરાવર્તમાં મોક્ષ જરૂર થવાનોઃ આડું અવળું તે આ! સમકિત પ્રાપ્તિ પછી અર્દ્ધપુદ્‌ગલપરાવર્તનો કાળ પણ આવા માટે જ છે. ખરી રીતે મનના મોતીના આવા ચોક

(જુઓ પાનું ૨૫)

## પર્યુષણાપર્વ અને શ્રાવકવર્ગ (અંક ૨૩ થી ચાલુ)

આ હકીકત ધ્યાનમાં લઈને ચ્હાય તો સાધર્મિક અપરાધી હોય કે નિરપરાધી હોય ચ્હાય તો તે ખમતો હોય અગર ન ખમતો હોય તો પણ સાધર્મિકોને પર્યુષણાની અંદર ખમાવવા જ જોઈએ.

### ક્ષમાનું પ્રાધાન્ય કયા ધર્મમાં છે ?

જો કે જૈનશાસ્ત્રોના ફરમાન મુજબ કોઈ પણ જીવની સાથે વૈરવિરોધ કરવો નહિ, અને થયો હોય તો પણ હંમેશાં ખમાવવો જ જોઈએ. અને તેથી શાસ્ત્રકારોએ આવશ્યક જેવી ઉભયટંકની નિત્યક્રિયામાં 'सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहिअनिअचित्तो। सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि' એ ગાથાથી ધર્મમાં પોતાનું ચિત્ત સ્થાપન કરી ચોરાશી લાખ જીવાયોનિ જે જૈનોમાં પ્રસિદ્ધ છે. તે બધી યોનિના જીવોના સમુદાયને ખમાવું છું અને તેમણે મારા કરેલા અપરાધની ક્ષમા આપું છું. ધ્યાન રાખવું કે જગતભરના ધર્મોમાં જો કોઈ પણ જીવ ક્ષમા આપનાર અને લેનાર જો કોઈપણ ધર્મને અંગે બનતો હોય તો તે કેવલ જૈનધર્મને અંગે જ બને છે અને તેથી જ સૂત્રકારે સર્વ જીવરાશિને ખમાવવામાં ખમાવવાનું ચિત્ત ધર્મમાં સ્થિર થયેલું જણાવ્યું. વળી જૈનશાસ્ત્રકાર એ માન્યતા સારી રીતે પુષ્ટ કરે છે કે ભાવાન્તરોના વૈરવિરોધો એટલા બધા જબરજસ્ત હોય છે કે તે ભવાન્તરોનાં વૈરવિરોધોનું ફલ તીર્થંકર ભગવાન સરખી ઉત્તમ પદવી ભોગવવાના ભવમાં પણ તે વૈરવિરોધો પોતાનું કાર્ય કર્યા સિવાય રહેતા નથી. અર્થાત્ તેવા ભવમાં પણ તે વૈરવિરોધોનું કર્મ ઉડી જતું નથી, પણ જરૂર ફલ આપે છે.

વર્ત્તમાન શાસનનાં અધિપતિ શ્રમણ ભગવાનમહાવીર મહારાજનું જીવનચરિત્ર તપાસનારને માલમ પડશે કે વાસુદેવના ભવમાં મદોન્મત્ત અવસ્થાને લીધે મનસ્વીપણે એક નોકરને જે શિક્ષા કરી હતી અને તેને લીધે થયેલો જે વૈરસંબંધ હતો તે ભગવાન મહાવીર મહારાજના ભવમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગના કારણ તરીકે ખીલા નાંખવામાં પરિણમ્યો. વળી ઐશ્વર્યમદથી છેકીને જે રાણીનું અપમાન કર્યું હતું તે રાણીએ પણ માઘ સરખા મહિનામાં જટામાં જળ ભરીને દુઃસહઉપસર્ગ કર્યો. વળી વાસુદેવના ભવમાં પ્રતિવાસુદેવના હુકમને અંગે શાલિક્ષેત્રની રક્ષા કરતાં જે સિંહને માર્યો હતો તે સિંહ ભગવાન મહાવીર મહારાજના ભવમાં ભગવાન મહાવીર મહારાજા ગંગાનદી ઉતરતાં નાવડીમાં બેઠા તે વખતે આખી નાવડી ડુબાવવાનો ઉદ્યમ કરી ઉપસર્ગ કર્યો. આ અવસર્પિણીના ત્રેવીશમા ભગવાન શ્રી પાર્શ્વનાથજીને અંગે અન્યાયથી અનાચારી એવા મનુષ્યથી થયેલું એકપક્ષીય વૈર પણ અનેકભવોમાં ઘાતક થયું. એટલું જ નહિ, પરન્તુ ભગવાન પાર્શ્વનાથજી મહારાજ સંસાર છોડવાથી ત્યાગી થઈને નિર્ગ્રંથપણામાં આવી કાઉસ્સગ્ગધ્યાને રહ્યા, ત્યાં પણ જલ વર્ષાવીને તેણે તેમાં ડુબાડી દેવાનો પ્રયત્ન આદર્યો.

### ધર્મની શરૂઆતથી જ મૈત્રી.

આ બધી વસ્તુ સમજનાર કોઈપણ જૈન કોઈપણ જીવની સાથે થયેલા વૈરને ખમ્યા અને

ખમાવ્યા સિવાય રહેજ નહિ. એ સ્વાભાવિક જ છે. વળી એ પણ જૈનજનતાની ધ્યાન બહાર રહેજ નહિ કે જૈન શાસન જે ધર્મ બતાવે છે તે 'मित्तिं भूएसु कप्पए' એ વાક્યથી સર્વજીવોમાં મૈત્રી કરવાના પગથીયાથી ધર્મની શરૂઆત કરે છે. તો જે મનુષ્ય કોઈપણ જીવની સાથે વેરને ધારણ કરે અગર વૈરને રાખવા દે, તે જીવ સર્વજીવોની મૈત્રી કરવાને લાયક થઈ શકે નહિ. તો જે મનુષ્ય વૈરવિરોધને પ્રતાપે મૈત્રી ચિંતવવાને અને કરવાને લાયક થઈ શકે નહિ તે મનુષ્ય मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ અર્થાત્ મ્હારે સર્વજીવોમાં મૈત્રી છે. કોઈની સાથે વૈર વિરોધ નથી. એવું સ્મરણ મનન તેમજ 'मुज्झह वइर न भाव' જેવી પવિત્રભાવના સ્વપ્નામાં પણ ધારણ કરી શકે નહિ. યાદ રાખવું કે ધર્મને અંગે મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓ સહિત અનુષ્ઠાન કરવું એમજ શાસ્ત્રકારોનું ફરમાન છે અને તેવા જ અનુષ્ઠાનને ભગવાન્ હરિભદ્રસૂરિજી ધર્મપણે જણાવે છે. અર્થાત્ જે ધાર્મિક અનુષ્ઠાનોની સાથે મૈત્રીઆદિકભાવનાઓના પરિણામો ન હોય તેવાં અનુષ્ઠાનોને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ વિગેરે ધર્મ તરીકે માનવાને પણ તૈયાર નથી. આ સ્થાને કેટલાક શાસ્ત્રના વાક્યને તેના તત્ત્વને કે બેમાંથી એકેને પણ નહિં સમજનારા મનઃકલ્પિતરીતે વ્યાખ્યાનો આપી જગત્માં ઝઘડાના ઝંડા રોપનારાં એમ કહે છે કે આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ ધર્મના વ્યાઘાતક મનુષ્ય સિવાયના જીવોમાં જ હોય. એટલે એ ઝઘડાના ઝંડાવાળાના કહેવા પ્રમાણે 'मित्ती मे सव्वभूएसु मित्तिं भूएसु कप्पए' તથા उपकारिस्वजनेतरसामान्यगता ઈત્યાદિ જૈનશાસ્ત્રોનાં મૈત્રી પ્રતિપાદક ખુલ્લાં વાક્યોમાં શાસ્ત્રકારે નહિં જણાવેલો એવો પણ વ્યાઘાતકનો અપવાદ ગણવો પડે.

## અપરાધી પ્રત્યે પણ ક્ષમાની ભાવના

વળી કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજી 'क्रूरकर्मसु निःशंकं, देवतागुरु-निन्दिषु। आत्मशंशिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितं' ઈત્યાદિ શ્લોકોએ કરીને ક્રૂરકર્મવાળાઓમાં અને દેવગુરૂના નિન્દકોમાં પણ જણાવેલી માધ્યસ્થ્ય ભાવનાને કચરી નાંખીને જે એમ જણાવવામાં આવે છે કે ધર્મના વિરોધીઓને મારવા, દુઃખ દેવું, હેરાન કરવા, યાવત્ મરણપર્યન્ત દશાને પણ પહોંચાડવા, એમાં પાપનો લેશ પણ નથી. એટલું જ નહિ, પણ અત્યન્ત નિર્જરા રહેલી છે. આવું કહેનારા જૈનશાસ્ત્રના ક્ષમાભાવને કેટલો માનતા હશે ? માધ્યસ્થ ભાવને કેટલો સમજતા હશે? ગોશાલાની તેજોલેશ્યા કરતાં પણ અનન્તગુણી શક્તિવાળી લેશ્યાને ધારણ કરવાવાળા શ્રમણ નિર્ગ્રન્થસ્થવિરોએ ભગવાન્ મહાવીર મહારાજની ઉપર ગોશાલાએ કરેલા તેજોલેશ્યાના ઉપસર્ગને જાણ્યાજોયા છતાં જે પોતાનું સામર્થ્ય ફોરવ્યું નહિં તે બધા શ્રમણ નિર્ગ્રંથો દુર્ગતિને લાયક બનવા જ જોઈએ, અને તેવી દુર્ગતિનું કારણ શ્રમણભગવાન્ મહાવીરમહારાજા

જ બને, કારણ કે ગોશાલો આવે અને જ્હાય તેમ કરે, તો પણ તમારે કોઈએ બોલવું નહિં, એટલું જ નહિં, પણ સર્વ સાધુઓએ જુદા જુદા વીખરાઈને બેસવું, અર્થાત્ એકત્રિત થઈને પણ બેસવું નહિં. આવો હુકમ શ્રમણભગવાન્ મહાવીરમહારાજાએ કર્યો હતો. આ બધી વાત ધ્યાનમાં રાખનાર મનુષ્ય સ્વપ્ને પણ એમ નહિં ધારણા કરે કે ધર્મના અવિનેય એવા વિરોધીઓને નહિં મારવામાં દુર્ગતિજ થાય અને મારવામાં જ કલ્યાણ થાય. ભૂલે ચૂકે પણ જો એવી ધારણા થઈ જાય તો પછી અન્યમતોમાં કંસનો, રાવણનો, દૈત્યનો જે વધ કરવામાં આવ્યો છે તે કોઈપણ અંશે દૂષિત થઈ શકેજ નહિં, એટલું જ નહિ, પણ અત્યન્ત લાભનું કારણ જ તે વધે છે એમ માનવું પડે, કારણ કે અન્યમતવાળાઓએ તેઓને પણ ધર્મના વિરોધી જ માનેલા છે, એટલે ઝઘડાના ઝંડાવાળાની અપેક્ષાએ તો તે વધ કરનારે મહાન્ લાભ મેળવેલો હોવોજ જોઈએ. જો કે આ બધા કથનનું તત્ત્વ એ નથી કે ધર્મના વ્યાઘાતકોના વર્તનો ધર્મીઓથી સાંખ્યા જાય, પરન્તુ ધર્મીઓ ધર્મના રક્ષણને માટે કટિબદ્ધ થાય, ધર્મના રક્ષણમાં નિર્જરા અને લાભ માને, તેમજ ધર્મમાં પ્રધાન જીવનને જીવવાવાળા અન્ય લોકોના ધાર્મિકજીવનના રક્ષણને માટે પ્રત્યનીકો અને ધર્મવ્યાઘાતકોને સજા પણ કરે, છતાં તે સજામાં નિર્જરાનું એક અંશે પણ કારણ નહિં માનતાં રક્ષણને જ નિર્જરા અને લાભનું કારણ માને

**વૈક્રિયશરીરાદિ કરનારને પણ આલોચન પ્રતિક્રમણની આવશ્યકતા.**

યાદ રાખવું કે શ્રીભગવતીજીસૂત્રમાં સંઘાદિકના પ્રયોજનને માટે પણ વૈક્રિયશરીર કરનાર ભાવિતાત્મા સાધુમહારાજને આલોચન પ્રતિક્રમણ કરવાનું હોય તોજ આરાધકપણું જણાવે છે - આ સ્થાને ઝઘડાના ઝંડાવાળાને પણ કબુલ જ કરવું પડશે કે સંઘાદિકની રક્ષા જે કરી છે તેનું આલોચન તો એક અંશે પણ હોય જ નહિ. પરન્તુ તે સંઘાદિકની રક્ષા માટે કરેલા વૈક્રિયશરીર જેટલા પ્રમાદનું પણ આલોચન પ્રતિક્રમણ કરે તોજ આરાધક થાય છે, તો પછી શું ઝઘડાના ઝંડાવાળા નિર્જરાના કારણને આલોચન પ્રતિક્રમણને યોગ્ય માનશે ? ચરિતાનુવાદની અપેક્ષાએ પણ પાંચસે સાધુઓને પીલી નાખનાર એવા પાલકને અંગે પણ દ્વેષ લાવનાર સ્કંધકઆચાર્યને વિરાધક થઈને અગ્નિકુમારમાં ઉત્પન્ન થવું પડ્યું છે, અને તે વિરાધકપણાની ખાત્રી ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્ શ્રીમુનિસુવ્રતસ્વામીજીએ આપેલી છે. તો શું નિર્જરાનાં સાધનોને તીર્થંકરો વિરાધનામાં ગણે ? વળી પાલક ઉપરનો દ્વેષભાવ જો વિરાધકભવમાં ગણાય, તો પછી તેવાને કરાતી જે સજા તે જો નિર્જરાનું સાધન ગણવામાં આવે તેમાં પછી ઉત્સૂત્ર ભાષણ અને મિથ્યાત્વમાં શું બાકી રહે ? જૈનજનતામાં આ વાત તો પ્રસિદ્ધ જ છે કે વિષ્ણુકુમારે આખા સંઘને નાશ કરવાને તૈયાર થયેલા નમુચિને માર્યો, તો પણ તેમને પ્રતિક્રમણ તો કરવું જ પડ્યું. વળી યુગપ્રધાન શ્રી કાલકાચાર્ય મહારાજે

સરસ્વતી સાધ્વીના બચાવ માટે કરેલા ગર્દભિલ્લરાજાના નાશમાં પણ પ્રતિક્રમણને સ્થાન જરૂર આપવામાં આવ્યું છે. આ વિધિવાદ અને ચરિતાનુવાદો ધ્યાનમાં લેનારો આસ્તિક નામધારી હશે, તો પણ વ્યાઘાતકોની જે તાડના તર્જના તેમાં નિર્જરા તો નહિં જ માને. જો કે ધર્મની રક્ષાની ખાતર તે તે કરવાની જરૂર પડે, તો પણ અંતઃકરણમાં એ સમજે કે આવી રીતે વ્યાઘાતકોને શિક્ષા કર્યા સિવાય ધર્મ અને ધર્મીઓની રક્ષા થતી નથી, માટે મ્હારે આ વ્યાઘાતકોને સજા કરવી તે આપત્તિ ધર્મ જ છે. આ બધું કહેવાની મતલબ એટલી જ કે ઝઘડાના ઝંડાવાળાઓ સર્વજીવનું વ્યાપકપણું એકલી મૈત્રીમાં તો શું પણ ચાર ભાવનામાંથી કોઈ પણ ભાવનામાં ન લાવતાં કોઈ પાંચમી દ્વેષ નામની ભાવનાના વિષય તરીકે વ્યાઘાતકોને ગણાવે છે, અને તેમાં લાભ નિર્જરા, ધર્મ વિગેરે સ્વચ્છંદ રીતે જણાવે છે. તે કોઈપણ ધર્મીષ્ઠોએ સાંભળવા કે માનવા લાયક જ નથી. પ્રાસંગિક વિવેચનને છોડી દઈને મૂલવિષય ઉપર આવતાં જણાવવું જોઈએ કે મૈત્રીઆદિ ચારભાવનામાં જઘન્યમાં જઘન્યકોટિની મૈત્રીભાવના છે, તો તે જઘન્યકોટિની મૈત્રીભાવનાથી પણ જેઓ પોતાના આત્માને વાસિત નહિં કરી શકે, તેઓ કોઈપણ પ્રકારે ધર્મના અધિકારી બની શકશે જ નહિ. અને સર્વજીવવિષયક મૈત્રી ભાવનાથી તેજ આત્મા વાસિત થશે કે જે વૈરવિરોધને ખમવા અને ખમાવવાવાળો હોય.

## ગુણિના વિરોધથી ભવાન્તરે ગુણની અપ્રાપ્તિ

યાદ રાખવું કે આતપ અને છાયાને અથવા ઉદ્યોત અને અંધકારને જેમ પરસ્પર સદાનો અનવસ્થાનરૂપ વિરોધ છે, તેવી જ રીતે મૈત્રીભાવના અને વૈરવિરોધને સાથે રહેવાનું બનતું જ નથી. માટે શ્રી જૈનશાસનને પામેલા જીવે અપરાધી હોય કે નિરપરાધી હોય, સમ્યક્ત્વવાન્ હોય કે મિથ્યાત્વી હોય. ધર્મી હોય કે અધર્મી હોય, કોઈપણ હોય. પરન્તુ સર્વજીવની સાથેના વૈરવિરોધીને તો વોસરાવવા જ જોઈએ. તો પછી ચતુર્વિધ શ્રી સંઘે પર્યુષણા સરખા પવિત્રપર્વમાં પ્રમોદભાવનામાં નહિં. તો મૈત્રીભાવનામાં આવ્યા સિવાય તો રહેવું જ જોઈએ નહિં. યાદ રાખવું કે ગુણીપુરૂષના વૈરને લીધે શાસ્ત્રકારો ભવાન્તરે પણ ગુણની પ્રાપ્તિનો નિષેધ કરે છે. શ્રી ભગવતીજીસૂત્રમાં મટ્ટુક શ્રાવકના અધિકારમાં કેવલિમહારાજે કહેલો વચનથી વિરૂદ્ધપણે એક વચન પણ કહેવાથી અનન્તા સિદ્ધમહારાજા, તીર્થંકરમહારાજાની આશાતના ગણવામાં આવી છે, તેવી રીતે ત્રિલોકનાથતીર્થંકર ભગવાનના જૈનશાસનને પામેલા જીવોની ઉપર વૈરભાવ રહે તો તે વૈરભાવ રાખનારો સર્વ ધર્મીવર્ગની આશાતના કરનારો કેમ ન ગણાય ?

## ભગવાન મહાવીરની ક્ષમા અને તેનો વિસ્તાર

ભગવાન્ મહાવીર મહારાજના ચરિત્રને જાણનારાઓ સારી પેઠે સમજી શકે છે કે ખેડૂતના

જીવને મહાવીર મહારાજ સાથે વૈર હતું, તેથી ભગવાન મહાવીર મહારાજથી પામવાનું તો દૂર રહ્યું, પરન્તુ ભગવાન્ ગૌતમસ્વામિથી થયેલી રત્નત્રયીની પ્રાપ્તિ પણ તે હારી બેઠો. વળી ધર્મીઓની સાથે અંશે પણ જો વિરોધ હોય તો તે ધર્મીતરફથી કરવામાં આવતા પૂજા-પ્રતિષ્ઠા-પૌષધ-ઓચ્છવ-મહોત્સવ-સાધર્મિકવાત્સલ્ય-દાન-શીલ-તપ-ભાવ-ગુરૂપ્રવેશમહોત્સવ-ચૈત્યપ્રતિષ્ઠા-મૂર્ત્તિનું કરાવવું યાવત્ અનેક પ્રકારનાં ધર્મનાં કાર્યો કે જે ત્રિવિધ ત્રિવિધ અનુમોદવાને લાયક છે અને જેની પ્રશંસા ન કરવાથી દર્શનાચારનો નાશ થાય છે, તે પ્રસંગે ધર્મ પરાયણોની સાથે વિરોધ રાખવામાં જરૂર આવશે. ધ્યાન રાખવું કે પોતાના તાબાના અગર પોતે જ્યાં દર્શન-પૂજન કરતા હોય એટલા જ દહેરામાં બીરાજેલી પ્રતિમાઓને ભગવાન્ માને, તેઓને 'जं किंचि नाम तित्थं-' સૂત્ર કહેવાનો હક્ક નથી. તેમ પોતે જેઓના રાગી થયા હોય તેઓને જ માત્ર સાધુ માનનારા જેઓ હોય તેઓને 'नमो लोए सव्वसाहूणं' અને 'जावंत केवि साहू-' એ વગેરે સૂત્રો બોલવાનો હક્ક નથી. વળી જેઓ પોતે કરે તેવા દાનશીલ વિગેરેને ધર્મ માનતા હોય, પરન્તુ બીજાઓએ કરાતા દાનશીલ વિગેરેને ધર્મ તરીકે ન માનતા હોય તેઓને 'केवलिपन्नतो धम्मो मंगलं-लोगुत्तमो-केवलिपन्नतं धम्मं सरणं पवज्जामि' અગર जिणपण्णत्तं तत्तं એ વિગેરે સૂત્રો કહેવાનો હક્ક નથી. એટલું જ નહિ, પરન્તુ તેવા ધર્મીના વિરોધીઓની અપેક્ષાએ તો તત્ત્વથી એમ કહીએ તો ચાલે કે તેઓને તો પત્થરદેવ-પત્થરગુરૂ અને પત્થર જ ધર્મ છે. જો કે ઉપર જણાવેલું કથન કેટલાક ભદ્રિકજીવોને ઘણીજ અરૂચિ ઉપજાવનાર થશે, પરન્તુ એ કથન તેઓને અરૂચિ કરાવવા માટે થયેલું નથી. જેમ શાસ્ત્રકાર હંમેશા પ્રતિક્રમણની અંદર 'सव्वस्स समणसंघस्स, भगवओ अंजलिं करिअ सीसे। सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि॥' એ સૂત્રથી સકલ શ્રમણસંઘ અને તે દ્વારાએ ચારે પ્રકારના સંઘને ભગવાન્ ગણીને માથું નમાવીને હાથ જોડીને ખમાવવાનું લખે છે. તો પછી તેવા શ્રી સંઘને પર્યુષણ સરખા પવિત્ર દિવસોમાં ખમાવવા એ જરૂરી ફરજ હોય એમાં આશ્ચર્ય શું? જો કે પ્રતિદિનક્રિયામાં શાસ્ત્રકારોએ સર્વજીવોને અને વિશેષે કરીને શ્રમણસંઘને ખમાવવાનું રાખેલું જ છે, પરન્તુ ધ્યાન રાખવું કે ખમવું અને ખમાવવું એ વ્યાવહારક્રિયા છે અને દરેક પાક્ષિક ચૌમાસી અને સાંવત્સરિકપ્રતિક્રમણમાં સકલ સંઘને 'મિચ્છામિ દુક્કડં' દઈને વ્યવહારથી વૈરવિરોધ જે કોઈ શ્રમણસંઘની સાથે થયો હોય તેની માફી લેવા અને દેવામાં આવે છે, પરન્તુ સાંવત્સરિકપર્યુષણાને અંગે શાસ્ત્રકાર એક પગલું આગળ વધીને ફરમાવે છે કે 'उवसमियव्वं उवसमावेयव्वं' અર્થાત્ પોતાના આત્માને વૈરવિરોધ રહિત કરીને શાન્ત કરો અને બીજાના આત્માને પણ વૈરવિરોધ રહિત કરીને શાન્ત કરો. અર્થાત્ એકલી મિચ્છામિદુક્કડંની ક્રિયા કરવાથી બીજા દિવસોમાં પણ ચરિતાર્થ થવાનું નથી,

તો પછી આ પર્યુષણાની સાંવત્સરિકની વખતે તો કોઈપણ પ્રકારે ઉપશમ કર્યા સિવાય અને ઉપશમ કરાવ્યા સિવાય આત્માને કલ્યાણમાર્ગે જવાનું બનવાનું જ નથી. માટે પર્યુષણાના દિવસોમાં સકલસંઘે પરસ્પર ખમતખામણાં કરવાં અને તે દ્વારાએ વૈરવિરોધ રહિત સ્વચ્છ અંતઃકરણ કરવાં કે જેથી ભવાન્તરે આપણે બીજા જીવોને કે બીજા જીવો આપણને નુકશાન કરનારા ન થતાં, હરકોઈ પ્રકારે ફાયદો કરનારા જ થાય. આસ્તિકમાત્ર આ વાત તો સારી રીતે સમજી શકે તેમ છે કે વૈરવિરોધનાં મુખ્યતાએ કારણો જર-જોરૂ-જમીન-માન-માયા-લોભ વિગેરે છે અને તે જર-જોરૂ-જમીન વિગેરે આત્માના અંગત પદાર્થો નથી, પરન્તુ તે દ્વારાએ જે કર્મો બાંધવામાં આવે, તે તો આત્માના અંગત રૂપ છે, અને આત્માના અંગતગુણોને પણ નાશકરનારા છે.

## ક્ષમાપનાથી આત્માને ઉચ્ચત્તમ બનાવો.

ધ્યાન રાખવું કે પ્રતિવર્ષ સામાન્ય સામુદાયિક રીતિએ પ્રતિક્રમણઆદિ કરતાં સર્વ જીવોને અને વિશેષે કરીને શ્રમણસંઘને અને ચતુર્વિધસંઘને ખમાવવામાં આવે છે, પરન્તુ વૈરવિરોધને વોસીરાવવાને માટે આત્માના અધિકપ્રયત્નની જરૂર છે. જો એમ ન હોય તો બ્રાહ્મી સુન્દરીના જીવે તથા મલ્લિનાથજીના જીવે પૂર્વભવમાં પ્રતિક્રમણ કર્યાં ન્હોતાં ? અગર ગુરુની કે સાધુની આશાતનાના મિચ્છામિ દુક્કડં દીધા ન્હોતા ? અગર ક્રોધ માન માયા લોભ આદિના મિચ્છામિ દુક્કડં કર્યા ન્હોતા ? એવું તો હતું જ નહિ, છતાં તે મિચ્છામિદુક્કડં આદિને જે વિશેષપણે સંસ્કારિત કરવાની જરૂર હતી તે તે જીવોએ ન કર્યા અને તેથી જ તેઓને સ્ત્રીવેદાદિકરૂપે તે તે ઈર્ષ્યા માયા વિગેરેના ફલો ભોગવવાં પડ્યાં. ધ્યાન રાખવું કે ચરમશરીરી અને ત્રિલોકનાથ તીર્થંકર જેવા જીવોને પણ મિચ્છામિ દુક્કડં કરતાં પૂર્વભવમાં વિશેષ સંસ્કારની જરૂર હતી, તો પછી સામાન્ય ભવ્યજીવો આવા પર્યુષણ સરખા ઉત્તમોત્તમ પર્વમાં મિચ્છામિ દુક્કડં માત્રથી સંતોષ નહિં માનતા વિશેષે કરીને ચતુર્વિધસંઘને ખમતખામણાના ઉચ્ચત્તમ સંસ્કારોથી આત્માને ઓતપ્રોત કરે તેમાં કહેવું શું ?

આવી રીતે પર્યુષણાનું ત્રીજું કૃત્ય સંઘને પરસ્પર ખામણાનું જણાવી ચોથા અઠ્ઠમતપ નામના કર્ત્તવ્યને અંગે કંઈક જણાવીશું.

## તપસ્યા એ ક્લેશ નથી.

જૈનશાસ્ત્રકારો ફરમાવે છે કે દરેક સંસારી આત્મા સ્વરૂપે કરીને સિદ્ધસ્વરૂપે છે. એટલે દરેક આત્મા અનંતજ્ઞાન-અનંતદર્શન અનંતસુખ અને અનંતવીર્ય આદિગુણોવાળો છે, છતાં તે આત્માને કર્મનાં આવરણો લાગેલાં હોવાથી જેમ રત્નની ચારે બાજુ લાગેલો મેલ રત્નના તેજનો પ્રકાશ ન થવા દે, તેવી રીતે આત્માના યથાવત્ સ્વરૂપને પ્રગટ થવા દેતા નથી. યાદ રાખવું કે બાળપણમાં શરીરના કોઈપણ ભાગમાં લાગેલી ચોટ રૂઝાઈ જાય છે, અને એનું ચિન્હ કે નામ નિશાન પણ જુવાનીમાં હોતું

નથી, છતાં જુવાનીના લોહિના જોરને ધીમું પડવાનું થાય છે ત્યારે વૃદ્ધદશામાં તે ચોટને સ્થાને જરૂર ફલતર થાય છે. તેવી રીતે વર્ત્તમાનભવમાં પણ ભવાંતરમાં કરેલાં કર્મો ભોગવવાં પડે છે. આ વાત જેઓ જન્મકર્મની પરંપરાને જાણનારા સમજનાર અને માનનારા છે તેઓને સમજવી મુશ્કેલ નથી. એટલું જ નહિ, પણ જેઓ આસ્તિકમતના છે, અગર પરમપદને માનવાવાળા છે, તે સર્વને એમ તો માનવું જ પડશે કે આત્માનું સ્વરૂપ શુદ્ધતમજ છે અને તે સ્વરૂપ કર્મદ્વારાએ જ આવરાયેલું છે અને જન્મથી કોઈપણ વીતરાગ અગર સર્વજ્ઞ હોતો જ નથી, તેથી દરેક આસ્તિકમતવાળાએ એમ માનવું જ પડશે કે ભવાંતરોમાં કરેલાં કર્મોથી જ જીવનું સ્વરૂપ આવરાયેલું છે. આ ઉપરથી એક વાત નક્કી થઈ કે સર્વજ્ઞપણાને નહીં પામેલો દરેક જીવ જ્ઞાનાદિગુણોને રોકનારા કર્મોરૂપી પાપથી ઘેરાયેલો જ છે અને તેથી બૌધ્ધો કે જેઓ मणुण्णं भोयणं भुच्चा मणुण्णं सयणासणं। मणुण्णंसि अगारंसि मणुण्णंज्झायए मुणी અર્થાત્ મનોજ્ઞભોજન ખાઈને મનોજ્ઞશયનાસનમાં બેસીને મનોહર મકાનમાં રહ્યો થકો મુનિ મનોહર ધ્યાન કરે. આવું કહીને જેઓ. લોકોને તપસ્યાથી ત્રાસ કરાવવા પૂર્વક ઈન્દ્રિયોના વિષયોમાં લીન કરે છે અને પોતે લીન થાય છે, એટલું જ નહિ પણ તેની સાથે તપસ્યાના ત્રાસનો બચાવ કરતા જણાવે છે કે શું તપસ્યા કરનાર મહાત્માએ પોતાના આત્માને ભવાંતરમાં મહાપાપો કરનારા માને છે કે જેથી તે મહાત્માઓને ભવાન્તરના પાપોના ક્ષયને માટે તપસ્યા કરવાની જરૂર પડે છે.

આમ બોલે છે. એતો સીધી જ વાત છે કે રોગે ઘેરાયેલાને જ ઔષધની જરૂર હોય, અને તેવી રીતે જેઓ ભવાન્તરના પાપી હોય તેઓને જ તપસ્યા કરીને પાપ તોડવાની જરૂર પડે. એમ કહીને સ્પષ્ટ કરે છે કે બૌદ્ધમત સિવાયના જે જે મતવાળાઓ તપસ્યાને માનનારા છે તે સર્વ ચ્હાય તો મતને પ્રવર્ત્તાવનાર હોય ચ્હાય તે મતને અનુસરનારા હોય, પણ તે સર્વ ભવાન્તરના પાપીઓ જ છે. આવી હકીકત ખુદ એમના બુદ્ધ મહાત્માએ રાજગૃહીના પર્વત ઉપર ભગવાન્ મહાવીર મહારાજ કે જેઓને તેઓ 'निग्गंथनायपुत्त' એટલે નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર તરીકે ઓળખાવે છે. ત્હેમના સાધુઓ કે જેઓ મકાનમાં આસનો સ્થાપીને (આ આસન સ્થાપવાની વાત બૌદ્ધના મૂલ આગમમાં નિર્ગ્રંથજ્ઞાતપુત્રના શિષ્યોને અંગે ચાલેલી છે અને તે ઉપરથી નક્કી થાય છે કે નિર્ગ્રંથજ્ઞાતપુત્રના તે સાધુઓ દિગમ્બરની માન્યતા પ્રમાણે વસ્ત્ર વગરના તો ન્હોતા) આતાપના કરતા હતા તેમના તે તપને તોડવા માટે જણાવેલી છે, પરન્તુ તે બુધ્ધે એટલો વિચાર નહીં કર્યો કે જે જે જીવો બોધિસત્ત્વ થયા નથી તે તે દરેક જીવો કર્મથી ઘેરાયેલા જ છે.

ઉપરની હકીકતથી આગલી વાત ચોક્કસ માનવી પડશે કે જે જે જીવોને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું નથી અને જે જે જીવોના આત્માઓ સ્વાભાવિક જ્ઞાનાદિગુણોને રોકવાવાળા કર્મોથી મુક્ત થયા નથી, તે તે દરેક જીવો પાપથી ભરેલા જ છે. આવી રીતે જ્યારે છદ્મસ્થ એવા સર્વજીવને માટે કર્મનો લેપ સિદ્ધ છેજ, તો પછી છદ્મસ્થઅવસ્થામાં રહેલા સર્વજીવે પોતાના આત્મસ્વરૂપને પ્રગટ કરવા માટે કર્મ એટલે પાપનો ક્ષય કરવો જોઈએ, તેમાં નવાઈ શી ?

## જૈનધર્મનું ધ્યેય શું ?

ધ્યાન રાખવું કે જૈનશાસનની તો દરેક ક્રિયા પાપને તોડવાના મુદ્દાથી જ જોડાયેલી છે અને તેથી જ એક પંચ પરમેષ્ઠિ નમસ્કાર સરખા મહત્તાના સ્થાનભૂત છતાં પણ ન્હાના એવા સૂત્રમાં પંચપરમેષ્ઠિના નમસ્કારનું ફલ જણાવતાં 'सव्वपावप्पणासणो' એમ કહી સર્વ પાપના નાશને માટે આ નમસ્કારની રચના કરાયેલી છે અને આ પંચ પરમેષ્ઠિનું સ્મરણ યોજાયેલું છે એમ જણાવે છે, વળી દરેક વખતે કરવામાં આવતી ઈરિયાવાહિયાને અંગે પણ 'पावाणं कम्माणं निग्घायणट्ठाए' એટલે પાપકર્મના નાશને માટે જ આ કાર્યોત્સર્ગ કરવામાં આવે છે. એટલું જ નહિ, પણ જૈન આલમમાં સારી રીતે પરિચિત થયેલ મિચ્છામિ દુક્કડંનો શબ્દ પણ જૈન આલમનું ધ્યેય સ્પષ્ટપણે જાહેર કરે છે અને તે એજ કે આ ભવને પરભવ સંબંધી જે કંઈ પાપો હોય તે સર્વને મિથ્યા કરી તેના ફલો ભોગવવાનો વખત ન આવે તેમ કરવું. આવશ્યકનિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી મહારાજ તો સ્પષ્ટપણે જણાવે છે કે જેણે મિથ્યાકાર એટલે મિથ્યાદુષ્કૃતની સામાચારીનો અત્યંત મ્હાવરો હોય તે જીવ સમયે સમયે અસંખ્યાતભવોનાં પાપો તોડે છે. આ બધી હકીકત વિચારતાં સુજ્ઞ વાચકગણ સારી રીતે સમજી શકશે કે જૈનધર્મનું ધ્યેય એકજ છે અને તે એ કે પાપકર્મોનો ક્ષય કરવો, આ પાપકર્મના ક્ષયના મુદ્દાને અંગે જૈનશાસ્ત્રકારો ધર્મના પ્હેલે પગથીયેથી એજ વાક્ય ગલથુથીમાં નાખે છે કે, 'माकार्षीत् कोऽपि पापानि' અર્થાત્ ધર્મના પ્હેલે પગથીએ પણ ધર્મી મનુષ્યના એ વિચારો દૃઢતમ હોવા જોઈએ કે જગત્નો કોઈ પણ જીવ પાપ ન કરે, અને આવા સંસ્કારો થાય ત્યારે જ જૈન શાસ્ત્રકારો મૈત્રીભાવનાનો પ્હેલો પાયો ગણે છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે જૈનધર્મનું જો કંઈપણ મુખ્યતત્વ હોય તો તે એજ કે જગત્ના જીવોની પાપરહિત અવસ્થા ઈચ્છવી અને પોતાના જીવને ડગલે ડગલે પાપથી દૂર રાખવા પ્રયત્ન કરવો. નવા પાપોને રોકવા છતાં પણ પ્રાચીનપાપોનો નાશ ન કરવામાં આવે તો આત્માના ગુણોનો આવિર્ભાવ થાય જ નહિ. કેમકે તે પ્હેલાના કર્મોથી રોકાયેલા જ રહે, માટે તે ભવાંતરોના પાપોનો ક્ષય કરવા માટે દરેક ધર્મીષ્ઠ સુજ્ઞમનુષ્યે કટિબદ્ધ થવું જ જોઈએ.

(અનુસંધાન પેજ નં. ૩૩)

અપૂર્ણ.

(પાના ૧૬થી ચાલુ)

પૂરાય તેને સાચા કરી આપવા શાસ્ત્રકારો બંધાય છે. વિચારનું સામ્રાજ્ય જૈનશાસનમાં છે. કર્મબંધનમાં પહેલો નંબર કોણ ? વિચાર જ. મોક્ષ જ જોઈએ છે આ વિચાર ન આવે એજ પહેલું કર્મબંધનનું કારણ છે. કુદેવાદિને માને, માર્ગને અમાર્ગ કહે એ મિથ્યાત્વ છે, પણ ફાંટા છે, ભેદો છે, અસલ મિથ્યાત્વ કયું ? 'મોક્ષ જ જોઈએ' આ વિચારનો અભાવ તેજ મિથ્યાત્વ છે. આપણે અંતઃકરણની વાતો કરીએ છીએ, મોઢાની નહિ.

## સમકીતીની ક્રીડ (ઉદ્દેશપત્ર)

સમકીતીઓએ એક જ ક્રીડ નક્કી કરીઃ

આ ત્યાગમય જૈનશાસન એજ અર્થ, એજ પરમાર્થ, બાકીના બધા પદાર્થો અનર્થ છે.

'આ ત્યાગમય પ્રવચન તેની જ શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ કરૂં છુ, મોક્ષના સાધન તેને જ માનું છું મારી અભિલાષા એજ છે કે ક્યારે એ વસ્તુ મળે! સમકીતીની આવી ભાવના હોય.' ધન્ય છે તે શ્રેષ્ઠિ વિગેરે ને કે જેઓએ આ સંસારનો ત્યાગ કરી આત્માનું કલ્યાણ કર્યું છે, અને કરે છે. શ્રેણિક એજ બોલ્યા, સભા વચ્ચે બોલ્યા, આનંદશ્રાવક પણ સભા વચ્ચે એજ બોલ્યાઃ વળી શ્રેણિક શું બોલ્યા? 'હું અધન્ય! નિષ્ફળ જન્મ ગુમાવનારો મારાથી કંઈ ન થયું... એનું અંતઃકરણ મોક્ષથી કેવું રંગાઈ ગયું હશે! જૈનશાસન, ત્યાગમય પ્રવચન એજ અર્થ એજ પરમાર્થ, બાકીના તમામ અનર્થ. એવો એકરાર કરનારનું અંતઃકરણ કેવું હશે! ત્રણખંડના માલીકો આવો એકરાર કેવી રીતે કરી શક્યા હશે ! જ્યારે આવી સ્થિતિ આવે ત્યારે લાંબામાં લાંબે પણ આઠ ભવમાં મોક્ષ સમજવો.'

## કઈ ભાવનાથી તીર્થંકર, ગણધર, તથા કેવલી થવાય?

કોઈ પણ સાધુ કે શ્રાવકે એમ નથી જણાવ્યું કે ત્યાગમાં શું થશે ? ત્યાગમય જૈનશાસન છે. ભગવાનની ભાવના શી ? સવિ જીવ કરૂં શાસનરસી... શાસન એટલે શું ? શાસન એટલે ત્યાગમય દશા તીર્થંકરો તીર્થંકરગોત્ર ક્યારે બાંધે? 'જગતના એકે એક જીવને ક્યારે શાસન રસી બનાવું.' આ ભાવનાથી તીર્થંકરનામકર્મ બંધાય છે. આખા જગત માટે નહિ, પણ પોતાના કુટુંબ માટે 'ત્યાગમય પ્રવચન રસિક કયારે કરૂં' આવી ભાવનાઓ આવે ત્યારે ગણધરનામકર્મ બંધાય છે. 'હું મારૂં કરૂં, સૌ સૌનું કરશે' આવી ભાવનાવાળો અંતકૃત સામાન્યકેવલી થાય છે. સર્વ જગત ત્યાગી બને એ કદી બન્યુ નથી, બનતું નથી, બનશે નહીં છતાં ભાવના આવી હોય.

## સન્માર્ગના શત્રુઓની અકકલનો નમુનો.

આખું જગ ત્યાગી થશે તો શું થશે એ વિરોધીના હૃદયમાં રમી રહેલ છે. તેઓ અકકલ ઉપર પડદો પાડી દે છે કે શું ? વિચારવું ઘટે છે કે ચોરી લફંગાઈ વિગેરે દુનિયાની જરૂરી ચીજ નથી. એ હાજતની બહારના ગુન્હા છે, આવાં ગુન્હાને શિક્ષાથી રોકવા માંડયા, અને અનીતિને રોકવા માટે

કરોડો નિશાળો કરી, પુસ્તકો લખ્યાં પુષ્કળ પૈસા વ્યય કર્યા છે. બીજી બાજુ સત્તાનું દબાણ પણ છે છતાં એ બધા ગુન્હા રોકાઈ ગયા? આવા હાજત વગરના બધા ગુન્હાને સત્તા રોકવા માગે છે, વૃદ્ધિ ન થાય માટે નિશાળ, શિક્ષકો અને પુસ્તકોની આટલી વ્યવસ્થા છે, છતાં ગુન્હા અટકતા નથી, તો સત્તા વગરના ભિક્ષુકના વચનથી આખા જગતની પ્રવૃતિ રોકાઈ જશે એ કેમ માનો છો? હાજતને પણ ગુન્હો ગણાવી ઉપદેશથી ગુન્હા રોકી દેશે એ કલ્પના કરનારની અકક્લ કેટલી હશે ?

સ્કુલ થતી જોઈ કોઈએ ચોકીદાર, લુહાર વિગેરેને ક્હ્યું કે "આ સ્કુલમાં તો નીતિનું શિક્ષણ આપવાનું એટલે લુચ્ચો, લબાડ તથા ચોર કોઈ રહેશે નહિ, અને તેમ થશે તો પછી ચોકીદારને રાખશે કોણ ? તાળાં, તીજોરી, નચુકા, પેટી, પેટારા કોણ રાખશે ? અને નહી રાખે તો લુહાર સુથારનું શું થશે ?" આથી મુર્ખાઓએ નિશાળને ઉખેડીને ફેંકી દીધી. નિશાળથી આખી દુનિયાના ગુન્હા અટકી જશે એ કલ્પના કઈ જાતની ? આવી દશામાં જીંદગીના મહાવ્રતો ધારણ કરનારાને કેટલા જોરાવર થવું જોઈશે ! પણ સત્ માર્ગના શત્રુઓને આ રૂચતું નથી.

આખું જગત નીતિમય થાય તે સંભવ જ નથી, છતાં 'આખા જંગતને પાપ રહિત કેમ કરૂં?' એજ કલ્પના હોવી જોઈએ. મૈત્રીનો પાયો જ ત્યાં છે. मा कार्षीत् कोऽपि पापानि... કોઈ પણ પાપ કરો નહિ.

ઘરમાં એક માણસ મરવાની દશા પર આવ્યો છે. તે જીવો કહ્યાથી જીવવાનો નથી, મરવાનું કહેવાતું નથીઃ નહિ જીવી શકે છતાં જીવે તો સારૂં એ ભાવનાવાળો જ સારો છે. એ રીતે 'જગતમાં કોઈ પણ જીવ પાપ ન કરો. કોઈ પણ જીવ દુઃખી ન થાઓ' આ બે ભાવના હોવી જોઈએ. આ બે ભાવના લાંબો કાળ કેમ નહિ ટકે? આખું જગત કર્મથી રહિત થાઓ. આ ભાવના સમ્યકત્વની સાથે છે તો પછી તીર્થંકરને અંગે એ ભાવના કેવી હોય! જગતના જીવમાત્રને આશ્રવ વગરના બનાવવાની, અર્થાત કર્મથી રહિત બનાવવાચારિત્રની ભાવનાથી જતીર્થંકરપણું પમાય છે. તીર્થંકર તેજ થઈ શકે કે જેઓ આવી ભાવના વાળા હોય સમ્યકૃત્વ... ધારીની એજ ઈચ્છા હોય કે ત્યાગ જ અને તેનું ફળ મોક્ષ જ જોઈએ. દેવગુરૂધર્મને મોક્ષનાજ માટે જ માનવાના છે. સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્ર તે પણ મોક્ષના માટે જ છે. આ બુદ્ધિ ન આવે ત્યાં સુધી મિથ્યાત્વ છે અને મિથ્યાત્વયોગે જીવ તે પ્રત્યયિક કર્મ બાંધ્યો જાય છે. માટે દેવતત્ત્વનો તો નિશ્ચય જણાયોઃ પણ અવિરતિ ન ટળે ત્યાં સુધી દરિદ્રના મનોરથ જેવી હાલત છે, અવિરતિપણું ટાળવું, અને વિરતિનો સ્વીકાર ફરજીયાત કેમ? એ વિગેરે અધિકાર વિચારવાની જરૂર છે.




પ્રશ્ન ૯૩૭ उदयंमि जा तिही सा पमाणमियरीइ कीरमाणीए॥ आणाभंगऽणवत्था मिच्छत्तविराहणं पावे॥१॥ એ શ્રાદ્ધવિધિઆદિમાં કહેલી ગાથાથી ઉદયમાં જે તિથિ હોય તેજ તિથિ (આખા દિવસ માટે) પ્રમાણ ગણવી. પણ ઉદયની વખત ન હોય તેવી તિથિ (આખો દિવસ) કરાય તો આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ અને વિરોધનાનો દોષ લાગે. એમ સ્પષ્ટ છે. તો પછી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાની જે અપર્વતિથિ હોય તેજ ઉદયવાળી તિથિને બીજઆદિપણે માનીને કે બીજને ભળી માનનારાઓની અપેક્ષાએ બીજઆદિમાનીને તે પડવા આદિને દિવસે બીજ આદિની ક્રિયા કરનારા આજ્ઞાભંગઆદિદોષોને પામવાવાળા કેમ ન ગણાય ?

સમાધાન उदयंमि० એ ગાથાથી ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણે કરવી, અને બીજી પ્રમાણ કરાય તો આજ્ઞાભંગ આદિ દોષો લાગે, એ જગો પર બીજીતિથિ શબ્દથી જો ઉદય વિનાની એમ લઈએ પર્વતિથિના ક્ષયે વગર ઉદયની તિથિ જે લેવી પડે તેમાં આજ્ઞાભંગ વિરાધનાદિ દોષો લાગે. વળી અધિકતિથિ હોય ત્યારે પ્હેલી તિથિ ઉદયવાળી છતાં પણ તેને છોડવી પડે તેમાં પણ આજ્ઞાભંગઆદિ દોષો લાગે. એ ખરૂં છે? પણ બીજી તિથિશબ્દથી ઉદય વિનાની એવો અર્થ ન કરવો, પણ જૈનોના પરસ્પરમતભેદોમાં જે બેસતી તિથિ માનનારા તથા પ્રતિક્રમણની વખતે તિથિ માનનારા તથા આથમતી એટલે પૂર્ણતાની તિથિ માનનારાના ખંડનને માટે આ જણાવેલું છે અને તેમ હોવાથી બીજીતિથિશબ્દથી

બેસતી, પ્રતિક્રમણની અને આથમતી તિથિ એવો અર્થ કરવો. એટલે બીજ પાંચમઆદિ બધી તિથિયો સૂર્યોદય વખતની લેવી, પણ જો બેસતીઆદિ લે તો આજ્ઞાભંગ આદિ દોષો લાગે, એમ સર્વ સાધારણ રીતે જણાવેલ છે. પરમતમાં જેમ સંપૂર્ણ શુદ્ધ વિદ્ધ સમ ન્યૂન અધિક હીન આદિ ભેદો તથા કર્મકાલભાવિની આદિ ભેદો તિથિના લીધા છે. તેમ અહિં કોઈ પણ બીજો ભેદ લેવાનો નથી અને જો તે લે તો આજ્ઞાભંગ આદિ દોષો લાગે એ અર્થ તાત્ત્વિક છે. કારણ કે જૈનોને દિન અહો રાત્ર કે રાત્રિની અપેક્ષાએ પૌષધ ઉપવાસાદિ કરવાના હોય છે અને તે પૌષધાદિનો આરંભ સૂર્યઉદયાદિની અપેક્ષાએજ રહેલો છે અને તેથીજ તિથિનો આરંભ ક્રિયાકાલ આદિ લઈને તિથિ કરે તો પૌષધઉપવાસઆદિ ખંડિત થાય અથવા પર્વતિથિ માન્યા છતાં વિરાધના થાય, માટે ઈતરતિથિ માનવામાં આજ્ઞાભંગ આદિ દોષો જણાવ્યા છે.

પ્રશ્ન ૯૩૮ બીજઆદિ પર્વતિથિનો-ક્ષય ત્યારે તે બીજઆદિનો ઉદય હોય નહિં. તેમજ તે દિવસ પડવા આદિનો જ ઉદય હોય. માટે ઉદય વગરની બીજ આદિ છતાં તે દિવસે બીજઆદિ માનનારાઓને આજ્ઞાભંગઆદિ દોષો કેમ નહિં લાગે ? કેમ કે उदयंमि॰ એ ગાથામાં બીજીતિથિ કરવામાં તે દોષો જણાવેલા છે.

સમાધાન-પ્રથમ તો उदयंमि॰ એ ગાથા હમ્મેશાં તિથિ માનવાની અપેક્ષાએ છે, એટલે હમ્મેશાં સૂર્યોદયને ફરસવાવાળી જ બીજઆદિ તિથિયો લેવી. પણ બેસતી, પ્રતિક્રમણ વખતની કે આથમતી ન લેવી. એ ગાથામાં જેઓ હંમેશાં બેસતીઆદિ તિથિયોને માનવાવાળા છે તેઓને આજ્ઞાભંગાદિ દોષોની આપત્તિ આપી છે. એટલે ક્ષયની વખતે પૂર્વતિથિ કરનાર કંઈ બેસતી આદિની માન્યતાથી પડવાઆદિને દિવસે બીજઆદિ કરતો નથી. પરન્તુ મહિનામાં બાર તિથિની આરાધના કરવી એ નિયમિત છે, અને તેથી પડવાદિને દિવસે બીજઆદિ માની આરાધના કરે છે. આટલા માટે જ શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ જણાવાય છે કે क्षये पूर्वा तिथिः कार्या અર્થાત્ બીજઆદિનો ક્ષય હોય ત્યારે બીજઆદિનો સૂર્યોદય ન હોય અને તેથી તેનાથી પ્હેલાની પડવાઆદિ તિથિનો જે સૂર્યોદય તેનેજ બીજઆદિનો સૂર્યોદય ગણવો. કેમકે તિથિ તો સૂર્યોદયને અંગે હોય, માટે તે સૂર્યોદય પડવાનો છે તો પણ બીજનો સૂર્યોદય માની લેવો. જે નવીનો પડવામાં જ બીજ કરવી કહે તેઓને પણ પડવાના સૂર્યોદયના પ્હેલેથી પૌષધઆદિ માટે બીજઆદિ માનવી જ પડશે અને પડવાના સૂર્યોદયથી પ્હેલાં બીજ માની એટલે સૂર્યોદયથી તિથિનો વ્યવહાર થાય છે. માટે તે સૂર્યોદય બીજનો જ છે એમ માનવું જ પડશે. અને તેથી જ પડવોબીજ ભેળાં એવું કહેવાનો વખત રહેશે જ નહિં. અર્થાત્ ક્ષયની વખતે પોતાનો સૂર્યોદય નથી, તો પણ પારકા સૂર્યોદયને પોતાનો સૂર્યોદય ગણીને જ તિથિ માનવી પડશે. એમાં જો આજ્ઞાભંગાદિ દોષો થાય છે એમ માનીયે તો શ્રી ઉમાસ્વાતિવાચકજીએ તે દોષો લગાડવાની

આજ્ઞા કરી એમ માનવું પડે. પણ શ્રીવાચકજી મ્હારાજે તો પર્વતિથિની આરાધનાનું અખંડિતપણું તેમ કરીને પણ રાખવા કહ્યું છે.

પ્રશ્ન ૯૩૯ બીજ આદિના ક્ષયની વખતે પડવાઆદિ તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય ક્હેવો કે પડવો બીજઆદિ ભેળાં કહેવાં ?

સમાધાન-ટીપનામાં તો જો કે પડવાઆદિનો ઉદય હોવાથી પડવોઆદિ તે દિવસે ગણે, પણ ધર્મારાધનાવાળા તો તે વખતે પડવોઆદિ છે એમ બોલેજ નહિં. કિન્તુ બીજઆદિ જ છે એમ બોલે. એટલે બીજઆદિના ક્ષયે પડવાઆદિનો ક્ષયજ કહેવો. આવી રીતે બીજઆદિના ક્ષયે પડવાઆદિનો ક્ષય કરવાનો રીવાજ સંવત્ ૧૬૧૫ ના પ્હેલેથી છે. કારણ કે તત્ત્વતરંગિણીમાં ચઉદશના ક્ષયની ચર્ચામાં જણાવે છે કે तत्र त्रयोदशीति व्यपदेशस्यापि असंभवात्, किंतु प्रायश्चित्तादिविधौ, चतुर्दश्येवेति-व्यपदिश्यमानत्वात्, વળી मुख्यतया चतुर्दश्येवेति व्यपदेशो युक्तः તેમજ अद्यापि त्रयोदशीमेव वदसि અર્થાત્ ચઉદશનો હોય ત્યારે તેંરશને ચઉદશ બનાવવી અને તે વખતે તેરસને દિવસે તેરશ છે એમ કહેવાનો પણ સંભવ નથી. આ ઉપરથી ચોક્ખું થાય છે કે બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની પડવાઆદિ તિથિને પડવાઆદિપણે બોલવી જ નહિ. અર્થાત્ પડવા આદિનો ક્ષયજ ગણવો. વળી પ્રાયશ્ચિતઆદિ જે ચઉદશના કાર્યો છે તેમાં ચઉદશજ છે એમ વ્યવહાર થાય છે, અર્થાત્ ૧૬૧૫થી પહેલાં પણ ચઉદશના ક્ષયે તેરશને દિવસે ચઉદશજ છે એમ બોલવાનો વ્યવહાર હતો. વર્તમાનમાં પણ ધર્મારાધનામાં તેમેજ લખાય અને બોલાય છે માત્ર બે વર્ષથી હમણાં નીકળેલા પડવાબીજ કે યાવત તેરશ ચૌદશ ભેળા બોલનારા થયા છે, પણ શાસ્ત્રો અને પરંપરા બંન્નેથી વિરુદ્ધ છે એમ નક્કી છે.

પ્રશ્ન. ૯૪૦ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને उदयंमि जा तिही सा पमाणमियरीइ कीरमाणीए आणाभंगऽणवत्था मिच्छत्तविराहणं पावे॥१॥ આ ગાથાથી સ્પષ્ટ જણાવ્યું છે કે સૂર્યોદય વખતે જે તિથિ હોય તેજ પ્રમાણ ગણવી. અને બીજી તિથિ પ્રમાણ ગણનારો મિથ્યાત્વ અનવસ્થા વિરાધનાની સાથે આજ્ઞાભંગને પામે. આવું સ્પષ્ટ વચન છે તો પછી પુનમઅમાવાસ્યાના ક્ષયે અને વૃદ્ધિએ તેરસનો ક્ષય વૃદ્ધિ કરતાં વગર ઉદયની ચૌદશ તેરશે કરાય અને ઉદયવાળી ચૌદશ છતાં તે દિવસે પુનમ કરાય એ આજ્ઞાભંગઆદિ દોષવાળું કેમ ન ગણાય ? વળી પુનમઅમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરતાં ઉદયવાળી ચઉદશે તેરશ કરવી. ઉદયવાળી પુનમે ચઉદશ કરવી, એ પણ આજ્ઞાભંગાદિ દોષથી મુક્ત કેમ ગણાય ? એવી રીતે ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ કરતાં પણ ઉભયપ્રસંગે ઉદયને ઉડાડવાથી આજ્ઞાભંગાદિ દોષો કેમ ન લાગે?

સમાધાન-શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને उदयंमि जातिही એ ગાથા લખીજ છે અને ઉદયવાળી તિથિ જ પ્રમાણ જણાવી છે. એ સર્વ કોઈને માન્ય છે.

પરંતુ ઈતરતિથિ કંઈ લેવી એ સમજવાની જરૂર છે. જે સ્થાને એ ગાથા શ્રાદ્ધવિધિમાં લેવામાં આવી છે ત્યાં પૂआ पच्चक्खाणं पडिकमण तहय नियमगहणं जीह उदेएसूरो तीइ तिरीएउ कायव्वं આ ગાથા જણાવતાં तिथिश्च या प्रत्याख्यान वेलायां स्यात् सा प्रमाणं એમ જણાવે છે અને તેને અંગે ઈતરતિથિનો નિષેધ કરે છે. એટલે તિથિપ્રવેશ પૂજાદિક્રિયાકાલ કે પ્રતિક્રમણકાલવ્યાપ્તિથી તિથિ માનવામાં આવે તો આજ્ઞાભંગ આદિ દોષ લાગે છે. અર્થાત્ આ પ્રકરણથી બીજી રીતે તિથિ માન્યતા ન રાખવી એટલું જ જણાવે છે, એમ ન માનતાં જો એમ માનીયે કે અનુદયની તિથિ કરવા માત્રમાં આજ્ઞાભંગઆદિ દોષો લાગે છે તો પછી ક્ષીણ પર્વતિથિને આરાધતાં આજ્ઞાભંગ આદિ દોષો લાગશે. કારણકે જ્યારે બીજઆદિમાં સૂર્યોદયનો સ્પર્શ હોય નહિં ત્યારેજ તે બીજઆદિ ક્ષય પામેલી કહેવાય અને તેવી સૂર્યોદય વગરની બીજ આદિએ જો બીજઆદિતિથિ મનાય તો આજ્ઞાભંગાદિ લાગવા જોઈયે. વળી આ ગાથાથી ઉદયમાં હોય તે તિથિ કરવી જ જોઈયે એમ કહીયે તો પણ બીજઆદિની વૃદ્ધિ વખતે બન્ને તિથિયોમાં સૂર્યનો ઉદય ફરસેલો હોય છે, તેથી પ્હેલાની એક તિથિ અને તે નહિ આરાધનારને આજ્ઞાભંગઆદિ દોષો જરૂર લાગશે અને આ વાતને કોઈપણ સુજ્ઞ મંજુર કરે જ નહિં. ખરી રીતે તો ચઉદશના ક્ષયે તેરશે તેરશનું નામ પણ કહેવાનો સંભવ નથી, પણ આરાધનામાં ચઉદશજ છે એમ કહેવાય છે. પર્વતિથિના ક્ષયની વખતે આવી રીતે તત્ત્વતરંગિણીકાર કહે છે તેથી પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિને ગણવી નહિં, પણ તે દિવસે પર્વતિથિજ ગણવી. એટલે સૂર્યોદય થયો ત્યારથી ચઉદશ આદિ પર્વતિથિ જ મનાય એટલે અપર્વનો ક્ષય કરનારને તો પર્વની તિથિ ઉદયવાળી જ છે. પણ જેઓ અપર્વતિથિનો ક્ષય નથી માનતા, તેઓને પર્વતિથિના ક્ષયે અપર્વમાં કરાતાં પચ્ચક્ખાણઆદિ ઉદય વગરનાં છે, અને તેથી ભેળસેળપંથિયો ઉદય વગરની પર્વતિથિને માનનારા હોવાથી આજ્ઞાભંગાદિ દોષો પામે છે. વળી પર્વતિથિની વૃદ્ધિની વખતે પણ શ્રીહીરસૂરિમહારાજ બીજી પર્વતિથિને જ ઔદયિકી કહે છે અર્થાત્ પ્હેલી પર્વતિથિને પર્વતિથિના ઉદયવાળી જ માનતા નથી અને તેથી પ્હેલે દિવસે બીજ આદિનો સૂર્યોદય છતાં પણ ન ગણ્યો, એટલે આપો. આપ તે ઉદય પડવાઆદિ અપર્વનો જ ગણાયો. અર્થાત્ પર્વતિથિની વૃદ્ધિ વખતે પ્હેલાની અપર્વતિથિના જ બે સૂર્યોદયો થયા, એટલે અપર્વની વૃદ્ધિ થઈ. આવી રીતે પૂર્વ કે પૂર્વતર એવા અપર્વની વૃદ્ધિ માનનારાઓ તો ઉદયને એક વડો માને છે અને તિથિને આરાધે છે, પણ એક પર્વનો ઉદય માનીને પણ તે પ્હેલા પર્વને નહિં આરાધનારા આજ્ઞાભંગાદિ દોષોને પામનારા અને વ્રત નિયમોનો ભંગ કરનાર કરાવનાર છે.

પ્રશ્ન ૯૪૧ બીજઆદિ પર્વતિથિયોની આરાધનામાં ક્ષય કે વૃદ્ધિ થાય નહિં. એ ઠીક. પણ ભાદરવા સુદ ચોથ એ બીજઆદિ પર્વતિથિયોમાં

નથી. માટે તે ચોથની સ્વયં વૃદ્ધિ હોય કે પંચમીની ક્ષય વૃદ્ધિને લીધે તેની ક્ષયવૃદ્ધિ પ્રાપ્ત હોય તો ભાદરવા સુદ ચોથની ક્ષયવૃદ્ધિ માનવામાં અડચણ શી ? અને એ હિસાબે ભાદરવા સુદ પાંચમની કે ચોથની ક્ષયવૃદ્ધિએ ભાદરવાસુદ ચોથની ક્ષય વૃદ્ધિ માનવામાં અડચણ શી ? અને એવી ક્ષયવૃદ્ધિ વધારે કલ્યાણકોમાં માની લેવી.

સમાધાન-શ્રીતત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેરસને દિવસે તેરસ કહેનારને મૂર્ખશિરોમણિ ગણ્યો છે, તેથી પૂર્વના ક્ષયે તેનાથી પ્હેલાના અપર્વનો ક્ષય કરવો એજ વ્યાજબી છે. તથા શ્રી હીરસૂરીજી આઠમ અગ્યારસ અને પુનમઅમાવાસ્યાની વૃદ્ધિએ બીજી તિથિનેજ ઔદયિક માને છે એટલે પ્હેલી આઠમ વગેરે તિથિએ આરાધનામાં આઠમ-આદિનો સૂર્યોદય જ ગણાતો નથી. તેથી પર્વની વૃદ્ધિએ તેનાથી પ્હેલાના અપર્વનીજ વૃદ્ધિ થાય એ વાત તમારે કબુલ કરવી જ પડે તેમ છે. હવે ચોથની પર્વતિથિ માટે સમજવું કે શ્રી શ્રાદ્ધવિધિમાં બીજપાંચમઆદિ પક્ષની છ તિથિઓ જણાવીને વર્ષના પર્વ તરીકે સંવચ્છરી જુદી ગણાવેલ છે, માટે ભાદરવા સુદ ચોથ બીજ આદિ કરતાં વિશેષ પર્વ છે, માટે તેની વૃદ્ધિ હાનિ થાય જ નહિ, એમ માનવું જ જોઈયે, અને તેથી પાંચમની ક્ષયવૃદ્ધિએ, ચોથની ક્ષયવૃદ્ધિએ, જેમ પુનમ કે ચૌદશની ક્ષયવૃદ્ધિએ, તેરસની જ ક્ષયવૃદ્ધિ પરંપરાથી થાય છે અને તે શાસ્ત્રસિદ્ધ છે, તેમ ત્રીજની ક્ષયવૃદ્ધિ સિદ્ધ માનવી જ જોઈએ. કલ્યાણકની આરાધના પ્રાયે તપથીજ હોય છે, અને છઠઆદિ તપનો ઉચ્ચાર તો સાથે પણ થાય છે, તેથી આગલના દિવસ પૂરા થાય. એકાસણાદિ દિનબદ્ધકલ્યાણકોમાં ક્ષયવૃદ્ધિ નથી જ થતી.

પ્રશ્ન ૯૪૨ - ખરતરો પોતાના જિનદત્ત સૂરિને પાટણથી ઉષ્ટ્રિકી વિદ્યા સાધીને રાતોરાત જાવાલ ગયા માને છે તો વિદ્યાઆદિથી થયેલા વાહનો ઉપર સાધુ બેસે ખરા ?

સમાધાન-ખરતરો જે ઉષ્ટ્રિકીવિદ્યાથી બનેલી ઉંટડી ઉપર બેસીને ગયાનું કહે છે તેજ બીજાઓ ઉષ્ટ્રિકી વિદ્યાનો શાસ્ત્રોમાં પાઠ ન હોવાથી તેમજ સાચી બનેલી હકીકતને આધારે ઉંટડી ઉપર બેસીને ગયાનું કહે છે. પણ સાધુને વિદ્યાથી બનાવેલી કે કોઈ પણ ઉંટડી ઉપર બેસવાનું થાય તે દૂષિત હોવા સાથે પ્રમાદસ્થાન જ છે. ગોશાલાએ પોતે આ આત્મા બીજો છે અને આ શરીર માત્ર ગોશાલાનું છે એમ જણાવવા માગ્યું હતું. પણ તેના ભક્તો સિવાય તે વાત કોઈ માનતું ન્હોતું.

પ્રશ્ન-૯૪૩ ગોશાલાના સ્થવિરો ગોશાળો જીવતાં ભગવાન્ મહાવીર મહારાજને શરણે આવ્યા છે ?

સમાધાન- पडिबुद्धा आजीवियथेरा केइ जिणमुविंति એવા શ્રી હેમચંદ્રસૂરિના વચનથી ઘણા શ્રીવીરને શરણે આવ્યા છે.

પ્રશ્ન-૯૪૪. ઉત્સૂત્રકંદકુદ્દાલ નામનો ગ્રંથ મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીનો કરેલો છે કે કોઈ બીજાનો કરેલો છે ? ખરતરવાળાઓ તો જિનચંદ્ર નામની ચોપડીમાં તે ઉત્સૂત્રકંદકુદ્દાલ શ્રી

ધર્મસાગરજીનો કરેલો કહે છે, અને કેટલાક તપાગચ્છવાળાઓ પણ તે ગ્રંથને જલશરણ કર્યાનું જણાવતાં તે ગ્રંથ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીનો કરેલો હોય એમ ધ્વનિત કરે છે.

સમાધાન-ઉત્સૂત્રકંદકુદ્દાલ નામનો ગ્રંથ મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીએ કરેલો નથી. પરન્તુ તેઓ કરતાં પ્હેલાના આચાર્યે કરેલો છે. એ હકીકત મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીના શિષ્યો જે ભક્તિસાગરજી હતા, તેમના વખતમાં મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી કાલ કરી ગયા પછી તેમના મતનું ખંડન કરવા માટે શ્રી ભાવવિજયજી મહારાજે બનાવેલા षट्त्रिंशज्जल्प નામના ગ્રંથથી માલમ પડે છે. તેમાં લખે છે કે तेषां चैकदा तादृशरागद्वेषवता बृहच्छालीयेन केनचित्कृत उत्सूत्रकंदकुद्दालनामा ग्रन्थो नयनविषयीबभूव, ततश्च ते तं ग्रन्थं गणिपिटकोपनिषदिति मन्यमाना: તે શ્રીધર્મસાગરજીની દ્રષ્ટિમાં કોઈક વખત તેવા રાગદ્વેષવાળા કોઈક વડીપોશાલવાળાએ કરેલો ઉત્સૂત્ર કંદકુદ્દાલ નામે ગ્રંથ આવ્યો, પછી તે શ્રીધર્મસાગરજી તે ગ્રંથને ગણિપિટકનું રહસ્ય હોય નહિ? એમ માનતા (હતા) આ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીના વિરોધિના લખાણ ઉપરથી સાબીત થાય છે કે ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથ મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીનો કરેલો નથીજ. પરન્તુ વડીપોશાલવાળા કોઈ પૂર્વના આચાર્યે કરેલો છે. આ ઉપરથી ખોટું લખનારાને માનનારા ચેતશે અને સમજશે કે તે ગ્રંથ શાસ્ત્રવિરોધને જલશરણ નથી. પણ માત્ર વિરોધિયોના કડકલુદીએ જલશરણ થયો છે, અને આથી જ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સરખા ન્યાયાચાર્ય અને અનુસરતી ગાથા પૂર્વ પક્ષમાં તે ગ્રંથને નામે લે છે.

પ્રશ્ન ૯૪૫-કોઈક આચાર્યનામી એમ કહે છે કે પર્યુષણાની અઠ્ઠાઈમાં ચાર દિવસ શ્રાવણના અને ચાર દિવસ ભાદરવાના જોઈએ એ સત્ય છે કે કેમ?

સમાધાન-શાસ્ત્રની અપેક્ષાએ શ્રાવણમાસમાં સંવચ્છરી પજુસણ હોયજ નહિ, જેને ગુજરાતી લોકો શ્રાવણ વદ કહે છે તે તો શાસ્ત્રની અપેક્ષાએ ભાદરવા વદજ છે. માટે ચાર દિવસ શ્રાવણના પજુસણની અઠ્ઠાઈમાં જોઈએ જ એ કહેનાર આચાર્યનામી હોય તો પણ અજાણ છે એમ માનવું પડે. વળી એમ લઈએ કે શાસ્ત્રની અપેક્ષાએ ચાર દિવસ ભાદરવા વદના અને ચાર દિવસ ભાદરવા સુદના લેવા, તો તે વાત પણ શાસ્ત્રથી વિરુદ્ધ છે. કારણ કે ચઉદશે અમાવાસ્યાએ અને પડવે પણ કલ્પનો આરંભ શાસ્ત્રોકારો જણાવે છે. માટે કોઈક વખત શ્રાવણ (ભાદરવા) વદના ત્રણે હોય અને કોઈક વખત પાંચપણ હોય અને કોઈક વખત ભાદરવા સુદના ત્રણ પણ હોય અને પાંચ પણ હોય શ્રી हीरप्रश्नमां चतुर्दश्यां कल्पो वाच्यते अमावास्यादिवृद्धौ वा अमावास्यायां प्रतिपदि वा અર્થાત્ ચઉદશે કલ્પ વંચાય કે અમાવાસ્યાદિની વૃદ્ધિએ અમાવાસ્યા કે પડવે પણ કલ્પ વંચાય. આ ઉપરથી બન્ને પક્ષના કે માસના ચાર ચાર દિવસનો નિયમ કહેનારા અજ્ઞાની છે એમ જણાય છે.

(ટાઈટલ પા. ૪ થી ચાલુ)

એકત્રિત થઈને આ દીપાલિકા પ્રવર્ત્તાવેલી છે અને તેથી જ આ દીપાવલિકા સમગ્ર ભરતક્ષેત્રમાં વ્યાપક થઈ ગઈ છે. અને એમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. આ દીપાવલિકાના બાહ્યસ્વરૂપ દીપની શ્રેણિને જેટલું વળગવું જોઈયે તેના કરતાં શ્રમણ ભગવાન્ મહાવીરમહારાજે પોતાની હયાતિમાં અન્ત્યઅવસ્થા એ જે સોલ પહોર સુધી અખંડધારાએ દેશના આપી હતી અને તેમાં પંચાવન અધ્યયનો પાપફળને જણાવનારા પંચાવન અધ્યયનો પુણ્યફલને જણાવનારાં અને પ્રશ્ન પૂછયા વગરનાં છત્રીશ વ્યાખ્યાનો જે બારપર્ષદાને સંભળાવ્યાં હતાં અને બારપર્ષદાએ પણ તે છેલ્લો લ્હાવો અખંડપણે સાંભળીને લીધો હતો અને તેનું અનુકરણ દરેક ભવ્યાત્માઓએ કરવાની જરૂર છે. એટલે દીવાળિને દિવસે ભગવાન્ના કાલધર્મ પછી કરાયેલી દીવાની પ્રવૃત્તિમાં જવા કરતાં હયાતિની વખતે થયેલો અખંડપણે સોળપહોરનો લાભ વિશેષે અનુકરણીય હોય. છટ્ઠની તપાસ્યા કરવાપૂર્વક સોલપહોરનો પૌષધ દરેક ભવ્યાત્માઓએ કરવો જોઈયે. અને દીવાલીને દિવસે પ્હેલી રાતે श्रीमहावीरस्वामिसर्वज्ञाय नमः એવો બે હજારનો જાપ એટલે વીસનવકારવાળી અને પાછલી રાતે श्रीमहावीर-स्वामिपारंगताय नमः ની વીસ નવકારવાળી તથા તે બન્ને વખતે દેવવંદન આદિ આરાધનાને માટે કરવું જ જોઈયે. श्रीगौतमस्वामिसर्वज्ञाय नमः એ પદનો જાપ અને દેવવંદન સૂર્ય ઉદય પહેલાં શ્રી ગૌતમસ્વામિ ભગવાંનના કેવલજ્ઞાનને અંગે કરવો એ ભવ્યાત્માઓની ધ્યાન બહાર તો ન જ હોય. ધ્યાન રાખવું કે આ દીપાલિકા પર્વ એટલું બધું રાજા મહારાજા અને સામાન્યવર્ગમાં પ્રચલિત થયેલું હતું અને છે કે જેને અંગે ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીને એમ જણાવવું પડ્યું કે દીવાલિના તહેવારમાં श्रीमद्वीरस्य निर्वाणं, कार्यं लोकानुगैरिह એવા પ્રઘોષને અગ્રસ્થાન મળ્યું. અર્થાત્ લોકો જે દિવસે દિવાળિ કરે તે દિવસ છટ્ઠના બીજા ઉપવાસનો હોય તેવી રીતે જૈનોએ પણ દીવાળિ કરવી એ શાસ્ત્રાજ્ઞાથી સિદ્ધ છે.

# દીપાલિકા અને પ્રભુ મહાવીર

આર્યપ્રજાનો કોઈપણ મનુષ્ય એવો નહિં હોય કે જે દીવાલીના પર્વથી અજાણ્યો હોય, છતાં દીવાલીશબ્દ લોકભાષાનો હોઈ એનું સંસ્કૃત સ્વરૂપ ઘણા ઓછા જ જાણતા હોય છે. દીવાળિનું સંસ્કૃત સ્વરૂપ દીપાવલી છે, અને એનો અર્થ દીવાઓની શ્રેણી એવો થાય છે. જો કે સામાન્યરીતે પ્રતિદિન સદ્ગૃહસ્થોના ઘરમાં અનેક દીવો થાય છે, પણ તેને દીવાની શ્રેણિ તો કહેવાય જ નહિ. દીવાની શ્રેણિ તો દીવાળિને દિવસ લાઈનબંધ જે દીવાઓ થાય છે તેને જ કહી શકાય. પરન્તુ આ દીવાઓ લાઈનબંધ જે કરવામાં આવે છે તે એક બાહ્ય ચિન્હ છે, જો આપણે એકલાબાહ્ય ચિન્હને વળગીએ તો ખરેખર આપણે સાપ અને લીસોટાનો ભેદ નથી સમજ્યા એમ ગણાય. વિચાર કરવાની જરૂર છે કે હંમેશાં દીપક અંધકારનો નાશ કરવા માટે વપરાય છે, તોપછી આ દીવાઓની શ્રેણીથી કયા અંધારાના નાશને લક્ષ્યમાં કર્યું હશે. વિચક્ષણ પુરૂષ સમજી શકશે કે કોઈક એવા અખંડઉદ્યોતના અભાવને લીધે અગર તેના અસ્તને લીધે આ દીપાલિકા શરૂ થયેલી હોવી જોઈયે. આ દીપાલિકા માટે જૈનસૂત્રોમાં શિરોમણિ તરીકે ગણાતું શ્રીપર્યુષણાકલ્પસૂત્ર જેની રચના ભગવાન્ મહાવીર મહારાજ પછી એકસોસિત્તેર વર્ષે શ્રુતકેવલિશ્રીભદ્રબાહુસ્વાજિએ કરેલી છે, તેમાં દીપાવલિકાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અને તેનાથી પ્રાચીન કોઈપણ ઉલ્લેખ દીપાવલિકા માટે જૈનશાસ્ત્ર કે અન્યદર્શનિશાસ્ત્રોમાં નથી. શ્રીકલ્પસૂત્રના ફરમાન પ્રમાણે ભગવાન્ મહાવીર મહારાજરૂપી અખંડ ઉદ્યોતકારક કેવલજ્ઞાની જીનેશ્વર ભગવાનના અસ્તસમયથી જ અખંડ ઉદ્યોતકરાક કેવલજ્ઞાની જીનેશ્વર ભગવાનન્રા અસ્તસમયથી જ થયેલા ભાવઅંધકારને ટાળવાના ઉપલક્ષણમાં જ આ દીપાવલિકા પ્રવર્ત્તલી છે. ધ્યાન રાખવું જરૂરી છે કે અઢારે દેશના ગણરાજાઓએ

(જુઓ) ટાઈટલ પા. ૩જું)

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभाताविर्भावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

## શ્રાવક-પર્યુષણા-વિચાર-અંક

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


વીર સંવત્ ૨૪૬૩ } વર્ષ ૬ { આસો વદિ અમાવાસ્યા
વિક્રમ સંવત્ ૧૯૯૩ } અંક ૨ { તા. ૩-૧૧-૩૭ બુધવાર



તંત્રી
પાનાચંદ રૂપચંદ ઝવેરી
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

# સમાલોચના

૧ જોધપુરનું પંચાંગ અને તેમાં બે પાંચમની કબુલાત કરે છે. (એટલે બીજા ટીપનાં લીધાં તે ભુલ કરી છે.

૨ બે બીજઆદિ હોય ત્યારે બે એકમઆદિ લખવા માનવાનો રીવાજ ચાલીસ વર્ષનો છે અને તે પણ અનાભોગ વશ છે એ માનનારે ૧૮૯૫નો બે પુનમે બે તેરશ કરવાનો લેખ વાંચવો વિચારવો. ચોપડાનું લખાણ તો અત્યારે પણ પર્વતિથિની ક્ષયવૃદ્ધિવાળું જ હોય છે.

૩ શ્રીતપાગચ્છની માન્યતા જણાવનાર અને આણસૂરવિરૂદ્ધ ફક્ત શ્રીદેવસૂર ગચ્છીયોજ છે. તે પાનામાં પુનમની વૃદ્ધિવાળો શ્રીહીરપ્રશ્નનો પ્રશ્ન છે એમ કહેવું જુઠું છે. શ્રીહીરસૂરિજી બીજા પર્વને ઔદયિક ગણાવે છે. છતાં પ્હેલાને પણ ઔદયિક ગણી બીજઆદિ ગણનારની શી ગતિ ?

૪ કોઈ પણ ગ્રંથનો પાઠ બે પુનમે બે તેરશ ન થાય એવો કોઈ દેખાડતો નથી. ખરતરની ચર્ચા તપાગચ્છના રીવાજને લાગુ ન કરાય.

૫ क्षये નો પ્રઘોષ અપવાદ છે એટલે જ ઉત્તર બીજઆદિ સિવાય તે બીજઆદિ તરીકે કહેનારા વિરાધક થાય.

૬ ૧૪/૧૫ ભેળાં માનનાર એક પૌષધાદિ દિનકૃત્ય રૂપ ધર્મનાલોપક હોવા સાથે શ્રીહીરસૂરિજીના त्रयोदशीचतुर्दश्योः ના તત્વને તથા પુનમના ક્ષયે ચઉદશને પુનમ માનીને જ भोग सत्त्वे विद्यमानत्व જેવા સામાન્યશબ્દોથી વિશેષ वास्तवी શબ્દ ધર્યો છે તેને લોપનારા છે. ટીપનાની ચઉદશે પુનમનું આરાધન થાય છેજ. ઉદય તેરસે ક્ષીણ ચઉદશ મનાય છે.

૭ શ્રીહીરપ્રશ્નમાં એકલી પુનમના તપનોજ પ્રશ્ન છે અને ત્યાં त्रयोदश्यां એવું નથીજ. વળી નવીનોને તો બે તપનો પ્રશ્ન હોય તો પણ चतुर्दश्यां એમજ કહેવું જોઈએ.

૮ શ્રી રૂપવિજયજીએ તે પ્રશ્નોત્તરમાંજ ચોમાસી પુનમના ક્ષયે તેરસનો ક્ષય કરવાનો કહેલોજ છે. જુઓ સાંવત્સરિકપર્વતિથિ વિચારણા પૃષ્ઠ-૬૭ એ માનનારને બે પુનમે બે તેરસ કરવી જ પડે, मूलो नास्ति એ ગ્રામવાક્ય છે.

૯ પુનમનું તપ તેરસે કરવાનું શ્રીહીરસૂરીજીને નામે કહેનાર જુદા છે. જોડે એકલી ચૌદશજ પાલવી એમ કહેનાર તો ઉત્થાપક જ છે.

૧૦ પુનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ કરવાનું તો મૂળથી ચાલતું જ હતું, તેમાં પડવાની પકડ કરનાર આણસૂરથી ઝગડો જામ્યો, અને તે સમ્યો. ત્યારે આ નવા પર્વતિથિનો ક્ષય પકડનારા પાકયા તેથી ઝગડો દેશભરમાં જામ્યો છે.

૧૧ શ્રી હીરસૂરિજીએ પુનમનું તપ તેરસે કરવાનું જણાવ્યું હોત તો त्रयोदश्यां એમ જ કહેત. વળી પર્વલોપકોની અપેક્ષાએ તો ચઉદશથી સરે એમજ કહેત.

૧૨ આણસૂરવાળા તો પડવાનો ક્ષય પુનમના ક્ષયે કરે છે. છતાં નવીનોની માફક તેરસે પુનમનું તપ કરી પુનમ કરે અને તેરસ પછી ચૌદશ કરે તો પુનમ પછી ચૌદશ જ માનેલું કહેવાય. માટે તેને ભ્રમ કરનાર ભ્રમિત હોય.

(અનુસંધાન ટા. પા. ૩)

# પર્યુષણાપર્વ અને શ્રાવકવર્ગ (ગતાંકથી ચાલુ)

**પાપનો ક્ષય કેટલા પ્રકારે ?**

કરેલા પાપોનો ક્ષય બે પ્રકારે જ બને છે. આગળ જણાવવામાં આવશે એવા બે પ્રકાર જ્યાં સુધી કર્મના ક્ષયને માટે જોડાયેલા હોય નહિ, ત્યાં સુધી કરેલા કર્મનો ક્ષય કોઈપણ દિવસે થઈ શકતો જ નથી. આજ કારણથી અન્યમતવાળા પણ એમ કહે છે કે 'कृतकर्मक्षयो नास्ति' અર્થાત્ કરેલા કર્મનો નાશજ નથી. એવી જ રીતે જૈનશાસ્ત્રકાર પણ એજ ફરમાવે છે કે 'कडाण कम्माण न मुक्खो अत्थि' અર્થાત્ આભવ કે ગતભવમાં પણ કરાયેલા કર્મનો નાશ નથી. આવી રીતે ભવાંતરે કરેલા કર્મનો નાશ નહિં થવામાં લોક અને લોકોત્તર માર્ગ સરખો દેખાય છે. છતાં લૌકિકમાર્ગવાળાઓ अवश्यमेव भोक्तव्यं એમ કહીને કરેલા કર્મના ક્ષયને માટે એક જ રસ્તો બતાવે છે, અને તે એ કે કરેલું પાપ દરેક જીવે ભોગવવું જ જોઈએ. જ્યારે જૈનશાસ્ત્રકાર તે પૂર્વભવના કે તદ્ભવના પાપના ક્ષયને માટે બે રસ્તાઓ બતાવે છે. પ્હેલો રસ્તો પાપકર્મ પોતાનો ફલ વિપાક દઈને નાશ પામે છે તે છે અને તે તો અન્ય મતવાળાએ પણ કબુલ કરેલો જ છે અને બીજો રસ્તો તપસ્યાએ કરીને કર્મને નાશ કરવાનો છે. જો તપ, જપ, ધ્યાન અને દેવગુરુની સેવાથી જીવ કર્મના ક્ષયને ન કરી શકે તો પછી એમ કહેવું જોઈએ કે એ તપ જપ વિગેરે સર્વ મોક્ષાર્થી જીવોને માટે વ્યર્થ જ છે. વળી જો કરેલા કર્મનો જપ વિગેરેથી ક્ષય ન થતો હોય તો અજ્ઞાનીને જ્ઞાન પામવાનો વખત, મિથ્યાત્વીને સમ્યક્ત્વ પામવાનો વખત અને અવિરતિને વિરતિ પામવાનો વખત આવેજ નહિ. કારણ કે અજ્ઞાનાદિ અવસ્થામાં કરેલાં કર્મો જેવી રીતે ભોગવવામાં આવે તેવી જ રીતે અજ્ઞાન અવસ્થામાં રહેલી અજ્ઞાનતાને લીધે અનેક પ્રકારે કરાતા કર્મો હોય છે, અને જો એકલા ભોગવવાથી જ ત્રુટતાં હોય તો પછી જ્ઞાનીપણા આદિની દશા થઈ શકે જ નહિ, અને એ વાત તો સર્વશાસ્ત્રકારોને માનવી જ પડે છે કે પૂર્વઅવસ્થામાં અજ્ઞાની હોય તો પણ તે જ્ઞાન પામી શકે છે. એટલે માનવું જોઈએ કે બાંધેલા પાપોને ભોગવવાનો જે કર્મ ક્ષયને માટે રસ્તો ગણાવ્યો છે તેના જેવો બીજો કોઈ રસ્તો એવો હોવોજ જોઈએ કે જે રસ્તો અજ્ઞાન અવસ્થામાં બાંધેલાં કર્મોનો નાશ કરીને જ્ઞાનની અવસ્થાને મેળવી શકે. તે ભવાંતરના પાપોને ક્ષય કરવા માટે યોજાયેલો જે બીજો રસ્તો તે અન્ય કોઈપણ નહિં પણ માત્ર તપસ્યા જ છે. આટલા માટે શાસ્ત્રકારો કરેલકર્મોનું છુંટવું થતું નથી એવો સિદ્ધાન્ત જણાવવા સાથે नन्नत्थ अवेअइत्ता तवसा वा झोसइत्ता એમ સ્પષ્ટપણે જણાવે છે, અર્થાત્ ભવાંતરમાં કે તે ભવમાં કરેલાં પાપોનો ભોગવટો થઈ જાય, અગર તપસ્યાથી નાશ કરવામાં આવે, એ બે કારણથી જ તદ્ભવ કે ભવાંતરમાં કરેલાં કર્મોનો નાશ થઈ શકે. એ સિવાય કરેલાં કર્મોનો નાશ થઈ શકતો જ નથી, એટલે જીવોએ ભવાંતરમાં બાંધેલાં કર્મોનો નાશ કરવો હોય તો તેના બેજ રસ્તા છે એક તો કર્મોને

ભોગવી લેવાં અગર તપસ્યાદ્વારાએ કર્મોનો નાશ કરવો. તો પછી એ બે રસ્તામાં જે કર્મોને ભોગવવાનો રસ્તો છે તે એટલો બધો વિકટ છે કે તે ડગલે પગલે દુઃખ દે અને ફેર તે દુઃખ ઉભું કરે, કારણકે તપસ્યાના સંસ્કાર વગરનો મનુષ્ય જે કંઈપણ દુઃખોને ભોગવે છે તે દુઃખોને ભોગવતી વખત દુઃખના કારણભૂત વસ્તુ પણ તે દુઃખને દેનાર ઉપર યાવત્ સંયોગમાં રહેલા કુટુંબીજન ઉપર અને સામગ્રી ઉપર અત્યન્ત ક્રોધવાળો થાય છે, અને તેથી તે દુઃખ વેઠવાદ્વારાએ ભવાંતરમાં કરેલાં પાપોનો જેટલે અંશે નાશ થાય તેના કરતાં ઘણા જ વધારે દરજ્જે કર્મોનો બંધ કરવાનો વખત આવે છે. માટે સુજ્ઞ મનુષ્યોને અંગે તો ભવાન્તરનાં અગર તદ્ભવનાં કર્મોને નાશ કરવાનો એક જ રસ્તો છે અને તે એ કે તપસ્યા કરવી.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જો તદ્ભવ કે ભવાંતરમાં કરેલાં કર્મોનો ભોગવ્યા સિવાય ક્ષય જ ન થતો હોય, તો જગત્માં કોઈપણ ધર્મ પ્રવર્ત્તે નહિં, કે જગત્ને કોઈએ ધર્મ કરવાની આજ્ઞા ફરમાવવી જોઈએ નહિ. એટલું જ નહિ, પણ કરેલા ગુન્હાની માફી માગવી તે સર્વથા બેવકુફી જ ગણાય. અને કરેલાં પાપોનું પ્રાયશ્ચિત કરવું તે ઢોંગ રૂપજ ગણાય, પરન્તુ તપસ્યાથી કર્મોનો ક્ષય થાય છે માટેજ ધર્મ અને માફી કે પ્રાયશ્ચિતની સફળતા જરૂર ગણવામાં આવી છે.

## તપ એ કર્મક્ષયનું કારણ છે

આ વસ્તુ ધ્યાનમાં લેનારો મનુષ્ય ભવાન્તરના કર્મના ક્ષયની ઈચ્છાવાળો હોય તો તપસ્યાને આદર્યા સિવાય કોઈ દિવસ રહી શકે જ નહિ. કેટલાંક બીચારા અજ્ઞાની લોકો કર્મ અને તેના ક્ષયના ઉપાયોને નહીં સમજતા હોવાને લીધે પોતે કર્મક્ષયને લીધે તપસ્યામાં તૈયાર નથી થતા, એટલું જ નહીં, પણ બીજા ધર્મપરાયણ લોકો કર્મક્ષયને માટે તપસ્યા કરતા હોય તે તપસ્યાને રોકવા માટે ભરમાવવા તૈયાર થાય છે. તેઓ એવો બકવાસ કરે છે કે તપસ્યા કરનારના પેટમાં રહેલા જીવો તપસ્યા કરવાથી દુઃખી થાય માટે તપસ્યા કરનારને લાભ નથી. પણ નુકસાન જ છે. આવો તેઓનો બકવાસ કેવલ મૂર્ખતાનું શિખર જ છે. કેમ કે ચાહે જેટલી તપસ્યા થાય તો પણ જ્યાં સુધી જીવન હોય છે ત્યાં સુધી પેટમાં રહેલા જીવોને લાયકનો ખોરાક તો પેટમાં હોય જ છે. એટલે વાસ્તવિક રીતે તો પેટના જીવોના નામે પોતાને જ પતરાળીઓ પધરાવવી છે. એટલે સમજુ મનુષ્ય એવા મૂર્ખાઓના બકવાસને કાનમાં પણ ન ધારે એ સ્વભાવિક જ છે.

## ઈંદ્રિયરૂપઅશ્વને માટે તપસ્યા લગામ છે.

બીજી બાજુ આત્મા આહારદ્વારા એ જ શરીર અને ઈન્દ્રિયોને અત્યન્ત પુષ્ટ કરે છે, અને શરીર તથા ઈન્દ્રિયોની પુષ્ટિ મનના વેગને પવનવેગી ઘોડાની માફક દોડાવે છે. તેવે વખતે તે પામરપ્રાણી પાપના કેટલાં પોટલા બાંધતો હશે તે વાત વિચક્ષણો જ સમજી શકે, માટે નવા પાપને રોકવાની ઈચ્છાવાળાએ પણ તપસ્યાનો આદર કરવાની જરૂર છે. વળી જીવો ભવાંતરમાં કે આ ભવમાં જે પાપકર્મ

બાંધે છે તેનું કારણ આત્માની રાગદ્વેષની પરિણતિને લીધે થયેલી સ્નિગ્ધતા જ છે, તો પછી જે મનુષ્ય જીવનના આધારભૂત એવા આહાર ઉપરનો પણ રાગ છોડી દે તેવો મનુષ્ય નવાં કર્મો ન બાંધે તેમાં નવાઈ નથી. જેવી રીતે આહારનો રાગ છોડવાથી નવાં કર્મો બંધાતાં અટકે છે, તેવી જ રીતે આહારની તૃષ્ણાના પરિહારથી ભવાન્તરનાં બાંધેલાં કર્મોનો નાશ પણ જરૂર થાય છે. એટલા માટે પાપકર્મના નાશની ઈચ્છાવાળાઓએ તપસ્યાને માટે તીવ્રતમ પ્રયત્ન કરવાની જરૂર જ છે, અને જૈનશાસનને જાણનારો એ વાત તો સારી રીતે સમજે છે કે 'तपः कर्मविनाशाय' અર્થાત્ તપસ્યા જ એક એવી ચીજ છે કે જે તદ્‌ભવે કે ભવાંતરે બાંધેલા કર્મના નાશને માટે સમર્થ થાય.

## ધર્મના સામાન્યભેદમાં પણ તપનું સ્થાન છે.

વળી જેઓ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના ચરિત્રને સાંભળનાર, જાણનાર અને માનનાર હોય તેઓ તો સારી પેઠે સમજી શકે છે કે ગર્ભથી સમ્યક્ત્વ અને મતિ શ્રુત અવધિ એ ત્રણે જ્ઞાનોને ધારણ કરનારા હોવા છતાં વળી તેજ ભવમાં મોક્ષ પામવાની નિશ્ચિયતાવાળા છતાં પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી ચાર જ્ઞાન મેળવી લીધા છતાં, અને દેવેન્દ્ર નરેન્દ્ર અને યોગીન્દ્રને પૂજ્યતમ થયાં છતાં પણ કર્મના ક્ષયને માટે તીવ્રતમતપસ્યા કરવાને માટે જ તૈયાર થયા હતા. આ સ્થાને એટલું તો જરૂર ધ્યાનમાં રાખવાનું છે કે કેટલાક લોકો માર્ગભ્રષ્ટ થઈને અધ્યાત્મવાદી તરીકે પોતાને જાહેર કરવા સાથે તેવી વાચાલતા કરતાં જણાવે છે કે તપસ્યાએ એક અજ્ઞાનની ક્રિયા છે, દ્રવ્યક્રિયા છે, આ સર્વ કથન તપસ્યા કરનારને કોઈપણ અંશે લાગું થતું નથી. પરન્તુ ફાગણ મહિનાના બાલક જેવા તે અધ્યાત્મીઓને જ તે લાગુ થાય છે. કેમકે ઉપર જણાવ્યા પ્રમાણે ઉચ્ચતમજ્ઞાનની દશાને પામેલા એવા પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે તપસ્યાને કર્ત્તવ્ય તરીકે ગણી છે અને સામાન્યરીતે ધર્મના ભેદો જણાવતાં આચાર્ય મહારાજ પણ 'अहिंसा संजमो तवो' - એમ કહી તપસ્યાને ધર્મરૂપે જણાવી છે. વળી કર્મના ક્ષયરૂપ નિર્જરાના ભેદો જણાવતાં પણ બાર પ્રકારની તપસ્યા જ જણાવી છે, એટલે નક્કી થયું કે જ્ઞાનીઓનું કાર્ય તો તપસ્યા કરવાનું જ છે. જો કે શાસ્ત્રકારોએ તપસ્યાના બાર ભેદ જણાવ્યા છે અને અપૂર્વકરણરૂપ તપસ્યાથી જ નિકાચિત બાંધેલાં કર્મોનો ક્ષય જણાવ્યો છે, કેમકે જો તે અપૂર્વકરણરૂપ તપસ્યાથી પણ નિકાચિત બાંધેલાં કર્મોનો ક્ષય ન જ થાય એમ માનીએ તો કોઈપણ જીવને સમ્યક્ત્વ પ્રાપ્તિના ભવે કે સમ્યકત્વપ્રાપ્તિ પછી સાત આઠ ભવે મોક્ષ પ્રાપ્ત થવાનો વખત જ આવે નહિ કારણ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા પ્હેલાના સમયમાં મિથ્યાત્વ અને અજ્ઞાનદશા ભરેલી હોવાથી ડગલે અને પગલે નિધત્ત અને નિકાચિત કર્મોનો બંધ થયા જ કરે, અને તે કર્મોની ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડ સાગરોપમસ્થિતિ હોય તેથી સિત્તેર કોડાકોડીમાં તો કોઈને પણ તે નિધત્ત અને નિકાચિતપણે બાંધેલાં

કર્મોનો ક્ષય થવાનો વખત જ આવે નહિં અને તે કર્મોનો ક્ષય થયા સિવાય ક્ષપકશ્રેણિ કૈવલ્ય કે સિદ્ધિપદની પ્રાપ્તિ કોઈપણ કાલે થઈ નથી, થતી નથી, થશે નહિ, અને થાય પણ નહિં. અને શાસ્ત્રકારો તો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે કેટલાક જીવો તો સમ્યક્ત્વ પામવાના ભવમાં જ, કેટલાક જીવો સમ્યક્ત્વ પામવાના ભવથી ત્રીજા ભવમાં અને કેટલાકો સમ્યક્ત્વ પામવાના ભવથી સાતમા આઠમા ભવમાં ઘણે ભાગે મોક્ષ પામે છે. એટલે કહેવું જોઈએ કે સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની જગો પર માત્ર છાસઠ સાગરોપમ જેટલો જ આંતરો પ્રચુર ભવ્યાત્માઓને હોય છે. આ બધું ત્યારે જ બની શકે કે જ્યારે અપૂર્વકરણરૂપ તપસ્યાથી નિધત્ત અને નિકાચિત કર્મોનો ક્ષય માનવામાં આવે વળી કેવલજ્ઞાન પામીને મોક્ષ જનારાઓને અન્યભવમાં જવાનું હોતું નથી, તેથી અન્યભવોને લાયકનાં ગતિ, શરીર, વેદનીય વિગેરે બાંધેલાં નિધત્ત અને નિકાચિત્ત કર્મો હોય તેનો મનુષ્યભવમાં ભોગવટો થઈ શકે જ નહિ. માટે અપૂર્વકરણવાળી ક્ષપકશ્રેણીથી ક્ષય માનવો જ જોઈએ. આવી રીતે નિકાચિતકર્મના ક્ષયને માટે પણ અપૂર્વકરણરૂપી તપસ્યા જ યોગ્ય છે, છતાં તે અપૂર્વકરણની તપસ્યાને લાવનાર જો કોઈપણ સીધો માર્ગ હોય તો તે અનશનાદિક તપસ્યા જ છે અને તેજ કારણથી શાસ્ત્રકારોએ તપસ્યાના બાર ભેદોમાં પ્હેલો નંબર અનશન નામની તપસ્યાને આપેલો છે.

જો કે શાસ્ત્રકારો પૂર્વકાલના બાંધેલાં કર્મોના ક્ષયને માટે બારે પ્રકારની તપસ્યા સાધન તરીકે ગણાવે છે અને તેથી શાસ્ત્રોમાં નિર્જરાના ભેદ જણાવતાં તપસ્યાના બાર પ્રકારને લઈને નિર્જરાના બારભેદ તરીકે કહે છે, જો કે શાસ્ત્રકારો विपाकोऽनुभवः ततश्च, निर्जरा - એમ કહીને કર્મના ફલને ભોગવવારૂપ અનુભવને પણ નિર્જરાનું કારણ બતાવે છે અને એ હિસાબે જ્ઞાનવરણીયાદિક કર્મોનું ભોગવવું કે જે બાર પ્રકારના તપમાંથી એકકે પ્રકારના તપ તરીકે ગણી શકાય તેમ નથી અને ગણ્યું નથી. છતાં તે તે જ્ઞાનાવરણીયાદિકર્મોનું ભોગવવું તે જરૂર નિર્જરાનું કારણ તો છેજ, છતાં તે કર્મોના ઉદયને ભોગવવાથી થતી નિર્જરાને શાસ્ત્રકારોએ નિર્જરાના ભેદમાં ગણી નથી, તેનું એક જ કારણ સંભવી શકે કે કર્મોના ઉદયદ્વારાએ જો કે નિર્જરા થાય છે, પરન્તુ તે થતી નિર્જરા કરતાં કર્મના ઉદયને આધીન થયેલી આત્માની પરિણતિથી એટલાં બધાં તીવ્ર કર્મો બંધાય છે કે જે કર્મોના બંધની આગળ તે થયેલી કર્મની નિર્જરા હિસાબમાં રહેતી નથી અને તેથી જ શાસ્ત્રકારો મિથ્યાદ્રષ્ટિને કર્મનો બંધ મહાપલ્ય સરખો માનીને કર્મના ભોગવટાદ્વારાએ થતી તેની નિર્જરાને નાલિકા જેટલી જ માને છે. આ શાસ્ત્રકારનું પલ્ય અને નાલિકાનું દ્રષ્ટાન્ત વિચારતાં સ્પષ્ટ સમજી શકાશે કે કર્મના ઉદયને લીધે થતી નિર્જરા એ પરિણામે કર્મની ઓછાશને કરવાવાળી નથી, અને તેથી તે નિર્જરાને મોક્ષની

પ્રાપ્તિને માટે ઉપયોગી થતી નિર્જરાના ભેદમાં શાસ્ત્રકારોએ સ્થાન આપ્યું નથી. વળી શાસ્ત્રકારો એ નિર્જરાને સંવરતત્વથી પાછલા ભાગમાં સ્થાન આપ્યું છે, તેથી શાસ્ત્રકારોનો એ પણ મુદ્દો હોય કે સંવર કરવાપૂર્વક થતી નિર્જરા તેજ મોક્ષમાર્ગને અંગે ઉપયોગી છે અને આજ કારણથી આવશ્યક નિર્યુક્તિકારે પણ **तवसंवरमईयं** એમ કહીને કર્મ નિર્જરામાં સંવર અને મોક્ષનું મુખ્ય કારણપણું જણાવવા તરીકે તપસ્યાનું સ્થાન આપ્યું છે.

## તપસ્યાના ભેદો મુખ્યતાએ કર્મની નિર્જરાને ઉદ્દેશીને છે.

શાસ્ત્રોમાં નોકારશીથી માંડીને ઉપવાસ વિગેરેનાં જે ફલો જણાવતાં નારકીના સોઆદિ વર્ષોનાં કર્મક્ષયનું પરિમાણ આપેલું છે તે પણ મુખ્યતાએ શ્રમણનિર્ગ્રંથને ઉદ્દેશીને છે. તેથી ત્યાં પણ સંવરનો મહિમા અલૌકિક જ છે, એમ માન્યા સિવાય ચાલશે જ નહિં. વળી નિર્જરાના ભેદ તરીકે જણાવેલી બાર પ્રકારની તપસ્યામાં જો કે વ્યવહારદ્રષ્ટિથી બાહ્યલોકો કેવલ અનશન અને આતાપનાદિક કષ્ટનેજ તપસ્યા તરીકે ગણે છે, છતાં પણ શાસ્ત્રકારોએ જે તપસ્યાના બાર ભેદો ગણેલા છે તે લૌકિકદ્રષ્ટિની મુખ્યતા ન રાખતાં કર્મનિર્જરાની મુખ્યતાને ઉદ્દેશીને જણાવેલા છે.

## સકામનિર્જરા અને તેનું ફલ

આ સ્થાને એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે સંવરમાં સાવધાન થયેલા મનુષ્યને આ બારે પ્રકારની તપસ્યાથી સકામનિર્જરા થાય છે અને તેથી તે કહેનારો જરૂર મોક્ષમાર્ગમાં જરૂર આગળ વધે. પરન્તુ જેઓને સંવર હોતો નથી અથવા તો જેઓનો આત્મા મોક્ષના સાધન તરીકે સંવરની તરફ ઝુકેલો નથી તેવા આત્માઓને આ બાર પ્રકારની તપસ્યા નિર્જરામાં સાધન બને તો પણ સકામ નિર્જરાનું સાધન બની શકે જ નહિ. અને જો મોક્ષના સાધન તરીકે સંવરનિર્જરામાં પ્રવર્ત્તનાર સિવાયને સકામનિર્જરા માનવામાં આવે તો નારકી આદિક જીવોને અત્યન્ત કાયક્લેશ રહેલો જ છે. તિર્યંચ નારકી આદિક ગતિમાં આહારનો રોધ અને આહારની ન્યૂનતા પણ રહેલી છે, તેથી તે એકેન્દ્રિય અને નારકીઓને પણ સકામનિર્જરાવાળા માનવા પડે. વળી શાસ્ત્રકારો અકામ ક્ષુધા, અકામ તૃષ્ણા, અકામ બ્રહ્મચર્ય, અકામ મલધારણ વિગેરેથી જે અકામ નિર્જરા જણાવે છે તેમાં શીત, આતપ અને વર્ષાદનાં કષ્ટો પણ અકામનિર્જરામાં જ જણાવે છે, તે હકીકત ધ્યાનમાં લેનારો મનુષ્ય મોક્ષના સાધનભૂત એવા સંવરવાળા સિવાયના કાયક્લેશાદિને મોક્ષના સાધનભૂત સકામનિર્જરારૂપ માની શકે જ નહિ. જોકે કેટલાકોનું કહેવું એમ થાય છે કે અકામનિર્જરાવાળા જીવો કરતાં બાલતપસ્યાવાળાઓની ગતિ શાસ્ત્રકારોએ જુદી અને ઉંચી જણાવી છે. માટે બાલતપસ્વીઓને સકામનિર્જરા માનવી જોઈએ. આ કથનના સામાવાદ તરીકે કેટલાકોનું એ કહેવું છે કે અકામનિર્જરામાં દુઃખ વેઠવાની ઈચ્છા હોતી નથી. અને સુખ મેળવવાની ઈચ્છા હોય છે. તે અપેક્ષાએ બાલતપસ્યાવાળાઓ

વધારે નિર્જરા કરે છે એમાં ના નહિં, અને તેથી તે દેવતાની ઉંચી ગતિ પામે તેમાં પણ કોઈ ના કહી શકે તેમ નથી, પરન્તુ મોક્ષનું સ્વરૂપ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને કહેલા સ્વરૂપને અનુસારે જેઓ માનતા ન હોય અને જેઓ માત્ર પરભવને માટે એટલે પરભવમાં દેવતા થવા, રાજા થવા કે કામભોગ મેળવવાના પરિણામથી તપસ્યા કરતા હોય તો તેવાઓને સકામનિર્જરા કોઈપણ પ્રકારે માની શકાય નહિં. જો તેવાઓની નિર્જરાને સકામનિર્જરા કહેવામાં આવે તો કાશીની કરવતની પ્રશંસા કરી કાશીમાં કરવતથી મરતા લોકોની અનુમોદના કરવી જ પડે. વળી પતિ મરી જવાથી જે બાઈયો શીલવતી હોય અગર શીલ વિહૂણી હોય તો પણ બળી મરે છે અને સતી થાય તેની પણ સકામ નિર્જરા માનીને અનુમોદના કરવી જોઈએ. અર્થાત્ અગ્નિપ્રવેશ, જલપ્રવેશ. અને ઝમ્પાપાત વિગેરે કાર્યો પણ સકામનિર્જરાના સાધનો છે એમ માનવું પડે અને તે કોઈ પણ પ્રકારે જૈનોથી માની શકાય જ નહિં, માટે યથાસ્થિત મોક્ષની શ્રદ્ધાપૂર્વક કરાતી તપસ્યાથી જ સકામનિર્જરા માની શકાય. વળી અન્ય લોકો પંચાગ્નિ તપ અને માઘસ્નાન વિગેરે કરીને ઘણાં કાયાનાં કષ્ટો કરે છે તે બધાને પણ સકામનિર્જરા માનવી પડે અને જો તે બધાને સકામનિર્જરા માનીયે તો તેની પ્રશંસા અને અનુમોદના શાસ્ત્રકારોને અને જૈનોને કરવી જ જોઈએ અને જો એમ ગણીએ તો ભગવાન પાર્શ્વનાથજી મહારાજે કમઠની પંચાગ્નિતપસ્યાને જે ફીટકાર દીધો તે શાસ્ત્રોમાં અને જૈનોમાં પ્રસિદ્ધ જ છે. છતાં તે ફીટકાર અયોગ્ય થાય અને પાર્શ્વનાથજી મહારાજને કલંક દેનારો થાય. વળી આવશ્યકવૃત્તિ અને વિશેષાવશ્યકભાષ્ય વિગેરેમાં જે દ્રવ્યતીર્થો કે જેમાં માઘસ્નાનાદિ કરવામાં આવે છે, તેને કર્મબંધનાં કારણો તરીકે જણાવ્યાં તેમાં પણ ભૂલ ગણવી પડે અને તેને નિર્જરાના કારણોમાં લેવાં પડે.

## બાલતપસ્વીને કઈ નિર્જરા હોય ?

કેટલાકનું એવું કહેવું થાય છે કે આવશ્યક નિર્યુક્તિમાં તથા શ્રીતત્ત્વાર્થસૂત્રમાં અકામનિર્જરા અને બાલતપસ્યા જુદી જણાવી છે માટે બાલતપસ્યામાં સકામનિર્જરા જ થતી માનવી જોઈએ. આવા કથનના સમાધાનમાં બીજાઓ તરફથી એમ કહેવાય છે કે અકામનિર્જરા બે પ્રકારની છે. એક તો કેવલ દુઃખ વેઠવાની બુદ્ધિ ન હોય, સુખ મેળવવાની તૃષા હોય, અને અશાતા અને અન્તરાયના ઉદયથી દુઃખો ભોગવવાં પડે અને તેથી નિર્જરા થાય, એવી અકામનિર્જરા આવશ્યક નિર્યુક્તિ તથા તત્વાર્થમાં જુદી પાડેલી છે. કેમ કે શૂલપાણિયક્ષ જેવા જીવો ચારાપાણીની ઈચ્છાવાળા છતાં પણ માત્ર ભૂખ્યા રહેવાથી અને તડકો વિગેરે વેઠવાથી દેવલોકે ગયા, તેમાં આહારાદિકની ઈચ્છારૂપી આર્ત્તધ્યાન જો કે સાથે જ હતું, તો પણ દુઃખની પરાકાષ્ઠા ભોગવેલી હોવાથી તે દેવગતિમાં જઈ શૂલપાણિ યક્ષ તરીકે ઉત્પન્ન થયો, પરન્તુ બાલતપસ્વીઓને દુઃખ ભોગવતી વખતે તેનાથી

પ્રતિકૂલ સારા પદાર્થની ઈચ્છા હોતી નથી તેથી તેના દુઃખના ભોગવટાને લીધે થતી નિર્જરાને વગર ઈચ્છાની નિર્જરારૂપી અકામ નિર્જરા ન કહી શકાય, પરન્તુ મોક્ષની કામનાથી થતી જે નિર્જરા તે રૂપ સકામનિર્જરારૂપી અકામ નિર્જરા ન કહી શકાય, પરન્તુ મોક્ષની કામનાથી થતી જે નિર્જરા તે રૂપ સકામનિર્જરા તો તે બાલતપસ્વિઓને તત્ત્વનો યથાર્થ બોધ અને શ્રદ્ધા નહિં હોવાથી તેમજ ઘણા ભાગે દેવેન્દ્ર નરેન્દ્ર વગેરે પદવીઓની ઈચ્છા તથા કામભોગની અભિલાષા હોવાથી સકામનિર્જરા કહી શકાય જ નહિં અર્થાત્ દુઃખ ભોગવવાની અપેક્ષાએ ભલે તે બાલતપસ્વિઓની નિર્જરા અકામ એટલે વગર ઈચ્છાની ન હોય, પરન્તુ મોક્ષનો પ્રતિબન્ધ કરનાર કેવલ જ્ઞાનાવરણીયઆદિક કર્મો જ છે અને તે કર્મોનો ક્ષય મુમુક્ષુ જીવો વડે તપસ્યાથી જ કરાય છે માટે મારે તે મોક્ષને માટે તપસ્યા કરવી જ જોઈએ, એટલું જ નહિં, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને જેવી રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને મોક્ષનું સાધન ગણાવ્યું છે, તેવી જ રીતે આ તપસ્યા પણ મોક્ષનું અદ્વિતીય સાધન ગણાવી છે. માટે મુમુક્ષુપણાની સફલતાને અંગે મોક્ષને પ્રતિબંધ કરનારાં કર્મોના ક્ષયને માટે મારે તપસ્યા કરવી જ જોઈએ. આવી રીતે શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક કર્મક્ષયને માટે કરાતી તપસ્યા તેજ સકામનિર્જરા કહી શકાય. વળી તત્ત્વાર્થ અને આવશ્યક નિર્યુક્તિમાં અકામનિર્જરા અને બાલતપસ્યા જુદાં લીધાં તેથી બાલતપસ્યામાં સકામનિર્જરાજ માનવા જઈએ તો તે આવશ્યકનિર્યુક્તિમાં સંયોગ, વિયોગ અને વ્યસન આદિને પણ સમ્યક્ત્વના સાધન તરીકે લીધેલાં છે તો શું તે વ્યસન (દુઃખ) વિગેરેમાં સકામનિર્જરાજ થાય છે એમ માની શકાય ? અને જો એમ હોય તો પછી તત્વાર્થસૂત્રમાં સરાગ સંયમ અને સંયમાસંયમને તથા બાલતપસ્યાને લેવાની જરૂર જ ન્હોતી. કેમકે सकामाकामनिर्जराभ्याम् એટલું જ કહેવાની જરૂર હતી. અર્થાત્ જેમ અકામનિર્જરાથી બાલતપસ્યા જુદારૂપે ગણાવી તેવી જ રીતે બાલતપસ્યાથી સરાગસંયમ અને સંયમાસંયમ જે સકામનિર્જરાવાળા છે તેને જુદા ગણાવેલાં છે. એથી સ્પષ્ટ થાય છે કે સરાગસંયમ અને સંયમાસંયમવાળાની નિર્જરા જે જાતની હોય તે બાલતપસ્યાવાળાને ન હોય. વળી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં અગણોસિત્તેર ક્રોડાક્રોડીની મોહનીયની સ્થિતિ તોડવી પડે છે, તે સ્થિતિનું તોડવું નિર્જરાથી જ થાય છે, એટલે સમ્યક્ત્વ પામવાવાળાઓ સર્વને સમ્યક્ત્વ પામવાથી પ્હેલાં નિર્જરા કરવી જ પડે, છતાં તે નિર્જરાને શાસ્ત્રકારો યથાપ્રવૃત્તિકરણના નામે અનાભોગપૂર્વકની જણાવે છે, તો તેવા સમ્યક્ત્વના સાધન તરીકે કહેલા બાલતપમાં સકામનિર્જરાનો સંભવ શી રીતે માની શકાય ? આવી રીતે સકામ અને અકામનિર્જરાની બાબતમાં ભલે મતભેદો હોય, પરન્તુ મોક્ષની ઈચ્છાપૂર્વક તે મોક્ષને રોકનારા કર્મના ક્ષયને માટે કરાતી બારે પ્રકારમાંથી કોઈપણ પ્રકારની તપસ્યાને સકામનિર્જરા કહેવી એમાં તો મતભેદને સ્થાન જ નથી. તેથી

દરેક મુમુક્ષુ જૈન મનુષ્યે સમ્યગ્દર્શનાદિકની માફક તપસ્યાની તરફ કટિબદ્ધ થવું જ જોઈએ.

જૈન જનતાએ ધ્યાનમાં રાખવું કે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓ ગર્ભાવસ્થાથી નિર્મલ એવા મતિ, શ્રુત અને અવધિજ્ઞાનરૂપી ત્રણ જ્ઞાનને ધારણ કરનારા હોય છે દીક્ષા લેવાની સાથે તેઓશ્રીને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે, વળી ગર્ભાવસ્થાથી દેવદેવેન્દ્રોને પૂજ્ય હોય છે, એટલું જ નહિં, પણ તે ભવમાં જરૂર મોક્ષને પામવાવાળા જ હોય છે. કોઈપણ કાલે કોઈપણ તીર્થંકર તીર્થંકરના ભવથી અનંતર મોક્ષ સિવાય બીજી ગતિમાં ગયા જ નથી. આટલું બધું નિશ્ચિત છતાં જ્યારે તેઓશ્રી મોક્ષની પ્રાપ્તિ માટે તપસ્યામાં ઉદ્યમ કરે છે, એટલું જ નહિં, પણ તીવ્રમાં તીવ્ર તપસ્યા તેઓશ્રીએ આચરી છે. તેજ જણાવી આપે છે કે મુમુક્ષુજીવોને કોઈપણ પ્રકારે તપસ્યા તરફ દુર્લક્ષ્ય રાખવું પાલવે તેમ નથી.

## તપસ્યામાં કટિબદ્ધ થવું જોઈએ

વળી, દરેક શાસનમાં દરેક તીર્થંકરો અર્થ થકી આગમની પ્રરૂપણા કરે છે તે વખતે બારે અંગમાં પહેલું ગણાતું જે આચારાંગ નામનું અંગ છે તેના નવમાઅધ્યયનમાં પોતાની તપશ્ચર્યાનો જ અધિકાર નિરૂપણ કરે છે અને એ શાશ્વતિક રીવાજ છે, એમ નિર્યુક્તિકાર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને તેથી જ વર્ત્તમાન શ્રી આચારાંગસૂત્રમાં નવમાઅધ્યયનમાં ભગવાન મહાવીર મહારાજની તપશ્ચર્યાનું વર્ણન ઘણા જ વિસ્તારથી આપવામાં આવ્યું છે આ વાત ધ્યાનમાં લેનારો મનુષ્ય તપશ્ચર્યાની ઉપયોગિતા સમજીને તે તરફ કટિબદ્ધ થવાને જરૂર તૈયાર થાય.

## કયી તપસ્યાથી જીવ સમ્યકૃત્વ પામી મુક્ત થાય ?

જૈનજનતા એ વાત પણ સમજી શકે છે કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણને જે મોક્ષમાર્ગ તરીકે કહેવામાં આવે છે તે ખરી રીતે તો તપસ્યાના મુખ્ય પ્રભાવને અંગેજ છે, કેમકે ચારિત્રમાંથી તપસ્યાનો ભાગ જુદો રાખવામાં આવે તો તપસ્યા સિવાયના એકલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર માત્ર આવતા કર્મોને રોકવાનું જ કાર્ય કરી શકે છે, પરન્તુ સમગ્રકર્મના ક્ષયરૂપ મોક્ષને સાધવા માટે તો કર્મનો ક્ષય કરાવનાર જો કોઈ પણ હોય તો તે માત્ર તપસ્યા જ છે. જૈનજનતા એ વાત તો સહેજે સમજી શકે છે કે સમિતિ, ગુપ્તિચારિત્ર એ સર્વ સંવરના જ ભેદો છે, પરન્તુ કર્મના ક્ષય કરવા રૂપ નિર્જરાના ભેદ તરીકે તો બાર પ્રકારની તપસ્યા જ છે, એટલે જે મનુષ્યને તપસ્યા તરફ અભિરૂચિ નથી તે મનુષ્ય કર્મોના ક્ષયના મનોરથથી ખસી ગયેલો છે. એમ માનવું પડે વળી આવશ્યકનિર્યુક્તિકાર મહારાજા પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **सोहओ तवो संजमो य गुत्तिकरो** અર્થાત્ સંયમ એ આવતાકર્મથી આત્માને બચાવનાર છે, પરન્તુ અનાદિકાળથી પરંપરાએ લાગતાં અને સિત્તેર કોડાકોડ સાગરોપમ પહેલાંથી લાગેલાં કર્મોને તોડ્યા સિવાય કોઈપણ પ્રકારે આત્મા કર્મ રહિત થઈ શકતો નથી અને તે કર્મોને

તોડવાનું સામર્થ્ય તો કેવલ તપસ્યામાં જ છે અને એવી તપસ્યાના પ્રભાવે જ અંતર્મુહૂર્ત્તમાં યાવત્ આઠ ભવમાં પણ જીવો સમ્યગ્દર્શન પામીને મોક્ષ મેળવી શકે છે.

## દ્વાદશાંગી રત્નાકર તુલ્ય છે ?

મુમુક્ષુજીવોને તપસ્યાની જરૂર પહેલે નંબરે હોવાથી તો મોક્ષને સાધવાને તૈયાર થયેલા સાધુ-મહાત્માઓને તપસ્વી શબ્દથી બોલાવાય છે. વળી સૂત્રકારોએ પણ મોક્ષને સાધવા માટે તૈયાર થયેલા સાધુ મહાત્માઓના વર્ણનમાં સ્થાને સ્થાને संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ એ વાક્યનો જ પ્રયોગ કરેલો છે, એ તરફ લક્ષ રાખીએ તો સ્પષ્ટપણે માલૂમ પડશે કે મુમુક્ષુજીવોને સંયમની માફક જ તપસ્યાની તરફ કટીબદ્ધ થવાની જરૂર છે. અન્યમત પણ એજ જણાવે છે કે तपः पापविशुद्ध्यर्थं અર્થાત્ ભવાંતરે બાંધેલા પાપોની શુદ્ધિને માટે જો કોઈપણ સમર્થ હોય તો તે માત્ર તપસ્યા જ છે. અન્યમતની જે સાક્ષી અહિં જણાવવામાં આવી છે તેમજ અનેક ગ્રંથકારો પણ જે અન્યમતની સાક્ષીઓ આપે છે તે અન્યમતની સુંદરતાને માટે નથી, પરંતુ જૈનમતની જ સુંદરતાને માટે છે. કારણ કે ત્રિલોકનાથ તીર્થંકરભગવાને નિરૂપણ કરેલ દ્વાદશાંગી જગત્‌ના સર્વવચનરૂપ છે, અને તેથી જ મોક્ષનાં કારણો બધાં તેમાં જ જણાવેલાં છે અને તેથી જ શાસ્ત્રકારો એમ કહે છે કે सव्वप्पवायमूलं दुवालसंगं जओ जिणक्खायं। रयणायरतुल्लं खलु तो सव्वं सुंदरं तम्मि અર્થાત્ દરેક મતમતાંતરોના મૂલરૂપ જીનેશ્વર મહારાજે કહેલી દ્વાદશાંગીજ છે. ધ્યાન રાખવું કે જગત્‌માં આદિકાલમાં પહેલવહેલાં કોઈપણ મહાપુરુષ આત્મા, કર્મ, મોક્ષ, મોક્ષના સાધનો એ વિગેરે બતાવનાર હોય તો તે માત્ર જીનેશ્વર ભગવાનો જ છે અને તે જીનેશ્વર ભગવાનની દેશના પછી જ તે દેશનામાં કહેલા પદાર્થોને આલંબીને કે તેના અનુકરણથી જ અન્યમતાંતરો નીકળેલાં છે અને એજ કારણથી ભગવાન્ હરિભદ્રસૂરિજી અષ્ટકજીની અંદર જણાવે છે કે :-

'कुधर्मादिनिमित्तत्वाद, अन्यथा देशनाप्यलम्'

અર્થાત્ ત્રિલોકનાથતીર્થંકર ભગવાનની દેશનાજ રૂપાંતર થવાથી કુમતરૂપ થાય છે, માટે સંભવિતદોષોને લીધે જો સારી વસ્તુ છોડી દેવાતી હોય તો પછી જીનેશ્વર ભગવાને દેશના પણ દેવી જોઈયે નહિ. આમ જણાવીને જીનેશ્વર ભગવાનની દ્વાદશાંગી સર્વે કુધર્મનું મૂલ છે એમ સ્પષ્ટ કર્યું છે, તેથી તેજ ભગવાન્ હરિભદ્રસૂરિજી કહે છે કે ભગવાન્ જીનેશ્વર મહારાજની દ્વાદશાંગી રત્નાકર તુલ્ય છે અને તેથી જ જેમ જગત્‌માં કોઈપણ જગો પર રત્ન હોય તો પણ તે રત્નનું મૂલસ્થાન રત્નાકર જ હોય છે, તેવી રીતે કુધર્મમાં કે મતમતાંતરોમાં જે કંઈપણ સુંદર નિરૂપણ મોક્ષને ઉપયોગી છે તે સર્વ જીનેશ્વર ભગવાનના શાસનમાં જરૂર છે અને આજ કારણથી સમ્યગ્દૃષ્ટિના પરિગ્રહમાં આવે ત્યારે જ તે મિથ્યાશ્રુતને સમ્યક્શ્રુત કહેવાય છે, અને જ્યાં સુધી તે મતમતાંતરોનાં શાસ્ત્રો

સમ્યગ્દષ્ટિથી ગ્રહણ ન થાય ત્યાં સુધી તે બધાં મિથ્યાશ્રુત જ કહેવાય છે અને તેથી જ તેને ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવા લાયક ગણવાં પડે છે.

**અન્યમતની સાક્ષીઓ આપવાથી તે મત સારાજ છે એમ કલ્પી ન શકાય.**

જગત્‌માં પણ ઘેર જન્મેલો છોકરો મુસલમાન થઈ જાય તો તેને ઘરમાંથી બહાર કાઢી મૂકવો પડે, તેવી રીતે જીનેશ્વર ભગવાનના પવિત્રવચનોને મિથ્યાત્વવાળા જીવોએ વિપરીતપણે પરિણમાવ્યાં તેથી તે ત્રિવિધ ત્રિવિધ વોસીરાવવા લાયક જ થાય અને તેથી જ શાસ્ત્રકારો ધર્મકથામાં મિથ્યાવાદ અને પરસમય કહીને તેના દોષો જણાવવા અને તેનું ઉત્થાપન કરવું તેનું નામ વિક્ષેપણીનામની ધર્મકથા કહે છે. આવું છતાં પણ કેટલાક ભદ્રિકજીવો પરસમયના વાક્યોના ટેકાથી સાચી વસ્તુને બરોબર સમજી શકે છે માટે જૈનશાસ્ત્રકારોને પણ બીજા સમયની સાક્ષી આપવાની જરૂર પડે છે. આ ઉપરથી જે ખરતરો એમ માને છે કે આચાર્ય ભગવાન્ રત્નશેખરસૂરિજીએ જીનદત્તની સાક્ષી આપી છે માટે શ્રી રત્નશેખરસૂરિજીને જીનદત્તના વચનની માન્યતા હતી એમ જણાવે છે તો તે તેનું કથન તદ્દન ભૂલભરેલું છે. જો એમ સાક્ષી માત્રથી માન્યતા થઈ જતી હોય તો પછી અન્ય મિથ્યાત્વીના શાસ્ત્રોની સાક્ષીયો પણ શાસ્ત્રકારોએ જગો જગોપર આપેલી છે તેથી તે તે શાસ્ત્રકારો તે તે મિથ્યામતને માનનારા હતા એમ માનવું પડશે. ખરી રીતે તો ખરતરોએ એવી રીતે જીનદત્તની માન્યતા ઠરાવવા કરતાં તેના સૂત્રવિરોધી નિરૂપણોને જલાંજલી દઈને પવિત્રમાર્ગે આવવું તેજ શ્રેયસ્કર છે. આ અધિકારમાં પણ અમે જે અન્યમતનો દાખલો પાપની વિશુદ્ધિ માટે તપની જરૂર છે એમ કહીને આપ્યો છે તે પણ તે તરફ આદરવાળાને માત્ર ઉપષ્ટમ્ભક તરીકે છે. ખરો સિદ્ધાન્ત તો જૈનશાસ્ત્રકારોએ જે બાર પ્રકારના તપને નિર્જરારૂપે ગણાવ્યો છે તથા તપથી નિર્જરાપણ થાય છે એમ તત્ત્વાર્થકાર કહે છે અને નિર્યુક્તિકાર વિગેરે પણ તપનેજ કર્મને શોધનાર તરીકે માને છે તે વિગેરે જૈનશાસ્ત્રોના આધારે જ કરવામાં આવ્યો છે.

**જૈનધર્મ અને ઈતરધર્મોએ માનેલ કર્મ સમ્બન્ધ**

આસ્તિકમતને માનવાવાળા દરેક મનુષ્યો આત્માને માનવાની સાથે આત્માની સાથે કર્મનું લાગવું થાય છે એમ માનનારા હોય છે. વેદાન્ત સરખા આત્માદ્વૈતને માનનારા છતાં પણ તેઓ વ્યવહારથી તો આત્માને કર્મથી બંધાયેલો જ માને છે. હવે જ્યારે દરેક આસ્તિક આત્મા, અને આત્માની સાથે કર્મનું બંધાવવું માને છે, તો પછી તે કર્મનું બંધન શાથી થાય છે એ વિચારવાની પ્હેલી અને મુખ્ય જરૂર છે. કારણ કે કર્મને બાંધવાનાં કારણોને જ્યાં સુધી નિશ્ચિત કરી શકીએ નહિં, ત્યાં સુધી તે કર્મોને રોકવાનું અને તોડવાનું કયા કારણોથી બની શકે છે તેનો નિશ્ચય થઈ શકે નહિ. જ્યાંસુધી કર્મને રોકવાનાં અને તોડવાનાં સાધનોનો નિશ્ચય થાય નહિં, ત્યાં સુધી તપસ્યા એ કર્મને તોડનાર અદ્વિતીય સાધન છે એમ મનમાં નિશ્ચિત થાય નહિં. માટે અહિં તપસ્યાના અધિકારમાં કર્મના બંધનોનો

વિચાર કરવાની આવશ્યકતા છે. એકેન્દ્રિયથી માંડીને ઠેઠ ચૌદમાગુણસ્થાનક સુધીના જીવો સ્વસ્વરૂપે કરીને તો સિદ્ધ સમાનજ છે. જેમ ધૂલમાં મળેલું સોનું અને ભઠ્ઠીમાં ગાળીને તેજાબથી શુદ્ધ કરેલું સોનું બન્ને સ્વરૂપે તો એક સરખાં જ હોય છે. તેવી રીતે જીવના સ્વરૂપની અપેક્ષાએ એકેન્દ્રિયથી માંડીને સિદ્ધ સુધીના સર્વજીવો એકસરખા જ છે, પરન્તુ જેમ શોધ્યા વગરનું સોનું ઈતર ધાતુ અને માટીથી મિશ્રિત હોય છે, તેવી રીતે મુક્તિ પામેલા સિવાયના જીવો કર્મરૂપી મેલથી મિશ્રિત છે. જો કે આ જગો પર કંચનોપલવત્ નું દ્રષ્ટાન્ત દઇ અગ્નિપ્રયોગથી તે કંચન અને માટી એ બન્નેનો અનાદિ સંયોગ છતાં નાશ કરવાનું જણાવાય છે, પરન્તુ ધ્યાન રાખવું કે એ દ્રષ્ટાન્ત જૈનસિદ્ધાન્તને વાસ્તવિક રીતે અનુસરનારૂં નથી, કારણ કે જૈનો કોઈપણ પુદ્‌ગલનો સંયોગ અનાદિનો માનતા જ નથી, છતાં જે પૂર્વમીમાંસાવાળાઓ આત્માને અનાદિ માને છે અને તે આત્માની સાથે અનાદિથી કર્મનો સંયોગ થવો માને છે અને તેવી અનાદિ સંયોગની માન્યતાને આધારે અનાદિસંયોગનો વિયોગ ન થાય માટે સર્વજ્ઞપણું કે મોક્ષ થવાનું માનતા નથી, છતાં તેઓ સૃષ્ટિને તો અકર્તૃક માને છે અને જૈનોની પરમાણુ સંબંધી પ્રક્રિયાને માનતા નથી, તેથી તેઓના મતે તો કંચનોપલ નો સંયોગ અનાદિનો જ થાય છે અને તે અનાદિના કંચનોપલના સંયોગનો તેઓ નાશ માનતા હોવાથી અનાદિપણાનો હેતુ અનંતપણું સાધવામાં તેઓના સ્વવચનથી વિરૂદ્ધ થઈ જાય છે, માટે શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર મોક્ષને નહિં માનનારા જૈમિનિયોને અંગે કંચનોપલના સંયોગના નાશનું દ્રષ્ટાન્ત આપે છે. સામાન્યદ્રષ્ટિએ તો જેમ અતીતકાલ અનાદિ છતાં પણ અન્તવાળો છે અથવા પ્રાગ્ભાવ પણ અનાદિ છતાં અન્તવાળો છે. તેવી રીતે કર્મનો સંયોગ અનાદિ છતાં અન્તવાળો માનીને સર્વકર્મના નાશરૂપી મોક્ષ માનવામાં અડચણ રહેતી નથી. વાસ્તવિકરીતિએ તો કોઈપણ કર્મના પરમાણું તો અનાદિથી આત્માની સાથે લાગેલા છેજ નહિં. કેમકે જે કોઈપણ કર્મનો પરમાણુ આત્માની સાથે લાગે તે કોઈપણ કાલે સિત્તેર ક્રોડાક્રોડ સાગરોપમથી વધારે મુદત તો આત્મા સાથે જોડાઈ રહેજ નહિં. એટલે કહેવું જોઈએ કે એકરૂપે કર્મનો સંબંધ અનાદિનો નથી જ. પરન્તુ પરંપરાના પ્રવાહરૂપે કર્મનો સંબંધ આનદિનો છે, છતાં અનુભવથી કોઈપણ મનુષ્યને એ વાત કબુલ કરવી પડે તેમ છે કે આત્માને અનાદિનું અજ્ઞાન છતાં તેનો નાશ થાય છે. ધર્મહીનપણું અનાદિનું છતાં તેનો નાશ કરી ધર્મપણું પ્રાપ્ત થાય છે. અનાદિથી સદવર્ત્તનને રોકનારાં જે અનાદિનાં કર્મો તેનો નાશ કરી સદ્‌વર્ત્તન મેળવી શકાય છે. કેમકે જો તે અજ્ઞાન મિથ્યાત્વ અને અવિરતિ અનાદિનાં ન હોત તો સમ્યક્‌ત્વજ્ઞાન અને સદવર્ત્તનના પ્રભાવે કેઈકાલ પહેલાં જીવ મોક્ષને પ્રાપ્ત કરી શક્યો હોત, પરન્તુ

અત્યાર સુધી જે જે જીવો મોક્ષ મેળવી શક્યા નથી. તે તે જીવો અનાદિથી મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિથી ભરેલા જ છે. વળી મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિનાં જો કર્મો ન હોત તો આત્માના સ્વભાવનું સમ્યગ્દર્શનાદિદ્વારાએ સર્વથા પ્રગટ થવું ક્યારનુંયે થઈ ગયું હોત, અને આત્માનો સ્વભાવ જો સર્વથા પ્રગટ થયો હોત તો પછી તે સર્વથા નિર્મલ એવા આત્માને કર્મનો અંશ પણ લાગવાનો સંભવ ન્હોતો, માટે સ્પષ્ટપણે માનવું જ જોઈએ કે મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિનાં કર્મો અનાદિનાં છતાં પણ તેનો નાશ થાય છે, અને તેજ પ્રમાણે અનાદિનાં સર્વકર્મોનો નાશ થવો તે પણ અસંભવિત નથી. એવી રીતે કર્મોના લાગવાના કારણો તરીકે જે મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ જણાવ્યા તે ત્રણેને તપસ્વી મહાત્મા રોકનારો અને સર્વથા દૂર કરનારો થાય છે. જગત્માં સામાન્ય નિયમ છે કે छुहासमा वेयणा णत्थि અર્થાત્ જગભરમાં ભૂખ સરખી કોઈપણ પીડા નથી. છતાં એવી પણ ભૂખને જે મહાત્મા સહન કરીને તપસ્યા કરવા માગે છે, તેમાં એકજ કારણ મુખ્યતાએ હોય છે અને તે એ કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ પૂર્વતર ભવોમાં બંધાયેલાં ચીકણાં કર્મોને પણ તોડી નાંખવાનું સાધન જો કંઈપણ બતાવ્યું હોય તો તે માત્ર આ તપસ્યા જ છે. માટે મ્હારે મ્હારા આત્માના મોક્ષને માટે તેને લાગેલાં કર્મોને તોડવા માટે તપસ્યા કરવી જ જોઈએ.

મન, વચન, કાયાના યોગ ઉપર કાબુ રાખનાર કંઈ વસ્તુ

આવી ધારણા તપસ્વી મહાત્માને જરૂર કરવી પડે છે અને એવી ધારણા માનવાથી જ અભ્યુપગમસિદ્ધાન્તદ્વારાએ સમ્યગ્દર્શનાદિની સિદ્ધિ માનવી જ પડે કેમકે જેમને જીવાજીવાદિક તત્ત્વોની અને જીનેશ્વરમહારાજના વચનની યથાર્થ પ્રતીતિ થઈ ન હોય તેઓ મોક્ષને માટે કર્મનો નાશ કરવા તપસ્યામાં તલ્લીન થાયજ નહિ, અને જેવી રીતે જીવાદિકની પ્રતીતિ મોક્ષને માટે તપસ્યા કરનારને જરૂરી હોય છે તેવી જ રીતે આત્મા અને પુદ્ગલના તેમજ જડ અને ચેતનના વિભાગનું ભાન પણ તે તપસ્વી મહાત્માને જરૂર થયેલું છે, અને તેથીજ તે પોતાના શરીર ઉપર રહેલો મમતાભાવ છોડીને પોતાના આત્માને તપરૂપ કરવા તૈયાર થાય છે. વળી જેઓને અસદ્વર્ત્તન કરવું તે અરૂચિકર થયું નથી અને સદ્વર્ત્તન કરવા તરફ અભિરૂચિ પ્રગટ થઈ નથી. તેવો મનુષ્ય તો એવી જ સ્થિતિમાં હોય કે यावज्जीवेत् सुखं जीवेद्, ऋणं कृत्वा घृतं पिबेत् અર્થાત્ જેટલું જીવન છે તેટલું મોજથી જીવવું અને મોજ કરવાનાં સાધનો જો પોતાની પાસે ન હોય તો દેવું કરીને પણ ઘી પીવું અને તે દ્વારાએ પણ શરીર પુષ્ટ બનાવી મોજમજાથી જીવવું. પરન્તુ તપસ્વી મહાત્મા તો ધન-કુટુંબ-ઋદ્ધિ-સમૃદ્ધિ અને જીવન કરતાં પણ સદ્વર્ત્તનને જ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના વચનના પ્રભાવે ઉચ્ચતમ માનનારો હોવાથી આત્મીયસ્વરૂપને પ્રગટ કરવા

માટે કુટુંબાદિકથી મમત્વ રહિત થવું તો શું ? પરન્તુ શરીરના મમત્વને પણ છોડી દઈને શારીરિક જીવનની પણ તેટલી દરકાર કરનારો રહેતો નથી, અને એવી રીતે સમ્યગ્દર્શન જ્ઞાન અને સદવર્ત્તનની તન્મયતાને અંગે અવ્યાબાધપદ મેળવવા માટે તપસ્યામાં તલ્લીન થાય છે. આ સ્થાને એ વિચારવું જરૂરી છે કે અભ્યન્તરદષ્ટિએ આત્માને મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિથી જ સંસારમાં રખડાવનારાં કર્મો લાગ્યાં હતાં. પરંતુ તે કર્મોનાં બાહ્ય નિમિત્તો અને બાહ્ય ભોગવટો કરાવનાર શરીર, મન અને વચન હતાં અને તે દ્વારાએ રખડનાર થતો હતો અને તે મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ ઉપર કાબુ રાખવાનું કાર્ય જીવને અશક્ય જ હતું. તે ત્રણે જોગ ઉપર કાબુ રાખવાનું અશક્ય કાર્ય કોઈપણ બજાવી શકે તો તે માત્ર તપસ્યા જ છે. જૈનજનતા સારી રીતે જાણી શકે છે. કે ભવમાં ઉત્પત્તિ થતાં જો જીવને કાંઈપણ પ્હેલું કાર્ય કરવાનું થતું હોય તો તે કેવલ આહાર લેવાનું જ કાર્ય થાય છે. જો કે શરીર ઈંદ્રિય શ્વાસોચ્છ્વાસ ભાષા અને મનનાં કાર્યો પણ જીવને જ કરવાનાં હોય છે, પરંતુ તે બધાં શરીર વિગેરે કાર્યોની કોઈપણ જડ હોય તો તે આહારજ છે. આહારની પર્યાપ્તિ થયા સિવાય કોઈપણ દિવસ જીવને શરીર ઈંદ્રિય આદિ પર્યાપ્તિઓની પ્રાપ્તિ હોતી જ નથી. સંસારભરમાં એવો કોઈપણ જીવ નથી કે જેને આહારની પર્યાપ્તિ સિવાય શરીર આદિક પર્યાપ્તિની પ્રાપ્તિ થતી હોય. પર્યાપ્તિની અપેક્ષાએ જેવો પ્રાપ્તિક્રમનો વિચાર કર્યો તેવી જ રીતે શરીર ઈંદ્રિયાદિકના પોષણને અંગે અને તેમાં રસનાને અંગે તેવોજ વિચાર કરવા જેવો છે.

## ઈંદ્રિયોનો વિવાદ

આ સ્થાને શ્રીમાન્ મલધારીય રાજશેખરસૂરિજીએ કથાકોષની અંદર જણાવેલો ઈંન્દ્રિયોનો વિવાદ ધ્યાનમાં રાખવા જેવો છે. તે વિવાદમાં ચક્ષુરિંદ્રિયે કહ્યું હતું કે હું જ્યારે વિષ કંટક પાષાણ, અગ્નિ વગેરેથી બચાવું છું ત્યારે આ બધી ઈંન્દ્રિયો બચવા પામે છે. ઘ્રાણેન્દ્રિયે કહ્યું કે હું જ્યારે સુગંધ, દુર્ગંધ, અનુકૂલ, પ્રતિકૂલ પદાર્થોને તપાસી સુગંધી અને અનુકૂલ પદાર્થો તરફ પ્રવૃત્તિ કરૂં છું અને દુર્ગંધિ તથા પ્રતિકૂળ પદાર્થોથી દૂર રહું છું ત્યારે જ આ બધા ચક્ષુ આદિકનું સામર્થ્ય રહે છે. ત્યારે સ્પર્શનેન્દ્રિયે જણાવ્યું કે હું જ્યારે આ ચક્ષુ વગેરે બધી ઈંન્દ્રિયોને મારી અંદર રહેવા દઉં છું ત્યારે જ તેઓ પોતાનું સામર્થ્ય બતાવી દે છે, મ્હારાથી દૂર થયેલી ચક્ષુ, ઘ્રાણ કે શ્રોત્રની કોડીભર પણ કિંમત દુનિયા કરે નહિં અને તે શ્રોત્રાદિક પોતાનું કંઈપણ કાર્ય બજાવી શકે નહિ, ત્યારે શ્રોત્રેંદ્રિયે જણાવ્યું કે હું બાર બાર જોજન છેટેથી શબ્દોને શ્રવણ કરીને આ સ્પર્શન ઈંદ્રિય વગેરે ને અનાગતભયથી બચાવું છું. જો હું તેઓને અનાગત ભયથી બચાવું નહિં અને ભયસંકટો આવી જ પડે તો પછી તે ભયસંકટોને પ્રસાર કરવાનું સામાર્થ્ય સ્પર્શનેન્દ્રિયાદિમાં છેજ નહિ. આવી રીતે ચક્ષુઆદિ ઈંદ્રિયોનો વિવાદ થતાં રસનાઈંદ્રિયને પોતાનું સામર્થ્ય જણાવવાનું જ્યારે કહેવામાં આવ્યું ત્યારે તે રસનાએ જણાવ્યું કે તમે તો પુરૂષજાતિમાં ગણાઓ અને હું તો સ્ત્રીજાતિમાં છું, માટે મ્હારે તમારી સાથે વાદ કરવો એ કોઈ પણ પ્રકારે યોગ્ય

જ નથી. એમ કહી તે રસનાએ મૌન ધારી ખાવાનું બંધ કર્યું, પીવાનું બંધ કર્યું, ચાખવાનું બંધ કર્યું અને તે બધું બંધ કરવાના પ્રતાપે સર્વે ઈંદ્રિયો મૃતપ્રાયઃદશામાં આવી ગઈ અને તેથી ચક્ષુઆદિ સર્વઈંદ્રિયોએ પોતાની હાર થયેલી કબુલ કરવા સાથે રસનાઈંદ્રિયની જીત કબુલ કરી. આવી રીતે અસત્‌કલ્પનાએ આપેલું દ્રષ્ટાંત છતાં તે દ્રષ્ટાંત વસ્તુસ્થિતિને આબેહુબ રીતે જણાવનાર છે. તેને વિચારીને દરેક સુજ્ઞ મનુષ્ય એટલું તો કબુલ કરશે કે જગત્‌ની સર્વપાપમય પ્રવૃત્તિનું બીજ કોઈપણ હોય તો તે આ રસનેન્દ્રિયજ છે અને તેવી રસનાઈંદ્રિય ઉપર જો કોઈપણ કાપ મૂકી શકે એવો હોય તો તે માત્ર તપસ્યાજ છે.

### તપનું અલૌકિકસામર્થ્ય

આ સર્વ હકીકત વિચારતાં ઈંદ્રિયો કષાય અને વિષય એ ત્રણ જે પાપમય એવા અશુભ રસ્તે જતાં કારણો બને છે તેને અશુભ રસ્તેથી પાછાં હઠાવી શુભરસ્તે જ પ્રવર્ત્તાવવાનું સામર્થ્ય તપસ્યાનું જ છે. માટે તે ઈંદ્રિય કષાય આદિદ્વારાએ આત્માને રાગદ્વેષથી લાગતાં કર્મોને રોકનાર તપસ્યા જ હોઈ શકે, એવીજ રીતે રાગદ્વેષનો નાશ કરવાદ્વારાએ કર્મને નાશ કરનારી કોઈપણ ચીજ હોય તો તે તપસ્યા જ છે.

આ બધી હકીકત વિચારનારો મનુષ્ય દરેક મહિને આઠમ, ચઉદશ આદિક તિથિયોને તપસ્યાથી આરાધવા તૈયાર થાય તે તો સ્વાભાવિક જ છે, પરન્તુ પર્યુષણા જેવા વર્ષમાં એકજ વખત આવતા સાંવત્સરિક તહેવારની તપસ્યાદ્વારાએ આરાધના કરવાનું તો સુજ્ઞભવ્યજીવો કોઈ દિવસ ચૂકેજ નહિ.

### અનશન એટલે શું ?

આગળ જણાવવામાં આવ્યું છે કે અનશનાદિ બારે પ્રકારની તપસ્યા શાસ્ત્રમાં તપશબ્દથી કહેવાય છે. છતાં વ્યવહાર અને રૂઢીમાં કેવલ અનશન શબ્દથી કહેવાતું તપજ તપશબ્દથી ગણાય છે. તે અનશનમાં પણ થોડા કાલનો અને જાજજ્જીવ એમ બે પ્રકારનું અનશન હોય છે, પરન્તુ યાવજ્જીવને માટે કરેલા અનશનને તપશબ્દથી નહિં બોલાવતાં અનશન શબ્દથી જ બોલાવવામાં આવે છે. જો કે તે અનશન પણ તપ તો છેજ, પણ તેનો વ્યવહાર શબ્દથી નહિં થતાં અનશન શબ્દથી થાય. વ્યવહાર થવાની મતલબ એવી જણાય છે કે જેમાં પારણું કરવાનું નહિં અર્થાત્ અશનાદિકનો ઉપયોગ કદિપણ કરવાનો જ નહિં તેવા તપને અનશન શબ્દથી કહીને યાવજ્જીવ અશન નહિં કરવાનું હોવાથી તેમાં અનશન શબ્દની વધારે રૂઢિ થઈ છે. તેવી રીતે ઈત્વરકાલ એટલે થોડા કાલ માટે અશનાદિકનો ત્યાગ થાય તે જો કે અનશન છે, પરન્તુ તેમાં પારણું કરીને અશનાદિક લેવાનો સંભવ હોવાથી તેની રૂઢિ તપસ્યા તરીકે છે, પણ અનશન તરીકે નથી, પરન્તુ શાસ્ત્રકારોએ તો અશનનો ત્યાગ કરવો તેનું નામ અનશન કહેવાય, એ વ્યુત્પત્તિની અપેક્ષાએ યાવજ્જીવના આહાર ત્યાગને પણ અનશન કહેલું

છે અને થોડી મુદતના અશનના ત્યાગને પણ અનશનજ કહે છે. યાવજ્જીવ સુધીના અશનના ત્યાગને અંગે વર્તમાન કાલમાં તેવું જ્ઞાન અને તેવું સંઘયણ નહિં હોવાથી નિરાકાર અનશન થતું નથી, પરન્તુ અમુક મુદતની અપેક્ષાએ સાકાર અનશન કરવામાં આવે છે. ભવ્યજીવોને ધ્યાન રાખવાની જરૂર છે કે પૂર્વકાલમાં તીર્થંકર ભગવાન સરખા પણ મહિના મહિનાનાં અનશનો કરીને મોક્ષે ગયેલા છે. દેવલોકે જવાવાળા મહાવ્રતધારિ પુરૂષોએ પણ મહિનામહિના, પંદરપંદર દિવસનાં અનશનો કરેલાં છે. એટલું જ નહિં, પરંતુ અસંયત, અવિરત હોવા સાથે મિથ્યાદષ્ટિ જેવાઓએ પણ મરવાની વખતે મહિના મહિનાનાં અનશનો કરેલાં છે, તો પછી વર્તમાનકાલમાં પણ સદ્ગતિની ઈચ્છાવાળાઓએ શરીર ઉપરનો મમત્વભાવ છોડી શા માટે અનશન કરવામાં પ્રવૃત્ત થવું જોઈએ નહિં.

## મરણને ભયાનક તરીકે ગણવું કે કેમ ?

ધ્યાન રાખવું કે આ શરીર આયુષ્યના અંતને અંગે છુટવાનું તો છેજ. પરંતુ આ શરીરને રાજીનામાની રીતિએ જેઓ છોડી શકે તેઓજ ભાગ્યશાળી ગણી શકાય. પરંતુ જેઓ રજાની દ્રષ્ટિએ શરીરને છોડે છે તેઓ ભવાંતરમાં પણ સદ્ગતિ પામવા લાયક થઈ શકતા નથી. અનુક્રમે આવતા મરણને માટે તૈયાર થવું તેજ રાજીનામાની દ્રષ્ટિએ મરણ કહેવાય. જેઓએ યાવજ્જન્મ સત્કાર્યો કરેલાં છે દેવ ગુરૂ અને ધર્મની આરાધના કરી છે. જ્ઞાનદર્શન ચારિત્ર અને તપસ્યાનું પરિપૂર્ણ રીતે પરિશીલન કરેલું છે. હિંસા, જુઠ, ચોરી, સ્ત્રીગમન કે પરિગ્રહના દેશથકી કે સર્વથકી પચ્ચક્ખાણ કરી વ્રતોનું આરાધન કર્યું છે. તેવા વ્રત નિયમ પચ્ચક્ખાણ અને પૌષધવાળાઓને દેવગતિજ થવાની છે અને તેથી તેઓને તો માત્ર આ મનુષ્યભવરૂપ ન્હાના મકાનમાંથી દેવગતિરૂપ મોટા મ્હેલમાં જવા જેવું સ્થાનાન્તરજ કરવાનું છે. દુર્ગતિનો ભય તો તેઓને જ લાગે કે જેઓએ દેવ, ગુરૂ અને ધર્મની વિરાધના કરી છે, જ્ઞાનદર્શન અને ચારિત્રથી વંચિત રહ્યા છે, અન્યાય અધર્મ અને કૂડકપટમાં જીવન આખું વ્યતીત કર્યું છે, ભક્ષ્યઅભક્ષ્ય અને ગમ્યાગમ્યનું જેને ભાન રાખ્યું નથી, ચોરી-જારી-વિશ્વાસઘાત, ઘાતકીપણું ખોટા દસ્તાવેજ વિગેરે ઘોર અધમ કૃત્યો કરેલાં છે. નથી ગણ્યાં મા-બાપને, નથી ગણ્યા સત્પુરૂષોને, નથી ગણ્યા સાધુઓને, નથી ગણ્યાં શાસ્ત્રોને, યાવત્ ત્રિલોકનાથ તીર્થંકર સરખાને પણ જેઓએ ગણ્યા નથી અને માત્ર રાક્ષસીવૃત્તિએજ જીવન પુરૂં કર્યું છે. આવા મનુષ્યોને ભવિષ્યમાં દુર્ગતિ થવાની હોય એમ ચોક્કસ કહી શકાય, અને તેથી તેવી દુર્ગતિમાં ભટકનારા જીવોને મરણ સમયે ભયંકર દશા લાગે તેમાં આશ્ચર્ય નથી. વળી ધર્મને આરાધન કરનારા જીવો જો કે દેવગતિમાં જાય અને ત્યાં અવિરતિ અપચ્ચક્ખાણીપણે આખો ભવપૂરો કરે, પરન્તુ જેમ ખેતીની અંદર વાવેલું અનાજ જમીનની અંદર રહ્યું થકું પણ જમીનની ઉપર અનાજ ઉત્પન્ન કરે છે

તેવી રીતે આ ભવમાં કરેલી ધર્મની આરાધના દેવભવ પછીના ભવમાં પણ જલ્દી ફળ્યા સિવાય રહેતી નથી. આ વિગેરે વિચાર કરવાથી ધર્મિષ્ઠ મનુષ્યોને મરણ એ ઓચ્છવ તરીકે જ હોવું જોઈએ, પરંતુ કોઈપણ પ્રકારે મરણને ભયાનક તરીકે ગણવું ન જ જોઈએ.

## અનશનનામનું તપ શા માટે આદરવું.

અનાદિ કાલથી અનન્તાનન્ત પુદ્ગલપરાવર્ત્તો સુધી ભવોભવ આ જીવ રખડયો અને ત્યાં મરણથી સતતકાલ ડરતો જ રહ્યો, અને અત્યારે જ્યારે ધર્મીપણું પામ્યો છે, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું શાસન મેળવી શક્યો છે, અવ્યાબાધસુખનાં સાધનોને પામી શક્યો છે, તેવી વખતે પણ જ્યારે તે મરણથી ભય પામે ત્યારે તો સામર્થ્ય અને શસ્ત્રથી સજ્જ થયેલો એક સહસ્ત્રયોધી સુભટ પણ સામાન્યશત્રુથી ભય પામીને ભાગે એના જેવી સ્થિતિ ગણાય. એટલું જ નહિ, પણ પોતે જ પોતાના વર્ત્તનથી એમ જણાવે છે કે મ્હારામાં અધર્મિદશા પલટીને વ્યવહારથી ધર્મીદશા આવી હોય તો પણ તેનો કંઈ પણ ફરક આત્મામાં પડ્યો નથી. ધર્મીષ્ઠોએ ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ કે ભવાંતરની સદ્ગતી ઉપર જ આ ભવમાં કરેલી ધર્મ આરાધનાના ફલનો આધાર છે. કેમકે આ વાતતો જગતમાં અજાણી નથી કે अन्ते या मतिः सा गतिः અર્થાત્ મરણ અવસ્થાએ જેવી મમત્વભાવની કે નિર્મમત્વભાવની બુદ્ધિ થવાની તેવીજ ભવાંતરમાં ગતિપણ થવાની. જૈનશાસ્ત્રકારો પણ એજ કહે છે કે जल्लेसेसु कालं करेइ तल्लेसेसु उववज्जइ અર્થાત્ કાલધર્મ પામતી વખતે જેવા પરિણામવાળો જીવ હોય છે તેવા પરિણામવાળી તે જીવને ગતિ મળે છે. કોઈપણ કાલે ભવના છેલ્લા ભાગની લેશ્યાથી વિરુદ્ધ કોઈપણ જીવની ગતિ થઈ નથી અને થતી પણ નથી. આ વાતને બરોબર સમજનારો અને માનનારો મનુષ્ય પોતાના મરણને રાજીનામાના રૂપમાં ન લઈ જતાં રજાના રૂપમાં લઈ જાય એ કોઈપણ પ્રકારે શોભા દેનારૂં ગણી શકાય નહિં. આ બધી હકીકતનું તત્ત્વ એટલું જ કે વાચક સાધુ હોય, શ્રાવક હોય, સાધ્વી હોય, કે શ્રાવિકા હોય પરન્તુ પોતાની અન્ત અવસ્થાએ આરાધના કરવાને તત્પર થાય અને સર્વપ્રકારે આશ્રવનાં પચ્ચક્ખાણ કરી આરાધનામાં તત્પર થતો અનશનનામના તપને જરૂર આદરે, જેવી રીતે યાવજ્જીવના અનશનને તપ છતાં પણ અનશન કહેવાય છે, તેવી રીતે થોડી મુદતને માટે કરાતા અનશનના ત્યાગરૂપી તપને જગત માત્ર તપશબ્દથી કહે છે, પરન્તુ શાસ્ત્રકારો તો તેને પણ અનશન શબ્દથી જણાવે છે. તે થોડી મુદત સુધી અશનાદિકના ત્યાગરૂપી અનશનતપને માટે કાલ અને સંહનનની સાપેક્ષતા હોવાથી જુદા જુદા તીર્થોમાં જુદાંજુદાં તપો હોય છે. (અપૂર્ણ.)

(અનુસંધાન પેજ નં. ૫૭)

(ટા. પા. ૨ થી ચાલુ)

૧૩ અનાદિ અનંત કાલીન ઔદયિક ચર્તુદશી બોલનારા તેના ક્ષયમાં ક્યાંથી સાચા થશે ? ક્ષયવૃદ્ધિ પ્રસંગ સિવાય તો ઔદયિક ચૌદશજ મનાયજ છે. પણ જો ચૌદશે પ્હેલીને ઉદય વાળી માનીને નહિ આરાધે તેનું શું થશે ? ઔદયિકશબ્દનો સમાપ્તિયુક્ત ઉદય એવો અર્થ માનનાર નન્વૌદયિક વાળો પાઠ જુવે તો સારૂં.

૧૪ આણસૂરવાળા પુનમની જગોપર પડવો વધારી ખરતરના ખોળે બેસે અને તેથી તેને જુઠા જણાવાય. પણ શ્રી દેવસૂરવાળા તો શ્રી હીરસૂરિજીના વચનથી જ વૃદ્ધિમાં એકનેજ ઔદયિક માને તે વ્યાજબી છે છતાં તેને જુઠો કહેનાર મનુષ્ય આચાર્ય વચન અને પરંપરાનો ઉત્થાપકજ થાય. જો ચઉદશના ક્ષયે ઉદય વખત ચૌદશ માનવામાં અને તેરસ નહિં માનવામાં શાસ્ત્રાજ્ઞા છે તો પછી તિથિના નામે મૃષાવાદ કહેનાર શાસ્ત્રાજ્ઞાનો લોપકજ ગણાય. કલ્યાણક તિથિ પ્રાયે તપમાત્રથી આરાધાય છે અને એકઠી થઈ શકે છે. એ વાત ઘણી વખત જાહેર થઈ છે. ચૌદશાદિથી કલ્યાણકની આરાધ્યતા જુદી જાતની છે.

૧૫ લૌકિકટીપનાની અપેક્ષાના લખાણને આરાધનામાં માનનારે વિચાર કરવો. બ્લોકવાળામાં પણ ખોખા બીજ વગેરે નથી લખ્યું. તેમ પર્વતિથિના ક્ષયજ લખાયેલા છે. ટીપનાને સંસ્કારિત કરીનેજ આરાધના માટે પંચાંગ લખાય છે. અને તેથી જ ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરશે માનનાર આરાધકને મૂર્ખશિરોમણિ તરીકે તત્વ૦ માં સ્પષ્ટપણે કહ્યો છે. નવીનો તેદશામાં ન જાય તો સારૂં.

૧૬ શ્રી હીરસૂરિજીએ त्रयोदशीचतुर्दश्योः અને તત્ત્વમાં वास्तव्येव स्थितिः એમ સ્પષ્ટ કહ્યું છે તેથી પુનમના ક્ષયે તેરસનો ક્ષયજ સ્પષ્ટ છે અને તેથીજ કલ્યાણક આરાધક તપમાત્ર કરનારા હોય છે એમ સ્પષ્ટ કહ્યું છે. દિનઅનુષ્ઠાન તિથિક્ષયે ઉડે પણ પર્વાનુષ્ઠાન તો પર્વના ક્ષયે પણ ન ઉડે, એ સહેલી વાત ક્ષયે૦ ના પાઠને સમજે તો સમજે. શું તિથિવૃદ્ધિથી દિનાનુષ્ઠાન વધે છે તેમ નવામતીયાઓ પર્વવૃદ્ધિએ પર્વાનુષ્ઠાન વધારે છે ?

૧૭ ચૌદશપુનમઆદિ તિથિયો પૌષધથી આરાધાય છે. અને તપની માફક બે પૌષધ સાથે ન ઉચરાય એ પણ તમારે કબુલ છે, તેથી પુનમની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવીજ પડશે. પુનમના ક્ષયે ચૌદશથી સરે એ વાત કહેનાર તો હીરપ્રશ્ન અને તત્વતરંગિણીથી જુઠો ઠરે છે. અને દેવસૂરિ તથા આણસૂરથી જુદો થઈ मुरारेस्तृतीय पन्थाः વાળો જ થાય છે.

૧૮ ખરતરોને પુનમના ક્ષયે છઠમાં આગલો દિવસ લેવોજ પડે એ ચોકૂખુંજ છે. વળી જેમ શક્તિ વગરની વાત મુખ્યમાર્ગમાં લાવનાર ઉન્માર્ગી થાય, તેમ ભૂલની વાત મુખ્યમાં લે તેનું પણ તેમજ થાય (અંદર ઉત્તર આવી જાય તે નથી આપ્યા. બાકી ભાદરવા સુદ, પાંચમ એ પર્વ છે તેથી તેની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ કરવી એજ જુના લેખોને અને પરંપરાને આધારે સત્ય છે.

(વીર ? અજ્ઞાન.)

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી જૈનધર્મ અને જ્ઞાનપંચમી

મહાનન્દરૂપી વૃક્ષનું મૂલ બીજ જે સમ્યક્ત્વ તેનું બીજ કયું ? જ્ઞાનારાધન.

જીવાજીવાદિક તત્ત્વની શ્રદ્ધાના પરિણામ જે સમ્યક્ત્વ છે તેને ઉત્પન્ન કરનાર કોણ? જ્ઞાનારાધન.

નરક, દેવ, મનુષ્ય, જ્યોતિષ્ક, સિદ્ધિ અને સિદ્ધોને જાણવાનું સાધન કયું ? જ્ઞાનારાધન.

આશ્રવનાં પચ્ચક્ખાણ કરતાં સુપ્રત્યાખ્યાની કોણ બનાવી શકે ? જ્ઞાનારાધન.

સંયમને જાણવાના કારણભૂત જીવ અજીવનું જ્ઞાન કોણ કરાવી શકે ? જ્ઞાનારાધન.

કટુકફલને દેનાર પાપકર્મના કારણભૂત અજયણાનું જ્ઞાન કોણ કરાવી શકે ? જ્ઞાનારાધન.

સંસારમાં દુઃખ દેનાર એવા પાપકર્મોને રોકનારી જયણાનું જ્ઞાન કોણ કરાવી શકે ? જ્ઞાનારાધન.

અનેક પ્રકારની ગતિઓ જાણવાથી પુણ્યપાપ અને બન્ધમોક્ષ જણાય, પુણ્યપાપ બન્ધમોક્ષ જાણવાથી તેમ અનેક પ્રકારની ગતિ જાણવાથી દેવતાઈ અને મનુષ્યસંબંધી ભોગોથી વૈરાગ્ય આવે અને વૈરાગ્ય આવવાથી બાહ્ય અભ્યંતર સંયોગના ત્યાગથી સાધુપણાને પ્રાપ્ત કરી શકાય અને સાધુપણું પ્રાપ્ત થવાથી ઉત્કૃષ્ટ સંવરને પ્રાપ્ત કરી શકાય અને ઉત્કૃષ્ટ સંવર પ્રાપ્ત થવાથી અજ્ઞાન તથા કષાયથી કરેલાં કર્મોનો ક્ષય કરાય અને અજ્ઞાન અને કષાયથી કરેલા કર્મોનો નાશ થવાથી કેવલજ્ઞાન પ્રાપ્ત કરાય. કેવલજ્ઞાન પ્રાપ્ત થવાથી યોગનો રોધ કરીને શૈલેશી અવસ્થા મેળવી શકાય, શૈલેશી અવસ્થા મેળવીને મોક્ષપદ પ્રાપ્ત કરી શકાય. અને મોક્ષપદ પ્રાપ્ત કરીને સર્વપ્રકારે અનન્ત ચતુષ્ટય સહિતપણે લોકના અગ્રભાગમાં રહેવાય. એ સર્વ પરંપરાની જડ કોણ ? જ્ઞાનારાધન.

જૈનજનતામાં જ્ઞાનનો મહિમા અત્યન્ત પ્રસિદ્ધ છે અને તે જ્ઞાનના આરાધન માટે કાર્તિક શુક્લાપંચમી કે જેને જ્ઞાનપંચમી તરીકે કહેવામાં આવે છે, તે જ્ઞાનપંચમી સર્વજ્ઞાનની આરાધનાને માટે છે જ્ઞાનપંચમીની પ્રાચીનતા એટલી બધી છે કે જેનો ઉલ્લેખ શ્રીમહાનિશીથ સૂત્રમાં અવશ્ય આરાધના કરવા માટે જણાવ્યો છે. વળી દિગમ્બરોએ તે જ્ઞાનપંચમીના અનુકરણ તરીકે જયધવલની પૂર્ણતાને નામે શ્રુતપંચમી નામે પર્વ રાખેલું છે. શ્વેતામ્બરો કરે તેનાથી ઉલ્ટુ કરવું. એમનો જીવનમન્ત્ર છે તેથી શ્વેતામ્બરોએ ચોમાસામાં વગર છોડેલા રહેલાં પુસ્તકોનું ખુલ્લી હવાની વખતે પરાવર્ત્તન થઈ શકે તે માટે જે કાર્તિક સુદ પંચમી જ્ઞાનપંચમી તરીકે રાખેલી તેની જગોપર દિગમ્બરોએ જેઠ સુદ પંચમી કોઈ પણ પ્રકારના જ્ઞાનના ઉત્તેજન સિવાય લીધી.

શ્વેતામ્બરો જ્ઞાનાચારની અંદર મુખ્યતાએ શ્રુતજ્ઞાન લે છે તેવી રીતે અહિં જ્ઞાનપંચમીની આરાધના પણ મુખ્યતાએ શ્રુતજ્ઞાનને ઉદ્દેશીને છે. આ શ્રુતજ્ઞાન બાકીના ચારે જ્ઞાનોને જણાવવા સાથે પોતાને જણાવનાર છે માટે આ શ્રુતજ્ઞાન જ સ્વપર પ્રતિબોધક છે અને તેથી ભવ્યો ઉપવાસ કરવાપૂર્વક ખમાસણા, જાપ, પૌષધ, દેવવંદન વિગેરેથી આ જ્ઞાનપંચમીની આરાધના કરવી જરૂરી છે.

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभाताविर्भावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

# શ્રાવક-પર્યુષણા-વિચાર-અંક

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥

વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { કાર્તિક સુદિ પૂર્ણિમા
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૩ { તા. ૧૮-૧૧-૩૭ ગુરૂવાર

તંત્રી
પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

# श्रीजैनानंदपुस्तकालीयविक्रेयपुस्तकानि

| | | | |
|---|---|---|---|
| दशवैकालिकचूर्णि | ४-०-० | तत्त्वतरंगिणी | ०-८-० |
| उत्तराध्ययनचूर्णि | ३-८-० | बृहत्सिद्धप्रभाव्याकरण | ०-८-० |
| पंचाशकादिशास्त्राष्टकं | ४-०-० | मध्यमसिद्धप्रभाव्याकरण | ०-८-० |
| ३५०, १५०, १२५ स्तवनानि | ०-८-० | आचारांगसूत्रवृत्तिः ( भागद्वयं ) | ७-०-० |
| पंचाशकादिदशआकारादि | ४-०-० | भगवतीजीदानशेखरसूरिटीका | ५-०-० |
| ज्योतिष्करंडकः सटीकः | ३-०-० | पुष्पमाला मल. हेम. स्वोपज्ञ | ६-०-० |
| पंचवस्तुकः सटीकः | ३-०-० | तत्त्वार्थटीका हारिभद्रीया | ६-०-० |
| क्षेत्रलोकप्रकाशः | २-८-० | पर्युषणादशशतकं | ०-१०-० |
| युक्तिप्रबोधः स्वोपज्ञः | १-१२-० | बुद्धिसागरः | ०-३-० |
| विचाररत्नाकरः | ३-०-० | विशेषावश्यकटीका ( भागद्वयं ) | ११-०-० |
| वन्दारूवृत्तिः | १-४-० | भवभावनावृत्तिः पूर्वार्धं | ३-८-० |
| पयरणसदोह | १-०-० | कल्पकौमुदी | २-०-० |
| अहिंसाष्टकसर्वज्ञसिद्धिऐन्द्रस्तुति | ०-८-० | षोडशकप्रकरणं सटीकं | १-०-० |
| नवपदप्रकरणबृहद्वृत्तिः | ४-०-० | षडावश्यकसूत्राणि | ०-८-० |
| बारसासूत्रं सचित्रं | १२-०-० | उत्पादादिसिद्धिः | २-८-० |
| ऋषिभाषितानि | ०-३-० | तत्त्वार्थकर्तृसमीक्षा | ०-१०-० |
| प्रत्याख्यानप्रकरण - सारस्वत, विशेषणवती-वीरावीशी | १-४-० | भगवतीसूत्र ( अभयदेवीया ) ( सटीक ) प्र. भा. | ५-०-० |
| विशेषावश्यकगाथाक्रमादि | ०-५-० | प्रवचनपरीक्षा संपूर्ण ( उ.धर्म. ) | १०-०-० |
| ललिताविस्तरा | ०-१०-० | सुबोधिका | प्रेसमां- |
| | | भवभावना ( उत्तरार्ध ) | प्रेसमां- |
| | | प्रव्रज्याविधानवृत्तिः | प्रेसमां- |

-: प्राप्तिस्थानं :-

## सुरत-श्री जैनानंदपुस्तकालय, गोपीपुरा सुरत.

## पालीताणा-मास्तर कुंवरजी दामजी, मोती कडीयानी मेडी.

संवत् १९९३ पोष शुद १.



धी "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

તા. ૧૮-૧૧-૩૭ ગુરૂવાર
અંક ૩ ............. વર્ષ ૬


## આગમ-રહસ્ય

દ્રવ્યનંદિરૂપ
ત્રીજો ભેદ

### નમિવિનમિનું ચિરસ્મરણ શા માટે ?

ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજે સર્વસાવદ્યનો ત્યાગ કરવા પ્હેલાં શિલ્પકર્મ વિગેરેની પ્રવૃત્તિ તથા તે દ્વારાએ વર્ણ વ્યવસ્થા કરી. હાથીવિગેરેનો સંગ્રહ કરવા સાથે ઉગ્ર, ભોગ અને રાજન્યાદિકનો સંગ્રહ કર્યો, સ્વરાજ્યનો વિભાગ કરી સ્વપુત્રોને વ્હેંચી દીધાં ત્યાં સુધી કોઈપણ યાચક (માગણ) જેવો વર્ગ દુનિયામાં ઉભો થયેલોજ ન્હોતો, પરન્તુ ભગવાને સંવચ્છરીદાન દીધું તે વખત ઋદ્ધિસમૃદ્ધિનો યાચકવર્ગ ઉભો થયો, પરન્તુ અન્નપાનને માટે યાચના કરવાનું અને તેનું દાન દેવાનું તો ભગવાન્ ઋષભદેવજીના આખા ગ્યાશીલાખપૂર્વના વખતમાં પ્રાસંગિકરીતિએ બન્યુંજ નથી, અને તેથીજ ભગવાન્શ્રીઋષભદેવજીએ દીક્ષા ગ્રહણ કરી તેને બીજે જ દિવસે ભિક્ષા માટે ગયા, છતાં તેઓને કોઈએ ભિક્ષા આપવાનું નિવેદન કર્યું નહિ. ભગવાન્ઋષભદેવજી ગામોગામ ફર્યા, પરન્તુ સર્વદેશના અને ગામના લોકોએ તેમની તરફ પૂજ્યભાવને લીધે બીજી બીજી કન્યા. ઋદ્ધિ આદિની નિમન્ત્રણાઓ કરી, પરન્તુ કોઈએ પણ આહારઆદિકની નિમન્ત્રણા કરી જ નહિ. કારણ કે તે વખતે આહાર દેવા લેવાની પ્રવૃત્તિ થયેલી ન્હોતી જો કે નમિ અને વિનમિનો અધિકાર ભગવાન્ના વર્ષીતપના પારણા કરતાં પ્હેલો કહી દેવામાં આવ્યો છે, પરન્તુ તે પ્હેલાજ બન્યો છે એમ માની લેવાનું કાંઈ સબળ કારણ નથી, પરન્તુ એટલું તો ચોક્કસ છે કે તે નમિવિનમિની સેવા એવી અજોડ હતી કે જેનુ ચિરસ્મરણ શાસ્ત્રકારોએ તીર્થંકરભગવાનની સામાન્યપ્રતિમાઓમાં પણ ગોઠવ્યું છે, કારણકે સામાન્યરીતે કેટલાક આચાર્યો તીર્થંકરભગવાનની જન્મઅવસ્થા, રાજ્યઅવસ્થા, અને સામાન્યછદ્મસ્થઅવસ્થા માનવાનું સ્નાત્રાદિકે કરીને જંણાવે છે, ત્યારે કેટલાક આચાર્યો જન્મઅવસ્થા અને રાજ્યઅવસ્થાને છોડી દઈને સ્નપન અને અર્ચાએ કરીને એકલી છદ્મસ્થઅવસ્થા વિચારવાનું જણાવે છે. અને તે વખત સ્નપન અને અર્ચન કરનારો તે બીજો કોઈ નહિં, પરંતુ દીક્ષામહોત્સવને પ્રસંગે અભિષેક કરાવનારા અને અર્ચન કરનારા દેવેન્દ્રો અને નરેન્દ્રો લેવા. અગર છદ્મસ્થ અવસ્થામાં શ્રી ઋષભદેવજીભગવાનની બે પડખે રહેલા નમિ અને વિનમિ લઈને ભગવાનની છદ્મસ્થઅવસ્થા વિચારવી, એ રીતિએ પરિકરવાળી પ્રતિમાઓનો છદ્મસ્થભાવ વિચારવાનું કેટલાક શાસ્ત્રકારોએ જણાવ્યું છે.

## આદ્યપ્રભુની દાન પ્રવૃતિ સર્વત્ર પ્રસરેલી રહી છે.

નમિ વિનમિના સંબંધમાં વિશેષ ઉપકારિતા જણાવ્યા પછી પારણાને અંગે વિશેષ ઉપકારિતામાં પ્રથમ તો એટલુંજ જણાવવાનું કે સકલતીર્થંકરો તીર્થની પ્રવૃત્તિ જે કરે છે તે તેઓશ્રીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી જ કરે છે, પરંતુ ભગવાન શ્રી ઋષભદેવજી મહારાજથી પ્રવર્ત્તેલા દાનધર્મની પ્રવૃત્તિ તો દરેક તીર્થંકર મહારાજને કેવલજ્ઞાન થવા પ્હેલાં દીક્ષા લેવાની સાથે જ ઉપયોગવાળી થાય છે. એટલે એમ કહી શકીએ કે દાનધર્મ જો કે પ્રવાહની અપેક્ષાએ અનાદિનો છે, છતાં કાળચક્રના ફરવા સાથે શ્રુતાદિ તીર્થની પ્રવૃત્તિ નવી નવી થાય છે અને તેથી દરેક જિનેશ્વરમહારાજાઓને તીર્થંકર કહેવામાં આવે છે, પરન્તુ શ્રીદાનધર્મની પ્રવૃત્તિ તો કેવલ ભગવાન્ શ્રી ઋષભદેવજીથી જ યાવત્કાલ અખંડપણે ચાલવાવાળી રહી છે, અર્થાત્ મહાવ્રત અને અણુવ્રતાદિક ધર્મોને માટે તીર્થંકરોના તીર્થોમાં જુદાં જુદાં રૂપો હોય અને દ્વાદશાંગીની શબ્દ થકી જુદી જુદી પ્રવૃત્તિ હોય, પરન્તુ દાનધર્મની પ્રવૃત્તિ તો ભગવાન્ શ્રી ઋષદેવજી મહારાજજીથી જે શરૂ થઈ છે તે જ અખંડપણે બધા તીર્થકરોના શાસનમાં ચાલી છે.

## દાનપ્રવૃત્તિની શાસનને અંગે કેટલી જરૂરીયાત છે

આ દાનધર્મ મોક્ષને અંગે અને શાસનને અંગે કેટલો જરૂરી છે તે જાણવાની બુદ્ધિવાળાએ મલધારી શ્રીહેમચંદ્રસૂરિજીના પુષ્પમાલા પ્રકરણને જોવું :-

आहारवसहिवत्थाइएहिं नाणीणुवग्गहं कुज्जा
जं भवगयाण नाणं, देहेण विणा न संभवइ ॥४१॥
देहो य पोग्गलमओ आहाराईहिं विरहिओ न भवे
तयभावे य न नाणं, नाणेण विणा कओ तित्थं ? ॥४२॥
एएहिं विरहियाणं तवनियमगुणा भवे जइ समग्गा
आहारमाइयाणं को नाम परिग्गहं कुज्जा ? ॥४३॥
तम्हा विहीए सम्मं नाणीणमुवग्गहं कुणंतेणं
भवजलहिजाणवत्तं पवत्तियं होइ तित्थंपि ॥४४॥
कह दायगेण एयं दायव्वं १ केसु वावि पत्तेसु२
दाणस्स दायगाणं, अदायगाणं च गुण ३दोसा ॥४५॥
आसंसाए विरहिओ सद्धारोमंचकुंचुइज्जंतो
कम्मक्खयहेउं चिय दिज्जा दाणं सुपत्तसु ॥४६॥
आरम्भनियत्ताणं, अकिणंताणं अकारविंताणं
धम्मट्ठा दायव्वं गिहीहिं धम्मे कयमणेणं ॥४७॥
इय मोक्खहेउ दाणं दायव्वं सुत्तवन्नियविहीए
अणुकंपादाणं पुण जिणेहिं सव्वत्थ न निसिद्धं ॥४८॥
केसिंचि होइ चित्तं वित्तं अन्नेसि उभयमन्नेसिं
चित्तं वित्तं पत्तं तिन्निवि केसिचिं धन्नाणं ॥४९॥
आरोग्गं सोहग्गं आणिस्सरियं मणिच्छिओ विहवो
सुरलोयसंपयाविय सुपत्तदाणाऽवरफलाइं ॥५०॥
दाउं सुपत्तदाणं तम्मि भवे चेव निव्वुया केइ
अन्ने तइयभवेणं भोत्तूण नरामरसुहाइं ॥५१॥
जायइ सुपत्तदाणं भोगाणं कारणं सिवफलं च
जह दुण्ह भाउयाणं, सुयाण निवसूरसेणस्स ॥५२॥
पहसंतगिलाणेसुं आगमगाहीसु तहय कयलोए
उत्तरपारणगंमि य दिन्नं सुबहुप्फलं होइ ॥५३॥

बज्झेण अणिच्चेण य धणेण जइ होइ पत्तनिहिएणं
निच्चंतरंगरूवो धम्मो ता किं न पज्जत्तं ? ॥५४॥
दारिद्दंदोहग्गं दासत्तं दीणया सरोगत्तं
परपरिभवसहणंचिय अदिन्नदाणाणऽवत्थाओ ॥५५॥
ववसायफलं विहवो विहवस्स फलं सुपत्तविणिओगो
तदभावे ववसाओ विद्दवोऽविय
दुग्गइनिमित्तं ॥५६॥
पायं अदिन्नपुव्वं दाणं सुरतिरियनारयभवेसु
मणुयत्तेऽवि न दिज्जा जइ तं तो तंपि नणु विहलं
उन्नयविहवोऽवि कुलुग्गओऽवि समलंकिओवि
रुवीऽवि
पुरुसो न सोहइ च्चिय दाणेण विणा गइदोव्व ॥५८॥
लद्धोऽवि गरुयविहवो सुपत्तखित्तेसु जेहिं न निहित्तो
ते महुराउरिवणिउव्व भायणं हुंति सोअस्स ॥५९॥

ઉપરની ગાથાઓથી આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજી દાનધર્મનું પોષણ કરતાં જણાવે છે કે-

### દાનધર્મનો મહિમા.

આહાર વસતિ અને વસ્ત્રાદિનું દાન દેવાથી ધર્મિષ્ઠજીવો જ્ઞાનીમહાત્માઓને પણ મદદ કરનારા થાય છે કેમકે જે જે જ્ઞાની પુરૂષો મોક્ષ પામ્યા નથી અને સંસારમાં રહ્યા છે તેઓ શરીર વિનાના હોતા નથી, અને શરીરનું ટકવું એ આહારાદિકદ્વારાએજ હોય છે. આ ઉપરથી મલધારીજી મહારાજ એમ જણાવે છે કે જેઓ આહારાદિકના દાનરૂપી દાનધર્મથી વિમુખ છે તેઓ જ્ઞાન અને જ્ઞાનીઓની યથાસ્થિત ઉપયોગિતાને સમજનારા જ નથી. વળી તેઓશ્રી ચોકખા શબ્દોમાં જણાવે છે કે જ્ઞાનીનું પણ શરીર તો ઔદારિક પુદ્‌ગલમય જ છે અને તે ઔદારિકઆદિ પુદ્‌ગલમય શરીર આહારાદિક વગર ટકી શકે નહિ એ સ્પષ્ટ છે. અને એમાં કંઈ કહેવું પડે તેમ પણ નથી. અને શરીર જો ન હોય તો ભવગત જીવ જ્ઞાનને મેળવી શકે જ નહિં અને જ્યારે જ્ઞાન ન હોય તો સાધુસાધ્વી આદિરૂપ તીર્થ હોય જ ક્યાંથી ? આ ગાથા કહીને મલધારીજી મહારાજ સ્પષ્ટ કરે છે કે તીર્થના ભક્તો કે સાધુસાધ્વીના ભક્તો તેઓ જ વાસ્તવિક રીતિએ ગણાય કે જેઓ આહાર શયન વસ્ત્રાદિકના દાનધર્મને માટે અભિરૂચિવાળા હોય. વળી તેઓશ્રી જણાવે છે કે આહારાદિકે કરીને રહિત એવા સાધુસાધ્વીઓને જો તપ નિયમ સ્વાધ્યાય વિગેરે ગુણો આપોઆપ પ્રવર્ત્તતા હોય તો માગવું, લઘુતા, ભટકવું, વિગેરે ઘણા કષ્ઠોથી મળવાવાળો એવો આહાર વિગેરે હોવાથી તેને લેવા તરફ કોણ પ્રયત્ન કરે ? આ ઉપરથી શ્રીમલધારીજી સ્પષ્ટ કરે છે કે જે મુમુક્ષુજીવો સંસારસમુદ્રથી પાર ઉતરવાને માટે સાધુઓમાં તપ જપ નિયમ સ્વાધ્યાય વિગેરેની જરૂર જોતા હોય તેઓએ સમજવું જોઈએ કે આહાર શયન વસ્ત્રાદિકનું દાન એજ જ્ઞાન, તીર્થ, અને તપ, નિયમાદિકનું મૂલ છે. એટલા જ માટે મલધારીજી મહારાજ જણાવે છે કે-જે મનુષ્યોએ વિધિપૂર્વક જ્ઞાનીઓને મદદ કરનાર એવા આહારાદિકનું વિધિપૂર્વક દાન કર્યું તે જ પુરૂષોએજ સંસારસમુદ્રમાં ઝાઝ જેવું તીર્થ પણ પ્રવર્ત્તાયું એમ સમજવું. આવી

રીતે આહારા દિકને દેવારૂપી દાનધર્મની ઉપયોગિતા જણાવીને તેઓશ્રી દાનને અંગે દ્વારો જણાવતાં ચાર દ્વારો જણાવે છે. દાતાર પુરૂષે દાન કેવી રીતે દેવું? કેવા પાત્રોમાં દેવું ? દાન દેનારાને કેવા ગુણો થાય છે ? અને દાન નહિં દેનારાઓને કેવા અપાયો થાય છે ? આ ચાર દ્વારોમાં પ્હેલાદ્વારમાં દાતારનું સ્વરૂપ જણાવતાં કહે છે કે આ ભવ કે પરભવની ઋદ્ધિ કે કામભોગાદિકની પ્રાર્થના કે ઇચ્છા જેને મુદલ ન હોય, તેમજ આહારાદિક દેવાની ઉત્કટલાગણીથી જેનાં રૂવાટાં રૂવાટાં ઉભાં થઈ ગયાં હોય, વળી કીર્ત્તિ કે પાછા બદલા વિગેરેની ઇચ્છા સિવાય, કેવલ કર્મક્ષયને માટે જ જેઓ સુપાત્રને વિષે આહારારિકનું દાન દેતા હોય તેઓ જ દાતાર કહેવાય આ ઉપરથી જેઓ સાધુઓને દાન દેવાના બદલામાં કર્મક્ષયની ઇચ્છા નહિં રાખતાં, દેશસેવા કોમસેવા અને સમાજસેવાની ઇચ્છા રાખે છે અને બોલે છે, તેઓ કેવા ખોટો માર્ગે જઈને પોતાના આત્માને અને બીજાના આત્માઓને ડુબાવે તે સમજી શકાશે.

**સાધુઓને શા માટે બીજાઓ પાસેથી દાનગ્રહણ કરવું.**

દાન લેવાનું કારણ જણાવતાં મલધારીજી મહારાજ જણાવે છે કે જેઓ છયે કાયના (પૃથ્વી-અપ-તેઉ-વાઉ-વનસ્પતિ અને ત્રસના) આરંભથી ત્રિવિધ ત્રિવિધ નિવ-ર્તેલા છે, વળી જેઓને પરિગ્રહ ન હોવાથી વેચાતું લેવાનું નથી, તેમજ બીજાઓની પાસે જ્હેને પોતાના માટે આહાર તૈયાર કરાવવાનો નથી, તેવા મુનિ મહાત્માઓજ સુપાત્ર કહેવાય છે, અને જ્હેને ધર્મ માં મન હોય એવા ગૃહસ્થોએ તો ધર્મને માટે તેવા સુપાત્રામાંજ આહારાદિકનું દાન કરવું જોઈએ આ સ્થલે જેઓ આરંભ પરિગ્રહથી નહિં વિરમેલા, શ્રદ્ધાહીન, લોકોના ચીલે ચાલનારા, ધર્મને હમ્બક ગણનારા, ધર્મના નિયમોને માત્ર ઉપર ઉપરથી ધર્મીઓની પાસેથી છેતરીને પૈસા લેવા માટે રાખનારા લોકો જે પેટપૂજાને માટે કેળવણી લેનારા એવાઓને દાન આપવામાં સુપાત્રદાન તરીકે ગણાવી દે છે, તેથી જૈનશાસનને માનનારાઓએ તથા જૈનશાસનની વૃદ્ધિ તથા રક્ષણ ઇચ્છનારાઓએ પ્હેલે નબંરે સાવચેત થવાની જરૂર છે. ધર્મને નાશ કરનારા તો અનુકંપાને પાત્ર થવા પણ લાયક નથી.

**મોક્ષનું અનન્તર કારણ સુપાત્રદાન છે**

ઉપર જણાવેલા સુપાત્રદાનના અધિકારથી અનુકંપા અને ઉચિતદાનથી કોઈ ખસી ન જાય માટે મલધારીજી મહારાજ સ્પષ્ટપણે જણાવે છે કે મોક્ષને અંગે સૂત્રમાં કહેલી વિધિથી દેવાલાયક દાનને અંગે આ વિચાર કરેલો છે, પરંતુ અનુકંપાદાનમાં તો સર્વ જગો પર પ્રવાહ વહેવડાવવો. એમાં કોઈ તીર્થંકરોએ નિષેધ કરેલો નથી. યાદ રાખવું કે સુપાત્રદાન મોક્ષનું અનન્તર કારણ છે, પરંતુ જો વિવેકી પુરૂષો ભગવાન સર્વજ્ઞમહારાજના વચનને અનુસારે અનુ કંપાદાન આપે તો પણ તે પરંપરાએ તો મોક્ષને દેવાવાળુંજ થાય (આવા ઉપદેશ સાંભળવાવાળા સામાન્ય રીતે

મનુષ્યગતિવાળા હોય છે તેની અપેક્ષાએ માત્ર આ હકીકત જણાવી છે, નહિંતર મેઘકુમારે હાથીના ભવમાં કરેલી સસલાની દયા એટલી બધી ફલ દેનારી નિવડી કે જે અનુકંપા-દયાના પ્રભાવે તે હાથીનો જીવ બીજા ભવે રાજકુમાર થયો. એટલું જ નહિં, પરંતુ શ્રીજિનેશ્વરભગવાન્ મહાવીરમહારાજની પાસે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ કરી મોક્ષ મેળવવા માટે ઘણો નિકટ થઈ ગયો. એટલે મિથ્યાદૃષ્ટિ હોય તો તેવી અવસ્થામાં પણ કરેલી અનુકંપા પરંપરાએ મોક્ષ દેવામાં સમર્થ થઈ શકે છે.)

## સુપાત્રદાનથી શું અસાધ્ય છે.

એટલું જણાવ્યા પછી મલધારીજી ભગવાન્ જણાવે છે કે કેટલાક બિચારાઓને દાન દેવાનો વિચાર થાય, પરંતુ પોતાની પાસે સાધન ન હોય, વળી કેટલાકોને દાન દેવાના સાધનો હોય, પરંતુ વિચાર ન હોય, કોઈક વખત દાન દેવાના વિચારો હોય, અને દાનનાં સાધનો પણ હોય, છતાં તેને સુપાત્રનો સંયોગ ન મળે. પરંતુ ભાગ્યશાલી જીવોને વિચાર, સાધન, અને પાત્ર આ ત્રણેનો સંયોગ મળી જાય છે. સુપાત્રદાનના મુખ્યફલ તરીકે મોક્ષની પ્રાપ્તિ આગળ જણાવી છે, તેથી અનન્તરપણે સુપાત્ર દાનનું ફળ જણાવતાં કહે છે કે સુપાત્રદાનને દેવાવાળો મનુષ્ય બીજાભવમાં રોગ રહિત થાય, સૌભાગ્યવાળો થાય, આજ્ઞાઐશ્વર્યવાળો થાય અને મનને ઈષ્ટ એવા વૈભવોનો માલિક થાય, યાવત્ દેવલોકોની સંપદાને ભોગવવાવાળો થાય. સુપાત્રદાન દઈને કેટલાક જીવો તો તે દાનના પ્રતાપે તેજ ભવમાં મોક્ષે ગયા છે, અને કેટલાકો દેવતા અને મનુષ્યનાં સુખો ભોગવીને સુપાત્રદાનને પ્રભાવે મોક્ષે ગયાં છે. આટલું કહીને સુપાત્રદાનને દેવાવાળાને તે થતા ફાયદામાં અમરસેન અને વરસેનનું દૃષ્ટાન્ત દઈ વિશેષ ફળવાળું દાન જણાવતાં કહે છે કે વિહાર કરનારા, ગ્લાન થયેલા, આગમગ્રહણકરનારા, લોચ કરનારા, અને ઉત્તરપારણાવાળામાં દેવાતું દાન ઘણા જ ફલવાળું થાય છે.

## દાનીપુરૂષોને પૂજ્યમલધારીજીના બે બોલ.

દાતાપુરૂષોને ધ્યાનમાં રાખવા માટે મલદારીજી મહારાજ જણાવે છે કે જે શરીરથી જુદું રહેલું અને વારંવાર આવડ જાવડ કરવાવાળું એવું ધન છે. તેને પાત્રમાં સ્થાપન કરવાથી નિત્ય અને અંતરંગ એવો જો ધર્મ થાય છે, તો પછી ધનનું ક્યું ફલ બાકી રહ્યું ?, એવી રીતે દાતારના ગુણો જણાવવા સાથે નહિં દેનારાઓના દોષોને અંગે કહે છે કે દારિદ્રય,: દુર્ભાગ્ય, ગુલામી, ગરીબાઈ, રોગસહિત પણું, અને બીજાના પરાભવો સહન કરવા, એ અવસ્થા દાન નહિં દેનારાઓની હોય છે, વળી જણાવે છે કે વ્યાપારનું ફળ પૈસાની પ્રાપ્તિ છે. અને પૈસાની પ્રાપ્તિનું ફલ સુપાત્રમાં વાપરવું તે જ છે. જો સુપાત્રમાં વાપરવાનું ન બને તો વ્યાપાર અને લક્ષ્મી બન્ને દુર્ગતીનાં જ કારણો બને છે. દેવતા તિર્યંચ અને નારકીના ભવમાં તો ઘણા ભાગે દાન દેવાતું જ નથી, અને મનુષ્યપણું મળ્યા છતાં પણ જો દાન નહિં દેવાય તો તે મલેલું મનુષ્યપણું પણ નિષ્ફળ છે. ઘણા વૈભવ-

(અનુસંધાન પા. ૫૫)

# સમાલોચના

૧ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ શ્રી કલ્પની અપેક્ષાએ ઓગણચાલીશમી પાટે આવે અને દેશિગણી ના શિષ્ય ગણાય. દેવદૂષ્યના શિષ્ય દેવવાચક શ્રીનન્દીસૂત્રને કરનારા છે.

૨ શ્રીહરિભદ્રજીએ કરેલી તરીકે છપાયેલી ટીકામાંજ તે ટીકાનો જે આદ્યભાગ છે તે શ્રી સિદ્ધસેનજી કરતાં પ્હેલાંનો છે, અને તે ભાગ યાકિની મહત્તરા સુનુનો રચના ઉપરથી અને પ્રાભૃતની સાક્ષી ઉપરથી જણાય છે.

૩ ચતુર્થીની સંવચ્છરી ચલાવનાર શ્રી કાલકાચાર્ય ચૂર્ણિકાર કરતાં ઘણા પ્હેલાં થયા છે. મલધારી શ્રીહેમચંદ્રસૂરિજીની પુષ્પમાલા પ્રમાણે પણ તેઓ વિક્રમ કરતાં પ્હેલાના હતા.

૪ દેશનેતાને તે તરીકે જોવામાં પણ ધર્મતો ન કહેવાય, પણ મિથ્યાત્વ કહેવાય નહિં

૫ શ્રીશત્રુંજયમહાત્મ્યમાં ભગવાન શ્રી અજીતનાથે ગાર્હસ્થ્યમાં પ્રતિમા પૂજી છે.

૬ વીરપ્રભુના નિર્વાણની સાથે શ્રીગૌતમસ્વામીનું કેવલજ્ઞાન માની દીવાળીની રાતે જ તેના દેવવંદાય એ નિયમ નથી.

૭ ખરતરો ચૌદશના ક્ષયે પૂનમે પક્ખી કરે છે તેઓને ચોથના ક્ષયે પંચમી સ્વીકારવાની અનિષ્ટતા જણાવી છે, એટલે નથી તત્વત રંગિણીકારને ચોથના ક્ષયે પાંચમ માનવાની અને નથી તો ખરતરોને માનવાની. બીજા પાઠમાં વૃદ્ધૌ च नाद्योऽपरा आराध्या પાઠ છે.

૮ સર્વ ધર્મપરિષદ્‌માં ભાગ લેવાથી મિથ્યાત્વ છે એમ નહિ, પરંતુ હેલના જેવું કંઈક થાય તો તે થાય.

૯ વાયુકાય અને અગ્નિની હિંસા સ્પષ્ટ છે.

૧૦ વરખનીધાતુને થુંક લાગવાથી અપવિત્રતા ગણનારા કઈ દાનતના હશે ? રૂપૈયા-રૂપું-સોનું વગેરે ઘરમાં કેમ રાખે છે ? ભક્તિથી ભડકાવવાની રીતિ છે.

૧૧ શુદ્ધ કેસર મેળવવું. એકલા સુખડની વાત કરનારાઓએ શુદ્ધ કેસર ન મળે ત્યાં સુધી વિગયો ત્યાગ કરી ? માત્ર ભક્તિ છોડવી છે. ઘીમાં ચરબીઓ ઘણી આવે છે. તેથી ઘી કેટલાઓએ છોડ્યું ?

૧૨ હિંસાથી ઉત્પન્ન થયેલી ચીજોથી પૂજામાં આશાતના થાય એવું કહેનારે હાથીદાંતનાં મંદિર, કસ્તુરીનું વિલેપન વગેરે વિચારવું. જીવોના મોત કરનારી રેલ્વે અને મોટરો નહિં છોડવી, અને પૂજાના સાધનમાં ખોટાં છિંડાં કહાડવાં એ ધર્મીઓને શોભે નહિ.

૧૩ નન્દી તરીકે ગણાતાં વાજિંત્રોમાં ચર્માવનદ્ધકાહલા આદિ સ્પષ્ટ કહ્યાં છે.

૧૪ જૈન રહેવાની ઈચ્છાવાળાએ તત્ત્વાર્થ, પ્રમાણનયતત્વ, અનેકાન્તજયપતાકા આદિનો ક્રમસર અભ્યાસ કરી પછી જ મુક્તાવલીઆદિ ભણવાં.

૧૫ તેના અભ્યાસની મદદ એ કે પરીક્ષાના ઈનામો નવી નવી શાળાઓ અને તેના ઈનામવાળા નિબંધો.

૧૬ જલ્દી અને જરૂર એક શ્રદ્ધાવાન શિક્ષિતોની સમિતિ પ્રતીકાર માટે સ્થાપવી સારૂં અને સજ્જડ એવા પ્રતિપાદનશૈલી તેમજ ખંડનશૈલીથી સાહિત્ય લખી સસ્તામાં સસ્તી કિંમતે અગર મફત ફેલાવવું.

૧૭ છપાયેલા અને નહિં છપાયેલા તમામનો ઉદ્ધાર કરવા માટે સસ્તીકિંમતે ટકાઉ કાગળો પૂરા પાડવા, લહીઆઓ રોકી સસ્તાભાવે ઉદ્યાપનવાળાને મળે એવી સગવડ કરવી.

૧૮ પ્હેલો નિષ્પક્ષપણે બારીક નિર્ણય કરવો અને તે કહેવાતી હકીકત સાચી ઠરે તો તે વ્યક્તિને શુદ્ધ થવા માટે સ્રામાદિથી જરૂર કહેવું (મહેસાણા. વાડીલાલ.)

૧ પર્યુષણાદશશતક વગેરે જ્હેને ઘેર જલશરણ થાય તેની નિરૂત્તરતાનીજ નિશાની છે.

૨ હેડીંગનાં લખાણો અન્યનાં છે એ સુજ્ઞથી સમજાય તેમ છે.

૩ યુગપ્રધાનાગમનો અર્થ વર્તમાનશાસ્ત્રપારંગત એવો શાસ્ત્રકારો કહેજ છે.

૪ ભગવાન અભયદેવસૂરિજી વખતે કલ્યાણક, આદિનો મતભેદ હતો જ નહિં. આવા સંઘને જિનપૂજા વાઘની ઉપમાથી ક્રુર ગણનાર એવા જિનવલ્લભ આદિથી તે થયો છે.

(મુંબઈ-ખર-)

---

(અનુસંધાન પાના ૫૩ થી ચાલુ)

વાળો, સારાકુળમાં ઉત્પન્ન થયેલો, સારા સારા અલંકારવાળો, અને મનોહરરૂપવાળો મનુષ્યપણ જેમ દાણવિનાનો ગજેન્દ્ર શોભે નહિં, તેમ શોભતો નથી. જેઓને મ્હોટો વૈભવ પ્રાપ્ત થયો છે. છતાં સુપાત્રક્ષેત્રમાં તે વૈભવ વાપર્યો નથી, તેઓ મથુરાનગરીના વાણીયાની માફક શોકને જ મેળવવાવાળા થાય છે. આ બધું સાંભળીને વાચકો દાનધર્મની અત્યંત ઉપયોગિતા સમજી શકસે, અને તે સમજવાથી ભગવાન્ શ્રી ઋષભદેવજીએ વર્ષ સુધી તપસ્યા કરીને પણ જે દાન મેળવ્યું અને તેથી દાનધર્મ પ્રવર્ત્યો તેનો મહિમા અને તે દ્વારાએ ભગવાન ઋષભદેવજીનું પરોપકારિપણું અદ્વિતીય છે તે સમજી શકશે (અપૂર્ણ)

---

## ગ્રાહકોને અગત્યની સૂચના

આથી જણાવવાનું કે સિદ્ધચક્ર પાક્ષિકનું છઠ્ઠું વર્ષ શરૂ થઈ ચુક્યું છે અને તેનો આ ત્રીજો અંક છે. તો આ વર્ષે લવાજમના રૂા.૨) મનીઓર્ડરથી પેપર પહોંચેથી ફક્ત આઠ દીવસમાં મોકલી આપનારને ભેટ પુસ્તક વિના ખરચે ઘેર બેઠા પહોંચાડવામાં આવશે.

આ લાભ ફક્ત આઠ દિવસમાં લવાજમ મોકલનાર માટે જ છે. આઠ દિવસ બાદ વી. પી. ભેટનું પુસ્તક રવાના કરવામાં આવશે. તંત્રી.

# આગમોદ્ધારકની

# અ
# મો
# ઘ
# - દેશના -

(ગતાંક પૃષ્ઠ ૪૮૮ થી ચાલુ)

એક - અનેક

તમે એક તીર્થંકર ભગવાનને અનુસરો તો એ એકનું અનુકરણ તે અનંતાના અનુકરણની સમાન છે. આ વાત પણ તમોને આગમ સિવાય પ્રાપ્ત થઈ શકે એવી નથી. આથી જ આચારાંગસૂત્રને અંગે નિયમ રાખવામાં આવ્યો છે કે આચારાંગસૂત્રના પહેલા શ્રુતસ્કંધમાં છેલ્લા અધ્યયનમાં એટલે નવમામાં છેલ્લા જે તીર્થંકર હોય તેનું જ ચારિત્ર કહેવુ એ ઘટિત માનવામાં આવ્યું છે. બીજે સઘળે સ્થળે બધા તીર્થંકર ભગવાનોનું ચરિત્ર આવે છે, પરંતુ નવમા અધ્યયનમાં માત્ર ચાલુ તીર્થંકર હોય તેનાં જ ચરિત્રો કહેવાનું શાસ્ત્રોનું ફરમાન છે. આ બધા ઉપરથી સમજવાની વાત એક જ છે અને તે એક જ છે કે સઘળા તીર્થંકર ભગવાનોએ કર્મ ક્ષયાદિથી જે કાર્ય કરેલું છે તે અનુકરણીય છે. પરંતુ અશક્તિની ખામીથી કદાચ સાધન વધારે મેળવવું પડે તો તે બનવાજોગ છે, છતાં કર્ત્તવ્ય તરીકે તો સઘળે એક જ વસ્તુ રાખવામાં આવી છે.

મૂલ્યમાં તફાવત નથી

ચાહો તો તમે ચોથે ગુણસ્થાનકે ઉભેલા હો, યા ચાહે તો તમે ચઉદમે ગુણસ્થાનકે ઉભેલા હો. પરન્તુ એક વાત તો સત્ય છે કે ધર્મની કિંમતમાં કોઈપ્રકારે ફેરફાર હોઈ શકતો જ નથી. જે ફેરફાર હોય છે તે માત્ર શક્તિના ભાવાભાવને લીધે પદાર્થમાં જ હોય છે. તમે થોડી મુડીવાળા હો તો તમે થોડો વેપાર કરો છો, અને તમે વધારે મુડીવાળા હો તો તમે વધારે વેપાર કરો છો, મોટી રકમનું બીઝનેસ કરી શકો છો. પરંતુ તેથી તમે વસ્તુની ભાવના પરત્વે તો ફેરફાર વિનાના જ છો. તમે લશ્કરમાં જઈને ઉભા રહો તો ત્યાં પાણી પીવડાવનારો અને જનરલ એ બન્ને તમારી દષ્ટિમાં સમાન જ હોય છે અર્થાત્... શત્રુને શત્રુ જ માનવો જોઈએ અને મિત્રને મિત્ર જ માનવો જોઈએ, એ એક મુદ્દારૂપ વાત છે. પછી તમારી અશક્તિએ તમારા કાર્યમાં ઓછા વધારે પણું હોય તેનો.... વાંધો નથી જ ! કાર્યમાં લાખો ગાડાનો ફેર હોય તો તે ચાલી જશે, તેને માટે આ શાસન એવો વાંધો નહિ ઉઠાવે કે આ માણસે હજાર જેટલું કાર્ય કર્યું છે ? શા માટે બીજાએ પાંચ જેટલું કાર્ય કર્યુ છે... અહીં કાર્યમાં ફેર અવશ્ય ચાલી શકશે પરંતુ દષ્ટિમાં ફેર પડે એ ચાલી શકવાનું નથી... અને તેમાં તમે ફેર કર્યો તો તમોને નિન્હવ તરીકે જાહેર કરી દેતા પણ આ નિષ્પક્ષપાતી શાસનને તમારી જરાય શરમ નડવાની નથી.

અપૂર્ણ

# પર્યુષણાપર્વ અને શ્રાવકવર્ગ (ગતાંક થી ચાલુ)

**દરેક જિનેશ્વરભગવંતોના શાસનમાં તપ ક્યાં સુધી ગણાતું હતું ?**

ભગવાન્ ઋષભદેવજીમહારાજના વખતમાં શાસનમાં બાર મહિનાનું તપ ગણાતું હતું. બાવીસ તીર્થંકરોના વખતમાં આઠ મહિનાનું તપ ગણાતું હતું અને ચરમતીર્થંકર ભગવાન મહાવીર મહારાજના શાસનમાં છ મહિનાનું તપ ગણાય છે. અને આજ કારણથી સાધુ સાધ્વી શ્રાવક કે શ્રાવિકાને તપચિંતવનના કાયોત્સર્ગમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજે છ મહિનાનું તપ કર્યું છે તે તું કરી શકીશ ? એવો અનુકરણનો પ્રશ્ન કરવો પડે છે. એવો પ્રશ્ન કર્યા પછી શક્તિ ન હોય અને સંયમ નિર્વાહ ન થાય એ કારણને આગલ કરી પાંચ પાંચ દિવસ ઘટાડતાં યાવત્ એક મહિનાની તપસ્યાનો પ્રશ્ન કરવામાં આવે છે. તેમાં પણ જ્યારે શક્તિ ન હોય અને સંયમ નિર્વાહની અશક્યતા દેખે ત્યારે અનુક્રમે તેર દિવસ ઘટાડી દઈ પછી ચોત્રીસભક્તથી પ્રશ્ન શરૂ કરવામાં આવે છે. અર્થાત્ જે મનુષ્યમાં સોળ ઉપવાસ સુધીની તપસ્યા કરવાની શક્તિ હોય છે તેને વર્ત્તમાનકાલમાં સોલ ઉપવાસ સુધીનાં સાથે પચ્ચક્ખાણ આપવામાં આવે છે, અને તેથી જ ચોત્રીસભક્તથી ભક્તના ત્યાગને નામે ચિંતવન થાય છે.

**એક ઉપવાસથી વધારે પચ્ચક્ખાણ ન થાય એ બોલવું અનુચિત છે, તેનો પુરાવો**

આ જગો પર કેટલાકો એક ઉપવાસથી વધારે ઉપવાસનાં સાથે પચ્ચક્ખાણો ન હોય એવું માનવાવાળા હોય છે. પરન્તુ તેઓની એ માન્યતા શાસ્ત્રથી વિરૂદ્ધ છે. કારણ કે શ્રીભગવતીજી વિગેરે સૂત્રોમાં એક્કી સાથે અટ્ઠમીનાં પચ્ચક્ખાણોનો અધિકાર સ્પષ્ટપણે છે. જગો જગો પર લખે છે કે अट्ठमभत्तं पगिण्हइ ધ્યાન રાખવું કે અટ્ઠમની સાથે ત્રણે દિવસ પૌષધ કરવાના હોય છે છતાં ત્યાં अट्ठमपोसहं पगिण्हइ એવો પાઠ હોતો જ નથી. વળી શ્રીભગવતીસૂત્રમાં કોણિકના અટ્ઠમની વખતે અગીઆરમે દિવસે જ કોણિકના દસે દિવસે દસ ભાઈઓ મરી ગયા પછી કોણિકે અટ્ઠમ કર્યો એમ ચોકખો પાઠ છે. વળી ટીકાકાર ભગવાન્ અભયદેવસૂરિજી કે જેઓ ઉપર જણાવેલા મતની ઉત્પત્તિ પહેલાં, સદી કરતાં પણ વધારે વખત પ્હેલાં થયેલા છે તેઓએ સ્પષ્ટશબ્દોમાં સૂચવ્યું છે કે આઠમા ભક્ત સુધીનો ત્યાગ તેનું નામ અષ્ટમભક્ત. તેમજ છટ્ઠા ભોજન સુધીનો ત્યાગ તેનું નામ છટ્ઠભક્ત. આવી રીતે જે અભયદેવસૂરિજીએ વ્યુત્પત્તિ કરીને સાથે તપસ્યા હોય એમ જણાવ્યું છે તે અભયદેવસૂરિજીને येन केन प्रकारेण પોતાના મતના ઠરાવવાવાળા થઈને તેઓ સાથે પચક્ખાણ કેમ નહિં માનતા હોય તેનું કારણ જ્ઞાની મહારાજજ જાણી શકે.

**એકીસાથે પચ્ચકખાણ નહિ માનનારાના કુતર્કો**

ચાલુ અધિકારમાં જેને ચોત્રીસભક્તનાં પચ્ચક્ખાણ કરવાં હોય તે મનુષ્યે તપચિંતવનમાં શું કરવું ? તેનો પણ તે મતવાળાઓએ વિચાર કર્યો

નથી. શાસ્ત્રની દૃષ્ટિએ તો જેઓને ચોત્રીસમા ભક્ત સુધી ભોજનનો ત્યાગ કરવો હોય તેઓ ચોત્રીસભક્તના ત્યાગનું ચિંતવન કરી આગલ ચિંતવના બંધ કરી દે. અને કાઉસગ્ગ પારી લે, પરન્તુ સાથે પચ્ચક્ખાણ નહિં માનનારાઓના મતે તો ચોત્રીસભક્તના ત્યાગની ઈચ્છા છતાં પણ તેને શક્તિ નથી વિગેરે જુઠું બોલવુંજ પડશે. સાથે પચ્ચક્ખાણ નહિં માનનારાઓ તરફથી જે જે કુતર્કો કરવામાં આવે છે તે તે કુતર્કો અને તેનાં સમાધાનો નીચે પ્રમાણે છે.

૧ સામટુ પચ્ચક્ખાણ લેવાથી કદાચિત્ કર્મયોગે ભંગ થાય તો મ્હોટા વ્રતનો ભંગ થવાથી મોટું પ્રાયશ્ચિત્ત આવે. અને ટુંકુ ટુંકુ પચ્ચક્ખાણ લેવાથી ભંગ થાય તો તેમાં પ્રાયશ્ચિત્ત અલ્પ આવે. સમાધાન-આવી રીતે પોતાના શાસ્ત્ર વિરૂદ્ધ એવા પણ મતને પોષવા માટે કુતર્ક કરતાં તેઓએ એટલો પણ વિચાર કર્યો નહિ કે તેઓના હિસાબે તો જાવજ્જીવ મહાવ્રત લેવું એ પણ વગર વિચારેલું પગલું છે. અણુંવ્રત પણ જાવજ્જીવ લેવાં એ પણ અયોગ્ય છે. કાલાંતરને માટે અભિગ્રહો લેવા એ પણ અયોગ્ય છે. અમુક મહિને અમુક તપ કરવો એવું વ્રત લેવું તે પણ અયોગ્ય છે અને જો મહાવ્રત વિગેરે જાવજ્જીવને માટે, લેવાં અયોગ્ય ન હોય તો પછી ઉપરનું કથન કુતર્કજ છે એમ કહેવું જોઈએ.

૨ સાથે પચ્ચક્ખાણ નહિ માનનારાઓ એવો પણ કુતર્ક કરે છે કે શ્રીભગવતીજી સૂત્ર વિગેરેમાં છટ્ઠભક્તિઓએ અટ્ઠમભક્તનાં પચ્ચક્ખાણ લીધાં એમ જે અધિકાર આવે છે. તે સ્પષ્ટપણે જણાવે છે કે ઉપવાસનાં પચ્ચક્ખાણ ટુકડે ટુકડે કરવાં. સમાધાન-આવો કુર્તક કરનારાએ સમજવું જોઈએ કે હંમેશાં છટ્ઠ છટ્ઠ કરવાવાળાઓ કોઈપણ કારણ સર જ્યારે અટ્ઠમ કરે ત્યારે તે ષષ્ઠભક્તિક હતા અને અષ્ટમ ભક્તિક થયા એમ કહેવું જ પડે. વળી કદાચ બે દિવસના ઉપવાસને માટે છટ્ઠ કરેલો પણ હોય અને ત્રીજે દિવસે પારણાનો વિચાર ન થાય તો તે વખત ત્રીજો ઉપવાસ કરવાને લીધે વ્યવહારથી નહિં કે પચ્ચક્ખાણથી અટ્ઠમભક્ત કહી શકાય. કારણ કે શાસ્ત્રકારો રૂઢિની અપેક્ષાએ ત્રણ દિવસના પચ્ચખાણને અટ્ઠમ કહે છે પરન્તુ પચ્ચક્ખાણમાં તો સૂર્યના ઉદયથી શરૂ થતું હોવાને લીધે આઠે ભક્ત સાથે ત્યાગ કરાતો હોય અને તેથી આઠમા ભક્ત સુધીનો ત્યાગ થતો હોય તોજ અટ્ઠમભક્તનું પચ્ચખાણ થઈ શકે અને શાસ્ત્રોમાં જગો જગો પર પહેલે દિવસે જ અટ્ઠમનું પચ્ચક્ખાણ લીધાના અધિકારો છે, માટે એકેક ઉપવાસે જ પચ્ચક્ખાણ થાય, પરન્તુ છટ્ઠ, અટ્ઠમ, દશમ વિગેરેનાં સાથે પચ્ચક્ખાણ ન જ થાય, એમ કહેવું તે પંચાંગીથી વિરૂદ્ધ હોવા સાથે ભગવાન્ અભયદેવ સૂરિજીના વચનને ઉઠાવનારૂં જ કહેવાય.

૩ સાથે પચ્ચક્ખાણ નહિં માનવાવાળાઓ એવો પણ કુતર્ક કરે છે કે જો છટ્ઠ અટ્ઠમ વિગેરેનાં પચ્ચક્ખાણો સાથે લેવાતા હોય તો શ્રીપર્યુષણાકલ્પસૂત્રમાં સાધુઓની ચોમાસાની સામાચારીમાં ઉપવાસ છટ્ઠ અને અટ્ઠમવાળાને જુદી

જુદી જાતનાં પાણી જણાવી ઉપવાસવાળાને જે પાણી જણાવ્યાં છે તેના કરતાં છઠ્ઠવાળાને જુદાં જણાવ્યાં છે. અને તેના કરતાં અઠ્ઠમવાળાને જુદાં જણાવ્યાં છે. તો સાથે પચ્ચક્ખાણ લેવાથી તે કેમ રહેશે નહિ. સમાધાન-આવો કુતર્ક જે કરવામાં આવે છે તે માત્ર પોતાનો મત દૃઢ કરવા સૂત્રના ભાવાર્થથી ઉલ્ટી રીતે બોલવા પણાને આભારી છે. કારણ કે પ્રથમતો ત્યાં वासंवासं पज्जोसवियाणं એમ કહીને આખા ચોમાસાના ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરેના અભિગ્રહવાળા લીધેલા છે. વળી જે ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ વિગેરેને માટે જુદાં જુદાં પાણી જણાવ્યાં છે, તેમાં અઠ્ઠમનાં પાણી છઠ્ઠમાં ન લેવાય એવું નથી, તેમ છઠ્ઠનાં પાણી પણ ઉપવાસમાં ન લેવાય તેવું નથી, તેથી છટ્ઠે છટ્ઠે ચોમાસામાં તપસ્યા કરનારા પહેલે દિવસે પણ છઠ્ઠને લાયક પાણી લે. અઠ્ઠમ અઠ્ઠમની ચોમાસામાં તપસ્યા કરનારા પ્હેલે દિવસે અને બીજે દિવસે પણ અઠ્ઠમને લાયક જ પાણી લે, તો એમાં કોઈપણ જાતની અડચણ નથી. કેમકે જો એમ ન માનવામાં આવે તો विकृष्ट તપસ્યા કરનારાઓને તેમજ અનશન કરનારાઓને પ્હેલે બીજે અને ત્રીજે દિવસે ઉપવાસ છઠ્ઠ અને અઠ્ઠમનાં પાણી લેવાનો વખત આવે, અને તે પાણી તેઓને લેવાનો તો સ્પષ્ટપણે ત્યાં નિષેધ જ કરવામાં આવ્યો છે. વિકૃષ્ટભક્તમાં તો કદાચિત્ એ કુતર્ક કરનારાઓ ચોથા ઉપવાસથી એ પાણી લેવું એમ શાસ્ત્ર વિરૂદ્ધ અર્થ કરી લેશે. પરન્તુ અપશ્ચિમઅનશનને અંગે જે પાણીનો અધિકાર જણાવ્યો છે તે અધિકાર તો પ્હેલે બીજે અને ત્રીજે દિવસે તેઓને બાધક થશે.

### ક્યા તપથી અનશન ગણાય ?

ઉપર જણાવેલી હકીકતથી ભવ્ય જીવો સ્પષ્ટપણે સમજી શકશે કે તપચિંતવનના કાઉસગ્ગમાં ચોત્રીસભક્ત એટલે સોળ ઉપવાસનાં જેને પચ્ચક્ખાણ કરવાં હોય તે સોળ ઉપવાસે ચોત્રીસભક્તનો ત્યાગ ચિંતવીને કાયોત્સર્ગ પારી લે. એવી જ રીતે બબ્બે ભક્તો ઓછા કરતાં એક ઉપવાસ સુધી આવે ત્યાં સુધી અનશન કહેવાય છે. જો કે આયંબિલ એકાસણાં વિગેરેમાં પણ અમુક વખતને માટે અશનાદિકનો ત્યાગ થાય છે, તોપણ તેમાં સર્વથા અશનાદિકનો ત્યાગ નહિં હોવાથી તે આયંબિલ વગેરેને અનશન નામથી શાસ્ત્રકારોએ જણાવ્યું નથી. વળી બારપ્રકારની તપસ્યાના અનશન ભેદને અંગે એકલા અશનનોજ ત્યાગ જણાવ્યો છે, એટલે તે પચ્ચક્ખાણમાં એકલા અશનનો ત્યાગ કરી પાન ખાદિમ અને સ્વાદિમની છુટ હોય એમ સમજવું નહિં. પરન્તુ અશન પાન ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારનો આહાર એ અશન તરીકે જ છે અને એને માટે જ નિર્યુક્તિકાર મહારાજા सव्वं असणं વિગેરે હકીકત જણાવે છે. તેથી અનશન ચ્હાય તો ઇત્વરિક હોય કે ચ્હાય તો યાવત્કથિક હોય, પણ તે બન્નેમાં અશનાદિક ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવાની આવશ્યકતા છે.

## બાહ્ય અને અભ્યંતરતપની વ્યાખ્યા

અનશન વિગેરે બારે પ્રકારની તપસ્યા એ નિર્જરા કરનારી હોઈ તપ તરીકે ગણાય, છતાં એકલા ઈત્વરકાલના અશનાદિકના ત્યાગને તપ શબ્દથી વ્યવહારમાં કહેવાય છે, અને કારણ તરીકે એમ કહી શકીએ કે અનશનાદિક છ પ્રકારના બાહ્યતપમાં ઉત્સર્ગ પક્ષજ અનશનને વરેલો છે. ભગવાન્ અભયદેવસૂરિજીશ્રીઉવવાઈજીની ટીકામાં જણાવે છે કે મુખ્યતાએ મુમુક્ષુજીવોએ અનશન નામની તપસ્યા કરવી અને જ્યારે અશનાદિકના ત્યાગની અશક્તિ હોય ત્યારે ઉણોદરીથી ભોજન કરવું અને આટલા માટે જ શાસ્ત્રકારો પણ પ્રકામભોજનની જગો જગો પર મનાઈ કરે છે, એમ છતાં જેઓ કુરગડુક જેવા હોય અને કોઈક પૂર્વભવના તેવા સંસ્કારને લીધે અનશન ન કરી શકે, તેમ ઉણોદરી પણ ન કરી શકે, તો તેઓને દ્રવ્યાદિકનું પ્રતિસંખ્યાન રાખવાની જરૂર છે. અવી જ રીતે અનુક્રમે રસત્યાગ કાયકલેશ અને સંલીનતાની પણ અપવાદે અપવાદે જરૂર જણાવી છે. તે ઉપરથી એમ કહી શકીએ કે અનશનની તપસ્યા મુખ્ય છે અને વ્યવહાર મુખ્યને અનુસરીને થાય એ સ્વભાવિક છે. તેથી ઈત્વરિક એટલે થોડા કાળના અનશનનામના તપને તપશબ્દથી વ્યવહારમાં લેવાયો છે. જેવી રીતે અનશનાદિક બાહ્ય છપ્રકારના તપને તપ કહેવાય છે તેવી જ રીતે પ્રાયશ્ચિત્ત વિગેરે જે છ પ્રકારનો તપ છે તેને અભ્યંતરતપ તરીકે કહેવાય છે. બાહ્ય ને અભ્યંતરતપની ભિન્નતા જણાવતાં કેટલીક જગોપર કરાતું અનશનાદિક તપ દેખવામાં આવે માટે તેને બાહ્યતપ કહેવું એમ કહેવાય છે, પરંતુ વિનય વૈયાવચ્ચ અને સ્વાધ્યાય વિગેરે અભ્યંતરતપો દેખવામાં નથી જ આવતાં એમ નથી જ. વળી કેટલીક જગો પર અન્યદર્શની મિથ્યાદષ્ટિઓ પણ અનશનાદિક તપ તો કરે છે માટે તે અનશનાદિકતપને પણ બાહ્યતપ કહેવું એમ કહેવામાં આવે છે, પરંતુ એમ અન્યદર્શનીઓના કરવાથી બાહ્યતપ કહીએ તો અન્યદર્શનીઓમાં પણ પ્રાયશ્ચિત વિનય વૈયાવચ્ચ સ્વાધ્યાય આદિ નથી હોતાં એમ કહી શકાય જ નહિ કદાચ એમ કહેવામાં આવે કે વર્ધમાનજીનેશ્વર મહારાજે મુમુક્ષુજીવોને મોક્ષની પ્રાપ્તિ માટે કહેલી રીતિએ કરાતું આચરણ જે અનશનાદિરૂપે છે તે બાહ્ય હોવાથી બાહ્યતપ કહેવાય તો એ દૃષ્ટિએ પણ મુમુક્ષુ નહિં એવા અભવ્યો પણ પ્રાયશ્ચિત્તવિનય વૈયાવચ્ચ વિગેરેને કરનાર હોય જ છે. તત્ત્વથી સુવિહિત આચાર્યોએ જે જણાવ્યું છે કે કર્મક્ષય પ્રત્યે અલ્પ સામર્થ્યવાળુ તપ તે બાહ્યતપ, અને મહાસામર્થ્યવાળુ તપ તે અભ્યંતરતપ તે સારૂં છે. અને આવી રીતે કરેલી વ્યાખ્યા યુક્તિની સાથે પણ વધારે સંગત થાય છે.

## બાલતપ અને અકામનિર્જરા

ધ્યાન રાખવું કે અન્યદર્શની મિથ્યાદષ્ટિ હોય, તેમ જૈનનામધારી અભવ્ય કે મિથ્યાદષ્ટિ હોય તે પણ ભગવાન્ જીનેશ્વરમહરાજની આજ્ઞાને અનુસારે જ વ્યવહારથી સંવરપૂર્વક બારપ્રકારનું તપ કરે છે અને તેથી થતી જે નિર્જરા તે

જીનેશ્વરભગવાનના વચનને અનુસરવા સિવાય થતી નિર્જરા કરતાં ક્રોડાક્રોડ ગુણી જબરજસ્ત છે, અને તેથી જ અનશનાદિક તપ કરવાવાળા જો જીનેશ્વરભગવાનની આજ્ઞાથી રહિત હોય છે કે વિરૂદ્ધ હોવા સાથે જે અનશનાદિક તપ કરે તેને અકામનિર્જરાની ઉંચી કોટિ સાથે ગણીને બાળતપપણે શાસ્ત્રકારો જણાવે છે. અથવા અકામનિર્જરા અને બાળતપમાં એટલો જ ફરક છે કે અકામનિર્જરાના તપની વખતે તપ કરવાની કે દુઃખ સહન કરવાની બુદ્ધિ ન હોય, અને બાલતપસ્વીને તપ કરવાની અને દુઃખ સહન કરવાની બુદ્ધિ હોય છે, તથા તેનાથી વિરૂદ્ધ એવાં મોઝમઝાનાં અને સુખના સાધનોના પદાર્થોની ઈચ્છા નથી હોતી, પરંતુ ત્રિલોકનાથતીર્થંકરભગવાનની આજ્ઞાથી નિરપેક્ષપણું જે અકામનિર્જરાનું મૂલ કારણ તે તો અકામનિર્જરાવાળા અને બાલતપસ્યાવાળાઓ બન્નેમાં બરોબરજ છે. આ જગોપર ધ્યાન રાખવાની જરૂર છે કે તપસ્યા કરવાની બુદ્ધિ વિના અને સુખસાધન અને મોઝમઝાના પદાર્થોની ઈચ્છા છતાં પણ તે ન મળવા છતાં તથા દુઃખને સહન કરવામાં આવે તો નિર્જરાજ છે, અને તેવી નિર્જરાથી અનેક શૂલપાણિયક્ષો વિગેરે જીવો દેવગતિમાં ગયેલા છે, તો પછી જે જીવો મુમુક્ષુદશામાં છે અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને પાપકર્મનો ક્ષય કરી મોક્ષ મેળવવા માટે આ તપસ્યારૂપી સાધન જ અદ્વિતીય જણાવ્યું છે, અને તેઓએ આચર્યું પણ છે, તો તેવું તપ હું મ્હારા આત્માની મુક્તિને માટે કરૂં, એવી ઈચ્છાથી જેઓએ તપસ્યા કરેલી છે. તેઓની તપસ્યા કદાચિત્ તેવા કર્મના યોગે આહારાદિકની ઈચ્છા થઈ જાય તો પણ તે તપસ્યામાં જરૂર નિર્જરા છે. માટે ભવ્યજીવોએ કોઈપણ પ્રકારે આ તપસ્યારૂપી મોક્ષના સાધનથી બેદરકાર રહેવા કે તેની ઉપેક્ષા કરવાનો વિચાર પણ કરવો યોગ્ય જ નથી.

### સંવત્સરીની તપસ્યા એ અભ્યંતર તપ કહી શકાય

ચાલુ અધિકારમાં જો કે અઠ્ઠમની તપસ્યા જણાવી તે બાહ્યતપ તરીકે છે, છતાં પર્યુષણાને અંગે કરાતી અઠ્ઠમની તપસ્યા તે કેવલ બાહ્યતપરૂપ નથી. શાસ્ત્રકારો ફરમાવે છે કે અપ્રમત્તસંયતને પણ એક દિવસમાં સો સો શ્વાસોશ્વાસના પ્રમાણવાળા કાયોત્સર્ગ જેટલું પ્રાયશ્ચિત્ત હોય. પક્ષને અંગે એક ઉપવાસ જેટલું, ચોમાસાને અંગે છઠ્ઠ જેટલું, અને સંવચ્છરીને અંગે અઠ્ઠમ જેટલું પ્રાયશ્ચિત્ત વ્યવહારથી અપ્રમત્તપણે વર્ત્તતા સાધુને પણ લાગે છે, તો તેવી રીતે સંવચ્છરીના પાપની શુદ્ધિને માટે કરાતી અઠ્ઠમની તપસ્યા કેવલ બાહ્યતપરૂપ નથી. પરન્તુ તત્ત્વદૃષ્ટિએ વિચારીએ તો પ્રાયશ્ચિતરૂપ હોવાથી અભ્યંતરતપરૂપે જ છે. વિચારવું જોઈએ કે જેઓએ સંવચ્છરીને માટે અઠ્ઠમની તપસ્યા એક સાથે કરીને

કે કકડે કકડે કરીને પણ વાળી તેને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પ્રાયશ્ચિત્ત અને તપસંબંધી વચનો માન્ય કર્યાં છે, એટલું જ નહિં, પરન્તુ તે વચનોને અમલમાં મૂકવા માટે પોતાના આત્માને તૈયાર કરેલો છે. આવી રીતે ઉચ્ચકોટિએ પહોંચી અઠ્ઠમનો તપ કરવાવાળો મહાપુરૂષ ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિને સુલભ બનાવવા સાથે પર્યુષણ કૃત્યોમાંના ચોથા કૃત્યને આરાધન કરનારો થાય છે. આવી રીતે ચાર કૃત્યો શ્રાવકને અંગે પર્યુષણા માટે જણાવ્યા પછી હવે પાંચમા ચૈત્યપરિપાટી નામના કૃત્યને અંગે કંઈ કહીશું.

## પાંચમું કૃત્ય ચૈત્ય પરિપાટી

**જિનેશ્વર મહારાજના શાસન વગર મળેલી સામગ્રી સાર્થક નથી થતી.**

દરેક સુજ્ઞ જૈનમનુષ્યે વિચાર કરવાની જરૂર છે કે આ જીવ અકામનિર્જરાના પ્રતાપે મનુષ્યભવ આર્યક્ષેત્ર વિગેરે પામ્યો, છતાં પણ જેમ જગતમાં ક્ષેત્રની જમીન સારી હોય, બીજ સારૂં હોય, ખેતી કરનાર મનુષ્ય પણ અત્યન્ત મહેનતું હોય, ઓજાર પણ ભરપૂર હોય, અને રક્ષણ વિગેરેના સાધનોની કોઈ પણ પ્રકારે કમી ના હોય, તો પણ વરસાદ કે બીજા પાણીના સાધન સિવાય એ સર્વ સામગ્રી વ્યર્થ થાય છે. તેવી રીતે આ જીવને આર્યક્ષેત્રાદિકની સામગ્રી મળ્યા છતાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનને ન પામે તો સર્વ વ્યર્થજ જાય, કેમકે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસન સિવાય શરીરાદિક પદાર્થોને ભિન્ન તરીકે ઓળખાવનાર યથાર્થ રીતે જીવાદિકના સ્વરૂપને જણાવનાર, કર્મબંધના કારણોને સમજાવનાર, મોક્ષના સાધનભૂત સંવર અને નિર્જરાને ઓળખાવનાર, જગત્‌ભરમાં જો કોઈપણ હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું શાસન જ છે. જો આ શાસન આ જીવ પામ્યો ન હોય, તો અનાદિકાલની પ્રવૃત્તિવાળો જ રહેત. અને તેથી આ જીવ શરીરની મમતા વગરનો હોત જ નહિં. ઇંદ્રિયોની લાલસામાં લાગેલો જ રહે, ઘરબાર, ધનમાલ, કુટુંબકબીલામાં રાચ્યો માચ્યો જ રહે, આરંભ પરિગ્રહ અને વિષય કષાયથી ખસવાની સ્વપ્ને પણ બુદ્ધિ થાય નહિ, પરન્તુ શ્રી જીનેશ્વર ભગવાનના શાસનને લીધે જ તે અનર્થકારિણી પ્રવૃત્તિઓમાંથી આ જીવ બચી શક્યો છે. એટલે એમ કહીએ તો ખોટું નથી કે વરસાદ વગર તો માત્ર ખેતી નિષ્ફળ જ જાય છે, પરન્તુ શ્રીજીનેશ્વરભગવાનનું શાસન ન મળ્યું હોય તો આ જીવને મલેલી સામગ્રી નિષ્ફળ જાય એટલું જ નહિ, પરન્તુ મહાદુર્ગતિની પ્રાપ્તિ સાથે સંસારમાં રખડવાવવારૂપી દુષ્ટફલવાળી જ બધી સામગ્રી થાત. માટે શ્રી જીનેશ્વર ભગવાનના શાસનના પ્રભાવે જ આ જીવ દુર્ગતિ જતાં બચી ગયો છે, અને સદ્‌ગતિનાં સાધનો મેળવી શક્યો છે. આત્મા અને પરનો વિભાગ જાણી શક્યો છે. આશ્રવ અને સંવરની વ્હેંચન કરી શક્યો છે. બંધ અને મોક્ષના

સાધનોનો વિભાગ ઓળખી શક્યો છે. ભવ અને મોક્ષનાં કારણોને સમજી શક્યો છે, આ બધી હકીકત ધ્યાનમાં લેવાવાળો મનુષ્ય જો કે પોતાના આત્માના પ્રયત્નથી જ મોક્ષ મેળવવાનો છે, પોતાના આત્મામાં સ્વાભાવિક રીતે રહેલા અનન્તચતુષ્ટયની ધારણાકરવારૂપ જ મોક્ષ છે, એટલે બીજ અને ક્ષેત્ર જો કે સ્પષ્ટ છે તો પણ જેમ વર્ષાદ વગર તે બીજ ક્ષેત્ર નકામાં છે, તેવી રીતે આ જીવના પ્રયત્નો અને પોતાના સ્વભાવભૂત સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન ચારિત્રાદિગુણો સર્વ વ્યર્થ જ થાય છે.

## આત્મગુણો બતાવી સ્વસ્વરૂપ પ્રગટ કરનાર ફક્ત શ્રી જિનેશ્વર ભગવાનનું શાસન જ છે.

આત્માના પ્રયત્નને સફલ કરનારા અને આત્માના ગુણોને ઓળખાવી તેને આવરનાર એવાં કર્મોને દૂર કરાવી સ્વસ્વરૂપને પ્રગટ કરવારૂપ મોક્ષને મેળવી આપનાર જો કોઈપણ પદાર્થ હોય તો તે માત્ર તીર્થંકર ભગવાનનું અવ્યાહત શાસન જ છે. આ વાત વિચારનારો મનુષ્ય વિવિધદૃષ્ટિથી પર ન થાય તો સ્પષ્ટ સમજી શકશે કે જે ઉપકાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ દ્વારાએ આ આત્માને થઈ શક્યો છે, થાય છે અને થઈ શકે તેમ છે, તેવો ઉપકાર અન્ય કોઈથી થઈ શકે તેમ નથી.

જગત્માં ઉપકારી પુરુષના ઉપકારને જેઓ સમજે, જાણે અને માને તેવા ઘણા વિરલા હોય છે, પરન્તુ સજ્જનપુરુષ તો તેઓને જ કહેવાય કે યાવજ્જીવન તો શું ? પણ યાવત્ ભવોભવ પણ ઉપકારીના ઉપકારને ભૂલે નહિં. સામાન્ય રીતે દુનિયાદારીની અપેક્ષાએ જ્યારે તેવો લૌકિક ઉપકાર થયો હોય કે જે લૌકિક ઉપકાર આ ભવમાં પણ યાવજ્જન્મ સ્થાયી નથી, ભવાંતરમાં પણ કંઈક સદ્ગતિનું સાધન મેળવી દે તેવો હોતો નથી, અને કેટલીક વખતે તો લૌકિકમાં ગણાતો ઉપકાર એવો હોય કે જેનાથી કેવલ દુર્ગતિની જ પ્રાપ્તિ હોય છે, છતાં તેવો લૌકિકઉપકારને પણ સજ્જન મનુષ્ય સ્વપ્ને અને ભવાંતરે પણ ભૂલી શકે નહિ, તો પછી ત્રિલોકનાથતીર્થંકરભગવાનનો જે ઉપકાર આત્માને દુર્ગતિથી બચાવનાર કર્મ શત્રુઓનો નાશ કરીને આત્માની ઉન્નતિ કરાવનાર છે યાવત્ અવ્યાબાધપદને આપીને આત્માને આત્મસ્વરૂપવાળો બનાવનાર છે, તે ઉપકારને જો કોઈપણ ભૂલે અગર તેની કિંમત ઓછી આંકે તો તેના જેવો મનુષ્ય સજ્જનની પંક્તિમાં પણ ગણી શકાય નહિ.

## તીર્થંકરોના ઉપકારનું હરહંમેશ તન્મયત્ત્વ શાથી રહે ?

જગત્માં ઉપકારને જાણનારા મનુષ્યો ઉપકારીના ઉપકારના બદલામાં સ્હામો ઉપકાર કરીને બદલો વાળવા માગે છે, પરન્તુ અહિં શ્રીજીનેશ્વરભગવાને શાસનની પ્રરૂપણા કરીને જે ઉપકાર ર્ક્યો છે તેનો બદલો કોઈપણ મનુષ્યથી, દેવથી કે ઈન્દ્રથી પણ ઉપકારદ્વારાએ તો વાળી શકાય તેમ છેજ નહિં. કારણ કે જગત્માં ઉપકારનો બદલો વાળવાનો વખત ઉપકાર કરનારની આપત્તિની

વખતે જ હોય છે, અને જગત્‌ના જીવો તો એક ભવમાં અનેક વખતે ચઢતી પડતીના સંયોગોમાં અને સુખીદુઃખીદશામાં પરિવર્તન કરતા હોય છે, તેથી તેના ઉપકારના બદલાનો વખત સજ્જન પુરુષો લેવા ધારે તો લઈ શકે. પરન્તુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન તો શાસનનું સ્થાપન કરતી વખતે જ સર્વકાળને માટે સ્થિર રહેનારા, અને પૂર્ણ રહેનારા, એવા ગુણોને પ્રાપ્ત કરનારા થઈ ગયા, તેથી તેમની અવનતિ તો કોઈપણ વખત હોય જ નહિ, અને હોતી પણ નથી. તેથી તેમણે શાસન પ્રવર્ત્તાવીને જગત ઉપર કરેલો ઉપકાર આ જીવ કોઈપણ પ્રકારે ઉપકારદ્વારાએ વાળી શકે તેમ છે જ નહિં એટલે જગતમાં જેમ ઉપકારીપુરૂષ કાળધર્મ પામ્યા હોય અને તેને ઉપકારદ્વારાએ આપણે ઉપકૃત ન પણ કરી શકીએ, તોપણ તેના ઉપકારનું સતત કીર્તન કરવાદ્વારાએ સજ્જન પુરૂષ પોતાની સજ્જનતા જાળવી શકે. તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને અંગે પણ તેઓનું સતત નામ સ્મરણ, જાપ, પૂજા, ધ્યાન, વિગેરે કરીને જ આપણે તે ત્રિલોકનાથ તીર્થંકરભગવાનના ઉપકારોનું સ્મરણ રાખી સજ્જનતા બતાવી શકીએ તેમ છે, જગત્‌માં જો કે ઉપકારી પુરૂષે કરેલા ઉપકારના સ્મરણ વિગેરેથી ઉપકારભૂત કરેલા કાર્યોનો ટકાવ કે વૃદ્ધિ વિગેરે કંઈપણ થઈ જતાં નથી. પરંતુ અહીંતો શ્રીજીનેશ્વર ભગવાને કરેલો ઉપકાર એવો અલૌકિક છે કે તે ધર્મપ્રાપ્તિરૂપે થયેલો ઉપકાર જેમ જેમ જીનેશ્વર ભગવાનનું સ્મરણ વિગેરે કરે તેમ તેમ દૃઢ દૃઢતર થતો જાય છે. એટલું જ નહિં, પણ દિન પ્રતિદિન તે ઉપકાર વધતો જ જાય છે. આ વસ્તુસ્થિતિને સમજનાર મનુષ્ય કોઈપણ દિવસ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ઉપકારને યાદ કરીને તેના સ્મરણાદિક કરવામાં આલસ્યાદિકવાળો થાય જ નહિ.

### ઉપકારિના પ્રતિબિંબની સેવાથી થતો આત્મ-ઉપકાર

ઉપર જણાવ્યા પ્રમાણે તીર્થંકરભગવાનના ઉપકારનું સ્મરણાદિક કરવાથી જ્યારે તે ઉપકાર વૃદ્ધિંગત થાય છે. ત્યારે તે તીર્થંકરભગવાનના પ્રતિબિંબની સેવાદ્વારાએ આ આત્મા ઉપકારની સ્થિતિને અવ્યાબાધ બનાવી શકે તેમાં આશ્ચર્ય જશું? જૈનજનતામાં એ વાત તો પ્રસિદ્ધજ છે કે આત્માને સદ્‌ગતિ મેળવી આપનાર, પાપથી બચાવનાર, સદ્‌ગતિના રસ્તા બતાવનાર, શાશ્વતપદને અપાવનાર, જો કોઈપણ હોય તો તે માત્ર જૈનશાસન જ છે. જો કે શાસ્ત્રકારોએ અન્યદર્શનના અનુસારિયોને મોક્ષ પ્રાપ્ત થવાનો નિષેધ કર્યો નથી અને તેથી શાસ્ત્રકારો જગો જગો પર પંદર પ્રકારે સિદ્ધોને જણાવતાં અન્યલિંગ કે જે અન્ય દર્શનીયોને અનુસરનારાઓનું લિંગ છે તેમાં પણ સિદ્ધિ થવાનું જણાવે છે. વાસ્તવિક રીતિએ તો જ્યારે સાધુપણાનું લિંગ એ જ સ્વલિંગ છે ત્યારે ગૃહસ્થપણાનો વેશ તે પણ અન્યલિંગ જ ગણાવું જોઈએ, અને તેથી સ્વલિંગ અને અન્યલિંગ એમ બેજ ભેદ હોવા જોઈએ, છતાં ગૃહીલિંગશબ્દથી ગૃહસ્થોને જણાવી

અન્યદર્શન અનુસરનારાઓના લિંગને જ અન્યલિંગ તરીકે ગણાવ્યું છે. અને તે અન્યલિંગોમાં પણ સિદ્ધિ થવાનું જણાવ્યું છે, પરન્તુ તે અન્યલિંગે સિદ્ધ થવાનું માત્ર લિંગની અપેક્ષાએ જ વ્યવહારની અપેક્ષા કરીને જણાવ્યું છે, પરન્તુ તત્ત્વદૃષ્ટિથી તો અન્યદર્શનીને અનુસરવાવાળું લિંગ છતાં પણ જૈનદર્શનને અનુસરવાવાળી પરિણતિ હોય તોજ મોક્ષ થાય છે. અર્થાત્ દ્રવ્યલિંગમાં સ્વલિંગ, ગૃહીલિંગ કે અન્યલિંગના ભેદો હોવાની ભજના છે, પરન્તુ ભાવલિંગે જૈનશાસનની પરિણતિ નિયમિત જ છે. પણ તેને માટે કોઈ જાતનો વિકલ્પ નથી. એટલે જૈનશાસનથી જ થયેલી ભાવ પરિણતિજ કોઈ પણ લિંગમાં મોક્ષ આપી શકે છે. આવી રીતે મોક્ષનું અવ્યાબાધ સાધન બનાવનાર જૈન શાસન છે અને તે જૈનશાસનને નિરૂપણ કરનાર ફક્ત ત્રિલોકનાથતીર્થંકર મહારાજાઓ જ હોય છે. માટે દરેક મોક્ષાર્થી જીવોએ તે ત્રિલોકનાથ તીર્થંકરભગવાનનો ઉપકાર માનવો એ પ્રથમ નંબરે જરૂરી છે અને તે ઉપકારને અંગે તેઓનું દર્શન, સ્મરણ, પૂજા, જપ, ધ્યાન વિગેરે કરવાં એ આવશ્યક છે.

## સત્પુરૂષનો મહિમા શાથી ગવાતો રહ્યો છે ?

જેવી રીતે ઋતુમાં સ્નાન કરાયેલી સ્ત્રીને જેવા જેવા પુરૂષોનાં દર્શન થાય તેવા તેવા સંસ્કારો તેને રહેતા ગર્ભ ઉપર પડે છે. તેવી રીતે આ જીવને પણ જે જે પદાર્થ દેખવામાં આવે છે અને ચિંતવવામાં આવે છે તે તે પદાર્થોના જ ગુણદોષોનું સંસ્કારદ્વારા અનુકરણ થાય છે. આ વ્યવહારસિદ્ધાંતને અનુસરીને જ સર્વદર્શનીનાં શાસ્ત્રો સત્પુરૂષનાં દર્શનનો મહિમા ગાઈ શકે છે. વળી શ્રીજીનેશ્વરભગવાનના શાસનને સમજનારાઓ સારી રીતે સમજી શકે છે કે મોક્ષની સિદ્ધિ જો કે આત્માના પરિણામને અંગે છે, તોપણ આત્માના પરિણામ બહુલતાએ બાહ્યસંયોગો ઉપર આધાર રાખનારા હોય છે. જગતમાં પણ અનુભવીયે છીએ કે સજ્જનપુરૂષના મુખકમળના દર્શનથી જે વિચારો થઈ આપણા વિચારોમાં સુંદર સંસ્કારો પડે છે તે વિચારો અને તે સંસ્કારો દુષ્ટ-દુર્જન અને વ્યસની મનુષ્યોના મોંઢાને દેખવાથી થતા જ નથી. એ વાતને ધ્યાનમાં રાખે તો કોઈપણ ધર્મિષ્ઠમનુષ્ય હંમેશાં પ્રાતઃકાળે પરમઉપકારી અને જગતના જીવમાત્રમાં ઉત્તમ એવા તીર્થંકરમહારાજનું મોઢું દેખવાથી બેનશીબ રહે જ નહિં.

## સત્પુરૂષોના મુખારવિંદને કલંક દેનારાને

યાદ રાખવાનું કે કેટલાક નવા મતવાળાઓ પોતાનું મ્હોડું જગતને દેખાડવા લાયક નહિં ગણતા હોય અને જેમ પોતાના મ્હોંડાને આડાં ચીથરાં બાંધે છે તેમ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મ્હોંડે ચીથરાં બંધાયેલાં હોતાં નથી. વર્ત્તમાનકાળના અન્યધર્મીઓ જેઓ જૈનના સ્વરૂપને ન જાણતા હોય તેઓને આ મુખબંધાઓ ભગવાનનો તેવો આકાર ચિતરી આપી બ્લોક કરાવી મોકલી આપે અને તેથી તે બિચારા અજ્ઞાનીઓ તેવા બ્લોકો બહાર પણ પાડે. પરન્તુ સત્યપ્રેમીઓને તો તે તેવા પત્રકારોની અને

તેવા બ્લોકો મોકલનારાઓની અસત્ય પ્રચારકતા અને અસત્યપ્રેમીતાને માટે દયા જ આવે. પરન્તુ કલ્યાણમાસિકના તંત્રી પ્હેલી તકે તે સૂચનાને પ્રગટ કરશે કે અમે આ વાતમાં અજ્ઞાન હોવાથી જેવી રીતે બીજાઓએ બ્લોક મોકલ્યો તેવી જ રીતે અમોએ છપાવી દીધો છે. જો તે તંત્રીની બ્લોકના જુઠાપણા માટે ખાતરી કરવી હોય તો તે લખનારને જ પૂછે કે તમોએ શ્રમણભગવાનમહાવીર મહારાજને મ્હોંડે જે ચીથરૂં બંધાવ્યું છે અને જે ગાતડી મરાવી છે તે તમારા ક્યા સૂત્રમાં જણાવ્યું છે તે જણાવો. આશા છે કે કલ્યાણમાસિકના તંત્રી વિવેકી હોવાની સાથે વિચક્ષણ છે માટે તે બ્લોક મોકલનાર હઠાગ્રહી પાસેથી આટલો ખુલાસો મેળવવા પ્રયત્ન કરશે. ખાતરીથી માનીયે છીએ કે તેના ઉત્તરમાં તો હઠાગ્રહીને મૌન જ પકડવું પડશે, અને તેથી કલ્યાણમાસિકના તંત્રીને સજ્જનતાનો રસ્તો લેવો સુગમ થઈ પડશે. ૧ કહેવાની મતલબ એટલી જ કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું પ્રતિબિંબ માન્ય છે એમ તો આ મુખબંધાઓએ પણ પ્રતિબિંબ મોકલીને કબુલ કર્યું છે, એટલે હવે મૂર્તિપૂજક હોય કે મુખબંધો હોય પરન્તુ દરેકને શ્રી જીનેશ્વરભગવાનના મુખનું દર્શન કરવું અને તે દ્વારાએ તેમના ગુણોનું સ્મરણ કરી પોતાના વિચારો ઉપર તેની અસર નાંખવી એ તો સર્વાનુમતે જરૂરી જ છે.

---

૧ જાહેર પેપરથી જાણી શકાયું છે કે તે તંત્રીએ તેવો ખુલાસો બ્હાર પાડ્યો છે અને પોતાની કદર કરી દીધી છે,

## મૂર્તિ કઈ દશાની માનવી ?

જૈનશાસનમાં ત્રિલોકનાથ તીર્થંકરને જે પૂજ્ય માનવામાં આવ્યા છે તે કોઈપણ પ્રકારની ભૌતિકપદાર્થના દાનથી થતા ઉપકારની દૃષ્ટિથી માનવામાં આવ્યા નથી. પરન્તુ મોક્ષમાર્ગનું આચરણ કરવામાં તે આદ્યપુરૂષ હતા, અને જગત્‌ને પ્રથમ મોક્ષમાર્ગ તેઓએ જ બતાવ્યો છે, અને તેથી તેઓ વર્તનદ્વારાએ જ આદર્શ પોષક હતા અર્થાત્ કથની અને કરણી તેઓની એકરૂપ હોઈને તેઓ પરમવીતરાગદશાને પામેલા હતા. આ દૃષ્ટિએ જૈનદર્શનની સાથે અન્યદર્શનની મૂર્ત્તિઓનો ભેદ ખુલ્લો પડે છે. અર્થાત્ જૈનદર્શન ઈશ્વરના આત્માને પણ પ્હેલાં મલિન હતો એમ માને છે, અને પછી સમ્યગ્દર્શનઆદિદ્વારાએ તે આત્મા નિર્મલ થયો એમ માને છે. જ્યારે અન્યદર્શનકારો નિરંજન નિરાકાર જ્યોતિસ્વરૂપ પરમેશ્વર અનાદિથી હતા એમ માની તેને અવતાર માને છે, એટલે અન્યદર્શનકારોના મતે તેઓની મૂર્ત્તિઓ મલિનદશાને જણાવનારી છે. હવે જ્યારે જૈનદ્રષ્ટિએ ત્રિલોકનાથ તીર્થંકરો મલિનદશામાંથી નિર્મલદશામાં આવ્યા અને તે નિર્મલદશાની મૂર્તિ માનવામાં આવી તો તેટલા ઉપરથી જ સ્પષ્ટપણે એમ સમજાય કે વર્તનદ્વારાએ પણ જે આદર્શ પુરૂષ છે તેની આ મૂર્ત્તિ છે. જેવી રીતે નકશા ચિતરનારાઓ અને મકાન કરનારાઓ મૂલ નકશા અને પ્લાનને બરોબર દ્રષ્ટિમાં રાખે છે અને વારંવાર તેની તરફ જ ઝુકી ઝુકીને જુવે

છે તેવી રીતે જે મહાપુરૂષને પોતાના આત્માને આદર્શ તરીકે બનાવવો હોય તેઓએ તો વર્તનની અપેક્ષાએ પરમ આદર્શરૂપ એવા તીર્થંકર ભગવાનની મૂર્ત્તિનાં દર્શન કરવાં જ જોઈએ. જેવી રીતે આદર્શ થવાને માટે મૂર્ત્તિના દર્શનની જરૂર છે, તેવી જ રીતે તેઓના ઉપકારની અપેક્ષાએ તેમનાં સ્મરણ, જાપ અને પૂજનની પણ ઘણી જ જરૂર છે. આજ કારણથી શાસ્ત્રોમાં વિદ્યાચારણ અને જંઘાચારણ સરખા પ્રભાવશાલી મુનિઓએ દ્વીપાન્તરમાં રહેલા તેમજ પોતપોતાના સ્થાનમાં રહેલા ભગવાનના પ્રતિબિંબોનાં એટલે ચૈત્યોના દર્શન કર્યાં એમ સ્પષ્ટપણે જણાવવામાં આવે છે.

**શાસ્ત્રોમાં ચૈત્યોની બ્હોળી સંખ્યા જણાવી જ છે.**

વળી જૈનશાસ્ત્રોમાં સ્થાને સ્થાને નગરોના વર્ણનને અંગે શ્રીઔપપાતિકસૂત્રમાં કરેલા નગરના વર્ણનની ભલામણ કરવામાં આવે છે, અને એજ ઔપપાતિકસૂત્રમાં નગરનું વર્ણન કરતાં શ્રીજીનેશ્વર ભગવાનના ચૈત્યોની બહોળી સંખ્યા જણાવવામાં આવી છે. એ ઉપરથી શ્રધ્ધાળું પુરૂષો સહેજ સમજી શકે તેમ છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની હયાતી વખત પણ નગરે નગર અને શહેરે શહેર ચૈત્યોની બહોળી સંખ્યા હતી. વળી દરેક સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાના વર્તનને માટે પણ આદ્ય આદર્શ પુરૂષ તરીકે ગણાયેલા ભગવાનના દર્શનની નિયમિતતા હોય એને લીધે દરેક સ્થાને તે આદર્શપુરૂષના પ્રતિબિંબો (મૂર્તિઓ) હોવાંજ જોઈએ. વળી ભગવાન્ મહાવીર મહારાજથી થોડા જ અરસામાં થયેલા સંપ્રતિમહારાજે જે છત્રીશહજાર જીર્ણોદ્ધારો કરાવ્યા અને જેની હકીકત શાસ્ત્રોમાં સ્પષ્ટ છે તે વિચારનારો મનુષ્ય શ્રીજીનેશ્વરભગવાનની હયાતિની અંદર સ્થાને સ્થાને ચૈત્યો હોવાની વાતો કબુલ કર્યા સિવાય રહેશે નહિં.

**મંદિરોની થતી સંખ્યાને સહન નહિ કરનારાની સ્થિતિ**

આવી રીતે જ્યારે શાસ્ત્રથી સિદ્ધ રીતિએ એમ સમજી શકાય છે કે શહેરોની શ્રદ્ધાલુવસ્તીના પ્રમાણમાં દરેક શહેરમાં ચૈત્યની સંખ્યા હોય એ સ્વાભાવિક છે. વર્ત્તમાનકાળના કેટલાક શ્રદ્ધાલુઓની સંખ્યા પ્રમાણે થતી મન્દિરોની સંખ્યાને સહન ન કરતાં તેને અંગે જે યદ્વા તદ્વા લખે છે તેનું કારણ એક જ છે કે તે શ્રદ્ધાહીનોને નથી તો દર્શન કરવાનો નિયમ નથી તો પૂજનનો નિયમ કે નથી તો કંઈ જાત્રા કે પરિપાટિનો નિયમ. તેથી જેમ પાવૈયાને જગતની બધી સ્ત્રિયો ભારરૂપ લાગે, તેમ તેવા શ્રદ્ધાહીન અને નિયમહીનોને ચૈત્યની સંખ્યા ભારરૂપ લાગે તેમાં આશ્ચર્ય નથી. પરંતુ જેમ કાગડાના કડકડાટથી દ્રાક્ષનું ક્ષેત્ર સુકાઈ જતું નથી, તેમ શ્રદ્ધાહીનોના બડબડાટથી શ્રદ્ધાલુમનુષ્યોના વચન અને વર્તનમાં કોઈપણ જાતનો ફેરફાર પડવાનો નથી અને પડશે પણ નહિં. એ શ્રદ્ધાહીનોને તો દેવદ્રવ્ય જેવા શબ્દ પણ ખટકે છે. શાસ્ત્રની અપેક્ષાએ જેમ જીનેશ્વર ભગવાનની પ્રતિમાને જેમાં

બિરાજમાન કરાય તેને જીનગૃહ કહેવામાં આવે છે. તેવી જ રીતે જીનેશ્વરમહારાજની ભક્તિને અંગે એકઠું થતું અગર કરાયલું કે થનારૂં દ્રવ્ય તે જ દેવદ્રવ્ય કહેવાય છે. અને સમાસની સ્થિતિને સમજનારો મનુષ્ય સામાન્ય સંબન્ધષષ્ઠી અગર ચતુર્થીને સમજે તો તે જીનગૃહશબ્દથી કે દેવદ્રવ્યશબ્દથી વાસ્તવિક રીતે ભક્તોએ કરાતી ભક્તિની સ્થિતિ સમજી શકે. પરન્તુ આ શ્રદ્ધાહીનોને તો માત્ર ધર્મનાં દરેક કાર્યો શલ્ય જેવાં લાગે છે. અને તેઓને તો ફેશનો વધારવી છે. હાજતો વધરાવી છે, સટ્ટા અને જુગારો ખેલવા છે. ચાહ-દૂધ બીડી-સોપારી-નાટકચેટક-સીનેમાનાં ખર્ચો વધારવાં છે. અને લોકોની શ્રદ્ધાના સાધનો ઉપર પ્રહારો કરવા છે. સામાન્ય દ્રષ્ટિએ શ્રદ્ધાલુ પુરૂષો જેવી રીતે પોતાના આત્મકલ્યાણને માટે ધર્મનાં સાધનો નવાં ઉભાં કરે છે, વધારે છે, અને ટકાવે છે, અને તેને બહુ પારમાર્થિક માનવા સાથે પોતાની મીલ્કતનો તેમાં સદ્‌ઉપયોગ કરે છે. શ્રદ્ધાહીનોને તે ન રૂચતું હોય અને જો પેટપૂજાની જ વધારે પવિત્રતા લાગતી હોય તો તેઓ પોતાની કમાણી પોતાની પેટપૂજામાંથી બચાવી તેમના ફેશનેબલ પાત્રોને ખુશીથી પોષી શકે છે. પરન્તુ તેઓ પોતાના તરફથી તેવું એકપણ કામ કરવાને માટે ત્રણ ત્રણ વીસીઓ થઈ ગઈ છતાં સમર્થ થયા નથી. એટલું જ નહિં, પણ શ્રદ્ધાલુઓના પૈસાથી થએલાં ખાતાં કે જે તેઓને અત્યન્ત ઇષ્ટ છે, તેનું પોષણ કરવાને અને ચળાવવાને પણ તેઓ શ્રદ્ધાલુઓની મદદ સિવાય શક્તિમાન થતા નથી, કારણ એક જ છે કે શ્રદ્ધાલું જીવોને તો ધર્મએ અમૂલ્ય ચીજ છે, અને સદ્‌ગતિને દેનાર છે, એવી સજ્જડ ધારણા રહે છે. માટે શ્રદ્ધાલુ મનુષ્યો ધર્મના કાર્યોમાં નાણાં ખરચી શકે છે, પરંતુ આ શ્રદ્ધાહીનોને તો પૈસો પરમેશ્વર હોય છે. બાયડી ગુરૂ હોય છે, અને છોકરાં છૈયાં જ માત્ર સાધર્મીક હોય છે, તેથી તેઓને તો ધર્મ એ જ હમ્બક ચીજ લાગે છે, અને તેથી મોજમઝા કરવામાં જ પોતાની જીંદગીને સાર્થક ગણે છે, એટલે તેઓને મોઝમઝામાંથી અને કુટુંબકબીલાને આપવાના વારસામાંથી કંઈક કાઢવું પાલવતું નથી, અને જે ધર્મીષ્ઠપુરૂષો પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરે છે, તેની ઈર્ષ્યાને અદેખાઈ આવે છે, અને તેથી તેના અવર્ણવાદો બોલે છે, પરન્તુ વાંઝણીના વલોપાતથી જગતમાં જણનારી જનની બંધ થતી નથી. તેમ આ શ્રદ્ધાહીનોના કોલાહલથી શ્રદ્ધાળુપુરૂષો માર્ગ ચૂકવાના નથી. એ ચોક્કસ છે. શ્રદ્ધાહીન પુરૂષો પોતાથી દાનાદિક ધર્મો ન બને અને પોતાની જો ન્યૂનતા માનતા હોત તો તે જુદી જ વાત હતી, પરન્તુ આ શ્રદ્ધાહીનમનુષ્યોને તો પોતાની કમાઈમાંથી એક પૈસો પણ ધર્મ માર્ગે ખરચવો નથી, અને જેઓ ધર્મને માટે પ્રાણ અર્પણ કરનારા હોઈ દાનાદિકધર્મને માટે પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરે છે તેની નિંદા કરવી છે, તે ખરેખર ભવાંતરમાં પણ તેઓને ધર્મની અને ધર્મના સાધનોની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે એમ સૂચવે છે.

**ચૈત્યનાં દર્શન-પૂજન અવશ્ય કરવાં જોઈએ**

મોટા શહેરોમાં જૈનલોકોની વસ્તિના વિભાગો અનેક હોય અને તેથી જ સામાન્ય રીતે પણ અનેક વિભાગોવાળાને ચૈત્યનાં દર્શન-પૂજનની આવશ્યક ફરજ માટે ઘણાં ચૈત્યો જોઈએ. એટલું જ નહિ, પરંતુ એક લત્તામાં પણ મ્હોટી સંખ્યામાં જ્યારે જૈનો વસતા હોય, અને શાસ્ત્ર તથા શ્રદ્ધાવાનોના નિયમ પ્રમાણે દરેક બાલક હોય, જુવાન હોય, કે વૃદ્ધ હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, સામાન્ય ગૃહસ્થ ધર્મવાળો હોય અગર પ્રતિમા પ્રતિપન્ન હોય, ત્યાગી હોય કે ભોગી હોય, દરેકને સામાન્ય રીતે ત્રિકાલદર્શન અને યોગ્યતા પ્રમાણે ફરજીયાત રીતે પૂજન કરવું જ જોઈએ. તો તેની સંખ્યાના હિસાબમાં એક નિવાસમાં પણ ઘણાં મન્દિરો જોઈએ એ સ્વાભાવિક છે. શ્રદ્ધાહીનોને તો પોતાને દર્શન સરખાં પણ, વાર તહેવારે પણ કરવાં નથી. પૂજા કરવાની વાત તો કોઈ નવી જનેતા જને ત્યારે જ તેના ભાગ્યમાં આવે, તેવાઓને ચૈત્યની સંખ્યાની ન્યૂનતામાં જૈનસંઘને કેવી અડચણ પડે તેની સ્વપ્ને પણ ખબર હોય ક્યાંથી? વળી આ શ્રદ્ધાહીનો શાન્તિના બણગાં મારીને ગીતગાનઆદિકનો ઘોંઘાટ નથી ચ્હાતા. અને શાંતિથી પૂજન અને ચૈત્યવન્દનની વાતો કરે છે, તો તેઓના હિસાબે તો એક શેરી દીઠ તો શું ! એક એક ઘર દીઠ તો શું ? પરન્તું એકેક જૈનમાણસ દીઠ દહેરાની હયાતિ માનવી જોઈએ. વળી ચૈત્યની વધારે સંખ્યા હોવાથી શાસ્ત્રોમાં સામાન્ય રીતે પર્વકૃત્ય તરીકે અને વિશેષમાં સાંવત્સરિકપર્વના કૃત્ય તરીકે ચૈત્યપરિપાટી કરવાનું કહેવામાં આવ્યું છે. આ ચૈત્યપરિપાટી કરવાનો રીવાજ ભગવાન્ સ્થૂલભદ્રજી વખતમાં પણ અવ્યાહત રીતે ચાલતો હતો. કેમકે યક્ષા વિગેરે સાધ્વીઓ એ શ્રીસ્થૂલભદ્રજીના ભાઈ શ્રીયકને પરિમુટ્ઠનું પચ્ચક્ખાણ કરવાનો ઉપદેશ આપતી વખતે એમ જણાવ્યું છે કે-

त्वं प्रत्याख्याहि पूर्वार्द्धं, पर्वेदमतिदुर्लभम्

इयान् कालः सुखं चैत्यपरिपाट्यापि यास्यति॥

પરિશિષ્ટ-સર્ગ-૯ શ્લોક ૮૬

યક્ષાસાધ્વીજી શ્રીયકને કહે છે કે ત્હારે પોરિસિ થઈ ગઈ છે. હવે તું પરિમુઢનું પચ્ચક્ખાણ કર, કેમકે આ પર્યુષણા (સંવત્સરી) જેવું પર્વ આરાધના કરનારાઓને મળવું મુશ્કલે છે અને આટલો પરિમુઢ જેટલો કાલ તો ચૈત્યપરિપાટી કરવામાં ચાલ્યો જશે.

સુજ્ઞ મનુષ્યો આ ઉપરથી સમજી શકશે કે પોરિસિથી માંડીને પુરિમુટ્ઠ સુધીનો એક પહોર જેટલો વખત ચૈત્યપરિપાટિમાં સ્હેજે જતો હતો, એવી ચૈત્યપરિપાટી ભગવાન્ સ્થૂલભદ્રજીની વખતમાં થતી હતી.

**સંવત્સરી ચોથની કરવાનું પણ એક કારણ-ચૈત્યપરીપાટી**

વળી ભગવાન્ કાલકાચાર્યજીના વખતે આચાર્ય મહારાજે જ્યારે સાતવાહનરાજાને

ભાદરવા સુદ પાંચમે સંવચ્છરી કરવાનું કહ્યું ત્યારે સાતવાહનરાજાએ ઇંદ્રમહોત્સવને બહાને એમ જણાવ્યું કે મ્હારાથી ચૈત્યો અને સાધુઓની પર્યુપાસના નહિં થાય, માટે સંવચ્છરીનો દિવસ ફેરવો. આવી રીતના શ્રી નિશીથચૂર્ણિના સંવચ્છરી સંબંધી લખાણથી બે વાત સ્પષ્ટ થાય છે. એક તો એ કે સંવચ્છરી સરખા પર્વની પરાવૃત્તિ જેટલી સાંવચ્છરિકપ્રતિક્રમણને આભારી નથી કેમકે તે સંવચ્છરી પ્રતિક્રમણ તો ઇંદ્રમહોત્સવની અનુજ્ઞા થયા પછી સાંજે પણ થઈ શકત. અને શાલિવાહન રાજા પણ સંવચ્છરી પ્રતિક્રમણ નહિ થવાનું જણાવતો નથી, પરન્તુ ઇંદ્રમોહત્સવની અનુજ્ઞાને લીધે ચૈત્યપરિપાટી અને સાધુઓની પર્યુવાસના નહિં થાય એ જ કારણ જણાવે છે. અને ભગવાન્ કાલકાચાર્યજી પણ સંવચ્છરી પ્રતિક્રમણ થાય તો પછી ચૈત્યપરિપાટી અને સાધુઓની પર્યુપાસનાની આવશ્યકતા નથી, અગર તે બીજે દિવસે કરી લેજો એમ જણાવતા નથી. પરંતુ તે ચૈત્યોની પરિપાટી અને સાધુઓની પર્યુપાસનાને અંગે પર્યુષણની પરાવૃત્તિ કરવાની વિનંતી મંજુર કરે છે. આ વાત જ્યારે લક્ષમાં લઈશું ત્યારે શ્રાવકના પર્યુષણ સંબંધી પાંચ કારણ જણાવતાં ચૈત્યપરિપાટીને છેલ્લા કાર્ય તરીકે મુકુટ સમાન કેમ ગણેલું છે. તે સમજાશે. બીજુ ઉપર જણાવેલા વૃત્તાન્તની ઉપરથી જ સાબીત થાય છે કે શ્રાવકોએ પર્યુષણા (સંવચ્છરી) ને દિવસે જરૂર ચૈત્યપરિપાટી કરવી જ જોઈએ અને તે રીવાજ ભગવાન કાલકાચાર્યના વખતમાં પણ અવ્યાહતપણે ચાલતો હતો. ચરિતાનુવાદની અપેક્ષાએ જેવી રીતે આ બે કથાનકો ઉપરથી સંવચ્છરીને દિવસે ચૈત્યપરિપાટીની આવશ્યકતા નક્કી થાય છે, તેવી જ રીતે વિધિવાદની અપેક્ષાએ પણ ક્લેશ સમાવવાના અધિકારમાં સંવચ્છરીને દિવસે થયેલા ક્લેશને અંગે શાસ્ત્રકારો જણાવે છે કે ક્લેશ કરનારને પ્રથમ સજ્ઝાયની વખતે શાંત થવા માટે કહેવું. જો તે વખતે શાંત ન થયો હોય તો ચૈત્યપરિપાટીની વખતે તેને શાંત થવા માટે સમજાવવો. આવા નિશીથચૂર્ણિ વગેરેના સ્પષ્ટ લેખો વાંચનારા મનુષ્યોને સંવચ્છરીને દિવસે ચૈત્યપરિપાટી કરવાની શ્રમણસંઘને તેમજ ચતુર્વિધસંઘને કેટલી જરૂર છે તે સમજાયા સિવાય રહેશે નહિં.

## ચૈત્યવંદન બૃહદ્ભાષ્યમાં પણ ચૈત્યપરિપાટી

વળી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે શાસ્ત્રકાર મહારાજાએ ચૈત્યવન્દનના નવ ભેદો જણાવતાં ચૈત્યપરિપાટીને અંગે સાધુ અને શ્રાવકને માટે છ ભેદો ઉપયોગી જણાવ્યા છે અને તેથી શાંતિસૂરિજી મહારાજ પોતાના ચૈત્યવન્દન બૃહદ્ભાષ્યમાં લખે છે કેઃ-

**सेसा पुण छब्भेया, कायव्वा देसकालमासज्ज**

**समणेहिं सावएहि य चेइयपरिवाडिमाईसु॥१॥**

અર્થાત્ દેશકાલને આશ્રીને ચૈત્યપરિપાટિવિગેરેમાં સાધુ અને શ્રાવકોએ બાકીની છ ભેદે જે ચૈત્યવન્દના છે (ઉત્કૃષ્ટ ત્રણ ભેદ સિવાય) તે કરવી. આવી જ રીતે શ્રીદેવેન્દ્રસૂરિ મહારાજે सर्वचैत्येषु વગેરે વાકયો કહીને

ચૈત્યપરિપાટીની કર્ત્તવ્યતા જણાવવા સાથે ચૈત્યવન્દના ઉત્કૃષ્ટ સિવાયના છ ભેદો ચૈત્યપરિપાટીની કર્ત્તવ્યતામાં જણાવ્યા છે. વ્યવહાર ભાષ્યકાર મહારાજ પણ निस्सकडमनिस्सकडे वावि चेइए सव्वहिं थुई तिन्नि वेलं व चेइआणि य नाउं इक्किक्कया वावि ॥१॥ એમ કહી ગચ્છપ્રતિબદ્ધ ચૈત્ય અને ગચ્છઅપ્રતિબદ્ધ ચૈત્યોનું વન્દન પર્વને દિવસે નિયમિત જણાવે છે. એટલું જ નહિં પણ આ ઉપરથી એક વાત નક્કી થાય છે કે જે વ્યવહાર ભાષ્યકાર ત્રણ સ્તુતિની વન્દના જણાવે છે તે ચૈત્યપરિપાટીને અંગે છે. એટલે ચૈત્યવંદનભાષ્યકારઆદિકના મુદ્દા પ્રમાણે ચૈત્યવંદનની અધિકવિધિના વિરોધને માટે તે વાક્ય સમર્થ નથી. વળી એ ઉપરથી એ પણ નક્કી થાય છે કે ગચ્છપ્રતિબદ્ધ સિવાયનાં મન્દિરોમાં સાધુઓએ ત્રણ થોય કહેવાય તેટલી વખત વધારે વખત કહેવું નહિ અને એનો અર્થ એટલો જ થાય કે સંઘની વધારે સંખ્યાથી ભીડન થઈ જાય તેમ જ ગચ્છપ્રતિબદ્ધ ચૈત્યોમાં ગચ્છવાળાઓને અપ્રીતિનું કારણ બને નહિ.

આ વાતને એક બાજું રાખીએ, પરન્તુ વ્યવહારભાષ્ય વિગેરેના આ લેખ ઉપરથી એટલું તો નક્કી થાય જ છે કે પર્યુષણા (સંવચ્છરી) ને દિવસે સાધુ અને શ્રાવકોએ દરેક દહેરે કોઈ પ્રકારનું ચૈત્યવન્દન કરીને ચૈત્યપરિપાટી કરવી તે આવશ્યક હોવી જોઈએ.

## પાંચે કૃત્યોનો ઉપસંહાર

પૂર્વે જણાવ્યા પ્રમાણે શ્રાવકોને કરવાના સંવચ્છરીનાં પાંચ કૃત્યો શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં દરેક પર્યુષણ વખતે વંચાતા અષ્ટાહ્નિકાવ્યાખ્યાન વિગેરેમાં જણાવેલાં જ છે. અને તેના જિજ્ઞાસુ જીવોને વિશેષ બોધ થવાને માટે વિસ્તારથી આ વિવેચન કરવામાં આવેલું છે. આ સમગ્રલેખમાં કોઈને પણ કંઈપણ કારણથી અપ્રીતિ કે અરૂચિ નાં ફલ જો કે કર્ત્તાને જ ભોગવવાનાં છે. શાસ્ત્રદ્વારાએ શુદ્ધ પદાર્થો જણાવવાવાળાને એમાં કંઈ પણ ભોગવવાનું નથી, પરન્તુ તે જણાવવાવાળાને તો હિતબુદ્ધિથી શાસ્ત્રોનો માર્ગ જણાવેલો હોવાથી એકાન્ત નિર્જરારૂપ ધર્મ જ છે. આવી રીતે શ્રાવકોને અંગે પર્યુષણાના કૃત્યોનું વિવેચન જે કરવામાં આવ્યું છે, તેથી શ્રાવકવર્ગ પોતાના પર્યુષણાકૃત્યોને સાધવા માટે સાવધાન થાય એટલું ઇચ્છી આ લેખની સમાપ્તિ કરવામાં આવે છે.

**સમાપ્ત**

## -: સાગર સમાધાન :-

૧ નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ કોને કહેવાય?

સમાધાન-અપુનર્બંધકથી વ્યવહાર ધર્મ હોય, અને ચઉદમાગુણઠાણાના અન્ત્યસમયે નિશ્ચયધર્મ હોય

૨ તે બે ધર્મનું સ્વરૂપ જાણ્યા સિવાય સમજ્યા સિવાય (ઓલખ્યા શિવાય) જીવનમાં પરિણમણ ક્ર્યા સિવાય સમકીત કહેવાય ?

સમાધાન-વ્યવહારસમ્યકત્વ અરિહંતદેવ સુસાધુ ગુરૂ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને માને ત્યારથી છે. પારમાર્થિકથી સહાદિદ્વારોથી જીવાદિના સ્વરૂપને માનવાના સાધનભૂત આત્મપરિણામ છે, અને કારકની અપેક્ષાએ મુનિવરને જ છે.

૩ સમકીત સિવાય સકામનિર્જરા થાય ?

સમાધાન-કેટલાકો આવશ્યકનિર્યુક્તિ અને તત્ત્વાર્થમાં અકામનિર્જરા કરતાં બાલતપને જુદું લીધેલું હોવાથી મિથ્યાત્વીને પણ સકામનિર્જરા હોય એમ માને છે. જ્યારે કેટલાકો અકામનિર્જરા માત્ર વિરૂદ્ધ ઈચ્છા પૂર્વકની હોય છે અને બાલતપ દુઃખને સહન કરવાની ઈચ્છાવાળું હોય છે છતાં યથાર્થ પણે જીવ અને મોક્ષને રોકનારા કર્મોની શ્રધ્ધા તથા જ્ઞાન ન હોવાથી સકામનિર્જરા મિથ્યાદૃષ્ટિને માનતા નથી. તેઓ કહે છે કે અકામનિર્જરા કેવલ દુઃખરૂપ છે, તેના ફલથી સામાન્ય દેવત્વ થાય અને બાલતપ આદિથી ઉંચું દેવત્વ મળે, અને તે બાલતપવાળાને બારે પ્રકારની તપસ્યા હોય, પણ સંવરની માન્યતા અને ધારણા પૂર્વકની બાર પ્રકારની તપસ્યાથી જ સકામનિર્જરા થાય.

૪ સકામનિર્જરા સિવાય જીવને જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગાદિ દુઃખોથી મુક્તિ થાય ?

સમાધાન-સકામનિર્જરાવાળો જ મોક્ષ મેળવી જન્માદિદુઃખનો નાશ કરે

૫ મુક્તિ કોની થાય ને કોનાથી ?

સમાધાન-સમ્યકત્વાદિગુણોવાલા આત્માનો સમ્યકત્વાદિના પ્રભાવે મોક્ષ થાય

૬ જે મુક્તિ થવાવાલો ને જેનાથી મુક્ત થવાય તે બેનું સ્વરૂપ જાણ્યા સિવાય મોક્ષ થાય ?

સમાધાન-જીવાદિથી મોક્ષ સુધીના તત્ત્વોને જાણવા માનવા આદિથી જ મોક્ષ થાય, પણ તેને યથાર્થ જાણ્યા સિવાય મોક્ષને નામે ક્રિયા કરનાર અપુનર્બંધક પણ લગાર વાર પછી પણ મોક્ષ મેળવે. જીવ જો આસન્નભવ્ય હોય તો તે ધર્મારાધનમાં રસિયો થાય જ, ધર્મથી દૂર રહેનારા તે આસન્નસંભવ્યની કોટિમાં પણ ન આવે.

૭ જીવ કોને કહેવાય ? એટલે જીવનું સ્વરૂપ શું?

સમાધાન-ઉપયોગ લક્ષણ જીવ છે, અને તે જ્ઞાન આદિસ્વરૂપવાળો જ છે.

૮ જીવ (દ્રવ્ય) કોણે નિપજાવ્યું ? ક્યા દ્રવ્યમાંથી નિપજ્યું ?

સમાધાન-જીવ અનાદિઅનન્તસ્થિતિવાળો છે. કોઈ દ્રવ્યમાંથી થયો નથી કે જેથી તેનો નાશ થાય

૯ આ શરીરનો માલીક કોણ ? અને શરીરની અંદર પાચનાદિક અનેક ક્રિયાઓ થઈ રહેલ છે તે કોણ કરે છે ?

સમાધાન-શરીરને નામકર્મથી જીવ બનાવે છે, અને તૈજસઆદિથી આહારની પાચનક્રિયા થાય છે.

૧૦ જે ક્રિયાનો કરનાર ક્રિયાને જાણે તે પોતાને જાણે કે નહી ? સાથી જણાય ?

સમાધાન-આત્મા અરૂપી હોવાથી તેને કેવલજ્ઞાનથી જ સાક્ષાત્ જાણી શકાય, આપ્તાગમાદિથી તો પ્હેલાં પણ જણાય (હળવદ. મગન)

# નવા છપાતા ગ્રન્થો

કર્મગ્રન્થકાર આચાર્યપુરંદર શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વર વિરચિત અને તેમના જ શિષ્ય શ્રીમદ્ ધર્મઘોષ સૂરીશ્વરજીની ટીકાથી વિભૂષિત અપૂર્વ.

**સંઘાચારભાષ્ય.**

(સટીક)

તપાગચ્છનાયક કર્મગ્રંથકાર શ્રીદેવેન્દ્રસૂરીશ્વર રચિત અને પોતાની જ ટીકાથી વિભૂષિત.

**શ્રીશ્રાદ્ધદિનકૃત્ય.**

(બૃહટ્ટીકાવિભૂષિત)

નવાંગીવૃત્તિકૃદભયદેવ સૂરીશ્વરકૃતવૃત્તિથી વિભૂષિત

થયેલ પંચમાંગ

**શ્રીભગવતીસૂત્ર.**

ભા. ૨-૩

(જેનો ૧લો ભાગ મુદ્રિત થઈ ગયો છે.)

સમરાદિત્યસંક્ષેપકર્તા શ્રીમાન્ પ્રદ્યુમ્નસૂરિએ કરેલી વૃત્તિથી શોભા પામતું.

**શ્રીપ્રવ્રજ્યાવિધાનકુલક**

(સટીક.)

(ટુંક સમયમાં બ્હાર પડશે.)

મલધારી પૂજ્યપાદ હેમચંદ્રસૂરીશ્વરજીના વિવરણથી શોભિત સ્વરચિત ગ્રન્થ.

**ભવભાવના**

(ભા.૨)

(જેનો પ્રથમ ભાગ મુદ્રિત થઈ ગયો છે.)

મહોપાધ્યાય વિનય વિજયજી મહારાજકૃત ટીકાથી

**અલંકૃત**

**કલ્પસૂત્ર (સુબોધિકા)**

અનેક જૈનપૂર્વાચાર્યોએ પોતાની લેખિનીથી લખેલ પ્રકરણોથી ઓપતો.

**શ્રીસંસ્કૃતપ્રાચીનપ્રકરણસંગ્રહ** (જેની અંદર તત્ત્વાર્થ, અષ્ટક (૨) ષડ્દર્શન (૨) આદિ ૧. ગ્રન્થોનો સમાવેશ થાય છે.)

પૂર્વાચાર્ય વિરચિત.

**કલ્પસમર્થન.**

જેને આધારે કે પછી ચાલુ બધી ટીકાઓનો ઉદ્દભવ થયો છે તે કલ્પસૂત્રનું વિવરણ કરતો ગ્રંથ.

શ્રીમદ્રાજશેખરસૂરિવિરચિત.

વિનોદને માટે અનેકવાર્તાઓથી ભરપૂર

**કથાકોષ**

આચાર્યપુરંદર શ્રીમદ્હેમચંદ્રસૂરીશ્વરમહારાજની લેખિનીથી લખાયેલ.

| | |
|---|---|
| ૧ **શ્રી ભવભાવના** | ૨ **શ્રીપુષ્પમાલા.** |
| મૂલમાત્ર | મૂલમાત્ર. |

આ બન્ને ગ્રંથો નીચે સંસ્કૃત છાયા પણ મૂકવામાં આવી છે.

## આજનો પવિત્ર દિવસ – પવિત્રતમ પુંડરીકગિરિરાજની યાત્રા –

સામાન્યરીતે વર્ષની ત્રણ ચોમાસીઓ કહેવાય છે, તેમાં પણ અતિશય પવિત્રતાને ધારણ કરનારી જો કોઈપણ ચોમાસીની તિથિ ગણાતી હોય તો તે માત્ર કાર્ત્તિક શુકલા પૂર્ણિમારૂપી જ ચોમાસાની તિથિ છે. આ કાર્ત્તિક શુકલા પૂર્ણિમાને ઉદેશીને જૈનજનતાની વસતિવાળાં દરેક સ્થાનો પવિત્રતમ ધામરૂપ એવા પુંડરીકગિરિરાજને યાદ કર્યા સિવાય રહેતા નથી. જે જે જૈનમનુષ્ય શક્તિ અને સાધન સંપન્ન હોવા સાથે તે પુંડરીકગિરિરૂપ પવિત્ર ધામની યાત્રા કરવાને વીર્યઉલ્લાસ ધારણ કરી શકે છે તેઓ તો સંસારના વેપાર રોજગાર આદિકના આરંભ વિગેરેને છોડી દઈને પવિત્રધામની યાત્રાથી આત્માને પવિત્ર કરવા માટે પુંડરીકગિરિરાજ તરફ પ્રયાણ જ કરે છે. અને તેવા પવિત્ર આત્માઓ હજારોની સંખ્યામાં દરેક કાર્ત્તિકી પુનમે શ્રીપુંડરીકગિરિની પવિત્ર છાયાનો લાભ લેવાને તત્પર થયેલા હોય છે. તે પુંડરીકગિરિની પવિત્ર છાયાનો લાભ પવિત્ર જૈન આત્માઓ એટલા બધા અસંખ્યાતવર્ષોથી લઈ રહ્યા છે કે જેની આદિ કોઈપણ રાજસ્થાનના ઈતિહાસમાં નીકળી શકે જ નહિ. વર્ત્તમાન પાલીતાણા ઠાકોરનું રાજ્ય તો માત્ર તેઓ ગારીઆંધરથી થોડાક વર્ષ પૂર્વે ચોકીદાર તરીકે આવેલા છે ત્યાર પછીથી છે એટલે તેમના વંશજોનો ઈતિહાસ તો પવિત્ર પુંડરીકગિરિના ઈતિહાસનાં અસંખ્યાતમા ભાગમાં પણ આવી શકે તેમ નથી. આ અવસર્પિણીમાં તે પવિત્ર પુંડરીકગિરિની યાત્રા જેમ અસંખ્યાત કાળથી જૈનોએ પોતાના આત્માની પવિત્રતા માટે કરી છે, તેવી જ રીતે આ ભરતક્ષેત્રમાં જ્યાં સુધી ધર્મનું સત્વ છે ત્યાં સુધી દરેક પવિત્ર આત્મા આ પુંડરીકગિરિની યાત્રાથી પોતાના આત્માને પવિત્ર કરતો રહેશે એ સ્વાભાવિક છે.

જૈનજનતાનો કેટલોક ભાગ કોઈપણ કારણથી જ્યારે સાક્ષાત્ પવિત્ર પુંડરીકગિરિની યાત્રાનો લાભ લઈ શકતો નથી, ત્યારે પોતપોતાના ક્ષેત્રમાં પવિત્ર એવા પુંડરીકગિરિને જુહારવા માટે તેઓ શ્રીપવિત્ર એવા પુંડરીકગિરિના પટને બાંધીને તેને જુહારવાનો અપૂર્વલાભ ઉઠાવ્યા જ કરે છે. જૈનજનતાની વસતિવાળું કોઈપણ ગામ એવું નહિં હોય કે જ્યાં આ પવિત્ર એવી કાર્ત્તિક શુકલા પૂર્ણિમા તિથિને દિવસે પવિત્ર એવા શ્રીપુંડરીકગિરિની યાત્રાનો લાભ ભાવથકી પટ વિગેરે બાંધીને મેળવ્યા સિવાય રહેતું હોય ?

આ પુંડરીકગિરિ એ જ છે કે જે જગત્માં સર્વતીર્થ કરતાં અતિશય ઉત્તમતાને ધારણ કરનારૂં તીર્થ છે. આ પવિત્ર ગિરિરાજને પાપી અને અભવ્યજીવો દ્રવ્યથકી પણ દેખી શકતા નથી. આ પવિત્ર પુંડરીકગિરિ સર્વ કાળને માટે પ્રાયઃશાશ્વતો છે. આ પવિત્રતમ પુંડરીકગિરિ સર્વ કાળને માટે પ્રાયઃશાશ્વતો છે. આ પવિત્ર પુંડરીકગિરિ ઉપર શ્રી નેમિનાથજી ભગવાન્ સિવાયના ત્રેવીસે શ્રી તીર્થંકર ભગવાનોનું સમવસરણ થયેલું છે. આ પવિત્રતમ પુંડરીકગિરિ અન્યમહાત્માઓના ચરણકમલની પવિત્રતા દ્વારાએ પવિત્ર થયેલો છે એમ નહિ, પરન્તુ આ પવિત્ર પુંડરીકગિરિ પવિત્રમહાત્માઓને ઉત્પન્ન કરનારો છે, જો કે અઢીદ્વીપમાં કોઈ પણ સ્થળ એવું નથી કે જ્યાં અનન્તજીવો મોક્ષે ન ગયા હોય, પરન્તુ એ સર્વ મુક્ત થયેલા જીવો પોતાના આત્મબલથી ત્યાં ત્યાં મુક્ત થયેલા છે જ્યારે આ પવિત્રતમ પુંડરીકગિરિ એ પોતાના પ્રભાવથી મહાત્માઓને મહાત્મા બનાવી મુક્તિપદને આપનારો છે, આ ઉત્તમોત્તમ પુંડરીકગિરિરાજની એટલી બધી ઉત્તમતા છે કે ભગવાન્ શ્રીઋષભદેવજીએ પોતાની સાથે વિહાર કરવાને તૈયાર થયેલા શ્રીપુંડરીકસ્વામિજીને પોતાની જોડે નહિં આવવાનું જણાવી આ પવિત્રતમ પુંડરીક ગિરિરાજના પ્રભાવથી તમને અને તમારા આખા પરિવારને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવા સાથે મુક્તિની પ્રાપ્તિ થશે. માટે તમો આ પવિત્ર ધામરૂપ શ્રીપુંડરીક ગિરિ ઉપર જ રહો એમ શ્રીમુખે ફરમાવી પરિવાર સહિત એવા પુંડરીકસ્વામિજીને કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ માટે પવિત્ર ગિરિરાજ ઉપર રોક્યા. આવા અસીમ મહિમાવાળા અને પ્રભાવશાળી ગિરિરાજની યાત્રાનો પવિત્રતમ મ્હોટામાં મ્હોટો દિવસ તે આજ કાર્તિક શુકલા પૂર્ણિમાનો છે. માટે સર્વ ભવ્યજીવોએ પવિત્રતમગિરિરાજની આરાધના માટે આ દિવસની પવિત્રતાનો ઉપયોગ કરવા કટિબદ્ધ થવું જ જોઈએ.

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { કાર્તિક વદી અમાવસ્યા
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૪ { તા. ૨-૧૨-૩૭ ગુરૂવાર



તંત્રી
પાનાચંદ રૂપચંદ ઝવેરી
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

# અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

## નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અર્હિસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી | ૦-૩-૦ |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશવીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૧ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર | ૧૨-૦-૦ |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | ૦-૮-૦ |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણુસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૧ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | ૪૨ | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ ને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલ સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દી) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિ વિષયક્રમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |


પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

## ભવ સમુદ્રથી તારવાવાળા તીર્થોને જુહારવા માટે થતી
# તીર્થયાત્રા સંઘયાત્રા

### આત્માનો આધાર શરીર ખરૂં કે ?

દરેક આસ્તિકમતવાળાઓ અનાદિથી આત્માની અને તેને લાગેલાં કર્મોની સત્તા માનવાવાળા હોય છે, તેની સાથે પોતપોતાના શાસ્ત્રમાં જણાવેલા મોક્ષના માર્ગોથી અનેક મહાપુરૂષો મોક્ષને પામેલા છે એમ માનવામાં પણ તેઓ એકમત છે. તેની સાથે આસ્તિકનો મુખ્યભાગ એ માન્યતાપણ ચોક્ખી રીતે ધરાવે છે કે મોક્ષ એ એક એવી વસ્તુ છે કે જ્યાં આત્માને કર્મની આધીનતા નથી, અર્થાત્ સંસારભરમાં અન્ય દર્શનીયોના મતે ચ્હાયે સૂર્યલોકમાં જાય, ચ્હાયે ચંદ્રલોકમાં જાય, તેમજ જૈનદર્શનનામતે ભવનપતિ વ્યંતર જ્યોતિષ્કના દેવભવોમાં તો શું ? પરન્તુ સ્થાનની અપેક્ષાએ મોક્ષથી માત્ર બારજ જોજન છેટે રહેલા સર્વાર્થસિદ્ધમાં પણ થયેલા દેવતાઓ પણ કર્મની જંજીરમાં ઝકડાયેલાજ છે. વિવેકદષ્ટિ એ વિચારવામાં આવે તો કોઈ પણ સંસારી જીવ સૂક્ષ્મ કે સ્થૂલ શરીર વગરનો હોતો જ નથી. અને વાસ્તવિકદષ્ટિએ સંસારી આત્મા પોતાના શરીરને પોતાનો આધાર માને છે, છતાં પણ તે શરીર આત્માના આધારરૂપ નથી, પરંતુ પંખીને પાંજરાની માફક શરીર કેદરૂપજ છે.

જગત્માં આધાર ન હોય તો આધેય હોઈ શકેજ નહિં, તે દષ્ટિએ જો શરીર આત્માનો આધાર હોત તો શરીર સિવાયનો આત્મા માની શકાય જ નહિં, અને એવી માન્યતા તો મોક્ષની હયાતિ માનવાવાળા કોઈ પણ આસ્તિકવાદિથી થઈ શકે તેમ નથી. વળી આધારની જરૂર તેજ પદાર્થને હોય છે કે જે પદાર્થ આધાર વગર નીચે પડી જાય, અર્થાત્ વજનમાં ભારવાળો હોય એટલે ગુરૂતાવાળા પદાર્થ નેજ આધારની જરૂર હોય છે, અને કોઈ પણ આસ્તિકમતવાળો આત્માને ગુરૂતાવાળો માનવા તૈયાર નથી. એટલે કહેવું જોઈએ કે જેમ ઘટાકાશસંયોગમાં ઘટનું આકાશ ઘડામાં રહેલું છે, છતાં તે ઘટ તે ઘટના આકાશનો આધાર નથી, એવી રીતે તાત્વિક દષ્ટિએ શરીર એ આત્માનો આધાર માનવો તે કોઈ પણ પ્રકારે વ્યાજબી નથી, છતાં એટલું તો નક્કી છે કે ઘટાકાશ જેમ ઘટમાંજ રહે છે તેવી રીતે સંસારી આત્મા શરીરમાંજ વ્યાપીને રહેલો હોય છે, છતાં તે શરીર આત્માનો આધાર નથી, પરન્તુ તાત્વિકદ્રષ્ટિએ તે તેનું પાંજરૂં અગર કેદખાનું છે. અનુભવની દષ્ટિ પણ એમ જ કહે છે કે શરીરના શીતઉષ્ણાદિકસ્પર્શોથી આત્માને

અનુકૂલ પ્રતિકૂલતાથી સુખ દુઃખ થાય છે શરીરથી નિરપેક્ષ આત્માને કોઈ પણ પ્રકારે શીતવાતાદિકનાં દુઃખો થવાનાં હોતાંજ નથી. આ વાતને સમજવા માટે આચાર્યમહારાજશ્રી મુનિસુન્દરસૂરિજી અગ્નિ અને લોઢાનું દૃષ્ટાન્ત શ્રી અધ્યાત્મકલ્પદ્રુમમાં આપે છે તે સમજવા જેવું છે. તેઓશ્રી જણાવે છે કે-

देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि,

देहस्थ एव भजसे भवदुःखजालम् ॥

लोहाश्रितो हि सहते घनघातमग्नि -

र्बाधा न तेऽस्य च नभस्वदनाश्रयत्वे ॥१॥

આચાર્ય મહારાજા શરીરમાં મમત્વ ધારણ કરીને અનેક પ્રકારની પાપની પ્રવૃત્તિકરવાવાળા ભવ્યજીવને તે પાપના ત્યાગને માટે ઉપદેશ દેતાં સૂચન કરે છે કે હે ભવ્ય ! દેહની અંદર મમતા ધારણ કરીને તું શા માટે અનેક પ્રકારની પાપોની પ્રવૃત્તિ કરે છે ? યાદકર કે આ દેહમાં રહેવાને લીધે જ તારે ચારે ગતિના ભવના દુઃખોને ભોગવવાં પડે છે. અર્થાત્ ચારે ગતિમાંથી કોઈ પણ ગતિવાળો જીવ એવો નથી કે જેને શરીર સિવાય દુઃખને ભોગવવું પડતું હોય. દરેકગતિમાં શરીર ધારણ કરીને જ જીવને ભ્રમણ કરવાનું હોય છે અને તે શરીરદ્વારાએજ ચારે ગતિના દુઃખોને ભોગવવાં પડે છે. આચાર્ય મહારાજ જગતનું એક પ્રસિદ્ધ દૃષ્ટાન્ત દેતાં જણાવે છે કે જગત્માં કોઈ પણ જીવ અગ્નિને કુટવા જતો નથી. પરંતુ જ્યારે એ અગ્નિ પોતાના શુદ્ધરૂપમાં ન રહેતાં અગ્નિ-જ્વાલા-તાપ વિગેરે સ્વભાવને છોડીને જ્યારે લોઢાની અંદર પ્રવેશ કરે છે, અર્થાત્ લોઢાને આશ્રિત બને છે, ત્યારે લુહાર વિગેરે કારીગરો તે લોઢાને અનેક વખત ઘનથી કુટે છે, અને તે લોઢું કુટાવાથી તે લોઢામાં રહેલા અગ્નિને પણ કુટાવવુંજ પડે છે. અર્થાત્ જેમ અગ્નિ અળગો હોય તો તેને કોઈ કુટી શકતું નથી, પરન્તુ તે અગ્નિ જ્યારે લોઢામાં એકમેક થઈને ભળે છે. ત્યારે જ તે અગ્નિ લોઢાના કુટવાની સાથે કુટાઈ જાય છે, તેવી જ રીતે આ જીવને શીત, તાપ, ટાઢ વાયરો, વગેરે પદાર્થો કંઈ પણ ઉપદ્રવ કરી શકતા નથી, પરન્તુ જ્યારે આ જીવ શરીરની અંદર દાખલ થાય છે ત્યારે લોઢામાં દાખલ થયેલા અગ્નિને જેમ લોઢાના ઉપર દાનના માર પડે છે તેવી રીતે શરીરને લાગતા શીત, ઉષ્ણ, ટાઢ, વાત વિગેરેના ઉપદ્રવો શરીરની અંદર રહેલા આત્માને સહન કરવા પડે છે.

## શરીર વગરના થવાશે ત્યારે જ નિરાબાધ સુખ છે.

આ વાત અન્વયદ્વારાએ સમજાવ્યા પછી વ્યતિરેકદ્વારાએ પણ સમજાવતાં આચાર્ય શ્રી જણાવે છે કે હે ભવ્ય ! તારા આત્માને અને આ અગ્નિને જો કોઈ પણ પ્રકારે બીજામાં ઘુસવાનું ન થાય, તો તમને બન્નેને કે તમારા બન્નેમાંથી કોઈને પણ કોઈપણ વસ્તુ પીડા કરનારી થઈ શકેજ નહિ. જગત્માં આકાશનામનો પદાર્થ જો કે સર્વવ્યાપક છે, તો પણ તે કોઈની સાથે એકમેક સંયોગથી શું જોડાય છે ? અગ્નિ લોઢાની સાથે એકમેક પણે સંયોગથી જોડાય છે. જેમ તપેલા લોઢાને ઉઠાવતાં

લોઢું અને અગ્નિ બન્ને સાથે જ ઉઠે છે. તપેલા લોઢાને કાપતાં લોઢું અને અગ્નિ બન્ને સાથે જ કપાય છે. તેમજ તપેલા લોઢાને ફેંકી દેતાં લોઢું અને અગ્નિ બન્ને સાથેજ ફેંકી દેવાય છે, તેવીજ રીતે આ સંસારમાં જીવ પણ શરીરની સાથે એકમેક થયો છે. તેને લીધે શરીરને ઉપાડતાં ધક્કો મરતાં કે રોકતાં જીવ તેની સાથે જ ઉપડી જાય છે. ધક્કો ખાય છે, અને રોકાઈ જાય છે વળી શરીરને છેદ ભેદ તાડન અને તર્જન થતાં તે છેદ ભેદ તાડન અને તર્જન દુઃખ તે શરીરમાં રહેલા આત્માનેજ અનુભવવું પડે છે જો શરીરની સાથે આત્મા એકમેક ન થયેલો હોય તો શરીરને થતા તાડન-તર્જન-વધ-બંધ વિગેરેથી આત્માને અંશે પણ દુઃખ અનુભવવું પડે નહિં. વળી શરીરને ઉચકીને કોઈ ફેંકી દેશે તો તે આઘાતનું દુઃખ પણ આત્માનેજ ભોગવવું પડે છે. એટલે લોઢું અને અગ્નિ જેમ એકમેક થયાં છે તેમ શરીર અને આત્મા એકમેક થયેલ હોવાથી લોઢાદ્વારાએ થતી અગ્નિની અવ્યવસ્થાની માફક શરીરદ્વારાએ આત્માની પણ અવ્યવસ્થાજ થાય છે, પરન્તુ આકાશનામનો પદાર્થ કેજે કોઈ સાથે એકમેક થતો નથી તે આકાશનામના પદાર્થને કોઈ દિવસ પણ જગત્માં રહેલા પદાર્થોની અવ્યવસ્થા અનુભવવી પડતીજ નથી, તેવી રીતે હે ભવ્ય ! જો તારા આત્માને જગત્ ના સર્વ પદાર્થોથી નિવૃત્ત કરી દઈશ, તે સર્વ પદાર્થમાં જે અહંભાવ અને મમભાવ જોડીનેજ એકમેકપણે પ્રવેશ કરેલો છે તે સર્વ છોડી દઈશ અને જ્યારે તું શરીરવગરનો બનીશ ત્યારે નિરાશ્રિત એવા તારા આત્માને પણ નિરાશ્રિત એવા આકાશની માફક કોઈ પણ જાતની ઉત્ક્ષેપ નિક્ષેપ, નિરોધ, શીત, તાપ,તાડન, તર્જન વિગેરે દુઃખોમાંથી કોઈ પણ પ્રકારનું દુઃખ અનુભવવું પડશે નહિ.

## શરીર એ પાંજરૂ છે.

કહેવાની મતલબ એટલી જ છે કે દરેક સંસારી જીવો શરીરને લીધેજ ચારે ગતિના દુઃખોને ભજવાવાળા છે, પરંતુ તે શરીરનું ધારણ કરવું ભવ્યજીવને જ્યાં સુધી સંસારમાં રખડવાનું હોય છે ત્યાં સુધી આવશ્યકજ હોય છે. જો કે દુઃખોના અનુભવો એકલા શરીરદ્વારાએ છે એમ નહિં, પરન્તુ ઇંદ્રિય, તેના વિષયો, તેનાં સાધનો, કુટુમ્બ, ધનમાલ, મીલ્કત વિગેરેમાં ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટના સંયોગદ્વારાએ પણ આ જીવને દુઃખોના અનુભવો પારાવાર કરવાજ પડે છે, પરન્તુ તે સર્વ આ દેહરૂપી વૃક્ષના શાખા પ્રશાખા પત્ર પુષ્પ અને ફલજ છે. એમજ કહીએ તો ચાલે એટલે ટુંકમાં એટલુંજ કહેવાનું કે ચારે ગતિમાં રખડતા જીવરૂપી પંખીયોને આ શરીરરૂપી પાંજરૂ એ કેદને સ્થાનેજ છે, અને સર્વ આસ્તિકમતની અપેક્ષાએ આવી શરીરરૂપી કેદમાંથી જો કોઈ પણ છુટેલું હોય તો તે કેવલ સિદ્ધિપદને પામેલા મહાત્માઓજ છે. સિદ્ધિપદ પામેલા મહાત્માઓમાં સંપૂર્ણ કે અપૂર્ણ

સુખ છે કે નહિ ? સંપૂર્ણ કે અપૂર્ણ જ્ઞાન છે કે નહિ ? સંપૂર્ણ કે અપૂર્ણ શક્તિ છે કે નહિ ? એવી એવી વાતોમાં જો કે આસ્તિકોમાં પરસ્પર મતભેદો છે, પરન્તુ સિદ્ધિપદને પામેલા મહાત્માઓ જન્મ જરા મરણ રોગ શોક આધિવ્યાધિઆદિના દુઃખોથી તો સર્વથા મુક્ત છે એમાં કોઈ પણ આસ્તિકનો મતભેદ નથી. અર્થાત્ જેઓ એવી શંકા કરે છે કે સિદ્ધિપદ પામ્યા પછી ખાવાનું પીવાનું ઓઢવાનું ફરવાનું કંઈ પણ મળતું નથી, તો પછી તે સિદ્ધિપદ ઉત્તમ છે એમ કહી શકાય ? પરન્તુ આવું કહેવાવાળાઓએ વિચારવું જોઈએ કે એક શીલને ધારણ કરવાવાળી પવિત્ર બાઈ પોતાના શીલને કીંમતી ગણીને બીજા પુરૂષોદ્વારાએ થતા અન્ન-પાન-વસ્ત્ર-ઋદ્ધિ-સમૃદ્ધિ-આજ્ઞા-ઐશ્વર્ય સંપત્તિ અને ઠકુરાઈના સુખોને લાત મારે છે, અને બલાત્કારે પણ તે આવતું હોય તો પણ તેનાથી શીલને બચાવવા માટે તે દૂર જ ભાગે છે, તો જેમ એક બાઈ સરખી જાત પોતાના શીલને બચાવવા માટે એ બધી વસ્તુઓને દુઃખરૂપ માને છે, તો પછી જે ભવ્યજીવને આ સંસાર એ કેદખાનું છે સર્વમાં પરાધીનતા લાવનાર છે. એમ માલમ પડ્યું છે, તે ભવ્યજીવ સ્વપ્ને પણ ખાવાપીવાના સુખને સુખ તરીકે માનેજ કેમ ? વાસ્તવિકરીતિએ તો ખાવાપીવાના સુખો એ સુખની ભ્રાન્તિ ઉપજાવનાર છે, પરન્તુ તે સુખરૂપ નથી જ. પરન્તુ તે દુઃખના પ્રતિકારરૂપ છે ક્ષુધા અને તૃષાનું દુઃખ થાય ત્યારે ખોરાક અને પાણી એ સુખરૂપ લાગે છે. ખોરાક અને પાણી જો સ્વયં સુખરૂપ હોય તો ક્ષુધા અને તૃષાની સાથે તેનું પ્રમાણ બંધબેસતું થઈ શકે નહિ. એટલે પરસ્પર માપ હોવાથી ક્ષુધા તૃષાના પ્રતિકારને અંગેજ ખાવા પીવાને સુખરૂપ મનાય છે. વળી જગતમાં કોઈ પણ મનુષ્ય ખસના ખણવાના સુખને મેળવવા માટે ખસની હયાતિને સારી માની શકેજ નહિ. તેવી રીતે ઇંદ્રિયોની હયાતિને લીધેજ ઇંદ્રિયોના વિષયોનું સુખ મનાય છે, અને જેમ ખસને ખણ્યા પછી ભવિષ્યમાં તેના વિકારોની વૃદ્ધિ અને દુઃખો અનુભવવાં પડે છે, તેવી રીતે ઇંદ્રિયોના વિષયોના અનુભવને લીધે તથા તે વિષયોના સાધનોને મેળવવા માટે કરેલા પાપો ને લીધે આ જીવને પણ કર્મ વિકારો થાય છે, અને ચારે ગતિમાં દુઃખનો અનુભવ કરવો પડે છે. એવી સ્થિતિમાં આત્માના સ્વસ્વભાવરૂપ મોક્ષને નીરોગપણાની માફક નહિં ચ્હાવો અને ખસને ખણવા જેવા સંસારના દુઃખોના પ્રતિકારરૂપ સુખોને ઇચ્છવારૂપ ખસની ઇચ્છા કરવી એ કોઈ પણ બુદ્ધિમાનોને માટે તો લાયક ગણાયજ નહિ. સામાન્યરીતે કુતરા જેવાં જાનવરો પણ ઝેરી બરફીને ખાવાથી અન્યકુતરાનું મરણ થયેલું દેખી જરા ઝેરથી બચવા માટે ઝેરી એવી પણ બરફીને છોડી દે છે, તો પછી સજ્જનમનુષ્યો જન્મજરા અને મરણના ઝેરવાળી દુનિયાની સ્થિતિમાં પરમદુઃખોને પામતા અનંતજીવોને દેખીને જન્મ જરા અને મરણના ઝેરથી બચવા માટે બરફી જેવા ગણાતા વિષયસુખોથી

સર્વથા દૂર રહેવા માંગે અને તેની વાંચ્છા અંશે પણ ન કરે તેમાં આશ્ચર્ય શું ?

### આસ્તિકોનું પરમધ્યેયજ એ કે શરીર વગરના થવું

આ બધુ કહેવાની મતલબ એટલી કે જન્મ જરા મરણ રોગ શોક આધિ વ્યાધિ અને ઉપાધિથી રહિત થઈ જે મોક્ષપદ મેળવવું એ સર્વ આસ્તિકવાદિઓનું પરમ ધ્યેય છે.આમ છતાં પણ મોક્ષપદના ધ્યેયથી પ્રવર્ત્તવાની દરેક આસ્તિક ઈચ્છા કરે છે. મોક્ષ મેળવવા માગે છે, પરન્તુ તેઓ સંસારના કુટુંબ, કબીલા, ધન, માલ, મીલ્કત, ક્રોધ, માન, માયા, લોભ વિગેરેના પ્રપંચોથી ઘેરાઈ જઈ તે તરફ પ્રવૃત્તિ કરી શકતા નથી.

### આર્ય કે અનાર્ય બન્નેએ તીર્થોની સ્થાપના માની છે.

આ વાત આસ્તિક માત્રના અનુભવથી સિદ્ધ છે, આવા કારણોથી દરેક આસ્તિક મતવાળાઓએ તો શું ? પરંતુ અનાર્ય તરીકે ગણાતા મતવાળાઓએ પણ તીર્થોની સ્થાપનાઓ જગોજગો પર કરી છે, આર્ય કે અનાર્ય કોઈ પણ જાત વાળા તીર્થોની માન્યતા વગરના નથી, એ વાત તો જગજાહેરજ છે, જ્યારે સામાન્યરીતે માત્ર સર્વવ્યાપક ભગવાનની મહેરબાનીથી મોક્ષ મળે છે એવું માનનારા અન્યદર્શનકારોને તીર્થભૂમિઓ અને તેની પવિત્રતા માનવાની જરૂર પડે છે તો પછી જૈનદર્શન કે જે ઉપાધિઓની નિવૃત્તિદ્વારાએ સાધક આત્માજ મોક્ષ મેળવી શકે છે અર્થાત્ પરમેશ્વરે તો સર્વજીવોને માટે મોક્ષના રસ્તા માત્ર બતાવેલા છે, છતાં પણ જગતમાં જેમ યોગ્ય રસ્તે ચાલવાવાળો મુસાફરજ ઈષ્ટશહેરને પામે, તેમાં જો કે સડક બનાવનારો એ તે સર્વ મુસાફરો માટે જ સડક બનાવેલી છે, પરંતુ જે મુસાફરો સડકના માર્ગનો લાભ ન લેતાં ઉન્માર્ગે ચાલે તેઓ ઈષ્ટસ્થાનને ન મેળવી શકે તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકરભગવાનોએ મોક્ષસ્થાનની પ્રાપ્તિ માટે જે આશ્રવ એટલે હિંસા જુઠ ચોરી મૈથુન અને પરિગ્રહ વિગેરેનો રોધ કરવા રૂપ સંવર કરવા સાથે અનેક પ્રકારની તપસ્યાથી નિર્જરા કરવારૂપ મોક્ષમાર્ગ બતાવેલો છે તે મોક્ષમાર્ગના આલંબનથી ભવ્યજીવો મોક્ષ મેળવી શકેછે, જગત્માં સડકને બનાવનારો એક વખત પ્રતિકૂલ હોય તો પણ સીધી સડકે ચાલનારો મનુષ્ય ઈષ્ઠસ્થાનને જરૂર પામી શકે છે, તો પછી સડકની માફક મોક્ષમાર્ગને બતાવનારા અને બનાવનારા ભગવાન તીર્થંકરોના રસ્તે રસ્તે ચાલનારો મનુષ્ય તો કેમ ઈષ્ટસ્થાનને ન પામે ?

### પરમેશ્વરના અનુગ્રહમાત્રથીજ મોક્ષ મળી જાય છે એ માન્યતા કોની ?

ઉપર જણાવવા પ્રમાણે સામાન્ય રીતે સંસારથી ઉતરવાની અભિલાષા દરેક આસ્તિકમતવાળાને હોય અને તેથી તેઓ તીર્થની સેવા કરવા માગેએ સ્વાભાવિક છે, છતાં વાસ્તવિકરીતિએ જૈનદર્શનની અપેક્ષાએજ તીર્થોનું તીર્થ પણું હોઈ શકે. કારણ કે અન્યદર્શનકારો

જ્યારે પરમેશ્વરની મહેરબાનીથી તરવાનું માનનારા છે અને પરમેશ્વરની મહેરબાની અમુક જગો પરજ થાય એ કહેવું એ પરમેશ્વરની સર્વવ્યાપકતા રૂપ પરમેશ્વરતા માનવાવાળાને કોઈ પણ રીતે શોભતું નથી. કેમકે પરમેશ્વરની પરમેશ્વરતાને અંગે તો પહાડ હોય સપાટ હો નગરી હોય ઉજ્જડ હોય વસતિ હો કે વેરાન હો તળાવ હો કે નદી હો ખાબોચિયું હો કે દરિયો હો. એ સર્વ સરખાંજ છે, માટે જો અન્યની પરમેશ્વરતાને વિચારીએ તો પરમેશ્વરના અનુગ્રહથી મોક્ષ માનવાવાળા માટે તીર્થ જેવી કોઈ જગ્યા રહેતીજ નથી. એટલે તેઓને માટે તો સર્વ જગત્ તીર્થરૂપ જ છે. અર્થાત્ કોઈપણ નિયમિત સ્થાન તીર્થરૂપે જ નથી, પરન્તુ જૈનદર્શન પ્રમાણેજ પરમેશ્વરનું વ્યાપકપણું ન હોવાથી તથા પરમેશ્વરના અનુગ્રહથી મોક્ષ ન માનતાં આત્માના પરાક્રમ અને પ્રયત્નથી મોક્ષ માનેલો છે માટે નિયત જગ્યા તીર્થરૂપ હોઈ શકે છે. જો કે જૈનદર્શન પરમેશ્વરના અનુગ્રહને નથી માનતો એમ નહિં, તે પરમેશ્વરના અનુગ્રહને જરૂર માને છે, કેમકે પરમેશ્વરે જગત્‌ને અનુગ્રહ કરવા માટે તો ભવોભવ સુધી તપસ્યાઓ કરી છે. છેવટે શ્રમણભગવાન્ મહાવીર મહારાજા માટે તો એટલે સુધી બન્યું છે કે એક લાખ વર્ષ સુધી લાગટ માસખમણ માસખમણની તપસ્યાઓ કરી અને તેવી ઘોર કષ્ટમય તપસ્યાના પ્રતાપે મળેલા તીર્થંકરના પદથી જીવોને સંસારથી ઉદ્ધારવા માટે આ શાસનની સ્થાપના કરી. એટલે એવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પરમેશ્વરોએ જો આ શાસનવર્તી જીવો ઉપર ઉપકાર ન કર્યો હોત તો તો આ જીવને શાસનની પ્રાપ્તિજ થવાની ન્હોતી. તો પછી મોક્ષ તો મળે જ ક્યાંથી ?માટે પરમેશ્વરનો અનુગ્રહ માનવામાં જૈનદર્શન માનવામાં કોઈ પણ જીવ મતભેદ ધરાવેજ નહિ, પરન્તુ તે પરમેશ્વરના અનુગ્રહમાત્રથીજ મોક્ષ મળી જાય છે, એ માન્યતા જૈનદર્શનની નથી. જો કે મોક્ષનો માર્ગ પરમેશ્વરના અનુગ્રહથીજ મળ્યો છે એ માન્યતા સર્વ જૈનદર્શનવાળાઓમાને છે, પરન્તુ તે મોક્ષમાર્ગની સાધના મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુજીવોએ પોતેજ કરવાની છે. અને તેથી જ જૈનદર્શનને માનનારાઓને <u>આશ્રવના નિરોધને માટે, સંવરના પોષણને માટે,</u> સંસારની ઉપાધિઓથી મુક્ત થઈ દાન શીલ તપ અને ભાવરૂપી ચારે પ્રકારના ધર્મની આરાધનાની વિશિષ્ટતા માટે, તીર્થો માનવાની અને તેની યાત્રાઓ કરવાની જરૂર પ્હેલે નંબરે રહે છે.

## તીર્થસ્થાન કેવું હોય ? સ્નાનમાંજ ધર્મોત્પત્તિમાનવાવાળાનું તીર્થ કેવું ?

અન્યદર્શનકારોએ તીર્થોના સ્થાનો બહુધા નદી, દરિયા, સરોવર આદિક બાહ્યમલને દૂર કરનારા સ્થાનોને માનેલા છે અને પસંદ કરેલા છે. તેથી તેઓ સ્નાનમાંજ ધર્મની ઉત્પત્તિ માની રહેલા છે. અને તેનેજ પરિણામે માઘસ્નાનાદિકનો વિશેષ મહિમા જગોજગો પર તેઓમાં પ્રચલિત થયો છે. વળી તેઓએ જળાશયોનેજ તીર્થરૂપ માન્યા

તેથી ગંગા, યમુના, વિગેરે સ્વતંત્ર રીતે નદીઓ અને તેના સંગમો તીર્થરૂપ માનવામાં આવ્યા છે, અને તેજ કારણથી અન્યમતવાળાઓ અડસઠ તીર્થો થયાં એમ માનવા લાગ્યા છે. આ સ્થિતિ વિચારતાં સુજ્ઞ ભવ્યજીવને માલમ પડશે કે આત્માને કર્મથી મુક્ત કરાય ત્યારે તરી શકાય એવી માન્યતા ધરાવનાર છતાં પણ આ આસ્તિકો કર્મની કેવી દશા સમજતા હશે? કે જેથી જલથી ન્હાવામાત્રમાં તરવાનું માને છે. યાદ રાખવું કે જેવી રીતે ગંગાઆદિ નદીઓનું કે દરિયાનું પાણી મેલને ધુએ છે તેવી જ રીતે સારા પદાર્થને પણ ધોઈ નાંખે છે, તો પછી આ મનાયેલા નદીઆદિકનાં તીર્થો પાપને ધોવાને સમર્થ થાય એમ પુણ્યને પણ ધોઈ જ નાંખે. હાથના પરાવર્ત્તનથી જેમ તેજનું કે શબ્દનું પરાવર્તન થતું નથી, કેમકે તેજ અને શબ્દના પુદગલો હાથના પુદગલ કરતાં ઘણાજ બારીક છે, તેવી રીતે જલના પુદગલોની અપેક્ષાએ કર્મના પુદગલો એટલાં બધાં બારીક છે કે તે પુદગલો ઉપર જલની કંઈ પણ અસર થાય જ નહિં. જ્યારે આવી રીતે જલાશયોને તીર્થરૂપે માનવાં એ સમજુ મનુષ્યોને માટે લાયકજ નથી, તો પછી જલાશયોના નામે કરવતોનાં કારખાનાં કહાડવાં અને તેમાં મનુષ્યોને ઉભાને ઉભા વહેરી નાખવા તેવા ઘાતકી કાર્યો જ્યાં કરાય તેને તો એક આર્ય મનુષ્ય સ્વપ્ને પણ તીર્થ તરીકે માની શકેજ કેમ ? કદાચ કહેવામાં આવે કે તેવા પવિત્ર સ્થાનોમાં મરનારને તારક મહાત્માઓ ઉપદેશ કરે છે, અને તેથી તે તીર્થમાં મરવું શ્રેષ્ઠ ગણી જાણી જોઈને પણ કરવતથી મરણ લેવામાં આવે છે. આ કથન કેવલ અન્ધશ્રદ્ધાને આભારી છે. કેમકે તારકો જો ઉપદેશ કરે તો તે ઉપદેશને પ્રભાવે ભવ્ય જીવને તરવાનું થાય એમાં કોઈ ના કહી શકે નહિ, પરન્તુ કરવત લે ત્યારે જ તારકો ઉપદેશ કરે અથવા તો મરતી વખતેજ તારકો ઉપદેશ કરે, પણ જીવના વિચાર અને વર્તનને સુધારવાનો જે વખત જીંદગીની હયાતિમાં છે તે વખતે ઉપદેશ ન કરે એ તારકોને શોભે નહિ ખરી રીતે તો જીંદગીમાં પતિવ્રતાપણું હોય કે ન હોય, પરન્તું ધણીના મરણની સાથે તેના ભેગાં બળી મરવામાં સતીપણાનો મહિમા જણાવી અજ્ઞાનલોકો એ સ્રીજાતિનું સત્યાનાશ કહાડ્યું, તેવી રીતે તારકો ના નામે કહેવાતા આર્યવર્ગના ભદ્રિક મનુષ્યોનું સત્યાનાશ કરવતના કારખાના એ કહાડ્યું,તે મરનારની મીલ્કતો ઉપર અથવા તેના દાન ઉપર તાગડધિન્ના કરનારા લોકોએ આ તારકપણાનું ધતીંગ ઉભું કર્યું છે. ખરી રીતે તો સંસારથી તરવાવાળાઓને તરવાનું સાધન નથી તો પાણી, નથી તો પથરા, નથી તો ઝાડ, કે નથી તો કોઈ પણ સ્થાન, પરંતુ તરવાવાળાઓને ખરૂં ઉપયોગી હોય તો મોક્ષમાં જે રૂપે આત્માનું અવસ્થાન છે, તે રૂપનીજ ઝાંખી અને વૃદ્ધિ થાય તેજ છે. અને તેજ તરવાનું સાધન બની શકે અને તેથી જૈનદર્શનકારો પ્રાકૃતભાષાએ 'તિત્થ' શબ્દનો ભ્યર્થ

એવો અર્થ કરે છે. એટલે સમ્યગ્દર્શન સમ્યગજ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે પદાર્થોનેજ તીર્થ કહેવામાં આવે છે. આ ત્રણ પદાર્થો રૂપી તીર્થ હોવાને લીધે જ શાસનની સ્થાપના કરવાવાળા જીનેશ્વરભગવાનોને તીર્થંકર કહેવામાં આવે છે. વળી શ્રીજીનેશ્વરભગવાને સ્થાપન કરેલું શાસન ત્રણમાંજ એટલે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રમાંજ રહેવાવાળું છે. તેથી તિત્થ શબ્દનો ત્રિસ્થ એવો પણ અર્થ કરવામાં આવે છે. આ બધું કહેવામાં તત્ત્વ એટલું જ કે જગત્માં કોઈ પણ આત્માને સંસારસમુદ્રથી તારનારી કોઈ પણ ચીજ હોય અને કોઈને પણ જો તીર્થ તરીકે કહી શકીએ તો તે માત્ર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રજ છે. આજ કારણથી શ્રીભગવતીસૂત્રમાં પણ તીર્થને સ્થાપવાના મુખ્ય ભાગ ભજવનાર એવા આદ્ય ગણધરમહારાજને પણ તીર્થ તરીકે ગણવામાં આવ્યા છે અને તેવી જ રીતે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને ધારણ કરવાવાળા એવા સાધુસાધ્વી શ્રાવકશ્રાવિકારૂપ ચતુર્વિધસંઘને તીર્થ તરીકે ગણવામાં આવેલ છે. આવી રીતે ચારે પ્રકારનો સંઘ પણ સમ્યગદર્શનાદિ ગુણમય હોવા સાથે સંસારસમુદ્રથી તરવામાં કટિબધ્ધ હોય છે અને તેથી જ તેઓ ભવસમુદ્રથી અન્ય જીવોને તીર્થંકર પદ બાંધવામાં તથા ધર્મઆરાધનમાં સહાયક થઈ અત્યન્ત મદદ કરનાર થાય છે તેથી તીર્થંકર ભગવાનો શાસનની સ્થાપના પહેલાં તીર્થશબ્દથી તેને નમસ્કાર પણ કરે છે.

## તીર્થંકરો ક્યા તીર્થને નમસ્કાર કરે છે ?

આ જગો પર એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તીર્થંકરો પોતાના સ્થાપેલા તીર્થને નમસ્કાર કરે છે એમ એકાન્તે માનવા તૈયાર થવું નહિં, કિન્તુ જે તીર્થ એટલે ચતુર્વિધ સંઘદ્વારા એ તેઓને તીર્થંકરપણું મેળવવામાં મદદ મળી હતી તે સંઘને તેઓશ્રી નમસ્કાર કરે છે. એમ પણ તાત્વિકદૃષ્ટિએ સમજાય, કારણ કે જે વખતે તીર્થનું સ્થાપન થયું નથી. ગણધર મહારાજાઓને પણ દીક્ષાઓ આપવામાં આવી નથી, સાધ્વીઓને પણ દીક્ષા આપવામાં આવી નથી, શ્રાવક શ્રાવિકાઓને પણ સમ્યક્ત્વ કે અણુવ્રતો આપવામાં આવ્યાં નથી, એટલું જ નહિ. પરન્તુ સકલશાસનના મૂળરૂપ उपन्नेइवा આદિ ત્રિપદીનું ઉચ્ચારણ પણ કરવામાં આવ્યું નથી, તેની પ્હેલાં ત્રિલોકનાથ તીર્થંકરોથી તીર્થશબ્દથી સંઘને નમસ્કાર કરાય છે. એટલે તે સંઘ તીર્થંકર પણું મેળવતી વખતે મદદ કરનારો જે હતો તે લેવો વધારે અનુકુલ પડે. અને તેથી જ નિર્યુક્તિકાર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામીજી તીર્થંકર ભગવાનો તીર્થને નમસ્કાર કરે છે અને તેના કારણોને જણાવતાં कयन्नुआ એમ કહી કૃતજ્ઞતા રૂપી હેતુ જણાવે છે. આ નિર્યુક્તિકાર મહારાજે જણાવેલ હેતુ તરફ ધ્યાન દેનાર મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જે સંઘને નમસ્કાર કરે છે તે સંઘ પોતે ભવિષ્યમાં સ્થાપશે તે અગર તે શાસનમાં ભવિષ્યમાં થનારો સંઘ તે થાય નહિં, છતાં જેમ તે તે તીર્થંકરોએ તે તે પાછલના ભવોમાં સંઘની મદદથી તીર્થંકરપણું બાંધ્યું હતું, તેવી રીતે વર્ત્તમાન કાલનો અને તે તે

તીર્થંકરોએ સ્થાપેલો સંઘ પણ બીજાઓને તીર્થંકરપદ બાંધવામાં અગર નિરનુબંધી કર્મ કરવામાં કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની આરાધનામાં મદદગાર થાય અને તેથી તે તે વખતના સંઘોને ભવિષ્ય ભવિષ્યના તીર્થંકરોની અપેક્ષાએ નમસ્કાર કરવા લાયક થાય એ તેથી શાસ્ત્રકરો જગો જગો પર શ્રી સંઘના મહિમાનેવંદન કરતાં તીર્થંકરના નમનીયતાદિ ગુણોનું વર્ણન કરે તો તેમાં કોઈ પણ પ્રકારે અસત્યતા કે અતિશયોક્તિ થઈ છે એમ સમજવાનું નથી. આ કૃતજ્ઞતાહેતુ ઉપર ધ્યાન દઈને જે અજવાળું પાડવામાં આવ્યું છે તેના કરતાં નિર્યુકિતકાર મહારાજે જે બીજો હેતુ પૂજ્યપૂઆઓ લોઓ એમ કહીને જણાવેલો છે તે ખરેખર ભવિષ્યના તેમના સ્થાપેલા સંઘ ઉપર દૃષ્ટિ ખેંચે છે, કેમકે એ હેતુદ્વારાએ નિર્યુક્તિકાર મહારાજા જણાવે છે કે જગત્‌નો સ્વભાવ પૂજેલાને પુજવાનો છે તેથી જો તીર્થંકર ભગવાન્ સ્થપાશે એવા પણ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ સંઘને આદરદૃષ્ટિમાં દાખલ કરે તો જગત્ પણ તે સંઘને આદર બહુમાનની દૃષ્ટિથી જોવે. એ અપેક્ષાએ પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને નમસ્કાર કરેલો છે. આવા નિર્યુક્તિકાર મહારાજના વચનની અપેક્ષાએ ભવિષ્યમાં જેની સ્થાપના થવાની છે તેવા સંઘને પણ લોકોની દ્રષ્ટિમાં આદર અને બહુમાનની પાત્રતા બનાવવા માટે નમસ્કાર કરેલો છે એમ લઈએ તો भाविनि भूतवदुपचारः એ ન્યાયથી જે સંઘ ભવિષ્યમાં સ્થપાશે તેને પણ સંઘ તરીકે ગણીને નમસ્કાર કરેલો છે એમ કહેવામાં યોગ્યજ ગણાય. એમ કહીએ તો ખોટું ગણાય નહિં, જ્યારે ભવિષ્યમાંસંઘ પણે સ્થપનારા મહાપુરૂષો નમસ્કાર કરવાને લાયક થાય છે એ ત્રિલોકનાથ તીર્થકરોની આચરણા ઉપરથી માની શકાય, તો પછી જેઓ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને પ્રાપ્ત કરી શક્યા છે, જેઓ તે સમ્યગ્દર્શનાદિની વૃદ્ધિ કરી રહ્યા છે, અને જેઓ તેના ફલરૂપ મોક્ષ તરફ જ મીટ માંડી રહ્યા છે, તેવાઓ સમુદાયરૂપ શ્રીસંઘ સકલ ભવ્યજીવોને પરમ આરાધવા લાયક થાય તેમાં આશ્ચર્ય શું ?

**જ્ઞાન, દર્શન, ચારિત્રના જે જે પદાર્થો હોય તે તીર્થ કહેવાય.**

પૂર્વે જણાવેલી હકીકતથી સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ પદાર્થો સંસારસમુદ્રથી તારનારું તીર્થ છે એમ નક્કી કર્યું હવે ગુણરૂપ તીર્થની સાથે ગુણિરૂપ માટે સમજવાનું છે કે સમ્યગ્દર્શનાદિ ગુણરૂપ હોવાથી કોઇ દિવસ પણ ગુણ દ્રવ્ય સિવાય હોતો નથી, માટે તે સમ્યગ્દર્શનાદિગુણદ્વારાએ તે સમ્યગ્દર્શનાદિગુણોને ધારણ કરનારા ચતુર્વિધ સંઘને તીર્થરૂપે જણાવવામાં આવ્યું છે, તેથી વાસ્તવિક તીર્થ કયું છે તે સજ્જનોના ધ્યાનમાં આવ્યા સિવાય રહેશે નહિ. ઉપર જણાવેલ સમ્યગ્દર્શનાદિક ગુણોજ સંસાર સમુદ્રથી તારનારા છે અને તે તીર્થરૂપ છે, છતાં પણ જેમ કારણમાં

કાર્યનો ઉપચાર કરાય અને તે ઉપચારદ્વારાએ વરસાદ વરસતાં જેમ ધાન્ય વરસે છે અને સોનું વરસે છે એમ કહેવાય છે, તેવીજ રીતે વાસ્તવિક તીર્થરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રના કારણરૂપ જે જે પદાર્થો હોય તેને પણ તીર્થ તરીકે ગણવા તે સર્વપ્રકારે વ્યાજબી છે. આજ કારણથી સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓ પોતાના આત્મામાં રહેલા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને તારનારા માની તીર્થરૂપ માને અને તે દ્વારાએ સંયમયાત્રા એજ પોતાનું પરમ કર્ત્તવ્ય છે એમ માને, તે વ્યાજબી છે.છતાં તે સમ્યગ્દર્શનઆદિકનાં સાધનો સિવાય તે સમ્યગ્દર્શનાદિકની ઉત્પત્તિ થતી નથી. સમ્યગ્દર્શનાદિકની વૃદ્ધિ પણ થતી નથી, અને તે સમ્યગ્દર્શનાદિકની પરાકાષ્ઠા મેળવવાનું કાર્ય પણ સાધનો સિવાય થતું નથી. એ હકીક્ત જૈનનામ ધારીને પણ જાણ બહાર હોયજ નહિં.

### સિદ્ધશિલાએ મોક્ષે ગયા એ વાક્યનું રહસ્ય.

આ ઉપરથી જેઓ શ્રી અનુયોગદ્વાર જ્ઞાતાસૂત્ર અને અંતગડઆદિ સૂત્રોમાં સિદ્ધિશિલાતલ પુંડરીકગિરિ રૈવતાચલ અને સમેતશિખર વિગેરે બાહ્યતીર્થોના ઉલ્લેખ છતાં પણ તે તીર્થોને નહિં માનતાં કેવલ સંયમયાત્રાનેજ યાત્રા માને છે તેઓએ કાર્યકારણ ભાવને વિચારવાનું આવશ્યક હોવા સાથે કારણ વિના કાર્ય થતું નથી એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. બારીકદષ્ટિએ વિચાર કરીએ તો ભગવાન્ તીર્થંકર મહારાજની વખતે યાત્રા એ પવિત્રમાં પવિત્રચીજ માનવામાં આવેલી હોવી જોઈએ અને તેથીજ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને રૂપકદ્વારાએ સંયમની એક યાત્રા જણાવી. એટલુંજ નહિં, પણ ગુરૂમહારાજને સુખ શાતા પૂછવાની વખતે પણ સંજમ યાત્રાનો પ્રશ્ન કરવામાં આવ્યો.

### ખરી યાત્રા કઈ ?

ધ્યાન રાખવું કે તપ એ પણ મોક્ષનું અદ્વિતીય સાધન છે. છતાં તપને કોઈપણ જગો પર યાત્રા તરીકે જણાવવામાં આવ્યું નથી, પરન્તુ સ્થાન સ્થાન ઉપર સંયમને યાત્રા તરીકે વર્ણવવામાં આવ્યું છે. ઉંડીદૃષ્ટિએ જોઈશું તો સ્પષ્ટ માલમ પડશે કે સર્વ જૈનદર્શન ધારી ગૃહસ્થવર્ગમાં તીર્થયાત્રાનું ઉંચામાં ઉંચું સ્થાન હતું અને તે ઉંચામાં ઉંચા સ્થાનની કોઈપણ પ્રકારે મહત્તા ઓળવી શકાય તેમ ન હતી. અને તેથી જ તે મહત્તા સંયમની સાથે લાગુ કરવામાં આવી. જો યાત્રાની મહત્તા ન હોય તો યાત્રા શબ્દ જોડીને સંયમને સંયમયાત્રાશબ્દથી કહેતજ નહિ. વળી જેવી રીતે સાધુઓને સંયમયાત્રાદ્વારાએજ સંસારસમુદ્રથી પાર ઉતરવાનું હોય છે, તેવી રીતે ગૃહસ્થોને સંપૂર્ણ સંયમ હોતું નથી, એ ચોક્કસ છે, તો તે ગૃહસ્થોને તરવાને માટે યાત્રા જેવું પવિત્ર કાર્ય હોવુંજ જોઈએ અને યાત્રાનું પવિત્ર કાર્ય એટલું બધું પ્રચલિત અને રૂઢ હોવું જોઈએ કે જેની પવિત્રતા અને રૂઢિને અંગે સંયમની અંદર યાત્રાશબ્દનો ઉપચાર કરવો પડયો.

## ગૃહસ્થોએ કઇ યાત્રા કરવી ?

ધ્યાન રાખવું કે જગતની રૂઢિથી તીર્થોના અનેકસ્થાનો હોવાને લીધે યાત્રાના હેતુઓ યાત્રાના ભેદો યાત્રાની રીતિઓ, યાત્રાના સ્થળો અને ફલો, એવાં વર્ણવેલાં હોવાં જોઇએ કે જેને લીધે જગતમાં યાત્રાની રૂઢિ ઘણીજ સ્થિર થઇ ગયેલી હોય, અને તે યાત્રાશબ્દનો ઉપચારકરી સંયમયાત્રા જણાવવામાં આવેલી હોય.

## સિદ્ધશિલાનો મહિમા

શાસ્ત્રોમાં કે આગમોમાં કોઇપણ જગોપર સંયમની અપેક્ષાએ નથી તો યાત્રાના ભેદો, નથી તો યાત્રાની રીતિઓ, અને નથી યાત્રાનાં સ્થળો માટે બારીકદષ્ટિવાળાને માનવુંજ પડશે કે ભગવાન્ તીર્થંકર મહારાજે સાધુઓને માટે કહેલી સંયમયાત્રા તે ઉપચારવાળી છે, પરન્તુ વાસ્તવિકયાત્રાઓ બીજી હોવીજ જોઈએ શાસ્ત્રોમાં કહેવામાં આવે છે કે સાચા દેવ સિવાય અને સાચી નરક સિવાય નારકી જેવો અને દેવ જેવો મનુષ્ય એમ બોલાયજ નહિં. વળી જગત્‌માં સાચા સિંહ સિવાય સિંહ જેવો મનુષ્ય છે એમ પણ બોલાય નહિં. તેવી રીતે યાત્રા જેવી વસ્તુ ન હોય તો સંયમયાત્રા એમ બોલાતજ નહિં. વળી શ્રીઅનુયોગ દ્વારમાં તો અનેકમહાત્માઓની મુક્તિથી પવિત્ર થયેલા પર્વતોને સિદ્ધશિલાતલના નામથી જાહેર રીતે વર્ણન કરવામાં આવેલ છે. તો તે ઉપર સુજ્ઞમનુષ્યોએ વિચાર કરવાની જરૂર છે કે તીર્થ અને પ્રતિમાના લોપક એવા અધમમનુષ્યોના પ્રતિમા અને પત્થરમાં કંઇપણ ફરક નહિં હોવાના વિચારને અનુસરનારા જો શાસ્ત્રકારો હોત તો તે એક પત્થરની શિલાને સિદ્ધિશિલા તરીકે ગણાવવાને તૈયાર થાતજ નહિ. વળી શ્રી શીલકઋષિ શુકપરિવ્રાજક અને પાંડવો સરખા વિહારના સ્થાનો છોડીને તેમજ પોતાના સમુદાયને છોડીને, એટલુંજ નહિ, પણ પાણ્ડવો સરખા તો શ્રીગિરનાજીતીર્થની નજીક હોવા છતાં શ્રીસિદ્ધગિરિજી ઉપર જઇને લાંબી મુદતોનાં અનશનો કરતજ નહિં, પરન્તુ સૂત્રકાર મહારાજા સ્પષ્ટશબ્દોમાં શ્રી પુંડરિકગિરિજી ઉપર અનશન ને માટે જવાનું ધ્વનિત કરી ગિરિરાજ ઉપર ગયા અને ત્યાં અનશનો કરી મોક્ષપદને પ્રાપ્ત કર્યું એમ સ્પષ્ટપણે જણાવે છે. કોઇપણ જૈન સાચી શ્રદ્ધાને ધરાવતો હશે તો તે દ્રવ્ય કાલ અને ભાવને કારણ માનવાની માફક ક્ષેત્રને પણ કારણ તરીકે માન્યા સિવાય રહેશે નહિં. સામાન્ય રીતે જ્યારે વિશિષ્ટ એવા મહાવિદેહસરખા ક્ષેત્રનો પ્રભાવ હંમેશાં ત્યાં ચક્રવર્ત્તિ તીર્થંકરોનું વિચરવાનું થાય છે એમ માનવામાં આવે છે, તો પછી તેજ સૂત્રકારના વચનને અનુસરીને સિદ્ધિશિલા અને પુંડરીકગિરિજી સરખા સ્થાવરતીર્થોને તારક તરીકે માનવામાં જૈનજનતાનો સામાન્યવર્ગ કદિ પણ આનાકાની કરી શકેજ નહિં.

## તીર્થ તરીકે આરાધ્ય શું શું ?

ઉપર જણાવેલી હકીકતથી એટલુ'જ સ્પષ્ટ કરવાનું છે કે આત્માને ભવસમુદ્રમાંથી તારનાર તરીકે જેમ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર

તથા તેને ધારણ કરનાર પુરૂષો તીર્થરૂપ છે, તેવીજ રીતે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર કારણરૂપ એવાં શ્રીતીર્થરૂપક્ષેત્રો પણ તીર્થતરીકે જરૂર આરાધવા લાયક છે. જેમ અનન્તગુણના નિધાન એવા શ્રીતીર્થંકરમહારાજ વિગેરેના આત્માઓ આરાધ્ય છતાં તે મહાપુરૂષના આત્માઓ જે ઔદારિકશરીરને આધારે રહેલા હોય છે તે ઔદારીકશરીર પણ વિનય વૈયાવચ્ચ આદિથી ભક્તિને લાયકજ હોય છે, બાહ્યદૃષ્ટિએ ભક્તિ કરનારો મનુષ્ય મહાત્માઓના શરીરની સેવા શુશ્રૂષા કરે છે, છતાં તેની ભાવના તે શરીરમાં અધિષ્ઠાતા તરીકે રહેલા મહાપુરૂષોના આત્માના ગુણોની તરફજ હોય છે. અને તે પવિત્ર ભાવનાદ્વારાએ શરીર રૂપ જડપદાર્થની ભકિત કરવાવાળો પણ સમ્યગ્દર્શનાદિગુણોને મેળવી શકે છે. અને શાસ્ત્રકારો પણ खिज्जंति पुव्वसंचिया कम्मा એમ કહી ત્રિલોકનાથં તીર્થંકર ભગવાન્ આદિનાથ શરીરની ભક્તિથી પૂર્વભવના અને પૂર્વકાલના એકઠાં થયેલા કર્મોના નાશ દ્વારાએ સમ્યગ્દર્શનઆદિની પ્રાપ્તિ ચોકખા શબ્દોમાં જણાવે છે, તેવી રીતે અહીં પણ પવિત્રમહાપુરૂષોના ચ્યવન જન્મ દીક્ષા કેવલજ્ઞાન મોક્ષ અને વિહારની નિયમિત-ભૂમિકાઓને ફરસ્નારો મનુષ્ય તે તે મહાત્માઓના ગુણો તરફ જ લક્ષ્ય રાખવાવાળો હોય છે, અને તે તે પવિત્રભૂમિકાઓ ઉપર અઢળક ધન ખર્ચીને ચૈત્યની શ્રેણિ બનાવનારા ભવ્યાત્માઓ પણ મહાત્માઓના ગુણોને સ્મરણ કરવાવાળા અને તેનું બહુમાન કરવાવાળાજ હોય છે, તો પછી જેવી રીતે જીનેશ્વર ભગવાનઆદિના શરીરને નિર્જરા અને સમ્યગ્દર્શનાદિ માટે બહુમાનની નજરથી જોવાય.તો ન્યાયદૃષ્ટિએ પોતાના હૃદયને રાખી શકે તે મનુષ્ય તીર્થક્ષેત્રની તરફ બહુમાનની દૃષ્ટિદ્વારાએ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ જરૂર માની શકેજ. જો એવી રીતે ન્યાયની સમાનતાને લીધે શરીર દ્રવ્ય અને આધારક્ષેત્ર સરખાં ન માનવામાં આવે અને એકલા શરીરનેજ માનવામાં આવે તો એમ કહેવું જોઈએ કે તે મનુષ્ય ન્યાયને ચુકવા સાથે મડદાનો પૂજારી બને છે. વર્ત્તમાનકાળમાં કેટલાક નવીનમતવાળાઓ તેવા પવિત્રક્ષેત્રોને તીર્થ તરીકે માનતા નથી, પરન્તુ તેઓ પોતાના મહાત્માઓના મડદાઓનો તો ઘણીજ સારી રીતે સંસ્કાર કરે છે. તો સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઈએ કે તેઓ ચારિત્રાદિરૂપ કાર્યના કારણ તરીકે તેને પૂજતા નથી, કેમકે જો ચારિત્રાદિના કારણ તરીકે પૂજે તો પછી તીર્થક્ષેત્રો પણ પૂજવાં પડે, પરન્તુ તેઓ કાર્યકારણભાવથી નિરપેક્ષ રહીપૂજા કરનાર હોવાથી માત્ર મડદાનાજ પૂજારી બને છે, કેટલાકો આવી રીતે તીર્થક્ષેત્રની પૂજા માનવાનું ગળે આવી પડે તેથી એમ માનવાતૈયાર થાય છે કે અમે જે તે મડદાનાં સત્કાર પૂજા સન્માન બહુમાન આદિ કરીએ છીએ તે કેવળલોકવ્યવહારથીકરીએ છીએ, પરન્તુ પરમાર્થબુદ્ધિથી અમે તે કરતા નથી. આવું કહેનારાઓએ હૃદયમાં વિચાર કરવો જોઈએ કે વ્યવહારબુદ્ધિથી પણ પરમાત્માની મૂર્ત્તિની પૂજા અને તીર્થક્ષેત્રની આરાધના તમારામાં કેમ રહી

નહિ? અને આ મડદાની પૂજા વ્યવહારમાં કેમ રહી? તમારૂં હૃદય જવાબ આપશે કે અમારા જે ઉપદેશકગણે મૂર્ત્તિ અને તીર્થક્ષેત્રોને ઉઠાવવા માટે જીંદગીભર ઉપદેશો આપ્યા, તે ઉપદેશકગણને મ્હોટામાં મ્હોટી અરૂચિ શ્રીતીર્થંકરભગવાનનીમૂર્તિ અને તીર્થક્ષેત્રો ઉપર હતી, પરન્તુ તેઓએ મૃતકની (મરેલા સાધુના મડદાની) ભક્તિ નહિં કરવાને માટે તેમની આખી જીંદગીમાં એક શબ્દ પણ અમને કહ્યો નથી. આ ભદ્રિકમાણસની સત્ય કબુલાત તેના અને બીજાના અન્તઃકરણમાં ખરેખર કોતરી રાખવા જેવી છે. કેમકે એ ઉપદેશકગણના અભિપ્રાયથી એક વાત ચોકખી તરી આવે છે કે જેઓ મૂર્ત્તિ અને તીર્થક્ષેત્રોના વિરોધી છે, છતાં પોતાના અંગે મડદાની પૂજા ઉઠાવી દેવાને તૈયાર નથી. જો તેઓએ મૂર્ત્તિ અને તીર્થક્ષેત્રોની માફક મડદાની પૂજા પણ ઉઠાવી દીધી હોત અને તેના સત્કાર સન્માન બહુમાન આદિ બંધ કર્યાં હોત તો તેઓને પોતાને મરણ આવવાનું છે એ તો ચોક્કસજ છે. કેમકે સામન્યનીતિકારો પણ जातस्य हि ध्रुवोमृत्युः અર્થાત્ જન્મ પામેલાને જરૂર મરવાનું છે. વળી જૈનશાસ્ત્રની દૃષ્ટિએ આયુષ્યકર્મની અનન્તતા હોતીજ નથી, તેથી પણ પોતાને મરવાનું છે એમ તો ઉપદેશક ગણને ચોક્કસ લાગેલું હતું અને તેથી તે મૂર્ત્તિને ઉત્થાપવાવાળા ઉપદેશકગણે તે ચોક્ખું જોઇ લીધું કે જો મડદાની પૂજા સત્કાર સન્માન થાય છે તે બંધ કરવામાં આવશે અગર તેને મૂર્ત્તિની પૂજા અને તીર્થક્ષેત્રના પૂજનની માફક દુર્ગતિના કારણ તરીકે બતાવવામાં આવશે તો અમારુંજ મડદું ઉપાશ્રયમાં પડયું રહેશે નહિં, તો પણ ભંગીઓદ્વારાએ ઉકરડેજ ફેંકવવાનો વખત આવશે, તેથી તેઓએ પ્રથમથીજ સાવચેત થઇને મૂર્ત્તિપૂજા અને તીર્થક્ષેત્ર પૂજાતી પોતાના વિશ્વાસુભક્તોને વંચિત કર્યાં, પરન્તુ મડદાની પૂજાથી એક આંગળ પણ પાછા હઠાવ્યા નહિં. મૂર્તિ અને તીર્થક્ષેત્રની ઉત્થાપકોએ લક્ષ્યમાં લેવા લાયક.

આ બધી વાતથી આટલી વાત સ્પષ્ટ તરી આવે છે કે જે મૂર્તિ અને તીર્થોના ઉત્થાપક લોકોનો ઉપદેશકગણ અને તેને અનુસરવાવાળો વર્ગ મડદાની પૂજામાં તો લાભ માની રહ્યો છે. વસ્તુ સ્થાપવાની ખાતર આ મડદાની પૂજા જણાવવામાં આવી છે એમ નહિં, પરંતુ વર્તમાનમાં પણ તે મૂર્તિપૂજા અને તીર્થપૂજાને નહિં માનવવાળો વર્ગ મડદાની પૂજા ઘણા ઠામમાઠથી અને આદર સત્કારથી કરે છે. એટલે ન્યાયની દૃષ્ટિએ તો તે વર્ગે કાંતો મડદાની પૂજા છોડવી જોઈએ. કાંતો મૂર્તિપૂજા અને તીર્થપૂજા આદરવી જોઈએ. યાદ રાખવું કે સૂત્રોમાં સાધુઓના મડદાનું પૂજન અને તે મડદાઓના સંસ્કારની જગો પર સ્તૂપોની રચના ઈંદ્રાદિક દેવોએજ કરેલી છે, અર્થાત્ કોઇપણ સૂત્રમાં કોઇપણ જગો પર કોઇપણ સાધુની કોઇપણ શ્રાવકે માંડવી કાઢેલીજ નથી, અને મડદાની પૂજા કરેલીજ

નથી. તો જે ઉત્થાપકવર્ગ દેવાતાઓની કરણી સમ્યકત્વના કાર્યમાં સર્વથા અનુકરણ કરવા લાયક નથી એમ માનવાવાળો છે તે વર્ગ કઇ રીતિથી મડદાનાં સત્કાર સન્માન કરે છે ? અને કોના અનુકરણથી કરે છે ? વસ્તુસ્થિતિએ વિચારીએ તો देवावितं नमंसंति० देवनागं० जो देवाणवी० એ પદ કહીને શાસ્ત્રકારોએ મહાપુરૂષોની પૂજા ભક્તિનું કર્તવ્ય દેવતાઓ કરે તેજ ઘણું ઉત્તમ અને અનુકરણીય છે એમ સ્પષ્ટ કર્યું છે, છતાં જો દેવતાનું અનુકરણ ન માનવું હોય તો શું તે મૂર્તિપૂજા આદિને ઉઠાવવાવાળો વર્ગ ધર્મીપુરૂષોના પૂજનઆદિથી વંચિત રહેશે ? કહેવું પડશે કે દેવતાના અનુકરણથી ધર્મીપુરૂષોના સત્કાર સન્માન આદિથી વંચિત રહેવું કોઇપણ ધર્મિષ્ઠને પાલવશે નહિં. વળી સૂત્રકાર મહારાજાઓએ સ્પષ્ટશબ્દોમાં મહાત્માઓના શરીરના પૂજનમાં પણ ઇંદ્રાદિક સમ્યગ્દષ્ટિદેવતાઓએ ધર્મ અને ભક્તિ માનેલાં હતાં એમ જણાવ્યું છે, તો સમજુમનુષ્યોને એટલું તો સ્હેજે સમજાય તેવું છે કે ઈંદ્રાદિકદેવતાઓ વિરતિરૂપી ધર્મે કરીને રહિત છે, છતાં પણ તેઓ અધર્મી નથી, પરન્તુ તમો તો વિરતિરહિત હો ત્યારે અધર્મીજ છો. તો પછી અધર્મીપણે રહેલા, આરંભ પરિગ્રહમાં રાચેલા માચેલા, છતાં નોધર્મીઓનું ધર્મ અને ભક્તિનું કાર્ય અનુકરણકરવા લાયક નથી એમ કહી શકો કે માની શકોજ કેમ ? યાદ રાખવું કે દેવતાઓ નોધર્મી છતાં પણ તેઓ જે ધર્મીઓના આદર સત્કાર સન્માન પૂજા અને બહુમાન કરે તેને તો શાસ્ત્રકારોએ પણ ઉત્તમ ગણેલાં છે, અને તેથીજ તેનું દૃષ્ટાન્ત દશવૈકાલિકની પ્હેલીજ ગાથાઆદિમાં जे देवावि तं नमंसंति વગેરે કહીને આપવામાં આવ્યું છે. તે મૂર્તિને ઉઠાવવાવાળા લોકોએ એ પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તીર્થંકરનામકર્મના ઉદયથી જે અતિશયો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને પ્રાપ્ત થાય છે તે પણ બીજા કોઇના કરેલા હોતા નથી, પરન્તુ ઈંદ્રાદિકદેવોનાજ કરેલા હોય છે. એટલે એમ કહેવું જોઇએ કે તીર્થંકરમહારાજા આદિની ભક્તિના કાર્યમાં જેઓ દેવતાઓની ઉત્તમતા ન માને તેઓએ ખરેખર તીર્થંકરનામકર્મને ઉત્તમ માન્યું નથી, કેમકે ઉપર જણાવ્યા પ્રમાણે તીર્થંકરનામકર્મની ઉત્તમતાનું પર્યવસાન દેવાતાઓની પૂજામાંજ આવવાનું છે, વળી ખુદ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પણ દેવતાઓએ બનાવેલાજ સમવસરણમાં તીર્થની સ્થાપના કરે છે, માટે દેવતાઓની ભક્તિ નહિ માનનારાઓએ પોતાની પરંપરાની સ્થાપના અયોગ્યસ્થાને થયેલી માનવી અને તે દ્વારાએ પોતાની પરંપરાને ઠેઠથી સડેલી માનવી. આ વિષયમાં કેટલાક શબ્દો તે વર્ગને કઠિન લાગે તો ના નહિં, પરન્તુ તેઓને સાચો માર્ગ બતાવવા માટે આવી રીતે છણાવટ કર્યા સિવાય છુટકોજ નથી એમ દરેક વાચક વર્ગ સમજી શકે તેમ છે. વળી તેઓ મડદાની પૂજાને વ્યવહાર જણાવી બચાવી લે છે તો તેઓને પૂછવું જોઇએ ક્ષલ્ધર્મ પામનારા સાધુ મહાત્મા તમારા

વ્યવહારમાં ક્યા સગપણથી જોડાયેલા છે ? અને જો તેઓને તમે સત્કાર સન્માનથી ન લઈ જાઓ અને જેને ન્હાવું પણ ન પડે તેવા લોકો પાસે ઉચકાવીને ઉકેડે ફેંકાવી દો તો શું તમારા લેવડદેવડના વ્યવહારમાં અડચણ આવે ખરી ? શું તમારા બેટાબેટીઓ કુંવારા રહે ખરા ? શું તમને તેમ ન કરવાથી આર્થિક કૌટુમ્બિક કે શારીરિક આપત્તિ આવી પડે ખરી ? શું દેશના નેતાઓ તરફથી તમને તેમ કરવાની ફરજ પાડવામાં આવે ખરી ? આ બધાના ઉત્તરમાં કહેવું જ પડશે કે ઉપર જણાવેલી વ્યવહારિક આપત્તિઓમાંથી કોઈપણ જાતની આપત્તિ અમે તે મડદાની સત્કાર ક્રિયા ન કરીએ તો આવી પડે તેમ નથી. એટલે સ્પષ્ટ થયું કે માત્ર તમોને મૂર્તિપૂજા અને તીર્થપૂજા માનવી પડે તેથી તમો મડદાની પૂજામાં વ્યવહાર કહીને છટકી જવા માગો છો, પણ તે તમારો પ્રપંચ છે. એટલુંજ નહિં, પણ તે પ્રપંચ તમારા આત્માને ભવોભવ ધર્મથી દૂર કરનારો થશે. વળી એ પણ વિચારવું સહેલું છે કે જેવી રીતે વિવાહ મોકાણ વિગેરેમાં તમો જાઓ છો અને જેવાં પાપનાં ખાતાં બંધાય એમ માનો છો, તેવી રીતે શું તમારા મહાત્માઓના મડદાના સત્કાર સન્માન આદિના કાર્યમાં પાપનાં ખાતાં બંધાય એમ માનો છો ખરા? તેઓનેજ કહેવું પડશે કે તે મડદાના સત્કાર સન્માનનું કાર્ય સાધુઓ સર્વસાવદ્યથી વિરમેલા હોવાથી કરતા નથી, પરન્તુ અમો તેવી સર્વથા વિરતિ મેળવવાને ભાગ્યશાલી થયા નથી અને સાંસારિકકાર્યમાં આરંભ સમારંભ કરવા વાળા છીએ માટે મહાત્માઓના મડદાઓનો સત્કાર સન્માન અને બહુમાનાદિ કરીએ છીએ અને તેમાં સૂત્રકારોએ ફરમાવેલી ઇંદ્રાદિક સમ્યગ્દષ્ટિ દેવતાઓના વચનને અનુસારે ભક્તિ અને ધર્મ માનવાવાળા છીએ. અર્થાત્ સાધુ જે જે ન કરે તે તે ક્રિયા અધર્મમયજ હોય એવી માન્યતા અમે ધરાવી શકતા નથી, કેમકે સાધુ મહાત્માઓ તો વર્ષાદમાં એક છાંટો પડતો હોય ત્યારે પણ વ્યાખ્યાન શ્રવણ માટે જાય નહિં, પણ હમો તો ધોધમાર વરસાદમાં પણ જઈયે છીયે અને તેમાં ધર્મ તથા લાભ માની શકીએ છીએ. સાધુ મહાત્માઓ કરે તેજ અમારે કરવું એવું જો માનવા જઈએ તો અમે અધિકારીના ભેદથી વિધિ અને ક્રિયાનો ભેદ પડે છે તે સાચી વસ્તુને માની શકીએ નહિં, એટલુંજ નહિ, પરન્તુ પેલી શેઠાણી જેવી સ્થિતિ અમારી બને એક સારા શહેરની અંદર સારા શ્રીમન્ત શેઠ પોતાની દુકાને બેઠા હતાં, ત્યાં કોઈક દૂર દેશનો વેપારી ઉંચામાં ઉંચી સાડીઓ લઈને આવ્યો. તે દુકાનદાર શેઠે તે સાડીઓમાંથી એક સાડી ઘણા હર્ષથી વેચાતી લીધી. અને હર્ષપૂર્વક ઘેર આવીને પોતાની સ્ત્રીને તે સાડી પહેરવા માટે જણાવ્યું. તે શેઠાણી ભદ્રિકતાવાળી હતી અને તે હંમેશાં ભરતારના ખાધા પછીજ ખાવાવાળી, સૂતા પછીજ સુવાવાળી, યાવત્ સર્વ ક્રિયા અનુકરણથી

પાછળ કરવાવાળી હતી, તે ભદ્રિક શેઠાણીએ શેઠને હાથ જોડીને વિનંતિ કરી કે સ્વામિનાથ ! જો એ સાડી મને તમારે પહેરવા આપવી હોય તો આપે આ સાડી પ્રથમ પહેરવી જોઈએ. શેઠાણીના આ વચનને સજ્જનવર્ગ કેવી સ્થિતિનું ગણે તે સમજાવવું પડે તેમ નથી, તેવી રીતે અમે પણ જો સાધુઓ કરે તોજ કરવુ એવું ગણવાવાળા થઈએ તો અમારી પણ સ્થિતિ તે શેઠાણી જેવીજ ગણાય.

## જિનેશ્વરપ્રભુના જન્માદિક્ષેત્રો તીર્થ ગણાય છે.

ઉપર જણાવેલા વિવેચનથી સ્પષ્ટ થશે કે ઇંદ્રાદિકદેવોના અનુકરણથી શ્રાવકોએ તીર્થંકર ભગવાન્‌ની, તેમની મૂર્ત્તિની, અને તેમના તીર્થક્ષેત્રોની ધર્મ અને ભક્તિને માટે આરાધના કરવીજ જોઈએ. અને એજ કારણથી દરેક ભવ્યઆત્માઓએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન વિગેરેનાં ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળ, મોક્ષ અને વિહારની ભૂમિઓરૂપ તીર્થોની યાત્રા પોતાનો જન્મ સફળ કરવા માટે કરવીજ જોઈએ. શ્રીનિશીથચૂર્ણિકારજ વગેરે મહર્ષિઓ તો સાધુઓને માટે પણ બાર વર્ષ સૂત્ર અને બાર વર્ષ અર્થ ગ્રહણ કર્યા પછી દેશાટન કરવાનું જણાવતાં મુખ્ય મુદ્દો એજ જણાવે છે કે દેશાટન કરવાથી ત્રિલોકનાથ તીર્થંકર આદિના જન્માદિ સ્થાનોનાં દર્શન થાય અને તેથી સમ્યકત્વની મજબૂતાઈ થાય છે. જ્યારે આરંભ પરિગ્રહ કુટુંબ કબીલા આદિ સર્વનો ત્યાગ કરીને મહાપુરૂષની કોટિમાં દાખલ થયેલા મહાત્માઓને સમ્યગ્દર્શન જે સંસારસમુદ્રથી તારનારૂં મુખ્ય સાધન છે તેની નિર્મળતા દૃઢતા અને વૃદ્ધિ માટે તીર્થયાત્રા એ સાધન છે. એમ સાધુમહાત્માઓને ઉદ્દેશીને પણ જણાવ્યું છે. તો જેઓ માત્ર રોચક સમ્યકત્વમાંજ રાચી રહેલા છે અને કારકસમ્યકત્વથી દૂર છે. એવા આરંભપરિગ્રહના કીચ્ચડમાં ધુસેલા ગૃહસ્થોએ તો સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ, નિર્મળતા દૃઢતા અને વૃદ્ધિ માટે તીર્થોની યાત્રા કરવી જોઈએ એમાં આશ્ચર્ય શું?

## પ્રભુના વિહાર ક્ષેત્રો તીર્થભૂમિ ગણાય.

જેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ના જન્માદિ કલ્યાણકોને લીધે ભવસમુદ્રથી તારવાને અંગે તીર્થભૂમિ ગણવામાં આવી છે, તેવીજ રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ આદિના વિહારોને લીધે પણ અનેકક્ષેત્રોને તીર્થ તરીકે ગણવામાં આવ્યાં છે. એકલા કલ્યાણક અને વિહારની ભૂમિને તીર્થ તરીકે ગણવામાં આવ્યાં છે એમ નહિં, પરન્તુ કેટલાંક સાતિશયક્ષેત્રોને પણ તીર્થભૂમિ તરીકે ગણવામાં આવ્યાં છે અને તેજ કારણથી આચાર્ય ભગવાન્ શ્રીભદ્રબાહુ સ્વામિજી ચમરોત્પાતને તીર્થ તરીકે ગણી તેને વન્દન કરે છે, તેમજ રથાવર્ત્તકગિરિ અને ધર્મચક્ર જેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના કલ્યાણક સિવાયના ક્ષેત્રોને પણ તીર્થભૂમિ તરીકે ગણી વન્દન કરે છે. અર્થાત કલ્યાણકાદિદ્વારાએ જેમ

(અપૂર્ણ) (અનુસંધાન પેજ નં. ૧૦૩)




(ગતાંકથી ચાલુ)

### ફેર કયાં નથી ?

આ બધાનું તારતમ્ય જોઈએ તો તે એટલું જ છે કે દૃષ્ટિમાં તફાવત હોય. તો તે શાસન કદી પણ નિભાવી લેવાને તૈયાર નથી. વર્તનમાં ફેર પડશે તો તેજ આ શાસનના છત્ર તળે ચાલી શકનાર છે. અર્થાત આ પરમ પ્રતાપી શાસનનો મુદ્રાલેખ થયો. વર્તનમાં ફેર પણ દૃષ્ટિમાં નહિ.

ધર્મની કિંમત જ્યારે તમે આવી રીતે સમજો ત્યારે જ તમોને સમ્યકત્વ મળ્યું પ્રમાણ છે. અને ત્યારે જ તમોને સમ્યક્ત્વ મળ્યું છે. એ પણ સિદ્ધ થાય છે. અર્થાત્ તમોને આ સ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો જ તમોને સમ્યક્ત્વ મળ્યું છે એમ જાણવું. સમ્યક્ત્વ એ લીલાની વાંસળી નથી, કાળી ધોળી વાદળી નથી. અથવા ખાટી, મીઠી, તીખી દાળ-રોટલી નથી... માત્ર ધર્મને તમે સ્વસ્વરૂપે સમજો એને માને તે મનોદશાનું નામજ સમ્યક્ત્વ છે આ પ્રકારે જે સમ્યક્ત્વને સમજયો છે તે એને મેળવ્યા પછી ધર્મરૂપી આંબાને તજી શકે અને મિથ્યાત્વરૂપ બાવલની સાથે બાથ ભીડે એ કદી બનવાનું જ નથી!

### મૂલ્ય જાણે તોજ વ્યવહાર

તમોને ઝવેરાતની પરીક્ષા ન હોય ત્યાં સુધી તો ઠીક. પરંતુ જયાં તમોને ઝવેરાતની પરીક્ષા થઈ અને માલ તમારા હાથમાં આવ્યો, તો તેનું મૂલ્ય જાણ્યા પછી તમે તેનો વ્યાપાર કર્યા વિના રહી શકતા જ નથી. એજ પ્રમાણે સમકીતી આત્માને પણ એકવાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ એટલે પછી તે પણ ધર્મારાધના કર્યા વગર રહી શકતો નથી ! અલબત્ત, જેને જેટલો વીર્યોલ્લાસ થાય તેટલા પ્રમાણમાં તે ધર્મારાધન કરી શકે છે. જેને વધારે વીર્યોલ્લાસ થાય તે વધારે પ્રમાણમાં ધર્મારાધન કરી શકે છે. જ્યારે જેને ઓછો વીર્યોલ્લાસ થાય તે ઓછા પ્રમાણમાં ધર્મારાધન કરી શકે છે. પરંતુ એટલી વાત તો સ્પષ્ટ છે કે સમ્યક્ત્વ પામેલો આત્મા કદી ધર્મારાધન કર્યા વિના રહી શકતો જ નથી.

## મોક્ષ સિવાય કાંઈ નહિ !

ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધીનાં સઘળા ગુણસ્થાનકો એવાં છે કે એ ગુણસ્થાનકે પહોંચેલાને મોક્ષ સિવાય બીજી ઇચ્છા થવા પામતી જ નથી. સમકીતી આત્મા વીતરાગપણા તરફ સર્વવિરતિ તરફ જ તકાસવાની ઇચ્છાવાળો હોય છે, પરંતુ તે એકદમ સર્વવિરતિ નથી ધારણ કરી શકતો, એનું કારણ એ છે કે તે બિચારાની વીર્યોલ્લાસની થેલીનું મોંજ સાંકડું છે એટલે તે વાત તો ઘણી કરવા જાય છે, પરંતુ બિચારાથી કામ ઘણાં બની શકતા નથી. હવે અહીં સમકીતી જીવ વિચાર કરે છે કે પોતાનું ધારેલુ કાર્ય તે કેવી રીતે બની શકે ? પોતે ધારણા તો રાખી છે સર્વવિરતિની, પરંતુ સર્વવિરતિ ગ્રહણ થાય એટલો વીર્યોલ્લાસ તો થતો નથી ? તો પછી તેની સામે પ્રશ્ન એ આવીને ઉભો રહે છે કે તેણે હવે ધારેલી વસ્તુની પ્રાપ્તિ કેવી રીતે કરવી જોઈએ? વીર્યોલ્લાસ થયો નથી, વીર્યોલ્લાસની થેલીનું મોં સાંકડું છે, છતાં તેને સાધુએ ઉપદેશ તો તે સર્વવિરતિને જ કરવાનો છે. પછી ભલે તે એ સર્વવિરતિ આજે મેળવી શકે, આવતી કાલે મેળવી શકે, કે ભવાંતરે મેળવી શકે.

## તે પાપસાધુ જ છે

અહીં એક બીજું ઉદાહરણ લો. તમે ઝવેરી છો, તમારી પાસે ઝવેરાતનો, સારામાં સારો નફો મેળવી શકાય એવો માલ છે, તો તમે તમારો એ માલ ઘરાકને બતાવશો કે વખતે ઘરાક પાસે માલ લેવાય એટલા પૈસા જ ન હશે તો, એમ ધારીને તેને માલ બતાવવાની ના પાડો છો ? આ જીવ વીર્યોલ્લાસ રૂપી કોથળી લઈને સાધુ પાસે આવે છે. હવે એ પ્રસંગે સાધુનો એ ધર્મ છે. અને સાધુની એ ફરજ છે કે તેણે તે જીવને સર્વવિરતિ રૂપ ઝવેરાત જ બતાવવું જોઈએ. જો એ પ્રંસગે સાધુ તેને સર્વવિરતિ રૂપી ઝવેરાત ન બતાવતાં ગૃહસ્થપણારૂપ ખાખો જ બતાવે તો એ સાધુની અને શિષ્યની બંનેની કમબખ્તી જ થઈ લેખી શકાય. સાધુપણારૂપી ઝવેરાત સાધુ રૂપ ઝવેરીની પાસે વિદ્યમાન છે એ ઝવેરાત ઘરાકરૂપ... શ્રાવક ગ્રાહક આત્મા નહિં લઇ શકશે એમ ધારીને જે સાધુ તેને ગૃહસ્થપણાનો ખાખાનો કોથળો જ બતાવે છે, તે સાધુને સાધુ ન કહેતા તેને પાપસાધુ જ કહેવો ઘટે છે. અને અલબત્ત તે પાપસાધુ જ છે એ વાત કાંઈપણ શંકા વિના સાચી છે.

## ગૃહસ્થાપણાની દેશના

જે સાધુ સાધુપણાની દેશના છોડીને તેને બદલે ગૃહસ્થપણાની દેશના દે છે તે સાધુ પાપસાધુ જ કહેવાય છે. અલબત્ત સાધુ પહેલાં તો સર્વવિરતિની જ દેશના આપે છે. કારણ કે એવી દેશના દેવાને બંધાયેલા છે પરંતુ આવી... ધર્મદેશના દીધા પછી પણ જો ગૃહસ્થ તે દેશના ઝીલવામાં

પોતાની અશક્તિ દર્શાવે તો તેને ખુશીની સાથે શ્રાવકધર્મની દેશના દેવાય છે. અર્થાત્ તત્પશ્ચાત શ્રાવકધર્મની દેશના દેવામાં જરાય વાંધો નથી. જે આત્મા સાધુએ આપેલી સર્વવિરતિની દેશનામાં પોતાની અશક્તિ જાહેર કરે છે તેના સંબંધમાં સાધુ તેને શ્રાવકધર્મની દેશના આપે છે એ દેશના દેવામાં એક વાત ખુબ યાદ રાખવાની છે કે સાધુનો અહીં એવો વિચાર જ નથી કે એ બાપડાને મારે આખો જન્મ ગૃહસ્થપણામાંને ગૃહસ્થપણામાં જ ગોંધી રાખવો છે, અને તેને સાધુપણામાં પ્રવેશવા જ દેવો નથી. સાધુ અશક્તાત્માને ગૃહસ્થપણારૂપ ખાખાનો ઉપદેશ આપે છે તેમાં પણ તેને મહત્વનો ઉદેશ તો એજ હોય છે કે આને સૌથી પહેલો જ ઝવેરાતનો ઉપદેશ રૂચતો નથી, તે ઝવેરાત ખરીદતો નથી, તેને હમણાં ખાખાની ખરીદી કરવા દો, ખાખા ખરીદતો થશે તો તે કાંઈ ન ખરીદે એના કરતા ખાખા ખરીદે એ પણ ઠીક થશે, ખાખા ખરીદનારાને પછી મજીઠ ખરીદતો બનાવી શકાશે. મજીઠ ખરીદતો થશે પછી તેને જીવન ખરીદતો બનાવી શકાશે, અને છેલ્લે તેને પૂરો ઝવેરી બનાવી શકાશે.

## સર્વવિરતિનો વીર્યોલ્લાસ

અહીં ધર્મના ક્ષેત્રમાં જેને સર્વવિરતિ લેવાનો વીર્યોલ્લાસ થતો નથી ત્હેને આરંભમાં દેશવિરતિ આપવી જોઈએ, પ્રતિમાઓ કરાવીને પણ તે દ્વારા તેને રસ્તે લાવવો જોઈએ અને છેવટે તેને સર્વવિરતિ તરફ લઈ જવો જોઈએ. જો તેને સર્વવિરતિ તરફ ન લઈ જઈએ અને તેને દેશવિરતિમાં જ ધક્કા ખવડાવ્યાં કરીએ તો પછી આપણી ગણના પણ વિશ્વાસઘાતી ઝવેરીમાં જ થવાની ! ઝવેરીની એ ફરજ છે કે તેણે પોતાને ત્યાં ધંધો શીખવા આવેલાને ભલે કદાચ પહેલાં ખોટા કાચ કીડીયા બતાવે, પણ છેવટે તો સાચા ઝવેરાત તરફ દોરી જ જવો જોઈએ. અને તેને સાચો ઝવેરી બનાવવો જોઈએ. સમજણ ન હોય તો તેને સમજ પાડવી જોઈએ. બીજાઓએ પણ તેમાં મદદગાર રહેવું જોઈએ. પરંતુ બધાનો એક મુખ્ય ઉપદેશ એ તો હોવો જ જોઈએ કે શીખવા આવનાર વ્યક્તિને આપણે એક સારો ઝવેરી બનાવવો છે. એ જ રીતે અહીં પણ સૌથી પહેલા જે આત્મા ધર્મદેશના સાંભળવા આવે છે તેને સૌથી પહેલાં તો સર્વવિરતિની જ દેશના આપવી જોઈએ. અર્થાત્ સંપૂર્ણ સાધુધર્મ જ બતાવવો જોઈએ.

## નિરૂપાયે દેશવિરતી

હવે સર્વવિરતિ ધર્મ બતાવ્યા પછી પણ એ ધર્માત્મા એ મહામંત્રને ઝીલવાને અશક્ત હોય તો તેને ધક્કો મારીને કાઢી મૂકવો એ કર્તવ્ય નથી. સર્વવિરતિ માટે જેની શક્તિ ન પહોંચતી હોય તેને દેશવિરતિ ધર્મ પણ ઉપદેશવોજ જોઈએ. પરંતુ તેમાં એ ઉપદેશ હોવો જ જોઈએ કે દેશ વિરતિમાં તેને સર્વવિરતિ તરફ દોરી જવો, સર્વવિરતિ એક માત્ર લક્ષ ! પરંતુ તે અસાધ્ય હોય તો તે સાધ્ય બને ત્યાં સુધીને માટે જ દેશવિરતિ, દેશવિરતિ ઉપરથી પાછું સર્વવિરતિ ઉપર આવવું છે એ તો

મૂળ ધ્યેય હોવું જ જોઈએ. દેશવિરતિ ધર્મ બતાવવા હંમેશા સામાયિક કરવું, પ્રતિક્રમણ કરવું, પર્વતિથિએ પૌષધ કરવો, જીનેશ્વરનું પૂજન કરવું, સ્નાનપૂજા કરવી, ચંદનાદિક ઉત્તમ દ્રવ્યોથી વિલેપન કરવું, બ્રહ્મચર્ય પાળવું, દાન કરવું, શક્તિ મુજબ વ્રતનિયમ કરવા, આવી રીતે જે દેશવિરતિ ધર્મને પણ આરાધે છે. તે અંતે તે સર્વવિરતિનેજ પામીને કલ્યાણમાળા રૂપ મોક્ષને મેળવી શકે છે. બની શકે તો સર્વવિરતિને આરાધીને અને તે ન બની શકે તો ઉપર જણાવ્યો તે દ્વારાએ ધર્મ આદરવો એ મનુષ્યમાત્રની ફરજ છે. અને તે ફરજ બજાવ્યે ત્યારે જ માનવભવની સાર્થકતા છે.

### ધર્મની જડ શું ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણ નામક ગ્રંથ રચી ગયા છે. આ ગ્રંથમાં તેઓશ્રી સૂચવી ગયા છે કે જો સઘળા દર્શનોનું મૂળ તપાસીએ તો માલમ પડે છે કે એ સઘળા દર્શનોમાં જડ તો મૂળ રૂપે રહેલી છે પરંતુ એ જડ... તે શી વસ્તુ છે તે વિચારવાની જરૂર છે. ધર્મની જડ કદાપિ પણ ગુરૂ કે ધર્મ બની શકતા નથી. ધર્મની જડ જો કોઈ પણ વસ્તુ બની શકતી હોય તો તે કેવળ દેવત્વજ છે, અને તેથી જ જે સંપ્રદાયો અથવા મતો આજ સુધીમાં હસ્તીમાં આવ્યા છે તે સઘળા સંપ્રદાયોનાં નામો, દેવોને અનુસરીને જ પડયાં છે. શૈવો કોણ ? તો જવાબ એ મળશે કે જેઓ શિવના અનુયાયીઓ છે અથવા શિવના પૂજક છે તેઓ શૈવો છે. વૈષ્ણવો કોણ ? તો જવાબ એ મળશે કે જે વિષ્ણુને માને છે, અથવા વિષ્ણુને પૂજે છે, તે વૈષ્ણવ. એ જ પ્રમાણે જૈનો કોણ ? એવો પ્રશ્ન કરશો તો તેનો જવાબ પણ એજ મળશે કે જિનો દેવતા યસ્ય અર્થાત જીનેશ્વર દેવોને જેમણે દેવતા માન્યા છે તેઓ જ જૈનો છે.

### ગામનો ઝાંપો તો જાણો.

જેઓ પોતે પોતાને જે ધર્મના અનુયાયીઓ તરીકે માનતા હોય તેમણે પોતે પોતાના ધર્મની અમૂક ચોક્કસ બાબતો જાણી લેવી એ તો તેમની પહેલી ફરજ છે. તમે અમૂક ગામનો ઝાંપો કઈ દિશાએ છે, અને તેનું પાદર કઈ દિશાએ છે ? એ પણ ન જાણતા હો અને છતાં તમે એ ગામ સંબંધીની મોટી મોટી વાતો કરો તો એનો અર્થ એટલો જ છે કે તમે એ ગાંમ સંબંધી કાંઈ જાણતા જ નથી અને લવારો કરો છો. ધર્મ સંબંધી પણ તમો અમૂક મૂળભૂત વાતો જ ન જાણો તો તમારી એ ધર્મના અનુયાયી તરીકેની દશા પણ જરૂર વિષમજ બને છે. ધર્મનું મૂળ શું છે, તેનું સ્વરૂપ કર્યું છે અને તેનો માલિક કોણ છે, એ ત્રણ વાતો દરેક ધર્મિષ્ઠ અલબત પહેલી જાણવી ઘટે છે. દિલગિરિની વાત છે કે ઘણા પોતાને ધર્મિષ્ઠ કહેવડાવનારાઓ પણ આ વાતને જાણવાવાળા હોતા નથી, અને છતાં પોતાને ધર્મિષ્ઠ કહેવડાવે છે.

અપૂર્ણ

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

પ્રશ્ન ૯૪૬ सम्यग्दर्शनस्य शंकादिशल्यरहित-स्याणु व्रतादिगुण विकारस्य योऽभ्युपगमः सा प्रतिमा प्रथमे ॥ આવી રીતે શ્રીસમવાયાંગસૂત્રમાં શ્રી અભયદેવસૂરિજી ફરમાવીને જણાવે છે કે શ્રાવકની પ્હેલી પ્રતિમા અણુવ્રતાદિ ગુણ રહિતને હોય છે. અને શ્રીઉપાસકદશાંગવગેરેમાં શ્રાવકોનો જે પર્યાય વ્રતધારિપણાનો ગણાવ્યો છે તેમાં પ્રતિમાનું પણ વહન છે એટલે પ્હેલી પ્રતિમા કેવી હોય ?

સમાધાન-વ્રતધારિયોએ પ્રતિમા અંગીકાર કરી તેના અધિકારમાં શ્રી ઉપસાકદશાંગમાં જણાવે છે કે આકારાદિ રહિતપણે સમ્યગ્દર્શનનો અંગીકાર એ પ્હેલી પ્રતિમા છે, એ અપેક્ષાએ અણુવ્રતાદિ સહિતને પ્રથમ પ્રતિમા હોય શ્રી સમવાયાંગમાં સામાન્ય ભૂમિકારોહ જણાવવાની અપેક્ષાએ અણુવ્રતાદિગુણ વિકલ એમ કહે છે. એટલે અણુવ્રતાદિગુણો ન હોય તો પણ એકલા સમ્યકત્ત્વના અંગીકારથી પ્રથમ પ્રતિમા થાય છે. એવી રીતે ત્રીજીમાં अप्रतिपन्नपौषधस्य એમ જે જણાવ્યું છ તે પણ ભૂમિકારોહની અપેક્ષાએ જ જણાય છે. પરન્તુ આવા પાઠો દેખી અણુવ્રત ન ઉચર્યા હોય તો જ પ્હેલી પ્રતિમા હોય અને પોષધ ન કર્યો હોય તેને જ સામાયિક પ્રતિમા હોય આવો અર્થ ન લેવો.

પ્રશ્ન ૯૪૭ पोषं पुष्टिं कुशलधर्माणां धत्ते यदाहारत्यागादिकमनुष्ठानं तत् पौषधं तेनोपवसनं अवस्थानमहोरात्रम् यावदिति पौषधोपवास इति, अथवा पौषधः-पर्वदिनमष्टम्यादि तत्रोपवासः-अभक्तार्थः पौषधोपवास इति, इयं व्युत्पत्तिरेव, प्रवृत्तिस्त्वस्य शब्दस्याहारशरीरसत्कारा-ब्रह्मचर्यव्यापारपरिवर्जनेष्विति આવી રીતે શ્રી અભયદેવસૂરિજીએ બે વ્યુત્પત્તિયો કરી અને એક પ્રવૃતિ જુદી જણાવી કેમ ?

સમાધાન-પ્હેલી વ્યુત્પત્તિમાં અહોરાત્રજનો પૌષધ આવતો હતો અને તેથી एगरत्तिं न हावए એવી શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવેલ એકલો રાત્રિ જે પૌષધ ઉડી જતો હતો. વળી કુશલધર્મને પોષણ કરનારા આહારાદિકના ત્યાગો જ છે એમ અર્થ થવાથી પૂજાપ્રભાવના સામાયિકઆદિ કુશલધર્મને પોષનારા નથી એમ થઈ જાય તેથી તેને પ્રવૃત્તિઅર્થ ન માન્યો, તેમ જ બીજી વ્યુત્પત્તિમાં પર્વ દિવસે જ ઉપવાસઆદિ કરવાં તે પૌષધ એવો અર્થ થાય, અને જૈનનો કોઈપણ એવો મત નથી જે પર્વ સિવાયના દિવસોમાં ઉપવાસઆદિ નહિં કરવાં એવી માન્યતા ધરાવતો હોય. ખરતરો જો આ ઉપરથી પર્વદિન લેવા માગે તો પ્રથમ તો શ્રીઅભયસૂરિજીએ કરેલા ચાલુ અર્થને અમાન્ય કરનાર ઠરે અને વળી પર્વ સિવાય ઉપવાસ પણ કરાય નહિં, એવું માનનારા થઈ જાય. આહારાદિક ચાર પ્રકારનો પૌષધ પર્વ સિવાય ન થાય એવો અર્થ તો કોઈથી સીધી રીતે થઈ શકે તેમ નથી. શ્રીઅભયદેવસૂરિજી અભક્તાર્થને ઉપલક્ષણમાં ન લેતાં વ્યુત્પત્તિ અર્થ જ છે એમ કહી તે અર્થને વ્યર્થ કરે છે : અને પર્વે કે અપર્વે આહારાદિકનો ત્યાગ કરાય ત્યારે ત્યારે પૌષધ જ કહેવાય એમ સ્પષ્ટ કરે છે.

પ્રશ્ન ૯૪૮-જાતિસ્મરણજ્ઞાનને શ્રી આવશ્યકવૃતિમાં વજસ્વામીજીના અધિકારમાં તેમજ સમવાયાંગાદિમાં ચિત્તસમાધિના અધિકારમાં સંજ્ઞિજ્ઞાન તરીકે કેમ લીધુ છે ?

સમાધાન-જાતિસ્મરણજ્ઞાન મનની પર્યાપ્તિવાળા સંજ્ઞિઓને જ હોય છે તેથી, અથવા સંજ્ઞિપણાના ભવો જ માત્ર તે જાતિસ્મરણથી જણાય છે તેથી, અથવા મતિ, શ્રુત અને અવધિજ્ઞાનો અપર્યાપ્ત અવસ્થામાં મન સિવાય પણ હોય, પરન્તુ આ જાતિસ્મરણ તો ભવાન્તરથી લાગલગાટ ચાલે નહિં અને સંજ્ઞિપણું મેળવ્યા પછી જ મળે. એટલે જ્ઞેય જ્ઞાતા અને અવધિમાં સંજ્ઞિપણાથી જરૂર ગણી સંજ્ઞિજ્ઞાન ગણાયું હોય.

પ્રશ્ન ૯૪૯-પર્વતિથિને દિવસે અથવા સામાન્યપણે સચિત્તાહારને છોડાય છે તો આરંભ કેમ છુટો રહે છે ?

સમાધાન-એટલું તો સમજવું જ જોઈએ કે શાસ્ત્રકારો આરંભ કરવાની આજ્ઞા આપતા નથી, તેમ તેની અનુમોદના કરતા નથી. પરન્તુ ભાગતાચોરની લંગોટીને હિસાબે જેઓ આરંભ સર્વથા ન છોડે તેઓને પણ ખોરાકમાં લેવાતી વસ્તુનો સચિત્ત કરાવવા માટે પ્હેલાં કટી બદ્ધ થાય છે. મુનિરાજને અંગેપણ ધ્યાન રાખવું કે આધાકર્માદિદોષો આરંભમય છે, છતાં ઉત્તરગુણના ઘાતક ગણાય, અને વચન અને ઘાતકની છ કોટી તો મૂલ ગુણઘાતક ગણાય છે. વળી ઉત્કૃષ્ટશ્રાવકના વિચારમાં પણ પ્હેલે નંબરે ફાસુ એષણીય આહારવાળા લીધા, અને તેમ નહિં તો બીજો નંબર એષણીયનો ન લેતાં ફાસુનો લીધો. વળી વ્રતોના અતિચારો દેખાડતાં સચિત્ત અને તત્પ્રતિબદ્ધ એ બે અતિચારો કહ્યા છતાં અપકવ અને દુષ્પકવ ઔષધિના અતિચારે ગણાવ્યા છે, એ પણ આરંભ કરતાં ભક્ષણના દોષની મહત્તાને અંગે જ ગણાય,

યાદ રાખવું કે ઔષધિજીવોની વિરાધના તો સચિત્તાદિમાં પણ છે, અને વળી એક અપક્વ દુષ્પક્વ ટાળવા માટે તો અધિક આરંભ થવાનો હોય છતાં અપક્વ અને દુષ્પક્વને અતિચારો તરીકે ગણી જણાવે છે કે પ્રચનઘાતનઆદિ કરતાં પણ અપક્વદુષ્પક્વ એ ઘણું ખરાબ છે. વળી શ્રાવકની પ્રતિમામાં પણ સાતમી પ્રતિમામાં સચિત્તઆહાર વર્જવાની છે અને પછી આઠમીમાં જ આરંભ વર્જવાનો છે, અને સ્વનિમિત્ત થયેલો આરંભ તો ઠેઠ દશમીએ વર્જવાનો છે. આ બધી વસ્તુ સમજનારો પર્વ કે સામાન્યદિવસે સચિત્તનો (લીલોતરીનો) આહાર વર્જવામાં ખોટાં બ્હાનાં નહિં કહાડે.

પ્રશ્ન-૯૫૦ એક સ્થાનમાં એક સાધુ હોય અને ત્યાં બીજા સાધુ આવે તે વખતે જે ઉતરવાની વિનંતિ ન કરે તે અને વગર રજાએ જે ઉતરે તે એમાં ક્યો ક્યો દોષ ગણવો ?

સમાધાન-શ્રીઅભયદેવસૂરિ વગેરે મહાપુરૂષો શ્રમણમહાત્માના દશ પ્રકારનો ધર્મ જણાવતાં संविज्ञमनोज्ञसाधुदानं એમ ત્યાગ ધર્મનું લક્ષણ જણાવે છે, તેથી જે સાધુ નવા આવતા સાધુને વસતિઆદિનું નિમંત્રણ ન કરે તે સાધુ સાધુ ધર્મમાં જ હરકત થાય. વળી શ્રી ઓઘનિર્યુક્તિને આદિના હિસાબે પાસત્થા અને યથાછંદા પણ વસતિની નિમંત્રણાથી ચુકતા ન્હોતા એમ સ્પષ્ટ જણાય છે. જો કે શાસ્ત્રકારોએ પાસત્થાદિનો અવગ્રહ ગણ્યો અને માન્યો જ નથી. એ વાત પાસત્થાદિનું ક્ષેત્ર નાનું હોય અને સંવેગિયોનો બ્હાર નિર્વાહ થતો હોય તો પાસત્થાના ક્ષેત્રોમાં ન જવું એમ શ્રી અભયદેવસૂરિજી ૧૨મા સમવાયમાં જણાવે છે. એ ઉપરથી એ પણ સમજાશે કે શ્રીવર્ધમાનસૂરિજી વગેરે निस्संबन्धविहारहारिचरितान् श्रीवर्धनानाभिधान् આવા આવા શ્રીઅભયદેવસૂરિ મહારાજઆદિના વાક્યોથી વસનિવાસીજ હતા, છતાં પાટણને ન પ્રેર્યું અને શ્રીજિનેશ્વરસૂરિજી વગેરે એ કેમ પ્રેર્યું અને પુરોહિતની વિનતિથી રાજા દુર્લભે કરેલા આગ્રહથી ચૈત્યવાસીયો શ્રીજિનેશ્વરસૂરીજીને કેમ સ્થાન આપ્યું એ બધું પણ સ્પષ્ટપણે સમજાશે.

પ્રશ્ન ૯૫૧ ખરતરો શ્રીઅભયદેવસૂરિજીને માને છે છતાં તેઓ પ્હેલે દિવસે માત્ર અભક્તાર્થ કે ચતુર્થભક્તનું જ પચ્ચક્ખાણ માને છે અને છટ્ઠ અઠ્ઠમ આદિના પચ્ચક્ખાણ સાથે પ્હેલે દિવસે કરવાનાં માનતા નથી તો શ્રીઅભયદેવસૂરિજી સાથે પચ્ચક્ખાણ માને છે કે કેમ ?

સમાધાન-શ્રીભગવતીજીની ટીકામાં ચતુર્થ પર્યન્તભક્તનો ત્યાગ તે ચતુર્થભક્ત, એવી રીતે છઠ્ઠા આદિ ભક્ત પર્યન્તનો ત્યાગ તે છટ્ઠ અઠમ વગેરે જાણવા એમ સ્પષ્ટપણે જણાવેલ છે. વળી શ્રીસમવાયાંગજીમાં પ્રતિમાના અધિકારમાં अष्टभक्तपर्यन्तरात्रौ એમ જે જણાવે છે તે જો અષ્ટમભક્તની એકલી ત્રીજી રાત્રિ હોત તો લખત નહિં. માટે શ્રીઅભયદેવસૂરિજી તો પરંપરાથી આવતા ચોત્રીશભક્ત સુધીનાં સાથે પચ્ચક્ખાણ માનતા હતા જ. વળી ભગવતીજીની ટીકામાં કોટિસહિતમાં પણ ઉપવાસઆદિની કોટી મેળવે છે

તે પણ સાથે પચ્ચક્ખાણથી જુદો જુદો ગણાય. અન્યથા છઠ્ઠઆદિ કોટી સહિતમાં આવી જાય.

પ્રશ્ન ૯૫૨ પ્રવ્રજ્યા દેતી વખત વેષસમર્પણ કરતાં ઓઘો અને મુહપત્તીએ બે વાનાં આપવો કે એ બેની સાથે ચોલપટ્ટો ત્રીજો આપવો ?

સમાધાન-શ્રીઅભયદેવસૂરિજી મહારાજ रजोहरणमुखवस्त्रिका चोलपट्टमात्रया श्रमणो जातः એમ જણાવે છે તેથી વેષઅર્પણની વખતે ચોલપટ્ટો સાથે આપવો એ યોગ્ય છે, એકલી મુહપત્તિને મુનિલિંગ નહિં માનનારા તથા સામાયિકમાં ત્રણે વસ્તુ રાખનારા જ સન્માર્ગે ગણાય.

પ્રશ્ન ૯૫૩ સરખા સમુદાયવાળાએ પરસ્પર પ્હેલાં કેટલું વર્ત્તન કરવું ?

સમાધાન-આસન ત્યાગ કરી ઉભા થવું, પ્રાધૂર્ણક અને ગ્લાનપણામાં વિશ્રામણાદિનો હુકમ માગવો, સારી અવસ્થાથી ખસતો હોય તોપણ પાછો સ્થાપવો, અને અભેદપણું જણાવવું.

પ્રશ્ન ૯૫૪ સાધુની વેયાવચ્ચ કરતાં સાધુએ શું શું કરવું ?

### ટાઈટલ પાના ૪ થાનું અનુસંધાન

યોજાયેલાં છે અને તેથી જ અન્ય અન્ય શાસનમાં પ્રવર્ત્તેલા તહેવારો અને પર્વો પણ અન્ય અન્ય શાસનમાં પ્રવર્તે છે. જેવી રીતે પરમ પવિત્ર સકલતીર્થમાં શિરોમણીરૂપ શ્રી સિદ્ધગિરિજીનો મહિમા ભગવાન્ ઋષભદેવજી મહારાજના શાસનથી પ્રવર્ત્તે છે છતાં સર્વ તીર્થંકરોના શાસનમાં ચાલ્યો વળી રોહિણી તપનો મહિમા ભગવાન્ વાસુપૂજ્યજીના શાસનમાં પ્રગટ થયેલો છતાં બધા શાસનમાં ચાલુ રહ્યો તેવી રીતે ભગવાન્ નેમનાથજી મહારાજના શાસનમાં પ્રગટ થયેલી મૌન એકાદશી હતી, છતાં તેનો મહિમા ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં પ્રવર્ત્તેલો છે. શાસ્ત્રોમાં કોઈપણ તીર્થંકર મહારાજના જન્માદિક કલ્યાણકોમાંથી એકપણ કલ્યાણકવાળો દિવસ પવિત્ર તરીકે માનવામાં આવે છે તો પછી આ મૌનએકાદશીનો દિવસ કે જે દિવસે ત્રણેકાલના દશે ક્ષેત્રના કલ્યાણકો એકઠા કરવાથી દોઢસો કલ્યાણકો થઈ જાય છે. ધ્યાન રાખવું કે બાકીની ત્રેવીશ અગીયારશોને દિવસે જ્યારે માત્ર દોઢસો જ કલ્યાણકો સર્વ ક્ષેત્રના આવે છે. ત્યારે આ મૌન એકાદશી જેવી એકલી એક પવિત્ર તિથિમાં જ દોઢસો કલ્યાણકો આવે છે. આ કારણથી જૈન લોકોમાં किंवदन्ती ચાલે છે કે મૌન એકાદશીનું જે ધર્મકાય તે એક છતાં પણ દોઢસો ગુણા કરીને દેવાવાળુ છે. આ સર્વ હકીકત ધ્યાનમાં લઈને ધાર્મિક પુરૂષોએ વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપવાસ અને જપમાલાદિક ગણવા વિગેરેથી આ પર્વનું આરાધન કરવું જોઈએ.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# નવા છપાતા ગ્રન્થો

કર્મગ્રન્થકાર આચાર્યપુરંદર શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વર વિરચિત અને તેમના જ શિષ્ય શ્રીમદ્ ધર્મઘોષ સૂરીશ્વરજીની ટીકાથી વિભૂષિત અપૂર્વ.

**સંઘાચારભાષ્ય.**

(સટીક)

તપાગચ્છનાયક કર્મગ્રંથકાર શ્રીદેવેન્દ્રસૂરીશ્વર રચિત અને પોતાની જ ટીકાથી વિભૂષિત.

**શ્રીશ્રાદ્ધદિનકૃત્ય.**

(બૃહટ્ટીકાવિભૂષિત)

નવાંગીવૃત્તિકૃદભયદેવ સૂરીશ્વરકૃતવૃત્તિથી વિભૂષિત થયેલ પંચમાંગ

**શ્રીભગવતીસૂત્ર.**

ભા. ૨-૩

(જેનો ૧લો ભાગ મુદ્રિત થઈ ગયો છે.)

સમરાદિત્યસંક્ષેપકર્તા શ્રીમાન્ પ્રદ્યુમ્નસૂરિએ કરેલી વૃત્તિથી શોભા પામતું.

**શ્રીપ્રવ્રજ્યાવિધાનકુલક**

(સટીક.)

(ટુંક સમયમાં બ્હાર પડશે.)

મલધારી પૂજ્યપાદ હેમચંદ્રસૂરીશ્વરજીના વિવરણથી શોભિત સ્વરચિત ગ્રન્થ.

**ભવભાવના**

(ભા.૨)

(જેનો પ્રથમ ભાગ મુદ્રિત થઈ ગયો છે.)

મહોપાધ્યાય વિનય વિજયજી મહારાજકૃત ટીકાથી અલંકૃત

**કલ્પસૂત્ર (સુબોધિકા)**

અનેક જૈનપૂર્વાચાર્યોએ પોતાની લેખિનીથી લખેલ પ્રકરણોથી ઓપતો.

**શ્રીસંસ્કૃતપ્રાચીનપ્રકરણસંગ્રહ** (જેની અંદર તત્ત્વાર્થ, અષ્ટક (૨) ષડ્દર્શન (૨) આદિ ૧. ગ્રન્થોનો સમાવેશ થાય છે.)

પૂર્વાચાર્ય વિરચિત.

**કલ્પસમર્થન.**

જેને આધારે કે પછી ચાલુ બધી ટીકાઓનો ઉદ્ભવ થયો છે તે કલ્પસૂત્રનું વિવરણ કરતો ગ્રંથ.

શ્રીમદ્રાજશેખરસૂરિવિરચિત.

વિનોદને માટે અનેકવાર્તાઓથી ભરપૂર

**કથાકોષ**

આચાર્યપુરંદર શ્રીમદ્હેમચંદ્રસૂરીશ્વરમહારાજની લેખિનીથી લખાયેલ.

૧ **શ્રી ભવભાવના** મૂલમાત્ર

૨ **શ્રીપુષ્પમાલા.** મૂલમાત્ર.

આ બન્ને ગ્રંથો નીચે સંસ્કૃત છાયા પણ મૂકવામાં આવી છે.

# મૌન એકાદશી અને ભગવાન્ નેમનાથજી મહારાજ

पर्वेदं दुर्लभं लोके, श्रीकृष्णेनादृतं पुरा।
कल्याणकौधैर्दीप्तं यज्जिनानां श्रीजिनोदितम्॥१॥

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ના શાસનમાં મોક્ષને સાધવાની દૃષ્ટિ મુખ્યતાએ રહેલી છે. અને તેથી તે શાસનમાં અહોરાત્ર, પાક્ષિક, ચાતુર્માસિક કે સંવત્સરીની પ્રતિબદ્ધ ક્રિયાઓ જે જે ભણાવવામાં આવેલી છે તે તે કેવલ આત્માની દૃષ્ટિએ અને કેવલ મોક્ષની પ્રાપ્તિ માટે કહેવામાં આવી છે અને કરવામાં આવે છે તેવીજ રીતે જ્ઞાનપંચમીઆદિક પર્વોની આરાધના પણ જૈનશાસનમાં આત્માની દૃષ્ટિએ અને મોક્ષની પ્રાપ્તિ માટેજ છે. આ બધી રીતિની સાથે જૈનશાસનમાં તહેવારો પણ આત્માની દૃષ્ટિએ અને મોક્ષની પ્રાપ્તિ માટે જણાવવામાં આવેલાં છે. શાસ્ત્રોમાં જણાવેલા તહેવારોમાં મૌનએકાદશી નામનો તહેવાર કોઈક જુદી રીતેજ વર્ણવામાં આવેલો છે. જ્ઞાનપંચમી આદી તહેવારોની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિ જ્યારે જ્ઞાનાદિક વિરાધનાથી થયેલા દુઃખો અને અન્તરાયો દૂર કરવા માટે થયેલી છે. ત્યારે આ મૌનએકાદશીનો આવિર્ભાવ ત્રણ ખંડના માલીક ક્ષાયિકસમ્યકત્વને ધારણ કરનાર મહારાજા કૃષ્ણજીને અંગે થયેલો છે. હકીકત એવી છે કે મહારાજા કૃષ્ણ જરાસંધના ભાઈથી મથુરા અને વૃન્દાવન જેવા અસલ નિવાસસ્થાનોને છોડી દઈને લવણસમુદ્રના અધિષ્ઠાતા દેવતાની આરાધના કરી દેવલોકને પણ ટક્કર મારે એવી દ્વારિકાનગરી વસાવવાને માટે શક્તિ સંપન્ન થયા અને તે દ્વારિકાનગરીની દિન પ્રતિદિન જાહોજલાલી વધતીજ ચાલી. તે દ્વારિકાનગરીની વૃદ્ધિ દેખાવા સાથે તે દ્વારિકાનગરીના નાશની કલ્પના કોઈપણ પ્રકારે બુદ્ધિમાં આવી શકે તેવી ન્હોતી, અને તે ન આવવાથી જ ભગવાન્ નેમનાથજી મહારાજ પાસે તે દ્વારિકાનગરીના નાશનો પ્રશ્ન શ્રીકૃષ્ણમહારાજજી તરફથી થયો. જગત્‌માં જાણવામાં આવેલો ગ્રહ જેમ પીડા ન કરી શકે તેવી રીતે દ્વારીકાનગરીના નાશના કારણો જાણવામાં આવે તો તો તેનો હું વિરોધ કરી શકું એ ધારણાથી કરેલા દ્વારકાના નાશના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ શ્રીનેમનાથજી મહારાજે દારૂ દ્વૈપાયનઋષિ અને શામ્બકુમાર વિગેરેનો ઈતિહાસ જે ભવિષ્યમાં બનવાવાળો હતો તે જણાવ્યો. એ ઈતિહાસને સાંભળી કૃષ્ણમહારાજે સંસારની અનિત્યતા જાણીને પોતાના સમગ્રદેશમાં પડહો બજાવીને જે કોઈ પોતાના આત્માનો સંસારથી ઉદ્ધાર કરવા દીક્ષા લે તેને સમગ્ર પ્રકારે મદદ કરવા આપવાનું જાહેર કર્યું અને એ પડહાના પ્રતાપે હજારો પ્રાણીઓ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તૈયાર થયા. તેવા વખતમાં કૃષ્ણમહારાજાને પોતાના આત્માની ઉદ્ધારની પણ ચિંતા ઝલહલતી થઈ ગઈ અને ભગવાન્ નેમનાથજીમહારાજને પોતાના આત્માના ઉદ્ધારને માટે ઉપાય બતાવવાની વિનંતી કરી. ત્યારે ત્રિલોકનાથ ભગવાન્ નેમનાથજી મહારાજે આ મૌનએકાદશીની આરાધનાનો ઉપદેશ કર્યો અને આ મૌનએકાદશીની આરાધના સુવ્રત નામના શેઠે કેવી અદ્વિતીય રીતે કરી હતી તે સવિસ્તાર જણાવ્યું. ધ્યાન રાખવું કે જૈનશાસનમાં ચોવીશે તીર્થંકર મહારાજના શાસનો આત્મદૃષ્ટિએ મોક્ષની પ્રાપ્તિ માટે જ

- અનુસંધાન માટે જુઓ પાનું ૯૬ -

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { માગશર સુદી પૂર્ણિમા
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૫ { તા. ૧૭-૧૨-૩૭ શુક્રવાર



તંત્રી

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

## અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં
### નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ
### (છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)
(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશવીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૪ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાંસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ ને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયકમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તીર્થયાત્રા - સંઘયાત્રા (ગતાંક થી ચાલુ)

તીર્થપણું હોય કે એવી જ રીતે કોઈપણ ચમત્કાર કે કોઈપણ અતિશયથી તે તે ક્ષેત્રોને તીર્થતરીકે ગણવામાં આવે છે. આ વસ્તુને માટે આવશ્યકસૂત્ર અને નંદીસૂત્રને જાણનારાઓ પારિણામિકબુદ્ધિની અંદર દીધેલા સ્તૂપના નામથી શ્રીમુનિસુવ્રતસ્વામિજીના સ્તૂપના પ્રભાવને જાણનારાઓ સારી રીતે સમજી શકે તેમ છે. વળી શ્રીમથુરાનગરીમાં દેવતાએ શ્રીસુપાશ્વનાથમહારાજનો સોનાનો સ્તૂપ કર્યો અને તે દ્વારાએ જગત્માં જૈનશાસનની પ્રભાવનાની વૃદ્ધિ થઇ અને તે મથુરાપુરી તીર્થ તરીકે ગણાઇ. આ મુથરાના સ્તૂપનો અધિકાર સંઘાચારભાષ્યવિગેરેમાં સ્પષ્ટશબ્દોમાં કહેવાયેલો હોવાથી તે સંબંધમાં મતભેદને સ્થાનજ નથી.

ત્રણપ્રકારનાં તીર્થો

ઉપરની હકીકતથી તીર્થના ત્રણ પ્રકાર પાડી શકીએ

૧ જ્યાં ત્રિલોકનાથતીર્થંકરભગવાનોના ગર્ભ-જન્મ-આદિકલ્યાણકો થયાં હોય.

૨ જ્યાં ત્રિલોકનાથતીર્થંકરભગવાન્ વિગેરે મહાપુરૂષોના વિહારો થયા હોય.

૩ જ્યાં કોઈપણ દેવનો ચમત્કાર તીર્થને અંગે હોય અગર એવી આલ્હાદ જનક અલૌકિક મૂર્ત્તિ હોય કે જેને લીધે દેશમાં રહેવાવાળા સમગ્ર ભાવિકલોકોનાં ચિત્ત આકર્ષણ થાય.

આ ત્રણે પ્રકારનાં તીર્થોની યાત્રા જેવી રીતે કરવાની હોય છે તેવીજ રીતે જ્યાં જ્યાં આચાર્ય ભગવંતો વિગેરે વિચરતા હોય ત્યાં ત્યાં વન્દન કરવાને માટે શ્રમણોપાસકનો સમુદાય જાય અને તે પણ તીર્થયાત્રાજ ગણી શકાય, તીર્થયાત્રાનું કર્તવ્ય સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘને જરૂરી હોવા છતાં તે તીર્થયાત્રા કર્ત્તવ્યની મુખ્ય સર્વ સગવડ શ્રાવકવર્ગને માટેજ હોઈ શકે છે.

તીર્થયાત્રાનો પ્રવાહ પ્રભુ વખતે પણ ઘણો હતો.

ઉજ્જયિનીનગરીથી અભયકુમારનું હરણ કરવાને માટે આવેલી કપટવાળી શ્રાવિકાઓએ પણ એજ જણાવ્યું હતું છે કે અમે વિધવાઓ છીએ, અને અમારે પ્રવ્રજ્યા લેવાનો વિચાર છે, અને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી પોતાના ઉલ્લાસ પ્રમાણે તીર્થયાત્રા કરવાનો વખત આવી શકે નહિ, માટે અમે પ્રવ્રજ્યાગ્રહણ કરવા પહેલાં તીર્થયાત્રા કરી લેવાનો વિચાર કર્યો છે. અને તે તીર્થયાત્રા કરવા માટે જ અમે અહિં આવી છીએ. વળી કુલવાલકશ્રમણના અધિકારમાં પણ કપટશ્રાવિકા થઈને આવેલી માગધિકાનામની વેશ્યા પણ એજ જણાવે છે કે હું પ્રવ્રજ્યાની અભિલાષાવાળી છું, અને તેથી દીક્ષા લેવા પ્હેલાં તીર્થોની યાત્રા કરવા માટે નીકળેલી છું. જો કે આ બન્ને દૃષ્ટાન્તો કપટધારી શ્રમણોપાસિકાનાં છે, પરન્તુ જગત્માં એ નિયમ છે કે જે વસ્તુ અત્યન્ત પ્રસિદ્ધ હોય તેને નામે જ કપટ થાય છે, માટે ભગવાનમહાવરીમહારાજની હયાતિની વખતમાં

પણ જૈનશાસનમાં સ્થાવર અને જંગમતીર્થોની યાત્રાનો પ્રવાહ ઘણો જ પ્રચંડ હતો.

## પ્રતિમા લોપકોની સ્થિતિ

વળી શ્રીપ્રશ્નવ્યાકરણમાં સુવર્ણગુટિકાનો અધિકાર આવે છે, તે પણ તીર્થના પ્રભાવ ઉપર પૂરી છાયા પાડે છે, જો કે પ્રતિમાનેલોપનાર અમુલખઋષિ સરખા ઢુંઢકો પોતાના પાપના પોટલાને પૂરા કરવા માટે સૂત્ર નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણી કે ટીકામાં નહિં લખાયેલ અને યુક્તિથી પણસંગત નહિં થઈ શકે, એટલું જ નહિ, પરન્તુ કેવલ મિથ્યાત્વના પોષણને માટે જ જે હકીકત થાય તેવી જોગી પાસેથી ગુટિકા મળ્યાની વાત લખી દે, અને પ્રતિમાને લોપવામાં મશગુલ બનીને સૂત્ર સિદ્ધાંતો લોપવામાં તૈયાર થયેલો વર્ગ કદાચ તે વાત માની લે, અને કોઈક જૈનદર્શન નામના પેપરના લેખક સરખા તે અમુલખઋષિના લખાણ ઉપર વિચાર પણ કરે, પરન્તુ તે અમુલખરિખિની ઘણી હકીકતો સૂત્ર કે પંચાંગીમાં કહેલા કથનથી સર્વથા વિરૂદ્ધજ છે. સુવર્ણગુલિકાને માટે ખરી હકીકત શ્રીનિશીથચૂર્ણિ અને પ્રશ્નવ્યાકરણટીકા વિગેરેમાં એમ છે કે ગાન્ધાર નામના શ્રાવકને દીક્ષા લેવાનો વિચાર થયો છે, અને દીક્ષા લીધા પછી વૈતાઢ્ય સુધી વિહાર થઈ શકે નહિ, માટે વૈતાઢ્યમાં રહેલી શાશ્વતી રત્નમયપ્રતિમાનાં દર્શન કરૂં. એ વિચારથી તે ગાન્ધારશ્રાવક વૈતાઢ્ય આગલ ગયો, એટલું જ નહિં, પણ જ્યાં સુધી તે રત્નમય શાશ્વતી પ્રતિમાનાં દર્શન થાય નહિ ત્યાં સુધી આહાર નહિં ગ્રહણ કરવાનો અભિગ્રહ કર્યો, એવી રીતના અભિગ્રહને પાલતાં એકવીસ દિવસ થઈ ગયા ત્યારે અધિષ્ઠાયકદેવતાએ પ્રસન્ન થઈ વૈતાઢ્યની રત્નમય જીનેશ્વરભગવાનની શાશ્વતી મૂર્ત્તિના દર્શન ગાન્ધારશ્રાવકને કરાવ્યાં, એટલું જ નહિ, પરન્તુ તે ગાન્ધારશ્રાવકના અત્યંત દૃઢ એવા ભક્તિ ભાવ અને સત્વથી તુષ્ટમાન થયેલી અધિષ્ઠાયિકાદેવીએ ઈચ્છા પૂરી કરનારી એવી એકસો આઠ ગુટિકાઓ આપી. આવી રીતે ભગવાન્‌ની પ્રતિમાના દર્શનને અંગે દેવીએ તુષ્ટ થઈને આપેલી ગુટિકાઓ કહેવામાં અમુલખઋષિને લાજ આવી, કેમકે તેઓ તો પ્રતિમાના પરમરિપુપણાનો મતજ લઈ બેઠા છે, માટે તે અમુલખઋષિ અને તેને અનુસરનારાઓને પ્રતિમાના વન્દનને માટે કરેલો તપ અને લીધે તુષ્ટ થયેલી દેવીની હકીકત કહેવાઈ નથી, પરન્તુ પોતાના પેટની પરંપરા મુજબ પંચાંગી ઓળવવાની રીતિએ પંચાંગીના કથનોથી વિરૂદ્ધ કોઈપણ શાસ્ત્રમાં પાઠાંતરે પણ જે વાત લખાયેલી ન્હોતી તેવી જોગી અને ગુટિકાની વાત કલ્પીને જુઠી પ્રવર્ત્તાવીને લુપકોની લુંપકતાનો ધ્વજ બાંધ્યો.

## પ્રતિમા દર્શન એ કાર્ય મહત્વનું છે.

ચાલુ અધિકારમાં સાતિશય ભગવાન્‌ની પ્રતિમાનાં દર્શન કરવાં તે શ્રમણોપાસકવર્ગનું મહત્વનું કાર્ય હતું એમ ભગવાન્ મહાવીરમહારાજની હયાતિવખતે પણ બનેલા બનાવ ઉપરથી પણ સ્પષ્ટ જોઈ શકાય છે. વળી તેજ ગાન્ધારશ્રાવકને સાભળવામાં આવ્યું કે ત્રિલોકનાથતીર્થંકરભગવાન્‌મહાવીરમહારાજની

દેવતાએ કરેલી બાવનાચન્દનમય મૂર્તિ કે જે ભગવાનમહાવીરમહારાજના ગૃહસ્થપણામાં કરાયેલા કાર્યોત્સર્ગની આબેહુબ પ્રતિમારૂપ દેવતાએ કરેલી હતી, અને તે પ્રતિમાસિંધુ સૌવીરદેશના વીતભય નગરમાં ઉદાયનરાજાના મંદિરમાં બીરાજમાન હતી તે સાંભળવામાં આવ્યું અને તેથી તે સાતિશયભગવાનની મૂર્ત્તિને વન્દન કરવાની ભાવના થઈ, તે ઉત્પન્ન થયેલી ભાવનાની પરિપૂર્ણતાને કરવાને માટે તે ગાન્ધારશ્રાવકે વૈતાઢયના અધિષ્ઠાયકદેવતાએ આપેલી ઈચ્છા પૂરનારી ગુટિકાઓમાંથી એક ગુટિકાનું ભક્ષણ કરી વીતભયનગરમાં જીવત્સ્વામિદેવાધિદેવ મહાવીરમહારાજભગવાન્‌ની મૂર્ત્તિનાં દર્શન કરવાની અભિલાષા કરી. અને તે અભિલાષાની સ્થાને ગુટિકાના પ્રભાવેદેવતાએ તેને વીતભયનગરમાં આવીને તે ગાન્ધારશ્રાવકે જીવત્ સ્વામિ મહાવીરમહારાજની મૂર્ત્તિની ઉત્કટભાવથી પૂજા સેવા વિગેરે કરી તે વીતભયમાં રહેતા ગાન્ધારશ્રાવકને જ્યારે કંઈક બીમારી થઇ ત્યારે તે જીવત્સ્વામિની પ્રતિમાની સેવા પૂજા કરનારી કુબ્જાનામની દાસીએ તે ગાન્ધારશ્રાવકની ચાકરી બરદાસ કરી.

## સ્રીયો પણ જિનપૂજામાં અધિકારિ વર્ગ છે.

ધ્યાન રાખવું કે જીવતસ્વામી જેવી અમ્લાનમાલાને ધારણ કરવાવાલી સાધિષ્ઠાયક મૂર્ત્તિની પ્રભાવતી અને કુબ્જાદાસી સરખી સ્રીઓ પૂજા કરતી હતી, છતાં તે સ્રીઓની પૂજાથી અધિષ્ઠાયકનું જોર કોઈ દિવસ નબળું પડ્યું ન્હોતુ, પરન્તુ સ્રીને જીનપૂજાનો નિષેધ કરવામાં આગેવાન જિનદત્તની કલ્પના જાળમાં એ વસ્તુ આવી કે સ્રીઓ જો મૂળનાયકની પૂજા કરે તો અધિષ્ઠાયકદેવો અદૃશ્ય થઇ જાય, જો કે એવો તે ખરતરોનો ખડખડાટ કોઈપણ શાસનપ્રેમીઓએ ગણકાર્યો નથી અને ગણકારે તેમ પણ નથી, અને તેથી જૈનશાસનમાં શ્રમણોપામકવર્ગની માફકજ શ્રમણો પાસિકાવર્ગ પણ શ્રીજીનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજા કરીને આત્માનું શ્રેયઃ સાધી રહેલો છે. કદાચ એ ખરતરોની ખટપટનું કોઈ ગામ ધામ બન્યું હોય અને ત્યાં તે કદાગ્રહના કોથળાઓ ભળે તે નિષેધકની જાળને જાળવવા ભગીરથ પ્રયત્ન કરતા હોય, પરન્તુ શાસન અને શાસ્રને માનનારો કોઈપણ મનુષ્ય તે જાળમાં ફસાય તેમ નથી. ચાલુ અધિકારમાં જીવત્સ્વામિની સાધિષ્ઠાયક પ્રતિમાને સેવાપૂજાથી આરાધનારી કુબ્જકાદાસીએ સેવા ચાકરી કરી છે, અને ગાન્ધારશ્રાવકને સાજો કર્યો તેથી તે ગાન્ધારશ્રાવકે વૈતાઢ્યના અધિષ્ઠાયકદેવતાએ આપેલી ગુટિકાઓ તે કુબ્જિકાદાસીને આપી દીધી અને પોતે દીક્ષિત થયો. એ ગુટિકાઓના પ્રભાવે કુબ્જિકાદાસી પોતાનું કુબડાપણું ટાળીને સુવર્ણગુલિકા નામ ધારણ કરવાને સમર્થ થાય તેવા રૂપવાળી બની શકી, અને માલવાધપતિ ચણ્ડપ્રધોતનની રાણી બનવાને માટે સમર્થ થઇ શકી. આ બધી હકીકત વિચારતાં સુજ્ઞમનુષ્યો સ્હેજે સમજી શકશે કે જેવી

રીતે ત્રિલોકનાથતીર્થંકર ભગવાનના જન્માદિ અને વિહારનાં સ્થાનો તીર્થ તરીકે છે, તેવીજ રીતે દેવતાધિષ્ઠિત પ્રતિમાઓવાળાં અને મનોહરમૂર્ત્તિવાળાં સ્થાનો પણ તીર્થંકર ભગવાનોની હયાતિના વખતથીજ તીર્થ તરીકે મનાયેલાં છે.

**ક્ષેત્રપ્રભાવે સાધુમહાત્મા અનશન કરી મોક્ષ પામે તે સ્થળ પણ તીર્થ ગણાય.**

જેવી રીતે ભગવાન જીનેશ્વરોને અંગે ત્રણ પ્રકારનાં તીર્થો ઉપર જણાવેલાં છે, તેવી જ રીતે સાધુમહાત્માઓની સારીસંખ્યા જ્યાં જ્યાં અનશનકરી આરાધનાની પરમ ટોચે પહોંચી આત્મકલ્યાણને સાધી શક્યા છે તે તે સ્થાનોને પણ શાસ્ત્રકારો તીર્થતરીકે જણાવે છે, અને તેથી શ્રીઅનુયોગદ્વારમાં દ્રવ્યઆવશ્યકને અધિકારે શ્રીસિદ્ધશિલાતલમાં રહેલાં મુનિહમહારાજના શરીરને અંગે મહિમાસૂચિત કરેલો છે, ચૂર્ણિકારમહારજ વગેરે તે સિદ્ધશિલાતલને માટે અનેકમુનિઓની આરાધના કરીને સિદ્ધિથવી એ પર્વતક્ષેત્રના મહિમાનું કારણ જણાવવાની સાથે એક બીજું કારણ પણ સિદ્ધશિલાતલ કહેવામાં જે જણાવે છે, તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે. તે ચૂર્ણિકાર વગેરે સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે અનેકમુનિઓ આરાધના કરીને સિદ્ધિ પદને પામ્યા તેને સિદ્ધિશિલા કહેવાય તેમાં નવાઇ નથી, પરન્તુ સાથે ધ્વનિત કરે છે કે એવી રીતે જો સિદ્ધિશિલાતલ આરાધના માત્રથી લેવા જઇએ તો આખા અઢીદ્વીપમાં એક ઇંચ જેટલું પણ એવું સ્થાન નથી કે જ્યાં અનંત મુનિમહારાજાઓ કાલક્રમે કરીને મોક્ષમાર્ગની આરાધના કરી સિદ્ધિપદને પામેલા ન હોય. છતાં અમુક શિલાનેજ સિદ્ધિશિલા કહેવી એના કારણમાં ઉંડા ઉતરતાં તેઓ જણાવે છે કે તેનું જ નામ સિદ્ધશિલા કહેવાય કે જ્યાં કોઈ ક્ષેત્રની વિચિત્રતાને લીધે ક્ષેત્રના પ્રભાવથી જ સાધુઓ જે જે આરાધના કરવા માગે તે તે સિદ્ધ થાય અને તે તે આરાધનાની સિદ્ધિદ્વારાએ જ્યાં મહાત્માઓ મોક્ષને મેળવી શકે. તે તે સ્થાનને સિદ્ધશિલા તરીકે કહેવું, આવી રીતે અમુક સ્થાનને સિદ્ધશિલા તરીકે ગણવામાં હેતુ જણાવ્યા છતાં ચૂર્ણિકાર વિગેરેને પૂરો સંતોષ નહિં થયો હોય ને લાગ્યું હશે કે જે જે ક્ષેત્રોમાં જે જે મુનિ મહારાજાઓ મોક્ષમાર્ગની આરાધના કરીને સિદ્ધિ પદને પામ્યા છે, તે દરેક ક્ષેત્રમાં ક્ષેત્રગુણ તો માનવોજ પડે. અને તેથી ઘણા સ્થાનો સિદ્ધશિલા તરીકે થઇ જાય. વળી ભરતની અપેક્ષાએ મહાવિદેહ ક્ષેત્રના સ્થાનમાં તો દરેક ઉત્સર્પ્પિણી અવસર્પ્પિણીમાં સંખ્યાતગુણા સાધુઓનો મોક્ષ થાય છે, માટે મોક્ષ જવાની સંખ્યાની અપેક્ષાએ તેજ માનક્ષેત્રના પ્રભાવની અપેક્ષાએ આખા મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધશિલાતલ માનવાની ફરજ પડે. માટે એમ સમજાય છે કે તેઓએ એક બીજો વિશિષ્ટ હેતું જોડે જણાવ્યો છે, અને તે એ કે જેમ દેવલોકોની અંદર એવા એકાવતારી અને ભગવાન્ જીનેશ્વરોને પણ તીર્થ પ્રવર્ત્તાવવાની વિનંતિ કરનારો વર્ગ માત્ર બ્રહ્મદેવલોકમાં જ છે. જો કે લાંતક વિગેરે દેવલોકોના દેવતાઓ તે પાંચમા લોક કરતાં ઘણાજ

ચઢતા નંબરના છે અને ઘણાજ પ્રભાવશાલી પણ છે, છતાં પણ એમ કહી શકીએ કે તે ત્રિલોકનાથતીર્થંકરભગવાન્‌ના શાસનની પ્રવૃત્તિને અંગે કોઈપણ તીવ્ર લાગણી દેવો ધરાવનાર હોય તો તે લોકાન્તિક દેવતાઓ જ છે. અને જેઓ તીર્થ પ્રવર્ત્તાવવા માટે ત્રિલોકનાથતીર્થંકર ભગવાને લેવાતી પ્રવજ્યામાં મુખ્ય સત્વના અભિનંદકોમાં લોકાન્તિકોનું નામજ આગળ કરાય છે. આ વાત જ્યારે વિચારવામાં આવેશે ત્યારેજ ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીમહારાજના વાક્યનુ તત્ત્વ માલુમ પડશે. ભગવાન્ ઉમાસ્વાતિવાચકજી મહારાજ જણાવે છે કે अभिनन्दितशुभसत्त्वः सेन्द्रैर्लोकान्तिकैर्देवैः અર્થાત્ શ્રમણ ભગવાન માહીવર મહારાજે દીક્ષા ગ્રહણ કરી તેની પહેલાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજના શુભસત્વનું અભિનન્દન ઈન્દ્રની સાથે લોકાન્તિક દેવોએ કર્યું હતું. આ જગોપર વ્યાકરણને યત્કિંચિત્ સમજનારા લોકો સમજી શકશે કે ઈન્દ્રશબ્દની સાથે સહ શબ્દનો યોગ કરેલો છે અને તેથી તે ઈંદ્ર નામ ગૌણ છે, અને લોકાન્તિક શબ્દ સીધો ક્રિયાપદની સાથે લાગનારો છે, અને તેથી તે લોકાન્તિક શબ્દ જ મુખ્ય છે. એટલે ચોક્ખું થયું કે ત્રિલોકનાથતીર્થંકરભગવાનોની પ્રવજ્યાને અંગે ઈંદ્ર મહારાજા કરતાં લોકાન્તિકોનું સ્થાન આગલ પડતું છે અને તેથી તે મુખ્ય છે. જેવી રીતે પ્રવજ્યાને અંગે લોકાન્તિકદેવોની મુખ્યતા જણાવવામાં આવી છે, તેવીજ રીતે કોઈક કોઈક ક્ષેત્રના અધિષ્ઠાયકદેવો એવી ઉત્તમલાગણીવાળા હોય છે કે જેઓ પોતાના ક્ષેત્રમાં મોક્ષમાર્ગની આરાધના કરવા માટે અનશન કરનારા મુનિ-મહારાજાઓની સિદ્ધિ થવામાં ઘણીજ અનુકૂલતા કરી દે અને તેવા ક્ષેત્રાધિષ્ઠાયક દેવતાના પ્રભાવથી મુનિમહારાજાઓ અનશન કરીને આરાધનાની સિદ્ધિ કરવા સાથે સિદ્ધિ પદને મેળવી શકયા તેવા સ્થાનોને સિદ્ધશિલાતલ તરીકે ગણી શકાય છે અને આવા સિદ્ધશિલાતલનુંજ કથન અનુયોગદ્વારસૂત્ર કે જે સર્વસૂત્રોના વ્યાખ્યાનોનું મુખ્ય સાધન છે તેમાં જણાવવામાં આવ્યું છે. એટલે જેવી રીતે ઉપર ત્રણ પ્રકારનાં કલ્યાણકાદિને અંગે તીર્થક્ષેત્રો જણાવ્યાં. તેવીજ રીતે આ ચોથું આરાધનાની સિદ્ધિ કરનારૂં પણ તીર્થક્ષેત્ર સમજવું. ઉપર જણાવેલી રીતિએ અનેક પ્રકારે તીર્થોની ઉત્પત્તિ અને સ્થાપના હોવાથી અત્યાર સુધીમાં શાસ્ત્રકારોએ જે જે તીર્થોની તીર્થ તરીકે નોંધો લીધેલી છે તે જણાવવી અસ્થાને નથી, એમ ધારી તેનાં નામમાત્રો નીચે આપવામાં આવે છે. વિશેષજિજ્ઞાસુઓ તે તે આચારાંગનિર્યુક્તિ આદિ શાસ્ત્રોથી તેની ઉત્પત્તિનાં કારણો - પ્રભાવ વિગેરે જાણી શકશે. વિસ્તારના ભયથી તે ઉત્પત્તિનાં કારણો વિગેરે આપ્યાં નથી.

## સિદ્ધાન્તમાં દર્શાવેલ તીર્થો

આચારાંગનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તની चक्के थूभे० વિગેરે ગાથાઓનું તાત્પર્ય એ છે કે, જ્યાં ધર્મચક્ર થયું છે તે, મથુરાનો સ્થુભ, જિનેશ્વર ભગવંતના જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ વિગેરે સ્થાનો તીર્થભૂમિ તરીકે ગણાય છે. ને તે દર્શનસ્થાનો છે, તે ગાથા :-

चक्के थूमे पडिमा जम्म निक्खमण नाणनिव्वाणे
संखडि विहार आहात उवहि तह दंसणट्ठाणे ॥१॥ ( ओघ०

આચારાંગનિર્યુક્તિની અંદર ભાવનાઅધ્યાયની અંદર નીચેના તીર્થો જણાવેલ છે.

૧. નંદીશ્વરદ્વીપ
૨. અષ્ટાપદ - (ઋષભનિર્વાણ ભૂ.)
૩. ઉજ્જયંતગિરિ - (નેમિજિનેન્દ્ર દીક્ષાદિ)
૪. ગજાગ્રપદ
૫. તક્ષશિલા - (ધર્મચક્ર)
૬. અહિચ્છત્રા-જ્યાં ધરણેન્દ્રે પ્રભુપાર્શ્વમ-
૭. રથાવર્ત - જ્યાં ભગવાન્ મહાવીરની નિશ્રાએ ચરમનું ઉત્પતન. (મહિમા કર્યો.)

### સ્થાનાંગસૂત્ર

૧. નંદીશ્વરદ્વીપ
૨. અંજનગિરિ

### જ્ઞાતાજી સૂત્ર

| | | | | |
|---|---|---|---|---|
| વિપુલાચલ...... | અ. | ૧ | પત્ર | ૭૪ |
| પુંડરીકગિરિ | | ૫ | ” | ૧૦૯ |
| સમ્મેતશિખર | | ૮ | ” | ૧૫૪ |
| ઉજ્જયંતગિરિ (ગિરનારજી) | | ૧૬ | ” | ૨૨૬ |

### શ્રી અનુત્તરોપાપતિક - અંતગડદશા

વિપુલાચલ અં૦ ૫ ૭, અં૦ ૧૮, ૧૮, ૨૩, ૨૫ (ઘણીજવાર ઉલ્લેખ છે.)
શત્રુંજય અં૦ પત્ર ૩, ૧૪, ૪,
સહસ્રામ્ર અં૦ ૫૦૫

### શ્રી પ્રશ્નવ્યાકરણ

૧. વીતભય (આશ્રવદ્વાર)

### શ્રી અનુયોગદ્વાર

સિદ્ધશિલાતલ (તેની વ્યાખ્યા-ટીકામાંથી જોવાથી જણાશે કે તીર્થો કોને કહેવાય ને સિદ્ધશિલા કોને કહેવાય ? જુઓ ચાલુ લેખ)

### શ્રી ઉતરાધ્યયન

સિદ્ધશૈલ (શત્રુંજય) ૫૦૨ (નેમિચંદ્રીયટીકા)
રેવતાચલજી ગીરનાર) ૫૦ ૨૮૨ ૨૮૩

ઈત્યાદિ મૂલસિદ્ધાન્તમાં તીર્થો છે, તે કેટલા પ્રાચીન છે તે જણાવાઈજ ગયું છે, તદુપરાંત વિ. ૧૭ મી શતાબ્દીથી બનાવેલી તીર્થમાલાઓ જોવાથી જણાશે તે જોયા પહેલાં (કારણ કે આની પછી તે તીર્થમાલાઓમાં આવેલા તીર્થો અકારાદિક્રમે દાખલ કરવામાં આવ્યાં છે, તીર્થમાલાના ઉલ્લેખો તે તે તીર્થમાલાના ઉપર ભાગથી જોવા)ને જિનપ્રભસૂરિએ જે તીર્થોનો ઉલ્લેખ કર્યો તે અહિં મૂકવો અસ્થાને નથી. (વિ. ૧૪ મી શતાબ્દિ)

# તીર્થોની યાદી નીચે પ્રમાણે

## વિવિધતીર્થકલ્પ

(નોંધ - પોતે બનાવેલ તીર્થોના કલ્પોમાં આ તીર્થો લીધેલાં છે.)

| | | |
|---|---|---|
| અણહિલપુર (પાટણ) | કુડંગેશ્વર | મથુરા |
| અપાપાપુરી | કુલ્યપાકતીર્થ | મિથિલા |
| અયોધ્યા | કોકાવસતિ | રૈવતક ગિરિ (ઉજ્જયંતગિરિ) |
| અર્બુદગિરિ | કોટીશિલા | વાણારસી |
| અવન્તી | કોલ્લપાક | વૈભારગિરિ |
| અશ્વાવબોધસ્થલ | કોશામ્બી | વ્યાધ્રિ |
| અષ્ટાપદ | ચમ્પાપુરી | શંખપુર |
| અહિચ્છત્રા | ઢીમ્પુરી | શ્રાવસ્તી |
| અમરકુંડ | નન્દ્રીશ્વર | શત્રુંજય |
| ઉજ્જયંતગિરિ | નાશિક્ય | શુદ્ધદન્તી |
| કલિકુંડ | પાટલિપુર | શ્રીપુર |
| કુર્કુટેશ્વરા (પ્રવજ્યા વિધાનની | સ્તંભતીર્થ | સત્યપુર (સાચોર) |
| ટીકામાં પણ આવે છે.) | પ્રતિષ્ઠાનપુર | હરિકંખી |
| કામ્પીલ્ય | ફલવૃદ્ધિ (ફલોધી) | હસ્તીનાપુર |

## ૮૪ તીર્થોનો પ્રબંધ છે તેમાં આ તીર્થો છે.

| | | |
|---|---|---|
| શત્રુંજય | તક્ષશિલા | મથુરા |
| ઉજ્જયંત | કોલ્લપાક | પ્રભાસ |
| પાપામઠ | ચંદેરી | નાશિક |
| કાંચનબલાનક | તારણગઢ | ચન્દ્રાવતી |
| કાસદ્રહ | અંગદિકા | વાણારશી |
| પારકર | શ્રાવસ્તિ | પ્રયાગ |
| અયોધ્યા | શેગમતી | વિન્ધ્યાદ્રિ |
| કોલ્હાપુર | કૌંચદ્વીપ | મલયાદ્રિ |
| સોપારક | સિંહલદ્વિપ | ચમ્પા |
| ખંગાર | હંસદ્વીપ | કામ્પીલ્ય |
| પુરિમતાલ | આંબુરિણિ | સિંહપુર |

દ્વારિકા
શાકપાણિ
વૈભારગિરિ
રાજગૃહી
કૈલાસ
રોહણગિરિ
અષ્ટાપદ
સમ્મેતશિખર
કુંડપુર
સત્યપુર
ટંકા
ગંગાદ્રહ
કોટિશિલા
વીતભય
અપાપા
પુંડ્રપર્વત
પલ્લી
નાણક
મોઢેરા
રામશયન
સ્વામિગઢ
ભાઈલ
ભીમેશ્વર
ડાકુલી
શ્રીપુર
હિમાચલ
શ્રીપર્વત
મહાકાલ
ઓંકારપર્વત
નાગદ્રહ
કલિકુંડ
અહિચ્છત્રા
કરહેટક
ફલોધિ
અજાગૃહ (અજારા)
સ્તમ્ભતીર્થ
શૌર્યપુર
માણિકયદંડ
પ્રતિષ્ઠાનપત્તન
ભૃગુપત્તન
ત્રિકૂટગિરિ
પાતાલલંકા
કિષ્કિન્ધા
રત્નવાહન
ગંગા યુમના સંગમ
નન્દીવર્ધન
કોટિભૂમિ
મુણ્ડસ્થળ
હેમસરોવર
માહેન્દ્રપર્વત
વાયડ
ખેડા
લંકા
ઈત્યાદિ તીર્થોનો ઉલ્લેખ ત્યાં છે

# જૈન તીર્થમાલાઓ અને જૈન તીર્થો

શ્રી વિજયસાગરજીએ આગરાથી સંઘની સાથે ૧૬૪૮નું ચોમાસું કરીને યાત્રા કરી તે વખતે શ્રી વિજયસેનસૂરિજીને પાટે શ્રી વિજયદેવસૂરિ બિરાજતા હતા. અને શ્રીવિજયસાગરજી શ્રી સહજસાગરજીના શિષ્ય હતા. તેઓએ નાલન્દા સુધીની યાત્રા ૧૬૪૯નું ચોમાસું પટણામાં કર્યું. ત્યાંથી ચૈત્ર સુદિ ૩ થી યાત્રા બીજી શરૂ કરી.

શ્રી હેતસાગરજીએ કૃષ્ણગઢમાં ૧૭૧૭માં આ પ્રત લખેલ છે.

તેમાં તીર્થાદિસ્થાનનો નકશો આ પ્રમાણે છે.

| ગાઉ | નામ | મંદિર |
|---|---|---|
| | આગરા ૧૨ | યમુના પાર ૨ મં. |
| ૧૨ | ફીરોજાબાદ | |
| ૧૫૦ | શાહજાદપુર ૧(?) | |
| ૩ | મઉ ૧ ૧૫ પ્ર. | |
| ૧॥ | કોશાંબી ૨ | |
| ૨૦ | પ્રયાગ | |
| | ૧૬૪૮ રાયકલ્યાણે પાદુકા ઉથાવી | |
| ૪૦ | વારાણસી | ૩ તંગીતટે |
| ૩ | સિંહપુરી | ૨ સમીપે સિંહ |
| ૪ | ચન્દ્રપુરી | પાદુકા ચન્દમાધવ |
| ૯૯ | પાટલીપુર | ૨ |
| ૧૧ | વિહાર ૩ ૧ દિ. | |
| ૩ | પાવાપુરી થૂ. | જંમીથી બારગાઉ |
| ૩ | ગુણાવા ૧ | |
| ૦ | નવાંદે | |
| ૯ | ગોમાઘાટી | |
| | પાલગંજ | પૃથ્વી મલ્લભિલ્લ રાજા |
| | સંમેતશિખર | ફાગણ સુદિ ૫ ગુર |
| ૧૨ | જંભીગામ (ગિરિ ઉપરથી) | |

| | | |
|---|---|---|
| | ચંપા | |
| | બીહાર | |
| ૭ | રાજગૃહી પાંચ ગિરિ ૧૫૦ ચૈત્ય | |
| | નાલંદા વડગામ ૨ ૧૦૦પ્ર. પાત્રાંખાણ પ્રગટી | |

બીજી જાત્રા

| | | |
|---|---|---|
| | પટના | |
| | ક્ષત્રિયકુંડ ૨ તલ | |
| | ગિરિ ૧ પ્રતિ. | |
| ૨ | બ્રહ્મકુંડ | વિહારથી ૨૬ |
| | કુમારિય | |
| ૭ | કાકંદી | |
| | પટના | |
| ૧૦૦ | ચંપા (દેવસીએ શ્વેતાંબર પ્રતિમા ઉત્થાપી) | |
| | હાજીપુર | |
| ૪૦ | મિથિલા | ભદ્દિલપુર |
| | દરીયાબાદ | અયોધ્યા |
| ૩૦ | સાવત્થી | |
| | સૌરીપુર ( નેમનાથ) | |
| | આગરા | |
| ૧૫૦ | હત્થિણાઉરી | |
| | અહિચ્છત્રા | |
| | મથુરા | |
| | ગ્વાલીયર | |

| | |
|---|---|
| વિમલાચલ | બામણવાડા |
| દિલ્લી | રાણકપુર |
| જેસલમેર | વરકાણા |
| માલપુર | આબુ |
| શંખેશ્વર | આરાસણ |
| ધંમણ | ફલોધી |

આ તીર્થમાલા શ્રીહેમવિમલસૂરિના શિષ્ય કમલધર્મના શિષ્ય હંસસોમે બનાવી છે. તેઓએ ચંદેરીનગરી કે જે લલિતપુર પાસે ૨૪ ૭૮ ૮૦ ની મધ્યમાં છે. ત્યાંથી નીકલી ૧૫૬૫માં યાત્રા કરી છે. તે હકીકત વર્ણવેલી છે.

| | | |
|---|---|---|
| | ચંદેરી | (શાંતિજિન) |
| ૧૦૦ | કૌશમ્બી | ૧૦૦ પ્ર. |
| ૨૫ | પ્રયાગ | પાદુકા |
| ૬ | સીકંદર | (પાર્શ્વ૦ ખમણાવસહી) |
| ૩૦ | બનારસ | પાર્શ્વસુપાર્શ્વ જુનીમાં થૂભ |
| ૨ | સિંહપુર | |
| ૫ | ચન્દાવતી | થૂભ પ્ર. |
| ૨૦ | સોપાર | |
| | રાજગૃહ | ૧૪ કુંડ |
| ૬૦ | ચંપા | વાસુ ૦ |
| | વૈભારગિરિ | ૨૪ મં. મુનિસુ. ૭૦૦ પ્ર. |
| | વિપુલગિરિ | ૬ મં. પાર્શ્વ |
| | ઉદયગિરિ | ૧ ચઉમુખ |
| | સુવર્ણગિરિ | રત્નગિરિ |
| | વડગામ (નાલંદા) | પાત્રાખાની |
| ૩ | પાવાપુરી | થૂભ |
| ૩૦ | ક્ષત્રિયકુંડ ૧ | |
| ૨ | માહણકુંડ ૧ પ્ર. | |
| ૫ | કાંકદી સુવિધિ | |
| | મહિઅલ ૧ આદિ. | |
| | ભદ્દિલપુર ૧ શીતલ ૦ | |
| ૫૦ | ચંપા | |
| | પાલગુંજ | |
| ૭ | સંમેત - થૂભ ત્રિકોણ કુંડ સ્નાન | |
| | પ્રહજઢી પાજે ઉતરીએ ? | |
| ૨૦ | ઋજુવાલિકા પ્રતિમા પૂજા | |
| | તલહાદ જઈ પારણું | |
| | રાજગૃહ | |
| ૨૦૦ | અયોધ્યા | સરયૂતીરે આદિનાથાદિ ચૈત્યાનિ ગ્રામે વીર ચૈત્યં |
| ૭ | રયણપુર (રણવઈ) ધર્મનાથ | |
| | કાલ્પી | |

શ્રી જયવિજયજીએ આગરાથી યાત્રા કરી તેનો નકશો (૧૬૬૪) આ સંઘ શેઠ બિંબુ અને કુંવર જીએ કાઢ્યો હતો. સંમેતશિખરથી જમણી તરફ જંભીયગામ સરોવર માંહિ મંદિર છે.

પ્રતિમા ૫ પાદુકા.

આગરા ચિન્તામણિ

યમુનાપાર કુન્થુનાથ પાર્શ્વ ૦ ૧૪

ફીરોજાબાદ ૧ મં. ૨૪

ચંદવાડ ચંદ્ર૦ ૮

સરપડી ૧૦

ગૌરીપુર ૭ મં. ૪

૧૧૫ સહજાદપુર ૩૧

૩ મઉ ૫ ૬

૫ કાશાંબી ૨ મં. પાદુકા ૧૪ પ્ર.૧૩

૧૮ ફતેહપુર ૩

પ્રયાગ રાયકલ્યાણઅન્યાય

૩૫ વાણારસી ૨ મં. ૧ ચતુર્મુખ

૩ સિંહપુરી પ્ર. પા.

ચન્દ્રપુરી પા.

૮૦ પટના ૪ ખમણાવસહી

૫ વૈકુંઠપુરી

૧૦ વીહાર ૩ ૨૫ પ્ર.

૧૧ નવાદી ૪

૪ સીંહોર (શિવરામરાજા)

૪૨ સમેતશિખર ૨ પા. પાલગંજ રાજા પૃથ્વી ચંદ્ર ૫ કોશ ચઢાવ)

રાજગૃહ ૧ ઋષભ ત્રિકોણકુંડ સ્નાનાદિ

વૈભારગિરિ ૧૧ ગણિપાદુકા ૨૫ મં.

કાદંબરિદુમાધો પર જિનાલય ૧૫૦ પ્ર

વિપુલગિરિ ૬ ૯ પ્ર.

ઉદયગિરિ ૧ મં. ચઉમુખ ૪ પ્ર.

સોવનગિરિ ૫ મં. ૨૦ પ્ર.

રયણગિરિ ૨ મં. ૫ પ્ર.

નાલંદા ૧૭ મં. ૧૭ પ્ર.

ગૌતમપાદુકા (પાત્રાખાન)

પાવાપુરી

જઉનાપુર ૨મં. ૧૦૭ પ્ર.

અયોધ્યા

રત્નપુરી

કંપિલપુર

---

શ્રી રત્નસિંહ શિષ્ય કૃત ગિરના વર્ણન

વસ્તુપાલ સ્થાપિત તેજલપુર પાર્શ્વ.

ધરણિગ ઓસવાલ કૃત રિપુકેસરિ વિહાર

ઉદ્ધાર કર્ત્તા સમરાશાહ

ધુન્ધલસંઘવીકૃત ઋષભમંદિર

સુવર્ણરેખાનદી

દામોદરકુંડ

વસ્તુપાલ ઉદ્ધૃત ભવદેવસર કાલમેઘખેતલ

રાણિગસુતઓમમંત્રિકૃતા પદ્યા

પુનાસાહપોલ

સ્તિગ પોળ

૧૧૮૪ સિદ્ધરાજમંત્રિ સજ્જનકૃત પૃથ્વીજય પ્રાસાદ શ્રીનેમનાથ

| | |
|---|---|
| ૭૨ દેરીઓ | સમરાશાહકૃત પર જિનાલય |
| પાવામઢી | તિલકપ્રાસાદે નરપાલસ્થાપિતવીર |
| વસ્તુપાલકૃત શત્રુંજયાવતાર ષભ૦ | કોનારીવસહી |
| ,, સંમતશિખરાવતાર ૨૦ | ઈન્દ્રમંડપ |
| ,, અષ્ટાપદાવતાર ૨૪ જિન | ગજપદ |
| કવડયક્ષ | સાલિગઓસવાલકૃત ધર્મનાથ |
| મરુદેવામાતા | રામસિંહડુંગર કૃત લઘુપ્રાસાદ બે રાજીમતી |
| સંઘવી ગોરૂઆકૃત ચંદ્રપ્રભુપ્રાસાદ | ચીતરશાહકૃત રથનેમી |
| જીરાઉલા પાર્શ્વ૦ | શાહ સામલકૃત અંબિકામંદિર |
| દાદાપાર્શ્વનાથ | અવલોકન સાંબ પ્રદ્યુમ્ન નેમી |
| સંઘવી મુમુવાકૃત ઈન્દનીલતિલકપ્રાસાદ વિમલ. | સિદ્ધિવિનાયક |
| ચિન્તામણિ પાશ્વનાર્થ | લાખાવન |
| અજીતનાથ | વઈસાગાંધીકૃત સહસ્રબિન્દુ |
| સમવસરણ વીરજિન (૧૫૦૯ સ્થા) | |

| | | |
|---|---|---|
| શ્રી ભાનુચંદ્રજીના શિષ્ય શ્રી | પાલીટાણા | મોદકહસહી |
| દેવચંદજીએ ૧૬૯૫માં ઈડરથી | લલિતાસર (તલેટી) | ટોટરાવિહાર |
| શત્રુંજયની યાત્રા કરી તેનો | કુમરવિહાર (ગામ) | સર્ગ્ગારોહણી (૩ ઋષમ) |
| નકશો. | લલિતાપાલે વીર | ચોટી |
| ઈડર ૧૬૯૫ ચોમાસું | પાજ ૩ કોશ | થંભણપાસ |
| ફીચોટ વીર | વિસામા કુંડ ચોકી | નમિજિન (વસ્તકથાપિત્ત) |
| વલાસણ | મરૂદેવા | નવા પ્રસાદ (જયમલ્લ વિજ |
| પાટલી | શાન્તિજિન | યદેવોપદેશ |
| આનન્દપુર આદિ-પાસ-વીર | ચોમુખજી | પ્રસાદ (તેજપાલ સીરોહીસ્ય) |
| વીસનગર ૩ મં. | પાંચ પાંડવ | ખરતરવસહી |
| સિવાલા ૧ મં. | અદબદદાદા | તિલકાતોરણ |
| મ્હેશાણા ૯ મં. | કવડયક્ષ | સિંહદ્વાર |
| ઉશમાપુર શાંતિ | વાઘણ૦ | સામલાજી |
| અમદાવાદ | છીપાવસહી | રાયણપાદુકા |

કલિકુંડપાસ
ઋષભજી (મૂલનાયક)-
૭૦૨૧ મૂર્તિ, ૩૨૧ દેરી.
પુંડરીકગણધર
સુરજકુંડ
ઉલરવાસોલ
ચેલણતલાવડી
સિદ્ધવડ
આદિપુરપાજ

---

મેઘાની તીર્થમાલા
શત્રુંજય
ગિરનાર
અષ્ટાપદ
ભરૂચ
સોપારક (જીવત સ્વામી)
ખંભાત
માંગલોર
ઘોઘા
દેવપાટણ
વીરમગામ
પાટડી
ધંધુકા
ધોલકા
પાટણ (પંચાસર)
કર્ણાવતી
મેશાણા
વીસનગર
વડનગર
સિદ્ધપુર
વડગામ
વડલી
ધાણદો
હાથીદર
હિગાલ
પાલણપુર
સીતાપુર
સુરતર
માલવણ
ગાંધાર
ઈડર
તારંગા
પોસીના ૫ મં.
આરાસણ આદિ-નેમ-લોઢણ
શાન્તી- વીર૦
ચડાઉલિ ૧૮ મં.
આકલી
તડિતોલી
મુંડથલી વીર૦
ઉબરણી
કારોલી શાન્તિ.
આમથલી આદિ.
કાસંદ્રા આદિ-નેમ
ઉંડ
દેલાણ
ખોટી શાન્તિ ૦
તીસોલી પાર્શ્વ.
ભારજા આદિ.
તંઉથલી વીર.
ભીમાણા મુનિ.
અર્બુદવર્ણન
જીરાવલા (સંઘો)
મડાહડી
સાથી
વડગામ
સાચોર વીર૦
કાકડી
થિરાઉડી
રતનપુરી
ભટાણા
વીજુ
શિરોહડી પાર્શ્વ.
રિદડી
વેલાગરી
ખુરહાડા
અર્બુદગોઢિ
આહિચર
જાલોર
ભિનમાલ (૧૦૦૦ મુનિસ્થાન)
ઉડુલાસ
કોરટા
રાણીગામ
કાલધરી
ગોહિલી
શિરોહી
લોટાણા
નાણા
નાંદિયા
નીતોરા
કોડીદા શાન્તિ.
અજાહરા
વીરપુર
ઝાઝોલી શાન્તિ.
પિંડવાડા
બામણવાડા વીર.
પાનહિ

| | | |
|---|---|---|
| પાડીવ | બાલાસમા | ચિતોડ |
| જાવાલ | જાખોરા | આહેડ |
| વીરવાડા | બહડા | ફરેડી |
| નાણાવીર૦ | હાથુડી | વધનોર |
| સીવેરા | સનવાડા | જાઉર |
| સીંધલા | મુડાડે | મજાઉરી |
| માલ્હણ | માદડી | સાદડી |
| પદાડુ | વરકાણા | કેલવાડા |
| મઉઅડી | નાડોલાઈ | કુંભલમેર (વળશંગ) |
| વીસલપુર | આસલકોટ | રાણપુર ૭મં. |
| વાલ્હી | દેલવાડા | સોજત |
| ઉદરી | નાગહડા | ફલોદી |

સંવત ૧૭(?)૨૧માં રાજનગરથી શેઠ સુરચંદભાઈએ સંઘ કહાડ્યો તે વખતે સાગરગચ્છના મહિમાનિધિએ જે જે ગામમાં યાત્રા કરી તે દેરાં અને પ્રતિમાસંખ્યાનો નકશો

| | | |
|---|---|---|
| રાજનગર | સત્યપુર ૧૮૦ મૂ. ૫ મં. | કઠનાર ૬ |
| સરખેડા (સંપ્રતિરાજાની મૂર્તિ) | ભિનમાલ ૬ મં. ૬૪૫ મૂ. | ફલોધી ૪૭ |
| સાણંદ શાન્તિ. | મોદિરા ૪ મૂ. | મેડતા ૧૧/૧૩મં. ૧૧૩૯મ. |
| ખુરંજ ૨ મૂ. | જાર ૨૦૪૧ મૂ. | આનન્દપૂર ૨ મં. ૧૩૭ મૂ. |
| વીરમગામ ૫૭ મૂ. | સોવનગિરિ ૩ મં. ૮૫ મૂ | જયતારણ ૨ મં. ૨૯૩ મુ. |
| માંડલ ૨૭ મૂં. | ધ્રુણાલી ૮૪ મૂ. | આણવા ગીડવા) ૮,, |
| પંચાસર | પુનાસિ ૨૬ મૂં. | દેવલી ૨,, |
| શંખેશ્વર ૧૪૨ | જોધપુર ૭ મં. ૫૩૭ મૂ. | કાલુપી ૪,, |
| સમી ૨ | મંજેટ ૩ મં. ૪૧ મૂ. | સોજત ૭ મં. ૧૨૩ મૂ. |
| રાધનપુર ૪૦૦ | ગંગાણી ૨ મં. ૯૦ મૂ. | દુધવડ ૪ |
| સોઈ ૩ | બિધાણા ૨૪ મૂ. | વીઠોડા ૮ |
| પારકર ૪ | કાપરડા ૨ મં. ૭૫ મૂ. | બાંતા ૩૬ |
| ભાટુર ૩૦ | પીવાડ ૫૯ | પાંચોટીયા ૩ |
| ધિરપુર ૫મં. ૧૦૦૦ મૂં. | બોરાણે ૧૧ | નીપુરા ૬ |

| | | | | |
|---|---|---|---|---|
| નાડોલે ૯ મં. ૬૯૬ | | ઇંટવાલા | ૧૦ | કાસીન્દ્રે ૧૦ મૂ. |
| ધાણોરા | ૩૬ | વાઘપુર | ૨૦ | આમથલી ૩૬ ગ |
| કુંભલમેર | ૩૬ | કોલરગામ | ૨૮ | મુઠા(ડ) થલી ૧૪૫ |
| સાંદડી | ૯૨૬ | શિવગંજ ૧૧ મં. ૧૪૭૧મૂ. | | રોહ ૩ મં. ૪૮ મૂ. |
| રાણપુર ૫ મં ૨૪૫૩ મૂ. | | નાકોડા ૮ | | સીજેતર ૨,, ૮,, |
| માદલાઉ | ઘાણા | સરોતર ૨,, ૮,, | | |
| નીદ્રડી | ૩ | કિર ૨મં. | | ગોલા ૩૬,, |
| વરકાણા | ૫ | માંડલ ૩મૂં | | વડગામ ૧૦,, |
| વીજોવા | ૫૫ | નાંદ્રોડી | | મગરવાડા ૧૨,, |
| ખીમેલ | ૩૫ | નીજોડા ૩૫ મૂ. | | સિદ્ધપુર ૩ મં. ૧૯૦ મૂ. |
| જાખોરી | ૧૪ | કાચોલી ૪મૂ. | | મેસાણ ૭ મં ૧૧૨ મૂ. |
| પુરાડિ | ૨૫ | સાગવાડે ૧૧ ગ | | કલોલ ૨ મં ૧૫ મૂ. |
| પાલ | ૧૪ | અચલગઢ ૩મં. ૩૫૦ મૂ. | | ૧૯૦ ૫૨ |
| પોસાલે | ૩ | આબુ ૫મં. ૧૪૦૬ મૂ. | | |

શ્રી પાર્શ્વનાથજીના સ્થાનો પં. કલ્યાણસાગરજીએ સંગ્રહેલા છે. શ્રી વિજયપ્રભસૂરિ વખતે કર્યા તેઓશ્રી શ્રી ચારિત્ર-સાગરજીના શિષ્ય હતા,

| | | |
|---|---|---|
| શંખેશ્વર | | |
| શંત્રુજય | પાલણપુર | જાઉર |
| ગિરનાર | સિદ્ધપુર | સમીનો |
| ખંભાત | વડાલી | આહડ |
| ઘોઘા | પોસીના | ઉદયપુર |
| ગાડરીઓ | સાંબલી | દેલવાડા |
| જીરાઉલા | ઈડર | નાગદા |
| સુરત | અહમદનગર | ભૂતાલ |
| મહેમદાવાદ | અમીઝરો | ગોગુંદા |
| આણંદ | કલ્લોલ | ભૂસાણા |
| માંડલ | લોડણ | કરહેડા |
| પંચાસર | સાગરવાડા | અપ્પંદા |
| પાટણ | ડુંગરપુર | ભાનુમતી |
| અમદાવાદ | વટવદ | ચવલેર |
| મ્હેસાણા | વાંસવાડી | પટણા |

| | | |
|---|---|---|
| વધનોર | મંડોવર | અચલગઢ |
| ભડકોલા | જોધપુર | અલવર |
| આગરા | નાગોર | મથુરા |
| નવલકખા | વાડી | માલપુર |
| અહિચ્છત્રા | નીંનાજ | અંટાલી |
| વાણારસી | અજાહરા | ટુંક |
| સમેતશિખર | સોજત | તીડા |
| મોરીલા | પાલી | ઘંટાલી |
| કિશનગઢ | વીલ્હીવાસ | રણથંભોર |
| ભીડભજન | જાલોર | ચેલણવાસ |
| મનમોહન | સરવાડી | વીંઝોલી |
| અંતરીક્ષ | ભિનમાલ | ઠીકરીઓ |
| મક્ષી | ગોડી | ચાણસમા |
| રામપુર | વીજોવા | ગુઆલ |
| માંડલગઢ | વરકાણા | દોલતાબાદ |
| મેડતા | સાદડી (૩ મૂ. | ચંપાપુર |
| ફલોધી | રાણપુર | બાહમેર |
| નાગોર | સેસલી | કલિકુંડ |
| વિક્રમપુર | સીરોહી | મેરુ |
| જેસલમેર | વીકાનેર | રુચક |
| તીવરી | આબુ | નંદીશ્વર |

શ્રી સૌભાગ્યવિજયજીએ ૧૭૪૬માં આગરે ચોમાસું કર્યું. તે વખતે ચોમાસા પછી ત્યાંથી યાત્રા કરવા નીકલ્યા તેનો નકશો ૧૩મી મીઢાલના દુહાઓથી માલમ પડે છે કે તેઓએ બધે પૂંજા રચી છે.

આગરા ચિંતામણિજી (૧૬૩૯ શ્રી હીરસૂરિ પ્રતિષ્ઠિત) શ્રેષ્ઠી માનસિંહ

ચઉમુખ (ચંદુપાલકારિત)

સીમંધરમંદિર હીરાનંદ મુકીમ

સંકટભંજન પાર્શ્વમંદિર

વાસુપૂજ્યમં. મોતીકરકલે

ફીરોજાબાદ

૧ (ચંદાવાડી) ચંદ્રપ્રભુ.

૩ સકુરાબાદ

કોરટા

જહનાબાદ

કહીમાણિકપુર

દારાનગર (જયચંદકોટ)

શાહિજાદપુર ૧ મં. (ઉપાસરાની મસીત)

૩ મહુવ

૯ કોસંબી ૧ મં.
૧૫ પ્રયાગ (ઈલ્લાવાસ) (રાયકલ્યાણઉત્થાપના)
૪૦ કાશી ઝુસીઘાટથી ૧૬૪૮
ભેલુપુરા ૧ મં. પાર્શ્વ ઓરંગરાજ્યમાં ફોક થવું
૩ સીંહપુરી
ચન્દ્રપુરી (ચંડમાધવનામ)
કર્મનાશા
સહસરામ
સોવનભદ્રા (વીરવસ્ત્રાવલગન)
૮૦ પટના
૩ ફતુઓ
૫૦ વૈકુંઠપુરી
૧૦ ચાઉ (૧ મં. ગંગાનગદહેરી, ભગવંતદાસ શ્રીમાલી)
૩૦ વેજનાથ,
૧૦ ભાગલપુર ચંપા ૧ મં. રણસ્તંભ કર્ણકોટ
૧૬ મક્ષુદા મંદાર ૧ મં.
વયરાડી ૧ મં.
ચિતગંત (નવલાખ કામરૂદેશ)
રાજમહલ
૧૫૦ મક્ષુદાબાદ (ષડગવંશીઓસવાલ)
કાસીમબજાર
બકલેસર
પંચેટ
બિંદા જીર્ણબિંબ
ઝરીયા, માટસરો રઘુનાથરાજા
કતરાસ, કૃષ્ણસિંહ
રઘુનાથપુરો ૨ કોશસમાન ભૂ.
૭ સમેતગિરિ, વસંત સીતાનાલ ભુમિગૃહમાં બિંબ, ગોમડ. રાત્રિવાસ, પછી તલાટી
ઋજુવાલુકા (દક્ષિણે) (આવ્યાં
મુર્શીદાબાદ
ચંપા
પટના (ચતુર્માસ)
૫૦ ભદ્દિલપુર દુતારા (ગયા-ફલ્ગુ)
ગયા
૩ બોધગયા
૧૬ ભદ્દિલપુર ૧ પાર્શ્વ સપ્તફણીપાસ
પૂનાયા વીરપાદુકા કીલકકર્ષણ
૧૧ રાજગૃહી
વૈભાર ૫૨ મં. ૧૧ ગણધર
વિપુલ ૮
રત્નગિરિ ૩
સુવર્ણગિરિ ૧૬
ઉદયગિરિ ચોમુખ ૧
૩ ગુણશીલ ગુણાયા પૂર્વ
૫ નાલંદો ૧મં. ૧થૂ. ઉત્તર વડગામ ગૌતમ કેવલ પાત્રાખાન
૩ પાવાપુરી (પાવા-પુરી) (દીવાલી ઉચ્છવ)
વિહાર તુંગિયા
૨૬ ક્ષત્રિયકુંડ ૧ મં. તલેટીયે મથુરાપુર
૮ કોશ બેઉપર નગર
૨ માહણકુંડ ૨ મં.
૪ કાકંદી
પટના (ચોમાસું)

૫૦ સીતામઢી ૨ પાદુકા
૧૪ જનકપુર (ત્રિહુત્તદેશ (ટીકી)
વાણારસી
૬૦ અયોધ્યા
૩૦ સાવત્થી ૧મં (કોનાગામ)
ગોરખપૂર
૨૫ કાકંદી ૧ પા. (સુવિધિ જન્મ)
અયોધ્યા
૭ રત્નપુર (રોઈનાઈ)
કંપિલપુર (પિટિયારિ નદી)
સોરીપુર (ઉત્તર ચંદનવાડી પ્રતિમા)
અહિચ્છત્તા (આગ્રાથી ઈશાન, કુરુ જંગલમાં)
દિલ્લી
૪૦ હત્થિણાપુર, ૩ થંભ
શત્રુંજય
લલિતાસર, ઋષભપાદુકા
કડખ, નેમિપાદુકા
સૂરજકુંડ
ભીમકુંડ
મરુદેવા ટુંક (સવાસોમજી)
અદબુદ
મોક્ષબારી
સહસ્રકૂટ
ચેલણાતલાવ
ઉલખાઝોલ
સિદ્ધવડ
ગિરનાર, સહસાવન
ઘોઘા
મહુઆ
દીવ
અજારો
દેવપત્તન
વેલાકુલ
નવાનગર
પોરબંદર
ખંભાત (થંભણપાસ, કંસારિ)
રાજનગર (અમદાવાદ - બીબી ચિંતા-મણપાર્શ્વ)
ઈડર, સેરીસા, ગોડી, અમીઝરો
તારંગા, સંખેસરા
નરોડા, પંચાસરા
ભરુચ
સુરત
આરાસણ
આબુ
અચલગઢ
વસન્તપુરી (જીર્ણ મં. આર્દ્રકાયો.)
બામણવાડ, વીર
શીરોહી, ઋષભ
રાણકપુર (નલિનીગુલ્મ)
ગાણોરી
સોવનગિરિ
વરકાણા પાર્શ્વ
નાડલાઈ, નેમ.
ભિનમાલ, પાર્શ્વ૦

| | |
|---|---|
| જોધપુર | મથુરા |
| મંડોવર | ભંકોલી |
| ફલવર્ધિ | ગ્વાલીયર (બાવનગજાઋષભદેવ) |
| મેડતા | લાહોર શાન્તિ (જહાંગીર ૧૦ સ્નાત્ર) |
| જેસલમેર | ઉજ્જયની (અવન્તી પાર્શ્વ) |
| વીકાનેર | મગસી (પૌષદશમીનો મેલો |
| ઉદય - ૨ | માંડવગઢ, સુપાર્શ્વ |
| ઋષભદેવ | માણિકયસ્વામી (નર્મદાપાર) |
| દેલવાડા | અંતરીક્ષ |
| કરહેડા પાર્શ્વ | બિજાપુર |
| ચોલેર | તુંગગિરિ |
| માલપુર | માંગીતુંગી |
| સાંગાનેર | ગોમટસ્વામી |
| અલવર | બિલડલ (ઋષભદેવ) |
| દિલ્લી (મહાવીર) | ૧૬૪૧માં ફતેપુરમાં અકબર બોધ |
| | ૧૭૫૦ પૂરીકરી વિજયરત્નરાજ્યે |

સંવત ૧૭૪૬માં મુનિ શ્રી શીલવિજયજીએ જે તીર્થમાલામાં દેખેલ અને સાંભલેલ તીર્થોની યાદી કરી છે તેનો નકશો.

| | |
|---|---|
| શત્રુજય ગઢમાં ૩૬૬ મંદિર | આદિપુર. પાજ આદિબિંબ |
| સૂરજકુંડ | ઘોઘા નવખંડા જીરાવલા ચંદ્રપ્રભુ |
| રાયણપાદુકા | ગિરનાર નેમી અમીઝરો |
| અદબુદ | કંચણબલાનક |
| ખરતરવસહી | સહસાવન |
| ચૌમુખ | લાખાવન |
| ઉલખાઝોલ | ગજપદકુંડ |
| સિદ્ધવડ | જુનાગઢ અઝારાપાર્શ્વ |
| શત્રુંજીનદી | ઉન અમીઝરો |
| પાલીતાણે આદીશ્વર | દીવ |

ચોરવાડા નવલખા
દ્વારામતી
ભુજ પાર્શ્વચિંતામણી
સોપારા
દેવકી
વીતભયપાટણ, વીર
નવાનગર
સિંધદેશ ગૌડી
સાચોરપાર્શ્વ
થરાદ
રાધનપુર
ધણધાર
ભીલડીયાજી
જાલોર (વબજગસંઘવી)
ભિનમાલ, ભયભંજન
પાલણપુર, પાર્શ્વ.
મગરવાડા (માણિભદ્રયક્ષ)
ખેરાલું આદિદેવ
તારંગા અજિતનાથ (કુમારપાલ)
અમનગર
વીજાપુર
સાવલી
ઈડર (શત્રુંજય, ગિરનાર)
પોસીના પમં.
આરાસણ (વિમલ)
ઉંબરણી
દેવદ્રહ
ચંદ્રાવતી (વિમલવખતે ૧૮૦૦ મંદિર)

સાંતપુર
તડતોલિ
સાંગવાઠ
ભારયા
કાછોલી
આબુ વિમલશા લૂણિવસહી
ઋષભ નેમનાથ
૫૬ ક્રોડ ૧૨-૧૮ શ. ૧૨ ॥ ગિ
ખરતરવસહી પાર્શ્વનાથ
ભીમવસહી નષીસરોવર
અચલગઢ (માંડવગઢના રાયસિરે ૧૪૦૦ મણ ૧૨૯-૧૦ ઘડી હેમશા.
ભાણવસહી-કુમારપાલ નેમિ૦

હણાદ્રા પાર્શ્વ
જીરાઉલા
મડાર
રામસેણ આદિદેવ
નીબજ ,,
સ્યાકર પાર્શ્વ
સીરોધી ,,
કાલધરી પાર્શ્વ
બુઆદી પાર્શ્વ
ગોહિલી પાર્શ્વ
મણાઉદ
લાસિ
કોરટા વીર
વાગસેન (વિમલાદિપ)

| | |
|---|---|
| સીરોહી | (આદિનાથ અજિત જિરાઉલો શંખેસ્વર ચોમુખ ૧૬૯૦ મેહાજલસીપાસ) |
| કાસીંદે | યુગાદિ, વીર |
| દયાણા | વીર |
| લોટાણા | આદિદેવ |
| વસન્તપુર | આદ્રિકા શાન્તિનાથ |
| વીરવાડ | ધર્મનાથ |
| અજારી | વીર. શારદા |
| નાણા | ” |
| નાંદીયા | ” |
| બામણવાડા | ” |
| બેહડા | સંભવનાથ |
| રાતાવીર | |
| દાદાપાર્શ્વ | |
| સસલી પાર્શ્વ | |
| સિણવાડા | |
| સાદડી, પાર્શ્વ | |

રાણપુર ચૌમુખ ધરણો ૧૪૪૬ સોમસુંદર શત્રુંજયસંઘ ૫૨-સંઘ

દેસૂરી યુગાદિ

ઘાણોરા વીર

નડુલાઈ ૯ મં.

નાડુલ પદ્મ

વરકાણા પાર્શ્વ

જાલોર પાર્શ્વ. વીર.

શિવાણી

મંડોવર

ગઢિ

સોજત

જૈતારણ

ફલોધી

ગંગાણી પદ્મ.

જોધપુર

મેડતા

પાલી

ઓસિયા પાર્શ્વ

બાહડમેર

વકાનેર

જેસલમેર આદિ અજિત પાર્સ્વ

નાગોર વીર (૧૭૪૬)

અહિચ્છત્રા પાર્શ્વ)

આગ્રા (ચિન્તામણિ)

દિલ્લી વીર

ચંદવાડી નેમ.

મથુરા નેમ.

બનારસી

ભીલુપુર

પ્રયાગ

સિંહપુરી

ચન્દ્રપુરી

હાજીપુર પટના (સ્થૂલભદ્રજન્મ)

રાજગૃહ મુનિ. (પાંચપર્વત)

મિથિલા મલ્લી.

ચંપા વાસુ.

અયોધ્યા

ભદિલપુર શીતલ૦
જંબાગામ (ઋજુષા)
સોનભદ્રા
સંમેતાચલ પાર્શ્વ.
પાલગંજ (ઝાડખંડ)
ક્ષત્રિય કુંડ } વીર
માહનકુંડ }
પાવાપુર (પાત્રાખાન)
કંપિલપુર વિમલનાથ
ગુહબર
ગજપુર કુન્થુનાથ
કોશાંબી પદ્મ.
અલવર
રણથંભોર રાવણપાર્શ્વ
ગ્વાલીયર બાવનગજા
સાંભર
બુંદી
આમેર
ટોંક
ટોડા
અજમેર
માલપુર
સાંગાનેર
કુંભલમેર
ગોગુંદા (નવપલ્લવ)
નાગદા
દેલવાડા (ઘણા મંદિર શત્રુંજય ગિરનાર)
રાજસાગર (દયાલશા ચૌમુખ)

ઉદયપુર શીતલ૦ આદિ
જાઉર શાન્તિનાથ
ઋષભદેવ
જવાસ
ડુંગરપુર
વાંસવાડા
આહડ ધર્મનાથ
કરહેડા પાર્શ્વ.
સાદડી
ચિતોડ યુગાદિ પાર્શ્વ
મંદસોર
રામપુર
રતલામ
સિરોજ
ચંદેરી
મક્ષીજી પાર્શ્વ
કુકડેશ્વર ”
અવન્તી ”
ઉજ્જેન ”
માંડવગઢ સુપાર્શ્વ, આદિ વીર
સંગ્રામસોની
માંધાતા
બરહાનપુર પાર્શ્વ૦
(માણિકસ્વામી આદિ યાત્રા સંવત્ ૧૭૩૨માં કરી.)
મલકાપુર શાંતિ
દેઉલ નેમિ.
શ્રીપુર (અન્તરીક્ષ)

| | | | |
|---|---|---|---|
| બાસિમ અમીઝરો | | બનોસી | |
| એલચપુર | | (૩) શીતિ | |
| કારંજા | ૧૭૦૭ દિગંબર યાત્રા | રૂપાહગઢ | |
| મુગતાગિરિ | | બાણગંગા | |
| સિંધખેડ | | કિશનેર | |
| આંબા | | દેલતાબાદ | |
| પાતૂર | | આરંગાબાદ શાંતિ૦ વીર૦ | |
| ઓસાબુદગિરિ | | ઈલોરા | |
| કલ્યાણ | | દાનગિરિ પાર્શ્વ૦ | |
| ભાવનગર | | નાસિક સુવ્રત૦ | |
| ગુલકુંડા | (ઓસવાલ દેવકરણ) | ત્ર્યંબક | |
| કુલપાક | માણિકસ્વામી | નંદરબાર | |
| ગંજીકોટી | (શંકરરાજા) | નીઝર | |
| સિકાકોલી | | ધનોર | અજિત |
| ચંજી | | ચીખલી | |
| ચંજાઉરી | | વઉઝાલ | |
| બાલી | | ગણદેવી | પાર્શ્વ - વીર- આદિ |
| જિનકાંચી | (કાબેરીનદી) | મહુઈ | પાર્શ્વ |
| શ્રીરંગપટ્ટન | (આદિ-ચિન્તા-વીર) | નવસારી | |
| ગોમઠ (૧૨ કોશ) | બાહુબલી. | સુરત | ચિન્તામણિ૦ |
| બેલગુલા | વાસુ ૨૩ મં. | | સૂરજમંડન |
| કનકગિરિ | જ્વાલામાલિની | | જીરાવલી |
| અંજનગિરિ | શાન્તિ | | ઉબરવાડી |
| મલબાર | | | આદિનાથ |
| કલિકોટ | ૧ મં. વ્યાપારી ગુજ | રાંદેર | ઋષભદેવ |
| શુભરમણ | | હાંસોટ | |
| બદરી | ૬ મં. | અંકલેશ્વર | આદિ. |

| | | | |
|---|---|---|---|
| ભરૂચ | સુવ્રતઆદિ<br>કસારપાર્શ્વ<br>સમલીવિહાર<br>આમ્રદેવ ૩૨ સોનૈયા | | દાનશાલા મોઢેર મન્દિર<br>શેઠ શાન્તિદાસ સદાસોમ<br>(વસ્તુપાલવંશે) ૫૦ હજાર<br>શ્રાવકઘર |
| વડુ | મહાવીર | કપડવંજ | |
| સેનાપુર | આદિ. | સાણંદ | |
| રાજપીપલા | | વીરમગામ | |
| ડભોઈ | પાર્શ્વ. | શંખેશ્વર | |
| વડોદરા | દાદાપાર્શ્વ૦ | સેરીસા | |
| ચાંપાનેર | નેમિ૦ | મહેસાણા | |
| ગાંધાર | | કડી આદિ. | |
| કાવી | ૨ મં. કુંવરજી પોરવાડ | વીસનગર | |
| ખંભાત | સ્તંભનાદિ તેજપાલ ૧ શત્રુંજય | વીજાપુર | |
| | શિખર ૧૭૨૨ શત્રુંજયસંઘ | વડનગર | |
| સોજિત્રા | | સીધપુર | |
| માતર | | પાટણ ગંચાસર ૧૨૦ મં. | |
| મેમદાવાદ | | ચારુપ (૧૭૧૧-૧૭૧૨ પૂર્વયાત્રા ૧૭૨૧ ને | |
| બારજા | | ૧૭૩૮ દક્ષિણકૃત | |
| ધોલકા | યુગાદિ-પાર્શ્વ | દિલ્લી છંદુ ઝવેરી | |
| અમદાવાદ | ૧૦૮ ચૈત્ય (૧૬૮૭ દાનશાલા) | હીંગલાજ | |
| | ૧૮ સંઘ શિખરજી સંઘ | ૩૦૦ | લાહોર |
| | ૧૮૦૦૦૦ ખરચ ૧૭૦૪માં | ૧૫૦ | મુલતાન |

તેઓએ સંવત્ ૧૭૧૧ને ૧૭૧૨માં પૂર્વની યાત્રા કરી છે ને ૧૭૨૧ તથા ૧૯૩૮માં દક્ષિણની યાત્રા કરેલ છે એમ તેઓ દક્ષિણની યાત્રાને અન્તે કહે છે.

---

શ્રીજ્ઞાનવિમલજીએ ૧૭૫૫માં સુરતથી સંઘ સાથે ચાલી છ માસ સુધી જે યાત્રાઓ કરી તેનો નકશો (દાદો, વર્ધમાન, વિશાલ એ ત્રણેએ ઓરીસામાં ચોથું વ્રત લીધું. સામજીએ ઈન્દ્રમાલ પ્હેરી)

| | | |
|---|---|---|
| સુરત | કુન્થુનાથ | ભરૂચ ૯મં |
| પાર્શ્વચિંતામણી | ઋષભ | કલ્હારાપાસ |
| ધર્મજિન | શાન્તિ | ઋષભદેવ |
| નેમનાથ | રાંનેર (નેમ૦ ૯મં) | મુનિસુવ્રત (અપૂર્ણ) |

(અનુસંધાન પેજ નં. ૧૨૧)

# નવા છપાતા ગ્રન્થો

કર્મગ્રન્થકાર આચાર્યપુરંદર શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વર વિરચિત અને તેમના જ શિષ્ય શ્રીમદ્ ધર્મઘોષ સૂરીશ્વરજીની ટીકાથી વિભૂષિત અપૂર્વ.

**સંઘાચારભાષ્ય.**

(સટીક)

તપાગચ્છનાયક કર્મગ્રંથકાર શ્રીદેવેન્દ્રસૂરીશ્વર રચિત અને પોતાની જ ટીકાથી વિભૂષિત.

**શ્રીશ્રાદ્ધદિનકૃત્ય.**

(બૃહટ્ટીકાવિભૂષિત)

નવાંગીવૃત્તિકૃદભયદેવ સૂરીશ્વરકૃતવૃત્તિથી વિભૂષિત

થયેલ પંચમાંગ

**શ્રીભગવતીસૂત્ર.**

ભા. ૨-૩

(જેનો ૧લો ભાગ મુદ્રિત થઈ ગયો છે.)

સમરાદિત્યસંક્ષેપકર્તા શ્રીમાન્ પ્રદ્યુમ્નસૂરિએ કરેલી વૃત્તિથી શોભા પામતું.

**શ્રીપ્રવ્રજ્યાવિધાનકુલક**

(સટીક.)

(ટુંક સમયમાં બ્હાર પડશે.)

મલધારી પૂજ્યપાદ હેમચંદ્રસૂરીશ્વરજીના વિવરણથી શોભિત સ્વરચિત ગ્રન્થ.

**ભવભાવના**

(ભા.૨)

(જેનો પ્રથમ ભાગ મુદ્રિત થઈ ગયો છે.)

મહોપાધ્યાય વિનય વિજયજી મહારાજકૃત ટીકાથી

**અલંકૃત**

**કલ્પસૂત્ર (સુબોધિકા)**

અનેક જૈનપૂર્વાચાર્યોએ પોતાની લેખિનીથી લખેલ પ્રકરણોથી ઓપતો.

**શ્રીસંસ્કૃતપ્રાચીનપ્રકરણસંગ્રહ** (જેની અંદર તત્ત્વાર્થ, અષ્ટક (૨) ષડ્દર્શન (૨) આદિ ૧. ગ્રન્થોનો સમાવેશ થાય છે.)

પૂર્વાચાર્ય વિરચિત.

**કલ્પસમર્થન.**

જેને આધારે કે પછી ચાલુ બધી ટીકાઓનો ઉદ્ભવ થયો છે તે કલ્પસૂત્રનું વિવરણ કરતો ગ્રંથ.

શ્રીમદ્રાજશેખરસૂરિવિરચિત.

વિનોદને માટે અનેકવાર્તાઓથી ભરપૂર

**કથાકોષ**

આચાર્યપુરંદર શ્રીમદ્હેમચંદ્રસૂરીશ્વરમહારાજની લેખિનીથી લખાયેલ.

૧ **શ્રી ભવભાવના** — મૂલમાત્ર

૨ **શ્રીપુષ્પમાલા.** — મૂલમાત્ર.

આ બન્ને ગ્રંથો નીચે સંસ્કૃત છાયા પણ મૂકવામાં આવી છે.

# શ્રી સંઘ-પૂજન

## યાને

# શ્રી સંઘ ભગવંતોનો મહિમા

તેણે પોતાનું ધામ પવિત્ર કર્યું, તેણે કુલ અજવાળ્યું, જાતિ દિપાવી, દુર્ગતી છેદી, ચંદ્રમંડળમાં પોતાનું નામ લખાવ્યું, દુઃખને જલાંજલી અર્પી, સ્વર્ગ સુખ મેળવ્યું કે જેણે મોક્ષ સુખ રૂપ ચિંતામણી સરખા સંઘનું પૂજન કર્યું.

આ સંઘ જેમ રત્નોનો રોહણગિરિ, તારાઓનું આકાશ, કલ્પવૃક્ષનું સ્વર્ગ, કમલોનું સરોવર જલનો સમુદ્ર, તેજનો ચંદ્ર, આધાર છે તેમ ગુણોનું સ્થાન છે. એ વિચારી ભગવાન્ સંઘની પૂજા કરો.

ભગવાનને નમનીય એવો શ્રી સંઘ મારા આંગણાની ભૂમિયો પોતાના ચરણ કમલની રજથી પવિત્ર ક્યારે કરશે?

મનોહર સ્વર્ણધારા તેના ગૃહવિષે પડી, પ્રવરમણિનું નિધાન તેના ઘરમાં સ્થાન પામ્યું, તેને ઘેર કલ્પવૃક્ષ ઉગ્યું, કે જેનું ઘર શ્રીસંઘે ઘણીજ ખુશીની સાથે સ્પર્શ કરી પાવન કર્યું.

તેનાજ આંગણામાં કલ્પવૃક્ષોની શ્રેણીઓ છે, તેનાજ હાથમાં ચિંતામણિ છે, તેનેજ ઘેર કામધેનુ ઉતરી છે. ત્રણે જગતની માલીક સમાન લક્ષ્મી તેનુંજ મુખ જુવે છે કે જેને ઘેર ગુણવાળો સંઘ પધારે છે.

જેની ભક્તિનું ફળ અરહિંતાદિ પદવી છે, (ચક્રવર્તિત્વ અમરત્વ તો ખેતીમાં ઘાસની જેમ ફળદાયક છે.) જેનો મહિમા બૃહસ્પતિ પણ નથી ગાઈ શકતા, તે પાપને હરનાર એવો શ્રી સંઘ સ્વચરણોથી સજ્જન પુરૂષોનું ઘર પાવન કરો.

જે સંસારને નિરાસ કરવાની બુદ્ધિવાળો થઈ મુક્તિને ઈચ્છે છે, પવિત્ર હોવાથી જેને તીર્થ કહેવાય છે, જેના સમાન કોઈ નથી, જેને તીર્થંકર ભગવંતો પણ નમસ્કાર કરે છે, જેનાથી કલ્યાણ થાય છે. જેની અત્યંત સ્ફૂર્તિ છે જેની અંદર સર્વ ગુણો રહેલા છે તે શ્રીસંઘ પૂજાઓ.

"સૂક્તમુક્તાવલી"

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

અज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { જાન્યુઆરી ૧૯૩૮
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૬ - ૭ {



તંત્રી

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

( ટાઈટલ પા. ૩થી ચાલુ)

મુખ્ય રસ્તોજ સંયમ એટલે ચારિત્રજ છે અને શાસ્ત્રકારો ચારિત્રનેજ ધર્મરૂપે ગણી નમોત્થુણં (શક્રસ્તવ)ની અંદર ધમ્મદયાણં વગેરેમાં ધર્મશબ્દથી ચારિત્રધર્મજ લે છે, એટલું જ નહિ પરંતુ દેવતા અને નારકીની ગતિમાં ક્ષાયિક જેવાં સમ્યક્ત્વ, અને અવધિજ્ઞાન જેવાં જ્ઞાનો છતાં, પણ તે આખી ગતિને ધર્મ રહિત સ્થિતિમાં જ ગણે છે. એવા મોક્ષના પ્રબલ કારણરૂપ સંજમને આદિમાં આચરનાર અને જગત્‌ના જીવોને તે મોક્ષની પ્રાપ્તિ માટે તેજ સંજમને દેખાડનાર અર્થાત્ મોક્ષનો માર્ગ જે સંયમ તેને અંગે કથની અને કરણીમાં એકરૂપે તો શું? પરંતુ ઉચ્ચતમરૂપે વર્તનાર જો કોઈ આદ્યપુરૂષ હોય તો તે માત્ર ત્રિલોકનાથતીર્થંકરભગવાનોજ છે. અને તે ત્રિલોકનાથે દર્શાવેલા સંયમમાર્ગમાં સતત પ્રવૃત્તિશીલ જેઓ હોય અને બીજા દેશવિરતિ અને અવિરતિ જીવોને સંયમમાર્ગમાંજ લાવવાને કટિબદ્ધ થયા હોય, તેવાઓજ લોકોત્તરમાર્ગમાં ગુરૂતરીકે મનાય છે. અને તેજ મોક્ષનો મુખ્યમાર્ગ જે સંયમ જેને અણગાર ધર્મ કહેવામાં આવે છે, અને તેજ અણગારધર્મની પ્રાપ્તિને માટે પ્રાથમિકશાલારૂપ તાલીમરૂપ કે ક્વાયતરૂપ એવો જે દ્વાદશવ્રતરૂપી અગારધર્મ તેનેજ ધર્મ માનવામાં આવે છે. આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે લોકોત્તરમાર્ગમાં દેવ ગુરૂ કે ધર્મ કોઈની પણ માન્યતા કરનારો સાચે હોય તો તે ત્યાગધર્મની તરફ દ્રષ્ટિ રાખ્યા વિાય રહી શકેજ નહિ. ભોગ-પ્રેમ-સુખ-વાત્સલ્ય વિગેરે વસ્તુઓ લૌકિકધર્મને અંગે ભલે મુખ્યભાગ ભજવનારી હોય, પરન્તુ લોકોત્તરમાર્ગમાં તો પહેલા પગથીયાથી છેલ્લા પગથીયા સુધી ત્યાગ ત્યાગ અને ત્યાગજ ઉચ્ચધ્યેય તરીકે હોય છે. સુપાત્રદાન-સાધર્મિકભક્તિ અને દેવપૂજા વિગેરે કાર્યોનું મૂલધ્યેય તો સંયમની પ્રાપ્તિ અને ત્યાગના માર્ગમાં આવવું તેજ છે, માટે લોકોત્તર માર્ગના પહેલા પગથીયે આવનારે ત્યાગનું લક્ષ્ય રાખવું પડે છે, જ્યારે લૌકિકમાર્ગના ઉંચામાં ઉંચે પગથીયે રહેનાર અને પામનારને પણ ત્યાગની દુષ્કરતા લાગે છે. આ દૃષ્ટિએ લૌકિકમાર્ગ અને લોકોત્તરમાર્ગની ફરક સ્હેજે સમજી આત્મકલ્યાણના ઈચ્છુકોએ લોકોત્તરમાર્ગમાં પ્રવૃત્તિ કરવા પ્રયત્ન કરવો એજ શ્રેયસ્કર છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## તીર્થયાત્રા-સંઘયાત્રા (ગતાંકથી ચાલુ)

| | | |
|---|---|---|
| સત્તરિસયયંત્ર | માદલપુર | વીસલપુર |
| વડગામ વીર૦ | અગર વગરી | રાતાદેવ |
| ગંધાર { વીર૦ | બેરૂ | નાણા |
| ગંધાર { ઋષભદેવ | વલાણ | બહેડા |
| ગંધાર { ૩ ભોંયરામાં | દૂઝાણા | કોરટા |
| કાવી-૧મં. | સાંડેરા | નાંદીયા |
| સાણંદ ૫ દ્મપ્રભ | ખીમેલ | લોટાણા |
| ગોધાવી | વીઝોવા | સત્તુજની |
| ગોરજ | વરકાણે | ભીર |
| વીરમગામ | નાડોલ ૩ મં. | અજાહર |
| ભોજુઆ | નાડૂલાઈ | વીરવાડ |
| માંડલ (ગાડરીઓ પાસ) | દેસૂરી | બંભણવાડ |
| મુજપુર (ઝોટીંગો પાસ) | ઘાણેરાવ | |
| સમી (વીર-પાર્શ્વ-શાન્તિ) | સાદડી | ઘાણા |
| શંખેશ્વર (સંવેગી) | રાણપુર (ધરણ, ત્રિભુવનતિલક | શીરોહી (આદિચૌમુખ) |
| સોહી (અભયકુમારના નાનાની | સહસ્રકૂટ પંચમેરુ | અજિત૦ |
| મૂર્તિઓમાંથી આ એક છે) આદિ. | ભૂમિહર ૫ મંદિર | કુન્થુ૦ |
| ભરડુઆ (ખંભાતનો સંઘ | માદડી | જીરાઉલો |
| ગૌડીયાત્રા | રાજપુર (ચેવલીયે પાસ) | ગોહીલી |
| થરાદ | બોઈઆ | હમીરપુર |
| સાચોર (વીરપ્રતિષ્ઠા ૪ મં.) | પાલ્હડીઉં | શીરોડી |
| પુનાસા શાંતિ. | વાઘસણ ૨મં. | પાલડી |
| ભિનમાલ ૪મં | પાલ્હડી | હડાદરું |
| ધાણસા | કોલ્લર | આબુ |
| મોદરા | ચેવલીયા | વિમલવસહી |
| જાગિર | સેવાડી | લુણિગવસહી |
| સોવનગિરિ | વીજાપુર | ભીમચૈત્ય |

| | | |
|---|---|---|
| ત્રિભુવનશેખર | શાન્તમ | પાલણપુર |
| ખમણાદેઉલ | ઓરીસા ૧ મૂ. | લાલપુર |
| ૧૦૮ મૂ. | મઢાડી | સિદ્ધપુર |
| અચલગઢ ૧૪ મૂ. | મઝારી | તારંગા |
| ગણ ૧૪૦૦ | બ્રહ્માણી | મેશાણા |
| ૭મૂ. આરસ | દાન્તિવાડા | રાજનગર |

શ્રીમેરૂકીર્તિએ શાશ્વત તીર્થમાલા કરતાં જે અહીંના તીર્થો જણાવ્યાં છે તેનો નકશો.

| | | |
|---|---|---|
| સમેતશિખર | ચોરવાડા | આરાસણ |
| અષ્ટાપદ | મંગલોર | માંડવ |
| શત્રુંજય | બાલાગામ | કુલપાક |
| સોપારા | જૂનાગઢ | સુરત |
| રેવતાચલ | બરેજા | ભરુચ |
| પાવા. જીરાવેલી | અહિપુર | નવસારી |
| રાયણપુર કલ્પ | ઢીલી | સારદ |
| સાચોર | સરસ | કાવી |
| થંભણ | મથુરા | વણથલી |
| ઘોઘા | વડનગર | સારી |
| મહુઆ | સંખેસર | ખેડજ |
| દાઠા | સેરીસો | નગરકોટ |
| ઉના | તારંગા | દેલવાડા |
| દીવ | પંચાસર | ચિત્રકૂટ |
| દેવપત્તન | ચારૂપ | તલવાડ |

શ્રી કૃપાવિજયજી શિષ્ય મેઘવિજયજીએ શ્રી વિજયપ્રભસૂરિજીની વખતે શ્રીપાર્શ્વનાથજીની નામમાલા કરી છે, તે આ પ્રમાણે (આની રચના દીવબંદરે ૧૭૨૧માં થઈ છે.)

| | | |
|---|---|---|
| શંખેસર | દીવ (નવલખા) | માંગરોલ (નવપલ્લવ) |
| અજાહર | દેવપાટન (દાદો) | વલેજ |

| | | |
|---|---|---|
| અમીઝરો | કલહારો | સાદડી |
| ઉન | જીરાવલો | માદા |
| વઉતેજો સપ્તફણો | ડોકરીયો | વાંકલી |
| વિમલાચલ | ગાડરિઓ | જારવોરા |
| ગિરનાર | સેરિસા | છેછલી |
| ફતેપુર | ચોડવાડ | અણાંદી |
| કુકુંમરોલ | પાલ્હવિહાર | કાછોલી |
| ઘોઘે (નવખંડ) | સાચોર | કરજૂ |
| હર્ષકલ્લોલ | ભિનમાલ | ધૃતકલ્લોલ |
| થંભણ | પોસીના | ઝોટિંગો |
| લોટણ | ચારૂપ | ચેલણ |
| ભીમો | જાલોર | કાપરડો |
| મોઢેરા | મંડોવર | અહિછત્ર |
| સહસફણ | ફલોધી | ભડકલ |
| ચિન્તામણિ | વરકાણા | ચવલેસર |
| વિજયચિન્તામણિ | વાડીપાસ | ચિલોડા |
| પંચાસર | નાગોર નવરેષ | સામલો |
| તારંગ | બિકાનેર | સંકટભંજન |
| | તીવરી | રાવણ પ્રભુ |
| કોકો | વિઘ્નહરો | કરહેડા |
| નવરંગ | ચાચોલો | માંડણ |
| કંસારી | નાકોડો | આણંદ |
| ચાણસમો | ઉઘમણો | સમીના |
| ભટેવા | સોમચિંતામણિ | નાગહૃદ |
| ખતલવસઈ | દેલવાઢા (દેવમણિ) | કુકડેસર (ભયહર) |
| ભીડભંજન- સુરત | નિંબાજ | રામપુર (અભિરામ) |
| ગૌડી | બિંબાલા | ઉજ્જયની (અવન્તી) |
| વડોદા | નિંબૂયાડી | પરેડા (માઢ) |

| | | |
|---|---|---|
| માંડવ (સુંડાલો) | શ્રીપુર (અંતરીક) | આરપુર |
| વડાલી (દુધાધારી) | જેસલમેર (મનમોહન) | ઈડર |
| મહી (મહિમામંદિર) | કલિકુંડ | ઉદયપુર |
| મગસી | ઈલોરા | ધવલક |
| વાસિમ (અલોણો) | વડોદરા | નવસારી |
| | | વાણારસી |

## નિર્મલકારકૃત શત્રુંજય વર્ણન

| | | |
|---|---|---|
| પાલીતાણા | ગોમેદ | ઘોડાંચોકી (વસ્તગ) |
| લલિતાસર | શ્રેયાંસ૦ | (સરગારોહ ઋષભનમિવિનમી) |
| નેમિપાદુકા | શાન્તિ૦ | ખરતરવસહી |
| મરુદેવીમાતા | નવા આદીસર | ગિરનારાવતાર } વસ્તુપાલ |
| શાન્તિમંદિર | અનુપમસર | નન્દીશ્વર } વસ્તુપાલ |
| છીપાવસહી | વેશ્યાવસહી | ઈંદ્રમંડપ |
| અનવયણુવિહાર | સરગારોહ | ત્રિલક્ષતોરણ |
| ધર્મસીહકૃત નરસિંહવિહાર | વાઘણપોલ | આદિનાથ (પાંડવકૃત) |
| આદીશ્વર | ખરતરવસહી | પુંડરીક ત્રિબાર |
| યક્ષ | આદિનાથ ગભારે | સામલીયા વિહાર |
| લાધુવસહી સિંહનાદ પ્રાસાદવીર૦ | નેમ૦ | દેસલવસહી |
| ટોટરાવિહાર નેમિ૦ | પાર્શ્વ૦ | વીશવિહરમાન |
| મોલ્હાવસહિ શ્રેયાંસ૦ | પાંચમેરૂ ૮૫ મૂર્તિ | અષ્ટાપદાવતાર |
| બાહડવિહાર શાન્તિ૦ | ચઉરિ નેમિ૦ | સંમેતાવતાર |
| સ્વયંભુ આદીશ્વર, રાજર્ષિકૃત | ત્રણકલ્યાણક ૧૨ મૂ૦ | ખોખાવસહી |
| મરૂદેવી૦ | ગિરનારાવતાર | રાયણસરવ |
| ઋષભ૦ | શાંબપ્રધુમ્ન | આદિચરણ |
| શાન્તિ૦ | થંભણ | સાચોરા વીર૦ |
| નેમિ૦ | ઈંદ્રમંડપ | શંખેસરજી |
| વીર૦ | ૧ દેરી | સોપલવસહી |
| કવડયક્ષ | જયતસીહ (નંદીસર) | અસ્સવબોહ |

સંવત્ ૧૭૨૨માં વિજયપ્રભસૂરિજી વખતે સુમતિકુશલશિષ્ય વિવેકકુશલશિષ્ય વિનીતકુશલે કરેલ શત્રુંજય યાત્રા

જૂનાગઢના વતની સહસવીરના પુત્ર રાજસીએ ૧૭૨૨ પોષ વદિ ૧ પુષ્યગુરૂને દિને સંઘ કહાડયો હતો, સરદાર નવાબખાને પરવાના આપ્યા.

| | |
|---|---|
| વડાલી | (કપૂરચંદ વજપાલ અમરો સંઘપતિ પુત્ર) ઘોઘેથી ૧૫૪ સાધુ સાથે |
| ધોરાજી | શ્રી વિજયપ્રભસૂરિ પાલીટાણે આવ્યા.) |
| મઝેવડી | |
| રાણપુર | |

શ્રી રત્નકુશલકૃતા પાર્શ્વનામાવલી

| | | |
|---|---|---|
| જીરાવલા | સામલા | ધૃતકલ્લોલ |
| નવખંડ | કોકા | સપ્તફણા |
| વરકાંણા | થંભણ | નવફણા |
| રાવણ | ભીડભંજન | નવસારી |
| ગોડી | મથુરા | વિઘ્નહરો |
| નવપલ્લવ | | |
| શ્રીપાલ | અંતરીક્ષ | સહસફણ |
| અમીઝરા | અવંતી | ગારડીઓ |
| ફલોધી | દાદો | ચાવલીઓ |
| લોઢણ | કુલપાક | શુદ્ધદન્ત |
| શંખેસર | કરહેડા | વીહા |
| ચિન્તામણી | દુઃખવિહંડન (ડભોઈ) | ભોગપુલિંદ |
| | | સોમચિન્તામણિ |
| નવરંગા | ભાવઢભંજન | ઉમ્મરવાડી |
| નારંગ | કલિકુંડ | અતીધુઆ |
| મગસી | અઝારા | તવરી |
| પંચાસર | માણિકયસ્વામી | |
| ભાભો | સોપારા | |

## પાટનવાલા રવજીશા પુત્ર કચરા કીકાના રૂપચંદે કહાડેલ સંઘ સાથે સુરતથી મતિરત્ને કરેલ સિદ્ધાચલયાત્રા વર્ણન

ભરતનો સંઘ

સગર

પાંડવો

સમરા (સારંગ) અકબર ગાજીના તરફથી
નવ લાખ રૂપૈયા બાણનાફતે ખાનદ્વારા છોડાવ્યા
૦૦ દાનશાલા
કર્માશા
સુરતથી પ્રેમજી
સુરતથી રૂપચંદ

સુરત

ડુમસ

ભાવનગર ભાવસિંહરાજા (આદિશ્વર) કુંવરજી શેઠ

કાર્તિક વદી ૧૩
લખુજી
લાલદાસ
માંકાસા
મંગલજી
રણછોડ મહેતા
ખાસા ખવાસ
ફરમાન, ખાડ્યા,
લશ્કર સાથે રાજા

વરતેજ

કનાડ (કુંઅર ધન્નો)
પં. ઉત્તમવિજયજી
જોગવિમલ
ખ. દેવચંદજી

જેતો ભાટ

પાલીટાણા

(પૃથ્વીરાજ, કુંઅર નવધન)

હાતરિયા ધર રખવાલ

કુલારાણી

માગશર વદિ ૧૩ યાત્રા સત્તાવાવે સ્નાન,

શકસ્તવ

નેમિદેરી

૧ પર્વ ભરતમુનિ પાદુકા
૨ વિમલચલથલ
૩ ઋષભપુંડરીકપાદુકા
૪ હિંગલાજહડો
૫ જિનવરચરણ

રામપોલ

વાઘણપોર

ચક્કેસરી

કવડયક્ષ

ઋષભવિહાર

રાયણપાદુકા

સૂરજકુંડ

---

ખંભાતથી જીવનશા સંઘ

વેરાવલથી રામચંદ સંઘ

દક્ષિણ મેયરથી શાગલાલ

આંચલિક ઉદયસાગર

તપા સુમતિવિજય

દેવચંદજી

ખ-દીપચંદજી

મતિરત્ન

માનચંદ

લક્ષ્મીચંદ

| | |
|---|---|
| રાજપાલ, | રુપચંદ દેવબાઈ સુ |
| નેમિદાસ, | શ્રીમાલી કીકા કચરા તારાચંદ |
| કસ્તુરચંદ પટણી | ફતેહચંદ ઝવેરચંદ |

## ખીમાએ રચેલ શત્રુંજયચૈત્યપરિપાટી

| | | |
|---|---|---|
| પાલીતાણા (પાર્શ્વ૦) | હોડરાવિહાર (નાભેય) | ખરતરવસતિ |
| લલિતાસર (વીર૦) | મોહલાવસહી (૨૪ જિન) | તિલકતોરણ |
| નેમિચરણ | અનુપમસર | અશ્વબોધાવતાર |
| મરુદેવામાતા | વાઘણપોલ | દેસલવિહાર |
| શાન્તિનાથ (મણુઅવિહાર) | ગિરનારાવતાર | પાંચ પાંડવ |
| પેથડદેઉલ | ઈન્દ્રમંડપ ૭ દેરી | અષ્ટાપદ |
| અદબદજી | નન્દીશ્વતાવતાર (પ૨) | ખોખાવસહી (રાયણદુધ) |
| કવડયક્ષ | | કલિકુંડ |

## ૧૬૬૭માં વિનયકુશલ શિષ્ય શ્રી શાન્તિકુશલે કરેલ પાર્શ્વનામાવલી

| | | |
|---|---|---|
| ડુંગર-૨ | ઢીલી | વાંસવાલા |
| ગંધાર | ગાડરીઓ | મેરટ |
| વીસલનગર | માંડવગઢ | મથુરા |
| ડભોઈ | જાઉર | વણારસી |
| વાડી | પીરોજાબાદ | સનીઆણા |
| ચેલણ | કુંમલમેર | અજારા |
| વેલાઉલ | રાણકપુર | ગૌડી |
| વડલી | નાડૂલ | ચિંતામણ |
| મધુર | સિદ્ધપુર | અંતરીક |
| અહિચ્છત્ર | દીવ | મૌરેયા |
| નાગપુર | ચિત્રકુટ | વરકાણા |
| બીબીપુર | ચંદાવતી | અલવર (રાવણ) |
| નાડૂલાઈ | આસાઉલી | જીરાઉલો |

| | | |
|---|---|---|
| શંખેસરા | ભિનમાલ | કાછોલી |
| બલાજો | ઉજ્જેની | મેશાણા |
| ચોરવાડ | નિંબાજા | મેડતા |
| મગસી | સલખણપુર | કડી |
| દેવપાટન | સમી | આહડ |
| ડોકરીઓ | મુજપુર | આબુ |
| દાદો | ઝોટીંગ | શેત્રુંજય |
| નવખંડ | મનોહર (મ્હેમદાવાદ) | ગીરનાર |
| ફલોધી | કંબોઈ | વીજુવા |
| પંચાસર | ભીડભંજન | રાધનપુર |
| ભાભો | કરેડા | વડાલી |
| તારંગો | નાગદા | ભરૂચ |
| નવપલ્લવ | જેસલમેર | ઈડર |
| કોકા | અમીઝરો | બૂઆડિ |
| અઝારો | મંડોવરો | દેલવાડા |
| લોઢણ | સાદડી | વડોદરા |
| તવરી | માદા | હસ્તગિરિ |
| ઉખતણો | કલિકુંડ | કદંબગિરિ |
| સીટોડી | સોજત | તલાજા |
| કુકુદેસર | પાલવિહાર | ઘોઘા |
| થંભણ (ત્રબાવરી) | આગરા | જૈસર |
| ઘૃતકલ્લોલ (નાકોડા) | ચાણસમા | ઘેટી |
| સહસ્ત્રફણો | બહડા | રાધસણી |
| સામલો | કપડવંજ | ચૌક |
| કુકુંમરોલ | કોરડા | જામનગર |
| ચારુપ | હમીરપુર | વનથલી |
| આરાસણ | પીપાડ | બોટાદ |
| ગંગાણી | સેસલી | વઢવાણ |

| | | |
|---|---|---|
| લીંબડી | પાદરા | ધુલીયા |
| અમરેલી | દશપરા | માલેગામ |
| રાજકોટ | છાણી | આમલનેર |
| વીરમગામ | વડોદરા | શિરસ્રાલા |
| સીયાણી | તરસાલી | બાલાપુર |
| લખતર | સીનોર | જલગામ |
| ભોયકા | કરજન | એવલા |
| કડી | અંકલેસર | ઔરંગાબાદ |
| કલોલ | સચીન | દોલતાબાદ |
| પંચાસરી | સાયન | નાસીક |
| રાધનપુર | કઠોર | ઝેરઘાટી |
| માંડલ | તડકેશ્વર | ઈગતપુરી |
| સાનન્દ | માંગરોલ | ભીમડી |
| ગોધાવી | ઝગડીયા | કલ્યાણી |
| પાનસર | જલાલપુર | ઠાણા |
| ભોયણી | નવસારી | ઘાટકોપર |
| શંખેશ્વરજી | કાલીયાવાડી | દાદર |
| સેરીસા | વાંઝ | ભાંયખલા |
| મેશાણા | બારડોલી | મુંબઈ |
| ઉપરિયાલી | બીલીમોરા | સાંટાક્રુઝ |
| મેતરાણા | બારડોલી | માહેમ |
| ભીલડીયાજી | ડુંગરી | અંદેરી |
| ખેડા | વલસાડ | મલ્હાર |
| માતર | અમિલનગર | ભાઈંડર |
| નડીયાદ | બાજીપરા | દાદર |
| વડતાલ | સોજગઢ | અગાસી |
| પેટલાદ | પ્યારા | સોપારા |
| બોરસદ | નેર | ધેનુજ |

| | | |
|---|---|---|
| ફણસા | વલસાડ | જાડર |
| દમ્મણ | પીપલી | સમીના |
| બગવાડા | ધોલેરા | દીવાલી |
| વાપી | રતનપુર ઈટાવા | સેસવા |
| ડુમસ | વલ્હા | નાઈ |
| સીસોદરા | સીહોર | ગોગુંદા |
| અષ્ટમ | વરતેજ | ઘોર |
| સત્તમ | દેવજાણા | નંદીસમા |
| બુહારી | ઢાણા | ઢોલ |
| કાદી | દાઠા | કંબોલ |
| ગંધાર | મહુવા | સાયરા |
| માતર | ચીતલ | ગોધરા |
| પાનસર | ધેનુજ | વેજલપુર |
| નરોડા | રેણુજ | થાણલા |
| દહેગામ | મનુડો | પેટલાવાદ |
| વ્હેલાલ | ઉંજા | રંભાપુર |
| આતરસુંબા | ખેરાલુ | કરમદી સેગવાડા |
| આંતરોલી | પ્રાંતીજ | બીબડોદ |
| કપડવંજ | સરદારપુર | સોમલિયા |
| મહુધા | વીજાપુર | ધામણોદ |
| નડીઆદ | પેથાપુર | પરસોડા |
| મેમદાવાદ | ખેડા | મહેદપુર |
| ન્હાર | જંબૂસર | ઝારોડ |
| પેટલાદ | ગંધોર | રાજગઢ |
| ખંધલી | કાવી | બદનાવર |
| વસો | ટીંટોઈ | વડનગર |
| દેવા | નાગફણા | કાછીવડોદ |
| તારાપુર | ખેરવાડા | રુણીદ્રા |

| | | |
|---|---|---|
| ધરાડ | ખાંધલી | તારંગા |
| દૂતા | વસો | આરાસણ |
| સેલાના | દેવા | આબુ |
| સીંગણોદ | મંદસોર | બામણવાડ |
| જાવરા | સીતામહ | વરકાણા |
| ખાચરોદ | શાન્તિ વિ. | નાડોલ |
| મંદસોર | મુંબઈ | નાડુલાઈ |
| પ્રતાપગઢ | સુરત | ઘાણેરાવ |
| નારણગઢ | ભરૂચ | રાણકપુર |
| નારગઢ | વડોદરા | પાલી |
| સીતામડ | ખંભાત | જોધપુર |
| વરાસલી | અમદાવાદ | ઓસીયા |
| રુણીજા | વીરમગામ | અજમેર |
| ગંગધાર | વઢવાણ | ચિતોડ |
| લુણાવાડા | લીંબડી | ઉદયપુર |
| વેજલપુર | શેત્રુંજય | કેશરીયાજી |
| અંચાડી | શીહોર | ફલોધી |
| મહુધા | ભાવનગર | નાગોર |
| નડીયાદ | ઘોઘા | વીકાનેર |
| વડતાલ | ગિરનાર | જેપુર |
| કાસેંદ્રા | પોરબંદર | અલવર |
| બદરખા | દ્વારકા | દિલ્લી |
| ચલોડા | રાજકોટ | હસ્તિનાપુર |
| કોઠ | જામનગર | અંબાલા |
| ધોલેરા | ભદ્રેશ્વર | લુધીયાના |
| વલા | (સુથરી) ધૃતકલ્લોલ | જાલંધર |
| જેતપુર | શંખેશ્વર | અમૃતસર |
| ધોરાજી | ભોયણી | કાંગડી |

લાહોર
ગુજરાનવાલા
વીતભય
જંબૂ
કાશ્મીર
કંપીલપુર
મથુરા
આગરા
સોરીપુર
કાનપુર
કોશાંબી
લખનૌ
અલ્હાબાદ
ફૈઝાબાદ
રતનપુરી
અયોધ્યા
સાવત્થી
નેવાલ
બનારસ | ભેલુપુર
સિંહપુરી | ભદ્દિનીધાર
ચંદ્રાવતી
ભદ્દિલપુર
રાજગઢ
કુંડલપુર
વિહાર
પાવાપુરી
ગુણસીલ
પટના

મિથિલા
કાકંદી
ક્ષત્રિયકુંડ
ચંપાપુરી
સમેતશિખર
વરદ્ધાન
કલકત્તા
ઢાકા
મુર્શિદાબાદ
વિલાસપુર
રાયપુર
નાગપુર
અમરાવતી
આકોલા
બાલાપુર
અંતરીક્ષજી
ભુસાવલ
બરહાનપુર
ખંડવા
માંડવગઢ
ઈંદોર
ઉજ્જયન
મક્ષીજી
રતલામ
મંદસોર
ડોલગામ
પાંચોટા
મનમાડ

ઓરંગાબાદ
જાલના
હૈદ્રાબાદ
કુલ્પાકજી
બજવાડા
મદ્રાસ
ત્રિવીનાપદ્ધી
મદુરા
ત્યુતીકોરીન
લંકા
ઈરોડ
કોચીન
કાલકોટ
બંગલોર
બંધારી
કિષ્કિંધા
ગુડક
હુબલી
ધારવાડ
બ્રેસગામ
ગોકાક
સીતારા
પુના
અહમદનગર
એવલા
નાસીક
ઠાણી

જયપુર કેશરીયાજીનાં બે મંદિર આગ્રામાં ૧ લખનૌ ૧ કાશી ૧
દિલ્લીમાં દેશનું સ્થાન, નવઘટી ચેલપુરી, ચીરાખાન, માલીવાડી, અનારગલી
આગ્રામાં રોશનમ્હોલ્લા, નોનમંડી, મોતીકટરાને બગીચામાં છે.
લખનૌમાં ચુડીગલી, ફુલવાલીગલી, સોનીટોલા, શમૃદતગંજ, દાદાવાડી.
કલકત્તામાં બગીચો હરીસનરોડ, બડાબજાર, તાલોપટીકરની સ્ટ્રીટ, બરતલા સ્ટ્રીટ, ૩૮ સિંકદર પાડા ૧૯ મુરઘીહટ્ટા ૩૭.
મુંબાઈ પાયધોની ગુલાલવાડી ૧ ભીંડીબજાર ૨ મારવાડી બજાર લાલબાગ ભાયખલા કોટ કોલાબા બંદર ૨ વાલકેશ્વર ૩
સુરત ખપાટીયા ચકલાં, વકીલનો ખાંચો, પ્રેમચંદ શેઠની ધર્મશાલા, અરજીતાલ મહોલ્લો, મ્હોટીપોલ ૨ ઓસવાલ મહોલો ૫ માળીફળીયું, મ્હોટો રસ્તો, નાણપુરા, નાણાવટ, હનુમાન પોલ, પંડોલીપોલ, નગરશેઠની પોલ, કબુતરખાનું, તાલાવાળાની મુતરગલી ૨ સૈયદપરૂં, શ્રાવકપોલ, છાપરીયા શેરી, ગોળશેરી ૨ નવાપરા માસ્તરની વાડી, સોનીફળીયા, દેસાઈની પોળ; લાઈન્સ સગરામપુરા, કતારગામ.
વડોદરા પીપલાશેરી ૧-૩ જાનીશેરી ૨ કોલાખાડી ૩ ઘડીયાલી પોલ ૧-૧ ચૌટાપોલ સુલતાનપરા નરસિંહજીનીપોલ, બાબાજી પરૂ, મામાની પોલ, કોઠીપોલ, ફતેપુર ૧-૭ મ્હેતાની પોલ, નવીપોલ, મહમદવાડી, પતોળીયા પોલ.

| | | | |
|---|---|---|---|
| રાંદેર | છ | લખનૌ | અઠ્ઠાર $\frac{૧}{૩}$ ૨ $\frac{૨૪}{૨}$ $\frac{૧૬}{૨}$ ૬ |
| વડોદરા | સોલ ચઉદ | | ૩-૧૧-૧૧ સીમં, બાહુ બાબુનાં ૩ |
| ગુજરાતી તીર્થમાલા | | કાશી | નવ ૨ ૧૬ પાઠશાલા |
| સ્થાન | મંદિર સંખ્યા | (મેલુપુર ભદીનીઘાટ) | |
| અજમેર | ત્રણ ૩-૨૩-૮માનું | સિંહપુરી ચન્દ્રપુરી) | |
| જયપુર (સાંગાનેર તેર $\frac{૧}{૪}$ ૨૨-૫-૭-$\frac{૨૩}{૨}$ | | | |
| આમેર) | ૮૨૪ | વિહાર | ચાર ૧-૨-૮-૨૪ |
| | | વૈભારગિરિ | પાંચ ૧૨-૨૪-૨૩ સર્વ ૨૨ |
| દિલ્લી | પાંચ ૫-૩ $\frac{૨૩}{૩}$ | ,, | ૧૨ |
| આગ્રા | નમ $\frac{૨૩}{૨}$ ૧૬-૯-૨૨-૧૨ | મધુવન | દશ $\frac{૨૮}{૬}$-૭-૮ શુભસ્વામી |
| | ૨૪-૧ સીમંધરજી | સમેતશિખર | ૨૩-૨૧-૨-૧૩-૭-૨૪ |

| | |
|---|---|
| | ૧૬-૫-૧૫-સર્વ પાર્શ્વ. |
| | ગણ ૧૭-૨૧-૧૮-૧૯ |
| | ૧૧-૯-૬-૨૦-૮-૧-૧૦ |
| | ૧૪-૩-૧૨-૪ ટુંકો એક |
| | ૨૩ |
| અજીમગંજ | દશ ૧૬-૩-૬-૫ |
| (કીર્તિબાગ) | ૨૨-૧૬ બાબુ |
| બાલુચર | પાંચ ૩-૧૮-૧૩-૧-૨૩ |
| (કટગોલા મહિમાપુર કાસીમબજાર) | |
| કલકત્તા | દશ ૧૦-૮-૨૪-૩-૧૬/૨ |
| | ૧ ૩/૨ ૨૩ |
| નાગપુર | બે ૧૧-૧ |
| બુરાનપુર | નવ ૧૫-૧૨-૧૬-૧ |
| | ૨૨-૧૬ સીમંધર |
| પુના | છશ ૧/૪ ૨૩-૧૬-૧૨- |
| | શની પેઠ રવિપેઠ દીપચંદ્રજી |
| મુંબઈ | સોલ ૨૪-૧-૧૬/૨-૨૨ |
| | ૨૨-૧૪-૭ બંદર કોલાબો |
| | લાલબાગ |
| સુરત | અડતાલીશ ૨૪ અષ્ટાપદ |
| | ૩/૨ ૨૩/૨ ૧૦ ૧૬/૨-૧૨ |
| | ૧૪-૮/૩ ૨ ૧/૭ ૧૭-૨/૩ ૨૧ |
| | સીમં. ૧૦-૭-૧૩ ૯ |
| | સગરામપરા |
| ઈડર - | શત્રુંજય ગિરનાર તરીકે બે મંદિરો |
| વલા - | શ્રી દેવાર્દ્ધિ ગણિજી જૈનસિદ્ધાંન્તો ૯૮૦ વીરવર્ષે પુસ્તકારૂઢ કર્યા |

ઘોઘા-નવખંડા પાર્શ્વનાથજીનું તીર્થ છે.
મહુવા - જીવત્સ્વામીજીની મૂર્તિથી તીર્થ
તળાજા-સાચાદેવનું તીર્થ
પ્રભાસપાટણ-ડોહલાપાર્શ્વનાથજીનું તીર્થ
માંગરોલ - નવપલ્લવ પાર્શ્વનાથજીનું તીર્થ
બરેજા - બરેજા પાર્શ્વનાથજીનું તીર્થ
જામનગર - મ્હોટાં દેરાસરોને લીધે તીર્થ
ખંભાત-શ્રી સ્તંભનપાર્શ્વનાથજીનું તીર્થ
કાવી - શ્રી આદીશ્વર ભગવાનનું તીર્થ
ભરૂચ - શ્રી મુનિસુવ્રત સ્વામિનું તીર્થ
જગડીયા - શ્રી આદીશ્વર ભગવાનનું તીર્થં
ભાયખલા
વાલકેસર
નાશિક - શ્રી ચન્દ્રપ્રભુ સ્વામીનું તીર્થ
માંડવગઢ - શ્રીસુપાર્શ્વનાથજી
મથુરા - જંબૂસ્વામિ નિર્વાણ
અલ્હાબાદ - ભોંયરામાં વડનીચે પાદુકાને ૨ મૂર્તિ
રાણકપુર - શ્રી આદીશ્વર ભગવાન
ભાંડક - શ્રી કેશરીયાજી પાર્શ્વનાથજી
કુલ્પાક - શ્રીમાણિક્ય સ્વામી
કંપિલા - શ્રી વિમલનાથજી
ભાખરી - શ્રી આદીશ્વરજી
અયોધ્યા - ૧૯ કલ્યાણક
રત્નપુરી - શ્રી ધર્મનાથજીનાં ૪ ક.
શૌરીપુર - શ્રી નેમનાથજીનાં ૨ ક.
ઉજ્જૈન - અવન્તી પાર્શ્વનાથજી
સમલીયા - શ્રી શાન્તિનાથજી
કરમદી - શ્રી આદિનાથજી

| | | | |
|---|---|---|---|
| બીબડોદ - | શ્રી આદિનાથજી | સોવનગિરિ - | ૧ જાલોર પર્વત ૨ રાજગૃહીપર્વત |
| હીંગણોદ - | શ્રી નેમિનાથજી | માંડલગઢ - | મેવાડી માંડલ ૨ ગુજરાત ૩ શીરોહી |
| વમોત્તર - | શ્રી શાન્તિનાથજી વેગવતીનદી લલિતપુર નજીક | સાગવાડા - | ૧ ડુંગરપુર ૨ શીરોહી |
| | | વટપદ - | ૧ વાગડ ૨ ગુજરાત |
| વઈ - | શ્રી પાર્શ્વનાથજી | દેલવાડા - | ૧મેવાડ ૨ આબુ ૩ કાઠીયાવાડ |
| કરેડાજી - | " | મહુ - | ૧ ઈન્દોર ૨ અલ્હાબાદ ૩ બારડોલી |
| સોમેશ્વર - | " | વીજાપુર - | ૧ ગુજરાત ૨ દક્ષિણ ૩ ગોલવાડ |
| રાણકપુર - | શ્રી આદીશ્વરજી (ત્રૈલોક્ય દીપક) | સોનગઢ - | ૧ કાઠીયાવાડ ૨ બારડોલી |
| રતનપુરી - | ૧ અયોધ્યા પાસે ૨ શીરોહડી પાસે | અજારા - | ૧ ગોલવાડ ૨ કાઠીયાવાડ |
| સાદડી - | ૧ મેવાડ ૨ ગોલવાડ | | |

---

હેમવિમલ લબ્ધિમૂર્તિ જયહેમના શિષ્યે કરેલી ચિત્રકૂટ ચૈત્યપરિપાટી

રાણો રાયમલ્લ સીસોદિય (હર્ષ)

૧ શ્રેયાંસાનાથ (મૂર્તિ૦)
૨ સોમચિંતામણિ ૩૫૦ ઓશવાલ
૩ વીરજિનેંદ્ર ૩૨૮ (બાલાશાહે ઉદ્ધર્યું)
૪ આદીશ્વર ૫૪
૫ ચંદ્રપ્રભ ૧૩૦
૬ આદીશ્વર ૧૦
૭ પાર્શ્વનાથ ૩૫ (આકાભુવને)
૮ સુમતિનાથ ૧૩
કીર્તિસ્તંભ પૂનાકુંબાની પુત્રીએ કરાવ્યો
૨૦૦૦ મૂં.
દિગંબર ૩૦ પાર્શ્વ ૯૦૦
૩૧ ચંદ્રપ્રભ ૪૦
૩૨ આદિનાથ ૧૫
૯ મલધાર ચંદ્રપ્રભ ૧૫
૧૦ સુરાણા સુમતિ ૧૭
૧૧ વહરહડીયા " ૪૯ (સંઘવીધનરાજ)
૧૨ ડાગલા શાન્તિનાથ ૧૩૪
૧૩ લોલાભવન " ૫૮
૧૪ નાગોર મુનિસુવ્રત ૧૨૫
૧૫ અંચલીયા શીતલનાથ ૩૩૮
૧૬ નાણાવલી મુનિસુવ્રત ૩૮
૧૭ પલ્લીવાલ સીમંધર ૨૪
૧૮ ચિત્રવાલ પાર્શ્વ. ૪૦
૧૯ પુનમીએ સુમતિ ૨૨
૨૦ ખરતરવસહી શાન્તિનાથ ૨૫
૨૧ શ્યામલા પાર્શ્વ ૧૭૦
શત્રુંજય ગિરનાર ૫૧૫
૨૨ માલવીયા આદિ
૨૩ અષ્ટાપદાવતાર ૮૭૭
૨૪ મુનિસુવ્રત (સુકોશલમુદા)
નવભૂમિ મ્હેલ કુંભેસર
૨૫ શાન્તિ ખરતરવેલાશાહ
૨૬ સપ્તફણા પાર્શ્વ ૨૨૫ (સાહણશાહે)
૨૭ અજિત ૫૮૫
૨૮ ડુંગરે શાન્તિનાથ ૯૯૯
૨૯ સંભવનાથ ૩૫

૩૨ મંદિર ૮૨૪૩

# પૂર્વે જણાવેલી જૈન તીર્થમાલાઓમાં આવતાં જૈન તીર્થોનું

## નંબરવાર સરવૈયું.

તીર્થનામ - કઈ તીર્થમાંલામાં છે ?

અગરવગરી ૧૨

અગાસી (મુંબઈ પાસે)-

અચલગઢ તીર્થ ૭-૯-૧૦-૧૧-૧૨

અજાહરિ ૬ (૯ અજારી) ૧૦ ૧૧ ૧૨ ૧૫ ૨૫

અજીમગંજ (બંગાલ)

અણાંદા ૯ (મેવાડ)

અમરાવતી. (ખાનદેશ)

અમરેલી. (૬૦-૧)

અમલનેર (૬૦-૧)

અમૂલશાહ. ૧૫-૧

અમિઝરો. ૯-૧૫ (કાઠીયાવાડ -મેવાડ)

અમૃતસર. (પંજાબ)

અયોધ્યા. ૧-૨-૩-૧૦-૧૧. (૧ તીર્થ)

અલવર. ૯-૧૦-૧૧

અલવાલ (૧-૧) અલ્હાબાદ પ્રયાગ તીર્થો

અવંતિ. ૯-૧૦-૧૧-૧૫

અષ્ટમ. (બારડોલી)

અષ્ટાપદ ૬-૧૩

અસ્થિગામ ૧૦ (બંગાલ)

અહમદનગર ૧-૯-૧૧ (અમનગર) (૫૦-૩)

અહમદાબાદ. ૫-૯-૧૧ (રાજનગર-૧૦)

જૈનપુરી

અહીચર ૬ (આબુપાસે)

અહિછત્રા. ૧-૯-૧૦-૧૧-૧૫-૨૫

અહિપુર. ૧૩ (મારવાડ-નાગોર)

અંકલેસર ૧૧ (ભરૂચ પાસે)

અંઘાડી. (મહીકાંઠા)

અંજનગિરિ ૧૧

અંતરિક્ષ ૯-૧૦-૧૧-૧૫ (શ્રીપુર) તીર્થ (ખાનદેશ)

અંતાલી

અંદેરી

અંબાલા

અંબાસણ (૨૦-૧)

આઉલી ૬

આઉવા ૭

આકોદિયા (૧૦-૦)

આકોલા (૪૦-૧)

આગ્રા ૧-૯-૧૦-૩-૧૧-૨૫ (૫૦-૯)

આતરસુંબા

આદિનગર ૬-૧૧

આદિપુર ૧૧

આનંદ ૯

આનંદપુર ૫-૭-૧૧ (વડનગર ૬-૧૧)

આબુ ૧-૬-૭-૯-૧૦-૧૧-૧૨ તીર્થ (૬ અર્બુદ)

આમથલી ૬-૭

આમલનેર (૬૦-૧)

આમેર

આમોદ (૮૦-૩)

આરાસણ ૧-૬-૧૦-૧૧-૧૩-૨૫

આસલકોટ ૬

આહેડ ૬-૯-૧૧-૨૫
આંતરોલી
આંબેર ૧૧
આંબો ૧૧
ઈગતપુર (૪૫-૦)
ઈટવાલા ૭
ઈડર ૫-૬-૯-૧૧-૧૫-૨૫ (૧૫૦-૬)
ઈરોદ
ઈલોર ૧૧-૨૫
ઈસ્તંબોલ ૧૧
ઈસ્માન ૧૧
ઈંગનોદ
ઈંદોર (૧૫૦-૫)
ઉજ્જયણી ૧૦-૧૧ (૧૦૦-૧૪)
ઉડુલાસદ
ઉદયગિરિ ૨-૩-૧૦
ઉદયપુર ૯-૧૦-૧૧ (૨૫૦-૩૪)
ઉપરીયાલા તીર્થ
ઉમરાવતી (૪૦-૧)
ઉસમાપુર ૫
ઉંજા
ઉંડ (ઓલ) ૬
ઉંબરણી ૬-૧૧
ઊના ૧૧-૧૩-૧૫
ૠજુવાલુકાનદી ૧-૨-૧૦-૧૧ (જંભીગામ)
ૠષભદેવ ૧૦-૧૧
એરુલ
એલચપુર ૧૧
એવલા (૫૦-૧)
ઓરિસા ૧૨
ઓસાબુદગિરિ ૧૧
ઓશિયા ૧૧
ઔરંગાબાદ ૧૧(૫૦-૧)
કછતારા (૭-૧)
કટારીયા (કચ્છ)
કઠનાર ૭
કઠોર (૩૦-૨)
કડી ૧૧
કણગેટી (૧૫-૧)
કતરાસ ૧૦
કતારગામ તીર્થ
કદંબગિરિ
કનકગિરિ ૧૧
કપડવંજ ૧૧
કપાસણ (૮-૨)
કરજન
કરમદી
કર્ણાટક ૧૧
કર્ણાવટ (૮-૧)
કર્ણાવતી ૬
કર્મનાશા ૧૦
કરેડા ૬. ૯-૧૦-૧૧-૧૫-૨૫ તીર્થ
કરેડાગામ ૭ તીર્થ
કલકત્તા
કલમસરા (૧૫-૦)
કલહથ ૩

કલ્યાણ ૧૧
કલ્લોલ ૧૦-તીર્થ ૭-૯
કલિકુંડ ૯-૧૫
કલિકોટ ૧૧
કંધાર ૧૧
કંપિલા ૩-૧૦-૧૧
કંબોલ
કાકડી ૬
કાકંદી ૧-૨-૧૦
કાચોલી ૭(૧૧ કાંછોલી)
કાછીવડોદ
કાનપોર (૩૫-૧)
કાપરડા ૭
કાપોલિઘાટ (૮-૧)
કાબૂલ ૧૧
કાયથા (૧૬-૧)
કારવાણ (૨-૧)
કારંડા ૧૧
કારિકલ ૧૧
કારોલ (૧૦-૧)
કારોલી ૬
કાલધરી ૬-૧૧
કાલંઝર ૧૧
કાલંદ્રી
કાલ્પી (૨-૧)
કાલીઆવાડી (૩૫-૧)
કાવી ૧-૨-૧૧-૧૩ (૨તીર્થ)
કાસંદા ૬-૭-૧૧

કાશ્મીર ૧૧
કાસીમ બજાર ૧૦
કાંગડા
કાંચિ (જિન) ૧૧
કિસ્કિન્ધા
કિર ૭
કિશનગઢ (૨૫-૪)
કિસનેર ૧૧
કીઓલ (૨૫-૧)
કીનોલી (૧૦-૧)
કુકડેશ્વર ૯-૧૧-૧૫
કુમારિગ્રામ ૧
કુરલા (૨૦-૧)
કુરૂક્ષેત્ર ૧૧
કુલપાકપુર ૧૧-૧૨-૧૩ (માણેકસામી)
કુંકણ ૬
કુંડલપુર
કુંડલા (૧૨૫-૧)
કુંભલમેર ૬-૭-૧૧
કેદાર ૧૧
કેલવા ૩
કેલવાડા ૬
કેશરીયાજી તીર્થ
કોકણ ૧૧
કોચીન
કોટાકોટ (૨૫-૧)
કોઠકોડાય
કોડિંદર ૬

કોરટા ૬-૧૦-૧૧-૧૨
કોલકુંડા ૧૧
કોલર ૧૨
કોલરગામ ૭
કોલીયાક (૨૦-૧)
કોશંબી ૧-૨-૩-૧૦-૧૧
ખરેડી (૧૦-૧)
ખંડવા ૧૧ (૧૨-૧)
ખંભાત ૧-૬-૯-૧૦-૧૧-૧૫-૧૯ (સ્થંભન ૧૧-૩)
ખાચરોદ (૭૦૦-૫૯)
ખાંધલી
ખિરવા (૧)
ખીમેલ ૭-૧૨
ખીવાણદી (૨૧૦-૧)
ખુડાલા (૨૦૦-૧)
ખુરજ ૭
ખુરાશાન ૧૧
ખુરહાડી ૬
ખુંટવડા (૨૫-૧)
ખેડજ ૧૩
ખેડા
ખેડબ્રહ્મા (૩૦-૨)
ખેરાલુ ૧૧
ખેરવાડા (૧૦-૧)
ગજપુર (૪૦-૧૧)
ગડબોડ (૪૦-૧)
ગણદેવી ૧૧
ગયા ૧૦ (બૌદ્ધગયા)
ગંગધાર
ગંગાણિ ૭-૧૧-૨૫
ગંજિકોટિ ૧૧
ગંધાર ૧૧-૧૨
ગાડરિઓ ૯
ગિરનાર ૪-૬-૯-૧૦-૧૧-૧૫-૧૭-૧૫ (૧૩ રેવતાચલ) (જુનાગઢ)
ગુઆલ ૯
ગુજરાનવાલા
ગુદક
ગુંજોગામ ૨
ગોકાક
ગોગુંદા ૯-૧૧ (૩-૩)
ગોઢિ ૬ (૧૧ ગાઢિ)
ગોધરા
ગોધાવી ૧૨
ગોબરગામ ૧-૧૦-૧૧ (૧ ગુણાવા) (ગુણીયાજી) (૧૧ ગુહવર)
ગોમત સ્વામિ ૭-૧૦-૧૧
ગોમાધાટિ ૧
ગોરઈયા (૧૫-૧)
ગોરખપુર ૧૦
ગોરજ ૧૨
ગોલકુંડા ૧૧
ગોલા ૭
ગોહિલા ૬-૧૧-૧૨
ગોંડલ (૪૦-૧)
ગૌડી ૯-૨૫ (ભીનમાલ)

ગ્વાલિયર - ૧-૧૦-૧૧
ઘંટોલી ૯
ઘાટ (૦-૧)
ઘાટકોપર (૧૦૦-૧)
ઘાણેરાવ ૬-૧૦-૧૧-૧૨ (૭ ઘણોર (૪૦૦-૧૦)
ઘેટી (વીર તીર્થ)
ઘોઘા ૬-૯-૧૦-૧૧-૧૩-૧૫-૧૭ (નવલખો (૧૦૦-૩) (નવખંડા ૧૨-૨૫)
ઘોટિ (૪૦-૦)
ચડાઉલી ૬
ચલોડા
ચવલેશ્વર ૯ ચવલેર) (૧૦ ચોલેર)
ચેજાઉરી ૧૧
ચંજી ૧૧
ચંડાવલ
ચંડેરિ ૨-૧૧
ચંદવાડ ૩-૧૦-૧૧ (ચંદાવાડી) (ચંદવાડી)
ચંદ્રપુરી ૧-૨-૩-૮૦ (૨ ચંદ્રાવતી)
ચંપાપુરી ૧-૨-૯-૧૦-૧૧
ચાડ ૧૦
ચાણસમા ૯-૧૫
ચાદ ૧૦
ચારકમાન (૩૦-૧)
ચારણનગર ૧૧
ચારૂપ ૧૧-૧૩
ચાંદવડ (૭-૧) તીર્થ
ચાંદા (૨૦-૧)
ચાંપાનેર ૧૧
ચિખલી ૧૧
ચિત્તાખેડા (૩૫-૨)
ચિતોડ ૬-૧૧-૧૩-૧૮
ચિત્રગઢ ૧૧-૨૫
ચિત્રાસણી (૧૦-૦)
ચીતલ (૨૦-૧)
ચેચલીયા ૧૨
ચેલણપાસ ૯
ચોક
ચોરવાડા ૧૧-૧૩
છત્રાસા (૨૫-૧)
છાણી
જઘડીયા (૪ તીર્થ)
જનકપુર ૧૦
જયપુર (૧૦૦-૧૧)
જલગામ (૨૦- )
જલાલપુર (૫૦ ૧)
જવાસ
જશપરા (૩૫-૧)
જહનાબાદ ૧૦
જંબુ
જંબૂસર (૨૫-૨)
જંભિગામ ૧-૨-૧૧ (૨ રૂજુવાલુકા)
જાઉર ૬ '૯- -૨૫
જાગિર ૧૨ જાખોરા ૬-૭
જામનગર (૮૦૦-૯)
જાલના (૫૦ - )
જાલંધર

જાલીયા
જાલુરગઢ ૬-૭-૯-૧૧-૧૫
જાવરા (૫૦-૩)
જાવાલ ૬
જીરણ (૬૦-૧)
જીરાઉલા ૬-૯-૧૧-૧૩-૧૫
જુનાગઢ (૪-૧૦-૧૧-૧૩-૧૫-૧૭-૧૨૫-૨)
જુંટા (૧૫ -
જેતપુર (૬૦-૧)
જેતારણ. ૭-૧૧
જેસર
જેસલમેર -૯-૧૦-૧૧-૪-૧૫-૨૫
જોટાણા (૧૦૦-૧)
જોધપુર ૭-૯-૧૦-૧૧
જોનપુર ૬ (જઉણાપુર)
ઝગડીયા
ઝરિયા ૦
ઝાઝોલી ૬
ઝારોદ
ઝાલરાપાટણ (૧૦-૪)
ઝાલાવાડ ૬
ઝાંસી (૨- )
ઝીલવાડા (૩૦-૧)
ઝોટિંગા ૨૫
ટંકારા (૨૦-૧)
ટાણા
ટીટોઈ
ટોડી ૯-૧૧
ટોંક ૯-૧૧
ઠાકરીઓ ૯
ઠાણા (૪૦-૧)
ડગ
ડભોઈ ૧૧
ડભોડા (૫૦-૧)
ડાઢા ૩
ડાબેલ (૧૫-૧
ડીલોડી ૬
ડુમસ
ડુંગરપુર ૯-૧૧-૧૫
ડોંગરવા
ઢાકા
ઢોઢ
ઢોલ
તડકેસર ૧૧-૧)
તડિતોલી. ૬-૧૧
તણસા. (૩૫-૧)
તરસાળી
તરાણા. (૬-૦
તલવાડા. ૩
તલાજા (તીર્થ)
તલેગામ. (૧૭-૧)
તંડથલી. ૬
+ ત્રંબક ૧૧
+ ત્રંબાવતી ૧૧
+ ત્રિચિતાપલ્લી
તાજપુર (૮-૧)

તારંગા ૬-૧૦-૧૧-૧૨-૧૩ (તારણગઢ)
તારાતંબોલ
તારાપુર
+ તીતોલી ૬
તીરહૂત ૧૦
તીવરી ૯
તીસોલી ૬
તુંગગિરિ ૧૦
તુંગિયાનગરી ૧-૨-૩-૧૦
તજલપુર ૪
ત્યુતિકોડી
ત્રંબક ૧૧
ત્રંબાવતી ૧૧
ત્રાપજ (૩૫-૧)
ત્રિચિતાપલ્લી
થરાદ ૧૨ (૭ થિરપુર) ૧૧
થાણલા
થાન (૨૦-૧)
થિરપુર ૭
થિરાઉદ્રા ૬
થોર
દમ્મણ (૧૭-૧)
દરાપરા
દરિયાબાદ ૧
દસાડા (૫૦-૧)
દસોર ૧૧
દહેગામ (૧૫૦-૧)
દંતા
દાઠા (૧૦૦-૧)
દાદાર (૧૦૦-૧)
દાદા પાર્શ્વનાથ ૧૧
દાનગિરિ ૧૧
દાંતીવડા ૨
દાંત્રી (૭-૧)
દારાનગર ૧૦
દિઠણ (૧૦-૨)
દીવ. ૧૦- -૧૩-૧૫
દિલ્હી. ૧- ૦-૧૧ ૩ ઢિલી)
દીવાલી.
દુધવડ ૭
દૂઝાણા ૨
દેઉલઘાટ ૧૧
દેશુ (૨૦-
દેલવાડા. ૬ ૯-૦-૧૧-૧૫ (૧૩ દેવપત્તન)
દેલાન ૬
દેવગાણા વકી.
દેવગિરિ. -૧૨
દેવપ્રહ. ૧૧
દેવપાટણ ૬-૧૦-૧૫-૨૫
દેવલિયા.
દેવલી. ૭
દેવા.
દેવાલી,
દેવાસ. ૧૦-૧
દેસૂરી. ૧૧-૧૨(૨૦૦-૩)
દોલતાબાદ ૯-૧૧

ધાણા ૭-૧૧-૧૨
દ્વારામતી ૧૧
ધનગિરિ ૧૧
ધનોર ૧૧
ધમોતર (૨૫-૧)
ધરાઉ
ધંધુકા ૬ (૨૫-૧)
ધાણદા ૬
ધાણસા ૧૨
ધામણોદ
ધાર
ધારવાડ
ધાંધાર ૬-૧૧
ધુલીયા ૬૫-૧
ધુલેવા ૧૦-૧૧
ધેનુજ
ધોરાજી ૮૦-૧
ધોલ ૫૦-૧)
ધોલકા ૬-૧૫ ધવલક ૧૧
ધોલેરા ૧૦૦-૧
ધ્રુણાલી ૭
નકુંમ (૮૦-૦
નગરકોટ ૧૩
નડીયાદ
નયાશહેર (૭૦-૧)
નરોડા ૧૦ (૨૫-૧)
નવસારી ૧૧-૧૩ (૫૦-૧) ૧૨-૧૫
નવાદા ૧-૩
નવાનગર ૧૦ ૧૧
નંદરબાર ૧૧
નંદીસમા
નંદીશ્વર ૯
નાઈના ક્રીડા ૭
નાગદા ૬-૯-૧૧-૨૫
નાગપુર (૪૦-૨)
નાગફણા
નાગહૃદ ૧૫
નાગોર ૯-૧૧-૧૫
નાડોલ ૬-૭-૧૧-૧૨
નાણા ૬-૧૧-૧૨
નાદેશમા (૦-૨)
નામલી
નારગઢ
નીરણગઢ
નારદીપુર
નાલછા (૧૨-૧)
નાલંદાવાડા ૧-૩-૧૦ (વડગામ)
નાશિક ૧૧ (૧૭-૧)
નાડલાઈ ૬-૭-૧૦-૧૧-૧૨-૨૫
નાંદિયા ૬-૧૧-૧૨
નાંદ્રોડી ૭
નિતોડા ૬-૭
નિદ્રડી ૭
નિંબાજ ૯-૧૫
નિંબાડા
નીકોશ

નીઝર ૧૧
નીપૂરા ૭
નીબજ ૧૧
નીમચ
નેપાલ
નેર
ન્હાર
પછેગામ (૨૫-૧)
પડના ૯
પડાગા ૯
પડાવલી ૧૫-૧
પટ્ટાડા ૬
પરાસલી
પંચાસર ૭-૯-૧૦-૧૩-૧૫
પંચેટ ૧૦
પાટડી ૬ (૧૦૦-૨
પાટલીપ પાટણ ૬ ૭ ૯ ૧૦ ૧૧ ૧૫
પડલીપુત્ર ૧ ૩ ૧૧ (રૂ ૧૦ પટના) પાડલીપુર ૧) (૧૧ત હાજીપુરપટના)
પાડીવ ૬
પાતુર ૧૧
પાદરા
પાનસર (૫ તીર્થ
પાનહી ૬
પારકર ૮
પારોલા (૧૬-૧)
પાલ ૭
પાલગંજ ૧-૩-૧૧ (૨ પાલગુંજા)
પાલડી ૧૨ (૨૫)
પાલનપુર ૬-૯-૧૧-૧૨
પાલ્હડી ૨
પાલ્હવિહાર ૧૫-૨૫
પાલી ૯-૧૧ (૩૦૦-૬)
પાલીતાણા ૧-૫-૧૦-૧૧-૧૫-૧૭ (૪૦૦ તીથ
પાવાપુરિ ૧-૨-૩- ૦૧૧-૧૩
પાંચોટિઆ ૭
પાંચોરા
પ્રાંતિજ (૧૦૦ -
પિપલ ગાંવ (૮-૧)
પિંડવાડા ૬
પીપલી
પીપાડ ૭
પીરોજાબાદ ૧-૩-૧૦-૨૫ (ફી)
પુના વેતાલપેંઠ
પુના કેમ્પ (૭૦-૧)
પુનાયા ૧૦
પુનાસી ૭-૧૨
પુરાડી ૭
પેટલાવાદ
પેથાપુર
પેંચી (૭-૦)
પોરબંદર ૧૦ (૧૨૫-૩)
પોસાલિયા ૭
પોસીના ૬-૯-૧૧ તીર્થ
પ્રતાપગઢ (૨૦૦-૧૦)

પ્રભાસપાટણ (૭૫-૯
પ્રયાસ ૧-૨-૩-૧૦-૧૧ પિરાગ
ફાણસા ૧૫
ફતુઓ ૧૦
ફતેપુર ૩
ફલોધિ ૧-૬-૭-૯-૧૦-૧૧-૧૩-૧૫-૧૯-૨૫
ફિચોટ ૫
ફૈજાબાદ (૧-૧)
બકલેસર ૧૦
બગવાડા (૧૫-૧)
બગસરા (૫૦-૧)
બજાણા (૩૦-૧)
બદનાવર (૪૦-૨)
બદરખા
બદરી ૧૧
બનારસ ૧-૨-૩-૯-૧૦-૧૧-૧૫ (વાણારસી)
(૨૫-૧૩ તીર્થ) (૧૦ કાશી)
બનોશિ ૧૧
બબરકુલ ૧૧
બરદ્વાન
બરેજ તીર્થ
બરેડી (૧૦-૧)
બલગોલા ૧૧
બલેજા ૧૩
બલ્લારિ
બહેડા ૬-૧૧-૧૨
બીગલી (૧૭-૧)
બાગવાણી (૧૨-૦)
બાજીપરા
બાણગંગા ૧૧
બાદરપર (૯-૧)
બીમણવાડ ૧-૬-૧૦-૧૧
બારડોલી
બારંજા ૧૧
બાલાગામ ૧૬
બાલાપુર (૨૫-૨)
બાલિસમા ૬
બાલી ૧૧
બી
બાલુચર
બાસિમ ૧૧
બાહડમેર ૯-૧૧
બાંતા ૭
બિકાનેર ૯-૧૦-૧૧-૧૫
+ બિંદા ૧૦
બિધાના ૭
+ બિંબીપુરિ ૫-૧૦-૨૫
બિલઉલ ૧૦
બિલીમોરા
બિરાર ૧-૩-૧૦
બિંદી ૧૦
બિંબીપુરિ ૫-૧૦-૨૫
બીબડોદ
બુઆડી ૧૧
બુરાનપુર ૧૧- (૧૫-૧)
બુહારિ

+ બુરાનપુર ૧૧ (૧૫-૧)
બુંદી ૧૧
બેગમબજાર (૬-૧)
બેજવાડા
બેટમા (૧૦-૧)
બેડીયા (૧૦-૧)
બેરૂ ૧૨
બેલગામ
બેલગુલા ૧૧
બેંગલોર
બોઈઆ ૧૨
બોટાદ (૨૦૦-૧)
બોરસદ
બોરાણા ૭
બૌધગયા ૧૦
બ્રહ્માણી (જીરાઉલો) ૧૨
બ્રાહ્મકુંડગ્રામ ૧-૨-૧૦-૧૧
ભટાણા ૬
ભડકોલા ૯
ભદિલપુર ૧-૨-૧૦-૧૧ (દંતારા)
ભદૈનીઘાટ
ભરડુઆ ૧૨
ભરતપુર (૨૦-૫)
ભરૂચ ૬-૧૦-૧૧-૧૨-૧૩-૨૫ (૫૦-૯) તીર્થ
ભકોલી ૧૦
ભાગનગર ૧૧
ભાગલપુર ૧૦
ભાટુર ૭
ભાણપુરા (૩૫-૧)
ભાદોડા (૬૦-૦)
ભાનુમતી ૯
ભાયખલા (૨૫-૧)
ભાયંડર
ભારજા ૬-૧૧
ભાવડા મહાવીર
ભાવનગર
ભાંડક તીર્થ
ભાંડુપ (૧૫-૧)
ભિનમાલ ૬-૭-૯-૧૦-૧૧-૧૨-૧૫-૨૫
ભીડભંજન ૯
ભીનાસર
ભીમડી (૩૦-૧)
ભીમાણા ૬
ભીર ૧૨
ભીલડીયાજી ૧૧
ભુસાવલ
ભૂઆણા ૯
ભૂજ ૧૦-૧૧
ભૂતાલ ૯
ભૈલુપુર ૧૦ (૧૧ ભીલુપુર)
ભોજુઆ ૧૨
ભોપાવલ
ભોયકા
ભોયખલા
ભોયણી તીર્થ

મઉગામ ૧-૩-૧૦ (૩ મહુવા)
મઉડી ૬
મક્ષીજી ૯-૧૦-૧૧-૧૫ (૨૦ તીર્થ)
મક્ષુદાગિરિ ૧૦ (મદારા)
મક્ષુદાબાદ ૧૦
મગરવાડા ૭-૧૧
મજાઉરી ૬ ૦-૧)
મડાર ૧૧
મડાહડી ૬
મડોદ
મઢાડી ૧૨
મણાઉદ ૧
મથુરા ૧ ૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૯-૨૫ (૧ તીર્થ)
મથુરાપુર ૧૦
મદ્રાસ
મદુરા
મનમાડ
મનમોહન ૯
મનશોર ૧૧
મનાઉદ ૧૧
મનુજ
મનોહરથાના (૧૦-૧)
મલકાપુર
મલબાર ૬-૧૧
મલાર
મહિયલનપુર ૨
મહુ (૬-૨) ૧૧
મહુઆ ૧૦-૧૩ (૨૫૦-૧)
મહુડી (૨૫ તીર્થ)
મહુધા
મહેદપુર
મહેમદાબાદ ૯-૧૧
મહેસાણા ૫-૬-૭-૯-૧૧-૧૨-૨૫
મંડોબર ૭-૯-૧૦-૧૧ (મંડોર)
મંડસોર (૨૦૦-૮)
માણેકસ્વામી ૧૦-૧૧ (કુલપાક)
માતર
માદડી ૬-૭-૧૨
માદા ૧૨
માદલપુર ૧૨
માનકપુર ૧૦ (કડા)
માનપુર (૧-૧)
માનસરોવર ૧૧
માલપુરા -૯-૧૦
માલવણ ૬
માલગાંવ (૨૬-૧)
માહણકુંડ ૨-૧૦-૧૧ (૧ બ્રહ્મકુંડ)
માહિમ (૮૦-૧)
માંગરોલ (૨૫૦-૨)
માંગલોર ૬-૧૩-૧૫
માંગીતુંગી ૧૦
માંડલ ૭-૯-૧૨ (૩૦૯-૪)
માંડલગઢ ૯
માંડવગઢ ૧૦-૧૧-૧૩-૧૫ (તીર્થ)
માંડવી બંદર (૫૦૦૦-૨)

માંધાતા ૧૧
મિથિલા ૧-૪૧
મુકણા (૧૦-૦)
મુછાલા મહાવીર
મુજપુર ૧૨
મુંડારા ૬ (૧૭૫-૩)
મુક્તાગિરિ ૧૧
મુરવાડ (૧૭-૧)
મુરાર (૧૦-૦)
મુલતાન ૧૧
મુલુંડ (ભાંડુપ પાસ)
મુંડથલી ૬-૭ (મુંગથલી)
મુંડાવા (૭-૧) તીર્થ
મુંબઈ (૭૫૦૦-૯)
મુંબઈકોટ (૩૦૦-૨)
મૂલથાન (૪-૧)
મેડતા ૭-૯-૧૦-૧૧
મેતરાણા
મેરડ ૨૫
મેરુશિખર ૯
મોઈ (૨૦-૧)
મોદિરા ૭-૧૨
મોરબી (૧૫૦-૧)
મોરિલા ૯ (અમીઝરો)
યમુનાતીર ૧-૩ (યમુનાપાર)
રઘુનાથપુરો ૧૦
રણથંભોર ૬-૧૧
રતનપુર ઈટાવા
રતલામ ૧૧ (૪૫૦-૧૨)
રત્નગિરિ ૨-૩-૧૦
રત્નપુર ૩-૬ (રયણપુર-રણવઈ) (રતનપુરી-રુઈનાઈ) ૧૦
રંથાજના (૧૦-૧)
રંગપટ્ટન
રંભાપુર
રાઘોગઢ (૫-૧)
રાજકોટ (૩૦૦-૧)
રાજગઢ
રાજગ્રહી ૧-૨-૩-૧૦-૧૧
રાજનગર ૪-૫-૭-૧૦-૧૨
રાજપિપલા ૧૧
રાજપુરા ૫ (ચેચલીયો ૧૨)
રાજમહેલ ૦
રાજસાગર ૧૧
રાણકપુર ૧-૬-૯-૧૦-૧૧-૧૨-૨૫ તીર્થ (રાયણપુર ૧૩) (રાણપુર ૯)
રાણપુર (૧૦૦-૧)
રાણિંગ ૬
રાતાવીર ૧૧-૧૨
રાધનપુર ૭-૧૧-૨૫
રામસેન ૧૧
રામપુરા ૯-૧૧-૧૫ (૫૦-૧)
રાયપુર
રાયબરેલી ૧૧
રાલજ
રાંદેર ૧૧-૧૨

રીંદરી ૬
રીંગણોદ (૨૫-૧) તીર્થ
રૂચક ૯
રૂણકોટા (૭-૧)
રૂણીત્રા
રેણુજ
રોમનગર ૧૧
રોહ ૭
લક્ખીસરાય
લખતર
લખનૌ (૫૫-૯)
લક્ષ્મીસરપુર ૧૧
લછવાડ
લતીપુર (૩૫-૧)
લશ્કર (૧૦૦-૨)
લંકા
લાજોલી (૨૫-૧)
લાઠીદડ (૨૫-૧)
લાલપુર ૧૨
લાસી ૧૧
લાહોર ૧૧-૧૦
લીંચ (૮૦-૧)
લીંબડી (૧૦૦-૨)
લુણાવાડા
લુધિયાના
લોટાણા ૬-૧૧-૧૨
લોઢણ ૯-૨૫
લોણાર (૫-૧)

વગરી ૧૨
વઘનોર ૬
વડપદ્ર ૧૧ (વાગડ ૯-૨૫)
વડગામ ૨-૬-૭-૧૨
વડતાલ
વડતેજ ૧૫ (ઉને)
વડનગર ૫-૬-૧૧-૧૩ (આનંદપુર)
વડાલી ૬-૯-૧૭ (૨૦૦-૩)
વડાલીભોઈ (૧૧-૦)
વટુ ૧૧
વડોદરા ૧૫-૨૫
વઢવાણ શહેર (૩૦૦-૨)
વઢવાણ કેંપ (૨૦૦-૧)
વણથલી ૧૩ (૭૫-૨)
વણથલી (જામ) (૫૦-૧)
વણા (૨૫-૧)
વધણોર ૯
વયરાડી ૧૦
વરકાણા ૧-૬-૭-૯-૧૦-૧૧-૧૨-૧૫-૧૯-૨૫
વરતેજ (૪૦-૧)
વરસોડા
વરાજ (૨૫-૧)
વરોસ (૬-૧)
વલવણ (૧૫-૧)
વલસાડ ૧૧
વલા (૧૦૦-૧)
વલાણ ૧૨
વલાસણ ૫

વલેજ ૧૫
વસંતપુર ૧૦-૧૧
વસો
વહીપાર્શ્વનાથ (૪-૦) તીર્થ
વંકાપુર ૧૧
વાગસેન ૧૧
વાગોર ૬
વાઘપુર ૭
વાઘરુણ ૧૨
વાડી ૯
વાડીવરા (૧૦-૦)
વાણિજગામ ૧
વાપી (૨૦-૧)
વાલકેસર (૨૦-૩)
વાલ્હી ૬
વાલી (૦૦-૩)
વાલોતરા
વાંકાનેર (૧૦૦-૨)
વાંઝ (૧૫-૧)
વાંદરા (૨૫-૧)
વાંસવાડા ૯-૧૧-૨૫
વિકાનેર ૯-૧૦
વિક્રમપુર ૯-૧૧
વિજાનગર ૧૧
+ વિજાપુર ૧૦-૧૧-૧૨
વિઠોડા ૭
વિપુલગિરિ ૨-૩-૧૦
વિમલાચલ ૧-૧૫
વિલાસપુર
વિહાર
વિંઝોલી ૯
વીજાપુર ૧૧-૧૨-૧૦
વીજૂઆ ૬-૭-૯-૧૨
વીતભય ૧૧
વીરપુર ૬
વીરમગામ ૬-૭-૧૧-૧૨ (૪૦૦-૬)
વીરવાડા ૬-૧૧-૧૨
વીલ્હાવાસ ૯
વીસનગર ૫-૬-૧૧ (વીસલનગર ૫-૨૫)
વીસલપુર ૬-૧૨
વેજનાથ ૧૦
વેજલપુર (૮૦-૧)
વેરાવલ (૨૫૦-૨)
વેલનગંજ (૧૦-૧)
વેલાઉલ ૧૦
વેલાંગરી ૬
વૈકુંઠપુરી ૩-૧૦
વૈજનાથ ૧૦
વૈભારગિરિ ૨-૩-૧૦
વોવતગઢ ૧-૧૫
વ્હેલાલ
વ્યારા
વ્યાવરા (૬-૧)
શક્કરપુર
શત્રુંજય ૧-૫-૬-૯-૧૧-૧૩-૧૫-૧૭-૧૮-૨૨-૨૫ (વિમલાચલ) (પાલીતાણા)

શાહાપુર (૩૦-૧)
શાહજાદાપુર ૧-૩-૧૦
શિકાકોલિ ૧૧
શિરપુર ૧૧ (૩૭-૧) (અંતરિક્ષ)
શિરસાલા (૧૫-૧)
શિવપુર ૭ (શિવગંજ)
શીહોર (૨૫૦-૨)
શુભરમણ ૧૧
શુવર્ણકાંતિ ૧૧
શેતુબંધ રામેશ્વર ૧૦
શેરઘાટિ
શૌરિપુર ૧-૩-૧૦ તીર્થ
શ્યાહગઢ ૧૧
શ્રીરંગપટ્ટણ ૧૧
સકુરાબાદ ૧૦
સચીન
સત્તમ
સતુજની ૧૨
સત્યપુરિ ૭
સનવાર (૫-૧)
સમી ૭-૧૨
સમીના ૯
સમેતશિખર ૧-૨-૩-૯-૧૩ (૧૦ સમેદ) (૧૧ સમેતાચલ)
સરખેજ ૭
સરદારપુર
સરધાર (૨૫-૧)
સરપડીનગરી ૩-૯
સરસ ૧૬
સરસી (૧૦-૧)
સરોતર ૭
સહસરામ ૧૦
સંખેસર ૧-૭-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૫-૨૫
સંદાણે (૮-૦)
સાગવાડા ૭-૯
સાગોદીયા
સાચોર ૬-૧૧-૧૨-૧૩-૧૫ (૭ સત્યપુર)
સાજાપુર (૩૦-૧)
સાટી ૧૩
સાણંદ ૭-૧૧-૧૨
સાથી ૬
સાદડી ૬-૭-૯-૧૧-૧૨-૧૫-૨૫ (૬૦૦-૪)
સાદડી (છોટી) (૧૦૦-૨)
સાબલી ૯-૧૧
સાયન
સાયરા (૩૦-૨)
સાયલા (૫૦-૧)
સારદ ૧૩
+ સારોદ
સારંગપુર (૭-૧)
સ્તવથ્યા ૧-૧૦
સાસતાનગર ૧૨
સાહદતગંજ (૫-૧)
સાંગવાડા ૧૦
સાંગાનેર ૧૦-૧૧
સાંડેરા ૧૨
સાંતપુર ૧૧
સાંતાક્રુઝ (૨૦-૦)
સાભેર ૧૧
સિંકદર ૨
સિકાકોઠી ૧૧
સિદ્ધપુર ૬-૭-૯-૧૧-૧૨
સિનવાડા ૧૧-૬
+ સિદ્ધપુર ૬-૭-૯-૧૧-૧૨

સિરસાલા
સિવાણી ૧૧
સિવાલા ૫
સિંધખેડ ૧૧
સિંભરિ ૧૧
સિંહપુરિ ૧-૨-૩-૧૦-૧૧
સીકંદરાબાદ (૭-૧)
સીતામઉ
સીઆણી
સીડોતર ૭
સીતાપુર ૬
+ સીતારા
સીતામઢી ૧૦
સીતારા
+ સીનવાડા ૬
સીનોર
સીપરી (૨૦-૧)
સીપાંણી
+ સીંદરૂ (૨૬-૧)
સીરોજ ૧૧
+ સીરો
સીરોધી ૧૧
સીરોહડી ૬ (૧૨ સીરોડી)
સીરોહી ૬-૯-૧૦-૧૧-૧૨
સીવેરા ૬
સીહોરનગર ૩ (નવાદાપાસે)
સીસોદરા
સીંદરુ (૨૬-૧)
સીંધલા ૬
સુજાલપુર (૬૦-૧)
સુથરી
સુરત ૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૫ (ભીડભંજન) (૧૦૦૦ $\frac{૫૦}{૭૫}$)
સુરતરા ૬
સુવર્ણગિરિ ૨ (સોવનગિરિ ૩) ૧૦
સેનાપુર ૧૧
સેમલીયા (૨૦-૧)
સેલાના
સેરીસા ૧૦-૧૧-૧૩
સેવાડી ૧૨
સેસલી ૯-૧૧
સેસવા
સોજત ૩-૬-૭-૯-૧૧-૨૫ (૨૦૦-૭)
સોજીવા ૧૧
સોનગઢ
સોનભદ્રા ૧૦-૧૧
સોપારક ૧૩-૬ (રસોપાર) (૧૧-૧૩ સોપારા)
સોપારા
સોરુ ૭-૧૨
સોવનગિરિ ૭-૧૦-૧૧-૧૨
સોહિગામ ૧૨
સ્યાહાગઢ ૧૧
હણાદરા ૧૧ (૧૨ હડાદરા)
હસ્થિણાપુર ૧-૧૦
હમીરપુર ૧૨-૨૫
હરદ્વાર ૧૧
હસ્તગિરિ
હાજીપુર ૧-૧૧
હારપીંપલીયા (૨૫-૨)
હાથસણી
હાથીદર ૬
હાથીરુ ૬
હાંસોટ ૧૧
હિંગણઘાટ (૧૫-૧)
હિંગાલા ૬
હિંગણઘાટ (૧૫-૧)
હિંગાલા ૬
હિંગલાજ ૧૧
હુબલી
હૈદ્રાબાદ (૫-૧)

## પાર્શ્વનાથ તીર્થાવલી.

અચલગઢ ૯
અજાહરા ૯-૧૫-૧૯-૨૫
અઝારો ૨૫
અણાંદા ૯-૧૫
અનીધુવા ૧૯
અમદાવાદ ૯
અમીઝરો ૯-૧૫-૧૯-૨૫
અલવર ૯-૨૫ (રાવણ)
અવંતી ૧૯
અહમદનગર ૯
અહિછત્ર ૯-૧૫-૨૫
અંટાલી ૯
અંતરીક્ષ ૯-૧૯-૨૫
આગરા ૯-૨૫
આણંદ ૯-૧૫
આબુ ૯-૨૫
આરાસણ ૨૫
આસાઉલી ૨૫
આહડ ૯-૨૫
ઈડર ૯-૧૫-૨૫
ઈલોરા ૧૫
ઉખમણો ૧૫-૨૫
ઉજ્જયની ૧૫-૨૫
ઉદયપુર ૯-૧૫
ઉન ૧૫
ઉમરવાડી ૧૯
કડી ૨૫
કપડવંજ ૨૫
કરજૂ ૧૫
કરેડા ૯-૧૫-૧૯-૨૫,
કલ્લોલ ૯
કલિકુંડ ૯-૧૫-૧૯-૨૫
કલ્હારો ૧૫
કંબાઈ ૨૫
કંસારી ૧૫
કાછોલી ૧૫-૨૫
કાપરડા ૧૫
કિશનગઢ ૯
કુકડેસર ૧૫-૨૫ (ભયહર)
કુલપાક ૧૯
કુંકુમરોલ ૧૫-૨૫
કુંભલમેર ૨૫
કોકા ૧૫-૧૯-૨૫
કોરટા ૨૫
ખંભાત ૯
ખેતલવસઈ ૧૫
ગંગાણી ૨૫
ગંધાર ૨૫
ગાડરીઓ ૯-૧૫-૧૯
ગિરનાર ૯-૧૫-૨૫
ગુઆલ ૯
ગોગુંદા ૯
ગૌડી ૯-૧૫-૧૯-૨૫
ઘંટાલી ૯

ઘોઘા ૯-૧૫ (નવખંડ)
ધૃતકલ્લોલ ૧૫-૧૯ (નાકોડા ૨૫)
અવલેસર ૯-૧૫
ચંદ્રાવતી ૨૫
ચંપાપુર ૯
ચાચલીયો ૧૯
ચાચોલો ૧૫
ચાણસમા ૯-૧૫-૨૫
ચારુપ ૧૫-૨૫
ચિત્રકૂટ ૨૫
ચિલોડા ૧૫
ચિંતામણી ૧૫-૧૯-૨૫
ચેલણપાસ ૯-૧૫-૨૫
ચોડવાડ ૧૫-૨૫
છેછલી ૧૫
જાઉર ૯-૨૫
જાખોરા ૧૫
જાલોર ૯-૧૫
જીરાઉલો ૫-૧૫-૧૯-૨૫
જેસલમેર ૯-૧૫-૨૫ (મનમોહન)
જોધપુર ૯
ઝોટિંગો ૧૫-૨૫
ટુંક ૯
ઠીકરીયો ૯
ડભોઈ ૧૯-૨૫ (દુઃખવિહંડણ)
ડુંગરપુર ૯-૧૫-૨૫
ડોકરિઓ ૧૫-૨૫
ઢીલી ૨૫
તારંગા ૧૫
તીવરી ૯-૧૫ (૧૯-૨૫ તવરી)
તોડા ૯
થંભણ ૧૫-૧૯-૨૫
દાદા ૨૯-૨૫ (ત્રંબાવરી)
દીવ ૧૫ નવલખા (૨૫)
દેલવાડા ૯-૧૫-૨૫ (દેવમણિ)
દેવપાલ ૨૫
દેવપાટણ ૧૫ (દાદો)
દોલતાબાદ ૯
ધવલક ૧૫
નવખંડ ૧૯-૨૫
નવપલ્લવ ૧૯-૨૫
નવફણા ૧૯
નવરંગ ૧૫-૧૯
નવલખા ૯
નવસારી ૧૫-૧૯
નંદીશ્વર ૯
નાકોડા ૧૫
નાગદા ૯-૨૫
નાગપુર ૨૫
નાગહૃદ ૧૫
નાગોર ૯-૧૫ (નવરેષ)
નાડલાઈ ૨૫
નાડૂલ ૨૫
નારંગ ૧૯-૨૫
નિંબાજ ૯-૧૫-૨૫
નિંબાલા ૧૫

નિંબૂયાડી ૧૫
પડાગા ૯
પહેડા ૧૫ (માઢ)
પંચાસર ૯-૧૫-૧૯-૨૫
પાટણ ૯
પાલણપુર ૯
પાલ્હવિહાર ૧૫-૨૫
પાલી ૯
પીપાડ ૨૫
પીરોજાબાદ ૨૫
પોસીના ૯-૧૫
ફતેહપુર ૧૫
ફલોધી ૯-૧૫-૧૯-૨૫
બલાજો ૨૫
બહેડા ૨૫
બીહડમેડ ૯
બીબીપુર ૨૫
બૂઆડિ ૨૧
ભગલી ૯
ભડકલ ૧૫
ભડકોલા ૯
ભરૂચ ૨૫
ભહેવા ૧૫
ભાતુમતી ૯
ભાભા ૧૫-૧૯-૨૫
ભાવઠભંજન ૧૯
ભિનમાલ ૯-૧૫-૨૫
ભીડભંજન ૯-૧૫-૧૯-૨૫ (સુરત)
ભૂઆણા ૯
ભૂતાંલ ૯
ભોગપુલિંદ ૧૯
મગસી ૧૫-૧૯-૨૫
મથુરા ૯-૧૯-૨૫
મનમોહન ૯
મનોહર ૨૫ (મેમદાવાદ)
મહી ૧૫ (મહીમામંદિર)
મહુર ૨૫
મહેમદાવાદ ૯
મંડોવર ૯-૧૫-૨૫
માડરીઓ ૨૫
માણિકયસ્વામી ૧૯
માદા ૧૫-૨૫
માલપુર ૯
માંગરોલ ૧૫ (નવપલ્લવ)
માંડણ ૧૫
માંડલ ૯
માંડલગઢ ૯-૨૫
માંડવ ૧૫૦ (સુંડ્ડાલો)
મુજપુર ૨૫
મેડતા ૯-૨૫
મેરટ ૨૫
મેરુ ૯
મેસાણા ૯-૨૫
મોરીલા ૯
મોઢેરા ૧૫
મોરૈયા ૨૫

રણથંભોર ૯
રાણકપુર ૨૫
રાણાપુર ૯
રાંધનપુર ૨૫
રામપુરા ૯-૧૫ (આભરામ)
રાવણપ્રભુ ૧૫-૧૯
રૂચક ૯
લોડણ ૯-૧૫-૧૯-૨૫
વટપદ્ર ૯
વડલી ૨૫
વડાલી ૯-૧૫-૨૫ (દુધાધારી)
વડોદરા ૧૫-૨૫
વડોદા ૧૫
વધનોર ૯
વરકાણા ૯-૧૫-૧૯-૨૫
વલેજ ૧૫
વાગોર ૯
વાડી ૯-૧૫-૨૫
વાણારસી ૯-૧૫-૨૫
વાસિમ ૧૫ (અલોણો)
વાંકલી ૧૫
વાંસવાડા ૯-૨૫
વિક્રમપુર ૯
વિઘ્નહરો ૧૫-૧૯
વિજયચિંતામણિ ૧૫
વિમલાચલ ૧૫
વીકાનેર ૯-૧૫
વીજોવા ૯-૨૫
વીલ્હાવાસ ૯
વીસલનગર ૨૫
વીહા ૧૯
વીંઝોલી ૯
વેલાઉલ ૨૫
શત્રુંજય ૯-૨૫
શંખેશ્વર ૯-૧૫-૧-૨૫
શુદ્ધદંત ૧૯
શ્રીપાલ ૧૯
શ્રીપુર ૧૫ (અંતરીક)
સપ્તફણો ૧૫-૧૯
સમીઆણા ૨૫
સમીના ૯-૧૫-૨૫
સમેતશિખર ૯
સરવાડા ૯
સલકખણપુર ૨૫
સહસફણા ૧૫-૧૯-૨૫
સંકટભંજન ૧૫
સાગવાડા ૯
સાદડી ૯-૧૫-૨૫
સાપોર ૧૫
સાબલી ૯
સામલો ૧૫-૧૯-૨૫
સિદ્ધપુર ૯-૨૫
સીટોડી ૨૫
સીરોહી ૯
સુરત ૯
સેરિસા ૧૫
સેસલી ૯-૨૫
સોજત ૯-૨૫
સોપારા ૧૯
સોમચિંતામણી ૧૫-૧
હમીરપુર ૨૫
હર્ષકલ્લોલ ૧૫

## વર્તમાનમાં પણ સંઘયાત્રાની જરૂરીયાત

સામાન્ય રીતે હરકોઈ મનુષ્ય એમ સમજી શકે છે કે સકલતીર્થો એકદેશમાં હતાં પણ નહિ અને હોય પણ નહિ, અને છે પણ નહિં, અને એક દેશથી બીજા દેશની વચ્ચે નીતિશાસ્ત્રના નિયમ પ્રમાણે ઘણા ભાગે જંગલ અને પહાડ તથા નદીઓની જ હદબંધી હોય છે, તો એકદેશવાળા ભાવિકને બીજા દેશમાં તીર્થોની યાત્રા કરવા માટે જવું તે ઘણું દુ:ખદાયક હોવા સાથે મુશ્કેલી ભરેલું હતું. એવા વખતમાં યાત્રા કરવાને નીકલવાનું સાહસ ખેડવા કોઈપણ અલ્પસંખ્યાવાળી જનતા તૈયાર થાય નહિં, એટલે તીર્થોની યાત્રા કરવાનું જનસમુદાય બનીનેજ થઈ શકતું હતું. વળી પ્રાચીનકાલમાં મનુષ્યોની મુસાફરી પોતાનાને પોતાના દેશમાં કરવી હોય તો પણ ચોર-ધાડપાડુઓ વિરૂદ્ધ રાજ્યો વિગેરે દુર્નિવાર્ય કારણોથી અત્યંત મુશ્કેલી ભરેલીજ થતી હતી, તેવી વખતે તે ચોર-ધાડપાડુઓ વિગેરેથી રક્ષણને માટે બંદોબસ્ત કરવો અગર સમર્થ થવું તે એક વ્યક્તિ કે એક કુટુંબને માટે અશક્ય નહિં તો દુ:સંભવ તો હતુંજ. આવા અનેક કારણોથી યાત્રા કરવાના મનોરથવાળાઓ પોતાના યાત્રા સંબંધીના મનોરથો પૂર્ણ કરવાને ભાગ્યશાળી થઈ શકતા ન્હોતા. આ વસ્તુસ્થિતિને વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ભાવિકજીવોને તીર્થની યાત્રા કરવાનું સાધન તેવા કોઈ સમર્થ અને રાજ્યમાં લાગવગવાળા હોવાની સાથે કુટુંબ અને સાધન સંપન્ન હોય તેવા સંઘપતિદ્વારાએજ બની શકતું હતું. આ ઉપરથી પ્રાચીનકાલમાંજ સંઘદ્વારાએ તીર્થયાત્રાની જરૂર હતી, પરંતુ વર્તમાનમાં તેવી કોઈપણ જાતની મુશ્કેલી નથી માટે સંઘસમુદાયે યાત્રા કરવા માટે સંઘો કાઢવા એ જરૂરનું નથી એમ ધારવા કોઈએ મનને મોકળું કરવું નહિં. કારણ કે જેવી રીતે સંઘમાં યાત્રા કરવા આવનારાઓના લાભ અને સગવડતા માટે સંઘ સમુદાયે યાત્રાની જરૂર ગણીને સંઘ કાઢવાની જરૂર ગણાય, તેવી જ રીતે આખા કુટુંબને સાથે જાત્રા કરાવવાની તેવીજ જરૂર છે અને તેવીજ રીતે દરેક ગામે ધર્મક્ષેત્રોના ઉદ્ધારની જરૂર ઓછી નથી, વળી જુદા જુદા ગામોના ચૈત્યોનો ઉદ્ધાર-ઉપાશ્રયનો ઉદ્ધાર સાધર્મિકનો પરસ્પર સમાગમ પરસ્પર ધાર્મિક પ્રેમની વૃદ્ધિ, ધર્મકાર્યોની પરસ્પર અનુમોદના, સામુદાયિક દેશને અંગે કે પ્રાન્તને અંગે કે તીર્થને અંગે સીદાતા ધર્મકાર્યોનો ઉદ્ધાર, તીર્થોની આપત્તિઓનું જાણપણું, તીર્થોની આપત્તિઓમાં પરસ્પર સહાયકારિતા, પ્રતિગ્રામ અને પ્રતિનગરે સાધર્મિકવાત્સલ્યનો પરસ્પર લાભ, અનેક સ્થાનોએ મુનિમહારાજાઓને વન્દન કરવાનો લાભ અને તેમની વાણીને શ્રવણ કરવાનો લાભ મેળવી અને તે દ્વારાએ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર તપ વિનય વૈયાવચ્ચ દાન શીલ તપ ભાવ વિગેરે અનેક ધાર્મિક કાર્યોના પરિણામોમાં વૃદ્ધિ થવી એ વિગેરે હેતુઓ તરફ જો કોઈપણ ધ્યાન આપશે તો એક અંશે પણ સુજ્ઞતા ધારણ કરનારા મનુષ્ય વર્તમાનકાલમાં પણ સંઘની જરૂરીયાત માન્યા સિવાય રહેશે નહિ.

## 'વર્તમાનકાળમાં સંઘની જરૂરીયાત નથી' એમ કહેનારાની સ્થિતિ.

વર્તમાનકાલમાં સંઘની જરૂરીયાત ઓછી ગણનારાઓને એટલુંજ તપાસવાની જરૂર છે કે સંઘ કહાડવાની લાયકાત ધરાવનારા અને સંઘપતિના બિરૂદને લેવાવાળા કરતાં ઘણાજ ઉંચા સાધનને ધારણ કરનારા એવા કયા લક્ષ્મીપતિએ પોતાના ગામથી તીર્થ સુધીના દરેક ગામોમાં સ્વામિવાત્સલ્યો કર્યાં? કયા લક્ષ્મીપતિએ પોતાના ગામથી તીર્થ સુધીની દરેક ગામમાં ચૈત્યની ભક્તિ કરી? સાધર્મિકોને અંશે પણ મદદ કરવા માટે કયા લક્ષ્મીપતિએ તીર્થ સુધીના દરેક ગામોમાં હાથ લંબાવ્યો? ક્યા મુડીદારે તીર્થ સુધીના ગામોમાં

ઉપાશ્રયની અને ધર્મ આચરણની અગવડો ટાળી? કયા માલદારે પાંજરાપોલ, પાણીની પરબો અને ગરીબની અરજી ગામોગામ જઈને સાંભળી? કયા પૈસાદારે પોતાના ક્ષેત્રથી તીર્થક્ષેત્ર સુધીના સ્થાનોમાં ઉચિત અને કીર્તિદાનો દઈને અન્ય ધર્મીઓને પણ ધર્મની પ્રશંસા કરતા કરી ભવાંતરમાં ધર્મપ્રાપ્તિને માટે લાયક બનાવ્યા? કયા પૈસાદારના પુતળાએ ગામેગામ ગરીબોની ફરીયાદ (દાદ) સાંભલીને અનુકંપાદાનનો પ્રવાહ વહેવડાવ્યો? આ વિગેરેનો વિચાર કરવાથી જો અંશે પણ વાચકના હૃદયમાં સજ્જનતા વશી હશે તો સંઘયાત્રાના કાર્યથી સ્વપ્ને પણ વિરૂદ્ધતા દર્શાવી શકશે નહિ. યાદ રાખવું વર્તમાનકાલમાં પણ સંઘયાત્રાના પ્રયાણ વખતે પણ હજારો અને લાખો જીવો ધર્મની પ્રશંસા કરે છે અને તેજ પ્રશંસા સાંભલીને શ્રદ્ધાહીન જૈનાભાસોના પેટમાં જૈન ધર્મની ચઢતી થાય તેની બળતરા થાય છે. તેનાજ બખાળા તેઓ સંઘ નહિં કાઢવાના નામે કરે છે. કદાચ તેઓ એમ કહે કે વર્તમાનસમયમાં સંઘની ઉપયોગિતા માનીએ તોપણ વ્યવહારિકશિક્ષણ અને બેકારીને ટાળવાની પહેલે નંબરે જરૂર છે, માટે તે તરફ જ મીલ્કત ધારિયોએ હાથ લંબાવવો જોઈએ. આવા પ્રલાપના સમાધાનમાં સમજવું જોઈએ કે પ્રથમ તો સંઘપતિ જેવા ધર્મશ્રદ્ધાળુઓ તરફથી જ અવસરે અવસરે વ્યવહારિક કેળવણીને પણ સારારૂપમાં ઉત્તેજન મળેલું છે, અને બેકારી ટાળવા માટે અગર રેલસંકટ, મારી વિગેરેની વખતે પણ તેવા ધર્મધુરંધરોએજ મદદ કરેલી છે કરે છે અને તેઓજ કરશે, એમ ચોક્કસ છે, અને તેવી રીતે હાથ લંબાવવાવાળાઓ જ પોતાના આત્માના ઉધ્ધારને માટે જૈનશાસનની પ્રભાવના કરવા દ્વારાએ સંઘયાત્રા કરી પોતાની અને યાત્રિકોની જીંદગી સફળ કરે છે. પરંતુ શ્રદ્ધાહીનોને એ હક્ક ક્યાંથી મળી ગયો કે પારકા પૈસાનો વ્યય બીજો મનુષ્ય પોતાની મરજીથી કરે તેમાં બખાળા કહાડવા, એટલું જ નહિં, પણ બીજા મનુષ્યની માલીકીની દોલત પોતાની મરજી પ્રમાણે ખરચાવવા માટે પીકેટીંગ જેવા અને ગુંડારાજ જેવા વર્તાવો અમલમાં મુકવા. લુંટારૂઓ જેમ બાંધી મારીને લુંટી લે છે તેવી રીતે આ શ્રદ્ધાહીન જૈનાભાસો ધર્મિષ્ઠમનુષ્યોની અપકીર્તિ કરીને, ખોટી નિંદા કરીને, છેવટે અસહકાર કે પીકેટીંગ જેવા દુર્જનતા ભરેલા રસ્તાઓ લઈને અટકાવવા જે પ્રયત્નો કરે છે તે ખરેખર તેમનું કુલ લજવે છે. શાહુકારીવાળા કુળમાં પેદા થયેલા મનુષ્યને આવા ધાડપાડુઓ અને લુંટારૂઓના જેવા વિચારો અને કાર્યો કરવાનું સજ્જન અને ધર્મિષ્ઠોને તો સ્વપ્ને પણ સૂઝે નહિં. આ શ્રદ્ધાહીન જૈનાભાસોને એટલી પણ ખબર નથી કે પચાસ પચાસ વરસથી ધર્મિષ્ઠ મનુષ્યોએ તમારી વ્યવહારિક કેળવણીની પુષ્ટિ માટે પાણીની પેઠે દરેક વર્ષે લાખો રૂપૈયા વાપર્યા છે અને સંસ્થાઓ ખોલી દીધી છે, છતાં એક પણ નબીરો એમાંથી નીકળ્યો નહિં. આ પચાસ વરસના પરિણામમાં નવીન શિક્ષિતોમાંથી એકપણ નબીરો તીર્થની રક્ષા માટે કટિબદ્ધ દેખાયો નહિં. શાસન માટે સજ્જ થયેલો સજ્જન એક પણ સાંપડ્યો નહિ. ગુરૂ અને ધર્મના બચાવ માટે એક પણ બીરાદર બહાર પડ્યો નહિ. આવી રીતે તમારી કેળવણીની નિષ્ફલતા દેખવા સાથે તમારામાંથી કેળવાયેલો વર્ગ ધર્મને હમ્બગ કહેંનારો થયો. ગુરૂમહારાજ પાસેથી ધર્મશ્રવણને બદલે સમાજસેવાની ફરજ માગનારો થયો. દેવદ્રવ્યને ઉઠાવવા માટે તૈયાર થયો, દેરાં અને તીર્થોને ખોઈ નાંખવા તૈયાર થયો, આ બધું તમારા શિક્ષણનું પરિણામ દેખીને ધર્મિષ્ઠ સુજ્ઞમનુષ્યોએ તમારી તરફ ડગલે પગલે દિન પ્રતિદિનિ વાર તહેવારે ધિક્કાર વરસાવવો શરૂ કર્યો છે. જો તે ધિક્કારને તમારે ટાળવો હોય તો ઈતરપંથવાળા

તમારા જૈનભાઈઓ જેવી રીતે દુનિયાના વ્યવહારથી ઉલ્ટા અને નીંદનીય એવા પણ દેવ અને ગુરૂને માટે તનતોડ મહેનત કરનારા થવા સાથે તન મન અને ધનનો ભોગ આપનારા થયા છે, તેવી રીતે અનુકરણ કરીને પણ તમારે સન્માર્ગે આવવાની જરૂર છે.

## ધર્મિ મનુષ્યના દોષજ જોનારા સ્વમાર્ગ ભૂલેલા જ છે.

એક વાત વાચક વૃંદે વિચારવાની છે કે પચાસ પચાસ વરસથી વ્યવહારિકશિક્ષણ લઈને અનેક જૈનો તૈયાર થયા છે, તો હવે આવા પચાસ વર્ષ જેવા સમયમાં પણ શિક્ષણ પામેલાઓ શિક્ષણની કદર ગણીને શિક્ષણને સ્વાશ્રયી બનાવી શકતા નથી, એટલું જ નહીં, પણ શિક્ષણની સંસ્થાઓની પાંજરાપોલ જેવી સ્થિતિ ટાળી શકતા નથી, તેવા શિક્ષણની સમજદાર મનુષ્ય એક અંશે પણ કિંમત ન કરે તેમાં શિક્ષણ અને શિક્ષિતોનો જ વાંક ગણી શકાય. દાનવીરોનો અને ધર્મિષ્ઠોનો દોષ કાઢનાર મનુષ્ય પચાસ વરસની હકીકતને દેખવાને માટે પોતાની આંખ ગુમાવી બેઠો છે એમ કહેવું જોઈએ. આશ્ચર્યની વાત છે કે શિક્ષણ પામી વર્ષોથી પ્રેક્ટીસ કરનારા ડોક્ટરો, વકીલો, બેરીસ્ટરો અને શિક્ષકો હજારોની સંખ્યામાં દાનવીર અને ધર્મિષ્ઠ મનુષ્યોના પ્રભાવથી તૈયાર થયા છે અને વર્તમાનમાં તેઓ મોટી મોટી મીલ્કતોને ધારણ કરનારા થયા છે. મોટી મોટી કમાણીઓ કરનારા થયા છે, મોટી મોટી આવકો ધારણ કરનારા થયા છે, છતાં તેઓએ પોતે શિક્ષણની કઈ કદર કરીને સંસ્થાઓ ખોલી? કયા વિદ્યાર્થીઓને નભાવ્યા? અને પોતાની આવકમાંથી સારો ભાગ શિક્ષણના પોષણને માટે કયો કહાડ્યો? ખરી વાત તો એ છે કે શિક્ષણ લઈને તૈયાર થયા તેની સાથે શ્રદ્ધાહીન જૈનાભાસો નાગાપણું પણ પુરેપુરૂં શીખ્યાછે કે જેથી પોતાની મૂડી અને મીલ્કતો જાત-સ્ત્રી અને પુત્રો માટે રાખવી છે અને દાનવીર અને ધર્મીષ્ઠોના નાણાં ઉપર તાગડધીંગા કરવા છે. દાનવીર ધર્મીષ્ઠ મનુષ્યો તો પોતાની સજ્જનતા અને સરલતાના પ્રભાવે તેવા અધર્મો તરફ એકવચન પણ ઉચ્ચારવાને માટે તૈયાર થતા નથી. તેઓ કોઈ દિવસ એમ નથી કહેતાકે નવશિક્ષિતો સાધુ કેમ થતા નથી? પૌષધ કેમ કરતા નથી? પડિકકમણાં કેમ કરતા નથી? દાન કેમ દેતા નથી? એટલું કહેતા નથી એટલું જ નહીં, પરંતુ શિક્ષિતોના છાશવારે ને છાશવારે કોઈની છોકરી ઉઠાવી જવાના, મામામાસીઓના ઘરમાંથી લગ્ન માટે છોકરી પસંદ કરવાના પવિત્ર સંસ્થાઓમાંથી કન્યાઓ ઉપાડી લેવાના જે બનાવો બને છે તે માટે દાનવીર ધર્મિષ્ઠોએ તેને જાહેર કરવા પુરતું પણ નથી વચન ઉચ્ચાર્યું કે નથી તો કોઈ પેપર કહાડ્યું? જગતમાં હાથી પાછળ કુતરાં ભસે, પરંતુ હાથીની દ્રષ્ટિ કે શરીરના કોઈપણ ભાગમાં એની અસર જ ન હોય, એ વાત આ દાનવીર ધર્મિષ્ઠોએ ખરેખર જગતને સમજાવી દીધી છે.

## સંઘપતિની પવિત્રતમ ભાવનાની પરંપરા

સંઘપતિ તરીકે જાહેર થનારા મનુષ્યને લોકો તેને સંઘપતિ નામથી કહે છે તેમાં લોકો સંઘ (શ્રાવકસંઘ)ના પતિ તરીકે ગણીને તેને સંઘપતિ કહે છે, છતાં તે પવિત્રપુરૂષ તો સંઘજ મારો માલીક છે એવી ધારણા કરીને પોતાને માટે ઉચ્ચારાયેલો સંઘપતિ શબ્દ માની લે છે અને તેથીજ સંઘપતિ તરીકે જાહેર થયેલો ભવ્યાત્મા ડગલે ને પગલે પ્રતિદિન સંઘયાત્રાના દરેક યાત્રિકની ભક્તિ કરે છે. જો તે એકલોજ સંઘના માલીક તરીકે સંઘપતિ હોત તો યાત્રિકલોકોએજ તે સંઘપતિની ભક્તિ કરવાની રહેત, પરંતુ વર્તનમાં તો સંઘપતિ અશનાદિકથી સર્વપ્રકારે સંઘની ભક્તિ કરે છે, અર્થાત્ સંઘપતિ જેમ પંચપરમેષ્ઠિને આરાધ્ય ગણે છે તેવીજ રીતે સંઘમાં સાથે આવેલા યાત્રિકોને પણ આરાધ્યદષ્ટિથીજ જુએ છે. કોઈપણ સંઘપતિ થનાર

ભવ્યાત્માએ સાથે આવેલા યાત્રિકો ઉપર આધિપત્ય ભોગવવાની સ્વપ્ને પણ વાંછા કરેલી હોતી નથી, તેમજ સાથે આવેલા યાત્રિકો સંઘપતિને સ્વામિ તરીકે અને પોતે તેના સેવક તરીકે માનવાને કોઈ દિવસ તૈયાર થયા નથી, અને થતા પણ નથી. ખરી રીતે તો સંઘપતિ સંઘની ભક્તિ અને શાસનના મહિમા માટે દરેક ગામે ઉન્નતિનાં કાર્યો કરતો તીર્થસેવા કરવાને જવાવાળો હોય છે. સંઘપતિ પોતે સારી રીતે સમજે છે કે મોક્ષપ્રાપ્તિનું મૂળ બીજ જો કોઈ પણ હોય તો તે માત્ર સમ્યક્ત્વજ છે અને તે સમ્યક્ત્વને શોભાવવાના સ્થિરતા-પ્રભાવના ભક્તિ-જૈનશાસનમાં કુશલપણું અને તીર્થસેવા એ પાંચની અંદર ખરેખર મુકુટ સમાન કંઈપણ ભૂષણ હોય તો તે તીર્થસેવા જ છે.

જગતમાં જેવી રીતે વ્યાજે દીધેલી રકમ વધીને પાછી પોતાને ઘેર આવે છે, તેવી રીતે આ શાસનમાં પણ બીજા જીવોને તીર્થસેવા રૂપ સમ્યક્ત્વના ભૂષણને સજવામાં જો હું મદદગાર થાઉં, જો હું તીર્થસેવા કરાવનાર થાઉં! જો હું તીર્થસેવાને અનુમોદનાર થાઉં ! તો અત્યારે જેટલા અંશે મને તીર્થસેવાની પ્રાપ્તિ જન્મની કૃતાર્થતા માટે થઈ છે, તે પ્રાપ્તિ કરતાં પૂર્વે જણાવેલા કાર્યો કરવાથી સેંકડો ગુણી તીર્થસેવાની પ્રાપ્તિ મને ભવાન્તરમાં થશે, માટે મારે આ તીર્થસેવાનું ભૂષણ મ્હારા આત્માને સજાવવું જોઈએ, અને અન્ય આત્માઓને પણ તે તીર્થસેવાનું ભૂષણ સજાવવામાં સર્વથા પ્રકારે મદદગાર થવું જોઈએ. આંધળા મનુષ્યના હાથમાં કોઈક ભાગ્ય જોગે હીરાની પ્રાપ્તિ થાય છે અને તે હીરો જો આંધળો માણસ ફેંકી દે તો બીજી વખત તે આંધળાને તેવા હીરાની પ્રાપ્તિનો સમય આવેજ નહિ, કદાચ હીરાની ખાણો વધારે હોય તેવા સ્થાનમાં ફરતો આંધળો બીજી વખત હીરાને મેળવી પણ શકે, પરંતુ કરોડો પત્થરોની ખાણોની અંદર કોઈક જ ખાણમાંથી મળી શકે તેવો હીરો કોઈક ભવિતવ્યતાના યોગે આંધળાના હાથમાં આવ્યો હોય અને પછી તે આંધળો તે હીરાને ફેંકી દે તો તે આંધળાને હીરો મળવાનો વખત સર્વથા આવેજ નહિ. એવી રીતે આ સંસારચક્રમાં મ્હારો આત્મા સૂક્ષ્મએકેન્દ્રિયપણામાંથી આંધળાની માફક રખડપટ્ટીએ ચઢ્યો હતો અને અકામનિર્જરાના યોગે ભવિતવ્યતાના જોરે હું આ મનુષ્યપણાને પ્રાપ્ત કરી શક્યો છું. આ મનુષ્યપણું અનન્તપુદ્ગલ પરાવર્ત્ત સુધી સ્થાવરપણામાં રખડયો તે વખતે ન તો વિચારવામાં આવ્યું, ન તો તેની ઈચ્છા થઈ, ન તો તેને ધારીને પ્રયત્ન થયો? એટલું છતાં પણ આર્ય મનુષ્ય સિવાયના મનુષ્યની અને તિર્યંચાદિકની જાતિઓ એટલી બધી છે કે જેમાં રખડતાં રખડતાં આત્માને આર્યક્ષેત્રે મનુષ્યભવની પ્રાપ્તિથવાનો સંભવજ નથી, એમ નહિં તો છેવટે દુઃસંભવતો છેજ, આ વસ્તુસ્થિતિ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના વચનોદ્વારાએ સંપૂર્ણરીતિએ જાણ્યા અને માન્યા પછી આ મનુષ્યભવનું કૃતાર્થપણું કરવાને માટે જો હું તૈયાર ન થાઉં તો હું ખરેખર એકેન્દ્રિયાદિક અધમજીવો કરતાં પણ અધમકોટિમાં ગણાઉં. જગતમાં પણ સામાન્ય નિયમ છે કે મૂર્ખ મનુષ્ય હલવા માટે હીરો દઈ દે તો તેની જેટલી હાંસી થાય નહિં, તેના કરતાં જો હીરાનો વેપારી હલવા માટે હીરાને હારી જાય તો તેની મશ્કરીનો પાર રહેજ નહિ, તેવી રીતે શ્રીજીનેશ્વર ભગવાનના શાસનદ્વારાએ આ મનુષ્યભવની દુર્લભતા છે એમ જાણવાવાળો થયેલો એવો હું અને માયા-મમતા-કુટુમ્બ-કબીલા-શરીર-ધન-પૈસા-મીલ્કત-વિષયક-કષાય આદિથી મનુષ્યભવને હારી જાઉં તે જૈનધર્મને નહિં જાણનારા તથા તે દ્વારાએ મનુષ્યભવની દુર્લભતાને નહિં સમજનારા અજ્ઞાન અને જડલોકો કરતાં મારી અજ્ઞાનતા અને જડતાનો પાર રહે નહિ, માટે મ્હારે

તો મનુષ્યભવ સફળ કરવાને માટે કટિબદ્ધ થવુંજ જોઈએ, આવું મનુષ્યપણું ખરેખર મોક્ષમાર્ગની નીસરણી છે અને તેટલા જ માટે શાસ્ત્રકારો મોક્ષના અંગ તરીકે મનુષ્યપણાને જણાવે છે. યાદ રાખવું કે નારકી અને તિર્યંચો મોક્ષના સંપૂર્ણ સાધનોને નથી મેળવી શક્યા, એટલું જ નહિં, પરંતુ દેવતાઓ કે જેઓ અત્યંત પુણ્યશાલી છે, શક્તિ સંપન્ન છે, સમૃદ્ધિયુક્ત છે, આજ્ઞા ઐશ્વર્યને ધારણ કરનારા છે, વૈક્રિયલબ્ધિનો તો ભંડાર છે, છતાં પણ તે દેવતાનો ભવ મોક્ષના અંગ તરીકે ગણવામાં આવ્યોજ નથી. એટલે મોક્ષના અંગ તરીકે કહો કે મોક્ષની નીસરણી તરીકે કહો, ચાહે જે રૂપે કહો, પરંતુ મનુષ્યનો ભવ એજ મોક્ષનું કારણ છે. કારણ કે સર્વવિરતિને ધારણ કર્યા સિવાય એટલે સર્વથા આશ્રવનો રોધ કર્યા સિવાય કોઈપણ કાલે કોઈપણ જીવને મોક્ષ મળ્યો નથી, અને મળતો નથી અને મળી શકે પણ નહિ, અને તે આશ્રવને રોકવાની તાકાત મનુષ્યજીવનમાં મળેલ સાધનથીજ થઈ શકે છે. એટલે ખરી રીતે તો મનુષ્યભવને સફલ કરવા માટે સર્વવિરતિનેજ અંગીકાર કરવી એ મુખ્ય રસ્તો છે, પરંતુ કોઈક તેવા ગાઢ મોહનીયકર્મના ઉદયનો અંગે હું સંસારની આસક્તિથી ઘેરાયેલો છું, અને સર્વવિરતિ લેવાને માટે શક્તિમાન થઈ શકતો નથી.

## સંઘપતિ થનારા સર્વવિરતિધરને શાથી વંદન પૂજન કરે છે?

યાદ રાખવું કે સમ્યગ્દષ્ટિને કે દેશવિરતિને સર્વવિરતિ લેવાની દરેકક્ષણે ભાવના હોવીજ જોઈએ. અને જો સર્વવિરતિ લેવાની ભાવના જે આત્મામાં ન હોય તો તે આત્મામાં સમ્યગ્દર્શન છે એમ માનવાની પણ શાસ્ત્રકારો ના પાડે છે. વર્ત્તમાનકાલમાં કેટલાક મઠધારી, ચારિત્રથી ચૂકેલાઓ, નિર્મમત્વના બણગાં ફુંકી ચારિત્રથી ચૂકેલાઓને વિચારકકોટિમાં મૂકી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ભંડાર ઠરાવવા માગે છે, પણ તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે પોતેજ દ્રષ્ટાન્ત તરીકે જણાવેલ કૃષ્ણમહારાજ અને શ્રેણિક મહારાજ તથા વિચારક અને ક્રિયાવાદી તરીકે ગણાયેલા આનંદાદિ શ્રાવકો જીનેશ્વર મહારાજના શાસ્ત્રોમાં કહેલી મહાવ્રતાદિક ક્રિયાઓને એક રૂંવાટે પણ નિરર્થક ધારતા ન્હોતા. ધ્યાન રાખવું કે ક્ષાયોપશમિકસમ્યકત્વને ધારણ કરનારા એવા પંચમહાવ્રતધારી સાધુમહાત્માઓને ક્ષાયિક જેવા ઉંચામાં ઉંચા સમ્યકત્વને ધારણ કરનારા એટલે મઠધારીની કલ્પના પ્રમાણે વિચારકની ઉંચામાં ઉંચી કોટીએ ગયેલા છતાં પણ નમસ્કાર કરતા હતા, અને પોતાની સર્વવિરતિ લેવાની અશક્તિ સંસારની આસક્તિના કારણે છે એમ સ્પષ્ટપણે તીર્થંકર મહારાજની પર્ષદામાં એકરાર કરવાપૂર્વક જણાવતા હતા. આ વાતને સમજવાવાળાએ આવશ્યકની ચૂર્ણિવિગેરેમાં અને શ્રીઉપાસકદશાંગના મૂલ સૂત્રમાં જોવાને માટે તકલીફ ઉઠાવવી. ચાલુ અધિકારને અંગે સંઘપતિ થનારો મનુષ્ય સર્વવિરતિને મોક્ષની સીડી માનનાર હોવા છતાં પોતાની આકાંક્ષાને લીધે અશક્તિ જાણી સર્વવિરતિને ધારણ કરનારાઓ તરફ ઘણીજ ઉંચીજ દ્રષ્ટિથી જોનારો હોય છે અને તેથી જ સંઘાચારભાષ્ય વિગેરેમાં જણાવેલા ધનવિગેરે સંઘપતીઓ તીર્થયાત્રા કરવા જતાં માર્ગમાં જ્યાં જ્યાં સર્વવિરતિધર્મના દર્શનનો લાભ મળે ત્યાં તેમના દર્શનનો લાભ લેવાને ચૂકતા ન્હોતા. એમ જે જણાવાયેલું છે તે ખરેખર વ્યાજબીજ છે, અને વર્તમાનમાં પણ સંઘપતિ તરીકે જાહેર થયેલા ભવ્યાત્માએ જ્યાં જ્યાં સર્વવિરતિધરોનો યોગ મળે છે ત્યાં ત્યાં સર્વવિરતિધરોના દર્શનથી પોતાના આત્માને અને સહગામી યાત્રિકોના આત્માને પવિત્ર કરવાનું ચૂકતાજ નથી. અનુકુલ સંજોગો હોય છે તો સંઘપતિ તેવા સ્થાને 'જયવીયરાય'માં જણાવેલા

'તવ્વયણસેવણા'ના વાક્યને સફળ કરવા માટે તેવા ગીતાર્થસર્વવિરતિધરોની દેશનાનો લાભ લેવા અને લેવડાવવામાં ખામી રાખતાજ નથી. આ સર્વ હકીકતથી સંઘપતિ થનારનું માનસ કેટલું બધુ ઉચ્ચ અને પવિત્ર હોય છે તે વિચારકોને સમજવું મુશ્કેલ નથી. આવો સંઘપતિ થનારો જ્યારે પોતાના આત્માને સર્વવિરતિ રૂપ મહાલાભથી ચૂકેલો ગણે છે ત્યારેજ તે વિચારે છે કે આ સંસારમાં રઝડતાં કોઈક લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે વ્યાપારમાં જે અનુકૂલતા થઈ અને મને જે ઋધ્ધિ કે જે બાહ્ય, અનિત્ય અને દુનિયામાંથી મળવાવાળી છે, તેવી ઋધ્ધિથી અન્તરંગ, નિત્યસ્વરૂપ, અને આત્માને ભવોદધિથી પાર ઉતારનારો એવો ધર્મ મેળવી લઈશ તો તેજ ઋધ્ધિનું ફલ છે. સામાન્ય રીતે નદીના ઘાટ ઉપર બેઠેલો કુતરો તરસ્યાને પાણી ન પીવા દે અને તે પાણી અન્તે સમુદ્રમાં જઈ ખારું થઈ જાય. તે વખતે તે કુતરાની દુષ્ટતાજ આપણી ધ્યાનમાં આવે, તેવી રીતે હું પણ જે આ ધનને મેળવી શકયો છું તે ધન આગલા ભવે તો લઈ જવાનોજ નથી, પાંચ પચીસ હજાર કે પાંચ પચીસ લાખ પણ વધારે હશે કે ઓછા હશે તો તે બધું મ્હેલીનેજ મ્હારે ચાલ્યા જવું છે, તો જે ઋદ્ધિની સાથે ભવિષ્યમાં સર્વથા વિયોગ થવાનો છે તેવી ઋદ્ધિની સફલતા તીર્થયાત્રાદિક દ્વારાએ કેમ ન કરવી ? નાશવંત અને અવશ્ય છોડવી પડે એવી લાભાન્તરાયના ક્ષયોપશમથી મળેલી ઋદ્ધિનો ઉપયોગ આત્મામાંજ રહેનારા કોઈ દિવસ નાશ નહિં પામનારા અને ઠેઠ મોક્ષની પ્રાપ્તિ સુધીના કાર્યોમાં મદદ કરનારા એવા ધર્મને મેળવવામાં કરવા મારાથી પાછી પાની થાયજ નહિં, સત્યરીતિએ જોઉં તો મને મળેલી ઋદ્ધિમાંથી જેટલાથી હું સત્કાર્ય કરી શકું તેટલીજ ઋદ્ધિ મારા ઉપયોગની ગણાય. રાજાના રાજ્યમાં કરોડો મણ અનાજ હોય, કરોડો મણ લુગડાં હોય અને હજારો જોજન જેટલી જમીન હોય, છતાં પણ તે રાજાને ઉપભોગલાયક તો કેવલ શેર અનાજ, એક જોડી લુગડાં અને સાડી ત્રણ હાથમાત્ર જમીન છે, તેવી રીતે મને ચાહે જેટલી ઋદ્ધિ મળી હોય, પરન્તુ જેટલી ઋધ્ધિનો ઉપયોગ હું તીર્થયાત્રા અને સંઘભક્તિ કરી સત્પાત્રમાં ખરચી શકું, તેટલીજ ઋદ્ધિ માત્ર મારા ઉપભોગની છે સત્પાત્રનો વિનિયોગ કરતાં બચેલી ઋદ્ધિનો ઉપયોગ સ્ત્રીયો પીયરદ્વારાએ કેવી રીતનો કરશે અગર મ્હારા પુત્રો સ્ત્રીમુખપણારૂપી કલિયુગના લક્ષણમાં દાખલ થઈ કેવી રીતે કરશે, અગર સટ્ટાની ઉંધી સીડીમાં સરકી પડી કેવી વ્યવસ્થા કરશે તેનો કોઈપણ જાતે નિશ્ચય કે ભરોસો હોઈ શકે નહિ, માટે મને લાભાન્તરાયના ક્ષયોપશમથી જે ઋદ્ધિ મળેલી છે તેનો સદુપયોગ કરવાનો આ વખત ખરેખર સંઘયાત્રા અને તીર્થભક્તિદ્વારાએ મળ્યો છે તે સાચવવોજ વ્યાજબી છે. એવી ભાવનાની શ્રેણિએ ચઢેલો મનુષ્ય વાસ્તવિકરીતિએ પોતાની ઋદ્ધિનો સદુપયોગ કરવા માટે સંઘપતિ બનવાને તૈયાર થાય છે.

## સ્વાભાવિક રીતે તીર્થયાત્રાના સમુદાયમાં આગેવાન થનારાઓના વિચારો

આ ચારે ગતિનો સંસાર એક સમુદ્ર જેવો છે અને તે ચારે ગતિરૂપ સંસારમાં અનાદિકાળથી આ જીવે રખડી રખડીને અનંતી વખત પૂરણ કર્યો છે. ચૌદરાજલોકમાં ચોરાશી લાખ જીવયોનિમાં કે ચારે ગતિમાં કોઈપણ એવું સ્થાન કુલ કે જાતિ જેવું છે નહિં કે જેની અંદર આ જીવે અનંતી વખતે જન્મ મરણ કર્યાં ન હોય ? ચૌદરાજલોકમાં સકલ આકાશપ્રદેશને અંગે વિચાર કરીએ તો તેનો એકપણ આકાશપ્રદેશ કે વાળનો અગ્રભાગ એવો નહિ મળી શકે કે જેની અંદર આ જીવે અનંતી વખત જન્મ મરણ ન કર્યાં હોય ?

અર્થાત્ અનંતા પુદ્ગલપરાવર્તો આ જીવે સંસારમાં રખડતાં રખડતાં કર્યાં છે, પરન્તુ દરેક જન્મો અનાદિસંસારની રખડપટ્ટીને પોષણ કરનારાજ નિવડયા છે. કેમકે જો તેમ ન હોય તો આટલો બધો કાળ સંસારમાં રખડવાનું બનતજ નહિં. સમુદ્રમાં જે પવન વાય છે. તેની દિશા નિયમિત હોય છે અને તેથી તેમાં પૂર્વ છેડે ધૂસરૂં અને પશ્ચિમના છેડે સમીલા નાંખી હોય તોપણ તે કાલક્રમે એકઠાં થવાનો અને સમીલાના યુગનો છિદ્રમાં પ્રવેશ પામવાનો વખત આવે, પરન્તુ આ સંસારચક્રનો પવન એવો વિચિત્ર છે કે ગ્રૈવેયક સુધી ચઢી ગયેલાને તો કાંઠા તરફ લઈ જવાને માટે પ્રેરક બનેઅ ખરો અને ન પણ બને. ચૌદપૂર્વસુધીના શ્રુતજ્ઞાનને ધારણ કરનારા મહાનુભાવો કે જેઓ સંસારસમુદ્રથી ભવ્યજીવોને તરવા માટે યાનપાત્રની ગરજ સારે છે, અને જેઓ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ હોય છે, તેવાઓને પણ સંસારસમુદ્રનો પવન કોઈક કોઈક વખત એટલી બધી ઉલ્ટી દશામાં લઈજાય છે કે "ધમ્યું સોનું ધૂલમાં અને બધી મહેનત પાણીમાં" થવાની કહેવતની માફક પાછા નિગોદવાસમાં તેને ફેંકી દે છે.

## સંસારચક્રના પવનની પરીસ્થિતિ

મનઃપર્યવ સરખા અતીન્દ્રિપદાર્થને દેખાડનારા જબરજસ્ત જ્ઞાનને પામેલા મહાત્માઓને પણ આ પવન એટલો બધો પ્રતિકૂલતા કરનારો થાય છે કે તે મહાત્માઓને પણ નિગોદવાસમાં જવું પડે છે. વળી મોહનીયકર્મ કે જે સર્વકર્મના રાજારૂપ છે, અને જેનું નચાવેલું આખું જગત્ નાચી રહેલું છે, તેવા મોહનીયના બંધ અને ઉદયથી ફેંકી દેનારા અને કેવલજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ ભગવાન્ જેવા પવિત્રચારિત્રને પામેલા મહાપુરૂષોને પણ આ સંસારચક્રનો પવન એવાં ગોથાં મુહપત્તિ અને દાંડા જેવી વસ્તુદ્વારાએ ખવડાવે છે કે જેને લીધે તેવા મહાપુરૂષોને પણ અનંતકાળ સુધી નિગોદમાં વસવાટ કરવો પડે છે. આટલા બધા વિચિત્ર અને ભયંકર સંસારસમુદ્રના પવનના ઝપાટામાં આ જીવ પણ અનંતી વખત આવી ગયો, અનંતી વખત ચઢી ચઢીને પાછો નિગોદસ્થાનમાં નિવાસ કરનારો થયો. માટે હે આત્મા આ વખતે તને મળેલી સામગ્રી મોક્ષને મેળવવાને લાયકની છે, તો તે પવનના ઝપાટામાં ન તણાઈ જાય એની ખરેખર સાવચેતી કરવાની જરૂર છે. જેમ પવનનો સખ્તમાં સખ્ત ઝપાટો મેરૂપર્વતની આગળ કંઈપણ પ્રતિકૂલતા કરી શકતો નથી, તેવી રીતે આ મનુષ્યભવની અંદર સતત શુભયોગે અને ધર્મધ્યાને વર્ત્તવાવાળા મહાનુભાવને આ સંસારસમુદ્રનું પવનચક્ર કોઈપણ પ્રકારે સપડાવી શકે તેમ નથી, માટે આ આત્મા એ સતત શુભયોગમાં અને ધર્મધ્યાનના ચાતુરંગચક્રને હાથમાં લઈને વર્તવાની જરૂર છે.

## કઈ ગતિનું પંચેન્દ્રિયપણું ઉત્તમોત્તમ ?

આ જીવને નારકીની ગતિમાં પંચેદ્રિયપણું અનંતી વાર મળેલું છે, પરંતુ તે પંચેન્દ્રિયપણામાં આંખ મીચી શકાય એટલી વખત પણ શાંતિ હતી નહિં, તો પછી તેવા વખતે સતત શુભયોગ અને ધર્મધ્યાનનું ચક્ર પ્રવર્ત્તાવવાનું બનેજ કેમ ? એટલે મોક્ષની સાધ્યદ્રષ્ટિની અપેક્ષાએ નારકીપણામાં મળેલું અનંતી વખતનું પંચેન્દ્રિપણું કલેશરૂપી ફળ દેવામાંજ ગયું છે, પરન્તુ કોઈપણ અંશે ઉપયોગી થયું નથી. તેવીજ રીતે તિર્યંચગતિમાં પણ અનંતી વખત પંચેન્દ્રિપણું પ્રાપ્ત થયું, પરંતુ તે તિર્યંચપણાની દશા એવી વિચિત્ર હતી કે જે દશા અને ભાષામાં અને જે સ્થિતિમાં ધર્મની પ્રવૃત્તિ હોય તે દશા વગેરે તેને સ્વપ્ને પણ મળે નહિ. ધર્મસ્થાનોની જ્યાં પ્રવૃત્તિ હોય એવા ક્ષેત્રોમાં જો તે તિર્યંચ હોય તો તે કાં તો પરાધીનતામાં જકડાયેલો હોય, કાં તો વ્યવહાર બહાર હોય, અને જ્યાં

ધર્મની પ્રવૃત્તિ કે રીતિ ભાતિ હોય નહિ તેવી જગોપર જ્યારે તિર્યંચની દશામાં પંચેન્દ્રિપણું મળ્યું હોય, ત્યારે તેમાં કેવલ દુર્ગતિનાં કર્મો બાંધવા સિવાય બીજો કોઇ પ્રયત્નજ ન હોય. તત્ત્વથી તિર્યંચની ગતિમાં મળેલુ પંચેન્દ્રિપણું પણ મોક્ષની સાધ્યદ્રષ્ટિની અપેક્ષાએ કેવલ કલેશરૂપી ફલને દેવાવાળું અને દુર્ગતિને દેવાવાળું થઇને નિષ્ફળજ થાય છે. જો કે દેવગતિમાં નથી તો નારકી જેવાં દુઃખો, નથી તો તિર્યંચગતિ જેવી પરાધીનતા, તેમજ નથી તો દુર્ગતિમાં જવાના કર્મોનાં ઉપાર્જન? એ બધું નહિં છતાં પણ દેવગતિમાં મળેલું પંચેન્દ્રિયપણું આત્માના સાધ્યદ્રષ્ટિએ તો એક અંશને પણ વધારનારું થતું નથી. એટલુંજ નહિં, પરંતુ પલ્યોપમ અને સાગરોપમ સુધીનું લાંબુ જીવન છતાં પણ મનુષ્યના સોવર્ષના જીવનથી સધાય તે વાત તો શું ? પરંતુ માત્ર નવવર્ષથી મનુષ્યના જીવનમાં જે સાધ્યદષ્ટિની સિદ્ધિ કરી શકયા. છે તેનો અનંતમો અંશપણ તે દેવગતિના લાંબા જીવનથી સધાતો નથી. જો કે નારકી તિર્યંચ કે દેવતાની ગતિમાં રખડતા આત્માને સ્વરૂપે તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની હયાતિ હોયજ છે, પરંતુ જેમ બીજમાં વૃક્ષને ઉત્પન્ન કરવાની તાકાત યોગ્ય પૃથ્વી પાણી હવા અને ગરમી સિવાય સફલ થતી નથી, તેવી રીતે આત્મામાં સ્વરૂપે રહેલા સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રો દાન શીલ તપ અને ભાવરૂપી ચોકમાં દાખલ થયા સિવાય પોતાનું કાર્ય કરનારા થતા નથી, અને દેવઆદિ ગતિઓમાં તો એ દાનાદિના ચોકમાં આવવાનું કોઇથી બન્યુ નથી, બનતું નથી, બનશે પણ નહિં. તે દાન શીલ તપ અને ભાવરૂપી ચોકમાં દાખલ થઇને આત્માના સમ્યગ્દર્શનાદિધર્મોને વિકસ્વર કરી મોક્ષફલને મેળવવાને જો કોઇપણ ભાગ્યશાળી થયું હોય, થતું હોય કે થાય તો તે કેવલ આર્યક્ષેત્રમાં ઉપજેલા મનુષ્યનું પંચેન્દ્રિપણું છે. આવા ઉત્તમોત્તમ અને જે મનુષ્યપંચેન્દ્રિપણું ઔદયિક છતાં શાસ્ત્રકારોએ 'चत्तारि परमंगाणि' ઇત્યાદિ કહેતાં તથા 'दुलहे खलु माणुसे भवे' વિગેરે કહેતાં જે વખાણ્યું છે તેને તેના ઔદયિકપણાને લીધે નહિ, પરંતુ તે મનુષ્ય પંચેન્દ્રિયપણામાં દાનાદિક ચોકમાં દાખલ થઇ મોક્ષરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે તેને અંગેજ છે. આવું મોક્ષની નીસરણીરૂપ અને દાનાદિકચોકમાં દાખલ કરનારૂં એવું મનુષ્યપંચેન્દ્રિપણું મ્હને પ્રાપ્ત થયું છે. તો પછી આવા મનુષ્યપંચેન્દ્રિપણામાં પ્રમાદ કરું અને દાનાદિચોકમાં દાખલ ન થાઉં અને સાધ્યની સિદ્ધિ કરવા તરફ પ્રયત્નશીલ ન થાઉં, તો હીરાની કિંમતને જાણનારો ઝવેરી માત્ર થોડા રૂપીયા બદલે હીરો ખોવે તેના જેવો મૂર્ખજ ગણાઉં. માટે આ મનુષ્ય જીવનમાં દાનાદિકચોકમાં મારે જરૂર દાખલ થવું જોઇએ. અને તે ચોકમાં લાગલાગટ સતત પ્રવાસરૂપે દાખલ થવાનું તીર્થયાત્રાદ્વારાએજ બનશે.

### લાભાન્તરાયના ક્ષયોપશમે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સદુપયોગ શામાં ?

બીજી બાજુ વિચારી કરીએ તો મનુષ્ય માત્ર વ્યવહારમાં પ્રવર્તે છે, પરન્તુ તે વ્યવહારનું ફલ સાધારણરીતે જે લક્ષ્મીની પ્રાપ્તિ ગણાય છે, તે લક્ષ્મીની પ્રાપ્તિનું ફલ જો હું ગ્રહણ ન કરું તો લાભાન્તરાયના ક્ષયોપશમની પવિત્રતાથી થયેલી લક્ષ્મીની પ્રાપ્તિ મારા આત્માને માટે તો નિષ્ફળજ ગઇ. જો લાભાન્તરાયના ક્ષયોપશમથી, મળેલી લક્ષ્મીથી આત્માના સમ્યગ્દર્શનાદિકને ઉજ્જવલ કરનાર દાનાદિકચતુષ્કની પ્રવૃત્તિ ન કરું અને તે લક્ષ્મીને ભવાંતરે જતાં હું છોડી તો જવાનોજ છું એટલે ફળેલો આંબો મફત રેડાઇ ગયો એમ જ સમજવું જોઈએ પુત્રાદિકને આપેલી લક્ષ્મી તેઓના અંતરાયકર્મના ક્ષયોપશમને આધીન પણેજ ટકવાની છે. બાપની કરોડોની મીલકત મેળવનારા પણ ભીખ માગતા નજરે પડે છે અને બાપ તરફથી

વારસામાં ભીખ માંગવાનું લેનારા છતાં પણ કોટિપણાની દશાને પામેલા નજરે પડે છે, માટે સંતાનોને માટે મારી આ લક્ષ્મી છે એવી ધારણા કરવી તે કેવલ મૂર્ખતા સિવાય બીજુ કાંઇકજ નથી. વળી જે લક્ષ્મીનો ઉપયાગ દાનાદિક સન્માર્ગે થાય તેજ લક્ષ્મી તે લક્ષ્મી છે, પરંતુ જે લક્ષ્મીનો ઉપયોગ વિષય-કષાયની પુષ્ટિ માટે, આરંભ પરિગ્રહની વૃદ્ધિ માટે, અને કામરાગ, સ્નેહરાગ અને દષ્ટિરાગની વૃદ્ધિને માટે થાય, તે લક્ષ્મી ખરેખર લક્ષ્મી નથી, પણ અલક્ષ્મી છે. કારણ કે તે વિષયકષાયાદિકને અંગે ખર્ચાયેલી લક્ષ્મી એક તો અક્ષયપણે રહે નહિ, અને ભવાંતરમાં દરિદ્રતા અને દુર્ગતિના દુ:ખોને લાવનારી થાય, તો તેને અલક્ષ્મી ન કહેવી તો પછી બીજું કહેવું શું ?

## બીજી રીતે ચાર પ્રકારના જીવોની દશા

સંસારમાં જીવો ચાર પ્રકારના હોય છે. કેટલાક પાપાનુંબંધિપાપવાળા, કેટલાક પાપાનુબંધિપુણ્યવાળા, કેટલાક પુણ્યાનુબંધિપાપવાળા અને કેટલાક પુણ્યાનુબંધિપુણ્યવાળા. તેમાં જેઓ પાપાનુંબંધિપાપવાળા હોય છે તેઓ લાભાન્તરાયના ક્ષયોપશમથી લક્ષ્મીને પામવાવાળા હોતા નથી, તેમજ લક્ષ્મીના લોભના પ્રવાહમાં એવા તણાયેલા રહે છે કે જેથી અનેક પ્રકારનાં પાપોનો બંધ તેઓ કરે છે, અને તેનેજ લીધે તેઓ પાપાનુબંધિ પાપવાળા કહેવાય છે, વળી કેટલાક જીવો લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે લક્ષ્મીને પ્રાપ્ત કરનારા થઇ પુણ્યશાળી ગણાય છે, પરન્તુ તેઓ પોતાની લક્ષ્મી કષાય, આરંભ પરિગ્રહ અને કામરાગાદિના પોષણમાં વાપરી એવા પાપનો બંધ કરે છે કે જે પાપને લીધે તેઓને નરકતિર્યંચઆદિ દુર્ગતિમાં રખડવું પડે છે એટલે એમ કહીએ તો ચાલે કે પાપાનુબંધિપુણ્યવાળો જીવ કસાઈની બકરીએ જમીનમાંથી છરી બહાર કાઢી પોતાનો વધ પોતાના હાથે જલ્દી માગી લીધો, તેમ પાપાનુબંધિ પુણ્યવાળાની દશા થાય છે. કેટલાક જીવો લાભાન્તરાયનો ક્ષય નહિં થયેલો હોવાથી લક્ષ્મીઆદિને પ્રાપ્ત કરી શકતા નથી, પરન્તુ તે જીવો એટલા બધા સારી પરિણતિના હોય છે કે જે પરિણતિથી તેઓ અન્ય ભવ્યજીવો દ્વારા કરાતા ધર્મના મૂર્તિ-મન્દિર-પ્રતિષ્ઠાઓચ્છવ-ઉજમણાં-ઉપધાન-તીર્થયાત્રા-તીર્થોદ્ધાર-સાધર્મિકવાત્સલ્ય વિગેરે કાર્યો કરાતાં દેખીને રૂંવાટે રૂંવાટે ઉલ્લસીને તેની અનુમોદના કરે છે. બીજાએ કરાતાં ધાર્મિકકાર્યોને અનુમોદવાની પણ જે દરિદ્રોની હાલત ન હોય તે દરિદ્રો તો પાપાનુંબધિપાપવાળા છે. પરન્તુ પુણ્યાનુબંધિપાપવાળાની દશા એવી નથી હોતી કે તેઓ પોતાને લક્ષ્મી નહિં મળેલી હોવાથીધનના ખર્ચવાથી થતાં કાર્યો ન કરી શકે, તોપણ ભાગ્યશાળી જીવો જે જે ધનનો વ્યય કરી ઉપર જણાવેલાં મૂર્તિ-મન્દિર આદિ સત્ કાર્યો કરાવે તે દેખીને દરેક કાર્યની ઉપયોગિતા જોતો છતો તે કરનારાની ત્રિવિધત્રિવિધ પ્રશંસા તો જરૂર કરે. જૈનજનતામાં એ વાત તો જાણીતી છે કે કેટલીક વખત તો કરનાર કરાવનાર અને અનુમોદનારા એ ત્રણે જણ વર્ત્તમાનકાલની ભૂમિકામાં ઉત્તમમધ્યમ અને અધમ હોય, છતાં ભવાંતરની અપેક્ષાએ બલભદ્રસુથાર અને મૃગના દૃષ્ટાન્તે સરખા ફલને પામનારા થાય છે, તેવી રીતે કેટલીક વખત ધનના ખર્ચથી ભાગ્યશાળીઓ મૂર્ત્તિ અને મન્દિરાદિકનાં જે સત્કાર્યો કરે છે અને જે લાભ મેળવે છે તેજ લાભ પાપના ઉદયે લક્ષ્મી નહિ મળેલી છતાં પણ મૂર્ત્તિ-મન્દિરાદિનાં સત્કાર્યોને અનુમોદનારો મેળવી શકે છે. આ વાત જ્યારે ધ્યાનમાં રાખીએ ત્યારે <u>तादृशी जायते बुद्धिर्यादृशी भवितव्यता</u> એ નીતિવાક્ય ખરેખર સ્મરણમાં આવે છે. અર્થાત્ જે દરિદ્રો અનુમોદવાની બુદ્ધિ ધારણ કરનારા નથી, પરન્તુ વિરોધની બુદ્ધિને ધારણ

કરનારા હોઈ મૂર્ત્તિ મન્દિર વિગેરે ધર્મ-કાર્યો અને તેને કરાવનારાઓની હેલના કરે છે તેઓની ભવિતવ્યતા ખરેખર ભૂંડામાં ભૂંડી છે કે જેથી તેઓની તેવી બુદ્ધિ થાય છે, પણ પુણ્યાનુબંધિપાપવાળાઓની તેવી બુદ્ધિ કદાપિ થતીજ નથી. તેઓની બુદ્ધિ તો ઉપર જણાવ્યા પ્રમાણે ધાર્મિક કાર્યો અને તેને કરનારાઓની અહર્નિશ પ્રશંસામાંજ હોય છે.

### ધર્મનો રસ્તો શામાં ?

શાસ્ત્રકારોએ ધર્મના રસ્તામાં મુખ્ય રસ્તોજ સુકૃતની અનુમોદનાનો બતાવ્યો છે, અને જે મનુષ્ય મૂર્ત્તિમન્દિરઆદિ ધનના ખર્ચથી બનવાવાળા કાર્યોને સુકૃત ગણે તો પછી તે મનુષ્ય અંશે પણ માણસાઈ ધરાવતો હોય તો પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી તે સત્કાર્યોની અનુમોદના કર્યા સિવાયતો રહેજ કેમ ?

ઉપર જણાવેલા ત્રણપ્રકારના પુરષો કરતાં ચોથી જાતના પુરૂષો જુદા સ્વરૂપવાળા હોય છે, તેઓ પુણ્યાનુંબધિપુણ્યવાળા હોવાથી લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે મળેલી લક્ષ્મીનો શાસ્ત્રાકારોએ જણાવેલાં વીતરાગ-જ્ઞાન અને સંઘરૂપી સાતક્ષેત્રોમાં વ્યય કરનારા હોઈ પુણ્યનો અઢળક ખજાનો ભરનારા હોય છે. અને તેથી તે જીવો પુણ્યાનુબંધિપુણ્યવાળા કહેવાય છે, અર્થાત્ લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે મળેલી લક્ષ્મીનો સાત ક્ષેત્રોમાં વ્યય કરી મૂર્ત્તિ-પ્રતિષ્ઠાઆદિદ્વારાએ પુણ્યનો ખજાનો ભરવાનું કામ એ પુણ્યાનુંબધિંપુણ્યવાલા ભાગ્યાશાળી જીવોજ કરી શકે છે. આવી રીતે સંસારી જીવોના ચાર પ્રકાર વિચારીને યાત્રિકોનો આગેવાન બનનારો મહાપુરૂષ પોતાના આત્માને પુણ્યાનુબંધિપુણ્યવાળા ભાગ્યશાળી જીવોની કોટિમાં દાખલ કરે છે. અને જ્યારે તે પુણ્યાનુબંધિપુણ્યવાળા જીવો જે ભરતમહારાજા વગેરે થયા છે તેઓની કોટિમાં દાખલ થાય છે. ત્યારેજ તેને યાત્રિકસમુદાયના આગેવાન થવાનું મન થાય છે.

### ઋદ્ધિના પણ ત્રણ પ્રકાર

વળી જગત્માં જો કે લાભાન્તરાયના ક્ષયોપશમથી ઋદ્ધિ મળે છે, તોપણ તે ઋદ્ધિ ત્રણ પ્રકારના ભોગ-પુણ્ય અને પાપરૂપ પરિણામને નિપજાવનારી હોઈને ભોગઋદિ, પુણ્યઋદ્ધિ અને પાપઋદ્ધિ એવી રીતે ત્રણ પ્રકારની બને છે. તેમાં ચારે ગતિના સર્વદેવતાઓની ઋદ્ધિ કેવલ ભોગઋદ્ધિજ હોય છે, કેમકે તેઓને જેમ સુપાત્રદાનાદિક કરીને પુણ્યઋદ્ધિપણું પ્રકાશિત કરવાનો વખત હોતો નથી, તેવીજ રીતે તેની ઋદ્ધિથી મહારંભાદિક કાર્યો ન પ્રવર્ત્તતાં હોવાથી તે દેવતાઈ ઋદ્ધિને પાપઋદ્ધિ તરીકે પણ પ્રકાશિત થવાનું હોતું નથી, એટલે તે ચારે જાતિના સર્વ દેવાતાઓની ઋદ્ધિને કેવલ ભોગઋદ્ધિપણામાંજ રહેવાનું થાય છે, અને આજ કારણથી દેવતાપણાના અનંતભવોમાં પણ ઋદ્ધિની સફલતા થઈ શકી નહિ એમ કહેવાય છે. જો કે દેવાતાઓ પોતાની ઋદ્ધિથી જે ભોગવિલાસો કરે તેને પોતાની ઋદ્ધિનું ફલ માને છે,પરંતુ ફલનું સ્વરૂપ ત્યારે ગણાય કે જ્યારે ઋદ્ધિ ઉપયોગમાં આવવા સાથે નવી ઋદ્ધિ પામવાનું કારણ બની શકે. પણ તેમ નિયમિત તેઓને થતું નથી.

### કઈ ગતિમાં ફલથી વિશેષ ફલની પ્રાપ્તિ થાય?

જગતમાં બહુધા ફલોની સ્થિતિ એવી છે કે જે ઉપભોગમાં પણ આવે, અને તેનો શેષ ભાગ નવા વૃક્ષનું કારણ બને. જેમ આમ્રફલ તેનો રસ ખાવાના ઉપયોગમાં આવે છે અને તેજ આમ્રનો ગોટલો નવા આમ્રવૃક્ષનું કારણ બને છે, તેવી રીતે દેવતાઈ ઋદ્ધિ નવા પુણ્યનું અને નવી ઋદ્ધિનું કારણ બની શકતી નથી. જૈન જનતા સારી રીતે જાણે

છે કે દેવતા મરીને પુનઃ દેવતા થતોજ નથી, એટલુંજ નહિં, પરન્તુ દેવતાઓની ઘણી સંખ્યા તો તે ઋદ્ધિના ભોગવિલાસની તીવ્રતાને લીધે એવી અધમદશામાં ભવાંતર પામે છે કે તેઓ પોતાનાંજ આભૂષણમાં દેવતાપણું છોડીને એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થાય છે. પોતાની વાવડીઓમાં જલપણે ઉત્પન્ન થાય છે કે કમલપણે ઉત્પન્ન થાય છે. ભોગઋદ્ધિની આવી એકેન્દ્રિયપણાની મેળવી આપનારી દશાને વિચારનારો સુજ્ઞ યાત્રિકસમુદાયનો નેતા પોતાની ઋદ્ધિને એક પણ અંશે ભોગવિલાસની સામગ્રીમાં ઉપયોગી કરી ભોગઋદ્ધિ બનાવવા માગતો નથી. જો કે યાત્રિકગણનો નેતા પોતાની સ્થિતિના પ્રમાણમાં ભોગવિલાસથી રહિત હોતો નથી, પરન્તુ તે યાત્રિકગણનો નેતા તે અવસ્થાએ જે ભોગવિલાસની સ્થિતિમાં રહે છે અગર દબદબા ભરી રીતે પ્રવર્ત્તે છે તે પોતાની ઈન્દ્રિયઆસક્તિને લીધે નહિં. પરન્તુ ધર્મહીલના ન થાય અને ધર્મ તરફ અનેક લોકો પ્રવૃત્તિવાળા થાય તેને માટેજ હોય છે. યાત્રિકગણનો નેતા તે ભોગોને પોતાની ઋદ્ધિના ફલ તરીકે ગણનારો હોતો નથી, પરન્તુ જે કંઈ પણ ધર્મની પ્રવૃત્તિ, ધર્મની વૃદ્ધિ કે અન્યજીવોમાં બોધિબીજનું શાસનપ્રશંસાદ્વારાએ આરોપણ થાય, તેનેજ પોતાની ઋદ્ધિનું ફલ ગણે. અર્થાત્ ચારગતિના દેવતાઓને અને અવિરતિ મિથ્યાદષ્ટિ ચક્રવર્ત્તિ વાસુદેવ અને રાજામહારાજાઓને મળેલી રિદ્ધિ તે ભોગરિદ્ધિ હોય છે, તેવીજ રીતે પૂર્વભવમાં કરેલા સુપાત્રદાનો મુનિવૈયાવચ્ચ-તીર્થોદ્ધાર-સંઘયાત્રા વિગેરે પવિત્રતમ કાર્યો કરવાથી જેભરતમહારાજા વગેરે ચક્રવર્તિઓ અને આદિત્યયશા વિગેરે મહારાજાઓને મળેલી રિદ્ધિ ત્યાગદ્વારાએ થયેલ લાભાન્તરાયના ક્ષયોપશમથી થયેલી હોય છે તેથી તે રિદ્ધિ સામાન્યપણે ઉપભોગમાં આવે છે. પરન્તુ તેનું મુખ્ય ફલ તો તીર્થઉદ્ધાર અને સંઘયાત્રાદિ કાર્યો કરવા દ્વારાએ પુણ્ય ઉપાર્જન કરવામાંજ થાય છે અને તેથીજ તેવા ભાગ્યશાળીની ઋદ્ધિઓને પુણ્યઋદ્ધિ તરીકે શાસ્ત્રકારો ગણે છે.

## પરિગ્રહ સંબંધી કિંચિત્ વિવેચન

સામાન્યરીતિએ જગત્માં અને જૈનશાસ્ત્રના કથન પ્રમાણે પણ પરિગ્રહ એ પાપસ્થાન છે, એટલુજ નહિં, પરન્તુ દુર્ગતિમાં પડવા માટે પરિગ્રહ એ ગળે બાંધેલી પત્થરની શિલા સમાન છે, પરન્તુ દયા વૈરાગ્ય અને વિશુદ્ધશીલવૃત્તિદ્વારાએ મળેલો પરિગ્રહ સ્વરૂપે પૂર્વે જણાવ્યાં પ્રમાણે અધમતાવાળો છે, છતાં પણ શાસ્ત્ર જો તે પરિગ્રહરૂપ ઋદ્ધિને અપાતિની એટલે નહિં પડવાવાળી ઋદ્ધિ ગણવા સાથે ઉદય કરનારી ઋદ્ધિ ગણે છે. અને તેથીજ તેવી ઋદ્ધિને પુણ્યઋદ્ધિ તરીકે ગણવામાં આવે છે. અર્થાત્ જે ભાગ્યશાળીની ઋદ્ધિને પુણ્યઋદ્ધિપણામાં પ્રકાશિત થવાનું હોય છે તેજ ભાગ્યશાળીને યાત્રિકગણના નેતા થવાનું મન થાય છે, અને પોતાની ઋદ્ધિનો વ્યય યાત્રિકગણરૂપી સાધર્મિકની ભક્તિવિગેરેદ્વારાએ ઉપયોગ કરવાનું બને છે. યાદ રાખવુંકે વ્યાપારવણજ છોડીને, ઘરનાં કામકાજ મૂકીને, લાંબી મુદતને માટે નિવૃત્ત થઈને યાત્રાને માટે નીકળેલો વર્ગ કોઈપણ પ્રકારે સાધર્મિકની પંક્તિમાં ઉંચામાં ઉંચી સ્થિતિએ ગયા સિવાય રહેતો નથી. કેટલાક યુવકો ધર્મના કાર્યની સ્હામે પ્રોપેગેન્ડા કરનારા, માત્ર પેટપૂજામાંજ મસ્ત બનેલા, ધર્મને ધતીંગ તરીકે પોકારનારા, દેવગુરૂ અને ધર્મનું હડહડતું જુઠું અપમાન કરનારા હોવા સાથે શ્રદ્ધારહિત થયેલાઓ પોતાના વર્ગને પોષતાં સાધર્મિકોનું વાત્સલ્ય ગણાવી પોષવા તૈયાર થાય છે અને પોતાની સંસ્થાઓને ધર્મની પ્રતિકૂલતામાંજ દિનપ્રતિદિન આગળ ધપાવતાં સાધર્મિકવાત્સલ્ય જેવા ત્રિલોકનાથતીર્થંકરભગવાનના પવિત્રશબ્દોનો દુરૂપયોગ કરે છે. પરન્તુ અત્ર યાત્રિકગણના નેતા બનનારને તો સાચે સાચા ધર્મની શ્રદ્ધાવાળા,

પ્રવૃત્તિવાળા અને તેનીજ લાગણીવાળા, દેવ ગુરૂ અને ધર્મના બહુમાનવાળા, જીનેશ્વર ભગવાનની પૂજા, ગુરૂમહારાજની સેવા અને ધર્મની ક્રિયાઓમાં ઉત્તમરીતિએ વર્ત્તનારા, સાચા સાધર્મિકોનું વાત્સલ્ય કરવાનો વખત ગણી લાંબી મુદત સુધી મળે છે. આવું વિચારી ભાગ્યશાળી શ્રાવક પોતાને યાત્રિકગણના નેતા થવાનું પ્રસન્ન કરી પોતાની ઋદ્ધિને પુણ્યઋદ્ધિ તરીકે પ્રકાશિત કરે તે સર્વધર્મિષ્ઠોને અનુમોદન કરવા યોગ્ય છે. અર્થાત્ યાત્રિકગણના નેતા બનનારની ઋદ્ધિ ખરેખર પુણ્યઋદ્ધિજ બને છે.

પૂર્વે જણાવેલી ભોગઋદ્ધિ અને પુણ્યઋદ્ધિ કરતાં ત્રીજા પ્રકારની ઋદ્ધિ જે કહેવામાં આવે છે તે પાપઋદ્ધિ છે. જો કે સ્વરૂપે તો ભોગઋદ્ધિ અને પાપઋદ્ધિમાં વધારે ભેદ પડે તેવો નથી, કેમકે ભોગના પરિણામમાં પણ પાપનોજ પ્રાદુર્ભાવ છે. અને તેથી ઋદ્ધિના પાપઋદ્ધિ અને પુણ્યઋદ્ધિ એવા બેજ ભેદો પાડીએ તો તે કાંઇ ખોટું નથી, પ્રરંતુ જગત્માં કેટલાકજીવોની ઋદ્ધિ એવી પણ હોય છે કે જે ઋદ્ધિથી મમ્મણશેઠ આદિકની માફકભોગની પ્રાપ્તિ પણ ન મેળવી શકાય, અને છતાંપણ દુષ્ટતમ એવી દુર્ગતિના કારણ ભૂત પાપોને તો મેળવીજ લે. ત્યારે તેવી ઋદ્ધિને ભોગઋદ્ધિથી જુદી પાડી પાપઋદ્ધિ તરીકે ગણવી પડે. માટે ઋદ્ધિના ત્રણ ભેદો કહેવા અને તેમાં છેલ્લો ભેદ પાપઋદ્ધિ તરીકે ગણવો એમાં કંઇ ખોટું નથી. જેઓને મળેલી ઋદ્ધિ જગત્ની હત્યા માટેજ રાંકાશેઠની ઋદ્ધિની માફક ઉપયોગી થાય, જેઓને મળેલી ઋદ્ધિ જુગાર રંડીબાજી અને પરસ્ત્રીગમનમાંજ ઉપયોગી થાય, વળી જગતમાં મનુષ્યોના મોટા સંહારોને કરનારા યુદ્ધોને પ્રવર્ત્તાવનારી થાય, જેઓની ઋદ્ધિ અનેક પ્રકારના ભંયકર શસ્ત્રો અને સંહારક શોધોમાંજ ઉપયોગી થાય, તેવી ઋદ્ધિને અંશે પણ ભોગવૃદ્ધિ કે પુણ્યવૃદ્ધિ ન કહી શકાય, પરન્તુ તેવી ઋદ્ધિને સર્વથા પાપઋદ્ધિજ કહેવી પડે. આવી રીતે ઋદ્ધિના ત્રણ પ્રકાર હોવાથી યાત્રિકગણના નેતા બનનારો મહાપુરૂષ પોતાની ઋદ્ધિ પોતાના હાથે કે સંતાનોના હાથે ભોગઋદ્ધિ કે પાપઋદ્ધિ ન બની જાય તેની પહેલાં પોતાની ઋદ્ધિને પુણ્યઋદ્ધિ બનાવવા તૈયાર થાય છે. અને યાત્રિકગણનો નેતા એટલે જેને સંઘપતિ કહેવાય છે તે બની શકે.

ઉપર જણાવ્યા પ્રમાણે યાત્રિકગણનો નેતા પોતાની ઋદ્ધિનો દાનાદિ ચતુષ્કમાં ઉપયોગ કરવા તૈયાર થાય, પોતાના આત્માને પુણ્યાનુબંધિપુણ્યવાળા જીવોની કોટીમાં દાખલ કરવાં તૈયાર થાય અને પોતાની ઋદ્ધિને પુણ્યઋદ્ધિ પણે પ્રકાશિત કરવા તૈયાર થાય તોજ તે યાત્રિકગણનો નેતા બનવાનો વિચાર કરી શકે.

### શ્રાવક અને મહાશ્રાવકમાં તફાવત

સમ્યક્ત્વપૂર્વક બારવ્રતને ધારણ કરવાં તે શ્રાવકનો ધર્મ છે અને તેને શાસ્ત્રકારો ગૃહિધર્મ તરીકે સૂત્રસિદ્ધાંતોમાં જગો જગો પર જણાવે છે, પરન્તુ તેને ધારણ કરનારો संपत्तदंसणाइ વગેરે શાસ્ત્રીયવાક્યોથી શ્રાવકતરીકે ગણાય છે, પરન્તુ મહાશ્રાવક તો તેજ ગણાય છે કે જેઓ સમ્યક્ત્વપૂર્વક દ્વાદશવ્રતમાં સ્થિત હોવા સાથે સાતક્ષેત્રમાં પોતાનું ધન ભક્તિપૂર્વક વાપરતો હોય અને અત્યન્ત દીનહીનજન્તુવર્ગમાં દયાથી પોતાના ધનનો વ્યય કરનાર હોય. આ વાત કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીજી મહારાજ શ્રી યોગશાસ્ત્રની અંદર 'एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन्। दयया चातिदीनेषु महाश्रावक उच्यते' એ શ્લોકથી સ્પષ્ટ કરે છે, અને આગમમાં પણ શ્રાવકે પોતાના ધનનો વ્યય જીનબિંબ વિગેરે ક્ષેત્રોમાં કરવો જોઇએ એમ જણાવી સ્પષ્ટપણે શ્રાવકની ફરજ સાતક્ષેત્રના પોષણમાં પર્યવસિત કરેલી છે.

(અનુસંધાન પેજ નં. ૨૦૧)

(ટાઈટલ પા. ૪ થી ચાલુ)

ક્ષાએ જેઓ પરિગ્રહના ત્યાગની વ્રતની પ્રતિજ્ઞાને સમજ્યા નથી તે લૌકિકમાર્ગગામીઓ લોકોત્તરમાર્ગથી ભિન્ન પડી જાય તેમાં આશ્ચર્ય શું ? અર્થાત્ જેમ, ઉપર જણાવેલા પાંચયમોને અંગે સામાન્યરીતે અહિંસાદિકને નામે સરખાપણું છે, છતાં તત્વદૃષ્ટિએ લૌકિક અને લોકોત્તર યમોની વચ્ચે આકાશ અને પાતાળ જેટલું આંતરૂં છે, તેવીજ રીતે લૌકિકદૃષ્ટિએ દેવ ગુરૂ અને ધર્મને નામે દેવ ગુરૂ અને ધર્મની માન્યતા જે પ્રચલિત છે. તે લોકોત્તરમાર્ગમાં ચાલતી દેવ ગુરૂ અને ધર્મની માન્યતાની સાથે નામમાત્રથી તો સરખાપણું ધરાવનારી છે, છતાં તત્વદૃષ્ટિએ વિચારીએ તો તે લૌકિક અને લોકોત્તરદૃષ્ટિની દેવ ગુરૂ અને ધર્મ સંબંધીની માન્યતામાં આકાશ અને પાતાલ જેટલું આંતરૂં છે. કારણ કે લૌકિકદૃષ્ટિએ દેવની જે માન્યતા ધરાવવામાં આવે છે તેમાં પહાડ, પાણી, પર્વત, વનસ્પતિ, જીવન, સમૃદ્ધિ, સ્ત્રી-પુત્ર-ધન-ધાન્ય કુંટુબ, કબીલા આદિ ભૌતિકપદાર્થો આપવાના નામે ઉપકાર ગણી તેનેજ મુખ્યપદ આપવામાં આવે છે. અર્થાત્ નથી તો દેવને બાહ્ય અભ્યતંર ભૌતિક પદાર્થોના ત્યાગને અંગે માનવામાં આવતા, નથી તો ત્યાગમાર્ગની શરૂઆત કરનારા માનવામાં આવતા, અને નથી તો ત્યાગમાર્ગના ઉપદેશક તરીકે ઉપકારી માનવામાં આવતા, એવી રીતે ગુરૂ અને ધર્મને અંગે પણ લૌકિકમાર્ગવાળાઓને ત્યાગની મુખ્યતા હોય નથી પરંતુ તેઓને પ્રેમભક્તિ વાત્સલ્ય તત્પરાયણતા વિગેરેની જ મુખ્યતા હોય છે. જ્યારે લૌકોત્તરમાર્ગમાં ત્રિલોકનાથતીર્થંકરભગવાન્ જોકે રાજ્યઋદ્ધિવાળા જન્મથી હોય છે યાવત્ ચક્રવર્તી પણ બને છે અને નરેન્દ્રદેવેન્દ્રોથી સતત પૂજ્યતાને ધારણ કરનારા હોય છે, છતાં તે દ્વારાએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજ્યતા ધરાવવામાં આવી નથી, પરંતુ સંયમમાર્ગ કે જે મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે અને જેને માટે શાસ્ત્રકારો **चरणाहिंतो मुक्खो** એમ કહી મોક્ષની પ્રાપ્તિને અંગે ચારિત્રની જ પ્રધાનતા જણાવે છે. વળી ચારિત્ર સિવાયના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બન્ને નિશ્ચય નયની દૃષ્ટિએ તો જો કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનસ્વરૂપ જ નથી, પરંતુ માત્ર વ્યવહારદૃષ્ટિએ તે ચારિત્ર વગરના સમ્યગ્જ્ઞાન અને સમ્યદર્શન તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન રૂપી ગણાય છે. તેને પણ ચારિત્રના સહચારીપણા સિવાય તો મોક્ષના સાધન તરીકે ન ગણો એમ શ્રીતત્વાર્થભાષ્યકાર ચોખ્ખા શબ્દોમાં જણાવે છે. એટલે તો મોક્ષનો

(અનુસંધાન ટાઈટલ પા. ૨ જું)

# અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

## નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અર્હિસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૪ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય્ | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયકમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તિથિ-ક્ષય-વૃદ્ધિ-પ્રદીપ

લેખક :-

આગમોદ્ધારક

આચાર્ય શ્રીમત્ સાગરાનંદ સૂરીશ્વરજી

नत्वा नम्रेन्द्रनागेन्द्रं, पार्श्वं शंखेश्वराधिपं।

पर्वतिथ्याः प्रकाशोऽयं, लिख्यते लोकभाषया॥१॥

અનાદિભવાવર્ત્તમાં જીવ અનન્ત પુદ્ગલ પરાવર્ત્ત સુધી અનાદિ વનસ્પતિમાં એકશ્વાસમાં અધિક એવા સત્તર ભવ કરી કરીને રખડ્યો. અનન્તા દુઃખ સહન કરતાં કરતાં પણ અલ્પતમનીજ માત્ર નિર્જરા અને બહુતમનો બન્ધ કરવાનો સામાન્ય સ્વભાવ છતાં કોઈક અગમ્યરીતિએ માત્ર ભવિતવ્યતાનાજ પ્રભાવે અચિન્ત્ય દુઃખ વારંવાર અનુભવતાં અલ્પ અલ્પ નિર્જરા વધારે થતાં, અને અકામનિર્જરાનો વધારો થતાં, અનાદિ વનસ્પતિમાંથી નીકલવાનો વખત મળ્યો, એમ છતાં પણ તે બાદરનિગોદમાંથી પાછો સૂક્ષ્મનિગોદમાં પછડાયો, અને અનન્ત ઉત્સર્પ્પિણી અવસર્પ્પિણી રખડી ગયો, વળી અકામનિર્જરા કંઈક વધારે થઈ ત્યારે પાછી બાદરનિગોદમાં ભવિતવ્યતાના બલે આવવું થયું. એવી રીતે અનન્ત વખત થતાં અનન્ત દુઃખે અકામનિર્જરા વધી ત્યારે પૃથ્વીકાયરૂપ પ્રત્યેકમાં આવ્યો. વળી તેમાંથી કોઈ વખત સૂક્ષ્મનિગોદમાં અને કોઈ વખત બાદરનિગોદમાં પાછો પછડાયો. એવી રીતે આગલ વધતાં પાછલ પાછલ પછડાતાં અનન્ત ઉત્સર્પ્પિણિ સુધી નિગોદમાં અને અસંખ્યા ઉત્સર્પ્પિણી પૃથ્વીકાયાદિ દરેકમાં રખડ્યો. એમ કરતાં પણ જ્યારે ભવિતવ્યતાને બલે અતિશય અકામનિર્જરા વધી ત્યારે બેઈંદ્રિયાદિકપણે ત્રસસ્થિતિમાં આ જીવ આવી શક્યો. એ ત્રસપણામાં પણ બેઈંદ્રિયઆદિક યોનિ અને ભિન્ન ભિન્ન જાતિમાં સંખ્યાતા સાગરોપમ સુધી રખડપટ્ટી કર્યા છતાં કેઈ વખત પાછો સૂક્ષ્મ બાદર નિગોદ પૃથ્વીકાયઆદિ પ્રત્યેકમાં પછડાવાનું અને ત્યાંની તે તે કાયસ્થિતિ પ્રમાણે રખડંપટ્ટી કરવાનું ચાલ્યા જ કર્યું, છતાં ભવિતવ્યતાના બલે ઘણી અકામનિર્જરા અનન્તાં દુઃખો વેઠીને મળી ત્યારે પંચેન્દ્રિયપણામાં આવ્યો ત્યાં પણ સાગરોપમો સુધી રખડ્યો અને કેઈ વખત સૂક્ષ્મનિગોદ વિગેરેમાં પછડાયો અને તેની તેની કાયસ્થિતિ જેટલો જેટલો કાલ પણ રખડ્યો, એમ કરતાં કરતાં પણ ભવિતવ્યતાના બલે અને અકામનિર્જરાના યોગે મનુષ્યપણાને પ્રાપ્ત કરી શક્યો, એ મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ ચોલ્લક

આદિ દ્રષ્ટાન્તોથી મનુષ્યભવની દુર્લભતાની માફક જ આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, ઉત્તમજાતિ અને દેવગુરૂધર્મની જોગવાઈ મળવી મુશ્કેલ છે, છતાં કોઈક ભવિતવ્યતાને યોગે અને અકામનિર્જરાને પ્રતાપે તે બધી જોગવાઈ મળી ગઈ છે. આટલી બધી દુર્લભ સામગ્રી મળ્યા પછી એમ કહી શકાય કે ભવિતવ્યતા અને અકામનિર્જરાનું કાર્ય પરાકાષ્ટાએ પહોંચ્યું, અથવા કર્મવાદ પણ પરાકાષ્ટાએ પહોંચ્યો. ખેડુતને જેમ યોગ્ય જમીન, યોગ્ય બીજ અને યોગ્ય વરસાદથી યોગ્ય ધાન્યની નિષ્પતિ થતાં જેમ ફક્ત પુરૂષકારનેજ ફોરવવાનો રહે છે તેમ ભવ્યજીવને હવે ભવિતવ્યતા, અકામનિર્જરા અને કર્મવાદના પ્રાબલ્યનો વખત પૂરો થયો છે. હવે તો પોતાના પુરૂષાર્થનો પ્રભાવ પાડવાનોજ બાકી રહે છે. યાદ રાખવું કે જૈન શાસ્ત્રોમાં જે ગોશાલાને ઉત્થાપક તરીકે ગણવામાં આવ્યો છે તે તેના ભવિતવ્યતા એટલે નિયતિવાદને લીધેજ હતું. એટલે પૂર્વકાલે થયેલી પ્રાપ્તિ માટે શાસ્ત્રકારો સૂક્ષ્મનિગોદથી નીકળીને મનુષ્યપણાઆદિની પ્રાપ્તિમાં ભવિતવ્યતાને અગ્રપદ આપે છે, છતાં ભવિષ્યને માટે ભવિતવ્યતાનો આધાર રાખનારને ઉત્થાપક ગણે છે, અર્થાત્ અનાભોગઅવસ્થામાં ભવિતવ્યતાનો જે આધાર રહ્યો એ જીવને પાલવે, પરન્તુ ભવિષ્યને માટે ઉપયોગવાળો સમજુ મનુષ્ય ભવિષ્યતાનો આધાર રાખે તે ધર્મિષ્ઠોને કે ધર્મના નેતાઓને પાલવેજ નહિ. આ વાત જ્યારે લક્ષ્યમાં લેવાશે ત્યારેજ શાસ્ત્રકાર મહારાજા શ્રીહરિભદ્રસૂરિજી શ્રીઉપદેશપદાદિમાં કર્મવાદિને અધિક પુદ્દગલ પરાવર્ત્ત સંસારવાળો ગણે છે અને ઉદ્યમવાદિને એક પુદ્ગલ પરાવર્ત્ત કે તેથી ઓછા સંસારવાળો જે ગણે છે તેનો ખુલાસો થશે અને સાથેજ શ્રી ષોડશકજીની અંદર જણાવેલ અન્ત્યપુદ્ગલ પરાવર્ત્તમાત્રકાલની પ્રધાન કારણતાનો પણ ખુલાસો થાય છે વળી એમ જણાવી તેમાં અન્ત્યપુદ્ગલપરાવર્ત્તનો નાશ સદ્બોધ આદિ પૌરુષેય કારણથી જણાવે છે તેનો ખુલાસો થઈ જશે. શ્રમણભગવાન્ મહાવીરમહારાજે શ્રીભગવતી આદિ સૂત્રોમાં જૈનમત તરીકે अत्थि उट्ठाणे, अत्थि बले, अत्थि वीरिए अत्थि पुरिसक्कारपरक्कमे એવો જે બલ કર્મ વીર્યાદિના સત્ત્વની સાથે ઉત્થાનનો જે સિદ્ધાંત પ્રતિપાદન કરેલો છે તે પણ અન્ત્યપુદ્ગલ પરાવર્ત્તમાં ભગવાનના સિદ્ધાંતને પામનારા શ્રોતા જીવોને માટે યોગ્યજ છે, અર્થાત્ મોક્ષમાર્ગે આવનાર અને વધનારને માટે ઉત્થાનાદિનો સિદ્ધાંત ઉપયોગી છે અને ભવિતવ્યતાના સિદ્ધાંતોનો જે સાધનસામગ્રી દુર્લભ છતાં મળી છે તેનું સાધ્ય સાધવા માટે ઉપયોગ ન કર્યો અને વિષય કષાયાદિ દ્વારાએ પાપ ઉપાર્જન કરીને દુરૂપયોગ કર્યો તો નિગોદાદિવાસ થવો અને ત્યાંથી પાછું નીકળવું, એ ભવિતવ્યતા અને કાયસ્થિતિને આધીન છે એમ જણાવી દુર્ગતિથી ભય ઉપજાવવા અને તે દ્વારાએ સાધનસામગ્રીનો સદુપયોગ કરાવવા માટેજ છે, એ સ્પષ્ટ હકીકતથી ઉત્તરાધ્યયનસૂત્રનું દ્રુમપત્રીયઅધ્યયન વિચારવાથી સ્પષ્ટ માલમ પડશે, આ બધી હકીકત જણાવવાનું તત્ત્વ એટલું

જ છે કે સર્વજ્ઞ વીતરાગ પ્રભુના અવ્યાહત પ્રભાવશાળી ત્રિકાલાબાધિત શાસનને પામનારો મનુષ્ય પ્રમાદને પરમરિપું તરીકે ગણી તેનો સર્વથા પરિહાર કરે અને તે દ્વારાએ આત્માનું શ્રેયઃ સાધવા માટે અખંડપણે આખી જીવનદશામાં તે શાસનની આરાધનામાં કટિબદ્ધ થાય. મોહનીયકર્મના તીવ્ર ઉદયને લીધે સર્વકાલ ધર્મના સાધનો ઉપાદેય તરીકે માન્ય છતાં ન બની શકે તો પણ સંસારવૃદ્ધિના કારણભૂત અબ્રહ્મ, સચિત્ત ભક્ષણ, પ્રાણવધ વગેરેની વિરતિ કરવા માટે અને દાન શીલ તપ અને ભાવની આરાધનામાં વધવા માટે શાસ્ત્રકારોએ પરભવના આયુષ્યના બંધની માફક ત્રીજા ત્રીજા ભાગે અને સમુદ્રની વેલાની વૃદ્ધિ હાનિના કારણભૂત કાલની માફક તિથિઓનું આરાધન શાસ્ત્રકાર મહારાજાઓએ ભવ્યજીવોના ઉપકારને માટે ફરમાવેલું છે, તો તે આરાધનાયુક્તતા અને સત્યતાને સમજાવવા માટે શ્રી શ્રાદ્ધવિધિ વગેરેના પાઠો તથા તે સંબંધી પૃથક પૃથક પ્રથમપર્વહાનિ, દ્વિતીયપર્વહાનિ, પ્રથમપર્વવૃદ્ધિ, અને દ્વિતીયપર્વની વૃદ્ધિની વખતે સુજ્ઞ ધર્મીષ્ઠમનુષ્યોએ કેવી રીતે આરાધના કરાય તો તે શાસ્ત્રસંગત ગણાય તે જણાવવા માટે આ પર્વપ્રકાશનો પ્રાદુર્ભાવ કરવામાં આવ્યો છે.

पर्वकृत्यमाह - पव्वेसु पोसहाई बंभ अणारंभतवविसेसाई। आसोअचित्तअट्ठाहिअपमुहेसुं विसेसेणं॥११॥ व्याख्या-पर्वस्वष्टमीचतुर्दश्यादिष्वागमोक्तेषु पोषं-पुष्टिं प्रस्तावाद्धर्मस्य धत्ते इति पोषधः तद्व्रतादि श्राद्धेनावश्यं कार्यमिति शेषः। यदागमः-सव्वेसु कालपव्वेसु, पसत्थो जिणमए हवइ जोगो। अट्ठमिचउद्दसीसु अ नियमेण हविज्ज पोसहिओ ॥१॥ आदिशब्दाद् वपुरपाटवादिपुष्टालंबनैः पोषधस्य कर्तुमशक्यत्वे द्विष्प्रतिक्रमणबहुबहुसामायिककरणबहुसंक्षेपरूपदेशावकाशिकव्रतस्वीकरणादि कार्यं। तथा पर्वसु ब्रह्मचर्यमनारंभः- आरंभवर्जनं तपोविशेषः प्राक्क्रियमाणतपसोऽधिकं यथाशक्त्युपवासादितपः, आदिशब्दात् स्नात्रचैत्यपरिपाटीकरणसर्वसाधुनमस्करणसुपात्रदानादिना प्राक्क्रियमाणदेवगुरुपूजादानादिभ्यो विशिष्य धर्मानुष्टानं तत्तत् कार्यं। यतः "जइ सव्वेसु दिणेसु पालह किरिअं तओ हवइ लट्ठं। जइ पुण तहा न सक्कह तहवि हु पालिज्ज पव्वदिणं ॥१॥" यथा विजयदशमीदीपोत्सवाक्षयतृतीयाद्यैहिकपर्वसु भोजननेपथ्यादौ विशिष्य यत्यते तथा धर्मपर्वसु धर्मेऽपि। बाह्यलोका अप्येकादश्यमावास्यादिपर्वसु कियदारंभवर्जनोपवासादिकं संक्रान्तिग्रहणादिपर्वसु सर्वशक्त्या महादानादिकं च कुर्वन्ति। ततः श्राद्धेन पर्वदिनाः सर्वे विशिष्य पालनीयाः। पर्वाणि चैवमूचुः॥ "अट्ठमिचाउद्दसि पुण्णिमा य तहमावसा हवइ पव्वं। मासंमि पव्वछक्कं तिन्नि अ पव्वाइं पक्खंमि॥१॥" तथा। "बीआ पंचमि अट्ठमि, एगारसि चउदसी पण तिहीओ। एआओ सुअतिहीओ गोअमगणहारिणा भणिआ॥२॥ बीआ दुविहे धम्मे पंचमी नाणेसु

अट्ठमी कम्मे। एगारसी अंगाणं चउद्दसी चउदपुव्वाणं॥३॥'' एवं पञ्चपर्वी पूर्णिमाममावास्याभ्यां सह षट्पर्वी च प्रतिपक्षमुत्कृष्टतः स्यात्। वर्षमध्ये त्वष्टान्हिकाचतुर्मासकादिन्यनेकानि पर्वाणि। आरंभवर्जनं सर्वथा कर्त्तुमशक्तेनापि स्वल्पस्वल्पतरारंभेण पर्वसु भाव्यं। सचित्ताहारश्च जीवहिंसात्मकतया महानेवारंभः ततोऽ-नारंभेति पदेन पर्वसु सर्वसचित्ताहारपरिहारोऽपि कार्यतया ज्ञेयः। - ''आहारनिमित्तेणं मच्छा गच्छंति सत्तमिं पुढविं। सच्चित्तो आहारो न खमो मणसावि पत्थेउं॥१॥'' इति वचनान्नित्यं सचित्ताहारः श्राद्धेन परिहार्यो मुख्यवृत्त्या, जातु तथा कर्त्तुमशक्तोऽपि पर्वसु तं परिहरेत्। एवं पर्वसु स्नानशीर्षादिशोधनग्रथनवस्त्रादिधावनरञ्जनशकटहलाधिखेटनमूढकादिबन्धनयन्त्रादिवाहनदलनकण्डनपेषण-पत्रपुष्पफलादित्रोटनसचित्तखटीवर्णिकादिमर्दनधान्यादिलवनलिंपनमृदादिखननगृहादिनिष्पादनाद्यारंभः सर्वोऽपि यथाशक्ति परिहार्यः। निजकुटुंबनिर्वाहस्यान्यथा कर्त्तुमशक्तौ पर्वस्वपि गृहिणः कियानारंभः स्यात्। सचित्ताहारपरिहारस्तु स्वायत्तत्वादिना सुकरतया करणीय एव। गाढमान्द्यादिना सर्वसचितानि त्यक्तुमशक्तस्तु नामग्राहमेकादिसचित्तमुत्कलीकरण-पूर्वं शेषनिःशेषसचित्तानि नियमयेत्। तथा आश्विनाष्टाह्निकाचैत्राष्टाह्निकाप्रमुखेषु पर्वसु विशेषेण पूर्वोक्तविधिर्विधेयः। प्रमुखशब्देन चातुर्मासिकवार्षिकाद्यष्टाह्निकाचतुर्मासिकत्रयसांवत्सरपर्वादिसंग्रहः। उक्तंच- ''संवच्छरचाउम्मासिएसु अट्ठाहिआसु अ तिहीसु। सव्वायरेण लग्गइ जिणवरपूआ तवगुणेसु॥१॥'' अत्र गुणा ब्रह्मव्रतादयः। अष्टाह्निकासु चैत्राश्विनाष्टाह्निके शाश्वत्यौ, तयोर्वैमानिकदेवा अपि नन्दीश्वरादिषु तीर्थयात्राद्युत्सवान् कुर्वन्ति। यदाहु :- ''दो सासयजत्ताओ तत्थेगा होइ चित्तमासंमि। अट्ठाहिआइमहिया बीआ पुण अस्सिणे मासे॥१॥ एआउ दोवि सासयजत्ताउ करंति सव्वदेवावि। नंदीसरंमि खयरा नरा य नियएसु ठाणेसु॥२॥ तह चउमासिअतिअगं पज्जोसवणा य तहय इअ छक्कं। जिणजम्मदिक्खकेवलनिव्वाणाइसु असासइआ॥३॥'' जीवाभिगमे त्वेवमुक्तं ''तत्थ णं बहवे भवणवइवाणमंतरजोइसवेमाणिया देवा तिहिं चउमासिएहिं पज्जोसवणाए अ अट्ठाहिआओ महामहिमाओ करिंतिति।'' तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां यः स्यात् स प्रमाणं सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात्।'' ''आहुरपि-चाउम्मासिअवरिसे पक्खिअ पंचट्ठमीसु नायव्वा। ताओ तिहिओ जासिं उदेइ सूरो न अण्णाओ॥१॥ पूआ पच्चक्खाणं, पडिकमणं तहय निअमगहणं च। जीए उदेइ सूरो, तीइ तिहीए उ कायव्वं॥२॥ उदयंमि जा तिही सा पमाणमिअरीइ कीरमाणीए। आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे॥३॥ पाराशरस्मृत्यादावपि- आदित्योदयवेलायां, या स्तोकाऽपि तिथिर्भवेत्। सा संपूर्णेति मन्तव्या, प्रभूता नोदयं विना॥१॥ उमास्वातिवचःप्रघोषश्चैवं श्रूयते - ''क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा। श्रीवीरज्ञाननिर्वाणं,

कार्यं लोकानुगैरिह ॥१॥'' अर्हतां जन्मादिपञ्चकल्याणकदिना अपि पर्वतिथित्वेन विज्ञेयाः, द्वित्र्यादिकल्याणकदिनाश्च विशिष्य। श्रूयते हि कृष्णमहाराजेन सर्वपर्वदिनान्याराधयितुमशक्तेन ''वर्षमध्ये स्वामिन्नुत्कृष्टं पर्वदिनमाराध्यं किन्नाम ? इति श्रीनेमी पृष्टः प्राह-महाभाग ! मार्गशीर्षशुक्लैकादशी जिनेन्द्रपञ्चकल्याणकीपवित्रिता अस्यां पञ्च पञ्च भरतैरावतक्षेत्रकल्यापाकानां मिलने पञ्चाशत् कल्याणकानि स्युः। ततः कृष्णेन मौनपौषधोपवासादिना तद्दिनमाराद्धं। ततः प्रभृति ''यथा राजा तथा प्रजा'' इत्येकादशी सर्वजनेष्वाराध्यतया प्रसिद्धिं प्राप। पर्वतिथिपालनं च महाफलं शुभायुर्बन्धहेतुत्वादिना। यदागमः- ''भयवं बीअपमुहासु पंचसु तिहीसु विहिअं धम्माणुट्ठाणं किं फलं होइ ?, गोयमा। बहुफलं होइ। जम्हा एआसु तिहीसु पाएणं जीवो परभवाउअं समज्जिणइ, तम्हा तवोविहाणाइ धम्माणुट्ठाणं कायव्वं। जम्हा सुहाउअं समज्जिणइत्ति।'' आयुषि बद्धे तु दृढधर्माराधनेऽपि बद्धायुर्न टलति। यथा श्रेणिकनृपस्य क्षायिकसम्यक्त्वसंभवेऽपि प्राक् सगर्भमृगीघाते पृथग् गर्भपाते स्वस्कन्धाभिमुखमीक्षणे निबद्धं नरकायुः। परसमयेऽपि पर्वसु स्नान-मैथुनादि निषिद्धं। यदुक्तं विष्णुपुराणे - ''चतुर्दश्यष्टमी चैव, अमावास्या च पूर्णिमा। पर्वाण्येतानि राजेन्द्र! रविसङ्क्रातिरेव च ॥१॥ तैलस्त्रीमांससंभोगी, पर्वस्वेतेषु वै पुमान्। विण्मुत्र भोजनं नाम, प्रयाति नरकं मृतः ॥२॥'' मनुः स्मृतावपि - ''अमावास्यामष्टमीं च, पौर्णमासीं चतुर्दशीम्। ब्रह्मचारी भवेन्नित्यमनृतौ स्नातको द्विजः ॥३॥ अतः पर्वावसरे सर्वशक्त्या धर्मे यतनीयं। अवसरे हि धर्मकृत्यं कृतं स्वल्पमप्यनल्पफलं पानभोजनादिवत्। यद् वैद्यकशास्त्रं - ''शरदि यज्जलं पीतं, यद् भुक्तं पौषमाघयोः। ज्येष्ठाषाढे च यत्सुप्तं, तेन जीवन्ति मानवाः ॥१॥ वर्षासु लवणममृतं, शरदि जलं गोपयश्च हेमन्ते। शिशिरे चामलकरसो घृतं वसन्ते गुडश्चान्ते ॥२॥'' पर्वमहिम्ना च प्रायो निर्धर्मिणामपि धर्मे, निर्दयानामपि दयायां, अविरतानामपि विरतौ, कृपणानामपि धनव्यये, कुशीलानामपि शीले, निस्तपसामपि तपसि मतिर्भवति। दृश्यते चैतत्सर्वदर्शनेष्वपि। संप्रत्यपि तदाह - ''सो जयउ जेण विहिआ, संवच्छर चाउम्मासिय सुपव्वा। निद्धंधसाणवि हवइ जेसि पभावाओ धम्ममई ॥१॥ ततः पर्वसु पौषधादि कार्यमेव।

{ પૂ. રત્નશેખરસૂરીન્દ્રકૃત
શ્રાદ્ધવિધિ પ્રકાશ ૩

મૂલગાથાનો સંક્ષેપ અર્થ-સુશ્રાવકને પર્વોમાં તેમજ વિશેષ કરીને આસોમહિનાની તેમજ ચૈત્ર મહિનાની અટ્ટાઈમાં (ઓળીમાં) પૌષધ વિગેરે કરવાં, બ્રહ્મચર્ય પાલવું, આરમ્ભનો ત્યાગ કરવો, અને વિશેષ તપસ્યા વિગેરે કરવા. ॥ ૧૧ ॥

વિસ્તરાર્થ :- 'પૌષ' (ધર્મની પુષ્ટી)ને 'ધ' અર્થાત્ ધારણ કરે તે પૌષધ કહેવાય છે. શ્રાવકને સિદ્ધાંતમાં કહેલા અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વોમાં પૌષધ આદિ વ્રતો અવશ્ય કરવાં.

આગમમાં કહ્યું છે કે :- જીનેશ્વર ભગવાનના મતમાં સર્વ કાલપર્વોમાં પ્રશસ્ત યોગજ છે એમાં પણ શ્રાવકને આઠમ તથા ચઉદશને દિવસે નિશ્ચેજ પૌષધ કરવો. ઉપર પૌષધ આદિ કહ્યું છે એટલે આદિશબ્દથી શરીરઆરોગ્ય ન હોવાથી અથવા એવાજ બીજા કોઈ યોગ્યકારણથી પૌષધ ન કરી શકે તો બે વખત પ્રતિક્રમણ, ઘણાં સામાયિક, દિશા વિગેરેનું ઘણું સંક્ષેપવાળું દેશાવકાશિકવ્રત વિગેરે અવશ્ય ગ્રહણ કરવું, એવી જ રીતે પર્વોમાં બ્રહ્મચર્યનું પાલન કરવું આરમ્ભનો ત્યાગ કરવો, ઉપવાસ વિગેરે તપસ્યા શક્તિ પ્રમાણે પહેલાંથી અધિક કરવી. શ્લોકમાં આદિ શબ્દ છે એથી સ્નાત્ર-ચૈત્યપરિપાટી-સર્વ સાધુઓને વંદન-સુપાત્રદાન વિગેરે કરીને હંમેશા જેટલું દેવગુરૂપૂજન દાન વિગેરે કરાય છે એ અપેક્ષાએ પર્વના દિવસોમાં એથી વિશેષ કરવું. કહ્યું છે કે જો હંમેશાં ધર્મક્રિયા સારી રીતે પાલો તો અત્યન્ત લાભ છે, પરંતુ જો તેવું ન કરી શકાતું હોય તો પર્વના દિવસે તો અવશ્ય પાળો, વિજયાદશમી (દશહરા), દીપમાલિકા, અક્ષયતૃતીયા આદિ લૌકિક પર્વોમાં જેમ સ્વાદિષ્ટ ભોજનની તેમજ વસ્ત્ર આભૂષણ પહેરવાનો વિશેષ ઉપયોગ રખાય છે તેવીરીતે ધાર્મિકપર્વ આવે છતે ધર્મમાં પણ વિશેષ ઉપયોગ રાખવોજ જોઈએ.

જૈનેતર લોક પણ અગીયારસ, અમાવાસ્યા આદિ પર્વોમાં ઘણા આરમ્ભનો ત્યાગ કરે છે અને ઉપવાસ વિગેરે કરે છે. તેમજ સંક્રાન્તિ, ગ્રહણ આદિ પર્વોમાં પણ પોતાની સંપૂર્ણ શક્તિથી દાનાદિક આપે છે, એટલા માટે શ્રાવકને તો દરેક પર્વના દિવસોને અવશ્ય પાળવા જોઈએ. પર્વના દિવસો આ પ્રકારે છે - આઠમ ૨, ચઉદશ ૨, પૂર્ણિમા ૧- અને અમાવાસ્ય ૧ આ છ પર્વો દરેક માસમાં આવે છે, અને દરેક પખવાડીયામાં ત્રણ (આઠમ ૧, ચઉદશ ૧, પૂનમ ૧ અથવા અમાવાસ્યા ૧) પર્વ આવે છે. આવી રીતે "ગણધર શ્રી ગૌતમસ્વામીજીએ બીજ, પાંચમ, આઠમ, અગીયારશ અને ચૌદશ'આ પાંચ શ્રુતતિથિઓ (પર્વતિથિઓ) કહી છે બીજ બે પ્રકારનો ધર્મ આરાધવા માટે, પાંચમ પાંચ જ્ઞાન આરાધવા માટે, આઠમ આઠ કર્મોનો ક્ષય કરવા માટે, અગીયારશ અગીયાર અંગોની સેવાને અંગે, તેમજ ચઉદશ ચૌદ પૂર્વોને આરાધવા માટે જાણો. આ પાંચ પર્વોમાં અમાવાસ્યા અને પૂર્ણિમા ભેળવવાથી દરેક પખવાડીયામાં છ ઉત્કૃષ્ટ પર્વો થાય છે. આખા વર્ષમાં તો અટ્ટાઈ, ચૌમાસી વિગેરે ઘણા પર્વો છે.

પર્વના દિવસે આરંભનો સર્વ પ્રકારે ત્યાગ ન થઈ શકે તોપણ ઓછામાં પણ ઓછો આરંભનો ત્યાગ કરવો, સચિત્તઆહાર, જીવહિંસાવાળો હોવાથી તે કરવામાં પણ મહાન આરંભ થાય છે, આથીજ લખેલી ગાથામાં આરંભ વર્જવાનું કહ્યું છે, જેથી પર્વના દિવસે સચિત્ત આહારનો નિશ્ચે ત્યાગ કરવો જરૂરી છે એવું સમજવું જોઈએ. માછલિયો (સચિત્ત) આહારની ઈચ્છાથી સાતમી નરકપૃથ્વીમાં જાય છે, એટલા માટે સચિત્ત આહાર મનથી પણ માંગવા યોગ્ય નથી; આવું વચન છે એટલાજ માટે મુખ્યથી તો શ્રાવકને હંમેશાં સચિત્તઆહારનો ત્યાગ કરવો જોઈએ, પરન્તુ જો એમ ન કરી શકે તો પર્વને દિવસે તો નિશ્ચેજ તેનો ત્યાગ કરવો જોઈએ. આવી રીતે પર્વને દિવસે સ્નાન કરવું, વાલ સાફ કરવા, મસ્તક ગુંથવું, વસ્ત્ર વિગેરે ધોવાં અને રંગવાં, ગાડી હલ વિગેરે જોડવાં, ધાન્ય વગેરેનાં સાટાં કરી રાખવાં, ચરખા વગેરે યંત્ર ચલાવવાં, દળવું, કુટવું, પીસવું, પાન-ફળ-ફુલ વગેરે તોડવું, સચિત્ત સાહીના ખડીયા-લાલરંગજી વગેરે વાટવું, ધાન્ય વગેરે કાપવું, માટી વગેરે ખોદવું, ઘરઆદિ બાંધવું, વગેરે સંપૂર્ણ આરંભનો યથાશક્તિ ત્યાગ કરવો જોઈએ. આરંભ વિના પોતાના કુટુંબનો નિર્વાહ ન કરી શકે તો કંઈક આરંભ તો ગૃહસ્થોને કરવો પડે છે, તો પછી બીજા સચિત્તઆહારનો જે ત્યાગ કરવો તે પોતાના હાથમાં હોવાથી અને સહેલાઈથી સાધ્ય હોવાથી એતો અવશ્ય કરવો જોઈએ. વિશેષરોગીઅવસ્થા આદિ કારણથી સર્વસચિત્ત આહારનો ત્યાગ ન કરી શકે, તો એક બે વસ્તુનું નામ લઈ તેને મોકળી (છૂટી) રાખી બાકીની દરેક સચિત્તવસ્તુઓનો નિયમ કરવો. આવી રીતે આસો તથા ચૈત્રની અઠ્ઠાઈ, તથા ગાથામાં પ્રમુખ શબ્દ છે જેથી ચોમાસાની તેમજ સંવચ્છરીની અઠ્ઠાઈ, ત્રણ ચાતુર્માસ (આષાઢ, કાર્તિક અને ફાલ્ગુન) અને સંવત્સરી આદિ પર્વોમાં ઉપર કહેલી વિધિ પ્રમાણે વિશેષધર્માનુષ્ઠાન કરવું કહ્યું છે કે **સુશ્રાવકને સંવત્સરીની, ચૌમાસીની તેમજ અઠ્ઠાઈની તિથિઓમાં પરમઆદરથી જિનરાજની પૂજા, તપસ્યા તેમજ બ્રહ્મચર્યાદિક ગુણોમાં તત્પર રહેવું.** સર્વ અઠ્ઠાઈઓમાં ચૈત્ર અને આસોની અઠ્ઠાઈઓ શાશ્વતી છે. કારણ કે એ બે અઠ્ઠાઈઓમાં વૈમાનિક આદિ દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપઆદિ તીર્થોમાં તીર્થયાત્રાદિ ઉત્સવો કરે છે કહ્યું છે કે - બે યાત્રાઓ શાશ્વતી છે. જેમાં એક ચૈત્રમહીનામાં અને બીજી આસોમહીનામાં, તેમાં અઠ્ઠાઈ મહિમારૂપ યાત્રા હોય છે. આ બે યાત્રાઓ શાશ્વતી છે. એને સંપૂર્ણ દેવતાઓ તથા વિદ્યાધર નંદીશ્વરદ્વીપમાં કરે છે. તથા મનુષ્ય પોતપોતાના સ્થાનોમાં કરે છે. આવી રીતે ત્રણ ચતુર્માસ, સંવત્સરી, છપર્વતિથિયો, તેમજ તીર્થંકરના જન્માદિ કલ્યાણક વગેરેમાં જે યાત્રાઓ કરાય છે તે અશાશ્વતી છે. જીવાભિગમસૂત્રમાં પણ આવી રીતે કહ્યું છે કે :- ઘણા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકદેવતા નંદીશ્વરદ્વીપમાં ત્રણ ચાતુર્માસ તથા સંવત્સરી ઉપર અપારમહિમાથી અઠ્ઠાઈનો

મહિમા ઉજવે છે. પ્રાતઃકાલમાં પચ્ચક્ખાણ કરતી વખતે જે તિથિ આવે તે ગ્રહણ કરવી સૂર્યોદયને અનુસરીનેજ લોકમાં પણ દિવસ વગેરે સર્વનો વ્યવહાર ચાલે છે. પારાશરસ્મૃતિઆદિ ગ્રંથમાં પણ કહ્યું છે કે :- જે તિથિ સૂર્યોદય વખતે થોડીપણ હોય તેજ તિથિ સંપૂણપણે માનવી જોઈએ, પરંતુ ઉદય વખતે ન હોય, પરંતુ તે પછી ઘણા સમય સુધી હોય તોપણ તે સંપૂર્ણ ન માનવી. શ્રી ઉમાસ્વાતિવાચકજીનું વચન પણ આ પ્રમાણે સંભળાય છે કે :- **પર્વ તિથિનો ક્ષય હોય તો એની પહેલાંની તિથિ કરવી તેમ વૃદ્ધિ હોય તો બીજી કરવી અને શ્રી વીરભગવાનનું જ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક લોકને અનુસારે કરવું.** અરિહંતના જન્માદિ પાંચ કલ્યાણકો પણ પર્વતિથિરુપજ સમજવાં જોઈએ. બે ત્રણ કલ્યાણકો જે દિવસે હોય તો તે દિવસવિશેષ પર્વતિથિ માનો. સાંભળીએ છીએ કે સર્વપર્વતિથિઓની આરાધના કરવાને અસમર્થ કૃષ્ણમહારાજે શ્રીનેમિનાથભગવાનને પૂછ્યું કે - હે સ્વામિન્ ! " આખા વર્ષમાં આરાધન કરવા યોગ્ય ઉત્કૃષ્ટપર્વ કયું છે?" ભગવાને કહ્યું :- "હે મહાભાગ્યશાળી! જીનેશ્વરભગવાનનાં પંચકલ્યાણકોથી પવિત્ર થયેલી માગશર માસની સુદિ અગીઆરશ (મૌનએકાદશી) આરાધવાલાયક છે. આ તિથિમાં પાંચ ભરત અને પાંચ ઐરવત મળીને દશ ક્ષેત્રોમાં દરેકમાં પાંચ પાંચ મળીને બધાં પચાસ કલ્યાણક થયાં ! પછી શ્રીકૃષ્ણજીએ મૌન, પૌષધ, ઉપવાસ વગેરે કરીને આ દિવસની આરાધના કરી, ત્યારપછી

"यथा राजा तथा प्रजा"

ના ન્યાયથી સર્વલોકોમાં "આ એકાદશી આરાધવા યોગ્ય છે" આવી પ્રસિદ્ધિ થઈ, પર્વતિથિના દિવસે વ્રત, પચ્ચખાણ વગેરે કરવાથી મોટું ફલ પ્રાપ્ત થાય છે. કારણ કે એનાથી શુભ ગતિવાળું આયુષ્ય એકઠું થાય છે. આગમમાં કહ્યું છે કે :- પ્રશ્ન - હે ભગવન્ ! બીજ વગેરે તિથિઓમાં કરેલું ધર્માનુષ્ઠાન શું ફલ આપે છે ?

ઉત્તર - હે ગૌતમ ! ઘણું ફલ છે. કારણકે, પ્રાયઃ આ પર્વતિથિઓમાં પરભવનું આયુષ્ય બંધાય છે. એટલા માટે ત્યાગી ભાંગી ને પણ તપસ્યા ધર્માનુષ્ઠાન કરવું કે જેથી શુભ આયુષ્ય પ્રાપ્ત થાય, કારણકે પહેલેથી જે આયુષ્ય બાંધેલું હોય તે પાછળથી ઘણું ધર્માનુષ્ઠાન કરવાથી પણ નથી તુટતું. જેમ પહેલાં રાજાશ્રેણિકે ગર્ભવાળી હરિણીને મારી, એનો ગર્ભ જુદો કર્યો, પોતાના ખભાની તરફ દ્રષ્ટિ કરીને પ્રશંસા કરી નરકગતિનું આયુષ્ય પ્રાપ્ત કર્યું (બાંધ્યુ) પાછળથી એને ક્ષાયિકસમ્યક્ત્વ થયું, તો પણ તે આયુષ્ય ન તુટ્યું, અન્યદર્શનમાં પણ પર્વતિથિમાં અભ્યંગ સ્નાન (તૈલમર્દનકરી ન્હાવું) મૈથુન આદિ સેવવાનો નિષેધ કર્યો છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે :- હે રાજેન્દ્ર ! ચૌદશ, આઠમ, અમાવાસ્યા, પૂર્ણિમા અને સૂર્યની સંક્રાન્તિ આટલાં પર્વો કહેવાય છે. જે પુરૂષ આ પર્વોમાં તેલનું મર્દન કરે, સ્ત્રી સંભોગ કરે, અને માંસ ખાય તે મનુષ્ય મરીને "વિણ્મૂત્રભોજન" નામના નરકમાં ઉત્પન્ન થાય છે. મનસ્મૃતિમાં પણ કહ્યું છે :- ઋતુમાં સ્ત્રી સંભોગ કરવાવાળો અને અમાવાસ્યા, અષ્ટમી, પૂર્ણિમા અને ચઉદશ આ

તિથિઓમાં સંભોગ ન કરવાવાળો બ્રાહ્મણ હંમેશાં બ્રહ્મચારી કહેવાય છે. એટલા માટે પર્વના અવસર ઉપર પોતાની પૂર્ણ શક્તિથી ધર્માચરણને માટે યત્ન કરવો જોઈએ. સમય ઉપર થોડું પણ પાન ભોજન કરવાથી જેમ વિશેષ ગુણ થાય છે, તેવીજ રીતે વખત ઉપર થોડુંજ ધર્માનુષ્ઠાન કરવાથી પણ ઘણું ફલ પ્રાપ્ત થાય છે. વૈદ્યકશાસ્ત્રમાં કહ્યું છે કેઃ શરદઋતુમાં જે કંઈ પાણી પીધું હોય, પોષમાસમાં તથા માહ માસમાં જે કંઈ ખાધુ હોય અને જેઠ તથા આષાઢ મહિનામાં જે કંઈ નિદ્રા કરી હોય એના ઉપર મનુષ્ય જીવે છે. વર્ષાઋતુ (શ્રાવણ-ભાદરવો) માં મીઠું, (આસો-કાર્તિક) માં પાણી હેમંત (માગસર-પોષ) ઋતુમાં ગાયનું દૂધ, શિશિર (માહ-ફાલ્ગુન) ઋતુમાં આંબળાનો રસ, વસન્ત (ચૈત્ર-વૈશાખ) ઋતુમાં ઘી અને ઉન્હાળાની (જેઠ-આષાઢ) ઋતુમાં ગોળ અમૃત સમાન છે. પર્વનો મહિમા એવો છે કે, જેનાથી ઘણું કરીને અધર્મીને ધર્મ કરવાની, નિર્દયને દયા કરવાની, અવિરિતિલોકોને વિરતિ ગ્રહણ કરવાની, કંજુસલોકોને ધનનો ખર્ચ કરવાની, કુશીલપુરૂષોને શીલ નહિં પાળવાની અને ક્યારે ક્યારે તપસ્યા નહિં કરવાવાળાઓને પણ તપસ્યા કરવાની તપબુદ્ધિ થાય છે. આ વાત વર્ત્તમાનમાં સર્વદર્શનોમાં દેખાય છે. કહ્યું છે કે :- જે પર્વોના પ્રભાવથી નિર્દય અને અધર્મિપુરૂષોને પણ ધર્મ કરવાની બુદ્ધિ થાય છે, એવા સંવત્સરી અને ચૌમાસી આ પર્વોની જેઓએ યથાવિધિ આરાધનાકરી એમનો જય થાઓ એટલા માટે પર્વમાં પૌષધ વગેરે ધર્માનુષ્ઠાન અવશ્ય કરવું.

---

## લેખાંક ૧
## અપર્વતિથિ ક્ષય પ્રકાશ

नत्वा वीरं क्षये पर्वतिथ्या अपर्वणः क्षयः।
साध्यते श्रीचतुर्भेदसंघबोधाय भाषया॥१॥

શાસ્ત્ર અનેં પરંપરાને અનુસરનારાઓ આરાધનામાં બીજઆદિ તિથિનો જ્યારે પંચાગમાં ક્ષય હોય છે, ત્યારે બીજ આદિનો ક્ષય નથી કહેતા, તેમ પડવો બીજ આદિ તિથિઓ ભેળી છે, એમ પણ નથી કહેતા, પરંતુ *ટીપ્પણામાં બીજ આદિ પર્વતિથિઓનો ક્ષય હોય છે અને પડવા આદિક અપર્વતિથિઓની વિદ્યમાનતા હોય છે, છતાં પડવાઆદિનો ક્ષય કહે છે અને તે તિથિને બીજ આદિના નામેજ બોલે છે, પરંતુ **એક વર્ષથી એક એવો નવો પંથ નીકળ્યો છે**, કે જેઓ બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે ટીપ્પણાવાળાઓ તો પડવાઆદિની તિથિમાં નક્ષત્રાદિ લખે અને બીજઆદિની આગલ નક્ષત્રાદિમાં બધે મીંડાં લખે છે, એટલે સૂર્યોદય વિનાની તિથિને ક્ષય પામેલી માને છે, પરંતુ આ નવો પંથ તો તેવા વખતે પડવો બીજ ભેળા છે યાવત્ તેરસ ચૌદશ ભેળી છે, એમ લખે છે, અને માને પણ છે.

### નૂતનપંથિયોએ બધી તિથિઓ ભેળી લખવી જોઈએ.

પ્રથમ તે નૂતનપંથીયોએ વિચારવું જોઈએ કે કોઈપણ તિથિ સંપૂર્ણ એટલે ભેળ વિનાની તો બહુધા હોતી જ નથી, આખી મનાતી તિથિઓ પણ પરસ્પર

ભેળસેળવાળી બહુધા હોય છે. વળી ક્ષય પામેલી પણ પડવાઆદિ તિથિઓ બધી ચોક્કસ જ ભેળી હોય છે, તો પછી બીજઆદિનો ક્ષય હોય ત્યારેજ પડવા-બીજ આદિ ભેળા કેમ કહેવાય? કેમ લખાય? ખરી રીતે તો ત્રીજ, ચોથ, છઠ્ઠ, સાતમ, જેવી અપર્વતિથિનોજ જ્યારે ક્ષય થાય ત્યારે ક્ષય બોલવાનો વ્યવહાર છે, કેમકે તેમાં એક્કે પર્વતિથિ નથી, પરંતુ જ્યારે પર્વતિથિઓ જે બીજ આદિ તેનો ક્ષય હોય છે, ત્યારે તેનાથી પ્હેલાની પડવાઆદિની તિથિઓ લૌકિક ટીપ્પણામાં ઉદયવાળી હોય અને પડવાઆદિપણે તે રવિઆદિ વાર કહેવાતો હોય તો પણ તેને પડવાઆદિ અને તેનો વાર ન કહેવો, પણ તે પડવા આદિના રવિવાર આ દિને બીજઆદિનો રવિવાર આદિ કહેવા, અને આટલા માટે તો પૂજ્ય વાચકશેખર ભગવાન્ ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષનો આધાર લેવો પડે છે. શ્રીવાચકશેખરનો પ્રઘોષ એવો છે કે :- क्षये पूर्वा तिथिः कार्या,

અર્થાત્ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાની તિથિ કરવી.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે બીજઆદિ તિથિઓ જો સૂર્યોદયને ફરસતી ન હોય તો પડવા આદિ તિથિઓ જે સૂર્યોદયને સ્પર્શવાવાળી થઈ હોય તે તે તિથિઓને સૂર્યોદયને સ્પર્શવાળી બીજઆદિ રૂપે માનવી, એટલે કે પર્વની તિથિ સૂર્યોદયને સ્પર્શવાવાળી હોય, છતાં તે પડવાઆદિ તિથિને સૂર્યોદયને સ્પર્શવાવાળી નહિ માનતાં, બીજ આદિ તિથિ (જે પર્વતિથિ છતાં સૂર્યોદયને સ્પર્શવાવાળી નથી') તેને તે રવિવારઆદિવારે સૂર્યોદયને સ્પર્શવાવાળી માની લેવી, ક્ષયના પ્રસંગમાં કેટલીક જગ્યા ઉપર પૂર્વસ્યાં એટલે પડવાવિગેરે અપર્વતિથિમાં પર્વ અને કેટલીક જગ્યા પર સપ્તમ્યાં કે ત્રયોદશ્યાં એટલે સાતમ અને તેરસમાં આઠમ અને ચૌદશ કરવાનું જણાવાય છે, તે માત્ર ટીપ્પણાંની અપેક્ષાએજ સાતમ અને તેરસ અપર્વતિથિ છે તે અપેક્ષાએ છે.

### અપર્વતિથિમાં ભોગપૂરતીજ પર્વતિથિ માનવી હોત તો !!!

જો પડવા આદિ અપર્વતિથિઓમાં જેટલી ભોગે કરીને બીજઆદિ પર્વતિથિઓ છે તેટલા પૂરતીજ બીજઆદિ પર્વતિથિઓ માનવી હોત અને સૂર્યોદય વખતે તથા તે પછી કેટલોક વખત પણ પડવાઆદિ અપર્વતિથિજ માનવી હોત, તો પ્રથમ તો સૂર્યોદયના પ્હેલાથી પર્વારાધના માટે પૌષધ, ઉપવાસ, આયંબિલ આદિ કરાત નહિં, પરંતુ બીજઆદિ પર્વતિથિઓ જેટલી ઘડી પડવાઆદિના ભોગની હોય અને પછી બીજની શરૂઆત થાય ત્યારથી તે બીજઆદિ પર્વને અંગે કરાતા પૌષધઆદિ શરૂ થવા જોઈએ એમજ મનાત.

### સકળશાસ્ત્રનું ફરમાન :-

જૈનનામધારી પણ એટલું તો સમજેજ છે કે જૈનોના વ્રતનિયમો સૂર્યોદયથી શરૂ થાય છે. અને તે અન્યસૂર્યોદય સુધીના હોય છે. બીજા લોકોની પેઠે દિવસ કે રાત્રિના ન્હાના કે મોટા ભાગથી નથી તો શરૂ થતાં, અથવા નથી તો તેવા ભાગે પૂરા

થતા, આથી પણ ચોક્કસ માનવું પડશે કે રવિઆદિ વારને દિવસે પડવા આદિ તિથિ લૌકિક ટીપ્પણામાં હોય તોપણ તે સૂર્યોદયને બીજઆદિ તિથિનોજ સૂર્યોદય છે એમ ગણીનેજ (એટલે પડવાઆદિની અંદરજ બીજ આદિને ગોઠવી, પડવાઆદિપણું ઉડાવી બીજઆદિપણું માનીનેજ) તે રવિવાર આદિ દિવસે સવારથીજ બીજઆદિની આરાધના માટે પૌષધઆદિ કરવાં એ સકલશાસ્ત્રનું ફરમાન છે. !!!

## પૂર્વસ્યાં આદિનું તત્ત્વ શું છે ?

જેઓ પૂર્વમાં માનવાનું કહીને સાતમ અગર તેરસમાં આઠમ અગર ચૌદશ માનવાનું કહે છે તેઓ જો આખી તિથિ કે સૂર્યોદયને લીધે ગણાય છે, તેની અપેક્ષાએ કહે છે, તો પહેલાંની અપર્વતિથિ અને સાતમ કે તેરસ રહી જ નહિં પણ તે અપર્વતિથિ પર્વતિથિ થઈ અને સાતમ કે તેરસ આઠમ અથવા ચૌદશ થઈ ગઈ! એટલે સ્વાભાવિકરીતિએજ પહેલાંની અપર્વતિથિનો એટલે સાતમ અથવા તેરસનો ક્ષય થઈ જ ગયો, કેમકે ઉદય સિવાયના વખતમાં તો પર્વરૂપ આઠમ અને ચૌદશ હતીજ, તેમાં કાંઈ નવું કરવાનું નથી, નવું તો એજ થાય કે ઉદયની વખત અપર્વઆદિપણું હતું. તેને પર્વાદિપણે ગણે અને ઉદયની વખતે પણ જ્યારે અવિદ્યમાન એવું પણ પર્વાદિપણું કરવામાં આવે; એટલે અપર્વાદિનો ઉદય ન રહે, અને પર્વાદિનો ઉદય ગણાય અને તેથી ઉદયરૂપ પડવાઆદિ અપર્વનો ક્ષય અને ઉદયથીજ બીજઆદિ પર્વપણું સ્થાપન થઈ જાય, એટલે સ્પષ્ટ થયું કે પડવાઆદિ અપર્વનો તે વખતે ક્ષયજ ગણાય. અને સૂર્યોદયથીજ બીજઆદિ પર્વો ગણાય, આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે **ક્ષયે પૂર્વા૦** નો ભાવાર્થ જેમ પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરી તે અપર્વતિથિને પર્વતિથિ ઠરાવવાનો છે તેવીરીતે **પૂર્વસ્યાં** આદિપદોનું પણ તત્ત્વ એજ છે કે પૂર્વના અપર્વ એવી સાતમ અથવા તેરસને ખસેડી ત્યાં પર્વપણું, એટલે આઠમપણું, અને ચૌદશપણું કરવું, અને એરીતે પડવાઆદિ અપર્વનો ક્ષય અને બીજઆદિ પર્વની સૂર્યોદયથી હયાતિ નક્કી થાય છે, ઉપર જણાવ્યા પ્રમાણે પર્વતિથિના ક્ષયની વખત અપર્વના ક્ષયનો નિયમ થાય છે. અને એજ વાત આગળ પણ શાસ્ત્રથી સ્પષ્ટ રીતે સાબીત કરવામાં આવશે. હમણાં તો આરાધનાના પ્રસંગમાં પર્વના ક્ષય વખતે જેઓ અપર્વનો ક્ષય માનવા ના પડે છે. તથા આખા બીજઆદિ પર્વને તે દિવસે માનવાની ના પાડે છે. અને તેથીજ ૧/૨, ૪/૫, ૭/૮ એમ લખી આરાધનાની જાહેરાતમાં એક વારની બે તિથિયો લખવાનો આગ્રહ કરે છે તેઓને માટે વિચાર કરીયે:-

## બે તિથિયો ભેળી લખવાના આગ્રહ કરનારને અંગે વિચારણા :-

૧ તેઓ પ્રથમ તો જૈનટીપ્પણાં, લૌકિકટીપપ્ણા ઉપરથી ધર્માંરાધનને યોગ્ય સંસ્કાર કરી આરાધનોપયોગી પંચાગો તરીકે છપાવે છે, તે લૌકિકમાં પણ પડવાઆદિ તિથિયો કોઠામાં વીંધેલી હોતી નથી, એટલે તિથિઓના કોઠા પુરેપુરા હોય

છે, તેમાં તો એક વારને બે તિથિયો એ લખે છે, અને તેઓને તિથિયોનું માન જણાવવાનું હોય છે તેથી એકવારની કેટલી કેટલી ઘડી કઈ કઈ તિથિએ છે તે જણાવવા તેઓને એકવારમાં જુદે જુદે કોઠે બે તિથિયો જણાવવી પડે છે. તેઓ આથી દરેક ક્ષય પામતી તિથિને તેવી રીતે બે વખત એકજ વારનાં નામો લખી જણાવે છે, ત્યારે આ નવા પંચાંગ કહાડી શાસ્ત્રનાં જુનાં આરાધનાનાં ટીપ્પણાંથી જુદા પડનારા બીજી બીજી અપર્વ તિથિઓને તો ભેળી જણાવતા નથી, અને ઉપર નીચે લખતા પણ નથી, તિથિઓ જુદા જણાવવાના કારણભૂત જે તિથિયોનું સૂર્યોદયવાળું માન ગણાય, તે તો તેઓના પંચાંગમાં હોતું જ નથી, તો પછી બે તિથિયો લખવાનું તથા તેને ભેળી લખવાનું યોગ્યજ કેમ ગણાય ?

૨ ટીપ્પણાવાળાઓ તો પ્હેલાં ક્રમસર આવતી તિથિ, તેનો વાર, અને તેનું ઘડીઆદિ પ્રમાણ જણાવી બાકીના માનને માટે ક્ષીણતિથિ આપે અને એકજ વાર આપે એટલે વાર અને બન્ને તિથિઓનું માન તેઓ મેળવે, પણ જુદા ટીપ્પણવાળા તો ૧/૨, ૪/૫, ૭/૮, એમ લખીને તિથિયો લખે છે તે પ્રથમદૃષ્ટિએ તો એકદ્વિતીયાંશ, ચાર પંચમાશ, સાતઅષ્ટમાંશ, એવા અર્થનો ખ્યાલ કરાવે છે તેઓના હિસાબે પણ તેઓએ પડવાઆદિની ઘડીઆદિ લખી બીજઆદિની પણ ઘડીયો લખવી રહે! તથા પાછળ વારનું નામ આપવું હતું અને બન્ને તિથિઓ ભેળી જણાવવા) આવો બ્રેકેટ મ્હેલવો રહેતો હતો કે જેથી તેમના પંચાંગની તેમની દ્રષ્ટિએ સત્યતા ઠરત! બાકી તેમના ('૧/૨ સોમ') આદિ લખાણથી તો એમ નિશ્ચય થાય કે સોમવારે સૂર્યોદયથી પડવો અને બીજ આદિ સાથે શરૂ થયેલાં છે, અને એ નિશ્ચય અયથાર્થ છે, અને તેથીજ તે આરાધનાને તો ઉપયોગીજ થતો નથી.

૩ તેઓ ૧/૨ ; ૪/૫; ૭/૮, એકવારમાં લખે તેનો શું એવો અર્થ ન થાય કે આખા સોમવારમાં સાતમ પણ વ્યાપેલી છે, અને આઠમ પણ વ્યાપેલી છે, જો એવો જ અર્થ થાય છેતો તે જુઠ્ઠોજ છે, કેમકે કોઈ પણ બે તિથિયો સાથે તો ભોગવટામાં હોય જ નહિં.

૪ તેઓ એકવારમાં ૧/૨ આદિ લખીને શું પડવાના ભોગવટામાં બીજ દાખલ કરે છે કે બીજના ભોગવટામાં પડવો દાખલ કરે છે? એ બન્નેમાંથી એક પણ વાત તેઓને કબુલ થાય તેમ નથી, કેમકે સૂર્યોદયથી પડવો છે એમ નથી, પણ ખરીરીતે તો રવિવારમાંજ પડવો દાખલ થઈ ગયેલ છે, છતાં પણ કદાચ એમ કહેવાય કે સૂર્યોદયને લીધે તિથિનો વ્યવહાર છે, માટે સૂર્યોદયથી પડવો ગણે; તો શું તે સૂર્યોદયથી પડવો ગણે તેમાં બીજપણું લાવે છે? જો તેઓ સૂર્યોદયથી પડવો છતાં બીજપણું લાવે તો પ્રથમ તો તે પડવાને તેણે બીજજ માની ગણાય તો પછી ૧/૨ લખતાં સૂર્યોદયથી જ્યારે બીજ આગલની તિથિ છે તો પડવો જે પાછલની તિથિ રૂપ ગણાય તે તો ન રહ્યો, એમ ચોક્કસ થયું,

એટલે પડવો સૂર્યોદય વિનાનો થયો, એટલે આપો આપ ક્ષયજ પામેલો ગણાય! કેમકે જે તિથિ સૂર્યોદયને સ્પર્શી છે એમ ન મનાય તેજ ક્ષીણતિથિ કહેવાય. વળી પડવો ગણાય પણ ત્યાંજ સુધી કે જ્યાંસુધી બીજ બેસી જાય નહિ, તેઓના હિસાબે પણ જ્યારે સૂર્યોદયના પ્હેલાં બીજ બેસી ગઈ તો પછી પડવો ક્યાં રહ્યો ?

૫ ઉપર જણાવ્યા પ્રમાણે તો પડવાના સોમવારથી બીજનો સૂર્યોદય માને તો પડવાનો ક્ષય અને સોમવારે બીજ જ માનવી પડે. તે માટે પડવાનો ક્ષય કહેવો નથી, માટે પડવાના ભોગવટામાં બીજને લઈ જઈ શકાય તેમજ નથી. હવે વળી પડવો-બીજ ભેળાં કહેવાથી જો બીજમાં એટલે બીજના ભોગવટાના કાળમાં પડવાને નાંખે, તો પ્રથમ તો તે પ્રત્યક્ષ જુઠું છે, કારણ કે કોઈ પણ બે તિથિઓનો સાથે ભોગવટો હોય નહિ, આરાધનાને માટે લેવા જાય તો બીજ એ बीया पंचमी ઈત્યાદિ ગ્રંથથી આરાધવા લાયક છે, અને પૂર્વભાગ પડવામાં બીજ માને એ તો "क्षये पूर्वा०" ના પ્રઘોષથી શાસ્ત્રાનુસારી ઠરે, જો કે તેમાં તેઓને પડવાનો ક્ષય માનવો નથી એટલે ગોટાળો થાય છે છતાં, બીજમાં અછતો એવો પડવો ગોઠવવો એ તો પંચાંગને કે શાસ્ત્રને અનુસરતું નથી, તેમ क्षये पूर्वा० ના પ્રઘોષને પણ નથી અનુસરતું વળી પર્વમાં અપર્વપણું કરવાથી તો વિનાયકની રચનામાં હનુમાનની રચના જેવું થાય તે તો એને જાદુજ ગણાય.

૬ પડવાબીજઆદિને ભેળી માનનારા પડવાઆદિના દિવસે બીજ આદિ બેસે નહિ ત્યાં સુધીમાં બીજઆદિના નિયમ લાગુ કરશે કે નહિ? જો કરશે તો બીજઆદિ તરીકે માનીને કરશે કે પડવાઆદિરૂપ માનીને કરશે? જો પડવાના દિવસે બીજાદિને માનીને બીજઆદિના નિયમ લાગુ કરે તો તેઓને તે સૂર્યોદયની પ્હેલાંજ પડવો આદિ માનવાના રહ્યાં, તેથી આપોઆપ સૂર્યને સ્પર્શનાર પડવોઆદિ ન રહ્યાં માટે પડવાઆદિનો ક્ષય આવી જ પડ્યો.

૭ જે વારે તેઓ ૧/૨ પડવો બીજ આદિ ભેળા છે એમ માને છે તે વારે બીજઆદિ તિથિ લાગવા પ્હેલાં બીજઆદિના નિયમની વિરાધના કોઈને લાગે તો તેઓ બીજઆદિના નિયમની વિરાધનાનું પ્રાયશ્ચિત માને અને આપે કે નહિ? અને જો તેઓ પડવાદિની વખત માન્ય છતાં બીજઆદિના નિયમની વિરાધનાનું પ્રાયશ્ચિત આપે તો પડવોઆદિ અપર્વપણું ક્યાં રહ્યું ? અને જો બીજઆદિ બેઠા પ્હેલાં પડવોઆદિ અને બીજઆદિના નીયમની વિરાધના ગણી પ્રાયશ્ચિત્ત આપે તો સ્પષ્ટ કહેવું પડે કે અપ્રાયશ્ચિતમાં પ્રાયશ્ચિત આપી તેઓ મહાઆશાતના કરનારા છે.

૮ તેઓ પડવોબીજઆદિ ભેળાં ગણીને અપર્વ અને પર્વને મિશ્ર કરે તો તેવા પર્વ અપર્વને દિવસે જે પર્વના નિયમની વિરાધના થાય તેનું પ્રાયશ્ચિત્ત અડધું આપશે ? જો અડધું પ્રાયશ્ચિત ન આપતાં આખું પ્રાયશ્ચિત આપશે તો પછી

પડવાબીજઆદિ ભેળાં કહ્યાં માન્યાં અને લખ્યાં, તેનો અર્થજ કયો? સ્પષ્ટ કહીયે તો કહેવું જોઈએ કે માત્ર પૂર્વકાલ અને વર્તમાનકાલના સમગ્રસંઘની વિરૂદ્ધ થવું અને પોતપોતાના ભક્તોને શ્રી સંઘને નિન્દનારા બનાવવા અને પોતે પણ તેવા બનવું એજ એનો અર્થ છે.

ઉપરોક્ત હકીકત સમજનારને સ્પષ્ટ જણાશે કે પડવોબીજઆદિ ભેળાં છે એવું કોઈપણ પ્રકારે કહી શકાય જ નહિ, પણ સૂર્યોદયથી જેટલો વખત પણ પડવો આદિ હોય તેને પણ બીજઆદિ પણે માનવીજ પડે, વળી જો પડવો આદિ ભેળાંજ કરવાં હોય તો પછી વાચકશેખરના **क्षये पूर्वा तिथिः कार्या** ના પ્રઘોષની જરૂરજ શી ? કેમકે જ્યારે જ્યારે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય છે ત્યારે તે બીજ આદિ તિથિઓ અપર્વતિથિઓની ભેળી તો હોય જ છે.

## વાચકશેખરના પ્રઘોષનું તત્ત્વ શું ?

વાચકજીમહારાજના પ્રઘોષનું તત્ત્વજ એ છે કે બીજઆદિથી પ્હેલાંની પડવાઆદિ તિથિનો સૂર્યોદયથી જેટલો ભોગ હોય તેટલો બધો ભોગ પડવાઆદિપણે ન માનવો, પણ બીજઆદિપણેજ માનવો, એટલે તે દિવસે પડવાઆદિની જેટલી ઘડીઓ હોય તેટલી બધી ઘડીઓ બીજઆદિપણે માનવી, અને એવું વિધાન કરવા માટેજ **क्षये पूर्वा तिथिः कार्या** નું અને **सप्तम्यां** અને **त्रयोदश्यां** કહી પર્વ જે આઠમ અને ચૌદશપણું તે કરવાનું જણાવવું પડે છે એટલે સ્પષ્ટ થાય છે કે અપર્વ-સાતમ-તેરસ આદિને પર્વ-આઠમ-ચૌદશ આદિ બનાવવાં, એટલે હવે પર્વાપર્વ-સાતમ-આઠમ કે તેરસ-ચઉદશ આદિ ભેળાં કહેવાં એ **क्षये** ના પ્રથમાન્ત અને **पूर्वस्यां** આદિના પાઠોને ઠોકરે મારવા જેવું છે, યાદ રાખવા જેવું છે કે પડવાઆદિના ભોગવટામાં બીજઆદિના ભોગવટાનો ઉપચાર કરનારને પ્રથમાંતમાં અભેદઉપચાર અને સપ્તમ્યન્ત સ્થાનોમાં ભેદોપચારથી પડવાઆદિનો ક્ષય માનવામાં અડચણ નહિ, **गौर्वाहिकः** નો જેમ વ્યવહાર એકપણે થઈ એકવચનથીજ પ્રયોગ થાય છે અને **गौर्वाहिकः** એવો દ્વિચનનો પ્રયોગ થતો નથી, તેમ **गंगायां घोषः** એમ કહીને સામીપ્યસપ્તમીથી ઉપચાર થાય છે, ત્યાં પણ **गंगातीरयोः** એમ કહેવાતું નથી, તેવી રીતે અહિં પડવાઆદિમાં બીજઆદિનો ઉપચાર કરનારને પ્રથમા અને સપ્તમીના પ્રયોગો અડચણ કરનારા નથી, પરંતુ જેઓ ભેળીતિથિ માનનારા થાય છે, તેઓને સપ્તમીવાળા ભેદોપચાર કરતાં પણ મુશ્કેલી છે, તો પછી પ્રથમાન્તના અભેદોપચારમાં તો તે ભેળી તિથિયો માનનારાઓને આકાશજ દેખવું પડે, અને તેથી **पूर्वा** ના અભેદોપચારને ઉડાવી તે સ્થાને પણ ભેદોપચારને કહેનારાઓનેજ અજ્ઞાન અને અશ્રદ્ધાનવાળાઓની કોટીમાં જવું પડે.

### યુક્તિપુરસ્સર ઠરેલ તેમજ શાસ્ત્રસિદ્ધ થતો અપર્વતિથિ ક્ષય

પડવો બીજઆદિ ભેળાં છે, એમ કહેવું લખવું અને માનવું એ અસત્ય છે એમ યુક્તિથી સિદ્ધ કર્યા પછી હવે ગ્રન્થના સાક્ષાત અક્ષરોથી સ્પષ્ટ કરીયે કે -

પડવાઆદિને વારે બીજઆદિને ક્ષય હોય ત્યારે ત્યાં પડવાઆદિ અપર્વ તિથિ છે એમ માની શકાયજ નહિ, કિન્તુ ફક્ત બીજઆદિ છે, એમ માનવું અને કહેવું જોઈએ અને તેવું કહેવાનોજ વ્યવહાર સંવત ૧૬૧૫થી પ્હેલાંનો છે, આથી પડવા બીજ આદિ ભેળાં છે એમ કહેનારા ખોટા ઠરે અને બીજઆદિના પર્વતિથિના ક્ષયની વખતે બીજઆદિને આખી માની પડવાઆદિ અપર્વતિથિના ક્ષયને માનનારાજ સાચા ઠરે એટલું જ નહિ, પણ પૂર્વશાસ્ત્રકારોના વચનોથી તથા કેઈ સદીયોની પરંપરાથી ઉલટા વર્તી પોતાના આત્માને જેઓ ડુબાડે છે. તે બચી જાય, એજ શુભાશય છે. ક્ષય પામેલી પર્વતિથિને અખંડિત રાખવા અને વ્યવસ્થિત કરનારા પાઠો વગેરે આપતા પ્હેલાં ક્ષયતિથિ એ કેવલ લૌકિકટીપ્પણાથીજ આવે છે. કે લોકોત્તરજૈન આરાધનાના જ્યોતિષના હિસાબે આવે છે તે તપાસીયે.

### ક્ષયતિથિ લૌકિક ટીપ્પણાથી આવે છે કે ? અન્યથી ? તેનું વિવરણ

યાદ રાખવું કે જૈન શાસ્ત્ર એવો સામાન્ય શબ્દ કરીયે ત્યારે સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ જેમ જૈનજ્યોતિષ સૂત્રાદિ લેવાય, તેવીજ રીતે લૌકિક ટીપ્પણાંને જ્યારથી પૂર્વાચાર્યોએ માન્યાં છે, અને તેને અગે જે કંઈ વચનો પૂર્વમહર્ષિઓએ કહ્યાં છે, તે બધાં વચનરૂપ શાસ્ત્રો આવી જાય; પરંતુ જૈન જ્યોતિષ શાસ્ત્ર કહેવાથી માત્ર સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિ જૈનોના યુગનો હિસાબ બતાવનારાજ શાસ્ત્રો લેવાય, આટલું જણાવી હવે જૈન જ્યોતિષને અનુસારે ક્ષીણતિથિ હોય કે નહિ અથવા તે ક્ષીણતિથિ હોય તો ક્યા હિસાબે તેનો પ્રથમ વિચાર કરીયે.

### ક્ષીણ તિથિ વિચાર

દરેક યુગમાં ૧૮૩૦ દિવસ હોય છે, તેમાં સૂર્યવર્ષના ૩૬૬ દિવસ હોવાથી યુગના પાંચ વર્ષમાં તેના તો ૧૮૩૦ દિવસ થઈ જાય પણ કર્મ માસના ૩૦ દિવસ હોવાથી યુગના ૧૮૦૦ દિવસ થાય, એટલે પાંચ વર્ષે સૂર્યવર્ષની અપેક્ષાએ કર્મ માસમાં એક મહિનો ઘટે, પરંતુ તે મહિનો મહિનેજ વધારાય છે, પણ તિથિયોદ્વારાએ વધારા તો નથી. કારણકે તિથિની ઉત્પત્તિ ચંદ્રથી છે. અને સૂર્યથી અહોરાત્રની ઉત્પત્તિ છે, પરંતુ ચંદ્રમાસ ૨૯॥ દિવસનો લગભગ હોવાથી તેની સાથે કર્મમાસને મેળવવા માટે ૬૧ તિથિઓ તોડવી પડે, કારણ એટલું જ કે વ્યવહાર કર્મમાસથી પ્રવર્તે છે, અને બીજ આઠમ આદિ તિથિઓ ચંદ્રમાસથી થાય છે, એટલે કર્મમાસ અને ચંદ્રમાસ પરસ્પર મેળવવા પડે છે, જો કે સૂર્યના ચારને આધારે પૌરૂષી આદિ ભણવાના હોય છે, પણ તે સૂર્યમાસ અંશ હોવાને પૌરૂષીનુ માન

સૂર્યમાસને આધારે ન રાખતા आषाढे मासे दुपया તથા अंगुलं सत्तरत्तेण એમ જણાવીને કર્મમાસના ક્રમેજ પૌરૂપીનું માન શ્રીઉત્તરાધ્યયન આદિ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે, અને તેથીજ વાદિવેતાલશ્રીમત્‌શ્રીશાન્તિસૂરિજી મહારાજ તેની વૃત્તિમાં આ आषाढे આદિ ગાથાઓથી આપેલા પૌરૂષી માનને વ્યાવહારિક છે, એમ સ્પષ્ટ જણાવે છે અને તેથીજ નિશ્ચયથી પૌરૂષીનું પ્રમાણ જુદારૂપે અયનાદિનો ઉપરથી જણાવે છે, અને તે અયનાદિનથી જે પૌરૂષીમાન લેવાય, તેમાં અવમરાત્રને સ્થાનજ નથી, વળી નિશ્ચયથી જે પૌરૂષીમાન લેવાય છે તેમાં આષાઢઆદિ પુનમે બેપગલાં આદિ પૌરૂષી માન આવે પણ નહિ, તેમાં જુદા જુદા મહિનાની જુદી જુદી તિથિઓ આવે છે, જો કે શ્રીમદ મહોપાધ્યાય વિનય વિજયજી મહારાજશ્રી લોકપ્રકાશમાં मासेणं तु चउरंगुलं એ પદની વ્યાખ્યામાં સાડીત્રીશ દિવસનો સૂર્યમાસ જણાવે છે, પણ તે નિશ્ચય પૌરૂષી માનની અપેક્ષાએ છે, અને તે નિશ્ચયમાં તે અવમરાત્રને સ્થાન નથી, અને ખુદ સૂત્રકાર મહારાજેજ પૌરૂષીમાનના પ્રમાણમાં અવમરાત્ર જણાવેલા છે, તેથી તે સૂત્રમાં જણાવેલ પૌરૂષીમાન વ્યાવહારિક એટલે નિરંશ એવા કર્મમાસને અનુસરીને જણાવેલ છે, અને તેથી તેમાં અવમરાત્રને સમજાવવાની જરૂર છે, અને તેથીજ ટીકાકાર મહારાજ ચૌદ દિવસે પણ બે અંગુલ વધવાનું સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. ધ્યાન રાખવું કે સૂત્રકાર મહારાજ સાડીત્રીશ દિવસે ચાર અંગુલ કે સવારે પંદર દિવસે બે અંગુલ વધવાનું કહેતાજ નથી, કારણકે ત્યાં વ્યાવહારિક પૌરૂષી માનજ સમજવાનું છે, આ વાત જો બરોબર સમજવામાં આવશે તો, શાસ્ત્રકારોએ તે પડિલેહણના વખતે બહુપડિપુન્ના પોરસી કે ઉગ્ઘાડા પોરસી શબ્દો કેમ રાખ્યા છે તે સમજાશે. આ બધું કહેવાની મતલબ એટલીજ કે જૈન જ્યોતિષ પ્રમાણે આસો આદિના કૃષ્ણ પક્ષોમાં એકેક તિથિનો ક્ષય આવેજ છે, એટલે જૈન જ્યોતિષ પ્રમાણે તિથિઓનો ક્ષય હોય નહિ એમ તો કહી શકાયજ નહિ, વળી જૈન જ્યોતિષના હિસાબે તિથિઓનો ક્ષય થતો હતો એટલું જ નહિ, પણ યુગના પૂર્વાર્ધમાં બીજ-આઠમ અને ચઉદશ જેવી પર્વતિથિયોનો તથા તેના ઉતરાર્ધમાં પાંચમ અગ્યારસ અને પૂર્ણિમા જેવી તિથિ નો ક્ષય થતો જ હતો, આ પ્રમાણે જૈન જ્યોતિષના હિસાબે પણ જ્યારે તિથિયો અને પર્વતિથિયોનો ક્ષય થતો હતો તો તે પર્વની આરાધના તિથિના ક્ષયને લીધે ઉડી જતી ન્હોતી અને તે આરાધનાની અપેક્ષાએજ કહેવાય છે કે જૈન શાસ્ત્રોમાં પર્વતિથિનો ક્ષય થાય નહિ

## તિથિના ક્ષય વખતે આરાધકે શું કરવું ?

ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે જૈન જ્યોતિષના હિસાબે પણ આરાધ્યતિથિયોનો ક્ષય અનિયમિત રીતે આવે ત્યારે આરાધન કરનાર વર્ગને કાંઈક રસ્તો તો કરવોજ પડે, આઠમ ચૌદશ જેવી તિથિયોની આરાધના તો ઉડાવી શકાય જ

નહિ, એટલે કહેવું જ પડે કે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓની વખતે પણ ક્ષય પામતી પર્વતિથિઓ હતી, અને તેથી પક્ખી જેવી તિથિયોનો ક્ષય થઈ તેની આરાધના ઉડી જાય તે તો પાલવેજ નહિ, એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે અન્ય મતવાળાને પ્રદોષ, અપરાન્હ, મધ્યાન્હ, અગર પૂર્વાન્હાદિની વ્યાપક તિથિઓ પણ લેવાની હોય છે, પરન્તુ શ્રી જિનેશ્વર મહારાજના શાસનમાં પર્વતિથિઓની આરાધના કર્મકાલની સાથે નિયત નથી રખાઈ, પણ આખા દિવસને અંગે નિયત રખાઈ છે, કારણકે સાધુઓની અપેક્ષાએ, ઉપવાસ-છઠ-અઠ્ઠમ આદિ પર્વતિથિઓનાં નિયમિત તપરૂપ કાર્ય અને હંમેશને માટે નિયમિત નમસ્કાર સહિત પૌરૂષીઆદિ અને એકાશન નીવિ આયંબીલ આદિ એ બધાં કાર્યો સૂર્યોદયથી શરૂ થનારાં હોવા સાથે અન્ય સૂર્યોદયેજ સમાપ્ત થવાવાળાં છે, વળી શ્રાવક વર્ગને પણ જે પૌષધ આદિ અને અતિથિસંવિભાગ વિગેરે કરવાના હોય છે, તે પણ દિનરાત્રિ સાથે પ્રતિબદ્ધ હોય છે, આહારાદિ ચાર પ્રકારના પૌષધોનું સર્વથકી પ્રમાણ અહોરાત્રનું હોય છે, અને મુખ્યતયા આહારાદિ પૌષધો પર્વદિવસે કરવાના હોવા સાથે નિયમિત કરવાના હોય છે, પર્વ દિવસે મુખ્યતાએ અને નિયમિત કર્તવ્યપણે હોવાથી તો પૌષધ શબ્દની રૂઢિજ પર્વ તરીકે થઈ અને તેથીજ અભયદેવસૂરિજી મહારાજે પૌષધ શબ્દનો રૂઢિથી પર્વ એવા શ્રીભગવતીસૂત્રઆદિમાં, અર્થ જણાવ્યો છે, એટલે કહેવાનું તત્ત્વ એટલુંજ છે કે પૌષધ આદિ અનુષ્ઠાનો પર્વતિથિને અંગે કરાય છે એટલું જ નહિ, પણ અષ્ટમી પૌષધ આદિ માનવાથી તિથિના કાલ સાથે નિયત થાય છે, અને આજ કારણથી જૈનશાસ્ત્રકારોની અષ્ટમી આદિ તિથિઓ ઉદયવળી લેવી પડે છે. એટલું જ નહિ પણ પૂર્વાહ્ન વ્યાપિની કે કાર્યકાલની તિથિ લેવામાં તિથિને અંગે કરાતાં પૌષધાદિ અનુષ્ઠાનો અનિયમિત આરંભ અને સમાપ્તિ વાળાં થઈ જાય, અને તેથી શાસ્ત્રકારોએ રાખેલ સૂર્યોદયની અને અહોરાત્રની મર્યાદા ન રહે માટે તો પૂર્વાહ્નાદિ વ્યાપ્તિવાળી તિથિયો માને તો આજ્ઞાભંગાદિ દોષો માન્યા છે, અને વિચારક મનુષ્યો એવી રીતે કરતાં આજ્ઞાભંગાદિ દોષો કેમ આવે તે સમજી શકે તેમ છે. આવી રીતે ઉદયવાળી તિથિને આરાધવાની જરૂર ગણી લીધી, તો પછી જ્યારે પર્વતિથિ બીજ આદિનો ક્ષય હોય ત્યારે તે બીજ આદિ પર્વતિથિની આરાધના કરવાની ધર્મિષ્ટોને ભગવાન્ તીર્થંકરની વખત પણ મુંઝવણ આવે તે અસ્વાભાવિક નથી, કારણ કે આસો વદ બીજ આદિ પર્વતિથિયોનો ક્ષય તો તે વખતે પણ મનાતો હતો, આ વસ્તુ વિચારતાં માલુમ પડશે કે ભગવાન્ તીર્થંકર મહારાજની વખતે પણ ક્ષય પામેલી તિથિની અહોરાત્ર પ્રમાણે આરાધના કહેવા માટેનો રસ્તો અસલથીજ હતો અને હોય છે એ સ્વાભાવિકજ છે, એ જે રસ્તો હતો તેજ શ્રીઉમાસ્વાતિ વાચકજી મહારાજનો પ્રઘોષ-

વચનોથી નિબદ્ધ થયો, તેથી ક્ષયે પૂર્વા એ ઉમાસ્વાતિવાચકશેખરનો પ્રઘોષ કહેવાય છે. બીજ આદિ પર્વતિથિઓનો જૈનજ્યોતિષને હિસાબે પણ ક્ષય તો હોય છે, પણ તેની આરાધના તેના ક્ષયથી ઉડી જતી નથી, તથા આરાધના પણ અહોરાત્ર માટે નિયત છે તો પછી ક્ષયે પૂર્વા ને માન્યા સિવાય બીજો રસ્તો નથી, એ ચોક્કસજ છે, ક્ષયે પૂર્વા નો વાસ્તવિક અર્થ આ હકીકત ઉપરથી સ્પષ્ટ માલુમ પડશે કે જ્યારે અષ્ટમી આદિ તિથિઓ ઉદયવાળી ન હોય, અને તેથી ક્ષય પામેલી હોય, ત્યારે તે અષ્ટમીઆદિ તિથિઓથી પ્હેલાંની સપ્તમી આદિ જે તિથિઓ હોય તે સૂર્યોદયવાળી હોયજ, તે સપ્તમીઆદિ સૂર્યોદયવાળી તિથિઓને જ અષ્ટમીઆદિના સૂર્યોદયવાળી કરી લેવી. આ વાત તો સુજ્ઞોને સમજાવવી પડે તેમ નથી કે કોઈપણ તિથિયો ભોગ વગરની તો હોતીજ નથી, પણ તે ભોગમાત્રથી તે દિવસને તે તિથિ તરીકે મનાતોજ નથી, તેજ તિથિતરીકે તે દિવસને મનાય છે કે જે તિથિ તે દિવસના સૂર્યોદયને સ્પર્શવવાળી હોય. અર્થાત્ અષ્ટમી આદિ તિથિયો જ્યારે સૂર્યોદયને સ્પર્શવાવાળી નથી, અને તેથી ક્ષીણ થઈ છે, તો પછી તે દિવસે કરાતી આરાધનાને અષ્ટમી આદિ તિથિની આરાધના કહી શકાય નહિ, પરંતુ જો સૂર્યોદયથી જ અષ્ટમી આદિ મનાય તોજ આજ અષ્ટમી આદિ છે માટે તે અષ્ટમી આદિના પૌષધઆદિ કરવા એમ કહેવાય; એટલું જ નહિ પણ અષ્ટમી આદિના પૌષધનો નિયમ છે, તે જો આ સૂર્યોદયથી પૌષધઆદિ નિયમ નહિં કરૂં તો અભિગ્રહનું ખંડન થશે. આ માટે શાસ્ત્રકારોએ શ્રી-મદુમાસ્વાતી વાચક શેખરના પ્રઘોષથી જણાવ્યું કે પર્વતિથિનો જ્યારે ક્ષય હોય, ત્યારે તેનાથી પ્હેલાંની તિથિને ક્ષય કરવો, આમ ન માનીએ તો અષ્ટમીના ભોગવટાથી સત્તા તો સાતમમાં હતીજ, તો પછી સાતમમાં આઠમનું કરવાપણુંજ રહેતું નથી-કારણકે ક્ષય પામતી તિથિ પૂર્વની તિથિમાં ભોગવટાથી તો રહેલીજ હોય છે, એટલે કહેવું જોઈએ કે ભોગવટા જેટલી તો અષ્ટમી આદિ તિથિ સપ્તમીમાં રહેલી જ છે, અને તેથી તે અષ્ટમી આદિના ભોગકાલમાં તો અષ્ટમી આદિ તિથિનું કરવાપણું રહેતું જ નથી. એટલે શ્રીઉમાસ્વાતિજીના પ્રઘોષથી સ્પષ્ટ થયું કે અષ્ટમીઆદિ પર્વતિથિના ક્ષયે તેના ભોગકાલ સિવાયની જે સાતમ આદિ તિથિ સૂર્યોદયથી આરંભીને છે તેને અષ્ટમી આદિપણે કરવી. આ ઉપરથી સ્પષ્ટજ થયું કે અષ્ટમી આદિ તિથિના ભોગવટાના આરંભથી પ્હેલાની જેટલી સૂર્યોદયથી સપ્તમી આદિ તિથિ છે તેને અષ્ટમી આદિ તિથિ બનાવવી. કેટલીક જગોએ કાર્યાની જગો પર ગ્રાહ્યા પદ છે તેનો પણ એજ અર્થ થાય કે અષ્ટમી આદિનો ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાની સપ્તમી આદિ તિથિયોને ક્ષય પામેલી અષ્ટમી આદિપણે લેવી અને

એટલા માટે તો તત્ત્વતરંગિણીકારને ગ્રાહ્યાનો ઉપાદેયા એવો ઈત્યર્થઃ જણાવવો પડ્યો. અર્થાત્ સૂર્યોદયથી જેટલો ભાગ સાતમ હોય તે બધો ભાગ અષ્ટમી આદિપણે લેવો. એવી રીતે જે કેટલીક જગો પર સપ્તમ્યાં અને ત્રયોદશ્યાં આદિ પદોથી અપર્વોના શબ્દોને સપ્તમી અંતવાળા કહીને અષ્ટમી ચતુર્દશી આદિ કરવાના કહેવામાં આવે છે ત્યાંપણ અષ્ટમી આદિના ભોગવટામાં તો અષ્ટમી આદિ કરવાનાં હોતાંજ નથી. કેમકે તે ભોગવટામાં તો અષ્ટમી આદિપણું સિદ્ધજ છે. પરન્તુ તે દિવસે જે સૂર્યોદયથી સપ્તમી અને ત્રયોદશી હતી તેમાં અષ્ટમી અને ચતુર્દશીપણું કરવાનું જણાવે છે. એટલે તે દિવસે જે સૂર્યોદયથી સપ્તમી આદિ તિથિ છે. તેમાં અષ્ટમી આદિ તિથિ કરી લેવી. એ વાત તો વાચકોને નવી સમજવાની નથી કે સૂર્યોદયને ફરસનારી જે તિથિ હોય તે તિથિપણે તે આખા દિવસનો વ્યવહાર થાય, અને તેજ પ્રમાણિક ગણાય, આજ કારણથી તો દરેક તિથિએ દરેક તિથિ આગલના ભોગવટાવાળી જ હોય છે છતાં તે તે વારે તે તે ફરસવાવાળી તિથિજ કહેવાય છે, મનાય છે અને લખાય છે. એટલે **उदयंमि जा तिही सा पमाणमियरीइ कीरमाणीए** એ પાઠને માનવાવાળાથી પડવો બીજ કે તેરશ ચૌદશ ભેળાં છે એમ બોલી શકાય જ નહિં કારણ કે કોઈ પણ દિવસે બે તિથિયો સૂર્યોદયને ફરસવાવાળી હોય જ નહિ.

**उदयंमि जा तिहि० નો પાઠ અનુકૂલ કોને થાય ?**

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે પડવો બીજઆદિ ભેળાં છે એમ કહેનારા उदयंमि० ના પાઠથી ઉલટાંજ છે. उदयंमि० નો પાઠ તેઓનેજ અનુકુલ થાય કે જેઓ **क्षये पूर्वा तिथिः कार्या** (ग्राह्या) ના પાઠથી સાતમનો સૂર્યોદય છતાં પણ આઠમનો સૂર્યોદય માને! સાતમ આઠમ ભેળી માનનારાઓને તો નહીં આ પાઠ અનુકૂલ રહે કે સપ્તમીવાળો પાઠ પણ અનુકૂલ નહીંજ રહે. કારણકે તે ભેળીતિથિ માનનારાઓને સૂર્યોદયવાળી સાતમને કે સાતમમાં તો આઠમ કરવી નથી અર્થાત્ સૂર્યોદયથી તે દિવસે આઠમ છે. એમ માનવું નથી. અને આઠમના ભોગવટાની વખતેતો સાતમને ભેળવવાનું ઈષ્ટ જ નથી. વળી જો સાતમના સૂર્યોદયને આઠમનો સૂર્યોદય ન માને તો સાતમને કે સાતમમાં આઠમ શી રીતે કરી ગણાય ? આવી રીતે સાતમના સૂર્યોદયને આઠમનો સૂર્યોદય બનાવાય અને તે તિથિને સૂર્યોદયથી આઠમ બનાવાય તો પછી બે તિથિ સાથે હોય જ નહીં એટલી સામાન્ય સમજ ધરાવનારાએ પણ આઠમના ક્ષયની વખત સૂર્યોદયના વખતથી સાતમ તે આઠમ

થઈ જવાથી અથવા સાતમને સ્થાને આઠમ થઈ જવાથી આપોઆપ સાતમનો ક્ષય કહેવોજ પડે. બરાબર ધ્યાન રાખવાની જરૂર છે કે આઠમના ક્ષયે સાતમના સૂર્યોદયથીજ આઠમ માનનારાઓને પ્રથમા અને સપ્તમી વિભક્તિના પાઠો પણ અનુકૂલ છે, પણ સાતમ રાખીને આઠમ માની સાતમ આઠમ ભેળી માનનારાને તો સપ્તમીવાળા પાઠો પણ અનુકૂલ નથી તો પછી પ્રથમાવાળો પાઠ તો અનુકૂલ હોયજ ક્યાંથી?

### શ્રી તત્વતરંગિણીનું કથન.

પર્વતિથિના ક્ષયે પ્હેલાની સૂર્યોદયવાળી અપર્વતિથિમાં અથવા તે અપર્વને પર્વતિથિ કરાય છે. તેથીજ શાસ્ત્રકારમહારાજ મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી તત્ત્વતરંગિણીમાં ચઉદશના ક્ષયે તેરસને દિવસે તેરસ છે એમ પણ બોલવાની સાફસાફ મનાઈ કરે છે. તે તેરસને દિવસે ચઉદશજ છે એમ કહેવાની પ્રવૃત્તિ છે એમ જણાવવા સાથે તે દિવસે તેરસ છે એમ કહેનારને તો મૂર્ખશિરોમણિ તરીકે જણાવે છે. એ તત્ત્વરંગિણી સંવત્ ૧૬૧૫માં બનેલી છે અને તેમાં પણ તેરસે ચઉદશનો ક્ષય હોય ત્યારે તેરસ છે એમ બોલવું નહિં અને તેમ બોલનાર મનુષ્ય મૂર્ખશિરોમણિ છે એમ જણાવી તે તેરસે ચઉદશજ છે એમ કહેવાય એવો વ્યવહાર છે એમ જણાવવાથી પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષયજ કહેવો એ વ્યવહાર તે કાલથી પણ ઘણો જુનો છે એમ ખુલ્લી રીતે સિધ્ધ થાય છે, અને તેથી આઠમ આદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની સાતમ આદિ અપર્વતિથિનો ક્ષય રહેવાનો, માનવાનો કે લખવાનો રીવાજ ફક્ત ચાલીશવર્ષનોજ અને કલ્પિત રવૈયો છે, એમ કહેનારા શાસ્ત્રથી અને પરંપરાથી પણ વિરૂદ્ધ હોવા સાથે અતિ જુઠું બોલનારા તથા સમજાવનારા છે તે સ્પષ્ટ જણાય છે. જુઓ તે તત્ત્વરંગિણીનો પાઠ અને અર્થ ! આ તત્ત્વતરંગિણીની ટીકાનો પાઠ સંસ્કૃતમા છે અને સમસ્ત ચતુર્વિધ શ્રીસંઘ સંસ્કૃતને જાણનાર નથી, તેમાં પણ સંસ્કૃતને જાણનારો વર્ગ પણ કેટલોક એવો હોય છે કે જે તેના યથાર્થ શબ્દાર્થને ન જાણે, તેમજ કેટલોક શબ્દાર્થને યથાર્થ જાણનારો વર્ગ પણ ભાવાર્થ અને રહસ્યાર્થ જાણવામાં અસમર્થ હોય, તેથી સંસ્કૃત પાઠ અને તેનો ભાવાર્થ સાથે શબ્દાર્થ આપી રહસ્યાર્થ આપવો અયોગ્ય ગણાશે નહિં.

तिहिवाए तिथिपाते-तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या, अधिकायां च वृद्धौ चोत्तरैव ग्राह्या, उपादेयेत्यर्थं, यदुक्तं - "क्षये पूर्वा तिथिर्ग्राऽह्या, वृद्धौ ग्राह्या तथोत्तरा। श्रीमद्वीरस्य निर्वाणं, ज्ञेयं-लोकानुसारतः ॥१॥" एतच्चावयोरपि सम्मतमेव अथैवमङ्गीकृत्याऽपि कश्चिद् भ्रान्त्या स्वमतिमान्द्या-च्चाष्टम्यादितिथिक्षये सप्तम्यादिरूपा प्राचीना तिथि चतुर्दशीक्षये चोत्तरा पञ्चदशी ग्राह्येत्येवंरूपमर्धजर-तीयन्यायमनुसरति तमेवाधिकृत्योत्तरार्द्धमाह -

'हीनमपि' क्षीणमपि पाक्षिकं - चतुर्दशीलक्षणं पूर्णिमायां प्रमाणं न कार्यं, तत्र तद्भोगगन्धस्याप्यसंभवात्, किन्तु त्रयोदश्यामेवेत्यर्थः, दृष्टान्तनिबद्धा युक्तयश्चात्र पुरो वक्ष्यन्ते इति। नन्वौदयिकतिथि स्वीकारान्यतिथितिरस्कारप्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्वेन स्वीकारो युक्त ? इति चेत्, सत्यं, तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्, यदुक्तं - ''संवच्छर चउमासे पक्खे अट्ठाहियासु य तिहीसु। ताउ पमाणं भणिया जाओ सूरो उदयमेइ ॥१ ॥ अह जइ कहवि न लब्भंति ताओ सूरुग्गमेण जुत्ताओ ? ता अवरविद्ध अवरावि हुज्ज न हु पुव्व तव्विद्धा॥२॥'' न च प्राक् चतुर्दश्येवेत्युक्तम्, अत्र तु 'अवरावी' त्यनेन अपिशब्दादन्यसंज्ञाऽपि गृह्यते, तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वात्, गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा, एतच्च त्वयाऽप्यंगीकृतमेव, अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत, न चेष्टापत्तिः, आबालगोपालं प्रतीतमेव अद्याष्टम्याः पौषधोऽस्माकमिति, एतद्वचनवक्तृपुरुषानुष्ठीयमानानुष्ठानापलापित्वेनौन्मत्यप्रसङ्गात्।

(तत्त्वतरंगिणी पत्र ३-४)

શબ્દાર્થ - તિથિપાત એટલે તિથિનો ક્ષય થયો હોય ત્યારે તેનાથી પ્હેલાનીજ તિથિ લેવી, અને અધિક હોય એટલે તિથિની વૃદ્ધિ થઈ હોય ત્યારે આગલની એટલે બીજી જ તિથિ લેવી, એટલે આદરમાં લાવવી. જે માટે કહ્યું છે કે પર્વતિથિના ક્ષયે પ્હેલાની તિથિ કરવી અને વૃદ્ધિ થાય તો ઉત્તરા એટલે બીજી તિથિ લેવી. અને મહાવીર મહારાજનું નિર્વાણ એટલે નિર્વાણ મહોત્સવ જે દિવાલી તે તો શાસનમાં લોકોને અનુસરીને કરવું આ વાત તો આપણને બન્નેને (તપા અને ખરતરવાળાને) સંમતજ છે એમ અંગીકાર કરીને પણ કોઈક મનુષ્ય ભ્રાંત (અજ્ઞાન)થી, પોતાની બુદ્ધિની મંદતાથી અષ્ટમીઆદિ તિથિના ક્ષયે સપ્તમી આદિ રૂપ પૂર્વની તિથિ અને ચઉદશના ક્ષયે આગલી એવી પુનમ લેવી એવા અર્ધ જરતીય ન્યાયને અનુસરે છે તેનેજ આશ્રીને ઉત્તરાર્દ્ધ કહે છે. ક્ષીણા એવી પણ ચઉદશ રૂપ પક્ખી પુનમે ન માનવી, પુનમે ચઉદશના ભોગનો ગંધ પણ નથી, પણ તેરસજ માનવી. દૃષ્ટાંત સાથે યુક્તિઓ આમાં આગલ કહેવામાં આવશે, વાદી શંકા કરે છે કે ઉદયવાળી તિથિનો અંગીકાર અને વગર ઉદયવળી તિથિ નહીં માનનારા આપણે બન્ને છીયે તો પછી (ઉદયવાળી) તેરશનો ચઉદશપણે સ્વીકાર પણ કેમ યોગ્ય ગણાય? ઉત્તરમાં કહે છે કે તું સાચું કહે છે પણ ત્યાં (ક્ષીણ ચઉદશ હોય ત્યારે તે તેરસને) તેરસ છે એવું કહેવાનો પણ સંભવ નથી, ઉલટું ધર્મારાધન

વિધિમાં ચઉદશજ છે એમ કહેવાય છે. જે માટે કહ્યું છે કે સંવચ્છરી-ચઉમાસી-પક્ખી અને અઠ્ઠાઈની તિથિયોમાં તે પ્રમાણ કરવી કે જેને અંગે સૂર્યઉદય પામે ॥૧॥ હવે જો કોઈ પ્રકારે તે તિથિઓ સૂર્યના ઉદયવાળી ન મળે તો ક્ષીણ એવી પર્વતિથિથી વિંધાયેલી પર્વતિથિ પણ લેવી, પણ પર્વતિથિથી વિંધાયલીને અપર્વતિથિ ન કહેવી ॥૨॥ પ્હેલાં ચઉદશજ છે એમ કહ્યું હતું, અને અહિં તો પણ શબ્દથી અપર્વસંજ્ઞા પણ લેવાય એમ જણાવ્યું તો વિરોધ કેમ ન આવે? આના ઉત્તરમાં કહે છે કે તે ચઉદશજ છે એમ જે કહેવાનું છે તે આરાધનામાં છે એમ કહ્યું છે અથવા અપિશબ્દથી ગૌણપણે તેરસ સૂચવી, તો પણ મુખ્ય પણે તો ચઉદશનોજ વ્યવહાર યોગ્ય છે એટલે ચઉદશજ છે એમ કહેવું તે અભિપ્રાયે કહેલું છે. આ તો તેં પણ અંગીકાર કરેલું જ છે. નહિંતર ક્ષય પામેલી અષ્ટમીનું કાર્ય સાતમમાં કરતાં 'આ જ અષ્ટમીનું કાર્ય છે' એવું કહેવાય નહિ, ઈષ્ટ છે એમ નહીં કહી શકો, કારણ કે બાલગોપાલમાં પ્રસિદ્ધ છે કે આજ અમારે આઠમનો પૌષધ છે. એ વચન બોલનાર પુરૂષ કરાતા પૌષધઅનુષ્ઠાનને ઓળવનાર થવાથી ગાંડો ગણાશે.

## ઉપરના અર્થનું તાત્પર્ય

ઉપરનો સ્પષ્ટ પાઠ અને અર્થ જોનાર દરેક મનુષ્ય સ્હેજે સમજે તેમ છે કે આરાધનાના કાર્યમાં પર્વતિથિના ક્ષયની વખતે તેનાથી પ્હેલાની અપર્વતિથિને બોલવી પણ નહિં અને અપર્વતિથિ ઉદયવાળી હોય; છતાં તેને ક્ષય પામેલી ગણી પર્વતિથિના નામેજ બોલવી અને એવી રીતનો એટલે પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની ઉદયવાળી અપર્વતિથિને તે દિવસે અને તે વારે ન બોલતાં ઉદય વગરની પણ ક્ષય પામેલી એવી પર્વતિથિને નામે તે દિવસ અને વારને બોલવાનો રીવાજ ૧૬૧૫થી જુનો છે. આટલો સ્પષ્ટ પાઠ છતાં જેઓ પર્વને અપર્વની સાથે ભેળવીને પડવો બીજ ભેળાં આદિ બોલે અથવા પર્વતિથિના ક્ષયની વખતે અપર્વતિથિનો ક્ષય કરવાનું ક્યાં રહ્યું છે? આવું બોલે તેઓને શાસ્ત્ર અને પરંપરાને માનવી નથી, અને શાસ્ત્ર તથા પરંપરાથી વિરૂદ્ધ જુદોજ મત કહાડવો છે એમ ચોક્કસ થાય છે. આ સ્થાને એક એ વાત જરૂર ધ્યાનમાં રાખવા જેવી છે અને તે એ કે શ્રીઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષના આધારે આ ગ્રન્થકાર પર્વતિથિના ક્ષયની વખતે તેનાથી પ્હેલાની અપર્વતિથિને અપર્વતિથિ ન માનતાં પર્વતિથિ તરીકે માનવાનું, કહેવાનું અને આદરવાનું સ્પષ્ટ શબ્દોથી જણાવે છે અને પ્હેલાની તે અપર્વતિથિનો ક્ષયજ માનવાનો, કહેવાનો અને આદરવાનો રીવાજ જણાવે છે.

## તેરશ ચૌદશ શા માટે ભેગાં ન માનવાં ? તેના કારણો ?

૧ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનેજ પર્વતિથિ તરીકે લેવાનું સ્પષ્ટ કહે છે. અર્થાત્ પ્હેલાની અપર્વતિથિને

પર્વતિથિ તરીકે બનાવવાનું કહે છે. ફરીથી ધ્યાન રાખવું કે ક્ષય પામેલી પર્વતિથિ પોતાનાથી પ્હેલાની અપર્વતિથિમાં સામાન્યથી તો હોય છેજ. એટલે પડવોબીજ આદિ બોલનારને ક્ષયે પૂર્વા એ વાક્ય નકામું જ છે. અર્થાત્ ક્ષયે પૂર્વા એ વિધાન વિના પણ ક્ષય પામેલી પર્વતિથિ પોતાનાથી પ્હેલાની અપર્વતિથિમાં તો હતીજ. તો પછી આ વાક્યથી ભેળી માનનારને શો ફાયદો થયો? અને કઈ રીતનો નવો વિધિ થયો ? આ વાક્યને વિધિ તરીકે માનનારે અને નિરર્થક નહીં માનનારે તો એમ માનેજ છુટકો છે કે જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાની અપર્વતિથિના સૂર્યોદયથી તે ક્ષય પામેલી પર્વતિથિ માનવી. અર્થાત્ તે અપર્વના ઉદયને પર્વનો ઉદય ગણવો, અને અપર્વનો ઉદયજ તેને ન ગણવો. યાદ રાખવું જરૂરી છે કે જેમ બે તિથિયો સૂર્યના ઉદયને ફરસવાવાળી હોય નહિં અને કોઈપણ વારે કે દિવસે બે તિથિયો છે એમ કહી શકાય નહિં. તેવીજ રીતે જ્યારે અપર્વતિથિનો સૂર્યોદય હોય છતાં તેને પર્વતિથિનો સૂર્યોદય બનાવવાને લીધે અપર્વતિથિ સૂર્યોદય વિનાની થઈ જવાથી તે અપર્વતિથિનું નામજ તે દિવસે હોય નહિં, એટલે ચોકખું થયું કે પર્વતિથિના ક્ષયની વખતે અપર્વતિથિનો આરાધનાના ખપીએ તો ક્ષયજ કરવાનોજ રહ્યો.

૨ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાનીજ તિથિ લેવી એમ નિશ્ચય પૂર્વક જે ટીકાકાર જણાવે છે તે સ્પષ્ટ કહે છે કે ચઉદશના ક્ષયે પુનમને દિવસે પુનમ ને પુનમ પણ અને ચૌદશ પણ માને એ કોઈપણ પ્રકારે વ્યાજબી નથી, વળી એમ પણ સ્પષ્ટ કરે છે કે પર્વતિથિનો ક્ષય થયો તો પણ તેને ભળતી નહિં રાખવી, તેમ અડધી પણ ન રાખવી, પરન્તુ પ્હેલાની તિથિમાંથી જેટલો ભાગ તે તિથિ પૂરી કરવા જોઈએ તેટલો લેવો, એટલે તે દિવસે ઉદય પ્હેલાંની અપર્વતિથિને કંઈ અટકવાની જરૂર નથી, તે તો ભલે પડી રહે. પણ સૂર્યોદય પછીથીં જેટલો ભાગ તે દિવસે અપર્વતિથિનો છે તેને પર્વતિથિ તરીકે માનવો, આ ઉપરથી બારસને દિવસે જે તેરસનો ભાગ છે તેને ચૌદશ બનાવવાની તો કંઈપણ જરૂર નથી.

૩ જો કે તિથિનો વ્યવહાર ટીપ્પણામાં હિસાબથી આવતા સૂર્યોદયને આધારેજ છે, છતાં આરાધનાના પ્રસંગમાં જ્યારે પર્વતિથિનો ક્ષય થયો હોય ત્યારે તો તેનાંથી પ્હેલાની સૂર્યોદયવાળી અપર્વતિથિનેજ પર્વતિથિપણે લઈ લેવી, અર્થાત્ અછતી પર્વતિથિને સ્થાને

પર્વતિથિપણે તે અપર્વતિથિને ગોઠવવી, એટલે લેવી ! એટલા માટે ग्राह्या શબ્દનો ભાવાર્થ ઉપાદેયા એમ કરવો પડ્યો, અર્થાત્ પર્વતિથિમાં અપર્વતિથિને નહિં લેવી, પણ અપર્વનેજ પર્વપણે આદરવી. એતો સિદ્ધજ છે કે ग्राह्या શબ્દ સામાન્ય લેવા વાચક છે ત્યારે ઉપાદેયા શબ્દ આદરપૂર્વક લેવાના પ્રસંગમાં વપરાય છે, એટલે સ્પષ્ટ થયું કે પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનેજ પર્વતિથિ તરીકે માનીને આદરથી લેવી, એટલે અપર્વનો સૂર્યોદય છતાં તે દિવસ આખો પર્વતિથિપણે આદરવો.

૪ વાચકોએ ધ્યાન રાખવું છે કે क्षये पूर्वा નો અર્થ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિને પર્વતિથિ તરીકે બનાવવી એમ ન હોત, અને તેથીજ જો મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીઆદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય ન કરતા હોત તો ઉપરના પાઠમાં कथं त्रयोदश्याः चतुर्दशीत्वेन स्वीकारो युक्तः ? અર્થાત્ તેરશને ચૌદશપણે મનાય જ કેમ ? એવી ખરતરોએ क्षये पूर्वा० ના પાઠસાથે શંકા કરીજ ન હોત, એમ આ ઉપરથી વાચકો સ્હેજેજ સમજી શકશે.

૫ વળી તેરસને ચૌદસ કહેવાની શંકા કરતાં એ પણ સ્પષ્ટ થયું કે તેઓ તેરશનો ક્ષય જ માનતા હતા. ધ્યાન રાખવું કે ચૌદશના ક્ષયે ઉદયવાળી તેરશને દિવસે તેરસચઉદશને જો ભેળી માનતા હોત, તો આ શંકા જે તેરશને ચૌદશ માનવામાં કરી છે તે થાત જ નહિ.

૬ વળી વાદી તેરશને ચૌદશ ન માનવા માટે શંકા કરતાં 'ઉદયવાળી તિથિને માનનાર અને ઉદય વિનાની નહી માનનારા આપણે છીએ' એવો હેતુ જણાવે છે, તેથી પણ સ્પષ્ટ થાય છે કે ક્ષયપ્રસંગમાં ઉદયનો સવાલ નકામોજ છે, કેમકે જો એમ ન હોત અને ઉદયવાળીજ તિથિ માનવાની હોત તો ઉદયવાળી તેરશને ચૌદશ તરીકે માની શકાત જ નહિ અને ઉદયનો હેતુ હોત નહિં.

૭ વળી વગર ઉદયની તિથિને ન માનવાની વાત પણ હેતુ તરીકે જણાવી ઉદય વિનાની પણ ચૌદશ તેરસે કેમ મનાય છે? એમ જણાવતાં પણ સ્પષ્ટ સમજાય છે કે ક્ષયના પ્રસંગમાં પર્વતિથિ માનતાં ઉદયની જરૂર નથી, એટલે ઉદયવાળી એવી તેરશ ન માનવી અને ઉદય વગરની ચૌદશજ માનવી એમ નક્કી થાય છે.

૮ ઉત્તરમાં સ્પષ્ટ જણાવે છે કે તે ક્ષય પ્રસંગમાં (તેરશને દિવસે) તેરશ છે એમ કહેવાનો પણ સંભવ નથી. આ ઉપરથી ચોકખું થાય છે કે જ્યારે ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસને દિવસે તેરસ કહેવીજ નહિ! તો પછી બીજઆદિ કોઈપણ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલે દિવસે પડવાઆદિ તિથિને પડવા આદિપણે બોલાય જ નહિ, એટલેજ જેઓ ચૌદશનો ક્ષય થતાં તેરસને દિવસે તેરસ છે અગર તેરસ પણ છે એમ આરાધનાના સંબંધમાં બોલે છે તે શાસ્ત્રથી વિરૂદ્ધજ છે. તેરસ આદિને ચૌદશઆદિના ક્ષયની વખતે તેરસઆદિપણે કહેવાય જ નહિ એમ સિદ્ધ છે, તો પછી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય થયો નહિ તો બીજું શું થયું ?

૯ તેરસના નામનો પણ સંભવ નથી અર્થાત્ ચઉદશના ક્ષયે તેરશને કહેવીજ નહિ, એટલું જ નહિં, પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે પ્રાયશ્ચિત્તાદિ (ધર્મારાધનાની) વિધિમાં ચઉદશજ છે એમ કહેવાય છે. આ ઉપરથી નિરાગ્રહી વાચકો હશે તે સ્પષ્ટપણે સમજી શકશે, અને માનશેજ કે શાસ્ત્રકાર પર્વતિથિના ક્ષયની વખતે પર્વતિથિ જે ક્ષય પામેલી હોય તેનેજ બોલવી, અને અપર્વતિથિનું નામ પણ તે દિવસે ન લેવું એમ સ્પષ્ટ કહે છે અને તેથી સ્પષ્ટ કહે છે કે પર્વતિથિના ક્ષયે તેના પ્હેલાની અપર્વતિથિનો ક્ષયજ થાય. અર્થાત્ પર્વના ક્ષયની વખતે તેનાથી પ્હેલાની અપર્વતિથિનું નામજ ન રહે.

ઉપર જણાવેલી હકીતતથી સ્પષ્ટ થશે કે બીજઆદિ પર્વતિથિના ક્ષયે શાસ્ત્રાનુસારિઓ પડવા આદિનો ક્ષય કરી તે દિવસે બીજઆદિ પર્વતિથિ માને છે, તે વ્યાજબી જ છે અને પડવો બીજઆદિ ભેળાં માની પર્વઅપર્વ ભેળાં કરનારા શાસ્ત્ર અને પરંપરા બન્નેથી વિરૂદ્ધજ છે, આ સ્થાને ક્ષયે પૂર્વા નો ભાવાર્થ જો પ્હેલાની અપર્વતિથિને પર્વતિથિ બનાવવી અને તેથી તે પ્હેલાની અપર્વતિથિનો ક્ષય થાય એવો ન હોત અને ગ્રંથકારને પણ એ હકીકત મંજુર ન હોત તો શંકાકાર તેરસને ચૌદશ કેમ માનો છો? એવી શંકા કરતજ નહીં, કેમકે તેરસને દિવસે ચૌદશ ભેળી માનવી હોત તો ટીપણામાં તેરસમાં ચૌદશ હતીજ.

વળી જો તેરસ ચૌદશ ભેળાં માનવાં હોત તો ઉત્તરમાં સ્પષ્ટ જણાવી દેત કે અમે તો તેરસ જેટલી તેરસ અને ચૌદશ જેટલી ચૌદશ માનીએ છીએ. આમ ઉત્તર ન દેતાં ઉત્તરમાં તો સ્પષ્ટ એમજ કહ્યું કે ચઉદશનો ક્ષય હોય ત્યારે તેરસને દિવસે તેરસ છે એમ બોલવાનું જ નથી, અને આરાધનામાં ચઉદશજ છે એમ કહેવાનું છે. આ ઉપરથી પણ સ્પષ્ટ થશે કે શાસ્ત્રકાર કે શંકાકાર એક્કે ભેળસેળ પંથને માનનારાજ ન્હોતા. યાદ રાખવું કે અહીં ચઉદશના ક્ષયની ચર્ચા છે માટે તેરસની અને

ચઉદશનીજ વાત જણાવી છે, બાકી તો ક્ષયે પૂર્વા૦ તો સમસ્ત બીજઆદિ પર્વતિથિને અંગે છે, અને આગળ અપાતી સાક્ષીની ગાથાઓ પણ સામાન્યે કરીને બધી પર્વતિથિયો માટે જ છે.

૧૦. વાચકોએ ધ્યાન રાખવું જરૂરી છે કે સં. ૧૬૧૫ના અરસામાં પણ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનું નામ ન્હોતું લેવાતું અને પર્વતિથિનુંજ નામ લેવાતું હતું! અર્થાત્ તે વખતથીજ બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય કરાતો હતો એમ નહિં તેના પણ ઘણા પ્હેલા કાલથી પર્વતિથિના ક્ષયે તેના પ્હેલાની અપર્વતિથિનું નામ પણ આરાધનાના પ્રસંગમાં ન લેતાં તે દિવસે પર્વતિથિનુંજ નામ કહેવાતું હતું. આ વાત એટલાથીજ સિદ્ધ થાય છે કે 'તેરસ કહેવી નહિં. ચઉદશજ કહેવી' એ વાતને સાબીત કરતાંજ મહોપાધ્યાયજી **यदुक्तं** કહીને જણાવે છે. અર્થાત્ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વ તિથિનો કરાતો ક્ષય માત્ર પરંપરાગત છે એમ નહિં પણ શાસ્ત્રોક્ત છે એમ સ્પષ્ટ કરે છે.

૧૧ ચોમાસી, સંવચ્છરી, પકખી અને અઠ્ઠાઈ (આદિ) બધી તિથિયોને પર્વ સ્થિરતા અને અપર્વના ક્ષયના નિયમમાં રહેવું પડે છે એ વાત સાક્ષીની પ્હેલી ગાથા **चांउम्मासिय** વાળી સ્પષ્ટ કરે છે.

૧૨. બીજી ગાથામાં સૂર્યોદય વિનાની પર્વતિથિ જે અપર્વમાં ભળેલી છે તે તેરસના આદિ અપર્વતિથિયો તેનાથી ભિન્ન એવી ચઉદશ આદિ નામને પણ પામે છે. એમ કરી તેરશ આદિ જે ઉદયવાળાં છે તેને ચઉદશઆદિનું નામ આપવા જણાવે છે. (ગૌણ તો મુહૂર્ત અને ટીપણ આદિ પક્ષે તેરસ રહે.)

૧૩. એકલી અન્વયદ્વારાએ ચઉદશઆદિનો ક્ષય હોય ત્યારે તેરસઆદિને ચઉદશ આદિ કહેવી એમ સિદ્ધ કરે છે એટલું જ નહિં, પણ વ્યતિરેકદ્વારાએ પણ જણાવે છે કે પર્વતિથિથી વિંધાયેલી અપર્વતિથિને ના પણ બોલાવાય. આવીરીતે અન્વય અને વ્યતિરેકથી અપર્વનો નિર્દેશ ન કરવો અને પર્વનો નિર્દેશ કરવાનો કહી અપર્વનો ક્ષય તેઓનાથી પણ પૂર્વની પરંપરા અને શાસ્ત્રથી સિદ્ધ છે એમ જણાવે છે.

૧૪. વિશેષ આશ્ચર્ય તો એ છે કે ગાથામાં આવેલા અપિશબ્દથી ટીપણા અને મુહૂર્ત્તાદિની અપેક્ષાએ ગૌણપણે રાખેલી તેરસ પણ શંકાકારને રૂચિ નથી અને એથીજ શંકા કરી કે આગલ તો તમો ચઉદશના ક્ષયે તેરસ

ન કહેવાનું અને ચઉદશજ કહેવાનું જણાવ્યું અને આ ગાથામાં તો ગૌણપણે તેરસપણું પણ કહે છે તે કેમ? આવી શંકા ઉપરથીજ સ્પષ્ટ થાય છે કે ૧૬૧૫ના પ્હેલા કાલથી ચઉદશના ક્ષયે તેરસનો ક્ષય કરી ચૌદશજ કહેવાતી હતી, એથી જેઓ અપર્વતિથિનો ક્ષય કહેવાની પરંપરા નવી ચાલીશ વર્ષની છે, અશાસ્ત્રીય છે, અગર જુઠી છે એમ કહે છે તેઓ અજ્ઞાનીજ ઠરે છે.

૧૫. મહોપાધ્યાયજી તે તેરસને ચૌદશજ કહેવી એવા કથનના પોષણમાં સ્પષ્ટ કહે છે કે અમે જે ચઉદશ છે એમ કહ્યું છે તે પ્રાયશ્ચિત્તાદિ (આરાધના)ને માટે છે. એટલે ચોકખું થયું કે ટીપણામાં ભલે તેરસનો ઉદય અને તેરસ હોય, પણ આરાધનાવાલાએ તો ચઉદશજ છે એમ માનવું. અર્થાત્ તેરસ છે એમ આરાધનાવાળાથી તો બોલાય પણ નહિં.

૧૬. મહોપાધ્યાયજી ગૌણપણે તેરસ કહેવાનો ખુલાસો કરે છે કે મુખ્યપણે તો ચઉદશનોજ વ્યવહાર કરવો. એટલે તેરસ ન માનતાં ચઉદશજ માનવી. એથી ચઉદશજ છે એમ જણાવ્યું છે. આટલો બધો પર્વતિથિના ક્ષયે અપર્વતિથિ ન કહેવી અને પર્વતિથિનેજ કહેવી, એમ જણાવવાવાળો અપર્વનો ક્ષય કરવામાં સ્પષ્ટ પ્રાચીનશાસ્ત્રનો પુરાવો છતાં જેઓને નથી માનવો તેઓ સૂત્ર-નિર્યુક્તિઆદિને પણ નહિં માનનારા થાય તો પણ આશ્ચર્ય નહિં.

૧૭ ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં સ્પષ્ટ માલમ પડશે કે પર્વતિથિનો ક્ષય હોય તોપણ માત્ર પર્વઆરાધનાની વ્યવસ્થા માટે અપર્વનો ક્ષય કરીને પણ પર્વનેજ માનવું. "આ હકીકત સમજાશે તો બે પર્વની વખત પ્હેલાના પર્વના ક્ષયે તેનાથી પ્હેલાના અપર્વનો ક્ષય કરાય તેમ બીજા પર્વનો પણ ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાની પર્વ તિથિનો ક્ષય ન જ થાય માટે ઉભયપર્વની આરાધનાને ધ્યાનમાં લેનારો તો અપર્વ એવી પૂર્વતર તિથિનો પણ ક્ષયજ માને." ધ્યાન રાખવું કે પૂર્વ કહેવાથી પૂર્વતર પણ આવી શકે, પૂર્વતરમાં કાંઈપણ અંશે ઉત્તરપણું તો નથીજ.

## તત્વતરંગિણીનું બીજું કથન

શ્રીતત્ત્વતરંગિણીના આ ઉપરના પાઠથી જેમ ચઉદશના ક્ષયે તેરસને તેરસ કહેવાનો નિષેધ કરી તેરસચઉદશ ભેળાં માનવાનું પણ ખંડન કરી એકલી ચઉદશજ માનવાનું નક્કી કરી સર્વ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય સાબીત કરાય છે, તેવીજ રીતે એજ તત્ત્વતરંગિણીનો બીજો પાઠ

જે નીચે આપવામાં આવે છે તે પણ તેરશના ક્ષયને એટલે અપર્વના ક્ષયને કહે છે, એટલું જ નહિં પણ ચઉદશરૂપ પર્વતિથિના ક્ષયે તેરસને દિવસે એટલે અપર્વને દિવસે તેરસને એટલે અપર્વતિથિને કહેનાર મૂર્ખશિરોમણિ ઠરાવે છે. જુઓ તે પાઠ -

ननु भोः कालकसूरिवचनाच्चतुर्दश्यामागमादेशाच्च पंचदश्यामपि चतुर्मासकं युक्तं, त्रयोदश्यां तद्व्यपदेशाभावेन द्वयोरपि विराधकत्वात् श्रीमत एवै ते दोषाः प्रत्यवसर्प्पन्ति, नास्मान् प्रतीति चेत् अहो प्राक् प्रपंचावसरे अं गुलीपिहितश्रोत्र-पथ्यभवद्भवान् येनेत्थं निर्घोष्यमाणे अद्यापि त्रयोदशीमेव वदसि, यद्वा अरण्यरुदनं कृतं शवशरीरमुद्वर्त्तितं, श्वपु-च्छमवनामितं बधिरकर्णजापः कृतः। स्थले कमलरोपणं सुचिरमूषरे वर्षणं, तदन्धमुखमंडनं यदबुधजने भाषण॥१॥ मिति काव्यं कवि-भिर्भवन्तमेवाधिकृत्य विदधे यदेवमपि निरूपितं न स्मरसि, ननु भो विद्वद्वैरयत्तावदुक्तं क्षीणायां प्राचीना तिथिर्ग्राह्या ननु तत्तथैव

(ખરતરો ચોમાસી ચઉદશના ક્ષયે પુનમે પક્ખીની માફક ચોમાસી પણ કરે છે તેથી શંકા કરે છે કે) શ્રીકાલકાચાર્યજીના વચનથી ચઉદશે અથવા શાસ્ત્રની આજ્ઞાથી પુનમે ચોમાસી યોગ્ય છે, પણ તેરસે તો ચોમાસી કહેવાય જ નહિં, માટે શ્રીકાલકાચાર્ય અને શાસ્ત્ર બન્નેના વિરાધક તમો છો માટે તમોને આ (આજ્ઞા અને આચરણના લોપનો) દોષ લાગશે, પણ અમોને નહિ લાગે, એવી શંકાના ઉત્તરમાં મહોપાધ્યાયજી કહે છે કે આ ગ્રન્થમાંજ પ્હેલાં તેરસને ચઉદશના ક્ષયની વખતે તેરસ કહેવાતી જ નથી અને આરાધનાના કાર્યમાં ચઉદશજ છે એમ કહેવાય છે એવું તિહિવાએ૦ની ગાથામાં વિસ્તારથી (ગ્રંથસાક્ષી સાથે) જણાવ્યું ત્યારે શું તમોએ આંગળી કાનમાં નાંખી હતી? કે જેથી આવું સ્પષ્ટરીતે (તેરસ કહેવીજ નહિં, અને ચઉદશજ કહેવી એવું જણાવાયા છતાં હજી પણ તે આરાધનાની ચઉદશજ છે તેને તેરસજ કહો છે. અથવા તો અરણ્યમાં રોયા, મડદાને ન્હવરાવ્યું, કુતરાનું પુંછડું નમાવ્યું, બ્હેરાને મંત્ર કહ્યો, ઉખરમાં કમલ રોપ્યું, ઉખરમાં ઘણું વરસ્યું, આંધળા આગલ મ્હોડું શણગાર્યું સમજવું કે જે મૂર્ખની આગલ બોલ્યા' આ કાવ્ય વિદ્વાનોએ તારા માટેજ કર્યું છે. કેમકે આવી રીતે સ્પષ્ટપણે તેરસને નહિ બોલવાનો એટલે ક્ષય કરવાનો અને ચઉદશનો ઉદય નથી છતાં ચઉદશજ છે એમ આરાધનાવાળાને માનવાનો અસલી રીવાજ જણાવ્યા છતાં તું યાદ રાખતો નથી. (ખરતર કહે છે કે) વિદ્વદ્વરે જે કહ્યું કે પર્વતિથિના ક્ષયે તેનાથી

પ્હેલીને પર્વ તરીકે લેવી તે બરોબરજ છે. આ ઉપરથી ખરતરોને પણ પૂર્વની અપર્વતિથિના ક્ષયની વાત અંગીકાર થઈ જણાવે છે એ પણ સ્પષ્ટ કરે છે.

ક્ષયે૦નો અર્થ ક્ષયમાં પૂર્વતિથિ કરવી એવો છે અને તેથી તેનો ભાવાર્થ પૂર્વની અપર્વતિથિના ક્ષયનોજ છે અને તે યોગ્ય જ છે.

## તત્ત્વતરંગિણીના અનુવાદક અને તેમણે મરડેલો અર્થ

ઉપર જણાવેલા બન્ને પાઠો અનુવાદકે માન્યા છે. પ્હેલાનો અર્થ આગ્રહને લીધે મરડ્યો છે. છતાં તેરસ ન કહેવી પણ આરાધનામાં ચઉદશ કહેવી એમ કબૂલ કરવું પડ્યું જ છે. બાકી વિવેચન અને સુબોધપ્રશ્નાવલી જે લખાઈ છે તે તો ગ્રન્થના વચનથી વિરૂદ્ધ હોવા સાથે ડગલેપગલે જુઠાણાથી ભરેલી છે. (જો અનુવાદકજી પોતાના વિશ્વાસી પ્રમાણિકસમજુને મોકલસે તો કોડીબંધ જુઠાણાં જણાવાશે.) વળી બીજા પાઠના અર્થમાં તો વળી અનુવાદકજી ગ્રંથકારના ચઉદશ જ કહેવાય એવા નિરૂપણનો પરામર્શ કરતા નથી, પણ અધરથી વાદિની શંકાના સમાધાનમાં આરાધનાનું કરેલ કથન છોડીને સંજ્ઞા તેનું સ્થલ જણાવે છે કે જે તેરસ માનવાના પ્રકરણથી પણ વિરૂદ્ધ જ છે. અને તેથી એ દ્વારાએ પોતાની ગ્રન્થને પણ સમજવાની નાલાયકતાને પૂરવાર કરી છે. બુધવારવાળાઓ કહે છે કે ગુરૂવારવાળાઓ **ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા** નો અર્થ પર્વતિથિના ક્ષયે પ્હેલાની તિથિનો ક્ષય કરવો એમ કરે છે. પરન્તુ તેઓએ ધ્યાન રાખવું કે જેમ **પીનો દેવદત્તો દિવા ન ભુંક્તે:** એ વાક્યનો જેમ રાત્રે ખાય છે એવો અર્થ કરેજ નહિં, પરન્તુ રાત્રે ખાય છે એવા અર્થાપત્તિનો અર્થ લીધા સિવાય છુટકો જ નથી. તેમ ક્ષયે૦ નો અર્થ તો પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની તિથિ કરવી એવોજ બધા કરે છે. પણ પ્હેલાની અપર્વતિથિ જ્યારે પર્વતિથિ બને તો પછી તે અપર્વતિથિ અપર્વતિથિ તરીકે આરાધનામાં ગણાયજ નહિ. અને તેથી અર્થાપત્તિથી આરાધનામાં તે અપર્વતિથિનો વ્યવહારજ ન થાય અને નામ પણ લેવાય નહિ અને નામ લેતો મૂર્ખ શેખર ગણાય એ ચોકખું છે તો પછી ક્ષયને માથે નવી નીશાની કઈ ? વળી ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શ્રીશ્રાદ્ધવિધિમાં સૂર્યોદયને ફરસવાવાળી તિથિનોજ વ્યવહાર જણાવ્યો છે. એટલે કહો કે ચઉદશના ક્ષયે ચઉદશ સૂર્યોદયને ફરસી નથી અને તેરશજ સૂર્યોદયને ફરસી છે, છતાં તે દિવસને 'તેરસનું નામ પણ નહીં દેવાય' એમ કહ્યું તો સ્પષ્ટ થયું કે તેરશનો સૂર્યોદય ટીપનામાં છે તો પણ અમાન્ય ગણવો અને ચઉદશનો સૂર્યોદય ટીપણામાં નથી એમ ચોક્કસ છે. છતાં તે સૂર્યોદયને ચઉદશ ફરસી છે એમ માનવું અને એમ હોય ત્યારેજ તે દિવસે ચઉદશજ છે એમ ૧૬૧૫ના પ્હેલાના વખતથી વ્યવહાર ચાલ્યો છે તે જણાવ્યો. વળી વિશેષ તો એ વિચારવાનું કે જેઓ તેરસ અને

ચઉદશ બે તિથિનો તે દહાડે વ્યવહાર કરવા માગે છે તેઓ શું. તે તેરસ અને ચઉદશ બન્ને સૂર્યોદયને ફરસે છે એમ માને છે ? જો એકલી તેરસ જ સૂર્યોદયને ફરસે છે તો પછી આખો દિવસ તે તેરસની તિથિપણે જ હોવો જોઈએ. તે દિવસે ચઉદશ છે એમ બોલવું જોઈએ નહિ, કારણકે શાસ્ત્રકાર એમ સ્પષ્ટપણે જણાવે છે કે જે દિવસે જે તિથિને ફરસતો સૂર્યોદય થાય તે આખો દિવસ તે તિથિપણે જાણવો. सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात् અર્થાત્ સૂર્યોદયને અનુસારે જ લોકમાં પણ - એટલે લોક અને જૈનોમાં પણ દિવસ-તિથિ આદિનો વ્યવહાર છે. વળી પારાશરસ્મૃતિની સાક્ષી પણ એજ કહે છે કે आदित्योदयवेलायां, या स्तोकाऽपि तिथिर्भवेत्। सा संपूर्णेति मन्तव्या, प्रभूता नोदयं विना॥१॥ એટલે સૂર્યોદયની વખત જે થોડી પણ તિથિ હોય તે પૂરી છે એમ માનવું. પણ ઘણી હોય તો પણ સૂર્યોદય વિનાની હોય તો તે ન માનવી. આ હકીકતને વિચારનાર સ્પષ્ટપણે સમજી શકશે કે તે દિવસે તેરસનો સૂર્યોદય છતાં તેને તેરસનો સૂર્યોદય ન ગણતાં ચઉદશનો સૂર્યોદય ગણ્યો અને તેથી જ તેરશ નહિં કહેવાનો અને ચઉદશ જ છે એમ કહેવાનો વ્યવહાર રાખ્યો. એમ છતાં પણ તેરસ ચૌદશ ભેળી કહેનારેં ખુલાસો કરવો જોઈએ કે 'તેઓ સૂર્યોદયથી તેરસ ચઉદશ બંને છે એમ માને છે કે તેરસ જેટલો વખત સુધી હોય તેટલો વખત તે દિવસે તેરસ માની બાકીના વખતમાં ચઉદશ માને છે કે ચઉદશના વખતમાં પણ તેરસ માને છે ?' તેઓ કઈ રીતે માનીને તેરસ ચઉદશ ભેળાં ગણે છે, કેમકે સૂર્યોદયની વખતે તો એકલી તેરસ જ છે. તે વખતે ચઉદશનો તો અંશ પણ નથી કેમકે સૂર્યોદય વખતે એકલી તેરસનો ફરસ તો માની શકેજ ક્યાંથી ? અને જો તે વખતે ચઉદશ ગણે નહિં તો પછી સવારમાં ચઉદશ તિથિ છે એમ માનશે કે નહિં ? અને પૌષધ વિગેરે ઉચ્ચરાવશે તેને ચઉદશનો પૌષધ કહેશે કે કેમ ? ઉપવાસ પણ ચઉદશનો કહેશે કે કેમ ? અને જ્યારે સવારથી ચઉદશ નથી બેઠી ત્યારે પણ પૌષધાદિ કરતાં ચઉદશ કહેશે તો પછી તેરસ ક્યાં રહી કે જેને લીધે તેરશ ચઉદશ ભેળાં કહેશે ? વળી એક વારની અંદર બે તિથિયો આવે, પણ બે તિથિયો સાથે તો હોય જ નહિ, માટે ચઉદશ બેઠા પ્હેલાં પણ ચઉદશ જ માની છે. એટલે ભેળી ક્યાં થાય? વળી આખો દિવસ તેરસ ચઉદશ ભેળાં છે એમ કહે તો પણ સવારે તેરસ જ હતી તેમાં ચઉદશ લાવવી ક્યાંથી? અને સવારે તેરસ હોવાથી શાસ્ત્રાનુસારે તો જેમ આસો વદ પડવો ૧/૬૨ અંશ માત્ર છે, તો પણ તે આખા દિવસને પડવો કહેવાય છે, તેમ આખો

દિવસ તેરસજ કહેવાય વળી તે દિવસે તેરસનો ઉદય ભોગ અને સમાપ્તિ છે છતાં સવારથી તેરસમાં ચઉદશ માની તો પછી ઉદયાદિની માન્યતા ક્યાં રહી ? અને તેરસનો ક્ષય થયો કે બીજું કંઈ ? શાસ્ત્રકારો બે તિથિયો માને છે ?

ધ્યાનમાં રાખવું કે શાસ્ત્રકારો કોઈ દિવસ પણ બે તિથિયો આરાધનામાં પણ માનતા જ નથી. આસો વદ પડવા આદિ ૧/૬૨ માન હોય છે અને બીજ આદિ તિથિયો ૬૧/૬૨ માન હોય છે તો પણ તે દિવસે આસો વદિ પડવો વગેરે જ હોવાનું જણાવે છે અને બીજઆદિને તો ક્ષીણતિથિ અથવા પતન્તી તિથિ તરીકેજ ઓળખાવે છે. તો પછી ઉદય, ભોગ અને સમાપ્તિમાં જે તેરસ છે તે આખીમાં ઉલટી ક્ષીણચઉદશને વ્યાપ્ત ગણે તે મુખ્ય શાસ્ત્રનો વિરોધી હોવા સાથે પ્રકરણશાસ્ત્રનો પણ વિરોધી બની પરંપરાને પણ ઉઠાવનારો જ થાય, વળી ચઉદશ બેસી ગયા પછી વીતી ગયેલી તેરસને વળગાડવી એટલે તો પર્વને અપર્વ મેળવવાની નિશ્શૂકતા જ થાય.

એટલે ત્રણમાંથી એકકે પ્રકારે પણ તેરશ ચઉદશ ભેળાં છે એમ આરાધનાની અપેક્ષાએ તો બોલાય કે લખાય જ નહિં, ટીપ્પણાની અપેક્ષાએ એકમબીજઆદિ ભેળાં કરે અથવા પજુસણમાં એકમબીજના નામે તેરસ સુધી પહોંચવા માગતાના નિષેધને માટે જે કહેવાય તેને આરાધનાના પંચાંગોમાં અને આરાધનામાં લગાડી દે તેની તો વાત જ જુદી, વળી એક પર્વના ક્ષયની વખતે ટીપણાની અપેક્ષાએ સાતમે આઠમ અને તેરસે ચઉદશ આરાધવી, પણ નવમી અને પુનમે અતીત થવાથી ન આરાધાય, એવી કહેલ શ્રી સિદ્ધચક્રની વાતને આરાધનામાં જોડે અને ઉભયપર્વમાં જોડે તેને છલવાદી કહીયે તો ખોટું નથી. સાતમે આઠમ આરાધવી એનો સીધો અર્થ જ એ થાય કે ટીપણામાં આઠમનો ક્ષય હોય ત્યારે ટીપનાની સાતમનો ક્ષય કરી તે દિવસે આઠમની આરાધના કરવી, છતાં જેમ સંવચ્છરીની અપેક્ષાએ કહેલ આઠ દિવસને નામે પાંચમની પર્વતિથિ મ્હેલવી એવું જણાવવામાં છલવાદી થયા તેમ અહિં પણ બુધવારીયાઓ છલવાદી થાય છે. કેટલાકો એમ કહે છે કે ભાદરવા સુદ ચોથ એ પર્વતિથિ નથી માટે તેના ક્ષયે ભાદરવા સુદ ત્રીજના ક્ષયની જરૂર નથી. તો તેઓએ સમજવું જોઈએ કે ભાદરવા સુદ ચોથ એ ચોથ નથી પણ સંવચ્છરી છે અને તેથી તે સ્વતંત્ર પર્વ છે. શ્રીશ્રાદ્ધવિધિમાં બીજ પાંચમ આદિ પક્ષના પર્વદિવસો જણાવીને વર્ષનાં પર્વો જે સંવચ્છરીઆદિ જણાવે છે. એ વાત જો સમજાઈ જાય તો ચોથનું પર્વપણું સમજાય તેમાં તો નવાઈજ નથી. વળી જ્યારે ભાદરવા સુદ પાંચમે સંવચ્છરી હતી ત્યારે પક્ષપર્વ અને સંવચ્છરીપર્વ એકઠાં હતાં અને ચોથની આચરણા થવાથી વાર્ષિક સંવચ્છરી પર્વ ચોથમાં

આવેલું છે માટે ચોથપર્વ નથી એમ તો બોલાય જ નહિં. વળી ભાદરવા સુદ ચોથનો ક્ષય ન માનો તો પછી ચોથનો પણ પર્વ દિવસ છે એમ માનવું જ પડશે, અને તેથી ચોથની હાનિ કે વૃદ્ધિ એકકે પર્વારાધકોથી તો મનાશે જ નહિ. વળી ચોથને પર્વ ન માને તો ચોથના ક્ષયની વખતે ત્રીજનો ક્ષય કરવાનું રહેશે નહિ, તેમજ વૃદ્ધિમાં બીજી ચોથ કહેવાનું પણ નહિ રહે. આશ્ચર્ય છે કે પાંચમ સરખી પાક્ષિકતિથિની હાનિ વૃદ્ધિ ન મનાય અને સાંવત્સરિકપર્વ જેની ભાદરવા સુદ ચોથની હાનિ વૃદ્ધિ મનાય. બુધવારીયાઓને પણ ચઉદશના ક્ષયે તેરસને દિવસે તેરસના નામનો પણ સંભવ નથી, ચઉદશ જ છે એમ માનવાનો વ્યવહાર છે જેથી ચઉદશ છે એમ કહેવું એજ યોગ્ય છે, ચૌદશના ક્ષયે તેરસે તેરસ છે એમ બોલે તે મૂર્ખશેખર ગણાય, એ વાત તો તત્વતરંગિણીકાર કહે છે, અને સાચી પણ છે, એમ માને છે, તો પછી પૂર્વની અપર્વતિથિનો ક્ષય ન કહેવાય, એમ કહેવું બોલવું અને માનવું એ તો મારી જનેતા છે પણ માતા નથી એવું બોલનાર જેવા જ ગણાય.

જો કે કલ્યાણકો પણ પર્વ ગણાય છે, પણ કલ્યાણકોની આરાધના પ્રાયઃ તપથી જ હોય છે, અને તપનો ઉચ્ચાર તો એક દિવસે કરેલા પચ્ચખાણથી અનેક દિવસ સુધી ચાલે છે, અને કલ્યાણકો એક દિને અનેક હોવામાં પણ વાંધો નથી, માટે તેની તિથિયોના ક્ષયની પરંપરાને નામે પર્વક્ષયે અપર્વક્ષયની વાતને કોઈ પણ જાતની અડચણ આવે તેમ નથી.

આ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે જ્યાં પૂર્વસ્યાં સપ્તમ્યાં ત્રયોદશ્યાં એવા સપ્તમ્યન્ત પ્રયોગો છે તથ ક્ષીણાષ્ટમીયુક્તા સપ્તમી, ક્ષીણચતુર્દશી૦ઈત્યાદિ જે વાક્યો છે તે બધાં ટીપણાની અપેક્ષાએ છે, પણ આરાધનાની અપેક્ષાએ નથી એ ચોક્કસ થાય છે.

સુજ્ઞવાચકોએ (સં. ૧૯૯૩) ગુરૂવારની સંવત્સરી સાબીત કરવા જાહેર કરેલ શાસ્ત્રીયપુરાવાની ચોપડીના પૃ. ૧-૩-૪-૮-૧૦ બીયા પંચમી૦ ગાથા પૃ.પ. जइ पव्वतिही૦ ગાથા શ્રીદેવવાચક શિષ્ય શ્રીયશોવિજય અને શ્રીદેવવાચકજી કે જેઓ શ્રીઆનન્દવિમલસૂરિજી વખતના છે તેઓ પણ બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય કરવાનું જે જણાવેલ છે તે આ સ્થાને પણ વિચારી લેવાનું છે.

લેખનો ઉપસંહાર-

આ લખાણ વાંચીને જેઓ પર્વ અપર્વને ભેળાં કરીને ભેળસેળીયા થતા હશે તેઓ સન્માર્ગે આવી પર્વતિથિના ક્ષયે તેની આરાધના માટે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય કરી પર્વતિથિને અખંડ માનશે અને આરાધશે એવી આશા સ્થાનસરજ છે.

**इत्यपर्वतिथिक्षयप्रकाशः समाप्त**

(અનુસંધાન પેજ નં. ૨૦૯)

# તીર્થયાત્રા-સંઘયાત્રા (ગતાંકથી ચાલુ)

એટલુંજ નહિં, પરંતુ કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ ક્ષેત્રોમાં ધન વાપરવાની જરૂરીયાતનું પોષણ કરતાં ઘણીજ તીખી ભાષા વદે છે. તેઓશ્રી તો જણાવે છેકે જ્યારથી જીવમાત્ર ભગવાન્ જીનેશ્વરમહારાજના ધર્મને પ્રાપ્ત કરે અને સમ્યગ્દર્શનને પામે ત્યારથી તે જીવ, ત્યાગને ધર્મ ગણવાવાળો થાય. અરિહંતભગવાનને દેવ માનવનું કારણ પણ ત્યાગજ છે. પંચમહાવ્રતધારક મહાત્માઓને ગુરૂ માનવાનું કારણ પણ ત્યાગજ છે. અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતોનું પર્યવસાન પણ સર્વપાપનો ત્યાગ છે. જીવાજીવાદિક તત્વોના જ્ઞાનનું ફલ પણ ત્યાગજ છે, અને તેજ કારણથી ભગવાન્ શય્યંભવસૂરિજીએ જીવાજી જ્ઞાનના ફલને નિરૂપણ કરનારી દંડિકા જણાવતાં જીવાજીવજ્ઞાનનું મધ્ય પર્યવસાન સંયમ સ્વીકારમાંજ જણાવ્યું છે, અને જીવાદિક નવતત્વના જ્ઞાનમાં પણ આશ્રવની હેયતા જણાવવા સાથે સંવરની ઉપાદેયતાજ જણાવવામાં આવી છે. મોક્ષની પુષ્ટિ તરીકે જો કોઈપણ જ્ઞાન જણાવવામાં આવ્યું હોય તો આશ્રવનું સર્વથા છોડવા લાયકપણું અને સંવરનું સર્વથા આદરવા લાયકપણુંજ છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની આજ્ઞાનું અવિચલપણું જો કોઈપણ જગો પર હોય તો તે આશ્રવના છોડવા લાયકપણામાં અને સંવરના આદરવાલાયકપણામાંજ છે. આ બધી હકીકતની સાથે શાસ્ત્રકારો ચોક્ખા શબ્દોમાં ફરમાવે છે કે સમ્યક્ત્વ અને દેશવિરતિ તેઓનેજ હોય કે જેઓ સર્વવિરતિધર્મની ઉત્તમતા સ્વીકારવા સાથે તેને મેળવવાની ધારણાવાળા હોય અને તેથી સમ્યક્ત્વઆદિનું મૂલ જ્ઞાન છે અને તેનું મૂલ પુસ્તક છે.

દરેક શ્રાવકે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજા કરવી તે તો શ્રાવકોના ષટ્કર્મમાં પ્રથમકર્મ તરીકે છે, પરન્તુ તે પ્રથમકર્મ તેઓનેજ હોય કે જેઓ સર્વવિરતિના અભિલાષી હોય અને સર્વવિરતિની પ્રાપ્તિ કરાવનાર તરીકે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજાને આચરતા હોય. આવી રીતે ધારણા કર્યા સિવાય જે કોઈ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજા પણ કરે છતાં ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજ વગેરે પંચાશકાદિશાસ્ત્રોદ્વારાએ જાહેર કરે છે કે તેવી પૂજા કારણરૂપ દ્રવ્યપૂજા નથી, પરન્તુ લૌકિક હોઈને અપ્રધાનરૂપજ દ્રવ્યપૂજા છે. આ બધા ઉપરથી એ વાત સ્પષ્ટ થઈ કે શ્રાવકપણું ધરાવનાર સમ્યક્ત્વવાળો થવા માંગનાર, દેશવિરતિમાન્ થવા ઈચ્છનાર અને યાવત્ જીવાજીવના જ્ઞાનને ધરાવી ભગવાન્ જીનેશ્વરની દ્રવ્યપૂજા પણ જેઓ કરે તેઓ સંયમના (સર્વવિરતિના) અભિલાષીજ હોય તેની અપેક્ષાએ કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીમહારાજ ચોક્ખાશબ્દોમાં ફરમાવે છે કે જે ધનઋદ્ધિ દુનિયામાં પ્હેલાં ન હોય તો પણ નવી મેળવી શકાય તેવી છે, શરીરથી ભિન્ન હોઈને તેની આપત્તિથી જીવને આપત્તિ ન થાય તેવી છે, વળી એકજ જન્મમાં પણ ઘણી ઘણી વખત આવવા જવાવાળી છે, એટલે મળવા અને છુટવા વાળી છે, તેવી ધન ઋદ્ધિની પણ જેઓ મમતા છોડી શકે નહિ, એટલુંજ નહિ, પણ મહોદય સ્વરૂપ સદાનંદરૂપ શાશ્વત એવા મોક્ષપદને મેળવી આપનારા વીતરાગ (મૂર્તિ-મંદિર) જ્ઞાન (પુસ્તક) સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવકશ્રાવિકા) રૂપ સાતક્ષેત્રોમાં જેઓ વ્યય કરી શકતો નથી, અર્થાત્ સાતક્ષેત્રોની ઉત્તમતાને ચરિતાર્થ કરી બતાવી શકતો નથી, પરંતુ ધનઋદ્ધિની મમતામાંજ માચ્યો રહે છે, તે મનુષ્ય ભલે રાજા હોય, મહારાજા હોય, શેઠીઓ હોય, શાહુકાર હોય, વાસુદેવ હોય કે ચક્રવર્તિ હોય, પરન્તુ તે બિચારો ખાલી હાથે હાથ ઘસતો જનારો હોવાથી કેવલ વરાકજ છે, અને તેવો વરાક, શરીરદ્વારા કરાતું

કષ્ટાનુઠાનરૂપ સર્વવિરતિરૂપ ચારિત્ર કે જે સર્વથા મમતા રહિત સ્વરૂપ છે, તે ક્યાંથી કરી શકે ? કેમકે શરીર એ એકભવમાં વધારે વખત મલવાવાળી ચીજ નથી, જીવથી દૂર રહેવાવાળી વસ્તુ નથી, અને વારંવાર આવવા જવાવાળી વસ્તુ પણ નથી, તો તેવા શરીરને સમર્પણ કરવા રૂપ અર્થાત્ દેહની દરકારને દૂર રખાવવાવાળું ચારિત્ર તો તે બિચારો કરી શકેજ શાનો ? ઉપર જણાવેલ કલિકાલસર્વજ્ઞભગવાન શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીના વચનને સમજનારો મનુષ્ય શ્રાવકશબ્દોમાં ઋદ્ધિમાનોને અંગે व કારથી નિરૂક્તાર્થ જણાવતાં શાસ્ત્રકારો જે કહે છે. वपत्यनारतं धनानि क्षेत्रेषु અર્થાત્ હંમેશાં લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે મળેલા સર્વપ્રકારના ધનને જીનમન્દિરાદિ ક્ષેત્રોમાં વાવેજ જાય તેને શ્રાવક ગણવો તે સમજે. આ બધી હકીક્ત ધ્યાનમાં લઈને યાત્રિકગણનો નેતા પોતાના આત્માને મહાશ્રાવકપણામાં કે શ્રાવકપણામાં દાખલ કરવા માટે સાતે ક્ષેત્રની સતત આરાધના કરવારૂપ યાત્રા કરવા માટેજ પોતાના આત્માને તૈયાર કરે તેમાં આશ્ચર્યજ નથી.

## સંસારસમુદ્રથી તરવાનાં સાધનો કઈ-ગતિમાં?

દરેક સંસારી આત્મા અનાદિકાલથી સંસારમાં પરિભ્રમણ કરતો કરતો અનંતપુદગલપરાવર્તોએ મનુષ્યભવ કે જે એકજ મોક્ષને આપી શકે છે. અર્થાત્ દેવ, તિર્યંચ કે નારકીની ગતિ કોઈ કાલે મોક્ષ આપી શકતી નથી, આપતી નથી, કે આપશે પણ નહિ. અને તેજ કારણથી મનુષ્યભવને મોક્ષનું આદ્યસાધન ગણી શાસ્ત્રકારો પણ વખાણે છે, તેવા મનુષ્યપણામાં આવેલો મનુષ્ય તરવાનાં સાધનો મેળવ્યા સિવાય તરી શકતો નથી. જો કેવલ મનુષ્યપણામાંત્રથી મોક્ષ મેળવી શકાતો હોયતો ક્યારનોએ મોક્ષ મળ્યો હોત, કારણ કે વ્યવહારરાશિમાં આવેલા દરેક જીવને અનંતી વખત મનુષ્યપણું મળી ચુક્યું છે. તો તેટલા બધા મનુષ્યપણાને પામનારો છતાં જીવ સંસારમાં રખડપટ્ટી જે કરે છે તે જણાવે છે કે કેવલ મનુષ્યપણું એ મનુષ્યને તારનારી ચીજ નથી, પરન્તુ મનુષ્યપણામાં તરવાની સામગ્રી જેઓ પ્રાપ્ત કરી શકે છે તેઓજ મનુષ્યપણાદ્વારાએ તરી શકે છે. મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી શાસ્ત્રકારો તરવાનાં સાધનો આ પ્રમાણે જણાવે છે. શાસ્ત્રોનું શ્રવણ, જીવાદિકતત્વઅને દેવાદિરત્નત્રયીનું શ્રદ્ધાન અને સર્વવિરતિના માર્ગે વીર્યનો ઉલ્લાસ થાય તેનેજ તરવાનાં સાધન તરીકે જણાવે છે. પરન્તુ તે શાસ્ત્રશ્રવણાદિકમાં આત્મા તત્પર કેવી રીતે થાય તે વિચારવાની ઘણી જરૂર છે. આંબાની મીઠાશ સાંભળવાથી કે વિચારવામાત્રથી જેમ આમ્રવન તૈયાર થઈ જતું નથી કે મળી જતું નથી, તેવી રીતે શાસ્ત્રશ્રવણાદિશબ્દોને રટવાથી કે મનન કરવાથી તે વસ્તુઓ મળી જતી નથી. એટલુંજ નહિ, પરન્તુ શાસ્ત્રશ્રવણાદિકની તીવ્રદશા મેળવવા માટે જીવોને તીવ્રપ્રયત્નની જરૂર રહે છે. આટલાજ માટે શાસ્ત્રકારો સાતક્ષેત્રના આરાધનની જરૂર જણાવતાં જ્ઞાન ક્ષેત્રના આરાધનની જરૂર જણાવે છે.

## ભવોદધિથી પાર ઉતરવાના સાધનોમાં આદ્ય કોણ?

શાસ્ત્રોના ઉદ્ધાર સિવાય, શાસ્ત્રોની ભક્તિ સિવાય, શાસ્ત્રોનાં બહુમાન સિવાય, શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રની પ્રાપ્તિ થવી તેજ મુશ્કેલ છે. તો પછી તેમાં તન્મયતા થવાનો વખત તો ભક્તિઆદિ સિવાય આવેજ ક્યાંથી ? જીનેશ્વરમહારાજાઓ અર્થથી શાસ્ત્રની પ્રરૂપણા કરનારા છે. ગણધરમહારાજા કે જેઓ આગમોની રચના કરનારા છે. તેઓ નિર્વૃત થયાંને હજારો વર્ષો ચાલ્યાં ગયાં છે છતાં તેઓના વચનોને સાંભળવાનો વખત લાવી આપનાર જો કોઈપણ હોય તો તે માત્ર શાસ્ત્રોજ છે. આ માટેજ મહાપુરૂષો સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે-

दूसमादोसदूसिआ हा अनाहा कहं हुंति न हुंतो जो जिणागमो

અર્થાત્ દુષ્ષમાકાલની વક્રતા અને જડતાએ કરીને ભરપૂર થયેલા વર્ત્તમાનકાલના જીવો જો જિનેશ્વરમહારાજનું આગમ પ્રવર્ત્તતું ન હોત તો કઇ દશાને પામત ? અર્થાત્ વર્ત્તમાન દુષ્ષમકાળમાં ભગવાન્ જીનેશ્વર મહારાજની હયાતિ ન હોવાને લીધે મનુષ્યને કોઈપણ તરવાનું જો સાધન હોય તો તે માત્ર જિનાગમજ છે. એ જ કારણથી મહાપુરૂષોએ જણાવ્યું છે કે-

'आगमं आयरंतेणं, अत्तणो हिअंकंखिणा
तित्थणाहो गुरूधम्मो सव्वे ते अनुमन्निआ'

અર્થાત્ આત્માના હિતની ઈચ્છાવાલાએ જો આગમનો આદર કર્યો તો તે ભાગ્યશાળીએ તીર્થંકરમહારાજા, ગુરમહારાજા અને ધર્મ એ સર્વે તત્વોની માન્યતા કરી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે તીર્થંકરમહારાજા અને ગણધરમહારાજાની હયાતિ સિવાયના વખતમાં દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણે તત્વોનું જ્ઞાન વગેરે મેળવવાનું જો કોઈપણ સાધન હોય તો તે માત્ર જીનેશ્વરભગવાનનું આગમજ છે. અર્થાત્ આગમને અનુસરીને સાચા દેવ, સાચા ગુરૂ, અને સાચા ધર્મને મેળવી શકાય છે. આગમનું અન્યથાપણું હોય તો સાચા દેવ, ગુરુ અને ધર્મને મેળવવાનું અસંભવિતજ થાય છે. આ વસ્તુ વિવેકીઓએ સમજવી ઘણીજ સ્હેલી છે. અન્ય મતવાળાઓ સાચા દેવ, ગુરૂ અને ધર્મને નથી પામી શકતા તેનું જો કોઈપણ મુખ્ય કારણ હોય તો એ માનેલા આગમોનો ફક્ત અભાવજ છે. અને જૈનજનતા સાચા દેવ સાચા ગુરૂ અને સાચા ધર્મને જાણી, માની અને આરાધી શકતી હોય તો તેનું કારણપણ જૈનઆગમનું વ્યવસ્થિતપણુંજ છે. તત્વદષ્ટિએ વિચારીએ તો ખુદ જીનેશ્વરભગવાનરૂપી દેવતત્વની માન્યતા કરતો ખુદ જીનેશ્વરભગવાનરૂપી દેવતત્વની માન્યતા કરે છે, આજ કારણથી શાસ્ત્રાકારો દેવના સ્વરૂપને જણાવતાં "यथास्थितार्थवादी च" તેમાં વચનાતિશય વિગેરે વસ્તુઓને મુખ્ય સ્થાન આપે છે. ગુરૂમહારાજની પરીક્ષા પણ સર્વઅન્યમતવાળાઓ તો શું ? પરન્તુ લોકોત્તર એવા જૈનમાર્ગવાળાઓ પણ જીવાદિદીક્ષારૂપ આગમદ્વારાએજ કરે છે. અને ધર્મને અંગે વિચાર કરીએ તો આગમદ્વારા પ્રવર્તતું અને આગમથી અવિરૂદ્ધ જે મૈત્ર્યાદિકભાવનાએ યુક્ત અનુષ્ઠાન તેજ ધર્મ કહી શકાય છે. એટલે સ્પષ્ટ થાય છે કે દેવ ગુરૂ કે ધર્મ એ ત્રણે તત્વમાંથી કોઈપણ તત્વની માન્યતા આગમ સિવાય કે આગમ નિરપેક્ષ બની શકેજ નહિ. એ વસ્તુઓ વિચારતાં ઉપર જે મહાપુરૂષે જણાવ્યું કે આગમને આદરનારોજ મુમુક્ષુ પુરૂષ દેવ ગુરૂ અને ધર્મને માનનારો બની શકે છે, તે વાત વિવેકી સુજ્ઞ મનુષ્યોને સોળે સોળ આના સાચી તરીકે સમજાશે. અને તેથી આગમ એટલે જ્ઞાનક્ષેત્ર મનુષ્યોને તરવા માટે પહેલા નંબરે જરૂરી છે એમ લાગ્યા વિના રહેશે નહિ.

## જ્ઞાન ક્ષેત્ર તરવા માટે પ્રથમ નંબરે કેમ ?

શાસ્ત્રકારોએ પણ ચતુરંગી જણાવતાં મનુષ્યપણાની સાથે શાસ્ત્રશ્રવણનેજ નંબર આપેલો છે. જો કે જ્ઞાનના મતિઆદિ પાંચ ભેદો છે, પરન્તુ લેવા દેવાના વ્યવહારમાં અને સ્વપરપ્રકાશનપણામાં માત્ર શ્રુતજ્ઞાનજ સમર્થ હોય છે, અને તેથીજ શાસ્ત્રાકારો પણ अप्पणो य परेसिं च जम्हा तं परिभावगं અથવા अणुओगे दीवदिवंतो ઇત્યાદિક કહી શાસ્ત્રનું સ્વરપરપ્રકાશકપણું સ્પષ્ટ કરે છે, જો કે ન્યાયશાસ્ત્રકારો ઈન્દ્રિયપ્રત્યક્ષ મતિજ્ઞાનને અને અનિન્દ્રિયપ્રત્યક્ષ અનુમાનને પરાર્થ માને છે, પરન્તુ તે માત્ર ઉપચારથીજ છે, અને તે વસ્તુતાએ તો વચનરૂપ હોઈને શ્રુતજ્ઞાન સ્વરૂપજ છે, એટલે કાર્યદ્વારાએ પરાર્થપ્રત્યક્ષ હો કે પરાર્થઅનુમાન હો, પરન્તુ સ્વરૂપદ્વારાએ તો વચનરૂપઆપન્ન શ્રુતજ્ઞાનજ છે, માટે એ વસ્તુ નિશ્ચયવાળી છે કે સ્વપરનું સ્વરૂપ

જણાવવાને માટે શ્રુતજ્ઞાનજ સમર્થ છે, અને તેથી મનુષ્યોને તરવાના સાધનોમાં મતિઆદિક સર્વજ્ઞાનોની ઉપયોગિતા હોય, છતાં પણ ક્ષેત્ર તરીકે જો કોઇપણ જ્ઞાન ગણવામાં આવે તો તે માત્ર શ્રુતજ્ઞાન એટલે આમગશાસ્ત્રોજ છે. અને તેથીજ શાસ્ત્રાકારો પણ સુઈ એટલ શ્રુતિ ને ચાર અંગમાં સ્થાન આપે છે. શાસ્ત્રને અંગે શ્રુત અને શ્રુતિશબ્દનો જે વપરાશ પૂર્વકાળમાં અને વર્ત્તમાનકાલમાં ચાલે છે તેની ઉંડી તપાસ કરતાં વિવેકી મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે શ્રુતજ્ઞાનનો ઘણોજ મ્હોટો ભાગ અલિખિત એટલે પુસ્તકારૂઢ થયા વિનાનો હોય છે. અને ગુરૂપરંપરાએ શ્રવણથીજ તે મળી શકે અને પૂર્વકાલમાં બધું શ્રુતજ્ઞાન શ્રવણથીજ મળતું. વળી ગણધર મહારાજે સાક્ષાત્ તીર્થંકર પાસેથી સાંભળેલું જ્ઞાન છે માટે તેને શ્રુત કહેવાય છે.

### શ્રુત અને શ્રુતિ એટલે શું ?

સામાન્યરીતે બારમાં અંગના ચોથા પૂર્વગત નામના ભેદમાં આવતા ચઉદપૂર્વોનું લખાણ કરવા જતાં સોલ હજાર અને ત્રણસો ત્યાંશી જેટલા મહાવિદેહના હાથીઓ પ્રમાણ શાહી જોઇએ, એટલે કહેવું જોઇએ કે સમસ્તપૂર્વોનું બારમાઅંગનું કે સમસ્ત શ્રુતજ્ઞાનનું પુસ્તકારૂઢપણું થવું અસંભવિતજ છે, એટલુંજ નહિ, પરન્તુ એક પણ પૂર્વનું પુસ્તકારૂઢપણુંજ અસંભવિત છેજ ! માટે સમસ્ત શ્રુતજ્ઞાનનો પ્રવાહ ગુરૂપરંપરાએ શ્રવણને આધારે પ્રવર્તી શકે, અને તેથી તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે તેમાં આશ્ચર્ય નથી. જૈનોના આ શ્રુતજ્ઞાનના પ્રકાશનને માટે વપરાયેલો આ શ્રુતશબ્દ દેખીને પુસ્તકમાં રૂઢ થઇ શકે એવાં પણ સામાન્યસૂત્રોને લૌકિકમાર્ગવાળાઓએ શ્રુતિશબ્દથી જાહેર કરેલાં છે. ધ્યાન રાખવું કે શ્રુતિ શબ્દ વેદ માનનારાઓના માનેલા અમુક શ્રુતને લાગુ કરવામાં આવે છે, અને તે શ્રુતિ સિવાયના બાકીના ભાગને સ્મૃતિ-ઇતિહાસ વિગેરે ઉપનામો આપવાં પડે છે અને તેને વેદાઙ્ગ રૂપે કહેવાં પડે છે. જ્યારે આ શ્રુતજ્ઞાન સમસ્તશ્રુતના અવબોધમાં વ્યાપક થઇનેજ રહેલું હોય છે.

### સમયના પરિવર્ત્તનથી શ્રુતમાં પણ પરિણતિ પલટો

આવું શ્રુતજ્ઞાન સર્વજ્ઞોના વચનથી ગણધરમહારાજાએ ગુંથેલું જે હતું, અનેક પાટપરંપરા સુધી તેવીને તેવી સ્થિતિમાં પ્રવર્ત્યું, છતાં દુષ્ષમાકાલની તો સ્થિતિ જે બુદ્ધિની હાનિ કરવા રૂપ છે તેના પ્રભાવે ઘટાડો થવો શરૂ થયો, યાવત્ સાત આઠ પાટ થતાં તો દશમું પૂર્વ પણ વ્યુચ્છેદ થવાનો વખત આવ્યો. અને ત્યાર પછી આખા સાડીચારસો વર્ષ જેવા ટુંકા સમયમાં એક પૂર્વ જેવા જ્ઞાનનો પણ પ્રવાહ રહેવાનો વખત રહ્યો નહિ, અને તેવી વિસ્મરણદશાને અંગે વીરમહારાજ પછી નવસોએંશી અગર નવસોત્રાણું વર્ષે દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ વગેરે સમસ્ત આચાર્યોએ એકત્ર થઇ શ્રીવલ્લભીપુરની અંદર સિદ્ધાન્તને પુસ્તકારૂઢ કર્યો, જેવી રીતે સિદ્ધાન્તને પુસ્તકારૂઢ કર્યો એ વાક્યથી સમસ્તશાસ્ત્રો પુસ્તકો ઉપર લખ્યાં એ અર્થ થાય છે, તેવીજ રીતે એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ દુર્બલિકાપુષ્પના વૃત્તાન્ત ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રીય વાતોમાં આચાર્યોને પરસ્પર વિવાદ થતાં નિર્ણયને માટે અન્યગચ્છીય કે અન્યકુલ કે અન્ય ગણના આચાર્યોને પૂછીને તેમના કથનને અનુસારેજ નિર્ણય કરાતો હતો. અર્થાત્ એમ કહીએ તો ચાલે કે શાસ્ત્રજ્ઞોની બહુમતીએ ભગવાન્ દેવર્દ્ધિક્ષમાશ્રમણ સુધી નિર્ણય ચાલ્યો હતો, પરન્તુ ભગવાન દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે એ બહુમતી નિર્ણયને પલટાવી પુસ્તકીય નિર્ણય શરૂ કર્યો, એટલે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પછી કોઇપણ વસ્તુના નિર્ણયમાં મતો મેળવવાની જરૂર રહી નથી, પરંતુ માત્ર શાસ્ત્રના અક્ષરોજ દેખાડવાની જરૂર રહી, અને તેજ કારણથી અન્ય ભાષ્યકાર શ્રીજીનભદ્રગણિક્ષમાશ્રમણજી મહારાજ સિદ્ધાન્તી તરીકે ગણાયા.

## આગમોત્પત્તિનું સ્થાન વલ્લભીપુર નહિં.

પૂર્વે જણાવ્યા પ્રમાણે સિદ્ધાન્તના પુસ્તકારોહણનું થયેલું કાર્ય જો કે વલ્લભીપુરમાં થયેલું હતું. પરન્તુ તે સૂત્રની ઉત્પત્તિનું સ્થાન તે ન્હોતું અને તેથીજ સૂત્રોમાં અસલ મગધદેશની પરિભાષા-રીતિ, ભૂગોલ અને ઇતિહાસ વગેરે સંકળાયેલા છે. દિગંબરલોકો કે જેઓ અનાગમવાદી છે અને જેઓ પોતાના મુખે પોતાના શાસ્ત્રો આચાર્યોની માત્ર કલ્પનાનુંજ ફલ છે એમ કબુલ કરે છે, તેઓના પ્રલાપ પ્રમાણે જૈનસૂત્રો વલ્લભીપુરમાં અંશે પણ બનેલાં નથી. દિગંબરોએ શ્વેતાંબરોના પુસ્તકારૂઢ કરેલા આવશ્યકાદિ સિદ્ધાંતોના અવલંબનથી મૂલાચાર વગેરે ગ્રંથો કર્યા અને આવશ્યકનિર્યુક્તિ આદિના અનુકરણથી પુરાણરૂપે તીર્થંકરોના ચરિત્રો રચ્યાં, પરન્તુ જેમ ચોરી કરનારને વસ્તુની અસલ ઉત્પત્તિનો ખ્યાલ ન હોય તેવી રીતે આ દિગંબરોને અસલ વસ્તુનો ખ્યાલજ રહ્યો નથી, અને તેથી ખુદ મહાવીરમહારાજની વખતે અધમાધમકોટિમાં રહેલ અને આચારમાં જે અધમ ગોશાલો મંખલીપુત્ર હતો તેનું અંશે પણ બ્યાન દિગંબરોએ ભગવાન્ મહાવીરમહારાજના જીવનમાં લીધું નહિ. તોપણ બૌદ્ધના જુના પુસ્તકો અને વર્તમાન ઇતિહાસને પ્રગટ કરનારા શોધકોએ જાહેરમાં આણેલા શિલાલેખોથી સ્પષ્ટ થઇ ચુક્યું છે કે અધમાધમ કોટિવાળો ગોશાલો ભગવાન મહાવીરમહારાજની વખતે એક પ્રતિસ્પર્દ્ધિ તરીકે હતોજ. આ વાતને મેળવનારો મનુષ્ય જો મધ્યસ્થ હોવા સાથે સુજ્ઞ અને વિવેકી હશે તો દિગંબરના ગ્રન્થોને કલ્પિત માનવા સાથે ધિક્કાર્યા સિવાય રહેશે નહિ.

## અનાગમમતવાદીઓને અંગે કંઇક.

મગધાદિકદેશોની સ્થિતિ અને ગંગાદિકનદીઓની સ્થિતિ વિગેરે જેવી રીતે જૈનસૂત્રોમાં જણાવવામાં આવી છે, તેવીજ રીતે બૌદ્ધસૂત્રોમાં પણ જોવામાં આવે છે. એ દેખીને કયો સુજ્ઞમનુષ્ય વર્ત્તમાન જૈનઆગમને જીનેશ્વરમહારાજના વચન તરીકે માનવા તૈયાર ન થાય ? કેટલાક વ્યાવહારિક દાખલા-ઉખાણા-દ્રષ્ટાન્તોનો જૈન અને બૌદ્ધમાં સરખો પ્રવાહ દેખીને પણ ક્યો સુજ્ઞમનુષ્ય વર્ત્તમાન જૈનસૂત્રોને જૈનાગમ તરીકે માનવામાં આનાકાની કરે ? આશ્ચર્યની વાત એ છે કે દિગંબરો પોતાના હાથે પોતાના પૂર્વાચાર્યોની હાંસી કરાવે છે. કારણ કે તેઓ જૈનસૂત્રોનો વ્યુચ્છેદ મનાવીને પોતાના આચાર્યોના કરેલા ગ્રંથોનો પ્રવાહ ચાલ્યો આવ્યો એમ માનવવા તૈયાર થાય છે. તો શું દિગંબરઆચાર્યોએ પોતાના ગ્રન્થો ચલાવવા માટેજ જૈનસૂત્રોનો વ્યુચ્છેદ કર્યો ન ગણાય ? કેમકે જો એમ ન હોય તો દિગંબર આચાર્યો મૂળસૂત્રના હજારો અને લાખો શ્લોકો કંઠસ્થ રાખી જિનાગમનો કેટલોક ભાગ તો જાળવી શકત, વળી જૈનાગમો વ્યુચ્છેદજ થયાં હતાં, એ વાત દિગંબરના કહ્યા પ્રમાણે સાચી હોય તો પછી તેઓના આચાર્યોએ જે શાસ્ત્રો કર્યાં તે કલ્પનાથી ઉભાં કર્યાં એમ કહીએ, પરન્તુ કલ્પના આવારૂપે ન હોઇ શકે એ ચોક્ખું હોવાથી શ્વેતાંબરોએ માનેલા જૈનાગમને અનુસારે નવા ગ્રન્થો કર્યા અને તે જાણે મારવાડીના ચોપડાજ ન હોય એની માફક જીનાગમની તેણે વ્યુચ્છિત્તિ માની. ખરો અર્થ તો એટલોજ છે કે જેમ કોઇ કુલાંગાર પોતાના બાપનું નામ લેતા શરમાય તેવી રીતે આ દિગંબરો જીનેશ્વરમહારાજના વચનની હયાતિ માનતાં શરમાય છે.

## ભગવાન્ દેવર્ધિગણિનો મહિમા.

ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે સિદ્ધાન્તોનું જે પુસ્તકોમાં આરોહણ કર્યું છે, તે એટલું બધું ઉપયોગી છે કે જેથી શેષજ્ઞાનનો વ્યુચ્છેદ પણ તેવું નુકસાન કરી શકયો નથી. ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમા-

શ્રમણે જો સિદ્ધાન્તને પુસ્તકોમાં આરોહણ કર્યું ન હોત તો શુદ્ધમહાવ્રતને પાલનારી આચાર્યપરંપરા, દિગંબરોની માફક પરાવલંબી અને જુઠા ગ્રંથોને સત્યજ કરનારી થાત અને તેથી જૈનશાસન જ્ઞાનથી શૂન્ય બનીને કેવલ અંધકારમયજ રહેત, પરન્તુ કોટાકોટી વખત નમસ્કાર થાઓ તે શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીને કે જેઓના પ્રભાવે મેધા અને સ્મૃતિથી હીન એવા પણ આ હુંડાવસર્પિણીના દુષમકાલમાં જૈનશાસનમાં જ્ઞાનની જ્યોત અંખડપણે પ્રવર્ત્તી રહી છે. દિગંબરોના હિસાબે તો છ મહિનાના છોકરાને ભણવા લાયક જે દશવૈકાલિક અને પ્રકીર્ણ અધ્યયન તરીકે અત્યન્ત સ્તોકપ્રમાણવાળું ઉત્તરાધ્યયન જેવું સૂત્ર ધારણ કરવાને પણ તેમના આચાર્ય શક્તિમાન્ હતા નહિ. કેમકે જો એમ ન હોત તો દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન જેવા નાના નાના આગમો તો જરૂર દિગંબરોમાં સ્થિતિને પામત, પરન્તુ તેઓના કમભાગ્ય કે જેથી મૂલઆગમની વાનગી સુદ્ધાં પણ દિગંબરોમાં રહેવા પામી નહિ. ખરી રીતે તો ક્રોધના માર્યા શિવભૂતિએ નાગા થઈને જગંલમાં નાચવાનું કર્યું, તેથી તેનામાં અને તેની પરંપરામાં સમસ્તસૂત્ર કે સૂત્રનો અંશ પણ રહેવા પામ્યો નહિ. એ સત્ય હકીક્ત સુજ્ઞમનુષ્યોએ સમજવી મુશ્કેલ નથી. ઉપર જણાવ્યા પ્રમાણે જૈનશાસનનો સમગ્ર આધાર શ્રીદેવર્દ્ધિગણિમાશ્રમણે સિદ્ધાન્તોના કરેલા પુસ્તકારોહણ ઉપરજ છે. એટલે જે જે સત્પુરૂષને જૈનશાસનની ભક્તિ હોય, સાચા દેવ-ગુરૂ-ધર્મને ઓળખવા હોય તેઓએ તો પ્રથમ નંબરે જ્ઞાનક્ષેત્ર તરફજ લક્ષ્ય દોરવું અને દોડાવવું જોઈએ. આ વાતને ધ્યાનમાં રાખીશું તો મહારાજાકુમારપાળે, મંત્રીવસ્તુપાલે અને સંગ્રામસોની વિગેરે મહાનુભાવોએ જૈનાગમક્ષેત્રમાં કરોડો રૂપૈયા કેમ ખરચ્યા છે અને અનેક જગોપર જૈનશાસ્ત્રના ભંડારો પરિપૂર્ણ રીતિએ કેમ સ્થાપ્યા છે તેનું મહત્વ સમજાશે.

## દ્રવ્ય શ્રુતનો મહિમા ?

જૈનશાસ્ત્રમાં મુખ્યતરીકે ગણાતા શ્રીભગવતી સૂત્રમાં શ્રુતજ્ઞાન તો શું ? પણ દ્રવ્યશ્રુતને નમસ્કારજ કરવામાં આવ્યો છે, તે પુસ્તકોની મહત્તાને માટે ઘણોજ ઉપયોગી છે. વલી દેવલોકમાં ભગવાન્ શ્રીજીનેશ્વરમહારાજની પ્રતિમાની માફકજ પુસ્તકરત્ન કે જેઓ સ્ફટિકરત્નના પત્રમાં અરિષ્ટરત્નમય અક્ષરવાળાં છે તેનું પ્રક્ષાલન, અને ચન્દન, પુષ્પ વગેરેથી પૂજન કરવામાં આવે છે. અર્થાત્ દેવતાઓને પણ પુસ્તકરૂપી જ્ઞાનક્ષેત્ર અત્યન્ત આદરણીયબુદ્ધિથી જીનપ્રતિમાની માફક જોવાનું હોય છે, વળી ગણધરમહારાજાઓની દીક્ષા વખતે ઈન્દ્ર મહારાજાઓ જે મહોત્સવ કરતા નથી તે મહોત્સવ ગણધરમહારાજાઓને શ્રુતજ્ઞાનની અનુજ્ઞા કરવાની વખતે કરવામાં આવે છે. વજ્રમય થાળમાં સુગંધી ચૂર્ણ લઈને ઈન્દ્રમહારાજાઓ તે શ્રુતજ્ઞાનની અનુજ્ઞા વખતે ભગવાન્ જીનેશ્વરમહારાજની આગળ ઉભા રહે છે તે શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિ, વર્ત્તમાનશાસનમાં પુસ્તક સિવાય હોયજ નહિં, માટે પુસ્તકરૂપી જ્ઞાનક્ષેત્ર ભવ્યજીવોને અત્યન્ત આદરને પાત્ર થાય એમાં નવાઈ નથી ? વળી અનુયોગદ્વારવિગેરે શાસ્ત્રોને કરનારા મહાપુરૂષો પુસ્તક અને પત્રોને સ્થાપતાં શ્રુત તરીકે ઓળખાવીને ભગવાન્ જીનેશ્વરની સ્થાપના જે પ્રતિમા છે તેની માફક અત્યન્ત આદરણીય જણાવે છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ જે नमो तित्थस्स બોલે છે તે પણ પ્રવચન એટલે શ્રુતની મહત્તાને અંગેજ છે. પ્રવચનશબ્દથી શાસ્ત્ર અને લોકોમાં જે ચતુર્વિધ સંઘ ગણવામાં આવે છે, તે પણ માત્ર શ્રુતજ્ઞાનના આધારની અપેક્ષાએજ છે. એવી રીતે શાસ્ત્રોમા પ્રતિપાદન કરેલી હકીક્તને વિચારનારો મનુષ્ય પુસ્તકરૂપી સ્થાપના શ્રુતની મહત્તાને સમજ્યા સિવાય રહે નહિ ?

### સ્થાપના રૂપ શ્રુતજ્ઞાનનો પ્રભાવ

જૈનજનતામાં એ વાત તો જાણીતી છે કે ઉપમિત્તિભવપ્રપંચાકથાના કર્ત્તા શ્રીસિદ્ધર્ષિમહારાજ લલિત વિસ્તરા નામના પુસ્તકરૂપી સ્થાપનાશ્રુતદ્વારાએજ પ્રતિબોધ પામ્યા હતા.

ભગવાન્ શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પછી જો કોઈના પણ આધારે શાસનની પ્રવૃત્તિ થતી હોય તો તે માત્ર પુસ્તકદ્વારાએ થતું શ્રુતજ્ઞાનદ્વારાએજ, તેવીજ રીતે જ્ઞાન સિવાયના બાકીના છએ ક્ષેત્રોની મહત્તા તેને સ્થાપવાની, પોષવાની, વધારવા વિગેરેની રીતિઓ તેમજ તે છ એ ક્ષેત્રોના હેતુ, સ્વરૂપ અને અનુબંધો જણાવવા સાથે આગમિક અને દાષ્ટાન્તિકરૂપે તે છએ ક્ષેત્રોની આરાધનાના ફલોને જણાવનાર જો કોઈપણ હોય તો તે સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકજ છે. એટલે એમ કહીએતો ચાલે કે આખા શાસનનો આધાર અને બાકીના સમસ્તક્ષેત્રોનો આધાર જો કોઈપણ વસ્તુતાએ હોય તો તે માત્ર સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકજ છે. જગત્માં સંસાર તરફ ધસાવનારા અને કર્મસંબંધના પ્રવાહમાં ધક્કેલનારા એવા લૌકિક પંથોનો જો કે પાર નથી, પંરતુ તે બધા અધર્મપ્રધાન અને મિથ્યાશ્રુતોના સંસ્કારનો નાશ કરી અગર તેવા સંસ્કારોથી બચાવી અખંડ આનંદમય મોક્ષ સુખને મેળવી આપનાર અને તે મેળવવાનો ઉપદેશ આપનાર એવા ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્‌ને દેવ તરીકે મનાવવામાં જો કોઈપણ કાર્યકર હોય તો તે સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકજ છે. ઋદ્ધિ, ઘરબાર-કુટુમ્બ-કબીલો-આરંભ-પરિગ્રહ-વિષય-કષાયને છોડીને સર્વવિરતિરૂપી મોક્ષની નીસરણીમાં ચઢવાનો પ્રયાસ કરતાં એવા પંચમહાવ્રતધારી ગુરૂઓને સદ્‌ગુરૂ તરીકે મનાવવામાં જો કોઈનું પણ પ્રબલ સામર્થ્ય હોય તો તે માત્ર સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકનુંજ છે. અહિંસા, સંયમ અને તપ એ ત્રણને ધર્મ તરીકે મનાવી પ્રેમ-વિષય-સમર્પણક વિગેરે અધર્મોથી બચાવનાર જો કોઈપણ હોય તો તે માત્ર સ્થાપના શ્રુતરૂપી પુસ્તકજ છે.

### શ્રુતજ્ઞાનનું સંરક્ષણ કેવી રીતે ?

દરેક યુગમાં જુદા જુદા મનુષ્યો જુદા જુદા રૂપે જૈન કે જૈનેતરો પણ જૈનધર્મને આઘાત કરવાને માટે કટિબદ્ધ થાય છે, પરંતુ તે બધાના સામર્થ્યને નિષ્ફળ બનાવી ધર્મિષ્ઠજીવોના અંતઃકરણમાં દેવ-ગુરૂ અને ધર્મની આરાધના માટે સાચી જ્યોતિ જગાવનાર જો કોઈપણ હોય તો તે માત્ર સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકજ છે, માટે દરેક ધર્મ, ધર્મી કે ધર્મના અધિષ્ઠાતાની આરાધના કરવાને તૈયાર થયેલા ધર્મિષ્ઠોએ સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકને લેખનદ્વારાએ નવાં બનાવવાં. પ્રાચીન લિખિત વગેરે પુસ્તકોને રક્ષિત કરવાં. તથા યોગ્ય વાંચનાર ગીતાર્થમુનિરાજોને સમર્પણ કરવાં, તે માટે પોતાના દ્રવ્યનો ઉપયોગ કરવોજ જોઈએ અને દ્રવ્યનો તેવો જે ઉપયોગ થાય તેજ પાપમય પરિગ્રહ છતાં પણ તેનો સદુપયોગ થયો કહેવાય.

### શ્રુતજ્ઞાનનો અધિકાંશે લાભ કોને ?

(આવી ભાવના યાત્રિકગણના નેતાની હોય છે, અને તેથી તે પુસ્તકોદ્ધારના કાર્ય તરફ પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવા ચૂકતો નથી) જો કે યાત્રિકગણના નેતા થઈને સંઘયાત્રા કરવાને નીકળે તે વખતે સાક્ષાત્ પુસ્તકોના એટલે સ્થાપનાશ્રુતના ઉદ્ધારનું કાર્ય સાક્ષાત્‌પણે એટલા બધા રૂપમાં થતું નથી, પરંતુ દરેક ગામે જ્યાં જ્યાં પુસ્તકોનો લાભ લેવા માટે પાઠશાળાઓ હોય, પુસ્તકાલયો હોય, તેની રક્ષા અગર વૃદ્ધિને માટે જે જે તેના સંચાલકો મદદ માગે છે તે મદદ યાત્રિકગણનો નેતા આપે છે, અને તે દ્વારાએ પુસ્તકોધ્ધારનું કાર્ય સાક્ષાત્ કે પારંપરિકરીતિએ દરેક ગામે તેમના તરફથી થાય

છે અને એવું કાર્ય યાત્રિકગણના નેતા બનીને નીકળેલા મહાપુરૂષને જેવું લાગલાગટ અને આખે રસ્તે કરવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થાયછે, તેવું સદ્દભાગ્ય પોતાને ગામે અને પોતાને સ્થાને રહેલા અધિક મીલ્કતદારને પણ પ્રાપ્ત થવાનો વખત આવતો નથી. એવું દેખનારો અને જાણનારો મનુષ્ય યાત્રિકગણનો નેતા બને, અને સર્વક્ષેત્રના આધારભૂત જ્ઞાનને પોષનારો થાયછે એમ ધારી ધર્મિષ્ઠ વિભવસંપન્ન મહાપુરુષ પોતે યાત્રિકગણનો નેતા થવાનું પસંદ કરે એ સ્વાભાવિકજ છે. આવી રીતે જગો જગો પર આગમાદિક પુસ્તકોનો સંગ્રહ અને યાત્રિક ગણના નેતા બનનારા ભાગ્યશાળીઓની મદદથી થતો રહે અને વૃદ્ધિ પામતો રહે તો અનેકસ્થાને સાચા આગમોનો સંગ્રહ થવાથી નવીન મત કાઢનારા લોંકાશાહ, ઢુંઢીયા અને તેરાપંથી જેવાઓને આગમોરૂપી પુસ્તકોના પાઠો ફેરવી જે તુત ઉભું કરવું હોય તે થઈ શકે નહિ અને તે તેવા કુમત પ્રવર્ત્તાવનારાઓને આપોઆપ જુઠા પડી ખુણામાં ભરાઈ જવું પડે, અને એ પ્રભાવ સ્થાપનાશ્રુતરૂપી પુસ્તકની ભક્તિનોજ ગણાય. માટે જૈનશાસનમાં પણ મિથ્યાત્વનો પ્રચાર ન થવા દેવો, અને મિથ્યાત્વને ઉત્પન્ન ન થવા દેવું, તેને માટે પણ સ્થાન સ્થાન ઉપર આગમાદિક પુસ્તકોનો સંગ્રહ અને તેના અભ્યાસીઓને ઉભા કરવાની જરૂર છે. જો કે યાત્રિકગણનો નેતા બનનારો એમ પણ સમજે છે કે સ્થાન સ્થાન ઉપર પેટને પોષવા માટે લેવાતી વ્યવહારિક કેળવણીની સંસ્થાઓને પણ પોષણ કરવાની પ્રાર્થના થતાં તેના પોષણ માટે પણ યત્કિંચિત્ ઉદારતા કરવી પડશે, પરન્તુ તે ધર્મક્ષેત્ર નથી, પાપક્ષેત્ર છે છતાં પણ વ્યવહારિકરીતિએ ઉચિતતાની ખાતર તેને પણ પોષણ આપવું પડશે.

## જ્ઞાનદાન કયું ?

ધર્મક્ષેત્ર તરીકે તે જ્ઞાનદાન તરીકે જો કોઈપણ ગણાય તો તે માત્ર સંસારથી ઉદ્ધારને માટે જીવાદિક તત્વોને જાણવાની અભિલાષાવાળાઓને જીવાદિતત્વોનું જ્ઞાન કરાવવું અને તેના સાધનો આપવાં તેજ જ્ઞાનદાન કહી શકાય. જેને માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રમહારાજ લખે છે કે:-

ज्ञानं धर्मानभिज्ञेभ्यो, वाचनादेशनादिना ।

ज्ञानसाधनदानं च, ज्ञानदानं तदुच्यते ॥१॥

અર્થાત્ ધર્મને નહિ જાણનારોઓને ધર્મ પ્રધાન શાસ્ત્રો વંચાવવા ને કહેવાદ્વારાએ જે જ્ઞાન કરાવાય અને તેવાઓને જે જ્ઞાનના સાધનરૂપ પુસ્તકો વગેરે દેવાય તેજ જ્ઞાનદાન કહી શકાય. જો કે આ મારા કથનથી. જેઓ પેટપોષણને માટે વ્યવહારિકકેળવણીની સંસ્થાઓ ચલાવવા છતાં તેમાં પૈસા ઉઘરાવતાં જ્ઞાનદાન અને સાધાર્મિકવાત્સલ્ય જેવા શબ્દો વાપરી પોતાના આત્માને અને દાનવીરોને છેતરે છે, તેઓને અપ્રીતિ થવાનો સંભવ છે. પરંતુ સત્ય સ્વરૂપના કથન અને ચિંતનાદિકને અંગે થતું અન્યનું દુઃખ શાસ્ત્રકારો કોઈપણરીતે પાપના હેતુ તરીકે જણાવતા નથી, માટે આ બાબતમાં હું મારા આત્માને તદ્દન નિર્દોષ માની શકું છું, એમ યાત્રિક ગણનો નેતા પોતાના આત્મામાં સમજી શકે તેમાં નવાઈ નથી.

## જ્ઞાનદાનનું અનન્ય કારણ કયું ?

ઉપર જણાવેલી જ્ઞાનક્ષેત્રની પુષ્ટિ અદ્વિતીય છતાં પણ તે સ્વયંપુષ્ટ નથી, પરન્તુ તેની પુષ્ટિનો મૂલ હેતુ વિચારીએ તો તે માત્ર જીનકથિતપણુંજ છે. આગમની જે ગહનતા જૈનશાસનથી વ્યાપેલી છે અને જૈનજનતામાં જાણીતી થયેલી છે તેનો હેતુ બીજો કોઈ નથી, પરન્તુ માત્ર તેના પ્રણેતા ત્રિલોકનાથ તીર્થંકરભગવાન છે! અને તેથીજ તે આગમાદિકનું મહત્વ આટલું બધું છે. (અપૂર્ણ)

(અનુસંધાન પેજ નં. ૨૪૧)

(ટાઈટલ પા. ૪ થી ચાલુ)

પરભવનું આયુષ્ય બંધાય. જો તે વખતે ન બંધાયું હોય તો તે ત્રીજા ભાગના પણ ત્રીજે ભાગે યાવત્ તે ત્રીજા છેલ્લા ભાગના પણ ત્રીજે ભાગે આયુષ્ય બંધની પરંપરા શાસ્ત્રકારોએ જણાવી છે. આ વિભાગની ગોઠવણ કેટલી બધી વ્યાપક હશે કે જેથી કાલના મોટા વિભાગો સમત્રિભાગવાળા જ હોય છે. ઘડીની મિનિટ ચોવીસ તો આઠ તરી ચોવીશ, અહોરાત્રની ઘડી સાઠ તો વીસ તરી સાઈઠ, મહીનાના દિવસ ત્રીસ તો દાએ તરીએ ત્રીસ, વર્ષના મહિના બાર તો ચારતરી બાર, આવી રીતે કાલના મૂલભેદોમાં સમત્રિભાગપણું હોવાથી યુગ સો હજાર લાખ વગેરેમાં પણ સમત્રિભાગવાળું આવે તે સ્વાભાવિક જ છે, યાવત્ ચોરાશીલાખ વર્ષોથી પૂર્વાંગ ગણવામાં આવે છે તેમાં પણ સમત્રિપણું જ છે. આ ઉપરથી આયુષ્યના બંધનું વર્ત્તમાનભવના ત્રીજા ભાગે થવાપણું અને કાલના માપનું સમત્રિ ભાગપણું ધ્યાનમાં રાખીએ તો બીજ-પાંચમ-આઠમ વગેરે ત્રિભાગે રાખવામાં આવેલી તિથિઓની આરાધના કેટલી બધી ઉપયોગી છે એ સમજવું ધર્મિષ્ઠોને માટે ઘણું જ સહેલું છે.

જગત્ના સ્વભાવે પણ આઠમ-ચઉદશ-પુનમ અને અમાવાસ્યાએ લવણસમુદ્રના જલની વૃદ્ધિ જણાવતાં તે દિવસોમાં પરાવર્ત્તન ઉપર વિશેષ ધ્યાન અપાયું છે, માટે આઠમ ચઉદશ વગેરે તિથિઓ કેટલી અને કેવી ઉપયોગી છે તે જગત્માં સમુદ્રના સ્વભાવને જાણનારાઓ પણ સમજી શકશે.

ધ્યાનમાં રાખવું કે મેળવેલ સાતાવેદનીય આદિ પુણ્યપ્રકૃતિઓની મોક્ષમાર્ગની સાધના માટે સફલતા મનુષ્યપણાઆદિ ચતુરંગીની પ્રાપ્તિમાં જ છે અને તે માટે સમત્રિભાગવાળી તિથિઓને આરાધવાની દરેક ભવ્યોની ફરજ છે.

## આયુષ્યના બંધનો સમય

## અને

## સમાનત્રિભાગે કાલ ગણત્રી

જૈનજનતામાં અગર જૈનેતરવિભાગમાં પણ એ વાત તો જાણીતી છે કે ભવિષ્યની જીંદગી માટે આયુષ્ય વિગેરે જોઈતી સામગ્રી વર્તમાન જન્મમાં જ તૈયાર થાય છે. જો કે તે સામગ્રીની તૈયારી છદ્મસ્થજીવોની દૃષ્ટિએ અગમ્ય હોય છે અને તેથી કયા સમયે કયા વખતે તે સામગ્રી તૈયાર થાય છે તે તેને માલમ પડતું નથી. પરન્તુ એટલું તો ચોક્કસ માલમ પડે છે કે ભવિષ્યની જીંદગીને માટેની આયુષ્ય વગેરેની સામગ્રી વર્ત્તમાનભવમાં જ તૈયાર કરવાની હોય છે. આવી સ્થિતિ હોવાને લીધે જ અઈમુત્તામુનિજીને 'નથી જાણતો તે જાણું છું' એમ કહેવું પડયું છે. અર્થાત્ જેમ પરભવ થવાનો છે એમ જાણ્યા છતાં પરભવનાં સાધનો નથી જાણતાં તેમ પરભવને માટે આયુષ્ય વગેરેની તૈયારીઓ આ ભવમાં થાય છે. તેમ જાણ્યા છતાં તે તૈયારી કયે સમયે થાય છે એ જાણવાને માટે સમસ્ત આસ્તિકવાદીઓ તૈયાર હોય તો પણ તેમાં નાસીપાસ જ થાય છે. અને એ વાત તો ચોકખી છે કે આ ભવમાં ધર્મિષ્ઠ મનુષ્યોએ સાધવા ધારેલું મોક્ષરૂપ સાધ્ય સિદ્ધ ન થાય તોપણ આવતા ભવે સિદ્ધ કરવાની ચાહના રહેજ અને તે ચાહના જો અનુકુલ ભવના સંયોગો હોય તોજ પુરી થાય, માટે દરેક ધર્મિષ્ઠે આવતા ભવની સુંદરતાને માટે સુંદર આયુષ્ય બાંધવાનો સમય જાણવામાં ન આવે તેથી ધર્મિષ્ઠોને પણ મુંઝવણ રહે, માટે શાસ્ત્રકારોએ આયુષ્યના બંધને માટે એ નિયમ સ્પષ્ટપણે જણાવ્યો છે કે સમગ્ર આયુષ્યના ત્રીજા ભાગે

(જુઓ ટાઈટલ પા. ૩ જું)

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥

વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { મહા વદ અમાસ
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૧૦-૧૧ { ફાગણ સુદ પૂર્ણિમા

માર્ચ ૧૯૩૮

તંત્રી

પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

(ટાઈટલ પાનું ૩ અનુસંધાન)

એવા રાજા મહારાજાઓને પણ હથિયારો છોડી દેવાં પડતાં હતાં, છતાં તે સમવસરણના ત્રણે ગઢના સર્વદ્વારોએ રહેતા દ્વારપાલદેવતાઓ તો હથિયારથી સજ્જ જ રહેતા હતા, તેમ તીર્થના રક્ષણ અને નિર્વાહને માટે રહેતા નોકરોનું બ્હાનું જો કોઈપણ જૈન લેવા ધારે તો જૈનનામની અધમતાનો પાર કહેવાય નહિં. આ સ્થાને એક વાત સાંભળી તેની ખેદ સાથે નોંધ લેવી પડે છે.

શ્રી સિદ્ધાચલગિરિથી નજીકમાં રહેતા મ્હોટા શહેરના કેટલાક શ્રાવકો ગિરિરાજ ઉપર રામપોલની બહાર તો શું ? પણ સુગાલશાની પોલની અંદર પણ ચાહ કરાવીને ત્યાંના નોકરો દ્વારાએ પીએ છે, ઈચ્છીએ છીએ કે આ વાત જુઠી નીકળે, છતાં જો તે સાચું જ હોય તો શ્રીગિરિરાજના ઈન્સ્પેક્ટરે અને ટ્રસ્ટીઓએ તો તે શહેરના કહેવાતા શ્રાવકોની શરમ ન રાખતાં સખ્તમાં સખ્ત બંદોબસ્ત કરી દેવો જોઈએ કે જેથી પુનઃ આવી પ્રવૃત્તિ થવા ન પામે.

શ્રી સિદ્ધાચલ ગિરિરાજને ભેટવા અત્રે આવતા ભાવિક યાત્રિકો કેટલીક વખતે દયાના નામે અજાણપણે ભયંકર આશાતનાઓ ઉભી કરે છે, અગર તેને ઉત્તેજન આપે છે. ભાવિક યાત્રાળુઓએ ધ્યાન રાખવાની જરૂર છે કે તમોને અનુકંપાદાન દેવાનો કોઈ નિષેધ કરતું નથી. પરન્તુ આ ગિરિરાજ ઉપર જે અનુકંપાદાનની પ્રવૃત્તિ કરવામાં આવે છે તેનું પરિણામ એ આવે છે કે શ્રી ગિરિરાજ ઉપર જ કોઈ વાઘરી વિગેરે લોકો તમારા દાનમાં દેવાતા પૈસાઓ લેવા માટે આવીને બેસે છે. અને શિકારો પણ કરે છે, ત્યાંજ ઝાડો તથા પેશાબ પણ કરે છે. બધી ઘોર હત્યાઓ અને આશાતનાઓનું જો કંઈપણ કારણ હોય તો તે માત્ર તમો ગિરિરાજ ઉપર જ અનુકંપાએ પૈસા આપો છો એજ છે. આ વાત જો ભાવિકયાત્રિકોના સમજવામાં આ તો માનવાને કારણ નથી કે તેઓ પોતાના પરસેવાથી મેળવેલા પૈસાનો વ્યય કરી ગિરિરાજની ભયંકર આશાતના કરવાના મહાપાપમાં પડવાનું પસંદ કરે.

## ડુંગર શબ્દ કહેનારાઓને !

યાત્રિકોએ યાદ રાખવું કે શ્રીસિદ્ધાચલજીને શાસ્ત્રને માનનારાઓ તો ગિરિરાજ જ કહે છે પણ તે ગિરિરાજને સમજણ વિના ડુંગર શબ્દ કહેનારા તો ભગવાન્‌ની પ્રતિમાઓને પત્થર કહેનારા ડુંગાના ભાઈઓ જેવાં કાં ન ગણાય ? માટે ભૂલેચૂકે પણ ગિરિરાજને માટે ડુંગર શબ્દ વાપરવો તો યોગ્ય જ નહિં. મન, વચન અને કાયાની શુદ્ધિ સાથે થતું ધર્માનુષ્ઠાન મહાફલને દેનાર છે એ વાત શાસ્ત્ર માનનારાઓમાં જાહેર છે.

અન્તમાં ભાવિકયાત્રિકોને અંગે એટલી જ સૂચના કરવી બસ છે કે તમો આ પવિત્ર ગિરિરાજની પવિત્રતમ છાયામાં આશાતનાથી બચી, દિન પ્રતિદિન ભક્તિમાં તીવ્ર ને તીવ્ર રસ વહેવડાવવાળા થાઓ કે જેથી આ ભવ અને પરભવમાં માંગલિકમાલા પામીને મોક્ષ સુખને મેળવવા નજીકમાં ભાગ્યશાળી બનો.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તિથિ-ક્ષય-વૃદ્ધિ-પ્રદીપ (ગતાંકથી ચાલુ)

## લેખાંક ૨
## પૂર્વતરઅપર્વતિથિ ક્ષય પ્રકાશ:

नत्वा वीरं चतुर्भेदसंघं द्वितीयपर्वणः।

क्षये क्षयः पूर्वतरतिथ्या युक्ततयोच्यते॥१॥

**દ્વિતીય પર્વના ક્ષયે પૂર્વતર અપર્વતિથિનો ક્ષય.**

સામાન્ય પર્વતિથિના ક્ષયે પ્હેલાની અપર્વતિથિને પર્વતિથિ બનાવી તે અપર્વતિથિનો ક્ષય કરવો એ હકીકત આગલના લેખથી સાબીત થઈ છે. છતાં પર્વ અને અપર્વને ભેળા માનનારાઓ વ્યવહારપ્રવૃત્તિમાં પર્વને પ્રાધાન્યતા આપે છે. એટલે એક પર્વતિથિના ક્ષયની વખતે માત્ર કથન અને લેખન સિવાય બીજો વિરોધ નથી આવતો, પણ જ્યારે પુનમ અમાવાસ્યા જેવી ચઉદશની પર્વતિથિની પછી આવતી બીજી પર્વતિથિના ક્ષયની વખતે ભેળસેળ માનનારાઓ ચઉદશ પુનમ કે ચઉદશ અમાવાસ્યા ભેળી માને છે અને क्षये पूर्वा०ના વાક્યાર્થ અને ભાવાર્થને સમજનારો વર્ગ પર્વતિથિઓની પૌષધાદિ ક્રિયા નિયમિતતિથિયે હોવીજ જોઈયે, અને એ આરાધનાની દિન સાથે નિયમિતતા છે. એટલે બેવડાય નહિં તેમ ઉડે પણ નહિં તે માટે ચઉદશનો ક્ષય ન કરતાં તેનાથી પણ પ્હેલાની અપર્વતિથિ જે તેરશ છે તેનો ક્ષય કરે છે. એટલે જ્યારે ટીપનામાં સોમવારે તેરશ, મંગલવારે ચઉદશ અને બુધવારે એકમ હોય ત્યારે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા સોમવારે ચઉદશ અને મંગલવારે પુનમ અથવા અમાવાસ્યા કરતા આવ્યા છે અને કરે છે. પણ નવીનપંથીઓ તે વખતે એકપર્વનો લોપ કરી બન્ને તિથિનાં પૌષધશીલઆદિ ન બને તોપણ તે બે પર્વને ભેળાં માનનારા થઈ સોમવારે તેરશ, મંગલવારે ચઉદશ તથા પુનમ કે અમાવાસ્યા માની લે છે. અને એવીરીતે તેઓ એક પર્વતિથિને લોપનારા અને ભેળસેળવાદી બને છે. આવો ભેદ પડવાનું કારણ એટલુંજ કે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ તો પર્વનો ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાની અપર્વતિથિનો ક્ષય કરવાનું માને છે, સ્વભાવથી ચઉદશનો ક્ષય હોય ત્યારે પણ તે ચઉદશના ક્ષયની વખત તેરશનો ક્ષય કરાય તો પછી પુનમ અમાવાસ્યાના ક્ષયને લીધે ચઉદશનો ક્ષય કરવાનો પ્રસંગ આવી જાય તેથી ચઉદશનો ક્ષય કરાયજ કેમ? માટે જેમ પુનમ અમાવાસ્યાને અખંડ રાખવા ચઉદશનો ક્ષય કરવો પડે, તેમ ચઉદશ પણ પર્વતિથિ હોવાથી તેનો પણ ક્ષય ન કરાય અને તેથી તેનાથી પ્હેલાની તેરશનોજ ક્ષય કરવો પડે. એટલે શાસ્ત્ર અને પરંપરાને માનનારાઓ પુનમ અમાવાસ્યાના ક્ષયે તેનાથી પૂર્વતર એવી તેરશનો ક્ષય કરે છે.

**ઉદયની વાત આગળ ધરનારાઓની ચાલબાજી**

પરન્તુ શાસ્ત્ર અને પરંપરાને ઉત્થાપનારા उदयंमि जा तिही सा पमाण० એ ગાથા જે પૂજાકાલ અને પડિક્કમણાકાલની તિથિ માનનારાઓને

આજ્ઞાભંગાદિ દોષો જણાવનારી છે તેને વગર સમજે વલગે છે. અને સોમવારે તેરશનો ઉદય છે એને ચઉદશ તરીકે મનાય કે? અને મંગળવારે ચઉદશનો ઉદય છે, છતાં તેને ચઉદશ ન માનતાં પુનમ અમાવાસ્યા તરીકે માનવાનું બને કેમ? અર્થાત્ તેરસે ચઉદશનો ઉદય ન હોય ત્યારે ચઉદશ માનવી અને ચઉદશનો ઉદય હોય ત્યારે ચઉદશ ન માનતાં વગર ઉદયની પુનમ કે અમાવસ્યા માનવી એ બને નહિં, માટે તે બન્ને ભેળા માનવાં.

આવી રીતે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનાઓને તો પુનમ અમાવાસ્યાના ક્ષયે સોમવારે ચઉદશ અને મંગલવારે પુનમ કે અમાવાસ્યા કરવાનું થાય છે. ત્યારે નવીનોને સોમવારે તેરશ અને મંગલવારે ચઉદશની સાથે પુનમ કે અમાવાસ્યા કરવી પડે છે. આ સ્થલે વિચારકોને માટે પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય કરવાના પાઠોવાળી જે 'શાસ્ત્રીય પુરાવા'ની ચોપડી છાપી છે તેમાંથી પાઠ નંબર એકથી દસ અને પરિશિષ્ટ ૧-૨ના લેખો જોવા માટે ભલામણ કરવી સારી છે.

## ઉપા. શ્રીદેવવાચકજીનો પુનમની ક્ષયવૃદ્ધિએ તેરશની ક્ષયવૃદ્ધિનો સચોટ પુરાવો.

તે બધા લેખો શ્રીદેવવાચક ઉપાધ્યાય અને તેમના શિષ્ય જશવિજયજી વગેરેના છે! તેમાં ગાથા અને સંસ્કૃતગદ્યપાઠોના ચોક્ખા શબ્દો છે કે પુનમ અમાવાસ્યા ક્ષયે તેરશનો ક્ષય કરાય. ૧૮૭૧નો મુનિરાજશ્રી દીપવિજયજીનો તથા બીજા પુષ્પિકાનાં ત્થા ટીપ્પણનાં લખાણો પણ સ્પષ્ટપણે જણાવે છે કે તપાગચ્છ અને દેવસૂરવાળાઓ પુનમઅમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષયજ કરે છે.

એટલું તો ચોક્કસ છે કે ભેળસેળવાદીપણું અને બે પર્વ પણ ભેળાં કરી લેવાં, એવી માન્યતા તે નવીનોએ જાહેર કરી ત્યારે અને હમણાં સુધીમાં પણ આ સાહિત્ય બહાર પડ્યું ન્હોતું. અને તેથી તે નવીનોને તે મત કહાડવાનો વખત આવ્યો એમ માનીએ પરન્તુ જગત્માં સ્વાભાવિક બને છે તેમ પકડાયા પછી છુટતું નથી પણ એક જુઠાને બચાવવા અનેક વખત જુઠું બોલવું પડે છે, તેવી રીતે તે પરંપરાથી વેગળા થયેલા નવીનોને પણ તેવું બન્યું છે. અને તે એ છે કે હવે શાસ્ત્રના પુરાવા બહાર પડ્યા છતાં ન માનવા માટે આડાં અવળાં ફાંફાં મારવાં પડે છે એકલા તિથિનો નિર્ણય કરવાવાળા ગ્રન્થો ઉપરથી અને પુનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવાના પ્રસંગથીજ માત્ર પુનમ અને અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે તેનાથી પૂર્વતર એવી તેરશનો ક્ષય કરવાનું છે, એમ નહિં, પરન્તુ શ્રીહીરપ્રશ્ન જેવા સ્વતંત્ર ગ્રંથમાં પણ પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરવાનું સ્પષ્ટપણે સૂચવ્યું છે. શ્રી હીરપ્રશ્નમાં પુનમના ક્ષયે તેનું તપ (આરાધનાની ક્રિયા) ક્યારે કરવું? આવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. તેના ઉત્તરમાં સ્પષ્ટપણે જણાવે છે કે पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः, त्रयोदश्यां विस्मृतौ प्रतिपद्यपीति અર્થાત્ પુનમનો ક્ષય હોય

તો તે પુનમનું તપ (આરાધનક્રિયા) તેરશ ચઉદશે કરવી અને તેરશે કરતાં ભૂલી જવાય તો પડવે પણ કરવી. આ ઉત્તર ઉપરથી નીચેની વાતો પણ નક્કી થાય છે.

૧ સર્વમહિનાની સર્વપુનમો આરાધવા યોગ્ય છે (બુધવારીયાઓ કે જેઓ અણસૂરગચ્છવાળા કોઈકના લેખથી શાસ્ત્ર અને પરંપરા વિરૂદ્ધ થઈને પર્વોનો ક્ષય માનવા ભરમાયા છે. તેમાં તો ચોમાસાસિવાયની પુનમોને માનવાનો નિષેધ છે. વળી તત્ત્વ૦ ના જુઠા અનુવાદકે यद्यप्यागमे એ વાક્યમાં નકાર હતો નહિ, જોઈયે નહિં તથા તે વાક્ય અને પ્રકરણને અનુકૂલ પણ નથી. છતાં નિષેધને માટે તે લગાડી દીધો છે અને સંગત માન્યો છે, તે તેઓની અજ્ઞાનતા જણાવવા સાથે અભિનિવેશને જણાવે છે.)

૨ જો કે અહિં ઉત્તરમાં સાક્ષાત્ રીતે તપશબ્દ વાપર્યો છે. પણ અહિં તપશબ્દ, બધી આરાધનાને સૂચવનાર છે. જો એમ ન માનીયે તો यदा पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते આવા આજ પ્રશ્નોત્તરના અંગભૂત વાક્યથી પંચમીની આરાધનામાં પણ એકલો તપજ માનવો પડશે, પરન્તુ પાંચમ અને પુનમ બન્નેને અંગે તપશબ્દ પૌષધઆદિ સકલ ક્રિયાને જ જણાવનાર છે. મૂલસૂત્રોમાં પણ चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासीणीसु णं पडिपुण्णं पोसहं આવાં સ્પષ્ટ વાક્યો સર્વપૂર્ણિમા અને અમાવાસ્યાને પૌષધથી આરાધવા માટે છે, વળી શ્રીશ્રાદ્ધદિનકૃત્યમાં छण्हं तिहीण मज्झंमि का तिही આ વાક્યથી દરેક મહિનાની અજવાળી અંધારી આઠમ ચઉદશ અને પુનમ અમાવાસ્યા, આ છ તિથિયો આરાધવા લાયક સ્પષ્ટપણે જણાવી છે: શ્રીકુલમંડસૂરિજીની સામાચારીની ગાથા આષાઢી ચોમાસી આદિની પુનમો માટે છે તે ઈતર પુનમો અને અમાવાસ્યાદિ માટે સૂચનારૂપ છે, કેમકે પુનમો ચોમાસીની ત્રણ લે તોપણ અમાવાસ્યા અને બાકીની પુનમો માટે જુદું વિધાન દેખાડનારી ગાથા નથી.

૩ પુનમની તિથિ ક્ષય થવાથી તેની આરાધના ઉડી જાય નહિં, એટલે આરાધનાની અપેક્ષાએ જૈનશાસ્ત્રોમાં પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ કરાય નહિં એ આદેશ નક્કી થયો.

૪ પુનમના ક્ષયે તેની આરાધના ચઉદશે માનીને બે પર્વતિથિયોને ભેળવી દે એ શાસ્ત્રથી વિરૂદ્ધ છે! અને તેથીજ અહિં પાંચમના ક્ષયની વખતે તેનો તપ પૂર્વની તિથિ ચોથમાં કરવાનો કહ્યો છે, તેની સાથે પુનમના ક્ષયે તેનો તપ જો ચઉદશમાં કરવો હોત તો પાંચમ અને પુનમનો એકજ ઉત્તર દેત કે તેનો તપ તેની પ્હેલાની તિથિમાં કરવો. પરન્તુ જુદોજ ઉત્તર દીધો. તેથી સ્પષ્ટ જણાવ્યું કે સામાન્ય પાંચમના ક્ષયે ચોથનો ક્ષય કરી તે ચોથને પાંચમ માની તે દિવસે ક્ષીણ પાંચમનો તપ કરવો, પરન્તુ

પુનમે તપ કરનાર તો પુનમના ક્ષયે પુનમનો તપ ચઉદશમાં ચઉદશ પર્વ હોવાથી કરી શકેજ નહિં.

૫. એ વાત પણ આ પ્રશ્નોત્તર વાંચનારને સ્પષ્ટપણે માલુમ પડશે કે પુનમના ક્ષયની વખતે પુનમની પ્હેલાં ચઉદસ પર્વતિથિ હોવાથી ક્ષીણ પુનમનો તપ કરવા માટે પૂર્વસ્યાં એમ કહી પુનમની પ્હેલાની તિથિ જે ચઉદશ તેમાં ક્ષીણ પુનમનું તપ કરવાનું કહ્યું નથી તેમ ભાદરવા સુદ પાંચમના ક્ષયની વખતે તેનાથી પહેલાં ભાદરવા સુદ ચોથની તિથિ સંવચ્છરીની તિથિ હોવાથી ભાદરવા સુદ પાંચમના ક્ષયે જ્ઞાનપંચમીની આરાધનાવાળાથી તે આરાધના ચોથને દિવસે (ભેળી) થઈ શકેજ નહિ. (અર્થાત્ પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરી તેરશે ચઉદશ અને ચઉદશે પુનમ અમાવાસ્યા થાય છે, તેમ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરી ત્રીજે ચોથ કરી સંવચ્છરી કરી ચોથને દિવસે પાંચમની આરાધના કરાય.)

૬. કેટલાક બુધવારીયાઓ પુનમના ક્ષયે તે પુનમનું તપ તેરશે કરવાનું જણાવે છે તો પ્રથમ તો જો એ વાત, શ્રી હીરસૂરિજીને ઈષ્ટ હોત તો સીધું કહી દેત કે ક્ષીણ પુનમનું તપ ત્રયોદશ્યાં એટલે તેરશે કરવું, પણ એમ નથી કહ્યું. તેથી પુનમના ક્ષયે પુનમનું તપ તેરશે કરવું એ વાત શ્રી હીરસૂરજિને મંજુર ન્હોતી. વળી ક્ષીણ પુનમનું તપ તેરશે કરે, એમ કહેનારે તેરશનો ક્ષય કરીને શું તેરશે પુનમ માની? તેરસને દિવસે શું પુનમનો સૂર્યોદય છે ? ભોગવટો છે ? કે સમાપ્તિ છે? કહેવું પડશે કે તમારાં માનેલાં ત્રણ કારણોમાંથી એક્કેય નથી. યાદ રાખવું કે આ સ્થાને ભોગવટો કે સમાપ્તિને આગલ કરવાનું કે શુદ્ધતપાગચ્છની પરંપરાને અને શ્રીઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષને ન માનનારા માટે છે. કેમકે જો એમ ન માને અને શાસ્ત્રાનુસારિ તપગચ્છવાળાઓ જો પરંપરા સિવાય એકલા એ હેતુઓ (વાદીને જીતવાનો હેતુ) ઉપર આધાર રાખે તો બીજઆદિના ક્ષયની વખતે પડવા આદિનો ઉદય, ભોગ અને સમાપ્તિ એ ત્રણે વસ્તુઓ રહેલી છે છતાં તે પડવા આદિને દિવસે ક્ષીણ બીજઆદિ જ કહેવાં પરન્તુ પડવો આદિ છે એમ કહેવુંજ નહિ, એ શાસ્ત્ર અને પરંપરા સિદ્ધ હકીકત મનાશે નહિ. વળી સમાપ્તિ અને ભોગવટાને હેતુ તરીકે લેનારાઓએ ધ્યાનમાં રાખવું કે એ હેતુઓ શ્રી ધર્મસાગરજીએ સ્વોપજ્ઞપણે રચેલ તત્વતરંગિણીમાંજ છે, માટે તે તત્ત્વતરંગિણીને ગુરૂવાર પક્ષ તો એક માન્ય ગ્રંથ ગણે છે જ, પણ બુધવારીયાઓ તો આગમાદિક કરતાં અધિક આધારભૂત તરીકે માને છે ! અને તેથી એ ગ્રન્થને આધારે વગર સમજે શંકા કરવી તે કરતાં પોતાના સિદ્ધાંતને નિર્મૂલ જણાવી દે તેજ સારૂં છે.

૭. પર્વતિથિના ઉદય, ભોગ કે સમાપ્તિ લેવાય તો પણ તેરશને દિવસે તો પુનમનો ઉદય નથી, ભોગ નથી અને સમાપ્તિ પણ નથી તો પછી તેરશે પુનમના પૌષધાદિનો સંબંધ શો? ટીપ્પનાથી

દેખીયે તો ચઉદશને દિવસે પુનમનો ભોગ અને સમાપ્તિ પુનમના ક્ષયની વખતે હોય છે અને શ્રીતત્ત્વતરંગિણીકાર પણ चतुर्दश्यां वास्तव्येव स्थितिः એમ સ્પષ્ટપણે જણાવી ચઉદશે પુનમ ખરી રીતે છે એમ જણાવે છે.

૮. વળી ભોગ છે કે સમાપ્તિ છે, એમ ઈતર તિથિયો માટે જે શબ્દો કહે છે તે ન કહેતાં તેમજ स्थितिः કે स्थिता જેવું પદ ન કહેતાં वास्तव्येव स्थितिः એમ તત્વતરંગિણીકાર જે લખે છે તેજ સૂચવે છે કે ચઉદશને દિવસે ચઉદશનો ઉદય ભોગ અને સમાપ્તિ ત્રણે છતાં પણ જેમ પડવાદિમાં તે ત્રણે હોવા છતાં બીજઆદિનો ક્ષય હોય ત્યારે બીજઆદિની સ્થિતિજ વાસ્તવિક મનાય છે, તેમ પુનમનો ક્ષય હોય ત્યારે તેની વાસ્તવિક સ્થિતિ ઉદયવાળી ચઉદશેજ છે. અર્થાત્ તે દિવસે ચઉદશની સ્થિતિ તો અવાસ્તવિક છે. એટલે ચોખ્ખું થયું કે પુનમનો ક્ષય ત્યારે તેરશને દિવસેજ ચઉદશની વાસ્તવિક સ્થિતિ છે. આ વસ્તુ વિચારનાર મનુષ્ય સહેજે સમજી શકે એમ છે કે મહોપાધ્યાયજીનાં વચન શ્રીહીરસૂરિજીને મળતાંજ છે.

૯ વળી કેટલાક નવીનો પુનમના ક્ષયે પુનમથી પ્હેલાની ચૌદશ તિથિ હોવાથી એમ જણાવે છે કે ચઉદશમાં પુનમ ભેળવી દેવી, અર્થાત્ એકજ પૌષધાદિનિયમથી બન્ને તિથિની આરાધના ગણી લેવી. એવું કહેનારા જંબૂકસ્વભાવ ધારણ કરી આજ્ઞાની દુવાઈથી તે પુનમના પૌષધાદિનિયમના થતા નાશને બચાવે છે, પણ તે અહિંશ્રી હીરસૂરિજીના વાક્ય આગળ બચી શકે તેમ નથી. જો શ્રીહીરસૂરિમહારાજને આજના ભેળસેળીયા કે પર્વલોપકનો માર્ગ પસંદ કરવો હોત તો સ્પષ્ટ કહી દેત કે चतुर्दश्यां અથવા चतुर्दश्याराधनेन सरति પરન્તુ આવું કંઈ ન કહેતાં સીધું त्रयोदशीचतुर्दश्योः એમ કહી સ્પષ્ટ કહી દીધું કે તેરશે ચઉદશ કરવી અને ચઉદશે પુનમ કરી પુનમનો તપ કરવો.

૧૦ કેટલાક નવીનો પર્વને લોપવાની દાનત નથી એમ દેખાડવા એમ જણાવે છે કે પુનમનો તપ કરનાર જે હોય તે પક્ખી-ચઉદશનો તપ કરતોજ હોય માટે त्रयोदशी चतुर्दश्योः એવો ઉત્તર આપ્યો છે. જો કે આ વાત પણ વાસ્તવિક નથી. કારણ કે અહિં ચઉદશ અને પુનમ બન્નેના તપનો પ્રશ્ન નથી, છતાં એ નવીનોના કહેવા પ્રમાણે પણ એજ થયું કે ચઉદશનો તપ તેરશે કરવો અને પુનમનો તપ ચઉદશે કરવો, અને જો તેરશે ચઉદશ માની તો તે વગર ઉદયનીજ છે ! અને ઉદયવાળી ચઉદશે ચઉદશ ન કરતાં પુનમ કરવાની છે તો આપોઆપ તેરશ નજ ગણાઈ, અને ઉદયાત ચઉદશ પણ નજ મનાઈ.

૧૧ પ્રશ્નકારે માત્ર પુનમના તપનોજ પ્રશ્ન કરેલ છે અને ઓળીયોમાં, શ્રીસિદ્ધાચલજીમાં અને પખવાડીયાતપમાં એકલો પુનમનો તપજ ઘણા મ્હોટા ભાગને હોયજ છે. માટે પુનમના તપવાળો પક્ખીનો તપ કરતોજ હોય એવું નવીનોનું કથન ફક્ત તૂતજ છે.

૧૨ વળી ચઉદશ પુનમના બન્ને તપને અંગે ઉત્તર હોત તો त्रयोदश्यां विस्मृतौ એમ કહી એકલી તેરશનું વિસ્મરણ ન જણાવત.

૧૩ વળી त्रयोदश्यां विस्मृतौ કહીને ઠેઠ प्रतिपद्यपि એમ જણાવી તે તપને પડવે લઈ જાત નહિં. યાદ રાખવું કે તેરશના વિસ્મરણમાં પણ એકવચન છે અને પડવે કરવાનું કહે છે. તેમાં પણ એકજ વચન કહે છે. આ ઉપરથી ચઉદશ અને પુનમ બન્નેના તપનો પ્રશ્ન છે અથવા બન્નેના તપનો ઉત્તર છે એમ કહેનારા જુઠા અને કદાગ્રહી ઠરે છે.

૧૪ વળી એક વાત એ પણ ધ્યાનમાં લેવાની છે કે તેરશે ભૂલે તો પણ ચઉદશે તો તે ક્ષીણપુનમનું તપ કરવાનું કહેતાજ નથી. એટલે એ ઉપરથી એ નક્કીજ થાય છે કે ચઉદશની ભેળી પુનમની આરાધના થાય નહિં ! અર્થાત્ આથી આજ્ઞાની દુવાઈ ફેરવીને પૌષધાદિના નિયમોને લોપનારાઓને તો જંબુકોની પેઠે સંતાવું જ પડે.

૧૫ તેરશના વિસ્મરણે પડવે કરવું એમ કહેવાથી ચઉદશ પુનમ ભેળાં માનનારા ભેળસેળીયાઓને પણ શ્રીહીરસૂરિજીએ જુઠા જણાવી દીધા છે. કેમકે તેરશે ભૂલી જાય તો પણ પુનમનું તપ ચઉદશે લાવવા કહેતા નથી ! તો પછી વગર ભૂલે સ્વભાવે તો પુનમના તપને ચઉદશે લવાયજ કેમ? અથવા ચઉદશમાં ભેળવાયજ કેમ? આ ઉપરથી ચઉદશ પુનમ ભેળાં કરવાનું કે ચઉદશની આરાધનાથી પુનમની આરાધના ગણાઈ જાય છે અને પુનમની આરાધના આજ્ઞાને નામે ઓળવવા માટે પ્રપંચ, જંબુક થવાય એ એક્કે પાલવે તેમ નથી.

આ બધા લખાણને વિચારનારો સ્પષ્ટપણે સમજી શકશે કે શ્રીહીરસૂરિજીના લેખથી પણ શ્રીદેવવાચકજીઆદિના લેખોની માફક પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરવો એજ સાબીત થાય છે. અને તેજ પ્રમાણે ભાદરવા સુદ પાંચમની તિથિ તે સંવચ્છરીથી આગલની પર્વતિથિ છે માટે તે પાંચમના ક્ષયે પણ ભાદરવા સુદ ત્રીજનો ક્ષયજ કરવો જોઈયે, અને એ નિર્ણય ત્યારેજ આવે કે क्षये पूर्वा० ના વાક્યમાં એ નક્કી ધ્યેય તરીકે રહે કે પર્વતિથિની આરાધનાં અવિચલ અને નિયમિત રહે માટે પર્વતિથિનો ક્ષય થઈ ગયો હોય તો પ્હેલાની તિથિને (ઉડાડીને) પણ તેને પર્વતિથિ બનાવવી અને તેજ કારણથી જો ક્ષય પામનારી પર્વતિથિની પ્હેલાં પણ જો પર્વતિથિજ આવતી હોય તો તેનો પણ પલટો પર્વ હોવાથી નજ થાય અને એવા પ્રસંગે તેનાથી પણ પ્હેલાની અપર્વતિથિને (ઉડાડીને) પ્રથમ પર્વતિથિ બનાવવી અને પ્રથમ પર્વતિથિને બીજી પર્વતિથિ તરીકે બનાવવી. અર્થાત્ पूर्वा ને સાચવવાજ ઉપલક્ષણથી पूर्वतरा પણ લેવીજ યોગ્ય છે.

૧ કેટલાક તરફથી કહેવાય છે કે 'ભાદરવા સુદ પાંચમ સામાન્ય તિથિ છે માટે તેની વૃદ્ધિ કે હાનિને અંગે સંવચ્છરી જેવી તિથિને ફેરવવી તે વ્યાજબી નથી.' આવું કહેવાવાળાએ સમજવું જોઈએ કે સર્વકાલમાં પુનમ અને અમાવાસ્યા એ સામાન્યતિથિયો છે અને ચઉદશનો દિવસ પક્ખીનો

હોવાથી હંમેશા તે ચઉદશની પક્ખી પુનમ કરતાં વધારે મ્હોટી છેજ, છતાં પુનમના ક્ષયની વખતે તેજ પક્ખીની ચઉદશને શ્રી હીરસૂરિજી મહારાજ તેરશે લાવવાનું સ્પષ્ટપણે જણાવે છે. વળી ભાદરવા સુદ ચોથના ક્ષયે પાંચમે સંવત્સરી માનવી અનિષ્ટ છે. એ તત્ત્વ૦નુ લખાણ પણ ચોથનું પર્વપણું જણાવવા સાથેજ પાંચમનું પણ પર્વપણુંજ જણાવે છે. આથી પણ પર્વરૂપ પાંચમના ક્ષયે તે ચોથના દિને પાંચમ, અને ત્રીજના દિને ચોથ લાવ્યા સિવાય છૂટકો જ નહિં હોવાથી પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષયજ સિદ્ધ થાય છે.

૨ શ્રીકાલકાચાર્ય મહારાજ પછીથી તો ચઉમાસી પણ આષાઢ આદિની ચઉદશનીજ હોય છે, તેથી તે અષાઢ આદિ પુનમની સામાન્ય તિથિ ગણાય, અને તેવી સામાન્ય આષાઢ આદિ પુનમના ક્ષયે ચઉમાસી ચઉદશ જેવી વિશેષ તિથિ પણ પલટાવવાનું સૂચવી પુનમનો ક્ષય હોય ત્યારે તેરશે ચઉમાસી ચઉદશ અને ચઉદશચઉમાસીએ પુનમ કરવી એ ચોક્ખુંજ છે. તો પછી મ્હોટી ન્હાની તિથિની કલ્પના ઉઠાવી તેના જોરે પાંચમ કે પુનમ જેવી પર્વતિથિને લોપવા તૈયાર થવું તે કદાપિ આસન્ન ભવ્યોથી બનેજ નહિં.

૩ જેમ ચઉદશનો ક્ષય હોય ત્યારે તેરશને (ઉડાડીને) ચઉદશ બનાવી પક્ખી અને ચઉમાસી કરવામાં અડચણ નથી, તેમ તેનાથી આગલ રહેલી એવી પુનમના ક્ષયને પ્રસંગે ચઉદશ જે પ્હેલાની છે, તે અપર્વતિથિ નથી માટે ઉડાડાય નહિં, માટે તેને તેરશે ગોઠવવી પડે, એ ચોક્કસજ છે. ક્ષીણપુનમે જ્યારે ચઉદશને ખસેડી ત્યારે ચઉદશ તેરશને ખસેડે તે સ્વાભાવિકજ છે. વળી તેરશને તેવી વખતે તેરશ કહે તે મૂર્ખ શિરોમણિ છે, એમ તત્ત્વતરંગિણીકાર સ્પષ્ટપણે જ્યારે જણાવે છે, ત્યારે તે ન્યાયે સ્પષ્ટ થાય છે કે પુનમના ક્ષયે ચઉદશને ચઉદશ કહેનારો પણ મૂર્ખશિરોમણિજ બને ! તેથી ચઉદશ કે પુનમના ક્ષયે તેરશને ચઉદશ ગણી તે દિવસે જ પક્ખી અને ચઉમાસી કરવી એ ન્યાયયુક્ત છે.

૪ જેમ પુનમને અંગે ચઉદશ પક્ખીની છે કે ચઉમાસીની છે એ વિચારવાનું હોતું નથી, અને પુનમ જેવી સામાન્ય પર્વતિથિઓનો ક્ષય હોવાથી પક્ખી, ચઉમાસીને પલટાવવાની પરંપરા છે અને તે શાસ્ત્રાનુસારિણીજ છે, તેમ ભાદરવા સુદ પાંચમની પર્વતિથિને અંગે સંવચ્છરી પલટાવવી અને ત્રીજનો ક્ષય કે ત્રીજની વૃદ્ધિ કરી બન્ને પર્વતિથિયોની ક્રમસર આરાધના કરવી એ શાસ્ત્રાનુસારિણી અને પ્રાચીન પરંપરાનુગતજ છે. મ્હોટી તિથિ અને ન્હાની તિથિપણાની કલ્પના ઉત્તરપટ્ટો અને પડલા એ બેમાંથી એકને રાખવાની યથાછંદોની કલ્પના જેવી છે.

૫ સુજ્ઞવાચકોને માલમજ છે કે જ્યારે પુનમની ચોમાસી હતી ત્યારે ચઉમાસીની અઠ્ઠાઈયો આઠમથી બેસતી હતી અને તે અઠ્ઠાઈયોનો છેલ્લો

દિવસ પુનમનો રહેતો, અને છેલ્લા પુનમના દિવસની અપેક્ષાએ આઠ દિવસ ગણીને અટ્ઠાઈ શરૂ થતી હતી પરન્તુ શ્રી કાલકાચાર્ય મહારાજ પછી જ્યારથી ચઉમાસી ચઉદશની કરવામાં આવી ત્યારથી તે ચઉમાસી ચઉદશને છેલ્લો દિવસ રાખી આઠ દિવસ પ્હેલેથી એટલે સાતમથી અટ્ઠાઈ બેસાડાય છે. જો તેમાં કોઈ તિથિની વૃદ્ધિ હોય છે તો આઠમથી પણ અટ્ઠાઈ આરંભાય છે અને જો તે અરસામાં કોઈ તિથિ ઘટી હોય છે તો તે અટ્ઠાઈનો આરંભ છઠથી પણ થાય છે. અર્થાત્ ચઉમાસી ચઉદશના દિવસને આઠમો દિવસ રાખી વચમાં કોઈપણ તિથિની વૃદ્ધિ હાનિ હોય તો તે પ્રમાણે અટ્ઠાઈ બેસાડાય છે. પરન્તુ આષાઢીઆદિ પુનમોની ચોમાસી પલટાઈ ગઈ છે, અને તે પુનમો ચોમાસી તરીકે ગણાતી નથી અને ગણાય પણ નહિં! છતાં તે પુનમોનું પર્વપણું તો ગયેલુંજ નથી ! વળી તે તે આષાઢીઆદિ પુનમોને ચોમાસીની અટ્ઠાઈથી બ્હાર ગણ્યા છતાં પણ પર્વતિથિપણે આરાધવી એમ તો સ્પષ્ટપણે પૂર્વાચાર્યોએ જણાવેલ છે, અને તે પ્રમાણે પુનમોને પર્વતિથિપણે માનવાની પરંપરા પણ છે, અને એજ કારણથી અટ્ઠાઈની બ્હાર રહેલી એવી પણ પુનમની પર્વતિથિના ક્ષયને અંગે તેરશનો ક્ષય થવાથી આખી અઠાઈ ફરે છે. અને તેમજ પુનમની પર્વતિથિની વૃદ્ધિને અંગે તેરશની વૃદ્ધિ થવાથી આખી અટ્ઠાઈ ફરે છે, અને તે શાસ્ત્રાનુસારેજ છે.

૬ પુનમના ક્ષયે તેની આરાધના ચઉદશની ભેળી આવી જાય એમ માનનારાઓને પ્રથમ તો શાસ્ત્રીય રીવાજ પ્રમાણે આષાઢ શુદ પુનમનો દરેક યુગને અંતે ક્ષય નિયમિત હોવાથી જરૂર સાત દિવસનીજ અટ્ઠાઈ માનવી પડશે.

૭ ચૈત્ર અને આસોમાસની ઓળીયોમાં પુનમને છેલ્લો દિવસ રાખી અટ્ઠાઈયો બેસાડવાની હોય છે. તેમાં પણ પુનમનો ક્ષય હોય અને તે વખતે ચઉદશની અંદર પુનમ સમાય એમ મનાય અથવા ચઉદશની આરાધનાથી પુનમની આરાધના થઈ જાય એમ મનાય તો તેઓ ઓળીના નવ દિવસો રાખી શકેજ નહિ. કારણકે ચારિત્ર અને તપપદ જે ચઉદશ અને પુનમે એમ બે દિવસે આરાધવાનાં છે તે બન્ને એકૂકે દિવસે આરાધાઈ જશે. અને તેથી પર્વનો ક્ષય માનનાર કે બે પર્વોને ભેળાં માનનારાઓને આઠ દિવસની ઓળી માનવીજ પડશે. નવ દિવસનો નિયમ તેઓનેજ રહે છે કે જે બે પર્વોની કે દિવસોની આરાધના ભેળી ન માને.

૮ જેવી રીતે ચોમાસીની અટ્ઠાઈયો ચઉદશને છેલ્લો દિવસ રાખીને તેનાથી પ્હેલાના આઠ દિવસથી એટલે કોઈ વૃદ્ધિ હાનિ હોય તો પણ આઠમા દિવસે જ બેસાડાય છે તેમ પર્યુષણાની અટ્ઠાઈ પણ (ભાદરવા સુદ ચોથની સંવચ્છરી હોવાથી) તે સંવચ્છરીની ચોથને છેલ્લા દિવસ તરીકે રાખીનેજ કોઈપણ તિથિની વૃદ્ધિ હાનિ હોય છતાં આઠ દિવસ પ્હેલેથી બેસાડાય છે. પરન્તુ જેમ અટ્ઠાઈની બ્હાર રહેલી એવી પુનમ પર્વતિથિ છે,

છતાં તે પુનમો પર્વતિથિ તરીકે છે. માટે તેની વૃદ્ધિ કે હાનિએ તેરસની વૃદ્ધિ કે હાનિ થવાથી ચોમાસીની અઠ્ઠાઈને બેસાડવામાં ફરક પડે છે, તેવીરીતે ભાદરવા સુદ પાંચમની સંવચ્છરી પલટાયાથી તે ચોમાસી પુનમની માફક પાંચમ સંવચ્છરી તરીકે ન રહી, તો પણ તે પાંચમ પર્વતિથિપણામાંથી નીકળી ગઈ નથી, માટે તે પાંચમની વૃદ્ધિ કે હાનિ થવાથી પર્યુષણાની અઠ્ઠાઈના આરંભને પણ ફેરવવોજ પડે.

૯ જેમ પુનમ કરતાં પક્ખી અને ચોમાસી મ્હોટી હોવા છતાં સામાન્ય એવી પુનમની વૃદ્ધિએ કે હાનિએ પક્ખી અથવા ચઉમાસી ચઉદશ જેવી વિશેષ તિથિ (બારમાસની ચોવીશ કે બારમાસની ત્રણ) પલટે છે, તો પછી પજુસણની અઠ્ઠાઈથી બ્હાર રહેલી છતાં ભાદરવા સુદ પાંચમ એ પર્વતિથિ હોવાથી તેની હાનિ કે વૃદ્ધિ હોય તો પજુસણની અઠ્ઠાઈના દિવસોમાં અને સંવચ્છરીની તિથિમાં ફેરફાર થાય એ શાસ્ત્રસિદ્ધજ છે.

૧૦ કેટલાકનું કહેવું એમ થાય છે કે પુનમનો ક્ષય હોય અથવા વૃદ્ધિ હોય તો પણ ચઉદશ અને પુનમનો છઠ કરવાનો હોવાથી તેરશનો ક્ષય કરી તેરશે ચઉદશ અને ચઉદશે પૂનમ કરીને અથવા પુનમની વૃદ્ધિ હોય તો ચઉદશે તેરશ કરી પ્હેલી પુનમે ચઉદશ કરી બીજી પુનમે પુનમ ગણી છઠ્ઠ કરાય, એટલે છઠ્ઠને માટે ચઉદશ પુનમ ભેળાં કરાય નહિં અને ચઉદશ પછી જ પુનમ માનવી પડે, અને તેથી તેરશની વૃદ્ધિ કરવી પડે, પરન્તુ ભાદરવા સુદ પાંચમને અંગે તેવું કંઈ નહિ હોવાથી સંવચ્છરી તો ભાદરવા સુદ ચોથની નિયમિત રાખીયે ! આવું કથન પ્રથમ તો અર્ધજરતીય ન્યાયવાળું છે. કેમકે પુનમની પર્વતિથિ છે તેની તો હાનિ વૃદ્ધિ ન માનવી, અને ભાદરવા સુદ પાંચમની હાનિવૃદ્ધિ માનવી. વળી જેઓ ચઉદશ પુનમના છઠ્ઠની વાત કરે છે તેઓ કરનારની ઈચ્છાવાળા છઠ્ઠની વાત કરે તો તે જુદી જ છે. કરનારની ઈચ્છાના છઠ્ઠમાં તો કલ્યાણકમાં જેમ આગલની કલ્યાણક તિથિનો ક્ષય હોય છે તો પ્હેલે દિવસેજ તે ત્રુટેલી તિથિના કલ્યાણકનો તપ ભેળવીને છઠ્ઠનાં પચ્ચક્ખાણ કરે છે અને તે છઠ્ઠની પૂર્તિ આગલના દિવસને લઈને કરે, એમ ઈચ્છાથી છઠ્ઠ કરનાર માટે તે પુનમની વૃદ્ધિહાનિએ તેરશની વૃદ્ધિ હાનિ બેસાડવી, પણ પર્વતિથિની હાનિએ તેનાથી પ્હેલાના અપર્વની હાનિને ન બેસાડવી એ કેવલ બુધવારીયાપણાના કદાગ્રહનેજ જણાવે છે. શાસ્ત્રની અપેક્ષાએ વિચારીયે તો પક્ખીની ચઉદશનો ઉપવાસ જ નિયમિત છે, અર્થાત્ પક્ખીનો તપ ઉપવાસનો જ છે, પણ છઠ્ઠનો નથી. તેથી બધે ચઉદશ પુનમના છઠ્ઠની વાત વ્યર્થ થાય છે. વળી ચઉમાસીની અપેક્ષાએ છઠ્ઠની તપસ્યાનો નિયમ છે એમ કહે તો એ વાત ખરી છે, પરન્તુ તે ચોમાસીનો છઠ્ઠ ચઉમાસી ચઉદશને દિવસે છેલ્લો દિવસ આવે તેમ કરવાનો હોવાથી શાસ્ત્રકારો તેરશ ચઉદશનોજ ચઉમાસી છઠ્ઠ કરવો એમ સ્પષ્ટપણે જણાવે છે. એટલે ચઉમાસીના છઠ્ઠને નામે પણ તેરશની વૃદ્ધિ

હાનિને પુનમની વૃદ્ધિ હાનિના સ્થાને લગાડી શકાશેજ નહિં! અર્થાત્ પુનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરશની ક્ષય વૃદ્ધિ પર્વયુગલના લીધે છે પણ છઠ્ઠને લીધે નથી એમ છતાં પણ પુનમના તપના અભિગ્રહવાળો હોય અને પક્ખી, ચોમાસીએ છઠ્ઠ કરે તો તેને ચોમાસી કે પક્ખીનો દિવસ પ્હેલો રાખવો પડે છે. અર્થાત્ એવા અભિગ્રહવાળો તેરશનો પ્હેલો અને ચઉદશનો બીજો દિવસ ધારી છઠ્ઠ નથી કરતો, પરન્તુ ચઉદશને દિવસેજ છઠ્ઠનું પચ્ચક્ખાણ કરી લે છે અને બીજા દિવસ તરીકે પુનમને રાખે છે. એટલે છઠનો તપ પુનમ લઈનેજ પૂરો કરે છે, આવી રીતે પૂર્ણિમાના અભિગ્રહવાળો હોય, પૂનમનો ક્ષય હોય છઠ્ઠનો અભિગ્રહ એ વાત ન સમજે, અને તેથી શ્રીહીરસૂરિજીએ કહેલ त्रयोदशीचतुर्दश्योः એ દ્વિવચનથી કહેલ પુનમના ક્ષયે તેરશે ચઉદશ અને ચઉદશે પુનમ કરવાના અર્થને પણ ન સમજે અને તેથી મહોપાધ્યાયજીના વચનને ઉલટુ ગોઠવી પુનમનો ક્ષય માનીને પર્વભક્ષક બને અથવા ચઉદશ પુનમને ભેળાં કરી ભેળસેળીયા બને તેને શું કહેવું? વળી એકબીજી વાત પણ તે બુધવારીયાના ટીપનાને અંગે વિચારવા જેવી છે, અને તે એકે જ્યારે ટીપનામાં બીજઆદિનો ક્ષય હોય ત્યારે તેઓ જે,પડવાબીજ આદિ ભેળાં કરે છે, તેમાં તેઓના મતે પડવાઆદિ ભેળાં કરે છે, તિથિયો તો કિંમત વિનાની છે પણ જે ભળેલીતિથિ બીજઆદિ છે તેનીજ આરાધ્યતા અને કિંમત છે ! તો એ પ્રમાણે જ્યારે પુનમનો ક્ષય હોય ત્યારે તેઓ ચઉદશ પુનમ ભેળાં લખે અને બોલે એ સ્વાભાવિકજ છે. અને એમ ચઉદશપુનમને ભેળાં બોલવાનો એજ અર્થ થયો કે ચઉદશ તો પડવાઆદિ તિથિ જેવી અનારાધ્ય થાય અને પુનમજ આરાધ્ય થાય એટલે બુધવારીયાઓને તે દિવસે ઉપવાસ તો પુનમની આરાધનાનોજ થાય! અને તે દિને જે પક્ખી કરાય તે પણ પુનમનીજ થાય, એટલે કોઈ પણ શાસ્ત્રકારે નહીં કહેલા પુનમીયાપક્ખીના મતમાં બુધવારીયાઓ સહેજે જ જઈ પડે. વળી શ્રીકાલિકાચાર્ય મહારાજાદિએ ચોમાસી પર્વ ચઉદશે આચર્યુ છે, તે પણ આ બુધવારીયાઓ જ્યારે પક્ખી પુનમે કરે, અને ચઉદશને સામાન્ય પડવાઆદિ જેવી તિથિ બનાવે અને તે ચઉમાસીની પુનમનેજ ચઉમાસી તરીકે આરાધ્ય બનાવે, એટલે શ્રી કાલકાચાર્ય મહારાજ આદિના વચનને લોપનારા થાય ! અસ્તુ એ બધા કરતાં પણ સંવચ્છરી માટે તો તેમની વિચિત્ર સ્થિતિ થાય છે ! કારણકે તે બુધવારીયાઓને હવેથી ભાદરવા સુદ પાંચમનો ક્ષય માનવો છે. જો કે અત્યાર સુધી કોઈપણ પર્વતિથિનો તો કોઈ ખરતર આદિએ પણ ક્ષય માન્યો નથી ! અને બુધવારીયાઓ તરફથી ઘણું લખવામાં આવ્યું છે છતાં એક પણ પુરાવો પર્વતિથિનો આરાધનામાં ક્ષય માનવો એવું સિદ્ધ કરવા આપી શકાયો નથી, આગળના યુગના તેમના મહાપુરૂષોએ તો પાંચમનો ક્ષય માનવો પડે માટે કોઈનો સપ્રમાણ વિરોધ છતાં પણ કંઈ સદીયોથી મનાતા જોધપુરી પંચાંગને માનવું છોડી દઈને, અને સાચી પરંપરાથી દૂર થઈને પણ બીજા

ટીપનાને નામે ભાદરવા સુદ છઠનો ક્ષય જાહેર કર્યો હતો !!! પરન્તુ તેમના પૂર્વપુરૂષોની ગપ્પ મારવાની પરંપરા સાબીત કરતાં ન હોય તેમ પ્રાચીનાચાર્યની રીતિ પર્વતિથિનો ક્ષય નહિં કરવાની, અને પર્વતિથિના ક્ષયના પ્રસંગે બીજાં ટીપનાં માનીને પણ પર્વતિથિના ક્ષયથી દૂર ખસવાની પદ્ધતિને પણ છોડી દઈને આ બુધવારીયાઓ તો પર્વતિથિનો પણ ક્ષય માનવા તૈયાર થયા છે એતો જુલમજ છે ! આથીજ તેઓ ભાદરવા સુદ પાંચમનો ક્ષય માનીને ચોથ પાંચમ ભેળાં એમજ બોલશે અને લખશે એમ થવાનું એજ કારણ સ્પષ્ટ છે. બીજઆદિ યાવત્ પુનમના ક્ષયે પડવો બીજ અને ચઉદશ પુનમ ભેળાં છે એમ કહે છે અને લખે પણ છે ! અને તેથી ભાદરવા સુદ પાંચમના ક્ષયે તેઓ ચોથ પાંચમ ભેળાં એમજ લખેને ? હવે જ્યારે ભાદરવા સુદ ચોથ પાંચમ ભેળાં લખે એટલે ચોથ તો પડવાઆદિ સમાન સામાન્ય તિથિજ ગણાઈ, અને આરાધના યોગ્ય તો પાંચમજ ગણાઈ, એટલે અહિં પણ એ સ્પષ્ટ થયું કે આ બુધવારીયાઓ શ્રી કાલકાચાર્યની આચરણાને ઉડાવનારા થયા !!

વળી પંચમીની વખતે જેમ પંચમીથી એક પ્હોર પણ ઓલંઘે તો મિથ્યાત્વી થાય, તો શ્રી કાલકાચાર્યની આચરણા માનનારાઓને ચોથથી પછી એક પ્હોર પણ ઓલંઘે તો મિથ્યાત્વી બનવું જ પડે. હવે પાંચમના ક્ષયને દિવસે વધારેમાં વધારે પ્હોર બે પ્હોર ચોથ હોય અને બાકીની વખતે પાંચમ હોય તો ચોથ પાંચમને ભેળાં માનનારા સાંજે સંવચ્છરી પ્રતિક્રમણ કરે એટલે ચોથને વીતી ગયાને બે ત્રણ પ્હોર થઈ ગયા માટે ચોથ પાંચમ ભેળાં માનનારાઓએ પણ સંવચ્છરી તો સાંઝેજ કરી ! તો પછી જે દોષ કાલિકાચાર્યમહારાજે છઠની સંવચ્છરી કરવામાં જણાવ્યો હતો તેજ દોષ પ્હેલે વર્ષે ચોથ કરી બીજે વર્ષે ચોથ પાંચમ ભેળાં માની પાંચમે સંવચ્છરી કરનારને જરૂર જરૂર લાગે ને લાગેજ ! માટે સુજ્ઞ અને શ્રદ્ધાલુ મનુષ્યોને તો ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજ જે પૂર્વતર તિથિ છે તેનો ક્ષય કરીને ત્રીજે ચોથ અને ચોથે પાંચમ માનીને ચોથને દિવસેજ સંવચ્છરી કરવી એજ વ્યાજબી છે. અને એમ કરવાથી જ શ્રી કાલકાચાર્યની મહારાજની આજ્ઞામાં રહેનારા તથા મિથ્યાત્વથી બચનારા થવા સાથે પર્વતિથિ જે ભાદરવા સુદ પાંચ શાસ્ત્ર સિદ્ધ છે તેના પણ લોપકપણાથી બચાશે. વળી આવીજ રીતે પાંચમ માટે ચોથ તો મ્હોટી તિથિ હોવાથી તે ખસેડવી નહિં. એવું કહેનારાઓએ પોતાને માટે શ્રી કાલકાચાર્યની આચરણાનું ઉત્થાપકપણું, મિથ્યાત્વ અને પર્વલોકપણું જરૂર માનવું પડશે. મ્હોટી નાની તિથિ કરનારાઓ આસો-ચૈત્રની પુનમ જે છ માસી છે, તથા કાર્ત્તિકી પુનમ વાર્ષિક છે, તેના ક્ષયની વખતે ઉદયવાળી ચઉદશને પડવાઆદિ જેવી સામાન્ય તિથિ બનાવશે કે કેમ ? વળી ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ક્ષયે પૂર્વા૦ નું વિધાન પર્વતિથિ માત્રની હાનિ વૃદ્ધિથી બચવા માટે છે;

તેમાં મ્હોટી ન્હાની તિથિની કલ્પના કરનારા વાચકજીના વિરોધીજ હોય.

યાદ રાખવું જરૂરી છે કે ચઉદશના ક્ષયે જેમ તેરશને તેરશ તો કહેવાની જ શાસ્ત્રકારોએ સ્પષ્ટ મનાઈ કરી છે છતાં આ બુધવારીયયાઓને તો તે તેરશને બોલવી પણ નહિ એવી શ્રી તત્વતરંગિણીની વાતને પણ માનવી નથી. કારણકે તેરશના નામનો સંભવ નથી પણ ચઉદશજ ગણાય છે, અને તે દિવસે તેરશ ગણે તે મૂર્ખ શિરોમણિ છે ! એ લખાણને પણ જો માને તો બુધવારીયાઓને દરેક પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિ લખાય કે બોલાય તેમ છેજ નહિં. એટલે તો ભેળસેળિયાપણું પણ છોડવું જ પડે !!! તેથી તો એ ક્ષયના આગ્રહથી જકડાયેલા બુધવારીયાઓના આગેવાન એ તત્વતરંગિણીને પણ અપ્રમાણિક ઠરાવવામાં પોતાનો પ્હેલો નંબર નોંધાવેલ છે. તેરશનો ક્ષય નહિં માનતાં શાસ્ત્ર અને પરમાર્થથી યુક્તિ વિરુદ્ધ જઈને તેરશ ચઉદશને ભેળાં માનનારા તેઓ તે દિવસના સૂર્યોદયથીજ ચઉદશ માની આરાધના માટે પૌષધાદિ કરવાનું કહે છે એજ હિસાબે પણ ભાદરવા સુદ ચોથ પાંચમને ભેળાં માનનારાઓને પાંચમ તો સવારથીજ માનવી પડશે અને તેથી ચોથની આચરણાવાળા શ્રી કાલિકાચાર્યના વચનથી વિરૂદ્ધ થવા સાથે આગ્રહથી જાણી જોઈને શ્રી સંઘે વિરોધ કર્યા છતાં પણ પાંચમે સંવચ્છરી કરનારા થઈ તેઓજ આભિનિવેશિક મિથ્યાત્વી બનશે. માટે કોઈપણ સુજ્ઞ અને શ્રદ્ધાલુએ શક્તિ હોય તો સર્વ પ્રયત્ને એ ઝેરી સ્થિતિ રોકવા જેવી જ છે. જો પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય જે શાસ્ત્ર અને પરંપરાથી સિદ્ધ છે છતાં તે માનવામાં ન આવે અને જે આનન્દસૂરગચ્છવાળાઓ મૂલ પણ આજ્ઞાને નહિ પકડતાં (ભૂલી જવાય તો પડવે પણ પુનમનું તપ કરવું, એમ ભૂલી જતાં અપિશબ્દથી કહેલી વાતને પકડતાં) ડાલ છોડીને પાંદડાં પકડવા જેવું કરે છે, તે પણ નહિં માનતાં એટલે કે નવા ઉત્પાથકોએ તો પુનમના ક્ષયે તેરશનો કે પડવાનો પણ ક્ષય નહિ માનતાં ચઉદશ પુનમ એકઠાં કરવાનો જે પંથ ચલાવ્યો છે તેઓએ આ આગલ જણાવાય છે તે પ્હેલે નંબરે વિચારવા જેવું છે. જૈનશાસ્ત્રના જ્યોતિષના હિસાબે શ્રાવણ વદ એકમથી યુગ અને વર્ષોની શરૂઆત થાય છે. તેમાં વ્યવહારમાં માત્ર કર્મમાસજ આવે છે કારણકે નિરંશ છે. એ કર્મમાસ સિવાયના નક્ષત્ર, ચંદ્ર, સૌર અને અભિવર્દ્ધિત એ ચારે પ્રકારના મહિનાઓ સાંશ એટલ અપૂર્ણાંકવાળા છે સૂર્ય સિવાયના વર્ષો પણ સાંશ હોય છે, એટલે સ્પષ્ટ થયું કે કર્મમાસ અને કર્મવર્ષથીજ વ્યવહાર અનુકૂલતા થાય. એમ છતાં ધર્મારાધનામાં बीया पंचमी-વિગેરે छण्हं तिहीण मज्झंमि વગેરે અને चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु तथा संवच्छरचाउम्मासिय० આદિ આગમના વાક્યોથી પર્વારાધનનો વ્યવહાર, તિથિ સાથ જોડાએલો છે એટલે કર્મ માસને તે તે તિથિને ઉત્પન્ન કરનાર જે ચંદ્ર, છે તેના સાંશ માસ સાથે મેળવવો જ પડે. જો કે યુગના અન્ત્યમાં તો બધી

જાતના માસો અને બધી જાતનાં વર્ષોને સરખાં કરવાં પડે છે, પણ તેમાં નક્ષત્રાદિ વર્ષોમાં મહિના અને સૂર્યવર્ષમાં અહોરાત્ર વધારેલા હોવાથી સરખાં કરાય છે. પરંતુ તેમાંથી કોઈપણ માસ કે કોઈપણ વર્ષનો વ્યવહાર સાથે સંબંધ નથી પરન્તુ ઉપર જણાવ્યા પ્રમાણે ચંદ્રમાસની તિથિયોની અપેક્ષાએ અને કર્મમાસનો પક્ષ ચઉમાસી તથા સંવચ્છરીની અપેક્ષાએ સંબંધ છે. તેથી શાસ્ત્રકારોએ પર્વારાધનાદિની નિયમિતતા માટે ચંદ્રમાસ અને કર્મમાસને સરખાવવાની જરૂર ગણી, તેમાં કર્મમાસ તો બરોબર ત્રીશ દિવસનો છે, પણ ચંદ્રમાસ ૨૯$^{૩૨}/_{૬૨}$નો છે. એટલે ચંદ્રના બે મહિના થાય ત્યારે ૫૯$^{૨}/_{૬૨}$ દિવસ થાય, અને કર્મમાસનો એકસઠમો દિવસ થાય, ત્યારે ચંદ્રમાસનાં ૬૦$^{૧}/_{૬૨}$ દિવસ થાય. આ આ કારણથી એકસઠમે દિવસે બાસઠમી તિથિ ૬૧/૬૨ની મળી જાય ત્યારે બાસઠમે દિવસે ત્રેસઠમી તિથિ શરૂ થાય. આ સ્થાને શાસ્ત્રકાર મહારાજા એક સઠમી તિથિમાત્ર $^{૧}/_{૬૨}$ જેટલી રહી તેથી તેને અવમરાત્ર એટલે ઓછામાં ઓછી તિથિ તરીકે જણાવે છે. એટલે જૈનશાસ્ત્રના હિસાબે અઠ્ઠાવન પલથી ઓછી તિથિ હોયજ નહિ. તે એકસઠમે દિવસે પડવાની અંદરજ ૫૯ ઘડી અને બે પલ જેટલી બીજની તિથિ સમાઈ ગઈ તેથી તે બીજની તિથિનો ક્ષય જૈનજ્યોતિષમાં મનાયો, એટલે ત્રીજને દિવસે કર્મમાસનો બાસઠમો દિવસ થયો અને ચંદ્રમાસની ત્રેસઠમી તિથિ તેની સાથે શરૂ થઈ. આવી રીતે દરેક એકસઠમે દિવસે બનવાથી ચંદ્રમાસમાં અવમરાત્ર યાને ક્ષીણરાત્ર છ છ માનવામાં આવ્યા છે. આ કારણથી જૈન-જ્યોતિષને હિસાબે તિથિયોની હાનિ થાય છે એ ચોક્કસ છે. અને આસો વદ બીજ આદિના અનુક્રમે વદની બેકી તિથિયો અને પછી એકી એમ નિયમિત આંતરે અને એકાંતરે તિથિયોનો ક્ષય આવે છે એ હિસાબે દરેક યુગના મધ્યમાં પોષ સુદ ૧૫નો ક્ષય હોય અને યુગના અંત્યમાં અષાઢ સુદ પુનમનો ક્ષય હોય એ નિશ્ચિત છે તો પછી જેઓ પુનમ અમાવાસ્યાના ક્ષયે શાસ્ત્ર અને શ્રીદેવસૂરવાળાઓની પરંપરા મુજબ તેરસનો ક્ષય નહિં કરે, તેમજ શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ આનન્દ સૂરિગચ્છીયો પડવાનો ક્ષય કરે છે, તે બેમાંથી એક્કે પણ નહિં કરતાં ચઉદશ પુનમ ભેળાં માનશે તેઓ પક્ખી અને ચઉમાસી પડિક્કમણા તે વખતે શી રીતે માનશે? શાસ્ત્રમાં ચોમાસીની, આઠ પક્ખી અને વર્ષની ચોવીસ પક્ખાણ એવો પાઠ તો સ્થાને સ્થાને છે, પરન્તુ સાત કે તેવીસ પક્ખીનો પાઠ તો કોઈ જગો પર નથી. છતાં આ ભેળસેળ માનનારાઓને તે વખતે સાત અને તેવીસ પક્ખી માનવી પડશે. વળી તે દિવસે ચઉદશ અને પુનમ ભેળાં માનશે એટલે સાતમ આઠમ ભેળા માનવામાં જેમ સાતમ નામનીજ ગણાય છે. તેવી રીતે આષાઢીપુનમના ક્ષયની વખતે ચઉદશને નામની માની શકશો. વળી ઉદયાતુતિથિ જો પર્વતિથિ હોય તો તે માનવીજ જોઈએ એવો હિસાબ રાખીને તેઓએ પુનમની વૃદ્ધિ

વખતે ચઉદશે તેરશ માનવા અને પ્હેલી પુનમે ચઉદશ માનવા જો ના પાડવામાં આવે છે તો પછી તેઓ યુગના અન્ત્યમાં આષાઢ શુદ ચઉદશ ઉદયવાળી છે તેથી તે દિવસે આ ભેળસેળવાળાને ચઉદશજ માનવી પડશે. પરંતુ પુનમ તરીકે તે દિવસને માની શકાશેજ નહિં. અને કદાચ કહેવામાં આવે તે પુનમ પણ પર્વતિથિ છે માટે ચઉદશ ઉદયવાળી છતાં પુનમ માનવામાં અડચણ નથી, તો પછી ઉદયવાળી તિથિજ માનીયે છીએ અને ઉદયવાળી ચઉદશને જરૂર ચઉદશ માનવી જોઈએ, તે તેમનું કથન તો મિથ્યાજ થયું. વળી જો ઉદયવતી ચઉદશ હોવાથી તે યુગાન્ત્યની ચઉદશ તરીકે ગણાશે, તો તે વખતે સંવચ્છરી તેને એકાવનમે દિવસેજ આવશે કેમકે આષાઢ સુદ ચઉદશ અને ભાદરવા સુદ પાંચમ વચ્ચે એકાવન દિવસજ થશે એટલે ચોક્ખું થયું કે પુનમના ક્ષયે તેરસનો ક્ષય માનશે તેઓને જ પકખી અને ચોમાસી બન્ને બરોબર થશે અને દિન પચ્ચાસનો હિસાબ પણ રહેશે, પણ પૂર્વતરનો ક્ષય નહિં માનનારા અને ચઉદશ પુનમ ભેળી માનનારાઓને તો પક્ખી કે ચઉમાસીને તો લોપાયેલી માનવી પડશે અને એકાવન દિવસે સંવચ્છરી માની આજ્ઞાના ઉલ્લંઘનમાં પણ જવું જ પડશે.

## તત્વતરંગિણીકારના વાક્યોનો ખરો અર્થ શું?

મહોપાધ્યાયશ્રીધર્મસાગરજી મહારાજની તત્વતરંગિણીના નામથી द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधनं जातमेव એ વાક્ય જે ચઉદશ પુનમને ભેળાં કરવા માટે આગળ કરાય છે તે સર્વથા ખોટું છે કેમકે પ્રથમ તો શ્રીહીરસૂરીશ્વરજીએ त्रयोदशीचतुर्दश्योः એમ કહ્યું છે તે જુઠું ઠરશે. કેમકે ભેળી તિથિ માનનારની અપેક્ષાએ તો चतुर्दश्यां એટલે ક્ષીણપૂર્ણિમાનું તપ ચઉદશે કરવું એમજ કહેવું પડત. વળી તેરસે ચઉદશ કરવી ભૂલી જાય તો ચઉદશે ચઉદશ કરવી પડે તેથી પુનમનું તપ પડવે કરવાનું જણાવ્યું છે એટલે પણ સ્પષ્ટ થયું કે ચઉદશ પુનમ ભેળાં કરવાનાં નથી. પડવે પણ 'તેરશે ભૂલ્યા હોય તો' ચઉદશ પછી પુનમ આરાધવી એમ કહે છે. આટલો બધો સ્પષ્ટ લેખ છે તે ભેળી તિથિયો માનવાથી વિરૂદ્ધ છે. વળી આ તત્વ૦ના પાઠમાં બેનું વિદ્યમાનપણું છે એ હેતુથી ક્ષીણપુનમની ચઉદશે આરાધના થાય તેની સિદ્ધિ કરવી છે એમ જો ન હોય અને અપિશબ્દથી નષ્ટ એવી પુનમ લેવી એવી વિશેષ સંભાવના ન કરવી હોય અને ચઉદશનો સમુચ્ચય કરવો હોય તો હેતુ અને સાધ્ય બન્ને એક થઈ જાય તથા द्वयोरप्याराधनं जातमेव એટલે બન્નેનું પણ આરાધન થયું એટલું જ કહેવું પડત. વળી वास्तव्येव स्थितिः એટલે ચઉદશને દિવસે જો પુનમનો ક્ષય હોય તો પુનમની વાસ્તવિક એટલે ખરેખરી સ્થિતિ છે એમ આગળ કહેતજ નહિં ! ધ્યાન રાખવું જરૂરી છે કે ક્ષીણઅષ્ટમીની સાતમમાં સ્થિતિ જણાવતાં તથા ક્ષીણ ચતુર્દશીએ તેરશમાં ચઉદશની સ્થિતિ જણાવતાં વાસ્તવિકશબ્દ

રાખ્યો જ નથી, પરન્તુ પુનમના ક્ષયે ચઉદશ ઉદયવાળી હતી છતાં પુનમનો ક્ષય હોવાથી પુનમ માનવી હતી, માટે તો ચઉદશને અવાસ્તવિક જણાવવા પુનમને વાસ્તવિકપણે રહેલી જણાવી છે, એટલે એ પણ ચોક્ખું થાય છે કે ચઉદશની પણ વાસ્તવિક સ્થિતિ તેરશે જણાવે છે. એટલે સ્પષ્ટ થયું કે પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય જ કરાય અને પરંપરાથી તેમ કરાય પણ છે, વળી એ પણ ધ્યાન રાખવાનું છે કે ક્ષીણપાક્ષિકઆદિની ચર્ચા કેવલ પૌષધવ્રતની અપેક્ષાએ છે, એમ પ્હેલાં મહોપાધ્યાયજીએ ચોક્ખું ચર્ચાની શરૂઆતમાંજ જણાવેલું છે અને તેથીજ ખરતરોને પુનમે કરાતા અનુષ્ઠાનને જો પુનમનું અનુષ્ઠાન કહેશો તો પક્ખીઅનુષ્ઠાનના લોપનો પ્રસંગ આવશે. એમ જણાવી શકાયું. અને ખરતરોથી છટ્ઠનો સાથે ઉચ્ચાર માનીને બે તપ ભેળાં માની શકાયાં નહિ! વળી કલ્યાણકની ચર્ચામાં સ્પષ્ટ જણાવ્યું છે કે કલ્યાણકોનો આરાધક પ્રાયઃ તપવિશેષને કરનાર હોય છે અને તે કલ્યાણક તપનો ઉચ્ચાર પ્હેલે દિવસે કરી બીજા દિવસથી પૂરો કરવો. એટલે પણ સ્પષ્ટ થયું કે ચઉદશ પુનમની ચર્ચા પૌષધ માટે છે. અને પૌષધનો ઉચ્ચાર તો પ્રતિનિયતદિવસજ હોય છે, એટલે બે પૌષધો બે ઉપવાસની પેઠે સાથે ઉચ્ચરાય નહિં અને ઉત્તર દિવસ લઈને પ્રતિજ્ઞા પૂરી કરી શકાય જ નહિં. એટલે ચઉદશ પુનમની પૌષધની પ્રતિજ્ઞા પૂરી કરવા માટે પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરી તેરશે ચઉદશ અને ચઉદશે પુનમ કરવીજ જોઈએ.

ખરતરોને પુનમના ક્ષયે ચોમાસીનો છટ્ઠ કરવામાં બીજો દિવસ જે એકમનો છે તેને લઈનેજ છટ્ઠ પુરો કરવો પડશે વલી તપાગચ્છની અપેક્ષાએ પણ પુનમની તપસ્યા કરનારને પુનમના ક્ષયે તેરશ ચઉદશનો છટ્ઠ નહિં થાય, પણ ચઉદશે પ્હેલો ઉપવાસ કરીને ચઉમાસીનો છટ્ઠ આગલો દિવસ લઈનેજ વાળવો પડશે તેમ ભાદરવા સુદ પાંચમને દિવસે જેને જ્ઞાનપંચમીનુ તપ છે તે ત્રીજ ચોથ અને પાંચમનો અટ્ઠમ કરીનેજ પજુસણનો અટ્ઠમ વાળશે, પણ બીજ ત્રીજ અને ચોથનો અટ્ઠમ નહિં કરે. આવી રીતે સ્પષ્ટપણે પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરવામાં એકકે વિરોધ રહેતો નથી, માટે શાસ્ત્ર અને પરંપરાને યથાસ્થિત રીતિએ માનનારા દ્વિતીય પર્વના ક્ષયે પૂર્વતર અપર્વનો ક્ષય કરે છે તે સર્વથા વ્યાજબીજ છે. અને તેથી ગુરૂવારે સંવચ્છરી કરનારા આરાધકજ છે.

## લેખાંક - ૩
## પૂર્વતિથિ વૃદ્ધિ પ્રકાશ

पार्श्वं नत्वा तिथेर्वृद्धौ, वृद्धिस्तिथ्या अपर्वणः।
साध्यते संघबोधाय, लोकप्राकृतभाषया॥१॥

### તિથિની ઉત્પત્તિ શાથી ?

શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોને જાણવાવાળા દરેક સુજ્ઞપુરુષ સમજી શકે છે. કે

કોઈ પણ તિથિની ઉત્પત્તિ અને સ્થિતિ, ચંદ્રની ગતિને આધારે છે, અથવા તો ચંદ્રની હાનિ વૃદ્ધિને આધારેજ છે. તિથિની ઉત્પત્તિમાં નથી તો નક્ષત્રનો સંબંધ અને નથી તો સૂર્યનો સંબંધ. કર્મ અને અભિવર્ધિત માસ તથા વર્ષોને પણ તિથિની ઉત્પત્તિ અને સ્થિતિની સાથે સંબંધ નથી. નક્ષત્રમાસનો સંબંધ નક્ષત્રની ગતિ સાથે છે અને તેનો ચંદ્ર સાથે જે સંબંધ થાય છે તે ઉપર રહેલો છે. સૂર્યમાસનો સંબંધ સૂર્યના મંડલોમાં થતા ગમનાગમન વ્યવહાર ઉપર રહેલો છે. કર્મમાસનો સંબંધ માત્ર સૂર્યના ઉદય અને અસ્ત ઉપર રહેલો છે. આ કારણથી તિથિની ઉત્પત્તિ અને સ્થિતિનો સંબંધ કેવલ ચંદ્રની ગતિ અને તેની વૃદ્ધિ હાનિ સાથેજ રહેલો છે. અર્થાત્ ત્રીશ તિથિએ જો કોઈ મહિનો થતો હોય તો કેવલ ચંદ્રનામનો જ મહિનો છે. કારણ કે જૈનજ્યોતિષ પ્રમાણે કોઈ પણ તિથિ ૬૧/૬૨થી વધારે પણ હોતી નથી, તેમ ઓછી પણ હોતી નથી. અને તેથીજ ચંદ્ર મહિનો ૨૯ ૩૨/૬૨ દિવસ પ્રમાણ હોય છે. ધ્યાન રાખવું કે બાસઠીયા અંશવાળી તિથિ હોય છે, અને મહિનાઓમાં કેવલ ચંદ્રમહિનોજ બાસઠીયા અંશવાળો છે. નક્ષત્ર, કર્મ, સૂર્ય કે અભિવર્ધિત એ ચાર મહિનાઓમાંથી કોઈપણ માસ બાસઠીયા અંશવાલોજ નથી. આ વાત તો સ્હેજે સમજાય તેવી છે કે જ્યારે એક તિથિ ૬૧/૬૨ પ્રમાણ હોય તો બાસઠ તિથિઓ થાય ત્યારેજ એકસઠ દિવસ થાય.

**જૈનજ્યોતિષના હિસાબે તિથિ વધે નહિ.**

આજ કારણથી જૈનજ્યોતિષશાસ્ત્રો દરેક એકસઠમા દિવસે એક તિથિ તુટવાની કહે છે. આ વિચારવાથી સ્પષ્ટપણે માલમ પડશે. દરેક એકસઠમા દિવસે તિથિ ૬૧/૬૨ના પોતાના પ્રમાણમાંથી માત્ર ૧/૬૨ જેટલોજ વખત સૂર્યને ફરસનારી થાય છે કોઈ પણ દિવસે જૈનજ્યોતિષ પ્રમાણે ૧/૬૨થી ઓછી તિથિ હોય જ નહિ તેમજ વર્ષમાં એવી રીતે ૧/૬૨ના જઘન્ય માનવાળી છ તિથિઓજ આવે, અને એ કારણથી શાસ્ત્રકારો દરેક વર્ષે છ અવમરાત્ર એટલે ઓછામાં ઓછો સખત સૂર્યને ફરસનારી હોય એમ જણાવે છે. તેવી રીતે દરકે બાસઠમી તિથિ પોતાનો ૬૧/૬૨ જેટલો કાલ સૂર્યોદયને ફરસ્યા વગરનોજ કાઢે છે, અને તેથીજ તે દરેક બાસઠમી તિથિ ક્ષીણરાત્ર તરીકે ગણાય છે. એ તેથી દરેક વર્ષે ક્ષીણરાત્રો પણ છ આવે છે. ઉપરની વસ્તુ સમજવાથી માલમ પડશે કે કર્મમાસના એકસઠ દિવસો થાય ત્યારે ચંદ્રમાસની બાસઠ તિથિયો થાય, અને તેથી તિથિયોનો ક્ષય આવશે. પરંતુ તિથિનું પ્રમાણ કોઈ દિવસ પણ જૈનજ્યોતિષના હિસાબે ૬૧/૬૨થી વધારે હોય જ નહિ તો પછી બે સૂર્યોદયને ફરસનારી તિથિ તો બને જ ક્યાંથી ? અર્થાત્ જો કોઈપણ મનુષ્ય જૈનજ્યોતિષને હિસાબે તિથિ વધે પણ છે એમ માનવા તૈયાર થાય તેણે શ્રી જૈનજ્યોતિષમાં તિથિનું પ્રમાણ વધારે છે એમ માનવું એટલું જ નહિ. પરંતુ

દિવસ કરતાં તિથિનુ મ્હોટું પ્રમાણ માનવું જોઈએ. યાદ રાખવું કે બે સૂર્યોદયને ફરસે ત્યારેજ તિથિની વૃદ્ધિ થઈ કહેવાય, માટે ૬૧/૬૨ કરતાં પણ તિથિ વધારે પ્રમાણની હોય તોજ તિથિની વૃદ્ધિ કરી શકાય. વળી જૈનશાસ્ત્રમાં આસો વદ એકમ આદિને અવમ રાત્રિ તરીકે ગણી બીજઆદિ તિથિ પડે તેને ક્ષીણરાત્ર તરીકે સ્પષ્ટપણે સ્થાન સ્થાન પર જણાવેલ છે. તેવી રીતે કોઈ પણ માસની કોઈ પણ તિથિને વૃદ્ધિ તિથિ તરીકે જણાવેલ નથી. અર્થાત્ જૈનજ્યોતિષ પ્રમાણે અવમરાત્રો પણ સ્પષ્ટપણે જણાવવામાં આવેલા છે, અને તેના મહિના તથા તિથિયો પણ જણાવવામાં આવેલ છે. પરંતુ કોઈ પણ શાસ્ત્રમાં કોઈ પણ સ્થાને તિથિની વૃદ્ધિ જણાવેલ નથી, તેમ તે વૃદ્ધિજ ન હોય એટલે તેના મહિના અને તિથિયો તો જણાવેલ હોય જ ક્યાંથી? વળી પાક્ષિક આદિક્રિયાઓમાં કર્મમાસ લેવાથી તેની સાથે ચંદ્રમાસનો હિસાબ મેળવવા માટે તિથિની હાનિ લેવી પડે. નક્ષત્ર, સૂર્ય કે અભિવર્ધિત માસ કે વર્ષની કોઈ પકખી આદિની ક્રિયાજ નથી કે જેની સાથે જોડવા માટે તિથિની વૃદ્ધિ લેવી પડે.

સારાંશ આનો નીચે પ્રમાણે છે.

૧ તિથિનું પ્રમાણ ૬૧/૬૨ થી વધારે હોતું નથી, માટે બે સૂર્યને કોઈ પણ તિથિ ફરસે નહિ અને તેથી વધે નહિ.

૨ તિથિનું પ્રમાણ ૬૧/૬૨ હોવાથી એકસઠ દિવસે બાસઠ તિથિ થાય માટે ક્ષીણતિથિ જરૂર હોય.

૩ કર્મમાસનો જ પાક્ષિક, ચોમાસી, સંવચ્છરીના માન આદિ સાથે સંબંધ છે અને તે બરોબર ત્રીશ દિવસનો જ હોય છે અને ચંદ્રમાસનો સંબંધ તિથિયોની સાથે છે. અને તે ચંદ્રમાસ ૨૯ ૨/૬૨ દિવસ પ્રમાણ છે તેથી બન્ને એકસઠમેં દિવસે એક તિથિ તોડે ત્યારેજ મેળવી શકાય.

૪ નક્ષત્ર, સૂર્ય કે અભિવર્ધિત માસો નિરંશ નથી, માટે તે માસો સાથે ચંદ્રમાસને મેળવાતો નથી તેમજ તે માસોને આશ્રયીને નિયમિત ક્રિયા પણ નથી, રોહિણીની આરાધના પણ અહોરાત્ર પ્રમાણ છે, નક્ષત્રની અપેક્ષાએ વધારે ક્ષીણરાત્રિ થતી નથી તેમ સૂર્યાદિમાસને અંગે તિથિમાં વધારે વૃદ્ધિ થતી નથી, પરંતુ માત્ર કર્મમાસ અને ચંદ્રમાસને મેળવવા માટે એકસઠ દિવસે એક તિથિનો ક્ષયજ થાય તેથી અવમરાત્રજ થાય છે.

૫ તિથિની ઉત્પત્તિ ચંદ્રથી છે અને ચંદ્ર માસ કર્મમાસ કરતાં ૩૦/૬૨ ઓછો છે માટે તિથિની હાની કરવી પડે. નક્ષત્રાદિથી તિથિની ઉત્પત્તિ થતી નથી, તેથી વધારે ક્ષીણરાત્રો ન હોય તેમ તિથિની વૃદ્ધિ પણ હોય નહિ.

ઉપર જણાવેલી હકીકતથી તિથિની વૃદ્ધિ જૈનજ્યોતિષને હિસાબે હોય નહિ એ સ્પષ્ટ સમજાશે.,

### અતિરાત્રથી પણ તિથિવૃદ્ધિ ન હોય

આ સ્થાને જેમ સૂત્રોમાં અવમરાત્ર કહ્યા છે તેમ અતિરાત્ર પણ શાસ્ત્રોમાં સ્થાન સ્થાન પર

કહેલા છે તે જોઈને સમજ્યા વિના 'તિથિની વૃદ્ધિ પણ જૈનશાસ્ત્રને હિસાબે થાય છે' એમ માનવા તૈયાર થાય છે, પરંતુ પ્રથમ તો તેઓએ સમજવાની જરૂર છે કે અવમરાત્ર શબ્દનો અર્થ ઓછી તિથિ એટલે ઓછામાં ઓછો સૂર્યને તિથિએ ફરસવાનો વખત એવો થાય છે અને તેથીજ શાસ્ત્રકારો આસો વદ એકમ આદિને અવમરાત્રિ તરીકે ગણે છે. જો કે જે દિવસે આસો વદ એકમઆદિ અવમરાત્ર હોય છે તેજ દિવસે આસો વદ બીજઆદિક્ષીણરાત્ર પણ હોય છે, અર્થાત્ અવમરાત્રનો અર્થ ક્ષીણરાત્ર નહિ, પણ ઓછામાં ઓછી તિથિ એમ થાય છે અને આજ કારણથી શાસ્ત્રકારો પ્રતિદિન અવમરાત્રનો અંશ અંશ જણાવે છે. ખરીરીતે ક્ષીણરાત્રનું કારણ અવમરાત્ર છે. આસો વદ એકમ જ્યારે ૧/૬૨ પ્રમાણ થઈ ત્યારે આસો વદ બીજ ૬૧/૬૨ પ્રમાણ હતી અને તેથી તે તેમાં સમાઈ ગઈ.

જો એકમ ૧/૬૨ પ્રમાણ નહિં હોત તો બીજને ક્ષીણરાત્ર થવાનું થાત જ નહિં, એટલે કહેવું જોઈએ કે ક્ષીણરાત્રમાં એટલે તિથિના ક્ષયમાં તો અવમરાત્ર કારણ છે, અને તેનું કારણ દરરોજ ૧/૬૨ તિથિનો ઘટાડો છે. પણ અતિરાત્રનું કારણ તો તિથિમાં છેજ નહિ. વળી અતિરાત્રશબ્દથી અધિક તિથિ એવો અર્થ લેવાનોજ નથી, પરંતુ ત્યાં તો દિવસો અધિક લેવાના છે.

### અતિરાત્રનામ શાથી ?

યાદ રાખવું કે દિવસ પૂર્ણ સાઠ ઘડી પ્રમાણ હોય છે. જ્યારે તિથિ લગભગ ઓગણસાઠ ઘડી પ્રમાણ હોય છે. કર્મમાસથી સૂર્યમાસમાં બરોબર અડધો દિવસ વધારે છે એટલે સૂર્યમાસ જ્યારે સાડાત્રીશ દિવસનો છે ત્યારે કર્મમાસ બરોબર ત્રીશ દિવસનો છે. એટલે કર્મમાસ અને સૂર્યમાસમાં અડધા દિવસનો દરેક મહિને ફરક પડે છે, અને તેથીજ કર્મવર્ષ અને સૂર્યવર્ષની વચ્ચે છ દિવસનો ફરક પડે છે. એ કર્મવર્ષથી સૂર્યવર્ષમાં છ દિવસો જે વધે છે તેનુંજ અતિરાત્ર એવું નામ છે યાદ રાખવું કે તિથિની ઉત્પત્તિ કર્મમાસથી નથી, તેમજ સૂર્યમાસથી પણ નથી, તો પછી 'અતિરાત્રના નામે તિથિયોની વૃદ્ધિ થાય છે' એમ કહી શકાયજ કેમ? બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે છ તિથિયોની હાનિ દરેક વર્ષે થાય છે તેથી દરેક યુગના પાંચ વર્ષમાં એક મહિનો વધે છે. અને કર્મમાસમાં સૂર્યમાસ કરતાં અડધો દિવસ ઓછો રહે છે. તેથી કર્મમાસનું પ્રમાણ એક યુગમાં સાઠનું હોવાથી ત્રીશ દિવસનો મહિનો તે સંબંધિનો એક યુગમાં વધે છે. અને એથીજ યુગમાં બે મહિના વધે છે. હવે જો દરેક વર્ષે અતિરાત્ર તરીકે છ તિથિઓ વધારવામાં આવે તો પછી અવમરાત્રનો તો મહિનો વધે, પણ અતિરાત્રનો તો મહિનો વધેજ નહિ, એટલે યુગમાં બે મહિના જે પૌષ અને આષાઢ વધે છે તેથી તે વધવા જોઈએ નહિં. આ ઉપરથી પણ નક્કી થશે કે તિથિયોની વૃદ્ધિ જૈનજ્યોતિષશાસ્ત્રને હિસાબે હોઈ શકે જ નહિ, અને હોતી પણ નથી.

**યુગમાં બે માસની વૃદ્ધિ થાયજ.**

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે યુગમાં સૂર્યના સાઠ માસ હોય છે અને કર્મમાસ એકસઠ હોય છે જ્યારે ચંદ્રમાસ બાસઠ હોય છે. આ કારણથી યુગમાં ચંદ્રમહિનાઓમાં બે મહિના અને કર્મમાસોમાં એક વધારવા પડે છે. દરેક વર્ષે જે ક્ષીણરાત્રિઓ છ હતી, તેનો એક મહિનો તિથિને ઉત્પન્ન કરનાર ચંદ્રમાસમાં વધે, એમ છ અહોરાત્ર દરેક વર્ષે કર્મ માસમાં ચંદ્રમાસમાં વર્ષની અપેક્ષાએ વધ્યા હતા, તેનો એક મહિનો ચંદ્રયુગના વર્ષમાં અને સૂર્યવર્ષથી કર્મવર્ષના યુગમાં વધે તે માસ એટલે ચંદ્રના બાસઠ માસ થાય અને કર્મના એકસઠ માસ થયા, એટલે બે માસ યુગમાં વધે. તેથી નક્કી થયું કે તિથિ કે જે ચંદ્રમાસથી થવાવાળી છે તેની વૃદ્ધિ હોય જ નહિ. વળી જો સૂર્યમાસની સાથે તિથિયોનો સંબંધ લઈએ તો ૬ અહોરાત્ર અને તિથિઓ મળી દરેક વર્ષે બાર તિથિ અધિક લેવી પડે, અને એવીરીતે બારની અધિકતા કોઈપણ શાસ્ત્રકારે લીધી જ નથી.

**તિથિ વૃદ્ધિ માનવાથી ચંદ્રમાસના પ્રમાણમાં પરિવર્તન**

વળી અહોરાત્રની અધિકતારૂપ અતિરાત્રના નામે તિથિની અધિકતા લઈએ તો છ અવમરાત્રિઓ આવવાથી જેવી છ ઓછી થાય, તેવી રીતે છ અતિરાત્રના નામે છ તિથિયો વધારવા જવાય તો પછી તિથિથી થવાવાળું ચંદ્રવર્ષ બરોબર ૩૬૦ દિવસનું થાય, અને ચંદ્રમહિનો પણ બરોબર ત્રીસ દિવસનો થાય, પરંતુ શાસ્ત્રકારો ચંદ્રમાસ ૨૯ ³²/₆₂ દિવસમાનનો ગણે છે તે રહે નહિ. આ વસ્તુ સમજનાર દરેક મનુષ્ય સમજી શકશે કે તિથિની વૃદ્ધિ શ્રીજૈનજ્યોતિષને હિસાબે હોય જ નહિ. વળી જો એવી રીતે તિથિની વૃદ્ધિ હાનિ બરોબર છ છની સંખ્યામાં આવી જાય તો પછી કર્મમાસ અને ચંદ્રમાસ અને વર્ષ બે સરખાંજ થઈ જાય, એટલે યુગમાં કર્મના જેમ એકસઠ મહિના હોય છે તેમ ચંદ્રના પણ એકસઠજ મહિના થાય. વસ્તુતાએ ચંદ્રવર્ષથી ૬ તિથિ જેટલું કર્મવર્ષ અધિક છે, અને કર્મવર્ષથી સૂર્યવર્ષ છ અહોરાત્ર જેટલું અધિક છે, અને તેથી તિથિની વૃદ્ધિ શ્રીજૈનજ્યોતિષને હિસાબે થઈ શકતી જ નથી. કદાચ એમ કહેવામાં આવે કે જેમ લૌકિકટિપનામાં બાર તેર તિથિઓ ઘટાડીને છ આદિ તિથિઓ વધારીને ૩૫૪-૩૫૫ દિવસનું વર્ષ કરાય છે. તેવી રીતે જૈનજ્યોતિષમાં પણ તેમ કરાય તો તિથિની વૃદ્ધિ કેમ ન મનાય ? આવું કહેનારે સમજવું જોઈએ કે લૌકિકટીપનામાં તિથિનું માન સાઠ ઘડીથી વધારે પણ હોય છે અને તેનાથી ચાર ઘડી જેટલું ઓછું પણ હોય છે, તેથી છ તિથિયો કરતાં વધારેની હાની પણ થાય અને વૃદ્ધિ પણ થાય, પરંતુ જૈનજ્યોતિષને હિસાબે તો કોઈ પણ તિથિ ૬૧/૬૨ પ્રમાણથી વધારે પણ હોય નહિ અને ઓછી પણ હોય નહિ. માટે જૈન જ્યોતિષને હિસાબે દર વર્ષે છ તિથિયોની હાનિજ હોય, પરંતુ એક પણ તિથિની વૃદ્ધિ તો હોયજ નહિ.

**શ્રી વાચકજીના પ્રઘોષની સાર્થકતા શામાં ?**

ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે શ્રી જૈનજ્યોતિષને હિસાબે કોઈ વર્ષમાં પણ તિથિની વૃદ્ધિ થતીજ નથી તો પછી क्षये पूर्वा तिथिः कार्या એટલો જ શ્રી ઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ હોવો જોઈએ, પરંતુ वृद्धौ कार्या तथोत्तरा એવો પ્રઘોષ શ્રી ઉમાસ્વાતિવાચકજીનો હોવો જોઈએ નહિ. આ કથન જો કે વિચારવા યોગ્ય છે. કારણ કે શ્રી ઉમાસ્વાતિવાચકજી જેવા મહાજ્ઞાનિઓ જૈનજ્યોતિષને ઓલંઘીને બોલે કેમ ? આમાં કેટલાકો તો એમ કહી નાંખે કે ક્ષયે પૂર્વાનો પ્રઘોષ માત્ર શ્રી ઉમાસ્વાતિ વાચકજીનો હતો. કારણ કે જૈનજ્યોતિષના હિસાબે યુગના પૂર્વાર્ધના પૂર્વાર્ધમાં બેકી તિથિનો અને યુગના પૂર્વાર્ધના ઉતરાર્ધમાં એકી તિથિનો ક્ષય થતો હતો અને તેવીજ રીતે યુગના ઉત્તરાર્ધમાં, પૂર્વાર્ધમાં બેકી તિથિનો પણ તેના ઉત્તરાર્ધમાં એકી તિથિનો ક્ષય થતો હતો તેથી બીજ આઠમ અને ચઉદશ રૂપ પર્વતિથિયોનો તથા પાંચમ અગ્યારસ અને પુનમરૂપ તિથિઓનો ક્ષય દરેક યુગના દરેક પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં આવતોજ હતો, અને શ્રીઉમાસ્વાતિવાચકશ્રી તો શું ? પરંતુ ભગવાન મહાવીરમહારાજના વખતથી પણ क्षये पूर्वा નો સિદ્ધાન્ત તો ધર્મારાધનમાં પર્વતિથિનો ક્ષય નહિ માનનારાઓને માનવોજ પડતો હતો.

**क्षये पूर्वा० નો પ્રઘોષ વાચકજી પ્હેલાંનોજ છે.**

પરંતુ શ્રીઉમાસ્વાતિવાચકજીથી क्षये पूर्वा એ ઉખાણા તરીકે સંસ્કૃતવાકય પ્રચલિત થયું એથી શ્રીઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ ગણાયો. અને જ્યારે લૌકિકટીપનાનો પ્રચાર જૈનોમાં થયો ત્યારે वृद्धौ એ વાકયનો ઉમેરો થયો. એકજ મહાપુરૂષના જો એ બે વાક્યો હોત તો क्षये पूर्वोत्तरा वृद्धौ એવું એકજ વાક્ય હોત, વળી कार्या પદ બે વખત કહેત નહિ, તેમજ तथा પદની જરૂર નહોતી, પરંતુ આ કેટલાકનું કથન પ્રમાણ ગણીએ છતાં શ્રી આવશ્યકનિર્યુક્તિમાં જે વસન્તઋતુમાં जइ फुल्ला० એ ગાથાથી અધિક માસ જણાવ્યો છે તે લૌકિકજ્યોતિષના હિસાબેજ થાય. કારણ જૈનોમાં તો પૌષ અને આષાઢ સિવાય બીજો માસ વધતોજ નથી. એટલે ચૈત્ર વધેજ શાનો ? એ કરતાં પણ શ્રી ઉત્તરાધ્યયનમાં અવમરાત્રો બતાવતાં आसाढबहुल पक्खे ના અવમરાત્રો જણાવી ભાદરવા વદમાં પણ અવમરાત્ર જણાવ્યા તે લૌકિકથીજ છે. કેમકે જૈનજ્યોતિષના હિસાબે તો લોકોત્તર ઋતુ લેતાં આસો માગશર આદિમાંજ અવમરાત્રો આવે. આષાઢ ભાદરવા આદિમાં અવમરાત્રો આવેજ નહિ. કારણકે જૈનજ્યોતિષના હિસાબે શ્રાવણ વદ એકમે વર્ષાદિનો આરંભ હોય અને ત્યારથી એકસઠ દિવસ થતાં આસોવદજ આવે. એટલે શ્રી ઉત્તારાધ્યનમૂલસૂત્રમાં પણ આવશ્યકનિર્યુક્તિની માફક લૌકિકજ્યોતિષનો હિસાબજ લેવામાં આવ્યો છે, વળી શ્રી સ્થાનાંગસૂત્ર વિગેરેમાં પણ જે ત્રીજા સાતમા આદિ પર્વોમાં અવમરાત્રો જણાવ્યા છે તે પણ લૌકિકજ્યોતિષનાજ હિસાબે મળી શકે. જૈન જ્યોતિષના હિસાબે તો

પાંચમા નવમા આદિ પર્વોમાંજ અવમરાત્ર આવે અને વળી શ્રીસ્થાનાંગસૂત્રમાં ચોથા આઠમા આદિ પર્વોમાં અતિરાત્ર જણાવ્યા છે તે પણ લૌકિકઋતુની અપેક્ષાએજ ઘટાડાય. આ બધા ઉપરથી તેમજ સૂત્રોમાં કાર્તિક આદિ માસો અને પડવા આદિ તિથિઓ લીધી. અને જૈનના પારિભાષિક મહિના અને તિથિના નામો લીધા નહિ એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સૂત્રોનું પુસ્તકારોહણ થયું તેના પ્હેલેથી જૈનોએ લૌકિકજ્યોતિષને અપનાવ્યું હતું, વળી દિગંબરશાસ્ત્રોમાં પણ લૌકિકસંજ્ઞાવાળાજ મહિના અને તિથિઓ લીધેલ હોવાથી એમ નક્કી કહી શકાય કે વિક્રમની પહેલી સદીમાં તો જૈનોમાં લૌકિકજ્યોતિષનો પૂરો પ્રચાર અને આલંબન થઈ ગયેલાં હતાં.

## પર્યુષણાની પ્રરૂપણા શાથી ?

આવી સ્થિતિ છતાં પણ પ્રરૂપણા તો શ્રી ગણધરઆદિ આચાર્યપરંપરાથી જે ચાલી આવતી હતી. તેજ માસકલ્પ આદિમાં નિરૂપણ કરવામાં આવતી હતી અને તેથી ભાષ્યકાર આદિમહારાજાઓએ ચંદ્ર અને અભિવર્ધિતને અંગે પર્યુષણાની પ્રરૂપણા કરેલી છે, કેમકે જો તેઓ તેમ ન કરે અને લૌકિકની અપેક્ષાએજ માસકલ્પ અને વર્ષકલ્પ આદિની પ્રરૂપણા કરે તો સાફ સાફ એવો અર્થ થઈ જાય કે આષાઢાદિ એવી ઋતુની લૌકિકની પ્રરૂપણા થયા પછીજ જિનશાસનની પ્રવૃત્તિ થઈ છે. એટલે વ્યવહારમાં લૌકિકજ્યોતિષને અપનાવ્યા છતાં પ્રરૂપણામાં લૌકોત્તરજ્યોતિષનીજ હાજરી રાખી ! જો લૌકિક જ્યોતિષે પ્રથમ તો શ્રીજૈનજ્યોતિષને હિસાબેજ પ્રરૂપણા રાખી હતી અને તેથીજ કૌટિલેય જેવા નીતિશાસ્ત્રમાં પણ શ્રાવણાદિ માસ અને બાસઠમે દિવસેજ ક્ષીણરાત્ર રાખ્યા અને યુગનો હિસાબ પણ જૈન જેવો રાખી યુગના મધ્યમાં પોષ અને અંત્યમાં આષાઢ એમ યુગના મધ્યભાગ અને અંત્યભાગમાંજ મહિનાઓ વધારવાના રાખ્યા હતાં, પરંતુ પાછળથી તે લૌકિકજ્યોતિષ જુદે જુદે રસ્તે જવા લાગ્યું અને જેવા તેવા લૌકિકજ્યોતિષને અપનાવતાજ રહ્યા. અને એ હિસાબે શ્રીઉમાસ્વાતિવાચકજીએ જ સમગ્ર જૈનો માટે ક્ષયે અને વૃદ્ધૌ એ બે વાક્યો શરૂ કર્યા હોય તો તેમાં અસંભવિતપણું નથી.

## પર્વતિથિના આરાધન માટે

જેઓ જૈન જ્યોતિષને ન જાણતા હોય અને લૌકિકજ્યોતિષને જાણતા હોય તેવાઓની અપેક્ષાએ પર્વતિથિનું આરાધન જણાવવું હોય તો પણ ક્ષયે અને વૃદ્ધૌ૦ ના નિયમો જણાવવાજ પડે. આવી જુદી જુદી અપેક્ષાથી બે વાક્યો લેવા પડે અને તેમાં કાર્યા પદ બેવડાય તથા તથા શબ્દ કહેવો પડે તેમાં આશ્ચર્યજ નથી, શાસ્ત્રમાં ઘણી જગોપર દેખીયે છીએ કે સૂત્રની વ્યાખ્યામાં પરંપરાગત પ્રરૂપણા લેવાય છે અને તે પ્રરૂપણા કરનારની સામાચારી જુદીજ હોય છે, જેમ આચાર્યમહારાજ શ્રી હરિભદ્રસૂરિજી શ્રી પંચવસ્તુમાં શ્રુતદેવતાઆદિના કાઉસગ્ગો જણાવે

છે, છતાં શ્રીઆવશ્યકવૃત્તિમાં પ્રતિક્રમણવિધિને જણાવતાં તેનો ઈશારો પણ કરતા નથી, વળી શ્રીનિશીથભાષ્યકારમહારાજ સ્પષ્ટપણે ચોથ રૂપ અપર્વનીજ સંવચ્છરીને કરનારા હતા છતાં એવીરીતે શ્રીનિશીથભાષ્યકારઆદિની વખતે તેઓએ અપર્વ સંવચ્છરીનું ભાષ્ય ન રચ્યું. વળી ચૂર્ણિકાર મહારાજે પ્રરૂપણા તો પાંચમનીજ કરી લૌકિક પંચાંગ અપનાવ્યું હોય તો પણ માસકલ્પ અને વર્ષકલ્પાદિની પ્રરૂપણા અસલ પ્રમાણેજ રાખી હોય.

## લૌકિક ટીપ્પણાનો પ્રચાર ક્યારથી ?

આમ છતાં પણ એટલું તે નક્કી છે કે આચાર્ય મહારાજ શ્રી રત્નશેખરસૂરિજીની કરેલી શ્રાદ્ધવિધિ કરતાં પહેલાંના કોઈ ગ્રંથમાં આ ક્ષયે૦ વાલા બે પ્રઘોષ કે એક પ્રઘોષ હોય એમ ઉપલબ્ધ થતું નથી. અંચલગચ્છની ઉત્પત્તિના વખતમાં થયેલ શતપદી અને ખરતરોના જિનદત્તે કરેલ વ્યવસ્થાકુલકથી એમ તો નક્કી માનવું જ પડે કે વિક્રમની બારમી સદી કરતાં પહેલાના વખતથી લૌકિકટિપણાનો પ્રચાર જૈનોમાં થયો હતો એમ સ્પષ્ટ તે તે ગ્રંથોમાં લૌકિક ટિપણાથી કાર્યો કરવાની સ્થાપના કરવામાં આવી છે તેથી નક્કી થાય છે.

જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે ઘણા પ્રાચીનકાલથી જૈનોમાં લૌકિકટિપ્પનાએ પ્રવેશ કર્યો એમ અનુમાનથી જણાય છે. બારમી સદીના સ્પષ્ટ લેખો લૌકિકટિપનાને અનુસરનારા મળે છે અને ચૌદમી સદીના લેખથી જ્યારે લૌકિકટીપનાની માન્યતા નક્કી કરવામાં આવી છે તો પછી તે લૌકિકટિપનાને આધારે જ પ્હેલાં પર્વાદિનું આરાધન થતું હતું અને વર્તમાનમાં પણ તેને આધારે જ થાય છે. તેમાં કંઈ બોલવાનું રહેતું નથી.

## તિથિ આરાધન માટે શું ?

હવે જ્યારે શ્રીતપાગચ્છ, અંચલગચ્છ અને ખરતરગચ્છવાળાઓએ લૌકિકટીપનાં માન્યાં છે. તો પછી તિથિયોની આરાધના માટે પણ કંઈ નિશ્ચય કરવાની તો જરૂર જ છે. જૈનજ્યોતિષ્ક પ્રમાણે જો કે તિથિની હાનિ આવતી હતી અને વૃદ્ધિ ન્હોતી આવતી એટલે એકલો ક્ષયે૦ ના પ્રઘોષને માને કે ન માને તો પણ તિથિની આરાધનાની અખંડિતતા રાખવાને અંગે પ્હેલી તિથિ લેવી જ પડતી હતી. વળી એ વાતને પણ ધ્યાનમાં રાખવાની છે કે જૈનજ્યોતિષને હિસાબે જે આસો વદ બીજ આદિ તિથિયોનો ક્ષય આવતો હતો, ત્યારે શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોથી તે બીજ આદિ તિથિયોને એકમ આદિમાં મળી ગયેલી અને ભળી ગયેલી જણાવતા હતા. એટલે ક્ષયે૦ ના પ્રઘોષને માન્ય નહિં કરે તો પણ બીજ આદિની આરાધના કરનારા બીજની આરાધના પડવાઆદિના દિવસે કરી લે તેમાં કાંઈ નવાઈ ન્હોતી, તેમ આશ્ચર્ય પણ ન્હોતું, પરંતુ જે એકમઆદિ તિથિયો સૂર્યોદયવાળી હતી, છતાં સૂર્યોદયવાળી એકમને સવારથી એકમ તરીકે નહિં માનતાં બીજ તરીકે જ માનવી આવો નિયમ કરવાની જરૂર જણાયાથી ક્ષયે૦ નો નિયમ કરવાની

જરૂર જણાઈ. અર્થાત્ ભોગવટાદિથી જો તિથિ માનવી એમ હોત તો ક્ષયે૦ ના નિયમની જરૂર ન્હોતી.

## ક્ષયે પૂર્વાનું રહસ્ય શું ?

વળી એકમ આદિ અપર્વની સાબીતી રાખીને બીજ આદિના ક્ષયની વખત તે બીજ આદિનો ભોગવટો જ લેવો હોત તો એમ જ કહેત કે

**क्षये भोगवती तिथिः** પણ આમ સીધો પ્રઘોષ ન થયો પરંતુ **क्षये पूर्वा०** એવો પ્રઘોષ થયો છે તે બીજઆદિની પહેલાની તિથિ જે એકમ વિગેરે સૂર્યોદયવાળી છે છતાં તે એકમઆદિને બીજઆદિપણે જ માનવી. આ વિધાનને માટે **क्षये पूर्वा०** ના પ્રઘોષની જરૂર જ હતી, વળી તન્ત્ર ન્યાયે જ્યારે વિચારીએ ત્યારે તો **क्षये क्षये पूर्वा पूर्वा०** એવો અર્થ નીકળવાથી એમ પણ થાય કે પુનમના ક્ષયે ચઉદશ જે ઉદયવાળી છે છતાં તેને પુનમ બનાવવી અને એવી રીતે જ્યારે પુનમના ક્ષયને લીધે ચઉદશ ઉદયવાળી છતાં પણ એકમઆદિની પેઠે કૃત્રિમપણે ક્ષયવાળી થઈ ગઈ તો તે ચઉદશની પહેલાની તિથિ જે તેરશની છે એને ક્ષીણ માની તે ઉદયવાળી તેરશે ચઉદશ કરવી. આમ કરવાથી સ્પષ્ટ થાય છે કે આદ્યપર્વમાં પૂર્વ અપર્વનો ક્ષય થાય અને તે માટે જ દ્વિતીયપર્વના ક્ષયની વખતે પૂર્વતર-અપર્વનો ક્ષય થાય. તેને માટે આ પ્રઘોષ છે અને આ વસ્તુ તો જૈનજ્યોતિષના ટીપનાને આધારે ચાલતાં પણ માનવી પડે.

## પુનમના ક્ષયે પડવાનો ક્ષય ન થાય.

કારણ કે જૈનજ્યોતિષને હિસાબે અમાવાસ્યારૂપી બીજા પર્વનો ક્ષય ન હોય એ નક્કી છે, તો પણ પુનમ અને તેમાં પણ ચોમાસી પુનમ જેવા બીજા પર્વનો ક્ષય આવતો જ હતો. યાદ રાખવું જરૂરી છે કે ખરતરો ચઉદશના ક્ષયે પુનમને દિવસે ચઉદશ માનતા હતા અને તેમ કરવાથી તેઓ જૈનજ્યોતિષને હિસાબે મિલન્તીતિથિ, ભિલન્તીતિથિ, ક્ષીણતિથિને નામે જે તિથિ હોય તેને ઉલટી પહેલાની તિથિને ઠેકાણે મેળવે તેથી ઉલટા થયા અને **क्षये पूर्वा०** ના પ્રઘોષથી પણ ઉલટા થયા છે, છતાં તે ખરતરો પણ પુનમના ક્ષયે પડવાનો ક્ષય માનવા તો તૈયાર નથી. પુનમતિથિના ક્ષયની વખતે પડવાનો ક્ષય કરનાર હોય તો તે માત્ર આનન્દસૂરિગચ્છીયો જ છે, કે જેઓ શ્રી હીરસૂરિજીના સીધા **त्रयोदशीचतुर्दश्योः** ના પદને ન વળગતાં ભૂલી જવાથી જે પડવો કહ્યો છે તેને વળગે છે. પુનમના ક્ષયે તો ખરતરોને પણ તેરશનો ક્ષય કરવો જ પડે છે, આ બધી પૂર્વક્ષય અને પૂર્વતરક્ષયની હકીકત તો માત્ર પ્રઘોષને અંગે જણાવી છે.

## પર્વતિથિની વૃદ્ધિ હાની હોય કે નહિ ?

ખરો પ્રસંગ તો અહીં તિથિની વૃદ્ધિને અંગે છે અને તેને માટે ઉપર જોઈ ગયા કે જૈનજ્યોતિષને હિસાબે કોઈ પણ પર્વ કે અપર્વ એકકે તિથિની વૃદ્ધિ થાય જ નહિં, છતાં લૌકિકટીપનું જે કેઈ સદીયોથી જૈનોએ માન્ય ગણેલું છે તે લૌકિકટિપનામાં તિથિયોની કે પર્વતિથિયોની હાનિની માફક વૃદ્ધિ પણ આવે જ છે એમાં કોઈથી બે મત થઈ શકે

તેમજ નથી. તો હવે જૈન જ્યોતિષના હિસાબે તિથિની હાનિ થતી હતી છતાં આરાધનાના ટિપનામાં પર્વતિથિની હાનિ થાય જ નહિં તેથી ક્ષયે પૂર્વા નો પ્રઘોષ આદરવો જ પડ્યો, તેવી રીતે લૌકિક ટીપનાં માનીયે અને તેમાં તિથિ કે પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે અખંડિતતાની માફક નિયમિતતા માટે કંઈ વ્યવસ્થા કરવી અને માનવી જ જોઈએ. પર્વતિથિનો ક્ષય થયા છતાં તેની આરાધના જેમ ક્ષય ન પામે, તેવી જ રીતે પર્વતિથિની વૃદ્ધિ થયા છતાં તેની આરાધના બેવડાય પણ નહિ એ ચોક્કસ જ છે. એટલા જ માટે કહેવું યોગ્ય છે કે આરાધનામાં પર્વતિથિની હાનિ ન થાય તેમ વૃદ્ધિ પણ ન જ થાય. એટલે જેમ પર્વતિથિના ક્ષયની વખતે ક્ષયે પૂર્વા થી વ્યવસ્થા કરી, તેમ વૃદ્ધિમાં પણ આરાધનાની નિયમિતતા માટે વૃદ્ધૌ० થી વ્યવસ્થા કરવી જ જોઈએ. કદાચ એમ કહેવામાં આવે કે પર્વતિથિનો ક્ષય થતાં તેની આરાધના ઉડી ન જાય માટે ક્ષયે પૂર્વા ના નિયમની અવશ્ય જરૂર હોય, અર્થાત્ આરાધ્ય પર્વતિથિનો ક્ષય માનવો અથવા તેની આરાધનાનો ક્ષય માનવો એ તો ધર્મનો છાંટો પણ જેના હૃદયમાં હોય તે માની શકે જ નહિ.

**પર્વ બેવડાવનારાઓને સમજણ.**

પરન્તુ પર્વતિથિની વૃદ્ધિ થાય અને તેથી પર્વતિથિની આરાધના બેવડી થાય તો શી અડચણ છે, કે જેથી વૃદ્ધૌ, उत्तरा० ના નિયમની જરૂર પડી ? આ કથનના ટેકામાં એમ પણ કહેવામાં આવે છે કે ખરતરો તો અપર્વમાં પૌષધાદિનો નિષેધ કરે છે અને માને છે, માટે તેઓને તો પર્વતિથિની વૃદ્ધિના પ્રસંગે उत्तरा નો નિયમ કરવો વાજબી ગણાય. પરંતુ તપાગચ્છ આદિગચ્છવાળાઓ તો પર્વ અને અપર્વ બંનેમાં પૌષધાદિ કાર્યો કરવા લાયક માને છે, એટલે સામાન્ય રીતે સર્વ દિવસો પૌષધાદિથી આરાધ્ય છે, માત્ર પર્વના દિવસોમાં તે પૌષધાદિક શ્રાવકધર્મને આરાધવાવાળાને નિયમિતપણે કરવાના છે અને તેથી જ સૂત્રકારો સ્થાને સ્થાને શ્રાવકધર્મની આરાધનામાં चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु એમ જણાવી ચૌદશ આઠમ અમાવાસ્યા અને પુનમના સંપૂર્ણ પૌષધો જણાવે છે અને આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજી તો પૌષધનો અર્થ જ પર્વ (દિવસ) કરે છે અને તે પૌષધનો પર્વ દિવસ એવો અર્થ માત્ર રૂઢિથી છે. ખરો અર્થ તો આહારાદિક ત્યાગમાં છે એમ સમવાયાંગની ટીકામાં સ્પષ્ટપણે કહે છે. અર્થાત્ શ્રાવકધર્મને આરાધવાવાળાને પર્વદિવસે જરૂર પૌષધ કરવો જ જોઈએ અને એથી જ અતિચારોમાં 'પર્વતિથિએ પૌષધ ન કીધાનો' અતિચાર ગણવામાં આવે છે. અર્થાત્ જે શ્રાવકધર્મને અંગીકાર કરનાર અને પાલનાર છે તેઓએ પર્વદિવસોએ જરૂર પૌષધ કરવાનો જ છે અને જો શ્રાવકધર્મને આરાધનાર પર્વદિવસોમાં પૌષધ ન કરે તો પ્રાયશ્ચિત્ત અથવા દૂષણ છે. પરંતુ બાકીની પડવા આદિ તિથિયોમાં શ્રાવકને પૌષધઆદિ કરવાનો નિષેધ નથી, પણ અનિયમ

છે અને આજ વાત શ્રી તત્ત્વાર્થભાષ્ય તથા ટીકામાં અનિયમશબ્દથી સ્પષ્ટ પણ કહેલી છે તો પછી પર્વતિથિની વૃદ્ધિ ભલે લૌકિકટીપનાથી થતી હોય અને તે લૌકિકટીપનાં મનાયાથી પૌષધાદિક અનુષ્ઠાનો પણ બેવડાઈ જાય તો તેમાં શી અડચણ હતી કે જેથી વૃદ્ધૌ-ઉત્તરા એવો નિયમ કરવાની તપાગચ્છઆદિ ગચ્છવાળાઓને જરૂર જણાઈ ? આવું કહેનારાઓએ આગળ કહીએ છીએ તે વિચારવું જોઈએ.

તપગચ્છાદિગચ્છવાળાઓ ધર્મારાધનના પૌષધાદિક કાર્યોનો નિયમ જાળવવા માટે જેમ ક્ષયે પૂર્વા નો નિયમ માને છે, તેમ લૌકિકટિપનાને આધારે પર્વતિથિની વૃદ્ધિ થઈ જાય તેથી પૌષધાદિક અનુષ્ઠાનો બેવડા થઈ જાય, તેથી તેની વૃદ્ધિને રોકવા માટે વૃદ્ધૌ૦ નો નિયમ માનતા નથી અને પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક જેવી પ્રતિક્રમણથી નિયમિત થયેલી તિથિઓ બેવડાય ત્યારે પણ તેના પ્રતિક્રમણની નિયમિતતા માટે વૃદ્ધિમાં વ્યવસ્થા કરવી જ જોઈએ એમ માને છે.

### પર્વ બેવડાવાથી થતી અડચણ

ધ્યાન રાખવું જરૂરી છે કે એક પક્ષમાં બે પાક્ષિક પ્રતિક્રમણ, એક ચોમાસીમાં બે ચોમાસી પ્રતિક્રમણ અને એક સંવત્સરમાં બે સાંવત્સરિક પ્રતિક્રમણો થઈ શકે નહિં, કારણ કે પ્રતિક્રમણ એ પાંચે આચારના દૂષણોના પ્રાયશ્ચિત્ત રૂપ છે. પણ પૌષધાદિકની માફક કેવલ ધર્મના પોષણ રૂપ નથી અને તેથી એક પ્રાયશ્ચિત્તને બદલે પ્રાયશ્ચિત્ત લેવાદેવાવાળો જેમ વિરાધક અને મિથ્યાત્વી ગણાય, તેમ પાક્ષિકાદિ પ્રતિક્રમણો પણ જે બેવડાં કરે તે વિરાધક, અને મિથ્યાત્વી થાય અને આટલા માટે તો ચોથની સંવચ્છરી પરંપરાગત ચલાવવી પડી જો એમ એક વર્ષમાં બે વખત સંવચ્છરીઆદિ પ્રતિક્રમણો થઈ શકતાં હોત તો શ્રીકાલિકાચાર્ય મહારાજ આદિ સકલસંઘ જે વર્ષે ચોથની સંવચ્છરી કરી, તેને બીજા વર્ષે ભાદરવા સુદ ચોથ અને પાંચમ એમ બે દિવસ સંવચ્છરી પ્રતિક્રમણ કરી લેત એટલે ન તો ૩૬૧ દિવસ થાત. અને ન તો અપર્વમાં પર્યુષણ કરવાની પરંપરા પણ રહેત.

### પર્વતિથિની આરાધના ઉડાવાય નહિ.

આ ઉપરથી એ પણ એક વાત નક્કી થાય છે કે સંવચ્છરીને પર્વમાંથી અપર્વમાં લઈ જવી પાલવી, પણ મર્યાદા ઓલંઘવી ન પાલવી! આ વાત ધ્યાનમાં ન લેતાં બીજી બાજુ ઉદયની મર્યાદા કે જે પ્રકરણોથી સાક્ષાત્ કહેવાય છે અને સમાપ્તિ તથા ભોગવટો કે જે માત્ર સિદ્ધવસ્તુને સાધવા માટે યુક્તિ તરીકે ગ્રંથકારોએ લીધાં છે, તેને પલટાવવાના ભય માત્રથી પર્વતિથિયોની આરાધના ઉડાવવા તૈયાર થવું એ કોઈ પણ પ્રકારે આરાધકપુરુષને શોભતું ગણાય નહિં. વળી આરાધના ઉડાવાય અને સાથે કુતર્કો કરાય કે પાંચમ અને રોહિણીએ તપ કરતો હોય અને તે બંને એક દિવસે આવે તો એક જ ઉપવાસે બંનેની આરાધના થાય છે, એવી રીતે એક તિથિના સંબદ્ધતપની વસ્તુ લઈને તથા અસંબંધતપનાં દ્રષ્ટાન્તો લઈ કુતર્ક કરાય છે, તે તો ખરેખર

અભિન્નિવેશની સ્થિતિમાં જ જવાય છે, અને એ ચોક્કસ સમજાય તેવું છે ! તત્ત્વમાં એટલું જ કે પાક્ષિક ચઉમાસી કે સંવચ્છરી પ્રતિક્રમણો પક્ષ આદિમાં બે વખત થાય જ નહિં, તેથી તપાગચ્છઆદિવાળાને પર્વતિથિની વૃદ્ધિને લીધે પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો બેવડાયાં તો પાલવે જ નહિ. વળી પર્વતિથિની વૃદ્ધિ માનીને અનુષ્ઠાન બેવડાવવા જતાં કોઈક વ્યક્તિ ઉભયપર્વની આરાધના નિયમિત કર્તવ્ય તરીકે સમજી પર્વારાધનથી ચ્યુત થાય, કોઈ વ્યક્તિ સંદિગ્ધ થઈ જાય, કોઈ અનિયમિત થઈ જાય, કોઈ વળી ઉભયને સરખી ગણી પ્રથમને આરાધે અને બીજો દિવસ જે પર્વનો હોય તેની વિરાધના કરનાર થાય, માટે પણ પર્વતિથિની વૃદ્ધિ થાય ત્યારે આરાધનાની વૃદ્ધિ ન માનતાં તેની નિયમિતતા કરવી જોઈએ.

## માસની વૃદ્ધિમાં વાર્ષિક અનુષ્ઠાનો દ્વિતીયમાસમાં જ હોય.

આ સ્થાને યાદ રાખવાની જરૂર છે કે જૈનજ્યોતિષ પ્રમાણે પોષ અને આષાડ એ બે માસની જ વૃદ્ધિ હોય છે અને જ્યારે આષાઢ બે હોય છે ત્યારે બીજા આષાઢમાં જ ચોમાસી પ્રતિક્રમણ થાય છે, તેમજ લૌકિકટીપના પ્રમાણે જો કે ચૈત્રમાસ આદિની વૃદ્ધિ થાય છે, તો પણ જ્યારે ભાદ્રપદની વૃદ્ધિ હોય છે ત્યારે બીજા ભાદ્રપદમાં જ પર્યુષણ થાય છે તેથી આરાધનાને માટે તો બીજો માસ જ કામનો રહ્યો છે. છતાં તે પહેલા આષાઢને કંઈ જેઠમહિનાને નામે ઓળખાવતા નથી તથા પહેલા ભાદરવાને શ્રાવણને નામે ઓળખાવતા નથી, પરંતુ તેને આષાઢ અને ભાદરવાના નામે જ ઓળખાવવામાં આવે છે તો પછી આઠમ, આદિ પર્વતિથિયો બેવડી હોય ત્યારે **वृद्धौ कार्या तथोत्तरा** એ વચનથી બીજી આઠમ વિગેરે આરાધ્ય ગણવી એમાં મતભેદ નથી, પરંતુ પહેલી આઠમ વિગેરેને સાતમ આદિરૂપ અપર્વતિથિ તરીકે કેમ ગણાય ? આવી શંકાના સમાધાનમાં સમજવાનું કે પ્રથમ તો શાસ્ત્રકારોએ અધિક માસને જ કાલચૂલા તરીકે ગણ્યો છે, પરંતુ દશવૈકાલિક આચારાંગ કે નિશીથ વિગેરે કોઈપણ શાસ્ત્રકારે તિથિને ચૂલા તરીકે ગણી જ નથી.

## માસ વૃદ્ધિ શાથી ?

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે મહિનાનો આધાર સંક્રાંતિ ઉપર રહેલો છે. તેથી જ્યેષ્ઠ અને શ્રાવણની સંક્રાંતિઓ ચાલી ગયા પછીની સંક્રાન્તિ લંબાવાથી માસની વૃદ્ધિ થાય છે, પણ તિથિની વૃદ્ધિ તો તિથિના માન ઉપર રહે છે, ખરતરો વધેલી તિથિઓમાં પહેલી તિથિયોને પર્વતિથિ તરીકે માને છે, તેઓને સમજાવવા માટે બે આઠમ વિગેરે જે વાક્યો વપરાય છે અને પહેલાનો અનાદર કરવા માટે જે સમાપ્તિનો હેતુ કહેવાય છે તેને અન્યત્ર લગાડનારો મનુષ્ય ખરેખર માનાં લુગડાં બાપને પહેરાવનાર જેવો થાય છે. ધ્યાન રાખવું કે અધિક માસમાં સંક્રાંતિનું બેવડાપણું

નથી, પણ તિથિની વૃદ્ધિમાં તો સૂર્યોદય બેવડાય છે ! વળી ગુજરાતી માસની અપેક્ષાએ બધા કૃષ્ણપક્ષો સંક્રાંતિ પછીના જ હોય છે, માટે તિથિયોના હેતુઓ માસમાં કે માસના હેતુઓ તિથિયોમાં લગાડી શકાય જ કેમ?

## ખરતરોની વાત આગળ કરનારાઓને

ખરતરોની ચર્ચાને અંગે કહેવાતી પહેલી આઠમ વિગેરે શબ્દો પકડનારે સમજવું જોઈએ કે ચઉદશનો ક્ષય હોય ત્યારે ટીપનાની અપેક્ષાએ તો તેરશ ઉદયવાળી છે અને તે તેરશને અંગે જે સુયોગ અથવા કુયોગ થાય તે મુહૂર્ત્ત આદિમાં ગણાય છે છતાં આરાધના કરનારની અપેક્ષાએ તો ચઉદશનો ક્ષય હોય ત્યારે તેરશને તેરશ તરીકે ગણનાર અને કહેનાર મૂર્ખશિરોમણિ ગણાય ! એમ શાસ્ત્રકારો સ્પષ્ટપણે કહે છે, તેવી જ રીતે અહિં ખરતરો કે જે શ્રીઉમાસ્વાતિવાચકજીના क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा એ પ્રઘોષને બરોબર માનતા નથી અને પર્વતિથિની વૃદ્ધિમાં પહેલી તિથિને જ પર્વતિથિ તરીકે માને છે અને આરાધના કરે છે તેઓની સાથે ચર્ચા કરતા ચર્ચાને અંગે પહેલી આઠમ, પહેલી ચઉદશ, પહેલી પુનમ ઈત્યાદિક શાસ્ત્રોમાં કહેલા વાક્યોને વળગીને બે પર્વ તિથિયો આરાધનાના અધિકારમાં ગણાવવા માગે તેવાઓને સાચો રસ્તો ક્યારે સૂઝશે તે તો જ્ઞાની જ જાણે !!! क्षये० ના પ્રઘોષનો જુનામાં જુનો ઉલ્લેખ જો કોઈ પણ ગ્રંથમાં હોય તો માત્ર આચાર્ય શ્રી રત્નશેખરજીએ કરેલ શ્રાદ્ધવિધિમાં છે.

જો કે ખરતરોના જિનપ્રભની વિધિપ્રપામાં પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની તિથિ કરવી એવો લેખ સ્પષ્ટ છે, પણ દરેક તિથિના ક્ષયની વખતે તેઓને તેમ પર્વની તિથિ કરવી નથી અને વૃદ્ધિમાં તો કોઈ વખત ભૂલે ચૂકે પણ બીજી તિથિ કરવી નથી ! તેથી તેઓ क्षये पूर्वा० ના પ્રઘોષને માને જ શી રીતીએ ? કેમકે ખરતરો જો આ પ્રઘોષને માને તો તેઓથી ચઉદશના ક્ષયે પુનમે ચઉદશ થઈ શકે જ નહિં ! તેમજ બીજા આષાઢ માસની ચઉમાસીને માનવાવાળા છતાં તિથિની વૃદ્ધિમાં પહેલી તિથિને આરાધવાનું પણ તેઓથી બની શકે જ નહિ. તત્ત્વ એટલું જ કે ખરતરોની વિધિપ્રપામાં ક્ષયમાં પૂર્વની તિથિ લેવી એ વાત પણ અર્ધજરતીય રીતીએ જ લીધી છે, એટલે કે क्षये० ના પ્રઘોષને માન્યા સિવાય કલ્પિત પણે લીધી છે, તેઓ વિધિ પ્રપાનુસાર જ અષ્ટમીના ક્ષયની વખતે સપ્તમીને દિવસે અષ્ટમી છે, એમાં ના કહી શકતા નથી, પરંતુ અષ્ટમીનો ભોગ શરૂ થયા પહેલાં સૂર્યોદયની વખતે તો સપ્તમી છે છતાં તે વખત પણ અષ્ટમી છે એમ શા આધારે તે વિધિપ્રપાકાર માને છે ? તેનો ખુલાસો ખરતરો કરી શકે તેમ નથી. તે તો વિધિપ્રપાને કરનાર જ જાણે.

## વિધિપ્રપાકાર ક્યારથી ?

આ ઉપરથી એમ અનુમાન તો જરૂર થાય છે કે વિધિપ્રપાકાર ખરતરગચ્છના જિનપ્રભની વખત, અર્થાત્ તેરમી ચઉદમી સદીમાં અથવા ખરતરોની ઉત્પત્તિ જે ૧૨૦૪માં જિનદત્તથી થઈ

તે વખતે પણ આ ક્ષયે૦ નો પ્રઘોષ તો બધા જૈનોમાં મશહુર જ હતો. વળી જિનદત્તની પહેલાં જો શ્રી ઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ નહિં ચાલતો હોત અથવા તો તે જીનદત્તના મત પ્રમાણે જૈનો પ્રવર્તમાન હોત તો તે શાસનની વિરુદ્ધ થનાર જિનદત્તને વૃદ્ધિમાં પહેલી તિથિ પ્રવર્ત્તાવવાનો ઉદ્યમ કરવો પડત નહિ, આ બધું વિચારનારને સ્પષ્ટપણે માલમ પડશે કે શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજનો ક્ષયે૦ વાળો પ્રઘોષ તો અગ્યારમી સદીથી ચાલુ હશે ! પરંતુ તે પ્રઘોષના સ્પષ્ટપણે ક્ષયે૦ આદિ અક્ષરો તો શ્રાદ્ધવિધિથી પહેલાના કાલના ગ્રંથમાં ઉપલબ્ધ નથી. એટલે કે શ્રી શ્રાદ્ધવિધિમાં આ પ્રઘોષના મૂળ અક્ષરો છે, અને બાકીના બધા ગ્રંથોમાં આ પ્રઘોષના અક્ષરો તે શ્રાદ્ધવિધિથી પછીના જ છે. આ ઉપરથી એ નક્કી થયું કે શ્રી શ્રાદ્ધવિધિમાં જણાવેલા **क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा०** એ પદો અને અક્ષરો જ મૂલરૂપ છે, અને પછીથી જે **ग्राह्या** પદનો **श्रीमद्वीरस्य निर्वाणं** પદવાળો **पूर्वा तिथिः** વાળો અને **लोकानुसारतः** વાળો જે પદપરાવર્તવાળો સ્થાનપરાવર્ત્તવાળો પાઠ કહેવાય છે તે બધાનું મૂલ શ્રી શ્રાદ્ધવિધિનો **क्षये पूर्वा तिथिः कार्या,** તથા **श्रीवीरज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह ॥१॥** આ પ્રમાણેનો પાઠ જ છે, એમાં કોઈપણ સજ્જનથી ના પાડી શકાય તેમ નથી.

### કલ્યાણકો પણ પર્વરૂપે ગણાય

આ કારણથી આ પ્રઘોષવાળા શ્લોકનો અર્થ પહેલા ધ્યાનમાં લેવાની જરૂર છે. પ્રથમ તો આ પ્રઘોષવાળો શ્લોક શ્રી શ્રાદ્ધવિધિમાં દિનકૃત્ય, રાત્રિકૃત્યમાં આપેલો નથી, પરંતુ પર્વકૃત્યમાં આપેલો છે તેથી તે પાઠ ત્યાં જણાવેલી બીજ પાંચમ આદિ પાક્ષિક છ પર્વતિથિયો અને ચૌમાસી સંવચ્છરી આદિ વાર્ષિકતિથિયોને લાગુ પડે છે. તેથી જેઓ 'બીજ પાંચમઆદિ પાક્ષિક તિથિયોને જ આ પ્રઘોષ લાગુ થાય છે, પરન્તુ ભાદરવા સુદ ચોથ આદિ સંવચ્છરી આદિની તિથિયોને લાગુ થતો નથી' એવી માન્યતાવાળા છે તેઓએ યથાસ્થિત વસ્તુ સમજવાની જરૂર છે !!! જો કે ભગવાન્ અરિહંત મહારાજાના ચ્યવન આદિ પાંચે કલ્યાણકોને પર્વતિથિ તરીકે ગણવા એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને તેથી જ કલ્યાણકની તિથિમાં હાનિ કે વૃદ્ધિ આવે છે ત્યારે પણ ક્ષયે૦ ના પ્રઘોષને આરાધવાવાળા લાગુ કરે જ છે, પરંતુ તિથિયોમાં વધારેમાં બે પર્વતિથિયો જો કે આવે છે, અને કલ્યાણકોની પર્વતિથિયો વધારે પણ જો કે આવે છે, તેમાં વળી પાક્ષિકાદિ પર્વતિથિ અને કલ્યાણકપર્વતિથિની સાથે વિવક્ષા કરીયે તો ઘણી પર્વતિથિયો જો કે વધારે આવી જાય છે અને તેવી વખતે **क्षये पूर्वा०** ના પ્રઘોષને લાગુ કરી શકાય નહિ તેથી અર્ધજરતીય ન્યાય જ ક્ષયે૦ ના પ્રઘોષને માનવામાં તપાગચ્છાદિ ગચ્છવાળાઓને પણ આવી પડે. પરંતુ ધ્યાન રાખવાની જરૂર છે કે અષ્ટમીઆદિ પક્ષ તિથિયો અને ચૌમાસી આદિ વાર્ષિક તિથિયો પૌષધ, સચિત્તત્યાગ, બ્રહ્મચર્ય, સાવદ્યારંભવર્જન

આદિ દિવસ પ્રતિબદ્ધકાર્યોથી આરાધવાની છે, એમ શ્રાદ્ધવિધિની **पव्वेसु पोसहवयं** એ ગાથામાં સ્પષ્ટપણે જણાવે છે, એટલે એ પાક્ષિક આદિ પર્વતિથિયો તો પૃથક્ પૃથક્પણે આરાધવી જ જોઈએ અને તેથી તેમાં તો **क्षये पूर्वा** અને **वृद्धौ उत्तरा** નો નિયમ લાગુ કરવો જ જોઈએ. કારણ કે જો પક્ષઆદિમાં તે ક્ષયે૦ વાળો નિયમ ન રાખે તો પૌષધાદિ અનુષ્ઠાનનો તો લોપજ થાય. આથી આ વાત તો સુજ્ઞવાચકો સહેજે સમજી શકશે, કે શાસ્ત્રકારોને પર્વતિથિના ક્ષયે પણ પર્વાનુષ્ઠાનનો લોપ તો માનવો જ નથી અને તેથી તો ક્ષયે૦ ના પ્રઘોષને આગળ કરવો પડ્યો છે.

ભાદ્રશુક્લા પંચમીનો ક્ષય ન કરાય !

જ્યારે લૌકિકપંચાંગમાં પર્વતિથિનો ક્ષય થવા છતાં તે પર્વતિથિના પૌષધાદિ અનુષ્ઠાનને તો ઉડાવાય જ નહિ એ સિધ્ધાંત રહે અને તે સિધ્ધાન્તના રક્ષણ માટે આરાધનામાં પર્વતિથિનો ક્ષય હોય જ નહિ એમ સિદ્ધાંત મનાય, અને તેના રક્ષણને માટે જ જ્યારે ક્ષયે૦ ના પ્રઘોષને માન્ય કરવામાં આવે, તો પછી પર્વતિથિ જે ભાદરવા સુદ પાંચમ આદિ છે, તેનો ક્ષય માનવા તૈયાર થવું એ શાસ્ત્ર અને પરંપરાના વિરાધક થવાનો જ રસ્તો છે કે બીજું કાંઈ ? બીજા પર્વના ક્ષયને માનવામાં ક્ષયે૦ માં અડચણ ન ગણવી, કે પહેલાના પર્વમાં જ તે બીજા પર્વને સમાવી દઈ તે બીજા પર્વની આરાધનાનો ક્ષય માનવો, તે શ્રી ઉમાસ્વાતિવાચકજી અને શ્રી રત્નશેખરસૂરિજીઆદિને તેમના વચનોદ્વારાએ ન માનવા જેવું જ છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે પર્વ તરીકે ચોમાસી અને સંવચ્છરીને લઈને પછીથી જ આસો, ચૈત્ર, ત્રણ ચોમાસી અને સંવચ્છરીની એમ છ અઠાઈઓ તો ભિન્ન લે છે ! એટલે પણ સુજ્ઞ મનુષ્યો તો સહેજેજ સમજી શકે કે ચોમાસીઆદિ પર્વોના માટે તો ક્ષયે૦ નો પ્રઘોષ લગાડી શકાય પરંતુ આખી આઠે દિવસની અઠાઈને માટે તે પ્રઘોષ લગાડી શકાય જ નહિ.

અઠાઈઓની શરૂઆતમાં પણ અનિયમિતતા હોય.

કારણ કે ચોમાસી આદિને માટેનો દિવસ તિથિથી નિયમિત છે, પણ ચોમાસીઆદિ અઠાઈયો તિથિયોથી નિયમિત નથી, કિન્તુ તે તો આવતી ચૌદશ કે પુનમની પર્વતિથિની અપેક્ષાએ જ નિયમિત છે. એટલે તો તે અઠાઈયોમાં ચઉદશ પુનમ અને ચોથ પાંચમ અન્ત્ય તિથિયો તરીકે આવે એવી રીતે અઠાઈઓ બેસાડાય છે. અર્થાત્ અઠાઈયોના આઠ દિવસોની તિથિયો નિયમિત નથી, અને તેથી કોઈક વખતે અઠાઈઓ છઠ અને અગીઆરસથી પણ બેસે છે અને કોઈક વખત આઠમ અને તેરસથી પણ બેસે છે. અર્થાત્ અઠાઈઓમાં કોઈ પણ તિથિનો ક્ષય હોય છે ત્યારે તેની આરાધના ભેળી કરી દેવાતી નથી. પુનમ કે પાંચમ તેમજ ચઉદશ કે ચોથના ક્ષયે કે કોઈપણ તિથિના ક્ષયે તેની આરાધના ભેળવી દઈને એક તિથિમાં બે પર્વો આરાધવામાં આવતાજ નથી, તેથી જ અઠાઈના અંત્ય કે અપર્વતિથિ પુનમ

કે પાંચમ સુધીમાં કોઈ પણ તિથિનો ક્ષય હોય છે, ત્યારે અઠાઈયોને સાતમ અને બારસ કરતાં એક દિવસ વ્હેલી બેસાડવી જ પડે છે અને જ્યારે પુનમ કે પાંચમ સુધીના દિવસોમાં કોઈ પણ તિથિની વૃદ્ધિ હોય છે ત્યારે તે વધેલી તિથિયો તે પર્વતિથિ કે અપર્વતિથિ હોય તો પણ તેને ખોખું ન માનતાં અઠાઈના હિસાબમાં લઈ એક દિવસ મોડી એટલે આઠમ કે તેરસથી અઠાઈયો શરૂ કરવી પડે છે.

### આચાર્ય ભગવાન્ શ્રી હીરસૂરિજી મહારાજ શું કહે છે ?

આવી રીતે સર્વત્ર રૂઢી ચાલે છે અને તેમાં આ રૂઢિ નવીન અને અશાસ્ત્રીય છે એમ નથી. કારણ કે શ્રીહીરસૂરિજી મહારાજની વખતે છઠને અંગે જે પ્રશ્ન ચાલ્યો છે તેજ કહી આપે છે કે આખી અઠાઈની તિથિયોમાં ક્ષય, કે વૃદ્ધિ થવાનો નિષેધ ન હતો. તેમાં પણ પર્વતિથિ ભેળી કરી દેવાનો કે ખોખા પર્વ માનવાનો તો નિષેધ જ હતો. જુઓ તે પ્રશ્ન ગ્રંથમાં કહે છે કે - यदा चतुर्दश्यां कल्पो वाच्यते अमावास्यादिवृद्धौ वा अमावास्यां प्रतिपदि वा कल्पो वाच्यते જ્યારે ચઉદશે કલ્પ વંચાય અથવા અમાવાસ્યાદિની વૃદ્ધિ હોય અને અમાવાસ્યા અથવા પડવાને દિવસે કલ્પ વંચાય ! એટલે કે કલ્પસૂત્રનું વાંચન શરૂ થાય. આ પ્રશ્નમાં સ્પષ્ટશબ્દોથી અમાવાસ્યાદિથી સંવચ્છરી સુધી કોઈપણ તિથિની આરાધનામાં વૃદ્ધિ જણાતી નથી. એટલું જ નહિં, પણ અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે ટીપનાની બીજી અમાવાસ્યા આઠમ આદિમાં શ્રી હીરસૂરિજી મહારાજ જે અનેક જગા પર औदयिक શબ્દથી બીજી જ અમાવાસ્યામાં જણાવે છે. છતાં શ્રીહીરસૂરિજીના ગ્રંથમાં નથી તો લખતા द्वितीयामावास्यायां અથવા નથી તો લખતા औदयिक्यमावास्यायां, પરંતુ સામાન્ય अमावास्यायां એમજ લખે છે, તે જણાવે છે કે ટીપનામાં અમાવાસ્યાની વૃદ્ધિ હોય અથવા પ્રશ્નના કે ઉત્તરના અંગે પહેલી અમાવાસ્યા અને ઔદાયિકી અમાવાસ્યા વિગેરે બોલાય, તો પણ વ્યવહારમાં તો બે અમાવાસ્યા થાય જ નહિ. અર્થાત્ ખોખાપુનમ કે ખોખાઅમાવાસ્યાદિ કહેવાય જ નહિં.

### ચઉદશ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ ત્રયોદશીની જ ક્ષયવૃદ્ધિ થાય

એટલે સ્પષ્ટ થયું કે અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે પહેલી તેરસે પર્યુષણ બેસે અને બીજી તેરશે પારણાં આવે. પછી ચઉદશે પક્ખી થાય અને અમાવાસ્યાએ કલ્પધર આવે અને તે અમાવાસ્યા એકજ મનાઈ, તેથી કંઈ વિશેષણ આપ્યું જ નહિં. વળી ચઉદશની હાનિ વૃદ્ધિનો જે પશ્ન અહિં નથી કર્યો તે પણ સૂચવે છે કે ઔદયિક ચઉદશ જ ચઉદશ તરીકે મનાઈ હતી. કેમ કે જો બે ચઉદશો થતી હોત તો સામાન્ય રીતે ચઉદશ અમાવાસ્યાના છઠ્ઠ કરનારને ઔદયિકી ચઉદશ અને અમાવાસ્યાનો છઠ્ઠ થાત ! તો તે પણ નથી થયો ! એટલે કહેવું જ પડશે કે આરાધનામાં બે ચઉદશો માનવામાં

આવી જ નથી. વળી અમાવાસ્યાદિના ક્ષયે જ્યારે કલ્પવાંચનઆરંભ ચઉદશે આવે ત્યારે ચઉદશ અમાવાસ્યાને ચઉદશ પુનમની જેમ ભેળી કરે તો चतुर्दश्यमावास्योः એમ પણ કહેવું પડત. કહો કે નથી તો કહ્યું त्रयोदशीचतुर्दश्योः અને નથી તો કહ્યું चतुर्दश्यमावास्योः પરંતુ એકલું चतुर्दश्यां જ કહે છે. તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે ચઉદશના ક્ષયે તેરશને તેરશ ગણવામાં ન્હોતી આવતી અને તેને એકલી ચઉદશ જ કહેવામાં આવતી હતી. એટલે કહો કે સ્પષ્ટ રીતે ચઉદશના ક્ષયે તેરસનો ક્ષય જ કરાતો હતો, તેમજ ચઉદશ કે અમાવાસ્યાની વૃદ્ધિએ પણ તેરશની જ વૃદ્ધિ કરાતી હતી. વળી અમાવાસ્યાની પછીની પડવાઆદિ તિથિનો ક્ષય હોય અને અમાવાસ્યાની વૃદ્ધિ હોય તો કલ્પવાંચન તેઓની ફલ્ગુ અમાવાસ્યાએ આવે. છતાં તે ફલ્ગુ અમાવાસ્યાના વાંચનનો પ્રશ્ન પણ નથી. તે ઉપરથી પણ નક્કી થાય છે કે ફલ્ગુ અમાવાસ્યા મનાતી ન્હોતી તેવી પડવાઆદિ કોઈપણ તિથિનો ક્ષય હોય અને ચઉદશની વૃદ્ધિ હોય ત્યારે બીજી ચઉદશે જ કલ્પવાંચન આવે, છતાં औदयिकी ચઉદશને નામે જુદો પ્રશ્ન કર્યો નથી. તેથી પણ નક્કી થાય છે કે કોઈપણ ચઉદશ અમાવાસ્યાને આરાધનામાં બેવડી માનતા નહોતા, પરંતુ ચઉદશ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ જ માનતા હતા.

તેથી ચોક્ખી રીતે પડવાથી કે ચઉદશથી કોઈપણ તિથિનો ક્ષય કે ચઉદશ અમાવાસ્યાની તે સાથે અગર તે ક્ષય વિના વૃદ્ધિ હોય તો પણ चतुर्दश्यां અને अमावास्यायां એમ નિર્વિશેષપણે ચઉદશ અને અમાવાસ્યા જણાવી છે.

### બે ચઉદશ કે બે અમાવાસ્યા હોય જ નહિ.

તેથી સ્પષ્ટ થાય છે કે તે વખતે બે ચઉદશ અથવા બે અમાવાસ્યા માનીને ખોખા ચઉદશ અથવા ખોખા અમાવાસ્યા માનવામાં આવતી ન્હોતી, તેમજ ચઉદશ અમાવાસ્યા ભેળી પણ માનવામાં આવતી ન્હોતી !!! કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે "જો અમાવાસ્યાને બેવડી માનવામાં ન આવતી હોત તો આમાવાસ્યાના કલ્પારંભમાં હંમેશના પજ્જુષણની માફક અમાવાસ્યાની વૃધ્ધિએ બે તેરસ કરવાની પરંપરા પ્રમાણે તેરસની વૃધ્ધિ કરવામાં આવતી હોત તો ચઉદશ અને અમાવસ્યાનો છઠ તો સહેજે જ આવી જાત ! એટલે તે પ્રશ્નને અવકાશ જ રહે નહિં, પરંતુ અમાવાસ્યાની વૃધ્ધિએ અમાવાસ્યાનો કલ્પધર ગણીને છઠનો પ્રશ્ન કર્યો છે એટલે નક્કી થાય છે કે શ્રી હીરસૂરિજીની વખત અમાવાસ્યાની વૃદ્ધિ મનાતી હતી પણ અમાવાસ્યાની વૃદ્ધિથી તેરસની વૃદ્ધિ થતી ન્હોતી ! અર્થાત્ ચઉદશનો કલ્પધર હોય ત્યારે તેરસ ચઉદસનો છઠ કરવાથી અમાવાસ્યાની તિથિએ ખાધાવાર આવે. બે અમાવાસ્યા હોય અને બીજી અમાવાસ્યાએ કલ્પધર આવે એટલે ફલ્ગુ અમાવાસ્યા અને બીજી અમાવાસ્યાનો છઠ થવાથી ચઉદશે ખાધાવાર આવે. વળી પડવાની વૃદ્ધિ હોય

ત્યારે પહેલે પડવે કલ્પધર આવવાથી અમાવાસ્યા અને પહેલા પડવાનો કલ્પધર થવાથી ચઉદશે ખાધાવાર આવે માટે આ પ્રશ્ન છે અને તેથી એમ સાબીત થાય છે કે શ્રી હીરસૂરિજી મહારાજની વખત અમાવાસ્યાની વૃદ્ધિ થતી હતી." આવી રીતનું વાદિનું આ કથન કોઈપણ પ્રકારે વ્યાજબી નથી !!! કારણ કે પ્રથમ તો શાસ્ત્રોથી પક્ખીએ અને કલ્પધરેજ ઉપવાસનો નિયમ ગણાય. અમાવાસ્યાના ઉપવાસનો નિયમજ નથી. જો અમાવાસ્યાએ ઉપવાસનો નિયમ માનીયે, તો પુનમે ઉપવાસનો નિયમ માનવો જ પડે અને જો ચઉદશ અને અમાવાસ્યા કે ચઉદશ પુનમના ઉપવાસોના નિયમો માનીએ તો

अट्ठमीचउद्दसीसुं पच्छित्तं जइय न कुणइ चउत्थं

ઈત્યાદિક વાક્યોથી શાસ્ત્રકારો પક્ખીનો એક ઉપવાસ જે જણાવે છે તે ખોટું થઈ જાય. એટલું જ નહિં પરંતુ પક્ખીને અંગેજ છઠનો નિયમ શાસ્ત્રકારોને માનવો પડત. શાસ્ત્રકારોએ તો છઠનો નિયમ ચોમાસીને અંગે રાખ્યો છે, આથી અમાવાસ્યાના દિવસે ખાધાવાર આવી જાય માટે આ પ્રશ્ન થયો છે, એમ કહેવું એ કેવલ ખોખાવાદની કલ્પનાને લીધે જ છે.

## છટ્ઠનો નિયમ ચોમાસીને અંગે છે.

વળી જો અમાવાસ્યાના ખાધાવારને રોકવા આ પ્રશ્ન હોત તો ઉત્તરમાં અમાવાસ્યાના ખાધાવારને રોકવાનો રસ્તો લીધો હોત, અથવા તિથિવૃદ્ધિ કે હાનીને લીધે અમાવાસ્યાએ ખાધાવાર આવે તેમાં નિરૂપાયતા જણાવત, છેવટે એટલું તો ચોક્કસ જણાવત કે અમાવાસ્યાએ ઉપવાસ ન આવે તો પણ છુટા તો ન જ રહેવું. વળી એ પણ ચોક્ખું જ છે કે શ્રી હીરસૂરિજી મહારાજ માત્ર દિવસ એટલે તિથિની નિયમિતતા નથી એટલો જ ઉત્તર દે છે, અર્થાત્ કોઈપણ બે તિથિ લઈને છઠ કરવાનું જણાવે છે. એટલું જ નહિં, પણ 'અમુક દિવસો લઈને જ છઠ કરવાનું કહે' તેઓને મીઠાશબ્દોથી પણ આગ્રહવાળા ઠરાવે છે. આ ઉપરથી સ્પષ્ટપણે એમ સમજાય છે કે તે વખતે કેટલાકો પ્રતિવર્ષના રીવાજ પ્રમાણે ચઉદશ અને અમાવાસ્યા એ બે દિવસનો છઠ કરવામાં આગ્રહવાળા હશે અને તેઓને તેવો આગ્રહ કરવાની શ્રી હીરસૂરિજીએ મનાઈ કરી. અર્થાત્ ચઉદશે કલ્પ વંચાય અને તેરશ ચઉદશનો છઠ થાય તો પણ અડચણ નથી. અમાવાસ્યાએ કલ્પધર હોય અને ચઉદશ અમાવાસ્યાનો છઠ થાય તો પણ ઠીક છે, પડવે કલ્પવંચાય અને તેથી તેરશ ચઉદશનો છઠ થઈ જાય અને પડવાનો એક ઉપવાસ થઈ જાય તોપણ અડચણ નથી, વિગેરે વિગેરે જણાવવા સ્પષ્ટ શબ્દોમાં તેમ જણાવ્યું કે છઠ કરવામાં દિવસનો અને તિથિનો નિયમ નથી. વળી અમાવાસ્યાના આધારને અંગે પ્રશ્ન થાત જ નહિ. કારણ કે ચઉદશ અમાવાસ્યાનો છઠ થાત એટલે અમાવાસ્યાએ ખાધાવાર આવતજ નહિ. પરંતુ આ પ્રશ્ન જ અમાવાસ્યા કે ચઉદશના ખાધાવારનો નથી.

(અપૂર્ણ)

(અનુસંધાન પેજ નં. ૨૫૭)

# તીર્થયાત્રા-સંઘયાત્રા (ગતાંકથી ચાલુ)

આ કારણથી જેઓ આગમાદિકની મહત્તાને માને તેઓ જો ત્રિલોકના તીર્થંકરભગવાન્‌ની મહત્તાને સમજવામાં નિષ્ફળ નિવડે તો એમ કહેવુંજ જોઈએ કે અજવાળાની મહત્તા સમજનારો સૂર્યની મહત્તા સમજવામાં નિષ્ફળ નિવડ્યો, જેમ અજવાળાનો આવિર્ભાવ સૂર્યને આધારે છે, તેવીજ રીતે સર્વક્ષેત્રમાં ધર્માદિના આધારરૂપ ઉપર જણાવેલું પુસ્તક છે તેનો આધાર પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌જ છે, વચન કરતાં વક્તાની મહત્તા નહિં સમજનારા મનુષ્યો જેમ દુનિયાદારીમાં લાયકાતને ધરાવનાર ગણાય નહિં, તેવીજ રીતે આગમ શાસ્ત્ર અને ગ્રંથની મહત્તા માનવાવાળો છતાં પણ જો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મહત્તાને ન માને અને ન સમજે તો જૈનજનતામાં ગણવાને માટે પણ તેની લાયકાત રહે નહિ; જો કે કેટલાકો આગમના પ્રણેતા તરીકે તીર્થંકર ભગવાન્‌ને માનીને તેમની તરફ નમસ્કારઆદિદ્વારાએ બહુમાન કરવામાં તૈયાર રહે છે, પરન્તુ તેઓ વર્તમાનકાલમાં नमो अरिहंताणं આદિદ્વારાએ પણ જે અરિહંત ભગવાનને નમસ્કાર કરે છે તે કેવલ આકાશમાં માથું હલાવવાનું છે, આટલાજ માટે આચાર્ય મહારાજ શ્રીજીનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજે અરિહંતશબ્દથી અરિહંતના આકારવાળી સ્થાપના ગણી છે અને તેને નમસ્કાર થયો એમ જણાવ્યું છે.

### નમો અરિહંતાણં બોલવાનું તાત્પર્ય શું ?

સામાન્ય રીતે જગત્‌માં પણ જે વસ્તુ અને જે મનુષ્યનું નામ યાદ કરીએ છીએ તે મનુષ્યનો આકાર મગજમાં આવ્યા વિના રહેતોજ નથી, એટલે અરિહંતને ઓળખાવનારા મનુષ્યો જે વખતે नमो अरिहंताणं બોલે કે ગણે તે વખત તેના મનમાં તો અરિહંત ભગવાન્‌ની આકૃત્તિ આવ્યા વિના રહેવાનીજ નથી. જગતમાં કોઈપણ વસ્તુનું પ્રતિબિંબ આંખમાં પડયા સિવાય જેમ ચક્ષુ દેખવાના સ્વભાવવાળી છતાં પણ દેખી શકે નહિ, તેમ અરિહંત મહારાજને નમસ્કાર કરનારો મનુષ્ય અરિહંતમહારાજનું કલ્પનામાં સ્વરૂપ સ્થાપ્યા સિવાય અરિહંતમહારાજને નમસ્કાર કરવા માટે नमो अरिहंताणं બોલી શકે નહિ. કદાચ કહેવામાં આવે કે માનસિક કલ્પનામાં આવતી અને ચક્ષુમાં પ્રતિબિંબિત થતી અરિહંતની સ્થાપનાને અમે જો રોકવા જઈએ તો અમારે શૂન્ય મનસ્ક કે અંધજ થવું જોઈએ, માટે તે માનસિક કલ્પનામાં આવતી આકૃતિ અને ચક્ષુમાં આવતી આકૃતિ રૂપી સ્થાપના ભલે અમારા માટે જરૂરી હોય, પરન્તુ બાહ્ય પત્થરાદિક પદાર્થોમાં ઉપજાવેલી આકૃતિને માનવા અમે તૈયાર નથી, એમ કહેવાવાળાએ પ્રથમ તો બાર પર્ષદાની દેશના માટે સમવસરણમાં થતું જીનેશ્વરભગવાનનું ચતુર્મુખપણું વિચારવું જોઈએ, જો તે સમવસરણમાં મૂલ અને બાહ્ય પ્રતિબિંબ વચ્ચે એક અંશે પણ ફેર ગણવામાં આવતો હોય તો બાર પર્ષદાનું ચારે દિશામાં શ્રવણ માટે બેસવું થઈ શકતજ નહિં.

### સૂત્રથી પણ મૂર્ત્તિ અને પૂજાની સિદ્ધિ

વળી જંઘાચારણ અને વિદ્યાચારણ વિગેરેએ જેવી રીતે નંદીશ્વર-કુંડલ-રૂચક વગેરે દ્વીપોએ તથા નંદન સોમનસ અને પાંડુક વગેરે વનોમાં શાશ્વતી પ્રતિમા જુહારી તેવીજ રીતે અહિંના અશાશ્વતચૈત્યોની પ્રતિમા પણ જુહારીજ છે, વળી ઔપપાતિકસૂત્ર કે જે સર્વસૂત્રમાં આવતા નગરાદિકના વર્ણનોના મૂલરૂપ છે અને જેની ભલામણો સૂત્રોમા જગો જગો પર નગરાદિકના વર્ણનોમાં वण्णओ એમ કહીને કરવામાં આવે છે તે ઔપપાતિકમાં ચંપાનગરીના વર્ણનમાં અનેક ચૈત્યો તે નગરીમાં હતાં એમ સ્પષ્ટ જણાવવામાં આવેલું છે, વળી દ્રૌપદીશ્રાવિકાએ જીનેશ્વરમહારાજની પ્રતિમાની પૂજા કરી એ વાતનો

સ્પષ્ટ ઉલ્લેખ શ્રીજ્ઞાતાસૂત્રમાં હોવાથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની મૂર્ત્તિને એટલે બાહ્ય પ્રતિબિંબને દરેક સૂત્રાનુસારિએ માનવુંજ જોઈએ એ ચોક્કસ વાત છે. જો કે સૂત્રકાર મહારાજાએ તો નારદનું દ્રૌપદીએ તે મિથ્યાદૃષ્ટિ હોવાથી સન્માન નથી કર્યું તેથી તેને સમ્યગ્દૃષ્ટિપણે જણાવી છે, છતાં કેટલાકો ભગવાન્‌ની પ્રતિમા ઉપરજ દ્વેષ કરી આરંભના નામે પૂજાને ઉઠાવવાવાળા અને દીક્ષામહોત્સવ-મૃતકમહોત્સવ- સન્મુખગમન-વન્દન-વૈયાવચ્ચ વગેરેમાં પોતાને માટે થતા આરંભોમાં પાપ જોવાને માટે દૃષ્ટિ ખોઈ બેઠેલો લોકો તે દ્રૌપદીને સમ્યક્ત્વ વગરની કહેવાને માટે તૈયાર થાય છે તો તેઓએ વિચારવું જોઈએ કે જો તે દ્રૌપદી સમ્યક્ત્વને ધરનારી ન હોત કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની પૂજા કરનારી ન હોત.

## મિથ્યાત્વીઓમાં પણ શ્રીજીનીપ્રતિમાની પૂજાનો પ્રભાવ

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મુખથી જેના સમ્યકત્વનો નિર્ણય થયેલો છે એવા સૂર્યાભદેવે કરેલી ભગવાન્ ત્રિલોકનાથની પૂજાની ભલામણ જહા સૂરિયાભે એમ કરીને શાસ્ત્રકાર કરતજ નહિ, આમ છતાં પણ અભ્યુપગમસિદ્ધાંતરૂપે કદાચ તે દ્રૌપદીને મિથ્યાત્વવાળી માની લઈએ તો ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિની પૂજાનો મહિમા કંઈક અદ્વિતીયજ થાય છે. કારણ કે સમસ્ત જૈનજનતા ખુબ ઉત્કૃષ્ટરીતિએ હંમેશાં પૂજન કરતી હોય અને વાર તહેવારે વિશેષ પૂજન કરતી હોય ત્યારેજ તેની છાયા મિથ્યાત્વીમાં પડે, અને ઘણા મોટારૂપે મિથ્યાત્વીમાં જ્યારે છાયા પડી હોય ત્યારેજ એક રાજકન્યા લગનને માટે તૈયાર થાય તે વખતે પ્રથમજ જીનેશ્વરભગવાનની પૂજા કરે એવું બને. એટલે કહેવું જોઈએ કે કૃષ્ણમહારાજ અને પાંચ પાંડવોના વખતમાં જીનેશ્વરમહારાજની પ્રતિમાની પૂજાનો પ્રભાવ જૈન અને જૈનેતર સર્વેમાં વ્યાપેલો હતો. એટલે તે વખતે શ્રી જિનેશ્વરની પ્રતિમાની પૂજા જૈનોમાં વ્યાપકજ હતી વળી દ્રૌપદી કદાચ અભ્યુપગમ સિદ્ધાંતથી મિથ્યાત્વવાળી માની લઈએ તો પણ તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરનાર, તે મંદિરને બનાવનાર લોકો બહોળી સંખ્યામાં હોવાજ જોઈએ કે જેથી મિથ્યાત્વવાળા રાજભુવનમાં જીનેશ્વરમહારાજની મૂર્તિ અને તેના મંદિરના અસ્તિત્વનો વખત આવ્યો.

વર્ત્તમાનકાલના શોધકો તરફથી ભગવાન્ મહાવીર મહારાજના નજીકના કાલની અને ઘણી જુની મૂર્તિઓની સિદ્ધિ અને તે મૂર્તિઓની પૂજાની સિદ્ધિ થઈ ચૂકેલી હોવાથી શ્રીજીનેશ્વરભગવાનની પૂજા અને તેમની મૂર્તિઓને નહિ માનનારાઓ અને તેને નવીન માનનારાઓ કોઈપણ રીતે સત્યમાન્યતામાં રહેવાવાળા બની શકે તેમ નથી.

## સિદ્ધભગવાનની પણ આકૃતિ હોય

કદાચિત્ કહવોમાં આવે કે અરિહંત મહારાજ તો શરીરવાળા હોવાથી તેમની આકૃતિ હોય અને તેથી તેની મૂર્તિ બનાવી શકાય, પરન્તુ સિદ્ધમહારાજ તો અષ્ટકર્મથી રહિત હોય છે માટે તેઓને આકૃતિ હોય નહિ, તો નમો સિદ્ધાણં વગેરેથી સિદ્ધમહારાજને યાદ કરતાં તે સિદ્ધભગવાનોની આકૃતિના સંક્રમણનો નિયમ અને તે બનાવવાનું શી રીતે રહે? આવું કહેનારે પ્રથમ તો એ ધ્યાન રાખવું કે સિદ્ધમહારાજા નામકર્મના ઉદયથી મળતા શરીર અને સંસ્થાનાદિથી રહિત છે એ ખરૂં છે, પરંતુ તે સિદ્ધમહારાજા પણ સર્વથા અવગાહનાથી રહિત નથી, અને તેથી તે અવગાહનાને આકારેજ સિદ્ધની આકૃતિ હોય અને તેનું સંક્રમણ અને બનાવવું થાય તે શાસ્ત્રદૃષ્ટિવાળાને માટે અસંભવિત નથી, વળી જીનેશ્વરમહારાજ કે જેઓ અરિહંતપદમાં છે તેઓની પણ જે આકૃતિ

પૂજાય છે તે સિદ્ધપદ પામવાના વખતનીજ હોયછે, અને તેથીજ પલ્યંકઆસન અનેકાર્યોત્સર્ગઆસન એ બે આસનમાંથી કોઈપણ આસનની મૂર્તિ હોય છે, કારણ કે અનાદિકાળનો એ નિયમ છે કે જે જે તીર્થંકરો જે જે વખત મોક્ષે જાય તે વખતે તે તે તીર્થંકરોનાં આસનો ઉપર જણાવેલા બે આસનોમાંથીજ હોય, અને તેથી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિઓના આકારો પર્યંકાસન અને કાર્યોત્સર્ગ આસન એમ બે હોય છે. જો કે કેટલાકોની માન્યતા એવી હતી કે ભગવાન્ જીનેશ્વરની મૂર્તિઓ સમવરણમાં દેવાતી દેશનાની વખતે જે જીનેશ્વરમહારાજનો આકાર હોય છે તેને અનુસરીને હોય છે, પરન્તુ તે વાત શાસ્ત્રકારોએ માની નથી અને ખંડન કરેલી છે. કારણ કે સમવસરણની અંદર જીનેશ્વરભગવાનનો આકાર આસન સહિત વીરાસતમાંજ હોય છે, એટલે ભગવાન્ જીનેશ્વર મહારાજાઓ દેશનાની વખતે સમવરસણમાં સિંહાસન ઉપર બેસી પાદ પીઠ ઉપર પગ સ્થાપન કરીને દેશના આપે છે અને એંજ કારણથી આચાર્યો પણ એજ મુદ્રાથી દેશના આપે છે. એમ ચૈત્યવંદન બૃહત્ભાષ્યમાં શ્રીશાન્તિસૂરિજી જણાવે છે. ફરક એટલોજ છે કે-

## શ્રીજીનેશ્વર મહારાજાઓ અને આચાર્યોની દેશનામાં યોગમુદ્રાજ હોય.

ભગવાન્ જીનેશ્વરમહારાજાઓ કલ્પાતીત હોવાથી રજોહરણ અને મુહપત્તિ ધારણ કરનારા હોતા નથી અને તેથી દેશના દેતી વખત બન્ને હાથ યોગમુદ્રાથી રહેલા હોય છે, પરંતુ આચાર્યમહારાજાઓ કલ્પાતીત ન હોવાથી તેઓને રજોહરણ અને મુખવસ્ત્રિકા રાખવાની હોય છે અને તેથી તે આચાર્યમહારાજાઓને યોગમુદ્રાથી હાથ રાખવાનો નથી હોતો, પરંતુ મુખવસ્ત્રિકા મુખ આગળ રાખવાની હોવાથી તે યોગમુદ્રામાં અપવાદ થાય છે. કેટલાકના કહેવા પ્રમાણે જો આચાર્યોને દેશનાની વખતે મુખવસ્ત્રિકા મુખે બાંધવાની હોત તો યોગમુદ્રામાં અપવાદ ધરવાની જરૂર નહોતી. કેમકે યોગમુદ્રા બે હાથથીજ કરવાની છે અને જો આખા શરીરને અંગે વિચાર કરીએ તો કપડો અને ચોલપટ્ટાનો પણ ફરક જણાવવો પડે. કેમકે ધર્મના ઉપદેશ કરનારા આચાર્યો જીનકલ્પી કે પરિહારકલ્પી તો હોયજ નહિં, પરંતુ સ્થવિરકલ્પીજ હોય, અને તેઓ કપડા અને ચોલપટ્ટાને ધારણ કરનારાજ હોય અને દેશનાની વખતે કપડાં અને ચોલપટ્ટો જરૂર હોય. એ વાત સર્વસુજ્ઞને માનવી પડે તેમ છે, એટલે આખા શરીરના અંગેનો ફરક જણાવવાનો નથી, પરન્તુ ભગવાન્ જીનેશ્વર મહારાજાની બે હાથથી થતી એવી જે યોગમુદ્રા જણાવી છે તેના અપવાદમાં મુહપત્તિનું ધારણ લીધું છે તેથી કેવળ હાથથીજ મુહપત્તિ ધારણ કરવાનું રહે છે એ સ્હેજે સમજાય તેમ છે.

## અરિહંત અને સિદ્ધમાં તફાવત શો ?

ચાલુ પ્રકરણમાં માત્ર એટલુંજ કહેવાનું કે જીનેશ્વરમહારાજાઓની વર્ત્તમાન મૂર્તિ સમવસરણની અવસ્થાને અનુસરતી નથી, પરન્તુ તેઓશ્રીની સિદ્ધદશાને અનુસરતી છે. અને ખુદ જીનેશ્વર ભગવાનની મૂર્તિ જ્યારે પ્રાપ્ત થતી સિદ્ધદશાને અનુસરતી છે તો પછી બીજા સિદ્ધમહારાજાઓની મૂર્તિ પણ પ્રાપ્ત થતી સિદ્ધદશાને અનુસરતી હોય તેમાં આશ્ચર્ય શું ? કેટલાક તરફથી એવી શંકા થશે કે ભગવાન્ જીનેશ્વર મહારાજ અને સામાન્યસિદ્ધ ભગવાનની મૂર્તિઓ જ્યારે સિદ્ધદશાને અનુસરતી હોય તો પછી ભગવાન્ અરિહંત અને ભગવાન્ સિદ્ધની મૂર્તિની ભિન્નતા કેવી રીતે જાણવી ? આ શંકાના સમાધાનમાં કહેવું જોઈએ કે ગજ અશ્વ આદિ લાંછનવાળી મૂર્તિ હોય તે અરિહંતભગવાનની

મૂર્તિ ગણાય, તેમજ પંચકલ્યાણકવાળા પરિકરયુક્ત કે અષ્ટપ્રાતિહાર્ય યુક્ત જે મૂર્તિ હોય તે જીનેશ્વરભગવાનની મૂર્તિ ગણાય અને જે મૂર્તિમાં ગજઅશ્વાદિ લાંછનો ન હોય, પંચકલ્યાણકની રચના ન હોય, કે અષ્ટપ્રાતિહાર્ય ન હોય તે મૂર્તિઓ સિદ્ધભગવાનની ગણાય. જો કે સામાન્યસિદ્ધોને સિદ્ધ થતી વખતે પર્યંકાસન અને કાર્યોત્સર્ગઆસનજ હોય એવો નિયમ નથી, કિન્તુ આમ્રકુબ્જાદિઆસનો પણ હોય છે, પરન્તુ જીનેશ્વરમહારાજની મૂર્તિઓમાં બે આસનોને અનુસરીને જૈનધર્મની મૂર્તિઓની સ્થિતિસ્થાપકતાને માટે સામાન્ય સિદ્ધ ભગવંતોની મૂર્તિઓમાં પણ પર્યંકાસન અને કાર્યોત્સર્ગઆસન રાખવામાં આવ્યાં હોય એ ચોક્ખું દેખાયછે. જો કે સર્વ તીર્થંકરો શરીર અને મુખાદિની આકૃતિથી સરખાજ હોય એમ કહી કે મનાવી શકાય નહિ, તો પણ સકલતીર્થંકર અને સિદ્ધોની આરાધના તેમની વ્યક્તિ તરીકે હોતી નથી પરંતુ તેમના વીતરાગત્વાદિ ગુણને અંગે હોય છે અને તેથી સકલ તીર્થંકર અને સિદ્ધોને મૂર્તિમાં આદર્શપણું રાખવા માટે વીતરાગત્વાદિને જણાવવાળી આકૃતિ રાખવામાં આવે છે. આ ઉપરથી તીર્થંકરમહારાજાઓનો વર્ણ હોય તેનાં કરતાં ભિન્નવર્ણવાળી અને તીર્થંકર ભગવાનનું જે શરીર પ્રમાણ હોય તેનાં કરતાં ભિન્ન પ્રમાણવાળી મૂર્તિઓ માનવામાં સાધ્યસિદ્ધિ થવામાં હરકત નથી.

### શ્રીઉમાસ્વાતીવાચકજી મહારાજ શું ફરમાવે છે ?

આજ કારણથી ઉમાસ્વાતિ વાચકજી મહરાજ અંગુઠા જેટલી પણ જીનેશ્વરમહારાજની મૂર્તિ બનાવવી ફલદાયક તરીકે જણાવે છે. જૈનજનતા એ વાત તો સારી પેઠે સમજી શકે તેમ છે કે કોઈપણ તીર્થંકરનું કે કોઈપણ સિદ્ધનું ઉત્સેધાંગુલની અપેક્ષાએ કે આત્માંગુલની અપેક્ષાએ અંગુઠા જેટલું પ્રમાણ શરીરનું હોયજ નહિ. એટલે સ્પષ્ટ થયું કે જીનેશ્વરભગવાનનું સિદ્ધ થતી વખતે જે માપ હોય તે માપનીજ મૂર્તિ માન્ય કરવી એમ કહી શકાયજ નહિ, અને જ્યારે ખુદ શરીરના પ્રમાણમાં પણ મૂર્તિના પ્રમાણનો નિયમ ન રહે, આકારમાં પણ શરીરના પ્રમાણ સાથે મુર્તિના આકારનો નિયમ ન રહે, તો પછી વર્ણાદિકનો નિયમ મૂર્તિમાં પણ જીનેશ્વરભગવાન્‌ના વર્ણ જેવો રાખવો એવું કથન સત્યથી વેગળું કેમ નથી ? જો કે ચક્રવર્તી ભરતમહારાજાએ અષ્ટાપદતીર્થ ઉપર ચોવીશે ભગવાન્‌ની મૂર્તિઓ તેઓનાં વર્ણ-પ્રમાણ આદિએજ કરેલી છે એમ શાસ્ત્રકારો કહે છે, છતાં પણ બીજાં પ્રમાણ અને બીજા વર્ણવાળી પણ મૂર્તિઓ કરવાનું શાસ્ત્રકારો ફરમાવે છે, તેથી તથાપ્રમાણાદિવાળી મૂર્તિઓ હોય કે અન્યથા પ્રમાણાદિવાળી મૂર્તિઓ હોય તો પણ તે શાસ્ત્રાનુસારી દૃષ્ટિએ તો માન્યજ છે. એ અપેક્ષાએ આવશ્યકનિર્યુક્તિઆદિના અને શ્રીઉમાસ્વાતિવાચકજીઆદિના વચનો પરસ્પર અવિરોધી છે એમ સજ્જનો સ્હેજે સમજી શકે છે.

### મૂલપ્રમાણવાળી શું મૂર્તિઓ હોય એવો નિયમ નથી?

વળી વિદ્યુન્માલીદેવતાએ બાવનાચંદનની બનાવેલી ભગવાન્ મહાવીર મહારાજાની ચિત્રશાલાના કાર્યોત્સર્ગની અવસ્થાવાળી જે મૂર્ત્તિ ભરાવી હતી અને જે મૂર્તિને શાસ્ત્રકારો જીવત્સ્વામિતરીકે વખાણે છે તે મૂર્તિરૂપે અને માને તો ભગવાન્‌મહાવીર મહારાજાની સમાનતામાં ન્હોતીજએ વાત સુજ્ઞોની ધ્યાન બહાર નથી. અને તેથી જે માને અને જે રૂપે તીર્થંકરમહારાજાઓ હોય તેજ માને અને તેજ રૂપે ભગવાન્‌ની પ્રતિમા હોવી જોઈએ એવો નિયમ નથી. શાસ્ત્રકારો પણ ચિત્રકર્મની સ્થાપના કરવાનું જે જણાવે છે તે હકીકત ધ્યાનમાં લેતાં સ્થાપના એટલે પ્રતિમામાં મૂલવ્યક્તિના સરખું રૂપ અને માન હોવું જોઈએ

એવો નિયમ ટકી શકે નથી. વળી વર્ત્તમાનમાં જે ફોટોગ્રાફરો ફોટાઓ લે છે તે ફોટાઓમાં જેઓના ફોટા પડેલા હોય છે તેઓનાં વર્ણ અને માન સરખાં હોતાં નથી એ પ્રત્યક્ષજ છે, છતાં તો ફોટાએ ઉપરથી અસલ વ્યક્તિનું ચિત્ર નથી એમ કોઈપણ સમજુ મનુષ્ય તો કહી શકે તેમ નથી. મૂર્તિને નહિં માનનારો વર્ગ જો કિશ્ચિયન હોય છે તો પ્રાચીન પંથવાળો જો રોમનકેથોલીક હોય છે તે તો તે ઈસુની મૂર્તિને માનવાવાળોજ હોયછે, પરન્તુ પ્રોટેસ્ટંટ તરીકે પ્રવર્તેલો નવો પંથ ઈસુની મૂર્તિને નથી માનતો એમ પોતાને ગણાવે છે, છતાં તેઓ પણ પણ પોતાના દેવળ ઉપર તથા પોતાની પાસે જે ક્રોસ રાખે છે તે કેવળ ઈશુનું સ્થાપનજ છે.

## સ્થાપનાનું પ્રાબલ્ય કેટલું ?

વળી વ્યવહારમાં સિક્કા સ્ટેમ્પો (એટલે દસ્તાવેજના ત્થા પોસ્ટના વિગેરે) સ્થાપનાવાળાજ આદરાયેલા છે. જો સિક્કા વગેરેમાંથી સ્થાપના ઘસાઈ જાય છે તો તે ભંગાર અને રદી કાગલમાંજ ગણાય છે. વળી ટપાલમાં નાંખવામાં આવતાં કાગલો વિગેરે સ્થાપના રૂપ અક્ષરો દ્વારાએજ મોકલાય છે, અને તે પહોંચે છે. કોઈપણ મનુષ્ય સરનામું કર્યા વગર જેની ઉપર કાગળ મોકલવો હોય તેનું માત્ર નામ લઈને કાગળ ટપાલમાં નાખે તો તે પહોંચતો નથી, એમાં કોઈથી ના પડાય તેમ નથી, એટલે નામ કરતાં સ્થાપનાનું કેટલું પ્રાબલ્ય છે એ સ્હેજે સમજાય તેમ છે, વળી સ્મરણ કરનારાઓને નામ માત્રથી તેના ગુણોનું અનુમાન કે સ્મરણ તેવું થઈ શકતું નથી. તો પછી આદર્શપુરૂષપણાનો ખ્યાલ તો આવેજ ક્યાંથી ? પરન્તુ જેની આકૃતિ દેખેલી હોય તેનું જો આકૃતિના સ્મરણ સાથે નામનું સ્મરણ કરવામાં આવે તો જરૂર તેના ગુણોનું અને તેના આદર્શપુરૂષપણાનું સ્મરણ થયા સિવાય રહેતું નથી, એટલે જેઓને ઈશ્વરનું નામ ભજવું છે તેઓને તો ઈશ્વરની સ્થાપના માન્યા સિવાય છુટકોજ નથી.

## મૂર્તિ માન્યા વિના ચાલે તેમ નથી.

જો કે કેટલાકના મતે ઈશ્વર અશરીરી અને જગદ્વ્યાપક છે. તેથી ઈશ્વરની પ્રતિમા ન થાય એમ કહેવાનો છે, પરંતુ જ્યારે જગત્ એ મૂર્તિમત્ વસ્તુ છે અને તેનો આકાર કોઈપણ જાતનો છે તો પછી ઈશ્વરનો પણ તેજ આકાર જગદ્વ્યાપીપણાને માટે માનવો પડે ગોળનો જેમ સ્વતંત્ર આકાર નથી છતાં ઘડામાં રહેલ ગોળનો ઘડો એજ આકાર હોય છે, તેવી રીતે જગતમાં ઈશ્વર વ્યાપક છે એમ માનનારાને પણ જગતના આકાર સરખા આકારવાળી ઈશ્વરની મૂર્તિ ઈશ્વરની આરાધના માટે માનવીજ પડે, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ઈશ્વરને સર્વથા શરીરરહિત માનવામાં આવે તો તેને મુખ ન હોય, અને મુખ ન હોય તો વક્તાપણું ન હોય, અને જો વક્તાપણું ન હોય તો તેમના મતના શાસ્ત્રો ઈશ્વરે કહેલાં હોય એવો સંભવજ નથી, એટલે બાયબલ, કુરાન, અને વેદ એ ઈશ્વરનાં કહેલાં નહિ, પણ ઈશ્વરના નામે બીજાઓએ કલ્પેલાં માનવાં પડે.

## પરમેશ્વરનાં વચનો તે સાક્ષાત્ શ્રવણ કરવાનું સદ્ભાગ્ય કોને ?

વાચકવૃંદે ધ્યાન રાખવું કે સાક્ષાત્ પરમેશ્વરનાં વચનોને સાંભળવાનું સદ્ભાગ્ય જો કોઈને પણ મળ્યું હોય તો તે માત્ર જૈનજનતાનેજ મળેલું છે. કારણ કે તેઓ પોતાનાં શાસ્ત્રો પરમેશ્વરે કહેલાં છે એમ માને છે. બાયબલ અને કુરાનવાળાઓએ વચમાં પુત્રની અને સંદેશવાહકની કલ્પનાઓ કરી છે, અને તે દ્વારાએ પરમેશ્વરનાં વચનો આપ્યાં એમ માન્યું છે, વળી વેદવાળાઓએ પણ અગ્નિ વાયુ અને રવિથી વેદત્રયીનો ઉદ્ધાર માન્યો છે, એ વિગેરે વસ્તુ સમજીને વિચારનારો

મનુષ્ય બાયબલ આદિ શાસ્ત્રોને અનીશ્વરીય માનશે અને સાથે જૈનશાસ્ત્રોનેજ ઈશ્વરીય માનશે અને ખરી રીતે જૈનોના જે પરમેશ્વર અરિહંત તરીકે હોય છે તેઓ શરીરવાળા હોયછે અને તેથી તેઓની મૂર્તિ જૈનોને માનવી એ ન્યાય યુક્તજ છે. જૈનમાર્ગમાં આવતા લોકોને અટકાવવા માટે બીજાઓએ ઈશ્વરનો દીકરો-ઈશ્વરનો દલાલ - ઈશ્વરનો અવતાર વિગેરેની મૂર્તિઓ અગર માન્યતા શરૂ કરી દીધી, પરન્તુ વાસ્તવિકરીતિએ ઈશ્વરની સાથે સંબંધ ધરાવનારી એકપણ સ્થાપના જૈનમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગવાળાથી કરી શકાય તેમ નથી, પરંતુ વ્યવહાર અને નિશ્ચય ઉભયથી સ્થાપનાનું, આદર્શપુરૂષને સ્મરણ કરવાનું, કારણપણું માન્યા સિવાય છુટકો નથી. ભૂગોળને ભણવા ભણાવવાવાળા અને મકાન વિગેરેને ચણવાવાળાઓને ડગલે પગલે આકાર સિવાય અડચણ પડે તે વાત વિવેકીઓને ધ્યાન બહાર હોયજ નહિ.

## આર્યનું લક્ષણ શું ?

નવો પંથ જે વર્તમાનમાં આર્યસમાજના નામે નીકળ્યો છે તે પંથને અંગે તત્વદૃષ્ટિથી વિચારીએ તો જેમ જગત્‌માં હલકી નાતને મ્હોટી નાત તરીકે બોલાવવાનું થાય છે, તેવી રીતેજ આ સમાજનું નામ આર્યસમાજ તરીકે ગણાયું છે. વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો આર્યનું લક્ષણ, વર્ણવ્યવસ્થા અને પ્રભુમૂર્તિની પૂજામાં અત્યંત લીનપણું હતું. જગજાહેર વાત છે કે મૂર્તિઓના વિરોધી તરીકે અસલથી જો કોઈપણ હોય તો તે માત્ર યવનોનીજ કેટલીક જાત હતી, છતાં આ અનાર્ય સમાજે તેજ રસ્તો ગ્રહણ કરી હિન્દુઓ પાસે મૂર્તિપૂજાનો અનાદર કરાવીને હિંદુઓને યવનોની લાઈનમાં મહેલવા માંડયા છે!!

## મૂર્તિની જગોપર દયાનંદનીસ્થાપના

એવી રીતે યવનોમાં વર્ણવ્યવસ્થા જેમ નહોતી તેમ આ અનાર્યસમાજે પણ વર્ણવ્યવસ્થાનો મૂલથી અનાદર કર્યો છે, છતાં તે અનાર્યસમાજના લોકો પોતાના માનીતા ગુરૂ દયાનંદની છબીઓનો તો સારો સત્કાર કરે છે, તે લોકોને એ વિચાર નથી આવતો કે જો પરમેશ્વરની પ્રતિમા જડ છે તો પછી આ દયાનંદની છબી શું જડ નથી ? કે તેનો બળાત્કાર કરાય છે. તત્વજ્ઞ મનુષ્ય સમજી શકશે કે - આ અનાર્ય સમાજે પરમેશ્વરને ઉઠાવી દયાનંદને ઘુસેડી દીધા. એવીજ રીતે ભગવાન્ જીનેશ્વરની મૂર્તિને નહિં માનનારા ઢુંઢીયા વિગેરેએ પણ પોતાની તસ્બીરો સેંકડો પડાવી અને ભગવાનની પ્રતિમાને અમાન્ય ગણવાનું રાખ્યું. કેટલાંક ઢુંઢીયાઓ તરફથી ભગવાની પ્રતિમાની પૂજાને અંગે એમ કહેવામાં આવે છે કે પ્રભુની પૂજા કરતાં પાણી ફુલ વિગેરેની વિરાધના થાય છે માટે તે પૂજા કરવી યોગ્ય નથી.

## વિરાધનાને નામે પૂજાનો નિષેધ કેમ ?

આવું કહેનારે વિચારવું જોઈએ કે ભગવાન્ શ્રી મહાવીર મહારાજને વાંદવા માટે શ્રેણિકમહારાજા ગયા તે વખત મહારાજા શ્રેણિકના ઘોડાના પગ તળે દેડકો ચંપાઈ ગયો અને તે પછી મરી ગયો. એ હકીત શ્રમણભગવંત મહારાજ પ્રથમથીજ કેવલજ્ઞાનદ્વારાએ જાણતા હતા, છતાં તે શ્રેણિકને વંદન કરવા નહિં આવવાનું સૂચવ્યું નહિં. એટલું તો યાદ રાખવું કે ભગવાન્ મહાવીર મહારાજે ભગવાન્ ગૌતમસ્વામિજીને મોકલીને મહાશતકને ફકત કટુકવચનનુંજ આલોચનાદિ કરાવ્યું છે, તો પછી આ દેડકાનું મરણ દેખીને ભગવાન્ મહાવીર મહારાજા શ્રેણિકમહારાજને વંદન માટે આવવાનો નિષેધ કેમ ન કરે ? એટલુંજ નહિં, પણ દરેક શહેરોમાં ઘણાજ ઠાઠમાઠથી રાજામહારાજાઓ ભગવાન્ મહાવીરમહારાજાને વંદન કરવા માટે આવેલા છે, તેજ કહી આપે છે કે ભક્તિની મુખ્યતા આગળ સ્થાવરની જાણીતી હિંસાને સ્થાન તો અપાતું નથી, અર્થાત્ સ્થાવરની હિંસાને નામે

ભક્તિનો નિષેધ કરાતો નથી. વળી સ્થાનકવાસીઓ પોતે સાધુઓ સ્હામા જાય છે તે વખત સામાયિક-પૌષધ કરીને જતા હોય એમ તો બનતું નથી, તો અવિરતિ અગર દેશવિરતિવાળા ગૃહસ્થો કે જે તપેલા લોઢાના ગોળા સમાન છે તેઓની સ્હામા જવાની પ્રવૃત્તિ હિંસામય છે એ જાહેરજ છે, તો ક્યા સ્થાનકવાસીસાધુએ શ્રાવકોને પોતાની સ્હામા નહિં આવવાનાં પચ્ચખ્ખાણ કરાવ્યાં ? ક્યા સ્થાનકવાસીસાધુએ દીક્ષામહોત્સવ નહિં કરવાનાં પચ્ચખ્ખાણકરાવ્યાં ? જો અનેક પ્રકારનો આરંભ છતાં પણ દીક્ષાના વરઘોડામાં નુકશાન નથી, તો પછી જીનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજામાં નુકશાન ક્યાંથી આવ્યું ? વળી સ્થાકવાસીસાધુઓ મરી જાય છે ત્યારે તેના મડદાનો મ્હોટો મહોત્સવ કરે છે. તે મડદું નથી તો બોલતું કે નથી તો સચેતનતા રાખતું અને નથી તો કોઈપણ જાતના ગુણઠાણાને ધારણ કરતું ! છતાં તેવા મડદાનો મહોત્સવ કરનારા સ્થાનકવાસીઓને સીધી દૃષ્ટિએ તો મડદાના જ પૂજારી કહેવા જોઈએ, તે મડદાના મહોત્સવમાં છએ કાયનો આરંભ થાય છે તે પ્રત્યક્ષસિદ્ધ છે છતાં કોઈપણ સ્થાનકવાસીએ પોતાના સાધુના મડદાને ગામ બહાર ખાઈમાં ફેંક્યુ નહિં, તેમજ કોઈપણ સ્થાનકવાસીસાધુએ જડ ગુણઠાણા રહિત એવા મડદાનો ઓચ્છવ નહિં કરવાનું કે માંડવી નહિં કરવાનું પચ્ચખ્ખાણ કરાવ્યું નહિ. આ ઉપરથી સુજ્ઞમનુષ્ય જોઈ શકશે કે જેમ અનાર્યસમાજે દેવની જગો પર દયાનંદને દાખલ કર્યો, તેમ આ સ્થાનકવાસીઓ દેવને ઉઠાવીને પોતેજ ઘુસી ગયા.

### અતિશયોથી યુક્ત ભગવાન્ ભોગી કેમ નહિ?

સ્થાનકવાસી સાધુઓ પણ એટલું તો કબુલજ કરશે કે તેમના માનેલા ભગવાન્ જ્યારે વિચરતા હતા ત્યારે અશોકવૃક્ષાદિક આઠ પ્રાતિહાર્યો ચોવીસે કલાક તેમની જોડેજ રહેતાં હતાં, તો પછી જે ભગવાન્ દેવતાઈઋદ્ધિથી અને દેવતાઈસેવાથી ખુદ હયાતીમાં 'ભોગી' તરીકે ન ગણાયા, પણ 'વીતરાગ' તરીકે ગણાયા તે ભગવાનની પ્રતિમાની સેવા કરતાં 'ભગવાન્ ભોગી' બને છે એવું બોલનારા સ્થાનકવાસીઓ કેટલા ભવ સુધી જીભવગરની એકેન્દ્રિય જાતિમાં ઝકડાશે તેનો હિસાબ તો જ્ઞાનીમહારાજ જ જાણી શકે.

ઉપરની બધી હકીક્ત યાત્રિકગણનો નેતા જ્યારે બરોબર સમજે છે, ત્યારે અદ્વિતીયભક્તિથી સ્થાને સ્થાને ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાનાં દર્શન-પૂજન આદિ બનવાનાં છે એમ ધારી પોતાના આત્માને યાત્રિકગણનો નેતા બનાવવાને તૈયાર થાય છે.

### યાત્રિકગણનો નેતા મૂર્તિ પૂજા માટે સતત ઉદ્યમી હોય.

યાત્રિકગણનો નેતા સ્પષ્ટ રીતે સમજી શકે છે કે ગણધરમહારાજે કરેલા આવશ્યકમાં એક અરિહંત અને સર્વ અરિહંતના વંદન-પૂજન-સત્કાર અને સન્માનનું ફલ ઈચ્છવા માટે કાર્યોત્સર્ગ કરવામાં આવે છે અને તે કાયોત્સર્ગમાં ભવાંતરે ધર્મની પ્રાપ્તિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થવાનું જણાવવામાં આવે છે અને સ્થાનકવાસી લોકોએ પોતે આવશ્યક જુદું કલ્પી કહાડયું છે કેમકે તેમની માન્યતા પ્રમાણેના પાઠવાલી આવશ્યકની પ્રત તે સ્થાનકવાસીઓની ઉત્પત્તિ પહેલાંની કોઈપણ જગો પર છે નહિ, અને છે એમ પણ તેઓ કહી શકતા નથી, તેથી ગણધર મહારાજના કરેલા આવશ્યકના આધારે ભગવાન્‌ની પ્રતિમાની પૂજાનું ફલ સામાયિકમાં પણ ઈચ્છવા લાયક છે. તો પછી અસામાયિક અવસ્થામાં સમ્યગ્દ્રષ્ટિને ધારણ કરવાવાળો જૈન તો ભગવાન્ જીનેશ્વરની પ્રતિમાની પૂજ્યતા માટે સતત તૈયારજ રહે અને એવી લાગલાગટ સ્થાને સ્થાને રહેલી ભગવાન્ અરિહંતની પ્રતિમાદિની પૂજા વિગેરેનો વખત

યાત્રિક ગણનો નેતા બનવાથી મને ડગલે પગલે સાંપડશે એમ ધારી તે યાત્રિક ગણનો નેતા બનવા તૈયાર થાય.

## શ્રીજીનેશ્વર મહારાજની પ્રતિમા બનાવવાથી થતા લાભો.

ઉપર જણાવ્યા પ્રમાણે મોક્ષના અર્થીજીવોએ ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમા બનાવવી એ જરૂરી છે એમ સમજાશે. પ્રતિમા બનાવનારથી એટલું તો સ્હેજે સમજાય તેવું છે કે જેટલા કાલ સુધી જેટલા જેટલા જૈનો તે જીનેશ્વર મહારાજની પ્રતિમાના દર્શનથી જીનેશ્વર ભગવાન્નું દેવપણું સ્મરણ કરશે અને તે દ્વારાએ જે જે જૈનો આત્મામાં સંસ્કારિત થશે તે સમગ્રલાભનું કારણ સ્પષ્ટરીતિએ તે જીનેશ્વર ભગવાનન્ની પ્રતિમા ભરાવનારો મહાનુભાવજ છે. વળી તે જીનેશ્વર મહારાજની પ્રતિમાની સાથે રહેલા અષ્ટપ્રાતિહાર્ય યુક્ત પરિકરને દેખીને જેઓ ભાવ તીર્થંકરનું સ્મરણ કરી તે દ્વારાએ અનેક ભવનાં સંચિતકર્મનો ક્ષય કરશે તેનું કારણ પણ તે પ્રતિમા કરાવનારા મહાનુભાવજ છે. જીનેશ્વર ભગવાન્ની પ્રતિમાના પરિકરમાં ઘડેલા કલશો વગેરે દેખીને જીનેશ્વર મહારાજનાં જન્માભિષેકની વખતે ઇંદ્રમહારાજે કરેલા મહોત્સવનું સ્મરણ કરી જીનેશ્વરમહારાજની જન્મ અવસ્થાથી પૂજ્યતા સમજી જે પવિત્રતમ ભાવના ધરનારો મનુષ્ય સમુદાય થશે અને તે ભાવનાદ્વારાએ દેવતાને પણ દુર્લભ એવી આત્માની જે પવિત્રતા કરશે તેનું કારણ પણ શ્રી જીનેશ્વર ભગવાનની પ્રતિમા બનાવનારો મહાનુભાવજ છે, વળી સાધુઓના આચારને અંગે જે ગામમાં જીનેશ્વર ભગવાનની પ્રતિમાજી બીરાજમાન હોય તે ગામ જો વિહારમાં વચનમાં આવતું હોય તો પણ સાધુ મહાત્માએ તે ભગવાન્ની પ્રતિમાને વંદન કરવા જવુંજ જોઇએ અને વગર કારણે ન જાય તો પ્રાયશ્ચિત આવે એમ હોવાથી તે ગામ કે જેમાં ભગવાન્ જીનેશ્વરમહારાજની પ્રતિમા બીરાજમાન કરેલી છે એમાં જરૂર સાધુ મહાત્માઓ આવે અને તેઓના આવવાથી પ્રવચનની વૃદ્ધિ અને જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રભાવના થાય તેનું કારણ તે ભગવાન્ જીનેશ્વરની પ્રતિમાજ છે અને તેથી તે પ્રતિમા રૂપ દેવદ્રવ્ય સાધુ મહાત્માદ્વારાએ પ્રવચનની વૃદ્ધિ અને જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રભાવના કરનાર થાય છે. આ વાત સ્પષ્ટપણે શ્રી ઉપદેશપદાદિની ટીકાઓમાં કહેલી છતાં જેઓ કેવળ जिणपवयण ગાથાને નામે દેવદ્રવ્યને શ્રાવકોને ખવડાવવા કે જ્ઞાનાદિક ક્ષેત્રોને પોષવા લઇ જવા માગે છે તેઓ સાધુ હોય કે શ્રાવક હોય પણ તેઓ શાસ્ત્રોના જ્ઞાનથી શૂન્ય હોવા સાથે પોતે ભવમાં ડુબી બીજાને ભવમાં ડૂબાડવાને માટે તૈયારજ થયેલા છે એમ સમજવું.

## શ્રી જીનેશ્વરમહારાજની પ્રતિમા બનાવવામાં થતો લાભ, પ્રતિમાના પ્રમાણમાં લાભ કે રૂપમાં અગર તો ભાવમાં?

શ્રી નિશીથચૂર્ણિ વગેરે શાસ્ત્રોમાં સ્ત્રી લંપટી કુમારનંદીસ્વર્ણકારે અચ્યુતદેવ યા નાગિલશ્રાદ્ધના ઉપદેશથી ભવાંતરે જૈનધર્મની પ્રાપ્તિ થવા માટે ભગવાન્ મહાવીર મહારાજની મૂર્તિ ભરાવી, એમ જણાવ્યું છે તે હકીકતને સમજનારો મનુષ્ય ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્તિને બનાવતી વખત ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ થવાનું ધ્યેય કોઇ દિવસ પણ ભુલી શકેજ નહિં, પરન્તુ તે ધર્મની પ્રાપ્તિરૂપે ફલ કે સમ્યકત્વઆદિ શુદ્ધિ રૂપે ફલ કોને આભારી છે તે વિચારવાની અનિવાર્ય જરૂર છે. શું નાની પ્રતિમા બનાવવાળો તે ભવમાં સમ્યકત્વઆદિની શુદ્ધિ ઓછી પામે અગર ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ ઓછી થાય. (અપૂર્ણ)

(અનુસંધાન પેજ નં. ૩૦૫)




જીવને તો બધા માને છે તેમ તમે પણ માનો તો સમકિતી શી રીતે ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણમાં આગળ સૂચવી ગયા કે દરેક જીવ પોતાને જાણે છે. હું છું. હું સુખી છું. હું દુઃખી છું, આટલું જ્ઞાન તો દરેકને રહેલું જ છે. પછી ચાહે તો એકેંદ્રિય હોય, ચાહે તો પંચેદ્રિય હોય. જીવ જ્યારે સમ્યગ્જ્ઞાનદષ્ટિ થાય ત્યારે તે જ્ઞાન ગૌણ, મુખ્ય જ્ઞાન ક્યું ? વીતરાગતામય હું, કૈવલ્ય-સ્વરૂપ હું, અનંત-વીર્યમય હું આ જ્ઞાન સમ્યક્ત્વ થાય ત્યારે... જ થાય છે. અન્યમતો પણ જીવ માને છે અને તમે પણ માનો છો પણ ફરક કયો? એજ કે તમને સમ્યગ્દર્શનનું સર્ટીફીકેટ મળે અને તેમને ન મળે. તમે જેવો જીવને માનો છો તેવો તે પણ માને છે છતાં તમે સમકિતી અને તેઓ મિથ્યાત્વી તેનું કારણ ? જો કારણ ન હોય તો તો કહેવું પડે કે જૈનદર્શન માત્ર પોતાનો વાડો વધારવા માગે છે, પણ તેમ નથી. શબ્દથી જીવ એટલે કે જીવશબ્દથી જીવને બધા માને છે પણ એના સ્વરૂપમાં જઈએ તો કૈવલ્યસ્વરૂપ જીવ તે માન્યતા એક્કેયની નથી. નૈયાયિકો તથા વૈશેષિકો જીવને જ્ઞાનસ્વરૂપ માનતા નથી, પણ જ્ઞાનનો આધાર માને છે. એ નહિ માનવાના પ્રતાપે જ્ઞાનના નાશમાં જ મોક્ષ માન્યો છે, વિશેષ ગુણનો નાશ થાય એટલે મુક્તિ માનીઃ તેથી મુક્તિમાં તેમને જ્ઞાનનો અવકાશ નથી. મથુરાની પાસે વૃંદાવનમાં શીયાળીયા થવું સારૂં છે, જ્યાં કંઈ પણ સુખ છે, પણ વૈશેષિકોએ જે મોક્ષ માન્યો છે તો જે તે જ્ઞાનસુખ હોય તે નાશ પામે ત્યારે મળે એમ માન્યો છે. જીવને જ્ઞાનસ્વરૂપ ન માન્યો, પણ જ્ઞાનના અધિકરણરૂપે માન્યો. નૈયાયિકો, અને વૈશેષિકો જ્ઞાનને આત્માનું સ્વરૂપ ગણતા નથી, જીવને જ્ઞાનશૂન્ય માને છે. નવું ભલે ઉત્પન્ન થાય, પણ સ્વભાવે જીવમાં જ્ઞાન નથી એમ તેઓ માને છે એટલે મોક્ષમાં જતી વખતે માત્ર આત્મા સ્વભાવે રહેવાનો એટલે જ્ઞાનવગરનો રહેવાનો, મતલબ કે મોક્ષ ઈચ્છયો કે જ્ઞાનનો નાશ ઈચ્છયો, આપણે મોક્ષ ઈચ્છયો એટલે કર્મનો નાશ ઈચ્છયો... એમ આપણે માનીએ છીએ, તેથી દરેક ક્રિયામાં આપણું એક જ ધ્યેય છે કે પાપકર્મનો નાશ

થાય. ચાહે તો સાધુપણાની ચાહે તો શ્રાવકપણાની કોઈપણ ક્રિયા લો. દ્રવ્યપૂજાની કે ભાવપૂજાની કોઈપણ ક્રિયામાં ધ્યેય કર્મની નિર્જરાનું છે.

**વર વગરની જાન !**

જો તે સાધ્ય ચૂક્યો તો વર વગરની જાન છે. જાનૈયા વાજતે ગાજતે આવ્યા. માંડવે આવ્યા ત્યાં પૂછવામાં આવે કે વર કયાં ? જણાવવામાં આવે કે વર તો રસ્તામાં ખાડામાં પડયો, પછી જાનૈયાની વલે શી ? વર ખાડામાં પડેલો હોય તેવી જાનમાંના જાનૈયાની હાંસી થાય છે. તેવી રીતે જૈન થઈ ક્ષયોપશમ અને ક્ષય વસ્તુને ચુકી જાય તો કેવળ હાંસીને પાત્ર થાય. કર્મના નાશથી મોક્ષ થતો હોવાથી સાધ્યબિન્દુ કર્મક્ષયનું છે, અને તેથી જ જૈનદર્શને સંવર અને નિર્જરા એ બેને ધર્મ કહ્યા.

**સોનાની બેડી તથા લોઢાની બેડીનો ફરક.**

શંકા-અધર્મ લોઢાની બેડી છે, અધર્મ પાપનું કારણ છે, ધર્મ પુણ્યનું કારણ છે, મોક્ષે જનારને બન્ને વસ્તુ અટકાવનારી છે, માટે ધર્મ પણ સોનાની બેડી હોવાથી ઉપાદેય શી રીતે?

ધ્યાન રાખવાની જરૂર છે કે પાપને પલાયન કરાવવા માટે પુદ્‌ગલાવર્તો નીકળી જાય, પણ પુણ્યને પલાયન કરાવવા માટે માંત્ર આઠ સમય બસ છે. ચાહે જેટલું શાતાવેદનીય હોય. ચાહે જેટલી તીવ્ર પુણ્યપ્રકૃતિ હોય છતાં તે બધાને ખપાવવા માટે આઠ જ સમય જોઈએ. જ્ઞાનાવરણીય વિગેરે ચાર કર્મો જેને એકાંત પાપરૂપ ગણીએ છીએ. અને જેઓ આત્માને નિયમિત નુકશાન કરનારા છે અને તેથી તેમને ઘાતિકર્મ કહીએ છીએ. દર્શનાવરણીયના ૯ ભેદ તે પણ પાપરૂપ છે.

શંકા -ત્યારે તત્ત્વાર્થકારે સમ્યકત્વમોહનીય, હાસ્ય, રતિ અને પુરૂષવેદને પુણ્ય તરીકે કેમ ગણાવ્યા ? નવતત્ત્વકારે મોહનીયની ૨૮ પ્રકૃતિ પાપમાં ગણાવી છે. કર્મગ્રંથકારે સમ્યત્વમોહનીય. પુરૂષવેદ, હાસ્ય અને રતિ આ ચારેને પાપમાં ગણાવેલા છે તેને તત્ત્વાર્થકાર પુણ્યમાં કેમ ગણાવે છે ?

કર્મગ્રંથકાર તથા નવતત્ત્વકારમહારાજ આત્મા ઉપર નુકશાન કરનારને પાપરૂપ ગણાવે છે. આ વસ્તુ ધ્યાનમાં રાખીને બધીને પાપ કહે છે. જ્યારે તત્ત્વાર્થકાર પ્રતિકૂળરૂપે વેદાય તેને પાપરૂપે કહે છે. પ્રતિકૂળરૂપે વેદાય તે પાપ, અને અનુકુળરૂપે વેદાય તે પુણ્ય. સમ્યકત્વમોહનીય, હાસ્ય, રતિ અને પુરૂષ વેદ અનુકૂળપણે વેદાય છે તેથી તે ગ્રંથકાર એને પુણ્યમાં રાખે છે. પણ કર્મગ્રંથકાર તથા નવતત્ત્વકાર, અનુકુળપણે વેદાતાં છતાં એ આત્માને બાધક છે માટે એને પાપ ગણાવે છે. ચાર ઘાતિકર્મોની સર્વ પ્રકૃતિઓને કર્મગ્રંથકાર વગેરેએ પાપમાં ગણી છે. ઘાતિકર્મની પ્રકૃતિ છૂટી ગઈ પછી અઘાતિકર્મોની પ્રકૃતિ (પુણ્યની કે પાપની ગમે તે) વધારે હોય તો તે ભોગવતા માત્ર આઠ જ સમય લાગે છે. સોનાની બેડી અને લોઢાની બેડીમાં ફરક એટલો જ કે સોનાની બેડીને મરડીને કાઢી શકાય. પણ લોઢાની બેડીને મરડીને કાઢી ન શકાય. તેવી રીતે પાપપ્રકૃતિ ઘાતિકર્મ અંતરગત છે. તે સ્હેજે તૂટે તેવી નથી. આ રીતે પાપ અને પુણ્યમાં આવો ફરક છે. સોનાની બેડી પગમાં હોય અને એ કેદી નાશી છુટે તો એ બેડીથી નિર્વાહ કરી શકે, પણ લોઢાની બેડીમાંથી નાઠો તો શું કરી શકે ? તેવી રીતે પુણ્યપ્રકૃતિવાળો યોગ્ય સંયોગોમાં આવ્યો હોય તો એ જ પુણ્યને મોક્ષના કારણ તરીકે ઉપયોગમાં લઈ શકે પર્યાપ્તાવસ્થા વિગેરે પુણ્યને લીધે છે. મોક્ષે જવામાં, કેવળજ્ઞાન ઉત્પન્ન કરવામાં એ કામ લાગે છે. પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, પર્યાપ્તાવસ્થા વિગેરે ન હોય... તો મોક્ષે જઈ શકાતું નથી. જેમ નાઠેલા કેદીને સોનાની બેડી નિર્વાહમાં સાધન બને છે તેમ મોક્ષે જવાવાળાને પુણ્યપ્રકૃતિ સાધન બની શકે છે. જેમ બધા સોનાની બેડીવાળા નિભાવ ન કરી શકે

તેમ બધા ત્રસો, બાદરો, પર્યાપ્તાઓ મોક્ષ સાધી લેતા નથી, પુણ્યપાપ વચ્ચેનો ફરક સોના તથા લોઢા વચ્ચેના ફરક મુજબ ધ્યાનમાં રાખો.

શંકા -ભલે આઠ સમયમાં તોડી શકાય તેમ છે તો પણ બંધન કે ? જેમ લોઢાની બેડી તોડવા લુહાર જોઈશે તેમ સોનાની બેડી મરડવાયે સાણસી અને હાથ પણ જોઈશે તો ખરાને! અધર્મનો ક્ષય કરનાર ધર્મ, પણ ધર્મનો ક્ષય કરનાર કોણ?

આવા પ્રશ્નો કરનારને શાસ્ત્રકાર એક જ વાત કહી શકે છે કે પ્રશ્ન પૂછતાં ન આવડે તેને ઉત્તર કેવો દેવો ? કોઈ એમ પૂછે કે દેવદત્ત કઈ ઘોડીનું વછેરૂં ? આને શો જવાબ દેવાય ? દેવદત્ત તથા ઘોડીમાં રહેલો ફરક ન જાણનારને જવાબ કયો દેવાનો હોય ? તેવી રીતે ધર્મ તથા અધર્મના સ્વરૂપને નહિ જાણનારાનો આ પ્રશ્ન છે. ધર્મના પ્રકાર સમજનારને આ શંકા થાય જ નહિ. પુણ્યરૂપી ધર્મ એ એક પ્રકાર, સંવર અને નિર્જરારૂપે તથા ધર્મ એ બીજો પ્રકાર. પુણ્ય એ સોનાની બેડીરૂપ છે. બે બેડી ઘાલી હોય તો સોનાની પણ હોય અને લોઢાની પણ હોય. પુણ્ય અને પાપ બન્ને સ્વતંત્ર રહેનારા છે. પુણ્યનાં કારણો એજ નિર્જરાના કારણો છે. રાજાને ઘેર આંધળો છોકરો આવ્યો એને પુણ્ય ગણવું કે પાપ ? રાજાને ઘેર જન્મ થવો એ પુણ્ય અને અંધત્વ એ પાપ છે. જો પુણ્યથી પાપ ઠેલાતું હતું તો રાજાને ઘેર અંધપણે જનમવા કરતાં શેઠીયાને ત્યાં દેખતા થઈને જન્મવું હતું ને ! તીર્થંકરને ઉપસર્ગ શા ? કહો કે આપણે તો પુણ્ય અને પાપ એ વેદવાની જ પ્રકૃતિ છે, પાપે પુણ્ય નથી ખસતું કે પુણ્યે પાપ નથી ખસતું.

## પાપને ખસેડનાર કોણ ?

પાપને ખસેડનાર કોણ ? પાપ પ્રત્યક્ષ ફળ આપે છે. તેનો અર્થ એટલો જ પાપ કરનાર નિગોદમાં જાયઃ ત્યાં નિગોદનું પાપ છતાં પર્યાપ્તપણું - થોડું પુણ્ય હોય, તો ત્યાં પણ પુણ્યે પાપ ઠેલાય છે આ વસ્તુ નથી. પુણ્ય પાપ સ્વતંત્ર ભોગવવાની ચીજ છે, પણ ઠેલનાર કોણ ? મોક્ષ થશે શી રીતે? પાપનો ક્ષય કરનારી જો કોઈપણ ચીજ નહિ હોય તો મોક્ષ થશે જ શી રીતે ? સમુદ્ઘાતથી કે તપ અગર વેદનાથી ગમે તેમ પણ સર્વકર્મક્ષયથી મોક્ષ છે.

ઘાતિકર્મના પાપના ક્ષય વિના કેવળજ્ઞાન નથી, કેવલજ્ઞાન વિના સમુદ્ઘાત નથી, સમુદ્ઘાતથી જે નાશ થવાનો તે કૈવલ્યથી નથી થવાનો માટે પાપને ક્ષય કરનારૂં કંઈપણ સાધન હોવું જોઈએ, નહિ તો મોક્ષ થઈ શકે જ નહિ. જો અનુક્રમે તમામ કર્મો ભોગવવા જાય તો ભોગવાય અને બંધાય. એમ ચાલુ જ રહે તો છેડો આવે ક્યારે ? એક આનાનું વ્યાજ ટાળવા માટે બે આનાનું વ્યાજ ઠરાવીએ તો છૂટાય ? વધુ બંધાવાય? તેવી રીતે એક ભવના ભોગવીએ અને અસંખ્યાત ભવના બાંધીએ તો છેડો કયારે આવે? આ છેડો લાવવાનું સાધન હોય તો જ પાપનો ક્ષય કરનાર વસ્તુ માની શકાય માટે સંવર, નિર્જરા એ મુખ્ય ધર્મ છે. અને પુણ્ય એ ગૌણધર્મ. ગૌણધર્મ એટલે સર્વથા છોડવા લાયક નહિ. ઉપેક્ષા કરવા લાયક પણ નહિ. જેથી પુણ્ય થાય તેવી કરણી કરવી જ નહિ એમ કહેનારને... કહેવાનું કે કેવળજ્ઞાન થશે ત્યાં સુધી, જોગ (મન, વચન, કાયા) હશે અને ત્યાં સુધી પુણ્યબંધ થયા સિવાય રહેવાનો જ નહિ. સમ્યકત્વ દેશવિરતિ, સર્વવિરતિ એ ધર્મ પુણ્ય બંધાવે છે કે નહિ ? સમ્યકત્વવાળો વૈમાનિક સિવાય આયુષ્ય ન બાંધે એ પુણ્યથીજને ! એકદિવસની દીક્ષાવાળો મોક્ષે જાય અગર વૈમાનિક જરૂર થાય એ પુણ્યથી

નહિ તો શાથી ? પહેલાના સંયમથી, અને તપથી દેવલોકમાં ઉત્પન્ન થવામાં પુણ્ય જ કારણભૂત છે. અમુકનું આયુષ્ય જો સાત લવ વધારે હોત તો મોક્ષે જાત એમ કહેવાયું તે શાનો પ્રભાવ? ચારિત્રથી થયેલા પુણ્યબંધને અંગે કે નહિ ? જેનાથી પુણ્ય બંધાય તેવી ક્રિયાને છોડવી હોય તો સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ એ સર્વનો ત્યાગ કરવો પડશે.

## એકલું જ પુણ્ય થાય તેવી ક્રિયા કરાય કે નહિ?

શંકા -ધર્મની ક્રિયા નિર્જરાને અંગે કરીએ અને આનુષંગિક ફળ તરીકે કદાચ પુણ્યબંધ થઈ જાય, એ વાત દૂર રાખીએ, પણ જેમાં એકલો પુણ્યબંધ છે તે તો ન કરવું ને ? અનુકંપા એ તો મુખ્યતાએ પુણ્યનું જ સાધન છે, સમ્યકત્વ, દેશવિરતિ, સર્વવિરતિ એ નિર્જરા પણ કરાવી દે, પણ અનુકંપા તો મુખ્યતાએ પુણ્ય કરાવનાર છે તો એ તો છોડવીને ! એ સોનાની બેડી છોડવા લાયક ખરીને !

ધ્યાન રાખજો કે મોક્ષ તરફ વલણ કરાવનાર પણ સહાયક છે. મેઘકુમારે અનુકંપાથી સસલો બચાવ્યો એના પરિણામે શું આવ્યું ? સમ્યક્ત્વની પ્રાપ્તિ, રાજાને ત્યાં જન્મ અને દીક્ષા એ બધું આ અનુકંપાથી પ્રાપ્ત થયું એમ ભગવાન મહાવીર સાફ જણાવે છે. વિના સમ્યકત્વે અજ્ઞાનપણે આટલું કષ્ટ વેઠી અનુકંપા કરી એનું આટલું ફળ થયું તો વિચારો કે... અનુકંપામાં તાકાત કેટલી ? એકલી અનુકંપા કરવામાં નિર્જરાને સ્થાન નથી એમ નથી. મેઘકુમારે અનુકંપાથી સંસાર પાતળો ર્ક્યો છે. જો કે એ મુખ્ય પુણ્યબંધ કરાવે. વળી પરિણામ વિશેષે નિર્જરા ન થાય એવો સિદ્ધાંત માનવાનું સાધન શું છે ? માટે પુણ્યબંધની ક્રિયા ન છોડાય. તેમજ નિર્જરાના ધ્યેયે પુણ્ય થઈ જાય તે ક્રિયા પણ છોડાય નહિ, પોતે હિંસાથી દૂર રહે તે અભયદાન છે અને બીજાને મોતથી બચાવવો એ તેની દયાને અંગે અનુકંપા છે.

પ્રશ્ન : પુણ્ય પ્રાપ્ત કરવા માટે જ કરેલો ધર્મ ઈચ્છનીય ખરો ?

## ગમે તે પ્રકારે થતો ધર્મ લાભ આપે

પુણ્ય માટે કરાતો ધર્મ પુણ્યનું કાર્ય જરૂર કરે છે. અધર્મ કરનાર માટે પુણ્ય ઈચ્છનીય છે. સમ્યકત્વીને મોક્ષને અંગે નિર્જરા ઈચ્છનીય છે. બીજા આત્માઓ અધર્મ કરે તેના કરતાં ધર્મ કરે તે ઈચ્છનીય છે. ધર્મ ન કરનારની દુર્ગતિ લખેલી છે. દુર્ગતિ રોકાય તો સદ્ગતિ મળે. તેવી રીતે નિર્જરાનું કાર્ય નિર્જરા થાય તે રીતે ન કરે તોપણ એનાથી સદ્ગતિ ગઈ નથી. એક જણ રાત્રે ખાય છે. એ બહાર ગયો, રાત્રે ભોજનમાં ખાવામાં ઝેર આવી ગયું, ડાકટરે બચાવ્યો. ડાકટર ન આવ્યો હોત તો મરી જાત. એ મનુષ્ય રાત્રિભોજનના પચ્ચક્ખાણ કરે છે, પોતાના જીવના બચાવના મુદ્દાએ પચ્ચક્ખાણ કરે છે, સંવરમાં કે પચ્ચક્ખાણના સ્વરૂપમાં ગયો નથી, પોતે ફસાઈ ન પડે એ અપેક્ષાએ પચ્ચક્ખાણ લે છે. તેને પચ્ચક્ખાણ આપવા કે નહિ ? સટ્ટામાં પાયમાલ થયેલો, હવે પાયમાલી ન થાય તે માટે સટ્ટાના પચ્ચક્ખાણ કરે છે તો તેને પચ્ચક્ખાણ આપવાં કે નહિ ?

## જૈનની કલબોમાં શું થાય ?

તમારી કલબોમાં રાત્રે ભાંગો પીવી, ગંજીપત્તા ટીપવા, આ ધનનો સદુપયોગ થાય છે કેમ ? ઉપાશ્રયમાં બે રૂપીયા આપવા પડે છે તે આકરા પડે છે, ત્યાં શું કહે છે. અને કલબોમાં વીશ વીશ રૂપિયા ફી, નરકના ખાતાં બાંધવામાં ખરચાય? કલબોમાં ધંધા કયા થાય ? ઘેર કંદમૂળ ન થાય તેથી ત્યાં ખવાય એજને ! પેલા જુગલીયાને

દુર્વ્યસનમાં નાંખ્યો તો તે નરકે ગયો તેવી રીતે કલબ કઇ સ્થિતિ લાવનારી છે ? કોઈને ન ખાવું હોય તોયે ત્યાં પરાણે ખવરાવાય છે, એ કઇ દશા ? શોભે છે ?

શંકા- જૈન કલબ મૂકી જૈનેતર કલબમાં જવામાં વાંધો ખરો?

બાપની દાઢીએ વળગવા કરતાં પાડાની દાઢીએ વળગવું ખોટું નથી એવો જ આ પ્રશ્ન છે ને ? જ્યાં આગળ રાત્રીએ ખવાય, પાના રમાય તે જૈનની કલબ ? આ તો નરકના દૂતોની કલબ ગણાય. પૈસા આપીને નરકના દૂતો થાઓ છો ? એવી કલબના માલીક તમે ? મોજમજા માટે, દુર્વ્યસનોના પાયા નાખવા માટે કલબ ? ખોટું લાગે તો શરમાજો, કાં તો રાજીનામું દેજો કાં તો કલબ સુધારજો. તમે તમને જૈન કહેવરાવો ત્યાંસુધી અમોને તમને કહેવાનો હક છે. બાળકોને માર્ગે લાવવા માટે દેશ દેશ ઉપાશ્રય કરાય છે, ત્યારે તમે આવી કલબો કરો ? પડીકમણામાં અટકાયત કલબથીને ? તમારા બાપદાદાએ દેરા ઉપાશ્રય જે હેતુ માટે કર્યા છે તે ઉપર પાણી ફેરવવું છે ? કલબ તરફની ઉજાણીમાં ઘાણ કંદમૂળનોને ! હવે એવી કલબમાં કોઈ ગયો હોય ત્યારે સો નાકકટ્ટામાં નાકવાળો એક હોય તો તે નાકવાળાની મશ્કરી થાય. એ નાકવાળો એટલે ચોવીહારવાળો હોય તેની પેલાઓ કમબખ્તિ કરે. દારૂના પીઠાની જેમ આ ભાંગનું પીઠું છે. હવે તે ગયેલો માણસ કલબમાં જવાનાં પચ્ચક્ખાણ કરવા આવે તો કરાવવાં કે નહિ ?

## પુણ્યપ્રકૃતિના અનુષ્ઠાનો વર્જ્ય નથી.

એક શેઠનો છોકરો વીશ બાવીશ વર્ષની વયનો છે. તેને ક્ષય થવાનો બાપને સંભવ લાગ્યો, વહુને પિયર મોકલી, છતાં છોકરો નિયમિત રહેશે કે નહિ એવી શંકાથી વહુને પાછી લાવ્યો. તે વખતે જો બાધા હશે તો રહેવાશે, એ મુદ્દાથી છોકરો બાર મહીનાની બાધા લે તો આપવી કે નહિ ? એ તો ગૃહવાસ વધારવા, શરીર વધારવા બાધા લે છે, છતાં પણ કર્તવ્ય તરીકે કે બાધા દઇ શકીએ. મુસલમાનને માંસની બાધા આપવી ખરી કે નહિ ? પોતાની જમાતમાં જવાથી ચીતરી ચડે છે (માંસ જોઈને) તેથી જમાતમાં ન જવું તે મુદ્દાએ એનો નિયમ માગે તોપણ કર્તવ્ય છે કે નિયમ આપવો. એ નિષેધનીય નથી, સુધારણીય જરૂર છે. દરીયામાંથી ચોખ્ખું મોતી નીકળે તો જ કહાડવું તેમ નથી. તેવી રીતે સંવર નિર્જરાથી ધર્મ શરૂ કરવો થાય તોજ કરવો, નહિ તો ન કરવો તેમ નહિ. પોતે સમજુ હોયતો પોતાના અંગે સંવર નિર્જરા ઉદ્દેશથી ધર્મ કરવો, પણ અણસમજુને જેનાથી પુણ્ય પ્રકૃતિ થાય તે અનુષ્ઠાનો પણ આપણને વર્જાવવા લાયક નથી.

## જીવ તથા મોક્ષને અંગે ભિન્ન ભિન્ન માન્યતા

જૈનશાસનમાં કર્મ ક્ષય એજ ધ્યેય તરીકે છે. કર્મ-ક્ષયથી મોક્ષ માનીએ છીએ, તેથી કર્મના ક્ષયોપશમને ધ્યેયમાં રાખીએ છીએ. તેવી રીતે નૈયાયિકો અને વૈશેષિકોને જ્ઞાનનો તથા ગુણોનો નાશ એજ મોક્ષ છે. વળી તેનું ધ્યેય જ્ઞાનના નાશમાં છે. જ્ઞાનની વૃદ્ધિમાં તેનું ધ્યેય રાખી શકાય નહિ. જ્ઞાન, સુખ, દુઃખ, ઈચ્છા, અને પ્રયત્નનો નાશ થાય ત્યારે એ મોક્ષ માને છે. આત્માને જ્ઞાનસ્વરૂપ ન માન્યો એની આ બધી રામાયણ છે. આત્માને જ્ઞાન સ્વરૂપ માને તો કશી હરકત નથી.

તેવી રીતે સાંખ્યો આત્માને નિર્ગુણ માને છે. બુદ્ધિ ખસી જાય તો આત્મા જાણી શકાય નહિ એમ તેણે માન્યું નૈયાયિક અને વૈશેષિકને તથા સાંખ્યને મોક્ષમાં પત્થર પડ્યા છે. બુદ્ધિ એ પ્રકૃતિનો

ગુણ છે એમ સાંખ્યો માને છે. હવે મીમાસંકોની વાત : તેમના પૂર્વ મીમાંસક તથા ઉત્તર-મીમાંસક એમ બેપ્રકાર : પહેલા જૈમીનીને મોક્ષ એવી ચીજ જ નથી. સર્વજ્ઞ આદિ વિશેષણવાળો કોઇ દેવ છે એમ તેઓ માનતા નથી. ઉત્તરમીમાંસાવાળામાં અદ્વૈત છે. આત્મા અને જ્ઞાન એ બે ચીજ જ નથી એમ તેઓ માને છે. હવે રહ્યા બૌદ્ધ. જ્ઞાનની પરંપરાના નાશમાંજ તેઓ મોક્ષ માને છે. એટલે ત્યાંજ અત્યંત ઉચ્છેદ છે. નાસ્તિકને તો કાંઇ લેવા દેવા છેજ નહિ. હવે ક્યા મતે જીવ માનશો ? કૈવલ્યસ્વરૂપ આ આત્મા છે. એવું માનવાને કોઇ સ્થાન નથી. તે સ્થાન માત્ર જૈનોમાં છે. જો જીવને કૈવલ્યસ્વરૂપ માને તોજ એ સમ્યગ્દષ્ટિ છે.

**ઢેફામાં રહેલા હીરાને જાણ્યા પછી જતો કરાય?**

જેમ જે રકમ ધ્યાનમાં પણ ન હોય, ખતવવી ભૂલી ગયા હો, એવી કોઇ મોટી રકમ પાનાં ફેરવતાં મળી જાય, એવી રીતે સમ્યગ્દષ્ટિ દેખે છે કે અનાદિકાળથી આત્મા હતો, પણ પોતે કૈવલ્યજ્યોતિસ્વરૂપ છે એ ધ્યાનમાં નહોતું, તે ધ્યાનમાં આવ્યું, સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને કેવળજ્ઞાન, દર્શન, વીતરાગતાસ્વરૂપવાળો, અનંતસુખવાળો દેખે તે વખતે આનંદ પામે, ઝવેરી હીરો જાણે પછી રખડતો ન મૂકે, તેવી રીતે મિથ્યાત્વની દશા હોય ત્યાં સુધી તો માટીના ઢેફાની માફક જાણે, પણ સમ્યકત્વ થાય એટલે ખબર પડે કે આ ઢેફામાં તો જ્યોતિર્મયહીરો છે, તો પછી ક્ષણ પણ રખડતું મૂકે નહિં ! તિજોરીમાં મૂકે માટીવાળો હીરો મળે તેમાં હીરો જાણો. પછી માટી કાઢવામાં કેટલી વાર લગાડો ? જરાયે પણ નહિ !... કારીગર તરત બોલાવોને ! નિરાંત ક્યારે વળે ? મેલ કાઢો અને ચોકખો બનાવો ત્યારે ને ! તેવીરીતે સમકિતી થયેલાને ઉચાટ પેસે, સમજે તેને ઉચાટ થાય, મૂર્ખાને ઉચાટ શા ? માટીના પિણ્ડમાં, કર્મના કચરામાં કૈવલ્ય જ્યોતિને ન જાણે ત્યાં સુધી તેને ઉચાટ હોય નહિ. પણ સમ્યક્ત્વ થાય ત્યારે આ કચરો નથી, પણ કૈવલ્યની જ્યોતિ છે તે માલુમ પડે, તે વખતે કેટલો ઉચાટ થાય ? સમ્યક્ત્વ પામ્યા પછી તે ખોળવા મહેનત ન કરીએ તો આપણેજ મૂર્ખ; અનાદિથી રખડીએ છીએ એનું કારણ કે હીરાનું સ્વરૂપ ધ્યાનમાં રાખ્યું નથી.

**કચરો વળગ્યો શાથી ? નીકળે શી રીતે ?**

આત્મારૂપ હીરાને કચરો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ આ ચાર કારણોથી લાગ્યો છે. આ ચાર કારણો ખસેડી નાખો તોજ નવો કચરો નહીં લાગે (વળગે) તે ખસેડવા માટે દેવ ગુરુ ધર્મનું સ્વરૂપ જણાવી મિથ્યાત્વનો, પછી અવિરતિનો કચરો કાઢવો, મિથ્યાત્વનો કચરો ખસેડવો એ તો માનસિક છે, પણ અવિરતિનો કચરો કાઢવો ઘણો મુશ્કેલ છે, કેમકે તેમાં ભોગ આપવો પડે છે. મિથ્યાત્વનો કચરો કાઢવામાં તેટલો ભોગ આપવો પડતો નથી. ભોગ આપવા માટે તૈયાર થવું પડશે. તે તૈયારી તેજ વૈરાગ્ય અવિરતિ ટાળવા માટે દુનિયાદારીની અપેક્ષાએ જે ભોગ આપવો જોઈએ તે આપવો તેજ વૈરાગ્ય, અસલી વૈરાગ્ય, આ જગતમાં અસલી પદાર્થોની નકલ ન હોય તેમ બને નહીં અસલી પાછળ નકલીનો ઢગલો હોય. અવિરતિને ખસેડવા માટે વૈરાગ્યનો પાવડો સારો હોવો જોઈએ. નકલી ન આવી જાય તેનો ખ્યાલ રાખવો જોઈએ વૈરાગ્યમાં નકલીપણું ક્યું ? વૈરાગ્યનો અર્થ ભોગ દેવાની બુધ્ધિ( અવિરતિના કર્મથી બચવાને ભોગ દે તે વૈરાગ્ય.) તેવી રીતે બીજી બુધ્ધિએ ભોગ દે તે પણ વૈરાગ્ય.

અસલી વૈરાગ્ય તથા નકલી વૈરાગ્ય.

વૈરાગ્યના ત્રણ ભેદ. આર્ત્તધ્યાન નામનો વૈરાગ્ય. ભોગ તો દેવાય પણ લક્ષ્ય આર્ત્તધ્યાનનું જેમાં હોય તે આર્ત્તધ્યાન નામનો વૈરાગ્ય છે. વિધવા થયેલી બાઈ છ બાર મહિના સુધી લુખ્ખું ખાય, ઘરેણાં છોડે, નાત તજે, આ ક્યા મુદ્દાથી ? કર્મબંધનના છેદ માટે આ ભોગ આપ્યો નથી. લુગડાં પણ કાળા પહેરે. એણે ભોગ બધી દુનિયાદારીના ભોગની ચીજોનો આપ્યો છે, પણ 'મ્હારો ગયો,' હવે આને શું કરૂં ? આવા આર્ત્તધ્યાનવાળો આ વૈરાગ્ય છે. ભોગ એ કર્મબંધનનું સાધન જાણીને છોડવાની બુધ્ધિ થાય તે જ્ઞાન વૈરાગ્ય, ઈષ્ટનો વિયોગથી જે આઘાત લાગે તેના કારણથી કાંઈક છોડે તે આર્ત્તધ્યાન વૈરાગ્ય અથવા દુખગર્ભિત વૈરાગ્ય છે. પણ ગયાની પાછળ નહિ, પણ પોતાના આત્માના બચાવ માટે છોડે તેનું નામ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. કર્મનું ભાન નહિ, કલ્યાણનું ભાન નહિ, માત્ર હાય હાય અને ઓય ઓય કરે, તથા ન ખાય, ન પીયે, ન ઓઢે, એ ત્યાગ તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. કેમકે એ શાને માટે ? દુઃખને માટેજ એ ત્યાગ કરે છે. ઈષ્ટના વિયોગ કે અનિષ્ટના સંયોગથી વસ્તુ છોડવી તેનું નામ આર્ત્તધ્યાન વૈરાગ્ય છે સાધુઓ શ્રીમંતને ત્યાંથી પાંચે પકવાન વ્હોરીને ખાય, પેલી રાંડેલી બાઈ ઘણો ટાઈમ ઘીનો છાંટોય ન ખાય, સાધુ સારી જગા પર બેસે, ઉઠે તે બાઈને તો ઘરની બહાર નહિ નીકળવાનું. ત્યાગ બેયને, પણ સાધુનો જ્ઞાનગર્ભિત, જ્યારે વિધવાનો આર્ત્તધ્યાન અગર દુઃખગર્ભિત છે. જૈનવિધવા તો આ બધાને -શોકને કર્મબંધનનું સાધન માને છે. એ પણ જો સમજ્યા વિના એવું કરે તો તેને પણ... એવો જ વૈરાગ્ય કહેવાય. એના માટે એ લાયક નથી. એ જઘન્યમાં જઘન્ય વૈરાગ્ય. આવા કારણે જે ભોગ દેવાય તેની બુધ્ધિ થાય તે આર્ત્તધ્યાન વૈરાગ્ય. હવે મોહગર્ભિત, જ્ઞાનગર્ભિત વિગેરેનું સ્વરૂપ હવે પછી....

**જે ડુબત રકમ ગણે તેને કાળજામાં કેટલી બળતરા થાય ? પોતાથી જેટલી વિરતિ ન થાય તેટલો સમકિતી જીવ ગુન્હેગારી ગણે છે.**

વસ્તુ સ્વરૂપને ઓળખનાર ત્યાગને જ ધર્મ, અને ભોગને અધર્મ ગણે છે, ત્યાગના પચ્ચક્ખાણ ન થાય તેને અધર્મ ગણે છે. પ્રવૃત્તિ એ તો પછીના નંબરે છે. પ્રવૃતિએ યોગની ચીજ છે. પાપના બંધમાં બીજો નંબર અવિરતિનો છે. તે અવિરતિ સમકિતીને કડવી ઝેર જેવી લાગે. દુનિયાદારીમાં અગ્નિને બાળનાર તરીકે તથા સાપને મારનાર તરીકે ગણ્યો છે, તો સ્વપ્નમાં હાથ અગ્નિમાં પડ્યો દેખ્યો અગર સાપ નજીક આવ્યો અને હાથને અડ્યો દેખ્યો તો સ્વપ્નામાં યે શી દશા થાય છે? હાથને ખેંચો છોને? સ્વપ્નાનો બનાવ છતાં હાથ ખુદ ખેંચાય છે તેવી રીતે આત્માને અવિરતિથી ખેંચવાનું મન થયું ? અવિરતિ ડૂબાડનાર છે છતાં એનો ભય લાગ્યો છે ? આપણાને સોંધુ સમ્યકત્વ જોઈએ છીએ ! ત્યાગમાં ધર્મ અને ભોગમાં પાપ સમજવુ એ તો કાંક કાંક થતું હતું પણ અવિરતિમાં પાપ... સમજનારો વિરતિમાં કેટલી પ્રગતિ કરે છતાં કરો છો ? સંયોગવશાત્ નીચે અગ્નિ છે, ભાગી શકતા નથી, તે વખતે ચિત્ત ક્યાં રહે છે ? છૂટવાનું મન, ખસવાનું મન, પડતું મૂકીને પણ બચવાનું મન સજ્જડ થાય કે નહિ ? અવિરતિ પાપને ઉદયે છે, પાપને લાવનારમાં તે બીજે નંબરે છે એવું બોલો છો, તે માત્ર ફોનોગ્રાફના શબ્દો છે, અંદરના શબ્દો નથી. અવિરતિ સર્પાદિકની માફક ભાસી હોય તો આત્મા કેટલો સાવચેત રહે ! વિરતિ માટે કેટલો તૈયાર થાય ! માટે અસલી નકલી પચ્ચક્ખાણો વૈરાગ્યો વિગેરે સમજવાની તથા આદરવા અને ત્યજવાની જરૂર છે.

# गर्भाष्टम के लिये दूसरें क्या कहतें है।

आपस्तंबीये पटलं ४ खंड : १० गर्भाष्टमेषु ब्राह्मणमुपनीयत॥२॥ यस्मिन् वर्षे गर्भो भूत्वा शेते तद् वर्षं गर्भशब्देनोच्यते तदष्टमं येषांतानीमानि गर्भाष्टमानि वर्षाणि, बहुवचन सौरादिभेदेन वर्षाणां बहुत्वात्, अपर आह-जन्मप्रभृति सप्तानां वर्षाणां गर्भमष्टमं भवति तेन सप्तस्वपि वर्षेपूपनयनं चोद्यते-पंचमादिषु त्रिषूपनयनं, सप्तमे वर्त्तमान एव गर्भवर्षमष्टमं भवति।

बौद्धायनमधर्मसूत्रे ३ खंडे सूत्रं ८ गर्भादि : संख्यावर्षाणां तदष्टमेषु ब्राह्मणमुपनयेत्, तदष्टमेषु-गर्भाष्टमेष्वित्यर्थः १०-१२ षष्ठसप्तमौ क्षत्रधर्मानुगतौ १०-१६ पंचमाष्टमौ वैश्यशूद्राणां।

गोभिलगृह्यसूत्रं २ प्रपाठके ६ कंडिका १ सूत्रं, गर्भो यस्मिन् मासि जायते सोऽयं गर्भमासस्य यस्तृतीयो मासः गर्भादारभ्य यस्तृतीय इति वा व्याख्येयं २ प्र-१० कं. गर्भाष्टम इत्याधानकालापेक्षया अष्टम इति जननापेक्षया गौतमः-उपनयनं ब्राह्मणस्याष्टमे नवमे पंचमे वा काम्यं, अत्राष्टमे नित्यमित्यर्थतः टीप्पनं-गर्भाष्टमे वर्षे तूपनयनार्हः। यदा गर्भाष्टमे वर्षे २ प्र-7 कं. चतुर्थे मासि षष्ठेऽष्टमे वा॥२॥ वैजवापगृह्येऽपि-मासि चतुर्थे पंचमे वा षष्ठाष्टमयोर्वा सप्तमे मासि वा प्रथमगर्भे सीमन्तोन्नयनं २ प्र. ९ कां. द्वितोये वेत्यत्र पूर्वो इत्यनुषंगस्तेन तृतीयाव्दलाभः तृतीये भूयिष्टे गते चूडा कार्या। आषोडशात् अत्राभिविधावाङ्, न मर्यादायां, टीप्पनं-मर्यादार्थकत्वे पञ्चदशवर्षान्तादिरेव।

खदिरादिगृह्यसूत्रं ३ प. ४ खं. अष्टमे वर्षे ब्राह्मणमुपनयेत् ॥१॥ अत्र गर्भाधानादिवर्षगणनं-जिस मासमें गर्भ हुवा हो उस माससें गिनने पर जो वर्ष अष्टम हो उस वर्षके जिस कीसी शुभ तिथिमें-२ उपनयनकालसे सोलहवें वर्षमें अर्थात् जिसका गर्भकालसें गिनती कर आठवें वर्षमें उपनय हुआ है उसके गर्भसे २४ वें वर्षमें और जिसका नवमआदि सोलहवें वर्षमें उपनय हुआ हो उसका २५ वर्षसें ३२ वर्षकी उंमरमें।

તા.ક. ઉપરનો પાઠ સમજનાર ગર્ભાષ્ટમની જઘન્યતા બરોબર જન્મથી સાતમામાં સવા છ થી જ માને અને અષ્ટમથી આઠ પૂરાં જ લેવાય એમ કહેનારની કદાગ્રહ દશા જરૂર સમજે.

માર્ગણા-લેખક

(ટાઈટલ પાના ૪નું અનુસંધાન)

ઉપર જણાવ્યા પ્રમાણે જૈનજનતામાં કહેવાતા ચૈત્યવંદન, સ્તવન અને થોયો વિગેરેથી તથા કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્ર મહારાજે આદીશ્વરચરિત્રમાં કહેલા વચનથી ખુદ સ્થાપના તીર્થંકર એટલે ભગવાનની પ્રતિમાથી તો શું પરન્તુ ખુદ ભાવઅરિહંત કે જે કેવલિઅવસ્થામાં રહેલા તીર્થંકર મહારાજા હોય છે તેમના કરતાં પણ આ ગિરિરાજ અત્યન્ત પ્રભાવશાળી છે. આ વાત દરેક જૈનોએ ધ્યાનમાં લેવા જેવી છે, અને એ વાતનો અનુભવ પણ દરેક જૈનને ગિરિરાજની તલેટીએ ચૈત્યવંદન કરતી વખત પ્રત્યક્ષ અનુભવવામાં આવે છે, એટલે તલેટીએ કરાતું ચૈત્યવંદન સિદ્ધાચલગિરિ, વિમલાચલગિરિ, શાશ્વતગિરિ, કંચનગિરિ, મોહનગિરિ, ઉજ્વલગિરિ વિગેરે શ્રીગિરિરાજના નામોને આભારી છે, એવી રીતે તલેટીને સ્થાને ગિરિરાજને વન્દના કરનારો મનુષ્ય ગિરિરાજ ઉપર જો જોડા લઈને ચઢે કે ચઢાવે તો તે મનુષ્ય કાં તો તલેટીના ચૈત્યવંદનમાં ગિરિરાજને વંદન થયું તેના ભાવાર્થને સમજ્યો નથી, અથવા તો જૈનનામધારી હોય અને તેથી નિ:શૂકપણું પામેલો હોય !!! એ સિવાય જે ગિરિરાજને તલેટીએજ વંદન કરવામાં આવ્યું છે તે ગિરિરાજ ઉપરજ જોડા પહેરી કે પહેરાવીને કોઈપણ ચઢી શકેજ નહિ. યાદ રાખવું કે જૈનજનતાથી પવિત્ર એવી તીર્થંકર મહારાજની મૂર્તિને જ્યાં બીરાજમાન કરાય છે, એવા દહેરામાં પણ જોડા લઈને જઈ શકાતું નથી, તોપછી ભગવાનની મૂર્તિ કરતાં અત્યન્ત પવિત્રતમ ગણાયેલા એવા શ્રીસિદ્ધગિરિજી ઉપર જોડા પહેરીને કે પહેરાવીને જવું તે કોઈપણ જૈનને શોભાસ્પદ હોયજ કેમ ?

વળી એ વાત ધ્યાનમાં રાખવાની છે કે શાસ્ત્રોમાં જ્યાં સમવસરણઆદિ જેવા વિશાલ પ્રદેશો દેખવામાં આવે ત્યાંથીજ જોડાઆદિને તો છોડવાનું અભિગમના નામે શાસ્ત્રકારો ફરમાવે છે. તો પછી સમવસરણભૂમિ કરતાં પણ આ પવિત્રતમ એવા શ્રી સિદ્ધગિરિજી ઉપર જોડા પહેરીને જવાનું કે અન્યને લઈ જવાનું શાસ્ત્ર કે ધર્મની શ્રદ્ધાવાળાથી તો બનેજ કેમ ? જો જોડા સુખશીલીયાપણાને લીધે ત્યાં પહેરવામાં આવે છે અને તેથી તે અર્થદંડ જ છે એમ માને કે મનાવે તો તે એમ નહિ, પરંતુ તે અનર્થદંડનો મોટો હિસ્સો છે. ધ્યાન રાખવું કે નાટક-ચેટક-હાસ્ય-કુતુહલ વિગેરે વસ્તુઓ જેમ અનર્થ દંડ તરીકે જ ગણવામાં આવે છે, તેવી રીતે આ સ્થાને સુખશીલીયાપણાનો જે ભાગ ભજવાય છે તે અનર્થદંડની પરાકાષ્ઠાની સાથે ગિરિરાજની આશાતનાનો ભયંકર ભાવ પ્રગટ કરાવનાર છે.

બીજી વાત પણ યાત્રિકોએ ધ્યાનમાં રાખવાની છેકે શ્રી અર્બુદગિરિ, તારંગાજી, ગિરનારજી, કદંબગિરિ, તાલધ્વજ, હસ્તગિરિ વિગેરે તીર્થસ્થળો શ્રી સિદ્ધગિરિનાં જુદાં જુદાં ટૂંકરૂપે હોઈને તે સિદ્ધગિરિનાં જ અંગો ગણાય છે, પરન્તુ આ ગિરિરાજ મુખ્ય ઝાડના સ્કંધની જેમ સર્વાંગ સંપૂર્ણ છે. અને તેથી તો તે ગિરિરાજને જ સિદ્ધાચલગિરિ વગેરે કહી મુખ્યતાએ આરાધ્ય ગણી વન્દન કરવામાં આવે છે. આવા મહાન તારક ગિરિરાજ ઉપર પણ જેઓ દૂધ-દહિં-પેંડા-ગાંઠીયા વગેરે ખાય છે કે ખવડાવે છે તેઓએ બહુ બહુ વિચારવું જોઈએ કે અન્યસ્થાને ભગવાનના મંદિરમાં દુધ, દહિં વગેરે જો ખાવામાં આવ્યું હોય અને તેમાં જે પાપ લાગે તેના કરતાં અત્યંત ભયંકર પાપ આ ગિરિરાજ ઉપર દુધ, દહિં વિગેરે ખાનારા જૈનોને લાગે છે. યાદ રાખવું કે સમવસરણમાં પ્રવેશ કરતાં ભક્ત

(જુઓ અનુસંધાન ટાઈટલ પાના ૨)

# જીનેશ્વર મહારાજની મૂર્તિ કરતાં ગિરિરાજની અધિકતા કેમ ?

જૈનજનતામાં એ વાત તો જાણીતી છે કે શ્રીસિદ્ધાચલજી ગિરિરાજની નિજ-સ્વતંત્ર માન્યતા છે, અને તેથી જ શ્રીસિદ્ધાચલસિદ્ધક્ષેત્ર, વિમલાચલ નીતુ વંદીએ, સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધાચલગિરિ ભેટયારે, આજ મારાં નયણાં સફલ થયાં શ્રી સિદ્ધાચલ નીરખી, પુંડરગિરિ મહિમા વિગેરે વિગેરે પદોથી ગવાતાં અનેક ચૈત્યવંદન-સ્તવન અને થોયો શ્રીસિદ્ધાચલગિરિના મહિમાને જ જણાવનારા છે, શ્રીસિદ્ધાચલ ગિરિરાજ ઉપર મંદિર અને મૂર્તિઓ હજારો અને લાખોની સંખ્યામાં છે, છતાં એ ગિરિરાજની જ સ્તુતિ તે ગિરિરાજદ્વારાએ જે કરવામાં આવે છે તે વિવેકીઓને ઓછું વિચારવા લાયક નથી, પરન્તુ ધ્યાનમાં રાખવું કે ભગવાન્ ઋષભદેવજીની અત્યારે તો સિદ્ધાચલજી ઉપર સ્થાપના છે, પરન્તુ ખુદ તેઓ અરિહંતપણે જ્યારે વિચરતા હતા ત્યારે તેઓશ્રીએ તે જ ગિરિરાજ ઉપર શ્રીમુખે પુંડરીક ગણધર-કે જેઓ ભગવાન્ ઋષભદેવજી મહારાજ સાથે વિહાર કરવા માટે તૈયાર થયેલા હતા તેઓને પોતાની સાથે વિહાર ન કરવાનું જણાવી આ સિદ્ધક્ષેત્રના પ્રભાવથી તમને અને તમારા પરિવારને કેવલજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થશે એમ ફરમાવી આ સિદ્ધક્ષેત્ર એવા સિદ્ધાચલમાં જ રોકી દીધા અને આ સિદ્ધાચલરૂપી ક્ષેત્રના પ્રભાવેજ પુંડરીક સ્વામી અને તેમના પરિવારને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને મોક્ષની પ્રાપ્તિ થઈ વિગેરે વાતને વિચારનારો મનુષ્ય "ભાવતીર્થંકર કરતાં પણ સિદ્ધાચલરૂપી ક્ષેત્રનો પ્રભાવ ભગવાનના શ્રીમુખેજ કેટલો બધો મહત્તર ગવાયો છે" એ સ્હેજે સમજી શકશે.

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિ દેખવાથી ખુદ જીનેશ્વરનું સ્મરણ થાય અને તેમના સ્મરણથી જીનેશ્વર ભગવાન્‌ના ઉપદેશનું સ્મરણ થાય અને તે ઉપદેશના સ્મરણમાં જો સ્મરણ આત્મા વીર્યઉલ્લાસને ધારણ કરે તોજ તે મુક્તિના માર્ગ તરફ ઝપાટા બંધ આગળ વધે, પરન્તુ આ સિદ્ધાચળરૂપી ક્ષેત્ર એટલું બધું પ્રભાવશાળી છે કે જે આત્માને પ્રવિત્ર થવાના કારણ ભૂત જે વીર્યઉલ્લાસો તે ક્ષણે ક્ષણે પોતેજ ઉત્પન્ન કરે છે !!! આ વસ્તુને ધ્યાનમાં લેનારો મનુષ્ય સિદ્ધાચલરૂપી ગિરિરાજની સ્તુતિયોગ્યતા અને પૂજ્યતાપણું ઉંડા અંતઃકરણમાં ઉતાર્યા સિવાય રહેશે નહિ.

જુઓ અનુસંધાન ટાઈટલ પેજ ૩ જું.

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

અज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { ફાગણ વદ અમાસ
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૧૨-૧૩ { ચૈત્ર સુદ પૂર્ણિમા

એપ્રિલ ૧૯૩૮


તંત્રી


તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

## અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

### નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

### (છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૧ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયક્રમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

---

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તિથિ-ક્ષય-વૃદ્ધિ-પ્રદીપ (ગતાંકથી ચાલુ)

### અમાવાસ્યાની વૃદ્ધિએ આણસૂરની માન્યતા શી ?

વળી અમાવાસ્યાની વૃદ્ધિએ કેટલાકો પડવાની વૃદ્ધિ માનતા હોય છે, શ્રી હીરસૂરિજીએ પુનમની હાનિએ તેરસની હાનિ મુખ્યતાએ જણાવીને તેરસને દિવસે ચૌદશ અને ચઉદશના દિવસે પુનમ કરવાનું સ્પષ્ટશબ્દોમાં જણાવ્યું છે, અને તેથી તો તેરસે ચૌદશ કરવી ભૂલી જાય તો જ ચૌદશે ચૌદશ કરવી પડે, અને તેથી પુનમના ક્ષયે પડવાને દિવસે પુનમ કરવી જ પડશે. એમ ધારીને તેમ કહેલ છે અર્થાત્ ભૂલને લીધે પુનમના ક્ષયે પડવાનો ક્ષય જણાવેલો છે, છતાં આ વાત ન સમજતાં ઘેબરે કુશકા ખાનારની માફક મુખ્યપણે જ પુનમના ક્ષયે પડવાનો ક્ષય માનવાનું આણસૂરવાળા લઈ બેઠા, અને તેથી અમાવાસ્યાને ક્ષયે પણ પડવાનો ક્ષય માનવાની અજ્ઞતા કરી, અને તેને લીધે જ તેઓએ પુનમ અમાવાસ્યાની વૃદ્ધિએ પડવાની જ વૃદ્ધિ માની લીધી. તેવી કોઈકની કદાચ તે વખત ભૂલની સંભાવના હોય તો અમાવાસ્યાની વૃદ્ધિએ પણ અમાવાસ્યાએ જ કલ્પધર આવે એમ જણાવે છે. એમ સમજવામાં નવાઈ શી ? ખરી રીતે એ તો અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસ બે કરે તોપણ અમાવાસ્યા એ જ કલ્પધર આવે અને ઔદયિકી કે બીજી અમાવાસ્યાનો કલ્પધર જણાવ્યો નથી, તેથી અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરતાં પ્રશ્ન તો જ્યોતિષ અને ખરતરોની તથા ક્રમની અપેક્ષાએ હોય. વળી એ વાત પણ ધ્યાન બહાર રાખવા જેવી નથી કે કેટલાકો શ્રી હીરસૂરિજીના નામે પુનમ અને અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે પહેલી પુનમ અમાવાસ્યા આરાધવા લાયક છે એમ કહીને ગોળો ગબડાવવાવાળા હતા, તેઓને માટે અમાવાસ્યાની વૃદ્ધિએ આરાધનામાં બે તેરસ જ મનાય અને અમાવાસ્યાએ કલ્પધર આવે એમ જણાવવા માટે પહેલી અમાવાસ્યાને આરાધવાની વાત મૂલથી જ ઉડાવી દેવામાં આવી હોય ! અથવા શ્રીકલ્પસૂત્ર જેવા પવિત્ર સિદ્ધાંતની વાચનાનો આરંભ અમાવાસ્યાને દિવસે કરાય જ નહિં. એવું કોઈ માનનારા હોય તેને અંગે પણ અમાવાસ્યાએ કલ્પધર જણાવાય. એકંદર ચૌદશ, અમાવાસ્યા, અને પડવો એ ત્રણ જ દિવસ કલ્પધર હોય તેથી ત્રણેના પ્રશ્નો રાખ્યા. અને તિથિને અંગે જ પ્રશ્નો ગણી તિથીયોની અનિયમિતતા જ ઉત્તરમાં પણ જણાવી. અથવા અટ્ઠાઈમાં હાનિ વૃદ્ધિ માનવી નહિ એવા મતનો નિષેધ જણાવ્યો.

### પુનમ અમાવાસ્યા તિથિની વૃદ્ધિએ ખરતરોને આરાધ્ય તિથિ કયી ?

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ખરતરગચ્છવાળા શાસ્ત્રથી વિરૂદ્ધ રીતિએ વૃદ્ધિમાં પહેલી પર્વતિથિને માનનારા હોઈ તેઓ અમાવાસ્યારૂપ પર્વતિથિની વૃદ્ધિ થતાં તેઓ નથી તો બીજી અમાવાસ્યા માનનારા, અને નથી તો તેરસની વૃદ્ધિને માનનારા, તેઓને અમાવાસ્યા હોય તેથી પણ પ્રશ્નનો સંભવ રહે. આ વાત તો અજાણી

જ રહેતી નથી કે તે વખતે કેટલાક તપાગચ્છીયો ખરતરોના સહવાસને લીધે અથવા લોકરંજનઆદિ કોઈપણ હેતુને અંગે ખરતરોની તરફ વલણ રાખતા હતા. કેમકે જો એમ ન હોત તો શ્રીહીરસૂરીશ્વજીના નામે ગપ્પા કેમ ચાલત ? આગલ જોઈ ગયા કે શ્રી હીરસૂરિજી પુનમ અમાવાસ્યાની વૃદ્ધિમાં પહેલી પુનમ અમાવાસ્યાને આરાધવા લાયક જણાવે છે. એવી ગપ્પ તે વખતે પણ કોઈક તપાગચ્છીયે ચલાવી હતી, અને તે ગપ્પ પણ તેવી જગાએ ચલાવી હતી કે જ્યાં પ્રથમથી બીજી ગણાતી અમાવાસ્યા અને પુનમ અને આરાધન કરાતી હતી. તો આવી જગો પર અમાવાસ્યાની વૃદ્ધિએ તપાગચ્છમાં તેરસની વૃદ્ધિ કરાતી અને હંમેશ પ્રમાણે ચૌદશ અમાવાસ્યાનો જ છઠ્ઠ આવતો તો પણ તે વખતે ઉપર જણાવેલ ખરતરોની અસત્યમાન્યતાને અંગે અથવા ખરતરોને ખોળે બેઠેલા કેટલાક ભોળા અને અજ્ઞાનતપાગચ્છીયોને અંગે ચૌદશ અમાવાસ્યાના છઠ્ઠનો પ્રશ્ન રહે એ સ્વાભાવિક જ છે. પરંતુ આગળ પણ જણાવેલા આટલાં કારણોથી સંડોવાયલા સંજોગમાં ચૌદશ કે અમાવાસ્યા જેવી પર્વતિથિ બેવડી મનાતી હતી અને પહેલી ચૌદશ કે પહેલી અમાવાસ્યાને આજના ખોખા પંથીયોની પેઠે ખોખું માનતા હતા એમ તો હતું જ નહિ.

### યુગમાં મહિનાઓની પણ વૃદ્ધિ થાય છે ત્યાં કેમ ?

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે લૌકિકથી શ્રાવણ ભાદરવો આદિ મહિનાઓ વધે છે છતાં તેમાં બન્ને શ્રાવણને શ્રાવણના નામથી અને બન્ને ભાદરવાને ભાદરવાના નામથી ગણીયે માનીએ છીએ, પરંતુ નથી તો વધેલા શ્રાવણને આષાઢના નામથી બોલાવતા, અગર નથી તો પહેલા ભાદરવાને શ્રાવણના નામથી બોલાવતા, તો પછી આઠમચૌદશ આદિ તિથિયો વધી હોય તેને સાતમ અને તેરસ આદિ નામો કેમ આપી શકાય ? પહેલા શ્રાવણને કે પહેલા ભાદરવાને મલમાસ કે કાલચૂલા તરીકે રાખીને શ્રાવણ અને ભાદરવા તરીકે ગણીયે છીએ, તેવી રીતે પહેલી આઠમ ચૌદશ આદિને ફલ્ગુ અથવા ખોખા તરીકે રાખીને આઠમ ચૌદશ આદિ નામે કહીયે તો શું ખોટું છે ? આ પણ એક કલ્પના ચાલી રહી છે.

### મહિનાઓની વૃદ્ધિમાં આરાધ્ય કયો ?

એવું કહેનારાઓને જરૂર કહી શકાય કે ધર્મપરાયણ જીવોને પાંચતિથિ દશતિથિ કે બારતિથિના નિયમો જે વી રીતે તિથિયોને નામે હોય છે, તેવી રીતે મહીનાને નામે કે ભાદરવા. શ્રાવણ કે આષાઢને નામે હોતા નથી. વિચાર કરવા જેવું છે કે આઠમ ચૌદશ આદિ તિથિઓને નામે પૌષધ, સચિત્તત્યાગ, અબ્રહ્મત્યાગ, આદિ નિયમો લે અને આઠમ ચૌદશ આદિ તિથિઓને નામે તિથિઓને માને અને તે તિથિઓના નિયમો ખોખું ગણી પાળે નહિ તો તે તિથિઓના નિયમોનો ભંગ થયો કેમ ન ગણાય ? આઠમ ચૌદશ આદિ તિથિઓને માનવી અને તે તિથિઓને નામે પૌષધાદિ નિયમો હોય તે

ન પાળવા એ કોઈપણ શ્રદ્ધાલુઓ માટે શોભાદાયી ગણાય નહિં. વળી જો ક્ષયમાં પૂર્વની અપર્વતિથિ કાયમ રાખીને ક્ષીણ પર્વતિથિ તેમાં રહેલી છે તે માનવી હોત અને પર્વતિથિની વૃદ્ધિમાં બન્ને પર્વતિથિયોને પર્વતિથિયોના નામે જ રાખવી હોત તો પછી શ્રી ઉમાસ્વાતિવાચકજીને તિથિની હાનિ અને વૃદ્ધિની વખતે તિથિના નિર્દેશ માટે પ્રઘોષ પણ ચલાવવો પડત નહિં અને તિથિયોને આરાધવામાં તત્પર થયેલ શ્રદ્ધાલુવર્ગને તિથિની માન્યતામાં તે જ પ્રઘોષનું શરણ પણ લેવું પડત જ નહિ.

## પ્રઘોષથી ધ્વનિત શું થાય છે ?

આ સ્થાને સુજ્ઞમનુષ્યોએ ધ્યાનમાં રાખવા જેવી વસ્તુ છે કે શ્રી ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષમાં આરાધનાનું નામ કે નિશાન નથી. એટલે આ પ્રઘોષ નથી તો આરાધનાના પરિભોગને માટે અને નથી તો આ પ્રઘોષમાં ઉડી જતી આરાધનાને સ્થાપન કરવાનું વચન અથવા નથી તો બેવડાતી આરાધનામાં એક આરાધનાને ઉડાવવાની વાત. સુજ્ઞ મનુષ્યો સ્પષ્ટપણે જોઈ શકશે કે આ क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा એ પદ્યાર્ધ માં પર્વતિથિ કઈ માનવી અને ગણવી. એનો જ માત્ર અધિકાર છે ! એટલે સ્પષ્ટ થાય છે કે આ પદ્યાર્ધનો અર્થ કરતાં જેઓ ક્ષય હોય તો પહેલી તિથિમાં આરાધના કરવી અને બેવડી પર્વતિથિ હોય ત્યારે ઉત્તર એટલે બીજીતિથિમાં આરાધના કરવી એમ કહે છે. તેઓ પહેલી વિભક્તિને સ્થાને સપ્તમી કરીને અર્થનો વિપર્યાસ કરનારા થાય છે, તેમાં આરાધનાશબ્દનું નામ નિશાન પણ જેમાં નથી અને અધ્યાહારથી વળગી શકાય તેમ નથી, કારણ કે વાક્યબોધ થવામાં એ આરાધનાપદને લેવામાં ન આવે તો કંઈ પણ અપૂર્ણ રહેતું નથી છતાં આરાધનાશબ્દને જેઓ અહિં ઘુસેડી દે છે તેઓ પૂર્વધરોના વાક્યમાં પણ ઘાલઘુસણીયા બને છે. વળી આ क्षये० વાળો પ્રઘોષ શ્રી રત્નશેખરસૂરિજીમહારાજે પણ તિથિના વિધાનમાં જ જણાવેલો છે. અર્થાત્ तिथिश्च या प्रातः प्रत्याख्यान्वेलायां स्यात् सा प्रमाणं એવી રીતે તિથિ માન્યતાના પ્રકરણમાં જ આ પ્રઘોષ જણાવ્યો છે, તેથી પણ પહેલીમાં અને બીજીમાં એવો અર્થ આ પ્રઘોષનો જેઓ કરે છે. અને આરાધનાશબ્દને કલ્પિતરીતે ગોઠવી દે છે તેઓ પ્રઘોષના સ્પષ્ટ અર્થથી ખોટા હોવા સાથે શ્રાદ્ધવિધિના જણાવેલા પ્રકરણથી પણ ખોટા જ પડે છે. તે પ્રઘોષનો વાસ્તવિક અને કૃત્રિમ અર્થ જાણવા માટે બે પક્ષના અર્થ આપવા જરૂરી છે.

## પ્રઘોષનો વાસ્તવિક અર્થ શો ?

તે આ પ્રમાણે क्षये० નો અર્થ પર્વતિથિનો ક્ષય હોય એટલે ભોગવટાવાળી છતાં ઉદયને ફરસનારી જ્યારે પર્વતિથિ ન હોય, આ અર્થ યથાર્થપક્ષ અને કલ્પિતપક્ષમાં સરખો છે. पूर्वा० તે ક્ષય પામનારી આઠમ આદિ પર્વતિથિથી પહેલાંની સાતમઆદિ તિથિ, આ પદનો કલ્પિતપક્ષવાળાનો

અર્થ એવો છે કે ક્ષય પામેલી જે આઠમ આદિ પર્વતિથિ હોય તેનાથી પહેલાની તિથિ જે સાતમઆદિ હોય તે સાતમઆદિ અપર્વતિથિની અંદર પરન્તુ (યથાર્થ-પક્ષવાળા તો જ્યારે પૂર્વા૦ એ પ્રથમાન્ત પદ છે અને તેની પ્રથમાન્તપણે વ્યાખ્યા કરે છે ત્યારે) કલ્પિતપક્ષવાળાઓ તો તે પદનો પૂર્વસ્યાં પદ હોય અને જેવો અર્થ થાય તેવો "પહેલાની તિથિમાં" એવો અર્થ કરે છે. આ પદનો યથાર્થપક્ષવાળા એવો અર્થ કરે છે કે આઠમઆદિ ક્ષય પામેલી પર્વતિથિથી પહેલાની એવી જે સાતમઆદિ અપર્વરૂપ તિથિ હોય તે પર્વતિથિ કરવી. જ્યારે કલ્પિતપક્ષવાળા આ પદનો એવો અર્થ કરે છે કે ક્ષય પામેલી આઠમઆદિ અપર્વરૂપ તિથિ હોય તેમાં આઠમ કરવી. એટલે યથાર્થ પક્ષવાળા તિથિઃ પદ પ્રથમાન્ત છે. અને તેનું વિશેષણ પૂર્વા૦ પદ પણ પ્રથમાન્ત છે, તેથી ક્ષય પામનારી આઠમઆદિ પર્વતિથિથી પહેલાની સાતમઆદિ અપર્વરૂપ એવી તિથિ. એમ બન્ને સ્થાને પ્રથમાન્ત પણે અર્થ કરે છે, ત્યારે કલ્પિત પક્ષવાળા બન્ને જગો પર પ્રથમાવિભક્તિની જગ્યા ઉપર સપ્તમીવિભક્તિને કલ્પનથી ગોઠવીને પૂર્વસ્યાં અને તિથૌ એવું કહે છે, અને પહેલાની સાતમઆદિ અપર્વતિથિમાં એવો અર્થ કરે છે. કાર્યા એ પદનો યથાર્થપક્ષવાળા એવો અર્થ કરે છે કે ક્ષય પામેલી જે આઠમઆદિ તિથિ હોય તે પર્વતિથિ કરવી. આ યથાર્યપક્ષ તરફથી પ્રથમા વિભક્તિ જે ત્રણે જગ્યા પર છે અને ત્રણે જગો પર વિદ્યમાન એવી પ્રથમાવિભક્તિથી વ્યાખ્યા કરતાં એ ફલિતાર્થ આવે કે આઠમઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે આઠમઆદિથી પહેલાની જે સાતમઆદિ અપર્વતિથિ હોય તેને ક્ષીણ થયેલી એવી આઠમઆદિ પર્વતિથિ કરવી એટલે બનાવવી. આ યથાર્થપક્ષની વ્યાખ્યાના ભાવાર્થથી સુજ્ઞોને માલમ પડશે. ક્ષયે૦ નો અર્થ જ એ કહે છે કે આઠમઆદિના ક્ષયે સાતમઆદિને આઠમઆદિ પર્વતિથિ બનાવવી. એટલે તાત્પર્યાર્થમાં એ જ થયું કે સાતમઆદિ જ્યારે આઠમઆદિ બની જાય, તો પછી સાતમઆદિને સાતમઆદિ પણે બોલાય જ નહિ પરન્તુ તેવી ક્ષયની સ્થિતિ હોય ત્યારે તે સાતમઆદિને આઠમને નામે જ બોલાવવી અને તેવી વખતે તેનો સાતમઆદિ તરીકે વ્યવહાર તો ન કરવો, પણ તે સાતમઆદિનો આઠમઆદિ પર્વતિથી તરીકે જ વ્યવહાર કરવો

## શ્રીમહોપાધ્યાયજી શું ફરમાવે છે ?

આ જ વાત શ્રીતત્ત્વરંગિણીમાં મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજે પણ ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસને દિવસે તેરસ છે એવું નામ કહેવાનો પણ અસંભવ કહી જણાવેલ છે, વળી ધર્મારાધનના કાર્યમાં તે ટીપણાની તેરસને દિવસે ચૌદશ જ એવો આ શાસનમાં વ્યવહાર છે તથા ગૌણપણે એટલે ટીપન્નાની અપેક્ષાએ તેરશ તે દિવસે છતાં પણ આરાધનાનો મુખ્ય વિધિ છે તે અપેક્ષાએ (કહેવાનો) તો તે તેરસને દિવસે ચૌદશનો જ વ્યપદેશ કરવો યોગ્ય છે. અર્થાત્ ચૌદશ જ છે એમ કહેવાય તે જ યોગ્ય છે. તે દિવસે તેરસ છે એમ કહેનારો

મુર્ખશિરોમણિ છે, એમ કહ્યા પછી પણ આગળ વધીને કહે છે કે કોઈક જરૂરી કારણ સિવાય તે દિવસે તેરશના નામની શંકા પણ ન કરવી, એટલે કે કોઈક જબરા કાર્ય સિવાય તે દિવસે તેરસની તિથિતો પોતાના એટલે તેરસના કાર્ય માટે પણ ઉપયોગની નથી. રત્નાદિની સાથે લાગેલા તાંબાદિની રત્નાદિની કિંમત કરતાં જુદી કીંમત કોઈ પણ સજ્જન કહેતો નથી, આપતો નથી, અને લેતો કે માગતો પણ નથી. તેમ રત્નાદિ જેવી ચૌદશના વ્યવહારમાં તાંબાદિ જેવી તેરસનો વ્યવહાર હોય જ નહિં. આ વિગેરે વાક્યોનાં સ્પષ્ટ પાઠો હોવાથી તો બુધવારીયાઓના એક આગેવાન આ તત્ત્વતરંગિણીગ્રંથને અપ્રામાણિક કરવામાં આગેવાન થવું જાહેર કરે છે. પણ તેઓએ અને તેના પક્ષે ધ્યાનમાં રાખવું કે એમ કરવાથી તમારો પર્વનો ક્ષય માનવાનો જુઠો મત સ્થાપિત થઈ જાય તેમ નથી. કેમકે આ શ્રીઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષમાં યથાર્થપણે પ્રથમા વિભક્તિ છે. અને તે પ્રમાણે કરવામાં વ્યાખ્યાજ તેઓના પર્વક્ષય કે પર્વાપર્વના મિશ્રપક્ષને તોડી નાંખે તેમ છે.

## ચૌદશના ક્ષયે તેરસને તેરસ ન કહેવાય.

વળી શ્રીતત્ત્વતરંગિણીમાં શ્રી ધર્મસાગરજી મહોપાધ્યાયે પોતાની કલ્પનાથી જ ચૌદશના ક્ષયે તેરસને ચૌદશ ઠરાવી અને તેરસનું નામ તે દિવસે ન લેવાય એમ ઠરાવ્યું છે એમ નથી, પણ अवरविद्ध अवरावि अ॰ णहु पुव्व तव्विद्धा એવા પ્રાચીનઆચાર્યોએ જણાવેલ શાસ્ત્રને આધારે જ ઠરાવ્યું છે. એટલે સાફ ચોક્ખું થયું કે શ્રી ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષથી તેઓ સાતમઆદિ અપર્વતિથિયોને આઠમઆદિ પર્વતિથિયોનો ક્ષય હોય ત્યારે આઠમઆદિ પર્વતિથિ બનાવવી એમ સ્પષ્ટપણે જણાવે છે તેથી તેમજ તત્વતરંગિણી અને તેમાં આપેલ સાક્ષીપાઠથી ચૌદશઆદિના ક્ષયની વખતે તેરસઆદિને તેરસ કહેવાય જ નહિ, પણ ચૌદશઆદિ જ કહેવાય એમ સ્પષ્ટ છે, તેથી સાતમઆદિ અપર્વતિથિનો ક્ષય જ પર્યવસિતાર્થમાં બન્ને સ્થાને આવે.

## સામાન્ય બોધવાળો પણ कार्या નો અર્થ શું કરે ?

ધ્યાનમાં રાખવું કે પર્યવસિતાર્થને જાણ્યા છતાં શબ્દાર્થ કે શ્લોકના વાક્યાર્થને વિપરીત સ્થાને ગોઠવનાર એકલો મૃષાવાદી ઠરે એટલું જ નહિં પણ તે માયામૃષાવાદી બનવા સાથે આભિનિવેશિક પણ બને છે. કલ્પિતાર્થપક્ષવાળા कार्या એ પદનો અર્થ આરાધવી એવો જે કરે છે તે તો કેવલ નિરક્ષરવર્ગ જ માની શકે. બાકી સંસ્કૃતની પહેલી ચોપડીને શીખેલો મનુષ્ય પણ कार्या એ પદનો आराध्या અર્થાત્ આરાધવા યોગ્ય છે એમ અર્થ માનવા કે બોલવાને તૈયાર થાય જ નહિં ! કલ્પિતાર્થ પક્ષવાળા કદાચ પર્વતિથિનો ક્ષય હોય, ત્યારે તે પર્વતિથિની આરાધના તે ક્ષય પામેલી જે આઠમઆદિ પર્વતિથિ હોય, તેનાથી પહેલાની સાતમઆદિ અપર્વતિથિમાં તે આઠમઆદિ પર્વતિથિની આરાધના કરવી આવો

અર્થ કરે તેથી શું ? પરન્તુ ઉપર જણાવી ગયા તે પ્રમાણે અહિં પર્વતિથિને બનાવવાનો મુખ્યાર્થ છે, અને એ જ અર્થ પ્રકરણને અનુસરનારો છે, અને એ ઉપરથી પહેલાની તિથિમાં પર્વતિથિની આરાધના કરવી, પહેલાની અપર્વતિથિમાં ક્ષીણ એવી પર્વતિથિ લેવી, એ વિગેરે અન્ય પાઠોનો પણ વિરોધ આવતો જ નથી. કારણ કે પ્રથમ તો અન્યસ્થાને પર્વતિથિની સ્થાપનાનો અધિકાર નથી, પણ આરાધનાનો જ અધિકાર છે. વળી અહિં પ્રઘોષના યથાર્થવાલા પક્ષને તેમાં કાંઈ પણ અડચણ નથી, કારણ કે ટીપણાની સાતમઆદિ અપર્વને આઠમઆદિ પર્વતિથિપણે બનાવવાથી તેમાં આઠમઆદિની આરાધના કરવાની જ છે અને તે સંપૂર્ણપણે થાય જ છે. તે સાતમઆદિ અપર્વમાં આઠમઆદિ પર્વની આરાધના માટે તો આ પ્રઘોષનો જન્મ થયો છે.

## અપર્વમાં પર્વની આરાધના કેમ ?

એટલે રવિવારઆદિને દિવસે ઉદયમાં સાતમઆદિ તિથિ હતી અને અનુક્રમ પ્રમાણે સોમવાર આદિને દિવસે આઠમઆદિ તિથિ થવાની હતી, છતાં તે સોમવારઆદિને દિવસે આઠમઆદિ તિથિ સૂર્યના ઉદયને ફરસી નહિ, ત્યારે આઠમઆદિ પર્વતિથિનો ક્ષય કહેવાયો એટલે સોમવારઆદિ દિવસે જ્યારે સૂર્યોદયને ફરસનારી આઠમઆદિ પર્વતિથિ થઈ નહિ ત્યારે આઠમઆદિનો ક્ષય ગણાયો, તેથી રવિવારના ઉદયને સાર્થ ફરસવાવાળી આખી તિથિ જે સાતમ આદિ હતી તેને આઠમઆદિ પર્વતિથિપણે બનાવી અને તે રવિવારઆદિ વારની કહેવાતી આખી સાતમઆદિ અપર્વ તિથિ હતી તે આખી તિથિને આઠમઆદિરૂપે બનાવવાથી સાતમ રહી જ નહિં. અર્થાત્ સૂર્યોદયને ફરસવાવાળી જે સાતમઆદિ અપર્વતિથિ હતી તેને જ સોમવારઆદિ વારે આવવાવાળી આઠમ આદિ પર્વતિથિ ન આવી તેથી આઠમ બનાવી. મતલબ એ કે સોમવારે જો આઠમ સૂર્યોદયને ફરસી હોત તો રવિવારે ચ્હાય તેટલો આઠમનો ભોગવટો હોત છતાં સોમવારે જ આઠમ માનત. પણ સોમવારે આઠમઆદિ પર્વતિથિ સૂર્યોદયને ફરસી નહિ તેથી સોમવાર આઠમપણે ગણાયો નહિં, પરન્તુ જે રવિવાર સાતમના સૂર્યોદને લીધે સાતમપણે ટીપનામાં ગણાયો હતો તે જ રવિવાર આઠમપણે ગણાયો ?

## એકવારે અનેક તિથિ હોય ત્યારે માન્ય કયી?

ધ્યાન રાખવું કે ટીપણામાં એકવારને દિવસે ત્રણ પણ તિથિયો આવી જાય છે. છતાં લોકોમાં અને શાસ્ત્રોમાં તે આખો વાર તે સૂર્યોદયને ફરસવાવાળી તિથિને નામે જ ગણાય છે, શાસ્ત્રોની સમાપ્તિ, મંદિરોના શિલાલેખો, ગૃહસ્થોનાં નામાં, દસ્તાવેજો, લહિયાઓએ લખેલ પુષ્પિકા, અને પત્રવ્યવહાર વિગેરેમાં સર્વત્ર ઉદયવાળી તિથિનો જ વાર લખાયો છે, અને લખાય છે. એ હિસાબે સોમવારે આઠમ ગણાય નહિં. માટે ક્ષય ગણાયો અને તેથી રવિવારે આઠમ ગણાય અને એ જ વાત **ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા** એમ કરી જણાવી અર્થાત્

નહિ તિથિશબ્દ વારવાળી તિથિને જણાવે છે એટલે સોમવારે આઠમ મળવી જોઈતી હતી તે ન મળી તેથી રવિવારે આ પ્રઘોષથી આઠમ કરવી.

## સપ્તમ્યન્તપદોનો વાસ્તવિક અર્થ શો ?

આ હિસાબે पूर्वस्यां, सप्तम्यां, त्रयोदश्यां, चतुर्दश्यां વિગેરે સપ્તમ્યંતપદોમાં પૂર્વ સપ્તમી તેરસ અને ચૌદશના દિવસ અને વારોમાં આગલની તિથિ આઠમ ચૌદશ પુનમ વિગેરે કરવાં એ અર્થ પણ વ્યાજબી જ ઠરે, પરન્તુ જેઓ પહેલી તિથિ સાતમ તેરસ અને ચૌદશ વિગેરેને તો તે વારે માનવાનું ચાલું રાખશે અને તેમાં આગલની તિથિ જે આઠમઆદિ પર્વતિથિ તેને લાવવાનું રાખશે તેઓને क्षये पूर्वा० નો અર્થ પણ લાગશે નહિ, અને તે પ્રઘોષની જરૂર પણ ન રહી, કારણ કે રવિવારે સાતમઆદિ ઉદયવાળી તિથિ હતી ત્યારે ક્ષય પામવાવાળી આઠમ વિગેરે તો એમાં હતાં જ, એટલે સાતમઆદિની ભેળી આઠમઆદિ કરવી હોય તો કંઈપણ પ્રઘોષ વિગેરેની જરૂર રહેતી જ નથી. વળી જો વારના આરંભ વગરની અથવા ઉદયવગરની આઠમઆદિ પર્વતિથિ હોય ત્યારે સાતમ આદિ જે વારમાં કે દિવસમાં ઉદયવાળાં હોય તે વાર કે દિવસ આઠમઆદિની પર્વતિથિ તરીકે લેવો. એટલે સ્પષ્ટ થયું કે આઠમઆદિ પર્વતિથિ રવિવારઆદિને નામે જ્યારે ન હોય ત્યારે સાતમઆદિનો વાર અથવા દિવસ આઠમઆદિનો બનાવવો. સ્પષ્ટ થયું કે સાતમઆદિને વાર વગરની બનાવવી. અને આઠમઆદિ વાર વગરની હોય તો પણ તેને સાતમઆદિના વારવાળી બનાવવી. એટલે વારના સંબંધ વિના આઠમ આદિ ક્ષય પામ્યાં હતા, પણ આ પ્રઘોષથી સાતમઆદિ તિથિયો જ વાર વગરની થવાથી ક્ષય પામશે.

## આવો પ્રઘોષ માનવાઆદિનો મુદ્દો અને અર્થ

આ જ વાત મહોપાધ્યાયજી પણ બેની સમાપ્તિ લખતા છતા तत्तत्तिथित्येन એમ ન લખતાં तत्तिथित्वेन એમ લખે છે. તથા तस्या अपि समाप्तत्वात् એમ વચન લખી હેતુથી જુદું કહે છે. જેઓને સાતમઆદિનો આઠમઆદિને સ્થાને આરાધનાની અપેક્ષાએ ક્ષય નથી માનવો, તેઓ સાતમઆદિ અપર્વતિથિમાં આઠમઆદિ પર્વતિથિ કરવી એવો અર્થ કરી સાતમ આઠમ, તેરસ ચઉદશ, આદિ ભેળાં માનવા માગે છે. આવાઓએ વિચાર કરવો જોઈયે કે રવિવારઆદિ દિવસે સાતમ આઠમઆદિ તિથિયો ભેળી તો હતી જ. પછી આ પ્રઘોષથી કર્યું વિધાન કર્યું ? વળી વારને અંગે કહેવાતી તિથિ જ્યારે ન લો અને ભોગવટાની અપેક્ષાએ લો તો પછી કોઈ દિવસ પણ આઠમઆદિ પર્વતિથિનો ક્ષય જ નથી. અને જો પર્વતિથિનો ક્ષય જ નથી તો ક્ષયે એ શબ્દ જ અસંભવિત છે. મતલબ કે વારના આરંભને નહિ ફરસવાથી જ આઠમઆદિ પર્વતિથિનો ક્ષય ગણ્યો, તો સ્પષ્ટ થયું કે સાતમ આદિએ જ્યાં વારનો સ્પર્શ કર્યો છે ત્યાં આઠમઆદિ પર્વતિથિયો કરવી, એટલે બનાવવી, એટલે ચોક્ખું

થયું કે આઠમઆદિને વાર સ્પર્શવાવાળી બનાવવી. સાતમઆદિને સ્પર્શવગરની બનાવવી એટલે ચોકખા શબ્દોમાં કહીયે તો આઠમઆદિના ક્ષયને પ્રસંગે સાતમઆદિ પૂર્વની અપર્વતિથિ ક્ષય સ્થાને જાય તે માટે જ આ પ્રઘોષ છે.

## તિથિ વારોદયે કે સૂર્યોદયે માનવી ?

છતાં જેઓ પૂર્વા-પૂર્વસ્યાં ઈત્યાદિ પદોના ભાવાર્થ અને તાત્પર્યાર્થને ન સમજતાં એવો અર્થ જ્યારે કરે છે કે આઠમઆદિનો ક્ષય હોય ત્યારે તેની આરાધના તે ક્ષીણતિથિથી પહેલાની સાતમઆદિ તિથિમાં કરવી. તેઓએ ખુલાસો કરવો જોઈયે કે અહિં તિથિશબ્દ ઉદયયુક્ત કહેવાતી તિથિ માટે છે, કે ભોગકાલની અપેક્ષાએ તિથિશબ્દ છે? જો ઉદયયુક્ત આઠમઆદિ ન મળવાથી તેનો ક્ષય કહેવાય છે તેથી અને સાતમઆદિ તે વારે થોડા ભોગવટા વાળી છે છતાં અને તે આખો દિવસ જ્યોતિષશાસ્ત્ર અને વ્યવહારઆદિમાં સાતમ આદિપણે ગણાય છે માટે વાર ઉપલક્ષિત તિથિ લેવો પડે, અને જો તિથિશબ્દથી તે લો તો પછી એકવારના ઉદયની વખતે બે તિથિયો હોય જ નહિં અને મનાય પણ નહિં, અને માનવા જાઓ તો તે આખો દિવસ સાતમપણે અને આઠમપણે એમ ઉભયપણે માનવો પડે એટલે તમારી અપેક્ષાએ તો આઠમમાં સાતમ પેઠી. વળી આઠમના ક્ષયે સાતમમાં આઠમની આરાધના કરવી આવો અર્થ ભોગવટાની અપેક્ષાએ લેવામાં આવે તો આઠમના ભોગવટાની વખત તો આઠમની આરાધના રહી જ નહિં. તેની આરાધના તો સાતમના ભોગવટામાં ગઈ. બીજું આઠમના ક્ષયે સાતમ કરવા જતાં છઠના દિવસે સાતમ છે ત્યાંથી આરાધના શરૂ કરવી પડશે. વળી તિથિના વિધાનને સ્થાને આરાધનાનું વિધાન કલ્પિત કરવું પડશે. તેમ જ તે દિવસે સાતમઆઠમને આરાધનામાં ભેળી માનશો તો પર્વતિથિની વિરાધનાનું પ્રાયશ્ચિત્ત પણ અડધું દેવું પડશે. અને તેમ છતાં પણ આ પ્રઘોષને લીધે સાતમમાં આઠમ જેમ લઈ જવી પડશે. તેમ ભેળાનો અર્થ કરવાથી આઠમમાં પણ સાતમ લાવવી પડશે. કેમકે એ સિવાય સાતમઆઠમ ભેળાં કહેવાશે જ નહિં.

## અષ્ટમીના ક્ષયે સપ્તમી બોલાય જ નહિ.

આ સર્વ હકીકત વિચારતાં સ્પષ્ટ થશે કે આઠમઆદિના ક્ષયે સાતમઆદિને બોલવાં જ નહિ એટલે આઠમઆદિના ક્ષયે સાતમઆદિનો ક્ષય કરવો જોઈએ. યાદ રાખવું કે મરેલા માણસનો વ્યપદેશ થાય છે. અને નામશેષપણું ગણી નામ પણ બોલાય છે. અને અહિં તો નામ લેવાની પણ ના કહે છે એટલે કેવો ક્ષય થયો તે સમજવું. અને પૂર્વે જણાવ્યા પ્રમાણે આવૃત્તિ ન્યાયે પૂર્વતરમાં ન જવું હોય તો यावत्संभवस्तावद्विधिः એ ન્યાય લગાડીને દ્વિતીયપર્વના ક્ષયે તેનાથી પ્હેલીનું નામ ઉડે અને તે પહેલી પણ પર્વ છે માટે તેનાથી પણ પહેલાની અપર્વતિથિનું નામ ઉડી જાય અને તેથી જ શ્રીહીરસૂરિજીએ त्रयोदशीचतुर्दश्योः એમ કહ્યું છે

અને શાસ્ત્રીયપુરાવાની ચોપડીમાં આપેલા અનેક પાઠોને કહેનારાઓએ પુનમના ક્ષયે તેરસનો ક્ષય સ્પષ્ટપણે અનેકશઃ જણાવ્યો છે, જો કે આ અધિકાર પર્વતિથિની વૃદ્ધિને અંગે ચાલે છે અને હાનિના અધિકારને માટે આગલના બે લેખમાં વિવેચન થઈ ગયું છે, છતાં શ્રીઉમાસ્વાતિવાચકજી મહારાજના પ્રઘોષનો સ્પષ્ટપણે અર્થ જણાવવા માટે અને પ્રથમપાદના અર્થનો આધાર બીજાપદને આશ્રિત હોવાથી આ પદમાં અહિં આટલો વિસ્તાર કરવાની જરૂર જણાઈ, હવે **वृद्धौ कार्या तथोत्तरा** આ પદનો અધ્યાહાર સાથે એ જ અર્થ થાય કે-તેમજ પર્વતિથિ જે બીજ પાંચમ આઠમઆદિ છે તેની લૌકિકમાં વૃદ્ધિ હોય ત્યારે ઉત્તરાતિથિ કરવી. આ સ્થાને પ્રથમ એ વિચારવાનું છે કે તિથિની વૃદ્ધિ એટલે શું ? ધ્યાન રાખવું કે જૈનજ્યોતિષને હિસાબે તિથિનું માન ૬૧/૬૨ જેટલું નિયમિત હોવાથી તિથિ અગર પર્વતિથિનો ક્ષય તો જરૂર આવે. પણ વૃદ્ધિ તો આવે જ નહિ વૃદ્ધિ લૌકિકથી જ હોય, અને તે પણ તેર તિથિની હાનિની અપેક્ષાએ છની વૃદ્ધિ હોવાથી અલ્પ જ વૃદ્ધિ હોય.

### तिथिः कार्या શા માટે ?

યાદ રાખવું જરૂરી છે કે ટીપનાની અપેક્ષાએ એ પર્વતિથિનો ક્ષય આવે તોપણ આરાધનાની અપેક્ષાએ પર્વતિથિનો ક્ષય થતો નથી, માટે તો ક્ષયે૦ વાળો પ્રઘોષ માનવો પડ્યો. તેમાં પણ આરાધનાને અખંડિત રાખવા પહેલાં પર્વતિથિને અખંડિત રાખવા માટે **तिथिः कार्या** એમ જણાવ્યું, નહિતર **पूर्वस्यां स्यात् क्षये क्रिया, प्राच्यामाराधना क्षये, क्षये प्राग् नियमादयः** ઈત્યાદિ પાઠો આરાધનાના નામે જ કહેત, પણ દ્રાવિકપ્રાણાયામની માફક તિથિનું વિધાન કરીને તે દ્વારા આરાધનાનું વિધાન જણાવત જ નહિ, વળી આ પ્રઘોષથી શ્રાદ્ધવિધિમાં પર્વકૃત્યો જણાવવા પહેલાં જ તિથિ કઈ રીતે કઈ ગણવી એ અધિકાર લીધો છે. અને તેમ કરીને તિથિનો નિયમ આથી કરીને આરાધના જણાવી છે.

### તિથિનું માન કેટલું ?

વળી તિથિની વૃદ્ધિ તો જૈનજ્યોતિષના ગણિતથી હોય જ નહિં, કારણ કે ૬૧/૬૨ માનથી કોઈ વધારે માનવાળી તિથિ હોતી જ નથી, દિવસ કે વારથી તિથિનું પ્રમાણ જ વધારે ન હોય તો તિથિની વૃદ્ધિ હોય જ ક્યાંથી ? તિથિની ઉત્પત્તિ ચંદ્રથી છે, માટે ચંદ્રવર્ષ અને કર્મવર્ષના આંતરામાં તિથિયોની હાનિ આવે, પણ કર્મમાસ કરતાં કે કર્મવર્ષ કરતાં ચંદ્રમાસ કે ચંદ્રવર્ષ અધિક ન હોવાથી તિથિની વૃદ્ધિ તો હોય જ ક્યાંથી ? શાસ્ત્રોમાં જે અતિરાત્ર જણાવ્યા છે તે કર્મવર્ષ અને સૂર્યવર્ષના અંતરરૂપે છે, અને તે બન્ને વર્ષમાંથી કોઈપણ જાતનું વર્ષ તિથિઓ ઉપરથી નિષ્પન્ન થતું નથી. તેથી છ અતિરાત્રથી છ તિથિયોની વૃદ્ધિ લેવાય જ નહિં, પરન્તુ એ કર્મવર્ષ અને સૂર્યવર્ષ એ બન્ને અહોરાત્રથી જ થવાવાળા છે, માટે બન્નેના આંતરામાં અહોરાત્ર જ વધે. અને તેથી છ અતિરાત્રની વૃદ્ધિથી છ અહોરાત્ર જ વધારવા એ જ શાસ્ત્રીય છે. છ અહોરાત્રની જગ્યા પર જો છ તિથિ વધારવામાં

આવે તો સૂર્યવર્ષના ૩૬૬ દિવસ છે અને કર્મવર્ષના ૩૬૦ દિવસ છે. તેમાં કર્મમાસમાં છ અતિરાત્રની છ તિથિયો લેવાથી તો ૩૬૫ ૫૬/૬૨ દિવસ થવાથી ૬/૬૨ દિવસનો ફરક જ રહે. એટલે સૂર્યવર્ષ ૩૬૬ દિવસનું ન રહેતાં ૩૬૫ ૫૬/૬૨ રહે એ સ્પષ્ટ ખોટું અને જુઠું છે. છતાં લૌકિક ટિપનાનો પ્રચાર પણ શાસ્ત્રોમાં आसाढबहुलपक्खे भद्दवए-तइए पव्वंमि વિગેરે અવમરાત્રના પાઠો હોવાથી તથા जेइफुल्ला० થી વસન્તઋતુમાં અધિક મહિનો માનવાથી તેમજ કાર્તિકઆદિ નામથી મહિના અને પડવાઆદિ નામથી તિથિયો માનેલી હોવાથી વર્ષ કલ્પઆદિને અંગે યુગપ્રરૂપણા ગણધરાદિ પૂર્વધરોના કાલથી છે એમ માનવું પડે. અને તેથી જૈનોમાં પણ તિથિની તો શું ? પરન્તુ પર્વતિથિની પણ વૃદ્ધિ માનવામાં આવી અને તે માન્યતાને લીધે वृद्धौ० એ પ્રઘોષ કે પ્રઘોષનો અંશ માનવો જ પડ્યો. હવે જો આ પ્રઘોષના આ ભાગમાં આરાધના શબ્દ લાગુ કરીયે તો શું ? 'આરાધનાની વૃદ્ધિ થાય તો આવો અર્થ કરવો' કહેવું પડશે કે આરાધના માટે તો સર્વકાલ ઈષ્ટ જ છે. ફક્ત ખરતરગચ્છવાળાઓ જ અપર્વની તિથિયોમાં પૌષધાદિક આરાધના અનિષ્ટ છે એમ માને છે. અને તેથી જ તેઓએ આ પ્રઘોષનો આ અંત્યભાગ તો અર્થથકી અથવા અર્ધજરતીય જેવો પણ માન્યો નથી.

## આરાધનાની ઈષ્ટતા શામાં ?

તેઓને પર્વતિથિમાં વૃદ્ધિ થાય તો બીજી તિથિને જ પર્વતિથિ કરવી એ જેમ ઈષ્ટ નથી, તેમ આરાધનાની વૃદ્ધિ પણ ઈષ્ટ જ નથી, પરંતુ તપાગચ્છઆદિ શાસ્ત્રાનુસારિગચ્છવાળાઓ તો સર્વકાલમાં આરાધનાની ઈષ્ટતા માને છે. ફરક માત્ર એટલો જ છે કે આઠમઆદિ પર્વોમાં આરાધનાનેનિયમિત માને છે. અને તેથી આઠમઆદિ પર્વોને અંગે ઉપવાસ, અસ્નાન, બ્રહ્મચર્ય અને અવ્યાપારના નિયમો લે છે, પરન્તુ આઠમ ચઉદશ આદિ પર્વો સિવાય ઉપવાસાદિ આરાધના કર્તવ્ય તરીકે નથી એમ નથી માનતા. જો કે છ છ મહિનાના ઉપવાસઆદિનું કર્તવ્યપણું અને યાવત્જ્જીવ બ્રહ્મચર્યાદિનું આદરણીય પણું તો ખરતરોને પણ શાસ્ત્રીય છે એમ માન્યા સિવાય છૂટકો જ નથી. શાસ્ત્રોને અનુસરનારા શ્રીતપાગચ્છઆદિવાળાઓ તો એ ઉપવાસ આદિ આરાધનાની કર્તવ્યતા અનિયમથી તો હંમેશાં માને જ છે, માટે તિથિની વૃધ્ધિથી આરાધનાની વૃદ્ધિ થાય તેમાં તો આ પ્રઘોષને જન્મ આપવાનું અને માનવાનું રહેતું જ નથી, પરંતુ નિયમિત આરાધનાવાળી તિથિની વૃદ્ધિ થાય એ કોઈપણ પ્રકારે ઈષ્ટ નથી. કારણ કે એમ કહેવામાં અનિયમસ્વીકાર, વિપર્યય અને અશ્રદ્ધાનો પ્રસંગ આવે, તેથી જેમ જીવદયાની બુદ્ધિએ પણ પ્રત્યેક ને સાધારણ તરીકે ઓળખાવનાર દૂષિત બને, તેમ નિયમિતપર્વની વૃદ્ધિ બતાવી આરાધનાની વૃદ્ધિ કરવાની બુદ્ધિવાળો પણ દૂષિત જ થાય, એટલે નિયમિત આરાધના વાળી તિથિની પણ નિયમિત વ્યવસ્થા થવી જ જોઈએ. આજ કારણથી

જૈનટીપનામાં તો સર્વથા તિથિનીવૃદ્ધિ થતી જ નહોતી અને લૌકિકટીપનામાં કોઈ પર્વતિથિયો અને ઇતર તિથિયો વધે છે છતાં આરાધનાની અપેક્ષાએ જેમ પર્વતિથિની હાનિ ન માનવી તેમ વૃદ્ધિ પણ માનવી નહિ. આજ કારણથી આ પ્રઘોષના બે ભાગો માન્ય ગણાયા છે અને પ્રવર્ત્યા છે. આ ચર્ચામાં જે ટોળીએ ખરતરોનો હિસાબ ગણાવ્યો છે તેઓ તો હિંદુની ગણતરીમાં મુસલમાનને ઉમેરનાર છે. તેના હિસાબે જ ખોટામાં ગણતરી થઈ છે.

## પ્રઘોષનો સાર શું.

આ બધા ઉપરથી વૃદ્ધિમાં ઉત્તર કરવી એ પ્રઘોષની માન્યતા નક્કી થઈ, પણ સાથે એ પણ નક્કી થયું કે વૃદ્ધિશબ્દથી આરાધનાની વૃધ્ધિ નહિં લેવી, પરન્તુ લૌકિકટીપનાં માનવામાં આવેલાં હોવાથી તે લૌકિકટીપનામાં આવતી પર્વતિથિની વૃદ્ધિ હોય તો ઉત્તરાતિથિ કરવી. ધ્યાન રાખવું કે પાંસઠ ઘડીથી વધારે પ્રમાણ તો લૌકિકટીપનામાં પણ તિથિનું હોતું નથી, છતાં જો પર્વતિથિના સૂર્યોદયથી થોડી જ ઘડીયો પહેલાં જો તે શરૂ થાય તો કોઈ પ્રકારે પર્વતિથિને વધવાનો પ્રસંગ જ ન આવે. યાવત્ સ્વસૂર્યોદયથી માત્ર પાંચ છ ઘડી પહેલેથી પણ જો તિથિ બેસી જાય તો પણ વધવાનો પ્રસંગ આવે જ નહિ. પણ પાંસઠ જેટલી કે સાઠથી જરા પણ વધારે માનવાળી તિથિ હોય અને સૂર્યોદયની લગભગ જો તિથિનો પ્રવેશ હોય તો તિથિની વૃદ્ધિ થયા વિના રહેતી જ નથી. લૌકિકટીપનાં માનવાથી અને લૌકિકટીપનામાં તિથિનું પ્રમાણ સાઠ ઘડીથી પણ વધારે હોવાથી તિથિ અગર પર્વતિથિની પણ વૃદ્ધિ થાય એ સ્વાભાવિક છે, છતાં પર્વતિથિની તે ટીપનામાં વૃદ્ધિ હોય તો પણ આરાધનામાં વૃદ્ધિ કરાય નહિં તેમજ પર્વતિથિની વૃદ્ધિ મનાય પણ નહિ.

## ધર્મારાધકોને થતો વિચાર.

તેથી જ શ્રીઉમાસ્વાતિવાચકજી મહારાજને **वृद्धौ कार्या तथोत्तरा** એવો પ્રઘોષ કરવો પડ્યો અગર તેઓશ્રીના નામે પ્રવર્ત્યો. આ પ્રઘોષનો સીધો અર્થ જ એ છે કે વૃદ્ધિ હોય તો એટલે સામાન્ય તિથિને અંગે વૃદ્ધિ આવી જાય તેનો પર્વના આરાધકોને કાંઈ પણ વિચાર કરવાનો નથી, પરન્તુ બીજ આદિ તથા ચૌદશ ચોથ આદિ જે પાક્ષિક અને વાર્ષિકપર્વોની વૃદ્ધિ હોય ત્યારે ધર્મની આરાધના કરનારાઓને વિચાર થઈ પડે કેમકે બીજઆદિ તિથિયોથી પ્રતિબદ્ધ એવાં તપો શાસ્ત્રોમાં સ્થાને સ્થાને જણાવેલ છે, તેથી તે બીજઆદિ તપો કયે દિવસે માનવાં ? એ વિચાર ધર્મના આરાધકોને કરવો જ પડે. આ સ્થાને એક વાત વાચકોએ ધ્યાનમાં રાખવાની છે કે આ શ્રીઉમાસ્વાતિવાચકજીનો પ્રઘોષ શ્રીશ્રાદ્ધવિધિમાં તિથિના પ્રકરણમાં જ છે. એટલું જ નહિં પરન્તુ ખુદ આ પ્રઘોષ જ પોતાનું તિથિવિષયક પણું જણાવે છે, તેના આગલના ભાગમાં જ **तिथिः कार्या** એ સ્પષ્ટ કહેલું છે, એટલે ચોક્ખું છે કે આ પ્રકરણ તિથિનું વિધાન અનન્તરપણે કરે છે. અને આરાધનાનું વિધાન તો પરંપરાથી કરે

છે, આમ છતાં જેઓ એવો અર્થ કરે કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેની આરાધના તેની પહેલી તિથિમાં કરવી. તેઓ નથી આ પ્રકરણને સમજતા અને નથી તો તેઓ શબ્દોને દેખીને અર્થ કરતા, માત્ર તેઓ પોતાની કલ્પનાની પાછલ જ પ્રઘોષને ખેંચી જાય છે. કારણ કે નથી તો અહિં આરાધનાનું મુખ્ય પ્રકરણ અને નથી તો અહિં આરાધનાને કહેનાર એક પણ અક્ષર, અહિં તો એટલું જ જણાવે છે કે પર્વતિથિની વૃદ્ધિ હોય તો તેવી જ રીતે ઉત્તરાતિથિ કરવી.

## તથા શું ધ્વનિત કરે છે.

ધ્યાનમાં રાખવું કે આ પ્રઘોષમાં તથા એવું પદ સ્થાપન કરવામાં આવ્યું છે, તે તથા એવું પદ પૂર્વના વિધાનનો પરામર્શ કરે છે. યાદ રાખવું કે તિથિનું વિધાન સ્પષ્ટ છતાં તિથિનું વિધાન માને નહિં અને આરાધનાને જણાવનાર એક અક્ષર પણ આ પ્રઘોષમાં નહિં છતાં જેઓ આરાધનાનું આ વિધાન છે, એવો ઉટપટાંગ અર્થ કાઢે અને અજ્ઞાન લોકોની આગળ કહે તેઓની અજ્ઞાનતા ઉપર લોકોને હસવું જ આવે છે, વળી વાચકજી મહારાજના નામના પ્રઘોષમાં તથા શબ્દ નકામો છે. અથવા ગામડીયાની ભાષાની માફક સમુચ્ચય અર્થમાં છે એમ પણ કહી શકાય તેમ નથી. એટલું કહેવું જ જોઈશે કે પ્રકારને જણાવવાવાળો તથા શબ્દ છે. અહિં ક્યા પ્રકારે તિથિ કરાય છે એ વિચાર કરનારને તથા શબ્દના અર્થનો બરાબર ખ્યાલ આવશે.

## શ્રીશ્રાદ્ધવિધિકાર શું જણાવે છે ?

પ્રથમ શ્રીશ્રાદ્ધવિધિકાર મહારાજે તિથિના વિષયમાં ફરમાવ્યું છે કે સવારે પ્રત્યાખ્યાનના વખતમાં જે તિથિ હોય તે તિથિ પ્રમાણ ગણવી. અને તેના પુરાવામાં જણાવ્યું કે લોકમાં પણ સૂર્યના ઉદયને અનુસારે જ તિથિનો વ્યવહાર થાય છે, એવી રીતે પોતાના અને લોકવ્યવહારના આધારે સૂર્યોદયથી તિથિની સ્થાપના કરી જણાવ્યું કે સૂર્યના ઉદયની વખત જે તિથિ હોય તે જ તિથિ આખા દિવસની તિથિ ગણવી આ ઉપરથી જેઓ સાતમઆઠમઆદિ ભેળાં કરવા માગે અને ચઉદશપુનમઆદિ ભેળાં કરવા માગે તેઓએ સૂર્યોદયની વખતે બે બે તિથિયો બતાવવી જોઈયે અગર માનવી જોઈયે. વિચક્ષણોને એ તો સમજવું પડે તેમ નથી જ કે કોઈ દિવસ પણ બે તિથિયો સાથે તો સૂર્યોદયને ફરસનારી હોય જ નહિ.

## પર્વના ક્ષયે ઉદયની વખતે અપર્વતિથિ હોય એમ શાસનરસિકો શું માને ?

વળી આ ઉદયના સિદ્ધાન્તથી પૂજા પ્રતિક્રમણ આદિની વખત તિથિને માનનારાઓના ખંડન માટે તથા તિથિનું બેસવું થાય એને લગ્નના ઉદયની માફક ઉદયના નામથી તિથિના પ્રવેશને ઉદયને માનનારાઓના ખંડન માટે છે, તેથી ક્ષયની વખતે વગર ઉદયની છતાં પણ તિથિ માનવામાં આજ્ઞા ભંગઆદિ દોષો લાગશે નહિ, તેમજ તિથિની

વૃદ્ધિ થાય તે વખત એક તિથિના ઉદયે પર્વતિથિપણું ન માનવું અને પર્વતિથિના નિયમો ન કરવામાં આવે, છતાં આજ્ઞાભંગઆદિ દોષો લાગશે નહી, તેમજ પર્વતિથિના નામે લીધેલા નિયમો ન પળાય તેથી તે નિયમોનો ભંગ પણ ન થાય. યાદ રાખવું કે ક્ષય કે વૃદ્ધિની વખત શાસનને અનુસરનારાઓ તિથિપ્રવેશ કે ક્રિયાકાલને માનીને તિથિ માનતા નથી, પરન્તુ ઉદય નહિ હોવાથી બીજી તિથિનો ઉદય જ પર્વતિથિનો ઉદય ગણી આરાધના કરે છે અને તિથિની વૃદ્ધિ થાય ત્યારે માત્ર બીજીનો જ ઉદય જે થાય તેને પર્વતિથિનો ઉદય ગણે છે. પહેલી તિથિએ જે ઉદય થાય છે તેને તે તિથિનો ઉદય ગણતા જ નથી, આચાર્ય શ્રીહીરસૂરિજી અને સેનસૂરિજી ટીપનાની બીજી પર્વતિથિને જ औदयिकी ગણે છે, અર્થાત્ પ્હેલીમાં ઉદય જ માનતાં નથી આ વાતને જો બુધવારવાળાઓ સમજ્યા હોત તો પછી ક્ષયમાં પહેલીનો ક્ષય કેમ કરાય છે ? અને પર્વતિથિની વૃદ્ધિએ પહેલાની અપર્વતિથિની વૃદ્ધિ કેમ કરાય છે એવો સવાલ કરત જ નહિ, છતાં જ્યારે પર્વતિથિ ઉદયને ફરસતી ન હોય અને તેથી તે દિવસને પર્વતિથિ તરીકે ન ગણી શકાય અને બીજે દિવસે તો પર્વતિથિથી આગલની તિથિયોનો ઉદય હોવાથી તે દિવસો તો આગલની અપર્વતિથિ તરીકે ગણાય ત્યારે પર્વતિથિ ક્યારે ગણવી, આવી આપત્તિ આવવાથી જેમ આગલ જણાવ્યું કે પર્વતિથિનો ક્ષય હોય એટલે પર્વતિથિ સૂર્યના ઉદયને ફરસનારી જ્યારે ન હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિનો જે ઉદય છે અને જે ઉદયને લીધે તે આખો દિવસ તે અપર્વતિથિપણે ગણવાનો હતો તે ઉદયને પર્વતિથિનો બનાવવો અને તે આખા દિવસને પર્વતિથિનો ઉદય ગણી પર્વતિથિપણે ગણવો. આ વાત તો પર્વના ક્ષયે પૂર્વઅપર્વતિથિનો ક્ષય નહિ માનનારા બુધવારીઆઓ ને પણ માનવી જ પડે છે, કેમકે પર્વતિથિના ક્ષયે ઉદયની વખત તો અપર્વતિથિ હોય છે, છતાં સવારથી જ પર્વતિથિનાં વ્રતો અને નિયમો પાળવાનો નિશ્ચય જ ગણે છે, વળી જેઓ એમ જણાવે છે કે પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિમાં આરાધના કરવી તો પછી તેમાં પ્રથમ તો શાસ્ત્રકારોએ ખુલ્લી રીતે પર્વતિથિનો તો ક્ષય માની જ લીધો ગણાય એટલે તેરસ ચઉદશ આદિને ભેળા કહેવાનો વખત રહ્યો જ નહિં, વળી તેરશે જેટલો વખત આરાધન કરી તેટલો ચઉદશનો વખત છૂટી જશે એ તો જુદી વાત.

## અર્થાપત્તિથી ઉદયવિનાની કયી તિથિ ?

બાકી શાસ્ત્રકારે તો સ્પષ્ટપણે જણાવી દીધું છે કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિને જ પર્વતિથિ બનાવી એટલે અપર્વનો ઉદય ન ગણતાં તે ઉદયને પર્વતિથિનો જ ઉદય ગણવો. અર્થાપત્તિથી સિદ્ધ થયું કે અપર્વતિથિ જ ઉદયવિનાની થઈ. અને ઉદયવિનાની તિથિ ક્ષય પામેલી ગણાય તે સ્વાભાવિક છે. એટલે પર્વતિથિના ક્ષયની વખત તેનાથી પ્હેલાની અપર્વતિથિ જેટલી હોય તેનો ક્ષય ગણાય, કહેવો અને મનાય. એ નવો કે અણસમજુઓનો રસ્તો નથી. પણ

શાસ્ત્રકારોએ જણાવેલો અને વિદ્વાનોએ માનેલો રસ્તો છે. આ બધા પ્રકારની સદૃશતા વૃદ્ધિમાં પણ લેવી તેને માટે વાચકજીના પ્રઘોષમાં तथा શબ્દ મેલેલો છે. એટલે જેવી રીતે ક્ષયની વખતે અપર્વતિથિનો ઉદય ન માનતાં પર્વતિથિનો ઉદય માન્યો, તેવી રીતે પર્વતિથિની વૃદ્ધિ હોય અર્થાત્ જ્યારે ચઉદશઆદિ તિથિ બે દિવસના સૂર્યોદયને ફરસનારી હોય ત્યારે પણ તેવી રીતે એટલે જેમ અપર્વનો ઉદય હતો છતાં તેને પલટાવીને પર્વતિથિનો ઉદય કરીને અર્થાપત્તિથી અપર્વના ઉદયને ન ગણી તેનો ક્ષય કરીને તે ઉદયને પર્વતિથિનો ઉદય ગણી પર્વતિથિ આખો દિવસ બનાવી, તેમ અહિં બે ઉદય હોય ત્યારે ઉદયવાળી બીજી તિથિને જ ઉદયવાળી કરવી. એટલે સ્પષ્ટ થયું કે પહેલી ચઉદશઆદિનો ઉદય ટીપનામાં દેખાય તો પણ તે ઉદયને ચઉદશઆદિની તિથિ માનનારે ચઉદશઆદિનો ઉદય જ ગણવો નહિં. અર્થાત્ બીજા ઉદયને જ ચઉદશઆદિતિથિના ઉદય તરીકે માનવો. અને જ્યારે પહેલો ઉદય ચઉદશનો જ ગણાય નહિં તો પછી તે ઉદયવિનાની તિથિને ચઉદશઆદિ કહેવાય જ નહિં. કારણ કે પહેલાં જ કહી ગયા છે કે ઉદયને અનુસારે જ તિથિનો વ્યવહાર થાય. અને તે પહેલે દિવસે ચઉદશનો ઉદય ગણ્યોજ નહિ. એટલે તે ઉદયને તેરસનો જ ઉદય કહેવાય, અટેલે સ્પષ્ટ થયું કે ચઉદશ બે હોય ત્યારે બે તેરસ કરવી જ પડે. અર્થાત્ પર્વતિથિની વૃદ્ધિએ તેનાથી પહેલાની અપર્વતિથિની વૃદ્ધિ કરવી એ અણસમજુ માટે નથી, પરંતુ દરેક ધર્મારાધક સુજ્ઞોનું કર્તવ્ય જ છે. તે જ પ્રઘોષકારે જણાવ્યું કે તેવી રીતે પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે તે પૂર્વે જણાવેલા ક્ષયને હીસાબે उत्तरा એટલે બીજા ઉદયવાળી જ તિથિ કરવી એટલે પર્વતિથિ કરવી.

## ખરતર અને આણસૂરને અંગે કંઈક.

ધ્યાન રાખવું કે બીજી તિથિને જ ઉદયવાળી માની પહેલી તિથિને પર્વના ઉદય વગરની માનનારને उत्तरस्यां प्राक्तनी अर्वाक्तनी અગર प्रथमां चतुर्दशीं કે प्रथमां पूर्णिमामवगणय्य ઈત્યાદિક વાક્યોનો વિરોધ નહિં આવે. કેમકે તે બધાં વાક્યો ટીપનાની અપેક્ષાએ અને શાસ્ત્રના વાક્યોથી વિરૂદ્ધપણે જેની ઉત્પત્તિ છે, શાસ્ત્રથી વિરૂદ્ધપણે વર્તવામાં જ જેનો ટકાવ છે એવા ખરતરોઆદિની ચર્ચામાં ટીપનાની અપેક્ષાએ છે તેથી તેમ કહેવાય અથવા આણસુરવાળાઓ જેઓ પડવાની વૃદ્ધિમાં શાસ્ત્રવિરૂદ્ધપણે મુખ્યતાએ દુર્જન સંતોષી ન્યાયે પહોંચતા હોય તેઓને પડવાથી પાછા હઠાવવા માટે પહેલી છોડ અને બીજી લે એવું તેરશની જે વૃદ્ધિ છે તે શાસ્ત્રને અનુસરનારી અને યુક્તિયુક્ત છે તેને ન માને તો કહેવામાં આવે, તેની અડચણ નથી, પરન્તુ જેઓ બે આઠમો બે ચઉદશો અગર બે પુનમ અમાવાસ્યા માનવા તૈયાર થઈ આરાધનાના માર્ગને તેવો જણાવવા માગે છે તેઓને તો આ પ્રઘોષ કે જે બીજી તિથિને જ ઉદયવાળી તિથિ કહેવા માગે છે, અને આરાધનાના કાર્યમાં પહેલી આઠમવિગેરેને

ઉદયવાળી જ મનાવવાનો નિષેધ સ્પષ્ટ કરે છે. તે પ્રઘોષને તો નહિં માનનારા જ તેઓને થવું પડશે. ખોખાવાદીઓને એટલું તો સ્હેજે સમજાય તેમ છે કે सिद्धे सत्यारम्भो नियमाय અર્થાત્ જે વસ્તુ સિદ્ધ થઈ હોય છતાં તેનો પ્રયત્ન થાય તો તે નિયમને માટે જ હોય છે, એટલે એ નિયમવાળું વાક્ય વિધિને દેખાડનાર છે, છતાં પોતાનો પર્યવસિતાર્થ નિષેધમાં જ લાવે છે. रः कखपफि सः એમ કહીને प्रत्यये च એ સૂત્રથી પ્રત્યયાદિ કખ અને પક્ પર છતાં ष કરેલો હતો, છતાં रोः काम्ये એ સૂત્ર કર્યું. એટલે સીધો અર્થ તો વિધિને દેખાડનાર હતો કે નામ્યપ્રત્યય પર છતાં रुનો ष થાય, પરંતુ એ સૂત્રનો પર્યવસિતઅર્થ તો એ થયો કે प्रत्यये च સૂત્રથી પણ કામ્ય પર છતાં र નો ष કરવો નહિં અને તેથી द्वाः काम्यति એ જગો પર પ્રત્યયનો क આગલ છે છતાં र નો ष થયો નહિ, એવી રીતે અહિં પણ બે દિવસ ચઉદશનો ઉદય હોવાથી ચઉદશની તિથિ ટીપનામાં થયેલી જ હતી છતાં બીજીને જ તિથિ કરવી એમ કહ્યું.

પંચસંધિના બોધવાળાને પણ આ સમજવું સહેલું છે.

એટલે બીજી ઉદયવાળીને જ ચઉદશ ગણવી આવું વચન કહ્યું તેથી એક પંચસંધિને જાણવાવાળો બાલક પણ સમજી શકશે કે આ નિયમ સૂત્ર છે અને તેથી પહેલાના ઉદયને ચઉદશનો ઉદય પણ ગણાય નહિં અને પહેલી તિથિને ચઉદશ કહેવાય જ નહિં, એટલે પહેલે દિવસે ચઉદશ કહેવાનો નિષધે થયો, અને તેથી તે દિવસને ચઉદશ ન ગણતાં તેરસ ગણે બે તેરસો માનીને બીજી તેરસ માનવી જ પડે. જેઓને આ વાક્ય નિયમ તરીકે હોઈ પહેલા દિવસને ચઉદશમાંથી ખસેડનાર ન *માનવું હોય અને પહેલી ચઉદશ ન ગણવી એવું* ચોક્ખું વાક્ય જોઈતું હોય તેઓએ द्वाः काम्यति એ જગો પર ष ન થવાનું સૂત્ર આખા વ્યાકરણમાંથી શોધી કાઢવું જોઈએ. (આ સ્થાને જેઓ પહેલા પાદમાં पूर्वा तिथिः નું વિધાન છે અને તેથી અહિં उत्तरा નું વિધાન પહેલેથી વિપરીત બીજી તિથિને જણાવનાર એમ સ્પષ્ટ છતાં માત્ર પોતાના કદાગ્રહમાં શાસ્ત્રને લઈ જવાની ધૃષ્ટતાવાળા ખરતરો उत्तरा નો અર્થ उत्तमा કરવા માગે છે અને તેમ કરી સાઠ ઘડી રહેવાવાળી પહેલી તિથિ ઉત્તમ છે. માટે તે પહેલી તિથિ જ પર્વતિથિની વૃદ્ધિમાં કરવી એમ જણાવવા બહાર પડે છે તેઓએ સમજવું જોઈયે કે પ્રથમ તો તેઓના મતે क्षयवृद्धयोस्तिथिः पूर्वा એટલો જ પ્રઘોષ બસ છે. વળી ઉત્તરાશબ્દનો ચોક્ખો પૂર્વાથી વિપરીત આગલી તિથિ એવો અર્થ છતાં અપ્રાસંગિક એવા ઉત્તમઅર્થમાં લઈ જવાય તો પણ ઉત્તમ તિથિ કઈ ગણવી એ વાત તો ખરતરોની મુખથી જ માનવી રહે. વળી ઉત્તમા

કહેવામાં અડચણ નહોતી તો ઉત્તરા કેમ કહ્યું, અને પ્હેલાની ઉત્તમતાની સિધ્ધિ કેમ કરવી, ભોગવટો તો બધા પર્વોમાં પર્વતિથિનો ઓછો જ હોય છે.

## ખરતરોની માન્યતા પ્રમાણે મહિનાઓની વૃદ્ધિમાં થતી અડચણ

યાદ રાખવું જરૂરી છે કે પહેલે ઓગણસાઠ ઘડીનો ભોગવટો હોય છતાં તે દિવસને તે તિથિ તરીકે ખરતરો પણ માનવા તૈયાર નથી, પરન્તુ જે દિવસે ઉદય હોય તે દિવસે એકાદ ઘડી પણ જે તિથિ હોય તેને ખરતરો પણ પર્વતિથિ માને છે. વળી જો પહેલી તિથિને ઉત્તમ તરીકે માનશે, તો પહેલા આષાઢને જ આષાઢની વૃદ્ધિ હોય ત્યારે ઉત્તમ તરીકે માનવો પડશે. અને બીજા આષાઢને અધમ માનવો પડશે. તથા ચોમાસી પણ તે અધમઆષાઢમાં કરવી પડશે, આ બધા કથનનું તાત્પર્ય એટલું જ કે જ્યારે ચઉદશઆદિ પર્વતિથિની વૃદ્ધિ થઈ હોય ત્યારે પહેલે દિવસે ચઉદશનો ઉદય માનવો નહિ અને તેથી તે પહેલા દિવસને ચઉદશ તરીકે ન ગણવી અર્થાત્ તેરસ તરીકે ગણવી. આ વાત તો સ્વાભાવિક જ છે કે આગલી તિથિનો ઉદય ન થાય ત્યાં સુધી પહેલાંની જ તિથિ ગણાય અને તેથી અહિં ચઉદશનો ઉદય નહિ ગણાયાથી તે તેરસનો જ ઉદય ગણાય, અને તેથી બે ચઉદશો હોય ત્યારે બે તેરસનો થાય, તેમ જ બે બીજ વિગેરે હોય ત્યારે બે પડવા વિગેરે થાય એ સ્વાભાવિક છે, વળી બીજી તિથિને તિથિ ગણવી એટલે તે બીજી તિથિએ જ પર્વતિથિનો સૂર્યોદય માનવો અર્થાત્ પહેલી તિથિના સૂર્યોદયને પર્વતિથિના સૂર્યોદય તરીકે જ ન માનવો અને સૂર્યોદયને અંગે જ તિથિનો વ્યવહાર હોવાથી તે પહેલી તિથિનો પર્વતિથિને નામે વ્યવહાર જ ન થાય, આવો પ્રઘોષનો જે અર્થ કરાય છે તે નિરાધારકલ્પના માત્રથી છે એમ નથી, પરન્તુ શ્રીહીરસૂરિજી અને શ્રીસેનસૂરિજી મહારાજ પણ એ જ વાત જણાવે છે :-

ટીપનામાં પુનમ અને અમાવાસ્યાની વૃધ્ધિ થતાં પહેલાં તો ઔદયિકી (સૂર્યોદયને ફરસનાર તરીકે ગણાયેલી બીજી તિથિ) ને આરાધવા યોગ્ય ગણી પ્રવૃતિ થતી હતી. (પરન્તુ) કોઈકે કહ્યું કે આચાર્ય મહારાજ પહેલાની (ઉદય વગરની ગણાતી) તિથિ આરાધવા લાયકપણે કહે છે તો શું (ખરૂં છે ?) આવા પ્રશ્નનો ઉત્તર (દે છે કે) પુનમ કે અમાવાસ્યાની વૃધ્ધિ હોય તો ઔદયિકી (સૂર્યોદયને ફરસનાર તરીકે ગણવામાં આવેલી જે બીજી તિથિ) હોય છે તે જ આરાધવા લાયકપણે છે એમ જાણવું.

## મહોપાધ્યાય શ્રીકલ્યાણ વિજયજી ને શ્રી હીરસૂરિજી મહારાજનો ખુલાસો.

સુજ્ઞવૃન્દને સમજવાની જરૂર છે કે શ્રીહીરસૂરિજીમહારાજ કરતાં પહેલાના વખતથી પણ ટીપનામાં પુનમ અમાવાસ્યાની વૃદ્ધિ હોય અને તેથી બન્ને દિવસે પુનમ અને અમાવાસ્યા સૂર્યના ઉદયને ફરસનાર હોય, છતાં તે બે તિથિયોને

ઔદયિકી એટલે સૂર્યોદયવાળી ગણતા જ નહોતા, પરંતુ માત્ર બીજી પુનમ અમાવાસ્યા જે વારે હોય તે વારે જ તે પુનમ અમાવાસ્યાને ઉદયવાળી માનતા હતા, છતાં કોઈક ખખ્ખાપાર્ટીના ખાંસાહેબે ગોળો ગબડાવ્યો કે શ્રી હીરસૂરિમહારાજ તો પહેલાની પુનમ અમાવાસ્યા કે જેને શ્રીતપાગચ્છવાળા ઉદયવાળી નહિં માનવાથી પુનમ અમાવાસ્યા તરીકે જ નહોતા ગણતા તેવીને આરાધવાનું જણાવે છે. આ કારણથી મહોપાધ્યાયશ્રી કલ્યાણવિજયજીને પ્રશ્ન કરી લોકોને ખુલાસો મંગાવી આપવો પડ્યો. આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીહીરસૂરિજી મહારાજ જણાવે છે કે (ટીપનામાં) પુનમ અમાવાસ્યાની સૂર્યોદયને ફરસનારી હોય ત્યારે સૂર્યના ઉદયને ફરસનારી (તરીકે ગણાવી) એવી તિથિ જ આરાધવા લાયક જાણવી. શ્રીહીરસૂરિજી મહારાજ પણ પૂર્વકાલથી ચાલ્યા આવતા રીવાજ મુજબ બીજીતિથિને જ ઉદયવાળી માને છે અને તેથી **द्वितीयैव परैव उत्तरैव** વિગેરે શબ્દો નથી કહેતા, પરન્તુ ઔદયિકી જ આરાધવી એમ કહી ઔદાયિક વાપરે છે. અને બીજીને જ ઉદયવાળી ગણવી. અને એ પણ પોતાના તરફથી કથન નથી પરન્તુ પરાપૂર્વથી બીજીને જ ઉદયવાળી ગણાય છે એમ જણાવે છે.

## સૂર્યોદયવાળી પહેલી કે બીજી ?

જૈનશાસનને સમજવાવાળા મનુષ્યો સારી પેઠે જાણે છે કે તિથિનો વ્યવહાર લોકોમાં પણ સૂર્યોદયને અનુસારે છે. અને શાસ્ત્રકાર પણ પ્રત્યાખ્યાન વખતે એટલે સૂર્યોદય વખતે હોવાવાળી તિથિને લે છે. અને શ્રી હીરસૂરિજી મહારાજ પોતે અને તેમનાથી પૂર્વકાલમાં થયેલા આચાર્યો પણ માત્ર બીજી પર્વતિથિને જ સૂર્યના ઉદયવાળી માની ઔદયિક ગણતા હતા. એટલે પહેલી પુનમ તથા અમાવાસ્યાને જ્યારે ઉદયવાળી ગણવી નથી, તો પછી તે પહેલી તિથિને ખોખા કે કોઈ પણ જાતની પુનમ કે અમાવાસ્યા કહેવાય જ કેમ ? વળી જ્યારે તે પુનમ અમાવાસ્યાનો ઉદય નથી એમ માની પુનમ અમાવાસ્યા જ ગણે નહિં. તો પછી તે દિવસનો ઉદય તેનાથી પહેલાની તિથિમાં જ જાય. (તે પણ ચઉદશરૂપ પર્વ હોય તો બીજી ચઉદશ જ ઔદયિકી ગણાઈ. તેનાથી પહેલાની ચઉદશ ન ગણાવાથી તેરસ ગણાય અને તેથી અપર્વતિથિ જ વધે. કારણ કે અહિં ચઉદશ પણ પર્વ હોવાને લીધે જ બે તિથિયો ઉદયવાળી ન માની, પણ બીજીને જ ઉદયવાળી માની, અર્થાત् **अर्थात् संभवस्तावद्विधिः** એ ન્યાયે બે તેરસો જ અપર્વતિથિ હોવાથી ઉદયવાળી ગણાય) આ ઉપરની હકીકત સમજનાર સહેજે સમજશે કે પર્વતિથિ ચર્ચાવાળા લખે છે કે-

## "પર્વતિથિ ચર્ચા" ના લેખકે તેમજ તત્વતાના અનુવાદકે કરેલો કપોલકલ્પિત અર્થ

"કારણ વિશેષે શ્રીહીરસૂરિજી પુનમ અમાવાસ્યાની વૃદ્ધિમાં પૂર્વતિથિ પલટાવતા હતા એમ જણાય છે." આ સર્વથા જુઠું અને કલ્પિત જ છે. શ્રીહીરસૂરિજી તો औदियिक्येव એમ

નિશ્ચયપૂર્વક ઉદયવાળી ગણાતી ટીપનાની બીજી તિથિને જ આરાધવા લાયક છે એમ ચોક્ખા શબ્દો કહે છે. વળી આથી જ "કારણ વિશેષે પૂર્વતનતિથિને આરાધ્ય તરીકે માનવાની સ્વીકૃતિ" આવું જે મહાપુરૂષને નામે લખવું એ કેવલ જુઠાણા અને કદાગ્રહ સિવાય બીજું કંઈ જ નથી કારણ કે ઔદયિકયેવ એમ કહી એવકારથી ચોક્ખો પૂર્વતિથિના ઉદયનો નિષેધ કરે છે. તો પછી મૌનની કલ્પના જ ક્યાં રહે છે ! અને કારણવિશેષે માનવાની કલ્પના પણ કદાગ્રહનું જ પરિણામ છે. આ પ્રશ્નોત્તરમાં પૂર્વતનની આરાધનામાં મૌન પણ નથી અને કારણવિશેષની ગંધ સરખી પણ નથી. વળી તત્વત૦ અનુવાદ કરનાર તો કહે છે કે 'ઔદયિક' શબ્દ સમાપ્તિ સૂચક ઉદયને જણાવનારો પારિભાષિક શબ્દ છે,' આ અનુવાદકે કોઈપણ ગ્રંથથી આ પરિભાષા જણાવી નથી. માટે તેને પારિભાષિક કહીને સાચા પર્વથી ખસવું અને ખસેડવાનું જ થાય છે. વળી શ્રીતપાગચ્છના શાસ્ત્રોમાં એવી પરિભાષા નથી અને પ્રાચીનશાસ્ત્રોમાં તો તેવી પરિભાષા હોવાનો સંભવ જ નથી. કારણ કે જો તેમ હોત તો તે જ તત્વતરંગિણીમાં ખરતરો કે જેઓ સમાપ્તિવાળા ઉદયને ઔદયિકી તરીકે માનતા નથી. કારણ કે સમાપ્તિવાળા ઉદયને તેઓ ઔદયિક તરીકે માને તો તેઓ ટીપનામાં પર્વતિથિની વૃધ્ધિમાં પહેલી તિથિને આરાધવા તૈયાર થાય જ નહિ. કારણ કે પહેલી તિથિ કોઈ દિવસ સમાપ્તિ યુક્ત ઉદયવાળી હોય જ નહિ. અને ખરતરો ત ર ફ થી नन्वौदयिकीतिथिस्वीकारान्यतिथितिरस्कारपवण-योरावेयोः આવું કથન થાત જ નહિં. કારણ કે ટીપનામાં વધેલીમાં પ્હેલા ઉદયને તેઓ માને છે. એટલું સ્પષ્ટ થયું કે સમાપ્તિ સૂચક ઉદયને જણાવનાર ઔદયિક ગણાય. એવી પરિભાષા છે જ નહિં. એ તો માત્ર અનુવાદકારને પહેલી પુનમ અમાવાસ્યાને ઉદય વિનાની માનવી પડે અને તેથી પુનમ અમાવાસ્યા તરીકે તે તિથિયો ઉદય હીન હોવાથી મનાય નહિં અને ખોખાપંથી થવાય નહિં માટે જુઠો અને અભિનિવેશવાળો પારિભાષિકપણાનો બુટ્ટો ગોઠવવો પડ્યો છે. શબ્દાર્થ અને વ્યવહારથી પણ ઔદયિકીશબ્દનો ઉદયવાળી તિથિ એવો જ અર્થ થાય છે. પરંતુ એ અનુવાદકાર એ સાચી વ્યુત્પત્તિ અને સાચાવ્યવહારને માને તો બીચારાને ખોખાપંથને વોસીરાવવો પડે. કારણ કે પહેલી પુનમ કે અમાવાસ્યા ઉદય વગરની ગણાયાથી પુનમ અમાવાસ્યા તરીકે જ ગણાય નહિં. તો પછી બે પુનમ અને બે અમાવાસ્યાઓ માનીને ખોખા પુનમ અને ખોખા અમાવાસ્યાની ખાઈમાંથી બહાર આવવું પડે વળી તે જ અનુવાદકને उदयंमि जा तिही થી સામાન્ય ઉદયવાળી તિથિને ઔદયિકી માની છે પણ સમાપ્તિવાળો ઉદય ત્યાં લીધો નથી. અને જો એવો ઉદય લે તો क्षये० અને वृद्धौ० ના પ્રઘોષની જરૂર જ ન રહે તેનુ ભાન રહ્યું નથી. મતલબ એ છે કે શ્રીહીરસૂરિજી મહારાજ અને તેના પહેલાના પણ મહાપુરૂષો પર્વતિથિની વૃદ્ધિમાં માત્ર બીજીને જ ઉદયવાળી માનતા હતા અને પહેલીને ઉદયવગરની જણાવી પુનમ અમાવાસ્યા તરીકે

માનતા ન્હોતા એ હકીકત ઉપરના પ્રશ્નોત્તરમાં દીવા જેવી છે. વળી એવી જ રીતે શ્રીસેનસૂરિજી મહારાજ એકાદશીની વૃદ્ધિ થતાં પણ બીજી જ અગ્યારસને ઉદયવાળી ગણવી એમ કહી પહેલી અગ્યારસને ઉદયવાળી ગણવાનો સ્પષ્ટપણે નિષેધ સૂચવે છે. જુઓ સેનપ્રશ્નનો પાઠ :-

ત્રીજા ઉલ્લાસમાં પત્ર ૮૭માં છે કે-

"एकादशीवृद्धौ श्रीहीरविजयसूरीणां निर्वाण-महिमपौषधोपवसादिकृत्यं पूर्वस्यामपरस्यां वा किं विधेयमिति प्रश्नोऽत्रोत्तरं औदयिक्येकादश्यां श्रीहीरविजयूरिनिर्वाणपौषधादि विधेयम्।

પત્ર ૧૪ तथा-पूर्णिमाऽमावास्ययो वृद्धो पूर्वमौदयिकी तिथिराराध्यत्वेन व्यवह्रियमाणाऽऽ-सीत्, केनचिदुक्तं श्रीतातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयन्ति तत्किम् ? इति प्रश्नोऽत्रोतरम्-पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ औदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया॥५॥"

## બન્ને ઔદયિકીમાં આરાધ્ય કયી ?

ઉપરના પાઠથી સ્પષ્ટ થાય છે કે અગ્યારસની અથવા અમાવાસ્યાદિની ટીપનામાં વૃદ્ધિ હોય અને બન્ને અગ્યારસો અને અમાવાસ્યાદિને ઉદયવાળી માની ઔદયિકી માની હોય તો આરાધના કરનારાઓએ તો એક બીજી તિથિ જે અગિઆરસઆદિ હોય તેને જ ઔદયિકી એટલે સૂર્યના ઉદયને ફરસવાવાળી માનવી, અર્થાત્ પહેલી અગ્યારસઆદિ જો કે ટીપનામાં ઉદયવાળી હોય અને તેથી તે દિવસે ટીપનાવાળાએ અગ્યારસઆદિ ગણેલી પણ હોય, છતાં આરાધના કરનારાઓએ તે ટીપનાની પહેલી અગ્યારસઆદિમાં અગ્યારસઆદિનો સૂર્યોદય જ ગણવો નહિ. એટલે તેને અગીઆરસઆદિ ગણવી જ નહિ. એટલે ચોકખું થયું કે દશમ જ ગણાય. આવી રીતે શ્રી હીરસૂરિજીના પહેલાના સમયથી ટીપનામાં બીજ આદિ પર્વતિથિ આવે અને તે વખતે ટીપનામાં બન્ને બીજઆદિ પર્વતિથિ ઉદયવાળી હોય છતાં આરાધક મનુષ્યો તે બે તિથિને ઉદયવાળી માને નહિ પરંતુ બીજીને જ ઉદયવાળી માને, એમ ચાલ્યું આવે છે, એમ જણાવ્યું. અને જ્યારે તે પહેલી પર્વતિથિ ઉદયવાળી ન ગણાય તો તેના ઉદયને તેનાથી પહેલાની પડવાઆદિ અપર્વતિથિનો જ ગણાય, એટલે સ્પષ્ટ થયું કે બે બીજ આદિ હોય તો બે પડવાઆદિ જ ગણાય. અર્થાત્ કહેવું જ જોઈએ કે જેઓ ટીપનામાં બન્ને દિવસે ઉદય છે અને તેથી બન્ને દિવસો એ બીજઆદિ છે એમ કહેનારા છે તેઓ સત્ય બોલનારા જ નથી. સુજ્ઞ મનુષ્યોને એ તો સમજાવવું પડે તેમ જ નથી કે સત્ય ભાષા તેનું જ નામ છે કે જૈનમોક્ષમાર્ગને આરાધનારી ભાષા હોય. શ્રીહીરસૂરિજી જેવા આચાર્યોના ફરમાનથી વિરૂદ્ધ ચાલનારા કોઈપણ પ્રકારે સત્ય બોલનારા છે એમ તો કહી શકાય જ નહિ, અને શ્રીહીરસૂરિજી વિગેરે આચાર્યો બીજી તિથિને જ ઔદયિકી માને છે અને પહેલી બીજ વિગેરેને

ઔદયિકી એટલે સૂર્યોદયને ફરસનારી નથી. માનતા. તે પણ સ્વયં નહિ, પરંતુ શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજ वृद्धौ कार्या तथोत्तरा એટલે ટીપનામાં જ્યારે બીજઆદિ પર્વતિથિની બન્ને દિવસ સૂર્યોદય ફરસવાથી વૃદ્ધિ હોય ત્યારે उत्तरा એટલે બીજાવાર વાળી જ તિથિ કરવી. એટલે બીજ તરીકે ઉદયવાળી તે બીજી તિથિ જ ગણવી. એવા શ્રી ઉમાસ્વાતિવાચકજીના વચનને અનુસારે છે. અને તેથી જ व्यवह्रियमाणाऽऽसीत् એમ જુની પરંપરાથી બીજીનું જ औदयिकीપણું જણાવે છે. અને બીજીને જ જ્યારે તિથિ કરાય તો પછી પહેલાની અપર્વતિથિ થાય એ સ્વાભાવિક જ છે. અને એ જ કારણથી બીજઆદિની વૃદ્ધિ થતાં પડવાઆદિની વૃદ્ધિ થવાની પરંપરા ચાલી છે, એટલે એ બીજ આદિની વૃદ્ધિએ પડવાઆદિની વૃદ્ધિ શાસ્ત્રથી વિરૂદ્ધ નથી. એટલું જ નહિ, પરન્તુ શાસ્ત્રસિધ્ધ જ છે.

### સારાંશ.

આ ઉપરના નિબંધથી ચોકખું થશે કે બે બીજઆદિને ઉદયવાળી જ માનવાની નથી, તો પછી બે બીજઆદિ માનવાં અને પહેલી બીજ આદિને ખોખાબીજઆદિ તરીકે માનવી એ કોઈપણ શાસ્ત્રીય કે પરંપરાનુગત નથી. પરન્તુ તે બીજઆદિથી પહેલાની પડવાઆદિ અપર્વતિથિને જ બેવડી માનવી, તે જ શાસ્ત્રીય અને પરંપરાનુગત છે.

॥ समाप्तः पूर्वातिथिवृद्धिप्रकाशः ॥३॥

## લેખાંક-૪
## પર્વતરા : પર્વતિથિવૃદ્ધિપ્રકાશ

द्वितीयपर्वणो वृद्धौ, वृद्धिः पूर्वतरातिथेः।

साध्यते श्रीजिनं नत्वा, शास्त्राम्नायागता स्फुटम्॥१॥ ચઉદશ જેવા પર્વની આગળ આવેલ પુનમ કે અમાવાસ્યા જેવા બીજા પર્વની વૃધ્ધિ વખતે પરંપરાથી તેરશની જ વૃધ્ધિ કરાય છે અને તે શાસ્ત્રોક્ત છે એમ આ લેખથી સાબીત કરવામાં આવશે.

### બે પુનમ કે બે અમાવાસ્યા હોય જ નહિ ?

જે નવીન પંથ ચલાવનારા રામાનુજો ચઉદશની આગળ આવતી બે પુનમ અને બે અમાવાસ્યાઓ માને છે તે પણ એમ તો કબુલ કરે જ છે કે કેઈ વર્ષોથી જૈનજનતામાં બે પુનમ અને બે અમાવાસ્યા જ્યારે હોય ત્યારે બે તેરસો કરવામાં આવે છે. વળી તે નવીનોએ એવો એક પણ પુરાવો આપ્યો નથી કે જે પુરાવાથી એમ તેઓ સાબીત કરી શકે કે કેઈ વર્ષોથી નીકલતા આરાધનાના અનેક પંચાંગોમાં કોઈ પંચાંગે પણ બે પુનમ કે બે અમાવાસ્યા જાહેર કરી હોય, વળી તે નવીનોના મત પ્રમાણે પણ કેઈ વર્ષોથી ચાલતા આરાધનાના પંચાંગોમાં પુનમ અને અમાવાસ્યા બે હોય ત્યારે તેરસો લખવામાં આવી છે. એટલું જ નહિ, પરંતુ બીજ પાંચમ આઠમ અગીયારસ ચઉદશ વિગેરે પણ જ્યારે જ્યારે લૌકિકપંચાંગમાં બેવડાયાં છે ત્યારે ત્યારે આરાધનાના ઉપયોગને

માટે કહાડતા પંચાંગોમાં એકમ, ચોથ, સાતમ, દશમ અને તેરસ બેવડી તરીકે જાહેર કરવામાં આવી છે. આરાધનાને માટે નીકલતા બીજા પંચાંગની વાત દૂર કરીએ, પરંતુ આ નવીન વાત કાઢનારાઓએ પોતાના પેપરમાં અઠવાડીએ અઠવાડીયે જે પંચાંગો આપેલાં છે તેમાં પણ અત્યાર સુધી તેઓએ પુનમ અને અમાવાસ્યાની વૃધ્ધિએ તેરશની વૃધ્ધિ અને પુનમ અને અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય સ્પષ્ટપણે જાહેર કર્યો છે, વળી તેવી જ રીતે બીજ, પાંચમ, અગિયારસ કે ચૌદશના ક્ષય કે વૃદ્ધિએ તેઓએ પોતાના પેપરના પંચાંગમાં અને છુટા ભીંતીયા પંચાંગમાં એકમ, ચોથ, સાતમ, દશમ અને તેરસની ક્ષય અને વૃધ્ધિ લખેલાં છે. આટલું બધું છતાં તેઓ ખોટો પોતાના લેખનો બચાવ કરે છે. અને તેવી રીતે તે તે પર્વના ક્ષયે કે પર્વની વૃદ્ધિએ અપર્વનો ક્ષય કે અપર્વની વૃદ્ધિ જે લખી છે તે માત્ર વિધવાવિગેરેને સમજાવવા માટે છે. આ તેમનું વાક્ય કેવલ ખોટો બચાવ કરવાને માટે છે. કેમકે તે પેપરનું પંચાંગ અને છુટું પંચાંગ એકલા વિધવા આદિને માટે કહાડતાં નથી. શું તે નવીનોનાં પેપર અને ભીંતીયાં પંચાગો વિધવાઆદિ અજ્ઞાનિયો માટે હતાં?, અને શું બીજાઓ તે માટે કાઢતા હતા, તથા હવે શું તે બધા જ્ઞાની થઈ ગયા?, વાચક સ્હેજે સમજશે કે રામપંથિયોનો જુઠનો રાફડો પ્રગટ થઈ ગયો છે.

## નવીનોએ લખેલી બે પુનમની રીતિ

એ બધું સમગ્રસંઘ અને જૈનજનતાને માટે કાઢવામાં આવે છે, પોતાના પેપરના પંચાંગમાં કે જુદા ભીતીયા પંચાંગમાં એવું કોઈ દિવસ લખી જણાવ્યું નથી. કે આ પચાંગ વિધવાવિગેરેને માટે છે. વળી જો પુનમ અમાવાસ્યાના ક્ષય કે વૃદ્ધિએ વિધવાઆદિને તેરસનો ક્ષય કે તેરસની વૃદ્ધિ કરાવવી ઈષ્ટ છે. તો તે તેરસનો ક્ષય કે તેરસની વૃદ્ધિ તમારા નવીન મત પ્રમાણે જુઠી હોય તો તમે તે વિધવાઆદિને તમારા મતે જ ઉન્માર્ગે લઈ જનારા થયા, અને તેનું ઘોર પાપ તમોએ બાંધ્યું, કદાચ તે નવીનમતવાળાઓની રીતી ફેરવીને તોલવાની છે અને તેથી મહારાજ આત્મારામજીએ સોરઠદેશને ભગવાન મહાવીર મહારાજની વખતે અનાર્ય ગણ્યો. તે આ નવીનોએ ફેરવી તોલ્યું, વળી તેમના મહાત્માઓએ વડોદરામાં જે સંમેલન ભરીને ઠરાવો કર્યા હતા તે ફેરવીને તોલ્યા, તેમના દાદાગુરુએ ઉંટડીનું દુધ અભક્ષ્ય કહી ફેરવી તોલ્યું, સુતકનો વ્યવહાર જે પલટાવ્યો છે તે પણ ફેરવી તોલવો પડશે, એ બધાં જેમ થાય છે તેમ આ પંચાંગની તિથિ બાબતમાં પણ તે નવીનો ફેરવી તોલે છે કે પેપરના પંચાંગમાં અને ભીંતીયાં પંચાંગમાં જે અમે લખ્યું તે માત્ર ચાલતી પરંપરાના અનુસારે જ લખ્યું છે. પરંતુ તે બધું શાસ્ત્રથી વિરુધ્ધ છે, એમ કહેવાને તેઓ તૈયાર થાય, પરંતું આટલી બધી

લાંબી ચર્ચા થયા છતાં પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષયે કે વૃધ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ કરી શકાય નહિ એવો એક પણ પુરાવો તેઓ જાહેર કરી શક્યા નહિ, તેઓ જ એમ કબુલ કરશે જ કે કઈ વર્ષોથી જૈનજનતામાં પુનમ અને અમાવાસ્યાના ક્ષયે કે વૃધ્ધિએ તેરસનો ક્ષય કે તેરસની વૃધ્ધિ કરાય છે, તે અમુક શાસ્ત્રને અનુસારે છે એમ જાણ્યું ન્હોતું.

## પૂર્વાચાર્યના પટ્ટકને નહિં માનનારાઓને

કારણ કે જ્યાં સુધી શ્રી વિજયદેવસૂરિએ ગચ્છની મર્યાદા કે જે મર્યાદા સમગ્ર તપાગચ્છીય જૈનજનતામાં પલાતી હતી અને પોતે પણ પોતાના પેપરના પંચાંગમાં અને ભીંતીયાં પંચાંગમાં જાહેર કરી હતી તેને મલતી છે, અને જે ભાષાંતર સાથે મૂલ સંસ્કૃત રતલામવાળી શ્રીરૂષભદાસ કેશરીમલજીની પેઢીએ છપાવી જાહેર કરી છે તેની પહેલાં તે મર્યાદાના પટ્ટકને તેઓ જાણતા હોય તેવો એક પણ ઉલ્લેખ વર્ષોની ચર્ચામાં તેઓએ કોઈ પણ જગો પર એક પણ વખત કર્યો નથી. સજ્જનમનુષ્યો સમજી શકશે કે કેઈ વર્ષોથી પુનમ અને અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસની ક્ષય કે તેરસની વૃધ્ધિ કરવાની પરંપરા છે તે નવીનોએ પોતે પણ ઘણા વર્ષો સુધી તેજ પરંપરા પ્રમાણે પંચાંગમાં છપાવ્યું છે અને કર્યું કરાવ્યું છે, તે બધાને જુઠું થયું છે એમ કહેવું અને તે પરંપરા વિગેરેના પુરાવાને ખોળ્યો નહિં અને જાણ્યો નહિં એ કેવલ અજ્ઞાનદશાને જ સોહાય, છતાં તે પરંપરા વિગેરેને મલતો ૧૮૯૫ પહેલાનો પટ્ટક રજુ થયો ત્યારે આ નવીનોની ધારણા ધૂળધાણી થઈ, પરંતુ હાર્યો જુગારી બમણું રમે તેમ અથવા તો સન્માર્ગેથી પતિત થનારાઓને સેંકડો જગ્યાએથી પતિત થવું પડે છે તેમ આ નવીનોને તે ૧૮૯૫ પહેલાની મર્યાદાના પુરાવાનાં પાનાં અમાન્ય કરવા તૈયાર થવું પડ્યું. જૈનશાસ્ત્રને જાણનારા સારી પેઠે સમજી શકે છે કે મર્યાદા, વિધિ અને સામાચારી વિગેરેને દેખાડનારા પટ્ટો, ગ્રંથો, ગાથાઓ કબુલ કરવામાં શ્રીહરિભદ્રસૂરિજી, શ્રીદેવેન્દ્રસૂરિજી, શ્રીહીરસૂરિજી, શ્રીસેનસૂરિજી, વિગેરે જ્યારે આનાકાની કરતા નથી ત્યારે કેટલાં વર્ષોથી ચાલતી પરંપરાને જણાવનાર મૂલભૂત અને અનેકભંડારોમાં મલતા શ્રીદેવસૂરિગચ્છના સામાચારીનાં પાનાં આ બિચારા નવીનોને અમાન્ય કરવાં પડે છે, કારણ કે પ્રથમથી જ તે ચાલતી પરંપરાથી વિરૂદ્ધ થયા. અને ચાલતી પરંપરાથી વિરૂદ્ધ થનારને તે પરંપરાના આધારભૂત પાનાં અમાન્ય કરવાં પડે એમાં નવાઈ નથી. પરંતુ ભગવાન જીનેશ્વરમહારાજના માર્ગને અને સુવિહિતમુનિઓની પરંપરાને માનનારા મહાનુભાવો તો તે નવીનોના પરંપરા અને ગ્રંથના લોપરૂપી અપકૃત્યને ધિક્કાર્યા સિવાય રહેતા નથી.

ઉપર જણાવેલો વિજયદેવસૂરિગચ્છવાળાને પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિને કરવા જણાવનારો લેખ ભાષાંતર સાથે નીચે પ્રમાણે છે.

श्रीविजयदेवीयानां पूर्णिमामावास्ययोर्वृद्धो त्रयोदश्यां एव वृद्धिर्भवतीति मतपत्रकम्

## श्रीतिथिहानिवृद्धिविचारः ॥

अथ तिथिवृद्धिहानिमप्रश्नोत्तरं लिख्यते। इन्द्रवृंदंनतं नत्वा, सर्वज्ञं सर्वदर्शिनम्। ज्ञातारं विश्व-तत्त्वानां, वक्ष्ये शास्त्रानुसारतः ॥१॥ कस्यास्तिथेः क्षये जाते, का तिथिः प्रतिपाल्यते ?। वृद्धौ सत्यां च का कार्या, तत् सर्वं कथ्यते मया॥२॥ तत्र प्रथमतस्तिथिलक्षणं कथ्यते- आदित्योदयवेलायां या तिथिः स्तोकाऽपि भवति सैव तिथिस्तिथित्वेन विज्ञेया, परमुदयं विना प्रभूताऽपि नोच्यते, उक्तं च श्रीसेनप्रश्नप्रथमोल्लासे- उदयंमि जा तिही सा पमाणमिअरीइ कीरमाणीए। आणाभंगअणवत्था-मिच्छत्तविराहणं पावे॥१॥ इति, तस्मादौदयिक्येव तिथिराराध्या, न परेति॥ तथापूर्णिमामावास्ययो-र्वृद्धो पूर्वमौदयिकी तिथिराराध्यत्वेन व्यवहृियमाणा आसीत्, केनचिदुक्तं श्रीतातपादाः पूर्वतनीमाराध्य-त्वेन प्रसादयन्ति तत् किमिति ?, अत्र उत्तरं, पूर्णि-मामावास्ययोर्वृद्धौ औदयिक्येत्र तिथिराराध्यत्वेन विज्ञेया इति हीरप्रश्नद्वितीयप्रकाशे प्रोक्तमस्ति, तस्मादौदयिक्येव तिथिरंगीकार्या, नान्येति, तथा सेनप्रश्नतृतीयोल्लासेऽपि प्रोक्तमस्ति, यथा अष्टम्यादि-तिथिवृद्धौ अग्रेतन्या आराधनं क्रियते, यतस्त प्रत्याख्यानवेलायां घटिका द्विघटिका वा भवति, तावत्या ए आराधनं भवति, तदुपरि नवम्यादीनां भवनात् संपूर्णायास्तु विराधनं जातं, पूर्वदिने भवनात्, अथ यदि प्रत्याख्यानवेलायां विलोक्यते तदा पूर्वदिने द्वितमप्यस्ति-प्रत्याख्यानवेलायां समग्र-दिनेऽपीति सुष्ठु आराधनं भवति इति प्रश्नः अत्रोच्यते-क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ ज्ञेया तथोत्तरा। श्रीवीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरिह॥१॥ तथा-उदयंमि जा तिही सा पमाणं इत्यादि श्रीउमास्वातिवाचक (प्रभृति) वचनप्रामाण्यात् वृद्धौ सत्यां स्वल्पाऽप्यग्रेतना तिथिः प्रमाणमिति। अनेनेदमुक्तं-या सूर्योद्गमवेलायां तिथिः सैव मान्या, नापरेति। तथा हीरप्रश्नचतुर्थोल्लासे त्रुटिततिथिमाश्रित्य प्रश्न एवं कृतोऽस्ति, तथाहि- यदा पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते ? पूर्णिमायां च त्रुटितायां त्रयोदशी-चतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति प्रतिपादितमस्तीति। अत्र **विजयानंदसूरिगच्छीयाः** प्रतिपद्यपीति अपिशब्दं गृहीत्वा पूर्णिमाभिवृद्धौ प्रतिपद्वृद्धिं कुर्वन्ति तन्मतमपास्तं, यतः **पूर्णिमाभिवृद्धौ त्रयोदश्या वृद्धिर्जायते,** न तु प्रतिपदः, यतष्टिप्पनकादौ चतुर्दश्या पूर्णिमासंक्रमो दृश्यते, न तु प्रतिपदि, ननु पूर्णिमा चतुर्दश्यां संक्रमितातदा भवद्भिः, द्वे चतुर्दश्यो कथं न क्रियेते ?, तृतीयस्थानवर्तिनी **त्रयोदशी** कथं वर्धिता इति त्वं पृच्छसि शृणु तत्र

---

१आनन्दसूरीयाः पूर्णिमामावास्यावृद्धौ प्रतिपदं ववृधिरे, न तु सांप्रतीनोत्थापकवत् पर्वापर्वतिथ्योर्मि-श्रतां पर्वद्वयमिश्रतां पर्वतिथेर्वृद्धिं च चक्रुः द्विने

उत्तरं-जैनटिप्पणके तावत् ( पर्व ) तिथीनां बुद्धिरेव न भवति, ततः परमार्थतः त्रयोदश्येव वर्धिता, न तु प्रतिपद्वृद्धिर्भवति, लौकिकलोकोत्तरशास्त्रप्रतिषेधितत्वात्, तस्मात् सिद्ध चैतत् पूर्णिमावृद्धौ त्रयोदशीवर्द्धनं, चेदेवं तव न रोचते तदा प्रथमां पूर्णिमां परित्यज्य द्वितीयां पूर्णिमां भज अथ एवमपि ते न रोचते तर्हि प्रष्टव्योऽसि यत् चतुर्मासकसबंधिपूर्णिमावृद्धौ त्वं त्रयोदशीवृद्धिं कुरुषे शेषपूर्णिमासु च प्रतिपद इति कुत्र शिक्षितोऽसि ?, यतः सर्वा अपि अमावास्यापूर्णिमादितिथयः पर्वत्वेनाराध्या एव ज्ञते, यदुक्तं श्रीश्राद्धदिनकृत्ये 'छण्हं तिहीण मज्झंमि का तिही अज्ज वासरे' इत्यादि, ताः सर्वा अपि तिथय आराध्या एवेति, अथ चाउद्दसअट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु पडिपुन्नं इत्यस्य व्याख्या-चतुर्दश्यष्टम्यौ प्रतीते, उद्दिष्टासु महाकल्याणकसंबंधितया पुण्यतिथित्वेन प्रख्यात्यासु, तथा पौर्णमासीषु तिसृष्वपि चतुर्मासकतिथिषु इत्यर्थः इति सूत्रकृतांगद्वितीयश्रुतस्कन्धसूत्रवृत्तौ लेपश्रावकाधिकारे, इत्येतत्पर्वाराधनं चरितानुवादरुपम्, शतवारपंचमश्राद्धप्रतिमावाहककार्तिकश्रेष्ठिवत्, न तु विधिवादरूपं, तल्लक्षणं पुनःएकेन केनचिद् यत् क्रियानुष्ठानमाचरितं स चरितानुवादः, सर्वैरपि यत् क्रियानुष्ठानं क्रियते स विधिवादः, विधिवादस्तु सर्वैरपि स्त्रीकर्तव्य एव, न तु चरितानुवाद इत्यर्थतः सेनप्रश्ने कथितमस्ति, तस्मात् त्यज कदाग्रहं, कुरु पूर्णिमाभिवृद्धौ द्वे त्रयोदश्यौ, अन्यथा गुरुलोपीठको भविष्यसि इति दिक्। तथा श्राद्धविधावपि तिथिस्वरूपं यत् प्रतिपादितमस्ति तदपि त्वं सावधानीभूय श्रृणु-तिथिश्च प्रातः प्रत्याखायनवेलायां या स्यात् सा प्रमाणं, सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात्, आहुरपि-चाउम्मासियवरिसे पक्खियपंचट्ठमीसु नायव्वा। ताओ तिहीओ जासिं उदेइ सूरो न अन्नाओ॥१॥ पूआ पच्चक्खाणं पडिकमणं तह य नियमगहणं च। जीए उदेइ सूरो तीइ तिहीए उ कायव्वं॥१॥ उदयंमि जा तिही सा पमाणमिअरीइ कीरमाणीए। आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे॥३॥ परासरस्मृतावपिआदित्योदयवेलायां, या स्तोकाऽपि तिथिर्भवेत्। सा संपूर्णेति मंतव्या, प्रभूता नोदयं विना॥१॥ उमास्वातिवाचकप्रघोषश्चैवं श्रूयते-क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा। श्रीवीरज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह॥१॥ इतिश्री श्राद्धविधौ प्रतिपादितमस्ति, तस्मात् कदाग्रहं त्यक्त्वा यथावदागमानुसारेण पूर्वाचार्यपंरपराय च प्रवर्तितव्यं, परं कदा-ग्रहेण कृत्वा कुमार्गप्रवर्तनं न कार्यं, उत्सूत्रपरूपणेना-नंतसंसारवृद्धेः तस्मात् सिद्धं चैतत्- पूर्णिमाभिवृद्धौ त्रयोदशीवर्धनं॥ इति श्रीप्रश्नविचारः संवत् १८९५ वर्षे चैत्रसूद १४ दिने, पं० भोजाजीए लखी आपी छे. श्री खरतरगच्छे श्री पादरामध्यें सा. कपुरसाने लखी आपी छे॥ तथा।१३। १४। ०)) ए त्रिणि तिथि पुरी छतइ जइ लोक चउदसि दीवाली करइ तउ तेरसिचउदसिनो छठ करवउ, जे माटइ श्रीमहावीरनुं

निर्वाणकल्याणक लोकनइ अनुसारि करवुं कहिउं छइ श्राद्धविधिमांहि। क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा। श्रीमहावीरनिर्वाणं, ज्ञेयं लोकानुगैरिह ॥१॥.

इतिश्रीतिथिहानिवृद्धिविचारः

આચાર્યમહારાજ શ્રી વિજયદેવસૂરિજીના ગચ્છવાલાઓએ પુનમની વૃદ્ધિએ તેરસની વૃધ્ધિને માટે કરેલા ગ્રન્થનું ભાષાન્તર નીચે પ્રમાણે છે.

ઈન્દ્રનો સમુદાય જેને નમસ્કાર કરે છે, જે સર્વજ્ઞ અને સર્વદર્શી છેઃ જે જગતૂના સમગ્રતત્વોના જાણનારા છે એવા જીનેશ્વરને નમસ્કાર કરીને શાસ્ત્રને અનુસારે કંઈક કહું છું ॥૧॥ કયી તિથિનો ક્ષય થયા છતાં કયી તિથિનું પાલન કરવું જોઈએ? અને કયી તિથિની વૃધ્ધિ થયા છતાં કઈ તિથિ કરવી? તે બધી વાત હું કહું છું. ॥૨॥ તેમાં પહેલાં પર્વતિથિનું લક્ષણ કહેવાય છે-સૂર્યના ઉદય વખતે જે તિથિ થોડીપણ હોય તે જ તિથિ તિથિપણે જાણવી, પણ ઉદયવગરની ઘણી હોય તોપણ તેને તિથિ તરીકે કહેવી નહિ. શ્રીસેનપ્રશ્નના પહેલા ઉલ્લાસમાં કહ્યું છે કે-ઉદયમાં જે તિથિ હોય તે તિથિ પ્રમાણ ગણવી, ઉદય સિવાયની તિથિ જો કરાય તો આજ્ઞાભંગ ૧ અનવસ્થા ૨ મિથ્યાત્વ ૩ અને વિરાધના ૪ ને પામે ॥૧॥ તેટલા માટે ઉદયવાળી તિથિ જ આરાધન કરવી પણ બીજી ઉદય વિનાની નહિં તેવી જ રીતે પુનમ અને અમાવાસ્યાની વૃદ્ધિમાં પહેલાં ઔદયિક (બીજા દિવસના ઉદયવાળી) તિથિનો આરાધવાલાયક પણે વ્યવહાર હતો. પણ કોઈએ કહ્યું કે શ્રી પૂજ્યજી મહારાજ પહેલી તિથિને આરાધવા લાયક ગણે છે, તો શું કરવું ? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે પૂર્ણિમાં અને અમાવાસ્યાની વૃદ્ધિ હોય તો ઔદયિકી (એટલે બીજી તિથિ જ) આરાધવી એમ જાણવું. એવી રીતે શ્રીહીરપ્રશ્નના બીજાપ્રકાશમાં કહેલું છે, તેટલા માટે ઉદયવાળી તિથિ જ અંગીકાર કરવી, પણ બીજી નહિ તેવી જ રીતે સેનપ્રશ્નના ત્રીજા ઉલ્લાસમાં કહેલું છે. તે આવી રીતે કે- અષ્ટમ્યાદિ તિથિ વધી હોય તો બીજી તિથિનું આરાધન થાય છે, પણ તે દિવસે પચ્ચખ્ખાણની વખત તે તિથિ ઘડી બે ઘડી હોય છે, અને તેથી તેટલીનું જ આરાધન થાય છે, કેમકે તેની પછી નોમઆદિ તિથિ થઈ જાય છે, પણ પહેલા દિવસે સંપૂર્ણ તિથિનું તો વિરાધન થાય છે, કેમકે તે તિથિ સંપૂર્ણ પહેલે દહાડે હોય છે, કદાચ પચ્ચખ્ખાણની વખતે દેખવા જઈએ તો પહેલે દહાડે પચ્ચખ્ખાણની વખતે પણ હોય છે અને આખો દિવસ પણ હોય છે. તેથી બન્ને વાનાં હોય છે, અને તે જ કારણથી સારૂં આરાધન તે દિવસે થાય છે. આવો શિષ્યે પ્રશ્ન કર્યો તેનો ઉત્તર દે છે કે ક્ષયમાં પહેલાની તિથિ તિથિ તરીકે લેવી અને વૃદ્ધિમાં બીજી તિથિ તિથિ તરીકે લેવી. શ્રીમહાવીરમહારાજનો જ્ઞાનનિર્વાણમહોત્સવ તો અહિયાં લોકને અનુસારે

કરવો ॥૧॥ તેમજ ઉદયને વિષે જે તિથિ હોય તે પ્રમાણ કરવી. ઈત્યાદિક ઉમાસ્વાતિવાચક (આદિ) ના વચનથી પ્રામાણિકત્તાથી વૃદ્ધિ હોય ત્યારે થોડી પણ બીજી જ તિથિ પ્રમાણ ગણવી. આ ઉપરથી આ નક્કી થયું કે સૂર્ય-ઉદય થવાની વખતે જે તિથિ હોય તે જ માનવી, બીજી નહિં, તેમજ શ્રી હીરપ્રશ્નના ચોથા પ્રકાશમાં ત્રુટેલી તિથિને આશ્રયીને આવી રીતનો પ્રશ્ન કરેલો છે. તે પ્રશ્ન જણાવે છે જ્યારે પાંચમની તિથિનો ક્ષય હોય ત્યારે તેનું તપ કઈ તિથિએ કરવું ? અને પુનમનો ક્ષય હોય ત્યારે તેનું તપ ક્યારે કરવું ? આવા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે જ્યારે પાંચમની તિથિનો ક્ષય હોય ત્યારે તેનું તપ તેની પહેલાંની તિથિમાં કરવું, અને પુનમનો ક્ષય હોય ત્યારે તેરસ અને ચૌદસે કરવું, અને તેરસે ભૂલી જવાય તો પડવે પણ કરવું, આવી રીતે નિરૂપણ કરેલું છે, આ જગો પર વિજયાન્દસૂરિના ગચ્છવાળા પડવે પણ એમ કહ્યું તેનો પણ શબ્દ લઈને પુનમ વધે ત્યારે પડવાની વૃદ્ધિ કરાવે છે તે મત ખોટો છે એમ નક્કી થયું. **કેમકે પુનમ વધે ત્યારે તેરસની વૃદ્ધિ થાય, પણ પડવાની વૃદ્ધિ ન થાય.** ટીપ્પણાં વિગેરેમાં ચૌદશમાં પુનમનો સંક્રમ હોય છે, પણ પડવામાં હોતો નથી. શંકા કરે છે કે જ્યારે પુનમ ચૌદશમાં સંક્રમી છે તો પછી તમે બે ચૌદશો કેમ કરતા નથી? **પુનમની વૃદ્ધિ હોય ત્યારે તેને ત્રીજે સ્થાને રહેલી એવી તેરસ કેમ વધારો છો ?** એવી રીતે જો તું પૂછે તો તેનો ઉત્તર સાંભલ કે (આરાધનોપયોગી) જૈનટીપ્પણામાં પહેલાં તો (તિથિની કે) પર્વતિથિની વૃદ્ધિ જ ન હોય. તેથી પરમાર્થથી તેરસ જ વધેલી ગણવી, પણ પડવાની વૃદ્ધિ ન થાય. લૌકિક અને લોકોત્તર એમ બન્ને શાસ્ત્રથી તેનો નિષેધ છે માટે, આ ઉપરથી આટલી વાત સિદ્ધ થઈ કે **પુનમની વૃદ્ધિ હોય ત્યારે તેરસની વૃદ્ધિ કરવી.** જો એમ તને ન રૂચે તો ટીપનાની પહેલી પુનમને છોડીને બીજી પુનમ રાખ. કદાચ એમ પણ તને ન રૂચે તો અમે તેને પૂછીએ છીએ કે ચોમાસા સંબંધી પુનમોની વૃદ્ધિમાં તું તેરસની વૃદ્ધિ કરે છ, અને બાકીની પુનમોની વૃદ્ધિમાં પડવાની વૃદ્ધિ કરે છે, આવું ક્યાં શીખેલો છે ? કેમકે બધી પણ અમાવાસ્યા અને પુનમાદિક તિથિઓ પર્વપણે આરાધવા લાયક જ છે, જે માટે શ્રાદ્ધદિનકૃત્ય સૂત્રમાં કહ્યું છે કે - છ તિથિઓમાંથી આજ કઈ તિથિ છે ? ઈત્યાદિક પાઠથી સર્વે પણ તિથિઓ આરાધવા લાયક છે, વળી ચૌદશ આઠમ ઈત્યાદિક સૂત્રની વ્યાખ્યા આવી રીતે છે - ચૌદશ અને આઠમ તો પ્રસિદ્ધ જ છે. ઉદ્દિષ્ટ એટલે મહાકલ્યાણસંબંધી હોવાને લીધે પવિત્રતિથિ તરીકે પ્રસિદ્ધ થયેલી તિથિને વિષે, તેમજ પુનમ એટલે ત્રણે પણ ચૌમાસી તિથિઓમાં (સંપૂર્ણ પૌષધવ્રત લેપશ્રાવક કરતો હતો.) એવી રીતે સૂયગડાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના સૂત્રની ટીકામાં લેપશ્રાવકના અધિકારમાં છે. આ (ત્રણ પુનમનું) પર્વનું આરાધન ચરિતાનુવાદરૂપ છે. સો વખત શ્રાવકની પ્રતિમાને વહેનારા કાર્તિક શ્રેષ્ઠીની પેઠે એ જાણવું. પરન્તુ

(ત્રણે જ પુનમનું આરાધન) વિધિવાદરૂપ નથી. ચરિતાનુવાદ અને વિધિવાદનું લક્ષણ કરાય છે કે - જે ક્રિયાનું અનુષ્ઠાન કોઇ એકે જ કરેલું હોય તે ચરિતાનુવાદ, અને જે ક્રિયાનું અનુષ્ઠાન બધાથી કરાય તે વિધિવાદ અને વિધિવાદ તો બધાએ પણ અંગીકાર કરવો જ જોઈએ. ચરિતાનુવાદને બધાએ અંગીકાર કરવો એવો નિયમ નથી. આ વાત અર્થથી સેનપ્રશ્નમાં કહેલી છે. માટે કદાગ્રહને છોડી દે અને પુનમની વૃદ્ધિએ બે તેરશો કર. નહિંતર તું ગુરૂને લોપનાર અને ઠગ થઈશ. એ સંક્ષેપથી કહ્યું. તેમજ શ્રાદ્ધવિધિમાં પણ તિથિના સ્વરૂપંનું જે નિરૂપણ કહેલું છે તે પણ તું સાવધાન થઈને સાંભલ-સવારે પચ્ચખ્ખાણની વખતે જે તિથિ હોય તે પ્રમાણે ગણવી, કેમકે લોકમાં પણ સૂર્યના ઉદયને અનુસારે દિવસ વિગેરેનો વ્યવહાર થાય છે, વલી પૂર્વઋષિઓએ કહેલું પણ છે કે ચોમાસી સંવચ્છરી, પક્ખી, પાંચમ અને આઠમમાં તે તિથિઓ ગણવી કે જેમાં સૂર્યનો ઉદય હોય, પણ સૂર્ય ઉદય વગરની તે તિથિઓ ન લેવી ॥૧॥ પૂજા પચ્ચખ્ખાણ પ્રતિક્રમણ તેમજ નિયમગ્રહણ જે તિથિમાં સૂર્યનો ઉદય થાય તે તિથિએ કરવું જોઈએ ॥૨॥ ઉદયને વિષે જે તિથિ હોય તે પ્રમાણ કરવી. જો બીજી તિથિ કરવામાં આવે તો આજ્ઞાભંગ ૧ અનવસ્થા ૨ મિથ્યાત્વ ૩ અને વિરાધના ૪ પામે ॥૩॥ પારાસરસ્મૃતિમાં પણ કહ્યું છે કે સૂર્યના ઉદયની વખતે જે થોડી પણ તિથિ હોય તે સંપૂર્ણ છે એમ જાણવું, પણ ઉદય વગરની ઘણી હોય તો પણ તે સંપૂર્ણ ન જાણવી. ઉમસ્વાતિવાચકનો પ્રઘોષ તો એમ સંભળાય છે કે - ક્ષયમાં પહેલાની તિથિ કરવી અને વૃદ્ધિમાં બીજી તિથિ કરવી, અને શ્રી વીરજ્ઞાનનિર્વાણનો મહોત્સવ અહિં લોકને અનુસારે કરવો. એ રીતે શ્રાદ્ધવિધિમાં નિરૂપણ કરેલું છે. માટે કદાગ્રહને છોડીને આગમનો અનુસારે બરોબર કર અને પૂર્વાચાર્યોની પરંપરા પ્રમાણે પ્રવૃત્તિ રાખ, પણ કદાગ્રહે કરીને કુમાર્ગનું પ્રવર્તન કરીશ નહિ. ઉત્સૂત્રપ્રરૂપણાથી અનંત સંસારની વૃદ્ધિ થાય છે માટે, તેથી એ સિદ્ધ થયું કે પુનમ વધે ત્યારે તેરસ વધારવી, આવી રીતે શ્રી પ્રશ્નવિચાર સમ્પૂર્ણ થયો સં. ૧૮૯૫ વર્ષે ચૈત્ર સુદી ૧૪ને દિવસે પંડિત ભોજાજીએ આ પ્રત લખી આપી છે. ખરતરગચ્છમાં પાદરા ગામમાં શા. કપુરશાહને લખી આપી છે ॥ તેમજ તેરસ ચૌદશ અને અમાવાસ્યા એ ત્રણે તિથિઓ પુરી હોય તોપણ જો લોક ચૌદશે દિવાલી કરે તો તેરસ ચૌદશનો છટ્ઠ કરવો, કારણ કે શ્રી મહાવીરભગવાનનું નિર્વાણકલ્યાણક લોકને અનુસારે કરવું એમ કહ્યું છે.

આ પ્રશ્નવિચારને વાંચનારો મનુષ્ય શાસ્ત્ર અને પરમ્પરાને માનતો હશે તો પુનમની વૃદ્ધિએ જરૂર તેરસની જ વૃદ્ધિ કરશે, અને એ હિસાબે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની જ વૃદ્ધિ કરવી તે યોગ્ય ઠરે છે, અને તેથી ગુરૂવારની સંવચ્છરી આ વખતે કરનારા શાસ્ત્ર અને પરંપરાને આરાધનારા છે.

મુનિશ્રી જનકવિજયજી શ્રી દેવસૂરના પટ્ટકને વધાવે છે.

ઉપરના ભાષાંતર સાથે આપેલા મૂલ લેખથી વાચકવર્ગો સ્હેજે સમજી શકશે કે પુનમ કે અમાવસ્યાના સ્હેજે સમજી શકશે કે પુનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસની ક્ષય કે વૃદ્ધિ તેરસની ક્ષય કે વૃદ્ધિ કરવામાં વિવાદ જે બે વરસોથી ચાલે છે. તે નવો નિર્મૂલ નથી, એમ સ્પષ્ટ થશે અને તેથી માર્ગને અનુસરનારાઓને પુનમ અમાવાસ્યાના ક્ષયે અને વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ કરવાનો સાચો માર્ગ માલૂમ પડશે. વળી ૧૮૯૮ માં શ્રીમદ રૂપવિજયજીએ પુનમ ઘટે ત્યારે તેરસ તિથિ ઘટાડવાનું જણાવ્યું છે, અને એ વાત મુનિરાજ જનકવિજયજી પોતાના લેખમાં પૃષ્ઠ ૬૭માં કબુલ કરે છે, પંડિતે નકલ કરી જ હોય તો તે લેખ વધારે જરૂરી ગણાય.

## આણસૂર અને નવીનોમાં તફાવત કેટલો

એ વાત તો ખરી છે કે વિજયદેવસૂરિજીની જે મૂલપાટ તેનાથી જુદા પડેલા આણસૂરવાળાઓ પુનમની વૃદ્ધિએ ચોમાસી વિના તેરસની વૃદ્ધિ માનતા નથી. ચૌમાસી વખતે તો તે પણ પુનમની વૃદ્ધિ માનતા હતા. તથા શ્રી દેવેન્દ્રસૂરિ તથા શ્રી હીરસૂરિઆદિ સર્વ પુનમો માનવાનું સ્પષ્ટ કહે છે ત્યારે આ આણસૂરવાળા ચોમાસાની જ પુનમ આરાધવી કહે છે. અને પુનમ અમાવસ્યાની વૃદ્ધિએ પડવાની વૃદ્ધિ માનતા હતા. પરંતુ આ નવીનોની પેઠે બે પુનમ અને બે અમાવસ્યા તો આણસૂરવાળા પણ માનતા ન્હોતા. અર્થાત્ આ નવીનોને તો નથી તો દેવસૂરિગચ્છની સામાચારી માન્યા અને નથી તો આણસૂરગચ્છીની સામાચારી માન્ય. આ નવીનોને મુરારેસ્તૃતીયઃ ની માફક ત્રીજું જ ઉભું કરવું છે. જો કે આણસૂરગચ્છવાળાઓએ પોતાની મર્યાદાને જણાવનારો પટ્ટક લખ્યો છે પરંતુ સામાન્ય રીતે પણ શાસ્ત્રને જાણનારો અને માનનારો મનુષ્ય તિથિ સિવાયની તેમાં લખેલ બાબતો પણ સ્થાને સ્થાને શાસ્ત્રવિરૂધ્ધ છે એમ જાણી શકે તેમ છે. તે આણસૂરવાળા પટ્ટકમાં પાંચમ સંવચ્છરીનું પરાવર્તન ધ્રુવસેનરાજાથી થયું એમ જણાવે છે. જ્યારે શાસ્ત્રમર્યાદાએ તો શાતવાહન રાજાની વિનંતીથી સંવચ્છરીનું પરાવર્તન છે અને ધ્રુવસેનરાજાને અંગે તો માત્ર પ્રથમ કલ્પસૂત્રની વાચના છે. આવી પ્રસિદ્ધ વાત પણ તે આણસૂરમર્યાદાના લેખકને ધ્યાનમાં રહી નથી. વળી તે આણસૂરમર્યાદાના લેખકે બે પુનમે બે તેરસ કરવાવાળા શ્રી દેવસૂરગચ્છવાળાઓને વૈયાકરણપાશ જેવા અધમ શબ્દોથી નવાજ્યા છે. પરંતુ એ ઉપરથી વાંચકોને સ્પષ્ટ માલૂમ પડી શકે તેમ છે કે તે આણસૂરની મર્યાદા બંધાઈ તેના પહેલાં બે પુનમ કે બે અમાવાસ્યાએ બે તેરસો જ થતી હતી.

## ચાલુરીવાજને ઠોકરે મારનાર કોણ ?

કેમકે જગતમાં સ્વાભાવિક સિદ્ધ છે કે જે વર્તાવનું ખંડન કરવામાં આવે તે વર્તાવ પહેલાનો જ હોય. એટલે સ્પષ્ટ થયું કે અસલથી પુનમ અમાવસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ થયાં

હતાં. પરંતુ માત્ર તે આણસૂરવાલાઓને રૂચ્યાં નહિં. અને તેથી તેઓએ પોતાની સ્પષ્ટ અજ્ઞાનતાનો નમુનો દેખાડનાર એવો પટ્ટક લખી અમાવાસ્યા પુનમની વૃદ્ધિએ પડવાના વૃદ્ધિ કરવાનું તુંત જગાડયું અને આ આણસૂરવાળાએ તત્ત્વરંગિણીની સાક્ષી આપી અને આજકાલના સ્વચ્છંદોની માફક તેને ડૂબાડ્યાનું પણ લખી માર્યું. પરન્તુ શાસ્ત્ર અને માર્ગને અનુસરનારા તેથી ભોળાય તેમ નથી. શ્રી દર્શન અને શ્રી સિંહ આણસૂરને ચાંદે ચાંદ કહેનારા છે એમ ગણાય. શ્રી દાનસૂરિએ તો તો તત્ત્વ ને શોધાવી અત્યંત પ્રમાણ ગણી છે. અને શ્રી હીરસૂરિજીઆદિ તે પ્રમાણ કહેતા હતા. વાચકવૃંદે ધ્યાન રાખવું કે વર્તમાનકાલમાં સમગ્ર સંવેગીસંઘ, દેવસૂરગચ્છની પરંપરાવાળો છે. પરંતુ કોઈપણ આણસૂરગચ્છની પરંપરાવાળો તો નથી. માટે લેખ અને પરંપરાના અનુસરનારાઓએ તો પુનમ અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવી જ જોઈએ. જ્યારે માર્ગને અનુસરનારાઓ તો આ આણસૂરગચ્છવાળાની માનેલી પડવાની વૃદ્ધિ પણ ન મનાય, તો પછી શ્રી દેવસૂરિ કે આણસૂર બેમાંથી એકપણ વાલામાંથી કોઈએ નહિં માનેલી. એવી આ નવીનોએ કલ્પેલી પુન અમાવાસ્યાઆદિ પર્વતિથિની વૃદ્ધિ તો માન્ય થઈ શકે જ કેમ ? બે પુનમો ટીપણામાં હોય અને આરાધનામાં પણ બે પુનમો મનાય તો કેટલી બધી અડચણ આવે છે. તે સિદ્ધચક્ર પેપરમાં ઘણી વખત પ્રશ્નાવલિ વિગેરેથી જણાવેલી છે. નવપદની ઓળીઓ સિદ્ધગિરીજીની યાત્રા, ચૌમાસીનો છઠ્ઠ અને ચૌમાસી પછીના વિહાર વિગેરેની અનેક અડચણો તે અંકોદ્વારાએ જણાવવામાં આવી છે, પરંતુ જ્યાં પ્રાચીન લેખો અને પુરાવાની પણ નવીનમતવાળાઓને દરકાર નથી ત્યાં તેઓ બે પુનમ અને બે અમાવાસ્યા કરવાથી દેખાડવામાં આવતા બાધની દરકાર તો કરે જ શાના ?

જૈનમતને જાણનારા સારી રીતે સમજી શકે છે કે જૈનશાસ્ત્રકારો સૂર્યઉદયની સાથે સ્પર્શ થાય તેની ઉપર જ તિથિનો આધાર ગણે છે. કેમકે યુગના પહેલાં વર્ષમાં આસો વદ ૧ ને દિવસે એકમની તિથિ માત્ર ૧/૬૨ હોય જ છે. અને તે જ એકમને દિવસે બીજની તિથિ ૬૧/૬૨ હોય છે. છતાં જૈનશાસ્ત્રકારો તે આસો વદ ૧ ની તિથિને અવમરાત્ર તરીકે ગણી વિદ્યમાન ગણે છે કે જે માત્ર ૧/૬૨ છે. અને તે આસો વદ ૨ ની તિથિ ક્ષીણતિથિ કે પતન્તી તિથિ કે મીલન્તી તિથિ તરીકે માને છે. કે જે બીજ ૬૧/૬૨ જેટલી ઘણી મોટી છે. એટલે તે એકમ કરતાં ૬૧ ગુણી છે. આ ઉપરથી જેઓ તિથિમાં વધારે અને ઓછી ઘડી તપાસતા હોય તેઓએ સાવચેત થવાનું છે. વળી જે યુગના પહેલા વર્ષમાં બાસઠમો દિવસ આસો વદ ૩ નો છે. તેમાં સૂર્યનો ઉદય અને તિથિનું બેસવું એ બન્ને સાથે સાથે જ છે. છતાં જ્યારે તે દિવસને સૂર્યોદયથી જ ત્રીજ તરીકે કહેવામાં આવે છે ત્યારે ચોક્ખું થાય છે કે અંશમાત્ર પણ સૂર્યનો ઉદય મળે તો તે તિથિને પ્રમાણભૂત ગણવી. અર્થાત ૩૬ પળ જેટલી તિથિ

હોય તો જ પ્રમાણ ગણવી એવું કહેનારાઓએ આ વસ્તુને વિચાર કરેલો નથી. હવે જ્યારે જૈનજ્યોતિષના હિસાબે કોઈપણ તિથિ ૬૧/૬૨ થી વધારે હોય જ નહિં, તો પછી જૈનજ્યોતિષને હિસાબે તિથિની વૃદ્ધિ થવાનો સંભવ ક્યાંથી હોય ? ધ્યાન રાખવું કે જૈનઆચાર્યોએ કરેલા સર્વશાસ્ત્રો જૈનશાસ્ત્ર તરીકે ગણાય છે. અને તેથી જ પંદરમાં સૈકા પછીના બનેલાં શાસ્ત્રો જૈનશાસ્ત્રો તરીકે ગણાય અને તે અપેક્ષાએ તિથિની વૃદ્ધિને શાસ્ત્રો પ્રમાણભૂત ગણે છે એમ કહી શકાય. અને તેને માટે પર્વની વ્યવસ્થા કરવા તિથિની વૃદ્ધિમાં બીજી તિથિને જ પર્વતિથિને નામે ગણાય. क्षये पूर्वा तिथिः कार्या. એ નિયમના પ્રઘોષથી તત્ત્વતરંગિણીકાર પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિનું નામ હોવાનો પણ અસંભવ કહે છે, એટલે ક્ષય જણાવે છે. યાદ રાખવું કે મરણ પામેલા મનુષ્યને માટે નામશેષપણું કહેવામાં આવે છે. પરંતુ પર્વતિથિના ક્ષયની વખતે તો તેનાથી પહેલા અપર્વનું તો નામ લેવાની પણ ના પાડે છે. કિંતુ કેવલ તે અપર્વતિથિને પર્વતિથિના નામે જ બોલાવાનું જણાવે છે. તેવી રીતે वृद्धौ कार्या तथोत्तरा એ નિયમથી લૌકિકટીપનાની અપેક્ષાએ વધેલી તિથિમાં બીજી તિથિને જ પર્વના નામે બોલાવવાનું નક્કી થાય છે. અર્થાત્ બીજી તિથિને જ બીજ આદિ પર્વના નામે બોલાય. આ સ્થાને જેઓ અતિરાત્રના પાઠો શાસ્ત્રમાં આવેલા દેખીને જૈનજ્યોતિષને હિસાબે પણ તિથિની વૃદ્ધિ થાય છે એમ માને છે તેઓ શાસ્ત્રને સમજતા નથી. એમ ચોક્ખું કહેવું જ પડે કારણ કે અવમરાત્રની કે ક્ષીણરાત્રની જે સંખ્યા આપી છે તે તિથિની અપેક્ષાએ જ છે. તેનો હેતુ એ છે કે ચંદ્રમાસ ૨૯ ૩૨/૯૨ નો છે અને કર્મમાસ પરિપૂર્ણ ૩૦ દિવસનો છે. તેથી ૬૧/૯૨ જે તિથિનું પ્રમાણ છે, તે પ્રતિદિન ૧/૬૨ ઘટતાં અનુક્રમે ૬૧ મે દિવસે ૬૧/૬૨ જેટલી આખી તિથિ ઘટી જાય. પરંતુ જૈનજ્યોતિષને હિસાબે કોઈ પણ તિથિ ૬૧/૬૨ કરતાં વધારે તો હોય જ નહિં, માટે તિથિની વૃદ્ધિનો સંભવ જ નથી. અને અતિરાત્રમાં રાત્રિશબ્દથી તિથિ લેવાની નથી. પરંતુ રાત્રિશબ્દથી દિવસ જ લેવાનો છે. કારણ કે કર્મવર્ષના જ્યારે ૩૬૦ દિવસ છે ત્યારે સૂર્યવર્ષના ૩૬૬ દિવસ છે. એટલે દરેક વર્ષે કર્મવર્ષ અને સૂર્યવર્ષ વચ્ચે ૬ દિવસનો ફરક પડે, પણ છ તિથિનો ફરક પડે નહિં. અને જો ૬ તિથિનો ફરક પાડવા જઈએ તો ૩૬૬/૨૯ થાય, પરંતુ ૬ દિવસની અપેક્ષાએ તો ૩૭૨/૬૨ જોઈએ. તે ન થાય માટે દરેક વર્ષે છ તિથિઓ જૈનજ્યોતિષના હિસાબે વધે છે એમ કહેવું એ જૈનશાસ્ત્રની અજ્ઞાનતા અને અશ્રદ્ધા સૂચવવા સાથે કદાગ્રહને સૂચવનારૂં છે, વળી લૌકિકટીપનામાં દરેક વર્ષે જે છ તિથિ વધારાય છે. તે દરેક વર્ષે ૧૨-૧૩ તિથિઓ ઘટાડીને જ વધારાય છે એટલે લૌકિકજ્યોતિષની અપેક્ષાએ પણ વસ્તુતાએ તિથિની વૃદ્ધિ જેવું કંઈ છે જ નહિં, વળી જો દરેક વર્ષે અતિરાત્રના નામે છ તિથિઓ દિવસ વધારી લેવામાં

જ આવે તો કર્મવર્ષ ઉદ્દદનું થઇ જ જાય એટલે દરેક વર્ષે કર્મ અને સૂર્યવર્ષ તેઓની અપેક્ષાએ સરખાં થઇ જાય. અને તેથી પાંચ વર્ષના યુગમાં કર્મમાસ ૬૧ હોય છે એમ કહેવાનો પણ વખત રહે નહિં. તેમજ ચંદ્રમાસ ૬૨ હોય છે એમ કહેવાનો પણ વખત રહે નહિ. એટલે જૈનજ્યોતિષશાસ્ત્રના શ્રદ્ધાળુએ તો તિથિની વૃદ્ધિ મનાય જ નહિ. કેટલા વર્ષો સુધી તિથિ સંબંધી ચર્ચા ચાલ્યા છતાં અને તિથિની વૃદ્ધિ માનનારાઓને સૂચના કરાય છતાં કોઇ પણ બુધવારવાળા તરફથી જૈનજ્યોતિષદ્વારાએ તિથિની વૃદ્ધિનું સ્થાન ૧૫ તિથિયોમાંથી કોઇ પણ જાહેર કરાયું નથી. જૈનજ્યોતિષશાસ્ત્રમાં જેમ યુગના પૂર્વાર્ધના પૂર્વાર્ધમાં એકી તિથિ અને યુગના પૂર્વાર્ધના ઉત્તરાર્ધમાં બેકી તિથિ. તેમજ યુગના ઉત્તરાર્ધના પૂર્વાર્ધમાં એકી તિથિ, અને ઉત્તરાર્ધના ઉત્તરાર્ધમાં બેકી તિથિની હાનિ સ્થાને સ્થાને જણાવીને ક્ષીણતિથિઓ જણાવી છે, તેવી જ રીતે જૈનજ્યોતિષના હિસાબે તિથિની વૃદ્ધિ માનવાવાળાઓએ યુગના કયા ભાગમાં કયી કયી તિથિ વધે એનો એક પણ વખત ખુલાસો આપ્યો નથી, અને ખુલાસો આપ્યા વગર અને તિથિની વૃધ્ધિનો પુરાવો જાહેર કર્યા સિવાય અતિરાત્રના નામે તિથિવૃદ્ધિ હોય છે એમ કૂટયા જવું એ કેવલ કદાગ્રહી સિવાય બીજાને શોભે જ નહિ. ખરી રીતે જૈનજ્યોતિષને હિસાબે તિથિવૃદ્ધિ હોતી નથી, અને લૌકિકટીપનાને આધારે ચાલેલા જૈનશાસ્ત્રોમાં પણ તિથિની હાનિની અપેક્ષાએ તિથિની વૃદ્ધિ થોડી જ હોય છે. છતાં લૌકિકટીપનાના આધારે પ્રવર્તેલા જૈનશાસ્ત્રોમાં તિથિની વૃદ્ધિ માનેલી જ છે, છતાં આરાધના બેવડાય નહિં, માટે પર્વને બેવડું ન માનવું તે બુધવારવાળાઓને પણ કબુલ જ છે. છતાં બુધવારવાળાઓ વૃદ્ધિમાં ઉત્તરને જ તિથિ કરવી એ હિસાબે બીજી ચૌદશને જ ચૌદશ કહેવાય કે બીજી પુનમને જ પુનમ કહેવાય એ વાતને ન માનતાં બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, પુનમ અને અમાવસ્યા એ તિથિઓને બેવડી માનવા આ બુધવારીઆઓ તૈયાર થયા છે. પરંતુ તેઓએ ઉપર જણાવેલ દેવસુરગચ્છીય સામાચારીનું ધ્યાન દીધું જ નથી. સંભવ છે કે તેઓએ પુનમ અમાવાસ્યા વિગરે બેવડા માનવાનો નિર્ણય કર્યા પછી આ ગ્રંથ તેઓના દેખવામાં ગુરૂપક્ષથી બ્હાર પડયો એટલે આવ્યો, કારણ કે જો એમ ન હોય તો તેઓ પોતાની ચર્ચામાં આ ગ્રંથના ખંડનને જરૂર સ્થાન આપત. પરંતુ કોઈપણ બુધવારીઆએ આ ગ્રંથ પ્રસિદ્ધ થયા પહેલાં આ ગ્રંથની ગંધ પણ જણાવી નથી. એટલું જ નહિં, પણ પ્રવચનકારે તો ૪૦ વરસની જ આ રીતિ છે એમ જણાવવાની પણ ધૃષ્ટતા કરી છે, અને પોતે શાસ્ત્ર અને પરંપરાથી અવળો કરેલો નિર્ણય અજ્ઞાનતાથી જાહેર કર્યો પછી તો આ શ્રી દેવસૂરગચ્છનો નિર્ણય જાણવામાં આવ્યો, તો પણ પ્રવચનકારે પોતાની ત્રણ પાટની પરંપરાની રીતિ પ્રમાણે પૂછડું પકડી રાખ્યું, પણ સાચા માર્ગે

આવવાનું કર્યું જ નહિ. તે પ્રવચનકારે બે ચૌદશ અને બે પુનમ માનતાં એવો એક પણ બચાવ નથી આપ્યો કે જેથી ચૌદશ અને પુનમના નામે નિયમો પાલનારા શ્રાદ્ધો તે તે દિવસે ચૌદશ અને પુનમ માને છતાં ચૌદશ અને પુનમ પ્રમાણે ન વર્તે તો પણ તેની બાધાનો ભંગ થાય નહિ, ધ્યાન રાખવું કે બુધવારીઓના મત પ્રમાણે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, પુનમ અમાવાસ્યા માનવાં છે અને બીજ પાંચમ આદિપણે આરાધવાં નથી, વળી તત્ત્વતરિંગીણીકાર તો વૃદ્ધિમાં ઉત્તર તિથિની માન્યતા જણાવવાવાળી ગાથામાં क्का तिथिराध्य-त्वेन संमता એમ કહીને તિથિની સિદ્ધિ કરીને જ આરાધન જણાવે છે. એટલે ચોક્ખું થયું કે ક્ષયમાં જેમ અપર્વનું નામ પણ ન લેવાય. પરન્તુ પર્વ જ કહેવાય, એટલે પર્વતિથિના નામે જ બોલાવાય. તેવી રીતે વૃદ્ધિમાં પણ બીજી તિથિને જ પર્વતિથિના નામે બોલાવાય. અર્થાત્ પહેલાની તિથિને પર્વતિથિના નામે બોલાવાય જ નહિ. એટલે જ્યારે બે આઠમ વિગેરે હોય ત્યારે બીજી આઠમ વિગેરેને જ આઠમ કહેવાય. એટલે સ્પષ્ટ થયું કે આરાધનાવાળો મનુષ્ય ટિપ્પણામાં બે આઠમ વિગેરે હોય તો પણ પહેલી આઠમને આઠમ તરીકે માને જ નહિં. અને આ જ કારણથી આચાર્ય મહારાજ શ્રી વિજયયસેનસૂરીશ્વરજી આઠમ, અગિયારસ, ચૌદશ, પુનમ, અમાવસ્યા તિથિઓની લૌકિકટીપનામાં થયેલી વૃદ્ધિ વખત એકને જ એટલે બીજીને જ ઔદયિકી એટલે ઉદયવાળી ગણે છે. જુઓ તે પાઠો.

तथा पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ पूर्वमौदयिकी तिथिराराध्यत्वेन व्यवह्रियमाणाऽऽसीत्, केनचिदुक्तं श्रीतातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयन्ति तत्किम्? इति प्रश्नोऽत्रोत्तरम्-पूर्णिमाऽमावास्ययो-र्वृद्धौ औदयिकीक्येव तिथिराध्यत्वेन विज्ञेया॥५॥

एकादशीवृद्धौ श्रीहीरविजय सूरीणां निर्वाण-महिमपौषधोपवासादि कृत्यं पूर्वस्यामपरस्यां वा किं विधेयमिति प्रश्नोऽत्रोत्तरं-औदयिक्येकादश्यां श्रीहीरविजयसूरिनिर्वाणपौषधादि विधेयम्।

એ વિગેરે ઘણા પાઠો બીજી તિથિને જ ઔદાયિકી જણાવ્યા છે.

જનકવિજયજી પૃષ્ટ. ૬૭માં જણાવે છે કે રૂપવિજયજી મહારાજ ચૌમાસીપુનમના ક્ષયે તેરસનો ક્ષય કરવાવાળા હતા અને તેમ કહેતા હતા. એટલે બીજા પર્વના ક્ષયમાં પૂર્વતરાએ જવું પરંપરાગત છે. તો વૃદ્ધિમાં પૂર્વતરાએ જવું એ શાસ્ત્ર અને પરંપરાથી સંમત છે એમ માનવું તેમાં નવાઇ શી ?

ઉપર જણાવેલા પાઠો ઉપરથી સ્પષ્ટ થયું કે શ્રી વિજયસેનસૂરિમહારાજની વગેરે વખતે બીજી તિથિને જ તેના ઉદયવાળી મનાતી હતી, અને જ્યારે પહેલી તિથિમાં ઉદય જ માનવામાં ન આવ્યો તો પછી તેને આઠમ આદિપણે કહેવાય જ કેમ ? કેમ કે બુધવારીઆઓને તો એ પણ કબુલ જ

છે કે ઉદયને આધારે જ તિથિનો વ્યવહાર કરાય? અર્થાત્ ઉદયમાં અલ્પ હોય તો પણ તે તિથિ મનાય, અને ઉદયમાં ન હોય તેવી તિથિ ઘણી હોય તોપણ તે મનાય નહિ, તો પછી શ્રી વિજયસેનસૂરિજી આદિ પહેલી આઠમ યાવત્ પુનમ વિગેરેને ઉદયવાળી જ માનતા નથી તો તેને ખોખાપુનમ કે ફલ્ગુપુનમ કે પહેલી પુનમ વિગેરે તરીકે કહેવાય જ કેમ ? આ સ્થાને ધ્યાન રાખવું કે શાસ્ત્રોમાં ખરતરોની સાથે તે ખરતરો પહેલી પર્વતિથિ માનતા હોવાને લીધે ચર્ચા કરવાની વખતે પહેલી ચૌદશ કે પહેલી પુનમ તરીકે જણાવેલા વાક્યો માત્ર ખરતરની સાથે ચર્ચા કરવા પૂરતાં હોવાથી આ સ્થાને બાધક નથી. અને જ્યારે લૌકિકટીપનાની અપેક્ષાએ પહેલી પુનમ કે પહેલી અમાવાસ્યાએ પુનમ અમાવાસ્યાનો ઉદય જ હોય છતાં ન માનવામાં આવે એટલે તે ઉદયને પુનમ અમાવાસ્યાના પહેલા રહેવાવાળી ચૌદશના ઉદય તરીકે જ ગણવો પડે. અને એવી રીતે તેને ચૌદશના ઉદય ગણવાથી ચૌદશના બે ઉદયો થતાં બીજા ઉદયને જ ચૌદશનો ઉદય કહેવો જ પડે, અને તેથી જ પહેલા ઉદયને ચૌદશનો ઉદય ન ગણતાં તેરશનો ઉદય કહેવો પડે. આજ કારણથી શાસ્ત્ર અને પરંપરાને અનુસરવાળા શ્રી દેવસૂરગચ્છવાળાઓ પુનમ અને અમાવાસ્યાની વૃધ્ધિએ તેરસની જ વૃદ્ધિ માને છે, આવી રીતે શાસ્ત્ર અને પરંપરા બન્નેથી દ્વિતીયપર્વની વૃદ્ધિએ પૂર્વતરઅપર્વની વૃદ્ધિ કરવાનું સાબીત થતું હોવાથી જેઓ પુનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરનારા અને ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની વૃદ્ધિ કરનારા જેઓ છે તેઓ જ આરાધક થઈ શકે છે. આ વિષયની કેટલાક પુરાવાઓ શાસ્ત્રીય વિચાર નામની ચોપડી જે શ્રી રૂષભદેવજી કેશરીમલજી તરફથી જામનગરથી પ્રગટ થઈ છે તે ઉપર આરાધકોને ધ્યાન દેવાનું જણાવવું ઉચિત છે. કારણ કે તેમાં ૧૫૫૫થી પર્વતિથિની હાનિવૃદ્ધિએ અપર્વની જ હાનિવૃદ્ધિ કરવાનું થતું હતું એમ સ્પષ્ટ જણાવેલ છે. અને એ શાસ્ત્રીયવિચારનામની ચોપડી વાંચનારાઓ સ્પષ્ટપણે સમજી શકશે કે જેમ; તત્વરંગિણીમાં પૂર્વ, મધ્ય અને અગ્રેતનના પ્રયોગો કરી કલ્યાણકવાળી તિથિઓને માટે ત્રણ સુધી વિચાર કરાયો છે. તેવી રીતે શાસ્ત્રીય વિચારના લેખોમાં પણ કલ્યાણકો માટે ત્રણ તિથિઓ સુધી તિથિયોની વધઘટની અસર જણાવેલી હોવાથી બુધવારવાળાઓને કલ્યાણતિથિની બાબત વચનવિલાસ કરવાનો રહેશે નહિ. આ સમગ્ર લેખની અંતે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા મનુષ્યો આ લેખો વાંચી વિચારીને સન્માર્ગે પ્રવર્તે એટલું ઈચ્છી આ લેખ સમાપ્ત કરાય છે.

# આણસૂરપક્ષીય પત્ર ત્રણમાંથી તરેલી ત્રેપન ત્રૂટીયો

ક્ષીણપુનમનું તપ તેરસે કરવાનું હોત તો त्रयोदश्यां કહેત. વળી તેરસે પુનમનો કયો સંબંધ? માટે તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ કરવી અને ચૌદશે પુનમનું તપ કરવું એમ ચોક્ખો અર્થ છે. બે તિથિના પલટામાં પ્હેલાં ભૂલાય તો આગલ જવું જ પડે. ભેળસેળ માનનારના મતે તો નથી તો त्रयोदशीनीचतुर्दश्योः જરૂર, અને નથી તો त्रयोदश्यां विस्मृतौ ની જરૂર. અને प्रतिपद्यापि પણ જરૂર નથી. પૂર્વા નો અર્થ જ પ્હેલાની આખી તિથિપર્વ બનાવવી અને ઉત્તરાનો અર્થ પણ બીજીને જ પર્વ ગણવી એ છે (ઉદયવાળી તે જ ગણાય) पूर्वस्यां उत्तरस्यां એ ટીપનાની અપેક્ષાએ છે તેમ સાતમ તેરશાદિ કથનપણ તેમજ છે. પુનમની ચર્ચા હોવાથી ચૌદશ તેરસની વાત છે બાકી બધી પર્વતિથિયો માટે છે. ૧૮૮૫ ની તેરસની વૃદ્ધિની વાત તેર બેસણાવાળાઓએ वैयाकरणपाशैः ને નામે દેવસૂરની જણાવી છે. સાડીત્રીશદિનનો મહિનો લેવામાં તો અવમરાત્ર પણ ન રહે તો અતિરાત્ર તો રહે જ ક્યાં ? ઉત્તરાધ્યનમાં પૌરૂષીમાન વ્યવહારનું છે, સૂર્યમાસ નિશ્ચયનો છે. અતિરાત્રનો વ્યાખ્યા અહોરાત્ર છે. નહિં કે તિથિ ઘટતી તિથિનો એક અને વધતા અહોરાત્રનો એક એમ બે મહિના યુગમાં વધે છે તિથિ છ વધારી દે તો બીજો મહિનો વધવાનો ન રહે. ચૌદશના ક્ષયે તેરસને બોલવાનો નિષેધ કરે એટલે ક્ષય જ થાય.

પૂર્વતર અપર્વનો ક્ષય નહિં માનવો અને તેથી પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય નહિં માનતાં અમાવાસ્યાના ક્ષયને માટે ચોક્ખા શબ્દમાં નહિં બોલતાં સૂચના કરાય છે અને પુનમના ક્ષયે તેનો તપ આ બુધવારવાળાઓમાંથી કેટલાકો જ્યારે તેરસે કરવાનું કહે છે અને ભૂલે તો પડવે કરવાનું કહે છે. ત્યારે કેટલાકો ચૌદશ પુનમ ભેળી માનીને ચૌદશના તપથી પુનમનો તપ આવી ગયો કહે છે. કેટલોક વર્ગ તો તેવી વખત એક પર્વ ઓછું થાય તો ફીકર નથી એમ જણાવવા આજ્ઞાની દુવાઈ ફેરવે છે, એ બધામાં જો કે પરંપરાથી અને શ્રી હીરસૂરિજીના त्रयोदशीचतुर्दश्योः આદિ પદથી સ્પષ્ટપણે તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ કરવાની અને તેરસે ચૌદશ કરવી ભૂલી જાય તો ચઉદશે કરવી જ પડે અને પુનમ પછી પડવાને જ દિવસે

જ થાય, માટે સ્પષ્ટ કહ્યું કે તેરસે ભૂલે એટલે તેરસે ચૌદશ કરવી ભૂલે તો ચૌદશ પુનમ ભેળાં તો ન જ થાય, માટે પડવે પણ પુનમનું તપ કરે, એમ સ્પષ્ટ નિરૂપણ છતાં આ બુધવારવાળાઓ પોતે શ્રી દેવસૂરિગચ્છના છતાં અને તેમનાં વચનો જે શ્રી હીરસૂરિજીના વચન પ્રમાણે છે તે છતાં અને શ્રી દીપવિજયજી ૧૮૭૧ના કાગળમાં સ્પષ્ટ જણાવે છે કે શ્રી દેવસૂરવાળા પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય માને છે, એટલું બધું આ બુધવારવાળાઓ જુઠા પક્ષને પકડી આણસૂરવાળાના લેખને આગલ કરે છે અને તે લેખકને સારા વિદ્વાન ગણાવે છે. પરન્તુ આ બુધવારવાળા શ્રી દેવસૂરવાળાના લેખમાં એક પણ હકીકત શાસ્ત્ર કે પરંપરાથી વિરુદ્ધ જણાવી શકતા નથી. અને તે આણસૂરવાળો લેખ જેનો બુધવારવાળા શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવવામાં પરમ આધાર તરીકે ઉપયોગ કરે છે તેમાં ત્રણ પાનામાં તો જુઠાની ઝડીયો વરસી છે. છતાં કદાગ્રહથી તેને આગલ કરાય છે. તે લેખ જે આણસૂરવાળાનો છે તેમાં નીચે પ્રમાણેની હકીકત શાસ્ત્રથી વિરૂદ્ધ છે અને જુઠી છે.

૧ શ્રી કાલિકાચાર્યે આનન્દપુરમાં શ્રી કલ્પસૂત્ર વાંચ્યું (કોઈ શાસ્ત્રમાં આ કથન નથી.)

૨ શ્રી કાલિકાચાર્યે બધા આચાર્યોની અનુમતિથી કલ્પસૂત્ર વાંચ્યું (તેઓ યુગપ્રધાન હતા અને તેમના વચનનો જ આખો સંઘ તથાકાર કરતો હતો. અનુમતિ લેવાની તેઓને જરૂર નથી. તેમ શ્રી સંઘ અનુમતિ દેનાર નહિં, પણ આજ્ઞાધારક હતો.)

૩ સભા સમક્ષ શ્રી કલ્પસૂત્ર શ્રી કાલિકાચાર્યે વાંચ્યું (શ્રી હરિભદ્રસૂરિજી સુધી તો રાત્રે સાધુઓ વાંચતા હતા એ આવશ્યકથી સ્પષ્ટ છે.)

૪ શ્રી કાલિકાચાર્યની વખત ધ્રુવસેનરાજા હતો (તે વખતે ગર્દભિલ્લ, શાતવાહન, અને બલમિત્રભાનુમિત્ર રાજાઓ છે.)

૫ જ્યારે કલ્પસૂત્રની સભા સમક્ષ વાચના થઈ ત્યારે જ ચોથની સંવચ્છરી થઈ (ચોથની સંવચ્છરી વીરમહારાજની પાંચમી સદીમાં થઈ છે. એમ મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી પુષ્પમાલામાં કહે છે. ચૂર્ણિકારોની વખતે ચોથની સંવચ્છરી હતી, પણ સભા સમક્ષ બધે સ્થાને શ્રી કલ્પવાચના ન્હોતી.)

૬ ભાદરવા સુદ ૦)) પછી ચોથની સંવચ્છરી નો નિર્ણય થયો (શાસ્ત્રોમાં તો પ્હેલાં છે અને અમાવાસ્યાએ તો ઉપવાસની વાત છે.)

૭ શ્રી કાલિકાચાર્યે ધ્રુવસેનરાજાને બોલાવ્યા અને પાંચમની સંવચ્છરી જણાવી (નથી તો ધ્રુવસેનને બોલાવ્યો, નથી તો ધ્રુવસેનને પાંચમની સંવચ્છરીની વાત જણાવી. શાસ્ત્રોમાં શ્રી કાલિકાચાર્યે રાજાઆદિ શ્રી સંઘને પાંચમની સંવચ્છરી થશે તેમ જણાવ્યું અને તેમાં રાજા શાતવાહન હાજર હતા. એટલે ધ્રુવસેનનો સંબંધ પણ નથી અને બોલાવ્યો પણ નથી.

૮ શ્રી કાલિકાચાર્યે પંચમી અને સંવચ્છરી કરવા રાજાને આવવા કહ્યું (શાતવાહનરાજા પોતાની મેલે જ સંવચ્છરી કરવાની ભાવનાવાળો હતો. આ

અને ઉપરની હકીકત શ્રમણ પ્રાધાન્યતાને ઉડાવવાની દાનતની છે.)

૯ સંવચ્છરીને દિવસે શોક નિવારવાનો છે. (ચૂર્ણિકાર વગેરે તો ઇંદ્રમહોત્સવ જણાવે છે.)

૧૦ શોક નિવારવા લોકો આવશે માટે હું સંવચ્છરી કરવા નહિં આવું એમ કહ્યું (ચૂર્ણિકારાદિનું તો કથન છે કે લોકાનુવૃત્તિએ ઇંદ્રમહોત્સવ કરવો પડશે અને સાધુ તથા ચૈત્યની પર્યુપાસના મ્હારાથી નહિં બને એમ કહ્યું.)

૧૧ માટે છટ્ઠે સંવચ્છરી કરવી. (શાસ્ત્રમાં હુકમ નથી, પણ સ્વીકાર વિનાની પ્રાર્થના છે.)

૧૨ છટ્ઠની કરવાનું કહીને રાજા ધ્રુવસેન ઘેર ચાલ્યો ગયો (શાસ્ત્રમાં તો શાતવાહને છટ્ઠે કરવા વિનંતિ કરી, ત્યારે કાલિકાચાર્યમહારાજને પાંચમ ઓલંઘવી ન કલ્પે એમ કહીને નિષેધ કર્યો, ત્યારપછી ચોથની સંવચ્છરી કરવા વિનંતિ કરી અને તે आरओ નો પાઠ વિચારીને માની એમ સ્પષ્ટ છે.

૧૩ શ્રી કાલિકાચાર્યે બધા ગીતાર્થ અને આચાર્યોને એકઠા કર્યા (શાસ્ત્રમાં તો તે વખતે બધા ત્યાં સેવામાં હાજર છે.)

૧૪ આચાર્ય મહારાજે ધ્રુવસેન છટ્ઠ કરવાનું કહી ચાલ્યો ગયો એ વાત બીજાઓને કહી (તેજ વખત શાતવાહનની હાજરીમાં નિર્ણય થયો છે.)

૧૫ બીજા આચાર્યાદિકોએ શ્રી કાલિકાચાર્યને જણાવ્યું કે છટ્ઠે પજુસણ ન થાય (શાસ્ત્રોમાં ન થવાનું સ્વયં જણાવેલ છે.)

૧૬ છટ્ઠે નહિં કરવામાં આયુષ્યની અનિત્યતા કારણ કહે છે. (શાસ્ત્રોમાં તો તે રાત્રિ ન ઓલંઘવાની આજ્ઞા છે તે કારણ કહ્યું છે.)

૧૭ બીજા આચાર્યો અને ગીતાર્થો ચોથની સંવચ્છરી કહે છે. (શાસ્ત્રમાં છઠની વિનંતિના નિષેધથી રાજા ચોથની વિનંતિ કરે છે.)

૧૮ ચોમાસી સિવાયની પુનમો આરાધવા લાયક નથી, (સૂત્રોમાં चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमा-सिणीसुએમ સ્થાન સ્થાન પર હોવા સાથે छण्हं तिहीण मज्झंमि એમ શ્રાદ્ધદિનકૃત્યમાં પુનમ સાથે દરેક મહિને છપર્વી કહી છે, તેમજ શ્રાદ્ધ વિધિમાં દરેક પખવાડે છપર્વી લીધી છે. વળી આ વચનથી ચૌમાસીની તો ત્રણ પણ પુનમો લેશે, પણ અમાવાસ્યાનું શું કરશે ?) આ ઉપરથી સ્પષ્ટ થશે કે આ આણસૂરગચ્છીયો શાસ્ત્રના વિરોધી છે જ્યારે તિથિહાનિવૃદ્ધિપ્રશ્નોત્તરમાં તો સ્પષ્ટ શબ્દોથી બધી પુનમો આરાધવા લાયક જ જણાવી છે. શ્રી હીરસૂરિજીના પાંચ બોલમાં પણ પ્હેલો બોલ પૂર્ણિમા સર્વ પર્વ પણઈ અંગી કરવી' એમ ચોક્ખું છે અને તેમના પ્રશ્નોત્તરમાં પણ સ્પષ્ટ તેમ લખે છે તે બધાની વિરૂદ્ધ પ્રરૂપણા કરનાર અને વર્તનાર આ આણસૂરિગચ્છીય પત્રક છે, છતાં બુધવારીઓ આ પત્રકની વાતને ચીલે ચલાવે છે અને સારા વિદ્વાન પ્રશંસા કરે છે.

૧૯ पूर्वा कार्या क्षये तिथिः (સાચો પ્રઘોષ क्षये पूर्वा तिथिः कार्या) આવો શ્રાદ્ધવિધિ વગેરેમાં સ્પષ્ટ છે, અર્થમાં ફરક નથી એમ માન્ય છતાં જેને પ્રઘોષ પણ બરોબર માલૂમ નથી તેવાના પત્રની કિંમત કંઈ ?

૨૦ જ્યારે પુનમનો ક્ષય હોય ત્યારે તેનો તપ તેરસે કરવો. (જો ક્ષીણપુનમનો તપ તેરસે કરવો હોત તો શ્રી હીરસૂરિજી त्रयोदश्यां એમ જ કહેત. વળી ચૌદશના તપને આશ્રીને સાથે પુનમનો પ્રશ્ન છે એમ કહે તો પછી त्रयोदश्यां विस्मृतौ એમ ન કહેત અને प्रतिपद्यपि એમ પણ ન કહેત. પુનમને અંગે તેરસે કરે અને તેરસે ભૂલે તો પડવે કરે એમ બધે એકવચન હોત. પણ પ્હેલાં દ્વિચન કહ્યું છે તે તિથિ ફેરવવા માટે છે અને પછી તે એકલી પુનમે પડવો જ રહ્યો.

૨૧ પુનમના તપની વખતે ચૌમાસી ચૌદશ છે એવું કથન પણ બધી પુનમોને ન માનવા માટે છે. (શાસ્ત્ર અને પરંપરાથી આ કથનવિરૂદ્ધ છે.)

૨૨ તપની ફેરફારીમાં મુંઝાવું નહિં. (ગ્લાનપણાઆદિ કારણ સિવાય શાસ્ત્રકારો તિથિયોના નિયમ પ્રમાણે તપ જણાવે છે, છતાં આણસૂરવાળાઓ તેની ઉથલ પાથલ કરવામાં અડચણ નહિ એમ કહેવાની સફાઈ કરે છે. વળી શાસ્ત્રોમાં પુનમોનો તપ કરતાં પૌષધાદિથી વિશેષ આરાધવાની છતાં તેની તો વાત જ નથી. હાલ ચોમાસી પુનમની છે નહિં, અને બીજી પુનમો તેઓને માનવી નથી તથા અમાવાસ્યાને તો અડકવું પણ નથી. આ શી દશા? વળી પુનમનું તપ તેરસે કરતાં કે પૌષધાદિ નિયમો તેરસે કરતાં તે દિવસે તેરસનો શું સૂર્યોદય છે ? શું પુનમનો ભોગવટો છે ? કે સમાપ્તિ છે ? તેરસે ચૌદશનો અને ચૌદશે પુનમનો ભોગવટો છે એ વાતમાં તો બે મત છે જ નહિં.

૨૩ ભાદરવા સુદ ચોથનો ક્ષય હોય તો તેનો તપ ત્રીજે કરવો. (ત્રીજ માનીને સંવચ્છરી કરશે તે કાલિકાચાર્યની આજ્ઞા અને આચરણા ઉભયને વિરાધશે. વળી બીજે વર્ષે ત્રીજની રાત્રિને ઓલંઘતાં મિથ્યાત્વપણ લાગશે. ચૌદશના ન્યાયે શાસ્ત્રાનુસારિયો તો તે દિવસે ચોથ જ માનશે અને ત્રીજનું નામ પણ લેશે નહિં. યાદ રાખવું કે ત્રીજનો તેવી રીતે ક્ષય કરનારા તો ગુરૂવારે બે પાંચમને લીધે પાંચમનો ટીપનામાં સૂર્યોદય હોય, છતાં શ્રી હીરસૂરિજીના બીજીને જ ઔદયિકી કહેવી એ વચનથી પાંચમ માનતા નથી. બુધવારવાળાઓ ગુરૂવારે પાંચમ માનશે તો ચોથના ક્ષયમાં ત્રીજને ત્રીજ જ માનવી પડશે.)

૨૪ શ્રી હીરપ્રશ્નમાં સામાન્ય પંચમીની વાત પુનમ સાથે છતાં ભાદરવા સુદ પાંચમમાં જોડી છે. (પુનમવાળાને ચૌદશની પક્ખી નડી તો પછી ભાદરવા સુદ પાંચમમાં સંવચ્છરી ન નડી કેમ ? એમના હિસાબે જ तृतीयाचतुर्थ्योः એમ કહેવું પડે, અને ત્રીજે ભૂલે તો છટ્ઠને દિવસે કરે એમ કહેવું પડત. અને ત્રીજે ભૂલે તો છટ્ઠને દિવસે કરે એમ કહેવું પડત. ખરી રીતે તો ક્ષયે૦ ના પ્રઘોષને નહિં સમજનારાને સમજાવવા બીજી પાંચમનો જ પ્રશ્ન છે. પુનમનો પ્રશ્ન પણ ચોમાસી માટે નથી પરંતુ સામાન્ય પુનમ માટે છે.

૨૫ प्रतिपद्यपि એ ઉપલક્ષણ છે (પુનમના ક્ષયે મૂલ તો તેરસે ચૌદશ કરવાની છે અને તેરસે ચૌદશ કરવી ભૂલી જાય તો ચૌદશ પછી જ પુનમ થાય માટે.ચૌદશ પછી આવતો પડવો પુનમ તરીકે જણાવ્યો છે અને એજ અગતિકપણાની વાત

અપિશબ્દથી જણાવે છે. છતાં ઉપલક્ષણ કહેવું તે કેવલ પરંપરા અને શાસ્ત્રને ઉઠાવવાની દાનત જણાવે છે.)

૨૬ **तेरसिसहियं न पक्खियं होइ** અર્થાત્ તેરશે પક્ખી ન હોય (આ વાત પુનમે પક્ખી માનનારા પુનમીયાઆદિ અને અવિચ્છિન્નપણે શાસનાનુસારિ એવા તપાગચ્છના વિરોધી ખરતરોએ માનેલી છે. આ ગાથા જ્યોતિષ્કરંડકમાં મૂલમાં કે ટીકામાં નથી, છતાં ખોટી રીતે જ્યોતિષ્કરંડકને નામે તેઓએ ચલાવી છે. વળી બુધવારવાળાઓ અને આણસૂરવાળાઓ ચઉદશના ક્ષયે તેરસ ચૌદશ ભેળાં માની પક્ખી કરશે ત્યારે તેઓને वदतो व्याघातः થશે, પરંપરા અને શાસ્ત્રને માનાનારાઓ તો તે વખતે તેરસનો ક્ષય માનશે એટલે એમને તો એ વાક્યમાં પણ અડચણ નહિં આવે.)

૨૭ **पडवे सहियं कयाइवि** એટલે પડવે પણ કદાચ પક્ખી હોય (અનાદિકાલથી ચૌદશે જ પક્ખી થાય છે. એ વાત પંચાંગથી અને અનેક ગ્રંન્થોથી સાબીત છતાં પુનમે પક્ખી મનાવવા જનાર આ આણસૂરવાળા છે, અને તેનું બલ આ બુધવારીયાઓ ભેળસેળવાદી થવામાં રાખે છે. એટલું નહિ, પુનમના ક્ષયે ભોગવટાવાળી ચઉદશે પુનમ ન લેતાં પક્ષ માસ પણ ફરી જાય એવી પડવાની હાનિ અને વૃદ્ધિ માનનારા આ આણસૂરગચ્છીયો પોતાના મતે જ ઘેબર છતાં કુસકા ખાનારા બને છે.)

૨૮ **इय भणियं जिणवरिंदेहिं** એટલે પક્ખી તેરશે ન થાય, પરન્તુ પડવે થાય, એવું કહેનારા પુનમીયાના પિતરાઈ આ આણસૂરવાળાના સર્વથા જુઠા વચન ઉપર આ બુધવારથીયાઓ સારા વિદ્વાન કહીને છાપ મારે છે, પણ ઘુવડને દિવસ ન ગમે એટલે રાત ગમે જ. તેમ શ્રી આણસૂરગચ્છની ખોટી મર્યાદા છતાં શ્રી દેવસૂરિની સાચી મર્યાદા ગમે નહિ તેથી સારી કહી માનવી જ પડે. ધ્યાન રાખવું કે પુનમે પક્ખી શ્રી જીનેશ્વરભગવાને તો શું ? પરન્તુ કોઈ આચાર્યે પણ કહી નથી, તો આ બુધવારીયાના સારા વિદ્વાન્ શ્રી જીનેશ્વરમહારાજના નામે જણાવી દે છે વળી જો પુનમ અમાવાસ્યાની પક્ખી હોય તો નવા મતને પુનમીયો કહેત નહિ, અને શાસ્ત્રકારો उद्दिट्ठ અને पुण्णमासिणी એવા બે શબ્દો નહિં વાપરતાં એકલો પક્ખી શબ્દ જ વાપરત અને આઠમ કરતાં પછી આવનાર ચઉદશને મુખ્ય બનાવી પ્હેલાં કહેત નહિ.

૨૯ **प्रतिपद्यपि पूर्णिमायास्तपः पूर्यते** આમ કહી પુનમના ક્ષયે પડવાનો ક્ષય કરવો એમ માનનારા આણસૂરગચ્છીયો કેવા અનર્થ કરનારા છે તે સ્હેજે જણાઈ આવે છે. શ્રી હીરસૂરિજી મુખ્યતાએ તેરસ ચઉદશ કહી પુનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચઉદશે પુનમ કરવાનું સ્પષ્ટપણે જણાવી તેરસનો ક્ષય જણાવે છે, તે તો આ આણસૂરવાળાને માનવો નથી અને તેરસે ચઉદશ કરવી ભૂલી જવાય તો પુનમનો તપ પડવે પણ કરવો, એવો અગતિકની ગતિપણે જણાવેલ પાઠ આમલ કરી પુનમના ક્ષયે પડવાનો ક્ષય થાપવો છે. જો કે આ બુધવારીયાઓને

તો પુનમના ક્ષયે તેરસનો ક્ષય પણ ઈષ્ટ નથી, તેમ પડવાનો ક્ષય પણ ઈષ્ટ નથી. તેમની દશા તો मुरारेस्तृतीय જેવી ભેળસેયળીયાની છે.

૩૦ परं वैयाकरणपाशैः उदयगतायां त्रयोदश्यां चतुर्दशीयते અર્થાત્ વ્યાકરણને જાણનારાઓમાં અધમોએ ઉદયવાળી તેરસમાં ચૌદશની માફક આચાર કરાય છે. (આ સ્થાને સુજ્ઞમનુષ્યોને એ સ્પષ્ટ સમજાય તેમ છે કે શ્રી દેવસૂરવાળાઓ તેરસને ચૌદશ બનાવતા હતા. અર્થાત્ આણસૂરવાળાઓ તેરસને ચૌદશ માનવાનું પુનમના ક્ષયે કરાતું હતું તેનું આ ખંડન કરે છે. એટલે આ પ્રત પુનમના ક્ષયે પ્હેલેથી તેરસનો ક્ષય શ્રી દેવસૂરવાળા કરતા હતા તેના ખંડન માટે છે એટલે નક્કી થયું કે ઠેઠથી પુનમના ક્ષયે તેરસનો ક્ષય થતો હતો. વળી શ્રીમાન્ કલ્યાણવિજયજીના લખવા પ્રમાણે જો ૧૮૬૯માં શ્રી વિજયદેવસૂર અને આણશૂરવાળાને ત્રણ ચોમાસી પુનમના ક્ષયે બારસ તેરશ એકઠાં કરવાનું સમાધાન થયું, એ સાચું માનીયે તો કહેવું જોઈએ કે આ આણસુરનું ઘટાઘટનું પત્રક તો તેથી પણ ઘણા પ્હેલાનું હોય અને દરેક પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરી બારસ તેરસને ભેળાં કરવાનું એના પણ પ્હેલેથી હોય. વળી ૧૮૬૮ના સમાધાન તરફ જોઈયે તોપણ પુનમની પ્હેલાં ચોમાસી ચૌદશની પર્વતિથિ આવી તેને લીધી તો શ્રી દેવસૂર અને આણસૂરવાળાએ પડવાનો ક્ષય પણ રાખ્યો નહિ. એ પ્રમાણે તો સ્પષ્ટ થાય કે ભાદરવા સુદ પાંચમનો ક્ષય હોય ત્યારે તેની આરાધના ત્રીજે પણ થાય નહિ. ચોથના ભેળી પણ આવી જાય નહિ, તેમજ છઠનો પણ ક્ષય થાય નહિં પરન્તુ સામાન્ય પુનમ કે ચોમાસી પુનમના ક્ષયે તેરસના ક્ષયની માફક ત્રીજનો ક્ષય જ થાય. અર્થાત્ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજનો જેઓ ક્ષય કરે નહિ તેઓ નથી તો શ્રી દેવસૂરગચ્છના સંપ્રદાયના રહેતા અને નથી તો આણસૂરસંપ્રદાયના રહેતા, તોપછી શાસ્ત્રાનુસારિ તો ગણાય જ કેમ ? એક બીજી વાત ધ્યાનમાં રાખવાની છે કે શ્રી દેવસૂરવાળાઓ त्रयोदशीचतुर्दश्योः ના દ્વિવચનથી આણસૂરવાળો આજના બુધવારીયાઓની પેટે ચૂપ કરતા હશે, તેથી આજના બુધવારીયાઓ જેમ સાચા ત્રીજના ક્ષયના પક્ષવાળાઓને આગ્રહી કહીને ગાળો દે છે, તેમ તે વખત પણ તેરશનો ક્ષય કરનારા શ્રી દેવસૂરવાળાને वैयाकरणपाश કહીને તેઓએ ભાંડયા છે. દલીલ અને પ્રમાણનું જ્યાં દેવાળું હોય ત્યાં એમ થાય છે જ એ થયું પણ છે. પરન્તુ ન્યાયની કોર્ટમાં જેમ આરોપી કે ફરીયાદીના એવા કોઈક વચનથી આખો દેસ ખુલ્લો થાય છે તેમ અહિં આણસૂરવાળાના આ વચનથી જ નક્કી થાય છે કે આણસૂરના પ્રતિપક્ષી જે દેવસૂરવાળા હતા તેઓ તો પુનમના ક્ષયે તેરશનો ક્ષય ૧૮૬૯ કરતાં પણ ઘણા પ્હેલા કાલથી કરતા હતા. અને તે શ્રી દેવસૂરવાળાનો શ્રી હીરસૂરિજીના વચનને અનુસરનારો પક્ષ હોવાથી આણસૂરવાળાઓનું આજ

કાલના બુધવારીયાઓની પેઠે કાંઈ શાસ્ત્ર કે યુક્તિથી ચાલતું ન્હોતું અને તેથી જ ગાળો દેતા હતા. જો કે આ બુધવારીયાઓએ ૧૮૬૯માં સમાધાનની વાત સુરતમાં થઈ એમ જણાવ્યું છે, છતાં તે પણ તેમ નથી. કારણ કે ૧૮૭૧ માં તો સુરત ભરૂચ આદિ પરગણાંમાં શ્રી દેવસૂર અને આણસૂરવાળાઓને પુનમના ક્ષયે તેરસ પડવાના ક્ષયનો પરસ્પર મ્હોટો ઝઘડો ચાલ્યો હતો. તેમાં શ્રી દીપવિજયજી સ્પષ્ટપણે જણાવે છે કે "પુનમ અમાસ તુટતી હોય ત્યારે શ્રી દેવસૂરવાળા તેરસ ઘટાડે છે તમે પડવે ઘટાડો છે," આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રી દેવસૂરવાલા હંમેશાં સઘળી પુનમ અને અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરતા જ આવ્યા છે, અને એ પ્રમાણે ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરવો જ જોઈએ. વળી આષાઢ આદિ પુનમના ક્ષયે જે એ પુનમ સામાન્ય તિથિ છતાં ચોમાસા જેવી મ્હોટી ચૌદશની તિથિ ફેરવવામાં અડચણ ન હોય તો પછી પાંચમના ક્ષયે સંવચ્છરી ફેરવવામાં બીજું કાંઈ ગણાય નહિં. યાદ રાખવું કે પુનમની ચોમાસી પલટાવવાથી પુનમનું ચોમાસીપણું નથી રહ્યું, તેમજ પુનમને અટ્ઠાઈના આઠ દિવસમાં પણ ગણવાની શ્રી હીરસૂરિજી સાફ ના કહે છે, છતાં તેમાં પુનમરૂપ સામન્યપર્વપણું તો ખસ્યું નથી જ. અને તેથી તે આષાઢઆદિપુનમના ક્ષયે જો ચોમાસી ફરે તો શ્રી દેવસૂરની પરંપરાવાળાને પાંચમ ભલે સંવચ્છરી તરીકે અત્યારે નથી. તોપણ પર્વતિથિપણે શ્રી હીરસૂરિજી શક્તિ સદ્દભાવે ચોથ પાંચમનો છઠ્ઠ કરવાનું કહે છે તથા મુખ્યવૃત્તિએ ત્રીજ ચોથ અને પાંચમનો અઠ્ઠમ કરવાનું કહે છે તેવી માન્યતા રાખવાની છે. તેથી પુનમના ક્ષયે તેરસના ક્ષયની માફક પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો તે જ ઠેઠથી ચાલુ હોય અને વ્યાજબી હોય તેમાં નવાઈ નથી.

૩૧ उदयगतायां त्रयोदश्यां એમ કહીને જે આણસૂરવાળા આજના બુધવારીયાઓની પેઠે કહે છે તે પ્રથમ તો નકામું છે, કારણ કે પ્રથમ તો ઉદયનો પક્ષ તિથિપ્રવેશ ભોગકાલ અને પ્રતિક્રમણકાલની માન્યતાના ખંડન માટે છે, નહિંતર ચૌદશના ક્ષયની વખતે ઉદયગત તેરસને ચૌદશ જ માનવી પડશે તે વખતે આણસૂરવાળાની આદિત્યોદયની આડાઈ ક્યાં જશે ?

૩૨ चतुर्दशीयते એમ મૂલ ઘણી જગો પર પાઠ છે, તે સ્પષ્ટ કરે છે કે પુનમના ક્ષયે શ્રી દેવસૂરવાળા તેરસને જ ચૌદશ બનાવી દેતા હતા. એમ ન હોત તો આચાર અર્થનો क्यङ् હોત નહિ.

૩૩ બુધવારીયાઓના આગેવાન શ્રીમાને પોતાના ગુરૂદેવની હમણાં લખાવેલી અને તેઓશ્રીએ શોધેલી તરીકે જણાવેલી પ્રતમાં તો चतुर्दशो क्रियते એવો પાઠ છે, અને શ્રીમાન્ ફોટા દ્વારા એમ જણાવે પણ છે, પણ ક્યાં તો આચારાર્થનો क्यङ् ન સમજાયો હોય તેથી બન્યુ હોય, અથવા તેરસની હયાતિ જણાવવા તેમ બનાવ્યું હોય.

૩૪ उदयगतायां ઇત્યાદિ કહેવાથી એટલું તો નક્કી જણાય છે કે સાચો પક્ષ તેરસનો ઉદય છતાં ચૌદશ કરતો હતો. એટલે તેરસ ચૌદશ ભેળાં છે એમ કહેનારા ભેળસેળ પંથી તો સાચા રહેતા નથી, પણ ખોટા જ પડે છે.

૩૫ औदयिक्येव चतुर्दशी आराध्यते આવા આણસૂરવાળાના વચનથી જ સિદ્ધ થાય છે કે શ્રી દેવસૂરવાળા પુનમના ક્ષયની વખતે ચૌદશના ઉદય ઉપર ન્હોતા આગ્રહ રાખતા. પરંતુ પુનમપર્વની આરાધનાની નિયમિતતાનો નિયમ રાખતા હતા, અને તેથી પુનમના ક્ષયે તેરસે ચૌદશનો ભોગવટો હોવાથી ચૌદશ કરતા હતા અને ઉદયવાળી ચૌદશ છતાં તે દિવસે પુનમનો ભોગવટો હોવાથી પુનમ માનતા હતા. શ્રી ધર્મસાગરજી મહોપાધ્યાય પણ પુનમના ક્ષયની વખત ચૌદશના ઉદયવાળી ચૌદશને દિવસે પુનમનો ભોગવટો કે સ્થિતિમાત્ર છે એમ ન કહેતાં वास्तवव्येव स्थितिः એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. તેથી સ્પષ્ટ થાય છે કે પુનમના ક્ષયની વખતે ચૌદશને દિવસે ચૌદશની સ્થિતિ અવાસ્તવિક છે. પણ પુનમની સ્થિતિ જ વાસ્તવિક છે અને ચૌદશની વાસ્તવિક સ્થિતિ તો તેરસે છે. આ બધુ સમજનારો સુજ્ઞ સ્પષ્ટપણે સમજશે કે ભાદરવા સુદ પાંચમના ક્ષયે ઉદયવાળી ચોથે તો પાચંમની જ વાસ્તવિક સ્થિતિ છે. અને ચોથની સ્થિતિ અવાસ્તવિક છે.

આ ઉપરથી જેઓ ઉદયવાળી ચોથ છે એમ બુમ મારનારા છે તેઓ વાસ્તવિક અને અવાસ્તવિક સ્થિતિ જ શાસ્ત્ર પ્રમાણે સમજતા નથી એમ કહેવું જ જોઈએ પુનમના ક્ષયે જેમ ચૌદશની વાસ્તવિક સ્થિતિ તેરસે છે, તેવી જ રીતે પાંચમના ક્ષયે ચોથની વાસ્તવિક સ્થિતિ ત્રીજને દિવસે છે, અને તેથી પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય માનવો એજ યુક્તિ અને શાસ્ત્ર સંમત છે એમ સિદ્ધ થાય છે.

૩૬ આણસૂરવાળા ઉદયવાળી ચૌદશ આરાધવી એ સાધ્યની સિદ્ધિમાં उदयात् એ હેતુ આપે છે. એ વાત વિચક્ષણો વિચારે તો સ્પષ્ટ કહે કે त्रयोदशीचतुर्दश्योः એ વચનથી તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ કરનારા યથાર્થ વૈયાકરણ છે, પણ આ उदयात् હેતુવાળા તો ખરેખર नैयायिकपशुः જ છે. કેમકે ચૌદશના ક્ષયની વખતે તેરસનો ઉદય છતાં ચૌદશ માનવી છે, તથા વૃદ્ધિમાં પ્હેલે દિવસે ઉદય છે છતાં તે દિવસે પર્વતિથિ માનવી નથી. વળી ઉદયવાળી ચૌદશને પક્ષ કરીને ચૌદશને ઉદય છે માટે એમ હેતુ કહેનાર કેટલું સમજતા હશે તે નૈયાયિકો જાણે.

૩૭ यां तिथिं समनुप्राप्य આ શ્લોકથી સૂર્યોદયવાળી તિથિ દાનાધ્યયનક્રિયામાં આખી જાણવી એ અર્થ જણાવાય છે તે અર્થ બધાને માન્ય હોવા છતાં આ શ્લોક ક્ષયવૃદ્ધિના પ્રસંગમાં ઉપયોગી નથી, નહિતર આણસૂરવાળાના કથન મુજબ જ અષ્ટમીના ક્ષયે સાતમ ઉદયવાળી છતાં સાતમમાં આઠમ કરાશે જ ક્યાંથી ? વળી પુનમ આદિની વૃદ્ધિમાં પ્હેલા દિવસે ઉદય હોય છે છતાં તિથિ

નહિં માનનાર આણસૂરવાળા પોતાના સિદ્ધાન્તને લોપનાર થશે. જો ભોગવટો લેવામાં આવે તો પુનમના ક્ષયે તેરસે ચૌદશનો અને ચૌદશે પુનમનો ભોગવટો છે એમાં કાંઈ ના પડાય તેમ નથી જ. ધ્યાન રાખવું કે આઠમ ચૌદશના ક્ષયે સાતમ અને તેરસનો ઉદય ભોગવટો અને સમાપ્તિ એ ત્રણે છતાં આઠમ ચૌદશ કેમ મનાય છે ? તિથિની આરાધનાની નિયમિતતાને માટે તેમ કરવું જરૂરી મનાયા તો પછી અહિં પણ પુનમના ક્ષયે ભોગવટાના હિસાબે તેરસે, ચૌદશ અને ચૌદશે પુનમ કરતાં તેરસે કે પડવે કયો પુનમનો ભોગવટો પણ છે કે જેથી તેમ માને છે ?

૩૮ विपुलधृतपूरे सति कुक्कुसाः केन भुज्यन्ते આ કથન જો અંતઃકરણથી હોય તો ભોગવટાને ન માનતાં જેમાં ભોગવટો પણ નથી એવી તેરસે કે પડવે પુનમ કેમ મનાય છે ? બાકી જઠરના હિસાબે ધૃતપૂર જોયા વિના ખાય તેના કરતાં ઘેશ ખાનારો ડાહ્યો ગણાય તેમ ભોગવટા વગરનું પર્વ માનીને ઉદય પકડવા કરતાં બન્ને ભોગવટાવાળાં મનાય એ ડહાપણ જ છે.

૩૯ पूर्णिमाक्षये त्रयोदश्यां चतुर्दशी न कर्त्तव्या इति तात्पर्यं આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ૧૮૬૧થી ઘણા વર્ષ પ્હેલાથી પુનમના ક્ષયે તેરસનો ક્ષય કરી તે દિવસ ચૌદશ કરાતી હતી. એટલે 'અમુક શ્રી પૂજ્યે આ રીવાજ ચલાવ્યો' છે, કેટલાક યતિઓએ આ રીવાજ ચલાવ્યો છે. યતિયોના દબાણથી સંવેગિયોએ આમ કર્યું છે' એ વગેરે કહેવું એ કેવલ બકવાદ જ કરે છે. પુનમના ક્ષયે તેરસનો ક્ષય થાય એવો તો ચોક્ખો લેખ છે પરન્તુ અમુક વર્ષથી થવા માંડયો છે એવો તો કોઈ જગો પર લેખ નથી, વળી આણસૂરવાળા પુનમના ક્ષયે તેરસે પણ પુનમ ન માનતાં ખોટું ઉપલક્ષણનું નામ લઈ પડાવનો ક્ષય કરનારા તથા પુનમના ક્ષયે તેરસના ક્ષયને નહિં માનનારા થયા છે, અને त्रयो० આદિની મૂલકાલને છોડીને ભૂલના ભરોસે ટોચે બેસનાર જેવા નવા બન્યા છે એમ ચોક્ખું થાય છે.

૪૦ ननु एवं पूर्णिमाक्षये भवतामपि का गतिः આવી રીતનો તત્ત્વતરંગિણીનો પાઠ મેલ્યો. પરન્તુ एवं નો અર્થ તો ગ્રંથમાં જ રહ્યો. વસ્તુ એ છે કે ખરતરો પુનમને દિવસે પુનમ માને છે અર્થાત્ ચૌદશ નથી માનતા, અને ચૌદશનો ક્ષય હોય ત્યારે પક્ખી (ચૌદશ) કરે છે તેને કહ્યું કે ક્ષય પામેલી આઠમને સાતમ જે તેનાથી પ્હેલાની તિથિ છે તેને પલટાવીને (ક્ષય કરીને) પણ માનો છો, તો પછી પક્ખી (ચઉદશ) એણે તમારો શો અપરાધ કર્યો છે તેનું નામ પણ સહન નથી કરતા ? નથી તેરસને ચૌદશ ગણતા અને નથી પુનમને ચૌદશ ગણતા. એટલે પક્ખીનામ જ તમારાથી સહન થતું નથી. આવા શાસ્ત્રકારની પક્ખી (ચૌદશ) નામને નહિં સહન કરવાની વાત ઉપર આ શંકા છે. ખરતર

ક્હે છે કે પુનમના ક્ષયે તમો પક્ખીને ખસેડી તેનું નામ નથી રાખતા અને તે દિવસે પુનમ કરો છો. એટલે પક્ખી એવું નામ ચૌદશનું નહિં રાખો તેમાં તમારૂં કેમ થશે ? (ધ્યાન રાખવું ચૌદશ પુનમ ભેળાં કરવાનાં હોય તો પક્ખી નામ જ જવાનું ન્હોતું, તો ખરતરને પક્ખી નામ ન સહન થવાની શંકા કરવી પડત જ નહિં.) આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે તપાગચ્છવાળા પુનમના ક્ષયે ચૌદશને ચૌદશને નામે ન્હોતા કહેતા, પણ પુનમના નામે બોલતા હતા, અને તેથી જ ખરતરોને ચઉદશને પક્ખી નહિં કહેવાના અંગે શંકા કરવી યોગ્ય થઈ, જો પુનમના ક્ષયે તેરસે કે પડવે પુનમ થતી હોત અને પક્ખી ચૌદશે રહેતી હોત તો શંકા થાત જ નહિ. વળી ચૌદશ પક્ખીનું નામ રહેવાથી આ શંકા થાત જ નહિં. અર્થાત્ આ ઉપરથી ચોક્ખું થાય છે કે તે ૧૬૧૫ વખત કરતાં પ્હેલાથી પુનમના ક્ષયે ચૌદશે પુનમ જ થતી અને પક્ખીનું નામપણ ચૌદશે રહેતું ન્હોતું. આ ઘટાઘટ લખનારની અજ્ઞાનતાનો નમુનો જો શ્રીમાન્ સમજતા હોત તો સારા વિદ્વવાન્‌પણાનું સર્ટિફિકેટ આપત નહિં એટલું જ નહિં. પણ પોતે જ ચઉદશ પુનમ ભેળા કરવા મથત નહિં.

૪૧ चर्तुदश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधनम् એટલે ટીપનાથી ચૌદશે ચૌદશ અને પુનમ બન્ને વિદ્યમાન છે માટે (નહિં કે પક્ખી નામ ખસેડીને, કેમકે પક્ખી નામ તેરસનો ક્ષય કરી તેને આપેલું છે.) ક્ષય પામેલી પુનમનું પણ આરાધન ચૌદશે થયું જ છે. એ વાતની તમોને જાણ છતાં કેમ શંકા કરો છો ? વળી ચૌદશે એવી રીતે પુનમ આરાધીયે છીએ તે આરોપથી નથી આરાધતા (તમો પુનમમાં ચૌદશનો અંશ ન છતાં પક્ખી કરો તે આરોપથી જ છે.) કેમકે ચૌદશને દિવસે જ ખરી પુનમ રહી છે. કેટલાકના કહેવા પ્રમાણે (મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીનો ગ્રંથ આવા પણ અભિપ્રાયનો હોય) કે ચૌદશના ક્ષયે અમો પુનમે ચૌદશ કરીયે છીયે અને તેથી પક્ખી કે ચૌદશ નામ હમારે ખરતરોને ન રહે તેમ તમો પણ પુનમના ક્ષયે પૂનમું નામ ક્યાંથી રાખશો ? એવી ખરતરોની શંકાના ઉત્તરમાં કહે છે કે ચૌદશમાં પુનમ ખરી રીતે છે, માટે ચૌદશે ક્ષીણ પુનમનું પુનમના નામે આરાધન થાય છે. એ તમો બરોબર જાણો છો, છતાં શંકા કેમ કરો છો ? તમારે ઉદયવાળી પુનમે ચૌદશનો આરોપ કરવો, પરન્તુ અમો ચૌદશે પુનમ કરીશું તે આરોપથી નથી. કેમકે ચૌદશે ચૌદશ પુનમ બન્ને હોવાથી ચૌદશને પુનમ માની ક્ષીણ એવી પુનમનું આરાધન કરીએ છીએ. ભેળસેળીયા મતે તો બે હોવાથી એવો હેતુ અને તે મતનું પણ એમ કરીને બેનું આરાધન થયું એવો અર્થ હેતુ અને સાધ્યની ઐક્યતાવાળો જ થશે.

૪૨ ક્ષીણપુનમની વખતે ચૌદશને પુનમ કેમ મનાય ? આના ઉત્તરમાં 'ખરી ચૌદશ પુનમે રહેલી છે' આવા સ્પષ્ટ વચનો તેવી વખતે ચૌદશને અવાસ્તવિક અને તે દિવસે પુનમની વાસ્તવિક

સ્થિતિને જણાવનાર છતાં ન સમજે અને ભેળસેળવાદી કે તેરસ કે પડવે પુનમ લઈ જનાર બને તેને સમજુઓ કેવા ગણે ?

૪૩ આદ્યે पाक्षिकानुष्ठानविलोपापत्तिः ખરતરોને પૂછે છે કે તમો ચૌદશના ક્ષયે પુનમે જે અનુષ્ઠાન કરો તે પુનમનું અનુષ્ઠાન છે. એમ ગણો છો કે પક્ખીનું અનુષ્ઠાન છે એમ ગણો છો? આ બે શંકામાં જો ખરતરો એમ કહે છે કે હમો તેને પુનમનું અનુષ્ઠાન કહીયે છીયે તેના ખંડનમાં કહે છે કે ત્યારે તમારે પક્ખીઅનુષ્ઠાનનો નાશ આવી પડશે. આ ઉપરથી આજ્ઞાને નામે અનુષ્ઠાનનો લોપ થાય તો પણ ફીકર નહિં એમ આજ્ઞાને નામે દુવાઈ ફેરવવાવાળા બુધવારીઆ સમજશે તો તેઓનું કલ્યાણ થશે.

૪૪ द्वितीये स्पष्टमेव मृषाभाषणं पंचदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात् પુનમ માની તેને પક્ખી અનુષ્ઠાન કહેશો તો તમારા વચનથી જ તમો મૃષાવાદી બનશો. કેમકે જેને પુનમ માનો છો તેને ચૌદશે ચૌદશ પણ માને અને પુનમ પણ તે દિવસે માને તેને મૃષાવાદ નહિં તો મિશ્રતા તો જરૂર લાગશે. અપર્વને નહિં માનવામાં તો ક્ષયે પૂર્વા નો આધાર હોવાથી મૃષાવાદ નહિં લાગે, તેમ મિશ્રપણ નહિં લાગે, પરંતુ લોચાવસરના વચનની માફક આરાધના જ ગણાશે.

૪૫ यातिथि र्यस्मिन्नेवादित्यादिवारलक्षणे दिवसे समाप्य ते स दिवसस्तत्तिथित्वेनस्वीकार्यः જે દિવસે જે તિથિ સમાપ્ત થાય તે દિવસે તે તિથિપણે લેવો, એ ચૌદશે પુનમ માનવાને અંગે જણાવેલ હોવાથી એમ અર્થ થાય કે પુનમ લક્ષણ તિથિ રવિવારે સમાપ્ત થાય છે માટે તે વાર પુનમપણે કહેવો. ધ્યાન રાખવું કે આમ કહીને या એકવચન કહેવાથી કોઈપણ વાર બે તિથિયોપણે કહેવાય જ નહિં. એટલે આણસૂરવાળાને આ અડચણ તેઓ તો પડવાનો ક્ષય પુનમના ક્ષયે માનનાર હોવાથી નહિં આવે, પણ આ નવીનો બે પર્વ ભેળાં માની એકવારે બે તિથિ માનનાર હોવાથી જરૂર અડચણ આવશે तत्तत्तिथित्वेन એમ તો નથી જ કહ્યું.

૪૬ तत्तिथित्वेन० આ કહીને પણ સ્પષ્ટ જણાવે છે કે કોઈ પણ વાર બે તિથિ પણે ગણાય નહિ. એમ ન હોય તો तत्तिथित्वेन એમ ન કહેતાં तत्तत्तिथित्वेन એમ કહેત. અર્થાત્ ચૌદશે પુનમ સમાપ્ત થાય છે તે વાર પુનમની તિથિપણે જ ગણાય, અને તેથી જ આગલ જણાવ્યું કે ચૌદશને દિવસે પુનમની જ ખરી સ્થિતિ છે. અર્થાત્ પુનમના ક્ષયે તેરશે ચૌદશ માનીયે અને ચૌદશે પુનમ માનીયે તે ખોટું નથી. કારણ કે તે તે વારે તે તે ચૌદશ અને પુનમ સમાપ્ત થાય છે, આવી રીતે પુનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ માનવા માટે या० વગેરે જણાવી આરોપ દોષ ટાળ્યો અને પૂર્વતરનો ક્ષય જણાવ્યો, ત્યારે ત્રણ કલ્યાણક તિથિ સુધી શંકાકારને જવું પડ્યું. ભેળસેળવાદીયોની

માફક જો બે તિથિ ભેળી માની લીધી હોત તો આ કલ્યાણકની બે ત્રણ તિથિયોની શંકા ન થાત અને ન તો યા૦ વગેરે કહેવું પડત.

૪૭ **द्वित्रादिकल्याणकतिथिषु.** આ સ્થાને જો ચૌદશ પુનમ ભેળાં કરવાની વાત હોત તો આ સવાલ જ ન ઉઠત. કેમ કે બેપર્વ ભેળાં થાય તેમ બે ત્રણ કલ્યાણક તિથિઓ પણ ભેળી થઈ જાત, પરંતુ પુનમના ક્ષયે તેરસ ચૌદશ પલટાવી ચૌદશ પુનમ કરવાથી જ આ બે કલ્યાણકોની તિથિઓનો સવાલ થયો છે.

૪૮ **स्वविनाशाय स्वशस्त्रमुत्तजीकृत्य०** આ વાક્ય ચૌદશ પુનમ ભેળાં માનવાથી મહોપાધ્યાયજી બોલી શકત જ નહિ. પર્વના ક્ષયને માનનારાથી પણ બોલાત જ નહિ. મહોપાધ્યાયજીએ ચૌદશ પુનમની ચર્ચા પૌષધની અપેક્ષાએ કરી છે એમ સ્પષ્ટ આગલ જણાવેલ છે. અને તેથી જ આના સમાધાનમાં **कल्याणकाराधको हि नियमात् (प्रायः) तपोविशेषकरणाभिग्रही भवति** એમ કલ્યાણકોમાં તપ કરવાનું હોય છે, એમ જણાવી **अपरदिनमादायैव तपःपूरको भवति** અર્થાત્ બીજા દિવસો લઈને તપ પૂરૂં કરે એમ કહે છે.

૪૯ **पूर्णिमापाते०** સામાન્યરીતે બીજ ત્રીજ ચોથનો અઠ્ઠમ હોય છતાં પાંચમ કરવાવાળાને ત્રીજ ચોથ પાંચમનો અઠ્ઠમ હોય, તેવી રીતે ચોમાસીનો છઠ તેરસ અને ચૌદશે કરવાનો હોય છતાં પુનમના અભિગ્રહવાળો હોય અને પુનમનો ક્ષય હોય તો ચોમાસીને દિવસે છઠ કરી ઉત્તર દિવસે જ પૂરો કરાય. જેમ પજુસણનો અઠ્ઠમ સંવચ્છરીએ ત્રીજા ઉપવાસવાળો હોય, છતાં પંચમી કરનારે તે અઠમ પાંચમ લઈને જ પૂરો કરાય. વળી ખરતરોને તો ચૌદશના ક્ષયે પુનમે ચોમાસી કરવાની હોવાથી બીજો દિવસ લઈને જ છઠ્ઠનો અભિગ્રહ પૂરવો પડે.

૫૦ 'ચૌદશ વિરોધીને કેવલ પુનમ માને છે તે તો ભગવતીસૂત્રને લેખે વિરાધક છે.' આવી રીતનો ઘટાઘટનો લેખ જ કહી આપે છે કે શ્રીદેવસૂરમાં પુનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચૌદશે કેવલ પુનમ જ થતી હતી. અર્થાત્ તેરસનો ક્ષય થતો હતો. ન્હોતી તો ચૌદશ પુનમ ભેળી થતી કે ન્હોતો પડવાનો ક્ષય થતો હતો.

૫૧ ઘટાઘટમાં સંવચ્છરીઆદિ પ્રકરણ લખવું વ્યર્થ છે. કલ્પસૂત્રની સભા સમક્ષ વાચનાની વાત પણ વ્યર્થ છે. જો કે તેમ છતાં એ છે તો જુઠાં જ.

૫૨ તિથિવૃદ્ધિહાનિપત્રકમાં ક્ષયે૦ સિવાય પણ ક્ષય માટે હીરપ્રશ્નનો પાઠ હતો, પણ આ ઘટાઘટમાં તો વૃદ્ધિહાનિના વિચારનું નામ લીધું છે, છતાં વૃદ્ધિ સંબંધી કોઈ વિચારજ નથી.

૫૩ તત્ત્વતરંગિણીનો પાઠ માત્ર નાંખવામાં આવ્યો છે, પણ પુનમના ક્ષય પડવાના ક્ષયને ચૌદશ ક્ષયે પુનમ પક્ખીની માફક ધિક્કારનાર છે. એટલું તે શ્રીમાન્‌ના વિદ્વાન્ વૃષભને ભાન રહ્યું નથી એ સ્પષ્ટ જ છે. શ્રીહીરસૂરિજીએ કહેલ **त्रयोदशी-चतुर्दश्योः** એ વચનથી તેમ જ ૧૮૭૧ ના શ્રીદીપવિજયજીના 'પુનમ અમાસ તુટતી હોય ત્યારે

દેવસુરવાળા તેરસ ઘટાડે છે,' વગેરે લેખોથી અને પરંપરાથી પણ પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરાય છે તે બધાની વિરૂદ્ધ એક પણ પુરાવો બુધવારીયાઓ આપી શકતા નથી અને આણસુરવાળાઓ પણ આપી શક્યા નથી. એ ચોક્ખું જ છે, વળી તત્ત્વતરંગિણીમાં વાસ્તવ્યેવ વાળા પદને અને તેરસનું નામ જ ચૌદશના ક્ષયે લેવાય જ નહિ, એવા સ્પષ્ટ વાક્યોને સમજે નહિં અને પરંપરાથી ચાલતી પ્રવૃત્તિ ખોટી છે એમ કહે, અનેક શાસ્ત્રીય પુરાવાપણ ખોટા છે, એમ કહી બકવાદ કરાય તેને સુજ્ઞશ્રદ્ધાલું જૈનો તો ગણકારતા જ નથી, પરન્તુ પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય તથા ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી અખંડપણે બન્ને પર્વોને આરાધન કરે જ છે. આરાધનામાં પાંચમ કે પુનમનો ક્ષય માનવો કે છતી શક્તિએ પુનમ અને પાંચમની આરાધના ચોથ અને ચૌદશની આરાધનામાં ભેળવી દેવી એવી માન્યતા સોના સાઠ નહિં, પણ સોના પચાસ જેવી સ્થિતિ હોવાથી જૈનશાસનના શ્રદ્ધાલુઓએ તો કરી નથી કરતા નથી અને કરવાના પણ નથી.

સ્વયં ચૌદશનો ક્ષય થાય ત્યારે તેરસનું નામ ન લેવાય. અને આખો દિવસ ચૌદશ જ છે એમ કહીને તેરસનો ક્ષય કરાય તો પછી પુનમના ક્ષયને લીધે જ્યારે ચૌદશને દિવસે પુનમનું નામ લેવાય અને પુનમ જ છે એમ કહેવાય, ત્યારે તે ચૌદશ ત્યાંથી ખસીને તેરસને દિવસે જ જાય, અને તેથી તેરસને દિવસે તેરસ છે એમ ન કહેવાય તથા ચૌદશ જ છે એમ આખો દિવસ કહેવાય, તો તેરસનો ક્ષય સ્પષ્ટ થયો જ છે. એટલે ચોક્ખું થયું કે પ્રથમપર્વનો ટીપનામાં ક્ષય હોય ત્યારે તેનાથી પ્હેલાના અપર્વનો ક્ષય થાય અને દ્વિતીય પર્વનો ક્ષય હોય ત્યારે તેનાથી પૂર્વતર અપર્વનો ક્ષય થાય. જ્યારે દ્વિતીયપર્વનો ક્ષય હોય અને તેનાથી પૂર્વતર એવા અપર્વનો ક્ષય થાય ત્યારે પ્રથમપર્વનો ઉદય હોય છતાં તેને પ્હેલે દિન ભોગવટાથી લઈ જવું પડે એ શાસ્ત્ર અને પરંપરાથી સિદ્ધ છે. છતાં એમાં પણ ઉદયવાળી તિથિ જ માનવી. ઉદયવાળી તિથિને ન માનવી તેમાં આજ્ઞા ભંગાદિ દોષો લાગે છે એમ કહેવા જવું તે કુતર્ક અને ગાંડાઈ છે. કારણ કે પ્રથમ તો ઉદયવાળી તિથિ માનવાનો સિદ્ધાન્ત તિથિપ્રવેશાદિથી તિથિ માનવાના નિષેધને માટે છે કે અનુદયવતીના નિષેધને માટે છે ? તિથિપ્રવેશ તિથિભોગઆદિના નિષેધને માટે છે એમ જો કહેવામાં આવે તો તેરસને દિવસે ચૌદશનો ક્ષય હોય ત્યારે માત્ર ચૌદશનો ભોગવટો જ છે ઉદય તો તેરસનો જ છે તો પછી તે વખતે તેરસને ચૌદશ માનનારા આજ્ઞાભંગાદિ દોષોના ભાગી કેમ નહિં બને ? અને શાસ્ત્રકારો તો સ્થાને સ્થાને ભોગને તેવી વખતે જણાવે જ છે, વળી અનુદયવતીના નિષેધને માટે જો એ વાક્ય ગણવામાં આવે તો ચૌદશના ક્ષયની વખતે તેરસે ચૌદશનો ઉદય નથી, છતાં તે વખતે તેરસ અને ચૌદશ ભેળાં માનનારા પણ બધા વિરાધકો જ થશે. તેરસ ચૌદશ ભેળી

માનનારા પણ તેરસે ચૌદશના ઉદયને તો નહિં જ માની શકે. અને ચૌદશ છે એમ બોલ્યા વિના અને આરાધનામાં પ્રમાણ માન્યા સિવાય પણ નહિં રહી શકે. તો પછી ઉદય વિનાની તિથિને માનવાને લીધે આજ્ઞાભંગાદિના પાપવાળા થયા એમ તેઓ શું પોતાને માને છે ?

કદાચ કહેવામાં આવે કે ઉદયવાળી માનવી અને ઉદય વિનાની નહિં માનવી એ નિષેધ પર્વતિથિના ક્ષય અને વૃદ્ધિના પ્રસંગ સિવાયમાં છે તો પછી જેમ પ્રથમના પર્વના ક્ષયથી પર્વની આરાધના નિયત કરવા માટે અપર્વનો ઉદય પ્રમાણભૂત ન ગણાયો અને પર્વનો ઉદય ન્હોતો છતાં માનવો પડ્યો, તો પછી પ્રથમપર્વના ક્ષયની વખતે પર્વારાધનાની રક્ષા માટે અર્થાત્ આરાધનામાં પર્વતિથિની ક્ષય વૃદ્ધિ ન થાય એવો માન્ય સિદ્ધાન્ત છે તેની રક્ષા માટે અપર્વનો ઉદય હતો છતાં છોડ્યો અને પર્વનો ઉદય ન્હોતો છતાં માન્યો, તો પછી પુનમઆદિ બીજા પર્વનો ક્ષય હોય ત્યારે તે જ પર્વારાધનાની રક્ષા અને નિયમિતતા માટે તેરસ અને ચૌદશના ઉદયને પલટાવવા પડે તેમાં આશ્ચર્ય શું? એટલે ચૌદશના ક્ષયે તેરસનો ઉદય છે અને તેરસ છે એમ કહેનારાઓ અને માનનારાઓને જેમ શાસ્ત્રકારોએ તત્વતરંગિણીઆદિમાં મૂર્ખશેખરો માન્યા છે તેમ પુનમ અમાવાસ્યાના ક્ષયે ચૌદશે ચૌદશ છે, ચૌદશનો ઉદય છે, એમ બોલનારા તેમ જ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ચોથને દિવસે ચોથનો ઉદય છે અથવા ચોથ છે એમ કહેનારા પણ મૂર્ખશેખરો જ ઠરે, વળી ચઉમાસી પુનમ અઠ્ઠાઈ બ્હાર છતાં તેના ક્ષયે ચોમાસીની અઠ્ઠાઈ વ્હેલી બેસાડવી જોઈએ અને બેસાડાય છે, એવી રીતે ભાદરવા સુદ પાંચમ પણ અઠ્ઠાઈ બ્હાર હોવા છતાં તેના ક્ષયે અઠ્ઠાઈ વ્હેલી બેસે એ હકીકત જૈનની બાઈયો પણ જાણે અને માને છે. એટલે અઠ્ઠાઈના નામે જેઓ પાંચમ કે પુનમનો ક્ષય માને છે તેઓ જૈનશાસનને અનુસરનારા હોય તો જાણે અને માને નહિં જ, એટલે ચૌદશ પુનમ બે તથા ચોથ પાંચમ એ બન્ને તિથિયોને અખંડ રાખવી એ જ શાસનપ્રેમીયોનું કર્ત્તવ્ય છે.

# સમાલોચના

## આંધળે બહેરૂં કુટવાનો ધંધો

૧ કથીરશાસને તા. ૨૫-૩-૩૮ના પેપરમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે અમો પૂજ્ય ઉપાધ્યાય ક્ષમાવિજયજી પાસેથી તિથિના મતભેદ સંબંધી પાલીતાણામાં થયેલી ચર્ચાનો ખુલાસો મેળવી શક્યા નથી, જો કે તે હકીકત તેની પહેલાના રવિવાર કરતાં અગાઉ થવા પામેલી છે અને અત્યંત જાહેર પેપરમાં આવી ગયેલી છે, છતાં તેઓએ એટલી મુદત સુધી ખુલાસો નહિ મંગાવ્યો હોય એ વાત તો એમના કાળજાવિનાના વાચકો પણ માની શકે તેમ નથી. ખરી રીતે તો પાલીતાણાથી મળેલા સમાચારને ઉથલાવવા માટે જ આ તંત્રીનો પ્રયત્ન છે એ ચોક્ખું છે. તંત્રીએ ધ્યાનમાં રાખવું કે आकालम् ની ચેલેન્જ વખતે વીરમગામ નહિં આવતા બારોબાર ખંભાત ગયા હતા, તથા તિથિના મતભેદની ચર્ચા વખતે મુંબઈથી પણ આગલ ગયા હતા, તે જગજાહેર અને જાણીતી વાત છે. એક અંશે પણ કથીરશાસનના કાંધીયામાં તાકાત હોત તો બહાદૂરી ભરી પીછે હઠનો ધંધો ન રાખતાં સન્મુખ આવી સમાગમ કરી નિર્ણયનો જ રસ્તો લેત.

૩ બુધવારપક્ષ તરફથી આગળ મુંબઈસમાચારમાં આવ્યું તે પણ ઉચિત શબ્દો સિવાયનું જ લખાણ થયું છે તે તેમની ઈર્ષાગ્નિને જણાવનારૂ છે અને સ્પષ્ટપણે તે કથીરશાસનના કાંધીયા ભાદરવા શુદ પાંચમના ક્ષયે કે વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ ન થાય એવું સાબીત કરવાને એક અંશેપણ તૈયાર નથી એવું સુજ્ઞમનુષ્યો સ્હેજે સમજી શકે તેમ છે. કારણ કે તેમાં કહ્યું છે કે મુંબઈ આવવું થાય તો અને ચર્ચા થાય તો પણ નિર્ણય થયો નહિં ગણાય.

૪ તે બુધવારીયાના ઉપાધ્યય તો રૂબરૂ ચર્ચામાં લાભ નથી એવી કાયમ ધારણાવાલા છે એમ ખુલ્લું થયું છે જો કે ચેલેંજ આપવામાં તો તે પણ કાંધીયાની માફક શૂરા જ હતા.

૫ જે મહાનુભાવને જુઠા કલંક દેનારની અધમતાની કોટિમાંથી નીકલવા માટે સજ્જડ લખવામાં આવ્યું તો પણ પોતાની વાતને સાબીત કરવા પ્રયત્ન કર્યો નહિ અને મૌન જ સેવ્યુ. એવાનું નામ લઈ કથીરશાસનના પ્રભુ તંત્રી દ્વારાએ છુટવા માગે છે, એ યોગ્ય નથી જ. એક પણ વખત કથીરશાસનના પ્રભુએ નથી તો ચેલેંજ ઝીલી અને નથી તો ચેલેંજ ઝીલી ત્યારે ઉભા રહ્યા. એ કથીરશાસનના તંત્રી સમજ્યા હોત તો ખોટું ન લખત. હજુ પણ તંત્રી તેમને પાલીતાણે લાવી મુદતે-મધ્યસ્થ આદિ સાથે સર્વમતભેદ બાબત પ્રતિજ્ઞા પત્ર બહાર પડાવી શકે છે.

તા. ક. ભૂતકાલની વાતો અમે અત્યારે તાજી કરવાના જ ન્હોતા, પરન્તુ કથીર...ના તંત્રીએ એમ કરવા ફરજ પાડી છે. (કથીર...)

(ટાઈટલ પાના ૪ થી ચાલુ)

રાખીને, દેશવિરતિ કે સર્વવિરતિધર્મમાં પ્રવર્તવાનું હોય છે. તે ધર્મ અન્યમતની અપેક્ષાએ ભલે એકલા તત્ત્વજ્ઞાન સ્વરૂપ કે એકલી ક્રિયા સ્વરૂપ ભલે હોય, પરંતુ જૈનધર્મની અપેક્ષાએ એકલી ક્રિયામાં પણ ધર્મ નથી. તેમ જ એકલા જ્ઞાનમાં પણ ધર્મ નથી, કિંતુ જૈનધર્મની અપેક્ષાએ તો જગતમાં જેમ રથનાં બે ચક્ર જોઈએ અને તે બન્ને સરખાં જ હોવાં જોઈએ. તેવી જ રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને હોવા સાથે બન્નેની સરખાવટ હોવી જોઈએ. આ કારણથી શ્રીજૈનશાસનમાં દ્વાદશાંગીની ઉત્પત્તિની સાથે જ સંયમધર્મરૂપી ક્રિયાની પ્રવૃત્તિ માનવામાં આવી છે અને પાંચમા આરાના છેડે સંયમધર્મની સ્થિતિ માનતાં છેલ્લાં દુપ્પસહ સૂરિને શ્રીદશવૈકાલિકવિગેરે આગમના જાણકાર માન્યા છે અને અને તેથી જ તેમને સંયમધર્મવાળા પણ માન્યા છે, એટલે સંયમધર્મના વ્યુચ્છેદની સાથે જ શ્રુતધર્મનો વિચ્છેદ માનવામાં આવ્યો અને શ્રુતધર્મના વ્યુછેદની સાથે જ સંયમ ધર્મનો વ્યુચ્છેદ માનવામાં આવ્યો, એટલે શ્રુતધર્મ અને સંયમધર્મની પ્રવૃતિ જેમ સાથે થાય તેમ નિવૃત્તિ પણ સાથે જ થાય. માટે સંયમધર્મની કે જૈનધર્મની જેને જેને રક્ષા કરવી હોય તેને શ્રુતધર્મની પ્રવૃત્તિમાં પ્રથમ નંબર રાખવો જોઈએ. આ વાત જેઓના ધ્યાનમાં હોય તેઓ ભગવાન જિનેશ્વર મહારાજે અર્થ થકી પ્રવર્તેલા અને ભગવાન ગણધર મહારાજે સૂત્ર થકી ગુંથેલા આગમને જૈનધર્મના આધાર તરીકે માનવામાં કદી પણ કચાશ રાખશે નહિ. આ વસ્તુ જ્યારે વિચારવામાં આવશે ત્યારે મહારાજા કુમારપાળે, મંત્રી વસ્તુપાલ તેજપાલે અને સંગ્રામ સોની વિગેરે ભાવિક શ્રાવકોએ શાસ્ત્રોદ્ધારને માટે અનર્ગલ દ્રવ્ય કેમ ખરચ્યું તે સમજી શકાશે, અને તે સમજવામાં આવશે તો કોઈપણ શ્રધ્ધાલુ મનુષ્ય શ્રુતધર્મ એટલે આગમની અવિચ્છિન્નતા માટે કટિબદ્ધ થયા સિવાય રહેશે નહિ. ધ્યાન રાખવું કે ખુદ ગણધરમહારાજના સંયમઅંગીકારની વખતે જ ઈંદ્ર અને દેવતાઓએ જે સુગંધિ ચૂર્ણ અને પુષ્પની વૃષ્ટિ ગણધરમહારાજના મસ્તકે દ્વાદશાંગીરૂપી આગમની અનુજ્ઞાવખતે કરવામાં આવી છે અને શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને લખી છે. આ વાતને ધ્યાનમાં લેનાર સુજ્ઞમનુષ્ય આગમ ઉપર જરૂર અવિચલપ્રીતિ ધારણ કરી તેની રક્ષાને માટે તન, મન અને ધનથી કટિબદ્ધ થશે.

# આગમ અને તેની અવિચ્છિન્નતા

સકલ જૈનજનતાને આ વાત તો ધ્યાનમાં જ છે કે જૈનશાસનનું મુખ્ય ધ્યેય મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજું કાંઈ નથી, જો કે અન્યમતવાળાઓ જેનાથી ઉન્નતિ અને મોક્ષની સિધ્ધિ થાય તેને ધર્મ કહે છે, અને જૈનશાસ્ત્રકારો પણ તે જ પ્રમાણે મોક્ષ અને સ્વર્ગની સિધ્ધિને કરનાર એટલે સ્વર્ગ અને અપવર્ગને દેનાર ધર્મ છે એમ કહી ધર્મનાં સ્વર્ગ અને મોક્ષ બન્ને ફળો જણાવે છે. છતાં જૈનશાસ્ત્રકારે સ્વર્ગને ઉદ્દેશતરીકે નહિં જણાવતાં ખેતીમાં પરાળ થાય તેની માફક માત્ર આનુષંગિક જણાવેલ છે, એટલું જ નહિ, પરંતુ જિનેશ્વર મહારાજના કોઈપણ શાસ્ત્રમાં દેવપણું, ઈંદ્રપણું, ચક્રિપણું કે રાજાપણા વિગેરે માટે ધર્મક્રિયા કરવાનું જણાવાયું નથી, જો કે શુદ્ધધર્મના આચરણથી દેવપણુ વિગેરે થાય છે, અને શાસ્ત્રકારો પણ તપ સંયમથી દેવતાપણું, સમ્યકત્વથી વૈમાનિકપણું, એક દિવસના ચારિત્રથી પણ વૈમાનિકપણું, ઉપશમશ્રેણિમાં કાલ કરવાથી લવસત્તમ દેવપણું, વિગેરે જણાવી ધર્મનું ફળ સ્વર્ગ છે એમ જણાવે છે. વળી શ્રીજિનેશ્વરમહારાજની પૂજા, સામાયિક, પૌષધ અને શ્રાવકપણાથી પણ દેવપણું થવાનું જણાવે છે. પરંતુ તે બધાં ફળોને તેઓ પરાળની માફક આનુષંગિક ફળ તરીકે જણાવે છે, એટલું જ નહિ, પરંતુ એ સ્વર્ગાદિપ્રાપ્તિરૂપ અભ્યુદયરૂપ આનુષંગિક ફળને જેઓ મુખ્ય ફળ તરીકે ગણે તેને સમ્યકત્વ થયેલું નથી એમ ચોક્કસપણે ગણે છે, અને તેવા જીવોને મિથ્યાત્વીદશામાં ગણે છે, અને એ જ કારણથી શાસ્ત્રકારો પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવા જેવી એક ન્હાની ક્રિયામાં પણ સર્વ પાપના નાશદ્વારાએ મોક્ષરૂપી ફલ જણાવે છે. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જે કાળમાં મોક્ષની પ્રાપ્તિ થવાની યોગ્યતા હોય તે જ વખતે જૈનધર્મને માનનારાઓએ મોક્ષનો ઉદ્દેશ રાખવો એમ નથી, પરંતુ પાંચમા આરા જેવા મોક્ષ પ્રાપ્તિ નહિ થઈ શકે તેવા પણ વખતમાં ધર્મની ક્રિયા મોક્ષના ઉદ્દેશથી જ કરવાની છે, અને તેથી જ શાસ્ત્રકારો મોક્ષબુધ્ધિથી થતી ધર્મની આરાધના માટે આઠ ભવોનું નિરંતરપણુ માને છે. એ અપેક્ષાએ વર્તમાનપાંચમા આરામાં પણ દરેક ભવ્યઆત્માએ સર્વકર્મના ક્ષયરૂપી મોક્ષનો ઉદ્દેશ

*(જુઓ ટાઈટલ પાનું ૩ જું.)*

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# 卐 શ્રી સિદ્ધચક્ર 卐

## (પાક્ષિક)

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥

વીર સંવત્ ૨૪૬૪ } વર્ષ ૬ { ચૈત્ર વદ અમાસ
વિક્રમ સંવત્ ૧૯૯૪ } અંક ૧૪ {

૩૦-૪-૧૯૩૮

તંત્રી

તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

## અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

### નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અંહિસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૧ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદ્વૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયક્રમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તીર્થયાત્રા - સંઘયાત્રા (ગતાંક પા. ૨૦૮ થી ચાલુ)

અને મ્હોટી પ્રતિમા ભરાવવાવાળો મનુષ્ય શું આ ભવમાં સમ્યક્ત્વઆદિની તીવ્રશુદ્ધિને પામે અગર ભવાંતરમાં તીવ્રશુદ્ધિની પરાકાષ્ઠાને પામે ? આ શંકાના ઉત્તરમાં ભગવાન્ હરિભદ્રસૂરિજી બિંબં મહત્० એ વગેરે કારિકાદ્વારાએ સ્પષ્ટ કહે છે કે ભગવાનની પ્રતિમાના મહત્પણાથી ફલનું મહત્પણું નથી, તેમ તેના ન્હાનાપણાથી ફલનું અલ્પપણું નથી, પરન્તુ તે પ્રતિમા બનાવતી વખતે જાળવવામાં આવેલો વિધિ અને થયેલ પરિણામની વૃદ્ધિ તે આધારે જ ફલ ઉત્પન્ન થાય છે. આ સ્થાને એ શંકા જરૂર થશે કે જ્યારે મ્હોટા અને ન્હાના એવી જીનેશ્વરનાં બિંબ કરાવવાથી કંઈપણ ફલનો ફરક પડતો નથી, તો પછી અત્યંત પ્રયાસથી અને ઘણું ધન ખર્ચીને મ્હોટા મ્હોટાં બિંબો શા માટે ભરાવવાં અને કેમ ભરાવાયાં અને ભરાવાય છે ? આવી શંકા કરનારે પ્રથમ સમજવું જોઈએ કે વૈભવ અને શક્તિને પામેલો શ્રદ્ધાલુ મનુષ્ય જો મહાન્ બિંબને કરે તો જ તેને શક્તિ ગોપવી ન ગણાય અને ઉદારતા કરી ભાવઉલ્લાસ સફલ કર્યો એમ ગણાય. પરન્તુ જો તે વિભવ અને શક્તિસંપન્ન મનુષ્ય મહદ બિંબ નહિં બનાવડાવતાં માત્ર ન્હાનું જ બિંબ બનાવે તો તેને પોતાના શક્તિ અને વિભવને અનુસરતું ન કર્યું એમ કહેવાય અને તેથી તેના ભાવોલ્લાસની ખામી જ છે એમ નક્કી થાય અને ભાવોલ્લાસદ્વારાએ થતું ફલ તે મેળવી શકે નહિં એ ચોક્ખું જ છે.

ભગવાન્ હરિભદ્રસૂરિજી જે મોટા બિંબ અને ન્હાના બિંબમાં સરખાવટ કહી છે તેનો અર્થ એટલો જ કે વિભવ અને સંપન્ન મનુષ્યે પાંચસે ધનુષ્ય જેટલા પ્રમાણવાળા મ્હોટાં બિંબો ભરાવીને ફલ મેળવી શકે તે ફલ ભાવોલ્લાસને ધરાવવાવાળો જો વિભવ અને શક્તિથી હીન હોય તો ન્હાનાં ન્હાનાં પ્રતિમા ભરાવવામાં પણ મેળવી શકે. અર્થાત્ એ કારિકાને તાત્પર્ય દ્વારાએ સમજ્યા વિના માત્ર શબ્દાર્થ આગળ કરી મ્હોટાં બિંબો કરવાની ક્રિયામાં અલ્પફલતા ધારવી નહિં અગર ન્હાનાં બિંબો કરવામાં જ મ્હોટું ફલ છે એમ પણ ધારવું નહિં, જેવી રીતે ભગવાન્ જીનેશ્વરમહારાજની પ્રતિમાના મ્હોટા અને ન્હાનાપણાને અંગે ફલનું અધિકપણું કે ન્યુનપણું નિયમિત નથી, તેવી જ રીતે પાષાણ-ચાંદી-સોનું-હીરા-પન્ના-રત્નવિગેરેથી કરવામાં આવતી મૂર્તિઓમાં પણ અલ્પફલપણાનો કે મહાફલપણાનો નિયમ નથી, કિન્તુ ઉપર જણાવ્યા પ્રમાણે વિભવ અને શક્તિથી સમર્થ થયેલા મનુષ્યને જે લાભ રત્નની પ્રતિમાથી થાય છે તેટલો જ લાભ વિભવ અને શક્તિથી સમર્થ થયેલા મનુષ્યને જે લાભ રત્નની પ્રતિમાથી થાય છે તેટલો જ લાભ વિભવ અને શક્તિથી રહિત મનુષ્યને પાષાણની પ્રતિમા ભરાવવાથી થાય છે, માટે પાષાણ કે રત્નને અંગે પણ ફલનું અલ્પપણું કે મહત્ત્વપણું નિયમિત હોતું નથી, જો કે જીનેશ્વરમહારાજની મ્હોટી પ્રતિમા દેખીને જે ભવોલ્લાસ થાય અને રત્નની પ્રતિમા દેખીને જે પ્રસન્નતા થાય અને તે દ્વારાએ તે દેખનાર આત્મામાં પોતાની જે પવિત્રતા કરે તે પવિત્રતા પાષાણની પ્રતિમામાં કે ન્હાની પ્રતિમામાં ન થાય એમ કહી શકાય ? પરન્તુ તે પ્રતિમાના કરાવનારને જે ફલ મુખ્યતાએ હોય છે તે માત્ર પોતાના ભાવોલ્લાસને અંગે હોય છે. અને તેથી ન્હાની કે મ્હોટી પાષણની કે રત્નની જે કોઈ પ્રતિમા કરવામાં ભાવોલ્લાસની વૃદ્ધિ જળવાઈ રહે તો નિર્જરાની પરાકાષ્ઠા થાય છે એમ શાસ્ત્રકારોનું કથન છે, આવી આવી અનેક વાતો ધ્યાનમાં રાખનારો યાત્રિક ગણનો નેતા સ્થાને સ્થાને શ્રીજીનેશ્વરમંદિરનાં દર્શન કરતો તેનાં દર્શન પૂજનદ્વારાએ જેમ પોતાના આત્માને પવિત્ર કરે છે, તેવી જ રીતે તે મૂર્ત્તિ ભરાવનાર ભાગ્યશાળીઓની અનુમોદના કરીને પણ ઘણો જ લાભ મેળવે છે.

અને પોતાની સાથે લાવેલા યાત્રિકસમુદાયને તેવો લાભ મેળવી આપનાર જો કોઈપણ હોય તો તે માત્ર યાત્રિકગણનો નેતા છે.

વારંવાર સ્મરણ કરવાપણું.

વાચકવૃંદે યાદ રાખવું કે કામલોલુપી મનુષ્યને જેમ જેમ સ્ત્રીનું સ્મરણ-તેના અંગોપોગનું નિરીક્ષણ, તેના હાવ ભાવનું જ્ઞાન અને તેના વસ્ત્રઆભૂષણનું દર્શન પ્રતિદિન અને હરઘડી કામને પોષનારૂં બને છે, તેવી જ રીતે આત્માના ઉદ્ધારને માટે તીવ્રતર આકાંક્ષા ધરાવનારો યાત્રિકગણનો નેતા કે યાત્રિકગણ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિના દર્શન કરે છે ત્યારે ત્યારે તેના શાન્તઆકારને દેખીને આદર્શપુરૂષપણું સંભાળે છે, ક્રોધ દશાની અધમતા વિચારે છે. શાન્તદશાની ઉત્તમતા અનુભવે છે. નિર્વિકાર નેત્રોની ઝાંખી ઝેરી અંતઃકરણમાં લાવે છે. સવિકારનેત્રોનું અધમપણું હૃદયને હચમચાવે છે. સ્ત્રીઆદિકના સંસર્ગથી રહિતપણાને અંગે સર્વવિષયોથી વિરક્તપણું સ્મરણમાં સજ્જડ થાય છે. સ્ત્રીઆદિના સંસર્ગથી દેવતા અને મનુષ્યો સરખાનો અધઃપાત થાય છે એ હકીકત ચિત્તમાં ચળચળે છે. હથીયાર વગેરે ઓજારો રહિતપણાને અંગે પરસંબંધથી રહિતપણું કરી આત્મ રમણતા કરાય તેનું મનમાં મનન થાય અને અનાદિકાલથી સંસારચક્રમાં રખડતા જીવને બાહ્યપદાર્થના સંયોગો દુઃખની પરંપરાને આપનારા છે, એ વાત વિચારમાં ઉતારાય તો હરકોઈ મનુષ્ય એમ કબુલ કરશે કે શ્રીજીનેશ્વર ભગવાન્ની પ્રતિમાના પૂજન અને દર્શન વગેરે કરનારો મનુષ્ય પોતાના આત્માને ઉચ્ચતર અને ઉચ્ચતમ કોટિમાં જ લઈ જાય છે. આવી ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ કોટિમાં આત્માને લઈ જવાનું કોઈપણ સબલ સાધન હોય તો તે યાત્રિકગણ તરીકે યાત્રા કરવા નીકળવું અને યાત્રિકગણના નેતા બનીને યાત્રિકગણને તેવા માર્ગે જોડવા માટે વિભવ અને શક્તિનો ઉપયોગ કરવો.

આ વાતનો યાત્રિકગણના નેતાને પુરેપુરો ખ્યાલ હોવો જોઈએ અને હોય છે, અને તેથી જ યાત્રિકગણનો નેતા પોતાના પ્રયાણમાં આવતા દરેક સ્થળના દરેક મન્દિરે ભગવાનની પૂજાને માટે ઉંચામાં ઉંચાં સાધનોને અંગે દ્રવ્ય વ્યય કરી યાત્રિકગણને મહાલાભ દેનારો થવા સાથે પોતાના આત્માના ખરેખર ઉદ્ધાર કરનારો બને છે.

## જીનેશ્વરમહારાજની પ્રતિમા દર્શનીય કે આરાધ્ય ?

ઉપર જણાવ્યા પ્રમાણે તેમજ અનુભવથી પણ દરેકને એમ માનવું પડે તેમ છે કે જીનેશ્વર ભગવાનની પ્રતિમા ભવ્યજીવોને દર્શન કરવા લાયક છે, કારણ કે જગતમાં ગુણવાન્ વ્યક્તિનાં નામો સાંભળવાથી તેમના ગુણોની જે છાપ આત્મામાં પડે છે તેના કરતાં તેની સાક્ષાત્ મૂર્ત્તિ કે ભિન્ન મૂર્ત્તિ દેખવાથી તે દેખનારાને કોઈ અનેરી જ છાપ પડે છે, વળી સામાન્ય નીતિ પ્રમાણે એક સંબંધી એવી વસ્તુના એક સંબંધીનું જ્ઞાન થાય ત્યારે તેના અપરસંબંધીનું જ્ઞાન પણ પ્રસંગસર થઈ જાય છે. તો ભગવાંન્ જીનેશ્વરમહારાજા નામ-સ્થાપના, દ્રવ્ય અને ભાવસ્વરૂપ હોવાથી તેમની સ્થાપનાનું પ્રત્યક્ષ થવાથી કે દર્શન કરવાથી તેમની ભાવદશાનું સ્મરણ થાય અને તે દ્વારાએ આત્માને તેમના ગુણોનું અને ઉપકારનું સ્મરણ થાય તેમાં આશ્ચર્ય નથી ? જગત્માં પણ પ્રભાતસમયે ઉત્તમપુરૂષોનાં નામો લીધાં છતાં ઉત્તમપુરૂષોની જ મુખાકૃતિ જોવાનું થાય તો શ્રેયસ્કર ગણાય છે, તેવી રીતે જીનેશ્વરમહારાજની મુખાકૃતિ તેઓશ્રીની મૂર્ત્તિદ્વારાએ દેખવી તે ભવ્યઆત્માઓને શ્રેયસ્કર હોય તેમાં નવાઈ નથી, વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે જીનેશ્વર મહારાજની હયાતિ વખતે પણ જીનેશ્વરમહારાજને ઓળખવાનું જો કોઈપણ સાધન હોય તો તેઓશ્રીની મુખાકૃતિ જ છે. જગતમાં પણ એ વાત

અનુભવસિદ્ધ છે કે મનુષ્યવિગેરેની પિછાન તેના આકાર ઉપરથી જ થાય છે, અને એ જ કારણથી લુંટારૂ લોકો લુંટવા માટે ઘેરથી નીકળે ત્યારે જ બોકાનું બાંધી લે છે. અર્થાત્ જેનું મુખ ખુલ્લું ન હોય અગર બીજી આકૃતિથી ઓળખાય તેમ ન હોય તે મનુષ્યને સરકારી બાતમીદારો પણ ઓળખી શકતા નથી, માટે ખરૂં ઓળખવાનું સાધન માત્ર મુખાદિકની આકૃતિ જ છે. કેટલાકો હાસ્યથી પોતાના ઢુંઢીયાઓને ઉદ્દેશીને જ એમ જણાવે છે કે-તેઓ જીનેશ્વરભગવાનને અને તેમના શાસ્ત્રને લોપનારા હોવાથી પોતાનું મ્હોં બતાવવાને લાયક નથી, માટે જ મુખ બાંધી રાખે છે. જો તેઓ વાયુકાયની રક્ષા માટે મુખ બાંધતા હોત તો નાક ઉપરપણ બાંધત. કારણ કે મુખથી શ્વાસ તો ઘણી ઓછી વખત લેવાય મ્હેલાય છે, પરંતુ નાકથી તો સતત સ્વાસનું મ્હેલવું લેવું થાય છે, અને તેથી જ અંત્ય અવસ્થાએ પરીક્ષા કરતાં પણ મ્હોંઢે રૂનાં પૂમડા ન મૂકતાં નાકે જ મૂકવાં પડે છે. એટલે સ્હેજે સમજાય તેમ છે કે નાકથી શ્વાસનું લેવું મૂકવું સતત થાય છે, પરન્તુ તે સ્થાનકવાસીઓએ સતત પવનને લેનાર કાઢનાર એવા નાકને ન બાંધતાં માત્ર મ્હોઢું જે બાંધ્યું છે તે પોતાનું મુખ દુનિયાને ન બતાવવું તે જ ઉચિત છે એમ ધારીને બાંધ્યું છે. સમજદાર ગૃહસ્થો હાસ્યથી આવી રીતે બોલે છે એમ નહિ, પરન્તુ શાસ્ત્રની અંતઃકરણથી સાચી શ્રદ્ધા ધરાવનારા કેટલાક સ્થાનકવાસીઓના મુનિઓ પણ એમ બોલે આ વાતને અત્યારે વિસ્તારથી કહેવાની જરૂર નથી પરન્તુ મુખની આકૃતિ દેખવા દ્વારાએ વ્યક્તિનું ઓળખાણ થાય એમાં બે મત છે જ નહિ.

ખુદ ભગવાન્ મહાવીર મહારાજા કે ગૌતમસ્વામિજીને પણ જે ચતુર્વિધ સંઘ તેમની હયાતી વખતે ઓળખતો હતો તે તેમના આત્માને જાણવાદ્વારાએ નહિ, કેમકે આત્મા એ અરૂપી દ્રવ્ય છે માટે છદ્મસ્થ તેને જોઈ શકે જ નહિ. અને આત્મા અરૂપી દ્રવ્ય હોવાને લીધે તે જો ન જણાય તો પછી તેની અંદર રહેલ કેવલજ્ઞાનાદિ ગુણોરૂપી ધર્મો તો જોવાય જ ક્યાંથી ? સામાન્યનીતિનો પણ એ નિયમ છે કે દ્રવ્ય જાણ્યા વગર ગુણોનો સાક્ષાત્કાર થાય જ નહિ, એટલે સ્પષ્ટ થયું કે શ્રીતીર્થંકરમહારાજ અને ગણધર મહારાજા વગેરે હયાત હોય તોપણ તેમની મુખાકૃતિદ્વારાએ જ તેઓ ઓળખાય છે.

જગતમાં નાનાં બચ્ચાંઓ પણ ગાય-વાઘ-સાપ-સિંહ વગેરેને જે ઓળખે છે તે પણ તેમની આકૃતિદ્વારાએ જ ઓળખે છે, અર્થાત્ જ્યારે નાનાં નાનાં બચ્ચાંઓ પણ વસ્તુથી જુદી રહેલી આકૃતિદ્વારાએ એટલે છબીઓ અગર ચિત્રામણદ્વારાએ મૂલવસ્તુને ઓળખી શકે છે, તો પછી ભગવાન્‌તીર્થંકરમહારાજની આકૃતિ તેમના આદર્શપણાને ઓળખાવવા માટે ઉપયોગી તરીકે જેઓ ન ગણે, તેઓને જગતની અવસ્થાનું મુદ્દલ ધ્યાન નથી એમ કહેવું જ પડે.

વળી જેઓ ઈશ્વરને માનનારા છે તેઓ સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે કેવલ નામદ્વારાએ કરાતું સ્મરણ કે ભજન આલંબન વગરનું હોઈને અત્યન્ત અલ્પફળ દઈ શકે, ત્યારે પરમેશ્વરની મૂર્તિનું આલંબન લઈને કરાતું સ્મરણ અને ભજન વધારે એકાગ્રતા કરાવવાદ્વારાએ મહાફલને આપનારૂં થાય. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ઈશ્વરને સર્વવ્યાપક માનનારાઓને કદાચ મૂર્તિની જરૂરીયાત ન લાગે, કેમકે તેઓના મતે ઈશ્વરની સર્વત્ર વ્યાપકતા હોવાથી મૂર્ત્તિવાળી સ્થિતિ કે મૂર્ત્તિવગરની સ્થિતિમાં કોઈપણ જાતનો ફરક નથી. તેઓના હિસાબે તો આખું જગત્ સરખું જ ઈશ્વરની વ્યાપકતાવાળું છે, કદાચ કહેવામાં

આવે કે ઈશ્વરના અવતારની પૂજાદ્વારાએ તેમની પૂજા કરવાની માન્યતા હોવાથી થયેલા અવતારોની મૂર્તિઓ સ્થાપી તે દ્વારાએ વ્યાપક એવા પરમેશ્વરનું પૂજન કરીએ છીએ તો આ માન્યતા કોઈપણ પ્રકારે યોગ્ય નથી, કારણ કે પ્રથમ તો ઈશ્વરને નિરાકાર અને નિરંજન માનવામાં આવ્યો છે, અને તેઓનો જે અવતાર મનાવ્યો છે તે કોઈપણ પ્રકારે નિરંજન નિરાકારનું પ્રતિબિંબ બની શેક તેમ નથી, વળી બીજી બાજું વિચારીએ તો જૈનમાર્ગ સિવાયના કોઈપણ માર્ગે પોતાના માનેલા અવતારની કે ઈશ્વરની મૂર્તિ શાન્તમુદ્રામયી કે આત્માનું સાધન કરવામાં પ્રવૃત્ત થયેલાઓને આદર્શરૂપ થાય એવી માનેલી જ નથી. આ જ કારણથી ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજી જણાવે છે કે- **वपुश्च पर्यंकशनं श्लथं श्च, दशौ च नासानियते स्थिरे च। न शिक्षितेयं परतीर्थनाथैजिनेन्द्रमुद्राऽपि तवान्यदास्ताम्॥** અર્થાત્ હે જીનેશ્વર ! આપનું શરીર (મૂર્તિ) પર્યંકઆસને રહેલું છે, ધ્યાન રાખવું કે ખરેખર આત્મકલ્યાણની સાધના માટે જો કોઈપણ મુખ્ય આસન ઉપયોગી હોય તો તે પર્યંકાસન જ છે. અને આવું ધ્યાનના મુખ્યસાધનભૂત આસન અન્યમાર્ગના કોઈપણ દેવતામાં છે જ નહિ, એટલે દેવતાઈ સ્થિતિને લાયકનું આસનપણ અન્યમાર્ગવાળાઓએ પોતાના દેવતામાં માની શકાયું નથી.

વળી હે જીનેશ્વર ! આપનું શરીર શ્લથ એટલે અક્કડતા વગરનું છે, અર્થાત્ ઢીલું છે. એટલે ક્રોધ, માન વિગેરેમાં મસ્ત બનેલાઓનાં શરીર જેમ કઠિનતાને ધારણ કરનારાં થાય છે તેમ આપનામાં એ ક્રોધ મનાદિ વિકારો ન હોવાને લીધે આપનું શરીર અક્કડાઈ વગરનું છે.

વળી જગતમાં ચક્ષુ આખા શરીરના બનાવોનું મીટર એટલે માપનું યંત્ર છે, હર્ષવાળાની, શોકવાળાની, સુખીની, દુઃખીની, ક્રોધીની, માનીવિગેરેની દૃષ્ટિઓ જુદા જુદા સ્વરૂપમાં હોય છે એ વાત જગતથી અજાણી નથી, પરન્તુ હે જીનેશ્વર મહારાજ ! તમારી બન્ને દૃષ્ટિઓ માત્ર ધ્યાનમાં રહેલા મનુષ્યની માફક માત્ર નાસિકા ઉપર જ રહેલી છે, અર્થાત્ અન્યમતવાળાઓએ પોતાના દેવોની કે અવતારોની મૂર્ત્તિઓ દૃષ્ટિથી પણ શાંતિવાળી કરી નથી. વળી હે ભગવાન્ ! તમારી દૃષ્ટિ જેમ જગતના જીવો ભયાદિકથી દૃષ્ટિમાં ચંચલતા ધારણ કરે છે તેવી રીતે ચંચલતાને ધારણ કરનારી નથી, પરન્તુ એક અદ્વિતીય સ્થિરતાને ધારણ કરનારી છે, આવી હે ભગવન્ ! તમારી જે મુદ્રા છે તે તમારા દેવાધિદેવપણાને સ્પષ્ટપણે જણાવે છે, પરન્તુ અન્યમતમાં મનાયેલા પરમેશ્વરોએ કે દેવોએ આ તમારી બાહ્ય શરીરાદિકની મુદ્રા પણ શીખી શકાઈ નથી, તો પછી તમારી બીજી આધ્યાત્મિક વાતો તો તેઓ શીખી શકે જ ક્યાંથી? આ બધું કહેવાનું તત્વ જ એટલું કે ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિ સિવાય અન્ય કોઈપણ મતના દેવની મૂર્ત્તિમાં આત્મકલ્યાણ કે મોક્ષને અનુકુલ એવા આકારની હાજરી નથી.

## આદર્શમૂર્ત્તિ કઈ બની શકે.

ધ્યાનમાં રાખવું કે એક નાટકીયો જે રાજા મહારાજાઓનું નાટક કરે તેના ગુણો કે સમૃદ્ધિને તે ન મેળવી શકે, તો પણ તે રાજા મહારાજાના વેષને તો એ નાટકીયો પણ બરોબર ભજવે છે. ભવઈમાં ગાયનું રૂપ લેનારા ભવાઈઓ પણ ગાયનું અનુકરણ શરીરના એક દેશને ધુજાવવા દ્વારાએ કરી શકે છે અને કરે છે, છતાં આ અન્યમાર્ગના દેવોએ દેવતા બનવાની તૈયારી કરી, છતાં તમારી આકૃતિનું પણ અનુકરણ કરી શક્યા નહિ. એટલે ચોક્ખું થયું કે આત્મકલ્યાણ અને મોક્ષની સાધનાવાળાને જો કોઈપણ આદર્શમૂર્ત્તિ હોય તો તે માત્ર જીનેશ્વરમહારાજની મૂર્ત્તિ જ છે, અને ઉપર જણાવ્યા

પ્રમાણે તે જીનેશ્વરભગવાનની મૂર્ત્તિ જ અનેકવિધગુણોના પ્રતિબિંબને ધારણ કરનારી હોવાથી મોક્ષાર્થિઓને પોતાના આત્માને તેવો બનાવવા માટે વારંવાર દર્શનની જરૂર છે.

### મૂલધ્યેયને સિધ્ધ કરવા શું કરવું પડે ?

ધ્યાનમાં રાખવું કે છોકરાઓ પણ જ્યાં સુધી પુરો નકશો ચિતરવાની શક્તિ ન ધરાવે ત્યાં સુધી પ્હેલાના નકશા ઉપરથી પોતાની દૃષ્ટિ ખસેડતા નથી. એક કારીગર પણ પોતાનું ધારેલું મકાન પુરૂં તૈયાર થાય નહિ ત્યાં સુધી કોઈ દિવસ પણ પ્લાન ઉપરથી મનને કે દૃષ્ટિને ખસેડતો નથી. એટલે જ્યાં સુધી આ આત્મા વીતરાગદશાને પામીને પૂર્વે જણાવેલી વીતરાગતાની સ્થિતિમાં આવે નહિ, ત્યાં સુધી આ આત્માએ પ્હેલાના નકશાતરીકે કે પ્લાનતરીકે ઉપયોગમાં લેવાતી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિ ઉપરથી દૃષ્ટિ કે મન ખસેડી શકાય જ નહિ. આ વાત તો જગતમાં જાણીતી છે અને મૂર્ત્તિને નહિં માનનારાઓને પણ આ વાત તો કબુલ જ છે કે અક્ષરોનું નહિં માનનારાઓને પણ આ વાત તો કબુલ જ છે કે અક્ષરોનું જ્ઞાન અને શિક્ષણ અક્ષરોના માત્ર સંકેત કરાયેલા આકારદ્વારાએ જ થાય છે. હવે જ્યારે સંકેત કરાયેલા કલ્પિત આકારોથી જ્ઞાનરૂપી ગુણ થઈ શકે છે, તો પછી ખુદ તીર્થંકર ભગવાન્‌ના સ્વાભાવિક આકારોવાળી મૂર્ત્તિઓથી ખુદ જીનેશ્વરભગવાન્‌ના વીતરાગત્વાદિ ગુણોને જાણવાનું અને તેની અદ્વિતીયપરમેશ્વરતા સમજવાનું કેમ ન બને ?

### શ્રી જીનેશ્વરની દર્શનીયતા વિચારી યાત્રિકગણનો નેતા શું કરે ?

ઉપર જણાવેલા વિચારો સમજીને યાત્રિકગણનો નેતા થનારો મહાપુરુષો દરેક સ્થાને આવતા જીનમંદિરોમાં બીરાજમના થયેલી ભગવાન્ જીનેશ્વરની દરેક મૂર્ત્તિઓને દર્શન કરવા લાયક ગણે અને તેથી દરેક સ્થાને યાત્રિકગણના સમુદાય સાથે યાત્રિકગણનો નેતા જીનેશ્વર ભગવાન્‌ની મૂર્ત્તિના દર્શનનો લાભ લઈ પોતે અને પોતાના સાથીઓને વીતરાગત્વની પ્રાપ્તિના ધ્યેયમાં વધારે ને વધારે ચઢાવે તેમાં આશ્ચર્ય જ નથી. ઉપરના વર્ણનથી જો કે ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્ત્તિની દર્શનીયતા જરૂરી અને ઉપયોગિતા જણાવી છે, પરન્તુ તે ઉપરથી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિ માત્ર દર્શનીય જ છે એમ સમજવું નહિ, પરન્તુ તે મૂર્ત્તિ ભગવાન્ જીનેશ્વર મહારાજની માફક આરાધ્ય છે. ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિની આરાધ્યતા માટે કંઈક લખવું ઉચિત ગણીએ છીએ.

### દેશનાસમયે શ્રી જીનેશ્વરની ચતુર્મુખતા શાથી?

શાસ્ત્રોને માનનારા તથા બારપ્રકારની પર્ષદા-સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા અને ચારે નિકાયના દેવ દેવીઓને શ્રવણ કરતી વખતે સમવસરણમાં ધર્મદેશનાને સાંભળવાની વ્યવસ્થાને સમજનારા સજ્જનપુરૂષો ભગવાન જીનેશ્વર મહારાજની ચતુર્મુખતા સ્વીકાર્યા સિવાય રહી શકે જ નહિ. અને ભગવાન્ જીનેશ્વર મહારાજને જન્મથી વૈક્રિયઆદિલબ્ધિદ્વારાએ ચતુર્મુખપણું હોતું નથી એ સર્વ જૈનોને માન્ય છે એટલે સ્પષ્ટ માનવું જ પડે અને શાસ્ત્રકારો પણ જણાવે છે કે જ્યારે જ્યારે ભગવાન્ શ્રીજીનેશ્વર મહારાજા દેશના દે છે ત્યારે ત્યારે પૂર્વ દિશા સિવાયની બાકીની ત્રણે દિશાઓમાં દેવતાઓ ભગવાનની પ્રતિમાઓ સ્થાપન કરે છે. કારણ કે ભગવાન જીનેશ્વર મહારાજનું સમવસરણમાં બીરાજવું માત્ર પૂર્વદિશામાં જ હોય છે અને ચારે દિશાઓમાં જવા આવવાના રસ્તા હોવાથી ચારે વિદિશામાં એટલે ખુણામાં પર્ષદાનું બેસવું થાય એ સ્વાભાવિક જ છે. અને ચારે ખુણામાં ધર્મ સાંભળવા માટે ઉપર જણાવેલી પર્ષદાઓનું બેસવું ત્યારે જ

બની શકે કે ચારે ખુણામાં શ્રીજીનેશ્વરભગવાન્‌નાં દર્શન સરખી રીતે થતા હોય અર્થાત્ મૂલ અને પ્રતિબિંબમાં ફરક ગણાતો ન હોય.

## મૂર્ત્તિ જેમ દર્શનીય તેમ વંદનીય પણ ખરી?

એ ઉપરથી ભગવાન્‌ની પ્રતિમાની કેવલ દર્શનીયતા જ સિદ્ધ થાય છે એમ નહિં, પરન્તુ તે સકલપર્ષદા હાથ જોડીને વિનયપૂર્વખ બેસતી હોવાથી તે પ્રતિમાઓ નમન કરવા લાયક હતી એમ શાસ્ત્ર અને યુક્તિને અનુસરનારાઓને માનવું જ જોઈએ, વળી જંઘાચારણ અને વિદ્યાચારણ વિગેરેએ શ્રીજીનેશ્વર ભગવાન્‌ની મૂર્ત્તિ સ્પષ્ટપણે વંદન કરવા લાયક જ ગણેલી છે. જ્યારે પૂર્વો જેવા જ્ઞાનને ધારણ કરનારા અને લબ્ધિશાળી એવા મુનિરાજો જીનેશ્વર ભગવાન્‌ની પ્રતિમાને વંદનીય ગણે, તો પછી પૂર્વનું જ્ઞાન નહિં ધારણ કરનારા મુનિમહારાજાઓ તથા તેવી લબ્ધિથી રહિત એવા મુનિમહારાજાઓ તેમજ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાને વંદનીય ગણે તેમાં આશ્ચર્ય શું ?

## પ્રતિમા પણ નિર્જરાનું કારણ છે.

એ વાત તો સ્હેજે સમજાય તેવી છે કે ભગવાન્ જીનેશ્વર મહારજના નામનું સ્મરણ કરવાથી શબ્દવર્ગણાનાં એકલાં પુદ્ગલો જ કે તત્પણે પરિણમેલાં મનનાં પુદ્ગલો જ નિર્જરા કરાવી દે છે એમ નથી, પરન્તુ તે તે નામથી ઓળખાતા એવા જીનેશ્વરમહારાજના ગુણોના સ્મરણથી અને તેમના ગુણોના બહુમાનથી જ નિર્જરા વગેરે થાય છે, તો પછી જીનેશ્વર મહારાજના મુખ્ય એવા વીતરાગત્વાદિ ગુણો તેને સ્પષ્ટપણે સૂચવીને જે પ્રતિમા સંભારી આપે છે તે પ્રતિમા નિર્જરાનું કારણ કેમ ન બને? વળી શ્રીજીનેશ્વર ભગવાનાદિકનું નામ માત્ર સંભારીને નમો અરિહંતાણં આદિ પદો કહી નમસ્કાર કરવામાં જો ગુણના જાણનાર અને બહુમાનવાળાને નિર્જરા વગેરે થાય અને તે નિર્જરા થવાનું પ્રતિમાના લોપકોને પણ કબુલ કરવું પડે છે, તો પછી પ્રતિમાદ્વારાએ અરિહંતાદિને થતો નમસ્કાર નિર્જરાદિને કરનારો કેમ ન થાય ? અર્થાત્ ભગવાન્ જીનેશ્વર મહારાજાદિની પ્રતિમાને નામદ્વારાએ નમસ્કાર કરવાથી ઘણો લાભ છે એમ શાસ્ત્ર અને યુક્તિને માનનારાઓને માનવું જ જોઈશે.

## ઉચ્ચતમ અધ્યવસાય શામાં ?

વળી નામદ્વારાએ અરિહંત મહારાજાદિના ગુણોના ઉપયોગમાં જેવી આત્માની સ્થિરતા ન રહી શકે તેના કરતાં ઘણી જ ઉંચા નંબરની સ્થિરતા ભગવંત અરિહંત મહારાજાદિની પ્રતિમાદ્વારાએ તેમના ગુણોના ઉપયોગથી થાય એ જૈનમતને જાણનારો જો અધ્યવસાયની કિંમતને સમજી શક્યો હોય તો માન્યા સિવાય રહે જ નહિ. સ્થાપનાના બહુમાનમાં નામનું તો બહુમાન છે જ. એટલે નામ કરતાં સ્થાપનામાં વિશેષ શુદ્ધિની કારણતા છે. આ ભગવાન્ જીનેશ્વરમહારાજની પ્રતિમાદ્વારાએ થતા આત્માના શુભ અધ્યવસાયની કિંમત કે મહત્તા સમજનારા મનુષ્યને નામમાત્રના સ્મરણઆદિ કરતાં પ્રતિમાદ્વારાએ થતા સ્મરણાદિથી ઘણો મોટો લાભ થાય છે એમ માનવું જ પડે. કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે ભગવાન્ જીનેશ્વર મહારાજની દર્શનીયતા અને વંદનીયતા માનીએ તે ખોટું નથી. પરંતુબાહ્ય પદાર્થોના આકારો માત્ર તે તે પદાર્થની સ્થિતિને સમજાવવા માટે જ ઉપયોગી છે, પરંતુ તે તે બાહ્ય પદાર્થો વંદનીય નહિં હોવાથી તે તે વસ્તુના આકારો વંદનીય ન થાય, પરન્તુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતો તો ત્રણે લોકના જીવોને આરાધવા લાયક છે માટે તેઓની પ્રતિમા વંદનાદિદ્વારાએ આરાધ્ય થાય એમાં કશું ખોટું નથી.

## પ્રતિબિંબની કિંમત વ્યક્તિના હિસાબે જ હોય.

જગતમાં પણ જે મનુષ્યાદિ વ્યક્તિની જેવી કિંમત હોય છે તેને અનુસારે જ તેના બાવલાઓની

અને ફોટાઓની કિંમત લોકોમાં ગણાય છે. કોઈ રાજાનું બાવલું કારીગરની દૃષ્ટીની અપેક્ષાએ બે પાંચ હજારની કિંમતનું હોય છતાં પણ તેની પ્રજાની અપેક્ષાએ તો તે બાવલું દેશસંબંધી જીવનની જ્યોતિને જગાડનારૂં હોઈ પોતાના જીવન કરતાં પણ અધિક ગણાય છે, અને ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિને નહિ માનનારાઓ પણ તેવા બાવલાઓની સાથે સંપૂર્ણપણે વિનયની સાથે વર્તીને નમસ્કારઆદિ કરે છે.

### કબરના અવલંબને પણ માનેલા ઈષ્ટનું સ્મરણ થાય છે.

મૂર્ત્તિને નહિ માનનારી એવી ક્રિશ્ચિયન અને ખ્રિસ્તીકોમ છે, છતાં પણ તેઓ પોતાના કબરસ્તાનોમાં કબરની આગળ જે પૂજાદિક ઉપચાર કરે છે તેને જોનારો મનુષ્ય જો વિવેકી હશે તો સ્પષ્ટપણે સમજી શકશે કે જેમ આર્યમનુષ્યો પ્રતિમાવિગેરેના દર્શનથી સ્મરણઆદિ દ્વારાએ તે વ્યક્તિના ગુણોનું સ્મરણ અને બહુમાન કરે છે, તેવી જ રીતે આ મૂર્તિ નહિં માનનારા એવા ક્રિશ્ચિયનઆદિઓ કબરના આલંબને પણ તેવી જ રીતે કરે છે. ફરક માત્ર એટલો જ છે કે ભગવાનની મૂર્તિને માનનારાઓ ભગવાનના આકારને દેખીને ભગવાનના સ્મરણથી તેના ગુણોઆદિના સ્મરણ અને બહુમાન દ્વારાએ ઘણો લાભ થતો માને છે, ત્યારે આ કબર માનનારાઓને મરનાર વ્યક્તિના કોઈપણ જાતના આકાર સિવાય તેમજ કોઈપણ જાતના તેમના અંગના પ્રત્યક્ષ સિવાય માત્ર ઈંટ અને ચુનાના અમુક આકારના દર્શનઆદિથી લાભ માનવો છે, અને ભગવાન્‌ના આકારને માનવો નથી. આ સ્થાને એ વાતનું સમાધાન સ્હેજે થઈ જશે કે ભગવાન્‌નની પ્રતિમા ચેતનવાળી નથી તો કબર કઈ ચેતનવાળી છે ? ભગવાન્‌ની પ્રતિમા જ્ઞાન અને વચનાદિના વ્યાપરવાળી નથી તો આ કબર કઈ જ્ઞાનવાળી છે અને કઈ વચનવાળી છે?

### મૂર્તિના ઉત્થાપકોનો મૂકાબલો.

આ બધું વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે ભગવાનની પ્રતિમાને નહિ માનનારા ઢુંઢીયા અનાર્યસમાજ ક્રિશ્ચિયન અને મુસલમાન લોકો કેવલ ભગવાનનાજ વિરોધી છે અને તેથી ભગવાનની પ્રતિમાનો વિરોધ કરે છે. ઉપર જણાવેલા ઢુંઢીયાઆદિ ચારવર્ગમાંથી પોતાની તસ્વીર અગર પોતાના વડેરાની તસ્વીરને કોણ લાત મારવા તૈયાર થાય તેમ છે કે કોણ તેને ગધેડે ચઢાવવા તૈયાર થાય તેમ છે. તૈયાર થવું તો દૂર રહ્યું, પણ આવું વાક્ય સાંભળીને તે ચાર વર્ગમાંથી કયો વર્ગ રોષ કર્યા સિવાય રહી શકે ? હવે જ્યારે આવું સાંભળી રોષ થાય છે તો સ્પષ્ટ થયું કે જરૂર તેઓ હૃદયથી પ્રતિમાને માનનારા છે. શું તેઓ પોતાની અગર પોતાના વડેરાઓની તસ્વીરોને ચેતનવાળી છે એમ માની શકે છે ? શું તેઓ બોલનારી છે એમ માની શકે છે ? અથવા શું ઢુંઢકભાઈઓ પોતાના સાધુઓ મરી જાય છે ત્યારે મદડાના પૂજારી બનીને તે સાધુના મડદાનો જે મહોચ્છવ કરે છે તે મડદુ શું ચેતનાવાળું છે ખરું? અથવા શું તે મડદું બોલે છે ખરૂં ?

### મૂર્ત્તિની આરાધના શાથી ?

તત્ત્વદ્રષ્ટિએ વિચારનારો મનુષ્ય તો સ્પષ્ટપણે સમજી શકશે કે જે મહાપુરૂષની પ્રતિમાઓ હોય છે તે મહાપુરૂષના જ્ઞાનો અને ઉપદેશોને અંગે જ આરાધના કરાય છે. ધ્યાન રાખવું કે જગતમાં માતા એક જ વખત જન્મ આપે છે, ઘડીએ ઘડીએ નવો જન્મ આપતી નથી, તો પણ સત્યપુરૂષો તો નવા નવા જન્મને નહિં આપતી એવી પણ માતાને એક વખત માત્ર જન્મ આપ્યો તેથી યાવત્ જીવન તીર્થની

માફક આરાધન કરે છે. તો જે જીનેશ્વરમહારાજાઓએ અખંડધારાએ વર્ષો સુધી કે પૂર્વો સુધી ઉપદેશ આપી જગતનો ઉધ્ધાર કર્યો છે તે જીનેશ્વરમહારાજાઓ જો ઉપદેશ ન આપે તે વખતમાં પણ યાવત્ વિહાર કરતા હોય તે વખતમાં પણ સમ્યગ્દૃષ્ટિઓને આરાધવા લાયક જ હોય. તો પછી જે બોલે તે આરાધવા લાયક છે, અને જે ન બોલે તે આરાધવા લાયક નથી, એમ કહેનારાએ પોતાની અક્કલનો સર્વથા ઉપયોગ કર્યો જ નથી એમ માનવું જોઈએ, ઢુંઢકભાઈએ તો વિચારવાનું છે કે તમારા માનેલા પરમેશ્વર અનાર્યસમાજ આદિની માફક શરીર વગરના છે નહિ એ ચોક્કસ જ છે, તો પછી જે વખતે ભગવાન્ જીનેશ્વર મહારાજની હયાતિ હોય ત્યારે તેઓ ભગવાન જીનેશ્વર મહારાજને વંદન કરશે તે શી રીતે કરશે ? શું ભગવાન જીનેશ્વર મહારાજના આત્માને દેખે તો જ તેઓશ્રીને વન્દન કરે છે ? શું તેઓ જિનેશ્વર મહારાજના આત્માને વંદન કરે છે ?

## મૂર્ત્તિની જેમ ખડ્ગાદિ વંદનીય શાથી ?

સામાન્ય સમજણ ધરાવનારો મનુષ્ય પણ એટલું તો કબુલ કરશે કે ભગવાન જીનેશ્વર મહારાજની હયાતિમાં પણ જે વન્દન વગેરે થાય છે તે બધાં ભગવાન્ જીનેશ્વર મહારાજની શરીરની અપેક્ષાએ થાય છે, જ્યારે આવી રીતે વસ્તુસ્થિતિ ઢુંઢીયાભાઈયાને પણ કબુલ કરવી પડે જ છે, તો પછી ભગવાન જીનેશ્વર મહારાજની પ્રતિમાને અંગે, ચેતનસ્વરૂપ નથી, બોલતી નથી, વિગેરે પ્રલાપ કરવા એ કોઈપણ પ્રકારે સજ્જનતાને જણાવતા નથી. ધ્યાન રાખવું કે બેઇંદ્રિયજાતિથી માંડીને બધી જાતિઓ બોલનારી ગણાય છે, પરન્તુ કંઈ બોલવા માત્રથી બેઇંદ્રિયઆદિ સર્વ જાતિઓ આરાધ્ય થતી નથી, એટલે સ્પષ્ટ થયું કે બોલવાનું થતું હોય ત્યાં આરાધ્યપણું છે અને બોલવાનું થતું નથી ત્યાં આરાધ્યપણું નથી, એ કેવલ મૂર્ખની કલ્પનામાત્ર જ છે, વળી એક વાત સજ્જનપુરૂષોએ સમજવાની છે કે રાજા મહારાજાઓ યાવત્ ચક્રવર્ત્તીઓ ખડ્ગ અને ચક્ર વિગેરેનો જે નમસ્કારઆદિ સત્કાર કરે છે તે માત્ર ખડ્ગ અને ચક્રઆદિ પોતાની ઉન્નતિનું અસાધારણ સાધન છે એમધારીને જ કરે છે, જેમ મૂર્ત્તિઓને સલાટે બનાવી છે, તેમ તે ખડ્ગ વિગેરેને પણ લુહારવિગેરે કારીગરો જ બનાવે છે, પરન્તુ તે ખડ્ગવિગેરેની કિંમત લુહાર વગેરે કારીગરને હોતી નથી, કિન્તુ તે ખડ્ગવગેરેની કિંમત રાજા મહારાજા અને ચક્રવર્ત્તીઆદિઓને જ હોય છે, લુહાર વિગેરે તો તે ખડ્ગઆદિથી માત્ર ઉદરનિર્વાહજ કરે છે, પરન્તુ તે ખડ્ગવિગેરેથી જોહાજલાલી જો કોઈપણ મેળવનાર હોય તો તો રાજામહારાજા અને ચક્રવર્ત્તીઓ જ હોય છે, અને તેથી તે ચક્રવર્તી વગેરે નમસ્કારઆદિદ્વારાએ ખડગ અને ચક્રાદિનું આરાધન કરે છે, એવી રીતે અહિં પણ ભગવાન્ જીનેશ્વર વગેરેની પ્રતિમાઓને સલાટ લોકો જ તૈયાર કરે છે, પરન્તુ તે સલાટ લોકોને તો તે પ્રતિમાઓનું બનાવવું ઉદરનિર્વાહનું સાધન છે, પરન્તું જેઓ તે પ્રતિમાના દર્શનઆદિથી ભગવાન્‌ના ગુણોના સ્મરણઆદિદ્વારાએ આત્માને જીનેશ્વર ભગવાન્‌ના શાસનમાં અધિક અધિક ઉન્નતિવાળો કરે છે તેને તો ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમા આત્માની ઉન્નતિનું અદ્વિતીયસાધન છે. અને સમ્યગ્દૃષ્ટિને જ્યારે તે ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમા આત્માની ઉન્નતિનું અદ્વિતીય સાધન હોય તો પછી તે પ્રતિમાને વંદનઆદિ કરી આરાધન ન કરવાનું તો તે સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્દર્શન નાશ પામે. એટલું જ નહિ, પરન્તુ કૃતઘ્નજનોમાં ખરેખર શિરોમણિપણું જ તેમનું જ થાય.

## ઉપકારીના ઉપકારથી તેના ગુણો ન ભૂલાય

યાદ રાખવું કે જગતના ઐહલૌકિક બાહ્યઉપકારો જે મનુષ્યે કર્યા હોય તે મનુષ્ય મરી

ગયો હોય તોપણ જે મનુષ્યને તેનાથી ઉપકાર થયો હોય તે તેને પલે પલે યાદ કરી તેના ગુણોનું ગાન કરી સજ્જનતા મેળવવાની જરૂર ગણે છે, તો પછી જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને જગતના જીવોને જડજીવનની તલ્લાલીનતામાંથી ખસેડી જીવજીવનની તલ્લાલીનતાવાળા કર્યા અને સમ્યગ્દર્શનાદિજીનેશ્વરરૂપી મોક્ષમાર્ગ પણ પ્રકાશનદ્વારાએ સમર્પણ કર્યો તે મહારાજના ગુણગાનો કરવા, પ્રતિમાનું આલંબન લે નહિ અને તે પ્રતિમાના વિરોધી જ બને તેઓને ક્યા ભવચક્રો ભમવા પડશે તે જ્ઞાનીમહારાજ જ જાણી શકે.

વાચકપુરૂષ જો લગીર પણ સમજતો હશે તો એટલું તો સમજ્યા વગર નહિં જ રહે કે પોતાના ઉપકારી પુરૂષના બાવલાનો કે તેની તસ્વીરનો જે કોઈ નિષેધ કરે કે જે કોઈ તેનું અપમાન કરે તે મનુષ્ય દુર્જ્જનની કોટિમાંથી બહાર રહેલો કહી શકાય જ નહિં, તો પછી જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને શાસનની સ્થાપના કરી અને જે શાસનની સ્થાપનાદ્વારાએ પોતે આગમાદિકનું જ્ઞાન મેળવ્યું તેવા ભગવાન્ જીનેશ્વરની પ્રતિમા અને સ્થાપનાનું ખંડન કરનારા અને અનાદર કરનારા મનુષ્યો કઈ સ્થિતિમાં ગણાય તે સમજવું મુશ્કેલ નથી.

## યાત્રિકગણનો નેતા ઉદારતા અને જોખમદારી શાથી ઉઠાવે ?

ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન્‌ની પ્રતિમાની આરાધનાનો એટલે ચાલુ અધિકારની અપેક્ષાએ દર્શન અને વન્દનમાત્રનો પણ ઘણા લાભને દેનારો એવો અધિકાર જાણીને યાત્રિકગણનો નેતા યાત્રિકગણનો નેતા બને તે વખતે ગામે ગામે અને સ્થળે સ્થળે ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાના દર્શનઅને નમસ્કારાદિ થશે અને તે દ્વારાએ મને અને યાત્રિકોને તેમના શાસનથી જે સમ્યગ્દર્શનાદિગુણો થયેલા છે તેની ઘણી જ વૃદ્ધિ થશે, એમ ધારીને યાત્રિકગણના સમુદાયને લઈ જવાની ઉદારતા અને જોખમદારી ઉઠાવે તે યોગ્ય જ છે.

ઉપર જણાવ્યા પ્રમાણેની હકીકત કેટલાક સુજ્ઞમનુષ્યોના ધ્યાનમાં આવવાથી તેઓ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્તિના દર્શન કરવાને યોગ્ય છે અને નમન સ્મરણાદિ દ્વારાએ આરાધના કરવી યોગ્ય છે એમ માનવા વાળા હોય છે, છતાં જીનેશ્વરભગવાનની પૂજામાં આરંભના નામે પ્રતિમાના લોપકોએ ઘાલેલો ડર વધારે જોર કરે છે અને તેથી ભગવાન્ જીનેશ્વરની પ્રતિમાની પૂજ્યતા માનવામાં આંચકો ખાય છે.

## સાધુભગવંતો દ્રવ્ય પૂજા કેમ ન કરે ?

પ્રથમદષ્ટિએ તો પ્રતિમાના લોપકો ભોળાલોકોને ભરમાવવા માટે એમ જણાવે છે કે જો જીનેશ્વરભગવાનની પ્રતિમાની પૂજામાં લાભ અગર ધર્મ હોય તો સાધુમહાત્માઓ તે કેમ કરતા નથી ? ધર્મનો માર્ગ સાધુ અને શ્રાવકને માટે જુદો હોઈ શકે નહિ, એવી રીતે શાસ્ત્રવિરૂદ્ધ કરાયેલા કથનથી પ્રથમ તો ભરમાએલાએ વિચારવું જોઈએ કે સાધુમહાત્માઓ વ્યાખ્યાન વાંચે છે તે વખતે ભરપટ્ટે વરસાદ વરસતો હોય તો પણ શ્રાવકો દૂર દૂરથી વ્યાખ્યાન સાંભળવા આવે છે અને તેવી રીતે અપ્‌કાયાદિની વિરાધનાથી થતા એવા પણ વ્યાખ્યાનનું શ્રવણ પ્રતિમાલોપકોના હિસાબે પાપરૂપ નથી અને શ્રાવકોને વર્જવા લાયક નથી અને તે જ કારણથી હિંસાના નામે પ્રતિમાની પૂજાને લોપનારા વેષધારીઓ નથી તો ભરપટ્ટે વરસાદની વખતે વ્યાખ્યાનને બંધ રાખતા, અને નથી તો પોતાના કોઈપણ ભક્તને તેવી રીતે ભરપટ્ટે વરસતા વરસાદમાં વ્યાખ્યાન નહિં સાંભળવા આવવાની બાધા આપતા ?

## મૂર્તિપૂજાના નિષેધકોને

આ વસ્તુને વિચારનાર સુજ્ઞમુષ્યો સ્હેજે સમજી શકશે કે વ્યાખ્યાનને અંગે જીનવાણીને નામે

પોતાનો મહિમા વધારવામાં તે પૂજાના અપલાપીઓ કોઈપણ પ્રકારે તેવા વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા આવનારભક્તોને દક્ષિણ દિશાના નારકી થવાનું જણાવતા નથી, વળી પોતે વ્યાખ્યાન વાંચે તેથી લોકોનું આવવું થાય એ ચોક્ખું છે, તેથી ખરેખર તે બધા પાપનું કારણ પ્રતિમાલોપકોના હિસાબે પ્રતિમાલોપકોનું વ્યાખ્યાન જ છે, વળી તે વ્યાખ્યાનની શાળાની નજીકમાં અન્ય મકાનમાં રહેલા સાધુઓ નિરંતર વ્યાખ્યાન સાંભળવા આવતાહોય તોપણ ભરપટ્ટે વરસાદ વરસતો હોય તે વખતે વ્યાખ્યાન સાંભળવા નથી આવતા એતો ચોક્કસ જ છે, જો સાધુઓ ઋષભદેવઆદિભગવાનોની દ્રવ્યપૂજા ન કરે અને તેને લીધે શ્રાવકોએ પણ ન કરવી જોઈએ તો પછી વરસતા વરસાદમાં સાધુઓ વ્યાખ્યાન સાંભળવા નથી આવતા, તેવી રીતે પ્રતિમાલોપકના ભક્તોએ પ્રતિમાલોપકોના વ્યાખ્યાનમાં પણ તેવી વખતે જવું ન જોઈએ, છતાં તેવી વરસાદની વખતે પણ વ્યાખ્યાન વંચાય છે. ભિન્નમકાનમાં રહેલા સાધુઓ તેવી વખતે વ્યાખ્યાન સાંભળવા નથી જતા, છતાં જ્યારે શ્રાવકો જાય છે અને લાભ માને છે, તો પછી સ્પષ્ટ થઈ જાય છે કે સાધુઅને શ્રાવકનો ધર્મમાર્ગ જુદો છે, વળી સાધુઓ કરે તે જ શ્રાવકોએ કરવુ જોઈએ એવું કથન શેઠાણીએ ભક્તિથી પોતાના પતિને પહેલાં સાડી ઓઢવાનું કહ્યું અને પછી પોતે ઓઢવાનું જણાવ્યું એના જેવું જ કમઅક્કલવાળું ગણાય.

### શ્રી ભગવતીજી સૂત્રકાર શું ફરમાવે છે.

બીજી બાજુ તે પ્રતિમાલોપકના વચનથી ભરમાયેલાઓએ વિચારવું જોઈએ કે સાધુમહાત્માને અફાસુ અને અનેષણીય એટલે સચિત્ત અને અશુદ્ધ એવાં આહાર પાણી આપવામાં પણ શ્રીભગવતીસૂત્રકારે ઘણી નિર્જરા બતાવી છે, તો પછી જે સાધુમહાત્માઓને અફાસુ અને અનેષણીયનો સર્વથા ત્યાગ છે, તેવાઓને સચિત્ત અને છકાયનો કૂટો કરીને અસૂઝતું નીપજાવેલું આહારપાણી દેવામાં જે ઘણી નિર્જરા કહેવાય તેમાં જો ગુરૂની મહત્તા જ ભક્તિનું કારણ હોય તો તે વસ્તુને સમજનારે જીનેશ્વરભગવાન્‌ની મહત્તાને સમજનારા થવું જોઈએ, ધ્યાન રાખવું કે અવિરતિ અસંયતને ફાસુ (અચિત્ત-નિર્જીવ) દેવામાં પણ જ્યારે શાસ્ત્રકારો એકાન્ત પાપ બતાવે છે અને સચિત્ત અને દોષવાળું આહારપાણી પણ સાધુને દેવામાં આવે તો તેમાં ઘણી નિર્જરા કહે છે. તો તે નિર્જરાનું મુખ્ય કારણ સાધુપણાનું ગૌરવ જ માનવું પડે, અને એ વાત તો સ્પષ્ટ છે કે સાધુમહાત્માઓ કરતાં ભગવાન જીનેશ્વર મહારાજની મહત્તા અનંતગુણી છે, અને એ વાત તો પ્રતિમાલોપકોને પણ માન્યા સિવાય છુટકો જ નથી, તો પછી તેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની પૂજામાં થતી હિંસાને એકાન્ત પાપનું કારણ મનાવી અને તેના ફલ તરીકે પૂજા કરનારને દક્ષિણદિશાના નારકી થવાનું જણાવવું તે ભગવાન્ જીનેશ્વર મહારાજથી અને તેમના શાસનથી અનન્તભવો સુધી દૂર રાખનારૂં જ થાય એમાં નવાઈ જ નથી.

### શું સ્થાનકવાસીના સૂત્રોમાં પ્રતિમાપૂજન મહાપાપકારી છે ?

વાચકોએ તે પ્રતિમાના લોપકોને પૂછવું જોઈએ કે તમારા માનેલા બત્રીસસૂત્રોમાંથી કોઈપણ સ્થાને જીનેશ્વર મહારાજનું ચૈત્ય કરવાથી કે તેમની પ્રતિમાનું પૂજન કરવાથી મહાપાપ થાય છે એવું જણાવનારો એક પણ શબ્દ છે ? તેઓને કહેવું જ પડશે કે જીનપ્રતિમાની પૂજા કે જીનચૈત્યને અંગે પાપ જણાવનારો તો એક પણ શબ્દ નથી, વળી સૂયગડાંગસૂત્રમાં અર્થદંડની વાતમાં નાગભૂત યક્ષ વિગેરેને માટે થતી હિંસાને અંગે અર્થદંડપણું જણાવેલું છે, પરન્તુ ત્યાં જીનપ્રતિમાની પૂજા કે

જીનચૈત્યવિગેરેનું નામ નિશાન પણ નથી, વળી શ્રીઆચારાંગસૂત્રના બીજાશ્રુતસ્કંધમાં અનેક શ્રાવકોના દેવતાયતન અને દેવકુલને અંગે હિંસા ગણવાનું અને તેનું પાપ થવાનું જણાવવામાં આવેલું નથી, એટલું જ નહિં, પરન્તુ તે દેવતાયતન અને દેવકુલવાળા શ્રાવકોને જૈનશાસન અને સાધુઆચારના જાણકાર તરીકે જણાવેલા છે, વળી શ્રીસૂયડાંગસૂત્રમાં સાધુપણાથી પતિત થયેલાની આગળ સ્ત્રીએ દેવતાની પૂજા માટે વપરાતી વાટકી જેને ચન્દ્રક કહેવાય છે તેને માગ્યાનો અધિકાર છે, એ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે કે સાધુપણાથી પતિત થનારા કુટુમ્બો પણ ભગવાન્ જીનેશ્વરની પૂજાથી તો વંચિત રહેતા ન્હોતા, અર્થાત્ વર્ત્તમાનકાલના પ્રતિમાલોપકોનું અન્યાયભરેલું વર્તન તેઓને વળગતું ન્હોતું, વળી ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાની અત્યંત ઉત્કૃષ્ટરીતિએ પૂજાદ્વારાએ આરાધના સમ્યગ્દૃષ્ટિ અને આરાધક એવા સૂર્યાભદેવે કરેલી છે એ હકીકત શ્રીરાયપસેણીસૂત્રને જાણનારાઓથી છૂપી રહેલી નથી, વળી ભગવાન્ જીનેશ્વર મહારાજના જન્માભિષેકનું વર્ણન શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં અત્યન્ત વિસ્તારથી કરવામાં આવેલું છે અને તેમાં ભક્તિ અને ધર્મ વગેરે હેતું તરીકે જણાવેલા છે, આવી સ્પષ્ટ હકીકત ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા બાબતમાં છતાં જેઓ ભગવાન્ જીનેશ્વર મહારાજની પૂજાથી બેનસીબ રહે તે શ્રાવકો ખરેખર દીવો લઈને કુવામાં પડવાવાળા જ ગણાય.

## સ્થાવરજીવો પ્રતિ દયાનીપરિણતિવાલાઓની સ્થિતિ કેવી ?

તે પ્રતિમાલોપકોના ઉપાસકોને પૂછીએ કે તમને સ્થાવરજીવની ખરેખર દયા પરિણમી છે કે ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજાને નહિ કરવામાં ઓઠું માત્ર લેવાય છે ? જો ખરેખર તેઓને સ્થાવરજીવની દયા પરિણમી હોય તો છકાયના આરંભથી ભરેલા એવા ગૃહસ્થપણામાં રહી શકે જ નહિ. શું તેઓ સર્વતઃશસ્ત્રરૂપ એટલે છએ દિશાના શસ્ત્રરૂપ એવા અગ્નિને ચૂલો અને દીવો સળગાવવા દ્વારાએ નથી સળગાવતા ? શું તેઓ યાવજ્જીવ શાક લાવવું સમારવું વિગેરેનો ત્યાગ કરી બેઠા છે ? કહેવું પડશે કે તેઓએ ઉપર જણાવેલા કામોમાંથી એકની પણ નિવૃત્તિ કરેલી નથી, તો પછી જ્યારે વિષય કષાય અને કુટુમ્બાદિકને માટે કરાતી હિંસા કે જે અનુબંધ હિંસા છે તેમાં દયા પરિણમી નથી અને ભાવહિંસામાં રાચ્યા માચ્યા રહેવાય છે, તેવાઓ ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજામાં સ્થાવરજીવની દયાની જે વાત કરે તે કેવલ ઢોંગરૂપે જ ગણાય. ખરી રીતે તો જેઓને સ્થાવરજીવની દયા પરિણમી હોય અને વિષય કષાય ગૃહકુટુંબને માટે હિંસા છોડી દીધી હોય અગર ન કરતા હોય તેવાઓ કદાચ દ્રવ્યહિંસાને અંગે પણ પૂજા ન કરે તો પણ ચાલી શકે અને તે સાચી માન્યતાવાળો ગણાય પરન્તુ જેઓ વિષય કષાય અને ગૃહકુટુંબને માટે અઢારે પાપસ્થાનકો સેવવાની છુટ રાખે અને ભગવાન્ જીનેશ્વર મહારાજની પૂજા વગેરેને અંગે હિંસા ગણી પાપબુદ્ધિ આગળ કરે તેવાઓને ભગવાન્ હરિભદ્રસૂરિજી ષોડશક અને પંચાશકજીવિગેરેમાં અભિનિવેશમિથ્યાત્વની સ્થિતિમાં જ મૂકે છે તે વાચકોએ બરાબર ધ્યાન રાખવું.

## પ્રભુપૂજાની વ્યાપકતા કેટલી બધી ?

વળી વાચકોએ સમજવું જરૂરી છે કે નારદમિથ્યાત્વી હોવાથી તેનો આદર નહિં કરનાર એવી પરમશ્રાવિકા જે દ્રૌપદી તેને ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાનું પૂજન ઘણા ઠાઠથી કરેલું છે કે જેનેલીધે તેની પૂજામાં સૂર્યાભદેવની પૂજાની ભલામણ મૂલસૂત્રકારો કરે છે, વળી વાચકોએ એ

પણ ધ્યાનમાં રાખવાનું છે કે વિવાહને માટે સ્વયંવર મંડપમાં જતી એક કન્યા કેટલી બધી વ્યગ્ર હોય છતાં તેવી વ્યગ્રતાની વખતે પણ ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાનું પૂજન છોડતી નથી, એટલું જ નહિ, પરન્તુ પૂજામાં સંકોચ પણ કરતી નથી, તો પછી તે વખતે જગજાહેરરીતે ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજ્યતા કેટલી બધી વ્યાપક અને નિત્યકર્ત્તવ્ય તરીકે ગણાયેલી હોય તે સ્હેજે સમજી શકાય તેમ છે.

## શું ભગવાન ભોગી કહેવાય કે ?

સૂત્રને જાણ્યા અને માન્યા વગર કેટલાક અજ્ઞાનીઓ તરફથી એમ કહેવામાં આવે છે કે ભગવાનની પ્રતિમાની પૂજા કરતાં ભગવાનનું ભોગીપણું થઈ જાય છે. તો તેઓએ વિચારવું જોઈએ કે દેવતાઈ છત્ર-ચામર-ભામંડળ, સિંહાસન અને દુંદુભિ જેવાં વાજીંત્રોથી જો ભગવાન્ની હયાતિમાં ભગવાન્ ભોગી ગણાયા નહિં, તો પછી તે ભગવાનની પ્રતિમાની, નહિ કે સાક્ષાત્ ભગવાનની, પૂજા કરવાથી ભગવાનનું ભોગીપણું થઈ જશે એવા બોલનારા અને માનનારાઓને કોઈ અક્કલના બજારમાં જવાની વધારે જરૂર પડશે. ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજાનો અધિકાર જે રાયપસેણી અને જીવાભિગમમાં છે તે અને ભગવાન્ના જન્માભિષેકનો અધિકાર જે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં છે તે ભવ્યજીવોની સમજણને માટે આપવો ઉચિત ધારીએ છીએ.

तएणं से सूरियाभे देवे केसालंकारेणं मल्ला-लंकारेण आभरणालंकारेण वत्थालंकारेण चउ-व्विहेण अलंकारेण अलंकियविभूसिए समाणे पडिपुण्णालंकारे सीहासणाओ अब्भुट्ठेति २ अलंकारियसभाओ पुरच्छिमिल्लेणं दारेणं पडिणि-क्खमइ २ त्ता जेणेव ववसायसभा तेणेव उवागच्छति ववसाय सभं अमुपयाहिणीकरेमाणे २ पुरच्छिमिल्लेणं दारेणं अणुपविसति, जेणेव सीहासणवरए जाव सन्निसन्ने। तए णं तस्स सूरिया-भस्स देवस्स सामाणियपरिसोववन्नगा देवा पोत्थयरयणं उवणेंति, तए णं से सूरियामे देवे पोत्थयरयणं गिण्हति २ पोत्थयरयणं मुयइ २ पोत्थयरयणं विहाडेइ २ पोत्थयरयणं वाएति, पोत्थयरयणं वाएत्ता धम्मियं ववसायं गिण्हति गिण्हित्ता पोत्थयरयणं पडिनिक्खिवइ सीहासण-णातो अब्भुट्ठेति अब्भुट्ठेत्ता ववसायसभातो पुरच्छिमिल्लेणं दारेणं पडिनिक्खमइ २त्ता जेणेव नंदा पुक्खरणी तेणेव उवागच्छति उवागच्छित्ता णंदापुक्खरिणीए पुरच्छि-मिल्लेणं तोरणेणं पुरच्छिमिल्लेणं तिसोवाणपडिरुव-एणं पच्चोरुहइ पच्चोरुहित्ता हत्थपादं पक्खालेत्ति पक्खालित्ता आयंते चोक्खे परमसुइभूए एगं महं सेयं रययामयं विमलं सलिलपुण्णं मत्तगयमुहागिति-कुंभसमाणं भिंगारं पगेण्हति २ जाई तत्थ उप्पलाइं जाव सतसहस्सपत्ताई ताई गेण्हति २ णंदातो पुक्खरिणीतो पच्चोरुहित्ता जेणेव सिद्धायतणे तेणेव पहारेत्थ गमणाए॥ (सू० ४३)॥

તે વખતે સુર્યાભદેવતા કેશના અલંકારો, માલ્યના અલંકારો વસ્ત્રના અલંકારો એમ ચારપ્રકારના અલંકારે કરીને અલંકૃત અને વિભૂષિત થયો પછી સંપૂર્ણ અલંકારવાળો સિંહાસનથી ઉઠે છે અને અલંકારસભાથી પૂર્વના દ્વારે નીકળે છે, નીકળીને જ્યાં વ્યવસાયસભા છે ત્યાં આવે છે, વ્યવસાયસભાને પ્રદક્ષિણા કરતો પૂર્વના દ્વારે પ્રવેશ કરે છે અને જ્યાં શ્રેષ્ઠ સિંહાસન છે ત્યાં બેસે છે. તે પછી તે સૂર્યાભદેવતાને સામાનિક પર્ષદાના

દેવતાઓ પુસ્તકરત્ન આપે છે. તે વખતે તે સૂર્યાભદેવતા પુસ્તકરત્નને ગ્રહણ કરે છે. પુસ્તકરત્નને યોગ્યસ્થાને મૂકે છે, અને પુસ્તકરત્નને વાંચે છે. પુસ્તકરત્નને વાંચીને ધર્મ સંબંધી પ્રવૃત્તિ સમજે છે, સમજીને પુસ્તકરત્ન પાછું મૂકે છે. પછી સિંહાસનથી ઉઠે છે અને ઉઠીને વ્યવસાયસભાથી પૂર્વના દ્વારે નીકળે છે અને નીકળીને જ્યાં નન્દાનામની વાવડી છે ત્યાં આવે છે. આવીને નન્દાવાવમાં પૂર્વના તોરણે અને પૂર્વના પગથીયાઓ ઉતરે છે. ઉતરીને હાથપગ ધૂએ છે, ધોઈને કોગળા કરે છે, ચોક્ખો થાય છે, પરમપવિત્ર થાય છે, અને પછી એક મોટો સફેદ રૂપાનો નિર્મળ એવો પાણીથી ભરેલો મદોન્મત્ત હાથીના મોંઢાના આકાર જેવા કુંભ સરખો કળશ ગ્રહણ કરે છે અને ત્યાં જે ઉત્પલ-કમલ યાવત્ શતસહસ્ર (લક્ષ) પત્ર વાળાં જે કમળો છે તે લે છે. લઈને નન્દાવાવડીથી નીકળીને જે જગો પર સિદ્ધા યતન છે ત્યાં આવવાને નિર્ણય કરે છે. (સૂત્ર ૪૩)

तएणं तं सूंरियाभं देवं चत्तारि य सामाणिय-साहस्सीओ जाव सोलस आयरक्खदेवसाहस्सीओ अन्ने य बहवे सूरियाभ जाव देवीओ य अप्पेगतिया देवा उप्पलहत्थगया जावसयसहस्सपत्तहत्थगया सूरियामं देवं बहवे आभिओगिया देवा य देवीओ य अप्पेगतिया कलसहत्थगया जाव अप्पेगतिया धूवकडुच्छुयहत्थगता हट्ठतुट्ठ जाव सूरियामं देवं पिट्ठतो समणुगच्छंति। तएणं से सूरियामे देवे चउहिं सामाणियसाहस्सीहिं जाव अन्नेहि य बहूहिं सूरियाम जाव देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे सव्विड्ढए जाव णातियखेणं जेणेव सिद्धायतणे तेणेव उवागच्छति २ सिद्धायतणं २ पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसति अणुपविसित्ता जेणेव देवच्छंदए जेणेव जिणपडिमाओ तेणेव उवागच्छति २ जिण-पडिमाणं आलोए पणामं करेति २ लोमहत्थगं गिण्हति २ जिणपडिमाणं लोमहत्थएणं पमज्जइ पमज्जित्ता जिणपडिमाओ सुरभिणा गंधोदएणं ण्हाणेइ ण्हाणित्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपइ अणुलिंपइत्ता सुरभिगंधकासाइएणं गायाइं लूहेति लूहित्ता जिणपडिमाणं अहयाइं देवदूसजुयलाइं नियंसेइ नियंसित्ता पुप्फारुहणं मल्लारुहणं गंधारुहणं चुण्णारुहणं वन्नारुहणं वत्थारुहणं आभरणारुहणं करेइ करिता आसतोसत्तविउलवट्टवग्घारियमल्लदामकलवं करेइ मल्लदामकलावं करेत्ता कयग्गहगहियकरयलपब्भ-ट्ठविप्पमुक्केणं दसद्धवन्नेणं कुसुमेणं मुक्कपुप्फपुंजो-वयार कलियं करेति करित्ता जिणपडिमाणं पुरतो अच्छेहिं सण्हेहिं रययामएहिं अच्छरसातंदुलेहिं अट्ठट्ठमंगले आलिहइ, तंजहा-सोत्थिय जावदप्पणं, तयाणंतरं च णं चंदप्पभरयणवइ खेरुलियविमलदंडं कंचणमणिरयणभत्तिचित्तं कालागुरुपवरकुंदुक्कतुरु-क्कधूवमघमघंतगंधुत्तमाणु विद्धंच धूववट्टिं विणिम्मुयंतं वेरुलियमयं कडुच्छुयं पग्गहिय पयत्तेणं धूवं दाऊण जिणवराणं अट्ठसयविसुद्धगन्थजुतेहिं अत्थजुतेहिं अपुणरुतेहिं महावित्तेहिं संथुणइ २ सत्तट्ठ पयाइं पच्चोसक्कइ २ त्ता वामं जाणुं अंचेइ

२ त्ता दाहिणं जाणुं धरणितलंसि निहट्टु तिक्खुतो मुद्धाणं धरणि-तलंसि निवाडेइ २ त्ता ईसिं पच्चुण्णमइ २ करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासीनमोत्थुणं अरहंताणं जाव संपत्ताणं, वंदइ नमंसइ २त्ता जेणेव देवच्छंदए० जेणेव सिद्धायतणस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ २त्ता लोमहत्थगं परामुसइ २ सिद्धायतणस्स बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जति, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहइ कयग्गाहग्गहियं जावपुंजोवयारकलियं करेइ करेत्ता धूवं दलयइ जेणेव सिद्धायतणस्स दाहिणिल्ले दारे तेणेव उवागच्छति २ लोमहत्थगं परामुसइ २ त्ता दारचेडीओ य सालभंजियाओ य बालरुवए य लोमहत्थएणं पमज्जइ २त्ता दिव्वाए दगधाराए अब्भुक्खेइ २ सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ २त्ता पुप्फारुहणं मल्ला जाव आभरणारुहणं करेइ करेत्ता आसत्तोसत्त जाव धूवं दलयइ २त्ता जेणेव दाहिणिल्लेदारे मुहमंडवे जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ २त्ता लोमहत्थगं परामुसइ २त्ता दिव्वाए दगधाराए अब्भुक्खेइ २ सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहइ २ कयग्गाहगहिय जाव धूवं दलयइ २त्ता जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स पच्चत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ २त्ता लोमहत्थगं परामुसइ २त्ता दारचेडीओ य सालिभंजियाओ य बालरुवए य लोमहत्थएण पमज्जइ २त्ता दिव्वाए दगधाराए० सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ २ पुप्फारुहणं जाव आभरणारुहणं करेइ २ आसत्तोसत्त० कयगाहग्गहिय० धूवं दलयइ २त्ता जेणेव दाहिणिल्लमुहमंडवस्स उत्तरिल्ला खंभपंती तेणेव उवागच्छइ २त्ता लोमहत्थं परामुसइ २त्ता थंभे य सालिभंजियाओ य बालरुवए य लोमहत्थएणं पम० जहा चेव पच्चत्थिमिल्लस्स दारस्स जाव धूयं दलयइ २त्ता जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स पुरत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ २त्ता लोमहत्थगं परामुसति दारचेडीओ तं चेव सव्वं जेणेव दाहिणिल्ले पेच्छाघरमंडवे जेणेव दाहिणिल्लस्स पेच्छाघरमंडवस्स बहूमज्झदेसभागे जेणेव वइरामए अक्खाडए जेणेव मणिपेढिया जेणेव सीहासणे तेणेव उवागच्छइ २त्ता लोमहत्थगं परामुसइ २त्ता अक्खाडगं च मणिपेढियं च सीहासणं च लोमहत्थएणं पमज्जइ २त्ता दिव्वाए दगधाराए० सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ२ पुप्फारुहणं आसत्तोसत्त जाव धूवं दलेइ २त्ता जेणेव दाहिणिल्लस्स पेच्छाघरमंडवस्स पच्चत्थिमिल्ले दारे० उत्तरिल्ले दारे तं चेव पुरत्थिमिल्ले दारे तं चेव, दाहिणे दारे तं चेव, जेणेव दाहिणिल्ले चेइयथूभे तेणेव उवागच्छइ २त्ता थूभं च मणिपेढियं च दिव्वाए दगधाराए

अब्भु० सरसेण गोसीस० चच्चए दलेइ २ पुप्फारु० आसत्तो० जावधूवं दलेइ, जेणेव पच्चत्थिमिल्ला मणिपेढिया जेणेव पच्चत्थिमिल्ला जिणपडिया तं चेव, जेणेव उत्तरिल्ला जिणपडिमा तं चेव सव्वं, जेणेव पुरत्थिमिल्ला मणिपेढिया जेणेव पुरत्थिमिल्ला जिणपडिमा तेणेव उवागच्छइ २ तं चेव, दाहिणिल्ला मणिपेढिया दाणिणिल्ला जिणपडिमा तं चेव, जेणेव दाहिणिल्ले चेइयरुक्खे तेणेव उवागच्छइ २ तंचेव, जेणेव महिंदज्झए जेणेव दाहिणिल्ला नंदापुक्खरिणी तेणेव उवगच्छति लोमहत्थगं परामुसति, तोरणे तिसोवाण पडिरुवए सालि भंजयाओ य बालरुवए य लोमहत्थएण पमज्जइ दिव्वाए दगधाराए० सरसेणं गोसीसचंदणेण० पुप्फा रुहणं० आसत्तोसत्त धूवं दलयति, सिद्धाययणं अणुपयाहिणीकरेमाणे जेणेव उत्तरिल्ला णंदापुक्खरणी तेणेव उवागच्छति, २ तंचेव जेणेव उत्तरिल्ले चेइयरुक्खे तेणेव उवागच्छति जेणेव उत्तरिल्ले चेइयथूमे तहेव, जेणेव पच्चत्थिमिल्ला जिणपडिमा तं चेव, उत्तरिल्ले पेच्छाघरमंडवे तेणेव उवागच्छति २ त्ता जा चेव दाहिणिल्लवत्तव्वया साचेव सव्वा पुरत्थिमिल्ले दारे, दाहिणिल्ला खंभपंती तंचेव सव्वं, पच्चत्थिमिल्ले, दारे उत्तरिल्ले दारे दाहिणिल्ला खंभपंती सेसं तंचेव सव्वं, जेणेव सिद्धायतणस्स उत्तरिल्ले दारे तंच्चेव, जेणेव सिद्धायतणस्स पुरत्थिमिल्ले दारे तेणेव उागच्छइ २ त्ता तंचेव, जेणेव पुरत्थिमिल मुहमंडवे जेणेव पुरत्थिमिल्लस्स मुहमंडवस्स बहू-मज्झदेसभाए तेणेव उवागच्छइ २ त्ता तं चेय, पुरत्थिमिल्ले दारे तं चेव, जेणेव पुरत्थिमिल्ले पेच्छाघरमंडवे, एवं थूभे जिणपडिमाओ चेइयरुक्खा महिंदज्झया णंदा पुक्खरिणी तंचेव जाव धूवं दलइ २ त्ता सभं सुहम्मं पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसइ २ त्ता जेणेव माणवएचेइयखंभे जेणव वइरामए गोलवट्ट समुग्गे तेणेव उवागच्छइ उवागच्छइत्ता लोभहत्थगं परामुसइ २ वइरामए गोलवट्टसमुग्गए विहाडेइ २ जिणसगहाओ लोमहत्थेणं पमज्जइ २ त्ता सुरभिणा गंधोदएणं पक्खालेइ पक्खालिता अग्गेहिं वरेहिं गंधेहिं मल्लेहि य अच्चेइ धूवं दलयइ २ त्ता जिणसकहाओ वइरामएसु गोलवट्टसमुग्गएसु पडिनिक्खिवइ माणवगं चेइयखंभं लोमहत्थएणं पमज्जइ दिव्वाए दगधराए सरसेणं गोसीसचंदणेणं चच्चए दलयइ, पुप्फारुहणं जाव धूवं [illegible] जेणेव परहरणकोसे चप्पालए तेणेव [illegible] २ त्ता लोभहत्थगं परामुसइ २ त्ता [illegible]

चोप्पालं लोमहत्थएणं पमज्जइ २ त्ता दिव्वाए दगधाराए सरसेणं गोसीसचंदणेणं चच्चाए दलेइ पुप्फारुहणं आसत्तो-सत्त जाव धूवं दलयइ, जेणेव सभाए सुहम्माए बहूमज्झदेसभाए जेणेव मणिपेढिया जेणेव देवसय-णिज्जे तेणेव उवागच्छइ २त्ता लोमहत्थगं परामुसइ देवसयणिज्जं च मणिपेढियं च लोमहत्थएणं पमज्जइ जाव धूवं दलयइ २त्ता जेणेव उववायसभाए दाहिणिल्ले दारे तहेव अभिसेयसभासरिसं जाव पुरत्थिमिल्ला णंदा पुक्खरणी, जेणेव हरए तेणेव उवागच्छइ २त्ता तोरणे य तिसोवाणे य सालभंजियाओ य बालरुवए य तहेव, जेणेव अभिसेयसभा तेणेव उवागच्छइ २त्ता तहेव सीहासणं च मणिपेढियं च सेसं तहेव आययणसरिसं जाव पुरत्थिमिल्ला णंदापुक्खरिणी जेणेव अलंका-रियसभा तेणेव उवागच्छइ २त्ता जहा अभिसेयसभा तहेव सव्वं, जेणेव ववसायसभा तेणेव उवागच्छइ २त्ता तहेव लोमहत्थगं परामुसति पोत्थयरयणं लोमहत्थएणं पमज्जइ पमज्जित्ता दिव्वाए दगधाराए अग्गेहिं वरेहि य गंधेहिं मल्लेहि य अच्चेति २त्ता मणिपेढियं सीहासणं च सेसं तं चेव, पुरत्थिमिल्ला नंदापुक्खरिणी, जेणेव हरए तेणेव उवागच्छइ २ त्ता तोरणे य तिसोवाणे य सालिभंजियाओ य बालरुवए य तहेव, जेणेव बलिपीढं तेणेव उवागच्छइ २त्ता बलिविसज्जणं करेइ, आभिओगिए देवे सद्दावित्ता एवं वयासी-खिप्पामेव भो देवाणुप्पिया। सूरियाभे विमाणे सिंघाडएसु तिएसु चउक्केसु चच्चरेसु चउमुहेसु महापहेसु पागारेसु अट्टालएसु चरियासु दारेसु गोपुरेसु तोरणेसु आरामेसु उज्जाणेसु वणेसु वणराईसु काणणेसु वणसंडेसु अच्चणियं करेह अच्चणिंयं करेत्ता एवमाणत्तियं खिप्पामेव पच्चप्पिणह. तएणं ते आभिओगिया देवा सूरियाभेण देवेणं एवं वुत्ता समाणा जावं पडिणियत्ता सूरियामे विमाणे सिंघाडएसु तिएसु चउक्केसु चच्चरेसु चउम्मुहेसु महापहेसु पागारेसु अट्टालएसु चरियासु दारेसु गोपुरेसु तोरणेसु आरामेसु उज्जाणेसु वणेसु वणराईसु काणणेसु वणसंडेसु अच्चणियं करेइ २ त्ता जेणेव सूरियाभे देवे जाव पच्चप्पिणंति, ततेणं से सूरियाभे देवे जेणेव नंदा पुक्खरिणी तेणेव उवागच्छइ २ त्ता नंदापुकखरिणिं पुरत्थिमिल्लेण तिसोमाणपडिरुएणं पच्चोरुहति २ त्ता हत्थपाए पक्खालेइ २ त्ता णंदाओ पुक्खरिणीओ पच्चुत्तरइ जेणेव सभासुधम्मा तेणेव पहारित्थ गमणाए। तए णं से सूरियाभे देवे चउहिं सामाणियसाहस्सीहिं जाव सोलसहिं आयक्खदेवसाहस्सीहिं अन्नेहि य बहूहिं सूरियाभविमाणवासीहिं वेमाणिएहिं देवेहिं देवीहिं य सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव नाइयरवेणं जेणेव सभा सुहम्मा तेणेव उवागच्छइ सभा सुधम्मं पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसति २ अणुपविसित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ २त्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे॥ (सू० ४४)॥

(અનુસંધાન પેજ નં. ૩૩૭)




### એ ત્રણ વસ્તુ શી ?

ધર્મમાં ત્રણ વસ્તુઓ આવવીજ જોઈએ. એ વસ્તુ તત્વરૂપે સમજાતી નથી. એટલે ધર્મનું સ્વરૂપ ગમે તે હો, તેનું મૂળ ગમે તે હો, અથવા તેનો અધિષ્ઠાતા ગમે તે હો, પરંતુ ગમે ત્યાંથી ત્રણ વસ્તુઓજ માનવી જોઈએ અને ત્રણ વસ્તુ ન માનો ત્યાંસુધી આપણી ફરજ ખલાસ થાય છે એમ ન માનશો. ત્રણ વસ્તુઓ પણ ગમે તે રીતે ન માનતાં ધર્મનું મૂલ વિનય, ધર્મનું સ્વરૂપ અહિંસા અને ધર્મનો અધિષ્ઠાતા સત્ય એ પ્રમાણેજ માનવાની જરૂર છે. હવે એ પ્રમણે ન માનીએ અને અન્યથા માનીએ તેમાં શી હરકત આવે છે તે જોઈએ. "સત્યાન્ન પરો ધર્મઃ" એમ આપણે બોલીએ છીએ. સત્યથી બીજો ધર્મ નથી, એવું કહીએ છીએ, પરંતુ દયાને ધર્મનું મૂળ અને સત્યનેજ ધર્મનું સ્વરૂપ એ બેજ માનીએ છીએ તો ત્યાં એક મોટી અડચણ આવે છે. અધિષ્ઠાતાનો પ્રશ્ન પહેલાં ક્યારે ઉદ્ભવે છે તેનો વિચાર કરો. અધિષ્ઠાતા વૃક્ષ ઉત્પન્ન થયા પછી જ હોય છે. વૃક્ષ થયા પહેલાં અધિષ્ઠાતા સંબંધીનો પ્રશ્ન ઉદ્ભવતોજ નથી. કલ્પવૃક્ષ ઉપર દેવતા અધિષ્ઠાતા થઈને વસે છે, પરંતુ તેમનું વસવાપણું પણ કલ્પવૃક્ષ બન્યા પછીજ હોય છે પણ તે પહેલાં સંભવતું નથી.

### મૂળની સલામતી જોઈએ

વૃક્ષનું સ્વરૂપ તમે નજરે દેખો છો પરન્તુ તમે વૃક્ષનેજ વૃક્ષના મૂલ બદ્ધ હોય તોજ તેનું સ્વરૂપ તમે દેખી શકો છો. વૃક્ષનું સ્વરૂપ તમારી સામે હોય, વૃક્ષનો માલિક તમારી આંખો આગળ ઝાડને તપાસતો બેઠો હોય, પરંતુ જો વૃક્ષના મૂળનુંજ ઠેકાણું ન હોય તો વૃક્ષ નીચે પડી જશે અને તેના માલીકની નજર આગળજ તે સુકાઈને હતું ન હતું બની જશે ! જો વૃક્ષનું મૂળજ જબરૂં

ન હોય તો તેનું પરિણામ એ આવશે કે એ વૃક્ષ ગમે તેવું વિશાળ હોવા છતાં અને તેનો અધિષ્ઠાતા ગમે તેવો બળવાન હોવા છતાં તે વૃક્ષ લાંબો કાળ ટકી શકશે નહિ અને તે કદી સમૃદ્ધ પણ થઈ શકશે નહિ. આ ઉપરથી તમારી સહજ ખાત્રી થશેકે કે ઝાડનો વિસ્તાર અને પ્રગતિ હંમેશના હોય છે તે ઝાડનું મૂળજ બરાબર સ્થિર અને બળવાન હોવું જોઈએ છે. જે વસ્તુનું મૂળ મજબુત હોય છે તેજ વસ્તુનું સ્વરૂપ પણ મજબુત હોઈ શકે છે અને તેનોજ અધિષ્ઠાતા પણ બળવાન થઈ શકે છે. આજ કારણથી ધર્મનું મૂળ વિનય છે એમ માનવાની આપણી ફરજ થઈ પડી છે.

### એ અહિંસા અપૂર્ણ છે.

જે વૃક્ષનું મૂળ ઉખડી ગયું હોય તે વૃક્ષ દેખાવમાં ગમે એટલું સુંદર લાગે, તેનો ઘેરાવો ગમે એટલો વિશાળ હોય, અને તેની લીલાશ ગમે એવી આકર્ષક હોય, પરંતુ તે છતાં એ વૃક્ષ ફલ આપી શકતું નથી. એજ પ્રમાણે જે ભવ્યાત્મામાં વિનય ન આવ્યો હોય એવો આત્મા કદાચ અહિંસાથી પરિપૂર્ણ રહે અને સંપૂર્ણ સત્ય જાળવે તો પણ તે આત્મા તેવા અનુષ્ઠાનથી પેલા ઉખડી ગયેલા વૃક્ષ પ્રમાણે ફળને પામી શકતો નથી. કપાઈ પડેલા વૃક્ષનો દેખાવ કદાચ ઉભા ઝાડ કરતાં સુંદર હોય છતાં પણ એ વૃક્ષની શોભા માત્ર સાડાત્રણ દિવસ સુધીજ ટકે છે અને અંતમાં એ આખું ઝાડ ફળ આપ્યા વિના સુકાઈ જઈને નકામું બની જાય છે. આ જૈનશાસનરૂપી ધર્મના પાળનારામાં પણ સંપૂર્ણાંશે અહિંસા હોય, તે સત્યનો પૂરેપૂરો પાલક અને અનુયાયી હોય, છતાં જો તેનામાં મૂળરૂપ વિનય ના હોય તો તે આત્મા પૌદ્‌ગલિક ઈચ્છાઓ રૂપી લીલાશ ધારણ કરનારો બને છે, પરંતુ તે મોક્ષરૂપી ફળને કદાપિ પણ પામી શકવાને સમર્થ નીવડતોજ નથી. હવે અહિંસાનેજ આ શાસનનું મૂળ માનવામાં શી અડચણ આવે છે તેનો વિચાર કરીએ.

### ભવ્યાભવ્યભેદ

મૂળરૂપે જો અહિંસાનેજ રાખી હોત તો અભવ્ય આત્માને પણ અપવર્ગપ્રાપ્તિ થઈ શકે છે એમજ માનવું પડયું હોત, ભવ્યાત્મા સમજીને, તત્વને પીછાણીને જેમ અહિંસા પાળે છે, તેજ પ્રમાણે જો ધારે તો અભવ્યો સમજ્યા વિના પણ અહિંસા પાળી શકે, અને જો અહિંસા એજ ધર્મનું મૂળ હોય તો પછી અભવ્યોને પણ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે એમ માનવુંજ પડે હવે જો ધર્મના મૂળરૂપે દયા કહીએ તો એ દયામૂળ પણ અભવ્યો પાસે જબરજસ્ત છે. અભવ્યો પાસે દયા જબરજસ્ત છે અને દયાજ જ ધર્મનું મૂળ હોય તો પણ અભવ્યોનો મોક્ષ પર અધિકાર થાય છે એમ માનવું પડે છે, પરંતુ અભવ્યોનો મોક્ષ ઉપર અધિકારજ નથી એ વાત ખુલ્લીજ હોવાથી "દયા ધર્મ કો મૂળ છે એ વાત ખોટી" છે એમ સાબીત થાય છે. ધર્મનું મૂળ જો સત્યનેજ માનીએ તો એવા પણ સેંકડો

અભ્વયઆત્માઓ છે કે જેઓ નિરંતર અને અપવાદ વિનાનું સત્ય પાળનારા છે. એટલે તેવા સત્યવાદી અભવ્યોનો પણ મોક્ષ ઉપર અધિકાર માનવોજ પડે પરંતુ તે વાત પણ અયોગ્ય છે. અર્થાત્ દયા-અહિંસા કે સત્ય બેમાંથી ગમે તે એકને ધર્મનું મૂળ માનવાનો યત્ન કરીએ તો એ યત્ન ઈષ્ટ ગણાતો નથી.

ઉંચકવાની પણ મહેનત.

જે ઝાડ ખેડુતને વરસ દહાડે કાંઈપણ કમાણી કરી આપતું નથી તે ઝાડ બગીચામાં નકામું નિવડે છે, એટલુંજ નહિ, પરંતુ તેને બગીચામાંથી ઉપાડીને બહાર ફેંકી દેવાની મહેનત પણ ગરીબ ખેડુતને મફતમાં ઉઠાવવી પડે છે, એજ પ્રમાણે દયા અને સત્ય અભવ્યોમાં સંપૂર્ણ હોવા છતાં તે ફળદાયક ન હોવાને લીધે એ દયા અને સત્ય એ બંને અફળજ ઠરે છે. ભવ્યાત્માઓને જે ધર્મ મોક્ષ આપે છે તેને ઉચ્ચગતિએ લઈ જાય છે. અને આ સંસારરૂપી નરકાગારથી તારે છે. તેજ ધર્મ અભવ્યને પરિણામે રખડાવનારો બને છે અને તે તેની પરિણામે અધોગતિનું કારણ બને છે. તત્વમાં દૃષ્ટિ રાખ્યા વિના દ્રવ્યક્રિયાને આદરનારો એ દ્રવ્યક્રિયાને પ્રતાપે નવગ્રૈવેયક દેવલોક સુધી જો જાય છેજ. તમે કહેશો કે એને દેવતાપણું મળે છે તો પછી એ દેવતાપણું શું ખોટું છે ? પરંતુ તમારે એ એકલા દેવતાપણા ઉપર મોહ પામવાનો નથી. શરીર બહારથી બહુ સુંદર દેખાય છે, પરંતુ તેની એ સુંદરતા ઉપર કોઈપણ ડાહ્યો માણસ વિશ્વાસ કરતોજ નથી, કારણ કે એ બહારથી સુંદર દેખાતું શરીરજ ચામડી નીચે દુર્ગંધીઓનું ભવ્ય પ્રદર્શન છે અને અનંતરોગો, ઉપાધિઓ અને આધિઓની સત્ય સંભાવનાઓથી ભરેલું છે.

મ્હેલ કરવતીયા કરવત અંતે મોચીડો ને મોચીડો

દ્રવ્યક્રિયાના પ્રતાપે નવગ્રૈવેયકમાં મિથ્યાત્વી જાય છે તે જોઈને કોઈ ખુશ થશે કે વાહ, દેવત્વની પ્રાપ્તિ થાય એ કેવું સારૂ ! પણ તેજ ક્ષણે તમારે એ વાત ખ્યાલમાં રાખવાની છે કે દેવપણામાંથી ચ્યવીને જ્યારે એ મનુષ્યપણામાં આવે ત્યાં પછી એની શી દશા થાય ? કહેવત છે કે મેલ કરવતીયા કરવત અંતે એ મોચીડોજ ! આત્મા માનવભવમાં આવ્યો ધર્મનું મૂળ દયા છે એમ માનીને દયા ધારણ કરી, દ્રવ્યક્રિયાએ કરીને નવગ્રૈવેયક સુધી ગયો, પરંતુ છેવટે ત્યાંથી પાછો આવ્યો, મનુષ્યમાં અને પછી નરકાદિના ચક્કરમાં ભટકે એટલે રળીયાગઢવી ઘેરના ઘેરેજ !!

દયા અને સત્ય

શાસ્ત્રકારો જે ધર્મનું મૂળ વિનય માને છે અને ધર્મના મૂળ તરીકે દયા અથવા સત્ય નથીજ સ્વીકારતા તેનું કારણ એજ છે કે વિનય વગરની દયા અથવા વિનય વિનાનું સત્ય બંને આત્માને તેના છેવટના શાંતિસ્થાન સુધી પહોંચાડી શકતાંજ નથી. હવે તમોને એ પ્રશ્ન મુંઝવશે કે શું અભવ્યો વિનયને

કદાપિ પણ નહિ જાળવી શકતા હોય ? અને તેઓ જ્ઞાનિથી, તેમના ગુરૂઓથી અને જ્ઞાનથી વિરોધી 'વર્તનજ રાખતા હશે? અભવ્ય આત્મા પણ જ્યારે સાધુપણુ પામે છે ત્યારે તે સાધુપણું પાળે છે, ગુરૂ, જ્ઞાન અને ચારિત્રનો વિનય કરે છે. ચારિત્ર બરાબર પાળે છે, તો હવે ત્યાં વિનય મૂળરૂપે કેવી રીતે રહ્યો નથી તે વિચારીએ અભવ્યો વિનય પાળે, ગુરૂ શ્રદ્ધાનો દેખાવ ધારણ કરે, ચારિત્ર પાળે, જ્ઞાનની આરાધના કરે, પરંતુ તેનું એ બધું કાર્ય 'ઉપરકી તો અચ્છી બની મગર ભીતર કી તો રામજી જાણે' તેના જેવું છે. અભવ્યો ગુરૂની શ્રદ્ધા રાખે, જ્ઞાનારાધન કરે ચારિત્ર પાળે, પરંતુ એ બધામાં તેની દાનત એજ છે કે પોતે માનપૂજા પામે, પ્રતિષ્ઠા પામે, દેવલોક પામે અને મહત્તા મેળવે ! ઉપરથી તો તેનો પણ ડોળ સુસાધુ જેવોજ દેખાય, પરંતુ સુસાધુને જ્ઞાન જે વસ્તુ આપે છેકે "તું મોક્ષને માટેજ છે" તેને નામે ત્યાં શૂન્યજ હોય છે. એથીજ તેને માટે જનતા વ્યાજબી રીતે એમ કહી શકે છે 'ઉપર કી તો અચ્છી હૈ મગર ભીતર કી તો રામજી જાણે!

## જ્ઞાનનો નિયમ

જ્ઞાન એ વસ્તુ બતાવે છે કે હું શાને માટે ? તો કહે કે મોક્ષને માટે ! જીવાજીવના જ્ઞાનથી શરૂઆત કરતાં તે જ્ઞાનનો સંબંધ છેક મોક્ષ સુધીને માટે છે. જીવ જાણે છે અર્થાત્ જે આત્મા જીવને જાણે છે તે આત્મા જીવને જાણ્યા પછી અનુક્રમે જીવની ગતિઓને જાણે છે. જીવની ગતિઓને જાણ્યા પછી પાપ અને પુણ્યને જાણે છે અને છેવટે મોક્ષ જાય છે. જ્ઞાન જે ફળ કહે છે તે ફળનેજ અભવ્યો માનતા નથી. હવે જો અભવ્યો એ ફળનેજ માનતા નથી તો પછી તેમના સંબંધમાં એ ફળ મેળવવાની વાત કરવી એ તો મિથ્યાજ છે જ્ઞાનનો વિનય મોક્ષ આપનાર છે. દર્શનાચાર દેખાવવામાં બધો પળાય પરંતુ જો હેતુ પ્રયોજન શુદ્ધ ન હોય તો એ દર્શનાચાર કાંઈપણ ફળ આપી શકવાને માટે સમર્થ નિવડતો નથી. મોક્ષનું બીજ સમ્યક્ત્વ છે, પરંતુ સમ્યક્ત્વ એ મોક્ષને અંગે લેવાનું છે. હવે જેને મોક્ષજ માનવો નથી તે જ્ઞાનાનુસારી દર્શન અને વિનય ક્યાંથી કરી શકવાના હતા વારૂ ? ચારિત્રનો અર્થ એ છે કે પૌદ્‌ગલિક ભાવથી આત્માને દૂર કરવો. હવે જે આત્માને પૌદ્‌ગલિક ભાવજ આભવે અને અનેક ભવાંતરે જોઈતો હોય તે આત્મા પોતાને પૌદ્‌ગલિકભાવથી ખસેડે એ કદી બનેજ નહિ.

પૌદ્‌ગલિક ભાવનાથી જેઓ ધર્મક્રિયા છે તે બધા એંસી આપીને સોનું ખાતું પડાવી લેનારા આત્મા માટે ધુતારાજ સમજવાના છે. અભવ્યો જગતના ભોગોને તજે છે એ વાત સાચી છે, પરંતુ તેમનો એ ત્યાગ ધર્મ કે મોક્ષ પાળવાને માટે હોતો નથી, તેઓ તો વધારે મેળવવાને માટે થોડું છોડે છે! એંસી આપીને સો લખાવી લેનારો શરાફ જે એંસી આપે છે. તે એટલા માટે નથી આપતો કે એ પરોપકાર કરે, તે તો એટલા માટે આપે છે કે તેની દાનત સોમાં વીસનું

(અનુસંધાન પેજ નં. ૩૨૯)

## સાગર સમાધાન

પ્રશ્ન ૯૫૫ ગંધર્વ, નાટ્ય અને વાજિંત્ર વગેરે ભાવપૂજામાં ગણવા કે દ્રવ્યપૂજામાં ગણવા ?

સમાધાન-શ્રીશાન્તિસૂરિમહારાજે गंधव्वनट्टवाइयलवणजलारत्तियाइ जं किच्चं। आमिसपूयाए च्चिय सव्वंपि तयं समोयरइ २३॥२०३॥ ગાંધર્વ નૃત્ય વાદિત્ર લવણ જલ આરતિઆદિ જે કરાય તે બધું આમિષપૂજામાં ગણાય, એમ જણાવી पूयादुगंपि एयं उचियं नहु साहुसाहुणिजणस्स। सावयजणस्सस नियमा उचियं सामग्गिसब्भावे॥२०६॥ અંગ અને આમિષરૂપી બે પૂજાઓ સાધુસાધ્વીયોને ઉચિત નથી, પણ સામગ્રી હોય તો શ્રાવકજનોને તે નક્કી ઉચિત છે. આવાં વાક્યો વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે નૃત્ય વાદિત્ર અને ગાંધર્વાદિ દ્રવ્યપૂજારૂપ છે.

પ્રશ્ન ૯૫૬ દ્રવ્યપૂજામાં સમગ્ર સંયમની વિરૂદ્ધતા કહેવાય છે, તો તે દ્રવ્યપૂજાની પૂજાસત્કારના કાઉસ્સગ્ગદ્વારાએ પ્રાર્થના કેમ કરાય છે ?

સમાધાન-દ્રવ્યપૂજાની સાથે સમગ્રસંયમનો જે વિરોધ કહે છે તે પુષ્પાદિના દ્રવ્યસ્તવને અંગે છે એમ પુષ્પાદિને દ્રવ્યસ્તવ કહેવાથી તથા पुप्फाइयं न इच्छंति એમ કહેવાથી સ્પષ્ટ થાય છે, વળી પુષ્પાદિની પૂજા કરવા માટે ઈચ્છા ન કરે, એ કથનથી તેમજ પૂર્વશાસ્ત્રોમાં એની દેશના અને અનુમોદના હોવાથી પુષ્પાદિદ્રવ્યપૂજાનો પણ સ્વયંકરણને આશ્રીને જ નિષેધ ગણાય. પ્રતિષ્ઠા અને નન્દીમાં શ્રીજિનેશ્વરમહારાજના મસ્તકે અને ચરણકમલમાં વાસક્ષેપ નાખવાનો અધિકાર સ્પષ્ટ છે અને વાસક્ષેપ એ દ્રવ્ય જ છે.

પ્રશ્ન ૯૫૭ શ્રીપંચાશકજી અને લલિતવિસ્તરાવગેરેમાં जय वीयराय રૂપ પ્રણિધાનસૂત્રની जय० અને लोग० એ બે જ ગાથાઓ જણાવી છે, અને ખરતરવગેરે બે ગાથાઓ જ કહે છે, તો તપાગચ્છવાળા જે અધિક કહે છે તે તેઓની કલ્પિત છે અને વધારે છે એમ કેમ ન માનવું ?

સમાધાન-વડગચ્છની તપાબિરૂદથી અલંકૃતતા ન્હોતી થઈ, તે વખત થયેલા શ્રીશાન્તિસૂરિજીના ભાષ્યમાં जय० लोग० वारि० दुक्ख० એ ગાથાઓ પ્રણિધાનમાં જણાવેલી છે. વળી उप० सर्व० એ ગાથાઓ તો શાન્તિમાં ખરતરો પણ માને જ છે.

પ્રશ્ન ૯૫૮ ચતુર્વિધ સંઘ મળીને દેવવંદન કરતો હોય ત્યારે બાઈની કહેલી થુઈઓ કલ્પે કે નહિ ?

સમાધાન-ભાષ્યકાર કહે છે કે પુરૂષ સ્તુતિ કહે તો તેથી ચારે પ્રકારનો સંઘ દેવવંદન કરે, અને બાઈ થુઈ કહે તો તે શ્રાવિકા અને સાધ્વી ને જ કામ લાગે. એવી રીતે नमो अरिहंताणं કહીને કાઉસ્સગ્ગ પાર્યા છતાં परमेट्ठिनमुक्कारं એ વચનથી તેમ જ. पुरिसो न चेव इत्थी એ વચનથી પુરૂષે नमोऽर्हत्० એવી રીતે ચોથી થુઈમાં ૧૮૮ ગાથાથી કહેવાનું છે તેથી સ્ત્રી नमोऽर्हत्० ન બોલે એ જાણવું

પ્રશ્ન ૯૫૯ नमुत्थुणं થી ભાવજિન जावन्ति केवि આદિથી સાધુ जाईजरा० થી શ્રુતજ્ઞાન અને सिद्धाणं૦થી સિદ્ધમહારાજનું વંદન થાય છે, છતાં દેવવંદનને ચૈત્યવન્દન એટલે સ્થાપનાજિનનું વંદન કેમ કહેવાય છે ?

સમાધાન-જિનેશ્વરભગવાન્‌ની મૂર્ત્તિની આગલ તે દેવવંદન કરવામાં આવે છે માટે ચૈત્યવન્દન કહેવાય છે એમ ભાષ્યકાર કહે છે.

પ્રશ્ન ૯૫૬-કેટલાક એમ કહે છે કે શ્રાવકે પાકાદિક આરંભનું કામ પોતાના હાથે જ કરવું તે કોઈપણ પ્રકારે ઉચિત નથી, પણ શક્તિ હોય તો મૂલ્યથી કરાવવું, એ વસ્તુ સાચી છે ?

સમાધાન-શાસ્ત્રકારો બારવ્રતની વ્યાખ્યામાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે :-

सच (समारंभ) स्वयं कृतोऽन्येन वा कारित इति न कश्चित् तत्त्वतो विशेषः, प्रत्युत स्वयं च गमने गुणः इर्यापथादिविशुद्धेः परस्य त्वनिपुणत्वात् कुतस्तच्छुद्धिरिति.

તે આરંભ પોતે કર્યો અગર પોતે (પૈસાથી રાખેલા નોકરઆદિ) અન્યદ્વારાએ કરાવ્યો એમાં તત્ત્વથી કોઈ પણ જાતનો ફરક નથી, પરંતુ પોતે જવામાં (કરવામાં) ફાયદો છે. કેમકે ઈર્યાપથિકી વિગેરેની શુદ્ધિ થઈ શકે, પરંતુ બીજો માણસ તો અનિપુણ હોવાથી તેની શુદ્ધિ ક્યાંથી કરે. આવી રીતે દેશાવગાશિકને અંગે જણાવ્યું છે એટલું જ નહિ. પરંતુ તપગચ્છના ધુરંધર આચાર્ય શ્રીવિજયદેવેન્દ્રસૂરિજી નન્દશ્રેષ્ઠીની કથામાં જણાવે છે કે 'सम्मं कम्मविवागं जाणंतो अप्पणा कुणइ पागं' અર્થાત્ કર્મવિપાકને રૂડીરીતે જાણનારો (હોવાથી) પોતે હાથે જ રસોઈ કરે છે. આ વસ્તુને વિચારનારો મૂલ્ય આપીને જ પાપ-કાષ્ઠ વિગેરે આરંભનું કાર્ય કરાવવું લાયક છે, પરંતુ શ્રાવકે પોતે કરાય જ નહિ, એવું કહેનારાઓને સાચા માની શકે નહિં.

પ્રશ્ન ૯૫૭-કેટલાકો શ્રીદેવેન્દ્રસૂરિમહારાજના ईरियं सुपडिक्कन्तो कडसामइओ य सुट्ठुं पिहियमुहो। सत्तं दोविमुत्तं सपयच्छेयं गुणइ सड्ढो એવી ધર્મરત્નમાં શ્યેનશ્રેષ્ઠના અધિકારમાં કહેલી ગાથાને આગળ કરી સામાયિક કરતાં પહેલાં ઈરિયાવહીયા કરવાનું સિદ્ધ કરવા માગે છે શું એ વ્યાજબી છે?

સમાધાન-જો કે મહાનિશીથ અને દશવૈકાલિકની ટીકા વિગેરેથી સામાયિક આદિ કોઈપણ અનુષ્ઠાનની શુદ્ધિ રાખવી હોય તો પહેલાં ઈરિયાવહિયા કરવાની જરૂર જ છે, પરંતુ શ્યેનશ્રેષ્ઠીવાળી ગાથા ઉપરથી એ વાત સાબીત કરવી યોગ્ય નથી, કારણ કે ધર્મરત્નમાં वनो પાઠ છે તેથી ચહાય તો એકલી ઈરિવહિયા પડિક્કમીને અગર સામાયિક લઈને સારી રીતે મુખવસ્ત્રિકાથી મુખ ઢાંક્યું છે જેણે એવો શ્રાવક દોષરહિત અને પદચ્છેદે કરીને સહિત સૂત્રનેસ્વાધ્યાય કરે આવો વૈકલ્પિક અર્થ છે. અને શ્યેનશ્રેષ્ઠિએ પણ એકલી ઈરિયાવહિયા પડિક્કમીને સ્વાધ્યાય કર્યો છે, એમ पडिक्कमिऊण य ईरियं एवं करेइ सज्झायं અર્થાત્ ઈરિયાવહિયા પડિક્કમીને આવીરીતે સ્વાધ્યાય કરે છે. એમ જણાવવાથી વૈકલ્પિક અર્થની સિદ્ધિ થાય છે.

# કે...ટ...લાં...ક

# વ..ચ..ના..મૃ..ત

વૈરાગ્યરૂપ અમૃતથી સિંચાયેલા ઉત્તમ વચનો વિદ્વાનોના અંતઃકરણને જેવો આનંદ આપે છે તેવો આનંદ સંગીતકલા આપે નહિ. ૧

વૈરાગ્યવાસિત બુદ્ધિ એ જ્ઞાનનું ભૂષણ છે. ૨

જ્ઞાનભૂષણ એવો વૈરાગ્યરસ જ્ઞાનના ગર્વરૂપ તાવને શાંત કરવા રામબાણ ઈલાજ છે. ૩

વૈરાગ્યરાજ્ય એવું છે કે જેમાં ક્લેશ વગર પૃથ્વી મેળવાય છે, લોકોની સ્તુતિથી કીર્તિ મેળવાય છે, અને જ્ઞાનરૂપરત્નોના ભંડાર થવાય છે. ૪

વૈરાગ્ય એ જિનેશ્વરમહારાજનો મિત્ર છે, તેનું કાર્ય વાચાલદુર્જનપુરૂષની આંખે પાટા બાંધી વિવેકરૂપ રત્ન દેખાડવાનું છે. ૫

વૈરાગ્ય એ મહેલ છે. એ આધ્યાત્મિક રત્નોની કાંતિથી શોભે છે, ચિત્તરૂપ જેને ભીંત છે, મૂલગુણરૂપી ચંદ્રકાન્તમણિઓથી બાંધેલી અગાશીવાળો છે, ઉત્તરગુણરૂપી ચંદરવા જેમાં બાંધ્યા છે, જેમાં કર્મવિવર નામે ઝરૂખો છે, જેમાં બુદ્ધિના ગુણ એ ઝરૂખામાં લટકેલ મોતીની શેરો છે. જે નિર્મલવાસનાથી સુગંધમય છે, ઉત્તમવીર્યરૂપી કપૂરની રજથી જે મનોજ્ઞ છે, શ્રુતધારણારૂપ કસ્તૂરીથી જે વાસિત છે, આત્મવિલાસરૂપ છાયાથી જેમાં સકલ કર્મરૂપી તાપ શાંત થયો છે, જેમાં શીલ એ ફુવારા છે. ૬

વૈરાગ્ય મહેલમાં સંવરરૂપ પુષ્પોથી ભરેલી નિર્વિકલ્પતારૂપ શય્યામાં સમતા નામે સ્ત્રી સાથે સુતેલા પુરૂષો ખરેખર પ્રશંસા પામે છે અને શાશ્વતસુખના ભાગી બને છે. ૭

'વૈરાગ્ય-કલ્પ-લતામાંથી'

(ટાઈટલ ત્રીજાનું અનુસંધાન)

જો તેવી રીતે જીવનનો નાશ ન થતો હોય અને મરણ (હિંસા) ન બનતી હોય તો પછી હિંસાથી વિરતિ કરવી તેને જે મુખ્ય અને પ્રથમમહાવ્રત કહેવામાં આવે છે તે બધું હમ્બકરૂપજ થઈ જાય, વળી અનુકંપાને અંગે શ્રીભગવતીસૂત્રકારે સાતાવેદનીય કર્મને બાંધવાના કારણો ફરમાવતાં જીવઅહિંસાથી વિરતિ વિગેરે કારણો જુદાં જણાવ્યાં છે અને સાથે પ્રાણ ભૂત જીવ અને સત્વની અનુકંપાને પણ સ્પષ્ટપણે સાતાવેદનીયના જુદા કારણરૂપે જણાવેલી છે એટલે ચોક્ખું થાય છે કે જે જીવહિંસાથી વિરતિ કરવી તે જેમ ઉત્તમકાર્ય છે, તેવી જ રીતે પ્રાણ ભૂત જીવ અને સત્વની અનુકંપા કરવી તે પણ હિંસાથી વિરતિની માફક ઉત્તમોત્તમ છે, વળી ભગવાન્ શ્રીમહાવીરે ગોશાલાનું કુશિષ્યપણું પોતે ચાર જ્ઞાનસહિત હોવાથી જાણ્યું હતું તો પણ વૈશ્યાયનતાપસની તેજોલેશ્યાના દાહમાંથી અનુકંપાબુદ્ધિએ બચાવી લીધો હતો. આ હકીકત ભગવાન્ મહાવીર મહારાજે કેવલજ્ઞાન પછી જણાવી છે કે મેં ગોશાલાને અનુકંપા બુદ્ધિથી બચાવ્યો હતો. સુજ્ઞ મનુષ્ય સમજી શકશે કે છદ્મસ્થપણામાં ગોશાલાને બચાવવા માટે ભગવાન્ મહાવીર મહારાજે જે અનુકંપા કરી હતી તેની ઉપર છાપ પોતે કેવલિપણામાં મારી છે. અર્થાત્ જો કે છદ્મસ્થપણામાં પણ ભગવાન્ જીનેશ્વર શુદ્ધસમ્યક્ત્વ અને સંયમને ધારનારા હોઈને વગર અનુકંપાને અનુકંપા ધારવારૂપ મિથ્યાત્વ અને વિપર્યાસ સેવે જ નહિ, છતાં કદાચ છદ્મસ્થતાનો સ્વભાવ માની તેવી કલ્પના કરવા કોઈ તૈયાર થાય તો પણ હવે કેવલિપણામાં છાપ મારેલી હોવાથી તેવી જુઠી અને દયાના દુશ્મોની કલ્પનાના જેવી કલ્પનાને અહિં સ્થાન જ નથી. વળી વાચકોએ એ પણ ધ્યાન રાખવાનું છે કે ભગવતીજીસૂત્રના પંદરમાશતકમાં ભગવાન્ મહાવીર મહારાજનું પહેલું ચાતુર્માસ જે અસ્થિકગ્રામમાં થયાનું જણાવ્યું છે, તે અસ્થિકગ્રામ પ્હેલાં વર્દ્ધમાનગ્રામ તરીકે વસતિથી સંપૂર્ણ ભરેલું હતું, છતાં એક બલદ ઉપર ચાર અને પાણી દેવાની અનુકંપા ગામના લોકોએ ન કરી તેટલા માત્રથી તે બળદના જીવે દેવતા થઈને આખાગામમાં સજ્જડ મારી ચલાવી અને તેને પ્રતાપે ઠેકાણે ઠેકાણે હાડકાંના ઢગલા થઈ ગયા અને તે જ હાડકાના ઢગલાના પ્રતાપે મુસાફરલોકોએ તે ગામનું નામ અસ્થિકગ્રામ એવું સ્થાપ્યું. આ વસ્તુને બારીકીથી તપાસનારો મનુષ્ય જોઈ શકશે કે એક બળદની અનુકંપા નહિં કરવા માત્રથી જ્યારે આખાગામનો નાશ થવાનો પ્રસંગ આવે, તો પછી કાલુરામના કાળાપંથની કુટેવમાં કચડાયેલા ક્રૂરકર્મીઓ અનુકંપાદાનમાં પાપ જ બતાવે તે વખત દુઃખથી હેરાન થઈને મરતા જીવો દેવગતિ પામીને મારવાડ જેવા વેરાન પ્રદેશો કરે અને ચારે બાજુ પ્લેગ ઈન્ફ્લ્યુની જેવાં ભયંકર દર્દો આ કાલમુખાઓના આચરણથી જગતને વેઠવાં પડે તો તેમાં નવાઈ નથી છતાં શાસનના અગ્રગણ્ય દયાલુ મનુષ્યોની દયાના પ્રતાપે સદ્ગતિ પામેલા જીવો જગતનું અને શાસનનું રક્ષણ કરવા તૈયાર રહે એ સંભવિત જ છે, માટે શાસનરસિકજીવોએ પ્રાણાંતે પણ સમ્યક્ત્વના લક્ષણ તરીકે ગણાતી એવી અનુકંપાને આદરવામાં જરા પણ કચ્ચાશ કરવી નહિં અને એ જ પોતાના આત્માને માટે જગત્માં શ્રેયસ્કર છે. એમ સમજવું જરૂરી છે એમ સમજવું.

(ટાઈટલ પા. ૪નું અનુસંધાન)

તેથી જીવની રક્ષાના પ્રયત્ન પૂર્વક કરવામાં આવતી ક્રિયામાં અહિંસકપણું જ રહેલું છે, તેથી જૈનધર્મનું અહિંસારૂપી લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણો દોષોથી રહિત છે. આવી રીતે જણાવેલી અહિંસાને માનતા છતા પણ કેટલાક જૈનનામધારી પણ માત્ર હિંસા ન કરવી તેનું જ નામ અહિંસા માને છે. પરંતુ દુઃખી જીવોને દયા લાવી તેમને બચાવવા અગર કોઈદ્વારાએ કોઈ જીવ મરતો હોય અને તેને બચાવવો તેનું નામ જે દયા અગર અનુકંપા કહેવાય છે તેમને એ લોકો ઉત્તમ તરીકે માનવાની ના પાડે છે, પરન્તુ તેઓએ વિચારવું જોઈએ કે શાસ્ત્રકારો કહે છે. વિરમણે એટલે જીવોના પ્રાણોના નાશથી વિરમવું તેનું નામ મહાવ્રત કહે છે. હવે જો મરણથી જીવ બચી શકતો જ ન હોય તો પછી પ્રાણાતિપાતથી વિરમવાનું મહાવ્રત બની શકે જ નહિ.

સુજ્ઞ મનુષ્યોએ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે સંસારમાં ઘણાજ જીવો ઉપક્રમ સહિત આયુષ્યવાળા હોય છે, અને તે ઉપક્રમ જીવોના પ્રાણનો આયુષ્યના નાશ દ્વારાએ નાશ કરનારો થાય છે, અને તેથી તેવા ઉપક્રમથી બચવું તેનું જ નામ જયણા છે. અને તેનું જ નામ પ્રાણાતિપાતવિરમણ છે. નિરૂપક્રમવાળા જીવની તો કોઈપણ પ્રકારે આયુષ્યના ક્ષય સિવાય અન્ય કારણથી હિંસા થવાની જ નથી, માટે તેવાને અંગે પ્રાણાતિપાતવિરમણવ્રત કે જયણા એ બન્ને નકામાં જેવાં જ ગણાય.

ધ્યાન રાખવું કે શ્રી ભગવતીજી ત્થા પ્રજ્ઞાપનાવિગેરે સૂત્રોમાં નારકી અને દેવતાને અંગે કોઈપણ જીવને પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી એમ સ્પષ્ટપણે જણાવ્યું છે, અર્થાત્ નિયમિતપણે નિરૂપક્રમ આયુષ્યવાળા દેવતા અને નારકી જ હોય છે અને તે નિરૂપક્રમ આયુષ્યવાળા હોવાથી તે દેવતા અને નારકીને અંગે પ્રાણાતિપાતિકી ક્રિયા કોઈને પણ લાગતી નથી, તેવી રીતે બીજા પણ નિરૂપક્રમ આયુષ્યવાળાને અંગે પ્રાણાતિપાતિકી ક્રિયા ન હોય અને તેથી તેવા જીવોની અપેક્ષાએ પ્રાણાતિપાતિ વિરમણ અને જયણા છે. કેટલાકોનું કહેવું છે કે જીવનું જીવન કે મરણ કેવલ કર્મને આધીન જ છે, પરન્તુ કોઈના પ્રયત્નથી કોઈનું જીવન કે મરણ થતું નથી, આવું કહેવાવાળાએ સમજવું જોઈએ કે આયુષ્યનું ભોગવવું જે બને છે તે અને જેને જીવવું એમ કહેવામાં આવે છે તે આયુષ્યનો અનુભવ પુદ્દગલને આધીન જ છે, એન તેથીજ શાસ્ત્રકારો પુદ્દગલનો ઉપકાર બતાવતા જીવિત અને મરણના કારણ તરીકે પુદ્દગલોને જણાવે છે, અને તેવા પુદ્દગલો અન્યવ્યક્તિઓ ન મેળવી દે અગર ન મેળવી આપી શકે એમ કહેવાય જ નહિ! છતાં આયુષ્યના ઉપક્રમને બચાવવા દ્વારાએ વિદ્યમાન આયુષ્યને ભોગવવાનું કરવા દ્વારાએ તો જીવનને કરનાર અન્યવ્યક્તિઓ બને એ જગત્‌માં સિદ્ધ જ છે, વળી મરણની અપેક્ષાએ વિચારીએ તો પણ જે જીવોનાં આયુષ્ય ઉપક્રમવાળાં હોય છે તે જીવોને ઉપક્રમનાં સાધનો જોડી દે તો તેના આયુષ્યનો નાશ થઈ મરણ થાય તેમાં જૈનનામધારીથી કે કોઈથી પણ ના પાડી શકાય તેમજ નથી.

(વધુ માટે જુઓ પાનું ૩૨૮)

# જૈનધર્મ અને અનુકંપા

સંસારભરમાં દયાને માટે જો કોઈપણ ધર્મની પ્રસિદ્ધિ હો તો તે માત્ર જૈનધર્મની જ પ્રસિદ્ધિ છે. શાસ્ત્રકારો પણ ધર્મના ભેદો જણાવતાં **अहिंसा संजमो तवो** એમ પણ કહીને દયાને ધર્મના પ્રથમ ભેદ તરીકે જણાવે છે. એટલું જ નહિં, પણ **अहिंसालक्खणस्स** એમ કહીને જૈનધર્મનું લક્ષણ બીજું કાંઈ જ નહિ પણ અહિંસા એજ છે એમ જણાવે છે. આ વાત તો જગતમાં પ્રસિદ્ધ છે કે લક્ષણ તેજ કહેવાય કે જે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવનામના ત્રણ દોષો છે તેણે કરીને રહિત હોય. એ ઉપરથી સુજ્ઞપુરુષો સ્હેજે સમજશે કે જૈનધર્મ સિવાયના ઈતરધર્મોમાં યથાસ્થિતપણે દયા રહેલી નથી. અને જૈનધર્મનો કોઈપણ ભાગ દયા રહિત હોય નહિં, અને જૈનધર્મ જ દયાના ઉપદેશો, દયા પાલવાનાં ફલો, દયા પાલનારાઓને મળેલા ફળનાં દૃષ્ટાંતો, દયા નહિં પાલનારને થયેલા કટુફલો અને તેનાં દૃષ્ટાન્તો, દયા પાળવાના રજોહરણ, મુખવસ્ત્રિકાઆદિ ઉપકરણો, દયા બની શકે તે માટે ઈર્યાસમિતિ આદિ આચારો જણાવવા સાથે જીવોનું કથંચિત્ સુખીપણું દુઃખીપણું શરીરથી ભેદાભેદપણું અને નિત્યાનિત્યપણું વિગેરે તત્ત્વવાદ વિગેરે જે જૈનધર્મમાં સ્થાને સ્થાને અને મુખ્યતાએ જે જણાવવામાં આવેલાં છે તેનો એક અંશ પણ ઈતર હોતો નથી. આજ કારણથી ઉપાધ્યાયજીમહારાજ શ્રી ઉપદેશરહસ્ય નામના ગ્રંથમાં જૈનધર્મની પ્રામાણિક્તાના હેતુ તરીકે અહિંસાનું વર્ણન જણાવે છે, એટલે જૈનધર્મ દયા સિવાયનો ન હોય અને ઈતરધર્મ તેવી દયાવાળા હોય જ નહિ. જો કે આખું જગત સ્થાવર અને જંગમ જીવોએ કરીને ડાબડીમાં કાજળ ભરાય તેમ ભરેલું છે અને તેથી કેવલિમહારાજનો યોગ પણ હિંસામાં કારણ ન થાય એમ નથી. તેથી કેટલાકો દયાની ઉત્પત્તિનો જ અસંભવ જણાવે છે. પરંતુ **जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए। जयं भुजंतो भासंतो, पावं कम्मं न बंधइ** એવા મહર્ષિના ઉપદેશથી શાસ્ત્રકારોએ પ્રમત્તદશાવાળા સાધુને પણ શુભયોગની અપેક્ષાએ અનારંભી કહ્યા, અને અપ્રમત્તસાધુઓને સર્વદા અહિંસક કહ્યા

*(અનુસંધાન ટાઈટલ પા. ૩)*

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# શ્રી સિદ્ધચક્ર

## (પાક્ષિક)

તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

[ स्त्रग्धरावृत्तम् ]

श्री सिद्धचक्रस्तुति :

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | વૈશાખ સુદ પૂર્ણિમા |
| વિક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૧૫ | ૧૪-૫-૧૯૩૮ |


### -: ગુહસ્થની-ફરજ :-

[ स्त्रग्धरावृत्तम् ]

भक्तिः श्रीवीतरागे भगवति करुणा प्राणिवर्गे समग्रे,
दीनादिभ्यः प्रदानं श्रवणनुदिनं श्रद्धया सुश्रुतीनाम्।
पापापोहे समीहा भवभयमसमं मुक्तिमार्गानुरागः,
संगो निःसङ्गचित्तैर्विषयमविमुखता हर्म्यिणामेष धर्मः॥१॥

ભાવાર્થ

શ્રી વીતરાગ ભગવંતને વિષે ભક્તિ, સમગ્રપ્રાણિસમુહમાં દયા, ગરીબઆદિને દાન આપવું, દરરોજ શ્રદ્ધાપૂર્વક સારાં વચનોનું સાંભળવું પાપને દૂર કરવાની ઈચ્છા, ભવથી અત્યંત ડરવું, મોક્ષને વિષે પ્રીતિ, નિઃસંગચિત્તવાળા સાથે સંગ, વિષયથી પરાઙ્મુખ રહેવું, એ ગૃહસ્થના ધર્મો છે. "સૂક્તમુક્તવલી"

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ. ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

## અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

### નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. થ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયકમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

## પાક્ષિક

| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | તા. ૧૪-૫-૩૮ |
| વીક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૧૫ | વૈશાખ પૂર્ણિમા |


# આગમોદ્ધારકની અમોઘદેશના

ગતાંકથી પાના ૩૨૪ થી શરૂ

વ્યાજ ખાટવાની છે ! એજ પ્રમાણે જે આત્માઓ પૌદ્‌ગલિક વધારે સમૃદ્ધિ પામવા થોડીનો ભોગ આપે છે તેમની દશા પણ એવીજ સમજવાની છે. પૌદ્‌ગલિકભાવના ખાતર ચારિત્ર લેવાવાળો તો ખાતામાંથી મુક્ત થવાને બદલે નવું ખાતું શરૂ કરે છે, તેણે કરેલો ત્યાગએ એંસી આપ્યા જેવો છે પરંતુ તે સો લેવા માટે આપ્યા તેના જેવોજ છે. પૌદ્‌ગલિક સમૃદ્ધિની વિશેષતાને માટે ધર્માચરણ કરનારો પુદગલો છોડે છે, પરંતુ તે પુદ્‌ગલોનું અનિષ્ટપણું જાણીને તેમાંનો ભાવ અને તેમાંનો પ્રેમ છોડતો નથી.

### કુલીનતાની પવિત્રતા

કુલીનતા ગમે તે અવસ્થામાં હોય તો પણ છે અકુલીનતાનો સંગ્રહ કરતી નથી. અંત્યજની બાળા અત્યંત રૂપવતી હોય છતાં કુલીન તેને પરણતો નથી, તે જાણે છે ગમે તેટલું સૌંદર્ય છે છતાં આ બાળા જાતિએ અંત્યજ હોઈ તે મારા જેવા કુલીનને માટે ઈષ્ટ નથી ! જે આત્મા પુદ્‌ગલના ત્યાગના પરિણામમાં આવેલો છે તે આત્મા પણ આવા કુલીનની માફકજ ગમે તેવી સારી સમૃદ્ધિને પણ પૌદ્‌ગલિકતાનો સુંદર સમુચ્ચય જાણીનેજ દૂર કરે છે. જેમ કુલીન આત્મા સુરૂપ અંત્યજ બાળાના પ્યારમાં પણ નથી પડતો, તેજ પ્રમાણે તે સુરૂપવતી અંત્યજા કન્યાના પ્રેમને પણ નથી ચાહતો, તે તો એમજ સમજે છે કે ગમે તેવા સ્વરૂપવાળી હો, પરંતુ અંત્યજ બાળા મારા જેવા કુલીનને લાયકજ નથી,

તેજ પ્રમાણે સમકિતી ભવ્યાત્મા પણ એમજ જાણે છે કે ઘણી સુખ સાહ્યબી હોય તો પણ તે પૌદ્‌ગલિક સાહ્યબી છે અને જોઇએ તો તે ચક્રવર્તીના સુખો હોય કે દેવતાના સુખો હો, પરંતુ તે પણ પૌદ્‌ગલિક સુખ સાહ્યબીજ છે, અને તેથી મારે માટે તો એજ ઈષ્ટ છે કે આ બધાજ પુદ્‌ગલો ત્યાગવાજ જોઈએ.

મોક્ષ એજ પરમાર્થ -

જે ભવ્ય છે તેનો આત્મા ઉપરની પરિણતિ ધારણ કરી શકે છે, કારણ કે તે જાણે છે કે પુદ્‌ગલ માત્ર સંકટરૂપ હોઇ મોક્ષ એજ માત્ર પરમાર્થ છે, પરંતુ જે આત્મા અભવ્ય છે, જે આત્મા મોક્ષનેજ માનતો નથી, તે આત્મા કદાપિ પણ ઉપર જણાવેલી પરિણતિ ધારણ કરી શકતો નથી સુરૂપ અને સુશીલ અંત્યજ બાળાને જોઈને જેમ કુળહીન મનુષ્ય તેની સુંદરતા ઉપર મોહ પામીને તેને જવા દેતો નથી તેજ પ્રમાણે અભવ્ય પણ દેવાદિકના સુખો ઉપર મોહ પામે છે અને તે પૌદ્‌ગલિક સુંદરતાને સ્વીકારીને છેવટે હાથે કરીને ગધેડો બને છે ! અભવ્યોની માન્યતા એવીજ છે કે મોક્ષ કોણે દેખ્યો છે ? મોક્ષમાં થોડુંજ કાંઇ ખાવાપીવાનું છે ? ! આવું સઘળું ધારીને અભવ્યો પૌદ્‌ગલિક સમૃદ્ધિ તરફજ મીટ માંડીને જોઈ રહે છે. આવા મનુષ્યો ખાવા પીવા રૂપ અંત્યજની છોકરીમાં મોહી પડે તેમાં શું આશ્ચર્ય ! હવે જે અભવ્યો એમ પૂછે છે કે મોક્ષમાં થોડુંજ કાંઇ ખાવાપીવાનું છે ! ત્યાં શુ મઝા કરવાની છે ? કે જેથી આપણે મોક્ષ પર મરી ફાટવું જોઈએ? એ પ્રશ્નનો ઉત્તર હવે આપણે જોઈએ.

આબરૂનું ફળ શું ?

સંસારનો વ્યવહાર ચલાવવા માટે આવા અભવ્યો પણ આબરૂને માટે મરી ફીટે છે ! હવે વિચાર કરો કે એ આબરૂ તમોને શા ખપમાં આવે છે ? શું એ આબરૂ તમોને ખાવાપીવાના ખપમાં આવે છે ? શું એ આબરૂ વડે તમે પહેરવા ઓઢવાનું મેળવી શકો છો ? એ આબરૂથી તમે એવું કાંઇ મેળવી શકતા નથી, છતાં તમે આબરૂ ઉપર મરી ફીટો છો એનું કારણ શું ? આબરૂ અન્ન નથી આપતી, આબરૂ ધન નથી આપતી, છતાં સજ્જનો પણ આબરૂની પાછળ પાયમાલ થઈ જાય છે. આબરૂ કોઇને કાંઇ પૈસો કાઢી આપતી નથી, છતાં જેઓ આબરૂનું મૂલ્ય સમજે છે તેઓ આબરૂની પાછળ ખુવાર થઈ જાય છે અને તેની પાછળ પોતાનું સર્વસ્વ હોમી દે છે ! એજ પ્રમાણે જે આત્મા મોક્ષનું મૂલ્ય સમજ્યો છે તે આત્મા મોક્ષ મેળવવાના મહામાર્ગરૂપ ધર્મનું મૂલ્ય પણ સમજી શકે છે અને ધર્મની પાછલ પણ પાયમાલ થઈ જાય છે. જેને પોતાની કુલીનતાનો ખ્યાલ છે, જે પોતાની મહત્તા સમજે છે, તે આત્મા અંત્યજ બાળાનું સૌંદર્ય ગમે તેવું ચિત્તાકર્ષક હોય અને તે પોતાને ગમે એટલી પ્રિય લાગતી હોય તો પણ તેમાં મોહ પામતો નથી અને પોતાની કુલીનતા જાળવી રાખે છે. તેજ પ્રમાણે

જેઓ મોક્ષનું મૂળ સમજ્યા છે તેઓ પૌદ્‌ગલિક રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિગેરે એકે ચીજ તરફ ધ્યાન આપતા નથી અને તે કેવળ મોક્ષ તરફજ મીંટ માંડી રહે છે.

વાયરલેસનો સંદેશો.

આ જગત, જગતની સમૃદ્ધિ અથવા દેવલોક અને દેવલોકની સમૃદ્ધિ પણ જેને મોક્ષનું મૂલ્ય સમજાએલું છે તેને ઢેડની રૂપાળી છોકરી જેવું જ લાગે છે. અને તે પોતાની દૃષ્ટિને એક મોક્ષ તરફ જ માંડી રહે છે, પરંતુ એ કયારે બની શકે ? ત્યારે જ એ વસ્તુ બની શકે કે જ્યારે આત્મા સંપૂર્ણપણે પુદ્‌ગલપરિણતિથી ખસેલો હોય અને તે એક માત્ર આત્મપરિણતિમાં સ્થિર બનેલો હોય ! જેનામાં આત્મપરિણતિ નથી આવી તેવાને તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય એમાંનું કાંઈપણ વાસ્તવિક લાગતું નથી. હવે એ તપ, વિનય, તપશ્ચર્યા આદિ કોના કહેવાથી કરવાનાં છે તે જોઈએ. તપશ્ચર્યામાં કેટલું સામર્થ્ય છે તે આપણે જાણતા નથી, તપશ્ચર્યા કરવાથી કર્મ કેવી રીતે ખસે છે તે પણ આપણે જોતા જાણતા નથી પરંતુ એ બધું આપણે વાયરલેસના સંદેશાની માફક જ માનવાનું છે. વાયરલેસ તારથી જે સંદેશો આવે છે તે સંદેશો આપણે જોતા જાણતા નથી, એ સંદેશો કેવી રીતે વહન થઈને આવે છે તે પણ આપણે જાણતા નથી ! છતાં એ સંદેશો આપણે સાચો માનીએ છીએ ! કારણ ?

સંસ્થા પર વિશ્વાસ છે.

વાયરલેસ દ્વારા આવતો સંદેશો આપણે સાચો માની લઈએ છીએ તેનું કારણ એ છે કે વાયરલેસની એ આખીય સંસ્થા ઉપર આપણો વિશ્વાસ છે અને એ મિશન સત્ય તરીકે આપણી આગળ વારંવાર પુરવાર થયેલું છે. એટલા જ કારણથી આપણે આ આખી સંસ્થા ઉપર અને તે દ્વારા આવેલા સંદેશા તરફ વિશ્વાસ ધરાવીએ છીએ. એજ રીતે આપણે ભગવાન શ્રીમહાવીરદેવની પવિત્રતા ઉપર અને તેમના ઉપર આપણને પૂરેપૂરો વિશ્વાસ છે અને તેમનું મિશન પણ વારંવાર સત્ય તરીકે પુરવાર થયું છે. એટલે આપણે ભગવાનના શાસન ઉપર વિશ્વાસ રાખવો જ જોઈએ. આત્માને કર્મ લાગ્યું છે એ કર્મનો તપશ્ચર્યાથી ક્ષય થાય છે અને પરિણામે આત્માનો કર્મબંધ મટી તેને મોક્ષ મળે છે. આ સઘળામાંની એકપણ ક્રિયા આપણા જોવામાં આવતી નથી. છતાં એ સમાચારો ભગવાનશ્રી મહાવીરદેવે મોકલેલા છે અને તે સમાચારો વાયરલેસ માસ્તરરૂપ સાધુઓ તાર રૂપ આગમોથી જણાવે છે, એટલે આપણે તે સમાચારો માનવા એજ આપણું કર્તવ્ય છે. હવે બ્રોડકાસ્ટ થયેલો ભગવાનનો આ સંદેશો તારમાસ્તર આપણને આપે ખરો, પણ વળી તે એમ કહે કે હું આ બ્રોડકાસ્ટ થયેલો સંદેશો તમોને આપું છું પણ એ સંદેશો હું માનવાનો નથી, કારણ કે તે બનાવ બનતો મેં નજરે

જોયો નથી, તો એમ સમજી લેવું કે આ શબ્દો કહેવામાં તારમાસ્તર પોતાની ફરજથી દૂર જાય છે.!

**સંદેશો આપવાનો જ ધર્મ.**

હવે વાયરલેસ માસ્તરની ફરજ શું છે તે વિચારો. વાયરલેસ માસ્તરની ફરજ માત્ર એટલીજ છે કે બ્રોડકાસ્ટ થએલો સંદેશો તમોને પહોંચતો કરી દેવો. એનાથી તેની વધારે ફરજ નથી, હવે વાયરલેસ ટેલીગ્રાફ માસ્તરે મોકલેલો સંદેશો માનવો કે ન માનવો એ તમારી મરજીની વાત છે વાયરલેસ ટેલીગ્રામ માસ્તર જેમ બ્રોડકાસ્ટ થએલો સંદેશો તમોને આપે છે તેજ પ્રમાણે સાધુરૂપી માસ્તર પણ તમોને ભગવાન શ્રીમહાવીરદેવનો સંદેશો પહોંચાડે છે, અને એ સંદેશો જ્યાં તેણે પહોંચાડી દીધો કે પછી તેની ફરજ પુરી થાય છે. માસ્તરરૂપ સાધુઓએ ભગવાન શ્રીમહાવીરદેવને અથવા તો બીજા કોઈ કેવળીભગવાનોને કાનોકાન બોલતા સાંભળ્યા નથી. વાયરલેસ મશીન દ્વારા જેમ વક્તાનો સંદેશો આવે છે તેજ પ્રમાણે વાયરલેસ આગમો દ્વારા ભગવાન શ્રીમહાવીરદેવનો સંદેશો અમે જોયો જાણ્યો છે એ સંદેશો માસ્તરરૂપ સાધુઓએ તમોને આપી દીધો એટલે સાધુમહારાજાઓની ફરજ સંપૂર્ણ થાય છે, તેમને પછી બીજી કાંઈ ફરજ બજાવવાપણું રહેતું નથીજ !

**એથી વધારે નહિ**

માસ્તરની ફરજ તો એટલી જ છે કે સંદેશો પહોંચાડાવવો. ઘેરઘેર જઈને વાયરલેસની દ્વારા આવેલો સંદેશો સાચો છે એવી લોકોની ખાત્રી કરી આપવાની અને તે સંદેશો તેમની પાસે મનાવવાની માસ્તરની ફરજ નથી. તેજ પ્રમાણે લોકોને ઘેરઘેર જઈને ભગવાન શ્રીમહાવીરદેવનો સંદેશો પણ તેમને સાચો ઠરાવી આપવાની અને તેમની પાસે મનાવવાની સાધુમહારાજાઓની ફરજ જ નથી. સાધુઓ તો સર્વજ્ઞ ભગવાનોના સમાચારો તમોને જેમના તેમ લાવી આપે છે. પછી એ સંદેશામાં વિકાર થયો છે એવું તમે કહો અથવા તો તેના શબ્દોને આડાઅવળા ખેંચીને તેમાંથી વિપરીત અર્થ કહાડો અથવા તો સર્વજ્ઞવચનથી ઉંધા જ ચાલી શકાય એવો અર્થ શોધવા પ્રયત્ન કરો એ બધું તમારા પોતાના જોખમે અને હિસાબે છે અને તેમાં સાધુમહારાજાઓનો લેશમાત્ર પણ દોષ નથી જ ! સાધુ તો ઉલટો તે વખતે પણ સફળ થયો છે કે તેણે પોતાની ફરજ બજાવી છે અને જે કાર્ય તેમને સોંપવામાં આવ્યું હતું તે તેમણે પાર ઉતાર્યુ છે.

**સાધુઓ ફરજ બજાવે છે.**

ભગવાન સર્વજ્ઞદેવે તમોને એ વસ્તુ સારી રીતે બતાવી દીધી છે કે અમુક કરવાથી લાભ છે, અમુક કરવાથી નુકસાન છે, અમુકનું આ પરિણામ છે અને અમુકનું આ પરિણામ છે. ભગવાન મહાવીરના આ સમાચારો સાધુઓ તમોને સંભળાવે છે, પરંતુ એ ભગવાન મહાવીર દેવે બતાવેલા સાધનો કે જે તપસ્યા ઈત્યાદિ ધર્મારાધનથી કર્મ ક્ષય થાય છે અને છેવટે

પરમાર્થરૂપ મોક્ષ મળે છે એ સાધનો ઉપર તમો વિશ્વાસ ના રાખો અને ફાવે તેવું વર્તન કર્યા કરો તો એમાં નથી ભગવાન સર્વજ્ઞદેવોની કસુર, નથી સાધુમહારાજની કસુર કે નથી આગમોનો દોષ. પરંતુ દોષ તમારા અવળચંડાપણાનો જ છે કે જેનાથી તમે અવળા અનુમાનો તારવો છે અને ઉંધા જ દોડો છો. તમે આ રીતે હાથે કરીને કુવામાં પડો ત્યાં આ માસ્તર બિચારો શું કરવાનો હતો? ભગવાન તીર્થંકર દેવોની ઓફીસ તરફથી આવતા સંદેશાઓ માસ્તર તમોને ન પહોંચાડે તોજ માસ્તર ગુન્હેગાર છે, પરંતુ માસ્તર એ સંદેશો જેમનો તેમ સંભળાવી દે છે. એ સંદેશો સાંભળ્યા પછી તમે તેને સાચા માનો, જાુઠા માનો, અતિશયોક્તિવાળા માનો કે ગમે તેવા માનો અને તેને ન અનુસરો તો એમાં દોષ તમારો પોતાનો જ છે. તે માટે બીજો કોઈ જવાબદાર નથી.

### રેકર્ડ તપાસી શકો.

અહીં એક વાત યાદ રાખવાની કે બ્રોડકાસ્ટ થએલા સંદેશામાં તમારા સાંભળવા સમજવામાં ભૂલ હોય અને તેથી તમારી ભૂલ થાય એ બનવા જોગ છે. પરંતુ તમોને એવો વહેમ પડતાં યા તમોને એવો સંદેહ કોઈએ દર્શાવતા તમો તમારા કાર્યના સત્યાસત્યપણાની તપાસ કરી શકો છો. ટેલીગ્રામ ઓફિસમાં હમેશાં દરેક વાતનો રેકર્ડ રહે છે તમોને સંદેહ પડે તો એ માંગણીથી તમે તપાસી શકો. એજ પ્રમાણે તમો ધર્મસંદેશ સાંભળો અને તેમાં પણ જો તમારો કાંઈ દોષ હોય, તમો સાંભળવામાં ભૂલ કરો, અથવા તમારો સમજવામાં પ્રમાદ થાય, તો તમે આગમરૂપી રેકર્ડો મંગાવીને તે જોઈ શકો છો અને તમારી ભૂલ સુધારી શકો છો ! સરકારી ઓફિસના રેકર્ડો જોવાની તો ફી પણ બેસે છે જ્યારે આ રેકર્ડ તો મફત ! મફત !! તદ્દન મફત !!! છે. આ રેકર્ડ જોવાની પૈસો પણ ફી બેસતી નથી, એટલું જ નહિ, પરંતુ રેકર્ડ તમોને જોઇ આપવાનું કામ પણ શ્રીમાન્ સાધુ મહારાજાઓ કાંઈપણ ફી લીધા વિના જ બજાવે છે!

### વહેમ લાગતાં ખાત્રી કરો.

તમોને સાધુઓના કથનમાં પણ વહેમ લાગે તો તે બનવા જોગ છે. એક વાત તદ્દ્ન સાચી છે કે તમે સાધુઓ જે કાંઇ કહે તે સઘળું જ માની લેવાને બંધાયા નથી! તમોને એમ લાગે કે સાધુઓએ અમૂક વાત તો શાસનથી અવળીજ કહી છે તો તમારી ફરજ છે કે તમો આગમરૂપી રેકર્ડ જોઈ શકો છો, પરંતુ આ સઘળી હિલચાલ તેજ કરી શકે છે કે જે શ્રીમાન્ શાસનદેવની ઓફિસના હેડને માને ! શાસન દેવની ઓફિસના હેડરૂપ શ્રીમાન્ તીર્થંકર ભગવાનને જ માનતો નથી તેનું શું થાય ? શ્રીમાન જૈનશાસનની ઓફિસના હેડ તે તીર્થંકરભગવાન છે. સર્વજ્ઞપણું છે એને જે ન માને, એનું જ એ સર્વજ્ઞપણું કબુલ ન રાખે, તેના શા હાલ થાય ? તે તમારે જ વિચારવાની વાત છે. ઉલટો ચોર કોટવાળને

દંડે એ પ્રમાણે કેટલાક મનુષ્યો તો એવા છે કે જેઓ જગતના વ્યવહારે ચાલીને એમ કહે છે કે ચાર પરમેષ્ઠિઓજ છે. પાંચમો કોઇ છે જ નહિ. જેઓ આવું માની લે છે તેવાનું ભાગ્ય જ ફર્યુ છે એમ માનવામાં શું જરાપણ વાંધો છે કે ? હવે તેઓ ચાર પરમેષ્ઠિને શા માટે માને છે તે જોઇએ. ભગવાન શ્રીતીર્થંકરો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ચારને તેઓ માને છે.

## સર્વનું મુળ મોક્ષ.

ભગવાન શ્રીતીર્થંકરદેવોને તેઓ એટલાજ માટે માને છેકે તીર્થંકરદેવોની દેવતાઓ સેવા કરતા હોય છે તેમના સંબંધમાં આઠ પ્રાતિહાર્યો હોય છે. આ બધા કારણથી તીર્થંકરદેવોને માનવા પડે છે. તેઓ આચાર્યોને એટલા માટે માને છે કે તેમને પોતાને ગચ્છમાં રહેવું છે. અને આચાર્યો સૂત્રાર્થ દેતા હોય છે. ઉપાધ્યાયને તેઓ એટલા માટે માને છે કે તેઓ સૂત્ર આપનારા હોય છે એટલે તેમને ઉપાધ્યાયોને પણ માનવા પડે છે અને સાધુને તેઓ એટલા જ કારણથી માને છે કે તે પોતાના જેવો હોય છે. પરંતુ અભવ્યો આ ચાર પરમેષ્ઠિને માને છે, કિંતુ તેઓ પાંચમા પરમેષ્ઠિરૂપ સિદ્ધદેવતાને માનતા નથી ! એવા અભવ્યોને સત્યમાર્ગ પર લાવવા માટે આપણે તેને વ્યાજબી રીતે એ વાત પૂછી શકીએ કે શ્રીમાન ! કલ્પવૃક્ષ એ સ્વાભાવિક ચીજ છે કે ઉગીને થવાવાળી ચીજ છે ! જવાબ એ છે કે તે વાવ્યાથી ઉગવાવાળી ચીજ છે અને એ વૃક્ષ જ્યારે તૈયાર થાય છે ત્યારેજ તેના અધિષ્ઠાયકો અધિષ્ઠાતા થાય છે. નવકારબોલો, નવકારગણો, સઘળો વ્યવહાર કરો, પરંતુ તે સર્વનું ફળ મોક્ષ છે, તે સર્વનું છેવટનું પરિણામ મોક્ષ છે એ ન સમજો તો ખીચડી આખી ઓરીએ અને તે હાલ્લીમાં રંધાયા કરે, પરંતુ તળીઆમાં દાઝી જાય તેના જેવી જ દશા તમારાવાળાની છે. તમે નવકાર જાણો છો, ધર્માચરણ કરો છો, પરંતુ એ સઘળું શા માટે થાય છે એ જે સમજતો નથી તેની ખીચડી બળી ગઈ સમજવાની છે. અર્થાત્ જેણે પોતાની ખીચડી બળવા ના દેવી હોય તેણે સઘળા ધર્માચરણનો સાર શું છે અને એ ધર્માચરણનો હેતુ શું છે તે જાણવું જોઈએ.

## મૂળવાત વિચારો

હવે આપણે મૂળવાત ઉપર આવી જઈએ. અભવ્ય આત્માઓ ચાર પરમેષ્ઠિને માને છે. પરંતુ પાંચમા એટલે બીજા એવા સિદ્ધ પરમેષ્ઠિને બાકી મોક્ષના સથવારા રૂપપણે માનતા નથી, કારણ કે તેઓ મોક્ષ માનવાને તૈયાર નથી. હવે જેઓ મોક્ષ જેવી વસ્તુ ન માનતા હોય, મુક્તિ છે એવી વાત જ ન સ્વીકારતા હોય, તેઓ સિદ્ધ અથવા મુક્તને ન માને એમાં કાંઈ જ આશ્ચય પામવાનું નથી. જેઓ જે વસ્તુ ન માનતા હોય તેઓ એ વસ્તુનો કોઇ અનુભવનારો જ નથી એમજ કહે તે તદ્દન સ્વાભાવિક છે. હવે આ સઘળી ચર્ચાની સાથે

આપણા પેલા આપણા મૂળ પ્રશ્નનો સંબંધ જોડવાનો છે. ધર્મનૂં મૂળ શું છે ? વિનય, અહિંસા કે સત્ય? તમે અભવ્યોની વિચારસરણી કેવી હોય છે તે વસ્તુ તપાસી ગયા છો. હવે વિચાર કરો કે અહીં તેમની માન્યતામાં કચાશ ક્યાં આવે છે અહિંસામાં, સત્યમાં કે વિનયમાં ? અહિં જે કચાશ આવે છે તે અન્ય કોઈ સ્થળે નહિ, પરંતુ વિનયમાંજ આવે છે અને તેથીજ ધર્મશાસ્ત્ર કે ધર્મનું મૂળ વિનય કહ્યુ છે.

અસિલનો કેસ તૈયાર કરો.

તમે કહેશો કે અરિહંતાદિ ચારે પરમેષ્ઠિઓને પણ અભવ્યો માને તો છે જ તો પછી તેમણે વિનય નથી ધારણ કર્યો એ આપણે કેવી રીતે માની શકીએ ? તમારી શંકાનો જવાબ એ છે કે તેઓ અરિહંતાદિ ચારને માને છે, પરંતુ તે ચારેનો સાચો વિનય તેમનામાં સંભવી શકતો જ નથી. વકીલો જ્યારે પોતાના ધારાશાસ્ત્રીના અધિકારથી પોતાના અસિલનો કેસ ન્યાયકોર્ટમાં રજુ કરે છે ત્યારે તેઓ ન્યાયાધીશને મદદ કરવાના હેતુથી પુરાએલા હોતા નથી, પરંતુ પોતાના અસિલને બચાવી લેવાના હેતુથી જ તેઓ પુરાએલા હોય છે. આરોપી પોતાના વકીલ આગળ પોતાના ગુન્હાનું તદન સાચું સ્વરૂપ રજુ કરી દે છે. પોતાના ગુન્હા, પોતાની ભુલો, પોતાના દુરાચારો એ સઘળું તે તેની પાસે રજુ કરે છે. આરોપીનો વકીલ એ વખતે સારી રીતે સમજે કે પોતાનો અસિલ શિક્ષા પત્રનો છે અને જો પોતે જ મેજીસ્ટ્રેટ હોય તો એ આરોપીને તે કદી પણ જતો ન જ કરે ! છતાં અસિલના વકીલ તરીકે તો વકીલ કે ધારાશાસ્ત્રી પોતાના અસિલનો બચાવ કરે છે. તે એક શબ્દ પણ એવો નથી બોલતો કે જેથી પોતાના અસિલના હિતની હાની થાય અથવા તેનો કેસ માર્યો જાય !


## તૈયાર છે

| | |
|---|---|
| શ્રી કલ્પસમર્થન | ૦-૮-૦ |
| શ્રી કથાકોષ | ૧-૪-૦ |

**- તુરતમાં બ્હાર પડનારા -**

શ્રી ભવભાવના સટીક - ભાગ બીજો

શ્રી પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક અને સાવચૂરિક

લખો :-

**શ્રી જૈનઆનંદ પુસ્તકાલય**

ગોપીપુરા - સુરત.


### વકીલોનો ધર્મ શું ?

વાસ્તવિક રીતે તપાસો તો વકીલોનો આ ધર્મ જ નથી, જે વકીલ છે પછી તે ન્યાયાધીશ

હો અથવા અસિલનો ધારાશાસ્ત્રી હો, પરંતુ એ બધાની ફરજ તો એજ કે તેમણે ન્યાયના કાયદાઓને આધારે તો રક્ષા જ કરવી જોઈએ અને ખોટો કેસ માલમ પડતાં તે કેસ ત્યાંથી જ છોડી દઈને પોતે જુઠા અસિલના ધારાશાસ્ત્રી તરીકે ગણાવવું મટી જવું જોઈએ, ન્યાયની નેમ તો આજ છે પરંતુ આપણે જોઇએ છીએ કે ન્યાયની આ નેમ આજકાલના વકીલોમાંથી કોઈ પણ જાળવતા નથી.

તેઓ તો સાચું હોય કે જુઠું હોય, પણ કોર્ટમાં હાકે રાખે છે ! તેઓ પોતે વ્યક્તિગત ગમે તે માન્યત્તા ધરાવતા હોય, પરંતુ તે માન્યતા તેઓ પ્રકટ કરતા નથી, અને કોર્ટમાં તો ફક્ત કાયદાને આધારે જ પોતાના અસિલનો કેસ રજુ કરે છે, કોર્ટમાં વકીલ પોતાના આત્માંના અવાજને માન આપી ભાષણ કરવા ઉભો થઈ જાય તે ચાલતું નથી. પરંતુ તેણે કાયદા પ્રમાણે જ પોતાની દલીલ રજુ કરવી પડે છે. હવે એ દૃષ્ટાંત ઉપરથી આપણે શું માન્યતા ગ્રહણ કરવાની છે તે તપાસીએ.

### ધર્મનું મૂળ પવિત્રતા

જેમ વકીલો પોતે પોતાનું ટાહ્યલું કોર્ટ આગલ રજુ કરી શકતા નથી, પરંતુ તેમને ના. કોર્ટની આગળ કાયદા પ્રમાણે જ જે બોલવું હોય તેજ બોલવું પડે છે. તેમ અહિં પણ સત્ય અહિંસા આદિ સઘળું વિનય આધારે જ રજુ થાય છે, જ્યાં વિનયનો આધાર નથી તેવી કોઈપણ વસ્તુ આ શાસનને નામે આપણાથી રજુ થઈ શકે તેમ નથી, કારણ કે આ શાસનની રંગભૂમિ કે તેનું મૂળ અગર જે કાંઈ કહે તો વિનય છે. જે સત્યમાં વિનય નથી, જે સત્યમાં અહિંસા નથી તેવા સત્ય અને અહિંસાની આ શાસનમાં તો કાંઇ કીંમત જ નથી ! વિનય વિનાના સત્ય અને અહિંસા એ ઉભય અર્થ હીન છે. એથી જ જ્ઞાતાસૂત્ર દશવૈકાલિક અને ઉતરાધ્યયનમાં ધર્મનું મૂળ વિનય છે એમ કહેવામાં આવ્યું છે. ઘરગત્થુ જેવા થઈ પડેલા પખ્ખીસૂત્રમાં પણ विनय मुलस्स અર્થાત ધર્મનું મૂળ વિનય છે. એમ કહેવામાં આવ્યું છે. અન્યમતાવલંબીઓ કાયાની પવિત્રતાને ધર્મનું મૂળ માને છે પરંતુ તેમની માન્યતા કેવી અસત્ય છે તે સહજે જણાઈ આવે છે ! અન્યમતાવલંબીઓ કહે છે કે સ્નાનઆદિમાં જ ધર્મનું મૂળ રહ્યું છે. જેના અંતઃકરણમાં ધર્મનું મૂળ શૌચ છે એમ વસ્યું છે તેમની એ માન્યતા કેવી મિથ્યા છે તે હવે જોઈશું.

### શૌચનો સાચો હેતુ

અન્યમતાવલંબીઓ શૌચને જ ધર્મનું મૂળ માનતા હોવાથી જ્યાં શૌચને અંતરાય થતો લાગે છે ત્યાં તેઓ ભડકી જાય છે ! આપણે જૈનદર્શનાનુયાયીઓ પણ શૌચને માનીએ છીએ, નથી માનતા એમ નથી, પરંતુ આપણે શૌચને ધર્મના મૂળ તરીકે નથી માનતા, તેને ધર્મના ઈતર સાધન તરીકે માનીએ છીએ.

એ વાત મરજાદિઓને ઘેરે ઉભી જ રહે છે! શ્રાવકોને ત્યાં તો શૌચનો વ્યવહાર તો છે, પરંતુ

(અનુસંધાન પાનું ૩૪૫)

# તીર્થયાત્રા-સંઘયાત્રા (ગતાંકથી ચાલુ)

તે વખતે તે સૂર્યાભદેવતાને ચાર હજાર સામાનિક દેવતાયાવત્ સોલહજાર આત્મરક્ષક દેવતા અને બીજા પણ સૂર્યાભવિમાનમાં રહેવાવાલા દેવતા અને દેવીઓ કે જેઓમાં કેટલાકના હાથમાં કમળ છે, યાવત્ કેટલાકના હાથમાં શતસહસ્ર (લક્ષ) પત્રનાં કમળો છે, તેઓ સૂર્યાભદેવતાની પાછળ પાછળ ચાલે છે, તે પછી સૂર્યાભદેવતાને ઘણા આભિઓગિક દેવતા અને દેવીઓ જેઓમાં કેટલાકના હાથમાંકળશ યાવત્ કેટલાકના હાથમાં ધૂપધાણાં છે અને હર્ષવાળા સંતોષવાળા થયા છતાયાવત્ સૂર્યાભદેવતાની પાછળ પાછળ ચાલે છે. તે પછી તે સૂર્યાભદેવતા ચાર હજારસામાનિકની સાથે અને બીજાપણ ઘણા સૂર્યાભવિમાનના દેવતા અને દેવીઓથી પરિવરેલા સર્વ ઋદ્ધિથી યાવત્ પડઘાના શબ્દોથી જ્યાં સિદ્ધાયતન છે ત્યાં આવે છે, આવીને સિદ્ધાયતનના પૂર્વદ્વારે પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને જ્યાં દેવછંદો છે, અને જ્યાં જીનેશ્વરની પ્રતિમાઓ છે ત્યાં આવે છે. આવીને જીનેશ્વરભગવાન્ની પ્રતિમાઓને દેખતાંની સાથે પ્રણામ કરે છે. મોરપીંછી ગ્રહણ કરે છે, મારે પીંછીથી જિનપ્રતિમાંનું પ્રમાર્જત કરીને અત્યંત સુગન્ધિગન્ધવાળા પાણીથી જીનપ્રતિમાઓનું પ્રક્ષાલન કરે છે, કરીને સરસ એવા ગોશીર્ષચંદને જીનપ્રતિમાને લેપ કરે છે, લેપ કરીને સુગન્ધિ એવી ગન્ધકાષાયી સાડીએ કરીને શરીરને લુહે છે, લુહીને જીનપ્રતિમાને અહત એવા દેવદુષ્યના યુગલો પહેરાવે છે, પહેરાવીને ફુલમાળા ગન્ધ ચૂર્ણ વર્ણ વસ્ત્ર આભરણ એ બધાં ચઢાવે છે. ચઢાવીને ઉપરથી નીચે સુધી લાગવાવાળી એવી મ્હોટી ગોળ અને લંબાયેલી ફુલમાળાની શ્રેણીને કરે છે. કરીને વાળગ્રહણની માફક ગ્રહણ કરેલા અને હાથથી ફેંકીને ચારે બાજુએ વિખરાયેલા પાંચે વર્ણના ફુલોએ કરીને ફુલપૂજાનો ઉપચારજ મૂક્યો ન હોય તેવું કરે છે, કરીને જીન પ્રતિમાની આગળ સ્વચ્છ બારીક દ્રવ્યથી બનેલા રૂપાના સરસ તન્દુલોએ કરીને અષ્ટ અષ્ટ મંગળનું આલેખન કરે છે.

તે આવી રીતે-સ્વસ્તિક યાવત્ દર્પણ તે પછી ચન્દ્ર-પ્રભ-રત્ન-હીરા-વૈડૂર્યરત્નનો વિમલદંડ છે, જેને સોના મણિ અને રત્નની કારિગરીથી આશ્ચર્યકારક એવા કૃષ્ણાગરૂ શ્રેષ્ઠ શીલારસ અને તુરૂષ્કથી બનેલા ધૂપની મઘમઘાયમાન ગન્ધથી વ્યાપ્ત તેમજ ધૂમના ગોટાળાને કહાડતો એવા વૈડુર્યમય ધૂપધાણાને ગ્રહણ કરીને ઉપયોગ પૂર્વક જીનેશ્વરોની આગળ ધૂપ દઈને, વિશુદ્ધ રચનાએ કરીને સંહિત, અર્થ સહિત, બેવડાયેલા વગરના, એકસોઆઠ મહાકાવ્યોએ કરીને ભગવાન્ની સ્તુતિ કરે છે. સાતઆઠ ડગલાં પાછળ પાછળ ખસે છે, ડાબુ ઢીંચણ ઉપાડીને જમણું ઢીંચણ પૃથ્વીતલમાં સ્થાપન કરી ત્રણ વખત મસ્તકને પૃથ્વી તળે ફરસે છે, ફરસીને કંઈક પાછલથી ઉંચો થાય છે, પછી બે હાથ વાળી અને મસ્તકમાં જેનો આવર્ત્ત છે એવી અંજલિ મસ્તકમાં કરીને એમ બોલે છે.

'અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ' યાવત્ સિદ્ધિગતિના સ્થાનને પામેલા ભગવાનને નમસ્કાર થાઓ. પછી વાંદે છે. નમસ્કાર કરે છે. વાંદી નમસ્કાર કરી જે જગો પર દેવછંદો છે, જ્યાં સિદ્ધાયતનનો બહુ મધ્યભાગ છે ત્યાં આવે છે, આવીને મોરપીંછી લે છે લઈને સિદ્ધાયતનના મધ્યભાગોને મોરપીછીંથી પ્રમાર્જન કરે છે, મનોહર પાણીની ધારાએ કરીને સીંચે છે. સરસ ગોશીર્ષચંદને પાંચ અંગુલીના આંતરીઆવાળું માંડલું આલેખે છે, વાળ પકડવાની માફક પકડીને યાવત્ પુષ્પ સમુદાયની પૂજા કર્યા જેવું કરે છે. કરીને ધૂપ દે છે. પછી સિદ્ધાયતનના દક્ષિણબારણે આવી મોરપીંછી લઈને બારણાની નાની અને મ્હોટી પુતળીઓને યાવત્ સર્પના રૂપોને મોરપીંછીથી પ્રમાર્જન કરે છે મનોહર પાણીની ધારાથી સીંચે છે મનોહર ગોશીર્ષચન્દનથી થાપાઓ આપે છે આપીને

પુષ્પમાલા યાવત્ આભરણનો આરોહણ કરે છે. કરીને ઉપર નીચે લાગેલા છેડા છે જેના એવી ફુલમાલાઓનો સમુદાય કરી ધૂપ દઈને જ્યાં દક્ષિણદિશાનો મુખ્યમંડપ છે અને જ્યાં દક્ષિણદિશાના મુખ્યમંડપનો મધ્ય ભાગ છે ત્યાં આવીને પૂંજણી લઈને મધ્યભાગને પૂંજણીથી પ્રમાર્જન કરે છે. કરીને મનોહર પાણીની ધારાએ સીંચે છે. સરસ એવા ગોશીર્ષચન્દનથી પંચાંગુલિતલવાળું માંડલું આલેખે છે, વાળને ગ્રહણ કરવાની માફક પુષ્પોને ગ્રહણ કરીને મૂકેલાની માફક ફૂલોને વિખેરે છે યાવત્ ધૂપ દે છે, દઈને દક્ષિણદિશાના મુખમંડપમાં પશ્ચિમદિશાનું બારણું જ્યાં છે ત્યાં આવે છે, મોરપીછીં લે છે, શાખા અને પ્રતોલીઓ યાવત્ વ્યાલરૂપને પૂંજણીથી પૂજે છે મનોહર પાણીની ધારાથી સીંચે છે, સરસ એવા ગોશીર્ષ ચંદનથી થાપા દે છે, પુષ્પ યાવત્ આભરણનું આરોહણ કરે છે, ઉપર નીચે છેડા લાગેલા હોય એવી ફુલમાળાનો સમુદાય ટીંગાડે છે. ચારે બાજુ ફૂલ વિખેરે છે ધૂપ દે છે પછી જે જગો પર દક્ષિણના મુખમંડપની ઉત્તર બાજુની સ્તંભની જે શ્રેણી છે. ત્યાં આગળ આવીને મોરપીછી લે છે યાવત્ સ્તંભ પુતળીઓ અને વ્યાલરૂપને પૂંજણીથી પૂજે છે. જેમ પશ્ચિમ દિશાના દ્વારને કર્યું તેવી રીતે યાવત્ ધુપ દઈને જે જગોપર દક્ષિણદિશાના મુખમંડપનું પૂર્વનું દ્વાર છે તે જગોપર આવે છે. આવીને મોરપીંછી લઈને શાખા અને પુતળીઓ વિગેરે સંબંધિની હકીકત બધી કહેવી, પછી જે જગોપર દક્ષિણદિશાનું પ્રેક્ષાઘર છે. જે જગોપર દક્ષિણ દિશાના પ્રેક્ષાઘરોનો મધ્યભાગ છે, જે જગો પર વજ્રમય અખાડો છે, જ્યાં મણિપીઠિકા છે, જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે, મોર પીંછી લઈને અખાડો મૂલપીઠિકા અને સિંહાસનને પ્રમાર્જે છે.

દેવતાઈ પાણીધારાએ સીંચે છે, સારા બાવનચન્દનથી થાપા દે છે પછી પુષ્પારોહણ વગેરેથી માંડીને ધૂપદહન સુધીની ક્રિયા કરે છે, પછી જે જગોપર દક્ષિણ દિશાના પ્રેક્ષાઘરનું પશ્ચિમનું દ્વાર છે ઉત્તરનું દ્વાર છે, તેવી રીતે યાવત્ પૂર્વનું દ્વાર છે યાવત દક્ષિણ દ્વારે પણ તેમજ સમજવું, પછી જે જગોપર દક્ષિણદિશાનો ચૈત્યસ્તૂપ છે તે જગોપર આવે છે, આવીને સ્તુપ અને મણિપીઠિકાને થાપા દે છે મનોહર જલધારાએ સીંચે છે. સરસ ગોશીર્ષચન્દને થાપા દે છે. દઈને પુષ્પારોહણ વિગેરે ધૂપ દેવા સુધીની ક્રિયાઓ કરે છે.પછી જ્યાં પશ્ચિમ દિશાની મણિપીઠિકા છે જ્યાં પશ્ચિમદિશાની જિનપ્રતિમા છે ત્યાં આવીને પણ બધું કરે છે, પછી જ્યાં ઉત્તરદિશાની જિનપ્રતિમા છે ત્યાં બધું કરે છે, પછી પૂર્વદિશાની મણિપીઠિકા અને જીનપ્રતિમા છે ત્યાં આવીને બધું કરે છે પછી જ્યાં દક્ષિણદિશાની મણિપીઠિકા અને દક્ષિણદિશાની જીનપ્રતિમા છે ત્યાં આવીને પણ બધું કરે છે, વળી જ્યાં દક્ષિણ દિશાનાં ચૈત્યવૃક્ષો છે ત્યાં આવે છે અને ત્યાં પણ બધું કરે છે, પછી જ્યાં મહેન્દ્રધ્વજ અને દક્ષિણદિશાની વાવડી છે ત્યાં આવે છે, મોરપીંછી લે છે, તોરણ પગથીયાં પુતળીઓ અને વ્યાલરૂપોને પીંછીથી પ્રમાર્જે છે. મનોહર પાણીની ધારાએ સીંચે છે સારાગોશીર્ષચંદને થાપા દે છે પુષ્પારોહણ વિગેરે ધૂપ સુધીની ક્રિયાઓ કરે છે, સિદ્ધાયતનને પ્રદક્ષિણા કરતો જ્યાં ઉત્તરદિશાની નંદાપુષ્કરણીની વાવડી છે ત્યાં પણ બધી ક્રિયા કરે છે જ્યાં ઉત્તરદિશાનાં ચૈત્યો છે ત્યાં આવે છે જ્યાં ઉત્તરદિશાનાં ચૈત્યસ્તૂપ છે ત્યાં આવીને પણ તે બધી ક્રિયાઓ કરે છે, જ્યાં પશ્ચિમ પીઠિકા છે જ્યાં પશ્ચિમ જીનપ્રતિમા છે ત્યાં આવીને પણ તેમ કરે છે, પછી જ્યાં ઉત્તરદિશાનો પ્રેક્ષાગૃહમંડપ છે ત્યાં આવે છે આવીને જે દક્ષિણદિશાની હકીકત છે તે બધી અહીં લેવી, દક્ષિણદિશાની સ્તંભની શ્રેણી વિગેરે બધું લેવું પછી પશ્ચિમદિશાનું દ્વાર છે ત્યાં આવે છે, ઉત્તરદિશાના

દ્વારમાં દક્ષિણદિશાના થાંભલાની શ્રેણી આગળ આવે છે, આવીને પૂર્વ મુજબ કરે છે. પછી જ્યાં સિદ્ધાયતનનું ઉત્તરદિશાનું દ્વાર છે ત્યાં પણ તેમજ કરે છે. જ્યાં સિદ્ધાયતનનું પૂર્વદ્વાર છે ત્યાં પણ તેમજ કરે છે. પછી જ્યાં પૂર્વદિશાનો મુખમંડપ છે અને જ્યાં તેનો મધ્યભાગ છે ત્યાં પણ તેમ કરે છે, એવી રીતે સ્તૂપ જીનપ્રતિમા-ચૈત્યવૃક્ષ મહેન્દ્રધ્વજ અને નન્દાપુષ્કરણીની તેજ હકીકત લેવી યાવત્ ધૂપ દઈને જ્યાં સુધર્મસભા છે ત્યાં આવે છે. સુધર્મસભાના પૂર્વદ્વારે પ્રવેશ કરે છે. જ્યાં માણવક નામનો ચૈત્યસ્તંભ છે જ્યાં હીરાના ગોળ મોટા ડાભડાઓ છે ત્યાં આવી પૂંજણી લઈને હીરાના ડાભડાઓ પૂંજણીથી પ્રમાર્જે છે, હીરાના ગોળ ડાભડાઓ ઉઘાડે છે. જીનેશ્વર મહારાજની સક્થિઓને પૂંજનણીથી પૂજે છે, પછી સુગન્ધિ-ગન્ધોદકથી પ્રક્ષાલન કરે છે પછી અગ્ર અને શ્રેષ્ઠ એવા ગન્ધોથી તથા પુષ્પોથી પૂજે છે અને ધૂપ દે છે, ધૂપ દઈને જીનેશ્વરના સકિથઓ વજ્રમય ગોળ ડાભડામાં સ્થાપે છે, માણવક ચૈત્યસ્તંભને પૂંજણીથી પૂંજે છે, દિવ્ય ઉદગધરાએ સીંચે છે, સરસ ગોશીર્ષચન્દનથી થાપા દે છે, પુષ્પનું આરોહણ કરે છે. ધૂપ બાળે છે, પછી જે જગોપર આયુધનો કોષ ચોપ્પાલકનામે છે ત્યાં આવે છે, પીંછી લે છે પ્રહરણકોશ એવા ચોપ્પાલકને પીંછીથી પૂંજે છે દિવ્યપાણીની ધારા કરે છે સરસગોશીર્ષચન્દનથી થાપા દે છે પુષ્પારોહણ કરે છે ઉપર નીચે છેડે લાગતી ફુલની માળા કરવાપૂર્વક યાવત્ ધૂપ દે છે. જે જગોપર સુધર્મસભાનો મધ્યભાગ છે જ્યાં મણિપીઠિકા છે જ્યાં દેવશય્યા છે ત્યાં આવે છે પૂંજણી લે છે દેવશય્યા અને મણિપીઠિકાને પૂંજણીથી પૂજે છે યાવત્ ધૂપ દે છે, પછી જ્યાં ઉપપાતસભાનું દક્ષિણદ્વાર છે ત્યાં આવે છે, અભિષેકસભાની માફક બધું લેવું યાવત્ પૂર્વદિશાની નંદાપુષ્કરણી અને હદ જ્યાં છે ત્યાં આવે છે, તોરણ પગથીયાં પૂતળીઓ વ્યાલરૂપકને તેવીજ રીતે કરે છે. પછી જ્યાં અભિષેક સભા છે ત્યાં આવીને તેવીજરીતે સિંહાસન અને મણિપઠિકાની વિધિ કરે છે. સિદ્ધાયતનની માફક, જ્યાં પૂર્વદિશાની નન્દાપુષ્કરણી પછી જ્યાં અલંકાર સભા છે ત્યાં આવે છે જેવીરીતે અભિષેક સભાને માટે કહ્યું તેવી રીતે બધું લેવું, પછી જ્યાં વ્યવસાયસભા છે ત્યાં આવીને તેવીજ રીતે પીછી લે છે પુસ્તકરત્નને પીછીથી પ્રમાર્જન કરે છે અને દિવ્યઉદ્ગધારાએ ઉત્તમ અને શ્રેષ્ઠ એવા ગન્ધમાલ્યથી કરીને પૂજે છે, પછી મણિપીઠિકા અને સિંહાસનને માટે પણ તેમજ યાવત્ પૂર્વદિશાની નન્દાપુષ્કરણી જે જગો પર હ્રદ છે તે જગો પર આવીને તોરણ પગથીઆં પૂતળીઓ અને વ્યાલરૂપ સંબંધી અધિકાર લઈ લેવો, પછી જ્યાં બલિપીઠ છે ત્યાં આવે છે અને બલિનું વિસર્જન કરે છે, આભિઓગિક દેવાતાને બોલાવીને એમ કહે છે કે હે દેવાનુપ્રિયો ! સૂર્યાભવિમાનમાં સંઘોડાના આકારે સ્થાન, ત્રણ રસ્તાનું સ્થાન, ચાર રસ્તાનું સ્થાન, અનેક રસ્તાનું સ્થાન દેવકુળો, મોટા માર્ગો, પ્રાકારો બૂરજો-વચલામાર્ગો-દ્વારો-ગામનાં કમાડો-તોરણો બગીચા-ઉદ્યાનો-વન-વનરાજિ-કાનન-અને વનખંડોમાં અર્ચનિકા જલ્દી કરો અને અર્ચનિકા જલ્દી કરીને અમારી આજ્ઞા જલ્દી પાછી આપો, પછીતે આભિઓગિક દેવતાઓ સૂર્યાભદેવતાએ એવીરીતે કહેવાયા થકા યાવત્ વચન કબુલ કરીને સૂર્યાભવિમાનમાં શ્રૃંગટકથી તે વનખંડ સુધીના સ્થાનોમાં અર્ચનિકા કરે છે, કરીને જે જગોપર સૂર્યાભદેવ છે ત્યાં આવી યાવત્ સર્વ કામ કર્યું એમ જણાવે છે, પછી તે સૂર્યાભદેવતા જ્યાં નન્દાપુષ્કરણી છે ત્યાં આવે છે અને નન્દાપુષ્કરણીના પૂર્વદિશાના પગથીએથી' ઉતરે છે અને હાથ પગને ધુએ છે, પછી નન્દાપુષ્કરણીથી પાછા ચઢે છે પછી

જ્યાં સુધર્મસભા છે ત્યાં આવવાનો વિચાર કરે છે, તે વખતે તે સૂર્યાભદેવતા ચાર હજાર સામાનિક સોલહજાર આત્મરક્ષક અને બીજા પણ સૂર્યાભવિમાનમાં રહેવાવાળા વૈમાનિક દેવદેવીઓનીસાથે પરિવરેલા સર્વ ઋદ્ધિએ યુક્ત યાવત્ પડધાના શબ્દો પૂર્વક જ્યાં સુધર્મસભા છે ત્યાં આવે છે. સુધર્મસભામાં પૂર્વદ્વારે પ્રવેશ કરે છે, અને જ્યાં સિંહાસન છે ત્યાં આવી શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ સન્મુખ બેસે છે.

વાચકોએ ધ્યાન રાખવું કે આ ઉપર જણાવેલા રાયપસેણીના પાઠમાં જ્યાં જ્યાં પૂજ્યતા છે ત્યાં આલોક (દેખતાંની) થવાની સાથે નમસ્કાર છે. અભ્યુક્ષણ શબ્દ નહિં રાખતાં પ્રક્ષાલન અને સ્નાત્ર કરાવવાનો શબ્દ રાખેલો છે, વળી જીનપ્રતિમા આગળ તો અંજલિઆદિ વિધિપૂર્વક શક્રસ્તવ કહેવામાં આવ્યો છે. સુગંધિ ચૂર્ણ માટે અર્ચનશબ્દ રાખવામાં આવ્યો છે એ વિગેરે વસ્તુ ધ્યાનમાં લેનારો મનુષ્ય જીનપ્રતિમા, જીનસકિથ અને પુસ્તકરત્નની પૂજ્યતા છે એમ સમજ્યા વગર રહેશે નહિ, શેષવિધિ માત્ર ઉચિતતા અને શોભાને અંગે છે તે સ્હેજે સમજાય તેવું છે.

જેવી રીતે ઉપર શ્રીરાયપસેણીનો વિસ્તારથી મૂળપાઠ અને તેનો અર્થ ખુલ્લારૂપમાં આપવામાં આવ્યો છે. તેવીજ રીતે જીવાભિગમ અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિનો પાઠ જે આપ્યો છે તેનો પણ અર્થ આપવો જોઈતો હતો. પરન્તુ તે રાયપસેણીના પાઠથી ભગવાન્‌ની પ્રતિમા વિગેરેની પૂજ્યતાનો નિર્ણય થતાં તે પાઠો સ્હેજે ઉપયોગી થઇ જાય તેવા છે, તેમજ આ એક પાક્ષિક પેપર હોવાથી અર્થ સાથે બધો પાઠ આપતાં ઘણા અંકો રોકાઇ જાય. માટે રાયપસેણીના પાઠનોજ અર્થ આપ્યો છે. તે જીવાભિગમ અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના પાઠો નીચે મુજબ છે.

तएणं से विजए देवे केसालंकारेण मल्ला-लंकारेणं आभरणालंकारेणं चउव्विहेणं अलंकारेणं अलंकित्ते विभूसिए समाणे पडिपुण्णालंकारे सीहासणाओ अब्भुट्ठेइ २ त्ता आलंकारियसभाओ पुरच्छिमिल्लेणं दारेणं पडिनिक्खमति २ त्ता जेणेव ववसायसभा तेणेव उवागच्छति २ त्ता ववसायसभं अणुप्पदाहिणं करेमाणे २ पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसत्ति २ त्ता जेणेव सीहासणे तेणेव उवागच्छति २ त्ता सीहसणवरगते पुरत्थाभिमुहे सण्णिसण्णे। तते णं तस्स विजयस्स देवस्स आहिओगिया देवा पोत्थयरयणं तएणं से विजहे देवे पौन्थयरयणं गेण्हति २ त्ता पोत्थयरयणं मुयति पोत्थयरयणं मुएत्ता पोत्थयरयणं विहाडेति पोत्थयरयणं विहाडेत्ता पोत्थयरयणं वाएति पोत्थयरयणं वाएत्ता धम्मियं ववसायं पगेणअहति धम्मियं ववसायं पगेण्हित्ता पोत्थयरयणं पडिणिक्खिवेइ २ त्ता सीहासणाओ अब्भुट्ठेति २ त्ता ववसायसभाओ पुरत्थिमिल्लेणं दारेणं पडिणिक्खमइ २ त्ता णंदा पुक्खरिणि अणुप्पयाहिणीकरेमाणे पुरत्थिमिल्लेण दारेणं अणुपविसति २ त्ता पुरत्थिमिल्लेणं तिसोवाणपडिरूवगाएण पच्चोरुहति २ त्ता हत्थं पादं पक्खालेति २ त्ता एगं महं सेतं रयतामयं विमलसलिलपुण्णं मत्तगयमहामुहाकितिसमाणं भिंगारं पगिण्हति भिंगारं पगेण्हिता जाइं तत्थ उप्पलाइं पउमाइं जाव सतहसस्सपत्ताइं ताइं गिण्हति

२ त्ता णंदातो पुक्खरिणीतो पच्चत्तरेइ २ त्ता जेणेव सिद्धा-यतणे तेणेव पहारेत्थ गमणाए। तएणं तस्स विजयस्स देवस्स चत्तारि सामाणियसाहस्सीओ जाव अण्णे य बहवे वाणमंतरा देवा य देवीओ य अप्पेगइया उप्पलहत्थगया जाव हत्थगया विजयं देवं पिट्ठतो पिट्ठतो अणुगच्छंति। तएणं तस्स विजयस्स देवस्स बहवे आभिओगिया देवा देवीओ य कलसहत्थगता जाव धूवकडुच्छुयहत्थगता विजयं देवं पिट्ठतो २ अणुगच्छंति। ततेणं से विजए देवे चउहिं सामाणियसाहस्सीहिं जाव अण्णेहि य बहूहिं वाणमंतरिहिं देवेहि य देवीहि य सद्धिं संपरिबुडे सव्विड्ढीए सव्वजुत्तीए जाव णिग्धोसणाइ-यरवेणं जेणेव सिद्धाययणे तेणेव उवागच्छति २ त्ता सिद्धायतणं अणुप्पयाहिणीकरेमाणे २ पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसति अणुपरिविसित्ता जेणेव देवच्छंदग् तेणेव उागच्छति २ त्ता आलोए जिणपडिमाणं पणामं करेति २ त्ता लोमहत्थगं गेण्हति लोभहत्थगं गेण्हित्ता जिणपडिमाओ लोमहत्थएण पमज्जति २ त्ता सुरभिणा गंधोदएणं ण्हाणेति २ त्ता दिव्वाए सुरभिगंधकासाईए गातीं लूहेति २ त्ता सरसेणं गोसीसचंदणेणं गाताणि अणुलिंपइ अणउलिंपेत्ता जिणपडिमाणं अहयाइं सेताइं दिव्वाइं देवदूसजुयलाइं णियंसेइ नियंसेत्ता अग्गेहिं वरेहि य गंधेहिय मल्लेहिय अच्चेति २ त्ता पुप्फारुहणं गंधारुहणं मल्लारुहणं वण्णारुहणं चुण्णारुहणं आभरणारुहणं करेति करेता आसत्तोस-त्तविउलवग्धारितमल्लदाम, करेति २ त्ता अच्छेहिं सण्हेहिं (सेएहिं) रययाएहिं अच्छरसातंदुलेहिं जिणपडिमाणं पुरतो अट्ठट्ठमंगलए आलिहति सोत्थियसिरिवच्छ जाव दप्पण अट्ठट्ठमंगलगे आलिंहति आलिहित्ता कयग्गाहग्गहितकर-तलपब्भट्ठविपमुक्केण दसद्धवन्नेणं कुसुमेणं मुक्कपुप्फ-पुंजोवयारकलितं करेति २ त्ता चंदप्पभवइरवेरुलियबिमलदंडं कंचणमणिरयणभत्तिचित्तं कालागुरुपवरकुं-दुरक्कतुरुक्कधूवगंधुत्तमाणुविद्धं धूमबट्टिं विणिम्मुयंतं वेरुलियामयं कडुच्छुयं पग्गहित्तु पयत्तेण धूवं दाऊण जिणवराणं अट्ठसय-विसुद्धगंतजुत्तेहिं महावित्तेहिं अत्थजुत्तेहिं अपुण-रुत्तेहिं संथुणइ २ त्ता सत्तट्ठ पयाइं ओसरति सत्तट्ठपयाइं ओसरित्ता वामं जाणुं अंचेइ २ त्ता दाहिणं जाणुं धरणितलंसि णिवाडेइ तिक्खुत्तो मुद्धाणं धरणियलंसि णमेइ नमित्ता भुयाओ पडि-साहरति २ त्ता करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी - णमोत्थुणं अरिहंताणं भगवंताणं जाव सिद्धिगइणामधेयं ठाणं संपत्ताणंतिकट्टु वंदति णमंसति वंदित्ता णमंसित्ता जेमेव सिद्धायतणस्स पुरत्थिमिल्ले दारे तेणेव उवागच्छत्ति २ त्ता दिव्वाए उदगधाराए अब्भुक्खत्ति २ त्ता सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलेणं मंडलं आलिहति २ त्ता चच्चाए दलयति चच्चाए दलयित्ता कयग्गाहग्गहियकरतलपब्भट्ठमिुक्केण दसद्धवण्णेणं मुक्कपुप्फपुंजोवयारकलियं करेति २

त्ता धूवं दल यति २ जेणेव सिद्धायतणस्स दाहिणिल्ले दारे तेणेव उवागच्छतिर त्ता लोभहत्थयं गेण्हइ २ दारचेडीओ य सालिभंजियाओ य बालरुवए य लोभहत्थएणं पमज्जति २ महुमज्झदेसबाए सरसेणं गोसीसचंदणेणं पंचंगुलित-लेणं अणुलिंपति २ चञ्चए दलयति २ पुप्फारुहणं जाव आहरणारुहणं करेति २ कयग्गहग्गहिंत जाव पूंजोवयारकलितं करेति २ धूवं दलयति २ जेणेव मुहमंडवस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छति २ त्ता बहुमज्झदेसभाए लोमहत्थेणं पमज्जति २ दिव्वाए उदगधाराए अब्भक्खेति २ सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलेणं मंडलगं आलिहति २ चञ्चए दलयति २ कयग्गाहजाव धूवं दलयति २ जेणेव मुहमंडवगस्स पञ्चत्थिमिल्ले दारे तेणेव उवा० लोमहत्थगं गेण्हति २ दारचेडीओ य सालिभंजियाओय वालरुवए लोमहत्थगेण पमज्जति २ दिव्वाए उदगधाराए अब्भुक्खेति २ सरसेणं गोसीसचंदणेणं जाव चञ्चए दलयति २ आसत्तोसत्त० कयग्गाह० धूवं दलयति २ जेणेव मुहमंडवगस्स उत्तरिल्ला णं खंभपंती तेणेव उवागच्छइ २ लोमहत्थगं परा० सालभंजियाओ दिव्वाए उदगधाराए सरसेणं गोसीसचंदणेणं पुप्फारुहणं जाव आसत्तोसत्त० कयग्गाह० धूवं दलयति जेणेव मुहमंडवस्स पुरत्थिमिल्ले दारे तं चेव सव्वं भाणियव्वं जाव दारस्स अञ्चणिया जेणेव दाहिणिल्ले दारे तं चेव जेणेव पेच्छाधरमंडवस्स बहुमज्झदेसभाए जेणेव वइरामए अक्खाडए जेणेव मणिपेढिया जेणेव सीहासेण तेणेव उवागच्छति २ लोभहत्थगं गिण्हति लोमहत्थगं गिण्हित्ता अक्खाडगं च सीहासणं च लोमहत्थगेण पमज्जति २ त्ता दिव्वाए उदगधाराए अब्भु० पुप्फारुहणं जाव धूवं दलयति जेणेव पेच्छाधरमंडव० पञ्चत्थिमिल्ले दारे, दारञ्चणिया उत्तरिल्ला खंभपंती तहेव पुरत्थिमिल्ले दारे तहेव जेणेव दाहिणिल्ले दारे तहेव जेणेव चेतियथूभे तेणेव उवागच्छति २ त्ता लोभहत्थगं गेण्हति २ त्ता चेतियथूभं लोभहत्थएणं पमज्जति २ दिव्वाए दग० सरसेण० पुप्फारुहणं आसत्तोसत्त जाव धूवं दलयति २ जेणेव पञ्चत्थिमिल्ला मणिपेढिया जेणेव जिणपडिमा तेणेव उवागच्छति जिणपडिमाए आलोए पणामं करेइ २ त्ता लोमहत्थगं गेण्हति २ त्ता तं चेव सव्वं जं जिणपडिमाणं जाव सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं वंदति णमंसति, एं उत्तरिल्लाएष एवं पुरत्थिमिल्लाएवि, एवं दाहिणिल्लाएवि, जेणेव चेइयरुक्खा दारविही य मणिपेढिया जेणेव महिंदज्झए दारविही, जेणेव दाहिणिल्ला नंदापुक्खरणी तेणेव उवा० लोभहत्थगं गेण्हति चेतियाओ य तिसोवाणपडिरुवए य तोरणे य सालभंजियाओ य वालरुवए य लोभहत्थएण पमज्जति २ त्ता दिव्वों उदगधाराए सिंचंति सरसेणं गोसीसचंदणेणं अणुलिंपति २ पुप्फारुहणं जाव धूवं दलयति २ सिद्धायतणं अणुप्पयाहिणं करेमाणे जेणेव उत्तरिल्ला णंदापुक्खरिणी तेणेव

उवागच्छत्ति २ त्ता तहेव महिंदज्झया चेतियरुक्खो चेतियथूमे पञ्चत्थिमिल्ला मणिपेढिया जिणपडिमा उत्तरिल्ला पुरत्थिमिल्ला दक्खिणिल्ला पेच्छाधरमंडवस्सवि तहेव जहा दक्खिणिलस्स पञ्चत्थिमिल्ले दारे जाव दक्खिणिल्ला णं खंभपंती. मुहमंडवस्सवि तिण्हं दाराणं अञ्चणिया भणिऊणं दक्खिणिल्ला णं खंभपंती उत्तरे दारे पुरच्छिमे दारे सेसं तेमेव कमेण जाव पुरत्थिमिल्ला णंदापुक्खरिणी जेणेव सभासुधम्मा तेणेव पहारेत्थ गमणाए, तते णं तस्स विजयस्स चत्तारि सामाणियसाहस्सीओ एयप्पभितिं जाव सव्विड्ढीए जावणाइयरवेणं जेणेव सभा सुहम्मा तेणेव उवागच्छति २ त्ता तं णं सभं सुधम्मं अणुप्प-याहिणीकरेमाणे २ पुरत्थिमिल्लेणं अणुविसपति २ आलोए जिणसकहाणं पणामं करेति २ जेणेव मणिपेढिया जेणेव माणवचेतियक्खंभे जेणेव वइरामया गोलवट्टसमुग्गका तेणेव उवागच्छति २ लोभहत्थयं गेण्हति २ त्ता वइरोमए गोलवट्टसमुग्गए लोभहत्थएण पमज्जइ २ त्ता वइरामए गोलवट्टसमुग्गए विहाडेति २ त्ता जिणसकहाओ लोभहत्थएणं पमज्जति २ त्ता सुरभिणा गंधोदएणं तिसत्तखुत्तो जिणसकहाओ पक्खालेति २ सरसेणं गोसीसचंदणेणं अणुलिंपइ २ त्ता अग्गेहिं वरेहिं गंधेहिं मल्लेहिं य अच्चियति २ त्ता धूवं दलयति २ त्ता वइरामएसु गोलवट्टसमुग्गएसु पडिणिक्खिवति २ त्ता माणवकं चेतियखंभं लोभहत्थएणं पमज्जति २ दिव्वा २ उदगधाराए अब्भुक्खेइ २ त्ता सरसेणं गोसीमचंदणेणं चच्चए दलयति २ पुप्फारुहणं जाव आसत्तोसत्त० कयग्गाह० धूवं दलयति २ जेणेव सबाए सुधम्माए बहुमज्झदेसभाए तंचेव जेणेव सीहासणे तेणेव जहा दारञ्चणिता जेणेव देवयणिज्जे चंचेव जेणेव खुड्डागे महिंद्ज्झए तंचेव जेणेव पहरणक्रोसे चोप्पाले तेणेव उवागच्छति २ पत्तेय २ पहरणाइं लोभहत्थएणं पमज्जति पमज्जित्ता सरसेणं गोसीसचंदणेणं तहेव सव्वं सेसंपि दक्खिणदारं आदिकाउं तहेव णेयव्वं जाव पुरच्छिमिल्ला णंदापुक्खरिणी सव्वाणं सभाणं जहा सुधम्माए सभाए तहा अञ्चणिया उक्कायसबाए णवरि देवसयणिज्जसस अञ्चणिया सेसासु सीहासणाण अञ्चणिया हरयस्स जहा णंदो पुकखरिणीए अञ्चणिया, ववसायसभाए पोत्थयरयणं लोभ० दिव्वाए उदगधाराए सरसेणं गोसीसचंदणेणं अणुलिंपति अग्गेहिं वरेहिं गंधेहि य मल्लेहि य अच्चिणाति २ त्ता ( मल्लेहि ) सीहासणे लोभहत्थएणं पमज्जति जाव धूवं द्लयति सेसं तंचेव णंदाए जहा हरयस्स तहा जेणेव बलिपीढं तेणेव उवागच्छत्ति

શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં શ્રી તીર્થંકર મહારાજના જન્માભિષેકનું સ્પષ્ટ વર્ણન આ પ્રમાણે છે.

जयाणं एक्कमेक्के चक्कवट्टिविजए भगवन्तो तित्थयरा समुप्पज्जन्ति तेणं कालेणं तेणं समएणं अहेलोगवत्थव्वाओ अट्ठ दिसाकुरमारिओ महत्तरिआओ सएहिं २ कूडेहिं सएहिं २ पासायवडेंसएहिं पत्तेअं २ चउहिं सामाणिअसाहस्सीहिं अण्णेहिं अ बहूहिं भवणवइ-वाणमन्तरेहिं देवेहिं देवीहि अ सद्धिं

संपखिुडओ महयाहयणट्टगीयवाइ अ जाव भोगभोगाइं भूंजमाणीओ विहरंति, तंजहा-भोगं-करा १ भोगवई २, सुभोगा ३ भोगमालिनी ४ तीयधारा पविचित्ताय ६, पुप्फमाला ७ अणिंदिआ ८ ॥१॥ तएणं तासिं अहेलोगबत्थव्वाणं अट्ठण्हं दिसाकुमारीणं मयहरिआणं पत्तेयं पत्तेअं आसणाइं चलंति, तएणं ताओ अहेलोगवत्थव्वाओ अट्ठ दिसाकुमारीओ महत्तरिआओ पत्तेयं २ आसणाइं चलिआइं पासन्ति २ त्ता ओहिं पउंजंति पउंजित्ता भगवं तित्थियरं ओहिणा आभोएंति २ त्ता अण्णभण्णं सदाविंतिं २ त्ता एवं वयासो उप्पण्णे खलु भो । जम्बुद्दीवे दीवे भयवं । तित्थयरे तं जीयमेअं तीअपच्चुप्पण्णमणागयाणं अहेलोगवत्थ-व्वाणं अट्ठण्हं हिसाकुमारीमहत्तरिआणं भगवओ तित्थगरस्स जम्मण महिमं करेत्तए, तं गच्छामो णं अम्हेवि भगवओ जम्मणमहिमं करेमोत्तिकट्टु एवं वयंति २ त्ता पत्तेअं पत्तेअं आभिओगिए देवे सद्दावेंति २ त्ता एवं एवं वयासी - खिप्पामेव भो देवाणुप्पिआ। अणेगरखम्मसयसण्णिविट्ठे लीलट्ठिअ० एवं विमाणवण्णओ भाणिअव्वो जाव जोअणविच्छिण्णे दिव्वे जाणविमामे विउव्वित्ता एअमाणत्तिअं पञ्चप्पिणहत्ति। तएणं ते आभिओगा देवा अणेगखम्भसयजाव पञ्चप्पिणंति तए णं ताओ अहेलोगवत्थव्वाओ अट्ठ दिसाकुमारीमहत्तरीआओ हट्ठतुट्ठ० पत्तेयं पत्तेयं चउहिं सामाणिअसाहस्सीहिं चउहिं महत्तरि आहिं जाव अण्णेहिं बहूहिं देवेहिं देवीहि अ सद्धिं संपरिवुडाओ ते दिव्वे जाणविमाणे दुरुहंति दुरहित्ता सव्विड्ढए सव्वजुईए धणमुइंगपण-वपवाइअखेणं ताए उक्किट्ठाए जाव देवगईए जेणेव भगवओ तित्थगरस्स जम्मणणगरे जेणेव तित्थयरस्स जम्मणभवणे तेणेव उवागच्छन्ति २ त्ता भगवओ तित्थयरस्स जम्मणभवणं तेहि दिव्वेहिं जाणविमाणेहिं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेंति करित्ता उत्तपुरत्थिमे दिसीभाए ईसिं चउरंगुलमसंपत्ते धरणिअले ते दिव्वे जाणविमाणे ठविंति ठवित्ता पत्तेअं २ चउहिं सामामिअसहस्सेहिं जाव सद्धिं संपरिवुडाो दिव्वेहिंतो जाणविमामेहिंतो पच्चोरुहंति २ त्ता सव्विड्ढीए जाव णाइएणं जेणेव भगवं तित्थयरे तित्थयरमाया य तेणेव उवागच्छन्ति २ त्ता भगवं तित्थयरं तित्थयरमायरं च तिक्खुत्तो आयाहिणपयाहिणं करेंति २ त्ता पत्तेअं २ करयल-परिग्गहिअं सिरसावित्तं मत्थए अंजलिं कट्टु एवं बयासी - णमोत्थु ते रयणकुच्छिधारीए जगप्पईवदाईए सव्वजगमंगलस्स चक्खुओ अमुत्तस्स सव्वजगजीववच्छलस्स हिअकारगमग्गदेसिय-पागिद्धिविभुपभुस्स जिणस्स णाणिस्स नायगस्स बुद्धस्स बोहगस्स सव्वलोगनाहस्स निम्ममस्स पवरकुलसमुब्भवस्स जाईए खत्तिअस्स जंसि लोगुत्तमस्स जणणी धण्णासि तं पुण्णासि कयत्थासि अम्हेणं देवाणुप्पिए। अहेलोगवत्थव्वाओ अट्ठ दिसाकुमारीमहत्तरिआओ भगवओ तित्थगरस्स जम्मणमहिमं करिस्सामो, तण्ण तुब्भेहिं भाइव्वं इतिकट्टु उत्तपुरत्थिमं दिसीभागं अवक्कमन्ति २ वेउधिअसमुग्धाएणं सम्मोहणंति २ त्ता संखिज्जाइं जोयणाइं दंडं निसरंति, तंजहा-रयणाणं जाव संवट्टगवाए विउव्वंति २ त्ता तेणं सिवेणं मउएणं मारुएणं अणुध्धुएणं भूमितलविमलकरणेणं मणहरेणं सव्वोउअसुरहिकुसुमगन्धाणुवासिएणं पिण्डिमणिहारिमेणं गन्धुदूधुएणं

(અનુસંધાન પેજ નં. ૩૬૧)

(અનુસંધાન પાનું ૩૩૬)

શ્રાવકોને ત્યાં તો શૌચનો વ્યવહાર તો છે, પરંતુ શ્રાવકોને ત્યાંનો એ શૌચાચાર તે ઉપર ચોંટીયો વ્યવહાર છે, તે અહીં મૂળરૂપે નથી, અર્થાત અજૈનો જેમ શૌચાચારને જ ધર્મની જડ માને છે તેમ આપણે શૌચાચારને ધર્મની જડ માનતા નથી, તો હવે શૌચાચારને આપણે કેવી રીતે માનીએ છીએ તે જોઈએ - જૈનેતરોને દેવપૂજા ન કરવી હોય તો તે ચાલે છે, પરંતુ સ્નાન વિના તેમને ચાલતું નથી, કારણ કે સ્નાનને તેઓ ધર્મની જડ માને છે અને તેને જ તેઓ વળગી રહે છે.

નહાવાનો ધર્મ

હવે આ માન્યતામાં કેવું મિથ્યાત્વ રહેલું છે તે જુઓ. જો નહાવાધોવામાં જ ધર્મ સમાયો હોય તો તો આપણે એમ કહેવું જ પડશે કે આપણે કાંઈ ધર્મ કરી શકયા નથી જ, પરંતુ ખરો ધર્મ તો દેડકાં અને માછલાઓ જ કરે છે, અને પાળે છે, કારણ કે તેઓ ચોવીસે કલાક સ્નાન કર્યા જ કરે છે. હવે એક કલાક સ્નાન કરવાથી જો પુણ્ય થાય તો જે પ્રાણીઓ ચોવીસે કલાક પાણીમાં જ પડી રહે છે તેમને નામે તો પુણ્ય અને ધર્મનો ઢગલોજ થઈ જાય અને તેમ થાય તો તો એમ જ માનવું પડે કે માણસ તો કદાપિ મોક્ષે અથવા સ્વર્ગે જાય કે ન જાય, પણ દેડકાં માછલાં ઈત્યાદિ તો સ્વર્ગે જવાજ જોઈએ અને જો તેઓ જ સઘળા સ્વર્ગે ગયા અને જાય છે એમ માનો તો એમ જ ઠરે છે કે માણસના ભવ કરતાં તો દેડકાંનો ભવ જ વધારે શ્રેષ્ઠ છે. પરંતુ આ માન્યતા તો દેખીતી રીતે જ ખોટી છે. આથી સ્પષ્ટ થાય છે કે શૌચાચારને જ ધર્મની જડ માનવી એ વસ્તુ તદ્દન જ ખોટી અને બુદ્ધિ તથા તર્કથી પણ અસંગત છે.

સ્નાનસ્વરૂપે ધર્મ નથી.

હવે આપણે શૌચાચાર કઈ દૃષ્ટિએ માનીએ છીએ તે જોઈએ. જૈનશાસ્ત્રો કહે છે કે ધર્મ એ સ્નાન સ્વરૂપે નથી, અથવા તો સ્નાનમાં જ ધર્મ રહ્યો નથી, પરંતુ શૌચની આવશ્કયતાનું કારણ એથી જુદું જ હોય છે. તે એ છે કે : આપણે જ્યારે દેવપૂજા કરવાને માટે જઈએ છીએ ત્યારે આપણને પવિત્રપુરૂષને સ્પર્શ કરવાનો હોય છે. આપણે જાતે અપવિત્ર હોઈએ અને પવિત્રપુરૂષનો સ્પર્શ કરીએ તો તેથી પવિત્રપુરૂષોની આશાતના થવા પામે છે. આવી આશાતનાથી બચવા માટે જ જૈનશાસ્ત્ર સ્નાન કરવાનું કહે છે. અર્થાત આપણે સ્નાનને શૌચાચારને જ ધર્મનું જ મૂળ માની શકતા નથી. શૌચાચારને જ ધર્મ માનનારા તો મરતી વખતે માણસના શરીર ઉપર ધબોધબ પાણી નાંખે છે, તેઓ એમ માને છે કે શરીર પર અસદ્ વસ્તુઓનો થર લાગેલો હોય અને તે સાથે જ જો મરે અને તેવી અવસ્થામાં જ જો શબને બાળી મૂકવામાં આવે તો તેથી એ મરનારો બીજે ભવે શીયાળવો થઈને અવતરે છે. આવી રીતે મરનારો હીન દશા ન પામે તેથી તેઓ તેના શરીર ઉપરનો લેપ ધોઈ નાંખવાના યત્નો કરે છે.

(અપૂર્ણ)

# સાગર-સમાધાન

પ્રશ્ન ૯૫૮ ભગવાન્‌જિનેશ્વરમહારાજની પુષ્પાદિથી કરાતી દ્રવ્યપૂજામાં સમગ્ર સંયમની વિરાધના શાસ્ત્રકારો જણાવે છે, પરન્તુ કેટલાકો પાણી અગ્નિ અને વાયુકાયની વિરાધના જે દ્રવ્યપૂજામાં થાય છે તેને અંગે વાસ્તવિકતા માની ફુલના હારો ગુંથેલા જ હોવા જોઈએ પણ પરોવેલા ન હોવા જોઈએ એમ કહે છે તે શું વ્યાજબી છે ?

સમાધાન-આચાર્ય મહારાજ શ્રીદેવેન્દ્રસૂરિજી મહારાજ શ્રીશ્રાદ્ધદિનકૃત્યસૂત્રમાં જે णाणापयारबंधेहिं એવો પાઠ ફુલને માટે છે તેની ટીકામાં प्रोतग्रथितादिपुष्पैः અર્થાત્ પરોવેલાં અને ગુંથેલાં વગેરે ફુલોએ કરીને શ્રાવક શ્રીજિનેશ્વરની પૂજા કરે એમ સ્પષ્ટ જણાવે છે. ફુલને માટે વિરાધનાને અંગે કરાતો વિચાર રાજચંદે 'ફુલપાંખડી જ્યાં દુભવાય' એમ કહી પોતાની લુંપકપણાની છાયા જેમ જણાવી છે તેની માફક લુંપકપણાની ભાવનાનો છે.

પ્રશ્ન ૯૫૯ જે બલદેવ, હરિણ અને સુથાર પાંચમે દેવલોકે ગયા તેમાં હરિણને કેવલ બલદેવના વચનથી જ રાગ થયો છે કે કેમ ?

સમાધાન-तत्थिक्को हरिणजुवा संविग्गो पुव्वजम्म-संबद्धो અર્થાત્ 'તે જંગલમાં એક જુવાન હરિણીયો જે સંવેગવાળો અને રામની સાથે પૂર્વભવના સંબંધવાળો હતો' એવા શ્રી દેવેન્દ્રસૂરિજીના વચનથી રામની સાથે પૂર્વભવનો સંબંધ હોવાથી પણ રાગ છે.

પ્રશ્ન ૯૬૦ સાધુ તથા સાધ્વીને વડી દીક્ષા વખતે દિગ્બંધ હોય છે અને તેથી તેમના કુલ ગણ વગેરે કહેવાય, પણ શ્રાવકશ્રાવિકાઓના કુલગણ વગેરે કહેવાય કે નહિં ?

સમાધાન-શ્રાવકશ્રાવિકાઓને દાન દેવાની અપેક્ષાએ તો દિશા દેખવાની હોય છે એમ શ્રીપંચાશકઆદિશાસ્ત્રકારો જણાવે છે, પરન્તુ તેમના આચારને અંગે કુલગણઆદિ ગણવાનાં હોય નહિ. વળી ખરતરોના સંઘપટ્ટક વગેરેમાં પણ શ્રાવકશ્રાવિકાનો દિશાબંધ માનનારાઓને માર્ગથી વિરૂદ્ધ માન્યા છે. (વર્ત્તમાનકાલમાં તો કેટલાક ખરતરો જ કુલગોત્રને નામે શુદ્ધમાર્ગ છોડાવે છે અને શાસ્ત્રના વચનથી ન સમજાવતાં કુલગોત્રના નામે સન્માર્ગ છોડાવી અસન્માર્ગમાં ભોલા લોકોને ખેંચે છે. સમજુઓ તો એમ પણ તેમને સ્પષ્ટ કહી દે છે કે સન્માર્ગ આદરતાં કુલ ગોત્ર વચમાં લાવે તે મિથ્યાત્વી હોય. વિચારવાની જરૂર છે કે જો શ્રાવકોને કુલગોત્ર હોય તો અવિરૂદ્ધ એવા પણ સામાચારીના ભેદોની વખતે શ્રાવકોએ કઈ સામાચારી કરવી ! સાધુઓને અવિરૂદ્ધ એવી પણ અન્ય સામાચારી કરવામાં પ્રાયશ્ચિત્ત છે. માટે શ્રાવકોને કુલગણ મનાયા નથી.

પ્રશ્ન ૯૬૧ શ્રીલલિતવિસ્તરાના आकालमेते વગેરે પાઠ સર્વકાલના સર્વ તીર્થંકરોના તીર્થંકરના ભવને લાગુ ન કરે અને એક તીર્થંકરના સર્વભવને લાગુ કરે ત્યારે ભગવાન્ મહાવીર મહારાજના

પરિવ્રાજકપણાનો અને મદદ કરવા આદિનો વાંધો આવે તેથી आकालं નો અર્થ નિત્ય એવો ન કરાય તો નિત્યપણાને જણાવનાર आकालं શબ્દ જ કેમ મ્હેલ્યો ?

સમાધાન-પ્રથમ તો સર્વતીર્થંકરના છેલ્લા ભવ માટે એ વાક્ય રહે, છતાં સર્વતીર્થંકરોના સર્વભવો માટે લેવા માગે તો તે યુક્તિ અને આગમથી વિરૂદ્ધ છે. અને आकालं શબ્દથી મુખ્યતાએ તીર્થંકરનામ કર્મ બાંધ્યા પછીથી એમ વિવક્ષિત લેવાય, સામાન્ય રીતિએ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી એમ પણ લઈ શકાય. જો કે आङ् તો મર્યાદા વાચક છે અને મર્યાદા તો વિવક્ષિતે પણ હોઈ શકે. પરન્તુ નિત્ય જેવા શબ્દો પણ વિવક્ષાને અનુસરે છે અને તેથી શ્રીકલ્પસૂત્રાદિમાં निच्चं वोसट्ठकाए નો અર્થ દીક્ષા ગ્રહણ કર્યા પછી કાયાને વોસરાવનાર એવો સ્પષ્ટપણે કર્યો છે. તેથી आकालं નો અનાદિકાલ જ અર્થ થાય એમ કહેનારા શ્રી કલ્પસૂત્રાદિને જાણનારા કે માનનારા નથી એમ સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૯૬૨ એકની પૂજાથી બધાની પૂજા અને બધાની પૂજાથી એકની પૂજા થાય છે એમ જ્યારે છે તો પછી नमो अरिहंताणं વગેરેમાં બહુવચન શા માટે રાખવું ?

સમાધાન-સોનાનો વ્યવહાર કરનાર અથવા રત્નનો વ્યવહાર કરનાર રતિ કે ચોખાભર સોના કે રત્નનો વ્યવહાર કરે ત્યારે જેમ સોના અને રત્નના લક્ષણનો ખ્યાલ કરીને જ તેનો વ્યવહાર કરે છે તેવી રીતે એક પણ અરિહંત ભગવાન્આદિને નમસ્કાર અને પૂજા કરતી વખતે અરિહંતઆદિના સ્વરૂપને ધ્યાનમાં રાખીને નમસ્કાર અને પૂજા કરાય છે, એક અરિહંતાદિકના નમસ્કારથી કે પૂજાઆદિથી સર્વ અરિહંતઆદિને નમસ્કાર અને પૂજાઆદિ થાય છે. ન્યાયની દૃષ્ટિએ પણ એક ધૂમાડા કે અગ્નિઆદિના બોધથી સર્વ ધૂમાડા અને અગ્નિ આદિનો બોધ થાય છે એમ મનાય છે. છતાં જ્ઞાનને માટે અને સ્વરૂપના નિશ્ચયને માટે જેમ એકના જ્ઞાન અને નિશ્ચયમાં તે જાતના સર્વ પદાર્થના જ્ઞાન અને નિશ્ચયની જરૂર રહે છે તેમ કિમ્મત આદિની વખતે માપ તોલ વગેરે ઉપર પણ આધાર રાખવો પડે છે તેમ દ્રવ્યના સદુપયોગ માટે તથા નિર્જરાની વૃદ્ધિ માટે ઘણી વ્યક્તિઓ જે જે અરિહંતપણાઆદિને ધારણ કરનારી હોય તેની તેની નમસ્કાર પૂજાઆદિથી ભક્તિ કરવાની જરૂર છે માટે नमो अरिहंताणं આદિમાં બહુવચનની જરૂર છે. વળી એ પણ સમજવાનું છે કે જેમ ચૈત્યવન્દનની ક્રિયામાં પ્હેલી થોય કહે ત્યારે એક જિનેશ્વર મહારાજ જેઓની પ્રતિમાં સન્મુખ હોય તેઓની કહેવાય છે, અર્થાત્ વ્યક્તિની પ્રધાનતા છે, તેવી રીતે नमोत्थुणं समणस्स भगवओ महावीरस्स એ આદિના નમસ્કારોમાં એક એક વ્યક્તિની પ્રધાનતા છે અને જેમ બીજી થોયની વખતે ચૈત્યવન્દનમાં ચોવીશ જિનેશ્વર ભગવાન્ની વ્યક્તિઓની મુખ્યતા છે. તેવી રીતે नमो अरिहंताणं આદિમાં સર્વકાળ

અનુસંધાન જુઓ પાનું ૩૫૦

# સમાલોચના

૧ न च प्राक् વાક્યથી વિરોધનું ઉદ્ભાવન મહોપાધ્યાયજીએ ખરતરો સામે કરેલું નથી. કિન્તુ ખરતરોએ મહોપાધ્યાયજી સામે કરેલું છે એટલું પણ જેણે સમજાયું નથી તેના ખુલ્લાપત્રની કિંમત જ શી ? ખરતરો તેરસે ક્ષીણપાક્ષિક કરતા જ નથી અને મહોપાધ્યાયજી ચઉદશના ક્ષયે તેરશને ચઉદશ જ છે એમ કહેવાનું કહે છે એટલે ગૌણપણે પણ તેરશ માનવાની ના કહે છે, માટે વિરોધ લવાયો છે. આ વસ્તુ સમજાય અને મનાય તો બુધવારીયાઓને પરંપરા અને શાસ્ત્ર એ બન્ને ઉઠાવવાં પડે નહિં અને તટસ્થતા, અનુભવ તથા ખુલ્લા પણું લાજે નહિં.

૨ બીજના ક્ષયે બારશના ક્ષયનો નિષેધ કરવા એકમ સાથે જોડેલ બીજને નામે ભેળસેળીયા બની શાસ્ત્ર અને પરંપરા ન ઉઠાવાય.

૩ શ્રીમાન્....વાળો ફોટો સંસ્કાર વિનાનો છે, તેથી તેરશ કહેનાર મૂર્ખશિરોમણિ ગણાય એ સંસ્કારનું વાક્ય અબાધિત જ છે.

૪ તત્ત્વતરંગિણીમાંથી શાસ્ત્રવિરોધ દેખાડ્યા સિવાય તેની અપ્રમાણિકતાનું વાક્ય બકવાદ જ ગણાય. ચઉદશના ક્ષયે તેરશને તેરશ કહેનારને મૂર્ખશિરોમણિ તરીકે જણાવેલ જ છે. તપગચ્છની સાચીમાન્યતાને સત્યસ્વરૂપે જણાવી તેની ઉપરના આક્ષેપોનું સમાધાન કરનાર એ એક જ હતા અને તેથી અનુપમસ્તંભ કહેવાય, બીજાઓ જે શાસનના શત્રુઓને વ્હાલો થનાર હોય તેને તે ન ગમે તે સ્વાભાવિક જ છે.

૧ તિથિસંબંધી લેખોની જુદી નકલો કહાડવાની હોવાથી નામનો સ્પષ્ટ નિર્દેશ કરાય અને તેથી કદાગ્રહી વાચકને પણ બોલવું ન પડે.

૨ ભૂલો થાય જ નહિં એવું કદી લખાયુ જ નથી, પરન્તુ બીજાની જવાબદારીને નામે તો સાચો છટકી શકે જ નહિ.

૩ મુખ્ય નિષેધ કહેનારે मोत्तुं पुराणसड्ढे નો પાઠ ચૂર્ણિ સાથે જોવો.

૪ સુરત તરફ अत एव ના ખોટા કાગળો લખનાર ને લખાવનાર બચી શક્યા નહિં જ.

૫ પરીક્ષા માટે છ માસનો આગ્રહ સેવનાર સંમેલનમાં ટક્યા નહિ જ.

૬ વાઘણનો સુધારો ન જોયો હોય તો હજી પણ પેપરમાં જોવો.

૭ સુરતની અષ્ટમાષ્ટઅભેદવાદિયોની પીછેહઠ માટેનો એક સદ્ગૃહસ્થનો કાગલ પણ તૈયાર છે. આવો તો બતાવાય.

૮ ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ જ થાય તેમ પુનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરશની ક્ષયવૃદ્ધિ થાય એ પરંપરા તથા હીરપ્રશ્નાદિ શાસ્ત્રો સાથે શાસ્ત્રીય પુરાવાથી જાહેર છતાં ક્યાંય કહ્યું નથી એવું કહેનાર શૂન્યમનસ્ક જ હોય.

૯ તે અનુવાદકને અભ્યુપગમ્ય અને પ્રામાણિક ગણનારે નીચેના ખુલાસા કરવા.

૧ તે ચારપર્વી આઠમ ચૌદશ છે. ૨ કર્મમાસ અને સૂર્યમાસ વચ્ચે છ દિવસનું અંતર ન લેતાં છ તિથિનું આંતર લે છે. ૩ કર્મ અને સૂર્યથી તિથિની ઉત્પત્તિ હોય છે. ૪ છ વૃદ્ધિ તિથિઓ આવે છે ૫ તમામ તિથિઓને વૃદ્ધિના રોગમાંથી પ્રસાર થવું પડે છે. ૬ જૈનપંચાંગો-પર્વતિથિની-વૃદ્ધિ આવતી હતી. ૭ ભીંતીયાં પંચાંગો ઉપર આધાર કે આગ્રહ રાખવો ખોટો છે. ૮ પર્વતિથિ-વૃદ્ધિમાં પણ આવે છે. ૯ જે પર્વતિથિની-લાગુ કરાય જ નહિ. ૧૦ तत्र० અને किंतु० વાક્યો જુદાં છતાં એક વાક્ય કરી ખોટો અર્થ કર્યો છે. ૧૧ તેરસ હોવા છતાં આ વાક્ય કલ્પિત છે. ૧૨ चतुर्दश्या एव व्यपदेशो युक्तः આ વાક્યનો ચઉદશનું જ નામ કહેવું વ્યાજબી છે એમ અહિં નહિં કરતાં ચઉદશ જ એવો અનુવાદ છે તે સત્ય નથી. ૧૩ શાસ્ત્રકારે જ - એ વાતો કરે છે. ૧૪ ટીકાકાર મહારાજે - એમ બે વાત કરત જ નહિં ૧૫ શાસ્ત્રકાર આથી - પૂર્વતિથિનો કરવાનો નથી. ૧૬-જો કે આગમમાં-નથી. ૧૭ પક્ખિના દિવસે જ પક્ખી કરાય ૧૮ સંવચ્છરીના દિવસે જ સંવચ્છરી કરાય ૧૯ પક્ખિ-શું કામ નહિ. ૨૦ ચઉદશ ભેગી પુનમની આરાધના થઈ જાય છે ૨૧ ચઉદશમાં પુનમની વાસ્તવિક સ્થિતિ છે. ૨૨ બેનું આરાધન ફરમાવ્યું છે. ૨૩ પુનમને ચઉદશ-ભેગી આરાધન થઈ જાય છે. ૨૪ ભેગી લખવામાં બાધ નથી. ૨૫ બન્ને તિથિઓનું આરાધન થઈ જાય છે. ૨૬ બીજીનો ક્ષય હોય કે-૨૭પ્રાયઃકરીને તપશ્ચર્યા વિશેષ કરવાના-૨૮ ચઉમાસીના - પૂરો કરે છે ૨૯ ભેગી આવી જાય. ૩૦ બેની આરાધનામાં આવે છે. ૩૧ પુનમનો ક્ષય આવે-અનિયત છે. ૩૨ જૈનમત-વૃદ્ધિ થાયછે ૩૩ જૈન-બોલાય પણ ખરી ૩૪ બારે-કલ્પના માત્ર છે. ૩૫ ક્ષીણ-આરાધવાનું જણાવે છે. ૩૬ ક્ષય-જણાવતો નથી ૩૭ જો તે - જરૂર નથી ૩૮ તે દિવસે - કરવું ૩૯ પૂર્વ-આરાધન થશે ૪૦ તેરસ-નથી. ૪૧ સૂત્ર વિરૂદ્ધ - વિરૂદ્ધ છે ૪૨ શાસ્ત્રકાર-ના પાડે છે ૪૩ પરવાદિને-ભૂલ્યા છો ૪૪ ભાઈ-વિરૂદ્ધ થઈ શકે નહિ ૪૫ બીજાદિની-માટે છે ? ૪૬ એ કોઈ-કરી દેવી. ૪૭ તમે

અગ્યારસ-વિરોધ ૪૮ પ્હેલી - થઈ ગઈ ૪૯ એક જ - આરાધન થઈ જાય છે ૫૦ ઔદયિક-કરતા નથી આ વગેરે સ્થાનો જુઠાં અને કલ્પિત છે તે મનુષ્ય જવાબદારી સાથે આવ્યો હોત તો લિખિત ઉત્તરથી પણ સ્પષ્ટ થાત.

૧૦ બુધવારીયાઓ કબુલ કરે છે તેરસનો ચઉદશરૂપે સ્વીકાર કરવો (કહો કે તેરશનો ક્ષય કબુલ કરવો)

૧૧ 'તેરશને ચઉદશ નામ આપેલુ હોવાથી' એમ કહેવાથી તેરસ ન રહી એ ચોક્ખું પણ ન માનવું તે બુધ૦ને શોભે.

૧૨ તેરસ એવા નામનો પણ અસંભવ છે એમ કહેવાથી તેરશનો ક્ષય જ થાય.

૧૩ ક્ષીણતિથિની સંજ્ઞાવાળી પણ કહેવાય-એ વિરોધ છે એટલે જે તેરશ પણ છે એમ કહેવું તે પણ વદતો વ્યાઘાત છે, તો ભેળી કહેવાનું ક્યાં રહ્યું ? અને ક્ષય કેમ ન થયો ?

૧૪ ચતુઃપર્વી ૦ પૂર્ણિમામાં આ વાક્ય બે આઠમ બે ચઉદશની ચતુષ્પર્વીની માન્યતાને ખંડિત કરે છે.

૧૫ 'અમાવાસ્યાઓ પુણ્યતિથિરૂપે મહાકલ્યાણક-પણે' આમ કહેનારે સુયડાંગટીકા બરોબર જોવી એટલે બે વ્યાખ્યા છે તે જણાશે.

૧૬ 'આઠમને તમે ફેરવીને માનો છો' એ વાક્ય જ સાતમનો પલટો જણાવે છે.

૧૭ નામ પણ સહન થતું નથી એ વાક્ય તિથિના નામ માટે જ છે.

૧૮ ક્ષય અને વૃદ્ધિ લખવામાં અન્યાય થાય. માત્ર ચાર-પાંચ પૃષ્ઠમાં આવેલ અનુ૦ની હકીકત સમજનાર એ ત્રણેની જાણી જોઈને અવળે માર્ગે જાય છે એમ સમજી અદષ્ટ કલ્યાણતા જ સમજશે.

(અનુ૦ સત્ય૦-તટ૦)

૧ બુધવારીયાઓએ પર્વતિથિના ક્ષયે પર્વતિથિને અપર્વતિથિમાં ભેળવી છે એ જાહેર છે અને એ વસ્તુ જેમ પરંપરાથી વિરૂદ્ધ છે તેમ તેરસનું નામ પણ અસંભવિત છે એ વગેરે શાસ્ત્રીય કથન હોવાથી શાસ્ત્રથી પણ વિરૂદ્ધ જ છે માટે ખંડન વ્યાજબી જ છે. કંકોતરીમાં તો બીજનો ક્ષય જાહેર કરી ધર્મની ધગશ જણાવાઈ છે.

(વી. ન.)

અનુસંધાન ૩૪૭

અને સર્વક્ષેત્રોના અરિહંતઆદિની મુખ્યતા છે. એક અરિહંતભગવાન્‌ની આરાધનામાં પણ જેમ તેવા ભાવવિનાની સામાન્ય આરાધના સામાન્ય ફલ દેનારી થાય છે અને વિશેષઆરાધના વિશેષ ફલ દેનાર થાય છે, તેવી રીતે સર્વ અરિહંતઆદિની સામાન્ય નમસ્કારાદિ ભક્તિથી જે નિર્જરા થાય તેના કરતાં જે વિશેષ ભક્તિથી વ્યક્તિ દીઠ આરાધના થવાથી વિશેષ નિર્જરા થાય એ સ્વાભાવિક જ છે અને તેથી नमो अरिहंताणं અને नमोत्थुणं समणस्स भगवओ महावीरस्स આદિ એ બન્ને યથાયોગ્ય ફલ દેનાર છે માટે બન્ને કરવા યોગ્ય છે.

(અનુસંધાન પેજ નં. ૩૫૩)

(અનુસંધાન પાનું ૩૫૨)
ઠગવાનો જ રસ્તો છે. તેથી તત્વજ્ઞમનુષ્યો ધર્મની વ્યાખ્યાની વખતે દુર્ગતિને દેનારા એવા અર્થ અને કામને ફરસતા જ નથી. જો કે અફીણી મનુષ્યને અફીણ છોડવાની વાત કે તેના અવગુણોની વાત અપ્રિય જ લાગે, પરંતુ હિતકર મનુષ્ય તો અફીણીયાને અફીણ ખાવાનું પુષ્ટ થાય તેવું એક વચન પણ નજ કહે, તેવી રીતે વિશ્વધર્મ પરિષદમાં ભરાયેલા લોકો અર્થ અને કામમાં રાચી રહેલા હોવાથી અર્થ અને કામને છોડવાની વાત રૂચિકર ન માને, પરંતુ સત્યરીતિએ જેને ધર્મ બતાવવો હોય તે મનુષ્ય સ્વપ્ને પણ અનર્થદાયક એવા તે અર્થ અને કામને ધર્મની કોટિમાં મૂકેજ નહિ, પરંતુ વિશેષધર્મ તરીકે જે હિંસાદિથી નિવૃત્તિ છે તેને ન કહી શકે તો પણ માર્ગાનુસારિના ન્યાય-સંપન્નવિભવાદિ જે પાંત્રીસ ગુણો છે તેને તો જરૂર કહી શકે. કહેવાનું તત્વ એટલું જ કે વિશ્વધર્મ એટલે જગત્‌ના મનુષ્યોમાં વ્યક્તિગત ધર્મ તરીકે જો કોઈપણ વિશ્વધર્મ થવાને લાયક હોય તો તે માત્ર ઉપર જણાવેલા ન્યાયસંપન્નવિભવાદિ ગુણો જ છે. આ માર્ગાનુસારિના ગુણો વ્યક્તિગત ગુણો તરીકે વિશ્વ ધર્મની લાયકાત મેળવનારા હોવાથી વ્યક્તિ સમષ્ટિગત તરીકે ધર્મરત્ન વિગેરેમાં જણાવેલા અક્ષુદ્રતાઆદિ એકવીસ ગુણોની વિશ્વધર્મતા ઉડી જતી નથી, પરંતુ તે એકવીસ ગુણો વ્યક્તિ અને સમષ્ટિ એ બંનેને અનુસરતા હોવાથી આ માર્ગાનુસારિ વગેરે પાંત્રીસગુણોની વિશ્વધર્મતા વિશેષે રહે છે, વળી આ ન્યાય સંપન્નવિભવાદિ પાંત્રીસ ગુણોને પણ જે વિશ્વધર્મ તરીકે જણાવવામાં આવેલા છે તે પણ વ્યક્તિગત પ્રવૃત્તિની અપેક્ષાએ જ જણાવેલા છે, પરંતુ પરિણતિની અપેક્ષાએ જ્યારે વિચારીએ ત્યારે તો મૈત્રીઆદિક ભાવનાઓ જ પરોપકારબુદ્ધિ તથા ઉત્પન્ન કરી ગુણીનું બહુમાન, નિર્ગુણોને ગુણની પ્રાપ્તિ કરાવવા સાથે સહિષ્ણુતા ઉત્પન્ન કરનાર હોવાથી તે મૈત્રીઆદિક ગુણો પરિણતિની અપેક્ષાએ વિશ્વધર્મ થવા લાયક છે.

ઉપર જણાવેલી હકીકતનું તત્વ એટલું જ કે વ્યક્તિગત તરીકે માર્ગાનુસારિગુણો વિશ્વધર્મ થઈ શકે, વ્યક્તિ અને સમષ્ટિ ઉભયગત તરીકે અક્ષુદ્રત્વાદિ એકવીસ ગુણો વિશ્વધર્મ થઈ શકે, તેમજ પરિણતિની અપેક્ષાએ મૈત્રીઆદિક ભાવનાઓ વિશ્વધર્મ થઈ શકે.

તા.ક. :- વિશ્વમાં ચાલતા પૃથક્‌પૃથક્ ધર્મો જ્યારે પોતાના રક્ષણને માટે ઈતરનું નહિં સાંભળવા માટે અજ્ઞજનોને કહેતા હતા ત્યારે આ વિશ્વધર્મ પરિષદ્ જે ફરમાન બહાર પાડે છે કે અહિંયા તેઓએ જ બોલવું કે જેઓ અમારી માન્યતાવાળા હોય. આ મુદો લોકોને શુદ્ધધર્મથી સર્વથા ભ્રષ્ટ કરનારો જ થાય. કદાચ તેમ ન થાય તો પર્ષદ્‌માં આવેલા સજ્જનોને પ્રપંચની સાથે જુઠુ બોલાવનારો તો થાય જ માટે જ્યાં સુધી તે જણાવાયેલું ફરમાન ખેંચાય નહિં ત્યાં સુધી તે પરિષદ્‌ને વિશ્વ ધર્મ પરિષદ્ નામ આપી શકાય જ નહિં, એટલું જ નહિં, પરંતુ ધર્મભ્રંશક એવું બીરૂદ આપવા સાથે જુઠમાં જગડનારી જ પરિષદ્ છે એમ કહેવું પડે. મી. દાનીજીએ જણાવેલા શબ્દોને અંગે આ કથન છે. માટે તેમાં સુધારો આવશ્યક છે.

(અનુસંધાન ટાઈટલ પેઈજ ત્રીજુ)

ઉપર જણાવેલા ગુણો મનુષ્યને વિશેષ શુદ્ધધર્મ કે જે હેતુ સ્વરૂપ અને અનુબંધે કરીને શુદ્ધ હોવાથી આત્માનો ઉદ્ધાર કરનાર થાય છે તેની તરફ દોરી લાવનાર છે. યાદ રાખું કે કેટલાક તો લોકો ધર્મ શબ્દને સ્વભાવ અર્થ કરી મનુષ્યોની સાહજિક પ્રવૃત્તિ જે અર્થ કામને પોષણ કરવાની છે તેને ધર્મ તરીકે જાહેર કરવા લલચાય છે. પરંતુ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે તથા જગતના મનુષ્યો પણ અનુભવથી જોઈ શકે છે કે અર્થ અને કામની ઈચ્છા વગર ઉપદેશે પણ જીવને સ્વયં પ્રવર્ત્તે છે. જાનવરો પણ વિષયો અને વિષયોના સાધનો તરફ પ્રવર્ત્તેલા છે. અનાર્ય મનુષ્યો પણ પાંચે ઈન્દ્રિયોના વિષયો અને તેના સાધનો તરફ પ્રવર્ત્તેલા છે. એટલું જ નહિ, પણ અજ્ઞાન બાળકો પણ ભૂખ તૃષા આદિને શમાવવા માટે વિષયો અને તેના સાધનો તરફ આપોઆપ પ્રવૃત્તિ કરેજ છે.

આ વસ્તુ જે લોકો તાત્વિકદ્રષ્ટિથી વિચારશે તેઓને સ્હેજે માલમ પડશે કે અર્થ (વિષયના સાધનો) અને કામ (વિષયો) એ બે વસ્તુ દરેક મનુષ્યની સાહજિક પ્રવૃત્તિ હોય તો પણ તે ધર્મરૂપે થવાને લાયક જ નથી, તો પછી તેવી વસ્તુઓને વિશ્વધર્મ તરીકે ગોઠવવી એ તો કેવલ અજ્ઞાનતા અને દુર્ગતિનું સામ્રાજ્ય જમાવવાનું પગથીયું જ થાય. જે ધર્મો અર્થ અને કામની પુરૂષાર્થતા અગર ધર્મપણું જણાવતા હોય કે ધર્મ પ્રણેતા અને અનુસરનારાઓ તરફથી યાદચ્છિકપણે ભલે ધર્મ શબ્દને તે ધારણ કરે અગર ધર્મ શબ્દની રૂઢી તેઓમાં પ્રચલિત થાય, પરંતુ ધર્મ શબ્દના ગુણો કે ફળોથી ચોક્કસ તેઓ વંચિત જ રહેવાના. કેમક્રે ધર્મની પ્રરૂપણા કરવાની જરૂર અને તેનો આદર કરવાની આવશ્યકતા જો કંઈપણ અંશે હોય તો તે માત્ર પુનર્ભવમાં જીવની થતી દુર્ગતિ રોકવાને માટે જ છે અને તેથી જ સમગ્ર આર્યશાસ્ત્રકારો ધર્મનું સ્વરૂપ જણાવતાં સ્પષ્ટ કરે છે કે દુર્ગતિપ્રપતજ્જન્તુધારણાદ્ધર્મ મુચ્યતે અર્થાત્ અર્થ અને કામની લાલસાથી આરંભ પરિગ્રહ અને વિષય કષાયની મગ્નતાથી ક્રોધ, માન, માયા અને લોભના આવેશથી, જીવો જે દુર્ગતિને લાયકનાં કર્મો બાંધતા હોય છે અને તેના ફળરૂપે જેઓને દુર્ગતિમાં ભટકવાનું હોય છે, તેઓને દુર્ગતિથી બચાવી લેનાર અર્થાત્ દુર્ગતિમાં લઈ જનારા કર્મોનો સંચય થયો હોય તો તેનો ક્ષય કરાવી નાંખે એવી જે વસ્તુ હોય અગર જે વસ્તુ તેવા દુર્ગતિના કારણોથી દૂર રાખી દુર્ગતિના કારણભૂત કર્મોને જીવોમાં પ્રવેશ થતાં જ રોકી દેનાર હોય તેને ધર્મ તરીકે સાચી રીતે કહી શકાય.

આવી વસ્તુને જ ધર્મ તરીકે કહી શકાય અને આજ વસ્તુ ધર્મ તરીકે ગ્રહણ કરેલી હોય તો ધર્મના ફળની સિધ્ધિ કરી શકે, પરંતુ જે વસ્તુથી દુર્ગતિના કારણભૂત કર્મોનું આવવું થતું હોય અગર જે વસ્તુથી દુર્ગતિના કારણભૂત આવેલાં કર્મોનું મજબૂતપણું થતું હોય તે વસ્તુને કોઈ દિવસ પણ ધર્મ તરીકે કહી શકાય નહિ.

તત્વ દ્રષ્ટિથી વિચારીએ તો તેવી અનર્થદાયક વસ્તુને ધર્મ તરીકે જાહેર કરવી એ સાચા અને શુભભરોસે સાંભળવા આવેલ અને શુભવસ્તુ માંગતા વિશ્વાસુ લોકોને

(જુઓ પાનું ૩૫૧)

(ટાઈટલ પેઈજ ચોથાનું અનુસંધાન)

સંપન્ન વિભવાદિ પાંત્રીસ ગુણો કે જેને આપણે ઉપર વિશ્વધર્મ થવાની લાયકાત જણાવી ગયા છીએ તે ગુણો એટલા બધા પ્રસિદ્ધિમાં છે કે જેનાં નામ આપવાં તે માત્ર વ્યર્થપ્રલાપ જેવું થાય, છતાં ઈતર ધર્મવાળાઓ વિશ્વધર્મને માટે વધારે આકાંક્ષા અને પ્રવૃત્તિવાળાં હોવાથી તેઓની જાણને માટે નામો આપવાં ઉચિત ધારીએ છીએ અને આશા રાખીએ છીએ કે આ નામોનું યથાયોગ્યપણું વિચારી તેના ખુલાસા માટે ઉપર જણાવેલા ગ્રન્થોનું મનન કરવા તેઓ પ્રયત્નશીલ થશે.

| | |
|---|---|
| ૧ ન્યાયસંપન્નવિભવ | ૨ શિષ્ટપુરુષોના આચારની પ્રશંસા |
| ૩ कुलशील समैः सार्द्ध कृतो यद्वाहोऽन्या-गोत्रजैः | ૩ સરખા કુલવાળા અને અન્ય ગોત્રવાળા સાથે વિવાહ. |
| ૪ પાપ ભીરુરિતિ | ૪ પાપની બીક |
| ૫ प्रसिद्धं च देशावर समाचारन् | ૫ દેશાચાર પાલન |
| ૬ અવર્ણવાદી નકવાડપિ | ૬ કોઈના અવર્ણવાદ ન બોલવા. |
| ૭ અનેક નિર્ગમદ્વાર વિવર્જિત નિકત | ૭ અનેક નિર્ગમદ્વારવાળું ઘર વર્જવું |
| ૮ कृतसङ्गः समाचारः | ૮ સારી સોબત |
| ૯ माता पित्रोश्च पूजकः | ૯ માતાપિતાનું પૂજન |
| ૧૦ ન્યખન્નપપ્લુતં સ્થાનમ્ | ૧૦ ઉપદ્રવ વગરનું ઘર |
| ૧૧ અપ્રવૃતશ્ચ ગર્હિતે | ૧૧ નિંદ્યકાર્યમાં પ્રવર્ત્તવું |
| ૧૨ આવક પ્રમાણે ખર્ચ | ૧૩ વૈભવને અનુસારે વેષ રાખવો |
| ૧૪ બુદ્ધિના આઠ ગુણોવાળે | ૧૫ ધર્મને શ્રવણ કરનાર |
| ૧૬ અજીર્ણમાં ભોજનનો ત્યાગ | ૧૭ કાલે ભોજન કરવું |
| ૧૮ ત્રિવર્ગને સાધનાર | ૧૯ અતિથિવિગેરેની ભક્તિ કરનાર |
| ૨૦ અભિનિવેશનો ત્યાગ | ૨૧ ગુણમાં પક્ષપાત |
| ૨૨ અદેશ અને અકાળ ચર્યાનો ત્યાગ | ૨૩ પોતાના અથવા પરના બળાબળ જાણવા |
| ૨૪ વ્રત અને જ્ઞાનથી વૃદ્ધોની પૂજા | ૨૫ પોષ્યવર્ગનું પોષણ |
| ૨૬ લાંબા કાળે થનાર અનર્થાદિકનો પણ વિચાર | ૨૭ વિશેષ જાણપણું |
| ૨૮ કૃતજ્ઞ | ૨૯ લોકવલ્લભ |
| ૩૦ સલજ્જ | ૩૧ સદય |
| ૩૨ સૌમ્ય | ૩૩ પરોપકાર કરનાર |
| ૩૪ અંતરંગારિષડવર્ગનો ત્યાગ | ૩૫ ઈન્દ્રિયોને તાબે કરનાર |

(જુઓ પાનું ૩૫૨)

# જૈનધર્મની વિશ્વધર્મ થવાની લાયકાત

વર્ત્તમાનજનતામાં વિશ્વધર્મ પરિષદો અવારનવાર ભરાતી હોવાને લીધે એક વિચાર ઘણા મનુષ્યોના મનમાં એવી રીતે ઉત્પન્ન થએલો છે કે વર્ત્તમાન જગત્‌ના ધર્મોમાંથી એવો એક ધર્મ નિયમિત કરવો જોઈએ કે જે ધર્મ, વિશ્વની સમસ્ત જનતાને અનુકૂલ હોય.

આવો વિચાર કરનારાઓનું મુખ્ય ધ્યેય ધર્મના હેતુ સ્વરૂપ અને ફલ તરફ નથી હોતું, પરન્તુ તેઓનો અન્તરંગ હેતુ પૃથગ્‌પૃથક્ ધર્મોના પૃથગ્‌પૃથક્ મન્તવ્યો હોવાથી અથડામણો થતી મટાડવાનો જ હોય છે, પરન્તુ પૂર્વમહર્ષિઓએ જે જે સામાન્ય ધર્મો તરીકે ગૃહસ્થોને માટે ન્યાયસંપન્ન વિભવ વગેરે જે પાંત્રીસ ગુણ જણાવેલા છે અને જે સામાન્ય ગૃહસ્થ ધર્મ ગણાય છે તે ગૃહસ્થધર્મ એટલો બધો સુન્દર છે કે જે ગુણોને જૈન શાસ્ત્રોમાં માર્ગાનુસારિ ગુણો તરીકે કહેવામાં આવે છે અને જે ગૃહસ્થધર્મ સર્વગૃહસ્થોને સામાન્ય હોવાથી આપોઆપ વિશ્વધર્મ બન્યા સિવાય રહેતો નથી એ માર્ગાનુસારિ પાંત્રીસ ગુણોરૂપી વિશ્વધર્મ આત્માને શુદ્ધધર્મનો હેતુ સ્વરૂપ અને ફલ તરફ જતાં અટકાવ્યા સિવાય જગતની અનુકૂલતામાં દોરે છે અને તેથી જ તેવા ધર્મવાળાને શાસ્ત્રકારો લોકપ્રિયપણું થવારૂપી ફલ અવશ્ય આવે છે એમ ફરમાવે છે. જો કે આ માર્ગાનુસારિના ન્યાયસંપન્નવિભવાદિ ગુણોનું વિસ્તારથી વિવેચન ભગવાન્ હરિભદ્રસૂરિજીએ શ્રીધર્મબિંદુમાં અને શ્રીકલિકાલ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રમાં આચાર્યજી શ્રીજીનમંડનજીએ શ્રીશ્રાદ્ધગુણવિવરણમાં સારા રૂપે વિવેચન કરેલું છે, એટલું જ નહિ, પરન્તુ જે ગ્રન્થનું ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજી મહોપાધ્યાયજીએ શોધન કરેલું છે અને અનેક સ્થાને ટીપ્પણ કરી જેમાં વધારો કરેલ છે એવા મહોપાધ્યાયજી માનવિજયજીએ કરેલા ધર્મસંગ્રહમાં પણ સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. તેથી તે ગુણોનું વિવેચન જાણવાની ઈચ્છાવાળાઓને તે તે ગ્રન્થો વાંચી વિચારીને મનન કરવાની ભલામણ કરવી તે અસ્થાને નથી. જૈનજનતામાં એ ન્યાય-

(જુઓ ટાઈટલ પેઈજ ત્રીજું)

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# શ્રી સિદ્ધચક્ર

## (પાક્ષિક)

તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्रस्तुति :

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥

વીર સંવત્ ૨૪૬૪ વિક્રમ સંવત્ ૧૯૯૪ } વર્ષ ૬ અંક ૧૬ { વૈશાખ વદ અમાવાસ્યા ૨૯-૫-૧૯૩૮

-: ઉપદેશ :-

જે દિવસથી જીવ ગર્ભમાં સંક્રમે છે તેજ દિવસથી એ જીવનું મૃત્યુ સમીપ અસ્ખલિત રીતે પ્રયાણ શરૂ થઈ જાય છે.

જેને યમરાજની સાથે મિત્રતા હોય અથવા અમર હોય તેને કહેવું યોગ્ય છે કે આ કામ હું કાલે કરીશ.

જેઓ ઉપદેશ રૂપી અમૃત પીએ છે તેઓ શોકને વશ નથી.

"ઉપદેશામૃત કુલક"

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ. ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

## અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

### નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૧ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયક્રમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

ศ્રી સિદ્ધચક્ર

પાક્ષિક

વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | તા. ૨૯-૫-૩૮
વીક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૧૬ | વૈશાખ અમાવાસ્યા

# આગમોદ્ધારકની અમોઘદેશના

ગતાંકથી પાના ૩૫૦ થી શરૂ

હવે વાત એ છે કે અંતસમયે એ શરીરને તપાસી જોવાનું બની શકતું નથી એટલે તેઓ ધબોધબ પાણી નાંખીને અજ્ઞાનપણે હત્યારાપણું મેળવે છે.

તે શિયાળવો જ થાય.

આ સઘળું શાને અંગે થાય છે. તેનો વિચાર કરશો તો જણાઈ આવશે કે એ હત્યારાપણાનું કારણ માત્ર શરીરના પવિત્રતામાં ધર્મ માનવામાં આવ્યો છે તેજ છે, બીજું કાંઈ જ નથી. આ શ્રુતિ અજૈનો માને છે, પરંતુ તે આપણને એ કથન માન્ય નથીજ. આપણે એ શ્રુતિને માનતા નથી. પરંતુ આ બધા વિપરીત કથનમાં જે એક જડ છે અને એ જડ આપણે વિચારવી જોઈએ. એ કઈ જડ ? એ જંડ એ છે કે જે માણસો ખાવાપીવામાં જ ગાંડા બનેલા હોય છે, ખાવાપીવામાં ભાન નથી રાખતા અને ખાવકણા બને છે, તેમને અંતાવસ્થામાં પ્રબળદાહ થાય છે, અને તેને લીધે એણે એ ખૂબ ખાધું હોય, ફાવે તેમ ઠાંસ્યા કર્યુ, હોય. તેનુ પરિણામ એ આવે છે કે તેને અંત સમયે દાહની સાથે ઝાડો પણ છુટી જાય છે અને તેની સાથે જ તે પ્રાણ મુકી દે છે ! આવી હીનદશાએ જેનો પ્રાણ જાય છે તેનો એવો આત્મા બીજે ભવે શિયાળ એટલે તિર્યંચ કે જેને રાત્રે જ ખાવાનું હોય તે થાય તેમાં કશી જ નવાઈ નથી! આ સઘળાનો અર્થ એ છે કે આત્માને આવી હીનદશાની પ્રાપ્તિ ન થાય તે માટે તેણે આહારસંજ્ઞા

ઉપર કાબુ રાખવો જ ઘટે છે. અને આહારસંજ્ઞાને અંકુશમાં રાખી પોતે તેને તાબે થવું ન જોઈએ.

## હુંડી સલામત પણ આંકડો ગુલ !

ત્યાં જેમ એ મુદ્દો હતો કે આહારસંજ્ઞા ઉપર અંકુશ રાખો, તેમ અહીં એ મુદ્દો છે કે આહારસંજ્ઞા વધારો નહિ, અને તપસ્યાની ટેવ રાખો. આ રીતના ધર્મારાધનનું પરિણામ એ આવશે કે અંત અવસ્થાએ તમારી દુર્દશા નહિ થાય અને તમે દુર્ગતિથી બચી જશો ! આપણે અહીં આપણા શાસનમાં આ પ્રમાણે શૌચની અપેક્ષાનું પ્રતિપાદન કબુલ કરી શકતા નથી. જૈનેતરશાસનમાં શિયાળવાનો ભય એટલા માટે રાખ્યો છે કે તેથી લોકો તત્ત્વથી આહારસંજ્ઞા ઉપર અંકુશ રાખતા થાય. છતાં જો અહીં આપણે "આહારસંજ્ઞા વધારો નહિ અને તપસ્યાની ટેવ પાડો એટલે અંતસમયે દુઃખ પામ્યા વિના પ્રાણ ચાલ્યો જઈ શકે." એમ માત્ર જો આપણે પ્રતિપાદન કરીએ પણ સંવર અને નિર્જરારૂપ ફલને ન સમજીએ તો તેનો અર્થ એ થાય કે આપણે આખી હુંડી સલામત રાખી છે, પરંતુ એ હુંડીમાં જે આંકડો ભરેલો છે તેના ઉપર જ આપણે શાહી ઢોળી દીધી છે ! આપણે આખી હુંડી સલામત રાખીએ, તે કાગળ બરાબર સાચવી રાખીએ, અને કાગળ પર શાહીનો ડાઘ પણ પડવા ન દઈએ, તો પણ જો મુખ્ય આંકડા ઉપર જ શાહી ઢોળાવા દઈએ તો એ આપણી હુંડી સ્વીકારાતી નથી અને આપણે હુંડીનો મૂળ મુદ્દો ભૂલી ગયા છીએ એજ તેથી સાબીત થાય છે. તેજ પ્રમાણે આપણે ઉપવાસ તપસ્યા આદિમાંથી પણ ધર્મનું તત્ત્વ કાઢી નાંખીએ અને ત્યાં ઉપર કહેલી આરોગ્ય યશ કે એવી કોઈ વિચારસરણી ઘુસાડી દઈએ તો તેનો અર્થ પણ એજ છે કે તપશ્ચર્યાદિમાં રહેલો મૂળ મુદ્દો જ આપણે ભૂલી ગયા છીએ.

## ધર્મનું મૂળ વિનય

શૌચાચારના પાલકો જો શૌચની જગો પર પારકું અશૌચ નિહાળે છે તો તેમને ઘૃણા જ થાય છે, તેજ પ્રમાણે આહારની લોલુપતાના ત્યાગ માટે કહેલુ વાક્ય ત્યાંથી ઉંચકી લઈએ અને તે શ્રુતિના કહેવાતા ધ્યેયવાળી પ્રવૃતિમાં મૂકી દઈએ તો તે જોઈને આપણને પણ ઘૃણા જ થવી જોઈએ. તમે જ્યાં ધર્મમાં વિનયનું ઉલ્લંઘન દેખો અને ધર્મનું મૂળ વિનય ન દેખો ત્યાં તમારા અંતરમાં એવી ઘૃણા થવીજ જરૂરી છે અને જો તે પ્રસંગે તમારામાં ઘૃણા ન થાય તો તેનો અર્થ એ છે કે વિનય જેનું મૂળ છે એવો ધર્મ હજી તમારામાં પણ વસેલો જ નથી. જેઓ વિનય શીખ્યા છે અને આદરે છે તેમના જ સત્ય અને દયાનું મૂલ્ય થાય છે. પરંતુ જેઓ વિનયને જ શીખ્યા નથી તેમની દયા અને તેમનું સત્ય એ આત્મા વિનાના દેહના જેવું જ નકામું-મિથ્યા-નિર્માલ્ય છે. બાકી ભેગા હોય તો તે બન્નેની અથવા તો તે બેમાંથી ગમે તે એક હોય તો તે બેમાંથી ગમે તે એકની પણ કશી જ કિંમત નથી. વિનય વિનાનું સત્ય અને વિનય વિનાની દયા એ બન્ને આપણે અભવ્યોમાં જોઈએ છીએ અને તેથી જ તેવાને નકામા માનીએ છીએ.

### દયા અને સત્ય.

હવે અભવ્યોને જોયા પછી આપણે ભવ્યો તરફ નજર કરો. જે ભવ્યાત્માઓ છે તેઓ પણ મોક્ષને માટે ધર્મારાધન કરે છે અને પૌદગલિકતાની પ્રાપ્તિને માટે પણ ધર્મારાધન કરે છે. એ બંનેમાં જો કે ઘણો ફેર છે. દાખલા તરીકે વડનું ઝાડ જુઓ અને આંબાનું ઝાડ જુઓ, ઝાડપણે બંને વૃક્ષો સરખાં છે, લાકડાપણે પણ બંને વૃક્ષો સરખાં છે, ફુલ, થડ, પાંદડા, ડાળી ઈત્યાદિપણે બંને વૃક્ષો સરખાં છે. પરંતુ એટલા જ ઉપરથી એ ઝાડની કિંમત કરી શકાતી નથી ઝાડની ઉત્તમતા તેના મૂળ અને ફલ ઉપર છે. મૂળ અધમ હોય તો તેના વૃક્ષના પાંદડા, ફળ, ફૂલ ઈત્યાદિ સારાં ક્યાંથી થવાનાં હતાં ? અર્થાત્ મૂળ ઉપરજ આધાર વધારે પ્રમાણમાં હોવો જ જોઈએ. મોક્ષને માટે કહેવાયેલા સર્વજ્ઞના વચનને માનનારાનું સત્ય અને દયા કિંમતી છે, પરંતુ મોક્ષનું ધ્યેય જ જેઓ માનતા નથી તેમની દયા અને સત્ય કાંઈ ગણતરીમાં જ નથી. બાવળનાં લાકડાં બાળવાનેજ કામ લાગે છે, પરંતુ તે લાકડાં સેંકડો વરસ રહી શકે એવા મકાનને માટે વાપરી શકાતાં જ નથી. એવા મકાનમાં જો તેવાં લાકડાં વાપરીએ તો પરિણામે મકાન જ બેસી જાય?

### પાકી ઈમારત શી રીતે થાય ?

જેમ બાવળનાં વૃક્ષો એ અન્ય વૃક્ષો સાથે વૃક્ષો સ્વરૂપે સરખાં છે. તેનું લાકડું એ લાકડા સ્વરૂપે સમાન છે, પરંતુ તે છતાં જેમ તે લાકડું લાંબો કાળ ટકી શકતું જ નથી તેજ પ્રમાણે મોક્ષની ઈચ્છા વિના અર્થાત ધર્મના મૂળને વિનય તરીકે માન્યા વિનાજ જેમણે સત્ય અને દયા ધારણ કર્યાં છે તેઓ સત્ય અને દયાનું પુણ્ય બાવળનાં લાકડાંની પેઠે થોડાજ સમયમાં ખઈ જવાવાળા-છે.તે લાંબો સમય માટે ચાલી શકે એમ નથી. બાવળનાં લાકડાંઓ જેમ પાકી ઈમારત બાંધવાનું કાર્ય આપી શકતાં નથી, તેજ પ્રમાણે મોક્ષની ઈચ્છા વિનાનું અર્થાત્ મોક્ષની ઈચ્છારૂપી વિનયના મૂળ વિનાની દયા અને સત્ય પણ ધાર્યું કામ આપી શકતાં નથી. આ ઉપરથી આપણે સારી રીતે ખાત્રી થાય છે કે વિનય એજ ધર્મનું મૂળ છે. હવે એ વિનયને ધર્મનું મૂળ માન્યા પછી ધર્મ કોને કહેવો તે તપાસીએ. શાસ્ત્રકાર મહારાજાઓ કહે છે કે ''**विनीयंते कर्माणि अनेन इति विनयः**'' અર્થાત્ કર્મને દૂર કરવાનું સાધન તે વિનય. એ વિનય તે મોક્ષપ્રાપ્તિનું ધ્યેય રાખીનેજ આરાધવાનો છે. ઉપરની વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ થાયછે કે જે વિનયમાં મોક્ષપ્રાપ્તિનું ધ્યેય રાખીનેજ આરાધવાનો છે. ઉપરની વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે વિનયમાં મોક્ષપ્રાપ્તિનો હેતુ છે તેજ વિનય તે વિનય છે. અન્ય વિનય તે વિનય નથીજ ! અને એવો વિનય હોય તેજ વિનય એ ધર્મનું મૂળ છે.

### અધિષ્ઠાતા થવાનો અર્થ

હવે સત્યને આપણે અધિષ્ઠાતા તરીકે માન્ય રાખીએ છીએ અને સત્યને સ્વરૂપ તરીકે માન્ય રાખતા નથી એનું શું કારણ છે તે તપાસો ! અહીં ધ્યાનમાં રાખવાની મુખ્ય વાત એ છે કે અધિષ્ઠાતા થનારો હંમેશાં સ્વરૂપ ઉપર આધાર રાખે છે. દેવતા

એ વૃક્ષના અધિષ્ઠાયક છે. પરંતુ તેઓ કેરીઆદિ ફલવાળાના અધિષ્ઠાયક છે. બોરડીના અધિષ્ઠાયક થાય કે બાવળના થાય એમ જોવાનું નથી. અધિષ્ઠાયક થવું એટલે ગમે તે વૃક્ષના અધિષ્ઠાતા થઈ બેસવું એવું છેજ નહિ. દેવતાઓ તો સૌથી પહેલા સ્વરૂપ તપાસે છે અને એ સ્વરૂપ તપાસીને જે ઉત્તમ ઝાડો છે તેનાજ અધિષ્ઠાયક થાય છે. તેઓ ગમે તે વૃક્ષના અધિષ્ઠાયક થઈ બેસતા નથી. એજ પ્રમાણે સત્યનું અધિષ્ઠાયકપણું ક્યાં રહ્યું છે તે તપાસો. સત્યનું અધિષ્ઠાયકપણું ત્યાં જ માનવાનું છે કે જ્યાં સુકોમળ લહેર પ્રવર્તે છે, જ્યાં દયાની લહેર નથી ત્યાં સત્યનું અધિષ્ઠાયકપણું પણ નથી જ. હિંસાનો જ પ્રસંગ હોય અર્થાત્ સત્ય બોલવાથી હિંસા વધતી હોય તો તેવા પ્રસંગે જુઠું બોલવાને અવકાશ છે. હવે અહીં જુઠું બોલવાની છુટ શા માટે મુકવામાં આવે છે તે વિચારીએ.

## જુઠું બોલવાની છુટ

જુઠું બોલવાની અહીં છુટ એટલા જ માટે છે કે તેથી હિંસા થતી અટકે છે, હિંસાને ટાળવા માટે જ અહીં જુઠું બોલવાની છુટ છે, અન્યથા નથી. અર્થાત્ સત્યનું અધિષ્ઠાતાપણું ત્યાં સુધી જ ધર્મમાં કાયમ રહે છે કે જ્યાં સુધી દયાનું તેમાં સુંદરત્વ હોય છે. જ્યાં દયાનું સુંદરત્વ નથી ત્યાં સત્યનું અધિષ્ઠાતાપણું પણ નથી જ. આ વસ્તુને સ્પષ્ટ કરવા માટે શાસ્ત્રકાર મહારાજાઓ એક સુંદર ઉદાહરણ આગળ કહે છે. અરણ્યમાં એક સાધુ જાય છે. અહીં તેને રસ્તામાં દોડતા મૃગોનો ભેટો થાય છે.મૃગોને દોડતા જોયા પછી સાધુ મહારાજ આગળ વધે છે. પછી તેમને પેલા મૃગોની પાછળ પડેલા પારધિઓ મળે છે. પારધિ પેલા સાધુને પૂછે છે કે મહારાજ ! મૃગલાને તમે જોયા છે ? તેઓ ક્યાં ગયા ? આવા પ્રસંગે સાધુમહારાજાઓને માટે શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજા એવો માર્ગ સૂચવે છે કે પહેલાં તેમણે મૌન રહેવું. મૌન રહેવા છતાં પણ જો એ વાત માલુમ પડી આવે કે બોલ્યા વિના છુટકોજ નથી. તો તે પછીનું સાધુ મહારાજાઓને માટેનું બીજું પગથીયું એ છે કે તેમણે મૌન રહેવા પૂર્વક પ્રશ્ન પૂછનારાની ઉપેક્ષા કરવી.

## "હું જાણતો નથી."

આટલેથી પણ કાર્ય ન પૂરૂં થાય અને છેવટે બોલવું જ પડે એવું હોય તો શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજા એવું ફરમાવે છે કે એવી વાણી છેવટે ભાખવી કે જાણતા હો તો પણ એમ કહેવું કે હું નથી જાણતો. અહીં ખૂબ ધ્યાનમાં રાખજો કે પહેલા જ ધડાકે જાણતા હોવા છતાં નથી જાણતો એમ કહી દેવાનું નથીજ. પહેલા તો મૌન રાખવાનું છે અને મૌનપૂર્વક ઉપેક્ષા પછી કરવાની છે. પરંતુ તેટલાથી કામ ન ચાલતું હોય તો છેક છેવટના સ્ટેજ ઉપર જ જાણતા હોવા છતાં હું નથી જાણતો એવું ભાખવાનું છે. આ પ્રસંગ સમજવા જેવો છે. કેટલાક સૂત્રને ન માનનારા અને ટીકાને પણ નહિ સમજનારા અહીં અતિગંભીર ભૂલ કરે છે, એ ભૂલ

શું છે તે તપાસો. અહીં વાસ્તવિક પ્રકરણને અનુસરતો અર્થ કયો છે તે જોઈએ. સ્યાદ્વાદ શૈલીએ "હું જાણતો નથી" એવું ઉપરના પ્રસંગમાં બોલે એજ યોગ્ય છે, પરંતુ જેને સ્યાદ્વાદને અંગેજ શૂળ ઉપજે તેવા પાખંડીઓ આવી સીધીસાદી વાતને પણ સમજી શકતા જ નથી.

બંને પક્ષો જુદા છે.

અહીં મુખ્ય એ વાત છે કે સાધુમહારાજ જાણતો થકો પણ હું જાણું છું એમ ન બોલે, અને જાણતો થકો પણ હું નથી જાણતો એમ કહે તો એ બંને પક્ષો શું એક જ છે ? એ બંને પક્ષોમાં અંતર નથી ? અર્થાત બંને પક્ષો જુદા છે કે નહિ ? તે વિચાર બંને વાક્યોની વચ્ચે વા શબ્દ આવે છે તો એ વા શબ્દથી જુદો પક્ષ ઠરાવાય ખરો કે ન ઠરાવી શકાય ? જે હૈયા ફૂટ્યાઓ વ્યાકરણને જ વ્યાધિકરણ માને છે તેવા હૈયાફૂટ્યાઓને "વા" અર્થનો ખ્યાલ ન હોય, પરંતુ જેઓ વ્યાકરણશાસ્ત્રને બરાબર સમજે છે, તેઓ તો અહીં સારી રીતે સમજી શકશે કે બંને પક્ષો અહીં જુદા છે, પરંતુ એક નથી જ ! ચાદિઅવ્યયો શબ્દો મૂળસ્વરૂપના દ્યોતક છે. આપણે જાણીએ છીએ કે જે જગ્યાએ દીવો ન હોય તોપણ તે જગ્યાએ અજવાળું હોય છે. અર્થાત્ જે જગા પર અજવાળું હોય છે તે જ જગા પર દીવો નથી: દીવો દૂર હોય તોપણ એનું અજવાળું એનો પ્રકાશ ત્યાં હોય છે. દીવો દૂર હોય તો પણ તે દીવો પોતાના સમીપવર્તી પ્રદેશમાં પ્રકાશ પાથરે જ છે. આ સઘળા ઉપરથી સ્પષ્ટ થાય છે કે શબ્દો ન હોય તો પણ અન્યશબ્દોના સંયોગમાં તે શબ્દોના અર્થો લઈ શકાય છે. એ દ્યોતકપણું છે. સાંભળનારો આત્મા, બોલનારો ન બોલે તો પણ તેનો ભાવ સમજી લે છે એ દ્યોતકનું કાર્ય છે. અર્થાત્ પ્રસ્તુતસૂત્રોમાં પણ ચાદિઅવ્યયમાં વા શબ્દ નિપાત હોઈ દ્યોતક છે. વાચક પક્ષમાં તો શબ્દો હોય તો જ તેનો અર્થ થાય છે, નિપાત દ્યોતક હોવાથી તે નહોતાં પણ અર્થ થાય છે, ત્યારે અહીં તો શબ્દ સાક્ષાત મૂકેલો જ છે. પછી તેનો વિકલ્પ અર્થ કેમ ન લેવો ?

૧. ત્રણે જગતને પૂજ્ય તીર્થંકર ભગવંત અને શુદ્ધ સાધુ ભગવંતો ધન્ય છે કે જેઓની પાસે પ્રાણિઓની પ્રાયઃ પાપબુદ્ધિ નથી થતી.
૨. ગુરૂની આજ્ઞાને આધીન રહેવું એ ગુણના બન્ધનું કારણ છે.
૩. વિષયમાર્ગ ભયંકર છે, મોહના ચાળા દારૂણ છે. ધન એ શરણ નથી, માત્ર ધર્મને જ મિત્ર કરો.
૪. સેવાનું ફળ-દિવ્ય કામભોગ-શુભકુલ-સારૂં રૂપ, સારી બુદ્ધિ, ધર્મમાં સ્થિરતા અને પરમપદ પ્રાપ્તિ એ છે.

## પક્ષાંતર ક્યાં થાય છે ?

અહીં સ્પષ્ટ રીતે વા શબ્દ મૂકેલો જ છે અને તેથી જ બંને અર્થો વ્યાજબી રીતે જુદા પાડી શકાય છે. હવે અહીં પક્ષાંતર કયું થાય છે તે જુઓ: એક વખત એમ કહેવામાં આવે છે કે મૌનપણે ઉપેક્ષા કરે અને બીજી વખત એમ કહેવામાં આવે છે કે બોલવું નહિ. આ બંનેમાં શો ફરક છે તે તપાસો. વળી જાણંપિ અહીં "અપિ" શબ્દ મૂકેલો છે એ અપિ શબ્દ શા માટે મુકવામાં આવ્યો છે તે જુઓ અહીં "જાણતો થકો પણ" એ સૂચવવાને ખાસ ઉદેશ છે. જો અહીં આ વાત સૂચવવાનો ઉદેશ ન હોત તો અહીં અપિશબ્દ વાપરવામાં જ ન આવ્યો હોત. અહીં જે લોકો જાણું છું એમ ન બોલે એમ કરી ઈતિ શબ્દ જોડવા કહે છે તેઓ કેવી ભયંકર મૂર્ખાઈ કરે છે તે તપાસો તેમના હિસાબે "જાણતો થકો પણ જાણું છું એમ ન કહેવું" શબ્દ મૂકીએ તો એ શબ્દ આખું પ્રકરણ બંધ કરે છે કે જે વસ્તુ દેખીતી રીતે જ ખોટી છે. જાણતો થકો પણ નથી જાણતો એ જ અર્થ અહીં યોગ્ય હોઈ તે શાસ્ત્ર, વ્યાકરણ અને સામાન્યબુદ્ધિએ સઘળાને અનુકૂળ છે, અને તેજ અર્થ સર્વમાન્ય પણ છે. અને એથી જ ધર્મનું અહિંસા એ લક્ષણ ગણાય અને સત્ય તો અધિષ્ઠાયક ગણાય. પરંતુ સ્યાદ્‌નું નામ સાંભળીને જ જેને શૂળ થાય છે તેવાઓને પ્રકરણને અનુકૂળ અર્થ કરવાનું પણ ન સૂઝે તે સ્વાભાવિક છે.

## દીક્ષા અને મૃષાવાદ.

દીક્ષાના પ્રસંગમાં આ બનાવને તમે કલ્પી શકો છો. ધારો કે એક બાળક (જેની દીક્ષાને શાસ્ત્રીયદૃષ્ટિએ યોગ્ય ઠરેલી વય છે તેવો બાળક) દીક્ષા લેવાને ઈચ્છતો નથી એવા બાળકને દીક્ષા આપવા માટે તો કોઈ પણ જૈન સાધુ સંતાડી મૂકતો જ નથી. ધર્મના નામથી પણ બગડેલાઓએ આજ સુધીમાં એવી વારંવાર બૂમરાણ કરી છે કે અમારા સાધુઓ તો અમારા છોકરાં ચોરી જાય છે ! પણ નવાઈની વાત તો એ છે કે એક પણ જૈન સાધુ હજી સુધી એવા એક પણ કેસમાં પકડાયો નથી, કે જેલવાસી બન્યો નથી, અગર તેમ કરનાર નક્કી થયો નથી. એટલે જે બાળકની દીક્ષા લેવાની ઈચ્છા જ નથી તેને તો કોઈ સંતાડતા કે ભગાડતા નથી. પરંતુ ધારો કે એક બાળક દીક્ષાનો ઉપાસક હોય, દીક્ષા લેવાને મહારાજ પાસે આવ્યો હોય અને તેણે પોતાનો દીક્ષાનો ભાવ પ્રગટ કર્યો હોય, અને દીક્ષાની લાયકાત વયઆદિથી ધરાવતો હોય તેવાને દીક્ષા આપી, પછી તે બાળકના વડિલો આવી પહોંચે ધાંધલ કરે, બળાત્કારે તે બાળકને લઈ જવાને પ્રસંગ ઉભો થાય એ પ્રસંગે મહારાજને પેલા બાળકના સગાસંબંધીઓ પ્રશ્ન કરે અને મહારાજ તેવે પ્રસંગે પોતે જાણતા થકા નથી જાણતા એમ કહે, તો તેવે સ્થળે પણ એ પવિત્ર સાધુમહારાજ ઉપર મૃષાવાદનો દોષ તે જ લોકો મૂકી શકે કે જેઓ સ્યાદ્વાદને સાંભળતાં જ રડવા બેસનારા હોય.

**ધર્મનું સ્વરૂપ અહિંસા.**

આ સઘળા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ધર્મનું સ્વરૂપ અહિંસા છે. ધર્મનો અધિષ્ઠાતા સત્ય છે અને ધર્મનું મૂળ વિનય છે. ધર્મનું આવું સ્વરૂપ હોવા છતાં એ ધર્મ અહિંસાધર્મ, સત્યધર્મ અથવા તો વિનયધર્મ તરીકે ઓળખાતો નથી, પરંતુ એ ધર્મ શ્રીજીનેશ્વરોનો ધર્મ જૈનધર્મ એ નામે જ ઓળખાય છે. આ ધર્મનું નામ કોઈ શ્રાવકે અથવા સાધુએ અથવા તો કોઈ તીર્થંકરભગવાને પણ એવું નથી રાખ્યું કે દયાધર્મ, અહિંસાધર્મ, કે વિનયધર્મ ! આ શાસનનું નામ વિનયાદિધર્મ નથી રાખ્યું, પણ જૈનધર્મ નામ રાખ્યું છે એ વાત ધ્યાનમાં લેવાની છે.

આ જગતમાં કોઈપણ ધર્મનું નામ સ્થિર થતું હોય તો તે અન્ય કારણે સ્થિર થતું જ નથી પરંતુ દેવોને નામે જ સ્થિર થાય છે, ગુરૂ કે ધર્મને નામે ધર્મનું નામ જાહેર થતું જ નથી ! હવે આ ધર્મનું નામ કોના ઉપરથી પડયું છે તે જુઓ. આપણે જીનેશ્વર ભગવાનને દેવ માન્યા છે તેથી એ ધર્મનું નામ જૈનધર્મ પડયું છે. હવે એ ધર્મ જીનેશ્વરને દેવ માને છે તો દેવ કેવા છે, અર્થાત્ તે દેવનું સ્વરૂપ કેવું છે અને તે દેવની આરાધના કેવા પ્રકારે કરી શકાય છે અને તે ભાગ્યવતી આરાધના શું ફળ આપે છે ? તે જોઈએ.


## તૈયાર છે

શ્રી કલ્પસમર્થન ૦-૮-૦

શ્રી કથાકોષ ૧-૪-૦

**- તુરતમાં બ્હાર પડનારા -**

શ્રી ભવભાવના સટીક - ભાગ બીજો

શ્રી પ્રવજ્યાવિધાનકુલક સટીક અને સાવચૂરિક

લખો :-

**શ્રી જૈનઆનંદ પુસ્તકાલય**

ગોપીપુરા - સુરત.


---

સુધારો - ગયા અંકના ટાઈટલ ઉપર અંક ૧૪મો છપાયો તે ૧૫મો સમજવો.

# સનાતનધર્મ કયો ?

**જગતનો સાચો સનાતન ધર્મ કયો ? જેના મતે સૃષ્ટિજ સનાતન નથી તેનો ધર્મ સનાતન કેવી રીતે હોઈ શકે ? જે ધર્મના ઉત્પાદકો જગતના આરંભ પછી થયા છે તે ધર્મને પોતાને સનાતન કહેવાને અવકાશજ નથી. * જૈનધર્મનું અખંડપણું * જૈનધર્મનો કદી નાશ થયો નથી. જૈનધર્મનો પુનરૂદ્ધાર થયો છે એમ કહેવામાં ગંભીર ભૂલ છે * જગતના કોઈપણ મહાપુરૂષે પ્રવર્તાવેલો ધર્મ એ સનાતન નથી. જીનની હસ્તી સનાતન છે માટેજ જૈનધર્મ એજ સત્ય સનાતન આર્યધર્મ છે.**

## શાસનનું નામ શું ?

શ્રીશાસ્ત્રકાર મહારાજા ભગાવન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણ ગ્રંથમાં જણાવે છે કે આ જગતનું કોઈપણ શાસન, કોઈપણ ધર્મ અથવા તો કોઈપણ સંપ્રદાય એના ગુરૂ અથવા તો સાધુને નામે ઓળખાતો નથી. એથીજ ભગવાન શ્રીમહાવીરદેવનું આ જૈનશાસન પણ સાધુશાસન મુનિશાસન અથવા તો અકિંચનશાસન કહેવાતું નથી. જેમ શાસન એ ગુરૂદેવને નામ ચઢી શકતું નથી, તેજ પ્રમાણે તે ધર્મને નામે પણ ચઢી શકતું નથી. અને તેથીજ આ શાસન તે દયાશાસન, વિનયશાસન કે સત્યશાસન પણ કહેવાતુંજ નથી. અન્યદર્શનીઓમાં પણ ધર્મ વ્યક્તિ ગુરૂ કે આચાર્યને નામે ચઢવા પામ્યોજ નથી. કોઈપણ ધર્મ અથવા સંપ્રદાય તેના ગુરૂના નામ પરથી ઓળખાતો નથી, પરંતુ તે દર્શનોના દેવોને નામેજ ઓળખાય છે એજ પ્રમાણે આ પરમપ્રતાપી જૈનશાસન પણ ભગવાન શ્રી જીનેશ્વરદેવોને નામેજ ઓળખાયું છે. અને તેથીજ ભગવાન શ્રીજીનેશ્વરદેવનું આ શાસન તે જૈનશાસન તરીકે જગતમાં પ્રખ્યાત થયું છે.

## જૈનેતરધર્મો એ આદિશાસનો છે.

આ જગતમાં બીજાં જે જે શાસનો છે તે સઘળાં આદિશાસનો છે. અર્થાત્ અર્વાચીન શાસનો છે. એ શાસનોમાંથી કોઈ પણ શાસન એવું નથી કે જે પોતે અનાદિ હોવાનો દાવો કરી શકે છે, ત્યારે આ જૈનશાસનજ એ એક એવું શાસન છે કે તે પોતે અનાદિ હોવાનો સફળ દાવો કરી શકે છે. બીજા સંપ્રદાયો અથવા ધર્મો એવો દાવો કરી શકતાજ નથી અને જો તેઓ એ પ્રકારનો દાવો કરવા જાય છે તો તેમના પોતાના મંતવ્યો પ્રમાણેજ તેમનો એ દાવો ખોટો ઠરે છે. અન્ય સંપ્રદાયવાળા આ જગતને અનાદિ માનવો તૈયાર નથી અને તેઓ જ્યાં આ જગતનેજ અનાદિ નથી માનતા તો પછી તેઓ પોતાના ધર્મને પણ અનાદિ નજ મનાવી શકે એ ખુલ્લુંજ છે. જ્યારે આ શાસન તો સ્પષ્ટ રીતે પોકારી પોકારીને કહે છે કે આ જગત અનાદિ છે.

અપૂર્ણ

(અનુસંધાન પેજ નં. ૩૬૯)

# तीर्थयात्रा-संघयात्रा (ગતાંકથી ચાલુ)

तिरिअं पवाइएणं भगवओ तित्थयरस्स जम्मण-भवणस्स सव्वओ समन्ता जोअणपरिमण्डलं से जहा णामए कम्मगरदारए सिआ जाव तहेव जं तत्थ तणं वा पत्तं वा कट्ठं वा कयवरं वा असुइमचोक्खं पूइअं दुब्भिगन्धं तं सव्वं आहूणिअ २ एगन्ते एडेंति २ जेणेव भगवं तित्थयरे तित्थयरमाया य तेणेव उवागच्छन्ति २ त्ता भगवओ तित्थयरस्स तित्थयरमा-याए अ अदूरसामन्ते आगायमाणी ओ परिगायमाणी ओ चिट्ठंति। ( सूत्रं ११२ ) तेणं कालेणं तेणं समएणं उद्धलोगवत्थव्वाओ अट्ठ दिसाकुमारीमहत्तरिआओ सएहिंरकूडेहिं सएहिं २ भवणेहिं सएहिं २ पासायावंसएहिं पत्तेअं २ चउहिं सामाणी असाहस्सीहिं एवं तंचेव पुव्ववण्णिअं जाव विहरंति, तंजहा-मेहंकरा १ मेहवई २, सुमेहा ३ मेहमालिनी ४। सुवच्छा ५ वच्छमित्ता य ६, वारिसेणा ७, बलाहगा ८ ॥१॥ तएणं तासिं उद्धलोग-वत्थव्वाणं अट्ठण्हं दिसाकुमारीमहत्तरिआणं पत्तेअं २ आसणाइं चलन्ति, एवं तं चेव पुव्ववण्णिअं भाणिअव्वं जाव अम्हे णं देवाणुप्पिए! उद्धलोग-वत्थव्वाओ अट्ठ दिसाकुमारीमहत्तरिआओ जेणं भगवओ तित्थगरस्स जम्मणमहिमं करिस्सामो तेणं तुब्भेहिं ण भाइअव्वंतिकट्टु उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमन्ति २ त्ता जाव अब्भवद्दलए विउव्वन्ति २ त्ता जाव तं निहयरयं णट्ठरयं भट्ठरयं पसंतरयं उवसंतरयं करेंति २ त्ता जेणेव भयवं तित्थयरे तित्थयरमाया य तेणेव उवागच्छन्तिर त्ता जाव आगायमाणीओ परिगायमाणीओ चिट्ठंति ( सूयं ११३ )

तेणं कालेणं तेणं समएणं पुरत्थिमरुअगवत्थ-व्वाओ अट्ठ दिसाकुमारीमहत्तरिआओ सएहिं २ कूडेहिं तहेव जाव विहरंति, तंजहा णंदुत्तरा य १ णन्दा २, आणन्दा ३ णंदिवद्धणा ४। विजया य ५ वेजयन्ती ६, जयन्ती ७, अपराजिता ८ ॥१॥ सेसं तं चेव जाव तुब्भाहि ण भाइअव्वंतिकट्टु भगवओ तित्थयरस्स तित्थयरमायाए अ पुरत्थिमेणं आयं-सहत्थगया आगायमाणीओ परिगायमाणीओ चिट्ठंति। तेणं कालेणं तेणं समएणं दाहिणरुअवग-त्थव्वाओ अट्ठ दिसाकुमारीमहत्तरिआओ तहेव जाव विहरंति, तंजहा समाहारा १ सुपइण्णा २, सुप्पबुद्धा ३, जसोहरा ४। लच्छिंमई ५ सेसवई ६, चित्तगुत्ता वसुंधरा ८ ॥१॥ तहेव जाव तुब्भाहिं न भाइअ-व्वंतिकट्टु भगवओ तित्थयरस्स तित्थयरमाऊए अ दाहिणेणं भिंगारहत्थगयाओ आगायमाणीओ परि-गायमाणीओ चिट्ठन्ति। तेणं कालेणं तेणं समएणं पच्चत्थिमरुअगवत्थव्वाओ अट्ठ दिसाकुमारीमहत्त-रिआओ सएहिं २ जाव विहरंति, तं० इलादेवी १ सुरादेवी २, पुहवी ३ पउमावई ४। एगणासा ५ णवमिआ ६, भद्दा ७, सीआ य ८, अट्ठमा ॥१॥ तहेव जाव तुब्भाहिं ण भाइअव्वंतिकट्टु जाव भगवओ तित्थयरस्स तित्थयरमाऊए अ पच्चत्थिमेणं तालिअंटहत्थगयाओ। आगायमाणीओ परिगायमा-णीओ चिट्ठन्ति। तेणं कालेणं तेणं समएणं उत्तरिल्लरुअगवत्थगवत्थव्वाओ जाव विहरंति, तंजहा-अलंबुसा १ मिस्सकेसी २, पुण्डरीआ य ३ वारुणी ४। हासा ५ सव्वप्पभा ६ चेव, सिरि ७ हिरी ८ चेव उत्तरओ ॥१॥ तहेव जाव वन्दित्ता

भगवओ तित्थयरस्स तित्थयरमाऊए अ उत्तरेणं चामरहत्थगयाओ आगायमाणीओ परिगायमाणीओ चिट्ठन्ति।

तेणं कालेणं तेणं समएणं विदिसिरुअगवत्थव्वाओ चत्तारि दिसाकुमारीमहत्तरिआओ जाव विहरंति, तंजहा-चित्ता य १ चित्तकणगा २, सतेरा ३ य सोदामिणी ४। तहेव जाव ण भाइअव्वंतिकट्टु भगवओ तित्थयरस्स तित्थयरमाऊए अ चउसु विदिसासु दीविआहत्थगयाओ आगायमाणीओ परिगायमाणीओ चिट्ठन्तित्ति। तेणं कालेणं तेणं समएणं मज्झिमरुअगवत्थव्वाओ चत्तारि दिसाकुमारीमहत्तरिआओ सएहिं २ कूडेहिं तहेव जाव विहरंति, तंजहा-रुआ १ रुआसिआ २, सुरुआ ३ रुअगावई ४। तहेव जाव तुब्भाहिं ण भाइयव्वंतिकट्टु भगवओ तित्थयरस्स चउरंगुलवज्जं णाभिणालं कप्पन्ति कप्पेत्ता विअरगं खणन्ति खणित्ता विअरगे णाभिं णिहणंति णिहणिता रयणाण य वइराण य पूरेंति २ त्ता हरिआलिआए पेढं बन्धंति २ त्ता तिदिसिं तओ कयलीहरए विउव्वंति तए णं तेसिं कलयीहरगाणं बहुमज्झदेसभाए तओ चाउस्सालए विउव्वन्ति, तएणं तेसिं चाउस्सालगाणं बहुमज्झदेस-भाए तओ सीहासणे विउव्वति, तेसिणं सीहसणामं अय मेया रुवे वण्णावासे पण्णत्ते, सव्वो वण्णलगो भाणिअव्वो। तए णं ताओ रुअगमज्झवत्थव्वाओ चत्तारि दिसाकुमारीओ महत्तराओ जेणेव भयवं तित्थयरे तित्थयरमाया य तेणेव उवागच्छन्ति २ त्ता भगवं तित्थयरं करयलसपुंडेणं गिण्हन्ति तित्थयरमायरं च बाहाहिं गिण्हन्ति २ त्ता जेणेव दाहिणिल्ले कयलीहरए जेणेव चाउसालए जेणेव सीहासणे तेणेव उवागच्छन्ति २ त्ता भगवं तित्थयरं तित्थयरं तित्थयरमायरं च सीहासणे णिसीयावेंती २ त्ता सयपागसहस्सपागेहिं तिल्लेहिं अब्भंगेंति २ त्ता सुरभिणा गन्धवट्टएणं उव्वट्टेंति २ त्ता भगवं तित्थयरं करयलपुडेण तित्थयरमायरं च बाहासु गिण्हन्ति २ त्ता जेणेव पुरत्थिमिल्ले कयलीहरए जेणेव चाउसालए जेणेव सीहासणे तेणेव उवागच्छन्ति उवागच्छिता भगवं तित्थयरं तित्थयरमायरं च सीहासणे णिसीआवेंति २ त्ता तिहिं उदयएहिं मज्जावेंति, तंजहा-गन्धोदएणं पुप्फोदयेणं सुद्धोदयेणं मज्जाविता सव्वालंकारं विभूसिअं करेंति २ त्ता भगवं तित्थयरं करयलपुडेणं तित्थयरमायरं व बाहाहिं गिण्हन्ति २ त्ता जेणेव उत्तरिल्ले कयलीहरए जेणेव चाउसालए जेणेव सीहसणे तेणेव उवागच्छन्ति २ त्ता भगवं तित्थयरं तित्थयरमायरं च सीहासणे णिसीआविंति २ त्ता आभिओगे देवे सद्दाविन्ति २ त्ता एवं वयासी खिप्पमेव भो देवाणुप्पिया। चुल्लहिमवन्ताओ वासहरपव्वयाओ गोसीसचंदणकट्ठाइं साहरह, तएणं ते अभिओगा देवा ताहिं रुअगमज्झवत्थव्वाहिं चउहिं दिसाकुमारीमहत्तरिआहिं एवं वुत्ता समाणा हट्ठतुट्ठा जाव विणएणं वयणं पडिच्छन्ति १ त्ता खिप्पामेव चुल्लहिमन्ताओ वासहरपवव्याओ सरसाइं गोसीसचन्दणकट्ठाइं साहरन्ति, तएणं ताओ मज्झिमरुअगवत्थव्वाओ चत्तारि दिसाकुमारीमहत्तरिआओ सरगं करेन्ति २ त्ता अरणिं घडेंति अरणिं घडित्ता सरएणं अरणिं महिंति २ त्ता अग्गिं पाडेंति २ अग्गिं संधुक्खंति २ त्ता गोसीसचन्दणकट्ठे पक्खिवन्ति २ त्ता अग्गिं

उज्जालंति २ समिहाकट्ठाइं पक्खिविन्ति २ त्ता अग्गिहोमं करेंति २ त्ता भूतिकम्मं करेंति २ त्ता रक्खापोट्टलिअं बंधन्ति बन्धेत्ता णाणामणिरयण-भतिधत्ते दुवे पाहाणवट्टगे गहाय भगवओ तित्थय-रस्स कण्णमूलंमि टिट्टिआविन्ति भवइ भयवं पव्वयाउए २। तएणं ताओ रुअगमज्झवत्थव्वाओ चत्तारि दिसाकुमारीमहत्तरिआओ भयवं तित्थयरं करयलपुडेणं तित्थयरमायरं च बाहाहिं गिण्हंति गिण्हित्ता जेणेव भगवओ तित्थयरस्स जम्मणभवणे तेणेव उवागच्छन्ति २ त्ता तित्थयरमायरं सयणि-ज्जंसि णिसीआविंति णिसीआवित्ता भयवं तित्थयरं माऊए पासे ठवेंति ठवित्ता आगायमाणी परिगाय-माणीओ चिट्ठन्तीति। ( सूत्रं ११४ ) तेणं कालेणं तेणं समएणं सक्के णामं देविंदे देवराया वज्जपाणी पुरंदरे सयक्कऊ सहस्सक्खे मधवं पागसासणे दाहिणद्धलोकाहिवई बत्तीसविमाणावाससयस-हस्साहिवई एरावणवाहणे सुरिंदे अयंबरवत्थधरे आलइयमालमउडे नवहेम-चारूचित्तचंचलकुण्डल-विलिज्जमाणगंड भासुरबोंदी पलम्बवणमाले महिद्धीए महज्जुईए महाबले महायसे महाणुभागे महासोक्खे सोहम्में कप्पे सोहम्मवर्डिसए विमाणे समाए सुहम्माए सक्कंसि सीहासमंसि से णं तत्थ बत्तीसाए विमाणावससय-साहस्सीणं चउरासीए सामाणीअसाहस्सीणं तायत्तीसाए तायत्तीसगाणं चउण्हं लोगपालाणं अट्ठण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं सत्तण्हं अणिआहिवईणं चउण्हं चउरासीणं आयरक्खदेवसारस्सीणं अन्नेसिं च बहूणं सोहम्म-कप्पवासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेववच्चं सामित्तं भट्टितं महत्तरगत्तं आणाईसरसेणावच्च कारेमाणे पालेमाणे महपाहयणट्ठगीयवाइयतंतीतलतालतुडिअधणमुइं-गपड्डपडहवाइरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ। तए णं तस्स सक्कस्स देविंदस्स देवरण्णो आसणं चलइ, तएणं से सक्के जाव आसणं चलिअं पासइ २ त्ता ओहिं पउंजइ पउंजित्ता भगवं तित्थयरं ओहिणा आभोएइ २ त्ता हट्ठतुट्ठचित्ते आनंदिए पीइमणे परमसोमणस्सिए हरिसवसविसप्पमाण-हिअए धाराहयकयंबकुसुमचंचुमालइअऊसविअ-रोमकूवे विअसिअवरकमलनयणवयणे पचलिअ-वरकडगतुडिअकेऊरमउडे कुण्डलहारविरायंतवच्छे पालम्बपम्बमाणधोलंतभूसणधरे ससंभमं तुरिअं चवलं सुरिंदे पायपीढाओ पच्चोरुहइ २ त्ता सीहास-णाओ अब्भुट्ठेइ २ त्ता वेरुलिअरिट्ठरिट्ठअंजणनिउणोविअमिसिमिसिंतम-णिरयणमंडिआओ पाउआओ ओमुअइ २ त्ता एगसाडिअं उत्तरासंगं करेइ २ त्ता अंजलिमउलिय-ग्गहत्थे तित्थयराभिमुहे सत्तट्ठ पयाइं अणुगच्छइ २ त्ता वामं जाणुं अंचेइ २ त्ता दाहिणं जाणुं धरणीअलंसि साहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणियलंसि निवेसेइ २ त्ता ईसिं पच्चुण्णमइ २ त्ता कडगतुडिअथंभिआओ भुलाओ साहरइ २ त्ता करयलपरिग्गहिअं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासीणमोत्थु णं अरहंताणं भगवन्ताणं,

आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं, पुरिसुत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुण्डरीआणं पुरिसवरगन्धहत्थीणं, लोगुत्तमाणं लोगणाहाणं लोगहियाणं लोगपवईवाणं लोगपज्जोअगराणं, अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं जीवदयाणं बोहिदयाणं, धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरन्तचक्कवट्टीणं, दीवो ताणं सरणं गई पइट्ठा अप्पडिहयवरनाणदंसणधराणं विअट्टछउमाणं, जिणाणं जावयाणं तिण्णाणं तारयाणं बुद्धाणं बोहयाणं मुत्ताणं मोअगाणं, सव्वन्नूणं सव्वदरिसीणं सिवमयलमरुअमणंतमक्खयमव्वाबाहमपुणराविंत्तिसिद्धिगइणामधेयंठाणं संपत्ताणं णमो जिणाणं जिअभयाणं, णमोत्थु णं भगवओ तित्थगवरस्स आइगरस्स जाव संपाविउकामस्स, वंदामि भगवन्तं तत्थगयं इहगए, पासइ मे भयवं। तत्थगए इहगयंतिकट्टु वन्दइ णमंसइ २ त्ता सीहासणवरंसि पुरत्थाभिमुहे सण्णिसण्णे, तएणं तस्स सक्कस्स देविंदस्स देवरण्णो अयमेयारूवे जाव संकप्पे समुप्पज्जित्था-उप्पण्णे खलु भो जम्बुद्दीवे दीवे भगवं तित्थयरे तं जीयमेवं तीअपदुप्पण्णमणागयाणं सक्काणं देविंदाणं देवराईणं तित्थरायणं जम्मणमहिमं करेत्तए, तं गच्छामि णं अहंपि भगवओ तित्थगरस्स जम्मणमहिमं करेमित्तिक एवं संपेहेइ २ त्ता हरिणेगमेसिं पायत्ताणीयाहिवइं देवं सद्दावेन्ति २ त्ता एवं वयासी-खिप्पामेव भो देवाणुप्पिआ। सभाए सुहम्माए मेघोघरसिअं गंभीरहुरयरसद्दं जोयणपरिमण्डलं सुघोसं सूसरं घंटं तिक्खुत्तो उल्लालेमाणे २ महया महया सद्देणं उग्धोसेमाणे २ एवं क्याहि-आणवेइ णं भो सक्के देविंदे देवराया गच्छइ णं भो सक्के देविंदे देवराया जम्बुद्दीवे २ भगवओ तित्थयरस्स जम्मणमहिमं करित्तए, तं तुब्भेवि णं देवाणुप्पिआ। सव्विद्धीए सव्वजुइए सव्वबलेणं सव्वसमुदएणं सव्वायरेणं सव्वविभूईए सव्वविभूसाए सव्वसंभमेणं सव्वणाडएहिं सव्वोवरोहेहिं सव्वपुप्फगन्धमल्लालंकाकरविभूसाए सव्वदिव्वतुडिअद्दसण्णिणाएणं महया इद्धीए जाव खेणं णिअयपरिआलसंपरिवुडा सयाइं २ जाणविमाणवाहणआइं दुरुढा समाणा अकालपरिहीणं चेव सक्कस्स जाव अंतिअं पाउब्भवह, तए णं से हरिणेगमेसी देवे पायताणीयाहिवई सक्केणं ३ जाव एवं वुत्ते समाणे हट्ठतुट्ठ जाव एवं देवोत्ति आणाए विणएणं वयणं पडिसुणेइ २ त्ता सक्कस्स ३ अंतिआओ पगिणिक्खमइ २ त्ता जेणेव सभाए सुहम्माए मेघोधरसिअगम्भीरमहुरयरसद्दा जोअणपरिमण्डला सुधोसा घण्टा तेणेव उवागच्छइ २ त्ता तं मेघोधरसिअगम्भीरमहुयरसद्दं जोअणपरिमण्डलं सुघोसं घण्टं तिक्खुत्तो उल्लालेइ, तएणं तीसे मेघोधर सिअगम्भीर महुरयसद्दीए जोअण परिमण्डलाए सुधोसाए घन्टाए तिकखुत्तो उल्लालिआए समाणीए सोहम्मे कप्पे अण्णेहिं एगूणाइं बत्तीसं घण्टासयसहस्साइं जगमसमगं कणकणारावं काउं पयत्ताइं हुत्था इत, तएणं सोहम्भे कप्पे पासायविमाणनिक्खुडावडिअसद्दसमुट्ठिअघण्टापडेंसुआसयसहस्ससंकुले जाए

आविहोत्था इति, तए णं तेसिं सोहम्मा कप्पवासीणं बहूणं वेमाणियाणं देवाण य देवीण य एगन्तरइत्तो-पसत्तणिञ्चपमत्तविसयसुहमुच्छिआणं सूसरघण्टार सिअविउलबोलपूरिअचवलपडिबोहणे कए समाणे घोसणकोऊहलदिण्णकण्णएगग्गचित्तउवउत्तमाण-साणं से पायत्ताणी आहिवई देवे तंसि घण्टारघंसिनी संतपडिसंतंसि समाणंसि तत्थ तत्थ तहिं २ देवेस महया २ सद्देणं उग्धोसेमामे २ एवं वयासीति-हन्त। सुणतु भवंतो बहवले सोहम्मकप्पवासी वेमाणिअदेवा देवीओ य सोहम्भकप्पबइणो इणमो वयणं हिअसुहत्थं-आणावइ णं भो सक्के तं चेव जाव अंतिअं पाउब्भवहत्ति, तएणं ते देवा देवीओ य एअमट्ठं सोच्चा हट्ठतुट्ठ जाव हिअआ अप्पेगइआ वन्दणवत्तियं एं पूअणवत्तिअं सक्कारवत्तिअं सम्मा-णवत्तिअं दंसणवत्तिअं जिणभत्तिरागेणं अप्पेगइआ तं जीअमेअं एवमादित्तिकट्टु जाव पाउब्भवंतित्ति। तएणं से सक्के देविंदे देवराया ते विमाणिए देवे देवीओ अ अकालपरिहीणं चेव अंतिअं पाउब्भ-वमाणे पासइ २ त्ता हट्ठे पालयं णामं आणिओगिअं देवं सद्दावेइ २ त्ता एवं वयासी-खिप्पामेव भो देवाणुप्पिआ। अणेगकम्भसयसण्णिविट्ठं लीलट्ठिय-सालभंजिआकलिअं ईहाभिअउशभतुरगणरमगर विहगवालगकिण्णररुरुसरभचमरकुंजरवणलयप-उमलयभत्तिचित्तं खंभुग्गय वइरवेइआपरिगयाभिरामं विज्जाहरजमलजुअलजंतजुत्तपिव अच्चीसहस्स-मालिणीअं रुवगस हस्सकलिअं भिसमाणं भिब्भिसमाणं चक्खुओल्लो अणलेसं सुहफासं सस्सिरीअरुवं घण्टावलिअमहुरमणहरसंर सुहं कन्तं दरिसणिज्जं णिउणोविअमिसिमिसिंत्तमणि रयणघंटिआजालपरिकिरवत्तं जोयणसहस्सविच्छि-ण्णं पञ्चजोअणसयमुब्विद्धं सिग्धं तुरिअं जइणणि-व्वाहि दिव्वं जाणविमाणं विउव्वाहि २ त्ता एअमा-णत्तिअं पञ्चप्पिणाहि (सूत्रं ११५)

तएणं से पालयदेवे सक्केणं देविदेणं देवर-ण्णा एवं वुत्ते समाणे हट्ठतुट्ठ जाव वेउव्विअस-मुग्धाएणं समोहणित्ता तहेव करेइ इति, तस्स णं दिव्वस्स जाणविमाणस्स तिदिसिं तओ तिसोवा-णपडिरूवगा, चण्णओ, तेसि णं पडिरूवगाणं पुरओ पत्तें २ तोरणा वण्णओ, जाव पडिरूवा १, तस्स णं जाणविमाणस्स अंतो बहुसमरसमणिज्झे भूमिभागे, से जहा नामए आलिंगपुक्खरेइ वा जाव दीविअचम्मेइ वा अणेगसंकुकीलकसहस्सवितते आवडपञ्चावडसेढिपसेढिसुत्थिअसोवत्थिअवद्धमा-णवमच्छंडगमगरंडगजारमारफुल्लावलीपउमपत्त-सागरतरंगवसंतलयपउमलयभत्तिचित्तेहिं सच्छएहिं सप्पभेहिं सभिरीइएहिं सउज्ञोएहिं णाणाविहपञ्चव-ण्णेहिं मणीहिं उवसोभिए २, तेसि णं मणीणं वण्णे गन्धे फासे अ भाणिअव्वे जहा रायपसेणइज्जे, तस्स णं भूमिभागस्स बहुमज्झदेसभाए पिच्छाधरमण्डवे अणेगखम्भसयसण्णिविट्ठे वण्णओ जाव पडिरूवे, तस्स उल्लोए पउमलयभत्तिचित्ते जावसव्वतवणिज्ज-मए जाव पडिरूवे, तस्स णं मण्डवस्स बहुसमरम-

णिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभागंसि महं एगा मणिपेढिआ अट्ठ जोअणाइं आयामविक्खम्भेणं चत्तारि जोअणाइं बाहल्लेणं सव्वभणिमयी वण्णओ, तीए उवरिं महं एगे सीहासणे वण्ण ओ, तस्सुवरिं महं एगे विजयदूसे सव्वयणामए बण्णओ, तस्स मज्झदेसभाए एगे वइरामए अंकुसे, एत्थ णं महं एगे कुम्भिके मुत्तादामे, से णं अन्नेहिं तदद्धुञ्चत्तप्पमाणभित्तेहिं चउहिं अद्धकुम्भिक्केहिं मुत्तादमेहिं सव्वओ समन्ता सपरिकिखत्ते, ते णं दामा तवणिज्झलंबूसगा सुवण्णपयरगमण्डिआ णाणामणियरयणविविहहारद्धहारउवसोभिआ समुदया ईसिं अण्णमण्णमसंपत्ता पुव्वाइएहिं वाएहिं मन्दं एइज्जमाणा २ जाव निव्बुइकरेणं सद्देणं ते पएसे आपूरेमाणा २ जाव अईव उवसोभेमाणा २ चिट्ठंतित्ति, तस्सणं सीहासणस्स अवरुत्तरेणं उत्तरेणं उत्तरपुरत्थिमेणं एत्थणं सक्कस्स चउरासीए सामाणीअसाहस्सीणं चउरासीई भद्दासणसाहस्सी पुरत्थिमेणं अट्ठण्हं अग्गमहिसीणं एवं दाहिणपुरत्थिमेणं अब्भितरपरिसाए दुवालसण्हं देवसाहस्सीणं दाहिणेणं मज्झिमाए चउदसण्हं देवसाहसीणं दाहिणपच्डत्थिमेणं बाहिरपरिसाए सोलसण्हं देवसाहस्सीणं पच्डत्थिमेणं सत्तण्हं अणिआहिवईणंति, तए णं तस्स सीहासणस्स चउद्दिसिं चउण्हं चउरासीणं आयरक्खदेवसाहस्सीणं एवमाई विभासिअव्वं सूरिआभगमेणं जाव पच्चप्पिणन्तित्ति ( सूत्र ११६ )

तए णं से सक्के जाव हट्ठहिअए दिव्वं जिणेंदाभिगमणजुग्गं सव्वालंकारविभूसिअं उत्तरवेउव्विअं रूवं विउव्वइ २ त्ता अट्ठहिं अग्गमहिसीहिं सपरिवाराहिं णट्टाणीएणं गन्धव्वाणीएण य सद्धिं तं विमाणं अणुप्पयाहिणीकरेमाणे २ पुव्विल्लेणं तिसोवाणेणं दुरुहइ २ त्ता जाव सीहासणंसि पुरत्थाभिमुहे सण्णिसण्णेत्ति, एवं चेव सामाणिआ उत्तरेणं तिसोबाणेणं दुरूहित्ता पत्तेअं २ पुव्वण्णअत्थेसु भद्दासणेसु णिसीअंति अवसेसा य देवा देवीओ अ दाहिणिल्लेणं तिसोवाणेणं दुरूहित्ता तहेव जाव णिसीअंति, तए णं तस्स सक्कस्स तंसि दुरूढस्स इमे अट्ठट्ठमंगलगा पुरओ अडाणुपुव्वीए संपट्ठिआ, तयणंतरं च णं पुण्णकलसभिंगारं दिव्वा य छत्तपडागा सचामरा य दंसणरइअआलोअदरिसणिज्ञा चाउद्धुअविजयवेजयन्ती अ समूसिआ गगणतलमणुलिहंती पुरओ अहाणुपुव्वीए संपत्थिआ, तयणन्तरं छत्तभिंगारं, तयणंतरं च णं वइरामयवट्टलट्ठसंठिअसुसिलिट्ठपट्टसुपइट्ठिए विसिट्ठे अणेगवरपञ्चवण्णकुडभीसहस्सपरिमण्डिआभिरामे वाउद्धुअविजयेवजयन्तीपडागाछत्ताइच्छत्तकलिए तुंगे गदणतलमणुलिहंतसिहरे जोयणसहस्समूसिए महइमहालए महिंदज्झए पुरओ अहाणुपुव्वीए संपत्थिएत्ति, तयणन्तरं च णं बहवे आभिओगिआ देवा य देवीओ अ सएहिं रूवेहिं जाव णिओगेहिं सक्कं देविंदं देवरायं पुरओ अ मग्गओ अ अहा०, तयणन्तरं च णं बहवे सोहम्भकप्पवासी देवा य देवीओ अ सव्विद्धीए जाव दुरूढा सम्भाणा मग्गओ अ जाव

संपट्ठिआ, तएणं से सक्के तेणं पञ्चाणिअपरिक्खित्तेणं जाव महिंदज्झएणं पुरओपकड्ढिज्झमाणेणं चउरासीए सामाणिअ जाव परिवुडे सव्धिजाव खेणं सोहम्मस्स कप्पस्स मज्झं मज्झेणं तं दिव्वं देवद्धिं जाव उवदंसेमाणे २ जेणेव सोहम्मस्स कप्पस्स उत्तरिल्ले निज्जाणमग्गे तेणेव उवागच्छइ उवागच्छित्ता जोअ-णसयसाहस्सिएहिं विग्गेहेहिं ओवयमाणे २ ताए उक्किट्ठाए जाव देवगईए वीईवयमाणे २ तिरियम-संखिज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं जेणेव णन्दीसरवरे दीवे जेणेव दाहिणपुरत्थिमिल्ले रइकरगपव्वए तेणेव उवागच्छइ २ त्ता एं जा चेव सूरिआभस्स वत्तव्वया णवरं सक्काहिगारो वत्तव्वो इति जाव तं दिव्वं देविद्धिं जाव दिव्वं जाणाविमाणं पडिसाहरमाणे २ जाव जेणेव भगवओ तित्थयरस्स जम्मणनगरे जेणेव भगवओ तित्थयरस्स जम्मणभवणे तेणेव उवागच्छति २ त्ता भगवओ तित्थयरस्स जम्मणभवणं तेणं दिव्वेणं जाणविमाणेणं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ २ त्ता भगवओ तित्थय-रस्स जम्मणभवणस्स उत्तरपुरत्थिमे दिसीभागे चतु-रंगुलमसंपत्तं धरणियले तं दिव्वं जाणविमाणं ठवेइ २ त्ता अट्ठहिं अग्गमहिसीहिं दोहिं अणीएहिं गन्धव्वाणीएण य णट्टाणीएण य सद्धिं ताओ दिव्वाओ जाणविमाणाओ पुरत्थिमिल्लेणं तिसोवाणपडिरूवएणं पच्चोरुहंतित्ति। तएणं से सक्के देविन्दे देवराया चउरासी सामाणीअसाहस्सीएहिं जाव सद्धिं संपरिवुडे सव्विद्धीए जाव दुंदुभिणि-ग्धोसणाइयरवेणं जेणेव भगवं तित्थयरे तित्थयरमाया य तेणेव उवागच्छइ २ त्ता आलोए चेव पणामं करेइ २ त्ता भगवं तित्थयरं तित्थयरमायरं च तिक्खुत्तो आयाहिणपयाहिणे करेइ २ त्ता करयल जाव एवं वयासीणमोत्थु ते रयणकुच्छिधारए एवं जहा दिसाकुमारीओ जाव धण्णालि पुण्णासि तं कयत्थाडसि, अहण्णं देवाणुप्पिए। सक्के णामं देविन्दे देवराया भगवओ तित्थयरस्स जम्मणमहिमं करिस्सामि, तंणं तुब्भाहिं ण भाइव्वंतिकट्टु ओसो-वणिं दलयइ २ त्ता तित्थयरपडिरूवगं विउव्वइ तित्थयरमाइआए पासे ठवइ २ त्ता पञ्च सक्के चिउव्वइ विउव्वित्ता एगे सक्के भगवं तित्थयरं करयलपुडेणं गिण्हइ एगे सक्के पिट्ठओ आयवत्तं धरेइ दुवे सक्का उभओ पासिं चामरुक्खेवं करेन्ति एगे सक्के पुरओ वज्जपाणी पकड्ढइत्ति, तएणं से सक्के देविन्दे देवराया अण्णेहिं बहूहिं भवणवइवाण-मन्तरजोइसवेमाणिएहिं देवेहिं देवीहिं अ सद्धिं संपरिवुडे सव्विद्धीए जाव णाइएणं ताए उक्किट्ठाए जाव वीईवयमाणे जेणेव मन्दरे पव्वए जेणेव पंडगवणे जेणेव अभिसेअसिला जेणेव अभियेस-सीहासणे तेणेव उवागच्छइ २ त्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णेत्ति (सूत्रं ११७)

तेणं कालेणं तेणं समएणं देविन्दे देवराया सूलपाणी वसभवाहणे सुरिन्दे उत्तरद्धलोगाहिवई अट्ठावीसविमाणावाससयसहस्सहिवई अरयंबरव-त्थधरे एवं जहा सक्के इमं णाणत्तं-महाघोसा घण्टा लहुपरक्कमो पायत्ताणियाहिवई पुप्फओ विमाणकारी दक्खिणे निज्जाणमग्गे उत्तरपुरत्थिमिल्लो रइकरपव्वओ मन्दरे समोसरिओ जाव पज्जुवासइत्ति, एवं अवसिट्ठावि इंदा भाणिअव्वा जाव अच्चुओत्ति,

इमं णाणात्तं-चउरासीअ असीइ वावत्तरि सत्तरी अ सट्ठी अ। पण्णा चत्तालीसा तीसा वीसा दस सहस्सा ॥१॥ एए सामा णिआणं, बत्तीसट्ठावीसा बारसट्ठ चउरो सयसहस्सा। पण्णा चत्तालीसा छञ्च सहस्सारे ॥१॥ आणयपाणयकप्पे चत्तारि सयाडडरणच्चुए तिण्णि। एए विमाणाणं। जाण-विमाणकारी देवा, तंजहापालय १ पुप्फय २ सोम-णसे ३ सिरिवच्छे अ ४ णंदिआवत्ते ५। कामगमे६ पीइगमे ७ मणोरमे ८ विमल ९ सव्वओभद्दे१० ॥१॥ सोहम्मगाणं सणंकुमारगाणं बंभलोअगाणं महा-सुक्कयाणं पाणयगाणं इंदाणं सुघोसा घण्टा हरिणेगभेसी पायत्ताणीआहिवई उत्तरिल्ला णिज्जाण-भूमी दाहिणपुरत्थिल्ले रइकरगपव्वए, ईसाणगाणं माहिंदलंदगसहस्सारअच्चुअगाण य इंदाण महाघोसा घण्टा लहुपरक्कमो पायत्ताणीआहिवई दक्खिणिल्ले णिज्जाणमग्गे उत्तरपुरत्थिमिल्ले रइकरगपव्वएष परिसा णं जहा जीवाभिगमे आयरक्खा सामाणिअचउग्गुणा सव्वेसिं जाणविमाणा जोअण-सयसहस्सविच्छिण्णा उच्चत्तेणं जोअणसा हस्सिआ सक्कवज्जा मन्दरे समोअरंति जाव पज्जुवासंतिति

(सूत्रं ११८)

तेणं कालेणं तेणं समएणं चमरे असुरिन्दे असुरराय चमरचञ्चाए रायहाणीए सबाए सुहम्माए चमरंसि सीहासणं सिचउसट्ठीए सामाणिअलाहस्सीहिं तापयत्तीसाए तायत्तीसेहिं चउहिं लोगपालेहिं पञ्चहिं अग्गमहिसीहिं सपरिवाराहिं तिहिं परिमाहिं सत्तहिं अणिएहिं सत्तहिं अणियाहिवईहिं चउहिं चउसट्ठीहिं आयरक्खसाहस्सीहिं अण्णेहिं अ जहा सक्के णवंर इमं णाणत्तं दुम पायत्ताणी आहिवई ओधस्सरा घण्टा विमाणं पण्णासं जोणसहस्साइं महिन्दज्झओ पञ्चजोअणसयाइं विमाणकारी आभि-ओगिओ देवो अवसिट्ठं तं चेव जाव मन्दरे समोसरइ पज्जुवासईत्ति। तेणं कालेणं तेणं समएणं बली असुरिन्दे असुरराया एवमेव णवरं सट्ठी सामाणिअ-साहस्सीओ चउगुणा आयरक्खा महादुभो पायत्ताणीआहिवई महाओहस्सरा घण्टा सेसं तं चेव परिआउत्ते जहा जीवाभिगमे इति। तेणं कालेणं तेणं समएणं घणे तहेव णाणत्तं छ सामाणिअसा-हस्सीओ छ अग्गमहिसीओ चउग्गुणआ आयरक्खा मेघस्सरा घण्टा भद्दसेणो पायत्ताणीयाहिवई विमाणं पणवीसं जोअणसयाइं एवमसुरिन्दरवज्जि-आणं भवणवासिइंदाणं, णवरं असुराणं ओधस्सरा घण्टा णागाणं मेघस्सरा सुवण्णाणं हंसस्सरा विज्जूणं कोंचस्सरा अग्गीणं मंजुस्सरा दिसाणं मंजुघोसा उदहीणं सुस्सरा दीवाणं महुरस्सरा वाऊणं णंदिस्सरा थणिआणं णंदिधोसा, चउसट्ठी सट्ठी खलु छच्च सहस्सा उ असुरवज्जाणं। सामाणिआ उ एए चउग्गुणा आयरक्खा उ॥१॥ दाहिणिल्लाणं पायत्ताणीआहिवई भद्दसेणो उत्तरिल्लाणं दक्खेत्ति। वाणमन्तरजोइसिआ णेअव्वा, एवंचेव, णवंर चत्तारि सामाणीअसाहस्सीओ चत्तारि अग्गमहिसीओ सोलस आयरक्खसहस्सा विमाणा सहस्सं महिन्दज्झया पणवीसं जोअणसयं घण्टा

(અનુસંધાન પેજ નં. ૩૮૫)

અનુસંધાન પાના ૩૬૦ થી

આ જગત અનાદિ છે, એટલે આપણું શાસન પણ અનાદિનું છે એ વાત એની મેળે તેમાં સિદ્ધ થઈ જાય છે. અને તેથીજ જગતના અનાદિશાસનના અનુયાયી તરીકે જૈનોજ પોતાનો દાવો રજુ કરી શકે છે.

## સનાતનનો અર્થ સમજો.

ઘણા માણસોને આજે આપણે એમ કહેતા સાંભળીએ છીએ કે અમારો ધરમ સનાતન છે. જેઓ પોતાના ધર્મને સનાતન કહે છે તેમને આપણે એમ પૂછીશું કે, ભાઈ! તમે તમારા ધર્મને ન્યાયદૃષ્ટિએ સનાતન માની મનાવી શકતા નથી. તમે તમારા ધર્મને સનાતન માનો તે પહેલાં તમારે એક વાતનો જવાબ આપવાનો બાકી છે. તે એ છે કે શું તમે આ સંસારને સનાતન માનો છો ? તમે તમારા મંતવ્ય પ્રમાણે તમારા સિદ્ધાંતપ્રમાણે અને તમારા વિચાર પ્રમાણે આ જગતને સનાતન માનતા નથી અને માની શકતા પણ નથી. હવે જો આ જગતજ સનાનત નથી, તો પછી આ અસનાતન જગતમાં તમારો ધર્મ સનાતન થયો એ કેવી રીતે બન્યું! જગતને અસનાતન માનવું અને ધર્મને સનાતન માનવો એનો અર્થ તો એજ થયો કે "દીકરો માને પરણાવવા ગયો!" દીકરો માને પરણાવવા જાય એ વાત આ જગતના વ્યવહારમાં તો કદી બની શકે એવી નથી! છતાં મૂર્ખાજ સાંભળનારા હોય તો ત્યાં આ વાત ભલે સાચી મનાય!

## બાર વર્ષની બાળાને બાવીસ વર્ષનો પુત્ર થયો!

જેઓ જગતને તો અસનાતન માને છે આ પોતાના ધર્મને સનાતન માને છે તેઓને આપણે એમ પૂછી શકીએ છીએ કે તમારી દૃષ્ટિએ આ જગતજ સનાતન નથી. જો તેમાં જગત સનાતન નથી તો પછી ધર્મ સનાતન થાયજ ક્યાંથી ? સનાતન શબ્દનો અર્થ એ થાય છે કે સનાતન એટલે શાશ્વતું-હંમેશનું અને હંમેશનું એટલેજ અનાદિ. હવે તમો જગતને અનાદિ માનતા નથી અને જગતને આદિમાં થયેલું જણાવો છો તો પછી એ આદિવાળા જગતમાં તમારો અનાદિનો ધર્મ કેવી રીતે થયો ? અસનાતન જગતમાં સનાતન ધર્મ માનવો એટલે તો બાર વરસની બાળા પાસે બાવીસ વર્ષનો પુત્ર પ્રસવાવવો ? અથવા બાર વર્ષની બાળાનો બાવીસ વર્ષનો દીકરો માનવો!! શું આ વાત કદી બની શકે એવી છે ? જગત અનાદિ નથી, પરંતુ ધર્મ તો અનાદિનો છે. ન્યાયથી એ માનવુંજ સર્વથા ખોટું છે, ખોટું છે એટલું જ નહિ, પરંતુ તે હાસ્યાસ્પદ અને મૂર્ખાઈભરેલું છે. અને આવું મૂર્ખાઈભરેલું વચન જેઓ બોલે છે તેઓ પોતાની અક્કલની પણ કિંમતજ કરાવે છે !!

## પૌરાણિકો શું માને છે.

પૌરાણિકો આ જગતને કૃત્રિમ અર્થાત્ પાછળથી બનેલું માને છે. આ માન્યતાનો હેતુ ચરી ખાવા સિવાય બીજો હોય એમ માલુમ પડતું નથી. પૌરાણિકોને જાદુગર જેવા ઈશ્વરની જરૂર છે, કારણ

કે એને આધારે તેઓ કમાઈ ખાય છે, ઈશ્વરને જગતનો કર્તા માનવો, સુખ દુઃખ ઈશ્વર આપે છે એમ માનવું અને તે ધારે તેને રાજા કે રંક બનાવે છે એવું પ્રતિપાદન કરવું, એ ઈશ્વરને રાજી રાખવા માટે યજ્ઞાદિ કરવાની જરૂર છે એમ માનવું અને એ યજ્ઞોમાં પૌરાણિકોને દાન આપવાનો વિધાનો મુકવાં, એનો અર્થ ચરી ખાવા સિવાય બીજો છે કે કેમ તે સઘળા બુદ્ધિમાનોએ પોતાના અંતરમાં વિચારી જોવાની જરૂર છે. અને જો વિચારકોની એમ ખાત્રી થાય કે આ સઘળાની નીચે કમાઈ ખાવાની વૃતિજ રહેલી છે તો તે વાત તેમણે પક્ષપાત વિના જાહેર કરી દેવી જરૂરી છે. કેમકે તેથીજ સાચું લોકકલ્યાણ થઈ શકે. જગતને અનાદિ ન માનવું અને જગતમાં પ્રવર્તેલા ધર્મને અનાદિ માનવો એટલે બાર હાથના ચીભડામાં તેરહાથનું બી માનવું એજ કે બીજું કાંઈ? પણ આવી લીલાના પ્રવર્તકોએ પણ એટલું જાણી લેવાની જરૂર છે કે આ વાત કોની આગળ ચાલી શકે એમ છે અને કોની આગળ તેની પોલ પકડાઈ જાય એમ છે!

"૧૭ x ૫ =; ૯૫" ઞ '૨' = ૧૦૦."

પેલા પટેલની વાત તો તમોને બધાને યાદ હશે. પટેલને ગુમાસ્તાએ હિસાબ ગણાવ્યો કે ૧૭ x ૫= ૯૫ અને બે મૂક્યા છુટના એટલે થયા સત્તાણું! સોમાં બે રૂપીયા ઓછા!" આ વાત ગુમાસ્તો પટેલ આગળ બોલ્યો તો તેનું એ જુઠાણું ચાલી ગયું અને બિચારો ભોળા દીલનો અભણ પટેલ રૂપીયા આપી ઉપરથી રામ રામ કહીને ચાલતો થયો! પરંતુ જો ગુમાસ્તાએ આ હિસાબ કોઈ વાણીયાને ગણી બતાવ્યો હોત તો? વાણીયાભાઈએ તો ધબ્બો મારીને ગુમાસ્તાને સમજણ પાડી દીધી હોત! પણ ગુમાસ્તો ડાહ્યો હતો તેથી તેણે આ વાત પટેલ આગળજ કહી બતાવી હતી પણ વાણીયાભાઈને એ વાત કહી તેને છેતરવા પ્રયત્ન કર્યો ન હતો. એજ પ્રમાણે પૌરાણિકોની પણ ફરજ એજ થઈ છે જેઓ સનાતન શબ્દનો અર્થજ

## જિનશાસન રસિકોને વિનંતિ

આપ સારી રીતે જાણો છે કે શ્રી સિદ્ધાચલજીની તલેટી વર્ધમાન જૈનઆગમ મંદિરમાં શિલાઓમાં આગમો કોતરાવીને લગાડવાનાં છે. તે આપની પાસે આગમોદય-સમિતિએ છપાવેલાં આગમોમાંથી જે આગમો વિશેષ સુધારેલાં કે સુધરાવેલાં હોય તે નીચેને સરનામે મોકલવા મહેરબાની કરશો.

લી. કાંતિલાલ

તા.ક. ટપાલ, રજીસ્ટર વગેરે ખર્ચનો બંદોબસ્ત કરવો હશે તે આપનો પત્ર આવેથી કરી શકાશે.

સરનામું. : શ્રીવર્ધમાન જૈનઆગમ મંદિર સંસ્થા, પાલીતાણા.

ન ગણતા હોય તેમની આગલ ભલે તેઓ સનાતન શબ્દ ધર્મ માટે વાપરે અને પોતાના ધર્મ અને સંપ્રદાયને સનાતન ગણાવે! પરંતુ જેઓ સનાતન શબ્દનો અર્થ સમજે છે તેમની સામે તો તેમને સનાતન શબ્દનો અર્થ તો કહેવોજ પડશે!

## સનાતન એટલે શું ?

જેઓ સનાતન શબ્દનો અર્થ સમજે છે તેમને તો પૌરાણિકોએ કહેવુંજ પડશે કે ભાઈ સનાતનધર્મનો "સનાતન" એ શબ્દ પ્રયોગજ ખોટો છે, કારણ કે જ્યાં સૃષ્ટિનેજ અમે સનાતન નથી માનતા ત્યાં એ અસનાતનસૃષ્ટિમાં સનાતન ધર્મ માનવો એ સર્વથા ખોટુંજ છે. જેઓ આ જગતનેજ અનાદિ માનતા નથી, જગતનેજ શાશ્વતું માનતા નથી અને દુનિયાનેજ સનાતન તરીકે કબુલ રાખતા નથી અને તેમને પોતાનો ધર્મ સનાતન છે એવું કહેવાનો અધિકારજ નથી. અને છતાં જેઓ એવી રીતે અવળીજ વાત પ્રતિપાદન કરવા માંગે છે તેઓ કાં તો મૂર્ખા છે, કાંતો દંભી છે, એમ માનવુંજ એ કર્તવ્ય થાય અને જો તેઓ એ વિશેષણોમાંથી મુક્ત થવા માંગતા હોય તો તેમણે પોતાનું મિથ્યાત્વ છોડીને સાચી વાત સ્વીકારી લેવાની જરૂર છે.

## દેવોને નામે ધર્મ

જગતના બીજા આર્ય સંપ્રદાયો વૈષ્ણવ, શૈવ, બ્રહ્મ ઈત્યાદિને નામે ચાલે છે અને તેઓ તેને વૈષ્ણવસંપ્રદાય, શૈવસંપ્રદાય વગેરે નામોથી ઓળખે છે! હવે તેમેન જૈનશાસનનો પહેલો પ્રશ્ન તો એ છે કે વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા વગેરેને માનો છો તો પહેલો એ પ્રશ્નનો જવાબ આપો કે વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા ઈત્યાદિ પુરૂષો આ જગતમાં નરદેહ ધારણ કરીને જન્મ્યા હતા કે નહિ ? અને તેમનું કોઈ કાલે આ જગતમાં અસ્તિત્વ હતું ખરૂં કે નહિ ? જો તમારો જવાબ એવો હોય કે એ નામની નરદેહધારી વ્યક્તિઓ આ જગતમાં થઈ છે તો એ વાત સ્પષ્ટજ છે કે એ દેવોએજ પોતપોતાને નામે જ ધર્મો કહેલાં છે તે ધર્મો એ વ્યક્તિઓના જન્મ પહેલા તો આ સંસારમાં નજ હતા. વૈષ્ણવધર્મ વિષ્ણુના પહેલાં ન હતો, શૈવધર્મ શિવધર્મની પહેલાં ન હતો અને પ્રજાપતિ ધર્મ બ્રહ્માના પહેલા ન હતો! વૈષ્ણવ, શૈવ અને પ્રજાપતિ ધર્મ એ એ નામની વ્યક્તિઓએ સ્થાપ્યા છે એટલે સ્પષ્ટ થાય છે કે એ વ્યક્તિઓના પહેલાં એ ધર્મો ન હતા અને જો એમના જન્મ પહેલાં એ ધર્મોજ ન હતા તો પછી એ ધર્મો સનાતન પણ નજ હતા!

## વ્યકિત આદિ છેતો ધર્મ અનાદિ ક્યાંથી ?

જે વ્યક્તિઓને નામે એ ધર્મો ચઢયા છે તે વ્યક્તિઓ સનાતન નથી અથવા તે વ્યક્તિઓ સનાતન નથી અથવા તે વ્યક્તિઓ સૃષ્ટિના આરંભકાળમાંજ જન્મી હતા એમ પણ પૌરાણિકો માનતા નથી પરંતુ તેઓ પોતેજ એમ માને છે કે સૃષ્ટિ થયા પછી સેકંડો વરસે એ વ્યક્તિઓ જન્મી છે. જો એ વ્યક્તિઓ અર્વાચીન છે તો પછી એ વ્યક્તિઓ કહેલા ધર્મો તે એ વ્યક્તિઓના પહેલાંના

હોઈ શકેજ નહિ. અને જો એ વ્યક્તિઓ નવી છે તે સ્પષ્ટ છે કે તેમણે કહેલા ધર્મો પણ એ વ્યક્તિઓની પછીનાજ છે અને તેથી તેઓ પોતાના ધર્મને સનાતન કહેવાને માટે નાલાયક છે. વ્યક્તિ દ્વારા જે ધર્મો રચાયેલા છે તે ધર્મો અનાદિ અથવા સનાતન કહેવાવાને માટે તો સર્વથા અયોગ્યજ છે. કારણ એ છે કે જગતની કોઈપણ વ્યક્તિ ગમે તેવી મહાન હોય તો પણ વ્યક્તિ અનાદિ હોઈ શકેજ નહિ અને જ્યાં વ્યક્તિજ અનાદિ ન હોઈ શકે ત્યાં એ વ્યક્તિએ કહેલો ધર્મ તો અનાદિ નજ હોઈ શકે એ સહજ છે.

**વીરધર્મ નહિ પણ જૈનધર્મ.**

અહીં યાદ રાખવાનું છે કે આપણે પણ વીરધર્મ, મહાવીરધર્મ કે ઋષભધર્મને સનાતન કે અનાદિ કહેતાજ નથી. અને તેજ પ્રમાણે ધર્મની સાથે તીર્થંકર દેવોના નામો પણ જોડતા નથી. આપણે તો આ શાસનને જૈન ધર્મ કહીએ છીએ અને તેજ ધર્મને અનાદિ તરીકે પ્રતિપાદન કરીએ છીએ. જેઓ તત્ત્વને અર્થને અને સત્યને જોતા નથી અને માત્ર સ્વમતાનુપ્રિયતાથીજ વાદવિવાદ કરે છે તેઓ એવું કહેવાને બહાર પડયા છે કે જૈનધર્મ ભલે અનાદિ હોય, પરંતુ તે વચ્ચે વારંવાર નાશ પામી ગયો હતો અને તેથી અન્ય તીર્થંકર દેવોએ તેનો પુનરૂદ્ધાર કર્યો હતો. આ રીતની પુનરૂદ્ધારની વાતો પણ ખોટી અને સમાજને આડે માર્ગે દોરનારી છે. તમે વિચાર કરશો તો સહેલાઈથી જાણી શકશો કે જીર્ણોદ્ધારશબ્દનો પ્રયોગ ક્યાં અને કેવી રીતે થાય છે! વગર વિચારે તમો એ શબ્દોનો પ્રયોગ કરશો તો અર્થનો અનર્થજ કરી બેસશો. પુનરૂદ્ધાર તેનોજ થઈ શકે કે જે વસ્તુનો નાશ ન થયો છતાં એ વસ્તુ સડીગઈ હોય, પડી ગઈ હોય, જીર્ણ થઈ ગઈ હોય, જુની થઈ હોય.

(અપૂર્ણ)

(અનુસંધાન પેજ નં. ૩૭૭)

## દુષ્કર એટલે શું ?

ચાર પુરુષો છે, તેમાં બે અર્થ લમ્પટ છે, અને બે સ્ત્રી લમ્પટ છે, એક રસ્તે જતા હતા, ત્યાં કોઈક ઠેકાણે તેમણે ધન અને સ્ત્રીયો દેખી. દેખીને ખુશ થયા. લેવા માટે ચાલ્યા, પણ એટલામાં આકાશ-વાણી થઈ કે "સાહસ ન કરો!" ઉંચે જુઓ તમારા ઉપર પર્વત પડે છે. પેલાઓએ ઉંચે જોયું અને બ્હી ગયા. કારણ કે ચારે બાજુથી પડતો મોટો પર્વત દેખ્યો, તેઓ બોલ્યા કે કોઈ ઉપાય છે? ત્યારે ક્યાંયથી સંભળાયું કે હમણાં ઉપાય નથી ઉપદ્રવ નાશ થશે ત્યારે ઉપાય જડશે, પરંતુ જેઓ અર્થ ભોગને ઈચ્છે છે તેઓ એનાથી ચૂરાઈ જશે અને જેઓ તેમાં ઈચ્છા રહિત થશે તેઓ છૂટી જશે. કેટલાકે તો વિચાર કર્યો કે લાંબી માથા ફોડ શું કરવી ? જોઈ લેવાશે એમ ધારી અર્થ અને સ્ત્રીના ભોગમાં પ્રવર્ત્યા. કેટલાક ભયંકર પરિણામ સ્હામે આવતું દેખીને નિવૃત્ત થયા. આમાંથી દુષ્કર કરનારા કોણ ? જેઓ અર્થ અને ભોગમાં લુબ્ધ થયા તે કે નિવૃત્ત? ત્રણ જગત્‌નો ઘાત કરનાર અત્યન્ત ભયંકર દુર્જવ, ઈચ્છિત પદાર્થનો વિયોગ કરાવનાર એવો મૃત્યુપર્વત પડે છે છતાં ત્યાગ કરવો (નિષ્પરિગ્રહ થવુ) એજ દુષ્કર લાગે છે.

# સાગર-સમાધાન

પ્રશ્ન ૯૬૩ ત્રણ કાલ-ત્રિસંધ્ય ચૈત્યમાં ચૈત્યવન્દન કરાય એ તો ઠીક પરંતુ સ્થાપનાચાર્ય કે જે ગુરૂની સ્થાપના છે તેમની આગલ ચૈત્યવન્દન જે દેવાધિદેવને વાંદવાની ક્રિયા છે તે કરાય કેમ?

સમાધાન-ચૈત્યવન્દન બૃહદ્‌ભાષ્યમાં શ્રી શાન્તિસૂરિજી કે જેઓની આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ સાક્ષી આપે છે તેથી તેઓથી ઘણા પહેલા થયેલા છે, તેઓ સ્પષ્ટપણે એમ જણાવે છે કે जिणबिम्बाभावे पुण ठवणागुरुसक्खियावि कीरन्ती। चिइवंदणक्रिय इमा અર્થાત્ શ્રી જિનબિંબના અભાવે સ્થાપના ગુરૂની સાક્ષિએ કરાતી પણ ચૈત્યવન્દના જ કહેવાય. અર્થાત્ શ્રી જિનબિમ્બ સિવાય સ્થાપના સાક્ષીએ દેવવંદન કરી શકાય.

પ્રશ્ન ૯૬૪ सव्वप्पवायसूलं० એવી શ્રી ઉપદેશપદની ગાથા છે તેથી અન્ય મતવાળાના ગુણોનો અનાદર અને અવજ્ઞા થવાથી શ્રી જિનશાસનની અનાદર અવજ્ઞા થાય છે એમ મનાય ખરું ?

સમાધાન-શ્રીશાન્તિસૂરિ મહારાજ किंतु सुहझाणजणगं जं कम्मक्खयावहं अणुट्ठाणं। अंगसमुद्दे रुद्दे भणियं चिय तं जओ भणियं॥२०॥ આ ગાથાથી શુભધ્યાન ઉત્પન્ન કરનાર અને કર્મક્ષય કરનાર જે અનુષ્ઠાન હોય તે વિશાલ એવા અંગસમુદ્રમાં ન મળે તો પણ (પરંપરાથી થતું અનુષ્ઠાન) તેમાં કહેલું છે જ. એમ જાણવું. એમ જણાવી જૈનધર્મમાં આદરાયેલાં અનુષ્ઠાનો સિદ્ધાંતોક્ત ન દેખાય તો પણ સિદ્ધાંતોક્ત ગણવા જણાવે છે. અન્યદર્શનીઓની માસખમણ જેવી તપસ્યાને પણ બાલતપ સ્પષ્ટપણે સૂત્રકારો જણાવે છે. વળી મિથ્યાત્વનું સ્થિરીકરણ કે વૃદ્ધિ થાય તેવું તો સમ્યગ્દ્રષ્ટિથી થાય જ નહિં. સમ્યગ્દ્રષ્ટિની પ્રશંસા ન કરાય અને અનાદર અવજ્ઞા કરાય તે દર્શનાચારથી વિરૂદ્ધ છે. પણ મિથ્યાદ્રષ્ટિના ગુણને માટે તેમ નથી. મિથ્યાત્વને વધારનારની તો વાત જ શી ?

પ્રશ્ન ૯૬૫ શ્રી શ્રીપાલચરિત્ર, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ અને ભવિષ્યદત્તકથા જેવા અર્વાચીન ગ્રંથોમાં ઉજમણાનો અધિકાર છે, પરંતુ તેનાથી પ્રાચીનગ્રંથમાં ઉદ્યાપનનો અધિકાર છે.

સમાધાન- આચાર્ય શાન્તિસૂરિજી અનેક પ્રતિમા સાથે બનાવવાને અંગે જણાવે છે કે परमेट्ठिनमुक्कारं उज्जमिउं केइ पंचजिणे અર્થાત્ પંચપરમેષ્ઠિનમસ્કારનો તપ કરીને તેનું ઉજમણું કરવા પાંચ તીર્થંકરોની એકઠી મૂર્તિઓ કરે. વળી कल्लाणयतवमहवा उज्जमिउं० એટલે કલ્યાણકોના તપનું ઉજમણું કરવા બહુમાન વિશેષથી ભરતક્ષેત્રમાં થનારા ચોવીસે તીર્થંકરોની મૂર્તિઓ સાથે બનાવે. શ્રી અભયદેવસૂરિજીના વચનથી હરિશ્ચંદ્રે ઉપદેશમાલાનું ઉજમણું કર્યું છે એમ મલધારીય શ્રી રાજેશખરસૂરિ પણ અંતરકથામાં કહે છે.

પ્રશ્ન ૯૬૬ જિનેશ્વર ભગવાનની મૂર્તિનો આકાર તેમની સિદ્ધદશાની અપેક્ષાએ છે કે સમવસરણની અપેક્ષાએ છે ! જો સિદ્ધદશાએ હોય તો આઠ પ્રાતિહાર્ય અને મુકુટાદિ કેમ ? અને સમવસરણની અપેક્ષાએ હોય તો કાઉસગ્ગીયાનો આકાર કેમ ?

સમાધાન - જો કે વ્યવહારથી સમવસરણની દશાએ પ્રતિમાઓ થાય છે એમ કહેવાય છે પણ પરમાર્થથી सुत्तिपयसंठियाण એવા બૃહદ્‌ભાષ્યના વચનથી મુક્તિની દશાની અપેક્ષાએ પ્રતિમાઓ થાય છે અને તેથી તે પલ્યંક અને કાર્યોત્સર્ગ એ બે આસને જ થાય છે કારણ કે એ બે આસને જ જિનેશ્વરો મુક્તિ પામે છે, અને પ્રાતિહાર્યાદિ તો ત્રણે અવસ્થાની ભાવના માટે છે. સ્ત્રી પુત્રાદિ સંસર્ગ કોઈ અવસ્થાની ઉત્તમતા માટે નથી. સમવસરણમાં તો પ્રભુ સુખાસને બેસે છે અને યોગમુદ્રાએ હાથ રાખે છે.

પ્રશ્ન ૯૬૭ જૈનમત અને અન્ય મતના દોષો હોય તો સરખી રીતે કહેવા જોઈયે, પણ સંઘકુલાદિનો પક્ષ કરવો નહિં એ શું યોગ્ય છે ?

સમાધાન- जो पुण संतासंते दोसे गोवेइ समणसंघस्सा विमलजसकित्तिबालिओ सो परवइ निवुइपुरिंपि॥१३५॥ એ ગાથાથી સ્પષ્ટ જણાવે છે કે શ્રમણસંઘના છતા અછતા દોષને ગોપવનાર નિર્મલજશ કીર્તિ પામીને જલદી મોક્ષને પામે છે. શાસ્ત્રમાં જે કુલગણઆદિના રાગદ્વેષ વિના સાચો વ્યવહાર કરવાનું જણાવે છે તે ક્ષેત્રાદિના આભાવ્ય અનાભાવ્યને અંગે છે અને શ્રીસંઘમાં પરસ્પરને માટે છે.

પ્રશ્ન ૯૬૭ કેટલાક આરામભદ્રો જણાવે છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજા તીર્થંકરના ભવમાં આરાધક હોય જ નહિં, કિંતુ આરાધ્ય જ હોય એ શું યોગ્ય છે ?

સમાધાન - ભવ્યજીવોને ભગવાન્ તીર્થંકરો આરાધ્ય હોવાથી આરાધક હોય જ નહિં એ કથન અણસમજનું જ છે. પ્રથમ તો તેઓ શ્રી સિદ્ધભગવાનને નમસ્કાર કરે છે તે સિદ્ધો આરાધ્ય છે એમ ધારીને જ કરે છે. એટલે ગુણવતી વ્યક્તિની અપેક્ષાએ પણ તેઓ આરાધક બને છે. વળી શ્રી અજિતનાથજી વિગેરે જિનેશ્વરોએ ભગવાનની પૂજા કરી છે એમ શાસ્ત્રકારો કહે છે તો તે અપેક્ષાએ પણ ભગવાન જિનેશ્વરો તે ભવમાં પણ આરાધક હોય જ નહિ એ કથન ખોટું જ છે. વળી आराहणा पडागं० प्रतिपद्याशुभशमनं० व्रतानि विधिवत्समारोप्य० એ વિગેરે સ્થાને શાસ્ત્રોમાં ભગવાન્ જિનેશ્વરની આરાધકદશાને જણાવનારાં વાક્યો અને ભગવાન્‌ની ધર્મકાય અવસ્થા વિગેરેને વાંચનાર વિચારનાર તો પરમ આરાધક ભાવ ભગવાન તીર્થંકર મહારાજાનો હોય જ એમ માન્યા સિવાય રહેજ નહિ. સુજ્ઞમનુષ્યો એ તો સ્હેજે સમજી શકશે

કે આચાર્ય ઉપાધ્યાય અને સાધુ મહાત્માઓ પોતાની અપેક્ષાએ આરાધકદશામાં હોય છે અને ભક્તોની અપેક્ષાએ આરાધ્ય હોય છે એ ચોક્કસ છે, એટલે આરાધ્ય અને આરાધકપણું વિરુદ્ધ છે અથવા ભગવાન તીર્થંકર આરાધક નજ હોય, આવા આરામભદ્રના ચંદ્રકને કોઈ ચલકાટવાળો કહે તેમ નથી.

પ્રશ્ન ૯૬૮ महतां स्थितिसिद्धये० ज्ञापकं चात्र भगवान्० अणुमग्गलग्गो० तित्थयरो चउनाणी० એ વગેરે શાસ્ત્રીય પાઠો અનેક વખત જાહેર કરીને ભગવાન જિનેશ્વરજીના વર્તનની અનુકરણીયતા નજ હોય એમ સૂત્ર વિરુદ્ધ બોલનારને સમજાવ્યા છતાં જેઓ આગ્રહ ન છોડે અથવા સર્વથા પ્રકારે અનુકરણ કરવાની વાત જ ન હોય તેમ છતાં સર્વથા અનુકરણનો પક્ષ છે એમ કહે, અને એમ કહી છલવાદથી અંશે અનુકરણ માનીને પણ અનુકરણ સર્વથા હોય જ નહિં એવા કથનને ખસેડે નહિં તેને શાસનપ્રેમીઓએ કઈ લાઈનમાં ગણવો ?

સમાધાન-શાસ્ત્રમાં સ્થાને સ્થાને ભગવાન જિનેશ્વરદેવની સ્થિતિ કથની અને કરણીમાં સરખી માની યથાવાદી તથાકારી માનેલા છે એ વિગેરે સ્પષ્ટ છતાં અને દેશ અનુકરણ માનવામાં હરકત નથી એમ સ્પષ્ટ જાણ્યા અને પ્રરુપ્યા છતાં બીજી બાજુ અનુકરણીયતા હોય જ નહિં. વિગેરે બોલે તે માર્ગથી વિરુદ્ધ અને અસદ્‌ભાવભાવનાથી આત્મા અને પરને વાસિત કરનારો ગણાય અને તેવાનો સંસર્ગ કે આલાપ પણ શાસનપ્રેમિઓને યોગ્ય નથી.

પ્રશ્ન ૯૬૯ જીવ, કર્મ અને એ ઉભયનો યોગ આ ત્રણેય વસ્તુઓ અનાદિ છે. આ વાક્ય કેટલાકો સમજણ વગરનું છે એમ કેમ કહે છે ?

સમાધાન - શાસ્ત્રકારો જીવ અનાદિ છે એમ માની તેનો ભવ અનાદિ માને છે અને તે અનાદિ ભવ અનાદિના કર્મસંયોગથી થયેલ છે. એમ જે જણાવે છે તેને અનુસરતું છે. માત્ર શાસ્ત્રીયવાક્ય વૈરાગ્યના હેતુ તરીકે ભવની અનાદિતા અને આશ્રવના રોધને માટે ભવનું કર્મના યોગથી થવાપણું જણાવવાની પરમાર્થતા ધરાવે છે. ત્યારે આ વાક્ય કર્મ અને તેના યોગને અનાદિ જણાવી ઉપર જણાવેલ પરમાર્થને પ્રગટ કરવામાં સરળતા ધારતું નથી. જીવનું પર્યાયરહિતપણે અવસ્થાન નથી એ માટે ભવનું અનાદિપણું અને ભવની આકસ્મિકતા નથી એ જણાવવા અનાદિકર્મ સંયોગથી નિષ્પન્નતા બતાવવા જે વાક્ય ઉપયોગી હતું તે અહિં ત્રણની અનાદિતા સાબીત કરવા લેવામાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ વિકાસને સમજાવી શકે નહિં જ. વળી યોગ્ય શબ્દ વાપરવાથી દ્રવ્યકર્મની અનાદિતા થાય, અને એ રીતે તો સિદ્ધદશામાં પણ દ્રવ્ય કર્મરૂપ પુદ્‌ગલોનો સંબંધ નથી એમ કોઈથી કહેવાય તેમ નથી.

અનુસંધાન ટાઈટલ પાનું ૩ જું

# ભાવ અટવી.

## કથા-ઉપનય.

સાર્થવાહ-ત્રિલોકચિંતામણિ-સુરાસુરપૂજ્ય-જિનેશ્વર ભગવંત.

ઉદ્‌ઘોષણા-એ ધર્મદેશના સમજવી. (આક્ષેપણી વિક્ષેપણી, સંવેદની, નિર્વેદની)

સાર્થકો-સંસાર અટવી ઓલંઘી નિવૃત્તિપુરમાં જવા તૈયાર થયેલ જીવો.

અટવી-એ ચાર ગતિમય સંસાર સમજવો.

રસ્તો-એ ધર્મ

સરળ-એ સાધુધર્મ (જેને ભાવથી પામેલ ઈષ્ટસ્થાને જાય)

વિકટ-એ ગૃહસ્થધર્મ (સરલ છતાં પાછલ સાધુધર્મથી યુક્ત થતાં મોક્ષ અપાવે)

ઈષ્ટપુર-જન્મ, જરા, મરણાદિ કલેશ રહિત સ્થાન

વ્યાઘ્ર-સિંહ- રાગ, દ્વેષ, આ બેથી પરાભૂત થયેલ પ્રાણિઓ માયેન્દ્રજાલ જેવા આ જીવ લોકને દેખ્યા સમજ્યા છતાં પણ પરમપદ પમાડનાર એવું સાધુપણું પામી નથી શકતા. આ બંને વ્રત લીધેલ હોય છતાં કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી મુસાફરના માર્ગને મુકતા નથી અને તે જિનવચનરૂપ માર્ગથી રહિત જીવોને કરે છે પરાભવ કરે છે બીજાને નહિં.

ફાલેલ વૃક્ષો-સ્ત્રી નપુંસક વિગેરે સંબંધવાળી વસતિઓ.

સુકેલ ખરેલ વૃક્ષ-તે વગરની નિરવદ્ય શય્યા

મનોહર વેશવાળા-અન્યમતના સ્થાપકો (ઉંધે રસ્તે દોરી જાય)

સાર્થિક-અઢાર હજાર શીલાંગરથના ધારક મુનિવર્યો.

દાવાનલ-ક્રોધ

પર્વત-માન

વાંસની ઘટા-માયા

ખાડો-લોભ-(ધનથી પૂરાય છતાં છેડો જ ન આવે પણ વધે જ)

બ્રાહ્મણ-ઈચ્છા

કિંપાકફળ-શબ્દાદિ વિષયો

બાવીશ પિશાચો-ક્ષુધા વિગેરે બાવીશ પરિષહો

વિરસભોજન-અનવદ્યમધુકરવૃત્તિએ મેળવેલ અશનાદિ

પ્રયાણ ન છોડવું-પ્રમાદ ન કરવો.

રાત્રિના બે પહોર નિશ્ચયે જવું -બે પહોર સ્વાધ્યાય અવશ્ય કરવો.

આવી રીતે થાય ત્યારે જલદી ભવરૂપ અટવી ઓલંઘી જવાય છે અને તે ઓળંઘી એકાંત અનાબાધ, શિવપુર જવાય છે -

(સંવેગ-રંગ-ભૂ.-સમરાદિત્યકથામાંથી સારરૂપે.)

(અનુસંધાન ટાઈટલ પાનું ૪ થું)

વળી તે અટવીમાં કાંઠે મનોહર વેશવાળા મધુર વચનવાળા ઘણાય લોક મળશે, બોલાવશે પણ ખરા, અને સાથે કહેશે કે હે સાર્થિકો ! આવો ! આવો ! અમે પણ તે નગર જઈએ છીએ. પરંતુ તમારે તેઓનું વચન સાંભળવું નહિ અને સુસાર્થિકો એક ક્ષણ પણ મૂકવા નહિ. એકલાને ચોક્કસ ભય થાય છે, વળી રસ્તામાં આવતો દાવાનલ નિષ્પ્રમાદીપણે ઓલંઘી જજો, નહિ ઓળંઘો તો તે બાળી નાંખશે.

એમાં વચ્ચે એક ઉંચો પર્વત આવશે તે બહુ જ સાવચેતીથી ઓલંઘી જજો, નહિ ઓલંઘો તો મૃત્યુ થશે.

એમાં ઉપદ્રવ કરનારી અત્યંત ઉંડી વાંસની ઘટા આવશે તેને પણ જલદી ઉલંઘી નાંખજો, કારણ કે જે ત્યાં રહે છે તેને અનેક ઉપદ્રવો થાય છે.

એમાં એક નાનો ખાડો આવશે તેની આગલ હંમેશાં એક મનોરથ નામે બ્રાહ્મણ બેસે છે, તે તમને કહેશે કે હે લોકો ! આ ખાડો જરાક પૂરી આપો પછી જાઓ, પણ તેનું વચન સાંભળશો નહિ. અને તે ગણકાર્યા વગર ચાલ્યા જજો; કારણ કે તે ખાડો જેમ જેમ પૂરીએ તેમ તેમ મ્હોટો થાય છે એટલે તે દ્વારા તે બધું તમારૂં લઈ લેશે. અને માર્ગથી ભ્રષ્ટ કરાવશે.

વળી એમાં મનોહર અને નેત્રને સુખ દેનાર કિંપાકના પાંચ ફલો આવશે, પણ તે તરફ નજર જ મા કરશો, ને ખાશો પણ નહિ.

આગળ બાવીશ ભયંકર પિશાચો ક્ષણે ક્ષણે મળશે અને હેરાન કરવા મથશે પણ તેઓને જરાય ગણકારશો નહિ.

વળી અન્નપાન ઓછું મળે, વિરસ મળે, પણ ખેદ ન કરશો, ક્યાંય થોભશો નહિ અને રાત્રિયે પણ બે પહોર તો ચોક્કસ જજોજ. આવી રીતે જશો તો તમે જલદી અટવી ઓલંઘી જશો અને ધારેલા સ્થળે પહોંચી જશો.

(જુઓ પાનું ૩૭૬)

# ભવ-અટવી કઈ રીતે ઓલંઘવી
# અને ઉતરેલો ક્યાં જાય ?

અટવી બે પ્રકારની છે. ૧. દ્રવ્ય-અટવી ૨. ભાવ-અટવી.

-: દ્રવ્ય-અટવી :-

કોઈક નગરથી કોઈક સાર્થવાહે બીજે દેશ જવાનું પ્રસ્થાન કર્યું અને નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે "જેઓને બીજે દેશ આવવું હોય તે ચાલો, મારો આદેશ માનનાર દરેક માણસને હું ઈચ્છિત નગરે પહોંચાડીશ". આ સાંભળી ઘણા લોકો તેની સાથે ચાલ્યા, તેઓની આગળ તેમણે માર્ગના ગુણ દોષ કહ્યા કે હે સાર્થિકો !!! રસ્તા બે છે, એક સરળ અને બીજો વિકટ. તેમાં જે વિકટ છે તે સુખેથી ઘણા કાળે જવાય તેવો છે અને છેવટે એ રસ્તો પૂરો થઈ સરળ માર્ગે મળી જાય છે, પછી ઈચ્છિત નગરે જવાય છે. અને જે સરળ છે, તે દુઃખેથી જવાય એવો છે અને તેથી જતાં જલદી નગરે પહોંચાય છે. કારણ કે તે અતિવિષમ અને સાંકડો છે. વિકટ રસ્તાના મુખ્ય ભાગે અત્યંત ભીષણ અને ઈચ્છિત નગર પમાડવામાં એવા બે વાઘ સિંહ રહે છે. તે બન્નેને પુરૂષાર્થથી દૂર કરી માર્ગમાં ઉતરી જવું, તેઓ બન્ને જોકે ઈચ્છિત નગર સુધી રહે છે, છતાં તેમાં જે માર્ગથી ભ્રષ્ટ થાય તેને તેઓ મારી નાંખે છે. ને જે માર્ગ ચાલે તેઓને હેરાન કરી શકતા નથી.

વળી એમાં અનેક પત્ર-પુષ્પ-ફલવાળાં શીતલ છાયાવાળાં મનોહર કેટલાંક વૃક્ષો છે, બીજાં કેટલાંક સડેલ અને ખરી ગયેલ વૃક્ષો છે, તેમાં ફાલેલા વૃક્ષોની છાયા એવી છે કે જેથી મૃત્યુ થાય, તો પછી તેનો ઉપયોગ કરીએ તો શું એ થાય? માટે તેના નીચે બેસવું નહિ, અને બીજે વૃક્ષે પણ મુહૂર્ત માત્ર જ બેસવું.

(જુઓ ટાઈટલ પેઈજ ત્રીજું)

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# શ્રી સિદ્ધચક્ર

## (પાક્ષિક)

તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्रस्तुति :

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥

વીર સંવત્ ૨૪૬૪ | વિક્રમ સંવત્ ૧૯૯૪ } વર્ષ ૬ અંક ૧૭-૧૮ { જ્યેષ્ઠ માસ ૨૭-૬-૧૯૩૮

## ધર્મિજનો માટે બેય સારાં !!!

धर्मपराणां पुंसां जीवितमरणे सदैव कल्याणे। इह जीवतां विवेकः सद्गतिगमनं मृतानां च ॥१॥ सूक्तमुक्तावली

ભાવાર્થ :- ચારે પ્રકારના ધર્મમાં તત્પર રહેનાર જીવને જીવવું કે મરવું એ બન્ને હંમેશાં કલ્યાણકારી જ છે. કારણ કે જો જીવશે તો વિવેકઆદિ કરશે, સુકૃત કરશે, કદાચ મરી જશે તો તેઓની સદ્ગતિ છેજ....

પંડિત હોય, રાજા હોય, બાહુબલી હોય, તપમાં રક્ત હોય કે ન હોય, પણ કોઈને મૃત્યુ તો છોડતું જ નથી માત્ર મૃત્યુને સુધારતાં આવડવું જોઈએ....

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ. ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

# અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

## નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૪ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયક્રમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

## પાક્ષિક

| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | તા. ૧૨-૬-૩૮ |
| વીક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૧૭ | જેઠ પૂર્ણિમા |


# આગમોદ્ધારકની અમોઘદેશના

ગતાંકથી પાના ૩૭૨ થી શરૂ

અથવા તેનું સ્વરૂપ બદલાઈને હીન થએલું હોય, જ્યાં સુધી વસ્તુની આવી સ્થિતિ ન આવે ત્યાં સુધી તેનો જીર્ણોદ્ધાર કરવાનું હોતું જ નથી.

### પુનરુદ્ધારનો ગપાટો.

હવે જો તમે એમ કહેશો કે જૈનધર્મનો પુનરૂદ્ધાર થયો છે તો પહેલાં તમારે એ વાત માનવી પડશે જ કે આ ધર્મનો હ્રાસ થયો હતો અથવા તો તે ધર્મ જીર્ણ થયો હતો, આ માન્યતા કેવળ ખોટી છે. હું તમોને પૂછું છું કે શું વીરધર્મ સડી ગયો છે ? શું એ ધર્મ પડી ગયો છે ? શું એ ધર્મ બગડી ગયો છે ? અથવા તેનો નાશ થઈ ગયો છે ? જો જૈનધર્મનો નાશ નહોતો થયો તો પછી તેનો જીર્ણોદ્ધાર કે પુનરૂદ્ધાર થયો એમ કહેવાને અવકાશ જ રહેતો નથી. તીર્થંકરે પ્રવર્તાવેલા ધર્મનો હું, બાવો કે મંગળદાસ જેવા તો જીર્ણોદ્ધાર કરી જ શકતા નથી. કારણ કે તીર્થંકરે પ્રવર્તાવેલો ધર્મ અરૂપીવસ્તુઓના જ્ઞાનપૂર્વકનો હોય છે શું એ અરૂપીવસ્તુઓનું સર્વ લોકને વિષે સર્વકાળને માટેનું તેને જ્ઞાન છે ? નથી પરંતુ જેને અરૂપી વસ્તુનું સર્વ કાળ માટેનું અને સર્વ લોક વિષેનું જ્ઞાન થયું છે તે તો કેવળી મહાત્માઓ જ હોય છે, એટલે સ્પષ્ટ થાય છે કે તીર્થંકર ભગવાનના ધર્મોને તીર્થંકર ભગવાનો જ પ્રરૂપી શકે છે, તેને બીજા કોઈ પણ પ્રવર્ત્તાવી કે પુનઃ ફેલાવી શકતા નથી, તારી શકતા નથી અથવા ઉદ્ધરી શકતા નથી.

### તીર્થંકરનું અસ્તિત્વ ક્યારે ?

હવે અહીં જરા ઝીણવટપૂર્વક આ વાત સમજો. જે ધર્મને તીર્થંકરે જ ઉપદેશ્યો છે અને એ

ધર્મનો પુનરૂદ્ધાર કરનારા તીર્થંકર જ છે એમ માનીએ ત્યાં પુનરૂદ્ધારની વાત જ ઉડી જાય છે કારણ કે તીર્થંકરનું અસ્તિત્વ એ જ જૈનધર્મનું પૂર્ણત્વ છે, તો પછી જે વખતે જૈનધર્મનું પૂર્ણત્વ વિદ્યમાન હોય તે જ વખતે તેનો નાશ થયો છે એમ કહેવું એ તદ્દન બુદ્ધિવિરૂદ્ધની જ વાત છે. અને તેથી સ્પષ્ટ થાય છે કે તીર્થંકર ભગવાનના અસ્તિત્વનો કાળ એ જૈનત્વના વિનાશનો કાળ નથી, પરંતુ જૈનત્વના વિકાસનો જ કાળ છે. તમે એક પ્રચંડ મંદિર બાંધો. તેની ઉપર સુંદર શિખર બનાવો, અને પછી તેના ઉપર ઝળહળતો કળશ ચઢાવો તો એ સમય, મંદિરનો વિકાસકાળ કહેવાય કે જીર્ણકાળ કહેવાય ? તમે દરીયામાંથી મોતી લઈ આવો અને પછી એમ કહો કે હવે તો દરીયામાં મોતી પાકવા બંધ થઈ ગયા છે તો તમારા એ બોલવા પર કોણ વિશ્વાસ લાવી શકે ? જૈનત્વ એ મહાસાગરરૂપ છે અને તીર્થંકર ભગવાન એ તેના મોતી છે, હવે કોણ એવો ગધેડો હશે કે સુક્કા દરીયામાં મોતી પાકયું એમ કહે. મોતી પાકયું એમ કહેવું એનો અર્થ જ એ થાય કે મહાસાગર વિદ્યમાન છે.

## મોતી પાક્યું તો મહાસાગર છે જ.

જેમ મોતી પાકયું એમ કહેવું એનો પર્યાય એ છે કે મહાસાગર વિદ્યમાન છે, તે જ પ્રમાણે ભગવાન શ્રીતીર્થંકર દેવ થયા એનો પર્યાય પણ એ છે કે જૈનશાસનરૂપી મહાસાગર વિદ્યમાન છે, અર્થાત અમુક તીર્થંકરે જૈનધર્મનો જીર્ણોદ્ધાર કર્યો એમ કહેવું એ સર્વથા જ ખોટું ઠરે છે ! અર્થાત્ જ્યાં જ્યાં તીર્થંકરનું અસ્તિત્વ છે ત્યાં ત્યાં જૈન શાસન એ અવિચ્છિન્નપણે જ રહેલું છે. ભગવાન સુવિધિનાથના સમયમાં શાસનનો સંપૂર્ણ વિચ્છેદ થઈ ગયો હતો, તોપણ તેને ફરીથી સ્થાપના કરનાર શ્રીમાન તીર્થંકરો જ થયા હતા. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જૈનધર્મ અવિચ્છિન્ન છે પણ તે તૂટેલો ખંડિત થએલો અથવા જીર્ણતા પામેલો છે જ નહિ ! શાસ્ત્રકાર મહારાજાઓ કોઈ પણ સ્થાન ઉપર આ ધર્મનો ઉલ્લેખ કરતાં તેને વીરધર્મ પાર્શ્વધર્મ અથવા તો ઋષભધર્મ કહેવાના નથી. પરંતુ તેને જૈન ધર્મ કહે છે. આ મહાત્માઓના કથન ઉપરથી જો કોઈ પણ માણસ સ્વમતના પક્ષપાત વિના વિચાર કરશે તો તેને કબુલ રાખવું પડશે કે આ જૈનધર્મ એ વ્યક્તિધર્મ નથી, પરંતુ સામાન્યધર્મ છે. આ ધર્મ કોઈ એક વ્યક્તિ પરથી કે તેના મહત્વ ઉપરથી જ પ્રકટ થયો નથી. પરંતુ તે કુદરતી છે, અને તેથી જ જૈનધર્મ એ જ અનાદિ ધર્મ કહી શકાય છે.

## કુદરતી ધર્મ છે.

જૈનધર્મની સૌથી મોટામાં મોટી ખુબી જોશો તો માલમ પડશે. એ ખુબી જ ત્યાં સમાયેલી છે કે જ્યાં એની વિશાલતા માલમ પડે છે. જૈનધર્મ એ વ્યક્તિધર્મ ન હોઈ તે કુદરતી ધર્મ છે એમાં જ તેની સાચી મહત્તા છે, જે રસોઈ કરે તે રસોઈયો કહેવાય, તેજ પ્રમાણે જે ઇન્દ્રિયોને જીતે છે અને શાસ્ત્રે કહ્યા પ્રમાણે જે જિનતા પ્રાપ્ત કરે છે તે જીનેશ્વર કહેવાય છે, અને એવા જીનેશ્વરોનો આ ધર્મ છે. જૈનધર્મમાં કોઇ એક વ્યક્તિ, જાતિ અથવા સંસ્થાનું મહત્વ જ નથી. જિન શબ્દ એ ક્રિયાવાચક શબ્દ

છે. એ શબ્દ કોઇ પણ રીતે રૂઢ થએલો અથવા યોગરૂઢ થએલો શબ્દ જ નથી, અને તેથી જ જિનશબ્દથી જગતની કોઇ પણ એક વ્યક્તિનો ઉલ્લેખ થતો જ નથી. જગતના સઘળા ધર્મો તપાસશો તો તમોને માલમ પડી આવશે કે જેટલી ઉદારતા જેટલી મહત્તા અને જેટલી વિશાળતા અહીં છે તેટલી બીજે નથી !કોઇ જગાએ ઇશ્વરના અમુક જ અવતારો છે, કોઇ જગાએ ઇશ્વરના અમુક જ સંદેશ છે, કોઇ ધર્મમાં અમુક જ વાહકો ઇશ્વરના પુત્રો છે, તે પછી કોઇને અવતાર સંદેશવાહક કે દેવપુત્ર થવાનો અધિકારજ આવ્યો નથી, ત્યારે જૈન ધર્મમાં એવી ઉદારતા છે કે અમુક સ્થિતિને અહીં પ્રમાણરૂપ માનવામાં આવી છે અને જે કોઇ એ સ્થિતિને પ્રાપ્ત કરે છે તે સઘળા જિન થઇ શકે છે!

## પુરૂષાર્થને પૂરી તક

પુરૂષાર્થને અર્થાત્ પુરૂષને કાર્ય કરીને મહાનપદ મેળવવાને જો કોઈ સ્થળે પૂરેપૂરી તક હોય તો તેવી તક આખા જગતમાં ફકત જૈનધર્મમાં જ છે ! હાલમાં કેટલાક અધકચરાઓ પોતાના ધર્મને વિશ્વધર્મ કહી ફુલાય છે ! એક બાજુએ તેઓ પોતાના ધર્મને વિશ્વધર્મ કહે છે, પરંતુ બીજી બાજુએ નિર્દોષ પશુઓને સંહારવા માટે તેમની છરીઓ તૈયાર જ રહે છે ! આવો હિંસામય ધર્મ આ જગતમાં કોઇ પણ દહાડો વિશ્વધર્મ થઇ શકવાનોજ નથી. જ્યારે જૈન ધર્મમાં એ વા સંપૂર્ણલક્ષણો છે. એક વ્યક્તિને નામે આ ધર્મ સ્થપાયો કે ચાલ્યો જ નથી એ તેની મહત્તા સૂચવે છે. ભગવાન હરિભદ્રસૂરિ, ભગવાન હેમચંદ્રસૂરિ આદિ નામોથી ઓળખાતી અનેક વ્યક્તિઓ થઈ છે, પરંતુ એવી કોઇ એક વ્યક્તિ થવા પામી નથી કે જે એક જ વ્યક્તિ જિન તરીકે ઓળખાતી હોય! "રસોઈયો" એ કોઇ એકજ વ્યક્તિ કે જાતિ નથી, પરંતુ જે રસોઇ કરે તે બધા રસોઈયા કહેવાય છે, તેજ પ્રમાણે જિન શબ્દ પણ કોઇ એકજ વ્યક્તિ કે જાતિનો દ્યોતક નહોતા તે પણ સર્વ સમાન્ય છે.


### તૈયાર છે

| | |
|---|---|
| શ્રી કલ્પસમર્થન | ૦-૮-૦ |
| શ્રી કથાકોષ | ૧-૪-૦ |

- તુરતમાં બ્હાર પડનારા -

શ્રી ભવભાવના સટીક - ભાગ બીજો

શ્રી પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક અને સાવચૂરિક

લખો :-

શ્રી જૈનઆનંદ પુસ્તકાલય

ગોપીપુરા - સુરત.

## જિન કોણ હોઈ શકે ?

અર્થાત્ અંતરંગના શત્રુઓ ઉપર વિજય મેળવીને જે જીતે છે તે જિન છે. જિન શબ્દ આ રીતે ક્રિયાવાચક છે, અને તે શબ્દ ક્રિયાવાચક હોવાથી જાતિવાચક સ્વરૂપ ધારણ કરે છે તે હંમેશા વિદ્યમાન હોઈ શકે. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે ક્રિયા કરનારા હોય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે ક્રિયાવાચક શબ્દો પરથી જાતિવાચક બનેલા શબ્દો લાગુ પડે છે એજ પ્રમાણે અંતરંગના શત્રુઓને જે જે જીતે છે તે સઘળા જ જિન છે. જિન નામની કોઈ એક સંસ્થા, કોઈ એક જાતિ અથવા કોઈ એક વ્યક્તિ છે જ નહિ જેઓ જેઓ રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓને જીતે છે તેઓ તેઓ જિન કહેવાય છે. હવે તમે એ જિનમાર્ગને આદિ અથવા તો વિનાશ પામેલો ક્યારે કહી શકો કે જ્યારે તમે એવું સાબીત કરી આપો કે અમુક કાળ પહેલાં કોઈ રાગદ્વેષાદિને જીતનારો હતો જ નહિ, અથવા અમુક કાળમાં કોઈ રાગદ્વેષાદિને જીતનારો થયો જ નથી? આવું સાબીત કરવાનો તમારી પાસે કોઈ માર્ગ જ નથી આ ચોવીશીની પહેલાના કાળમાં કોઈ રાગદ્વેષાદિને જીતનારો થયો જ નહતો એવું કહેવાને આ જગત પાસે કાંઈ જ પ્રમાણ નથી. એવું કયું પ્રમાણ આ દુનિયા આપીને સાબીત કરી શકે કે અમુક કાળે કોઈએ રાગ દ્વેષને જીત્યાજ ન હતા! અને એ કાળમાં રાગ દ્વેષ જીતી શકાતાજ ન હતા!

## સર્વકાળનો ધર્મ

આ જગતમાં અમુક પદાર્થ ન હતો એવું કદીજ બનતું નથી, બન્યું નથી અને બનવાનું નથી! એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જિનત્વ પણ નવું નજ હોઈ શકે, તે પણ અનાદિનું છે. અને એવા જિનોએ જે ધર્મ કહેલો છે તેજ આ જૈનધર્મ છે. પહેલાં પણ જેમણે રાગ દ્વેષ જીત્યા હશે તે બધા જિન હતા અને એવા જિનો દ્વારા જે ધર્મ કથાયો છે તેજ આ જૈન ધર્મ હતો. હવે ભૂતકાળમાં એવું કદી બન્યું નથીકે જિન મહારાજો ભૂતકાળમાં થયા જ ન હોય! તમે જે જે કાળે દેખો તે તે કાળે રાગદ્વેષને જીતનારાઓ તો થયા જ કર્યા છે. રાગદ્વેષાદિને જીતનારા સર્વ કાળે થએલા હોવાથી જિન ભગવાનો પણ સર્વ કાળના છે, અને તેથી જ તેમના દ્વારા કહેવાયેલો આ જૈનધર્મ તે પણ સર્વકાળનો જ છે! જૈનધર્મ એક સર્વકાળનો ધર્મ હોવાથી જો કોઈપણ ધર્મને સનાતન અથવા વિશ્વધર્મ કહેવા કહેવડાવવાનો અધિકાર હોય તો તે એક માત્ર જૈનધર્મનેજ છે, બીજાને નથી!

## જગત્ આદિ છે તો ધર્મ અનાદિ ક્યાંથી ?

બીજા શાસનો અને બીજા ધર્મોએ આ જગત્ નિત્યનું માન્યું નથી અને જો જગત્જ નિત્ય નથી તો પછી તેમનો ધર્મ તો નિત્યનો હોવો એ સંભવી જ શકતું નથી. જ્યાં જગત્જ તમે નિત્ય ન માનો તો પછી ધર્મને નિત્ય માનનારાઓ થાઓ એજ અશક્ય છે. આ સઘળી ચર્ચા ઉપરથી આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે જો કોઈ પણ ધર્મમાં સનાતનપણું હોય તો તે માત્ર એકલું જિનેશ્વર ભગવાનના ધર્મમાંજ છે, અને વિશ્વધર્મ કહેવડાવવાની લાયકાત પણ માત્ર આજ

પરમપ્રતાપી શાસનમાં રહેલી છે. જૈનશાસનમાં ધર્મ કહેનારને નામે ધર્મપ્રવૃતિ થાય છે, પરંતુ ધર્મ કે ગુરૂને નામે ધર્મનું નામ જાહેર થતું નથી. તીર્થંકરભગવાનોના નામે શાસનનું નામ જાહેર થતું નથી એટલું જ નહિ, પણ મુનિ, સાધુ કે સાધ્વીને નામે પણ આ શાસન જોડાઈને તે મુનિશાસન, સાધુશાસન કે સાધ્વી શાસન કહેવાતું નથી! એજ પ્રમાણે આ શાસન તે અરિહંતશાસન અથવા મહાવીરશાસન પણ કહેવાતુંજ નથી! સાધુ સાધ્વીના કે તીર્થંકરભગવાનોના નામો આ શાસન જોડે જોડાતા નથી ગુરૂ અને ધર્મ એ બંને તત્ત્વનો આધાર અહિં વક્તા ઉપર જ રહેલો છે. ગુરૂ કોને ગણવા ? શું ગુરૂના છોકરાને ગુરૂ ગણવો ? શું ગુરૂના ચેલાને ગુરૂ માનવો ? શું ગુરૂના ગ્રંથને ગુરૂ કહેવો ? શું ગુરૂની પાવડીનેજ ગુરૂ માનીને પગે લાગવું ? અથવા તો શું "હું ગુરૂ છું" એમ કહી દેનારાને જય જય ગુરૂ કહી વાંદવા બેસી અને તેમને નામે આ શાસનની કદીપણ જાહેરાત થઈ નથી. આમ કેમ ન થયું એ પ્રશ્ન તમે વિચારી જોશો તો તમોને માલમ પડશે. એમ ન થવાનું કારણ એકજ છે કે આ ધર્મ એ વ્યક્તિનો ધર્મ નથી! તે તો દેવના નામેજ પ્રવર્તેલો ધર્મ છે.

ગુરૂ કોણ ?

જિનેશ્વર ભગવાન્‌ના આ શાસનમાં વિનય છે, અહિંસા છે, સત્ય છે, એ સઘળું છે, પરંતુ તે છતાંએ એને નામે શાસન ઓળખાયું નથી. કોઈપણ શાસ્ત્રકારે આ ધર્મને શ્રીઅહિંસાધર્મ, વિનયધર્મ કે સત્યધર્મ કહ્યો નથી, પરંતુ આ ધર્મ વક્તાના નામ ઉપરથી જ ઓળખાયો છે! જવું? નહિ અહિ એ સઘળાનો વિરોધ છે. જે દેવે આચાર કહ્યો છે તે આચાર જે પાળે છે, એ આચારને જે અમલમાં મૂકે છે, અને દેવે કહેલા સાધ્યના સાધનો જે પૂરા પાડે છે તેનેજ આ શાસન ગુરૂ તરીકે ઓળખાવે છે! ગુરૂ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે દેવ વર્તે છે એમ કોઇ કહી શકતું નથી. કોઈપણ મતવાળો,સંપ્રદાયવાળો અથવા ધર્મવાળો એમ તો

૧. ત્રણે જગતને પૂજ્ય તીર્થંકર ભગવંત અને શુદ્ધ સાધુ ભગવંતો ધન્ય છે કે જેઓની પાસે પ્રાણિયોની પ્રાયઃ પાપબુદ્ધિ નથી થતી.
૨. ગુરૂની આજ્ઞાને આધીન રહેવું એ ગુણના બન્ધનું કારણ છે.
૩. વિષયમાર્ગ ભયંકર છે, મોહના ચાળા દારૂણ છે. ધન એ શરણ નથી, માત્ર ધર્મને જ મિત્ર કરો.
૪. સેવાનું ફળ-દિવ્ય કામભોગ-શુભકુલ-સારૂં રૂપ, સારી બુદ્ધિ, ધર્મમાં સ્થિરતા અને પરમપદ પ્રાપ્તિ એ છે.

નજ કહે કે અમારા ગુરૂ જેવું કહે તે પ્રમાણે અમારા દેવ વર્તે છે! ગુરૂએ સ્વયં જે વસ્તુ સાધ્ય કહેલી હોય તેનું સાધન કાંઈ દેવો ઉત્પન્ન કરતા નથી, અથવા તો ગુરૂએ બતાવેલા સાધ્યને સિદ્ધ કરવાના સાધનો પણ દેવો ઉત્પન્ન કરતા નથી, પરંતુ દેવે જે સાધ્ય દર્શાવેલું હોય તે સાધ્યને સિદ્ધ કરવાનું સાધન જ ગુરૂ ભવ્યોને દર્શાવી શકે છે અથવા તો આ જગતમાં પ્રવર્તાવી શકે છે!

## જૈનધર્મમાં ગુરૂ કોણ ?

દેવે જે વસ્તુ ઈષ્ટ માનીને ઈષ્ટ તરીકે બતાવી છે તે સાધ્યવસ્તુના સાધનોને જે પ્રવર્તાવે છે તે જ અહિં ગુરૂ છે. દેવતત્ત્વનો આધાર ગુરૂતત્ત્વ ઉપર રહેલો નથી, પરંતુ ગુરૂતત્ત્વનો આધાર અહિ દેવતત્ત્વ ઉપરજ રહેલો છે. દેવે કહ્યું કે મોક્ષ એ સાધ્ય છે અને તે સાધ્ય મેળવવાને માટે કેવળજ્ઞાન ઉપજાવવું અને સમ્યગ્દર્શનાદિ મેળવવાં એ તેના સાધન છે. એ સાધ્યને જ સાધ્ય તરીકે રાખીને તેના એ દેવકથિત સાધનો જે જાહેર કરે છે તેનેજ આ શાસન 'જૈનધર્મગુરૂ' કહે છે. જૈનધર્મગુરૂને માટે શાસને ઠરાવેલા વસ્ત્રોરૂપી યુનિફોર્મ જરૂરી છે, જૈન સાધુઓ યુનિફોર્મ પહેરે છે એ સિદ્ધાંત છે. પરંતુ જેઓ એ યુનિફોર્મ પહેરી લે તે સાધુ છે એવો સિદ્ધાંત જ નથી, સરકારે પોલીસોને માટે ઠરાવેલો યુનીફોર્મ પોલીસો પહેરે છે એ વસ્તુ સત્ય છે, પરંતુ એ પોષાક પહેરી લે તે કાંઈ સિપાઈ બની જતો નથી. જેમ સિપાઈ તરીકેની નીમણુંક અને સિપાઈનો પોષાક એ બંને હોય તેજ સિપાઈ છે, તે જ પ્રમાણે જિનેશ્વર દેવોએ જૈનસાધુઓ માટે ઠરાવેલો આચાર જે પાળે છે અને એ આચાર પાળીને તેને જ ઉપદેશીને મોક્ષને જ એક સાધ્ય તરીકે કબુલ કરી મુનિવેષ રાખે છે તેજ જૈનધર્મ ગુરૂ છે. જો કોઈ ધર્મગુરૂના કપડાં પહેર્યા છતાં ભગવાન શ્રીજિનેશ્વરદેવોએ કહેલા સાધ્ય અને સાધનથી ઉલટી જ વાત જાહેર કરે તો તે જૈનસાધુ નથી, પરંતુ તે તો ચોક્ખો નિમકહરામજ છે.

## સતી પણ ગમે તેને ધણી કહી દેતી નથી

સામાન્યરીતે જગતના વ્યવહારમાં એક સાધારણ સ્ત્રી પણ નિયમોને વશ રહીને વર્તે છે! એક સતી સ્ત્રી પણ પોતાના ધણી તરીકે પોતાના પતિ સિવાય બીજાને જાહેર કરતી નથી, અને જો કોઈ સતી એવી રીતે પોતાના પતિ સિવાય બીજા પુરૂષને પોતાનો પતિ જાહેર કરે તો પછી તેવી દુષ્ટાને કોઈ સતી પણ કહેતુંજ નથી. એવી નારી તો પછી શંખણીજ કહેવાય છે! એક સાધારણ સ્ત્રી જાતિ પણ જો પોતે આવો વચન વ્યભિચાર શુદ્ધાં પણ આદરવાનું પસંદ કરતી નથી. તો પછી સાધુઓ કે જેમણે ભગવાન શ્રીમહાવીરદેવના નામ ઉપર ઘરબાર છોડયાં, પૈસો ટકો છોડયો. સુખ સાહયબી છોડયા અને જેના નામ પર પોતે જગતને દોરવાને તૈયાર થયા છે તેવા સાધુ મહાત્માઓ જો ભગવાન શ્રી સર્વજ્ઞદેવના વચનથી ઉલટી વાત કહે, તો તેમને

તો પછી કહેવું જ શું ? મટ્ટુક શ્રાવકની કથાનો અહીં જરા વિચાર કરો. મટ્ટુક શ્રાવક એકવાર ભગવાન શ્રીમહાવીરદેવને વંદના કરવા જતો હતો. મટ્ટુક ચોરા પાસે થઈને પસાર થતો હતો એ વખતે ચોરામાં અન્ય મતવાલા કાળોદાઈ અને સેલોદાઈ નામના બે માણસો બેઠા હતા. કાળોદાઈ અને સેલોદાઈ બંને જૈનધર્મના પાક્કા શત્રુઓ હતા. કાળોદાઈ અને સેલોદાઈની સાથે તેમની મંડળી પણ ભેગી થએલી હતી અને ગમે તેવા ગામગપાટાઓ હાંકવામાં આવતા હતા.

## મટ્ટુકની મહત્તા.

બંને એવા નંગ હતા કે દુનિયાદારીનું કામ હોય તો વાતો કરવા નવરા પડતા ન હતા પરંતુ અહિં ભગવાન શ્રીમહાવીરદેવના પવિત્રમાર્ગની નિંદા કરવાને માટે તેમને જોઈએ તેટલો વખત મળતો હતો! આપણામાં કહેવત છે કે 'નવરો બેઠો નખોદ વાળે' તેવું જ આ બંનેનું કામ હતું. જ્યાં મટ્ટુકને તેમણે જોયો એટલે પેલાઓએ બોલાવીને તેને પુછયું, કેઃ- "અલ્યા! તારા મહાવીર કહે છે તે તું ખરૂં માને છે કે ? મટ્ટુકે જવાબ આપ્યો કે. "હા" હું ખરૂં માનું છું મટ્ટુકે હા એવો ઉત્તર આપ્યો એટલે પુનઃ તેમણે પૂછયું, કે મહાવીર તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, વગેરે અનેક જાતના દ્રવ્યો બતાવે છે એ સઘળાં દ્રવ્યો તું માને છે ? મટ્ટુકે જવાબ આપ્યો, "હા હું તે પણ માનું છું!" હવે પેલાઓએ વળી પ્રશ્ન કર્યો કે "ત્યારે શું ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એ ત્રણે અહીં ઉપસ્થિત છે કે નહિં ?" મટ્ટુકે ઉત્તર દીધો કે "હા! ત્રણે દ્રવ્યો અહીં પણ છે, એમ મારી માન્યતા છે." મિથ્યાત્વીઓ મટ્ટુકને સત્યથી ભ્રષ્ટ કરવા માંગે છે! તેઓ તેને કઇ દિશાએ લઈ જાય છે તે વિચારો.

## વિચિત્ર પ્રશ્નો

પહેલાં મિથ્યાત્વીઓએ પૂછયું કે તીર્થંકરને માને છે કે નહિ ? પછી બીજો પ્રશ્ન એ કહે છે કે ભગવાન કથિત તત્ત્વોને માને છે કે નહિ ? પછી એ તત્ત્વો ત્યાં છે કે નહિ ? મટ્ટુકે જવાબ આપ્યો કે એ તત્ત્વો અહીં પણ છે. ત્યારે હવે પૂછે છે કે "એ તત્ત્વોને તું દેખીને નજરે જોઈને માને છે કે નજરે જોયા વિના જ માને છે ?" મિથ્યાત્વીઓના આ પ્રશ્નો જુઓ કે તે કેવા પાશારજ્જુ જેવા છે! આમ બોલો તો આમથી બાંધવા અને તેમ બોલો તો તેમથી બાંધવા!! મટ્ટુકે ઉપરના પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે 'દેખું છું અને માનું છું, તથા નથી દેખતો તો પણ માનું છું.' જ્યાં મટ્ટુક એમ કહે છે કે નથી દેખતો તો પણ માનું છું ત્યાં આ મટ્ટુકના હેતના ટુકડાઓ તેને કહે છે કે "ભલા માણસ! તું વગર દેખે પણ ત્રણે કાયનું અસ્તિત્વ અહીં પણ માને

છે તો પછી તારા જેવો અંધશ્રદ્ધાળુ તે બીજો કોણ હશે?" ખ્યાલ રાખો કે શ્રદ્ધાળુને અહીં અંધશ્રદ્ધાળુ કહે છે તો એ શબ્દ પેલાની નિંદા કરવાને માટે વાપરે છે કે પ્રશંસાને માટે વાપરે છે ? કહેવું જ પડશે કે નિંદાને માટે વાપરે છે.

## અંધશ્રદ્ધાથી લાભ થયો.

બીજાને અંધશ્રદ્ધાળુ માનીને તેની નિંદા કરતા પહેલાં અંધશ્રદ્ધાળુઓએ સમજવાની જરૂર છે કે જેના હૃદયમાંની શ્રદ્ધા બળીજ ગઈ છે તેના કરતા અંધશ્રદ્ધાળુ તો લાખો દરજજે સારો છે. તમે પૂછશો કે એ સારો શી રીતે કહેવાય છે ? ઠીક તેનો ખુલાસો કરો ધારો કે કસ્તુરભાઈ નામના ઝવેરી છે. ઝવેરાતના ધંધામાં પૂરા પાવરધા થએલા છે, જબરા નિષ્ણાત છે. તેઓ મોતીની ખરીદીને માટે બહાર ગામ દેશાવર ગયા અને પચાશ હજારનું એક એવું રત્ન જેવું કિંમતી મોતી પરીક્ષા કરીને તેનું તોલ કરીને લઈ આવ્યા, બીજે દિવસે કસ્તુરભાઈ શેઠનો છોકરો દરીયાકિનારે ફરવા જાય છે અને તેને દરિયાને કિનારે ફરતાં ફરતાં દશ હજારની કિંમતનું મોતી નીકળે એવી મોતી સહિતની છીપ મળે છે. શેઠનો દીકરો એ મોતીને બહુમૂલ્ય મોતી હશે એમ શ્રદ્ધાથી માનીને કચરામાંથી ઉપાડીને લઈ આવે છે! શેઠ એ મોતીને બહાર કઢાવે છે, તેને વિંધવા આપે છે અને વિંધાઈને તૈયાર થયું ત્યાં એ મોતીનું મૂલ્ય દશ હજારનું અંકાય છે.

## નસીબદાર કોણ ?

હવે વિચાર કરો કે કસ્તુરભાઈ અને કસ્તુરભાઈના દીકરા વચ્ચે તમે કોને નસીબદાર માનો છો ? કસ્તુરભાઈ મોતીના પરીક્ષક જ છે તેઓ મોતીનો રૂપ, રંગ, આકાર, મૂલ્ય વગેરે બધું પારખતા હતા, અને તેઓ બજારે ગયા એટલે ઉત્તમ મોતી લઈ આવ્યા ! કસ્તુરભાઈનો દીકરો એવું કાંઈ જાણતો નથી, તેને મોતીની પરીક્ષા આવડતી નથી, તે મોતીનું મહત્વ જાણતો નથી, છતાં ચળકતી છીપ જ લે છે, એટલે તે ખરી જ છીપ હશે અને અંદર સાચું જ મોતી હશે એવી અંધશ્રદ્ધાથી તે લઈ આવે છે! તો તમે શું એ છોકરાને પકડીને ફટકાવશો કે "ઓ કમબખ્ત! તું વગર સમજ્યે અંધશ્રદ્ધાથી આ મોતીને ધારીને શા માટે લઈ આવ્યો ?" અને અંધશ્રદ્ધાથી આ છોકરાએ આણેલું એ મોતી તમે ફેંકી દેશો ? આવે પ્રસંગે શા માટે તમે એમ ધારતા નથી કે છોકરો સારો છે.

(અનુસંધાન પેજ નં. ૪૦૭)

(અપૂર્ણ)

# तीर्थयात्रा-संघयात्रा (ગતાંકથી ચાલુ)

दाहिणाणं मंजुस्सरा उत्तराणं मंजुघोसा पायत्ताणी-आहिवई विमाणकारी अ आभिओगां देवा जोइसि-आणं सुस्सरा सुस्सरणिग्धोसाओ घण्टाओ मन्दरे समोसरणं जाव पज्जुवासंतित्ति (सूत्र ११९)

तए णं से अच्चुए देविन्दे देवराया महं देवाहिवे आभिओगे देवे सद्दावेइ २ त्ता एवं वयासी खिप्पामेव भो देवाणुप्पिआ! महत्थं महग्धं महारिहं विउलं तित्थयराभिसेअं उवट्ठवेह, तएणं ते अभि-ओगा देवा हट्ठतुट्ठ जाव पडिसुणित्ता उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमन्ति २ त्ता वेउव्विअसमुग्घाएणं जाव समोहणित्ता अट्ठसहस्सं सोवण्णिअकलसाणं एवं रुप्पमयाणं मणिमयाणं सुवण्णरुप्पमयाणं सुवण्णमणिमयाणं रुप्पमणिमयाणं सुवण्णरुप्प-मणिमयाणं अट्ठसहस्सं भोमिज्जाणं अट्ठसहस्सं चन्दणकलसाणं एवं भिंगाराणं आयंसाणं थालाणं पाईणं सुपईट्ठगाणं चित्ताणं रयणकरंडगाणं वाय-करगाणं पुप्फचंगेरीणं, एवं जहा सूरिआभस्स सव्वचंगेरीओ सव्वपडलगाइं विसेसिअतराइं भाणि-अव्वाइं, सीहासणछत्तचामरतेल्लसमुग्ग जाव सरिसव-समुग्गा तालिअंटा जाव अट्ठसहस्सं कडुच्छुगाणं विउव्वंति विउव्वित्ता साहाविए विउव्विए अ कलसे जाव कडुच्छुए अ गिण्हित्ता जेणेव खीरोदए समुद्दे तेणेव आगम्म खीरोदगं गिण्हन्ति २ त्ता जाइं तत्थ उप्पलाइं पउमाइं जाव सहस्सपत्ताइं ताइं गिण्हंति, एवं पुक्खरोदाओ जाव भरहेरवयाणं मागहाइति-त्थाणं उदगं मट्टिअं च गिण्हन्ति २ त्ता एं गंगाईणं महाणईणं जाव चुल्लहिमवन्ताओ सव्वतुअरे सव्वपुप्फे सव्वगन्धे सव्वमल्ले जाव सव्वसहीओ सिद्धत्थए य गिण्हन्ति २ त्ता पउमद्दहाओ दहोअगं उप्पलादीणि अ, एं सव्वकुलपव्वएसु वट्टवेअद्धेसु सव्वमहद्दहेसु सव्ववासेसु सव्वचक्कसुट्टिविजएसु वक्खारपव्वएशु अंतरणईसु विभासिज्जा जाव उत्तरकुरुसु जा सुदं-सणभद्दसालवणे सव्वतुअरे जाव सिद्धत्थए अ गिण्हन्ति, एवं णन्दणवणाओ सव्वतुअरे जाव सिद्धत्थए अ सरसं च गोसीसचन्दणं दिव्वं च सुम-णदामं गेण्हन्ति, एवं सोमणसपंडगवणाओ अ सव्वतुअरे जाव सुमणसदामं दद्दरमलयसुगन्धे य गिण्हन्ति २ त्ता एगओ मिलंति २ त्ता जेणेव सामी तेणेव उवागच्छन्ति २ त्ता महत्थं जाव तित्थयराभिसेअं उवट्ठवेंतित्ति (सूत्रं १२०)

तएणं से अच्चुए देविन्दे दसहिं सामाणी-असाहस्सीहिं तायत्तीसाए तायत्तीसहिं चउहिं लोगपालेहिं तिहिं परिसाहिं सत्तहिं अणिएहिं सत्तहिं अणिआहिवईहिं चत्तालीसाए आयरक्खदेवसा-हस्सीहिं सद्धिं संपरिवुडे तेहिं साभाविएहिं विउव्विएहि अ वरकमलपइट्ठाणेहिं सुरभिवरवारिपडिपुण्णेहिं चन्द-णकयचच्चाएहिं आविद्धकण्ठेगुणेहिं पउमुप्पल-पिहाणेहिं करयलसुकुमारपरिग्गहिएहिं अट्ठसहस्सेणं सोवण्णिआणं कलसाणं जाव अट्ठसहस्सेणं भोमेज्जाणं जाव सव्वोदएहिं सव्वमट्टिआहिं सव्वतुअरेहिं जाव सव्वोसहिसिद्धत्थएहिं सव्विड्ढीए

जावरवेणं महया २ तित्थयराभिसेएणं अभिसिंचंति, तएणं सामिस्स महया २ अभिसेअंसि वद्दमाणंसि इंदाईआ देवा छत्तचामरधूवकडुच्छुअपुप्फगन्ध-जावहत्थगया हट्ठतुट्ठ जाव वजसूलपाणी पुरओ चिट्ठंति पंजलिउडा इति, एवं विजयाणुसारेण जाव अप्पेगइया देवा आसिअसंमज्जिओवलित्तसित्तसुइ-सम्मट्ठरत्थंतरावणवीहिअं करेन्ति जाव गन्धवभि अंति, अप्पेग० हिरण्णवासं वासिंति एवं सुवण्णरय-णवइरआभरणपत्तपुप्फफलवी अमल्लगन्धवण्ण जाव चुण्णवासं वासंति, अप्पेगइआ हिरण्णविहिं भाइंति एवं जाव चुण्णविधिं भाइंति, अप्पेगइआ चउव्विहं वज्जं वाएन्ति, तंजहाततं १ विततं २ घणं ३ झुसिरं ४, अप्पेगइआ चउव्विहं गेअं गायन्ति, तंजहा-उक्खित्तं १ पायत्तं २ मन्दयईयं ३ रोइआवसाणं ४, अप्पेगइआ चउव्विहं णट्टं णच्चन्ति, तं०-अंचिअं १दुअं २ आरभडं ३ भसोलं ४, अप्पेगइआ चउव्विहं अभिणयं अभिणेंति, तं०-दिट्ठंतिअं पाडिस्सुइअं सामण्णोवणिवाइअं लोगमज्झावसाणिअं, अप्पेग० बत्तीसइविहं दिव्वं णट्टविहिं उवदंसेन्ति, अप्पेगइआ उप्पनिवयं निवयउप्पयं संकुचिअभन्तसंभन्तणामं दिव्वं नट्ठविहिं उलदंसन्तीति, अप्पेगइआ तडवेंति अप्पेगइआ लासेन्ति अप्पेगइआ पीणेन्ति, एवं बुक्कारेन्ति अप्फोडेन्ति वग्गन्ति सीहणायं णदन्ति अप्पे० सव्वाइं करेन्ति अप्पे० हयहेसिंअ एवं हत्थि-गुलुगुलाइअं रहघणघणाइअं अप्पे० तिण्णिवि, अप्पे० उच्छोलन्ति अप्पे० पच्छोलन्ति अप्पे० तिवइं छिंदन्ति पायदद्दरयं करेन्ति भूमिचवेडे दलयन्ति अप्पे० महया सद्देणं रावेंति एवं संजोगा विभासिअव्वा, अप्पे० हक्कारेन्ति, एवं बुक्कारेन्ति वक्कारेन्ति ओवयंति उप्पयंति परिवयंति जलन्ति तवंति पयवंति गज्जंति विज्जुआयंति वासिंति अप्पेगइआ देवुक्कलिअं करेंति एवं देवकरकरगं करेंति अप्पे० दुहुदुहुगं करेंति अप्पे विकिअभूयाइं रुवाई विउव्विता पणच्चंति एवमाइ विभासेज्जा जहा विजयस्स जाव सव्वओ समन्ता आहावेंति परिधा-वेंतित्ति ( सूत्रं १२१ )

तए णं से अच्चुइंदे सपरिवारे सामिंतेणं महया महया अभिसेएणं अभिसिंचइ २ त्ता करय-लपरिग्गहिअं जाव मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेइ २ त्ता ताहिं इट्ठाहिं जाव जयजय-सद्दं पउंजित्ता जाव पम्हलसुकुमालाए सुरभीए गन्धकासाईए गायाइं लूहेइ २ त्ता एवं जाव कप्परु-क्खगंपिव अलंकियविभूसिअं करेइ २ त्ता जाव णट्ठविहिं उवदंसेइ २ त्ता अच्छेहिं सण्हेहिं रययाम-एहिं अच्छरसातण्डुलेहिं भगवओ सामिस्स पुरओ अट्ठट्ठमंगलगे आलिहइ. तंजहा-दप्पण १ भद्दासण २ वद्धमाण ३ वरकलस ४ मच्छ ५ सिरिवच्छा६। सोत्थिअ ७ णन्दावत्ता ८ लिहिआ अट्ठट्ठमंगलगा ॥१॥ लिहिऊण करेइउयारं, किं ते ?,स पाड-लमल्लिअचंपगसोगपुन्नागचूअमंरिणवमालिअ-बउलतिलयकतोरवीरकुंदकुज्जगकोरंटपत्तदमण-गवरसुरभिगन्धगन्धिअस्स कयग्गहगहिअकरय

लपब्भट्ठविप्पमुक्कस्स दसद्धवण्णस्स कुसुमणिअरस्स तत्थ चित्तं जाणुस्सेहप्पमाणमित्तं ओहनिकरं करेत्ता चन्दप्पभरयणवइरवेरुलिअविमलदृण्डं कंचण-मणिरयणभत्तिचित्तं कालागुरुपवरकुंदुरुक्कतुरुक्कधू-वगंधुत्तमाणुविद्धं च धूमवट्टिं विणिम्मुअंतं वेरुलि-अमयं कडुच्छुअं पग्गहित्तु पयएणं धूवं दाऊण जिंणवरिंदस्स सत्तट्ठ पयाइं ओसरित्ता दसंगुलिअं अंजलिं करिअ मत्थयंमि पयओ अट्ठसयविसुद्धगन्थ-जुत्तेहिं महावितेहिं अपुणरुत्तेअत्थजुत्तेहिं संथुणइ २ त्ता वामं जाणुं अंचेइ २ त्ता जाव करयलपरिग्गहिअं मत्थए अंजलिं कट्टु एवं वयासी-णमोऽत्थु ते सिद्धबुद्धणीरयसमणसामाहिअ समत्त समजोगि सल्लगत्तणणिब्भयणीरागदोसणिम्ममणिस्संमप्पमेय भविअधम्मवरचाउरंतचक्कवट्टी णमोत्थु ते अरहोत्ति-कट्टु एवं वन्दइ णमंसइ २ त्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे जाव पज्जुवासइ एवं जहा अच्चुअस्स तहा जाव ईसाणस्स भाणिअव्वं, एवं भवणवइवाणमन्तर-जोइसिआ य सूरपज्जवसाणा सएणं परिवारेणं पतेअं २ अभिसिंचंति, तएणं से ईसाणे देविन्दे देवराया पञ्च ईसाणे विउव्वइ २ त्ता एगे ईसाणे भगवं तित्थयरं करयलसंपुडेणं गिण्हइ २ त्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे, एगे ईसाणे पिट्ठओ आयवत्तं धरेइ, दुवे ईसाणा उभओ पासिं चामरुक्खेवं करेन्ति, एगे ईसाणे पुरओ सूलपाणी चिट्ठइ, तएणं से सक्के देविन्दे देवराया आभिओगे देवे स वेइ २ त्ता एसोवि तहचेव अभि० आणत्तिं देइ तेऽवि तह चेव उवणेन्ति, तएणं से सक्के देविन्दे देवराया भगवओ तित्थयरस्स चउदिसिं चत्तारि धवलसभे विउव्वेइ सेए संखदलविमलनिम्म-लदधिघणगोखीरफेणरयणिगरप्पगासे पासईए, दरसणिज्जे अभिरूवे, पडिरूवेतएंण तेसिं चउण्हं धवलवसभाणं अट्ठहिं सिंगेहिंतो अट्ठ तो अधाराओ णिग्गच्छन्ति, तएणं ताओ अट्ठ तो अधाराओ उद्धं वेहासं उप्पयन्ति २ त्ता एगओ मिलायन्ति २ त्ता भगवओ तित्थयरस्स मुद्धाणंसिं निवयंति। तएणं से सक्के देविन्दे देवराया चउरासीईए सामाणि-असाहस्सीहिं एअस्सवि तहेव अभिसेओ भाणिअव्वो, देविन्दे देवराया चउरासीईए सामाणिअसाहस्सीहि एअस्सवि तहेव अभिसेओ भाणिअव्वो जाव णमोत्थु ३ ते अरहओत्तिकट्टु वन्दइ णमंसइ जाव पज्जुवासइ (सूत्रं १२२)

तएणं से सक्के देविंदे देवराया पंच सक्के विउव्वइ २ त्ता एगे सक्के भयवं तित्थयरं करयलपुडेणं गिण्हइ एगे सक्के पिट्ठओ आयवतं धरेइ दुवे सक्का उभओ पासिं चामरुक्खेवं करेंति एगे सक्के वज्जपाणी पुरओ पगड्डइ, तएणं से सक्के चउरासीईए सामाणीअसाहस्सीहिं जाव अण्णेहि अ भवणवइवाणमन्तरजोइसवेमाणिएहिं देवेहिं देवीहिं अ सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव णाइअरवेणं ताए उक्किट्ठाए जेणेव भगवओ तित्थयरस्स

जम्मणणयरे जेणेव जम्मणभवणे जेणेव तित्थयर-माया तेणेव उवागच्छइं २ त्ता भगवं तित्थयरं माऊए पासे ठवेइ २ त्ता तित्थयरपडिरूवगं पडिसहरइ २ त्ता ओसोवणिं पडिसाहरइ त्ता एगं महं खोमजुअलं कुंडलजुअलंच च भगवओ तित्थयरस्स उस्सीसगमूले ठवेइ २ त्ता एगं महं सिरिदामगंडं तवणिज्जलंबूसगं सुवण्णपयरगमंडिअं णाणामणिरयणविविहहारद्ध-हारउवसोहिअसमुदयं भवगओ तित्थयरस्स उल्लोअंसि निक्खिवइ तण्णं भगवं तित्थयरे अणिमिसाए दिट्ठीए देहमाणे २ सुहंसुहेणं अभिरममाणे चिट्ठइ, तएणं से सक्के देविंदे देवराया वेसमणं देवं सद्दावेइ २ त्ता एवं वदासी-खिप्पामेव भो देवाणुप्पिआ। बत्तीसं हिरण्णकोडीओ बत्तीसं सुवण्णकोडीओ बत्तीसं णंदाइं बत्तीसं भद्दाइं सुभगे सुभगरुवजुव्वण-लावण्णे अ भगवओ तित्थयरस्स जम्मणभवणंसि साहराहि २ त्ता एअमाणत्तिअं पच्चप्पिणाहि, तए णं से वेसमणे देवे सक्केणं जाव विणएणं वयणं पडिसुणेइ २ त्ता जंभए देवे सद्दावेइ २ त्ता एवं वदासि-खिप्पामेव भो देवाणुप्पिआ। बत्तीसं हिरण्णकोडीओ जाव भगवओ तित्थयरस्स जम्म-णभवणंसि साहरह साहरित्ता ए अमाणत्तिअं पच्च-प्पिणह, तएणं ते जंभगा देवा वेसमणेणं देवेणं एवं वुत्ता समाणा हट्ठतुट्ठ जाव खिप्पामेव बत्तीसं हिरण्णकोडीओ जाव भगवओ तित्थगरस्स जम्मण-भवणंसि साहरंति २ त्ता जेणेव वेसमणे देवे तेणेव जाव पच्चप्पिणंति, तएणं से वेसमणे देवे जेणेव देविंदे देवराया जाव पच्चप्पिणइ। तएणं ते सक्के देविंदे देवराया ३ आभिओगे देवे सद्दावेइ २ त्ता एवं वयासी-खिप्पामेव भो देवामुप्पिआ। भगवओ तित्थयरस्स जम्मणयरंसि सिंघाडगजावमहापहपहेसु महया २ सद्देणं उग्घोसेमाणा २ एवं वदह-हंदि सुणंतु भवंतो बहवे भवणवइवाणमंतरजोइसवेमा-णिय। देवा य देवीओ अ जे णं देवाणुप्पिआ। तित्थयरस्स तित्थयरमाऊए वा असुभे मणं पधारेइ तस्स णं अज्जगमंजरिआ इव सयधा मुद्धाणं फुट्ट-उत्तिकटु घोसणं घोसेह २ त्ता एअमात्तिअं पच्चप्पि-णहत्ति, तएणं ते आभिओगा देवा जाव एवं देवोत्ति आणाए पडिसुणंति २ त्ता सक्कस्स देविंदस्स देवरण्णो अंतिभाओ पडिणिक्खमंति २ खिप्पामेव भगवओ तित्थगरस्स जम्मणणगरंसि सिंघाडग जाव एवं वयासी-हंदि सुणंतु भवंतो बहवे भवणवइ जाव जे णं देवाणुप्पिआ। तित्थयरस्स जाव फुट्टि-हितित्तिकट्टु घोसणगं घोसंति २ बहवे भवणवइवाण-मंतरजोइसवेमाणिआ देवा भगवओ तित्थगरस्स जम्मणमहिमं करेंति २ त्ता जेणेव णंदीसरदीवे तेणेव उवागच्छंति २ त्ता अट्ठाहियाओ महामहिमो करेंति २ जामेव दिसिं पाउब्भूआ तामेव दिसिं पडिगया।

(सूत्रं १२३)

### સાતક્ષેત્રમાં ઉત્તમમોત્તમ ક્ષેત્ર ક્યું !

ઉપર આપેલા જીવાભિગમ અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના પાઠો વિચારીને પાપથી ડરવાવાળો અને સદગતિની અભિલાષા રાખવાવાળો કોઈપણ સજ્જન ભગવાન્ જીનેશ્વરમહારાજની પ્રતિમાની દર્શનીયતા અને આરાધ્યતા માનવા સાથે પૂજ્યતા માને એ સ્વાભાવિક છે વળી સંઘના નેતા બનનારને સ્થાને સ્થાને તેવી તેવી આલ્હાદ કરનારી દેવતાધિષ્ઠિત તીર્થરૂપ અને પ્રભાવશાળી એવી પ્રતિમાઓના દર્શન નવાં નવાં થાય અને તે દર્શન આદિનો લાભ જેમ અપૂર્વરીતે પોતાના આત્માને આનંદ કરનારો થાય તેવી રીતે અન્ય યાત્રિકગણને પણ તે દર્શન આદિનો લાભ અપૂર્વરીતે આનંદ દેનારો થાય તે હેતુથી પુણ્યાનુબંધીપુણ્યને મેળવવા સાથે આત્માને ભવથી પાર ઉતારવાની બુદ્ધિવાળો ભાગ્યશાળી પુરૂષ યાત્રિકગણનો નેતા બનવાને ભાગ્યશાળી થાય અને તેથી ગામે ગામ અને સ્થાને સ્થાને અનેક પ્રકારે સ્નાત્ર-પૂજા-મહોત્સવ-આદિ કરવા કરાવવા દ્વારાએ પોતાના દ્રવ્યની જીનમૂર્ત્તિનામના ક્ષેત્રના પોષણદ્વારાએ કૃતાર્થતા કરનારો થાય તે સ્વભાવિકજ છે. કારણ કે ધર્મ નિષ્ઠ મહાપુરૂષો પોતાને મળેલા ધનધાન્યાદિકદ્રવ્યોમાંથી તેટલાજ દ્રવ્યને સફળ ગણે છે કે જેટલું દ્રવ્ય શુભકાર્યમાં વાપરવા ધારીએ અને ઉપયોગમાં આવે અને શ્રાવકને જીનેશ્વરમહારાજની પૂજા જેવું કોઈપણ સત્ક્ષેત્ર લાભદાયી નીવડી શકતું નથી એ સ્વભાવસિદ્ધ છે.

### ધર્મની પરીક્ષા કરતાં પ્રાપ્તિ અને તે થકી પણ અમલ અતિમુશ્કેલ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્ત્તિની માન્યતા, દર્શનીયતા અને આરાધ્યતા એક સરખા રૂપે છતાં પણ યાત્રિકગણનાનેતાને વિવેકનો માર્ગ ખોળવાની ઘણીજ જરૂર રહે છે. જેવી રીતે જગત્માં ધર્મ પ્રાપ્ત થવો મુશ્કેલ છે છતાં તે ધર્મ પ્રાપ્ત થયા પછી પણ તેની પરીક્ષા કરવાની ઘણી જરૂર રહે છે અને ધર્મના નામે પ્રવર્ત્તેલા અનેકઅધર્મોને અનેક પ્રકારે પરીક્ષા કરીને દૂર કરે ત્યારે જીવ શુદ્ધધર્મ પામી શકે છે. અર્થાત્ એમ કહી એ તો ખોટું નથી કે ધર્મની પ્રાપ્તિ મુશ્કેલ છે એ વાક્યનો અર્થ ધર્મની પ્રાપ્તિ જેટલે અંશે મુશ્કલે છે તેના કરતાં પરીક્ષા વિધિથી શુદ્ધધર્મની ગવેષણા કરીને શુદ્ધધર્મ ગ્રહણ કરાય તે રૂપે ધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. નહિંતર તો અભવ્યજીવો પણ અનંતી વખત સામાન્યધર્મની પ્રાપ્તિ તો શું ? પણ ભગવાન્ જીનેશ્વરમહારાજના ધર્મની પ્રાપ્તિ પણ અનંત વખત મેળવી શકયા છે અને અનંતીવાર મેળવી શકે છે એટલે સામાન્ય ધર્મ પ્રાપ્ત થવો તે પણ મુશ્કેલ નથી, એટલુંજ નહિં, પરન્તુ ભગવાન્જીનેશ્વરમહારાજે સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે નિરૂપણ કરેલો પરમ પવિત્ર ધર્મ પ્રાપ્ત થવો તે પણ જેટલો મુશ્કેલ નથી તેના કરતાં ઘણીજ મુશ્કેલી ધર્મની પરીક્ષા કરી ધર્મના વાસ્તવિકસ્વરૂપની અપેક્ષાએ ધર્મનો અંગીકાર થાય તેમાં છે.

### પ્રભુમૂર્તિની આરાધ્યતા પણ મુશ્કેલ છે.

જગત્ તરફ દૃષ્ટિ કરીશું તો સ્પષ્ટપણે માલમ પડશે કે વિજાતીયથી ભિન્નતા ઓળખીને પદાર્થ ગ્રહણ કરવામાં જેટલી મુશ્કેલી પડતી નથી તેના કરતાં સજાતીય જેવા લાગતા પદાર્થનો ભેદ સમજીને શુદ્ધપદાર્થને અંગીકાર કરવો તે ઘણું મુશ્કેલ પડે છે. લોઢા પિત્તળ અને તાંબાથી રૂપાની ભિન્નતા જાણવી જેટલી મુશ્કલે નથી. તેના કરતાં કલાઈ-જસત-નિકલ-જેવી સફેદ ગણાતી ધાતુઓથી રૂપાની ભિન્નતા જાણવી ઘણીજ મુશ્કેલ પડે છે. તેવી-રીતે ભગવાન્ જીનેશ્વર મહારાજની દેવ તરીકે આરાધ્યતા અને ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિની દેવ તરીકે જે આરાધ્યતા કરવાની તે પ્રાપ્ત થવી જેટલી મુશ્કેલ નથી તેના કરતાં યથાસ્થિત

માર્ગને અનુસરતી એવી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિની આરાધ્યતા પ્રાપ્ત થવી એ સામાન્યરીતે મુશ્કેલ છે, તો પછી દુષમાકાલ કે જેની અંદર ભગવાન્ જીનેશ્વર મહારાજના માર્ગમાં પણ મતમતાંતરનો રાફડો ફાટેલો છે, તેવી વખતે ભગવાન્જીવનેશ્વરમહારાજ અને તેમની મૂર્તિના સત્યસ્વરૂપને જાણવાની અને આદરવાની સ્થિતિ પ્રાપ્ત થવી મુશ્કેલ હોય તેમાં આશ્ચર્ય નથી. જો કે કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ની મૂર્તિની બાબતમાં વિધિ અવિધિ આદિને નહિં દેખતાં કેવળ ભગવાન્ જીનેશ્વર મહારાજના વીતરાગત્વાદિસ્વરૂપોનું ભાન કરાવનારા પર્યંકાસનાદિનું સત્ત્વ માત્ર દેખીને આરાધના પૂજા સેવામાં તત્પર રહેવું જોઈએ.

## ઢુંઢકો અર્થનો અનર્થ કેવી રીતે કરે છે !

ઓઘદૃષ્ટિના વિચારવાળાઓને આ વસ્તુ ઘણી સારી લાગશે અને સુગમતા ભરેલી પણ જણાશે, પરંતુ શાસ્ત્રના માર્ગ તરફ દૃષ્ટિ કરનાર મનુષ્યોને આ ઓઘદૃષ્ટિવાળાને રૂચતી વસ્તુ રૂચિ કરનાર થઈ શકશે નહિં, કારણ કે માર્ગને માનવાવાળા મનુષ્યોને ભગવાન્ જીનેશ્વર મહારાજના વચનો ઉપર વિશેષ ધ્યાન આપવાનું હોય છે અને ભગવાન્ જીનેશ્વર મહરાજનાં વચનો માત્ર જીનપ્રતિમા હોવા માત્રથી આરાધના કરવા લાયકપણું જણાવતાં નથી, પરન્તું अन्नउत्थियपरिग्गहियाइं अरिहंतचेइयाइं એ વિગેરે વાક્યોથી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિમાં માત્ર જીનેશ્વરમહારાજાનો આકારહોય એટલા માત્રથી આરધ્યતા હોવાનું જણાવતાં નથી, જો કે શાસ્ત્રથી વિરૂદ્ધ બોલવા અને ચાલવાનો પરંપરાથી ધંધો લઈ બેઠેલા એવા ઢુંઢીયાઓ ચૈત્ય શબ્દથી સાધુ લઈને ભગવાન્ જીનેશ્વર મહારાજનાં ચૈત્યો અને પ્રતિમાઓ ઉઠાવવા માગે છે અને ચૈત્યશબ્દથી સાધુ લેવા માગે છે. પણ તેઓ શું મિથ્યાત્વીઓને માનીતા થાય એટલા માત્રથી પોતાના સાધુઓને છોડવા માગે છે. યાદ રાખવું કે મૂર્ત્તિ ચેતના રહિત છે અને તેથીજ તે મૂર્તિ ઉપર તેને ગ્રહણ કરનારના ભાવનો બધો પ્રભાવ પડે છે, પરન્તુ સાધુમહારાજ અચેતન નથી. કિન્તુ જગત્ના ઉંચામાં ઉંચુ જ્ઞાન ધરાવનારા અને મહાપુરૂષની પદવીમાં ચઢેલા છે, તેથી તેઓ કોઈથી પરિગૃહીત હોય નહિ અને જ્યારે પરિગૃહીત ન હોય ત્યાર તેમની ઉપર ભક્તના વર્તનથી છાયા પડે નહિ. અને તેથી સાધુ અન્યથી ગૃહીત થતાં અવંદ્ય ન થાય આ બધી વસ્તુ વિચારનાર મનુષ્ય સ્હેજ પણ અક્કલવાલો હશે તો ઉપરજણાવેલા ઉપાસકદશાંગના પાઠમાં ચૈત્યશબ્દનો અર્થ સાધુ કરવાને માટે સ્વપ્ને પણ તૈયાર થશે નહિ.

## ચૈત્યશબ્દની વિશેષ સમજણ

ધ્યાન રાખવું કે સાધુઓ અન્ય મતને ગ્રહણ કરનારા હોય, પરન્તુ અન્ય મત કંઈ સાધુને ગ્રહણ કરનારો હોતો નથી, તેથી સાધુઓ મહામિથ્યાત્વના ઉદયે અન્ય મતને ગ્રહણ કરનારા થાય, પરન્તુ અન્યમતથી સાધુઓ કોઈપણ પ્રકારે ગ્રહણ થઈ શકતા નથી, અને અન્યમતથી જો બલાત્કારાદિથી તે સાધુઓ ગ્રહણ થઈ જાય તો પણ તે અમાન્ય થતા નથી, વળી જો સાધુઓ પોતાના પરિણામથી અન્યમતમાં જાય તો પછી તે જૈનસાધુ તરીકે રહેતાજ નથી અને તેથી તેમને વંદના કરવી કે ન કરવી તેનો વિચારજ કરવાનો રહેતો નથી, એટલે સ્પષ્ટપણે માલમ પડશે કે ચૈત્યશબ્દથી એવીજ કોઈ વસ્તુ લેવી જોઈએ કે જેની ઉપર તેને ગ્રહણ કરનારાનોજ પ્રભાવ પડતો હોય. પરન્તુ તેનો પોતાનો સ્વતંત્ર પ્રભાવ તેને ગ્રહણ કરનારા ઉપર ન પડતો હોય લગીર પણ સમજણને ધરાવનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે આ વાક્યમાં ચૈત્યશબ્દનો અર્થ મૂર્તિ કર્યા સિવાય છુટકોજ નથી અને તેથી સિદ્ધ થયું

કે ભગવાન્ જીનેન્દ્ર મહારાજની મૂર્ત્તિ હોય એટલા માત્રથી આરાધવાલાયકપણું નથી. પરન્તુ તે મૂર્ત્તિને ગ્રહણ કરનારાઓની સ્થિતિનો વિચાર પણ મૂર્ત્તિની આરાધનાના હેતુ તરીકે કરવો જરૂરી રહે છે. અન્યમતવાળાઓ પોતાના દેવનું સ્વરૂપ જુદું માનતા હોવાને લીધે ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિને પણ તેઓ પોતાના દેવ તરીકે જ્યારે માને ત્યારે તે મૂર્ત્તિના મૂલસ્વરૂપનો પોતાની ધારણા પ્રમાણે ફેરફાર કરે, છેવટે આરધનાના સાધનોનો તો વિપર્યાસ કર્યા વિનાજ રહેજ નહિ અને ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિનો મૂળસ્વરૂપથી વિપર્યાસ થાય અગર સાધન સામ્રગીમાં તેવીરીતનો વિપર્યાસ થાય તે વખતે તે મૂર્ત્તિ મૂલ ઉત્પત્તિની અપેક્ષાએ તત્કાળ અને પર્યંત થયેલી આરાધનાની સામગ્રીની અપેક્ષાએ વિપરીતતાને ધારણ કરે અને તેથી આદર્શપુરૂષ તરીકે ભગવાન્ જીનેશ્વર મહારાજની આરાધના કરનારાઓના પરિણામની શ્રેણી વધે નહિં અગર ટકે પણ નહિં, એટલુંજ નહિં, પરન્તું વિપર્યાસપરિણામને પામે તેથી મૂળ અગર સાધનસામગ્રીની અપેક્ષાએ વિપર્યાસને પામેલી ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્ત્તિ દર્શનીય વંદનીય કે આરાધ્ય ન રહે તે સ્વાભાવિકજ છે, અને તેથી ભગવાન્અભયદેવસૂરિમહારાજ વિગેરેએ શૈવવિષ્ણુ કે દિગંબરઆદિએ ગ્રહણ કરાયેલી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિને માનવાનું સમ્યગ્દૃષ્ટિઓને માટે નિષિધ્યતરીકે જણાવેલું છે. જો કે તેજ શ્રીઅભયદેવસૂરિજીમહારાજ આગમઅષ્ટોત્તરીમાં જીનેશ્વર ભગવાન્‌ની પ્રતિમાને અંગે વિધિ અને અવિધિની ઉપેક્ષા કરી જ્યાં જ્યાં જીનબિંબ હોય ત્યાં ત્યાં વંદનીયતા છે એમ જણાવે છે, પરન્તુ તે વંદનીયતા માત્ર કેટલીક જુદી જુદી પરંપરાને લીધે ચાલતી પૂજાની વિધિ અને અવિધિઓ સંબધીરીતિની અપેક્ષાએ હોય એમ સમજી શકાય એમ છે અર્થાત્ ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્ત્તિમાં સ્વરૂપનો વિષર્યાસ કરનાર. એવો આકાર કે સાધનસામગ્રીનું દુર્લક્ષ્ય કરવા માટે ભગવાન્ અભયદેવસૂરિજી સૂચવે છે એમ સ્વપ્ને પણ સમજવું નહિં. આ ઉપરથી એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે જે ગચ્છો સૂત્રથી વિરૂદ્ધ પ્રરૂપણાવાળા કે પ્રવૃત્તિવાળા ન હોય તેવા ગચ્છોની નિશ્રાએ રહેલા ચૈત્યોની અંદર રહેલી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિઓ અવંદનીય છે એમ માનવુંજ નહિ. કારણ કે શાસ્ત્રકારે निःस्ससकडमनिस्सकडे ઈત્યાદિક વચનોથી કોઈપણ ગચ્છથી પ્રતિબદ્ધ એવાં ચૈત્યોને પણ વંદના કરવી એ સમગ્રસાધુઓને યોગ્ય છે એમ જણાવે છે. આ વાતને બારીક દૃષ્ટિથી જોવાની અને તપાસવાની જરૂર છે. કારણ કે શાસ્ત્રોમાં માત્ર સમાચારીભેદને અંગે ગચ્છનો ભેદ ગણવામાં આવે છે, પરન્તુ એક પણવચન સૂત્ર કે આચરણાથી વિરૂદ્ધ બોલનાર કે તેવી રીતે વર્ત્તનારને ગચ્છ તરીકે તો નહિં ગણતા પરંતુ નિન્હવ અને કુશીલીયા તરીકે જ ગણવા એવું શ્રી આવશ્યકવૃત્તિમાં શ્રીમલયગિરિજી અને શ્રીસૂત્રકૃતાંગનીનિર્યુક્તિ અને શીલાંકાચાર્યજી મહારાજ જણાવે છે. એટલે સૂત્રથી વિરૂદ્ધપ્રરૂપણા કરનારા અને આચરણા ઉઠાનારા મનુષ્યોને ગચ્છ કે સુવિહિત મુનિ તરીકે માનવાની શાસ્ત્રકારો સ્પષ્ટ નાજ પાડે છે એ અપેક્ષાએ જેમ શૈવ અને દિગંબરાદિઓએ ગ્રહણ કરેલાં જિનચૈત્યો અને પ્રતિમાઓ શાસનની શુદ્ધશ્રદ્ધાવાળાને માન્ય રહે નહિ. તેવી રીતે સૂત્રવિરૂદ્ધ બોલનારા અને વર્ત્તનારા એવા જે જે ગચ્છો વર્ત્તમાનમાં પણ હોય તેઓની કરાયેલી કે ભરાવેલી પ્રતિમા વંદનાલાયક બની શકેજ નહિ, પરન્તુ દુઃષમાકાલની દુષ્ટતાને પ્રભાવે સાચમાર્ગનો ખપ કરનારા ઘણાજ અલ્પ હોય અને તેવી વખતે કુવૃષ્ટિન્યાયથી સન્માર્ગગામીઓને પણ ઈતર રીતિથી વર્ત્તવું પડે એ અંસભવિત નથી અને તેથીજ પૂર્વાચાર્યોને કુવૃષ્ટિથી મત્ત બનેલાઓને

અનુસરવા માટે સૂત્રવિરૂદ્ધ વર્ત્તનારા એવા પણ ઈતરગચ્છોની પ્રતિષ્ઠિતમૂર્ત્તિઓને અમાન્ય કરવુંન પાલવ્યું, એટલુંજ નહિ, પરન્તુ કુવૃષ્ટિથી મત્ત બનેલાઓની માફક મિથ્યાત્વથી મત્ત બનેલાઓને સંતોષવા ખાતર સન્માર્ગની તીવ્રઈચ્છાવાળાઓને પણ દબાવી દેવા પડયા. આ બધી હકીકત ધ્યાનમાં લેનારો મનુષ્ય ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાના વીતરાગત્વાદિગુણોને અવિપર્યાસપણે ધ્યાનમાં રાખી ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિનું મોક્ષના ધ્યેયથી આરાધના કરશે અને તેમાંજ પોતાના કલ્યાણની શ્રેણી છે એમ સમજશે.

## તીર્થના ચૈત્યમાં વિશેષ પ્રભાવનું કારણ ? તીર્થ સેવાએ સમકીતનું ભૂષણ છે.

એ વાત તો નિર્વિવાદ છે કે ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્તિની આરાધના તેઓના વીતરાગત્વાદિ ગુણોના સ્મરણથી આત્માની શુદ્ધિને માટે તથા સમ્યગ્દર્શનની નિર્મલતાદ્વારાએ કર્મની નિર્જરા માટે હોય છે, અને તે સ્મરણ જ્યાં સુધી ભગવાન્ જિનેશ્વર મહારાજના મુખ્યાકારમાં વિપર્યાસ થતો નથી, અગર શ્રાવકધર્મને પણ અનુચરિત એવા બાહ્યસાધનનો વિપર્યાસ થતો નથી ત્યાં સુધી વીતરાગત્વાદિના સ્મરણાદિનું ધ્યેય બરોબર સાચવી શકાય, પરંતુ જેવી રીતે ભગવાન્જિનેશ્વર મહારાજની મૂર્તિના આકારાદિદ્વારાએ તેમના ગુણોનું સ્મરણ કરીને સમ્યગ્દર્શનની શુદ્ધિ કરાય છે. અને તે અપેક્ષાએ મૂલસ્વરૂપ અને શ્રાવકધર્મથી અવિરૂદ્ધ એવી સાધનસામગ્રી ભાવનાને અબાધક થાય છે અને વૃદ્ધિ કરનારી થાય છે, પરંતુ શાસ્ત્રકારો જેમ દેવતાએ બનાવેલી અગર દેવતાથી અધિષ્ઠિત થયેલી ભગવાન્ની મૂર્તિને આરાધનામાં વધારે ઉપયોગી જણાવે છે, વળી વિધિપૂર્વક જે ચૈત્યોમાં પૂજા વિગેરે થતાં હોય અને સ્તુતિસ્તોત્ર વિગેર ભણાતાં હોય, તે ચૈત્યો અને મૂર્તિઓને વિશેષપણે સમ્યગ્દર્શનઆદિનું કારણ માને છે. તે અપેક્ષાએ વીતરાગત્વાદિ ગુણો સરખા છતાં પણ વિધિવાળા અને સાતિશય એવાં ચૈત્યો ભવ્યજીવોને અત્યંત લાભદાયક નિવડે એમાં બે મત નથી. અને આજ કારણથી આત્માની શુદ્ધિ માટે કરવાનાં પ્રાયશ્ચિતો જો તેવા જ્ઞાની આદિક ન મળે તો તેવા અધિષ્ઠાયકવાળાં ચૈત્યોદ્વારાએ કરવાનું શાસ્ત્રકારો જણાવે છે. આ વસ્તુનો વિચાર કરવામાં આવે તો તીર્થસ્થાનોમાં રહેલી મૂર્તિઓની અધિક આરાધ્યતા અને અધિક પૂજ્યતા શાસ્ત્રકારોએ કેમ માની છે અને લોકોમાં કેમ પ્રચલિત થઈ છે તેનો ખુલાસો સમજાઈ જશે, અને જ્યારે તીર્થસ્થાનોની અને તેમાં રહેલી ભગવાન્ જિનેશ્વરની મૂર્તિઓની અધિકતા ભવ્યજીવોના સમજવામાં આવશે, ત્યારેજ શાસ્ત્રકારોએ જણાવેલા તીર્થોના મહીમાં અને તીર્થસ્થાને કરાતા પ્રતિષ્ઠા આદિ મહોત્સવો તથા પૂજાસ્નાત્રનાં મહાફલો બરોબર ધ્યાનમાં ઉતરશે, એ વાત તો સ્હેજે સમજાય તેવી છે કે પોતાના આત્માના ઉદ્ધારના માટે કરાતી પૂજામાં સામાન્યરીતે ગૃહચૈત્યમાં ગ્રામચૈત્યમાં કે તીર્થચૈત્યમાં તેવો વિશેષ ફરક કદાચિત્ ન પણ પડતો હોય, જો કે સર્વને અનુભવ સિદ્ધ છે કે ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યમાં તેવો વિશેષ ફરક કદાચિત્ ન પણ પડતો હોય, જો કે સર્વને અનુભવ સિદ્ધ છે કે ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યમાં અને ગ્રામચૈત્ય કરતાં તીર્થચૈત્યમાં પૂજાપ્રભાવનાદિકમાં વીર્યોલ્લાસની અત્યંત અધિકતા હોય છે, છતાં પૂજા કરનારના પરિણામની વિચિત્રતાને અંગે અને આત્મપરિણામની અગમ્યતાને લીધે કદાચિત્ વિપર્યાસ પણ થાય, છતાં વ્યવહારથી એમ કહી શકાય કે આત્માના શુભ પરિણામની વૃદ્ધિ મુખ્યતાએ ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યમાં અને ગ્રામચૈત્ય કરતાં તીર્થચૈત્યમાં અધિક થાય છે અને એજ કારણથી સમ્યક્ત્વસપ્તતિ વિગેરે ગ્રન્થોને કરનાર મહાપુરૂષોએ સમ્યક્ત્વના ભૂષણમાં તીર્થસેવા નામનું ભૂષણ સમ્યકત્વને માટે જણાવ્યું

છે, એટલુંજ નહિ, પરંતુ બારીકદષ્ટિથી વિચાર કરીએ તો સ્થૈર્યાદિ પાંચ ભૂષણોમાં તે તીર્થસેવારૂપી ભૂષણને શિખર માફક ઉપર ગણાવેલું છે, આટલું બધું છતાં પણ પૂજા કરનારાના આત્માની અપેક્ષાએ ગૃહચૈત્ય ગ્રામચૈત્ય અને તીર્થચૈત્યોથી થતી વિશેષતા તરફ ઉદાસીન ભાવ ધારણ કરીએ તો પણ ચતુર્વિધસંઘની સકલવ્યક્તિઓ જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ છે તેઓના શુભપરિણામની વૃદ્ધિની અપેક્ષાએ તો તીર્થસ્થાનમાં થતી પૂજા પ્રભાવના અને થતાં શાસનોન્નતિનાં અનેકકાર્યો સમગ્રદેશના સમગ્રસંઘને આત્માના શુભપરિણામની સ્થિતિ અને વૃદ્ધિ કરવા દ્વારાએ મોક્ષમાર્ગમાં અત્યંત ઉપકાર કરનાર થાયછે એમાં બે મત થઈ શકે તેમ નથી ગૃહચૈત્યોમાં કરાતા પૂજા ભક્તિ આદિ કાર્યોથી મુખ્યતા એ પોતાના કુંટુબનેજ શુભપરિણામની સ્થિતિ અને વૃદ્ધિ આદિ થવાનું બને અને ગ્રામચૈત્યમાં થતાં પૂજા, સ્નાત્ર, અભિષેક અને પ્રભાવના આદિ કાર્યોથી મુખ્યતાએ તે તે ગામ, નગર અને શહેરનો રહેવાસી હોયતેવા મુમુક્ષુજીવોને શુભભાવનાની સ્થિતિ અને વૃદ્ધિદ્વારાએ અત્યંત ઉપકાર થાય છે પરંતુ તીર્થસ્થાનના ચૈત્યોમાં કરાતાં પૂજા સ્નાત્ર અને પ્રભાવના આદિ કાર્યોથી તે તે તીર્થસ્થાનમાં આવેલા લોકોને તે તે કાર્યો સાક્ષાત દેખવાથી આત્માના શુભપરિણામની સ્થિતિ અને વૃદ્ધિ થાય છે, અને સાથે સાથે જે જે સ્થાનથી જે જે દેશથી જે જે શહેર અને ગામથી આવેલા તે તે મુમુક્ષુજીવો હોય ત્યાં તેઓની પ્રશંસા, સ્તુતિ અને અનુમોદનાના વાક્યોનો પ્રભાવ જે જે તીર્થક્ષેત્રમાં અન્યક્ષેત્રમાં અને પોતાની જન્મભૂમિના ક્ષેત્રમાં સતત વહેતો રહે તેથી તે દ્વારાએ તે તીર્થક્ષેત્ર અને અન્યક્ષેત્ર અને જન્મભૂમિમાં રહેનારા ભવ્યજીવોને તે તે તીર્થક્ષેત્રમાં કરાતાં પૂજાસ્નાત્ર અને પ્રભાવનાઆદિ કાર્યો અત્યંત લાભ દેનારાં થાય તેમાં આશ્ચર્યજ નથી, આજ કારણથી શ્રાદ્ધદિનકૃત્યસૂત્રને કરનાર પૂર્વાચાર્ય મહારાજ ઉદ્ધાર વિગેરે કાર્યોથી પોતાના પૂર્વજો પોતાના સંતાનો અને તે સિવાયના પણ ભવ્યજીવોને અપૂર્વલાભ કરનારાં જણાવે છે, જેવી રીતે તીર્થસ્થાનમાં કરાતા પૂજા સ્નાત્ર અને પ્રભાવના આદિ કાર્યો તે કરનારના આત્માને તથા બીજા આત્માઓનો ઉદ્ધાર કરનારા થાય છે, તેવીજ રીતે તે કાર્યો જો શાસ્ત્રની મર્યાદાથી વિરૂદ્ધપણે હોય અને સ્વચ્છંદપણે માત્ર પોતાની બુદ્ધિથી કલ્પેલા હોય તો તેવા કાર્યદ્વારાએ અવિધિ અને સ્વછંદતાનો એમ પણ સમગ્ર દેશવ્યાપક બની જાય છે, અને તે પણ અસંભવિત નથી. આ વાતને જ્યારે ધ્યાનમાં રાખવમાં આવશે ત્યારે કોઈપણ પ્રકારે સૂત્રથી વિરૂદ્ધ તો શું ? પરંતુ માત્ર સમાચારીના ભેદથી જુદા પડેલા ગચ્છો અગરસાધુઓની નિશ્રાવાળા ચૈત્યોકે જેને શાસ્ત્રકારો "નિશ્રાકૃતચૈત્યો કહે છે" તેવા નિશ્રાકૃત ચૈત્યોમાં પણ શાસ્ત્રકારો વિશેષથી સાધુઓને રહેવાની મનાઈ કરે છે, અને તેવા ચૈત્યોમાં રહેવાથી સાધુસમુદાયમાં અસ્તવ્યસ્ત સ્થિતિ થવાનું જણાવે છે, અર્થાત્ નિશ્રાકૃતચૈત્યોમા આવેલા અગર (વ્યાખ્યાન આદિ માટે) રહેલા મહાત્માઓની સ્થિતિને લીધે જ્યારે અન્યસાધુઓને પણ અહિત થવાનું જણાવવામાં આવે છે, તો પછી જે ચૈત્યો અને મૂર્તિઓ સૂત્રથી વિરૂદ્ધ બોલનારની અને સૂત્રથી વિરૂદ્ધ વર્તનાર લોકોની પ્રાધાન્યતાવાળા હોય, એટલુંજ નહિ પરંતુ સૂત્રથી વિરૂદ્ધ બોલીને અને સૂત્રથી વિરૂદ્ધ વર્તીને ચલાવેલા અવ્યક્ત મતો કે જેને અજાણ લોકો ગચ્છાંતરના નામે ભલે બોલતા હોય પરંતુ શાસ્ત્રકારો તેઓને અવ્યકતજ કહે છે. તેવાઓ પોતાની પ્રતિષ્ઠામાટે તેમજ પોતાના સૂત્રવિરૂદ્ધ એવા અવ્યકતમતના પોષણ માટે જે ચૈત્યો અને મૂર્ત્તિનું ઉત્થાન કરવામાં આવ્યું હોય અને પ્રભાવ પોકારવામાં આવતો હોય તેવા ચૈત્યો અને તેવી મૂર્તિઓ કુટુંબ ગ્રામવાસી અને દેશવાસીઓને સન્માર્ગથી ચ્યુત કરીને ઉન્માર્ગે પ્રવર્તાવનારાં અને

લાવનારાં થાય તેમાં કોઈપણ આશ્ચર્ય નથી. વાચક મહાશયે ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન હરિભદ્રસૂરિજી અને આચાર્યમહારાજશ્રી મલયગિરિજી સૂત્રથી એક પણ જાતની વિરૂદ્ધ માન્યતાને ધરાવનાર અગર પ્રરૂપનારને શાસનમાં રહેલાગણતા નથી; એટલુંજ નહિ, પરંતુ તેઓને અન્યમતમાં રહેલા પણ નથી ગણતા, કિંતુ ત્રિશંકુની માફક ગણીને તેઓને અવ્યક્ત તરીકેજ ગણે છે.

### ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યમાં અને ગ્રામચૈત્યમાં કરતાં તીર્થ ચૈત્યમાં મહત્તા કેમ ?

ગૃહચૈત્યમાં થતા દેવવંદન, સ્તુતિ, પૂજા વિગેરે જે ધાર્મિક ક્રિયાઓ થાય છે. તેનો લાભ જો મળતો હોય તો ફક્ત એકજ કુટુંબના મનુષ્યોને મળી શકે છે. જો કે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ દરેક જૈન ગૃહસ્થને સો સોનૈયા જેટલી મુંડી થતાં ઘરદેરાસર રાખવાની સૂચના સંબોધ પ્રકરણમાં કરે છે અને તે પોતાના કુટુમ્બમાં જૈનત્વપણું વસાવવાની અને ટકાવવાની લાગણીવાળાને માટે જરૂરી છે એમ દરેક જૈનને લાગે એમાં આશ્ચર્ય નથી?

### ગૃહચૈત્યના અભાવે થતી સ્થિતિ

વર્તમાનકાલમાં તો અનુભવસિદ્ધ એ હકીકત છે કે મુંબઈ અને કલકત્તા જેવા શહેરોમાં જેઓ હવા વિગેરે અને રહેઠાણ વિગેરેની સગવડ માટે ગ્રામના ચૈત્યથી દૂર દૂરના લત્તાઓમાં રહેવાનું કરે છે, યાવત્ પરાઓમાં અને નજીકના ગામોમાં રહે છે, તે સર્વને ગ્રામ અને શહેરના ચૈત્યૌમાં વાહનઆદિક વ્યવહારની પ્રતિકૂળતાને અંગે રોજ તો શું? પણ પર્વદિવસે પણ જવાની મુશ્કેલી પડે છે, અને પોતાના નિવાસસ્થાનમાં ગૃહ-ચૈત્યોની હયાતિ ઘણા ઓછાજ મહાનુભાવો કરે છે. પરિણામે તે દૂર અને બહાર રહેવાવાળા કુટુમ્બોમાં જૈનધર્મની છાયા રહેવાનો અવકાશ પણ મુશ્કેલી ભર્યો બની જાય છે. આ સ્થિતિ જો ભગવાનહરિભદ્રસુરિજીના વચનને માન આપીને દરેક સો સોનૈયા જેટલી મુંડીવાળો મનુષ્ય પોતાના નિવાસસ્થાનમાં ગૃહચૈત્ય રાખતો હોય તો સ્હેજે ન આવે એમ કહી શકાય.

આ વસ્તુને જ્યારે ધ્યાનમાં લઈશું ત્યારે સુરત ખંભાત અને પાટણ સરખા સ્થાનોમાં પ્રથમ ગૃહચૈત્યોની સંખ્યા વધુ પ્રમાણમાં કેમ હતી? તેનો આપોઆપ ખુલાસો થઈ જશે અને વર્તમાનમાં ગૃહચૈત્યોની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે તેના પરિણામે જૈન કુટુમ્બના સંસ્કારોમાં દિનપ્રતિદિન કેટલી હીનતા થતી જાય છે તે પણ અનુભવની બહાર નથી. આ વાત તો દૂર નિવાસ કરવાવાળાઓને અંગે જણાવી.

### ધર્મીજનોની ભાવના કેવી ?

પરંતુ શેરીમાં નિવાસ કરતા હોય અને ગ્રામચૈત્યથી નજીકમાં પોતાનો નિવાસ હોય છતાં પણ ધર્મની મહત્તા કુટુમ્બના જે મનુષ્યો સમજ્યાં હોય, ધર્મની પરીક્ષા કરીને ધર્મમાં આત્મતારકપણું રહેલું છે તેવું જેના જાણવામાં આવેલું હોય, સંવર અને નિર્જરાના મૂળથી આચરનાર અને ઉપદેશ કરનાર જો કોઈપણ જગતમાં મહાપુરૂષ થયો હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનજ છે, એવું જેના હૃદયમાં ઉતર્યું હોય. ત્રણ લોકની અંદર આત્માના આદર્શભૂત કોઈપણ મહાજ્ઞાનીપુરૂષ હોય, તો તે માત્ર ત્રિલોકનાથતીર્થંકરભગવાન જ છે એવી આત્માની ઉન્નતિની કૂંચીરૂપે રહેલી વસ્તુ જેના હૃદયમાં વસી હોય, રાત-દિવસના ચોવીસે કલાકમાં આર્ત્તધ્યાન અને વિષયકષાયની કલુષિત પરિણતિથી થતી અવ્યવસ્થા ટાળવા માટે જેના હૃદયમાં અચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ હોય, તેવા કુટુમ્બીજનો તો ગ્રામચૈત્યમાં જઈને પણ ભગવાન જીનેશ્વર મહારાજના દર્શન પૂજન આદિકથી લાભ

લેવામાં ચુકે જ નહિ, પરંતુ જેઓ હજુ ધર્મની અપેક્ષાએ બાલ્યકાળમાં હોય અથવા તો દુનિયાદારીની અપેક્ષાએ જેઓ તેટલી સમજણ ન ધરાવતા હોય તેવા કુટુમ્બીજનોને પ્રભાતકાળના મનોહર સમયથી સંધ્યાકાળ સુધીના સમય સુધી શ્રી જીનેશ્વર ભગવાનના ઉત્તમ સંસ્કારો નાંખવાનું જો કોઈપણ પ્રબલસાધન હોય તો તે માત્ર ગૃહચૈત્યજ છે, એ અપેક્ષાએ વિચાર કરનારને ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીના વચનનું રહસ્ય સમજાયા સિવાય રહેશે નહિ.

## ગ્રામચૈત્યની મહત્તા અધિક કેમ?

આવી રીતે ગૃહચૈત્યની મહત્તા છતાં પણ ગ્રામચૈત્યની મહત્તા તરફ ધર્મિષ્ઠનું ધ્યાન ખેંચાયા વિના રહે નહિ. કારણ કે ગૃહચૈત્યના અંગે જો કોઈપણ સમાગમમાં આવી શકે તો તે માત્ર પોતાનો કુટુમ્બી વર્ગજ આવી શકે અને તેમાંય દરેક કુટુંબમાં ઉત્તમ અને ધર્મપરાયણ મનુષ્ય હોય તેવો પ્રથમ તો નિયમ રહેતો નથી અને જો કોઈ કુટુમ્બમાં તેવો ધર્મપરાયણ મનુષ્ય હોય છે તો પણ તેના ધર્મકૃત્યોની છાયા ઈતર સંસારી કુટુમ્બીઓના અનેક સંબંધોની સ્નેહાદિમય છાયાને લીધે પડી શકતી નથી, પરંતુ ગ્રામચૈત્યોમાં જો દર્શન પૂજનાદિ કરવા માટે જવામાં આવે તો જે જે મહાનુભાવો ધર્મપરાયણ હોઈને પોતાની જીંદગી ધર્મમય જીવનથી ગુજારતા હોય તેવા ઘણા મહાનુભાવોના દર્શન અને સમાગમથી આત્માની ઘણી ઉન્નતિ થવાનો પ્રસંગ આવે છે ઉપમિતિભવ પ્રપંચમાં પણ સ્પષ્ટપણે જે પ્રેરણા જણાવવામાં આવી છે તે પણ ગ્રામચૈત્યના દર્શનાદિકને પ્રસંગેજ જણાવવામાં આવી છે. સામાન્ય રીતે દરેક ક્ષાયોપશમિક ભાવવાળો આત્મા પ્રમાદની તીખીતરવાર નીચેથી જ પ્રસાર થાય છે અને તેવા આત્માઓને જો સજ્જન સમાગમ મળે અને સજ્જનનો ઉપદેશ ઢાળ તરીકે બચાવનાર ન મળે તોજ તે આત્માઓ પ્રમાદની તીખી તરવારના ભોગ સ્હેજે થઈ પડે છે! યાદ રાખવાનું કે પ્રમાદ રાખવા માટે ભગવાન મહાવીરે શ્રી ગૌતમસ્વામીજીને समयं गोयम ! मा पमायए એમ ઉપદેશ કરેલો છે.

## સત્‌સમાગમના અભાવે શું થાય ?

મૂળ સૂત્રકાર મહારાજા પણ આ વાતને નન્દમણીઆરના કથનમાં સ્પષ્ટપણે જણાવે છે. નન્દમણીઆરના કથનને જો ઉંડી દ્રષ્ટિએ જોવામાં આવે તો માલમ પડે કે જે મહાનુભાવો એક વખત ઉન્હાળા જેવા શેષઋતુના કાળમાં પણ લાગલાગટ ત્રણ દિવસ સુધી પૌષધ કરનારો છે. જ્યેષ્ઠમાસ જેવા ઉત્કૃષ્ટ-તૃષ્ણા કરવાવાળા મહિનામાં અઠ્ઠમ જેવી તપસ્યા કરનારો છે અને તે તપસ્યા પણ કેવલ અશનાદિકના ત્યાગની નહિ, પરંતુ ત્રણ દિવસ પાણીનો પણ જેમાં સર્વથા ત્યાગ કરવામાં આવ્યો છે એવા ચઉવિહાર અઠ્ઠમતપની તપસ્યા ત્રણે દિવસના પૌષધની સાથે કરે છે, તેવા મહાનુભાવને તેવીજ ક્રિયા ચાલુ છતાં પણ સાધુમહાત્માના દર્શન અને સાધર્મિકના સમાગમનો અભાવ થતાં જૈનધર્મથી વિપરીત માન્યતાનો વખત આવે છે, અને તે વિપરીત માન્યતાના જોરે તેવા નંદમણીઆર સરખા પૂર્વકાળના સમ્યક્ત્વ અને દ્વાદશવ્રતધારી મહાપુરુષને આર્ત્તરૌદ્ર ધ્યાન થવાનો પ્રસંગ આત્મા ઉપર શિરજોરી કરી દે છે અને તેજ આર્ત્તરૌદ્ર ધ્યાનની શિરજોરીથી તે નંદમણીઆર ધર્મકૃત્યોની ઉદાસીનતા સેવી વાવડી, બગીચા અને ઐહિક સુખાકારીના સાધનો ઉભા કરનાર અને લોકોને તે દ્વારાએજ મોજમજામાં જોડી આનંદ માનનાર થાય છે અને પરિણામે તેજ બાહ્ય સુખોની લ્હેરમાં લીન થયેલો નંદમણિઆર પોતાનાજ જળાશયમાં પોતે દેડકારૂપે ઉપજે છે. જે સમ્યક્ત્વને ધારણ કરનારો મનુષ્ય જો આયુષ્ય બાંધતી વખતે અને કાળ કરતી

વખતે સમ્યક્ત્વને ધારણ કરનારો હોય તો જરૂર વૈમાનિક સિવાય બીજું આયુષ્ય બાંધેજ નહિ. વળી જે વિરતિને ધારણ કરનારો મનુષ્ય અચ્યુતદેવલોકોની સ્થિતિને ઉપાર્જન કરનારો થઈ શકે, એ સમ્યક્ત્વ અને તે વિરતિને ધારણ કરનાર થયેલો નંદમણિઆર આવી દેડકા જેવી અધમતિર્યંચની સ્થિતિમાં જાય એનું જો કાંઈપણ મુખ્ય કારણ હોય તો તે માત્ર સાધર્મિકસંસર્ગ અને સાધુની પર્યુપાસનાનોજ અભાવજ છે. આવી રીતે સાધર્મિક સંસર્ગ અને સાધુની પર્યુપાસનાના અભાવથી થતા નુકશાનને સમજનારો સુજ્ઞમનુષ્ય કોઈ દિવસ પણ ગૃહચૈત્યના કરતાં ગ્રામચૈત્યના મહિમાની અધિકતાને સમજ્યા સિવાય રહેશે જ નહિ.

## ગ્રામચૈત્યથી થતા પ્રાસંગિક ફાયદાઓ

શાસ્ત્રકારો પણ ગ્રામચૈત્યના પ્રભાવને વર્ણવતાં સ્પષ્ટપણે જણાવે છે કે કેટલાક ભવ્યાત્માઓ ભગવાન જીનેશ્વર મહારાજના ચૈત્યોને દેખીને પ્રતિબોધ પામે, કેટલાક ભવ્યાત્માઓ ભગવાનજીનેશ્વર મહારાજની નિષ્કલંક વીતરાગત્વમય મૂર્ત્તિને દેખીને પ્રતિબોધ પામે, તેમજ કેટલાક ભવ્યાત્માઓ ચૈત્યમાં ભગવાનના દર્શનઆદિ કરવા આવતા સાધર્મિક લોકોના સંસર્ગથી માર્ગને પામે. તથા માર્ગમાં દ્રઢ થાય, શાસ્ત્રકાર મહારાજાઓ ચૈત્ય અને મૂર્ત્તિના ફાયદાને અંગે જે સાધુ મહાત્માઓની દેશનાને વર્ણવે છે તે પણ સાધુ મહાત્માની દેશનાનો સંભવ અને લાભ ગ્રામચૈત્યમાં જવાથી જ થાય, સાધુ મહાત્માઓનું નિયમિત આગમન અને તેથી તેમની દેશનાનો લાભ ગૃહચૈત્યમાં મળવાનો સંભવ ઘણોજ ઓછો ગણાય, પરંતુ ગ્રામચૈત્યની અંદર સાધુમહાત્માઓનું આવવું અને વ્યાખ્યાનમંડપમાં તે મહાત્માઓની દેશનાનું પ્રકાશવું થાય તે સ્વાભાવિક છે અને તેથી જ ગ્રામચૈત્યમાં દર્શન કરવા જવાવાળા ભવ્યાત્માઓનેજ તે મહાત્માઓના દર્શન અને તેમની વાણીના શ્રવણનો લાભ મળે, આ વાત જ્યારે ધ્યાનમાં રાખીશું ત્યારે જ ભગવાન હરિભદ્રસૂરિજીએ સાધુ મહાત્માના સંસર્ગથી થતા જે ફાયદાઓ જણાવેલા છે તે ઉપર વાચકોનું ધ્યાન ખેંચાશે.

ભગવાન હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે :-

उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्, साधुसेवा फलं महत् ॥ १ ॥

અર્થાત્ સાધુમહાત્માના સંસર્ગ અને સેવનથી જીનેશ્વર ભગવાનના માર્ગનો ઉપદેશ જેમ ભવ્યાત્માઓને મળે છે, તેમજ ધર્મીષ્ઠ પુરૂષોનાં દર્શન તથા વિનય કરવા લાયક મહાત્માઓના વિનયનો પ્રસંગ પણ તેથીજ થાય છે અને આ બધી વસ્તુ ગૃહચૈત્યમાં ન બને અગર ઓછી બને પરંતુ ગ્રામચૈત્યમાં જ મુખ્યતાએ હોઈ શકે એમાં કંઈ આશ્ચર્ય નથી. આટલાજ માટે શાસ્ત્રકારો પ્રાતઃકાળે પોતાના ગૃહચૈત્યમાં જ ભગવાન જીનેશ્વર મહારાજનું દર્શન પૂજનાદિ કરીને પણ ગ્રામચૈત્યમાં દર્શનપૂજનાદિ કરવાનું વિધાન શ્રીયોગશાસ્ત્ર, શ્રી શ્રાધ્ધદિનકૃત્યવિગેરેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, એટલું જ નહિં, પરંતુ સાયંકાળે પ્રતિક્રમણ અને સાધુ મહાત્માઓની પર્યુપાસના અને વિશ્રામણા કરીને ઘરે સૂવા જતી વખત ગ્રામના ચૈત્યમાં દર્શન કરવાની ફરજ જણાવે છે.

## પ્રભુ દર્શન માટે સમય નિયત ન હોય ?

આ જગોપર કેટલાક માર્ગથી વિમુખોને કદાચ ખોટુ લાગવાનો સંભવ છે, તો પણ કટુકઔષધિના ન્યાયે કહેવાની ફરજ પડે છે કે રાત્રિ થાય ત્યાર પછી દેહરે જવાય નહિ એ વિગેરે માન્યતા ભગવાન જીનેશ્વર મહારાજના માર્ગથી ઉતરી ગયેલાઓની અને તેવા ઉતરી ગયેલાઓને અનુસરનારાઓની છે, પરંતુ ભગવાન જીનેશ્વર

મહારાજના માર્ગને અનુસરનારા અને જૈનશાસ્ત્ર માનનારાઓની તો એજ માન્યતા હોય કે ભગવાન જીનેશ્વર મહારાજના પૂજનને માટે ઉત્સર્ગથી સંધ્યાત્રયનો નિયમ હોય અને છે, પરંતુ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દર્શનને માટે તો કોઈ કાળનો નિયમ છેજ નહિ અને તેથીજ ભગવાન હરિભદ્રસૂરિજી काले सुईभूएणं એ વિગેરે વચનો કહી માત્ર પૂજાને માટેજ સંધ્યાત્રયનો નિયમ રાખે છે, એટલે પૂજા માટે પણ હાલનો નિયમ સર્વથા રખાય નહિ તો પછી દર્શનને માટે તો કોઈ પણ કાળનો નિયમ રખાયજ શાનો?

## પ્રભુનો જન્માભિષેક પણ રાત્રિએ થાય છે.

વાચકોએ ધ્યાન રાખવું કે ભગવાન જીનેશ્વરમહારાજના જન્મમહોત્સવો જે મેરૂપર્વત ઉપર ઈંદ્ર મહારાજાઓ કરે છે તે મધ્યરાત્રિએજ હોય છે અને ઈંદ્ર મહારાજની અનુકરણથી શ્રાવકો પૂજાનુ વિધાન કરે છે એ તો ભગવાનહરિભદ્રસૂરિજીએ ફરમાવેલ देविंदनाएणं એ વાક્યથી સ્પષ્ટજ છે, વળી શ્રીવસુદેવહિણ્ડિની અંદર સીમનગ (હિમાલય) પર્વતનો સંબંધ જેઓએ જોયો હોય તેઓ તો સ્પષ્ટપણે જાણી શકેજ છે કે ભગવાન જીનેશ્વર મહારાજના મંદિરોમાં રાત્રે પણ દીપકોની શ્રેણિઓ પોતાના તેજના પ્રચારથી અંધકારને પેસવા પણ દે નહિ એવી હોય છે. અર્થાત્ વસુદેવહિંડી જેવા પ્રૌઢ ગ્રંથથી પણ રાત્રિએ દર્શન કરવાની સિદ્ધિ થાય છે.

## પ્રભુ પૂજાદિ માટે એકેન્દ્રિયની હિંસાનું કથન અસ્થાને છે.

વાચકોએ ધ્યાન રાખવું કે કેટલાક નવીન મત ઉઠાવનારાઓ ગૃહસ્થ લોકોને લઈને ચૈત્ય-મૂર્ત્તિ-મન્દિર અને પુષ્પ કે આરતિપૂજાઆદિમાં એકેન્દ્રિયની વિરાધનાનો જે ભય બતાવે છે તે ભય અસ્થાને અને મિથ્યાત્વની વાસનાને લાવનારોજ છે. વસ્તુતઃ જે ભવ્યાત્માને એકેન્દ્રિયની દયા પાળવાની પણ યથાસ્થિત બુદ્ધિ થઈ હોય અને જેઓ પૃથ્વીકાય અપ્કાયઆદિ વનસ્પતિકાય સુધીના પાંચે સ્થાવરોની હિંસા સંસારમાં ન કરતો હોય તેવા વિમળબુદ્ધિને માટે પૂજામાં પણ એકેન્દ્રિયની વિરાધના વર્જવાનું હોય એ સ્વાભાવિકજ છે. પરંતુ જેઓ ઓછું મીઠું હોય તો નવું મીઠું લીધા વિના શાકપણ ખાઈ શકતા નથી. ગૃહકાર્યમાં ડોલોની ડોલો ઢોળીને પ્રયત્ન કરતા સંકોચાતા નથી, વાયરાના પંખાઓ જગો જગો પર ગોઠવે છે, વીજળીના દીવા કે સામાન્ય દીવા સિવાય જેને મકાનો શૂન્ય લાગે છે અને બગીચા સિવાય જેને રહેવાનું કે ફરવા હરવાનું જેઓને ગમતું નથી એવા એકેન્દ્રિયની વિરાધનામાં રાતદિવસ વગર સંકોચે પ્રવર્ત્તેલા મનુષ્યો ભગવાન જીનેશ્વર મહારાજના મંદિરમાં ભક્તિને માટે પ્રગટ કરાતા દીવાઓમાં અગ્નિકાયની દયા ચિંતવે, અભિષેકમાં અપ્કાયની દયા ચિંતવે, ચામરમાં વાઉકાયની દયા ચિંતવે, ધૂપમાં અગ્નિકાયની દયા ચિતવે અને ફુલો ગુંથવા વિગેરેમાં વનસ્પતિકાયની દયા ચિંતવે તેઓ કેવલ ઢોંગી ગણાય એટલું જ નહિં, પરંતુ શાસ્ત્રકાર મહારાજના ફરમાન મુજબ તો તેઓ કેવલ મિથ્યાત્વ-મોહનીય આધીનજ થયા છે એમ ગણાય. આટલી વાત પ્રાસંગિક જણાવીને પ્રકૃત વાત ઉપર આવતાં જણાવવું જોઈએ કે દર્શન કરવાને માટે કોઈપણ કાળ નિયત હોય નહિ, અને તેથીજ શાસ્ત્રકારોએ પ્રતિક્રમણ અને સાધુની પર્યુપાસના તથા વિશ્રામણા પછી પણ ગ્રામચૈત્યે જવાનું જે ફરજિયાત ગણ્યું છે અને તે હકીકત ઉપર જણાવેલા ગ્રામચૈત્યના દર્શનાદિથી થતા જે ફાયદા જણાવ્યા છે તે ઉપરથી વાસ્તવિક છે એમ લાગ્યા સિવાય રહેશે નહિ.

## તીર્થચૈત્યનો મહિમા સર્વોત્તમ કેમ?

ઉપર જણાવ્યા પ્રમાણે ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યની વિશિષ્ટતા છે એ જ્યારે સમજાશે ત્યારે ગ્રામચૈત્ય કરતાં પણ તીર્થચૈત્યની વિશિષ્ટતા હદ બહારની છે એમ સમજાયા સિવાય રહેશે નહિ, કારણ કે ગ્રામચૈત્યમાં જે સાધુમહાત્માના દર્શન થાય તેના કરતાં તીર્થોમાં ઘણા ઘણા ક્ષેત્રોથી આવેલા અને મહાપ્રભાવશાળી શાસનધુરંધરોનાં દર્શનઆદિ થવાનો સ્હેજે સંભવ રહે. વળી દેશભરનાં ભાવિક શ્રાવકસાધર્મિકોનો સમાગમ પણ તીર્થમાં ઘણો ઘણો બને તેમાં પણ કંઈ નવાઈ નથી, વળી ગૃહચૈત્ય અને ગ્રામચૈત્યની સેવા વખતે સાંસારિક-ઉપાધિઓ હૃદયમાં વાસ કરેલી હોય અને તે ઉપાધિઓ નહિં નીકળવાથી પ્રભુનાં દર્શન પૂજનાદિથી અને મહાત્માઓનાં દર્શન અને સાધર્મિક સંસર્ગઆદિથી જે સ્થિરતાપૂર્વકભાવ ઉલ્લાસથી ફાયદાઓ મેળવવાના હોય તે ન મેળવાય, તો પણ તીર્થસ્થાનમાં આવનાર મનુષ્ય ફીકર કોટમાંથી નીકળેલો હોઈ નિરૂપાધિક થઈ સ્થિરતા વાળો થાય અને તીર્થમાં ભગવાનજીનેશ્વર મહારાજની દર્શન પૂજાદિથી તથા સાધુમહાત્મા અને સાધર્મિકોના સંસર્ગથી અનહદ લાભ મેળવી શકે એ સ્વાભાવિક છે.

## તીર્થભૂમિ પણ સમ્યક્ત્વની મજબૂતીનું કારણ

શાસ્ત્રકાર મહારાજાઓ પણ ત્રિલોકનાથતીર્થંકર ભગવાનની જન્મભૂમિઆદિતીર્થોના દર્શન વિગેરેથી સમ્યક્ત્વની મજબૂતી જણાવે છે અને એ વાત પર્યુષણના વ્યાખ્યાન સાંભળનાર ભવ્યજીવોની જાણ બહાર નથી. આ બધી હકીકત વિચારતાં શ્રી શત્રુંજયઆદિ તીર્થોનાં ચૈત્યો કેટલા બધાં મહાઉપકારને કરનારા છે અને તેના દર્શન પૂજન વિગેરે આત્માને કેવી રીતે મોક્ષમાર્ગની નજીક નજીક લઈ જાય છે તે સમજવામાં આવ્યા સિવાય રહેશે નહિ, આવી રીતે જ્યારે તીર્થ અને તીર્થના ચૈત્યની અધિકતા જ્યારે વાસ્તવિક રીતે સમજાય ત્યારે તેવા તીર્થો અને તેવા તીર્થના ચૈત્યોના દર્શનપૂજન આદિ કરવા માટે ભાવિક આત્મા તૈયાર થાય અને તેવો લાભ પોતાના તરફથી અન્ય ભવ્યજીવોને નિર્વિઘ્નપણે મળે એવી ધારણા કરનારો ભાગ્યશાળી પુરૂષ યાત્રિકગણનો નેતા બને અને તેવા અપૂર્વતીર્થ અને તીર્થચૈત્યોના લાભને માટે સકળસંઘના સમુદાયને સાથે લઈ ધર્મપરાયણતામાં આત્માને ઓતપ્રોત કરે તેમાં આશ્ચર્યજ શું?

## સ્વ અને પરના લાભ માટે યાત્રિકગણનો નેતા શું કરે?

યાદ રાખવું કે પૂજન દર્શન આદિ કાર્યમાં પ્રવર્ત્તવાવાળા મહાનુભવો કોઈ પણ દિવસ સમુદાયથી કંટાળવાવાળા હોતા નથી, શું અસંખ્યાત દેવતાઓ મેરૂપર્વત ઉપર આવે તેથી ભગવાન જીનેશ્વર મહારાજના જન્માભિષેકનો મહિમા ઈંદ્રમહારાજાઓ ઓછો ગણે ખરા? ક્રોડાક્રોડ દેવતાઓ જીનેશ્વર ભગવાનની સેવામાં આવે એથી ઈંદ્ર-નરેન્દ્રો તે સેવામાં હાજર થવાનો લાભ ઓછો ગણે ખરાં? શું લાક્ખો મનુષ્યો ભગવાન જીનેશ્વર મહારાજની દેશના વિગેરેમાં આવે તેથી યોગીમહાત્માઓ દેશનાના લાભથી વંચિત રહે ખરા? ખરી રીતે તો જે વસ્તુ સ્વ અને પરને લાભદાયી છે તેમાં પોતાના આત્માને પ્રવર્ત્તવું થાય તે જેમ શ્રેયસ્કર માનવાનું છે, તેમજ અન્ય આત્માઓ પણ તે તે પવિત્રકાર્યો તરફ જોડાય તે ખરેખર લાભદાયી છે, એમ વિવેકી પુરુષોએ તો માનવુંજ જોઈએ. આજ કારણથી વિવેકી અન્યજીવોના અને પોતાના આત્માના ઉદ્ધારને માટે યાત્રિકગણનો નેતા બની સંઘનો લાભ લેનારો થાય તેમાં કોઈ જાતનું આશ્ચર્ય નથી.

### તીર્થસેવા એ સમકીતનું ભૂષણ છે.

વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે પૂર્વાચાર્યોએ શ્રાવકના કૃત્યોને જણાવતા રથયાત્રાની સાથે तित्थजत्ता य એમ કહીને તીર્થયાત્રાની પણ શ્રાવકજન્મની સફળતાને માટે આવશ્યકતા જણાવેલી છે, વળી ધર્મના મૂળરૂપ એવા સમ્યક્ત્વના ભૂષણોમાં પણ તીર્થસેવા છે એમ મહર્ષિઓ જણાવે છે, તીર્થસેવા એ સમ્યક્ત્વનું છેલ્લામાં છેલ્લુ ભૂષણ છે એમ પણ સ્પષ્ટ કરેલું છે. તીર્થયાત્રાને માટે નીકળનારો મનુષ્ય ગૃહસ્થપણાના અનુબંધ એટલે દુઃખની પરંપરાને દેનારી આરંભની પરંપરા જેનાથી થાય એવા અનુબંધરૂપી અસદારંભથી નિવૃત્તિ પામે છે અને તે પણ નિવૃત્તિ સામાયિકપૌષધાદિકને અંગે જ્યારે ઘણી ટૂંક મુદતનીજ હોય છે ત્યારે આ તીર્થયાત્રાને અંગે થતી અસદારંભની નિવૃત્તિ ઘણી લાંબી મુદતનીજ હોય છે. આ વાતને નહીં સમજનારા અને ધ્યાનમાં નહીં લેનારા મનુષ્યજ માત્ર તીર્થયાત્રા કરવા માટે રેલ વિગેરેના વાહનની થયેલી સવડને અભિનંદન આપી શકે, પરંતુ અનુબંધ હિંસાના કટુકફલોને સમજનારા છે, કૃષિ-પશુપાલકપણું-વેપાર અને રોજગાર વિગેરેમાં થતા આરંભો આત્માને અત્યંત કટુકફલને દેવાવાળા એવા પાપોને બંધાવનારા છે, એ વસ્તુ જે સમ્યગ્દષ્ટિ સુજ્ઞમનુષ્યના હૃદયમાં આવેલી હોય તે મનુષ્ય સ્વપ્ને પણ રેલ્વે વિગેરે સાધનોથી થતી મુદતની ટુંકાપણું અનુમોદે કે પ્રશંસે નહિજ.

### છ'રી પાળતો સંઘ અનુમોદનીય હોઈ શકે

યાદ રાખવું કે ચક્રવર્ત્તિ ભરત મહારાજા પાસે ચર્મરત્નનું સાધન હતું, અને તેમાં બેસાડવા દ્વારાએ આખા સંઘને તે જલ્દીથી તીર્થયાત્રા કરાવી શકત, વળી ચક્રવર્ત્તીઓના તાબામાં હજારો દેવતાઓ હોવાથી તે દેવતાઓ દ્વારાએ વિમાનની વિકુર્વણા કરાવીને પણ તે સંઘને જલ્દી યાત્રા કરાવી શકત, પરંતુ કોઈ પણ ચક્રવર્ત્તીએ ચર્મરત્નદ્વારાએ કે દેવતાદ્વારાએ વિમાન કરીને સંઘને યાત્રા કરાવી નથી. પરંતુ મુખ્યતાએ છરી પાળવાની સાથે યાત્રાઓ કરાવી છે, તે વિચારનારો મનુષ્ય વર્તમાનકાળમાં નીકળતા રેલવેના સંઘને કોઈ પણ પ્રકારે અભિનંદન આપી શકે તેમ નથી.

### વ્યાખ્યાનના અભાવે સંઘ લાંછનરૂપે ન ગણાય.

વળી એક બાજુએ સંઘમાં વ્યાખ્યાન ન હોવે એટલા માત્રથી તે સંઘ લાંછનરૂપ ગણાય તે કહેનારાના મોલવીયો રેલ્વેનો સંઘ કાઢે અને તે વખતે લંછનને પાત્ર કહેનારો એક શબ્દ પણ ન બોલે એનો શો અર્થ હશે તે વાચકો સ્હેજે સમજી શકે તેમ છે, વળી તે પરવંચનના પૂરકે કથીરશાસનમાં એક પણ પૂરાવો એવો રજૂ કરાવ્યો નથી કે જેને લીધે ભવ્યજીવોને તે પરવંચનના અધિષ્ઠાયકની માન્યતાઓ અંશે પણ સાચી માનવાનું થાય. પ્રાચીન અને અર્વાચીન શાસ્ત્રોમાં અનેક સ્થાને સંઘ યાત્રાનાં વર્ણનો આવે છે તે સર્વમાંથી કોઈપણ જગો પરતું વિધિવાદ કે ચરિતાનુવાદનું વાક્ય રજૂ કરવાની જરૂર હતી પરંતુ એક પણ વાક્ય વિધિવાદનું કે ચરિતાનુવાદનું તેઓએ એવું રજુ કરેલુંજ નથી, તેથી યાત્રિકગણને અને યાત્રિકગણના નેતાને વ્યાખ્યાન સાંભળવાનું ન થાય અગર સંઘયાત્રામાં નિયમિત વ્યાખ્યાન ન વંચાય તો તે સંઘયાત્રાને લાંછન રૂપ ગણાય. એમ માનવાનું રહેજ નહિ.

### પરવંચનના પૂરકના મનઃકલ્પિત વિચારો.

તે પરવંચનના પૂરકને શાસ્ત્ર જોયા જાણ્યા વિના મનઘડંત કલ્પનાઓથી બોલવાની ટેવ છે. એ વાત જગતમાં સિદ્ધ હોવાથી તેમજ અન્યનું જે કંઈ થાય તેને સર્વથા વગોવી ઉતારી પાડવું અને પોતાનું કે પોતાના લાગતા વળગતાનું એક કણ જેટલું પણ કાર્ય હોય તો તે પરવંચનમાં અને કથીરશાસનમાં

કોલમોના કોલમો ભરી પ્રશંસાના છાબડાં ઠેકાણે ઠેકાણે પહોંચાડવા એવી આદત છે, એ પણ પ્રસિદ્ધ હોવાથી આ બાબતમાં વધારે લખવાની જરૂર નથી. આ કથનની મતલબ એ નથી કે યાત્રિકગણનો સમુદાય વ્યાખ્યાનનો લાભ ન લે, યાત્રિકગણનો સમુદાય જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે વ્યાખ્યાનનો ઉપયોગ મેળવી શક્યો અથવા તેઓને વ્યાખ્યાનનો યોગ મળે ત્યારે ત્યાં ત્યાં વ્યાખ્યાનનું જરૂર શ્રવણ કરે, સામાન્ય રીતે શ્રાવકપણુંજ જીનેશ્વર મહારાજની વાણીના શ્રવણમાંજ રહેલું છે, પરંતુ વ્યાખ્યાન શ્રવણની ભાવના છતાં વ્યાખ્યાન શ્રવણનો જોગ ન મળે અગર કથંચિત આલસ્યાદિથી વ્યાખ્યાનનું શ્રવણ ન પણ થાય તો તેટલા માત્રથી શ્રાવકપણાને કલંક લાગે છે એમ કહી શકાય નહિં તો પછી સંઘયાત્રામાં પણ વ્યાખ્યાન શ્રવણની રૂચિ છતાં કદાચ વખત નહિં મલવાને લીધે અગર બીજાં કેટલાંક કારણોને લઈને વ્યાખ્યાન ન થાય અગર તેનું શ્રવણ ન થાય તેટલા માત્રથી યાત્રિકગણના નેતા અગર યાત્રિકનો સમુદાય લંછનવાળો બને છે અગર સંઘને લંછન લાગે છે એમ કહેવું તે માર્ગને અનુસરનારાને તો શોભેજ નહિ અને જો એવી માન્યતા કોઈ ધરાવે તેને સમ્યગ્દર્શન પણ મુશ્કેલી ભર્યું થઈ પડે.

## ધનશેઠના અધિકારમાં શું જણાવે છે.

શ્રી સંઘાચારભાષ્યમાં ધનનામના શેઠ શ્રી સિધ્ધાચલજી અને ગિરનારજીના કાઢેલા સંઘનો અધિકાર જેઓએ જોયો હશે તેઓ સ્પષ્ટપણે જાણી શકશે કે તે સંઘયાત્રામાં પ્રથમ તો સાધુ મહાત્માઓનો સહચારજ નથી, તો પછી વ્યાખ્યાનનું નિયમિત શ્રવણ થવાની કલ્પના કરવી તે તો આકાશમાં કુસુમ ઉગાડવા જેવું જ થાય છે, જો કે પ્રયાણમાં ઉત્તમમુનિમહારાજાઓના સંયોગો બહુ મળ્યા છે અને જે જે જગો પર ઉત્તમમુનિમહારાજાઓના સંયોગો મળ્યા છે ત્યાં ત્યાં વંદનાદિકને માટે યાત્રિકગણના નેતા વિગેરે ગયા છે, પરંતુ ત્યાં પણ વ્યાખ્યાનશ્રવણનો અધિકાર લેવાયો નથી, છતાં જેઓ વ્યાખ્યાનની અસત્તાને લીધે સંઘને કલંક ગણતા હોય તેઓએ શાસ્ત્રોને વાંચવા વિચારવાની બહુ જરૂર છે અને એમ થાય તો શાસ્ત્ર વિરુદ્ધ બોલવાનું થતું અટકે?

## તીર્થયાત્રામાં મુખ્ય ધ્યેય શું ?

પ્રાસંગિક વાત જણાવી મૂળમુદ્દા ઉપર આવતાં જણાવવું જોઈએ કે તીર્થચૈત્યને જુહારવા આવનારાઓની મુખ્ય અભિલાષા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સેવા પૂજામાં વધારે હોય છે અને તીર્થયાત્રામાં મુખ્ય ધ્યેય પણ ભગવાન જીનેશ્વર મહારાજની પૂજા યાત્રાની દિનપ્રતિદિન પ્રવૃત્તિ વધારે થાય તેજ હોય છે. આશ્ચર્યની વાત તો છે કે એ પરવંચનના પગથીયાઓએ મહિને મહિને સ્નાત્ર પૂજા કેટલીક જગો પર શરૂ કરી છે તે પગથીયાએ મહિને મહિને સ્નાત્ર કરવાના દિવસે વ્યાખ્યાન શ્રવણનું કાર્ય તેવા સમુદાયે નિયમિત કરતા નથી એ જગજાહેરજ છે, છતાં પરવંચનકારને તે વસ્તુ કલંકરૂપ ન લાગી, જ્યારે શ્રી સંઘયાત્રા કે જેના શરૂ કરનાર અને સહગામી ઉપર પરવંચનકારને દ્વેષદ્રષ્ટિ હોય અને તેથી તે સંઘના પ્રયાણ અને ગમનવખતે તેઓની દ્રષ્ટિ કલંક અને લાંછન જેવા શબ્દોમાં ખુંચી હોય અને તેથીજ તેવા અધમ શબ્દો પ્રગટ કરાવવામાં તેઓએ સાહસ કર્યું હોય. આ સ્થાને ભવ્યજીવોએ તો તેઓની ઉપર ભાવદયા ચિંતવવા સાથે અભિનિવેશનું હદ બહારનું જોર છે એમ જાણીને શાસ્ત્રદ્રષ્ટિએ તો ઉપેક્ષા કરવી યોગ્ય છે.

## પ્રાસંગિક સૂચન

વાચકમહાશયે ધ્યાન રાખવું કે આટલું લખાણ જે કેટલાકને કડવું લાગશે છતાં પણ લખવાની એટલીજ

(અનુસંધાન પેજ નં. ૪૩૩)

# સાગર-સમાધાન

પ્રશ્ન ૯૭૦ જીવ અને કર્મનો યોગ એજ સંસાર છે. એ વાક્ય બોલવામાં સમજણની ખામી કેમ ગણાય છે ?

સમાધાન-વસ્તુસ્થિતિને જાણનાર સમ્યગ્દષ્ટિઓ સ્પષ્ટપણે સમજે છે કે ચૌદરાજ લોકોમાં ત્રસનાડી તો શું ? પરંતુ ત્રસ અને સ્થાવર એવા બંનેના સ્થાનોમાં એક આકાશ પ્રદેશ પણ એવો નથી કે જ્યાં અનન્તાનન્ત કર્મપુદ્ગલો ન હોય, અને તે તે આકાશમાં અવગાહેલ આત્માઓ પછી ભલે તે સંસારી હોય કે મુક્ત હોય તેઓને તે સંબંધમાં આવે નહિં એમ તો નજ બને એટલે યોગ એ સંસાર ન કહેતાં કર્મબંધ આદિને સંસાર કહેવામાં શાસનની છાયા રહે છે. આ વાત कम्मसंजोगनिव्वत्तिए વગેરેમાં યોગ શબ્દ ન વાપરતાં સંયોગ શબ્દ વાપર્યો છે. તેથી સ્પષ્ટ છે. સંયોગ કારણ અને સંસાર એ કાર્ય છે. પ્રશ્ન ૯૭૧ જીવ અને કર્મના યોગનો સર્વથા વિયોગ એજ મોક્ષ છે. આ વાક્ય પણ તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિનાનું છે એમ કહે છે. તે શાથી ?

સમાધાન- આ વાક્ય પ્રથમ તો વક્તાની માત્ર લહેરી દશા સૂચવે છે. અહિં કર્મનો સર્વથા વિયોગ કહ્યો હોત તો જુદી વાત હતી. વળી કર્મ એ ગુણ છે કે કર્મ છે ? એનો વિચાર કર્યો હોય એમ જણાતું નથી. વળી સંસારીને નિર્જરેલા કર્મપુદ્ગલો તો ફેર વળગે પણ ખરાં, પરંતુ યોગ તો નાશ પામ્યા પછી રહેતો કે વળગી શકતોએ નથી. વળગે પણ નહીં. આ બધી તત્વદ્રષ્ટિ જેનામાં ન હોય ને આવાં આવાં વાક્યો ડગલે પગલે બોલે અને નવપદના સ્વરૂપને દર્શાવવા જતા પોતાના આચાર્યપણાના રામ બોલાવે.

એવી રીતે દુઃખમય, દુઃખરૂપ કે દુઃખફલ કે દુઃખફલક, દુઃખાનુબંધ કે દુઃખપરંપરાનો ફેર મોક્ષ એકાંતે સુખમય અલગ બનાવવો કે કર્મ વળગે નહિ તેવો આત્મા બનાવવો આ વિગેરે વાક્યોનો ફરક તત્ત્વજ્ઞો જ સમજે.

પ્રશ્ન ૯૭૨ उस्सुत्तमणुवइट्ठं. सच्छंदविगप्पियं अणणुवाइ। परतत्तिपवित्ते तिंतिणे य इणमो अहाछंदे॥१॥ આ શ્રી નિશીથ ભાષ્યની ગાથામાં પ્રરૂપણાની બાબતમાં જુદાં જુદાં વિશેષણો શા માટે છે ?

સમાધાન-આ ગાથામાં જે ઘણા વિશેષણો જે આપેલા છે તે પ્રરૂપણાની યથાવસ્થિતદશા તથા તેનાથી વિપરીતદશા જણાવે છે. અર્થાત્ જો કોઈ પણ મનુષ્ય એમ કહે કે સૂત્રોમાં લખેલા અક્ષરો સિવાયનું સૂત્રાનુસારિયોથી બોલાય નહિં તો એવું બોલનારો જુઠો યથાચ્છંદી અને જુઠાં કલંક દેનારો છે. અબદ્ધ એવી પાંચસેં હકીકતો કોઈ જગો પર કહી નથી છતાં મનાય છે અને કહેવાય છે. વળી અવ્યવહારરાશિ અને વ્યવહારરાશિ એવા બે વિભાગ કોઈ પણ સૂત્રમાં જણાવ્યા નથી અને વ્યાખ્યાકારોએ જગો જગો પર જણાવેલા છે. માટે એકલું સૂત્રમાં કહેલું જ હોય તે કહેવાય, એમ કહી પરંપરાગત વસ્તુને કહેવામાં બાધ ગણનારા માર્ગથી

દૂર છે, વળી પ્રવજ્યા અને ઉપસ્થાપના આદિમાં તપવિગેરેની સામાચારી જુદી જુદી રહેવાથી તેની જુદી જુદી પ્રરૂપણા થાય એ સ્વાભાવિક જ છે અને પોતપોતાની ગચ્છસામાચારીથી વિરુદ્ધ કરનારો પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે અને પ્રાયશ્ચિત્તનો ભાગી કહેવો પડે છે. માટે જણાવ્યું કે સૂત્રોક્ત ન હોય મુક્ત વ્યાકરણની માફક અનિબદ્ધ હોય, છતાં સ્વકલ્પનાથી ઉભું કરેલું ન હોય તેવું હોય તો પણ પરંપરાની સામાચારીનું વચન કહેનારો યથાચ્છંદી ગણાય નહિ. આટલું છતાં પણ ભગવાન કેશિકુમારે આપેલ દૃતિ વિગેરે દ્રષ્ટાન્તો તથા આચાર્ય મહારાજ શ્રી સિદ્ધસેનદિવાકરજીએ જણાવેલ કલ્પવ્યવસ્થા યથાછંદના માર્ગરૂપ થાય, તથા આગમિકપદાર્થની પ્રરૂપણા કરાય. પરન્તુ દ્રષ્ટાન્તિક તરીકે પદાર્થની પ્રરૂપણા કરનારા યથાછંદ ગણાય. પણ શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે સૂત્રમાં કહેલું ન હોય મુત્કલ વ્યાકરણની માફક અબદ્ધશ્રુત તરીકે ન હોય, કિન્તુ તર્કવાદીઓએ સ્વયં કલ્પેલું હોય, છતાં તે દ્રાષ્ટાન્તિકરીતીની માફક સૂત્રોક્તઅર્થને અનુસાર હોય તો તે પ્રરૂપનાર કોઈ પણ પ્રકારે યથાચ્છંદી ન ગણાય. આવી રીતે જેઓ ગાથાની વસ્તુસ્થિતિને ન સમજતાં 'સૂત્રના એવા અક્ષરો નથી માટે બોલવા યોગ્ય નથી' એવું કહેનાર આરામભદ્રો માર્ગનું સત્યાનાશ વાળનારાજ નીવડે.

પ્રશ્ન ૯૭૩ શ્રી સિદ્ધાચલજી સરખા ક્ષેત્રમાં ભગવાન્ પુંડરીકસ્વામીજીની આગલ ચૈત્યવન્દન કરતાં नमोत्थुणं० અને अरिहंतचेइयाणं० કેમ કહી શકાય? કારણ કે नमोत्थुणं ભાવઅરિહંતને માટે છે અને अरिहंतचेइयाणं એ દંડક પણ અરિહંત ભગવંતોને માટે છે અને શ્રી પુંડરીકસ્વામીઆદિ ગણધરો પૂજ્ય છતાં પણ અશોકાદિ આઠ પ્રાતિહાર્યોને ધારણ કરવારૂપ અર્હત્તાવાળા તો નથી.

સમાધાન- અશોકાદિક આઠ પ્રાતિહાર્યથી થતી પૂજારૂપ ભાવઅર્હત્પણું ભગવાન્ પુંડરીકસ્વામી આદિમાં નથી એ વાત સાચી છે. પણ અરિહંત શબ્દના અરહંતરૂપ પર્યાયને અંગે કેવલજ્ઞાનવાળા હોવાથી શ્રી પુંડરીકસ્વામી આદિ સિદ્ધ મહારાજાઓ પ્રચ્છન્નપણાના અભાવવાળા અને મરણના કે જ્ઞાનાદિનાશના અભાવવાળા છે અને તેથી તેઓ પણ ભાવઅરહંતો જ છે. આ વાત સમજવા માટે શ્રી આવશ્યકચૂર્ણિકાર મહારાજે सिद्धाई अरहंता એમ જણાવેલ છે તે વિચારી લેવું. અર્થાત્ સિદ્ધ ભગવાન્ આગલ नमोत्थुणं० અને अरिहंतचे० કહેવામાં શાસ્ત્રને માનવાવાળાને અડચણ જ નથી.

પ્રશ્ન ૯૭૪ तिक्खमन्नयरं सत्थं हव्ववाहो न संसओ આવા શાસ્ત્રકારોના સ્પષ્ટ વચનો હોવાથી છએ જીવનિકાયને શસ્ત્રરૂપ એવું અગ્નિનું જ્વાલન કરવું એ ઉચિત નથી તો પછી આરતી અને મંગલદીવો કેમ કરાય ?

સમાધાન- तिक्ख એ વાક્ય સાધુધર્મની અપેક્ષાએ છે એ ચોક્ખું જ છે. આ વસ્તુ વિચારવામાં આવશે તો સ્પષ્ટ થશે કે શ્રાવકોને સૂત્રો ભણવાનો

નિષેધ છે એ વ્યાજબીજ છે. કેમકે છ કાયના કુટામાં રગદોલાયેલો મનુષ્ય तिक्खु વગેરે બોલે અને સંભળાવે એ કેવલ બકવાસરૂપ જ થાય. વળી આરતી મંગલદીવા માટે જેને એવી વિરાધનાનો વિચાર આવે તો પછી તે ગૃહસ્થપણામાં રહેજ કેમ? ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી તો સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે અસદારંભી જીવ જો અભિનિવેશ મિથ્યાત્વવાળો હોય તો જ ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં વિરાધના ગણે. અર્થાત્ પુષ્પદીપકઆદિમાં હિંસાના નામને આગલ કરી ગૃહસ્થોને તે પૂજાથી રોકવાવાળા તો મહાઅભિનિવેશવાળા સિવાય બીજા હોય જ નહિં. આ આરતીનો ખુલાસો શ્રી શ્રાદ્ધદિનકૃત્યની ટીકાથી વિશેષપણે મેળવી શકાશે.

પ્રશ્ન ૯૭૫ ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિ દર્શનીય વન્દનીય અને આરાધ્ય છે એમ માનવા છતાં પણ સામાયિકની અવસ્થામાં તેના ફલની અભિલાષા શા માટે वंदणवत्तियाए આદિ કહીને કરાય છે ?

સમાધાન- હજારો વર્ષોથી શ્રાવકો ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્ત્તિની પૂજાઆદિ કરવાવાળા છતાં પણ જે સામાયિકની અવસ્થામાં वंदणवत्तियाए આદિ ભગવાન્ જિનેશ્વર મહારાજાની પ્રતિમાના વન્દન પૂજનઆદિના ફલની પ્રાપ્તિ માટે કહે છે તેથી સ્પષ્ટ થાય છે કે શ્રાવકનો સદાકાળ એ જ ધર્મ છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્ત્તિના પૂજા સત્કારાદિની તીવ્રને તીવ્ર આકાંક્ષા હોય.

પ્રશ્ન ૯૭૬ ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા શ્રાવકોને અવશ્ય કર્ત્તવ્ય તરીકે પ્રતિદિન વિશેષકર્ત્તવ્ય તરીકે હોય અને એવી સ્થિતિ જેઓની હોય તેજ વાસ્તવિક રીતે શ્રાવક છે. એટલે દિગંબર અને સ્થાનકિયાને તો પોતાને શ્રાવક કહેવડાવવાનો પણ હક નથી પરન્તુ સાધુ મહાત્માઓ તો પાંચ મહાવ્રતરૂપ ભાવપૂજામાં તત્પર હોવાથી તેઓથી वंदणवत्तियाए આદિ પાઠ કેમ બોલાય ?

સમાધાન- સાધુમહાત્માઓ મહાવ્રતરૂપ ભાવપૂજામાં તત્પર છે એમાં કોઇ જૈને મતભેદ કર્યો નથી. પરન્તુ દ્રવ્યપૂજાનો લાભ એ કંઇ ભાવપૂજાથી વિરોધી નથી. શું દ્રવ્યપૂજાદ્વારાએ થતી સમ્યક્ત્વની શુદ્ધિ અને પૂર્વકાલમાં ઉપાર્જન કરેલ કર્મની નિર્જરા એ બે વસ્તુ ભાવપૂજારૂપ મહાવ્રતથી વિરૂદ્ધ છે ? યાદ રાખવું કે ઘર એ પરિગ્રહ હોઇ આશ્રવ છે છતાં તેનો ઉપાશ્રય તરીકે થતો ઉપયોગ મુનિમહારાજાઓને પણ પ્રશંસનીય જ છે, તથા છકાયના આરંભથી થતાં આહારપાણી પાપરૂપ છે છતાં તેનાથી બનેલું દાન એ એવી ચીજ છે કે કેવલિમહારાજ પણ તેની અનુમોદના લાયક કરે. વલી દ્રવ્યપૂજાની વિરૂદ્ધતામાં સ્નાનાદિનો પ્હેલો પ્રસંગ છતાં ण्हाणाई न इच्छंति એમ કહેતા નથી, પરન્તુ पुप्फाई न इछंति એમ કેમ કહે છે ? બારીક દૃષ્ટિથી જોનાર સ્પષ્ટપણે જાણી

શકશે કે પ્રથમ તો શાસ્ત્રકારો નિષેધદ્વારાએ પણ દ્રવ્યપૂજામાં પુષ્પાદિકને જ મુખ્યપદ આપે છે. બૌદ્ધોએ પુરિકાપુરીમાં પણ તેનો જ નિષેધ કરાવી શાસનહેલના કરાવી હતી, અને ભગવાન્‌વજસ્વામિજીએ પણ ફુલ લાવવા દ્વારાએ જ શાસનની ઉન્નતિ કરી હતી. એટલે સ્પષ્ટ થયું કે કોઈપણ બ્હાને પુષ્પની પૂજામાં ન્યૂનતા લાવનારો ભગવાન શ્રી જિનેશ્વરની પૂજાનું વિઘ્ન કરનાર જ છે. વળી મનુષ્ય વનસ્પતિ કે જે ઘણે અંશે મનુષ્યને મળતા ધર્મવાળી છે તે વનસ્પતિના આરંભની ઈચ્છા કરે કે પ્રવૃત્તિ કરે તે આરંભથી નિવૃત થયેલ કોઈપણ પ્રકારે ગણાય નહિં તેમ હોઈ શકે નહિં. માટે તે સંબંધી આરંભ અને પ્રસંગદોષને વારવા માટે पुप्फाईयं એમ કહેવામાં આવ્યું. બાકી મહાવ્રતરૂપ ભાવપૂજાવાળાને પણ वंदणवत्तियाए આદિ કહી દ્રવ્યપૂજાનું ફલ તો ઈચ્છવા લાયક જ છે.

**પ્રશ્ન ૯૭૭** ચિલાતિપુત્રને સુસુમાને માર્યા પછી માથું લઈને જતાં સાધુ મળ્યા, તેમને ધર્મ પુછયો, એ તો ભવિતવ્યતા ગણાય અને તે સંભવિત પણ ગણાય, પરંતુ સાધુએ કહેલા ઉપશમ વિવેક અને સંવર એ ત્રણ પદનો અર્થ તેણે વાસ્તવિક રીતે કેમ જાણ્યો ?

**સમાધાન-** એક વાત તો ચોક્ખી છે કે તે ચિલાતિપુત્રનો જીવ પૂર્વભવમાં સાધુપણામાં રહેલો હતો. અને તેથી આ ભવમાં જન્મથી અધમતાવાળો છે, છતાં પણ પૂર્વભવના માત્ર અભ્યાસથી જ તેણે તે પદોનો અર્થ વાસ્તવિકરીતે તેણે જાણ્યો છે. જો કે જાતિસ્મરણનું કારણ નહિં હોવાથી જાતિસ્મરણ થયું નથી. પરન્તુ પ્હેલાના ભવના અનિચ્છાવાળા અભ્યાસથી પણ તે ત્રણે પદોનો વાસ્તવિક અર્થ તેણે જાણ્યો છે. આ વાત શ્રી મલધારીહેમચંદ્રમહારાજા ભવભાવનામાં આ પ્રમાણે સ્પષ્ટ જણાવે છે :-

तो एगंते होउं परिभावइ अक्खराण ताणड-त्थं पुव्वभवब्भासेण य सो एवं तस्स परिणमइ ॥१॥

( ६३८ पृ. ) સાધુ આકાશમાં ત્રણ પદ કહીને ઉડી ગયા પછી તે ચિલાતીપુત્ર એકાંતમાં જઈને તે અક્ષરોનો અર્થ વિચારવા લાગ્યો અને પૂર્વભવના અભ્યાસથી પૂર્વભવમાં વિરાધનાવાળું પણ ચારિત્ર પળાયું છે તેના સંસ્કારને લીધે તે પદોનો વાસ્તવિક અર્થ તેને આવી રીતે પરિણમ્યો (આ ઉપરથી પૂર્વભવને જણાવનાર જાતિસ્મરણઆદિ ન થયાં હોય તો પણ માત્ર પૂર્વભાવના સારા સંસ્કારોથી મનુષ્યોને વાસ્તવિકસન્માર્ગની પ્રવૃત્તિઓ થાય તેમાં આશ્ચર્ય શું ગણાય ?)

# સમાલોચના

૧ જૈનમાત્ર જ્યારે ક્ષણે ક્ષણે વિશિષ્ટતા માને ત્યારે કોઈપણ આત્મામાં કોઈ પણ પ્રકારની વિશિષ્ટતા કોઈપણ કાલે નવા પ્રકારની નથી આમ બોલવું કોને શોભે ?

૨ ભગવાન હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોથી ભગવાન્ તીર્થંકરનું આદ્યસમ્યક્‌ત્વ અને વરબોધિ જુદાં જણાવે છે અને એ વાત અનેક વખત છાપાથી જાહેર થઈ છે, છતાં 'જે સમ્યક્‌ત્વ પામે છે તેને પણ વરબોધિ કહેવામાં આવે છે' આવું લખવું કોને શોભે?

૩ ત્રીજે ભવે એ તારકોના આત્માનું હૃદય ભાવદયામય ભાવનાથી (સુબોધ બને છે) આમ કહેનારે જિનનામની અંતઃ ક્રોડાકોડસાગરોપમ સ્થિતિ છે તે વિચાર્યું નથી, અગર જિનનામકર્મમાં ભાવદયાથી તરબોળ થવાની જરૂર ગણી નથી.

૪ ભગવાન્ હરિભદ્રસૂરિજી વગેરે તો ભગવાન્ તીર્થંકરોની ઉત્તમતામાં અશુદ્ધ અને શુદ્ધરત્નની ઘટના કરી વિશિષ્ટતા માને છે, ત્યારે ભગવાન્‌માં તથા પ્રકારની વિશિષ્ટતા પ્હેલેથી જ હોય એમ કહી વિશિષ્ટતા ન માનનારાને જૈનજનતા કેવા ગણે ?

૫ 'અંતિમભવમાં આવવા માટે ચ્યવે છે. ગર્ભમાં રહી યથાવસરે જન્મે છે' આવું કહેનારા અવતારવાદી થાય અને જૈનપણામાંથી રાજીનામું દે.

૬ એક વખત ભગવાન્ આરાધક હોય જ નહિ એમ કહેનાર હવે 'આરાધના કરીને કેવલજ્ઞાન ઉપાર્જન કરે છે' એમ માનવા લાગ્યા છે તે ઠીક છે.

૭ 'ત્રીજે ભવે સેવેલી ભાવનાને યોગ્ય છે' આ કથન જિનનામ અજાણપણા બંધની સ્થિતિ અને બંધના કારણોના કર્મનાથી ગણાય નહિં?

૮ 'બધા જીવો એવું (જિનેશ્વર જેવું) જીવન જીવી શકે નહિં' આ કથન કરનાર સર્વથા અનુકરણ ન જ થાય એમ માને એ વદતો વ્યાઘાત જ છે.

૯ શાસ્ત્રોમાં તીર્થંકરો સિવાય સુચ્ચા કેવલિની શિષ્યાદિ પર્ષદા માને છે, કપિલાદિ પ્રત્યેક બુદ્ધોથી દીક્ષિતો થવાનું માને છે, ત્યારે પોતે ગુરુ કર્યા વિના દીક્ષા લઈ લે અને પછી કોઈને શિષ્ય બનાવે તો એ આત્મા પોતાના સંસારને ઘટાડનારો બનતો નથી, પણ વધારનારો બને છે એમ કથનાર કઈ દશામાં ગણાય ?

૧૦ 'પરન્તુ એ તારકોએ કહેલાને કરવું એ વિધેય તથા પ્રમાણરૂપ છે એમ નથી.' આવું પ્રરૂપનારે પ્રમાણ આપવું અને ભગવાનની સાથે દીક્ષિત થયેલાનું સ્મરણ કરવું. શાસ્ત્રો તો સ્થાને સ્થાને જિનેશ્વરજીની કરણીની અનુકરણીયતા જણાવે છે.

૧૧ 'આજ્ઞા વિરૂદ્ધના અનુકરણનો' આવું કહેનારા કેવા છલવાદી છે. કોઇએ પણ આજ્ઞા વિરૂદ્ધ અનુકરણીયતા માની જ નથી. શ્રી હરિભદ્રસૂરિજી તો ज्ञापकं चात्र भगवान् કહીને વ્યવસ્થા કરે છે.

૧૨ 'સંપૂર્ણ અનુકરણ બીજા કોઈ પણ જીવને શક્ય જ નથી' આ બોલનારો અંશે અનુકરણની શક્યતા માનવા સાથે અનુકરણીયતાને માને જ.

૧૩ 'બીજા આત્માઓ જે ભવમાં સમ્યક્ત્વ પામે તેજ ભવમાં મુક્તિ પણ પામે એ શક્ય છે' આ બોલનારે ગણધર નામકર્મ જાણ્યું નહિં હોય. તેવામાં પણ તે ભવે મોક્ષે ન જ જાય.

૧૪ 'બીજા જીવોને માટે એવો નિયમ નહિ' તે ભવે દેશવિરતિ આવે નહિ. એવું કહેનારે અવધિજ્ઞાનના પ્રતિપત્રો સર્વે દેશવિરતિના અપ્રતિપદ્યમાન જ હોય એ નથી જાણ્યું.

૧૫ 'લોકાંતિક દેવો આવીને પ્રાર્થના કરે જ બીજાઓ માટે એવો નિયમ નહિં' આ કહેનારે નિયમનું લક્ષણ જે પાક્ષિકપણું હોય ત્યાં થવા રૂપ છે તે જાણવું.

૧૬ અમુક વાત અનુકરણમાં અશક્ય હોય તો પણ યોગ્ય છે એવું માની અનુકરણીય છે એમ ન માને તે તો જિનનામને બાંધવાના સાધનોને નહિ માનનાર ગણાય.

૧૭ ભગવાન ચરિત્ર લેતાં ભંતે નથી જ બોલતા એમ કહેનારે નિર્યુક્તિ જોવી.

૧૮ ગર્ભમાં કરેલ દીક્ષાનિષેધના અભિગ્રહને શાસ્ત્રકારો મોહના ઉદયથી અને તે રાખવા માટે જણાવે છે છતાં આખા ભવની ક્રિયા ઉચિતની જગો પર આચરણીય કે આરાધ્ય ગણી લે તેની શી બુદ્ધિ ?

૧૯ આજ્ઞાથી વિપરીત નહિં એવા વર્ત્તનને અનુકરણ કહે તો કબુલ છે, આવું કથન હૃદયથી હોય તો કદાગ્રહ નહિં ગણાય.

૨૦ આચરણા ઉડાવવાવાળા માટે અનુકરણનો નિષેધ વ્યાજબી જ છે.

૨૧ અશક્યને પણ અનુકરણના નામે કરનાર દિગંબરોની હકીકત ન સમજે તેજ આજ્ઞા માનવાપૂર્વક ભગવાને અનુકરણને માટે કરેલ અથવા આચાર્યોએ સ્પષ્ટપણે કહેલ અનુકરણને અમાન્ય ગણે.

૨૨ આચાર્યમહારાજ તીર્થંકરના અનુકરણના થી જ કેવલ અર્થ આપે છે. ભગવાને સપાત્ર ધર્મ કહેવા માટે જ પાત્રમાં પારણું કર્યું છે એ વગેરે અનેક વસ્તુ છે અને તેના શાસ્ત્રપાઠો જાહેર થયા છે છતાં આડાઅવળા જવા સાથે પુછ પકડનાર થાય તેને તેવા કર્મોદયવાળો ગણી ઉવેખવો યોગ્ય છે અને ઉવેખવો જ પડે. (રા.વી.વ.)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(અનુસંધાન પાના ૩૮૪નું)

વગર સમજ્યે વગર વિચારે રૂપરંગ જાણ્યા વિના આંખો મીંચીને સાચું મોતી વીણી લાવ્યો, ફેંકી દો એને ઉઠાવીને બહાર ? અને શા માટે એ મોતીને તમે ફેંકી દેતા નથી ?

## એ મોતીને ફેંકી દો.

આ પ્રસંગે તમે અંધશ્રદ્ધાને કિંમતી ગણો છો. અહીં તમે જેણે અંધશ્રદ્ધા ચલાવી તેને નસીબદાર માનો છો અને તેના ઓવારણા લો છો પણ અંધશ્રદ્ધાથી કોઈ સુધર્મને ઉંચકી લે છે તો તેને તમે વખાણતા નથી, પરંતુ અંધશ્રદ્ધાળુ કહીને તેની નિંદા જ કરવા તૈયાર થાઓ છો. એના ઉપરથી સ્પષ્ટ રીતે માલમ પડે છે કે જેઓ અંધશ્રદ્ધાને નામે બીજાને હસે છે તેમનું લક્ષ્ય જ પૌદ્ગલિકપદાર્થો ઉપર છે. તેઓ ધર્મ કરતાં મોતીને જ મૂલ્યવાન ગણે છે અને તેથી જ મોતી મળે તેની કિંમત આંકે છે. પરંતુ અંધશ્રદ્ધાએ ધર્મ મળ્યો તો એ અંધશ્રદ્ધાને માન્ય રાખતા નથી! બાળક અંધશ્રદ્ધાથી મોતી જાણીને મોતીને ઉંચકી લાવ્યો તે મોતીના રૂપરંગ આકાર કાંઈ જાણતો નથી, છતાં તેને મોતી લાવવા માટે તમે શા માટે ભાગ્યશાળી ગણો છો ? તેવા છોકરાને કદી આમ કોઈએ કહ્યું છે કે, “હજામ! મોતીના રૂપરંગ આકાર કિંમત કાંઈ પણ પારખ્યા વિના આંધળી શ્રદ્ધાથીજ એને કેમ ઉંચકી લાવ્યો ?”

## ચિંતામણીરૂપ ધર્મ

તમારા બાળકની ઉપરોક્ત બનાવની અંધશ્રદ્ધાથી થઇ હોય તો તેને વખોડો છો ? આ તે તમારો કેવો ન્યાય ? તમે મોતીની પરીક્ષા કરીને મોતી લાવો તો તેમાં તમારી અક્કલ હોંશિયારી તમારી બુદ્ધિની બલિહારી ગણાય છે, પરંતુ જો બાળક મોતી લઈ આવે તો તેમાં આપણે તેના ભાગ્યની બલિહારી ગણીએ છીએ. એજ પ્રમાણે કોઇ અજ્ઞાની આત્મા છે તેને જીવ અજીવનું જ્ઞાન નથી, ધર્માધર્મની માહિતી નથી. ધર્મથી કલ્યાણ થાય છે કે અકલ્યાણ તેનું તેને જ્ઞાન-ભાન નથી, નિર્જરા, સંવર, પુણ્ય, ઈત્યાદિ કેવી રીતે બને છે તેને તે જાણતો નથી, છતાં એવાના હાથમાં ચિંતામણી રૂપ સાચો ધર્મ આવી જાય તો તેને આંધળો છતાં સાચો ધર્મ લઇ આવ્યો એમ કહીને તેની પ્રસંશા કરવાની કે તેને ખાસડું મારવાનું ? હીરા, મોતી, સોનું, પન્ના એને જ ઓળખે છે તેને તમે પરીક્ષા કરીને રત્ન લાવવા માટે વખાણો છો, પરંતુ અજાણ્યો બાળક સાચો હીરો લઇ આવે તો તમે એને વખાણને પાત્ર માનો છો, એટલું જ નહિ, પણ તેને વળી ઉપરથી ભાગ્યશાળી પણ ગણો છો! તો પછી એજ હિસાબે જે અજ્ઞાનપણે સાચો ધર્મ પણ લઈ આવે તે શા માટે વખાણને પાત્ર અને ભાગ્યશાળી ન ગણાય વારૂ ?

## આનંદ ક્યારે થાય ?

જે ધર્મની કિંમત જાણે છે, જે દેવને ગુરૂને, તત્ત્વને, સાચા સ્વરૂપમાં સમજે છે તેવા આત્માઓ

ધર્મને માર્ગે વળે છે. તેથી તેમને અત્યંત આનંદ થાય તેનો ખ્યાલ કરો. એક માણસ દરરોજ ઉપાશ્રયે આવતો હોય, વ્યાખ્યાન સાંભળતો હોય, તેને તમે દરરોજ આવતો જતો જુઓ છો એવામાં એક એવો માણસ તમારી નજરે પડે છે કે જે કદી ઉપાશ્રયમાં પગ પણ ન મૂકતો હોય અને વરસના ત્રણસોને સાંઠ દહાડામાં ફક્ત એકજ દહાડો ઉપાશ્રયે આવતો હોય! તમે આવા માણસને એક સામાન્ય દહાડે ઉપાશ્રયે આવતો જુઓ એટલે ભાગ્યશાળી કહો છો, એને ભાગ્યશાળી કહીને તમે પેલા દરરોજ આવનારાને આડકતરી રીતે દુર્ભાગ્યશાળી કહો છો, તો હવે તમે ડાહ્યા ગણાશો કે મૂર્ખ ગણાશો ? અજ્ઞાન બાળક હીરા શોધી લાવે તો તેની બલિહારી ગણાય છે તેજ અપેક્ષાએ અજ્ઞાન માણસ પણ ધર્મ કરે તો તેને પણ આનંદની જ પ્રાપ્તિ થાય છે.

## વધારે આનંદ કેમ ?

તમે શ્રાવક છો તમે દેવ શું ? ગુરૂ શું ? એ બધું સમજો છો તથા યાવત્ પોસહઉપધાન આદિ પણ નિયમિત કર્યા જાઓ છો. તમો આ બધાને છેડે ચારિત્રપણ ગ્રહણ કરી લો તેથી તમોને જે આનંદ થાય છે તેના કરતાં સેંકડો અને લાખો ગણો આનંદ એક વૈષ્ણવ જો કંદમૂળના પચ્ચક્ખાણ લે તો તેને પણ થાય છે. બારે દહાડા માટી ખાઈને પેટ ભરનારો મુસલમાન અહિંસાવ્રતધારી થઈને માટી ખાવાનાં પચ્ચક્ખાણ લે છે તેથી તે પણ આનંદ પામે છે. અને તેને એવી દીક્ષા આપવા માટે તમે પણ આનંદો છે! સર્વવિરતિની દીક્ષા લેતાં દેખી તમોને જેટલો આનંદ થાય છે તેથી વધારે આનંદ તમોને એકાદ મીયાંની શુદ્ધિ કરીને તેને માટી ન ખાવાની પ્રતિજ્ઞા લેવાડવાથી થાય છે, આ સંયોગોમાં વધારે આનંદ થાય છે, આ સંયોગોમાં વધારે આનંદ શા માટે થાય છે તે વિચારો! જે દેખી શકે છે, જેને આંખો છે, જેનામાં દૃષ્ટિ છે, તે તો નજરે દેખીને સુમાર્ગ ગ્રહણ કરે તેમાં કાંઈ આશ્ચર્ય છેજ નહિ! એતો કુદરતી છે. એટલે તેવા બનાવ પ્રસંગે તમારો આનંદ મર્યાદિત હોય છે, પરંતુ જે આંધળો છે જેની આંખો નાશ પામી છે, જે નિહાળી શકતો નથી, તેવો આત્મા સુમાર્ગ ગ્રહણ કરે તો તે જરૂર અભિનંદનને પાત્ર ઠરે જ છે! અજ્ઞાન છતાં સુદેવને પૂજે તેનીજ મહત્તા જ છે.

ધારો કે એક આંધળો અને એક દેખતો બંને જંગલમાં જાય છે. અરણ્યમાં જઈને તેઓ દૈવયોગે છૂટા પડી જાય છે! હવે છૂટા પડેલા તેઓમાંથી એક દેખતો જેની આંખો સુંદર છે તે માર્ગને શોધતો અરણ્યમાંથી શહેરમાં આવી પહોંચે છે. બીજો આંધળો છે જેની શક્તિ નાશ પામી છે, જે કદી સારો માર્ગ શોધી શકે એવો નથી, તેવો આત્મા પણ સ્વપરિશ્રમને સેવતો અને માર્ગને શોધતો શહેરની અંદર આવી પહોંચે છે. તો પછી તમે એ દેખતાની વધારે પ્રસંશા કરશો કે આંધળાની ? દેખતો તો સમર્થ છે જ્યારે આંધળો તો અસમર્થ છે. જેથી આપણે

દેખતાની જેટલી પ્રસંશા નથી કરતા તેટલી આંધળાની કરીએ છીએ. એજ ન્યાયે દેખતા-જ્ઞાનવાળા, સુદેવ અને સુગુરૂને માનનારાઓ થઈ સત્યનો રાહ ગ્રહણ કરે એ તો સામાન્ય છે, પરંતુ અંધ અર્થાત્ અજ્ઞાનવાળા, તથા કુદેવ, કુધર્મ અને કુગુરૂના અનુયાયીઓ થયેલા સત્યધર્મને ગ્રહણ કરી લે તો અવશ્ય તેઓ વધારે અભિનંદનના પાત્ર જ છે. અર્થાત્ શ્રદ્ધાવાળા જે શ્રદ્ધા રાખે છે તે વિચારપૂર્વક ખાતરી કરીને પગલું ભરે છે, ત્યારે અંધશ્રદ્ધાવાળા માત્ર વિશ્વાસથી આગળ વધે છે, આવા સંયોગોમાં તે અંધશ્રદ્ધાવાળાનો ભોગ અને સાહસ અવશ્ય પ્રમાણમાં અધિકજ છે.

### અજ્ઞાનતાએ મેળવેલો સુધર્મ

જેમ અજ્ઞાનપણે મોતીને ઉઠાવી લાવનારને આપણે અરે ગદ્ધા! સમજ્યા વિનાજ મોતી લઈ આવ્યો એમ કહીને બેવકુફ નથી માનતા, તેજ પ્રમાણે અંધશ્રદ્ધાથી પણ ભગવાન શ્રી જીનેશ્વરદેવના વચન ઉપર જે વિશ્વાસ લાવે છે તે મૂર્ખો નજ ગણાવો જોઈએ. અજ્ઞાનપણે મોતી લાવનારાને તો તેજ ઠપકો દઈ શકે છે જેને મોતીની કશી ખબર જ નથી. મોતીને જે જાણતો નથી. મોતીને જે ઓળખતો નથી, મોતીને જે પીછાણતો નથી, જાણ્યા છતાં મોતી લાવે છે તે મોતી અને લાવનાર એ બન્નેને ઝવેરી તો વખાણે જ છે. જેને ઝવેરાતની જ કિંમત નથી તેજ આત્મા અણસમજે મોતી લાવનારને નિંદી શકે. તેજ પ્રમાણે અહીં પણ જેઓ શ્રદ્ધા અને તત્ત્વની કિંમતની સમજણ વિનાના છે તેવા આત્માઓ જ અંધશ્રદ્ધાળુને કે જેઓ શ્રદ્ધાથી જ ધર્મરૂપી પારસમણી મેળવી શકયા છે. તેની કિંમત ન આંકે અંધશ્રદ્ધા યોગ્ય સ્થળે છે કે નહિ એ તેજ સમજવા નથી માંગતો કે જેને શ્રદ્ધાની કિંમતજ નથી!

### ઔષધ કેમ પીઓ છો ?

તમે માંદા પડયા હો તે વખતે દાકતરની દવા પીઓ છો. તમે શરીરવિજ્ઞાનને જાણતા નથી તેમ ઔષધવિજ્ઞાનને પણ જાણતા નથી, તે છતાં દાકતર જે દવા આપે છે તે તમે આંખો મીંચીને પીઓ છો, એ તમે અંધશ્રદ્ધાથી પીઓ છો કે બીજા કશાથી ? અંધશ્રદ્ધા પણ યોગ્ય સ્થળે હોય તો તે ખોટી નથીજ! અલબત્ત! કોઈ એવા વચન પર શ્રદ્ધા રાખે કે મારા ધર્મગુરૂઓ તો આકાશમાં જઈ ઈશ્વર સાથે વાતો કરે છે, સૂર્યચંદ્રાદિઆકાશી પદાર્થોને તોડી ફોડી શકે છે. અથવા તો અજ્ઞાનમૂલક ચમત્કારો કરી શકે છે તેથી તે માનવા લાયક છે તો તે મૂર્ખાઈ છે, પરંતુ આજે સાંજે શ્રદ્ધાથી એમ માનવું કે કાલે સવારે સૂર્યોદય થવાનો છે, એમાં તો અંશમાત્ર પણ શ્રદ્ધા દોષવાળી નથી! પ્રત્યેકસ્થળે અંધશ્રદ્ધાને તો તે જ વખોડી શકે છે કે જેને શ્રધ્ધાની જ કિંમત નથી! એજ રીતે મૂર્ખતાને પામેલા પેલા કાળોદાઈ સેલોદાઈ મહુકને પૂછે છે કે જો તું ધર્માસ્તિકાય વગેરેને માનતો રહ્યો છે તો તું એને દેખ્યા વિના કેવી રીતે માને છે ? મહુક કહે છે કે પેલા ફુલોની ગંધ તમો દેખો છો ? નથી દેખતા, છતાં ફુલોની સુગંધ આવે છે એ વાતને તમો કેમ માન્ય રાખો છો એ જ રીતે

હું પણ એ વાતને અણદીઠે પણ માન્ય રાખું છું કે ધર્માસ્તિકાયાદિ ત્રણેની અહીં હસ્તી છે.

## શું નજરે દેખાય તેજ સત્ય ?

સમજુ આત્મા જે દેખાય તેટલું જ સત્ય, અને જે નથી દેખાતું તે અસત્ય, એવું કદી પણ માની શકતોજ નથી. નજરે દેખ્યા વિના પણ જે કાર્ય કારણદ્વારાએ સત્ય છે તે માનવું જ પડે છે. પ્રકાશના કિરણો ઘરમાંથી જુઓ છો, છતાં સૂર્યને ન દેખો તોપણ આકાશમાં સૂર્ય છે એ વાત માન્ય રાખો છો. પર્વત ઉપરથી નીકળતો ધુમાડો દેખો છો તેટલા ઉપરથી પર્વત ઉપર અગ્નિ છે એ વાતને તમે સ્વીકારો છો ફુલની સુવાસ જ માત્ર તમે અનુભવો છો છતાં તે પરથી ફૂલોનું અસ્તિત્વ તમે માનો છો, અર્થાત કાર્યકારણના સંબંધદ્વારાએ તમે વસ્તુના અસ્તિત્વને માનો છો, આવીજ રીતે કાર્યકારણ દ્વારાએ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ઇત્યાદિને માનવા જ પડે છે. લોકના આકાશનો છેડો છે, એમ તમે માનશો કે નહિ ? અર્થાત્ તમે નજરે નિહાળ્યા વિના લોક આકાશનો છેડો છે એમ માનો છો કે નથી એમ માનો છો ? તેમ કહેશો જ કે લોક આકાશનો અંત તેનો છેડો નથી, હવે વિચાર કરો કે જો લોક આકાશનો છેડો હોય તો આકાશમાં સ્કંધો સંઘટિત કેવીરીતે રહી શક્યા છે તે વિચારો. આ વાત માત્ર કેવળ ધર્મની નથી, પરંતુ જેમ ધર્મની છે તેજ પ્રમાણે તર્કની પણ છે અને તર્કબુદ્ધિએ પણ જે કોઇ આ પ્રશ્નનો વિચાર કરશે તેને આકાશાંત વસ્તુ માનવી જ પડશે.

## જગત્‌ની હદ છે ખરી કે નહિ ?

જો લોક આકાશનો અંતજ ન હોય તો તે આકાશમાં એકેએક પુદ્ગલ છુટો રહી શકે જ નહિ. એ તમારે સમજવું જોઇએ. તમે જો એમ માનશો કે આ સંસારની હદ જ નથી તો પછી તમારે એમ માનવું જ પડશે કે આ સંસારના એકેએક પરમાણું છુટા ફર્યા જ કરે છે, પરંતુ જો જગત્‌ના પરમાણુ છુટા ફર્યા જ કરે તો ખ્યાલ કરો કે તેમનો સંયોગ થવાનો વખત જ કેવીરીતે આવી શકે ? જો જગત્‌ને અંત વિનાનું માનશો તો એ અંત વિનાના જગત્‌માં પરમાણુઓ વિખુટા થઇને ફર્યા જ કરશે, તેમને એકત્ર થવાપણુ જ નહિ રહેશે, અને તેમ થશે તો પાટ વિગેરે વસ્તુઓની બનાવટ પણ અશક્ય થઈ જશે! આ જીવો એકઠા થાય છે પરમાણુઓ એકઠા થાય છે એથી સાબીત થાય છે કે જગતની કોઇ હદ છે, હવે જો તમે જગતની હદ છે એમ માન્ય રાખો તો તમારે તેની સાથે જ બે વસ્તુ માન્ય રાખવાની છે કે (૧) જ્યાં સુધી આપણે હદ માન્ય રાખી છે ત્યાં સુધી જવાનો રસ્તો છે અને જ્યાં હદનો અંત આવે છે ત્યાંથી આગળ જવું અશક્ય છે. જે જગતને સીમાંત માને છે તેને આ સીમાંતાવલંબિત બે વાતો માનવી પણ ફરજીયાત છે.

## જગતનો અંત છેજ.

તમે એમ માનો કે હદ સુધી જવાની સગવડ છે, અને પછી ત્યાંથી આગળ જવાની સગવડ

નથી. તો પછી તે સાથે તમારે એ વસ્તુ માનવી પણ ફરજીઆત છે કે હદ આગળ રોકાવાની વિરામ પામવાની પણ સગવડ છે. જો તમે સંસારના છેડા સુધી જવાની સગવડ માનશો, સંસારને સીમાંત માનશો, પરંતુ તેમાં રહેવાની સગવડ ન માનો તો પરિણામ એ આવે કે બધા જીવો અને પુદ્ગલોને સંસારને છેડે જ એકઠા થઈ જવું પડે! જગતમાં એવી પણ એક શક્તિ છે કે જે ગતિની વખતે ગતિમાં અને સ્થિતિની વખતે સ્થિતિમાં જગા આપે છે, આથી એ સઘળા પદાર્થોને તમારે જગતના કોઈ પણ વિજ્ઞાનશાસ્ત્રીને માનવા જ પડે તમે એને નામ ગમે તે આપો, ગમે તે શબ્દે એને ઓળખો, પણ એ પદાર્થોનું અસ્તિત્વ તો તમારે માન્ય રાખે જ છુટકો છે, સંસારના સઘળા પદાર્થોને તમે માનો છો, એ પદાર્થો હરે ફરે છે એમ તમે માનો છો, તો પછી તમારે એવી માન્યતા રાખવી પણ કર્તવ્ય તરીકે છે કે એ પદાર્થોને હરવા ફરવામાં મદદ કરનારો પણ કોઈ પદાર્થ હોવો જ જોઈએ. આવી રીતે અનુમાન દ્વારાએ આપણે એ પદાર્થો સાબીત કરી શકીએ છીએ.

## અહીં એટલે ક્યાં ?

જેઓ આ વસ્તુને સ્વીકારવાની ના પાડે છે તેઓ પણ પોતાના નિત્યના શબ્દપ્રયોગો વગેરે એવી રીતે કરે છે, જેથી એમને સહજ આપણી વાત સ્વીકારવીજ પડે છે. તેઓ કહે છે કે 'અહીં આવ!' તો હવે વિચાર કરો કે અહીં એટલે ક્યાં ? શું 'અહીં' એટલે બોલનારાના કાલજા ઉપર, એવો તેનો અર્થ કરાશે ? નહિં ! માટીના અમુક ઉપરના ભાગ માટે આપણે 'અહીં' એ શબ્દ વાપરીએ છીએ. હવે જેઓ આકાશને જ ન માનવાનો દાવો કરે છે તેવો આ 'અહીં' શબ્દનો પ્રયોગ શી રીતે કરી શકે છે તે વિચારો. જેઓ અહીં શબ્દનો પ્રયોગ કરે છે તેઓએ શબ્દ દ્વારા આકાશને માન્ય રાખેલું જ છે. આ રીતે કાર્યકારણદ્વારાએ આપણે ધર્માસ્તિકાયાદિપણે તે કબુલ કરાવ્યા. મહુક આજ રીતે પેલા મિથ્યાત્વીઓને કબુલ કરાવે છે. પરંતુ તે જુઠું એવું અડાવી દેતો નથી કે હું એ બધાને દેખું છું અને દેખીને એ પ્રમાણે કહું છું. તેણે એવો જવાબ આપ્યો હોત કે ધર્માસ્તિકાયાદિને સ્વયં હું દેખી શકું છું, અને હું દેખીને એ સઘળાને માનું છું તો તેથી સેલોદાઈ કાલોદાઈની જાળમાં તે સપડાઈ જાય એવો તો સંભવ જ ન હતો.

## મહુકે શું કહ્યું ?

મહુકે કહ્યું હોત કે હું એ સઘળું દેખું છું અને તે પ્રમાણે માનું છું, તો તરત જ સેલોદાઈ કાળોદાઈ તેને એવો પ્રશ્ન કરત કે "ક્યાં છે એ ધર્માસ્તિકાયાદિ ? અને જો એ તું જોઈ શકે છે તો અમોને પણ બતાવ" તો આ પ્રશ્ન ઉપર મહુક એવો જવાબ આપી શક્યો હોત કે મારી દૃષ્ટિ શુદ્ધ છે માટે એ સઘળું હું દેખી શકું છું, પરંતુ તમારી દૃષ્ટિ હજી અશુદ્ધ છે માટે તમે દેખી શકતા નથી. તો કાળો-સેલોદાઈનો આ બાબતમાં સંપૂર્ણ પરાજય જ થવા પામ્યો હોત! એકની દૃષ્ટિ શુદ્ધ હોય નિર્મળ હોય અને તે અમુક ચીજ દેખી શકે તેથી તે ચીજ અનિર્મળદૃષ્ટિવાળાને

પણ દેખાવી જ જોઇએ એવું નથી. ચોક્ખીદૃષ્ટિવાળાને જે એક ચીજ દેખાય તેજ ચીજ અશુદ્ધદૃષ્ટિવાળાને ન દેખાય, પરંતુ તેમાં દુષ્ટદ્રષ્ટિવાળાનો દોષ નથી જ! ધારો કે બીજનો ચંદ્રમા આકાશમાં ઉગ્યો હોય તો એ નાનું ચંદ્રબિંબ શુદ્ધદષ્ટિવાળાને દેખાય છે. ઝાંખીદષ્ટિવાળાને એ સુરમ્યચંદ્રબિંબ પણ દેખાતુંજ નથી. પરંતુ તેથી શુદ્ધદષ્ટિવાળો જે હોય તેનો કોઇ થોડો જ દોષ કાઢે છે?

### આંખે ઝાંખ હોય તો ?

આંખે ઝાંખ ન હોય તે ચંદ્રને દેખે અને જહેની આંખે ઝાંખ હોય તે ચંદ્રને ન દેખે, તેથી એમ નજ કહી શકાય કે આંખે દેખનારો જ ઝાંખવાળો છે, અથવા એમ પણ ન કહી શકાય કે જે ચંદ્ર દેખતો મનુષ્ય જુએ છે તે ચંદ્ર ઝાંખવાળો મનુષ્ય જોઇ શકતો નથી, માટે ચંદ્રજ ન હોવો જોઇએ! આ ઉપરથી સ્પષ્ટ છે કે પોતાના દૃષ્ટિદોષથી બીજાને દેખાતી વસ્તુ તમે ન જોઇ શકો એ તમારો દોષ છે. એથી બીજો દોષપાત્ર નથી. તેમજ તમે દૃષ્ટિદોષથી ન જોઇ શકો તેથી વસ્તુનું અસ્તિત્વપણ નથી એમ સિદ્ધ થઇ શકતું નથી. આ તો સ્થૂલ વસ્તુદર્શનની વાત થઈ, હવે માનસિકદર્શનની વાત કરો. માનસિક ચીજ તમે દેખો તે પણ તેજ દેખી શકે છે કે જેમાં તમારાં મનઃચક્ષુ ખુલી ગયાં છે. તમે સ્વપ્ન દેખો છો તમારૂં એ સ્વપ્નદર્શન સત્ય છે, તમારા એ સ્વપ્નદર્શનને કોઇપણ અસત્ય છે એમ ન કહી શકે. કારણ કે સ્વપ્ન એ તો બધાના અનુભવની વાત છે. હવે તમે સ્વપ્ન દેખો અને બીજાને કહો કે ભાઇ! મેં તો ફલાણા દશ્યોવાળું સ્વપ્ન જોયું. આ સ્વપ્નની વાત માત્ર તમેજ દેખી છે બીજાએ તે દેખી નથી!

### બીજાને સ્વપ્નું બતાવી શકાય ?

હવે પેલો સાંભળનારો તમોને એમ કહે કે મને તે સ્વપ્નું બતાવ તોજ તને આવેલું સ્વપ્નું હું સાચું માનીશ, નહિ તો તારૂં સ્વપ્નું સાચું છે એમ માનવાનો નથી! તો આ પ્રસંગે તમારૂં સ્વપ્નું અસ્પષ્ટ હતું અથવા તમોને સ્વપ્ન આવ્યું જ નહોતું એમ કોઇ કહી શકે નહિ. સ્વપ્નું આવ્યું હતું એ વાત તો સ્પષ્ટ જ છે. પરંતુ એ સ્વપ્ન જોવાની બીજામાં તાકાત ન હતી, તેથી જ તેઓ એ સ્વપ્નને જોઇ શક્યા નથી, એવીજ રીતે મદ્રુકે કહ્યું હોત કે હું શ્રદ્ધાવાળો છું તેથી ધર્માસ્તિકાયાદિ દેખું છું અને તમે અશ્રદ્ધાવાળા છો તેથી એ દેખતા નથી, તો તેથી મદ્રુકને જુઠા ઠરવાનો પ્રસંગ ન હતો, છતાં મદ્રુકે એવું જુઠું કહ્યું નહોતું, એટલુંજ નહિ, પરંતુ ભગવાન મહાવીરે પણ તેને એવોજ ઉપદેશ આપ્યો હતો કે "હે મદ્રુક! જો તું એવું બોલ્યો હોત કે હું તે સઘળું દેખું છું અને દેખીને તે પ્રમાણે માનું છું, તો તું અનંતા ગણધરો, તીર્થંકરો, સિદ્ધો અને શ્રુતની આશાતના કરનારો જ થયો હોત! યુક્તિથી, દલીલોથી અને પ્રમાણથી માણસને સત્યધર્મ ઉપર લાવવો એ વાત આ શાસનમાં છે, પરંતુ શાસનના પ્રચારને માટે જુઠું બોલવાનો ધર્મ આ જૈનશાસનમાં નથી!

**ધર્મોની ખેંચાતાણ !**

આજે વિદેશના અને દેશના અનેક ધર્મો છે કે જેમનાં મીશનો આ દેશના આર્યોને પોતાના ધર્મોમાં ખેંચવાના યત્નો કર્યાજ કરે છે. એવાઓને હાથે ભગવાનમહાવીરની નિંદા કરનારાં અસંખ્ય પુસ્તકો નીકળ્યાં છે, પરંતુ જૈનશાસ્ત્ર એવા પુસ્તકોની સામે પણ એવા જાુઠાણાં ફેલાવવાની રજા આપતું જ નથી, અલબત્ત જૈન શાસનની સારી વાતો બહાર પાડવાની અને બીજાના ધર્મોની નિંદિત વાતો પ્રકટ કરવાની સત્યાસત્યની જાણ માટે આ શાસનમાં છુટ છે, પરંતુ પેટના કૂવામાં રોટલીના ટુકડા નાંખીને, એક હાથમાં ધર્મગ્રંથ અને બીજા હાથમાં તલવાર લઈને અથવા જાુઠું બોલીને કામ લેવાની આ શાસનમાં છૂટ નથી! વાસ્તવિક રીતે જાુઠું બોલવાનો તો આ શાસનમાં કડક નિષેધ જ છે. તેમ દસ રૂપીયા આપ્યા હોય તે વસુલ લેવા વકીલના અને સ્ટામ્પના પંદર રૂપીયા ખરચી કોર્ટે જાઓ અને ત્યાં તમારો પ્રતિવાદી જાુઠું અને જરૂરનું લઈ આવે તો તે તમોને ધપ્પો મારી જાય! કદાચ એવું પણ બને કે તમારો દાવો નીકળી જાય. આ શાસન એવું પવિત્ર છે કે તેમાં ગમે એટલું જાુગતું હોય તો પણ તે જાુઠું હોય તો નકામું જ ગણે!

**અનંતા સિદ્ધો છે.**

હવે બીજી વાત વિચારોઃ મટુક કદી આટલું જાુઠું બોલ્યો હોત તો તેથી તેણે અનંત તીર્થંકરો વગેરેની આશાતના કેવીરીતે કરી હોત ? ઠીક. તમારી સામે એક લાલ દાબડી છે. જગતે એને લાલ માની છે અને તેનો રંગ નિઃસંશય લાલ છે હવે તમે એ દાબડીને પીળી છે એમ જાહેર કરો એનો અર્થ એ છે કે તમારી દૃષ્ટિએ જેમણે જેમણે એ દાબડીને લાલ કહી હતી, લાલ કહે છે, અને લાલ કહેશે તે બધા જાુઠા છે !! એજ સ્થિતિ અહીં પણ છે. આ શાસનમાં અનંતા સિધ્ધો છે. ઈત્યાદિ કેવળજ્ઞાની જ્ઞાનથી જાણે છે, વળી તેઓએ એ પણ પ્રકટ કર્યું છે કે છદ્મસ્થો અરૂપીને દેખી શકતા નથી. ભગવાનતીર્થંકરદેવોનું એ કથન ગણધરભગવાનોએ ગુથ્યું છે. શ્રુતકેવળીઓએ પણ એજ વાત પ્રરૂપી હોવાથી તેનાથી પોતાને વિપરીત અનુભવ થયાનું જેઓ અજ્ઞાનતાથી જાહેર કરે તેઓ પરોક્ષ રીતે એજ વાત જાહેર કરે છે કે શ્રુતકેવળીઓ જાુઠા છે. અર્થાત શાસ્ત્રવચનથી મિથ્યા બોલનારો આ રીતે શાસ્ત્રની અને તેના પ્રવર્તકો અને પ્રરૂપકોની આશાતના કરે છે એ સ્પષ્ટ થાય છે.

**"પોતે ડુબે ને દૂનિયાને ડુબાવે !"**

આજ દૃષ્ટિએ તમે જોશો તો સ્પષ્ટરીતે જણાઈ આવશે કે તીર્થંકરમહારાજાઓએ જે વસ્તુ છાંડવા લાયક જણાવી છે તેને તેવા સ્વરૂપમાં જેઓ પ્રતિપાદતા નથી અને તેને આદરવા લાયકપણે કહે છે તે આત્મા અનંતાકેવળીની, અનંત તીર્થંકરભગવાનોની, અનંતસિદ્ધોની અને અનંતશ્રુતકેવળીઓની આશાતનાજ કરે છે, પોતે મહાપાપનો ભાગી બની કર્મબંધો વધારે છે. પોતે

કુવામાં પડે છે અને સાથે પોતાના અનુયાયીઓને પણ લઈને જ પડે છે, અર્થાત્ પોતે ડુબે છે અને બીજાને પણ ડુબાવે છે. ભગવાન શ્રીજીનેશ્વરદેવો એ જે બતાવ્યું છે તેઓએ જે સાધ્ય ઠરાવી આપ્યું છે તે જ વસ્તુનું નિરૂપણ કરવું એ જૈનગુરૂનું કાર્ય છે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ગુરૂતત્ત્વનો આધાર દેવતત્ત્વ ઉપર જ છે. દેવતત્ત્વનો આધાર ગુરૂતત્ત્વ ઉપર નથીજ. ગુરૂ પાવડી પહેરીને રંગભુવનમાં બેસીને બોલે એટલે આકાશમાંથી ભગવાન તે વાત સત્ય કરવાને નીચે ઉતરી આવે અને લીલા કરવા મંડી જાય એવા આ શાસનમાં નથી! અહીં તો એક જ વાત છે કે દેવતત્ત્વે જે પ્રકાશમાં આણ્યું છે તે જ વાત ગુરૂતત્ત્વે પ્રચારમાં આણવાની છે.

### આત્માની સર્વોત્તમતા.

ભગવાન શ્રીજીનેશ્વરદેવે જે સાધ્ય વસ્તુ બતાવી છે એ સાધ્યની સિદ્ધિને માટે જે સાધનો બતાવ્યા છે તેજ આદરવું તે ધર્મ છે. માટેજ ધર્મની પણ કોઈ આધારભૂત વસ્તુ હોય તો તે દેવ છે. અર્થાત્ ધર્મનો આધારભૂત દેવ છે. આજ કારણથી ભગવાન્શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ અષ્ટકજીપ્રકરણમાં દેવસ્વરૂપનું અષ્ટક પ્રથમજ કહ્યું છે, અને તે જણાવતાં તેમાં એવું કથન કર્યું છે કે જિનેશ્વર કેવળીઓ કેવળી ન થયા હોયતે સ્થિતિમાં પણ ઉત્તમ હોય છે. પહેલા શ્લોકથી એ અષ્ટકમાં ભાવીકેવળી મહારાજાઓ કેવળીદશામાં ન હોય તે સમયનું પણ તેમનું ઉત્તમપણું જણાવ્યું છે. તે કેવળીભગવાનોની કૈવલ્યાવસ્થાથી કેવલત્વપૂર્વકાળદશાની આત્માની ઉત્તમતા સ્વીકારવામાં તો કોઈને કશો વાંધો હોઈ શકતોજ નથી તે તો બધા સ્વીકારે છે. પરંતુ તે છતાં કોઈ એવો પ્રશ્ન ઉઠાવશે કે જિનકેવળી મહારાજાઓનો આત્મા સર્વોત્તમ છે એ વાત તો સાચી છે, પરંતુ તેથી સામાન્ય જનતાને સો લાભ છે ? સામાન્યજનતાને તો એ આત્માની સર્વોત્તમતા ત્યારેજ લાભ આપે છે કે જ્યારે એ આત્માની મહત્તાથી તેમને કોઈપણ ઐહિક અથવા તો આમુષ્મિક લાભ થાયછે. તમે વિચાર પૂર્વક જોશો તો તમોને માલમ પડી આવશે કે એમના આત્માથી સામાન્યજનતા પણ જરાતરા નહિ, પરંતુ ભારે લાભ મેળવવા પામે છે.

### પણ એનો લાભ શું ?

આ સંસારનો કોઈ આત્મા એમ કહે કે સૂર્ય પ્રકાશિત છે. તો એ વાત તો સાચી છે, પરંતુ એ સૂર્ય ભલેને ચકચકતો હોય તેથી મારે શું લાભ છે? તો આવા શબ્દો બોલનારાને આપણે મૂર્ખો નહિં કહીશું, તેને અક્કલવાળો કહી શકતા નથી, ડાહ્યો માણસ તો સમજે છે કે સૂર્ય પ્રકાશિત છે એનેજ આધારે આ જગત્માં મારો સર્વ વ્યાપાર ચાલે છે અને તેથીજ હું જીવી શક્યો છું એજ પ્રમાણે ભગવાન્ તીર્થંકર દેવોને કેવળજ્ઞાન થયું તેમનો આત્મા મહાન હતો એટલેજ તેમણે એ કેવળજ્ઞાનથી પ્રકાશિત થઈને શાસનની સ્થાપના કરી અને

પરિણામે શાસનસંસ્થાપનથી જગતના આત્માઓના કલ્યાણનો માર્ગ ખુલ્લો થયો, તો હવે આ વાત જાણનારો એમ કેવી રીતે બોલી શકે વારૂં કે આ જગતમાં તીર્થંકરમહારાજોની હસ્તી અને તેમનો આત્મા મહાપવિત્ર અને સર્વગુણસંપન્ન હતો તેથી મને શો લાભ ? અથવા જગતને શો લાભ થયો ? છતાં જે મૂર્ખ આવાં વચનો ઉચ્ચારતો હોય તો તે કેવળ દયાનેજ પાત્ર છે.

ભગવાનના ઉપકારો.

જે આત્મા ડગલે અને પગલે ભગવાન્ તીર્થંકરદેવોનેજ અનુસરે છે. તીર્થંકર વચનનેજ આધારે ડગલે અને પગલે કાર્ય કરે છે, તેમના વચન ઉપરજ શ્રદ્ધા અને વિશ્વાસરાખે છે તેમણે પ્રરૂપેલા મોક્ષનીજ મુરાદને જે સેવતા હોય, તેવા આત્માઓ તો સ્વપ્ને પણ એવા શબ્દો નજ બોલી શકે કે શ્રીમાન્‌જીનેશ્વર ભગવાનોને એટલું જ્ઞાન થયું હતું તેમાં મારે શું ? ચાર શ્લોકોમાં જીનેશ્વરમહારાજાઓના કેવળજ્ઞાનપૂર્વદશાના આત્માની પ્રસંશા કર્યા પછી અને તેમના આત્માની મહત્તા જણાવ્યા પછી હવે પાંચમા શ્લકોથી અષ્ટકમાં શું જણાવવામાં આવ્યું છે તેનો વિચાર કરો. પાંચમા શ્લોકમાં જીનેશ્વરભગવાને કયા ઉપકારો કર્યા છે તે જણાવવામાં આવ્યું છે. સૂર્યનું તેજ આપણા ઉપયોગમાં આવે છે, પરંતુ આપણે એ સૂર્યના તેજ ઉપર આપણો અંકુશ સ્થાપી શકતા નથી, એ તેજ ઉપર મનુષ્યો કાબુ મેળવી શકતા નથી, એ તેજને આધીન થઈને તે પ્રમાણેજ મનુષ્યોને ચાલવું પડે છે, ત્યારે ભગવાનશ્રીજીનેશ્વરદેવોના પ્રતાપને અને તેમના અનુયાયીઓનો કેવો સંબંધ છે તે જોઈએ.

પ્રભાવ ક્યારે માલમ પડે ?

તમે સૂર્યને ત્યારેજ જોઈ શકો છો કે જ્યારે સૂર્યને અનુકૂળ બનો છો, કાચ સૂર્યને અને સૂર્યના પ્રકાશને બંનેને દેખાડે છે, પરંતુ તે માટે તમારે સૂર્યને અનુકૂળ થવું પડે છે. જો તમે ખુદ સૂર્યને કે કાચમાં દેખાતા સૂર્યને અનુકૂળ ન થાઓ, સૂર્યની સ્હામા ન જુઓ, પરંતુ અવળાજ જુઓ, તો તમે સૂર્યને જોઈ શકવાનાજ નથી, એજ પ્રમાણે તમારે જીનેશ્વરભગવાનનો પ્રભાવ સમજવો હોય તો તમારે જીનશ્વર દેવોને પણ અનુકૂળ થવું જ જોઈએ. તમે જો ભગવાનને પણ અનુકૂળ થવા માગતા હો, તેને સન્મુખ થવા માગતા હો તો તે માટે અમુક એકજ વખત અથવા અમુકજ કલાક બસ નથી, એને માટે તો આખો દિવસને રાત ચોવીસે કલાક તીર્થંકર ભગવાનનું આજ્ઞા પાલન કરવુંજ પડશે, તમે એ આજ્ઞા પાલન કરી શકશો ? ચોવીસે કલાક જ્ઞાનાભ્યાસ રાખશો, અને આખી જીંદગી આજ્ઞા પ્રમાણેજ વર્તશો, તોજ તમે ભગવાનને સન્મુખ રાખી શકશો, પરંતુ એમાં પણ એક વાતસમજવાની છે. આકાશનો ચંદ્ર માત્ર જોવાનોજ છે તે મેળવવાનો નથી, એજ પ્રમાણે તમે પણ માત્ર ચોવીસે કલાક

ભગવાનની આજ્ઞામાં રહેવાની માન્યતા રાખો અને તે પ્રમાણેના કાર્યો ન કરો તો તમારી સાનિધ્યતા પણ અર્થહીન છે.

## હતાશ થવાની જરૂર નથી!

તમે બે કલાક સામાયિક પૂજામાં ગાળો, પરંતુ પછી આ આત્મા ઉચ્છ્રૃંખલ થઈને ભટકે છે. આત્મા પૂર્વના કર્મો ગાઢ હોવાથી મલીનતાવાળો બને છે. તેથી તેને ભગવાનની આજ્ઞા પ્રમાણેનો અભ્યાસ બનતો નથી! અને આત્મા એ આજ્ઞારૂપ પણ બની જવાનો નથી. પરંતુ એથી તમારે ગભરાવાની જરૂર નથી. તમે હતાશ ન થશો. તમારી શક્તિપ્રમાણે કાર્ય કરે જજો. તમારો ભાવ હોય તે રીતિએ તમે જો ભગવાનની આજ્ઞાનું પાલન કરો તો અહીં જમા ઉધારનો હિસાબ નથી. તમે ત્રેવીશ કલાક અધર્મ કરો છો, તમે પ્રવૃતિમાં મચ્યા રહો છો, તેવીસ કલાકની પાપની પ્રવૃતિ ચાલુ જ રહે છે, હવે એક કલાક તમો ધર્મની પ્રવૃત્તિ સેવો છો તેથી તમો ધર્મખાતામાં કેવી રીતે દાખલ થઈ શકો ? તેનો વિચાર કરો. તમારે હાથે તેવીસે કલાક સળગતી સગડીરૂપ દેહથી કર્મ કર્યે જાઓ છો અને એક કલાક તમારા હાથે ધર્મ કરાય છે, છતાં તમે એક શરતે ધર્મખાતામાં આવી શકો છો. એ શરત કઈ છે ? અને તમારે એ શરત કેવી રીતે અમલમાં મૂકવાની છે ? એ તમારે વિચારવાનું છે.

## ભાવના શી રાખવી ?

તેવીસે કલાક તમે અધર્મ કરો, અર્થાત્ સંસારની પ્રવૃતિમાં પડેલા રહો, પરંતુ ત્યાં તમારો એવો ભાવ હોય કે મારે કરવા જેવું તો આ નથી, પણ ન છુટકે મારા આત્માની નિર્બળતાએ આ કરી રહ્યો છું અને જો એ છુટી જાય તો તો જરૂર તેને મારા ધનભાગ્ય માનું! મારૂં ખરૂં કર્તવ્ય તો તેજ છે કે હું એક કલાક માટે કરૂં છું !" તે ચોવીસે કલાક કરૂં તો તમે આવા ભાવપૂર્વક યથાશક્તિ ધર્મ કરો તો પણ તમે ધર્મખાતામાં આવી શકો છો, પરંતુ તેમાં તમારે એક વાત યાદ રાખવાની છે કે તમે જેટલું વર્તન કરો જેટલા ધર્મને અનુસરો તે સઘળું ભગવાનશ્રીજીનેશ્વર મહારાજના કથનપ્રમાણે હોવું જોઈએ અને બાકીનું દેશવિરતિમાં કરાતું કાર્ય પણ કાળે વેઠ વળગી રહે છે એવી ભાવનાપૂર્વક હોવું જોઈએ જો તમે આટલી શરત પૂરી કરો તો જરૂર તમે ધર્મખાતામાંજ છો. આજ કારણથી સૂત્રમાં શ્રાવકપણાને પરિણામે ધર્મપક્ષમાં લીધું છે અહીં આ શરત તમારે પાળવાની છે. તમારી શરતનું હાર્દ એ છે કે તમારે આજ્ઞાથી ઉલટું તો કાંઈ પણ નજ કરવું જોઈએ. બીજા ધર્મમાં ઈશ્વરાધનાની વાત જુદી રીતે છે. અને તેઓ આરાધના કરે છે તે પણ જુદીજ રીતે અને જુદા કારણથી કરે છે.

आज्ञाभ्यास

બીજા ધર્મો પોતાના દેવોને ક્યારે આરાધે છે? તેમના દેવો છોકરો છોકરી આપનારા છે. એમ માનીને આરાધે છે આવા છોકરાવાળા દેવોને તેઓ છોકરાં મળ્યાં તેથી આરાધે છે, પૈસા મળે તો આરાધે છે, બૈરી મળે તો આરાધે છે, અથવા તે મેળવવા માટે આરાધે છે અહીં આ વાત છેજ નહિં! આ દેવનો પોતેજ સર્વસ્વ ત્યાગ કરીને બેઠા છે તેમને તમારે કોઈ લાલચે પસંદ કરવાના નથી. કોઈ લાલચથી તમારે તેને પૂજવાના નથી, અથવા કોઈ આશાથી તમારે આ દેવોને આરાધવાના નથી. જીનેશ્વરદેવોને આરાધવાનો એકજ રસ્તો છે અને તે એ છે કે आज्ञाभ्यासः આજ્ઞા પ્રમાણેની તમારી જે પ્રવૃતિ થાય તેજ પ્રવૃતિ તમારે સત્ય અને ધર્મરૂપ માનવાની છે, અને એમ તમારી માન્યતા હોવી જોઇએ અને તે માન્યતા વ્યવહારનો દંભ નહિ, પણ હૃદયનો અવાજ હોવો જોઇએ. આજ્ઞા પ્રમાણે જેટલું બને તેટલું ભલે વર્તો તેને માટે તેવો વાંધો નથી. આજે એક ગાઉ ચાલવાની શક્તિ હોય તો એકજ ગાઉ ચાલો, પરંતુ તમારી ભાવના તો એજ રસ્તે આગળ વધીને આખો માર્ગ પૂરો કરવાની હોવી જ જોઈએ. ભગવાનની આજ્ઞાપ્રમાણેની પ્રવૃતિ એજ ભગવાનને આરાધવાનો સાચો ઉપાય છે. જે ભગવાનના એ તત્ત્વો તરફ દૃષ્ટિ રાખશે અને એ તત્ત્વો તરફ પ્રેમ રાખી તે પ્રમાણે અનુસરશે તેજ કલ્યાણકારી એવા મોક્ષને મેળવીને આ ભયંકર ભવસાગરને તરી શકશે. અને પોતાના આત્માનું શ્રેયઃ કરી તે અન્યોને આદર્શરૂપ બની જશે.


## જિનશાસન રસિકોને વિનંતિ

આપ સારી રીતે જાણો છે કે શ્રી સિદ્ધાચલજીની તલેટી વર્ધમાન જૈનઆગમ મંદિરમાં શિલાઓમાં આગમો કોતરાવીને લગાડવાનાં છે. તે આપની પાસે આગમોદય-સમિતિએ છપાવેલાં આગમોમાંથી જે આગમો વિશેષ સુધારેલાં કે સુધરાવેલાં હોય તે નીચેને સરનામે મોકલવા મહેરબાની કરશો.

લી. કાંતિલાલ

તા.ક. ટપાલ, રજીસ્ટર વગેરે ખર્ચનો બંદોબસ્ત કરવો હશે તે આપનો પત્ર આવેથી કરી શકાશે.

સરનામું : શ્રીવર્ધમાન જૈનઆગમ મંદિર સંસ્થા, પાલીતાણા.

## હું કોણ છું ?

આ મહાભયંકર સંસાર રૂપી સાગરમાં માનવભવ એ રત્ન બરાબર છે * માનવભવ મેળવવાને માટે કઈ મુડીની જરૂર પડે છે ? કાર્ય અને કારણોનો સંબંધ ? કારણ હોય તો કાર્ય થવું જ જોઈએ * માનવભવની મુંડી કેટલી ? જુવાની આવતા સુધી કેટલી મુંડી ખરચાવા પામે છે * આપણી દશા કસ્તૂરીમૃગના જેવી જ છે * દ્રવ્યદયા અને ભાવદયાનો ભેદ * ૫૦૦ બચાવી ૧૫૦૦ આપનારો ૫૦૦ બચાવતો નથી પરંતુ પંદરસો ગુમાવે છે.

### સંસારસાગર

શાસ્ત્રકારમહારાજા ન્યાયાચાર્ય યશોવિજ્યમહારાજ ભવ્યોજીવોના ઉપકાર માટે અષ્ટકજી નામના પ્રકરણનો ગ્રંથ રચી ગયા છે. તેમાં તેઓ એ વાત સૂચવી ગયા છે કે આ ભયંકર ભવસાગર એ એક સાગર - સમુદ્રજ છે. સમુદ્ર જેવો વિશાળ છે તેવોજ આ સંસાર પણ વિશાળ છે. સમુદ્ર જેવો ભયંકર છે. સમુદ્રમાં જેમ પ્રચંડ મચ્છકચ્છપોની વસ્તી હોય છે તેજ પ્રમાણે કામ, ક્રોધ, મદ, મોહ, લોભ આદિ મચ્છકચ્છપોનો આ સંસારસાગરમાં વિસ્તાર છે. જેમ સમુદ્રમાં લુંટારા ચાંચીયા ઇત્યાદિ હોય છે તેવાજ સગાંસ્નેહીરૂપ લુંટારા ચાંચીયા આ સંસારમાં પણ વિદ્યમાન છે, અને જેમ એ સમુદ્રમાં પડેલી એક વસ્તુ પડયા પછી તે હાથે ચઢવી દુર્લભ છે તેજ પ્રમાણે જો માનવભવરૂપી રત્નને આપણે આ સંસારસાગરમાં ખોઇ નાખીએ તો તે ફરી પામવું અતિમુશ્કેલવાત છે. હવે અહિં તમારે મુખ્ય એ વાત સમજવાની જરૂર છે કે ખોઇ નાંખેલો માનવભવ પુનઃ મેળવવો એ શાસ્ત્રકારોએ મહામુશ્કેલ વાત છે એમ શા માટે અને શા આધારે કહ્યું છે ?

### માનવદેહની મુડી.

માનવભવ મળ્યો છે એ વાત તમે બધા જાણો છો. માનવભવ મળે છે એ જોઈને તમે ખુશ થાઓ છો. પરંતુ એ માનવભવ કેમ મળ્યો છે એ વાત તમે કદી વિચારતા નથી. મનુષ્યદેહ એ ખરેખર ભાગ્યના ઉદયથીજ મેળવી શકાય છે. જ્યારે પ્રકૃતિએ પાતળા કષાયો થયા હોય. દાનરૂચી અને મધ્યમગુણોવાળા થયા હોય ત્યારે તેવાજ આત્માઓ માનવદેહને પામી શકે છે. ઇચ્છા રાખ્યાથીજ કોઈને આ માનવદેહ મળી શકતો નથી. ઇચ્છા રાખવાથીજ જો ધારેલી ચીજ મેળવી શકાતી હોત તો તો આ જગતમાં કોઈપણ માણસ ગરીબડો રહેવાજ ન પામ્યો હોત. બધાજ માણસો એમ ઇચ્છા રાખે છે કે હું યૌવનવાન, ધનવાન, અને શક્તિમાન થઇ જાઉં! અને જો ઇચ્છામાત્રથીજ એમ બનતું હોત તો તો બધાજ તેવા થઈ જાત! આપણે વરસાદ પડે અને ખેતરની પાળ ઉપર જઈને ઉભા રહીએ અને એવી ઇચ્છા કર્યા

કરીએ કે "આ ખેતરમાં દાળ, ચોખાને ઘઉં પાકો" "આ ખેતરમાં દાળ, ચોખાને ઘઉં પાકો!" તો એથી વણ વાવે, વણ ખેડે તેમાં કાંઇ જ પાકવાનું નથી!!

## સંસારનો સિદ્ધાંત શું ?

ખેતરમાં જો તમે ઘઉંનો દાણો વાવ્યો હશે તો તમે ઇચ્છા રાખશો તો પણ એ દાણો ઉગીજ નીકળવાનો છે, તમે ઇચ્છા ન રાખો તોપણ એ દાણો ઉગીજ નીકળવાનો છે. અને કદાચ દાણો વાવ્યા પછી તમે એવી ઇચ્છા કર્યા કરો કે "આ દાણો ન ઉગે તો ઠીક! આ દાણો ન ઉગે તો ઠીક!" તોપણ એ દાણો તો ઉગીજ નીકળવાનો છે! ઇચ્છા હો અથવા તો ન હો પણ જો કારણો મળે તો કાર્ય થવાનું જ એ આ જગતનો સનાતન સિદ્ધાંતજ છે. આ જગતમાં એવું કોઇપણ માણસ નથી, અરે માણસ તો શું પણ પશુ પક્ષીઓ પણ નથી કે જે દુઃખ, રોગ અને આપત્તિને ઇચ્છતાં હોય ! આમ છતાં જગતમાં સેંકડો જીવોને દુઃખ પાપ અને દુર્ગતિથી આપણે ઘેરાએલા જોઇએ છીએ. એ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે જેને કોઇ માંગતું નથી, જેને કોઇ ઇચ્છતું નથી અને જેનો કોઇને સ્વપ્ને પણ ખ્યાલ હોતો નથી તેવી ચીજ પણ કાર્યકારણભાવથી જીવોને આ જગતમાં આવી મળે છે! દરેક આત્માને એવીજ ઇચ્છા હોય છે કે હું નીરોગી રહું તો સારૂં, મને રોગ ન આવે તો ગંગા નાયા! આમ રોગને કોઇ નથી ઇચ્છતું છતાં રોગ થાય છે. એના ઉપરથી એવું એકજ અનુમાન ગમે તેવી સામાન્ય બુદ્ધિ હોય તો પણ માણસ તારવી શકે છે કે જેવાં કારણો બને છે તેને અનુસરતું કાર્ય થાય છે.

## કારણો હોય તો કાર્ય થવાનું જ

તમોને રોગની ઈચ્છા ન હોય છતાં જો રોગનાં કારણો મળે તો જરૂર રોગ થવાનોજ! તમારા શરીરમાં નીરોગીપણાના કારણો ભેગાં થયાં હોય તો તમારો શત્રુ તમારૂં ગમે તેવું ભુંડું તાકયા કરે તોપણ તમે નીરોગીજ થવાના! એજ પ્રમાણે આ જગતમાં બધાને સુખની જ ઇચ્છા છે, કોઇને દુઃખની ઇચ્છા નથી. સઘળાને સદ્ગતિની જ ઇચ્છા છે, કોઇને દુર્ગતિની ઇચ્છા જ નથી. છતાં જો સુખનાં અને સદ્ગતિનાં કારણો ન મેળવીએ તો સુખ અને સદ્ગતિ ન જ મળે, અને દુઃખ અને દુર્ગતિની ઇચ્છાંજ જો કારણો મેળવ્યાં હોય તો જરૂર દુઃખ અને દુર્ગતિજ મળ્યાં કરવાનાં! આ સંસારમાં અસંખ્ય જીવો છે. કીડી, મંકોડી, કાગડા, કબુતર, પોપટ, મેના, શિયાળ, ગધેડાં, ઘોડા, પાડા, ફળ, ફુલ ઇત્યાદિ ઘણા જીવો છે, એ સઘળા જીવો આપણી સાથેજ માણસ તરીકે કેમ ન અવતર્યા એ પ્રશ્ન કદી કોઇએ વિચારીજ જોયો નથી. તમે જ્યારે આ પ્રશ્નને વિચારી જોશો ત્યારેજ તમોને તમારા માનવભવની મહત્તાનો સાચો ખ્યાલ આવશે.

### મનુષ્યભવનાં કર્મો

આપણને આર્યક્ષેત્ર મળ્યું છે. આર્યદેશ મળ્યો છે. ઉત્તમકુળ મળ્યું છે અને માનવજાતિ પણ મળેલી છે, ત્યારે બીજી તરફ અનેક જીવોને એવી કશીજ સગવડ મળી નથી. કોઇ પશુની યોનીમાં છે, તો કોઈ પક્ષીની યોનીમાં છે, કોઈ વૃક્ષાદિની યોનીમાં છે ઇત્યાદિ જીવોના અનેક સ્થાનો છે. અન્યજીવોને સારી યોની નથી મળી, જ્યારે આપણને સારી યોની મળી છે. એ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે આપણે આ મનુષ્યભવ મેળવવાને લાયકનાં કર્મો બાંધ્યાં હતાં તેથી આપણને મનુષ્યભવ મળ્યો છે, જ્યારે વૃક્ષાદિએ તેવાં કર્મો ન બાંધવાથી તેઓ માનવભવને પ્રાપ્ત કરી શક્યા નથી. મનુષ્યપણારૂપી પેઢી આપણા આત્માએ ઉભી કરી છે. હવે દરેક વખતે દરેક સ્થાને પેઢી ઉભી કરવાને માટે કાંઇપણ શીલક હોવીજ જોઈએ. એવો જે નિયમ છે તેજ પ્રમાણે આ માનવભવરૂપી પેઢીને માટે પણ મુડી, આત્માને કઇ મુંડી રોકવી પડી છે ? એ આત્માની કઇ મુડી ઉપર આ માનવભવની પેઢી ઉભી કરવામાં આવી છે તે જુઓ. મનુષ્યપણાની ગતિ, આયુષ્ય અને પંચેન્દ્રિયપણું એ જ્યારે ઉભાં થયાં ત્યારે આ પેઢીની સ્થાપના થઈ અને ત્યારથી આ પેઢીની જાહેરાતનો આરંભ થયો.

### માનવભવનું કર્મ શી રીતે મળે ?

પહેલાં સ્થિતિ એ હતી કે આપણે માબાપને ઓળખતા ન હતા, માબાપ આપણને ઓળખતાં ન હતા. જે જગાએ આપણો જન્મ થયો છે ત્યાં એવું નથી બન્યું કે માબાપે આપણને પસંદ કરીને લીધા છે, અથવા તો આપણે માબાપને પસંદ કર્યા છે! પરંતુ મનુષ્યપણાનું આયુષ્ય બાંધ્યું હતું તેને યોગે માતાની કુક્ષિમાં આપણે અવતર્યા છીએ. આ સઘળાનું કારણ બીજું કાંઇ જ નથી પરંતુ કર્મ જ છે આપણા કર્મો એ રીતના હતા એટલેજ આપણે માતાની કુક્ષિમાં અવતર્યા હતા. આ સઘળો પ્રભાવ કર્મનોજ છે. પરંતુ તેથી આપણે એ કર્મનો કેવી રીતે નાશ ન કરી શકીએ એ વાત ન વિચારીએ ત્યાં સુધી માત્ર એ કર્મોને માન્ય કરીએ તેથી કાંઇ લાભ થવાનો નથી. કર્મ શું છે એ પહેલાં જાણવાની જરૂર છે. કર્મ એવી ચીજ નથી કે જેને પકડી લઈએ અથવા તો ધક્કો મારીને કાઢી મૂકીએ, મનુષ્યપણાનું કર્મ કે જેને લીધે આપણે માનવભવ પામ્યા છીએ તે કર્મ પણ લાવેલું આવવા પામતું નથી. અથવા તેને ધક્કો મારી કાઢી મૂકવાનું વિચારીએ તો પણ તેને ધક્કો મારી કાઢી મૂકી શકાતું નથી! ત્યારે વિચાર કરો કે એ કર્મ કેવી રીતે પ્રાપ્ત થાય છે અને તેનો કેવી રીતે નાશ થાય છે.

### પ્રકાશ પર અંકુશ કોનો ?

માનવભવના કર્મને લાવવાનો અને કાઢવાનો બંને વિચાર કરવા નકામા છે કારણ કે એ બન્ને આપણા હાથબહારની ચીજ છે. એ વસ્તુ આપણી સત્તાની બહારની છે. વસ્તુને લાવવા કાઢવાની

શક્તિ તો આપણામાં નથી જ. પરંતુ છતાં કેટલીકવાર એવું બને છે કે વસ્તુના કારણોને લાવવા કાઢવાની શક્તિ આપણામાં હોય છે. દીવાના અજવાળામાં તમે બધાએ અનુભવો છો, એ દિવાના પ્રકાશને તમે ખેંચીને બીજી જગાએ લઈ જઈ શકતા નથી. તેમ તેને તાણી બાંધીને અમુક જગાએજ રોકી શકતા નથી. તેને લાકડીથી સ્પર્શ કરીને ઓરડી બહાર ધકેલી શકતા નથી. કોઈપણ રીતે તેનો સ્પર્શ કરીને એ પ્રકાશને તમે તમારી મરજી મુજબ નચાવી શકતા નથી. તેની તમે નથી મુઠી ભરી શકતા નથી પ્રકાશ ઘડામાં ભરી શકાતો, અગર તેને નથી સુપડા અથવા સાવરણીથી વાળી કાઢી શકાતો! છતાં એ પ્રકાશનું કારણ તમારા હાથમાંજ છે પ્રકાશ ઉપર તમારો ડાયરેક્ટ પાવર નથી, પરંતુ એજ પ્રકાશ ઉપર અંકુશ ધરાવતો દીવો તમારા હાથમાં છે. અને તેથી પ્રકાશ ક્યાં થવા દેવો ? ક્યાં ન થવા દેવો ક્યારે થવા દેવો ? ઈત્યાદિ બાબતોમાં તમે સ્વતંત્ર હોઈ દીવાને તમે તમારી ધારણા પ્રમાણે ચેતાવી અગર બુઝાવી શકો છો.

### પુણ્ય અને પાપ

અજવાળું તમારા હાથમાં નથી, પરંતુ અજવાળાનું કારણ તમારા હાથમાં છે. આપણને જ્યારે અજવાળું જોઈએ છે ત્યારે આપણે અજવાળાને દીવો કરીને લાવી શકીએ છીએ અને અજવાળું નથી જોઈતું ત્યારે દીવો બંધ કરીને અજવાળાને ટાળી શકીએ છીએ, પ્રકાશને આપણે જેમ લાવી શકીએ છીએ અથવા તેને દીવો બંધ કરવા દ્વારા બંધ કરી શકીએ છીએ, એ પ્રમાણે આપણે આપણી ઈચ્છા પ્રમાણે અજવાળાને લાવી અથવા તો કાઢી શકતા નથી! પરંતુ જેમ આપણે એવાં કારણો ઉભા કરી શકીએ છીએ કે જેવડે અંધારૂ આપોઆપ દુર થઈ જાય છે અને અજવાળું આવી શકે છે. તેજ પ્રમાણે આપણે પુણ્ય અથવા પાપને પણ લાવી અથવા તો કાઢી શકતા નથી પરંતુ એવા કારણો ઉભા કરી શકીએ છીએ કે જેથી પુણ્ય અને પાપનો એની મેળે અનુક્રમે વિકાસઅને વિનાશ થાય! પુણ્ય આવે અને પાપ ચાલ્યું જાય!! પુણ્ય અને પાપને આપણે લાવી શકતા નથી, અથવા તો ખસેડી શકતા નથી, પરંતુ આપણે તેના કારણો ઉભાં કરી શકીએ છીએ, હવે એ કારણો શીરીતે ઉભા થાય છે તે જુઓ.

### મુનિમે ચલાવેલો વેપાર

અહીં એક વાત યાદ રાખી લ્યો કે પુણ્ય અને પાપના કારણોને આપણે લાવી શકીએ છીએ અને તેને ટાળી પણ શકીએ છીએ. હવે આ વાતનો વિચાર કરો કે જે કારણો ઉપસ્થિત કરવાથી આ માનવભવ મળ્યો તે કારણો ક્યાં ક્યાં છે ? આપણે આ માનવભવની પેઢી માંડી છે તેમાં શીલક તરીકે આપણે કઈ વસ્તુને મૂકીએ છીએ ? અને આયુષ્યની અપેક્ષાએ આપણી શી સ્થિતિ છે ? એક વેપારી હતો, ઘણો શ્રીમંત, ઘેરે લક્ષ્મીની તો છોળો ઉછળે, નિર્ધનતાનું તો નામ નિશાન નહી. શેઠ ગુજરી ગયા એટલે શેઠના છોકરાના હાથમાં કારભાર આવ્યો.

છોકરાએ આખી પેઢીનો કારભાર પોતાના મુનિમને સોંપી દીધો અને તે પરદેશ ખાતે ચાલ્યો ગયો ? અહી મુનિમે શેઠને નામે વેપાર શરૂ રાખ્યો. વેપાર ખુબ વધાર્યો, જ્યાં ત્યાં પેઢીનું નામ આગળ પડતું કર્યું, પણ ધીરધાર એવાને કરવા માંડી કે જેને ધીરે તેના પાછા આવેજ નહિ! અને જે પાછા આપે તેવા વેપારીઓ પણ એવે સ્થળે રહેતા હતા કે મુંબાઈમાં પેઢી હોય તો એક ઘાટકોપર રહે, તો બીજો બોરીવલ્લીમાં રહે! અને રૂપીયો ઉઘરાણી વસુલ કરવા ત્રણ રૂપીયાનો ખરચો કરવો પડે!!

## જીવરાજ શેઠની દશા.

શેઠ પરદેશમાં વેપાર ખેડે છે, અહીં શેઠને નામે મુનિમ ધંધો ચલાવે છે, એવામાં એવું બન્યું કે એજ ગામનો કોઇ બીજો વેપારી પરદેશ ખાતે જઈ પહોંચ્યો,શેઠના છોકરા સાથે તેની અચાનક મુલાકાત થઈ, એટલે તેણે આ ઉગતા શેઠને બે શબ્દો શીખામણના કહ્યા કે ભાઈ! આ જગત તું જેવો ભોળો છે એવું જ ભોળું છે એમ સમજતો નહિ! મુનિમ ધંધો ચલાવે છે છતાં તારી ફરજ છે કે તારે સ્વદેશમાં જવું જોઈએ, હિસાબ કિતાબ જોવા જોઈએ. અને ધંધા ઉપર ધ્યાન રાખવું જોઈએ. છોકરાને પણ પેલા ભાઈબંધની આ વાત પસંદ પડી. તે સ્વદેશ ગયો, અને સ્વદેશ જઈને તેણે પોતાના ચોપડા તપાસ્યા! મુનિમે બિચારાએ પોતે તો પૈસાની રવાદારગી કરી નહોતી! પોતે રાતો પૈસો ખાધો ન હતો, પરંતુ વેપાર મેં ઉપર કહ્યું તેમ ચાલેલો! હવે વિચાર કરો કે જે વેપારીને ત્યાં આવો કારભાર ચાલતો હોય તેની આ જગતમાં છેલ્લે શી દશા થાય? જે દશા આ નફકરા વેપારીની છે તેજ દશા આ જીવરાજ શેઠની છે! આ જીવાત્મા પાસે કેટલી મુંડી છે તેનો વિચાર કરો!!

## રોકડ કેટલી છે તે ગણો !

આ જીવરાજ શેઠની પાસે ૩૬૦૦૦ ની મુંડી છે! વધારેમાં વધારે છત્રીસ હજારની મુડીથી આ વેપાર શરૂ થયો છે. એ મુડી તે રોકડા રૂપીયા સમજવાના નથી, પણ એ છત્રીસ હજાર દિવસો છે! એ છત્રીસ હજારની ઉપર તમોને રાતી પાઈ પણ મળે એવી નથી. આ છત્રીસ હજાર રૂપીયામાંથી ૭૨૦૦ રૂપીયા તો જોતજોતામાં વપરાઈ જાય છે! વીસ વરસે માણસને શાનપૂર્વક સાચી સમજણ આવે છે, અર્થાત્ સમજણો થતાં જ વીસ વર્ષ વહી જાય છે અને વીસ વર્ષના ૭૨૦૦ રૂપિયા તો ગયા! હવે બાકી રહ્યા તેની વાત કરો. હું માનવધર્મનું કર્મ લઇને આવ્યો છું અને એથીજ મને આ માનવભવ મળ્યો છે એવી સમજણ આવતાં વીસ વરસ ગયા પછી પડયા ઘરસંસારની ઘાણીમાં! આ ઘાણી એવી જબરી છે કે વાત ન પૂછો. આ ઘાણીમાં બસો પાંચસોની રોકાણ તો ચાલતીજ નથી, પરંતુ એકવાર તેમાં પડયા એટલે પુરેપુરી ૧૦૮૦૦ ની રોકાણ તો જાણે અજાણે થઈ જાય છે! જે આત્મા સંસારમાં પડયો તેમાંથી કોઈકજ સુભાગી દીક્ષા લઈને છટકી શકે છે બાકીના તો ઘાંચીની ઘાણીએ ચઢી બેઠા પછી ત્યાંથી

ઉતરવાની વાતજ શેના કરે? આમને આમ પચાસ વર્ષતો વહી જાય છે! વીસ વર્ષ બાલકદશાના અને ત્રીસ વર્ષ ગૃહસંસારના! ત્રીસ વર્ષ એટલેજ ૧૦૮૦૦ દિવસ!

### હવે બાકી કાઢો ?

આટલી મુંડી ગુમાવ્યા પછી ઘણાની તો મુંડીજ બાકી રહેતી નથી, ઘણાની માત્ર ૩૬૦૦ ની જ મુંડી બાકી રહે છે, અને એનાથી વધારે મુંડી તો ભાગ્યેજ કોઈ ભોગવી શકે છે. હવે એ ૩૬૦૦ની મુંડીમાં ધર્મખાતું ખોલવાનું મન થાય છે, પરંતુ એ ખાતું ખોલવું એ કાંઈ સ્હેલું નથી! ધરમખાતું ખોલવું એટલે ધાર્મિક જ્ઞાન લેવું અને તેને આચરવું! પણ આચરવાનું તો દૂર રહ્યું, પણ એનું જ્ઞાન લેવાનું જ પહેલું તો મુશ્કેલ છે ! જગતનું વહેવારીઉં જ્ઞાન પણ જો બાલ્યાવસ્થામાં આવી ગયું તો આવી ગયું અને નહિ તો ખલાસ! એ જ્ઞાન મેળવવાનું પણ રહી જાય છે અને એને માટે પણ આવતા જન્મને ભરોસે રહેવું પડે છે. દુનિયાદારીના જ્ઞાનની પ્રાપ્તિની આટલી મુશ્કેલી છે તો પછી ધાર્મિકજ્ઞાનની મુશ્કેલીનું તો પૂછવુંજ શું ? દુનિયાદારીના જ્ઞાનમાં તમે રીઢા થએલા છો, તમે ઘડાએલા છો, તમે અનેક પરંપરાએ એ સંસ્કારો મેળવ્યા છે, છતાં પચાસ વર્ષ પછી એ જ્ઞાનમાં પણ તમે નથી ફાવી શકતા. તો પછી પચાસ વર્ષ પછી ધાર્મિકજ્ઞાન લેવાની જેઓ વાતો કરે છે તેમની બુદ્ધિને માટે તો કહેવુંજ શું?

### બાકી રહ્યા ૧૦ - ૨૦ કે ૩૦

પચાસ ગયા પછી બહુ બહુ તો ૧૦-૨૦ કે ૩૦ રહ્યા! એ વરસોનો વિચાર કરો. એટલું સમજી લો કે એકે દહાડે કોઈ બે દહાડાનું આયુષ્ય આ જગતમાં ભોગવી શકતું નથી. એક દિવસનું આયુષ્ય ભોગવીએ ત્યારે બીજો દિવસ મળે છે. પાંચમનું આયુષ્ય પુરૂં થાય છે ત્યારેજ છઠનું આયુષ્ય મળે છે. એટલે એકનો ખર્ચ કરીએ છીએ ત્યારે પછી બીજો આવે છે. આ પ્રમાણે વહેતા પાણીની માફક આખી જીંદગી ચાલી જાય છે. જેમ એકાદ દારૂડીયો દારૂ પીને પડે છે અને તેને જગતનું ભાન હોતું નથી. પોતાના હિતાહિતનું ભાન હોતું નથી. પોતાની કીર્તિપ્રતિષ્ઠાનું ભાન હોતું નથી, અને સમય પસાર થઈ જાય છે, તેજ પ્રમાણે આ જીવાત્માને પણ તે હિતાહિતનું ભાન હોતું નથી. અને જીવાત્મા કાળપસાર કરીને કર્મોમાં બંધાયો જાય છે આત્માને પણ એ વાતનું ભાન રહેતું નથી કે હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? અને મારી શી ગતિ થવાની છે! આ જીવ પોતે એમ પણ નથી વિચારતો કે મારૂં સ્થાન ક્યાં છે ?અને હું અહીં ક્યાંથી અને કેવી રીતે આવ્યો છું ?

### શરીરનું રત્ન કયું ?

માણસ જેમ દારૂ પીએ છે અને પછી મસ્ત થઈને રસ્તામાં પડે છે તેમ આ આત્મા મોહમદિરા પીને મસ્ત બન્યો છે, અને તે જગતમાં પડયો છે ! તેને પોતાના સ્વાર્થનો

(અનુસંધાન પેજ નં. ૪૪૨)

(અનુસંધાન ટાઈટલ પાના ૩જાનું)

રઆદિના ઉપાદેયપણાને અંગે છે અને તે સમજી શકાય તેવું છે. અને એમ સમજવામાં આવે તોજ પરસ્પર વિરોધ ન રહે એટલે નક્કી થયું કે સામાન્યસાધુઓ શેષ વખતે વ્યાખ્યાન કહે તોપણ સાધ્વી અને શ્રાવિકોએ તેમાં જવું નહિં જો કે તે નવા મતવાળા પણ પજુસણઆદિના વ્યાખ્યાનો દિવસના શેષ વખતમાં પણ કહે છે અને તેમાં તેએઓ માનેલી સાધ્વી અને શ્રાવિકા જાય છે. પરન્તુ આ હકીકત સામાન્ય નથી. એમ તો ખરૂંજ. શ્રીવસુદેવહિંડીમાં જણાવેલ સીમનગ પર્વતના સંબંધને જાણનાર અને માનનાર તો કોઈ દિવસ પણ એમ બોલી શકે જ નહિં કે રાત્રિએ ભગવાન્ જિનેશ્વર મહારાજના દર્શન નજ થાય. આચાર્યમહારાજ શ્રીધર્મઘોષસૂરિ તો અવતરણમાં જ જણાવે છે કે **अथभव्यजनानुग्रहाय विशेषतो रात्रिसिद्धपूजास्तुतिप्रदीपादिपूजोपदर्शनार्थं सीमनग- पर्वतप्रबंधः प्रदर्श्यते** અર્થાત્ ફલ નૈવેધ આહાર પૂજામાં મૃગબ્રાહ્મણનું દૃષ્ટાન્ત જણાવ્યા પછી હવે ભવ્યજીવોના ઉપકારને માટે વિશેષથી રાત્રિએ પૂજા સ્તુતિ અને દીપકઆદિથી સિદ્ધ એવી પૂજા દેખાડવા માટે સીમનગપર્વતનો સંબંધ જણાવાય છે. આવી રીતે સ્પષ્ટ હકીકતને જાણનાર અને માનનાર મનુષ્ય જો ભવથી ભીરૂ હોય તો કદીપણ એમ કહી શકેજ નહિ કે રાત્રિએ ભગવાનનાં મંદિર ખુલ્લાં ન હોય કે રાત્રિએ દર્શન કરવા જવાયજ નહિં કે રાત્રિએ ભગવાનનાં મંદિરો ખુલ્લાં ન હોય કે રાત્રિએ દર્શન કરવા જવાયજ નહિં. કોઈક આચાર્યે વિશેષ કારણ વિના વગેરે કહ્યું કહેવાય છે તે માત્ર નવીનમતવાળાને તથા તેમનાને લાગતાવળગતાવાળાને ક્લેશ ન થાય એટલા પુરતું જ હોય. વળી પંચાશકજી વગેરેમાં પૂજા માટે ત્રણ સંધ્યાનો વખત કહ્યો તે પણ ઓઘે જ કહ્યો. નિર્વાહની અપેક્ષાએ તો પૂજનમાં પણ સર્વકાલ છે. દર્શનને માટે તો કોઈપણ શાસ્ત્રકારે કોઈપણ સ્થાને કાલની નિયતતા કરીજ નથી. ભગવાન્ મહાવીરમહારાજનો નિર્વાણ મહોત્સવ શ્રીપાવાપુરીમાં રાતનોજ થાય છે તો શું એ નવા પંથવાળા તેમાં પોતાના તે ત્રીજા સંઘને રોકવા ચોકી બેસાડશે અથવા શું મહિમાનો વખત ફેરવશે ? મતલબ એજ છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરમાં અમુક વખત ન જવાય આવું કથન શાસ્ત્રથી વિરૂદ્ધ હોઈ કોઈ પણ શાસનપ્રેમીએ તે સાંભળવા કે માનવા લાયક નથી. પ્રભુનાં દર્શન રાત્રે કર્યાં, રાત્રિજાગરણ દહેરામાં કર્યાં, રાત્રે શહેરના દહેરે જવું વગેરે અનેકવચનો રાત્રિ વખતે પણ ભગવાન્‌ના દર્શનની સિદ્ધિ માટે અનુકૂલતાવાળા છે.

(અનુસંધાન ટાઈટલ પાનું ૪ થું)

મહારાજના દહેરે દર્શન કરવાનો નિષેધ થાય છે એમ કહે છે. વાચકો જોઈ શકશે કે આ ગાથામાં માત્ર સાધુના વ્યાખ્યાનમાં સાધ્વી અને શ્રાવિકાઓને જવાનો નિષેધ જણાવાયેલ છે. ભગવાન્ જિનેશ્વરની કે તેમના દહેરાની તો વાત જ નથી. તો પછી દર્શનનના નિષેધની તો વાત જ ક્યાંથી લાવવી ? વળી ભગવાન્ મહાવીર મહારાજની દેશનામાં તો સાંઝના વખતે (એક પહોર સિવાય) મહારાજા શ્રેણિક અને ચેલ્લણાં ગયેલાં છે, એ હકીકત શ્રેણિક મહારાજા અને અભયકુમારના ચરિત્રને જાણનારાઓથી અજાણી નથી. વળી આ ગાથામાં પણ દિવસના ત્રણ પ્હોર સમવસરણ એટલે અનુયોગ (વ્યાખ્યા) હોય જ નહિં એવો કોઈ શાસ્ત્રકારોનો મુદ્દો છે નહિં. વળી આવશ્યક વગેરે શાસ્ત્રોને જાણનારની ધ્યાન બ્હાર નહીં જ હોય કે મહર્ધિકો જો દિવસે વ્યાખ્યાનમાં ન આવી શક્યા હોય અને સંધ્યાકાલે જો ફુરસદ મળે અને આવે તો આચાર્ય મહારાજા પ્રતિક્રમણના કાલનો વિલંબ કરીને પણ તે મહર્ધિકોને ધર્મ સંભળાવે. આ વાતથી એ લોકો તો મ્હોં દેખાડવા લાયક પણ નહીં રહે કે જેઓ એમ કહે છે કે ધર્મની બાબતમાં ઋદ્ધિમંત કે દરિદ્રનો ફરક હોય જ નહિં. વળી ઋદ્ધિમાનને માટે વ્યાખ્યાનનો પ્રકાર આવો જુદો છે એટલું જ નહિં, પરન્તુ ઋદ્ધિમાનોને માટે સામાયિકનો ક્રમ પણ જુદો જ છે. સામાયિક માટે ગૃહસ્થઋદ્ધિમંતોને અંગે એવી વિશિષ્ટતાઓ છે એટલું જ નહિં, પરન્તુ ઋદ્ધિમંત જો પ્રવર્જિત થાય છે તો તેને પ્રભાવક ગણવામાં આવે છે. વળી ઋદ્ધિમંત જે શ્રેષ્ઠી સેનાપતિઆદિ છે તેઓને યોગ કે અભ્યાસની ઢીલ હોય તો પણ બીજા અભ્યાસ અને યોગથી પ્રાપ્ત થયેલાને પણ રોકીને ઋદ્ધિમંતોને મ્હોટા કરવા, આવી સ્પષ્ટ હકીકતો અનેક પ્રકારે છે તે જણાય છતાં જેઓ પોતાની હીનદશાને સમજતા નથી અથા હીનદશાવાળાઓને નામે ઋદ્ધિમંતોની હેલનાના નુકશાનને સમજતાં નથી તેઓં ખરેખર સદોષ અને નિર્દોષ એવી ભાષાને પણ સમજતા નથી. અને તેથી તેઓને એક અક્ષર પણ ભવભીરૂપણું હોય તો બોલવો યોગ્ય નથી. મૂલ વાત એ છે કે ઋદ્ધિમાન રાજા શ્રેષ્ઠિાદિને માટે તો વ્યાખ્યાન કે ધર્મકથાનો સંધ્યાયે પણ નિષેધ જ નથી. જો કે સૂત્રકાર મહારાજાઓએ जहा पुणस्स कत्थइ ઈત્યાદિ કહીને ઋદ્ધિમાન અને દરિદ્રને એક સરખી રીતે ધર્મકથન કરવાનું જણાવેલ છે. પરન્તુ ધર્મના વિસ્તારની કે કાલની અપેક્ષાએ તે નથી, પરન્તુ ધર્મમાં આશ્રવાદિના હેયપણા અને સંવ-

(જુઓ પાનું ૪૨૪)

# શું જિનમંદિર રાત્રિગમન ન હોય ?

સકલ જૈનજનતામાં આ હકીકત તો પ્રસિદ્ધ જ છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પ્રતિમાની પૂજા તથા તેનાં દર્શનઆદિ જે કરવામાં આવે છે તેનું ફલ શાસ્ત્રકાર મહારાજાઓ સમ્યક્ત્વની શુદ્ધિ અને કર્મની નિર્જરાદ્વારાએ પરમપદની પ્રાપ્તિરૂપ જણાવેલું છે. અને તેથી ભવ્યજીવોની નિર્જરાદ્વારાએ પરમપદની પ્રાપ્તિરૂપ જણાવેલું છે. અને તેથી ભવ્યજીવો પણ તે ફલની અપેક્ષાએ જ દર્શન પૂજઆદિ કરે છે. આટલી હકીકતમાં તો મૂર્તિને. માનનારા જૈનોમાં કોઈ જાતનો ફરક જ નથી, આટલું છતાં પણ કેટલાક નવીન ગચ્છ સાથે નવીન પ્રરૂપણા કરનારાઓએ પ્રરૂપણા કરી છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજનાંદર્શન દિવસે જ થાય, ભગવાન્ જિનેશ્વર મહારાજનું મંદિર રાત્રિએ ખુલ્લું હોય જ નહિ અને શ્રાવકોથી રાત્રિએ દર્શન કરવા જવાય નહિ તથા દર્શન થાય જ નહિ, પરન્તુ આવું બોલનાર સ્વચ્છંદી જ છે, કારણ કે જેઓને પૂર્વધરાચાર્યકૃત અને અનેકપૂર્વધરોથી સંમત એવી વસુદેવ હિંડી અને તેને અનુસરતી શ્રી સંઘાચારવૃત્તિની કંઈક અંશે પણ સમજણ હશે તે તો આવી નવીન ગચ્છની નવી ખડતલપ્રરૂપણાને માનશે જ નહિં, એટલું જ નહિં, પરન્તુ તેની યથાચ્છંદતા સ્પષ્ટપણે જાહેર કરશે. ધ્યાન રાખવું કે ભગવાન્ જીનેશ્વર મહારાજના દરેક ક્ષેત્ર અને દરેક કાલે મધ્યરાત્રિના ભાગમાં જ જન્મ હોય છે અને શ્રી મેરૂપર્વત ઉપર સકલજન્મમહોત્સવ રાત્રિએ જ થાય છે. અને શ્રાવકોને ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા સૌધર્મઆદિ ઈન્દ્રોના અનુકરણથી જ કરવાની છે એમ દેવિંદનાएणं એ વગેરે પાઠોથી શ્રી હરિભદ્રસૂરિજી વગેરે સ્પષ્ટપણે જણાવે છે. વળી નવીનો જે રાત્રિએ મંદિરમાં નહિ જવા માટે જણાવે છે કે अज्जाण सावियाण य अकालचारित्तदोसमावाओ। ओसरणंमि न गमणं दिवसतिजामे निसि कहं ता ? ॥१॥ અર્થાત્ સાધ્વી અને શ્રાવિકાઓને દિવસના પણ ત્રણ પહોર સમવસરણ (સાધુઓના વ્યાખ્યાન) માં અકાલચારિપણાનો દોષ લાગે માટે જવાય નહિં, તો પછી રાત્રિએ જવાનું તો હોય જ ક્યાંથી ? અર્થાત્ આ ગાથાથી રાત્રિએ ભગવાન્ જિનેશ્વર

*(જુઓ ટાઈટલ પેજ ૩ જો)*

Regd. No. 3047

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# શ્રી સિદ્ધચક્ર

## (પાક્ષિક)

તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्रस्तुति :

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥


| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | અષાઢ પૂર્ણિમા |
| વિક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૧૯ | ૧૨-૭-૧૯૩૮ |


## ધર્મ વૃક્ષ

પ્રભુ શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલું ધર્મ એ વૃક્ષ છે, સમ્યક્ત્વ એ એનું મૂળ છે, સિદ્ધાન્તો એ એનું થડ છે. વ્રતો (દેશવિરતિ કે સર્વવિરતિ) એ એની ડાળીઓ છે, અઢાર હજાર શીલનાં અંગો એ પાંદડાં છે, દેવની ઋદ્ધિ, મનુષ્યની ઋદ્ધિ, સમૃદ્ધિ એ પુષ્પો છે, એ ધર્મવૃક્ષ, જિનેશ્વર ભગવંતના વચનોરૂપી પાણીની નીકથી નિરંતર સીંચાય છે, અને પ્રાન્તે એમાંથી નિર્વાણ-મોક્ષ રૂપી ફળ મળે છે, આવા વૃક્ષને હંમેશાં આદરો, સેવો, અનંતા સાધુ વિગેરેએ આ વૃક્ષ આદરી સેવી, નિર્વાણ ફળને મેળવ્યું છે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ. ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

## અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

### નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

### (છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. થ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયકમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

## પાક્ષિક


| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | તા. ૧૨-૭-૩૮ |
| વીક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૧૯ | આષાઢ પૂર્ણિમા |


## જ્ઞાન ક્રિયાવાદ

॥ જગદીશ્વર જિનરાજનાં, નમી ચરણાં સુખ કંદા કહું ભવિજન મન ધારવા, કિરિયાનાણનું દ્વન્દ્વ (૧)

જિનવરચરણે આવિયા, કરતા વાદવિવાદ ! નિજ નિજ મહિમા દાખવા, કરતા યુક્તિ પ્રવાદ (૨)

ન્યાયાધીશ જિમ જગપતી, દૂર કરી વિખવાદ ॥ થાપે બિહુને સમપણે, કારજ સાધક આદ (૩)

॥ ભવિ તુમે સુણજોરે મન થિર રાખીને, સંશય દુઃખ હરજોરે, ગુરૂ કરી સાખીને ॥ કાલ અનાદિ ભટકયો ચેતન, નિજપર રૂપ ન દેખ્યું । ભવોભવ ભમતો દુખ શત સહેતો તત્ત્વ સ્વરૂપ ન પેખ્યું, જન્મસમુદ્રેરે સુખલવ ચાખીને ॥ ભવિ (૧)

ગમાનાદિક કિરિયા છે જડમાં, નહિ લવલેશે નાણ । ચેતનનો તે ભાગ બતાવે, તે નિશ્ચે અહિનાણ સમજી ધરજોરે રાગ સુભાખીને ભવિ૦ (૨)

ઈષ્ટ અનિષ્ટ વિષયને સમજે, સમજે નિજપરજાત । માત તાત બંધવ શિક્ષકને, વનિતા સુત બહુ ભાંત ॥ જ્ઞાન રહિતને રે, પશુગણમાં નાંખીને ॥ ભવિ૦ (૩)

કંચન પીતલ રજત કલાઇ સદસદ મોતી રત્ન । સુંદર મંગુલ ભાવ હિતહિત, પુન્ય પાપ વ્રત યત્ન ॥ અજ્ઞ ન જાણે રે હિત અભિલાખીને ॥ ભવિ૦ (૪)

માતાપિતાનો વિનય ન જાણે, નવિ ધારે ગુરૂ શીખ ! જગદુદ્ધારક જિન નવિ જાણે નહિ અંશે શુભ વીખ !! ભજ શિશુવયથીરે જ્ઞાન સુસાખીને !! ભવિ૦ (૫)

વનિતા રાચ્યા મદમાં માચ્યા, માયા મૂઢ ભંડાર ॥ જગને મારે દયા ન ધારે, ન કહે દેવ જુહાર ॥ આતમ રમણો રે ધરો ગુણ દાખીને ॥ ભવિ૦ (૬)

વનિતા કંચન ગૃહ સુત બંધન, ધરતા પશુગણ સાય ! તે ગુરૂને અજ્ઞાને નમતાં, કિમ ટાળ્યો ભવ જાય !! ત્યાગી ધરજો રે, ગુરૂ શ્રુત ચાખીને ॥ ભવિ૦ (૭)

દાનશિયલ તપ ભાવચઉમાં, ન ધરે ધર્મની બુદ્ધિ ! હલ ધેનૂ ઘર ખેતર દેઈ, ધારત નિશિ શુદ્ધિ ॥ મૃતકને માનેરે મતિ જલ નાંખીને ॥ ભવિ૦ ॥ (૮)

દેવગુરુને ધર્મ ન જાણ્યો, નવિ જાણ્યા પુન્ય પાપ ! ઘોર કષ્ટ કરી ફલ્યો ચર્તુગતિ ન લહ્યું જ્ઞાન સુમાપ ॥ ભવિ તુમે સમજો રે નહિં સુખ તે પરવાંને ॥ ભવિ૦ ॥ (૯)

અજ્ઞાની જણ કિરિયાગર્વી શિશુ મુખ ચંગુલિકાજ । મૃગતૃષ્ણા જલ લેવા દોડે, પય માખણ સુખ સાઠ ॥ નવિ તે પામેરે, સુખ તે તત્ત્વ ઉવેખીને ॥ ભવિ૦ ॥ (૧૦)

માસે માસે કણ મુખ લેતો, પંચતાપ નિત પાસ ! દાન સહસ નિત દેતો ધેનુ, અજ્ઞાની સુખ આસ ॥ સાઠ હજારે રે તામલિ છઠ છઠ દાખીને ॥ ભવિ ॥ (૧૧)

કોડા કોડી વરસ નિરયદુઃખ, શ્વાસમાં જ્ઞાની કાપે । ગચ્છપતિ અગીતારથ તે પણ જિનવર ભવમાં થાપે ॥ જ્ઞાન પ્રભાવેરે શિવસુખ દેખીને ! ભવિ૦ ॥ (૧૨)

જ્ઞાનવંત તે દેશવિરાધક, કિરિયા દેશઆરાધ । સમજી જ્ઞાન ધરો ભવિકા ચિત્ત લો આનંદ અગાધ ॥ શાન્તિ સહાયેરે મળો સુખ શાખીને ॥ ભવિ૦ ॥ (૧૩) इति ज्ञानविचारः

(૨)

કિરિયા કહે સુણો ચિત્તથી, કહું મુજથી હો જગનાં સુખ થાય કે, જ્ઞાન જ્ઞાન જગ સહુ કરે, નવિ પામે હો કિરિયા વિણ દાય કે ॥ કિરિ૦ ॥ (૧)

ભદ્ર ભોજનને નિહાલતાં, ગણતા જન હો રસનું મુખ સ્વાદકે । ગન્ધ વિવિધ મન ધારતા ભાવી ઈચ્છે હો શીત ઉષ્ણ આસ્વાદકે ॥ કિ૦ ॥ (૨)

દેવ ગુરુ ધર્મ તત્ત્વને, જાણે નિત હો પણ કર્મનો બંધરે । આવે ન જ્યાં લગે આચરે, કિરિયાનો હો તેહ યેહ સંબંધ ॥ ભવિ૦ ॥ (૩)

॥ સમકિત લહિ ભવસાગરે, ભમે પુદ્ગલ હો પરાવર્ત્ત ઉપાર્ધ કે । પણ જો રાચે આચારમાં, થાય તે જીવ હો તદ્ભવ અનુપાધકે ॥ કિરિ૦ ॥ (૪)

જ્ઞાની હોવે ગતિ ચારમેં, નહિં કિરિયા હો વિણ મનુજની જાતિ રે । સમ્યગ્ જ્ઞાન પૂરવ કોડી, ધરે પણ નવિ હો મનપર્યવ ભાંતિ કે ॥ કિરિ૦ ॥ (૫)

લાખો પુરવ જિનઘર વસ્યા, નવિ પામ્યા હો કોઈ ચોથુ જ્ઞાન કે । કર્મ ક્ષપણ તપ આદરે, હોવે તસ હો તતક્ષણ શુભ માનકે ॥ કિ૦ (૬)

શાસન સોહે ધ્રૌવ્યતા, વલી ધરતા હો ધ્રુમારગની રીતિ જિન કે । મુનિવર વ્રત રતનાકરૂ, નવિ તે વિણ હો શાસનની કીર્તિ કે ॥ કિ૦ (૭)

કેવલિ સમયમાં જાણતા, ષટ્ દ્રવ્ય રે હો જડ ચેતન ભાવકે । લોક અલોક ગતિ જાતિને, ગુણ પર્યાય હો વલી બંધ સ્વભાવકે ॥ કિ૦ (૮)

ક્રોડ પૂરવ લગે મ્હાલતા, દેતવલી હો ભવિજીવને બોધકે । પણ વિણુ કિરિયા કોટિટીએ, નવિ પામ્યા હો કોઈ મુક્તિ અરોધ કે ॥ કિ૦ (૯)

જગ જાણે, કેવલી જિનવરો, ભવિને વલી હો પ્રતિબોધન સાજ કે । તીરથ થાપવા ગણપતિ, કિરિયાવંત હો સવિ થાપે મહારાજ કે ॥ કિ૦ (૧૦)

સમ્યગ્દર્શન જીવને, ભવભવથી હો કરે દૂર અવશ્યકે । પણ ચરણે ચિત્ત લાગતાં, ભવ આઠમાં હો લહે શિવપુર વાશ્યકે ॥ કિ૦ ॥ (૧૧) નવિ કિરિયા ચિત્ત ધારતા, કહ્યા શાસ્ત્રે હો નવિ તે શુક્લપક્ષીરે । કિરિયા ધારતા મોક્ષના, ભાખ્યાભવિ હો તે શુકલપક્ષી કે ॥ કિ૦ ॥ (૧૨)

જ્યાં લગે સર્વસંવર નવિ, ભવિ પામે હો ચારિત્ર વિશાલ કે । કેવલિ પણ કાપે નહિં, ભવભયનો હો તરુવર દુઃખશાલ કે ॥ કિ૦ ॥ (૧૩)

॥ તીરથ થાપતાં જિનવરુ, આપે ધુર હો ગણધરને દીખકે । તસમહિમા જગ ગણધરૂ, કરતા સવિ હો શ્રતભવિજન શીખકે ॥ કિ૦ ॥ (૧૪)

શાસન જગ રહે ત્યાં લગે, કિરિયાધર હો મુનિવર આચાર કે । બાલાદિક જીવ બુઝવે, ધરે જે નિત હો કિરિયાગણ સારકે ॥ કિ૦ ॥ (૧૫)

વિણ કિરિયા જે જ્ઞાન છે, નિષ્ફલ કીધું હો જિનશાસ્ત્ર મોઝારરે । આરાધક કિરિયા ધરા કહ્યા સમયે હો લહો શાખનો સાર કે ॥ કિ૦ ॥ (૧૬)

વિણ જ્ઞાને વિણ દર્શને, ગ્રૈવેયકે હો અભવિ પણ જાય કે ॥ ભવ તે અનન્ત ગ્રૈવેયકે, ભાખે જિન હો સવિ જીવને થાય કે ॥ કિ૦ (૧૭)

ઘટમાં ચક્ર ચીર જીસ્યો, કિરિયામાં હો છે જ્ઞાનનો હેતુ કે । જો નવિ કિરિયા સાધશો, કિમ લહેશો હો નિજ આનન્દસેતુ કે ॥ કિ૦ (૧૮) इति क्रियाविचारः

(૩)

જગદીશ્વર જિનરાજને, ચરણે ધરી શુભ ચિત્ત । જ્ઞાન ક્રિયા યુગજોગથી, મોક્ષ લહે શુભ રીત(૧)

નાણે વયણાં જે કહ્યાં, કિરિયાયે વલી તેહ । નિજ નિજ મતને પોષવા, તે સુણજો ધરિ નેહ(૨)

ભિન્ન ભિન્ન મતવાસિયો, પ્રાણી ભાષે ભાખ । નિજ નિજ મતને પોષવા, પણ જિનમત શુદ્ધ શાખ (૩)

જે નવિ જાણે નવિ સુણે, ઉભય પક્ષ ગત વાત । તે નિશ્ચયથી વેગળો, કેમ લહે સુખશાત (૪)

દોષ ઉભય નહિં દોય જોગ, જિનવચનામૃત સાધ । તે ત્રણ મત કરી ભૂભુઆ સહું ધરજો નિરબાધ(૫)

જિનવર ભાખે ભવિજનો, જ્ઞાન ક્રિયા યુગ દોય । વાદ કરે નવિ મન ધરે, જે સુખકારણ હોય(૬)

નવિ નિષ્ફલ છે એહમાં, રહે પરથી સાપેખ । નિરપેક્ષે ભવવારિધી, વધે અનન્તો દેખ (૭)

એક અન્યને મારવા, તલપે દિન ને રાત । માંસ સુરા વિષ ન્યાયથી, હોવે દોયનો ઘાત (૮)

નવિ સજ્જનમુખ શોભતો, પર અવર્ણનો વાદ । સજ્જ મુખ જે જીભડી, લહે પરગુણ સંવાદ (૯)

તરે નદી ગદ ક્ષય કરે, પામે ધન ભરપૂર । રાજ્ય વણિજ કવિ શૂર મુખ, નાણક્રિયામયભૂર(૧૦)

ક્ષાયિકજ્ઞાન ને ચરણને, ધરતા શ્રી જગદીશ ! સર્વસંવરકિરિયા કરી, આનન્દપદના ઇશ (૧૧)

इति ज्ञानक्रियोभयविचारः

# શ્રી વર્ધમાનજૈનઆગમસંસ્થાનું ધારાધોરણ.

૧ આ સંસ્થાનું નામ 'શ્રી વર્ધમાન જૈન આગમમંદિર' રાખવામાં આવે છે.

૨ આ સંસ્થાનો ઉદ્દેશ શ્રી જૈનશાસનના પરમઅંગરૂપ અને સર્વ-જગતના કલ્યાણના કારણભૂત પવિત્ર ૪૫ જૈન આગમોને આરસની તકતીઓમાં કોતરાવી દીવાલોમાં ચોડાવવા અને તે રીતે શ્રી આગમોનું રક્ષણ કરવું તે છે.

૩ આ સંસ્થા શ્રી આગમો અને તેના પ્રરૂપક શ્રી તીર્થંકરોનું માહાત્મ્ય વધારવાને માટે જે કાર્ય અને વહીવટ કરવાનું જરૂરી હશે તે તમામ કરશે.

૪ આ આખી સંસ્થાનો વહીવટ પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીમહારાજની સૂચના અને સલાહથી જ થશે અને તેમની સૂચના અને સલાહનો લાભ મળી શકે તેમ નહી હોય ત્યારે શાસ્ત્રાનુસારી સારા આચાર્યની સલાહથી જ કરાશે.

૫ ઉપર કહેલા ઉદ્દેશથી શ્રી સિદ્ધક્ષેત્ર (પાલીતાણા) માં શ્રી જયતલાટીની પાસેની જમીન આશરે ગજ ૩૫૨૭૧-૬ રૂા. ૨૭૦૦૦ સતાવીશ હજારની કિંમતથી પાલીતાણાના નામદાર શ્રીમાન્ ઠાકોર સાહેબ પાસેથી આ સંસ્થાના એક સભ્ય શેઠ ઝવેરભાઇ પન્નાજી બુહારીવાળા હથુ ખરીદવામાં આવી છે.

૬ ખરીદેલી જમીનમાં શ્રી જીનમંદિર, શ્રી આગમોની તકતીઓ રાખવાની ભમતી, દેરીઓ વિગેરે તેમજ યાત્રાળુ તથા ઉત્સવ કરનારની સગવડ ખાતર તેમજ બીજા જરૂર જોગા મકાનો કરવાના છે.

૭ જે કોઇ જૈનગૃહસ્થ આ સંસ્થાને એકી સાથે રૂા. ૨૫૦૦૦) અથવા તેથી વધુ રકમ આપશે તે આ સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ સામાન્યસમિતિના સભ્ય ગણાશે. એવી રીતે શેઠ ચુનીભાઇ લક્ષ્મીચંદ સંઘવી અને ઝવેરી શાન્તિલાલ છગનલાલ બે દાખલ થયા છે :

૮ આ સંસ્થાના ટ્રસ્ટીઓ હાલ નીચે જણાવ્યા મુજબ છે :-

(૧) સંઘવી પોપટલાલ ધારશીભાઇ જામનગરવાળા

(૨) સંઘવી ચુનીલાલ લક્ષ્મીચંદ ધારશીભાઇ જામનગરવાળા

(૩) ઝવેરી શાંતીલાલ છગનલાલ સુરતવાળા

(૪) સંઘવી નગીનદાસ કરમચંદ પાટણવાળા

(૫) શેઠ ગીરધરલાલ છોટાલાલ અમદાવાદવાળા

(૬) શેઠ ઝવેરચંદ પન્નાજી બુહારીવાળા

૯ ટ્રસ્ટીઓ ઉપરાંત જે કોઇ ગૃહસ્થ આ સંસ્થાને એકીસાથે રૂા. ૨૦૦૦) અથવા તેથી વધુ રકમ આપશે તે સામાન્યસમિતિના સભ્ય ગણાશે. તેવી મદદ અત્યાર સુધીમાં આપનાર ગૃહસ્થો નીચે જણાવ્યા મુજબ છે :-

ગૃહસ્થો નીચે જણાવ્યા મુજબ છે :-

(૧) શેઠજી જમનાદાસ મોનજી રે. જામનગર
(૨) શેઠજી ભગુભાઈ ચુનીલાલ સુતરીયા રે. અમદાવાદ
(૩) શેઠજી પન્નાલાલ ઉમાભાઇ હઠીસંગ રે. અમદાવાદ
(૪) શેઠજી લાલજી હરજી રે. જામનગર
(૫) મોતીકોર નગીનદાસ ફુલચંદ ઉસ્તાદ. સુરત
(૬) શ્રી હરજી જૈનશાળા જામનગર.
(૭) શેઠ ગીરધરલાલ છોટાલાલ અમદાવાદવાલા (ટ્રસ્ટી)

૧૦ આ સંસ્થાનો વહીવટ ચલાવવા હાલ તુરત માટે ત્રણ સમિતિઓ નીમવાની જરૂર ગણવામાં આવે છે.

(૧) સામાન્યસમિતિ
(૨) કાર્યવાહકસમિતિ
(૩) સ્થાનિકસમિતિ

તેનું કોરમ સભ્યોની સંખ્યાના પચાસ ટકાનું ગણાશે. પણ બીજી બેઠકે ચાલુ થશે.

૧૧ ઉપરની કલમ ૮ માં જણાવ્યા ટ્રસ્ટીઓ અને કલમ ૭ મુજબ થયેલા અને હવે પછી થનાર ટ્રસ્ટીઓ અને કલમ ૯ મુજબ જે ગૃહસ્થો તરફથી મદદ મળી છે અને મળશે તે બધા સામાન્યસમિતિના સભ્યો ગણાશે. તે ઉપરાંત નીચે જણાવેલા ગૃહસ્થો પણ સામાન્ય સમિતિના સભ્યો ગણાશે.

(૧) શેઠ રૂપચંદ ઘેલાભાઇ રે. સુરત
(૨) શેઠ મોતીલાલ ગુલાબચંદ રે. સુરત
(૩) શેઠ મોહનલાલ છોટાલાલ રે. અમદાવાદ
(૪) શેઠ ચીમનલાલ મંગળદાસ રે. અમદાવાદ
(૫) વકીલ ઉજમશી શિવલાલ રે. રાજકોટ
(૬) વકીલ છોટાલાલ ત્રીકમલાલ રે. વીરમગામ
(૭) સંઘવી ત્રંબકલાલ હરગોંવીદદાસ રે. લીંબડી

૧૨ સામાન્યસમિતિ પોતા માટે પ્રમુખ એક ઉપપ્રમુખ અને એક મંત્રી વધારે મતે ચુંટી કહાડશે.

૧૩ સંસ્થાનો હીસાબ ઓડીટ કરાવવા સામાન્ય સમિતિ બે ઓડીટરો નીમશે અને તે બે બે વર્ષે બદલાશે.

૧૪ કાર્યવાહકસમિતિના સભ્યોની સંખ્યા સાતની હશે અને તે સામાન્યસમિતિ પોતાના સભ્યોમાંથી વધારે મતે ચુંટી કાઢશે. અને તે સમિતિમાંથી એક કાર્યવાહકસમિતિ ચુંટાશે અને તે દર ત્રણ વર્ષે ફરી ચુંટણી કરી બદલાવવામાં આવશે.

૧૫ કાર્યવાહકસમિતિ પોતા માટે એક પ્રમુખ, એક ઉપપ્રમુખ અને એક મંત્રી, એક ખજાનચી પોતામાંથી વધારે મતથી ચુંટી કાઢશે.

૧૬ સામાન્યસમિતિની સભા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર પાલીતાણા મુકામે મળશે અને તે ઉપરાંત જ્યારે જ્યારે જરૂર પડશે ત્યારે

ત્યારે મહારાજશ્રીની સૂચના લઈ પ્રમુખશ્રી જ્યાં બોલાવવાની સૂચના કરે ત્યાં સામાન્યસમિતિના મંત્રી બોલાવશે. પ્રમુખશ્રીની ગેરહાજરીમાં પ્રમુખનું કામ ઉપપ્રમુખ કરશે. મહારાજશ્રીની સૂચના લઈ સઘળું કામ બહુમતિથી થશે.

૧૭ સામાન્યસમિતિ દરવર્ષે સંસ્થાના અંગે ના ઉપજ ખર્ચનું બજેટ મંજુર કરશે.

૧૮ આ સંસ્થામાં જે જે રકમો ભરાશે તેને માટે સામાન્યસમિતિના મંત્રી પાકી પહોંચ આપશે અને સમિતિ નક્કી કરશે તેને ત્યાં તે રકમ ચાલુ તરીકે ભરી દેશે.

તેવી જ રીતે આ સંસ્થાના અંગેના થતા ખર્ચ માટે જે જે રમકમ આપવાની હશે તે સામાન્યસમિતિના ઠરાવ અનુસાર કાર્યવાહક સમિતિને અથવા બીજાઓને સોંપશે અને મંત્રી તેવી આવક જાવકનો રીતસર હિસાબ રાખશે. નાણાં લઈ કાચી પહોંચ સ્થાનિક સમિતિના સભ્ય અથવા મુનીમ પણ આપી શકશે.

૧૯ આ સંસ્થાની મીલ્કત ટ્રસ્ટીઓમાંથી ત્રણના નામે રહેશે અને બેની સહીથી તેની ફેરફારી કે ઉપાડવાનું થશે.

૨૦ શ્રી સિદ્ધચલજીમાં આ કામ ચાલવાનું હોવાથી રૂા. ૫૦૦૦) અંકે પાંચ હજાર સુધીની રકમ પાલીતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં અને રૂા. ૫૦૦૦) પાંચ હજાર સુધીની રકમ પાલીતાણા દરબારી બેન્કમાં સંસ્થાને નામે સ્થાનિકસમિતિના સભ્ય હસ્તક રાખવામાં આવશે.

૨૧ ટ્રસ્ટીઓને યોગ્ય લાગે ત્યાં પચીશ હજારથી વધારે રકમ હોય તો સારી જગ્યાએ ચાલુ ખાતે "શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર સંસ્થા" ના નામે મ્હેલશે.

૨૨ કાર્યવાહકસમિતિ સામાન્યસમિતિએ મંજુર કરેલ વાર્ષિક બજેટ પ્રમાણે ખર્ચ કરશે અને બજેટની રકમ ઉપરાંત જરૂરીયાત જણાતાં કાર્યવાહકસમિતિ રૂા. ૧૦૦૦) સુધીનું ખર્ચ કરી શકશે, પણ તેવા પ્રસંગે તે બાબત સામાન્યસમિતિને તુરત લખી જણાવશે અને સામાન્યસમિતિ ખર્ચ મંજુર કરશે અને મંજુરી મળ્યા પહેલાં તેથી વિશેષ ખર્ચ કાર્યવાહકસમિતિ કરી શકશે નહિ.

૨૩ કાર્યવાહકસમિતિ ખર્ચનો બરાબર હિસાબ રાખશે અને હિસાબ દર મહિને સામાન્યસમિતિ તરફ મોકલશે.

૨૪ કલમ ૬ માં જણાવેલ સ્થાનિકસમિતિ નીચેના ચાર ગૃહસ્થોની બનશે :-

(૧) નગરશેઠ વનમાળીદાસ બેચરદાસ

(૨) વોરા કુંવરજી જીવણભાઈ

(૩) શેઠ પરમાણંદ માધવજી

(૪) માસ્તર કુંવરજી દામજી

ઉપર બતાવેલ સમિતિએ કાર્યવાહક સમિતિની સૂચનાનુસાર સંસ્થાના અંગે થતાં દરેક સવડી બાંધકામો અને તે નિમિત્તે જોઈતા સરસામાન અને સાધનોની સવડ રાખવાની છે અને બજેટ મંજુર થતાં સુધી આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી

સાહેબની સલાહ અને સૂચનાનુસાર અથવા શેઠજી શ્રી પોપટલાલ ધારશીભાઇને જરૂરી પ્રસંગે પુછાવી કામકાજ કરવાનું છે.

૨૫ આ સંસ્થાએ ખરીદેલી જમીનની અંદર મકાનોની અંદર તેમજ બહાર પરમપૂજ્ય આચાર્ય દેવ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ અને તે પહેલાંના આચાર્યો સિવાયની મૂર્તિઓ મુકી શકાશે નહી કોઇ વ્યક્તિના ઓઇલ પેઇન્ટીંગ કે ફોટોગ્રાફો (છબીઓ) કોઇપણ સંજોગોમાં રાખી શકાશે નહીં.

૨૬ આ સંસ્થાએ ખરીદેલ જમીનના નાણાં જેણે આપેલ હશે તેના તેમજ કામ ચાલતા દરમ્યાન શ્રી જિનમંદિર અને બીજા બાંધકામ માટે કે શ્રી આગમોના ખર્ચ માટે રૂા. ૧૦૦૦ કે તેથી વધારે નાણાં આપેલ હશે તેમના નામોના શિલાલેખો યોગ્ય જગ્યાએ ચોડવાની સંસ્થા વ્યવસ્થા કરશે.

૨૭ શ્રી આગમો આરસપાહાણમાં લખાવવા અગર કોતરાવવાના છે. તેને માટે દરશ્લોકે સવા રૂપીઓ નકરાનો લેવાશે. તેવી રકમ આપનાર દાતાનું નામ દરેક આગમ પૂર્ણ થયેથી તે તખ્તીમાં લખવામાં આવશે. અંગાદિ આગમનો વિભાગ થાય છે એમ સ્પષ્ટ જણાય તે હેતુથી જે ચાર શિલામાં છેલ્લો ભાગ પૂર્ણ થાય તે શિલામાં બીજો વિભાગ લખવાનો નથી. લખાણ સાફ અક્ષરથી આગમનું માહાત્મય વિગેરે હેતુ ધ્યાનમાં રાખી કરવાનું છે.

૨૮ આ સંસ્થાએ ખરીદેલી જમીનમાં ટ્રસ્ટીઓ કે બીજા કોઇ ગૃહસ્થો બંગલા કરાવી દેવા ઇચ્છા બતાવશે તેમને જગ્યાના પ્રમાણમાં સામાન્યસમિતિની મંજુરીથી બંગલા માટે યોગ્ય રીતે જમીન આપવામાં આવશે અને તેને તેઓ અગર તેમના સંબંધીઓ જ્યારે જ્યારે શ્રી સિદ્ધક્ષેત્રમાં આવશે ત્યારે સંસ્થાના ધારાધોરણ મુજબ વાપરવાનો હક ધરાવશે. પરંતુ તે પરત્વે સઘળ હકો સંસ્થાના રહેશે.

૨૯ કાર્યવાહકસમિતિની મંજુરી સિવાય આ સંસ્થા કોઇપણ પ્રકારનો લાગો કરશે નહિં, તેમજ કોઇનો પણ હક્ક લાગો આપશે નહીં, તેમ લેવા દેશે નહીં.

૩૦ રાજ્યની સાથે કામકાજ પડતાં સ્થાનિક સમિતિના સભાસદો સાથે સામાન્ય સમિતિમાંથી રાજ્યકાર્યના પરિચિત સભાસદને સામાન્યસમિતિ મોકલી રાજ્ય સાથેનું કામકાજ કરશે અને તે કામકાજ સામાન્ય સમિતિની વતી કરેલું ગણાશે.

૩૧ આ સંસ્થાની મુખ્ય ઓફીસ હાલ તુરત મુંબાઇ શેઠ રૂપચંદ ઘેલાભાઇને ત્યાં રાખવામાં આવશે અને કલમ ૨૦માં બતાવ્યા મુજબની રકમ ઉપરાંત વધારાની તમામ રકમ શેઠ રૂપચંદ ઘેલાભાઇને ત્યાં ભરવામાં આવશે.

૩૨ આ ધારાધોરણમાં આચાર્ય મહારાજની સલાહ અને સૂચના અનુસાર ફેરફાર કે સુધારો વધારો કરવાનો અધિકાર સામાન્યસમિતિને રહેશે.

પાલીતાણા.<br>
તા. ૧૯-૬-૩૮ } સંસ્થાના સંચાલકો.

તા.ક. પીસ્તાલીસ આગમોની શ્લોક સંખ્યા, રકમ સંખ્યા અને ગ્રાહકોનાં નામોનું લીસ્ટ આવતા અંકે આવશે.

# તીર્થયાત્રા - સંઘયાત્રા (ગતાંકથી ચાલુ)

જરૂર પડી છે કે ભવ્યજીવો સંઘયાત્રા જેવા અને તીર્થયાત્રા જેવા કાર્યની અનુમોદનામાં શિથીલ ન બને અગર તેનાથી બહિષ્કૃત ન થાય, માટે તેવાઓનો બચાવ કરવાનું અનિવાર્ય ગણ્યું છે. આ સ્થાને વ્યાખ્યાનની હકીકત એટલાજ માટે લખવી જરૂરી ગણી છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમારૂપી અને તેઓશ્રીના મન્દિરરૂપી બે ક્ષેત્રના નિરૂપણ પછી જીનેશ્વરમહારાજના આગમરૂપી ત્રીજા ક્ષેત્રનું નિરૂપણ કરતાં જે કંઈ આગમની મહત્તાને માટે અને તેના શ્રવણની પરમઉત્તમતાને માટે જણાવવામાં આવે તેનો ઉપયોગ યાત્રિકગણ અને તેના નેતાઓને દૂષિત કરવામાં કોઈ ન કરી લે.

જો કે શાસ્ત્રોમાં નિશ્રાકૃત, અનિશ્રાકૃત, ભક્તિચૈત્ય, મંગલચૈત્ય અને સાધર્મિકચૈત્ય એવી રીતે પાંચ પ્રકારનાં ચૈત્યો જણાવેલાં છે, પરંતુ શાસ્ત્રકારોએ ગ્રામચૈત્યોમાંજ નિશ્રાકૃત અને અનિશ્રાકૃત એવા ભેદો રાખી શ્રીઅષ્ટાપદજીઆદિતીર્થસ્થાનોમાં માત્ર ભક્તિચૈત્ય અને અનિશ્રાકૃતચૈત્યોનું સ્થાન જણાવેલ છે. એટલે ગ્રામના ચૈત્યોમાં કદાચ મઠવાસી અને પાસત્થાદિની નિશ્રાવાળાં એવાં નિશ્રાકૃત ચૈત્યો હોય અને તેથી ભવ્યઆત્માઓને ગ્રામચૈત્યો તેવાં લાભદાયક ન પણ લાગે, અને ગ્રામચૈત્યોમાં નિશ્રા કરનાર પાસત્થાદિકને ઉચિતતાની ખાતર નમસ્કાર કરવો પડે તથા તે દ્વારાએ શુદ્ધ આત્માઓને સંકોચ રહે. યાદ રાખવુંકે શ્રી દેવેન્દ્રસૂરિજીમહારાજ સરખા શાસનધુરંધરો નિશ્રાકૃતચૈત્યમાં પાસત્થાદિકોને ઉચિતપણે નમસ્કારાદિ કરવાનું સ્પષ્ટપણે જણાવે છે, અર્થાત્ આજકાલના પરવંચનકારોની માફક સમ્યક્ત્વનાં પડીકાનાં બંધન અને મોચન જણાવતા નથી. પરવંચનકારોની તો પરંપરાથી પદ્ધતિજ એવી છે કે હમો સિદ્ધાન્તથી વિરૂદ્ધ બોલીએ, આચરણા ઉઠાવીયે, લૌકિકવાતને લોકોત્તર તરીકે કહીયે, ચાર ભવાનાઓની વ્યાપકતા ન માનીયે, અસજઝાયથી વ્યાપ્ત એવા ઓળીના દિવસોમાં કાલગ્રહણ લઈ પદવી લઈએ, શાસ્ત્રોના અર્થો ઉલટા કરીયે, વગેરે અનેક અપકૃત્યો કરીયે તો પણ હમો અને હમારા અનુયાયિઓ તો સમ્યગ્દષ્ટિ છીએ, એમ હમારી ઓફીસથી બહાર પાડીયે છીયે, અને હમારા સિવાયના શાસ્ત્રાનુસારી મહાત્માઓ હોય તો પણ તે બધાને મિથ્યાત્વિપણાઆદિનાં બીરૂદ હમે વલગાડી દઈયે છીએ. આ બધી હકીકતને એકબાજુ મ્હેલીયે અને મૂલમુદ્દામાં આવીયે તો સ્પષ્ટ જણાશે કે તીર્થચૈત્યો અનિશ્રાકૃત અને ભક્તિચૈત્યો તરીકે હોય છે અને તેથી તે તીર્થચૈત્યો નિઃશંકપણે ગ્રામચૈત્યો કરતાં સ્થિરઆરાધનાનું કારણ બને છે, અને તેથીજ પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવાની ઈચ્છાવાળો ધર્મપરાયણ પુરૂષ યાત્રિકગણનો નેતા બની પોતે અને પોતાની સાથે આવનાર સર્વયાત્રિકસમુદાયને તીર્થચૈત્યોના દર્શનાદિદ્વારાએ નિશંકપણે મ્હોટા લાભને લેવાવાળો થવા સાથે લેવડાવવા ભાગ્યશાળી થાય. ધ્યાન રાખવું કે ઈન્દ્રાદિદેવગણો ભગવન્જિનેશ્વમહારાજના જન્માદિકલ્યાણકોનો મહિમા ભગાવન્જિનેશ્વરમહારાજના જન્માદિ અને મેરૂએ કરીને તરત સીધા દેવલોકમાં જતા નથી. અને તે દેવલોકનાં પોતાની સત્તામાં રહેલા મંદિરમાં અઠાઈ મહોચ્છવ કરતા નથી, પરન્તુ શ્રીનન્દીશ્વરદ્વીપ જેવા તીર્થસ્થાનોમાં જઈને તીર્થચૈત્યોમાં અઠાઈમહોચ્છવ કરે છે. એટલે ભવ્યાત્માઓએ ચૈત્યોની વિશિષ્ટતા માન્યા છતાં પણ તીર્થચૈત્યોની અધિકતા અવશ્ય માનવીજ જોઈએ, અને જો તેની માન્યતા શાસ્ત્રને અનુસરનારી થાય તો દરેક ભવ્યતા ચૈત્યક્ષેત્રને અને વિશેષે કરીને તીર્થચૈત્યોને આરાધન કરવા કટીબદ્ધ થાય અને તેથી સંઘયાત્રાની અત્યંત ઉપયોગિતા ગણે એ સ્વાભાવિકજ છે.

## શ્રીતીર્થંકરભગવંતોનો પ્રભાવ કેવો ?

ભગવાન્ જીનેશ્વરમહરાજની મૂર્તિ અને તેનાં ચૈત્યોને શાસ્ત્રની રીતિને યથાસ્થિતરીતિએ સમજવાવાળાઓને મુખ્યતાએ યથાસ્થિત ઉપકાર કરી શકે છે, તેમાં તો બે મત છેજ નહિ, પરન્તુ જેઓ ભદ્રિકસ્થિતિના અને અલ્પબુદ્ધિવાળા હોય અને તેથી તેઓને ભગવાન્ જીનેશ્વરમહારાજની યથાસ્થિત પરોપકારિપણાની દશા, મોક્ષનો માર્ગવહેવડાવનાર, મહાપુરૂષોની જડ, ઈન્દ્રનરેન્દ્ર વિગેરેને અતિશયાદિદ્વારાએ પણ પૂજ્ય, એવા તીર્થંકરભગવાન્ દરેક હિતની કામનાવાળા મનુષ્યને સર્વથા પ્રકારે દર્શનકરવાલાયક, સેવા લાયક, પૂજા લાયક અને ધ્યાનકરવા લાયક છે, એ વિગેરે હકીકત ધ્યાનમાં ન આવે તેમાં આશ્ચર્ય નથી, પરંતુ તેઓ ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્તિ ઉપરથી વીતરાગપણાની દશા, કષાય, વિષય અને આરંભપરિગ્રાહદિથી રહિતપણું, સ્ત્રી, હથિયાર વિગેરેથી રહિતપણું, મુખકમળની પ્રસન્નતા, કાર્યોત્સર્ગ તથા પલ્યંક આસન અને દષ્ટિનું નાસિકા ઉપર નિયમિતપણું દેખીને સામાન્ય રીતે ભગવાન્જીનેશ્વરમહારાજના શાસનની ત્યાગમુદ્રાને અનુસરે તેમાં આશ્ચર્ય નથી, છતાં એ વાત તો વાચકોએ ધ્યાન બહાર રાખવાની નથી કે જેમ સંસારરૂપી અટવી ઓલંઘવાના બે માર્ગોમાં શ્રાવકધર્મનો માર્ગ જો કે સુખાળો છે, શાન્તિથી તે રસ્તે ચાલી શકાયછે, પરન્તુ શાશ્વતઆનંદમય મોક્ષપુરની પ્રાપ્તિ તો સાધુધર્મરૂપી કઠિન અને દુઃખમય સંયમમાર્ગમાં આવ્યા સિવાય થતીજ નથી, એવી રીતિ અહિં પણ સામાન્યભદ્રિક મનુષ્યોને ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્તિથી વીતરાગત્વાદિ જે જિનેશ્વરમહારાજના ગુણો છે તેનું ભાન થાય, તો પણ પર્યન્તમાં ભગવાન્જીનેશ્વરમહારાજના માર્ગોપદેશકપણાઆદિ ગુણોનું ભાન થયા સિવાય અને તે ભગવાન્ જીનેશ્વરમહારાજે મોક્ષની પ્રાપ્તિને માટે જણાવેલા અબાધિતમાર્ગનું આચરણ કરાય તે વિના પરમફલ પ્રાપ્ત થવું મુશ્કેલજ છે.

## આગમની અત્યુત્કૃષ્ટતા શામાં ?

આ હકકીત જે ભવ્યજીવના ધ્યાનમાં આવશે તે ભવ્યજીવ ભગવાનજીનેશ્વરમહારાજની મૂર્તિ અને મન્દિરની અત્યંત ઉપયોગિતા સમજવા સાથે ભગવાન્ના માર્ગપ્રણયનરૂપી આગમની પરમમહત્તા સમજ્યા સિવાય રહેશેજ નહિ, આ વસ્તુને ધ્યાનમાં રાખનાર મનુષ્યજ શાસ્ત્રકારે કહેલા નીચેના વાક્યને બરોબર સમજી શકશે. શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે :-

"आगमं आयरंतेणं अत्तणो हिअकंखिणा।
तित्थनाहो गुरूधम्मो, सव्वे ते अणुमन्निया"

અર્થાત્ આત્માનું હિત કરવાની જેને ઈચ્છા હોય તે પુરૂષે જો આગમનો આદર કર્યો એટલે આગમવચનને પ્રમાણભૂત માન્યાં અને આગમવચનમાં કહ્યા પ્રમાણે વર્ત્તવામાંજ આત્માનું કલ્યાણ છે તથા આગમથી વિરૂદ્ધ વર્ત્તનારાઓનાં દાન-શીલ-તપ-અને ભાવ, વૈરાગ્ય-ચારિત્ર-તપસ્યા-વિનય-વૈયાવચ્ચ-ધ્યાન-સમાધિ વિગેરે ધર્મકાર્યો આત્માની ઉન્નતિના અંશે પણ સાધન બની શકતાં નથી, એટલુંજ નહિં, પરન્તુ તે આગમની વિરાધના કરનારાઓને અનાદિઅનંત સંસારકંતારમાં ભટકવું પડે છે, એમ ધારી આગમના માર્ગે જવાની અભિલાષા રાખીને આગમના માર્ગને આદરવાવાળા મહાપુરૂષોનો અત્યંત, સત્કાર-સન્માન-ભક્તિ-વિનય-વૈયાવચ્ચઆદિ કરવા દ્વારાએ આગમનો જેણે આદર કર્યો તે પુરૂષે તીર્થંકર મહારાજ કે જેઓ શાસનના માલીક અને મોક્ષમાર્ગના શરૂથી ઉપદેશક છે તેઓનો આદર કરેલો સમજવો, તેવીજ રીતે ગુરૂમહારાજ કે જેઓ ભગવાન્ જીનેશ્વર મહારાજાઓના વચનને આધારે

મહાવ્રતાદિધર્મદ્વારાએ મોક્ષ પ્રાપ્ત કરવા કટિબદ્ધ થયેલા છે અને ભવ્યજીવોને સંસારસમુદ્રથી તારવા માટે અહર્નિશ શ્રમણધર્માદિનો ઉપદેશ કરી ભવઅટવીથી પાર પમાડવા તૈયાર થયા છે, તેવા ગુરૂમહારાજાઓનો પણ તેવા આગમને આદરનારે અંગીકાર કરેલોજ છે, વળી દુર્ગતિથી બચાવવાવાળો અને મોક્ષસુધીની સદગતિની પ્રાપ્તિ કરવાવાળો એવો જે ભગવાન્ જીનેશ્વર મહારાજે દુર્લભ એવો ધર્મ અકલંકપણે નિરૂપણ કરેલો છે, તેવા ધર્મનો આદર પણ તે આગમને આદરવાવાળાએ એટલે આગમની આરાધનામાં મશ્ગુલ બનેલાએ કરેલોજ છે એમ સમજવું.

## પ્રવૃત્તિ આગમાનુસાર હોવી જોઈએ.

આ હકીક્ત જાણનારો મનુષ્ય ભગવાન્ જીનેશ્વરની મૂર્ત્તિ અને તેમના ચૈત્યની સેવા કરતાં આગમના આદરની અંશે પણ ન્યૂનતા ન સમજતાં પરમકરણીયતા સમજશે એમાં કાંઈપણ નવાઈ નથી, અને એવી રીતે આગમની સર્વોત્કૃષ્ટતા જાણવાવાલો મનુષ્ય મૂર્ત્તિ અને મન્દિરની માફક આગમની તરફ પણ મીટ માંડીને દૃષ્ટિ રાખ્યાંજ કરશે તે સ્વાભાવિકજ છે, વળી ભગવાન્ જીનેશ્વરમહારાજની મૂર્ત્તિ અને તેમના મંદિરોને અંગે ભવ્યજીવોએ જે પણ આત્માના કલ્યાણને માટે પ્રવૃત્તિ કરવાની છે તે બધી ભગવાન્ જીનેશ્વરમહારાજના આગમને અનુસરીનેજ જો કરવાની હોય તો તે આત્માનું યથાર્થ કલ્યાણ કરી શકે, પરન્તુ જે પ્રવૃત્તિ ભગવાન્ જીનેશ્વમહરાજની મૂર્ત્તિ અને તેમના મન્દિરને અંગે હોવાથી ભગવાન્ જીનેશ્વરમહારાજને ઉદ્દેશીને હોય, પરન્તુ જો તે આગમના વચનોથી વિરૂદ્ધ કે બાધિત હોય તો તે પ્રવૃત્તિ મુમુક્ષુજીવોએ કોઈપણ પ્રકારે આદરવાની નથી, એટલુંજ નહિ, પરન્તુ તે ચલાવી લેવા જેવી પણ નથી.

## સ્વકલ્પિત પ્રવૃત્તિ સંસારવૃદ્ધિનું કારણ બને છે.

આટલાજ માટે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે કે **समइपवित्ती सव्वा आणाबज्झत्ति भवफला चेव । तित्थयरुद्देसेणवि न तत्तओ सा तदुद्देसा** અર્થાત્ સિદ્ધાંતના વચનોથી નિરપેક્ષપણે માત્ર પોતાની બુદ્ધિથી જે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે તે બધી પ્રવૃત્તિઓ ભગવાન્ જીનેશ્વર મહારાજની આજ્ઞાથી વિરૂદ્ધ અને બાહ્ય છે, માટે તે પ્રવૃત્તિઓનું ફલ સંસારની વૃદ્ધિમાંજ આવે છે. કદાચ કહેવામાં આવે કે અમે જે આ પોતાની બુદ્ધિથી પણ પ્રવૃત્તિ કરીએ છીએ તે વિષય-કષાય-કુટુંબકબીલા અને ધનધાન્યની પ્રાપ્તિ માટે કે તેના ટકાવ માટે અગર તેની વૃદ્ધિ માટે નથી કરતા, પરન્તુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની ભક્તિ માટે કરીએ છીએ, એટલે ભગવાન્‌જીનેશ્વરમહારાજને ઉદ્દેશીને આ સ્વમતિથી પણ પ્રવૃત્તિ હોવાથી તે આજ્ઞાબાહ્ય નહિં થાય, અને તેથી સંસારની વૃદ્ધિરૂપી ફલને દેનારી પણ નહિં થાય, એવું કહેવામાં આવે તો તેને અંગે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે-

જો કે ભક્તિ અને પ્રવૃત્તિને કરનારો મનુષ્ય તે ભક્તિ અને પ્રવૃત્તિમાં કુટુમ્બકબીલાદિનો ઉદ્દેશ રાખતો નથી, પરન્તુ ત્રિલોકનાથતીર્થંકરભગવાનનોજ ઉદ્દેશ રાખે છે, પરન્તુ તે પ્રવૃત્તિ ભગવાન્ જીનેશ્વર મહારાજની આજ્ઞાવિરૂદ્ધ અને સ્વમતિકલ્પિત હોવાથી ભગવાન્ તીર્થંકરને ઉદ્દેશીને થયેલી ગણાયજ નહિ. આ હકીક્ત ધ્યાનમાં રાખનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે દેવ ગુરૂ અને ધર્મનો આદર ભગવાન્ જીનેશ્વર મહારાજના વચનરૂપી આગમના આદર તે સિવાય ભગવાન્‌જીનેશ્વર મહારાજનો યાવત્ ગુરૂમહારાજ કે ધર્મનો પણ આદર ગણે તો પણ તે આત્માની કલ્યાણદશા સાધનારો થતો નથી, માટે

ભગવાન્જીનેશ્વરમહારાજની આરાધના કરવા માટે તેઓશ્રીની મૂર્ત્તિ અને તેઓશ્રીનાં મન્દિરની આરાધના કરવા તત્પર થનાર મનુષ્યે આગમઆદિનું અનિવાર્યપણું સમજવું જોઈએ અને તે વાત જ્યારે સમજાશે ત્યારે ત્રીજા ક્ષેત્ર તરીકે કહેલા જ્ઞાનનામના ક્ષેત્રની આરાધતા બરોબર સમજમાં આવશે.

### જીનેશ્વરમહારાજનો અત્યુત્તમ ઉપકાર શો ?

ભગવાન્ જીનેશ્વર મહારાજનો જગત્ના જીવમાત્રની ઉપર અનહદ ઉપકાર છે, પરન્તુ જેમ વૃક્ષ નીચે બેઠેલા મુસાફરને માત્ર તે વૃક્ષ છાયાથીજ ઉપકાર કરે છે, પરન્તુ ફળ અને પુષ્પાદિકદ્વારાએ જે છે તે વિશેષ ઉપકાર વૃક્ષના માલિકનેજ થાય છે, તેવી રીતે જગત્ના સામાન્યજંતુઓનેતો ભગવાન જીનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા યથાસ્થિત જીવરક્ષાઆદિકના વચનોદ્વારાએ થાય છે, પરન્તુ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવાથી ભવ્યજીવોને જે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થઈ છે, નરક અને તિર્યંચની ગતિરૂપ દુર્ગતિઓથી બચવાનું થયું છે, સ્વર્ગની સીડી પગ આગળ ખડી થયેલી છે, મોક્ષની મહેલાત નજર આગળ ચમકી રહેલી છે, મોક્ષ પ્રાપ્ત કરવામાં સાધનો હસ્તગત થઈ શક્યાં છે, આત્માને આરંભપરિગ્રહઆદિથી નિવૃત્ત કરાવનાર એવું શાસન સ્હેલથી સાંપડયું છે, વિષય કષાયથી નિવૃત્તિ કરાવી તે નિવૃત્તિમાં દૃઢ રાખી દિન પ્રતિદિન મોક્ષની પ્રાપ્તિની નજીક લઈ જનાર એવો શ્રમણસંઘ અને તેનો સંસર્ગ અનન્તકાળે દુર્લભરીતે જે પ્રાપ્ત થયો છે તે બધા ઉપકારના કારણ તરીકે જ્યારે જીનેશ્વરમહારાજને ધ્યાનમાં લઈએ. ત્યારે ભગવાન જીનેશ્વર મહારાજથી કેવાં ઉત્તમફૂલો આ આત્માને પ્રાપ્ત થયાં છે તે ખ્યાલમાં આવે અર્થાત્ કેટલાક ભવ્યજીવોને માટે ભગવાન્ જીનેશ્વરમહારાજાઓ જ્યારે દીપક સમાન ઉપકારી થાય છે, ત્યારે કેટલાક ભવ્ય જીવોને આશ્રયી તો તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ સૂર્યસમાન પ્રકાશ કરનારા થાય છે, એટલે જગત્માં જે પ્રમાણે પ્રકાશને ગ્રહણ કરનારી દૃષ્ટિ હોય તે પ્રમાણે પ્રકાશ કરનારની ઉત્તમતા પ્રકાશને લેવાવાળો સમજે, તેવી રીતે અહિં ત્રિલોકનાથતીર્થંકરભગવાન્ની સર્વોત્તમતા તેજ મનુષ્ય સમજી શકે કે જે મનુષ્ય ભગવાન્ જીનેશ્વરમહારાજના આગમરૂપી તેજને અવલોકન કરવાને માટે શક્તિમાન હોય.

### ઉપકારીનું ઉપકારિપણું એક સરખુંજ હોય ?

યાદ રાખવું કે ભગવાન્જીનેશ્વરમહારાજ ત્રણે લોકના ઉપકારને માટે એક સરખી રીતે પ્રવર્ત્તેલા છે, છતાં પણ તે ત્રિલોકનાથ તરફથી ઉપકારની ન્યૂનાધિકતા પાત્રની ન્યૂનાધિકતા ઉપરથી થાય છે, જગત્માં વરસાદનું થવું એક સરખીરીતે થાય છે, છતાં પણ મોતીના ઊત્પત્તિ તો શુક્તિ (છીપ)માં પડેલાજ જલબિન્દુઓથી થાય છે, તેવીરીતે ભગવાન્જીનેશ્વરમહારાજનો સાચો અને ઘણો ઉપકાર અપ્રમત્તપણે જીવન વ્યતીતકરનાર મહાપુરૂષોમાંજ થાય છે. જો કે જલધરની ધારાથી વનસ્પતિમાં જેવી રીતે પણ પોત પોતાને લાયક ફલફુલ વિગેરે થાય છે, તેવી રીતે પ્રમત્તઆદિ ભવ્યજીવોમાં પણ ભગવાન્જીનેશ્વરમહારાજના વચનરૂપી જલધારાથી યથાયોગ્ય સમ્યક્ત્વ-દેશવિરતિ-સંયતતા વિગેરે ઉપકારો થાયજ છે, પરન્તુ જેમ જલધારાના એક જલબિંદુથી છીપમાં ઉત્પન્ન થયેલા મોતીની કિંમત આગળ તે ફલફુલના સમુદાયની કંઈપણ કિંમત ગણી શકાય નહિં, તેવીરીતે ભગવાન્જીનેશ્વરમહારાજના વચનોથી બુદ્ધિનિધાન એવા ગણધરાદિમહાપુરૂષોને જે ઉપકાર થાય તે ઉપકારની અપેક્ષાએ બીજા જીવોને જે સમ્યગ્દર્શનપ્રાપ્તિ આદિ ઉપકાર થાય તે તે કિંમતી ન ગણાય તે સ્વાભાવિક છે, પરન્તુ જેમ વાદળનો

(મેઘનો) જે ઉપકાર છે તે જળધારાદ્વારાએજ છે. જો જલધારાની વિવક્ષા કરવામાં ન આવે તો મેઘ જેવી કોઈ વસ્તુ રહેતી નથી, તેવીરીતે ભગવાન્ જીનેશ્વરમહારાજનો જે અત્યંત ઉપકાર છે તે બધો તેઓશ્રીએ કહેલા આગમરૂપી માર્ગ દ્વારાએ જ છે. જો આગમરૂપી માર્ગની વિવક્ષા કરવામાં ન આવે તો કહેવું જોઈએ કે અરિહંતપણા જેવી કોઈ ચીજ જ નથી. આ હકીક્ત ભવ્યજીવો જ્યારે ધ્યાનમાં લેશે ત્યારેજ તેઓને સમજવામાં આવેશે કે દેવલોકમાં પણ જેવી રીતે ભગવાન્ જીનેશ્વર મહારાજાઓની પ્રતિમાઓ આદર અને આરાધનાને પાત્ર ગણવામાં આવી છે, તેવીજ રીતે ત્યાં દેવલોકમાં પુસ્તકરત્નો પણ આદર અને આરાધનાને પાત્ર ગણવામાં આવ્યાં છે, તે બરોબર વાસ્તવિકજ છે.

## દેવતાઓ પણ પુસ્તકરત્નની આરાધના કરે.

દેવલોકમાં માત્ર સામાન્ય ઉત્તમપુસ્તકો છે અને તેથી તે પુસ્તકોને પુસ્તકરત્ન કહેવાય છે એમજ નથી, પરન્તુ તે દેવલોકનાં પુસ્તકોમાં સ્ફટિકરત્નનાંજ પાનાં છે અને તે સ્ફટિકરત્નના પાનાં ઉપર રિષ્ઠરત્ન કે જે કાળું હોય છે તેના અક્ષરો છે, પુસ્તકનાં પાનાં અને તેના અક્ષરો આવી રીતે રત્નનાં છે એમ નહિં, પરન્તુ તે પુસ્તકરત્ન લખાય એવાં અગર લખાયેલાં નહિં છતાં પણ પુસ્તક લખવાની પદ્ધતિને પ્રમાણભૂતગણવાની હોયતેની પેઠે ત્યાં મશીભાજન-મશી અને કલમ વિગેરેના પણ સાધનો એકસરખીરીતે રત્નમય જણાવવામાં આવેલાં છે, અર્થાત્ શાસ્ત્રોમાં દેવતાઓને પણ ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિનો આદર અને આરાધ્યતા જેવી રીતે જણાવવામાં આવ્યાં છે, તેવીજ રીતે પુસ્તકરત્નની આરાધ્યતા અને તેના સાધનોની જરૂરીયાત પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવી છે.

## સાતક્ષેત્રોમાં ત્રીજે નંબરે આગમક્ષેત્ર આરાધ્ય બને.

આ વાત જ્યારે ભવ્યો સમજવામાં આવશે ત્યારેજ મહારાજાકુમારપાળે કરોડો સોનૈયા ખરચી કરેલા અનેક આગમ ભંડારો અને મંત્રી વસ્તુપાલ અને તેજપાલે કરોડો રૂપીયા ખરચી કરેલા અનેક ભંડારોની વાસ્વવિક્તા અને એની ઉત્તમત્તા સમજાયા સિવાય રહેશે નહિ, ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્ત્તિ અને મન્દિરોની માફકજ જ્યારે પુસ્તકરત્નોની ઉત્તમતા જાણવામાં અને માનવામાં આવશે ત્યારે તે દરેક જીવ ભગવાન્‌ની મૂર્ત્તિ અને મન્દિરની માફક જ્ઞાન એટલે આગમક્ષેત્રને અનન્તર નંબરે માનવા માટે તૈયાર થયા સિવાય રહેશે નહિં.

## મન્દિરનું પ્રમાણ કેટલું ?

સુજ્ઞમનુષ્યો જ્યારે ભગવાન્‌જીનેશ્વરમહારાજે અર્થથી પ્રરૂપેલા અને સૂત્રથી ગણધર મહારાજે ગુંથેલા આગમોનું બહુમાન કરનારા થશે, ત્યારે ભગવાન્ જીનેશ્વરમહારાજાઓની મૂર્ત્તિઓની પાંચસે પાંચસે ધનુષ્ય જેવી મહત્તા અને જીનેશ્વરમહારાજના મન્દિરોની પાંચસે પાંચસે યોજન જેવી મહત્તા માનવાને તૈયાર થશે શ્રદ્ધાલુજનો શાસ્ત્રની અપેક્ષાએ જેવીરીતે મૂર્ત્તિ અને મન્દિરની મહત્તા માને તેવીજ રીતે તર્કાનુસારીયોને પણ તે મૂર્ત્તિ અને મન્દિરની મહત્તા જરુર માનવી પડશે.

## દેવોની વિપુલસંખ્યાએ પણ ચૈત્યનું પ્રમાણ મોટું હોવું જોઈએ.

તર્કાનુસારીઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સૌધર્મદેવલોકના ઈન્દ્રવતંસકને બાદકરીએ તો સૌધર્મદેવલોકના આવલિકાપ્રવિષ્ટ એક વિમાનની લંબાઈ અસંખ્યાતા જોજનો છે હવે એ

તર્કાનુસારીયોએ સમજવાની જરૂર છે કે આવા અસંખ્યાતા જોજન લાંબા પહોળા વિમાનની સ્થિતિની અપેક્ષાએ ન્હાનામાં ન્હાનું મન્દિર હોય, તો પણ તે પાંચસો યોજનથી તો ન્હાનું હોઇ શકે નહિ અને જો તે મન્દિર પાંચસો યોજનથી ન્હાનું હોય તો પ્રથમ તો વિમાનની પ્રમાણની અપેક્ષાએ શોભે નહિ અને વળી તે વિમાનમાં રહેવાવાળા દેવતાઓનો સમાવેશ પણ થઇ શકે નહિ, એટલે વિમાનના પ્રમાણની અપેક્ષાએ જેમ દહેરાની મહત્તાની જરૂર છે, તેવીજ રીતે તે તે વિમાનના દેવતાઓની સંખ્યાને અંગે પણચૈત્યની મહત્તાની જરૂર રહે એમાં નવાઇ નહિ, વળીતર્કાનુસારીએ ધ્યાનમાં લેવાનું છે કે જ્યારે જ્યારે વિમાનના માલીક વિગેરે દેવતાઓ પૂજા કરવાને આવે છે ત્યારે તે વિમાનમાં રહેનારા દેવતાઓનો મ્હોટો ભાગ તે મુખ્યદેવતાની જોડે પૂજામાં સામેલ હોય છે, એટલુંજ નહિં, પરન્તુ તે સાથે આવેલા દેવતાઓમાં મ્હોટો ભાગ પૂજાની સામગ્રીઓ હાથમાં લઇને તે મુખ્યદેવતાની સાથે સાથે ફરનારો હોય છે, હવે વિચાર કરો કે તે મુખ્યદેવતા અને તેની સાથે પરિવારમાં રહેલો મોટો ભાગ ફરી શકે એવું જો ચૈત્ય ન હોય તો દેવતાને અનુકૂળ ન આવે તે સ્વાભાવિક છે, વળી, મનુષ્યોમાં જેમ સરઘસ વિગેરેમાં બધા એક સાથે સાજનની લાઇનમાં ચાલવાવાળા હોતા નથી, પરન્તુ કેટલાક કુદવાવાળા, નાચવાવાળા અને અનેક પ્રકારના તમાસા કરવાવાળા હોય છે, તો ચૈત્યની તેવી પાચસો જોજન જેવી મહત્તા ન હોય તો તે સાથે આવેલા સામાન્યદેવતાઓને તેવી ચેષ્ટા કરવાનું સ્થાન રહેજ નહિં, માટે આ સઘળી વાત વિચારાય તો તર્કાનુસારીને દેવલોકના અને બીજા પણ શાશ્વતાચૈત્યોની મહત્તા ન માનવામાં મિથ્યાત્વ સિવાય બીજું કંઇ નડે તેમ નથી.

## મનુષ્યોમાં પણ તેમજ હોય છે.

વર્ત્તમાનકાળમાં પણ શહેરોમાં જે પ્રમાણમાં વસ્તી હોય છે તે પ્રમાણે ઘણે અંશે લોકોનો ભક્તિભાવ હોય છે, અને ભક્તિવાળા લોકોની અપેક્ષાએ ચૈત્યની મહત્તા રાખવીજ પડે છે, તે વાત નિર્મળચક્ષુએ દેખનારાને તો સ્હેજે જણાય તેમ છે. અને તે રીતિએ જ્યા જ્યાં વિમાનના દેવતાઓ ભેળા થતા હોય અગર અનેક દેવલોકના દેવતાઓ એકઠા થતા હોય ત્યાં ત્યાં ચૈત્યોની મહત્તા હોય તેમાં આશ્ચર્યજ નથી ?

## સંપ્રતિરાજાઆદિના સમયનાં ચૈત્યો શું જણાવે છે.

આ વાતને બીજી બાજુએ તપાસીએ તો એ વાત માનવાને પણ કારણ મળે છે કે મહારાજાકુમારપાળ અને મહારાજસંપ્રતિની વખતે બનેલાં દહેરાં અત્યંત મોટાં કેમ હતાં તેનો ખુલાસો થશે અને તેથી સાથે તે વખતના જૈનોનો કેટલો બધો જીનેશ્વરમભગવાન્‌ની પૂજાને અંગે દૃઢરાગ હશે તે પણ જણાશે. અને એજ ધોરણે શ્રીરાણકપુરજીનું દહેરું, ગોલવાડનાં જુનાં દહેરા, આબુજીનાં દહેરાં વિગેરેની મહત્તાનું પ્રયોજન આપો આપ જણાઇ આવશે. બીજું દેવલોકનાં દહેરાઓ કંચનના હોય તેમાં કેટલાક શ્રદ્ધાની ઓછાશવાળા અગર શુષ્કર્તકને અનુસરવાવાળા અશ્રદ્ધા રાખે, પરન્તુ તેઓએ સમજવું જોઇએ કે દેવતાઓનાં પોતાનાં વિમાનો જ્યારે રત્નનાં હોય તો પછી તે જીનેશ્વરભગવાન્‌નાં દહેરાં કંચનનાં રાખે અને હોય તેમાં નવાઇ શું ? જેમ સૌધર્માદિક વિમાનોની ઉંચાઇ સત્તાવીસસો યોજનની છે અને તેની અપેક્ષાએ ભગવાન્‌જીનેશ્વર મહારાજાના મન્દિરોની ઉંચાઇ અઢીસેં જોજનની હોય તેમાં આશ્ચર્ય નથી તેવીજરીતે રત્નના વિમાનોમાં કંચનના ચૈત્યો અને રત્નની મૂર્ત્તિઓ હોય તેમાં આશ્ચર્ય શું ?

દેવલોકના સુવર્ણમય દહેરાંનો ઉલ્લેખ શાસ્ત્રોમાં પણ છે?

આ બધી વસ્તુ શ્રદ્ધાનુંસારી આગમની શ્રદ્ધાને આધારે માને અને તર્કાનુસારીઓએ વ્યુદગ્રાહિતપણું છોડીને જો વિચાર કરાય તો તેઓને પણ માનવુંજ પડે. જ્યારે દેવલોકની અંદર સોનાનાં દહેરાઓની હયાતિ છે ત્યારે શાસ્ત્રોકારોને પણ તે સોનાના દહેરાની ઘટના અનેકસ્થાને કરવી પડે છે. શાસ્ત્રોને સાંભળનારા અને સમજનારાઓ સારી રીતે સમજે છે કે સોનાનું ભવન (ચૈત્ય) કરનારને જેટલું ફળ થાય તેના કરતાં નિયમિત એક સામાયિક કરનારને શાસ્ત્રકારો ઘણું ફળ બતાવે છે. અર્થાત્ દેવલોકોમાં સોનાનાં ભવનો છે તેની અપેક્ષાએ આ સોનાનાં ભવનોની ઘટના કરવી એ અસંભવિત નથી. વળી શ્રી મહાનીશિથસૂત્રમાં પણ હજારો સોનાના થાંભલાવાળું અને સોનાથી જેનાં તળીયાં મઢેલાં છે એટલે ચારે બાજુ જે મન્દિરને સુવર્ણ લગાડવામાં આવ્યું છે તેવાં મન્દિર કરાવનારને જે ફલની પ્રાપ્તિ થાય તેના કરતાં પૂર્ણબ્રહ્મચર્યને ધારણ કરનાર. અગરસર્વ સંયમને ધારણકરનારને અધિકફળ બતાવ્યું છે તે પણ દેવલોકના સોનાના અને સુવર્ણમય ચૈત્યોને અનુલક્ષીને હોઇ શકે.

જીનચૈત્ય માટે જે કંઇ કરો તે થોડું.

વળી શાસ્ત્રકારોએ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ભગવાન્જીનશ્વરમહારાજના મન્દિર માટે જે જ્ઞાનને ઉપયોગ થાય, જે કારીગિરિનો ઉપયોગ થાય, જે બળનો ઉપયોગ થાય, જે પૂરુષાતનનો ઉપયોગ થાય, જે ઋદ્ધિનો ઉપયોગ થાય, તેજ સફલ અને મહાફળને દેનારો છે એમ ધર્મિષ્ઠ મનુષ્ય માને. એ અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો દરેક શ્રાવકની જેમ ફરજ રહે કે જ્ઞાન વિજ્ઞાન યાવત્ ઋદ્ધિસમૃદ્ધિનો ઉપયોગ ઊંચામાં ઊંચાપ્રકારે ભગવાનજીનેશ્વરમહારાજના ચૈત્ય વિગેરેમાં કરવો જે જૈનો સામાન્ય રીતે આવશ્યકના સૂત્રને સમજી શકે છે તેઓ કબુલ કરશે કે ભગવાન્જીનેશ્વરમહારાજની ભક્તિમાં કોઇપણ દિવસ શ્રાવકને સંતોષ હોયજ નહિ અને એટલાજ માટે શ્રાવકો સામાયિક, પૌષધ સિવાયની અવસ્થામાં ભગવાન્જીનેશ્વરમહારાજના વન્દન-પૂજન-સત્કાર-સન્માન સર્વ કરે છે, છતાં તે કરતા વન્દનાદિથી કોઇ દિવસ પણ શ્રાવકજનતાને સંતોષ થાયજ નહિ. અને તેથીજ તેઓ સાધુપણાના જેવી સામાયિકની અવસ્થામાં હોય તો પણ वन्दणवत्तिआए. વગેરે પાઠ બોલી તે વન્દનપૂજનાદિથી થતા લાભોને મોટું સ્થાન આપે છે, આ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે શ્રાવક વર્ગ કોઇ દિવસ પણ ભગવાન્જીનેશ્વરમહારાજના પૂજનઆદિકમાં ચાહે જેટલો દ્રવ્યનો વ્યય થાય તોપણ સંતોષને માનનારા તો હોયજ નહિ, અને આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે ભગવાન્ જીનેશ્વરમહારાજાઓ કોઇપણ દિવસે કોઇપણ જીવથી સર્વોત્તમપ્રકારે પૂજાતા નથી તે એ વાતનો નિશ્ચય થશે, અને જ્યારે તેનો નિશ્ચય થશે ત્યારેજ મહારાજા દશાર્ણભદ્રજીએ "ભગવાનજીનેશ્વર મહારાજની વન્દનામાં કોઇએ પણ ન વાંદ્યા હોય તેવી રીતે હું વાંદુ એવી રીતે કરેલુ અભિમાન અયોગ્ય ગણાયું તે સમજાશે, અને તે દશાર્ણભદ્રજીના અભિમાનને ટાળવા માટે ઇન્દ્રને કેમ આવવું પડયું? તે પણ સમજાશે.

પૂજાઆદિ માટે ખર્ચાતા પૈસાને ધૂમાડો કહેનારાઓની સ્થિતિ કેવી ?

આ સકલ હકીકતને સમજાનારો મનુષ્ય સારી પેઠે સમજી શકશે કે વસ્તુસ્થિતિને સમજનારો શ્રાવક જીનેશ્વર ભગવાનના પૂજનઆદિમાં અબ્જો સોનૈયા ખરચે તો પણતેમાં આશ્ચર્ય નથી, અને આ વસ્તુ જ્યારે સમજાશે ત્યારે મન્ત્રીશ્વર વિમલશાહે અને વસ્તુપાલ તેજપાલે કરોડો રૂપીઆ ખરચીને તીર્થનાં ચૈત્યો કેમ બંધાવ્યાં? તેનો ખુલાસો થઇ શકશે, અને આ વાત જ્યારે

અંતઃકરણથી સમજવામાં આવશે ત્યારેજ ભગવાનજીનેશ્વરમહારાજના ચૈત્યો મૂર્તિઓ-પ્રતિષ્ઠાઓ અને ઓચ્છવો માટે ધર્મીષ્ઠો જે પૈસો ખરચે છે તે વ્યાજબી લાગશે, વ્યાજબી લાગશે એટલું નહિ, પરન્તુ જેઓ તેવી રીતે ખર્ચાતા પૈસાઓને ધૂમાડો કર્યા જેવું કહેનારા છે તેઓને ભવાંતરમાં તીજી મળવી પણ મુશ્કેલ પડશે અને અનન્તાકાળ સુધી ભગવાન્ જીનેશ્વરાજના ધર્મની પ્રાપ્તિથી બેનસીબ રહેશે તે સ્હેજે સમજાશે.

ભગવાન જીનેશ્વર મહારાજની મૂર્તિ અને મન્દિરને માટે કલિકાળ સર્વજ્ઞભગવાન-શ્રીહેમચંદ્રસૂરિજી શું કહે છે તે જુઓ.

जिनबिम्बस्य तावद्विशिष्टलक्षणलक्षितस्य प्रसादनीयस्य वज्रेन्द्रनीलाऽञ्जनचन्द्रकान्तसूर्यकान्त-रिष्ठाङ्ककर्केतनविद्रुमसुवर्णरूप्यचन्दनोपलमृदादि-भिः सारद्रव्यैर्विधापनम् ।''यदाह सन्मृत्तिकाऽमल-शिलातलरूप्यदारूसौवर्णरत्नमणिचन्दनचारू बिम्बम् । कुर्वन्ति जैनमिह ये स्वधनानुरूपं, ते प्राप्नुवन्ति नृसुरेषु महासुखानि ॥१॥

तथाहि-पासाईआ पडिमा लक्खणजुत्ता समत्तलङ्करणा । जह पल्हाएइ मणं तह निज्जरमो विआणाहि ॥१॥

तथा निर्मितस्य जिनबिम्बस्य शास्त्रोक्त-विधिना प्रतिष्ठापनम्, अष्टाभिश्च प्रकाराभ्यर्चनं, यात्राविधानं, विशिष्टाभरणभूषणं, विचित्रवस्त्रैः परिधापनमिति जिनबिम्बे धनवपनम् । यदाह-गन्धैर्माल्यैर्विनिर्यद्बहलपरिमलैरक्षतैर्धूपदीपैः, सान्नाज्यैः प्राज्यमैदैश्चरूभिरूपह्यतैः पाकपूतैः फलैश्च। अम्भःसम्पूर्णपात्रैरिति हि जिनपतेरर्चनामष्टभेदां, कुर्वाणा वेश्मभाजः परमपदसुखस्तोममारा-ल्लभन्ते॥१॥

ननु जिनबिम्बानां पूजादिकरणे न कश्चिदुपयोगः न हि पूजादिभिस्तानि तृप्यन्ति तुष्यन्ति वा, न चातृप्रातुष्टाभ्यो देवताभ्यः फलमाप्यते । नैवम्, चिन्तामण्यादिभ्य इवातृप्ता-तुष्टेभ्योऽपि फलप्राप्यविरोधात्, यदुक्तं वीतरागस्तोत्रेऽस्माभिः-

अप्रसन्नात् कथं प्राप्यं, फलमेतदसङ्गतम् । चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ? ॥१॥ तथा-उवगाराभावम्मिवि पुज्जाणं पूयगस्स उवगारो । मन्ताइसरणजलणादिसेवणे जह तहेहंपि ॥१॥ एष तावत् स्वकारितानां बिम्बानां पूजादिविधिरूक्तः, अन्यकारितानामपि अकारितानां च शाश्वप्रतिमानां यथार्हं. पूजनवर्धनादिविधिरनुष्ठेयः। त्रिविधा हि जिनप्रतिमाः-भक्तिकारिताः स्वंय परेण वा चैत्येषु कारिताः, या इदानिमपि मनुष्यादि-भिर्विधाप्यन्ते ?, मङ्गल्यकारिता या गृहेषु द्वारपत्रेषु मङ्गलाय कार्यन्तेरू, शाश्वत्यस्तु अकारिता । एव अधस्तिर्यगूर्ध्वलोकावस्थितेषु चैत्येषु वर्त्तन्त इति। न हि लोकत्रयेऽपि तत्स्थानमस्ति यत्र पारमेश्वरीभिः प्रतिमाभिः पवित्रितमिति । जिनप्रतिमानां च वीतरागस्वरूपाध्यारोपेण पूजादिविधिरूचित इति।

जिनभवनक्षेत्रे स्वधनवपनं यथाशल्यादि-हितभूमौ स्वंयसिद्धस्योपलकाष्ठादिदलस्य ग्रहणेन सूत्रकारादिभृतकानतिसन्धानेन भृत्यानामधिकमूल्य-वितरणेन षड्जीवनिकायरक्षायतनापूर्वकजिन-भवनस्य विधापनम् । અપૂર્ણ

(અનુસંધાન પેજ નં. ૫૧૧)

बध्नाति नरकायुस्तु, महारम्भात् परिग्रहात्। पंचेन्द्रियवधान्मांसाहारादपि च देहभृत्॥१॥ तिर्यगायुर्निबन्धाति, माययाऽलीकवाक्यतः। कूटया तुलया कूटमानेन च शरीरभृत्॥२॥ स्वभावविनयित्वेन, सानुक्रोशतयाऽपि च। अमत्सरितया जीवो, मनुष्यायुर्निबन्धकः॥३॥ देवायुर्बन्धकोऽकामनिर्जराज्ञानकष्टतः। सरागसंयमाज्जीवः संयमासंयमादपि॥४॥

संवेगरंगभूः १।

# કઈ ગતિનું આયુષ્ય શાથી બંધાય ?

તાત્પર્ય :- જીવ મહાઆરંભ કરે, મહાપરિગ્રહ રાખે, પંચેન્દ્રિય પ્રાણીનો વધ કરે (જીવહિંસા) તથા માંસનો આહાર કરે તો નરકમાં જાય છે, માયા કરે, ખોટું બોલે, ખોટાં ત્રાજવાં રાખે, ખોટું તોલી દે, તો એવાં કૃત્યોથી તિર્યંચગતિમાં જીવ જાય છે, સ્વભાવથી વિનયવાન્ હોય, દયાવાળો હોય, અદેખાઈ વગરનો હોય, તેવો જીવ મનુષ્યનું આયુ બાંધે છે, અકામનિર્જરા, અજ્ઞાનથી કષ્ટ કરવું, (તપ આદિ) સરાગસંયમ, ને સંયમાસંયમથી જીવ દેવગતિમાં જાય છે.

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી પાના ૪૨૩ થી શરૂ)

પણ ખ્યાલ નથી, અને પોતાની ચીજનો પણ ખ્યાલ નથી, તમે શરીરના રત્નને આંખ ગણો છો. આંખના જેવો શરીરનો બીજો કોઈપણ અવયવ તમે કિંમતી માનતા નથી. એ આંખને લોકો રત્ન કહે છે. રત્નને આ જગત જુએ છે. આપણી આંખ તો આ દુનિયાને જુએ છે. બધી વસ્તુનું અવલોકન કરે છે, અને તેથી તેનું આપણને જ્ઞાન થાય છે, છતાં એ આંખમાં પણ એક મોટી ખોડ એ છે કે તે આખા જગતને જુએ છે, પરંતુ પોતાને જ તે જોઈ શકતી નથી!! આ જીવ શરીર ધારણ કરે છે એટલે પહેલવહેલો તે માંતાને અને તેના સ્તનનેજ જુએ છે, અને તેજ આખી દુનિયા છે એમ સમજે છે! મોટો થયો એટલે રમતમાં પડ્યો ત્યાં બાલમિત્રોને જ ઝંખે છે, અને તે મળ્યા એટલે બધું મળ્યું એમ માને છે. નિશાળે ભણવા મોકલો એટલે વિદ્યા અને વિદ્યાર્થીને જ ઝંખે છે, અને પોતાના ભાઈબંધો અને મોજમજાહ મળી એટલે તેમાં જ દુનિયા પૂરી થઈ છે એમ સમજે છે. હવે પરણે છે. પરણ્યા પછી સ્રીપુત્રાદિની ઉપાધિવાળો થયો એટલે તેને જ ઝંખે છે, અને આખરે મૃત્યુ શય્યાએ પડે છે, ત્યાં પણ આ શરીર જીવનને જઝંખે છે. માંદો પડે છે તો આરોગ્યને ઝંખે છે. આરોગ્ય મળ્યું તો વિષયોને ઝંખે છે. વિષયો મળ્યા તો તેથી મળતા પૌદ્ગલિક લાભને ઝંખે છે, એક લાભ મળ્યો તો બીજો લાભ વિચારે છે પરંતુ :-

**આ આત્મા આખી જીંદગીમાં એક પણ પળ એવી વખત મેળવતો નથી કે જે સમયે તેણે પોતે પોતાને ઝંખીને એમ વિચાર્યું હોય કે હું કોણ છું?**

**પોતાનો વિચાર કર્યો ?**

આ આત્માએ આખી જીંદગીભર જીવન ધારણ કરીને સમયે સમયે પૈસા ટકાનો સ્રીપુત્રાદિનો માલમિલ્કતનો અને ધંધાપાણીનો જ વિચાર કર્યો કર્યો છે. પરંતુ તેણે એક પણ વખતે પોતાને ઝંખ્યો નથી. તેણે એવો વિચાર કદીપણ કર્યો નથી કે હું કોણ છું? અને મારૂં આ જગતમાં શું થવાનું છે! તેણે એવો સ્વપ્ને પણ ખ્યાલ કર્યો નથી કે હું આ સંસારમાં શું લઈને આવ્યો હતો? અને મેં શું મેળવ્યું છે? અને શું ગુમાવ્યું છે! જે આત્મા પોતે પોતાના જ વિચાર વિનાનો છે તે પેલા બેદરકાર શેઠની માફક અધોગતિએ જ જાય છે! ઉડાઉ માણસ-જુગારીયો હંમેશા પોતાની કોથળી સામે જોતો નથી. પરંતુ કેટલો ખરચો કરવાનો છે તેજ વાત તપાસે છે, પરંતુ તેની

એ રીતભાતનું પરિણામ એ આવે છે કે છેવટે તે દેવાળું જ કાઢે છે! આત્મા પણ આવો ઉડાઉ અને દેવાળીયો જ છે. તે પોતાનું આયુષ્ય રોજરોજ ધર્મારાધન કર્યા વિના ભોગવ્યે જ જાય છે, પરંતુ 'હવે પછી શું ?' એવો પ્રશ્ન કદી તેના અંતરમાં ઉઠતોજ નથી!! હવે આવો દેવાળીયો લાહ લે તેમાં તેનો દોષ કે બીજાનો દોષ?

### આવક થઈ કે ખોટ ?

તમે તમારૂં આયુષ્ય રોજનું રોજ ભોગવ્યે જાઓ છો. છેલછબીલાપણું કરો છો અને કોથળી ખાલી કરો છો, પરંતુ તમોને કદી પણ એવો વિચાર નથી આવતો કે ભાઈ! આ કોથળી ખલાસ થઈ ગયા પછી મારી દશા ટાંટીયા ઘસવાની થવાની છે અને અત્યારે જે છેલબટાઉપણું ભોગવી રહ્યો છું તે અવળું નીકળી જવાનું છે! આપણો જીવ મનુષ્યગતિ પામીને માનવ આયુષ્ય ભોગવ્યે જ જાય છે, પરંતુ તે કદી એવો વિચાર તો કરતો જ નથી કે હું આ માનવભવની પેઢી ખોલી બેઠો છું તેમાં મેં આવક કરી છે કે ખોટ મેળવી છે?! આ તો ભયંકર બેદરકારી કહેવાય કે તદ્દન મૂર્ખાઈ કહેવાય તે વિચારો. જે માણસ જગતમાં માત્ર ખરચા કરવાની જ વાતો કર્યા કરે છે અને આવક સામે જોતો નથી અથવા તો આવકના સાધનો ઉભા કરવાનો પ્રયત્ન કરતો નથી તે કેવળ છેલબટાઉજ છે એ નક્કી માનજો, એજ પ્રમાણે આ આત્મા ચોવીસે કલાક આયુષ્ય ભોગવે છે, ત્રસપણું, પંચેન્દ્રિયપણું આદિ બધું ભોગવે છે, પણ આવકનો રસ્તો કરવાનું એ ચસકેલ જીવડાને કદી ભાન આવવા પામતું નથી!

### છેલ છબીલા ફોકટલાલ!

છેલછબીલા થઈને ફરનારા ફોકટલાલાઓ આવક થાય તો તે ફેંકી દેતા નથી, એ આવક તો તેઓ પણ ગુપચુપ ખીસા ભેળી કરી દે છે, પણ આવક થવાનું ઈચ્છવા માત્રથી આવક થતી નથી, આવક તો ત્યારે જ થાય છે કે જ્યારે આવકના સાધનો સૂઝે છે! એજ પ્રમાણે આ આત્માનું તારણ પણ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે આત્મા પુણ્યના માર્ગો વિચારે છે! મોક્ષ અથવા પુણ્ય એ ચકડોળનો ઘોડો નથી કે પાઈ આપી એટલે ચઢી બેઠા! છેલબટાઉ માણસ પૈસો ઈચ્છે તેની માફક આત્મા પણ પુણ્યને ઝંખે તો અવશ્ય છેજ. પણ ઝંખવા માત્રથી પુણ્યની પ્રાપ્તિ થતીજ નથી. પુણ્યની પ્રાપ્તિ તો ત્યારેજ થાય છે કે જ્યારે આત્મા પુણ્યના માર્ગો વિચારે છે. આત્માને પુણ્યના રસ્તા વિચારવા માટે આઘે જવાની જરૂર નથી! એ રસ્તા એના હાથમાંજ છે, પરંતુ તે છતાં કસ્તૂરીમૃગની માફક એ એવા માર્ગોની વિચારણા માટે પણ દોડતો જ ફરે છે. કસ્તુરીમૃગની નાભિમાં જ કસ્તુરી ભરેલી છે. જે કસ્તુરી મેળવવા લાખો લોકો તળપાપડ થઈ જાય છે, જે કસ્તૂરી સોનાથી પણ મોંઘા મૂલે વેચાય છે, તે કસ્તૂરી, કસ્તૂરીમૃગની તો નાભીમાં જ હોય છે. પણ છતાં એ એને સૂઝતું નથી! એની સુગંધ આવે છે એટલે એ સુગંધ ક્યાંકથી આવતી હશે એમ

ધારીને તે તેની શોધમાં દોડે છે. આગળ જાય છે. વળી તેને વાસ આવે છે. એટલે વળી તે આઘેથી વાસ આવતી હશે એમ સમજીને આગળ દોડે છે, પરંતુ તેની પાસેજ કસ્તૂરી છે તેનો તેને ખ્યાલ આવતો નથી! એજ દશા આ આત્માની છે!

કસ્તૂરીમૃગની મોહદશા

આ આત્માને પુણ્ય પ્રાપ્તિના રસ્તા માટે બહાર જોવાની જરૂર નથી. તે રસ્તા તો તેના આત્મામાં જ સમાએલા છે, પરંતુ પેલા કસ્તૂરીમૃગની માફક જ તે એ રસ્તા મેળવવા માટે દૂરનો દૂર જ ભાગે છે! મનુષ્યત્વની પુણ્યપધ્ધતિ બાંધવાની તાકાત તે બીજા કોઈનામાં નથી, પરંતુ આત્માનામાં પોતાનામાં જ રહેલી છે. તે બીજા પાસેથી લાવવાની નથી. કારણ કે આપણે તો જૈન હોઈ જૈનમતનેજ માનીએ છીએ. જો તમે જૈન ન હો તો એ તાકાત તમારામાં નથી, કારણ કે જૈનેતરશાસ્ત્રનો મોક્ષ તે તો વ્યક્તિના પોતાના ઉપર આધાર રાખતો નથી! અન્ય શાસ્ત્રવાદી સ્વકર્તવ્યની ઉપર પણ ઈશ્વરનું આધિપત્ય માને છે. તેમની માન્યતા એ છે કે તમે સારી કરણી કરો, ધર્મ કરો, પુણ્ય કરો, પરંતુ ઈશ્વરની મરજી હશે તો જ તમોને મોક્ષ મળશે અને ઈશ્વરની મરજી હશે તો તે તમોને નરકમાં, દુર્ગતિમાં, અઘરા દુઃખમાં પણ મુશ્કેલી દેશે! એજ પ્રમાણે તમારા કર્મો કદાચ ખરાબ હશે તો પણ તમારા ઉપર જો ઈશ્વર પ્રસન્ન હશે તો તમારે ડરવાની જરૂર નથી. જેમધણી લાડકી વહુને વહેલો દાગીનો ઘડાવી લાવે છે તેમ તે તમને પહેલો મોક્ષે પધરાવી દેશે! તેઓ તો સ્પષ્ટ કહે છે કે ઈશ્વરની કૃપા એવી છે કે તે પાંગલાને પર્વત પર ચઢાવે છે, અને મુંગાને વાચા આપે છે!

આપણી ઈશ્વરત્વની માન્યતા!

આપણો જૈનોનો ઈશ્વર આવો નથી. આપણું તત્ત્વજ્ઞાન તો સ્પષ્ટ રીતે એમ ના કહે છે કે મનુષ્યલોકમાં જન્મ લેવો કે પશુયોનીમાં જન્મ લેવો, પુણ્યભાગી થવું કે પાપભાગી થવું, અને સ્વર્ગાદિ મેળવવાં, મોક્ષ મેળવવો કે નર્ક મેળવવી, એ સઘળું માણસના પોતાના કર્મ ઉપર જ અવલંબે

## જિનશાસન રસિકોને વિનંતિ

આપ સારી રીતે જાણો છે કે શ્રી સિદ્ધાચલજીની તલેટીએ વર્ધમાન જૈનઆગમ મંદિરમાં શિલાઓમાં આગમો કોતરાવીને લગાડવાનાં છે. તે આપની પાસે આગમોદય-સમિતિએ છપાવેલાં આગમોમાંથી જે આગમો વિશેષ સુધારેલાં કે સુધરાવેલાં હોય તે નીચેને સરનામે મોકલવા મહેરબાની કરશો.

લી. કાંતિલાલ

તા.ક. ટપાલ, રજીસ્ટર વગેરે ખર્ચનો બંદોબસ્ત કરવો હશે તે આપનો પત્ર આવેથી કરી શકાશે.

સરનામું : શ્રીવર્ધમાન જૈનઆગમ મંદિર સંસ્થા, પાલીતાણા.

છે. તેમાં ઈશ્વરને વચ્ચે લાવવાની કશી જરૂરજ નથી. આપણે વ્યક્તિવિશેષ કોઈ ધર્મને કહેતા નથી, આપણને કોઈની સાથે દ્વેષ નથી, વૈર નથી, કજીયો નથી. જૈનશાસન એટલે સાધુનુંજ શાસન. અને સાધુ એટલે સ્ત્રી, પુત્ર, પૈસો, ધામ, સુખવિલાસ એ સઘળાને ત્યાગનારો, એને તે કોની સાથે વૈર હોય! પરંતુ સત્યને ખાતર એવું તો કહેવું જ પડે છે કે જગતના જે જે ધર્મો, સંપ્રદાયો કે સંસ્થાઓ એમ કહેતી હોય કે માણસના કર્મો ગમે તેવા હોય. ભલે પાપના હોય કે પુણ્યના હોય, પણ ઈશ્વર જો ધારે તો તેવાને પણ સ્વર્ગે ધકેલી દે છે અને દુષ્કર્મ કરનારાઓ ઉપર પણ જો ઈશ્વર મહેરબાન હોય તો તેને સ્વર્ગે મોકલાવી આપે છે! આ ઈશ્વર તે ઈશ્વર નહી, પણ અન્યાયી અથવા તો જુલમગારજ કહી શકાય!

## દીવાદાંડીરૂપ ધર્મ

આ દુનિયાનો એક સામાન્ય ન્યાયાધીશ કે જે ગુન્હેગારોના જેવાજ હાડકાં ચામડા અને માંસનો બનેલો આદમી છે, જેટલા અને જેવા વિકારો ગુન્હેગારોને છે તેવા અને તેટલા જ વિકારો તેમાં પણ ભરેલા છે, તથાપિ તે પણ ગુન્હેગારને ખુશ થઈને છોડી દેતો નથી અને નિર્દોષને ગુસ્સે થઈને ગરદન મારતો નથી! તો પોતે જેને ન્યાયાધીશથી એ મહાન ન્યાયાધીશ એવો દેવતા કહે છે તે દેવ આવો અન્યાયી હોય તો પછી એવું દેવત્વ ક્યાં રહ્યું? અને જે દેવ શુભવિચારી અને સુકૃત્યધારીને પણ ગુસ્સે થઈને નરકમાં ફેંકી દે તો તે દેવને જુલમગાર શા માટે ન કહેવો? આ સઘળી અજ્ઞાનતાની ભૂલો જ છે અને અજ્ઞાનતાના મહાસાગરમાં જૈનધર્મ દીવાદાંડી રૂપ છે. જૈનધર્મ તો પોકારી પોકારીને કહે છે કે તમોને શુભગતિ આપવી અથવા તો અશુભગતિ આપવી એ કોઈના હાથમાં જ નથી, પરંતુ એ મનુષ્યના પોતાના જ હાથમાં હોઈ તે જેવા કર્મો કરે છે તેવા સ્થાનને પામી શકે છે. જૈનશાસનનો જગતની સામે ધરવાનો સમગ્ર જગતથી જુદો જ એવો આ ભવ્ય મુદ્રાલેખ છે.

## કાર્ય કરો પણ જવાબદારી નહિં !

બીજાશાસનમાં એવી માન્યતાઓ પ્રવર્તે છે કે કાર્ય તમે કરો, પણ તેની જવાબદારી કે જોખમદારી તમારા ઉપર નહિં! આ શાસન આ વાતની સાફ ના પાડે છે. અને જણાવે છે કે એ માન્યતા ખોટી છે. તમારા કર્મોની પૂરેપૂરી જવાબદારી અને જોખમદારી તમારી પોતાની જ છે અને એનાં બધાં ફળો બીજાને નહિં, પરંતુ તમારે પોતાનેજ ભોગવવાનાં છે! હવે અહીં સહજ એવો પ્રશ્ન થશે કે જૈનોનો ઈશ્વર 'રીઝે તો હસે ને ખીજે તો ડસે છે' એવો કવિ દલપતરામના કથન જેવો નથી, માણસ જો દેવલોકાદિનાં સુખો અને મોક્ષાદિ સ્વકર્તવ્યથી જ ભોગવે છે એવું આપણામાં કથન છે, તો પછી કોઈ એવો પ્રશ્ન કરશે કે તેમ હોય તો આપણે ઈશ્વરને માનવો શા માટે જરૂરી છે? અર્થાત્ આપણે શા માટે ઈશ્વરને માનવો જોઈએ?

અને શા માટે ઈશ્વરની ભક્તિ કરવી જોઈએ? આવો પ્રશ્ન કરનારાને ખોટું સમજાવી મૂકવાની અથવા તો તેને સમજાવી ધમકાવી છાનો રાખવાની જરૂર નથી. તમે જુઓ છો કે ન્હાના બાળકો પોતાના માબાપને અનેક પ્રશ્નો કરે છે, પરંતુ સમજુ માબાપ બાળકના પ્રશ્નોથી ખીજવાઈ જતા નથી,અથવા તો તેને ધમકાવી કાઢતા નથી, તેજ પ્રમાણે ધર્મમાં અજ્ઞાન છે તે પણ બાળકના જેવા જ છે અને તેથી તેમને પણ શંકા ઉઠાવવાની અને તેનો યથાશાસ્ત્ર જવાબ લેવાની છુટ છે અને એમ થાય તો જ ધર્મના સંસ્કારો નવા થાય અને દ્રઢ થાય! પ્રશ્ન કરવા એમાં તમારે કદી પણ દબાવાની કે સંકોચાવાની જરૂર નથી. પરંતુ તમોને જ્યાં જ્યાં સમજ ન પડે, જ્યાં જ્યાં ગુંચવાડો લાગે, જ્યાં જ્યાં શંકા ઉભી થાય, ત્યાં ત્યાં પ્રશ્ન કરી ખુલાસા મેળવવાની જરૂર છે અને તે તમારી ફરજ છે.

## ઈશ્વરને માનવો શા માટે ?

હવે એ પ્રશ્ન વિચારીએ કે જૈન ધર્મ જો આત્માને ઈશ્વરથી સ્વતંત્ર માને છે, તો પછી શા માટે તેણે ઈશ્વરને માનવો જોઈએ? અને શા માટે ઈશ્વરની પૂજા પણ કરાવવી જોઈએ? ઠીક ધારી લ્યો કે એક માણસ રસ્તે ચાલે છે. રસ્તે ચાલતાં તેને માર્ગમાં પડેલો એક પથરો દેખાય છે, એ પથરો જોઈ રહ્યા પછી એ માણસ એવી શંકા કરે છે કે, અરે! મારી આંખ પથરો જુએ છે? આ કાર્યમાં બે પદાર્થોજ અંગભૂત છે, એક આંખ અને બીજો પત્થર તો પછી વચ્ચે અજવાળાનું શું કામ છે? જોવું આંખો વડે છે, જોવાની ચીજ પથરો છે, બંને સલામત હો, તો પ્રકાશ નકામો છે. આ માણસની આ વિચારસરણીને કોઈપણ ડાહ્યો માણસ કબુલ રાખતો નથી. આંખ અને પથરો બંને સલામત હોય, છતાં આંખને અને પથરાને બંનેને પ્રકાશ, પ્રકાશકપણાને અંગે પ્રકાશની જરૂર પડે છે. પ્રકાશની મદદ છે તેથીજ આંખ દેખી શકે છે, અને પથરા પર પ્રકાશના અણુઓ પડે છે ત્યારે જ પથરાનું સ્વરૂપ પરિવર્તન પામીને નયનમાં પ્રતિબિંબરૂપે પ્રવેશે છે. અર્થાત્ પથરો અને આંખ એ બંનેને માટે જોવામાં મદદગાર પ્રકાશ છે, એ માન્ય રાખે જ છુટકો જ છે.

## પ્રકાશનું કામ શું?

તમારી આંખ ચોકખી હોય પરંતુ તે છતાં જો તમે પ્રકાશ ન હોય તો એ આંખે દેખી શકતા નથી, જો પથરો સલામત હોય, પરંતુ તે છતાં પ્રકાશ ન હોય તો તે પોતાનું સ્વરૂપ દર્શાવી શકતો નથી, અર્થાત્ પથરો અને આંખ એ બંનેને પ્રકાશની સહાયતા આવશ્યક છે. તેજ પ્રમાણે આપણને પણ પરમેશ્વર જરૂરી છે. દેવલોક છે અને દેવલોક આપણે સ્વપ્રયત્ને મેળવી શકીએ છીએ, મોક્ષ છે અને મોક્ષ પણ આપણે સ્વપ્રયત્ને મેળવી શકીએ છીએ પરંતુ આ સઘળું આપણને માલમ કેવી રીતે પડે છે? તેનો એકજ જવાબ છે કે પ્રભુની મદદ વડે !

પરમેશ્વરની મદદથી-પરમેશ્વરના ઉપદેશરૂપ પ્રકાશથી સ્વર્ગ તથા મોક્ષ અને તેના કારણોરૂપ પદાર્થ આપણે જાણી શક્યા છીએ, અને તેથી જ એ દિશાએ પ્રયત્ન કરવાને આપણે તૈયાર થયા છીએ. અજવાળું ન હોત તો પદાર્થ હોવા છતાં તે આપણી આંખે દેખી ન શકાત. તેજ પ્રમાણે જો પરમેશ્વરનો ઉપદેશ ન હોત તો આપણે સ્વર્ગ અથવા મોક્ષનાં કારણો, મનુષ્યગતિના કારણો, પાપપુણ્યનાં કારણો ઈત્યાદિ નજ જાણી શકત! મોક્ષ વિદ્યમાન હોવા છતાં આપણે તે જાણી ન શકત અને આપણે તેની કલ્પના પણ ન કરી શક્યા હોત!

**આપણે મોક્ષ જાણ્યો ન હોત.**

મોક્ષ વિદ્યમાન હોવા છતાં સર્વજ્ઞ ભગવાનના ઉપદેશ વિના મોક્ષ અને મોક્ષમાર્ગ આપણા જાણવામાં નજ આવ્યાં હોત! પદાર્થ દેખવાને માટે જેમ પ્રકાશ જરૂરી છે તેમ મોક્ષ, સંવર, નિર્જરા, પાપ અને પુણ્ય ઈત્યાદિ તથા તેના ઉપાયો જાણવાને માટે ભગવાન શ્રીજીનેશ્વરદેવોનો ઉપકાર જરૂરી છે. હવે કોઈ અહીં એવી શંકા કરશે કે જો સ્વર્ગાદિ, મોક્ષ, સંવર, નિર્જરા ઈત્યાદિ ભગવાનતીર્થંકરદેવોથી જણાતા અને તેને જગત અનુસર્યું માટે સંવર નિર્જરા મોક્ષાદિના પ્રવર્તક પોષક અને પ્રતિપાદક શ્રીમાન્ તીર્થંકર ભગવાન થયા અને તે બધાનો યશ તેઓશ્રીને ભાગે ગયો! તો પછી જેમ સ્વર્ગાદિનાં કારણો તેમ નરકાદિનાં કારણો પણ લોકોએ તીર્થંકરોથી જ જાણ્યાં હોવા જોઈએ, તત્પશ્ચાત લોકો તેને અનુસર્યા હોવા જોઈએ, અને નરકાદિને પણ પામ્યા હોવા જોઈએ, તો એ હિસાબે તો નરકના પણ પ્રવર્તક, પોષક અને પ્રતિપાદક શ્રીમાન્સર્વજ્ઞભગવાનો જ થયા! તો પછી નરકનો માર્ગ લેનારો અને નરકે જનારો દોષપાત્ર છે કે એ માર્ગના પ્રવર્તક ભગવાનજ છે તે માટે પણ દોષપાત્ર છે?

**નરકના પ્રવર્તક કોણ?**

જે લોકો એમ કહે છે કે જેમ મોક્ષમાર્ગના પ્રવર્તક ભગવાન છે, તેજ પ્રમાણે નરકમાર્ગના પણ પ્રકાશક ભગવાન જ હોઈને દોષમાત્ર હોવા જોઈએ, તેઓ ભીંત જ ભૂલે છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ છે જ નહિ!! માર્ગમાં કાંટો પડેલો હોય અને ત્યાં અંધારૂ ફેલાયું હોય અને તમે એ માર્ગ પર ચાલ્યા જાઓ તો અંધારાના કારણે તમોને કાંટો ન વાગે એમ બનવાનું નથી, અંધારૂ હોય પણ કાંટો વાગવાનો તે વાગવાનો જ, અને અજવાળું હોય તો પણ કાંટો વાગવાનો તે વાગવાનો જ! કાંટો અંધારામાં ન વાગે એમ બનતું નથી! રસ્તામાં એક મોટો ખાડો ખોદેલો હોય અને તે રસ્તે તમે ચાલ્યા જતા હો તો અંધારામાં જરૂર તમે એ ખાડામાં પડવાના જ પડવાના! એજ ખાડામાં પ્રકાશ હોય તો જ તમો પડો અને અંધકાર હોય તો ન પડો એવું નથી. પ્રકાશ હોય તોજ તમે કાંટાને દેખો અને તોજ તમોને કાંટો વાગે એવું નથી, કાંટો તો તમોને વગર પ્રકાશે પણ વાગે છે. અપૂર્ણ.

(અનુસંધાન પેજ નં. ૪૬૫)

## અનુસંધાન ટાઈટલ પાનું ત્રીજાનું ચાલુ.

દેનારા ગણે છે, સંસારસમુદ્રમાંથી ઉદ્ધરનારા તો તેઓને જ ગણેલા છે કે જેઓ ધર્મ અને મોક્ષ એ પુરૂષાર્થનો ઉપદેશ આપી જગત્‌નો ઉદ્ધાર કરનાર છે. ભાષ્યકાર શ્રી ઉમાસ્વાતિવાચકજી પણ એજ જણાવે છે કે नर्त्ते च मोक्षमार्गाद् हितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् અર્થાત્ આ આખા જગત્‌માં મોક્ષમાર્ગના ઉપદેશકો સિવાયનો કોઈપ ઉપદેશ હોય તે હિતનો ઉપદેશ કહેવાય જ નહિ, આવી સ્થિતિ છતાં પણ જ્યારે કેટલાક ભવના બાલ્યકાળમાં રહેલા જીવો નિરિચ્છિકપણે કે નિસ્પૃહપણે ધર્મની પ્રવૃત્તિ કરી શકે નહિ, ત્યારે તે જીવોને તેમની અર્થ અને કામની ઈચ્છા પૂરા કરવાના સાધન તરીકે પણ ધર્મ કરવાનો ઉપદેશ તેઓ જ આપે કે જેઓ ભવબાલ્યકાળથી નીકળીને ભવના યૌવનકાળમાં આવેલા હોય, પર્યુષણનાં વ્યાખ્યાન સાંભળનાર શ્રાવકોને સાફ સાફ માલમ છે કે પંચશૈલમાં ઉત્પન્ન થનાર વિદ્યુન્માલિદેવ કે જે પહેલા ભવમાં પાંચસે સ્ત્રીયોથી પણ સંતોષ નહિં પામતાં હાસા-પ્રહાસાને માટે અગ્નિમાં બળી મર્યો હતો, તેવા તે વિદ્યન્માલિને નાગિલ નામનો શ્રાવક કે જે તે વખતે અચ્યુત દેવતાની સ્થિતિમાં છે અને તે વિદ્યુન્માલિના પૂર્વભવના વર્ત્તનથી આ અચ્યુતદેવતાને જીવે વૈરાગ્યપામીને દીક્ષાગ્રહણ કરી હતી, તે જ નાગિલશ્રાવક વિદ્યુન્માલિને જણાવે છે કે **जिणपवयणकुसलेणं नाइलसड्ढेण तस्स मित्तेण सो भणिओ धम्मं चिअ कामत्थीवि हु कुणसु भद्द।** અર્થાત્ જીનપ્રવચનમાં કુશલ એવા નાગિલનામના તેના મિત્રે વિદ્યુન્માલિને કહ્યું કે તું કામની ઈચ્છાવાળો છતાં પણ હે ભદ્ર ! ધર્મને જ કર અર્થાત્ અર્થ અને કામને પ્રાપ્ત કરાવનાર પણ ધર્મ જ છે, તેથી અર્થ અને કામની ઈચ્છામાં વર્ત્તવાવાળાએ પણ ધર્મ જ કરવો જોઈએ, ભગવાન્ હરિભદ્રસૂરિજી પણ એજ જણાવે છે કે -

धनदो धनार्थिनां धर्मः, कामिनां सर्वकामदः (कामदः सर्वकामिनां) धर्म एवापवर्गस्य (स्वर्गापवर्गयोर्धर्मः) पारंपर्येण साधकः ॥१॥

અર્થાત્ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે ધનની ઈચ્છાવાળાઓએ પણ ધર્મ આદરવો, કારણ કે આ ધર્મ એવો છે કે ધનની ઈચ્છાવાળાઓને ધન આપે છે. વળી જેઓને ઈષ્ટવિષય વિગેરે સુખોની ઈચ્છા હોય તેવા કામના અર્થીપુરૂષોએ પણ ધર્મ જ કરવો, કારણ કે આ ધર્મ જ એવો છે કે કામ (એટલે બાહ્યસુખ) ની ઈચ્છાવાળાઓને કામ એટલે બાહ્યસુખ આપે છે, અને આજ ધર્મ પરંપરાએ મોક્ષ (સ્વર્ગ અને મોક્ષ) ને આપવાવાળો છે. આ વસ્તુ સમજનાર મનુષ્ય અર્થ કે કામની અપેક્ષાએ થતી ધર્મની આરાધનાને કોઈપણ પ્રકારે રોકવાલાયક ગણી શકે નહિં. ખરી રીતે તો ધર્મની આરાધના આત્માના અખંડસુખના અનુભવરૂપ જે મોક્ષ છે તે માટે જ કરવાની છે અને કરવી એમાં જ શ્રેયઃ છે, પરન્તુ માર્ગ તરફ વળતા લોકોને અર્થ અને કામની દૃષ્ટિએ કે અર્થ અને કામના સાધન તરીકે જે ધર્મનો ઉપદેશ અપાય કે ધર્મની પ્રવૃત્તિ કરાવાય તે સર્વથા છાંડવા લાયક જ છે એમ જૈનપ્રવચનની કુશળતાવાળો તો કોઈપણ દિવસે બોલી શકે જ નહિ, તત્ત્વથી ધર્મ અને મોક્ષ એ બેજ પુરૂષાર્થ છે એ વાત વાચકોએ ધ્યાનમાં રાખવાની છે.

અનુસંધાન ટાઈટલ પાનું ૪ થું

મધ્ય અને અન્તભાગમાં કલ્યાણરૂપ હોય તેજ અનુષ્ઠાન કે પ્રવૃત્તિને ધર્મ તરીકે ગણી શકાય, અર્થાત્ આ અનુષ્ઠાનમાં આત્માને શરૂઆતમાં કે અનુષ્ઠાન કરતી વખત અથવા તો અનુષ્ઠાનના પરિણામમાં કલ્યાણની બુદ્ધિ અને કલ્યાણકની જ પ્રાપ્તિ હોય છે. જૈનશાસનના પગથીયે યથાસ્થિતપણે ચઢેલાઓની જ્યારે આ સ્થિતિ હો છે ત્યારે જૈનશાસનના પગથીયાથી બહાર રહેલા એટલે ભવ બાલ્યકાળમાં રહેલા જીવોની અગર તે પગથીયા ઉપર સંપૂર્ણપણે નહિં આવેલા જીવોની સ્થિતિ કંઈક વિચિત્ર જ હોય છે. તે જીવો પોતાના આત્માના સ્વાભાવિક સુખને જાણતા અને માનતા હોય અગર ન હોય તોપણ આત્માથી પર એવા અને આત્માથી સર્વથા જુદા સ્વભાવવાળા એવા પુદ્ગલો મેળવવા માટે મથે છે, અને તેવા પુદ્ગોલદ્વારાએ થતા શબ્દ-રૂપ-રસ ગંધ અને સ્પર્શ આદિ સુખોને પામવામાં પોતાની કૃતાર્થતા ગણે છે, આવીરીતે ભવબાલ્યકાળમાં રહેલા જીવોની પ્રવૃત્તિ જે થાય છે અને તે બાહ્ય સાધનો મેળવવાની પ્રવૃત્તિમાં જ્યારે હોય ત્યારે તે અર્થ પુરૂષાર્થ તરીકે ગણાય છે, તેમજ જ્યારે તે સાધનોથી સુખનો અનુભવ કરે છે ત્યારે તેને કામપુરૂષાર્થ તરીકે ગણાય છે, પરન્તુ વાસ્તવિકરીતિએ એ એક્કે પુરૂષાર્થ નથી, પરન્તુ પુદ્ગલાર્થ જ છે, એટલું જ નહિં, પરન્તુ પુરૂષ એટલે મનુષ્ય ગણાય, શિવાયના જીવો પણ બાહ્ય સુખના સાધન તરીકે પુદ્ગલોને મેળવવા માગે જ છે.

અને તેથી પુદ્ગલો મેળવીને તે મેળવવા દ્વારાએ જે બાહ્યસુખો મળે તે પણ અનુભવે જ છે. એટલે જૈનશાસ્ત્રકારો જે અર્થ અને કામને પુરૂષાર્થ તરીકે નથી માનતા તેનું કારણ તેનું પુદ્ગલાર્થપણું જ છે, વળી આ અર્થ અને કામ બે પુરૂષાર્થ આદિમાં લોભ વિગેરે દોષોથી ઘેરાયેલા છે મધ્યદશામાં અતૃપ્તિ તથા ઈર્ષ્યાદિ દોષોથી ઘેરાયેલા છે તથા અન્તમાં શોક અને આક્રન્દન વિગેરેથી ઘેરાયેલા હોઈને તે અર્થ અને કામને કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ વાસ્તવિકરીતિએ અનર્થ તરીકે જ ગણાવે છે. વળી તે અર્થ અને કામ વર્ત્તમાનજીવનમાં ઉપર જણાવ્યા પ્રમાણે અનર્થદાયી થાય છે એટલું જ નહિં, પરન્તુ ભવાંતરમાં પણ તે અર્થ અને કામ લાલસાને લીધે દુર્ગદુર્ગતિમાં દોડ કરવી પડે છે.

આ જીવ અર્થ અને કામ પુરૂષાર્થથી જો કોઈપણ પ્રકારે શ્રેયઃ મેળવી શક્યો હોત તો અનાદિકાળથી અર્થ અને કામપુરૂષાર્થ એટલે પુદ્ગલો રૂપ સાધનો મેળવવાં અને તે પુદ્ગલો મેળવીને તેનાં સુખો અનુભવવાં એવી ધારણાવાળો સર્વકાળે હોય જ છે. અને એવો અનાદિ કાળથી છે તો પછી તેને આ દુઃખહેતુક દુઃખરૂપ અને દુઃખના ફલવાળા સંસારચક્રમાં રખડવાનું હોય જ નહિં. આ વસ્તુ વિચારનારો સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ ભવભાવના અને પુષ્પમાલામાં જે અર્થ અને કામના ઉપદેશને દેવાવાળાઓ છે તેઓને પડયા ઉપર પાટુ

જુઓ અનુસંધાન પાનું ૩૪૮

# પુરૂષાર્થ કેટલા અને કયા

સામાન્ય રીતે જગત્‌ના જીવો બે પ્રકારમાં વ્હેંચાયેલા હોય છે, કેટલાક જીવો એવી ઉત્તમદશાને પ્હોંચેલા હોય છે કે જેઓ કેવલ આત્માના સ્વાભાવિક અનુપમ સુખને પામેલા હોય છે, અગર તેવા સુખને પામવાના ધ્યેયથી તેવાં સુખને મેળવવાનાં સાધનોમાં પ્રવર્તેલા હોય છે એટલે આત્માના સંપૂર્ણસુખની જે પ્રાપ્તિ તેનું જ નામ મોક્ષ અને તેવા સુખની પ્રાપ્તિનાં જે જે સાધનો તેનું નામ ધર્મ કહેવામાં આવે છે, એટલે આત્મીયસુખનો અનુભવ જે સંપૂર્ણદશામાં હોય તેને મોક્ષ કહેવાય અને તેને મેળવવાનાં સાધનોમાં વર્ત્તવું તે ધર્મ કહેવાય છે. આ બે વસ્તુને જૈનશાસ્ત્રકારો વાસ્તવિકરીતિએ પુરૂષાર્થ તરીકે ગણે છે, અને તે એટલે સુધી કે જેઓને આ મોક્ષ અને ધર્મપુરૂષાર્થની માન્યતા થઈ હોય તેઓને પોતાના પગથીયે ચઢેલા ગણે છે, અને જે જીવ ભવિષ્યમાં તેવા સુખોને પામવાને લાયક હોય અગર તેવા સુખોને મેળવવાં માગે નહિં અગર તેવા સુખોને મેળવવાનાં સાધનોનો ઉપયોગ તેવા અખંડસુખોને મેળવવા માટે કરવો જોઈએ એમ માને નહિં, ત્યાં સુધી તે તે જીવ શ્રીજીનશાસનને પગથીએ ચઢેલો જ નથી, આજ કારણથી ભવિષ્યમાં સમ્પૂર્ણસુખરૂપી મોક્ષને મેળવવા માટે લાયક થનાર જીવોને પણ જ્યાંસુધી આવા ઉપર જણાવેલા પગથીએ આવવાનું ન થાય ત્યાંસુધી તે જીવના સમસ્ત ભવકાલને શાસ્ત્રોમાં બાલ્યકાળ તરીકે ગણવામાં આવે છે, આવી રીતે જૈનશાસનમાં જણાવેલી વસ્તુઓ સમજનાર મહાનુભાવ તો ભવના બાલ્યકાળને છોડીને જરૂર જૈનશાસનને પગથીએ ચઢેલો જ હોય છે. આ ભવનો બાલ્યકાળ છોડયા પછી જે કંઈ પ્રવૃત્તિ કે અનુષ્ઠાન થાય છે તે સર્વ આદિ-મધ્ય અને અન્તિમ એ ત્રણે અવસ્થામાં કલ્યાણને દેવાવાળાં અને સુખમય જ થાય છે. આજ કારણથી ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી ધર્મના સ્વરૂપને બતાવતાં લક્ષણ તરીકે જણાવે છે કે **यदादिमध्यान्तकल्याणं** - અર્થાત્ જે અનુષ્ઠાન આદિ,

જુઓ ટાઈટલ પાનું ૩

नमः श्रीजैनशासनप्रभावनाप्रभातार्विभावनभास्करपूर्वगुरुभ्यः

# શ્રી સિદ્ધચક્ર

## (પાક્ષિક)

તંત્રી પાનાચંદ રૂપચંદ ઝવેરી

श्री सिद्धचक्रस्तुति :

अज्ञानध्वान्तनाशे शिवसुखकरणे शास्त्रसद्बोधशुद्धे,
आप्तोक्तिप्रध्वरेऽस्मिन् निखिलकुवचसां भेदनेऽनल्पवीर्ये।
भव्याः! शास्त्रोक्तिशुद्धं निखिलदुरितदं प्रोज्झमिथ्यात्वपक्षं
लीनं वोऽन्तोऽन्तरारिव्रजबलदलने सिद्धचक्रे सदाऽस्तु॥१॥

| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | અષાઢ વદિ ૦)) |
| વિક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૨૦ | ૨૭-૭-૧૯૩૮ |

## પાંચ કલ્પવૃક્ષો

ज्ञानी विनीतः सुभगः सुशीलः, प्रभुत्ववान् न्यायपथप्रवृतः। त्यागी धनाढ्यः प्रशमी समर्थः पंचाप्यमी भूमिषु कल्पवृक्षाः॥१॥ 'श्री हेमविजयगणयः।'

તાત્પર્ય :-

જગતમાં આ પાંચે પણ કલ્પવૃક્ષો છે. જેમાંનું એક કલ્પવૃક્ષજ્ઞાન ભણેલ હોય છતાં વિનયી હોય, બીજું સૌભાગ્ય હોય છતાં શીલ યુક્ત હોય, ત્રીજું કોઈક ઉંચ્ચે દરજ્જે હોય છતાં ન્યાયમાર્ગમાં પ્રવર્તેલ હોય, ચોથું પૈસાદાર હોય છતાં દાન આદિ કરવાથી ત્યાગી હોય અને પાંચમું સત્તાધીશ હોય છતાં સમતાધારી હોય. (કસ્તૂરી પ્રકર)

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ. ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ

# અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

## નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

(છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૧ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયકમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

## પાક્ષિક


| | | |
|---|---|---|
| વીર સંવત્ ૨૪૬૪ | વર્ષ ૬ | તા. ૨૭-૭-૩૮ |
| વિક્રમ સંવત્ ૧૯૯૪ | અંક ૨૦ | આષાઢ અમાવાસ્યા |


### શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાને અંગે કંઈક

આગમોને શિલામાં કોતરવાનાં કારણો નીચે મુજબ છે.

૧ પહેલાકાળમાં તલવાર-બંદુક અને બાણની લડાઈ હતી, તેથી તે વખતે કાગળ અને તાડપત્રમાં લખાયેલાં પુસ્તકોનું રક્ષણ થાય તે અયોગ્ય ન્હોતું.

૨ વર્તમાનકાળમાં બોમ્બમારાથી થતા અગ્નિના પ્રકોપની વખતે કંઈપણ અંશે બચાવ થાય તો શિલાઓ દ્વારાએ થઈ શકે.

૩ આગમો જેમાં લખેલાં હોય તેવી શિલાઓ ભોંયરામાં ગોઠવવાથી કદાચ કાલાન્તરે ખાનગીપણે જ રહી જાય અને તેથી સંઘને તે બીન ઉપયોગી થાય.

૪ તામ્રપત્ર વિગેરે ધાતુમાં કોતરવાથી કાટ ખાય, લોકો ગાળી શકે અને શિલા કરતાં વધારે ઘસારો થાય, એમ અનુભવીઓનું ચોક્કસ માનવું છે.

૫ જો કે શ્રદ્ધાવાળાઓ તો યોગોદ્વહન કરીને જ આગમ વાંચવાની માન્યતા રાખે છે, કોઈક તેવા પણ વર્ત્તમાનકાળમાં પાક્યા છે કે જેઓ સૂત્રનું અધ્યયન કરવું તે યોગ્ય છે એમ ગણવા છતાં ત્રીસ ત્રીસ ચાલીસ ચાલીસ વર્ષના પર્યાય થયા છતાં એક ઉત્તરાધ્યયન સરખાના જોગને પણ કરી શક્યા નથી.

૬ શ્રદ્ધાવાળાઓને પણ કોઈક અકસ્માત્ના યોગે આગમની ઉપલબ્ધિ થાય તેમાં આ શિલામાં કોતરાવેલાં આગમો જરૂર મદદગાર થાય.

૭ આગમોનું મુદ્રણ થઈને તેનો ગામેગામ પ્રચાર થયા છતાં તેમજ આગમોના ભંડારો ગામે ગામ શ્રાવકોના હાથમાં ગયા છતાં શ્રદ્ધાલુમનુષ્યો તો તેનો દુરૂપયોગ કરતા નથી. તેમ શ્રદ્ધાલુઓ તો શિલામાંના આગમનો દુરૂપયોગ નહિં જ કરે.

૮ આગમ એ એક જૈનશાસનનું અણમોલ રત્ન છે અને તેથી તેના વારસાથી કોઈ શ્રદ્ધાલુ ભવિષ્યનો મહાત્મા આકસ્મિકયોગે બેનસીબ ન રહે એ વસ્તુ જાણનારાઓ આ કાર્યની કિંમત સારી રીતે સમજી શકે છે.

૯ શ્રી સિદ્ધાચલજીક્ષેત્ર સર્વકાળે સકળસ્થળના શ્રી સંઘને જીવનની માફક રક્ષણ કરવા યોગ્ય છે અને તેથી તે સ્થાને આવેલા શ્રી વર્ધમાન જૈનઆગમમંદિરની રક્ષા શ્રી સંઘ સ્હેજે કરી શકશે તે સ્વાભાવિક છે.

૧૦ વર્ત્તમાનકાળમાં જૈનોનો ઘણો ભાગ આગમ ભગવાન કરતાં શ્રી જીનેશ્વર ભગવાન્નાં દર્શન તરફ દોરાયેલો રહે છે માટે આગમોના દરેક પદ આગળ ભગવાન્ શ્રી જીનેશ્વરમહારાજને બીરાજમાન કરવાની જરૂર ગણી છે.

૧૧ એક જીનેશ્વર ભગવાન્ કે ત્રણ જીનેશ્વર ભગવાન્ને બીરાજમાન કરવામાં આગમના પદો તે વેદિકાને લીધે ખંડિત થવાનો સંભવ ગણી મધ્યભાગમાં ચોમુખજી બિરાજમાન કરવા તે યોગ્ય ગણ્યું છે.

૧૨ પદની વચમાં ગોખલો કરી જીનેશ્વરમહારાજને બિરાજમાન કરવામાં આવે તો ભદ્રિકલોકો ભગવાન્ની પૂજા કરતી વખતે આગમના કોતરેલા અક્ષરો ઉપર પણ કેશર ચંદન વિગેરે નાંખે અને તેથી દેરીની મધ્યમાં ભગવાન્ને બીરાજમાન કરવાનું રાખ્યું છે.

૧૩ નંદીશ્વરદ્વીપના બાવન ચૈત્યોની અપેક્ષાએ જેમ બાવન જીનાલય થાય છે તેમ પીસ્તાલીસ આગમની અપેક્ષાએ પીસ્તાલીસ ચોમુખજી બીરાજમાન કરવાનો વિચાર અયોગ્ય ગણાય નહિં.

૧૪ જો કે પ્રાચીન મૂર્ત્તિઓ ઓછી છે એમ કોઈ કહી શકે તેમ નથી, અને નવીન મૂર્ત્તિઓ ભરાવવાની જરૂર ન ગણીએ તેમાં પણ ખોટું નથી, પરન્તુ ૪૧ x ૪= ૧૬૪ તેર ઈંચની પ્રતિમાઓ ૪ x ૩ = ૧૨ ઓગણત્રીસ ઈંચની પ્રતિમાઓ અને એક મુખ્યમંદિરના

ચોમુખજીની ચાર પ્રતિમાઓ ઓગણચાલીસ ઈંચની જોઈએ તે એક સરખી રીતે મેળવવાની મુશ્કેલીએ નવી પ્રતિમાજીઓ ભરાવવા તરફ દોરાવવું પડે તેમાં આશ્ચર્ય નથી ?

૧૫ આ આગમોને અંગે દરેક શ્લોકદીઠ આશરે સવા રૂપીઓ લેવાનો રાખેલો છે અને તે રકમમાંથી આરસો, લખાવવું કે ખોદાવવું અને શોભતો રંગ ભરાવવો એટલું જ માત્ર ખર્ચ થઈ શકશે.

૧૬ શિલાઓમાં આગમો જે જે જગો પર સંપૂર્ણ થશે ત્યાં સૂત્રનું નામ, સંપૂર્ણતાસૂચક લખવા સાથે તે તે રકમો આપનાર દાતાનાં નામો પણ કોતરાવાશે.

૧૭ ભમતીની દેરીઓ જે ઉદારગૃહસ્થો રૂપીયા પાંત્રીસશો આપશે તેઓના નામે રહેશે, અને તેમાં બિરાજમાન થતી ચારે પ્રતિમાજીઓની અંજનશલાકા તેઓના નામે થવા સાથે તે ચારેને ગાદીનશીન કરવાનું પણ તેઓને જ મલશે.

(આભૂષણાદિ તો સ્થાપનારાઓ પોતાની ઈચ્છા મુજબ કરી લેશે.)

૧૮ ભમતીમાં આવતાં ત્રણ મહોટાં દહેરામાંથી દરેક મહોટું દહેરૂં રૂપીઆ સત્તર હજાર આપનારાના નામે રહેશે અને તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા પણ તેના નામે જ થશે. (આમાંનુ એક મ્હોટું દહેરૂ સુરતવાળા ઝવેરી શાન્તિચંદ્ર છગનલાલ ફુલચંદભાઈએ રાખ્યું છે)

૧૯ આગમમંદિરમાં વચ્ચે આવતું મ્હોટું ચોમુખજીનું દહેરૂં જામનગર નિવાસી સંઘવી ચુનીલાલ લખમીચંદ ધારશીભાઈએ રૂપીઆ ચાલીસ હજારમાં રાખ્યું છે. (જમીનને પેટે રૂપીઆ દશ હજાર જુદા આપ્યા છે) રંગમંડપનું ખર્ચ રૂપીઆ દશ હજાર થવા સંભવ છે તે કરાશે તો તે પણ પ્રાયઃ તેઓ કરશે એવો સંભવ છે.)

૨૦ પુસ્તકનાં કબાટો, શિલાઓ ઉપર લખાણ કરનારા અને શોધનારા વિગેરે માટે હાલ તૂરત એક રૂમ ૮૪૩૧ ફુટનો સંસ્થાના ખર્ચે ઉભો કરવામાં આવ્યો છે. (આ રૂમ ઉપર કોઈક ઉદારસદ્‌ગૃહસ્થનું નામ આવે તે અસંભવિત નથી.)

૨૧ રાધનપુરનિવાસી સુરજમલ પુનમચંદ કોઠારી તરફથી પુસ્તકોના માટે બે કબાટો ભેટ આવ્યાં છે.

૨૨ આગમોના મૂલસૂત્રો સુધારવામાં મદદ કરી શકે એવાં આગમોનાં પુસ્તકો જે મહાનુભાવો પાસે હોય તેઓને તે સંસ્થા ઉપર મોકલવા વિનંતિ છે.

# આગમોની શ્લોક સંખ્યા, રકમ સંખ્યા અને ગ્રાહકોનાં નામોનું લીસ્ટ.

| નં. | નામ | શ્લોક | રકમ | ગ્રાહકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | આચારાંગ | ૨૫૨૫ | ૩૧૦૦ | શેઠ લાલજી હરજી જામનગર. |
| ૨ | સૂયગડાંગ | ૨૧૦૦ | ૨૬૨૫ | શેઠ નગીનદાસ કરમચંદ પાટણ. |
| ૩ | ઠાણાંગ | ૩૬૦૦ | ૪૫૦૦ | શેઠ જમનાદાસ મોનજી જામનગર. |
| ૪ | સમવાયાંગ | ૧૬૬૭ | ૨૧૦૦ | હરજી જૈનશાલા જામનગર. |
| ૫ | ભગવતીજી | ૧૫૭૫૨ | ૨૦૦૦૦ | સંઘવી શેઠ પોપટલાલ ધારશીભાઈ જામનગર. |
| ૬ | જ્ઞાતાસૂત્ર | ૫૪૦૦ | ૬૮૦૦ | શેઠ છોટાલાલ પીતાંબરદાસ હા. ગીરધરભાઈ અમદાવાદ. |
| ૭ | ઉપાસકદશા | ૮૧૨ | ૧૦૦૦ | શેઠ ફૂલચંદ દેવચંદ બીલીમોરા. |
| ૮ | અંતગડદશા | ૮૯૯ | ૧૧૫૦ | શેઠ મીઠાભાઈ ગુલાબચંદ કપડવંજ. |
| ૯ | અનુત્તરોવવાઈ | ૧૯૨ | ૨૫૦ | શેઠ ગીરધરલાલ રતનશી કપડવંજ. |
| ૧૦ | પ્રશ્નવ્યાકરણ | ૧૨૫૬ | ૧૬૦૦ | ઝવેરી હીરાચંદ તલકચંદ હા. મોતીચંદ વસ્તાચંદ સુરત. |
| ૧૧ | વિપાકશ્રુત | ૧૨૧૬ | ૧૬૦૦ | શેઠ ઝવેરભાઈ પન્નાજી બુહારી. |
| ૧૨ | ઉવવાઈ | ૧૧૬૭ | ૧૪૦૦ | શેઠ નગીનદાસ ગરબડદાસ છાણી. |
| ૧૩ | રાયપસેણી | ૨૧૨૦ | ૨૭૦૦ | બાકી |
| ૧૪ | જીવાભિગમ | ૪૭૦૦ | ૫૮૦૦ | ઝવેરી મગનભાઈ પ્રતાપચંદ હા. મોતીચંદ સુરત. |
| ૧૫ | જંબૂદ્વિપપન્નતિ | ૪૪૫૪ | ૫૫૦૦ | શેઠ જેઠાભાઈ કશલચંદ જામનગર. |
| ૧૬ | પન્નવણા | ૭૭૮૭ | ૧૦૦૦૦ | ઝવેરી છગનલાલ ફૂલચંદ હા. શાંતિચંદ સુરત. |
| ૧૭ | ચંદ્રપન્નત્તિ | ૨૨૦૦ | ૨૮૦૦ | બાકી |
| ૧૮ | સૂર્યપન્નત્તિ | ૨૨૯૬ | ૩૦૦૦ | શેઠ ગુલાબચંદ હરજીવન જામનગર. |
| ૧૯ | નિરયાવલિ | | | |
| ૨૦ | કલ્પાવતંસિકા | | | |
| ૨૧ | કલ્પિતા | ૧૧૦૯ | ૧૪૦૦ | શશીબેન દલપતભાઈ મગનભાઈ અમદાવાદ. |
| ૨૨ | અંગચૂલિકા | | | |
| ૨૩ | વંગચૂલિકા | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | નિશીથ | ૮૨૧ | ૧૧૦૦ | શેઠ માનચંદ મોતીચંદ ઝવેરી સુરત. |
| ૨૫ | વ્યવહાર | ૩૭૩ | ૫૦૦ | શેઠ હરગોવિંદદાસ જીવરાજ રાધનપુર |
| ૨૬ | ૧ દશાશ્રુતસ્કંધ | ૨૧૦૬ | ૨૭૦૦ | બાકી |
| ૨૬ | ૨ (કલ્પસૂત્ર) | ૧૨૦૦ | ૧૫૦૦ | શેઠ દલપતભાઇ કેશવજી જામનગર. |
| ૨૭ | બૃહત્કલ્પ | ૪૩૭ | ૫૫૦ | શેઠ બાલાભાઇ પરશોત્તમદાસ અમદાવાદ. |
| ૨૮ | મહાનિશીથ | ૪૫૪૮ | ૫૭૦૦ | બાકી |
| ૨૯ | પંચકલ્પ | ૨૫૦૦ | ૩૧૦૦ | શેઠ પનાલાલ ઉમાભાઇ હઠીસીંગ અમદાવાદ. |
| ૩૦ | આવશ્યક | ૩૧૦૦ | ૩૯૦૦ | શેઠ ભગુભાઇ ચુનીલાલ સુતરીયા અમદાવાદ. |
| ૩૧ | દશવૈકાલિક | ૭૦૦ | ૧૧૦૦ | શેઠ નાથાલાલ ખેમચંદ મહેસાણા. |
| ૩૨ | ઉત્તરાધ્યયન | ૨૦૦૦ | ૨૫૦૦ | શ્રી મોતીકોર નગીનચંદ ફૂલચંદ ઉસ્તાદ સુરત. |
| ૩૩ | પિંડનિર્યુ૦ | ૮૩૫ | ૧૨૦૦ | ઝવેરી ખેતશી શીરાજ. |
| ૩૪ | ઓઘ નિર્યુ૦ | ૧૩૫૫ | ૧૬૫૦ | શેઠ સુબાજી સ્વચંદ જેચંદ અમદાવાદ. |
| ૩૫ | અનુયોગદ્વાર | ૧૮૯૯ | ૨૨૦૦ | દેશવિરતિધર્મારાધક સમાજ અમદાવાદ. |
| ૩૬ | નંદીસૂત્ર | ૭૦૦ | ૧૧૦૦ | શ્રી મુક્તિકમલમોહનમાલા. |
| ૩૭ | ચઉશરણપયન્ના | ૮૦ | ૧૨૫ | શેઠ પુંજાભાઈ ગુલાબચંદ કપડવંજ. |
| ૩૮ | આઉરપચ્ચક્ખાણ | ૧૦૦ | ૧૫૦ | જમનાદાસ કેશરીચંદ રાધનપુર. |
| ૩૯ | ભત્તપરિજ્ઞા | ૨૧૫ | ૩૦૦ | પોપટલાલ પાનાચંદ જામનગર. |
| ૪૦ | સંસ્તારક | ૧૫૫ | ૨૦૦ | ..........................વેરાવળ. |
| ૪૧ | તંદુલવૈયાલિય | ૫૦૦ | ૬૫૦ | ચુનીલાલ કમળશી હલવદ |
| ૪૨ | ચંદાવિજ્જય | ૨૦૦ | ૩૦૦ | મણીબેન નાનચંદ જામનગર. |
| ૪૩ | દેવેન્દ્રસ્તવ | ૩૭૫ | ૫૦૦ | વાડીલાલ દોલતરામ માણસા. |
| ૪૪ | ગણિવિજ્જા | ૧૦૫ | ૧૫૦ | ગુણવંતરાય કુંવરજી પાલીતાણા. |
| ૪૫ | મહાપ્રત્યાખ્યાન | ૧૭૬ | ૨૫૦ | ચત્રભુજ ભવાનજી જામનગર. |
| ૪૬ | વીરસ્તવ | ૫૦ | ૧૦૦ | માસ્તર કુંવરજી દામજીભાઈ શાહ. |

# સાગર-સમાધાન

પ્રશ્ન ૯૭૮-ભગવાન જિનેશ્વરમહારાજની આજ્ઞાને માનનારા અને તત્વાતત્વને ઉપાદેયહેય તરીકે જાણનારા જીવો સર્વાંગસુંદરતાદિ માટે સર્વાંગસુંદર આદિ તપસ્યાઓ કરે તો શું તેઓને મિથ્યાત્વી ગણવા ? અને એ અનુષ્ઠાનને શું ગરલઅનુષ્ઠાન કે વિષઅનુષ્ઠાન કહેવું ?

સમાધાન - જે મનુષ્યો ભગવાન્ જિનેશ્વર મહારાજની આજ્ઞાને માનનારા અને આજ્ઞાને આગલ કરીને પ્રવર્ત્તનારા છે, તેઓ સર્વાંગશુંદરતાઆદિને માટે સર્વાંગસુંદરઆદિ તપો કરે તો તેઓને મિથ્યાત્વી કહેનારે કે ગરલ વિષ અનુષ્ઠાન કહેનારે ભગવાન્ હેમચંદ્રસૂરિજીનો આ પાઠ વિચારવો अस्य च तपसः सर्वांगसुन्दर-त्वमानुषंगिकमेव फलं, मुख्यं तु सर्वज्ञाज्ञया क्रियमाणानां सर्वेषामेव तपसां मोक्षावाप्तिरेव फलमिति भावनीयं, एवमुत्तरत्राऽपीति અર્થાત્ આ સર્વાંગસુદરતપસ્યાનું સર્વાંગસુંદરપણું તો પ્રાસંગિક ફલ છે. મુખ્ય તો સર્વજ્ઞની આજ્ઞાએ કરાતી સઘલી તપસ્યાઓનું મોક્ષપ્રાપ્તિ જ ફલ છે. આ પ્રમાણે આગલ કહેવાતી તપસ્યાઓમાં પણ સમજવું. આ વિષય તપઉદ્યાપનના લેખમાં શ્રી પંચાશકાદિશાસ્ત્રોના પાઠોથી પણ સ્પષ્ટ જણાવાયો છે. છતાં જેઓને પોતાને અધમવિશેષણવાળા બનવા માટે શાસ્ત્રોના આપેલા પાઠો પણ જોવા નથી અને થયેલી અણસમજ સુધારવી નથી તેઓની સ્થિતિ તો જ્ઞાની જ જાણે.

પ્રશ્ન ૯૭૯ -ચૈત્યવન્દન સ્તવ અને સ્તુતિ એ ત્રણેમાં ભગવાન્ જિનેશ્વરમહારાજના ગુણોનું વર્ણન હોય છે તો પછી તે ત્રણેમાં ફરક શો ?

સમાધાન -ચૈત્યવન્દન સ્તોત્ર અને સ્તુતિમાં ભગવાન્ જિનેશ્વરમહારાજના ગુણોનું વર્ણન હોય છે એ વાત સાચી છે. પરન્તુ 'નમુત્થુણંરૂપ' પ્રણિપાત પ્હેલાં જે ભગવાન્‌ના ગુણોને વર્ણન કરનારૂં કથન કરાય તેનું નામ ચૈત્યવંદન કહેવાય છે અને તેમાં વિશેષે કરીને સ્થાવરતીર્થોનો અને ભગવાન્ જિનેશ્વર મહારાજાઓની પ્રતિમાનો અધિકાર હોય છે. તેથી કરીને જ તે ચૈત્યવન્દન બોલ્યા પછી जंकिंचि नाम तित्थं વગેરે કહી સકલતીર્થસ્થાનો અને જિનપ્રતિમાઓનું વંદન જણાવનાર સૂત્ર બોલાય છે. વળી ભાવતીર્થંકર અને દ્રવ્યતીર્થંકરને શક્રસ્તવથી વંદન કર્યા પછી સકલલોકનાં ચૈત્યો અને પન્નરકર્મભૂમિઓના સાધુઓને વંદન કરવારૂપ પ્રણિધાન પછી જે ભગવાન્‌ના ગુણોને અને ભગવાન્‌ના ઈંદ્રનરેન્દ્રાદિકોએ કરેલા ભક્તિભાવને જણાવનારી રચના બોલવામાં આવે અને જેની પછી ભવાંતરને માટે પ્રાર્થનારૂપ પ્રણિધાન કરવામાં આવે એટલે અને ભવિષ્યને માટે પછીનું અને જે પ્રાર્થનારૂપ ત્રીજું પ્રણિધાન પ્રણામરૂપ બે પ્રણિધાનો કરવાની પ્હેલાં જે ગુણગાન ભગવાન્ જિનેશ્વરમહારાજના કરાય તેનું નામ સ્તવ અથવાસ્તોત્ર કહેવાય છે. એવી રીતે નમુત્થુણું પ્હેલાની સ્તુતિ એ ચૈત્યવંદન અને પ્રણામપ્રણિધાન પછી અથવા પ્રાર્થનાપ્રણિધાન પ્હેલાં કહેવાય તે સ્તુતિને સ્તવ કહેવાય. અને ચૈત્યાદિના ક્રયોત્સર્ગ પછી काउसग्ग पारियंमि એવા આવશ્યકના વચનથી જે સ્તુતિ ભગવાન્‌ના ગુણોની કરાય તેનું નામ સ્તુતિ કહેવાય છે.

પ્રશ્ન ૯૮૦ - પીસતાલીસ આગમમાં ચૈત્યવંદન સ્તવ અને સ્તુતિનો અધિકાર ક્યાં છે?

સમાધાન - શ્રી ઉત્તારાધ્યયસૂત્રમાં ચૈત્યવન્દન સ્તવ અને સ્તુતિનો અધિકાર છે, અને ત્યાં ઉત્તરાધ્યયનના ઓગણત્રીશમાં અધ્યયનમાં નીચે જણાવીશું એ પ્રમાણે સૂત્ર છે.

એ સૂત્રમાં સ્પષ્ટપણે સ્તવ સ્તુતિ અને મંગલ કરવાથી જ્ઞાનદર્શન અને ચારિત્રનો લાભ તથા બોધિનો લાભ થવાનું જણાવે છે. અને દેવવંદનમાં પ્રથમ મંગલસ્થાને ચૈત્યવંદન હોવાથી ચૈત્યવંદનને મંગલ તરીકે ગણાવ્યાં છે. એટલે સ્તવ સ્તુતિ અને મંગલ એટલે ચૈત્યવન્દનની સ્થિતિ જણાવી છે.

પ્રશ્ન ૯૮૧ - શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ઓગણત્રીસમા અધ્યયનમાં જે સ્તવ સ્તુતિ મંગલ જણાવેલ છે તેમાં એક વચન હોવાથી તે સ્તવ સ્તુતિ મંગલ એક જ કેમ ન ગણાય ?

સમાધાન - જો કે શ્રી ઉત્તરાધ્યયનના પાઠમાં તે સૂત્ર આવી રીતે છે **थयथुइमंगलेणं भंते। किं जणेइ; थयथुइमंगलेणं नाणदंसणचरित्ताणि बोहिलाभं च जणयइ, नाणदंसणसंपन्नेणं जीवे अंतकिरियं कप्पविमाणो ववत्तियं आराहणं आराहेइ** અર્થાત્ સ્તવ, સ્તુતિ, મંગલથી જીવો શું મેળવે છે? આવા પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે સ્તવ, સ્તુતિ મંગલથી જ્ઞાન દર્શન ચારિત્રનો (આ ભવમાં) લાભ મેળવે છે અને (પરભવમાં) બોધિલાભ એટલે જૈનધર્મની પ્રાપ્તિ મેળવે છે અને જ્ઞાન દર્શન ચારિત્રને પામેલો અંતક્રિયા કરનારી તથા બાર દેવલોક સુધીના ગણાતા કલ્પવિમાનમાં ઉત્પન્ન થઇ શકે તેવી આરાધના કરે છે. આ સ્થાને **થય૦** એ જગો પર જે એક વચન છે તે એક શેષની માફક એકવદ્ભાવમાં એકવચન છે. અને તેથી જ સામાચારીઅધ્યયનમાં **थुइमंगलेणं वंदित्ता** તથા **कुज्जा सिद्धाण संथवं** એમ સ્પષ્ટપણે ભિન્ન ભિન્ન નિર્દેશ છે.

પ્રશ્ન ૯૮૨ -થયથુઇ૦ એ સૂત્રમાં સ્તવસ્તુતિ કરનારા તો સાધુ અને શ્રાવક બન્ને હોય છે. તો તેમાં બાર દેવલોક સુધીનાં વિમાનો કે કલ્પોપન્ન વિમાનો કહેવામાં આવે છે. ત્યાંસુધી ઉત્પત્તિવાળી આરાધના કેમ જણાવી ? કેમકે એ બાર દેવલોક સુધીની ઉત્કૃષ્ટ આરાધના શ્રાવકવર્ગને માટે હોય છે. સાધુભગવંતોને માટેની આરાધના તે તો કલ્પાતીત એવા નવગ્રૈવેયક અને સર્વાર્થસિદ્ધ સુધીના અનુત્તરની પણ હોય છે.

સમાધાન -પુષ્પામિષ્ટસ્તોત્ર એટલે પુષ્પાદિ નૈવેદ્યાદ્વિ અને સ્તોત્રઆદિથી થતી ત્રણ પ્રકારની અથવા અંગ અગ્ર અને સ્તોત્રાદિથી ત્રણ પ્રકારની થતી પૂજાના અધિકારી શ્રાવકો જ હોય છે. અને પુષ્પાદિ કે અંગાદિપૂજાના અનુક્રમથી થતી સ્તોત્ર પૂજા અહિં ગણેલી હોય તો બારમા દેવલોકની ઉત્પત્તિવાળી જ આરાધના જણાવવી પડે છે. સાધુભગવંતે કરાતી કેવલ સ્તોત્રાદિકની પૂજા એટલે પુષ્પાદિપૂજા અને અંગાદિપૂજાથી નિરપેક્ષ જો કેવલ ભાવપૂજા જણાવી હોત તો કલ્પાતીત એવા ગ્રૈવેયક અને અનુત્તરવિમાનની ઉત્પત્તિવાળી આરાધના જણાવત, આ વાત જ્યારે બરોબર વિચારવાંમાં આવશે ત્યારે જ આ **થયથુઇ૦** ના સૂત્રથી કેટલાક મહાનુભાવો ભગવાન જિનેશ્વરમહારાજની પ્રતિમાનું પૂજ્યપણું સાબીત કરે છે તે સયુક્તિક છે એમ સમજાશે.

પ્રશ્ન ૯૮૩ -ભગવાન જિનેશ્વરમહારાજની અંગાદિ અનુક્રમે કે પુષ્પાદિઅનુક્રમે સ્તુતિ સ્તોત્રાદિકથી ભાવપૂજા કરે ત્યારે તે સમ્યગ્દર્શનાદિકને પામેલો જ હોય તો પછી આ થયથુઇ૦ સૂત્રમાં સ્તવ-સ્તુતિઆદિથી જ્ઞાનદર્શન ચારિત્ર ઉત્પન્ન થવાનું કેમ જણાવ્યું ?

સમાધાન - ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની અંગાદિક્રમે કે પુષ્પાદિક્રમે સ્તુતિઆદિથી પૂજા કરનારો સમ્યગ્દર્શનાદિ પામે એવા સૂત્રકાર મહારાજના કથનથી સૂક્ષ્મદૃષ્ટિયો સમજી શકશે કે મિથ્યાદૃષ્ટિવાળાએ પણ કરેલી ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની અંગાદિ અને પૂષ્પાદિક્રમવાળી પૂજા નવા સમ્યગ્દર્શનાદિને કરવાવાળી છે. અર્થાત્ જેમ અણુવ્રતઆદિની ક્રિયામાં વ્યવહારથી પણ સમ્યગ્દર્શનની પ્હેલેથી જરૂર છે તેમ ભગવાન જિનેશ્વરમહારાજના પૂજનમાં પ્રથમથી વ્યવહારસમ્યગ્દર્શનની પણ જરૂર છે એમ નથી. અર્થાત્ ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા જેમ સમ્યગ્દર્શનાદિની શુદ્ધિ માટે છે તેવી જ રીતે નહિં પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ માટે પણ ભગવાન્ જિનેશ્વરની પૂજા જરૂરી છે. વળી આ જ્ઞાન દર્શન અને ચારિત્રને ઉત્પન્ન થવા રૂપ ફલ જણાવવાથી પણ શાસ્ત્રકારમહારાજા સ્પષ્ટ કરે છે કે આ સૂત્ર શ્રાવકોએ કરાતી સ્તુતિ સ્તોત્રાદિકની પૂજાની અપેક્ષાએ છે, અર્થાત્ સાધુની અપેક્ષાએ જ જો આ સૂત્ર હોત તો જેમ કલ્પાતીતની ઉત્પત્તિ જણાવત તેમ જ્ઞાનદિની વૃદ્ધિ જણાવત, પરન્તુ જ્ઞાનદર્શનચારિત્રનો નવો લાભ થવાનો જણાવત નહિં.

પ્રશ્ન ૯૮૪ -ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની સ્તવ સ્તુતિ મંગલથી પૂજા કરવામાં બોધિ લાભ થવાનું ફલ કેમ જણાવ્યુ છે ?

સમાધાન - જો કે ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા કરનારો ભગવાન્ જિનેશ્વરમહારાજના ધર્મને બહુધા પામેલો હોય છે, છતાં ભગવાન્ જિનેશ્વરમહારાજના ધર્મની પ્રાપ્તિ અખંડિતપણે તો કોઈક ભાગ્યશાળીને જ ટકે છે, માટે ભગવાન્‌ની પૂજાના ફલ તરીકે બોધિલાભને ઉત્પન્ન થવાનું કે સ્થિર રહેવાનું કહેવામાં આવે તે અયોગ્ય નથી. વળી ભવાંતરની અપેક્ષાએ તો વિરાધકભાવને પામેલા સાધુ માટે પણ શ્રી જૈનધર્મની પ્રાપ્તિ ભવાંતરે દુર્લભ હોય છે તો પછી આરંભ પરિગ્રહમાં આસક્ત એવા શ્રાવકને જૈનધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ હોય તેમાં આશ્ચર્ય શું ? અને આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે જ આ સ્થાને કહેલ બોધિલાભરૂપ ફલ અને સાધુશ્રાવકની સામાયિક અવસ્થામાં પણ वोहिलाभवत्तियाए કરીને બોધિલાભની પ્રાર્થનાનો કાયોત્સર્ગ કેમ કરવામાં આવે છે તેનું તત્ત્વ સમજવામાં આવશે.

પ્રશ્ન ૯૮૫ - સ્તવ સ્તુતિ અને મંગલ જ્યારે સ્તોત્ર (સ્તવન) થોય અને ચૈત્યવન્દનરૂપ છે તો સ્તોત્રો અને થોયો તો પ્હેલાકાલની પ્રસિદ્ધ છે, પણ એવાં ચૈત્યવન્દનો કે જેને મંગલકાવ્યો ગણી મંગલ તરીકે જણાવ્યાં છે તે કોઇ પ્હેલા કાલનાં છે ?

સમાધાન - વર્ત્તમાનકાલમાં પણ શ્રી પ્રવચનસારોદ્ધારવૃત્તિ અને શ્રી સંઘાચારભાષ્યમાં મંગલકાવ્યરૂપ ચૈત્યવન્દનો છે, તેવાં પ્હેલાં પણ હશે. જગચિંતામણી ચૈત્યવંદન તો પ્હેલાનું પ્રસિદ્ધ છે જ.

# સમાલોચના

આગમોદય સમિતિ તરફથી મુદ્રિત થયેલાં આગમોમાં જો કે અશુદ્ધિ નથી જ રહી એવો દાવો કોઈ કરે નહિ, પરન્તુ અજ્ઞાન અગર કદાગ્રહને લીધે વગર અશુદ્ધિ કહેવા બહાર પડવું તે સજ્જનને શોભતું નથી.

૧ જ્ઞાતાસૂત્રમાં જેવી રીતે દ્રોપદીની પૂજા સંબંધી પાઠ આપવામાં આવ્યો છે, તેવી જ રીતનો પાઠ પાટણની તાડપત્રની સંઘના ભંડારથી પોથી નબંર એકસો છત્રીશ જેનાં પાનાં એકસો ઓગણસાઈઠ છે તેના એકસો ત્રેવીસમા પાને અક્ષરશઃ તે પ્રમાણે પાઠ છે એટલે મહારાજશ્રી અભયદેવસૂરિજીની ટીકાની સાથે મૂળ એકઠું કરનાર મહાશયે તે પાઠ લીધો તેમાં કલ્પિતપણું કે ગૌણપણું કહેવું તે કદાગ્રહનો જ પ્રભાવ કહેવાય ધ્યાન રાખવું જરૂરી છે કે બારમી સદીમાં ત્રિપાઠ પુસ્તકો લખાયાં નથી, પરન્તુ સત્તરમી સદીમાં ઘણા ભાગે મૂળ અને ટીકાઓ એકઠી થઈ ત્રિપાઠ પુસ્તકો લખાયાં છે.

૨ શ્રી ઉવવાઈજી, શ્રી પ્રશ્નવ્યાકરણ વિગેરેની શ્રી અભયદેવસૂરિજીની ટીકાઓ વાંચનારાઓને સ્પષ્ટ માલમ છે કે તે વખત પણ ઘણાં પુસ્તકો અશુદ્ધ હતાં જેને લીધે ભગવાન્ શ્રી અભયદેવસૂરિજીને प्रायोऽस्य कूटानि च पुस्तकानि એમ લખવું પડયું તથા सूत्रं व्यवस्थाप्य मतो विमृश्य व्याख्यानकल्पादित एव नैव એવાં એવાં વાક્યો લખવાં પડયાં છે.

૩ શ્રી ઉવવાઈ સૂત્રમાં શ્રી અભયદેવસૂરિજી જણાવે છે કે इह च बहवो वाचनाभेदाः दृश्यन्ते, तेषु च यमेवावभोत्स्यामहे तमेव व्याख्यास्यामः, शेषास्तु मतिमता स्वयमूह्याः। અર્થાત્ "અહિં મૂળની પ્રતોમાં ઘણા વાચનાના ભેદો છે તેમાં જે વાચનાના ભેદને અમે સમજી શકીશું તેની વ્યાખ્યા કરીશું બાકીના વાચનાના ભેદો બુદ્ધિશાળીઓએ પોતે જાણવા."

આ વાચના સમજનાર સુજ્ઞ મનુષ્ય કોઈપણ દિવસ વ્યાખ્યા નહિં કરાયેલા એવા વાચનાના ભેદને ગૌણ માનવા તૈયાર ન થઈ શકે તો પછી પુસ્તકાવાન્તર અને વાચનાન્તર તરીકે કહેલ ભેદને મુખ્ય ગૌણ માનવા તૈયાર થવું તે કેવલ

જીનપ્રતિમાની પૂજાના પાઠને દેખીને થતો મિથ્યાત્વનો ઉદય જ જણાવે છે.

૪ "कीतनी ही प्रतीओंमे वहां नमुत्थुणं लिखा मिलता है और कीतनी ही प्राचीनसें प्राचीन प्रतीओमें उक्तपाठकी गन्ध तक भी नहीं है।"

આ લખાણ વાંચનાર સુજ્ઞમનુષ્ય સ્હેજે સમજી શકે તેમ છે કે જ્યારે બારમી સદીની શરૂઆતની પ્રતોમાં પણ દ્રોપદીની પૂજાનો અધિકાર વિસ્તારથી હતો અને વર્ત્તમાનમાં ઉપલબ્ધ થતી તાડપત્રીય પ્રતોમાં પણ પૂર્વોક્ત પૂજાનો પાઠ વિસ્તારથી છે તો પછી પ્રાચીનસેં પ્રાચીન એવા શબ્દો વાપરીને લખવું તે જુઠું છે એટલું જ નહિ પણ કદાગ્રહવાળું છે.

## ઈન્દ્રિય-દમન

ચારિત્ર એ ધન છે, ઈન્દ્રિય એ ચોર છે, એ ચોર આ અપૂર્વ ધન લઈ ન લે એવી સંપૂર્ણ કાળજી રાખો !

ઈન્દ્રિય ચોરથી જે ન લુંટાયો તેજ ડાહ્યો માણસ છે, તેજ પંડિત છે, તેજ શ્લાધ્ય છે !!!

ઈન્દ્રિય એ ચપળ તુરંગ (ઘોડો) છે, એનું સેવન કદાચ દુર્ગતિરૂપી માર્ગમાં ન નાંખે એ વિચારજો ! તેને તો જિનેન્દ્રભગવાન્ના વચનરૂપી લગામથી કાબુમાં ન રાખો ! ઈન્દ્રિયરૂપી ધૂર્તોને ક્ષણવાર પણ પેસવા ન દો, જો પેસ્યા તો ક્રોડો વર્ષેય નહિ જાય !!!

ઈન્દ્રિય-પરાજય-શતકમાંથી સારરૂપે.

૫ આગ્રાની બાળબોધવાળી પ્રતીનો જે ફોટો આપવામાં આવેલો છે તેની ઉપરની બાળબોધ લીટી જોનારને સ્પષ્ટ જણાવે છે કે તે પ્રતી પ્રાચીન નથી પણ ઢુંઢીયાઓની ઉત્પત્તિ પછીની જ છે.

૬ સૂયગડાંગ સુત્રના પાઠને માટે પ્રાચીન મૂળ સૂત્રની પ્રતી વિદ્યમાન છે, જેમાં सुक्कं सिग्धं तमितिउ એ પાઠ છે. અને ટીકાકાર પણ वेगेनापगते सति એમ જણાવે છે, વળી દ્રાષ્ટાન્તિકમાં અનન્તી વખતે ઘાત એટલે નાશ પામવાની વાત છે તે પણ સમજવાની જરૂર છે.

૭ શુષ્કશબ્દનું सुक्कंमि બને કે सुक्कंसि બને એ પણ વ્યાકરણ દ્દષ્ટિવાળાઓએ વિચારવાની જરૂર છે. (રત્ન-અમલ)

# तीर्थयात्रा-संघयात्रा (ગતાંકથી ચાલુ)

सति विभवे भरतादिवद रत्नशिलाभिर्बद्धचामोकरकुट्टिमस्य मणिमयस्तम्भसोपानस्य रत्नमयतोरणशतालङ्कारकृतस्य विशालशालाबलानकस्य शालभञ्जिकाभङ्गिभूषितस्तम्भादिप्रदेशस्य दह्यमानकर्पूरकस्तूरीकागुरूप्रभृतिधूपसमुच्छलदधूमपटलजातजलदशङ्का नृत्यत्कलकण्ठकुलकोलाहलस्य चतुर्विधाऽऽतोद्यनान्दीनिनादनादितरोदसीकस्य देवाङ्गप्रभृतिविचित्रवस्त्रोल्लोचखचितमुक्तावचूलालङ्कृतस्य उत्पतन्निपतआयंन्नदत्यद्वल्गत्सिंहादिनादितवत्सुरसमूहमहिमानुमोदमानजनस्य विचित्रचित्रीयितसकललोकस्य चामरध्वजच्छद्यत्रालङ्कारविभूषितस्य मूर्धारोपितविजयवैजयन्तीनिबद्धकिङ्किणीरणत्कारमुखरितदिगन्तस्यकौतुकाक्षिप्तसुरासुरकिन्नरीनिवहाहमहमिकाप्रारब्धसङ्गीतस्य गन्धर्वगीतध्वनितिरस्कृत तुम्बुरूमहिम्नो निरन्तरतालारसरासकहल्लीसक प्रमुखप्रबन्धनानाभिनयनव्यग्रकुलाङ्गना चमत्कारितभव्यलोकस्य अभिनीयमाननाटककोटिरसाक्षिप्तरसिकजनस्य जिनभवनस्योत्तुङ्गगिरिशृङ्गेषु जिनानां जन्मदीक्षाज्ञाननिर्वाणस्थानेषु सम्प्रतिराजवच्च प्रतिपुरं प्रतिग्रामं पदे पदे विधापनम्, असति तु विभवे तृणकुटयादिरूपस्यापि, यदाह "यस्तृणमयीमपि कुटीं कुर्य्योद्दद्यात्तथैकपुष्पमपि । भक्त्या परमगुरूभ्यः पुण्योन्मानं कुतस्तस्य ? ॥१॥ किं पुनरूपचितदृढधनशिलासमुद्घातघटित जिनभवनम् । ये कारयन्ति शुभमति विमानिनस्ते महाधन्याः ॥२२॥

राजादेस्तु विधापयितुः प्रचुरतरभा-ण्डागार ग्रामनगरमण्डलगोकुलादिप्रदानं जिनभवन-क्षेत्र वपनम्, तथा जीर्णशीर्णानां चैत्यानां समारचनम्, नष्टभ्रष्टानां समुद्धरणंचेति । ननु निरवद्यजिनधर्म्म समाचरणचतुराणां जिनभवनबिम्बपूजादिकरणमनुचितमिव प्रतिभासते, षड्जीवनिकायविराधनाहेतुत्वात्तस्य, भूमीखननदलपाटकानयनगर्त्तापूरणेष्टकाचयनजलप्लावनवनस्पतित्रसकायविराधनामन्तरेण न हि तद् भवति, उच्यते, य आरम्भपरिग्रहप्रसक्तः कुटुम्बपरिपालननिमित्तं धनोपार्जनं करोति तस्य धनोपार्जनं विफलं मा भूदिति जिनभवनादौ धनव्ययः श्रेयानेव, नच धर्मार्थं धनोपार्जनि युक्तम्, यतः- "धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी। प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ॥१॥ इत्युक्तमेव । न च वापीकूमतडागादिखननवदशुभोदर्कं जिनभवनादिकरणम्, अपि तु सङ्घसमागमधर्मदेशनाकरणव्रतप्रतिपत्त्यादिकरणेन शुभोदर्कमेव। षड्जीवनिकायविराधना च यतनाकारिणामगारिणां कृपापरवशत्वेन सूक्ष्मानपि जन्तून्

रक्षयतामविराधनैव, यदाहुः- "जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स । सा होइ निज्जरफला अज्झत्थविसो-हिजुत्तस्स ॥१॥ परमरहस्समिसीणं संमत्तगणिपिडग-गझरिअसाराणं। परिणामिअं पमाणं निच्छयमव-लम्बमाणाणं ॥२॥ यस्तु निजकुटुम्बार्थमपि नारम्भं करोति प्रतिमाप्रतिपन्नादिः तस्य मा भूज्जिनबिम्बा-दिविद्यापनमपि, यदाहुः- देहाइनिमित्तंपि हु जे कायवहम्मि इह पयट्टन्ति । जिणपूआकायवहम्मि तेसिमपवत्तणं मोहो ॥१॥ इत्यलं प्रसंगेन

પ્રથમ જીનમૂર્તિનામના ક્ષેત્રમાં ભક્તિથી દ્રવ્ય કેમ વાપરવું એને માટે જણાવે છે કે -

જીનેશ્વરમહારાજનું બિંબ પ્રથમ તો સારાસાર લક્ષણોવાળું બનાવવું જોઈએ, તેના મુખકમલવિગેરેની પ્રસન્નતા અવ્યાહતપણે રહેવી જોઇએ, અને વજ્ર (હીરા) ઇંદ્રનીલ-અંજન-ચન્દ્રકાન્ત-સૂર્યકાન્ત-અરિષ્ઠ-અંક-કર્કેતન-પરવાલ-સોનું-રૂપું-ચંદન-પત્થર અને માટી વિગેરે સારાં સારાં દ્રવ્યોથી તે પ્રતિમા બનાવવી જોઈએ. જે માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે કે સારીમાટી, નિર્મલશિલા, રૂપું-કાષ્ઠ-સોનું-રત્ન-મણી અને ચન્દને કરીનેજ જે ભાગ્યશાળીઓ પોતાના ધનની અપેક્ષાએ જીનેશ્વરમહારાજનું બિંબ સ્થાપન કરે છે અથવા બનાવે છે. તે મનુષ્યો દેવતા અને મનુષ્યની ગતિમાં મ્હોટાં સુખોને પામે છે. વળી બીજું પણ શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે ભગવાન્‌ની પ્રતિમા જો પ્રસન્નતાવાળી હોય, સારાલક્ષણવાળી હોય અને સર્વ અંગોપાંગના અલંકારોએ કરીને સહિત હોય અને જેમ જેમ દર્શનકરનારના મનની વધારે વધારે પ્રસન્નતા થાય તેમ તેમ વધારે નિર્જરા તે બનાવનારને થાય છે. એમ નક્કી સમજવું. આવીજ રીતે નવી પ્રતિમાજીઓ ભરાવવાનું ફળ જણાવી હવે કહે છે કે પહેલાં બનાવાયેલી શ્રીજીનેશ્વરની પ્રતિમાઓની શાસ્ત્રમાં કહેલી વિધિએ પ્રતિષ્ઠા કરાવવી અને આઠપ્રકારે તેનું પૂજન કરવું, યાત્રાઓ કરવી, અનેક પ્રકારનાં સારાં સારાં આભૂષણોથી શોભાવવી અને અનેક પ્રકારના વસ્ત્રોથી પરિધાપન કરવું. આવી રીતે કરવાથી જીનમૂર્ત્તિનામના ક્ષેત્રમાં ધનનું વાવવું થયુંકહેવાય છે મૂર્તિ બનાવવાને અંગે જેમ કલિકાળસર્વજ્ઞશ્રીહેમચંદ્રસૂરિજીએ સાક્ષી આપી એવીરીતે પૂજાને અંગે સાક્ષી આપે છે. નીકળતી છે. ઘણી સુગન્ધિ જેમાંથી એવા ગન્ધ અને મલ્યે કરીને તેમજ ખંડિત નહિ અને નિર્મળ એવા અક્ષતોએ કરીને, તેમ ધૂપ અને દીવે કરીને, સારાં ઘીવાળાં અને અનેકપ્રકારનાં નૈવેદ્યે કરીને, અને બરોબર પાકેલાં એવાં ફલો ચઢાવવા વડે કરીને, ઉત્તમ પાણીએ કરીને ભરેલા પાત્ર એટલે કળશોએ કરીને, જે મહાનુભાંવો આઠ પ્રકારની પૂજાઓ કરે છે તે મહાનુભાવો પરમપદના સુખના સમૂહને પ્રાપ્ત કરે છે.

એમ શંકા નહિ કરવી કે, "જીનેશ્વર ભગવાનની પ્રતિમા વિગેરેની પૂજા કરવામાં ફાયદો નથી. કારણ કે તે જીનેશ્વરમહારાજની મૂર્ત્તિઓ પૂજન વંદનાદિથી તૃપ્ત થતી નથી, એટલે તૃપ્ત નહિ થયેલા અર્થાત્ સંતોષ, નહિ પામેલા દેવતાઓથી ફળ મળી શકે નહિં" આવી શંકા નહિં કરવાનું કારણ એ છે કે જેમ ચિન્તામણિ કલ્પવૃક્ષ આદિ પદાર્થો જે પોતે તૃપ્ત થતા નથી અને સંતુષ્ટપણ થતાં નથી, છતાં તેનાથી રાજ્યઋદ્ધિ આદિ અનેક પ્રકારનાં ફળ પામવામાં અડચણ આવતી નથી (ભગવાન્ હેમચંદ્રસૂરિજી કહે છે કે આજ વાત મેં વીતરાગસ્તોત્રમાં કહી છે) તે બતાવે છે. અપ્રસન્ન એવા પદાર્થથી ફલની પ્રાપ્તિ કેમ થાય ? આવી શંકાના સમાધાનમાં જણાવે છે કે આવી શંકાનું કથન તે અયોગ્ય છે, કેમકે શું તેવી ચેતના વગરના એટલે તૃપ્ત અને સંતુષ્ટ થવાની શક્તિ વગરનાં એવાં

ચિન્તામણિરત્ન વિગેરે શું ફળો આપતાં નથી ? આવી રીતે પૂર્વાચાર્યોએ પણ કહ્યું છે કે જેમ મન્ત્રઆદિકને યાદ કરવાથી અને અગ્નિઆદિની સેવા કરવાથી ઈષ્ટસિદ્ધિ અને શીતાદિના નાશ વિગેરે રૂપ ફળ થાયછે, તેવી રીતે અહિં પણ ભગવાનની પૂજાથી કોઈપણ જાતનો ફાયદો ભગવાન્‌ને ન હોય અને તેથી તે તૃપ્ત કે સંતુષ્ટ થયેલ ન ગણાય, તો પણતેમની પ્રતિમાની પૂજાથી તેના પૂજકોને તો જરૂર ફાયદો થાય છે. આવી રીતે પોતાના અને શાસ્ત્રકારમહારાજાના વચનથી મૂર્ત્તિનામના ક્ષેત્રને અંગે પોતે કરાવેલા બિંબોના માટે વિધિ જણાવ્યો છે, અને એવીજ રીતે બીજાઓએ કરાવેલા તેમજ નહિં કરાવેલા શાશ્વતજીનબિંબો હોય તેની પણ યથાયોગ્ય પૂજનઆદિ વિધિ જરૂર કરવો જોઈએ. કેમ કે જીનેશ્વર ભગવાન્‌ની પ્રતિમાજી ત્રણ પ્રકારે હોય છે, એક તો પોતે અથવા બીજાએ ભક્તિથી કરીને દહેરામાં સ્થાપન કરેલી જે અત્યારે પણ મનુષ્ય વિગેરેથી બનાવાય છે. બીજી મંગળને માટે કરાવેલી કે જે ઘરની શાખામાં મંગળને માટેકરાવાય છે, તે મંગળની પ્રતિમા કહેવાય છે. શાશ્વતી પ્રતિમા તો તે કહેવાય કે અધોલોક, તીર્છાલોક અને ઉર્ધ્વલોકમાં રહેલા જીનભવનોમાં છે. ત્રણ લોકમાં એવું કોઈપણ સ્થાન નથી કે જે સ્થાન ભગવાન્ જીનેશ્વર મહારાજની પ્રતિમાજીએ કરીને પવિત્ર થયેલું ન હોય. જીનેશ્વર ભગવાન્‌ની પ્રતિમાજીની પૂજાદિક ક્રિયા વીતરાગપણાનું આરોપણ કરીને કરવી ઉચિત છે.

બીજા એવા જિનભુવન ક્ષેત્રમાં પોતાનું ધન વાપરવાનું એવી રીતે છે કે શલ્ય વિગેરે એ કરીને રહિત્ત એવી ભૂમિમાં જીનેશ્વરમહારાજનું મન્દિર બનાવવું. કારીગરોએ પોતાની મેળે બનાવેલા લાકડાં અને કાષ્ઠવિગેરે દળીઆં લેવાં, અને સુથાર વિગેરે નોકરોને ઠગવા નહિં, ચાકરી કરનારાઓને અધિક પગાર આપવો, છજીવનિકાયની રક્ષા અને યતના પૂર્વક વર્ત્તવું, વૈભવ પ્રાપ્ત થયો હોય તો ભરતાદિકની માફક રત્નની શિલાઓથી જીનમન્દિર બનાવવાં, સોનાથી તળીયું બંધાવવું, મણિના થાંભલા પગથીઆં કરવાં, સેંકડો રત્નમય તોરણોથી શોભાવવું, મ્હોટી વ્યાખ્યાનશાળાઓ અને મ્હોટાં મ્હોટાં ઝરૂખાઓ કરવા, પુતળીઓની રચનાથી સ્તંભ વિગેરના ભાવો શોભાવવા, કપુર, કસ્તુરી, અગર વિગેરેના બનેલા ધૂપોને બાળતાં ઉત્પન્ન થતો જે ધૂમાડાનો સમુદાય તેને દેખીને મોરનાં ટોળાં મેઘની શંકાથી જ્યાં કોલાહલ કરી રહ્યાં હોય એવી રીતે ધૂપ જ્યાં ઉખેવાતો હોય, ચારે પ્રકારનાં તુતઆદિવાજીંત્રો અને બારે પ્રકારનાં નંદિ વાંજીંત્રોના શબ્દથી આકાશ અને પાતાળ શબ્દમય થઈ ગયું હોય, દેવાઙ્ગ વિગેરે અનેક પ્રકારના વસ્ત્રોના ચંદરવાઓ હોય અને તેમાં મોતીના ઝુમખાઓ ટાંગેલાઓ હોય, ઉછળતા-પડતા-ગાતા-નાચતા અને કુદતા એવા સિંહ વિગેરેના શબ્દોની માફક દેવતાના સમુદાયે કરાતા મહિમાની અનુમોદનાથી હર્ષવાળા મનુષ્યો જ્યાં થયા હોય, અનેક પ્રકારના આશ્ચર્યથી લોકો ચકિત થયા હોય, ચામર-ધ્વજ-છત્ર વિગેરે અલંકારોથી શોભિત હોય, શિખરે વિજયવૈજયન્તીનેબાંધેલી ઘુંઘરીઓના ઝણકારથી સકળદિશાઓના ભાગો વ્યાપ્ત થયા હોય, કૌતુકથી કે આવેલા સુરઅસુર અને કિન્નરગણે હરિફાઈથી જ્યાં ગીત શરૂ કર્યાં હોય અને ગાયન કરનારાના ગીતધ્વનિથી દેવતાઈ ગાયન કરનારાઓનો મહિમા પણ ઝાંખો થયો હોય, લાગ લાગટ તાલારસરાસડા-હલ્લીસક વિગેરે પ્રબન્ધોના અનેક પ્રકારે અભિનયમાં વ્યગ્ર થયેલી કુલાઙનાઓને દેખીને ભવ્યલોકો જેમાં ચમત્કાર પામતા હોય, અનેક પ્રકારે કરાતા નાટકોના રસે કરીને રસિકલોકોનું મન ખેંચાઈ ગયું હોય, એવા જીનભવનોનું બનાવવું તે જીનભવનક્ષેત્ર કહેવાય,

એ જીનભવન મ્હોટા પર્વતોના શિખરો ઉપર કરાય, જીનેશ્વરભગવાન્‌ના જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-અને મોક્ષ એ ચાર સ્થાનમાં કરાય, યાવત્ સંપ્રતિમહારાજની પેઠે દરેક શહેરે અને દરેક ગ્રામે. તથા સ્થાને સ્થાને કરાય. એવો વૈભવ કદાચ ન હોય તો ઘાસની ઝુંપડી આદિથી પણ જીનભવન કરવું જોઇએ.

શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે પરમગુરૂ એવા તીર્થંકર ભગવાન્‌ને ઉદ્દેશીને જેઓ ઘાસની પણ ઝુંપડી કરે અને તેમાં એકપણ પુષ્પ ચઢાવે તે મનુષ્યના પુણ્યનું પ્રમાણ ક્યાંથી થઇ શકે ? તો પછી જેઓ મ્હોટી દૃઢ અને સજ્જડ એવી શિલાઓના સમુદાયથી ઘડાયેલા જીનભવનને શુભમતિથી બનાવે તે મહાભાગ્યશાળીઓ વૈમાનિકદેવપણે ઉત્પન્ન થાય તેમાં આશ્ચર્ય શું ?

જો જીનભવનને કરાવનાર રાજા વિગેરે હોય તો તેને ઘણા ભંડારો-ગામો-નગરો-મંડળો અને ગોકુળ વિગેરે આપીને જીનભવનક્ષેત્રમાં ધન વાપરવું જોઇએ. જેવી રીતે નવાં જીનભવનો બનાવીને ચૈત્યક્ષેત્રમાં ધન વપરાયછે, તેવીજ રીતે જીર્ણ અને ક્ષીર્ણ એવાં ચૈત્યોને સમારવાં અન નષ્ટ ભ્રષ્ટ એવા ચૈત્યોનો ઉદ્ધાર કરવો તે પણ ચૈત્યક્ષેત્રજ કહેવાય છે.

આ સ્થાને શંકા કરે છે કે નિષ્પાપ એવા જૈનધર્મને આચરવામાં અતિનિપુણ એવા લોકોને જીનભવન અને બિંબનાં પૂજાદિક કરવાં તે અનુચિત જેવાંજ લાગે છે. કારણ કે તે છએ જીવકાયની વિરાધનાનું કારણ છે, કેમકે તેમાં ભૂમી ખોદવી પડે, કાષ્ટ ઇંટો વિગેરે લાવવું પડે, ખાડા ખોદવા પડે, ઈંટો ચણવી પડે, પાણીના ધોધ ચાલે, વનસ્પતિ અને ત્રસ કાયની પણ વિરાધના વિના તે થતાં નથી. આવી શંકાના સમાધાનમાં જણાવે છે કે જે મનુષ્ય સર્વવિરતિરૂપ સંયમને નહિં લેવાથી આરંભપરિગ્રહમાં આસક્ત છે અને કુટુમ્બના પરિપાલન માટે ધનનું ઉપાર્જન કરે છે, તેનો ધન ઉપાર્જન કરવાનો પ્રયત્ન નિષ્ફળ ન જાય માટે જીનભવનવિગેરેમાં ધન ખર્ચવુંજ જોઇએ, અને એ કલ્યાણકારી છે. એવી રીતે ધનનો સદુપયોગ કલ્યાણકારી છતાં પણ ધર્મને માટે ધન ઉપાર્જન કરવું તે તો ઉપયોગી નથી, કારણ કે આવું કહેવામાં આવ્યું છે કે જેમ કચરાથી ખરડીને અંગોપાંગને ધોવાં તેના કરતાં છેટે રહીને કચરાનો સ્પર્શ ન કરવો તે સારૂં છે, તેવી રીતે ધર્મને માટે જેને પૈસાની ઇચ્છા રાખવી હોય તેને તો ઇચ્છા નહિં કરવી તેજ શ્રેષ્ઠ છે. કદાચ કહેવામાં આવે કે જેમ વાવડી-કૂવા-તળાવ વિગેરે ખોદાવવાથી વર્ત્તમાનમાં કીર્ત્તિ જશ વિગેરે થાય તો પણ તે ભવિષ્યમાં અશુભને બંધાવનાર છે એવી રીતે જીનભવનાદિકનું કરવું તે પણ ભવિષ્યમાં અશુભ અનુબંધવાળું હશે. એમ નહિં કહેવું. કારણ કે જીનભવન તો સમગ્રગણનું ધામ એવા સંઘનો સમાગમ થવાનું કારણ છે. ધર્મ દેશના પણ તેમાં બની શકે છે, ધર્મરત્ન અંગીકાર કરવાનું બની શકે છે, માટે આ જીનભુવન વિગેરે તો નક્કી ભવિષ્યના શુભના ઉદયને કરનારજ છે. જોકે એમાં છ કાયની દ્રવ્ય થકી વિરાધના દેખાય છે, પરન્તુ યતનાથી પ્રવર્ત્તવાવાળા ગૃહસ્થો ને તે વિરાધના હોતી નથી ધ્યાને આધીન થયેલા તે ગૃહસ્થો સૂક્ષ્મ એવા પણ જીવોની રક્ષા કરનારા હોય છે એટલે તેમને વિરાધતા લાગે નહિ. શાસ્ત્રકારોએ પણ કહ્યું છે કે સૂત્રની વિધિએ કરીને સંયુક્ત અને યતનાથી પ્રવર્ત્તવાળાને જે વિરાધના થાય છે તે વિરાધના વિરાધના નથી, પણ પરિણામે નિર્જરાને આપનાર છે, એક વાત તો ચોક્ખી છે કે યતનાથી પ્રવર્ત્તનારને પણ સૂત્રની વિધિથી પ્રવર્ત્તવા

સાથે મનની શુદ્ધિ પણ હોવી જોઇએ ॥૧॥ સંપૂર્ણ ગણિપિટકના સારને ધારણ કરનારા ઋષિઓનું પરમરહસ્ય એજ છે કે કરનારાના પરિણામને પ્રમાણભૂત ગણવા, કેમ કે તેઓ નિશ્ચયનુંજ અવલંબન કરવાવાળા હોય છે. ॥૨॥

આવી રીતે જીનપૂજાનું સ્થાપન કર્યા છતાં આપવાદે જણાવે છે કે જે કોઈ પ્રતિમાપ્રતિપન્ન હોવાને લીધે પોતાના કુટુમ્બને માટે પણ આરંભ ન કરે. તેવા ભાગ્યશાળીને જીનબિંબાદિનું પણ વિધાન ન હોય, કહેલું છે કે જે પૂરૂષો શરીરાદિકને માટે છકાયની હિંસામાં પ્રવર્તે છે. તે પુરૂષો જીનેશ્વરમહારાજની પૂજામાં છ કાયનો જીવનો વધ થાય છે એમ સમજીને ન પ્રવર્તે તો તે ખરેખર અભિનિવેશમોહનીયનો ઉદય છે એમ સમજવું. કલિકાળસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ ફરમાવે છે કે આ ક્ષેત્રની બાબતમાં વિસ્તારથી સર્યું, અર્થાત્ ઘણો વિસ્તાર થઇ શકે તેમ છે પરન્તુ ગ્રન્થના વિસ્તારના ભયથી આ વિષયનો વિસ્તાર કરતા નથી.

**અન્ય આચાર્યો અન્ય ગ્રંથોમાં મૂર્ત્તિ ક્ષેત્ર માટે શું ફરમાવે છે ?**

ઉપર જણાવ્યાપ્રામાણે શ્રીરાયપસેણી, જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિ, જીવાભિગમ અને શ્રીજ્ઞાતાસૂત્ર વિગેરે મૂળ આગમોને અનુસારે ચૈત્યોની એટલે ભગવાન્‌તીર્થંકરમહારાજની મૂર્ત્તિ અને તેઓના મંદિરની અનાદિકાળથી હયાતી અને તેની પૂજ્યતા જણાવવામાં આવી છે. અને તે મૂર્તિ અને મન્દિરરૂપી ક્ષેત્રની સાતક્ષેત્રમાં ક્ષેત્ર તરીકેની ઉપયોગિતા જણાવવા માટે કલિકાળસર્વજ્ઞભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજીએ રચેલા શ્રીયોગશાસ્ત્રની સાક્ષી આપીને તે ક્ષેત્રતીરીકે તેની બનાવવાની સામાન્યસ્થિતિ જણાવી છે. અને જેવીરીતે કલિકાલસર્વજ્ઞ-ભગવાન્‌શ્રીહેમચંદ્રસૂરજિ તે મંદિર અને મૂર્ત્તિ બનાવવાને માટે જણાવેલું છે, તેવીજરીતે મૂળશુદ્ધિગ્રન્થમાં આચાર્યમહારાજશ્રીપ્રદ્યુમ્નસૂરિજી મહારાજે શ્રીશ્રાદ્ધવિધિમાં આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરિજી ત્થા શ્રીધર્મસંગ્રહમાં ન્યાયાચાર્ય મહોપાધ્યાયજી શ્રીયશોવિજયજીમહારાજ ત્થા ઉપાધ્યાય શ્રીમાનવિજયજીએ તેને અનુસરતું મંદિર અને મૂર્તિના ક્ષેત્રની ઉત્પત્તિને માટે મુખ્યતાએ વિવેચન કરેલું છે, જેવી રીતે મન્દિર અને મૂર્ત્તિની ઉત્પત્તિ માટે તે ક્ષેત્રો આરાધન કરનારાને વિવેચન જાણવાની જરૂર રહે છે, તેવીજ રીતે તે ક્ષેત્રોની આરાધનાની રીતિ અને ઉદ્ધરવાની રીતિ પણ જાણવા માટે દરેક ધર્મીષ્ટ તત્પર રહે એ સ્વાભાવિક છે. તેથી તેમની જીજ્ઞાસાને તૃપ્ત કરવા તે મૂર્ત્તિ અને મન્દિરના ક્ષેત્ર સંબંધી તપોગચ્છનાયક શ્રીદેવેન્દ્રસૂરિજીએ શ્રીશ્રાદ્ધદિનકૃત્યની અંદરકરેલું વિવેચન વિસ્તૃત છતાં પણ ઉપયોગી હોવાથી આ સ્થળે સામાન્યરીતે જણાવવું યોગ્ય ગણ્યું છે, જો કે ચાલુ અધિકાર આગમરૂપી ક્ષેત્રનો છે, પરન્તુ આગમશાસ્ત્રોની પ્રામાણિકતા ત્યારેજ માની ગણાય કે જ્યારે તે આગમના ફરમાવ્યા મુજબ આત્માની માન્યતા થાય અને વર્ત્તવાનું થાય. જો આગમશાસ્ત્રોને કેવળ માનવામાં જ આવે. પરન્તુ તે તે આગમશાસ્ત્રોના કથન મુજબ વર્ત્તન નહિં કરતાં તેનાથી વિરૂદ્ધ વર્ત્તન કરવામાં આવે તો તેવા વિરૂદ્ધવર્ત્તન કરનારાઓને શાસ્ત્રકારો આગમથી વિપરીત કરનારા અને આગમના દ્વેષી ગણે છે. ભગવાન્ હરિભદ્રસૂરિજીમહારાજ ફરમાવે છે કે तत्कारी स्यात् सनियमात् तद्वैषी चेति यो जडः । आगमार्थे तमुल्लंघ्य तदनुक्ते प्रवर्त्तते ॥१॥ અર્થાત્ જે મનુષ્ય આગમશાસ્ત્રોમાં કહેલા માર્ગથી વિરૂદ્ધપ્રવર્ત્તવાવાળો હોય છે અને આગમશાસ્ત્રોમાં કહેલા કથનને ઓળંઘીને આગમશાસ્ત્રમાં નહિં કહેલા કથનમાં પ્રવર્ત્તવાવાળો હોય છે તે મનુષ્ય શાસ્ત્રની અવજ્ઞા કરનારો છે, શાસ્ત્રનો દ્વેષી છે, અને

તેવો મનુષ્ય જડ મનુષ્યની કોટિમાંજ ગણાય છે, આવીરીતનું શાસ્ત્રકારે સ્પષ્ટ કથન કરેલું હોવાથી આગમશાસ્ત્રની માન્યતાની પુષ્ટિ કર્યા પછી તે ચૈત્ય અને મૂર્ત્તિના ક્ષેત્રને આગમશાસ્ત્રને આધારે પોષણ આપવાની વધારે જરૂર ગણી છે.

## શ્રાદ્ધદિનકૃત્યકાર શું જણાવે છે ?

ચૈત્ય અને મૂર્ત્તિના ક્ષેત્રને આરાધવા માટે કેવીરીતે પ્રયત્ન ભવ્યજીવોએ કરવો જોઇએ તેને માટે ઉપર સૂચવેલો શ્રીશ્રાદ્ધદિનકૃત્યમૂલનો વિસ્તૃતપાઠ વાચક સમક્ષ રજુ કરાય છે. **तसाइजीवरहिए भूमिभागे विसुद्धए । फासुएणं तुं नीरेणं, इयरेणं गलिएण उ ॥२३॥ काउणं विधिणा ण्हाणं, सेयवत्त्थनियंसणो । मुहकोसं तु काउणं, गिहबिंबाणि पमज्जए ॥२४॥** વાચકોને યાદ હશે કે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી માત્ર સો સોનૈયા જેટલી મુડી જે શ્રાવકને હોય તે શ્રાવકે જરૂર ઘર દેહેરાસર કરવુ જોઇએ એમ જણાવે છે એજ વાતને અનુસરીને અન્યઆચાર્ય મહારાજશ્રી શું જણાવે છે.

## ગૃહચૈત્યમાં શ્રાવકને ઉચિતવિધિની રીતિ.

આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજી મંદિર અને મૂર્ત્તિક્ષેત્રની આરાધનાની રીતિમાં પ્રથમ ગૃહચૈત્યના બિંબોને અંગે વિધિ જણાવે છે. મુખ્યતાએ શ્રાવકવર્ગે ગૃહચૈત્યમાં ભગવાન્ જીનેશ્વરનું પ્રભાતે પૂજન કરતાં પ્રથમ સ્નાન કરવાની જરૂર છે, પરન્તુ સ્નાન કરવાનું સ્થાન પ્રથમ શુદ્ધ હોવું જોઇએ. સ્નાન કરવાનું સ્થાન તેજ શુદ્ધ ગણાય કે જ્યાં કીડીયોનાં દરો ન હોય. લીલકુલ વિગેરેના જીવોથી મુક્ત હોય, વળી જે સ્થાનમાં ટેકરા-ખાડા ન હોય, છિદ્રો પણ ન હોય, તેવા સ્થાને શાસ્ત્રાકારો શુદ્ધ ગણે છે અને તેવીજ જગોપર સ્નાન કરવુ તે શાસ્ત્રાજ્ઞા માનનારાઓને માટે હિતકારી છે. વર્ત્તમાનકાળમાં પૂજાને માટે સ્નાન કરનારાઓ પણ સ્નાનની જગાની શુદ્ધિનો ઉપયોગ ન રાખતાં લીલફુલની જમાવટ, કીડીઓનાં દરો અને બીજી પણ અનર્થ જીવવિરાધનાં સ્થાનોએ સ્નાન કરતાં હોય કે કરવા ટેવાયેલા હોય તેઓએ આ શાસ્ત્રકારે જણાવેલી શુદ્ધભૂમીની વાત ધ્યાનમાં રાખવાની છે. ઉપર જણાવેલી શુદ્ધજગ્યામાં સ્નાન કરનારે મુખ્યતઃ અચિત્ત જલથી સ્નાન કરવું. એમ શાસ્ત્રકારો ફરમાવે છે. સ્નાન કરનારા શ્રાવકવર્ગે શાઃસ્ત્રાકારે ફરમાવેલા અચિત્તજલના સ્નાન ઉપર ધ્યાન રાખવાની જરૂર છે.કેમકે જ્યારે સ્નાન કરવાનું અચિત્ત જલે જણાવ્યું છે તો પછી તળાવ-સરોવર-નદી વિગેરમાં સ્નાન કરવાનું ગૃહબિંબની પૂજાને માટે કોઇપ્રકારે ઉચિત ન હોય તે સ્વાભાવિક છે, વળી શાસ્ત્રકાર સ્નાના પાણીને અંગે અપવાદ પણ જણાવે છે કે જો કદાચિત્ અચિત્તજલની સગવડ હોય નહિં, અગર કરી શકે નહિ, અને કદાચિત્ સચિતજલથી સ્નાન કરવાનોજ પ્રસંગ આવે તો પણ તે સ્નાન કરવાનું પાણી ગળેલું તો હોવુંજ જોઇએ. આ વાત જેઓ ધ્યાનમાં રાખશે તેઓ બંબા છોડીને પાણીનો ઘાણ વાળવાનું કદી પણ શિખશે નહિ.

## જયણાપૂર્વક પ્રવૃત્તિ થવી જોઈએ.

શુદ્ધ એવા ભૂમીભાગમાં અને અચિત્ત કે ગળેલાજળથી સ્નાન કરનારે પણ યતનાથીજ સ્નાન કરવું એ જણાવવા માટે ભગવાન દેવેન્દ્રસૂરિજી કહે છે કે પ્રમાણસર પાણી હોય અને જ્યાં સંપાતિય જીવો કે જે મચ્છર ડાંસ વિગેરે હોય છે તેની ઉત્પત્તિનાં કારણરૂપ ન બને તેવી રીતે યતના પૂર્વક શ્રાવકે સ્નાન કરવું જોઇએ.

## પૂજાસમયે કેવા વસ્ત્ર પહેરવાં જોઇએ.

ભૂમી, પાણી અને સ્નાનનો વિધિ જણાવ્યા પછી શાસ્ત્રકાર પરિધાનને અંગે જણાવે છે કે પૂજાને કરવા તૈયાર થયેલા મહાનુભાવે શ્વેતવસ્ત્ર પહેરેલાં હોવાં જોઇએ. પૂજાની વિધિમાં જો કે ષોડશકવૃત્તિ

વિગેરે ગ્રન્થોમાં શ્વેત એટલે સફેદની સાથે શુભ એવું વિશેષણ હોવાથી અર્થાત્ ભગવાન્ હરિભદ્રસૂરિજીએ "**शीतशुभवस्त्रेण**" એમ કહેલું હોવાથી અન્યરંગોના વસ્ત્રોનું પણ વિધાન જણાવેલું છે, પરન્તુ શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ શ્વેતવસ્ત્રનુંજ વિધાન કરે છે અને ઉદાયનરાજની પટરાણી શ્રીપ્રભાવતી દેવીનો જે અધિકાર નિશીથસૂત્ર વિગેરેમાં આવે છે તેમાં પણ સફેદ શિવાયના રંગવાળા વસ્ત્રોનું પૂજામાં સર્વથા અનુચિતપણું જણવાવામાં આવ્યું છે. એજ અપેક્ષાએ શ્રીદેવેન્દ્રસૂરિજી મહારાજ પૂજાના વસ્ત્રોનું વિધાન કરતાંપણ સફેદ વસ્ત્ર હોવાનું જણાવે છે અને શ્રાદ્ધદિનકૃત્યગ્રન્થના મૂલસૂત્રને કરનારા પૂર્વાચાર્ય પણ '**सेयवत्थनियंसणो**-' એમ કહીને શ્વેતવસ્ત્ર પહેરવાનુ સ્પષ્ટપણે જણાવે છે. શ્રીદેવેન્દ્રસૂરિજીના અને શ્રી શ્રાદ્ધદિનકૃત્યના મૂળકાર આચાર્યના મુદા પ્રમાણે **शीतशुभवस्त्रेण** એ જગોપર શુભશબ્દ માત્ર સફેદ વસ્ત્રની પવિત્રતા માટે જણાવવામાં આવેલો હોય એમ ગણવામાં આવ્યું હશે. આ વાતને વિચારવાનું વાચકો ઉપર છોડીને આગળ આવતાં ગ્રન્થકાર શું કહે છે તે વિચારીએ.

### વસ્ત્રના યુગ્મમાં અષ્ટપટ થાય તેવું ઉત્તરાસન હોવું જોઈએ.

વર્ત્તમાનકાળમાં કેટલેક સ્થાને પહેરવાના અને ઓઢવાના એ બે વસ્ત્રો કરતાં મુખકોશ બાંધવાને માટે ત્રીજું વસ્ત્ર રાખવામાં આવે છે. પરન્તુ દેવેન્દ્રસૂરિજી મહારાજ ચોક્ખાશબ્દોમાં જણાવે છે કે પવિત્ર અને સફેદ એવા વસ્ત્રનું યુગ્મ એટલે જોડલુંજ માત્ર જોઈએ. અને તે ઓઢેલો વસ્ત્રના છેડાથી આઠપડો મુખકોસ કરવો જોઈએ. યાદ રાખવું કે પ્રાચીનકાળમાં ઉત્તરાસનનાં વસ્ત્રો મોટા પ્રમાણમાં રાખતા હતા, અને તેથી તેના છેડે આઠપડો મુખકોશ કરવા જેટલો અવકાશ બરોબર રહી શકતો હતો. તેવીજ રીતે તેજ મુખકોશનો ભાગ ચૈત્યવન્દન કરતી વખતે ભૂમીપ્રમાર્જનને માટે કામ લાગતો હતો. કેમકે જેવીરીતે પૂજન કરતી વખતે આઠપડા મુખકોશની જરૂર ગણવામાં આવી છે. તેવીજ રીતે અગર તેથી પણ અધિકપણે ચૈત્યવન્દનરૂપી ભાવપૂજા કરતી વખતે ચૈત્યવંદનની જગા પુંજવાનું જરૂરી ગણવામાં આવ્યું છે. અને તે જરૂર જ્યારે ઉત્તરાસનનું વસ્ત્ર લાંબુ હોય ત્યારેજ સાચવી શકાય અને એવું લાંબુ ઉત્તરાસનનું વસ્ત્ર હોય ત્યારેજ ચૈત્યવંદનઆદિ કરતી વખતે મુખ આગળ પણ તે ઉત્તરાસનનો છેડો રાખતાં ઉત્તરાસનની વિધિનો ભંગ ન થાય. ટુંકા ઉત્તરાસનોમાં મુખકોશ માટે જુદુ વસ્ત્ર રાખવું પડે અને ચૈત્યવંદન કરતી વખતે ભૂમિનું પ્રમાર્જન ન થાય, તેમજ ચૈત્યવંદનનાં સૂત્રો કે સ્તોત્રો બોલતી વખતે જયણાની પણ ખામી રહે. આ બધી વસ્તુ ધ્યાનમાં રાખીનેજ શ્રીદેવેન્દ્રસૂરિજી મહારાજ ઉત્તરાસનના છેડાથીજ મુખકોશ બાંધવાનું કહી લાંબુ ઉત્તરાસન રાખવા કહે છે.

### ઉત્તરાસન બાંધવાનું કારણ શું ?

શ્રીદેવેન્દ્રસૂરિજી મહારાજ જણાવે છે ઉત્તરાસન બાંધવાનું કારણ નાસિકાના શ્વાસને ભગવાન્ ઉપર જતો રોકવા માટે છે. જો કે આચાર્ય મહારાજ મુખકોશનું નિયમિતપણું જણાવી પૂજા કરવાનું કહે છે, પરન્તુ ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રીપંચાશક નામના શાસ્ત્રમાં મુખકોશ બાંધવાને માટે યથાસમાધિ એમ કહીને નાસિકાબંધનનું અનિયમિતપણું જણાવે છે. એટલે મુખના શ્વાસને રોકવા માટે તો મુખકોશ બન્નેના મતે નિયમિતજ હોય, પરન્તુ તેવા કેટલાક મનુષ્યો હોય છે કે જેઓ નાકના શ્વાસનું રૂંધન ખમી શકે નહિ. અને તેવાઓને માટે નાકના શ્વાસને રોકવામાં વૈકલ્પિકપણું ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ રાખ્યું હોય તો નવાઈ નથી ? કદાચ કહેવામાં આવે કે કાયોત્સર્ગ જેવા અનુષ્ઠાનમાં પણ શ્વાસની છુટી રાખવામાં

આવે છે અને તેને માટે अन्नत्थ उससिएणं વિગેરે પાઠ કહેવામાં આવે છે અને વ્યાખ્યાકારો પણ સાફ શબ્દોમાં જણાવે છે કે શ્વાસનું રૂંધન કરવું કોઈપણ પ્રકારે વ્યાજબી નથી માટેજ ઉશ્વાસ અને નિશ્વાસનો આગાર રાખવામાં આવ્યો છે, આવી રીતે જ્યારે શાસ્ત્રકારો શ્વાસ રોકવાની મનાઈ કરે છે, ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્વાસના રોધને માટે યથાસમાધિ લખે છે, તો પછી આચાર્ય મહારાજ શ્રીદેવેન્દ્રસૂરિજી નાકનો શ્વાસ રોકવા માટે નિશ્ચય કેમ બતાવે છે ? આવી રીતે કથન કરનારે ધ્યાનમાં રાખવું જોઈએ કે અષ્ટપટનો મુખકોશ બાંધવાથી માત્ર ભગવાન્‌ની પ્રતિમા ઉપર સીધા શ્વાસનું જવુંજ રોકાય છે, પરન્તુ મુખકોશની અંદરથી શ્વાસનું જવું સર્વથા રોકાતું નથી, તેથીજ મુખકોશ બાંધવાનું પ્રયોજન જે નાસિકાના શ્વાસના નિરોધને માટે જણાવે છે. તે ભગવાન્‌ની પ્રતિમાજી ઉપર જતા શ્વાસની અપેક્ષાએ છે, અને એવીરીતે તો મુખકોશની માફક નાસિકાના શ્વાસનું રોકાણ ભગવાન્ ગૌતમસ્વામિજીએ મૃગાપુત્રને દેખવાની વખતે કર્યું છે, એમ શ્રીવિપાકસૂત્રમાં સ્પષ્ટ કથન છે.

### ગૃહચૈત્યમાં પ્રથમ પ્રતિમાજીનું પૂંજણીથી પ્રમાર્જન થવું જોઈએ.

સ્નાન કરી શ્વેતવસ્ત્ર પહેરી આઠપડો મુખ કોશ કરીને ગૃહચૈત્યના બિંબોને પૂંજણીથી પ્રમાર્જન કરે. પૂજા કરનારા દરેકે ધ્યાન રાખવાની જરૂર છે કે તીર્ચ્છા લોકમાં તો વિકલેન્દ્રિય વિગેરે જીવોની ઉત્પત્તિ પણ છે અને તે ત્રસજીવોના આરંભના ત્યાગને માટે મોરપીંછીથી ભગવાનની પ્રતિમાજીનું પ્રમાર્જન કરવાની જરૂર છે, પરન્તુ દેવલોકમાં કુંથુઆ વિગેરે વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ નથી, વળી દેવતાઓ ત્રસજીવના સંકલ્પવાળા વધથી પણ વિરમેલા હોતા નથી, છતાં ફક્ત આ ચારને માટેજ દેવતાઓ પણ દેવલોકમાં ભગવાનની પ્રતિમાઓનું અર્ચન કરવા પહેલાં મોરપીંછીથી પ્રમાર્જન કરે છે. આ દેવલોકની સ્થિતિને વિચારવાવાલો કોઈપણ સુજ્ઞમનુષ્યજીનેશ્વર ભગવાનની પ્રતિમાના અભિષેકાદિકને કરવા પહેલાં પ્રમાર્જનની આવશ્યકતા ગણ્યા શિવાય રહેશે નહિં.

### જયણા એજ ધર્મ.

ઉપલી વસ્તુસ્થિતિ સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પૂજા કરનારાના ભાવ યતનામાં ઓતપ્રોત થયેલા હોય છે, અને તેથીજ સ્નાનની ભૂમીમાં પણ જયણા અને સ્નાનના પાણીમાં પણ જયણા, સ્નાન કરવામાં પણ જયણા, યાવત્ ગૃહચૈત્યના બિંબોને પૂજવાથી પહેલાં પણ જયણાના પરિણામ આગળ પડતાજ રહે છે, આવી રીતે જયણાના પરિણામવાળા શ્રાવકોને ઉદેશીને શાસ્ત્રકારો કહે છે કે જો કે ભગવાન્ જીનેશ્વરની પ્રતિમાના પૂજનરૂપી દ્રવ્યસ્તવમાં છએ કાયની વિરાધના વિગેરે કંઈક બાધ હોય છે તો પણ કુવાના દૃષ્ટાન્તે કરીને શ્રાવકોને દ્રવ્યસ્તવ કરવો લાયકજ છે. શાસ્ત્રને સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે યતના કરનારાથી થતી વિરાધના કોઈપણ પ્રકારે બંધના ફળને દેનારી નથી. તેવી રીતે અહિં પણ યતના સાથે ભક્તિના પરિણામવાળાને વિરાધનાના અશુભફળનો નાશ થઈ શુભફળનીજ પ્રાપ્તિ થાય છે, જો કે કુવાનું દ્રષ્ટાન્ત આવશ્યકાદિ શાસ્ત્રોમાં દ્રવ્યસ્તવને માટે સ્થાને સ્થાને કહેવામાં આવે છે, પરન્તુ આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રસૂરિજીએ તો એ દૃષ્ટાન્તને જ્ઞાતતરીકે ઉપનયમાં ઉતારેલું છે. તે ઉપનય આવી રીતે છે.

(અપૂર્ણ)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી પાના ૪૪૭ થી શરૂ)

અને ખાડામાં પણ તમે પ્રકાશ ન હોવા છતાં પડવાવાળા છો. એ પ્રમાણે નરકરૂપી ખાડા અને કાંટારૂપી તેના માર્ગોને ભગવાનના ઉપદેશરૂપી પ્રકાશની જરૂર નથી, તે તો આપોઆપજ પોતે પોતાનો પ્રભાવ દર્શાવે છે.

### ખાડામાં તો વગર પ્રકાશે પણ પડી જવાય!

કાંટો અને ખાડો બંને તમોને વાગવાથી અને પડવાથી સ્વયં નુકશાન પામો છો પરંતુ જો પ્રકાશ હોય અને પ્રકાશમાં તમે ખાડો અને કાંટો જોઈ શકો તો તમારો એ ખાડા અને કાંટાથી બચાવજ થવા પામે છે. તેજ પ્રમાણે ભગવાનના ઉપદેશરૂપી પ્રકાશથી નરકરૂપી ખાડો અને દુષ્કર્મરૂપી જાણવાને લીધે કાંટાથી આપણો બચાવજ થાય છે. પ્રકાશ વડે તમે કાંટો અને ખાડો જુઓ એટલે તમોને ખબર પડે કે 'ઓહ! આતો ખાડો છે' એટલે તમે એ ખાડામાંથી બચવાનો જ પ્રયત્ન કરો, આથી સ્પષ્ટ થાય છે કે એ પ્રકાશ તમોને બચાવનારજ છે, પણ પ્રકાશ તમોને ખાડામાં પાડનારો તો નથીજ. તેજ પ્રમાણે જીનવાણી પ્રકાશ પણ તમોને નરકાદિદુર્ગતિથી બચાવેજ છે. પરંતુ તે નરકાદિનો પ્રવર્તક નથી, રસ્તામાં ખાડો પડેલો છે એવું જે માણસ જાણતો ન હોય તે માણસ સ્વાભાવિક રીતેજ ખાડામાં પડે છે. રસ્તે ચાલતા ચાલતા રસ્તામાં અંધકાર પથરાએલો હોય તો ખાડામાં પડી જવું એ સ્વાભાવિક છે. એને માટે કોઈની મદદ જોઈતી નથી. તમોને ખાડામાં પડવાની સલાહ કોઈ આપતો નથી, એવી સલાહ આપવાની જરૂર પણ રહેતી નથી, ખાડો આવે તો પછી પડાય એ સ્વાભાવિક છે. કારણ કે રસ્તે ચાલતો માણસ માર્ગથી અજ્ઞાત છે, પરંતુ પ્રકાશ હોય તો પ્રકાશમાં ખાડો જોઈને ખાડામાં પડતાં બચી જવું એ અપવાદ છે, તે પ્રમાણે જ અજ્ઞાન જીવ પોતાના સ્વભાવથી જ માયા, મોહ, કામ, ક્રોધ, લોભ આદિ માર્ગ ઉપર જ ચાલી રહ્યો છે અને તેથી તે નરકરૂપી ખાડામાં સ્વાભાવિકપણેજ પડી જાય છે.

### એવા શિક્ષણની જરૂરી નથી?

ખાડામાં પડવાનું શિક્ષણ આપવાની જરુર જ નથી. તમે જાણો છો કે આ જગતમાં સેંકડો શાળાઓ, પાઠશાળાઓ, શિક્ષકો, અધ્યાપકો અને પુસ્તકો છે, જ્યારે અનીતિ, બદમાસી, લુચ્ચાઈ,

ગુંડાશાહી વગેરેનું શિક્ષણ આપનારી એક પણ શાળા નથી, છતાં અનીતિ વગેરે આ જગતમાં વિસ્તરેલા છે. અનાચારની એક પણ શાળા નથી. અનાચારનો કોઈ શોધક નથી, અથવા અનાચારનો કોઈ પ્રરૂપક નથી, પરંતુ અનાચાર સ્વાભાવિક રીતે જ જગતમાં ઉતરે છે. એકને અનાચાર કરતો જુઓ તો તમે અજ્ઞાની હો તો તરત અનાચારી બની જાઓ છો, પરંતુ તમે કોઈને શિષ્ટાચાર કરતો જુઓ તેથી શિષ્ટાચાર શીખી જતા નથી. એ ઉપરથી આ વસ્તુ સ્પષ્ટ થાય છે કે નીતિનો દેખાદેખીથી સંપર્ક લાગતો નથી, પરંતુ અનીતિના તો છાંટા પાસે ઉભા હોઈએ તેટલામાંજ વળગી પડે છે. અનીતિરૂપ કાંટાથી તમોને વગર પ્રકાશે ડગલે અને પગલે વીંધાવાનું છે. તો અંધકાર સદૈવ પાડનારો છે અને એ પતનકાળમાંથી તારનારો જો કોઈ હોય તો તે એક માત્ર પ્રકાશ જ છે, બીજું કાંઈ જ નથી.

## એની નિશાળ નથી!

અધર્મ કરવો, પાપ કરવું, પાપમાં વિહરવું તેમાંજ આનંદ માનવો એ સઘળું ભણાવવું પડતું નથી.આત્માની એ પ્રવૃત્તિ તો ડગલે અને પગલે ...ાંજ કરે છે. માત્ર મોક્ષનો માર્ગનિર્જરાનો માર્ગ ...વો તેમાંજ વાર લાગે છે! વધારે ઉદાહરણોની ... બાબતમાં કાંઈ જરૂર જ નથી. તમે કોઈને ...ામાયિક કરતાં જુઓ તો ત્યાં કેટલા એકઠા થાઓ ... નહિ! કોઈ તમોને તેડવા મોકલે કે 'ભાઈ! ... સામાયિક, પ્રતિક્રમણ કરૂં છું' છતાં ત્યાં ... પરંતુ રસ્તાની વચ્ચે ગણિકા નાચવા માંડે તો વગર બોલાવે ત્યાં ટોળું થઈ જાઓ છો. રસ્તા પર ગીરદી થવાથી પોલીસ ધક્કો મારીને કાઢી મૂકે તો પણ ધીમે રહીને પાછું ડોકું ઘાલીને ટોળામાં ઘુસી જાઓ છો!! એક સ્થળે સન્માન છે, આવકાર છે, ધર્મ છે, પણ ત્યાં જતા નથી, બીજે સ્થળે ધક્કંધક્કા છે, તિરસ્કાર છે, અધર્મ છે છતાં ત્યાં વગર તેડે ડોકીયું કરો છો! નાચ જોવાથી તમોને કાંઈ મળતુ નથી, પરંતુ છતાં ત્યાં તમોને અવર્ણનીય પ્રેમ છે! આ સ્થિતિ તમારા માણસને સૂચવે છે.

## આપણું માણસ કેવું છે?

આ ઉપરથી એમ માલૂમ પડે છે કે સદાચાર તરફ તમારૂં સ્વાભાવિક વલણ નથી, પરંતુ દુરાચાર તરફ તમારું સાધારણપણે વલણ છે. દુરાચાર આદરવા માટે તમોને નોતરૂં આપવાની જરૂર જ પડતી નથી! અને સદાચાર આદરવા માટે નોતરૂં મળે તો પણ તમારી ત્યાં જવાની પ્રવૃત્તિ સ્હેજે હોતી નથી. અપલક્ષણો તરફ આત્માનો ચાહ સ્વભાવિકપણે જ રહેલો છે. કેવલ માણસોની જ વાત નથી, પશુઓમાં પણ એજ વાત છે. તમે ઘોડાને ઘાસ નાંખી બારણે બાંધ્યો હોય અને તેની પાસે જ તમે ઘાસ નાંખીને બીજો ઘોડો બાંધશો તો દરેક જણ, પોતાના મોં આગળનો ઢગલો કાયમ હોવા છતાં એક બીજાનો ઢગલો જોઈને જીભ લપલપાવશે. અર્થાત્ આત્મા આરંભ, પરિગ્રહ, વિષય, કષાય તરફ તૈયારજ છે, કાંટામાં પડવું અર્થાત્ નરકે જવું અને તેના માર્ગભૂત

વિષયાદિ સેવવા એ બાજુએ આ જીવ ઉપદેશ વિના જ ઝુંકી પડેલો છે. જ્યારે બીજી બાજુએ તમે જુઓ છો કે સદાચારે તે વાળેલો પણ વળતો નથી!

## કેદખાના, દવાખાના અને મંદિરો

કોઈ એવી દલિલ કરતો આવશે કે જીવની સ્વભાવિક વલણ તો પાપ કરવાનીજ નથી, તો તેની એ દલિલ ટકી શકવાની જ નથી. આ જૈનેતર જગતમાં કેદખાના અને દવાખાના વધારે છે પણ નામધારી સાધુઓને સુદ્ધાં રહેવાના મઠો-મંદિરો કે ઉપાશ્રયો થોડા છે, તો પછી સાચા સાધુઓ ને માટે તો કેટલા હશે એની કલ્પના કરવીજ બસ છે! આપણા સમાજમાં પણ તમે જુઓ છો કે ઉપાશ્રયો ગણ્યાંગાંઠ્યા છે, પરંતુ ગૃહસ્થના ઘરો તો અગણિત છે, આથી સિદ્ધ થાય છે કે આત્માની સ્વાભાવિકતા પતનની છે, ઉત્થાનની નથી. આ જીવને ખાવું, પીવું, લેવું, દેવું, ઘાલમેલ, ધમાલ, ઈત્યાદિ ગમે છે અને તે તેમાં જ રાચી રહેલો છે. જ્યારે આ જીવને એવો વિચાર કદી આવતો નથી કે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? મારી શી દશા હતી? શી દશા છે? અને શી દશા થવાનીછે? મારું મૂળસ્વરૂપ મને શી રીતે મળી શકે એમ છે અને મારા એ સ્વરૂપની પ્રાપ્તિમાં મને ક્યાં વિઘ્નો નડે છે? અને એ મારા વિઘ્નોને હું કેવી રીતે ટાળી શકું એમ છું?

## દયા અને તેના પ્રકાર

આ આત્મા જ્યારે આવો વિચાર કરે છે ત્યારે જ તે ભાવદયાની સ્થિતિને પામે છે. દ્રવ્યદયા સમજુ અને અણસમજુ બંને આચરી શકે છે. મુસલમાનને પણ કોઈને લાગશે તો તે ક્ષણે દયા આવી જશે. ક્રૂરમાં ક્રૂર માણસોને પણ સામા માણસને મરતો દેખીને દયા આવે છે, પરંતુ તેમની એ દયા ભાવદયા નથી, પરંતુ દ્રવ્યદયા છે, પરંતુ આ દ્રવ્યદયાવાળાઓ બારણાં ઉઘાડાં રાખીને ખાળે ડુચા મારે છે! એક અન્ય આત્મા મરવા પડ્યો હોય તેથી તેઓ કંટાળે છે, એની તેને દયા આવે છે, પરંતુ પોતાનો જ આત્મા સેંકડો જન્મ અને સેંકડો મરણ પામ્યો છે, પામે છે અનેપામશે, તેનું તેમને ભાન નથી અને એ અસંખ્ય જન્મમરણના કારણો તેઓ દૂર કરવા માંગતા નથી! મરણથી આખું જગત ડરે છે, આખી દુનિયા જીવવા ઈચ્છે છે, પરંતુ જગતનો એ ડર માત્ર ચાલુ મરણને અંગેજ છે, અને તેથી પ્રત્યેકજીવો - અનેક જીવો અનેક મરણોની સામગ્રી પ્રતિક્ષણ તૈયાર જ કર્યા જાય છે, તેથી કોઈને ડર કે ક્ષોભ થતો નથી! આત્મા સીત્તેર કોડાકોડી સાગરોપમની મોહનીની સ્થિતિ બાંધે છે, એ કર્મ ભોગવવાને કેટલા વરસ જોઈએ? જગતમાં તેત્રીસ સાગરોપમે એક મરણ તો ચોક્કસજ છે. આ આત્માને સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધી થવાવાળા અસંખ્ય જન્મમરણનો તો ખ્યાલ જ નથી. પરંતુ તેને માત્ર એક જ આ ભવના મરણનો ડર લાગે છે.

## જગત મિથ્યા ત્યારે સત્ય શું?

આ જગતમાં બધું મિથ્યા છે અને માત્ર ભગવાનશ્રીજીનેશ્વરદેવોના વચનો દેવ, ગુરુ અને

ધર્મ એજ સત્ય છે. એવો વિચાર આ આત્મા સદાયે પોતાના અંતરમાં ઘુટ્યા કરે અને તે સિવાય તેને બીજો વિચાર સરખો પણ ન આવે ત્યારે જ તે સીત્તેર કોટાકોટી સાગરોપમના મરણથી ડરનારો બને છે. જે આત્મા સીત્તેર કોડાકોડી સાગરોપમોના જન્મમરણથી ડરે છે તે આત્મા કદાપિ પણ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ સિવાય બીજી વાત પોતાના હૃદયમાં લાવી શકતો નથી. આ આત્માઓ બિચારા જ્ઞાનાવરણીયઆદિ કર્મના ઝપાટામાં પડ્યા છે તેમાંથી તે બિચારાઓને કેમ બચાવી લેવા એનો જે વિચાર આવે છે તે એજ કે :-

एक भावदया

છે એમ સમજો, પરંતુ અહીં યાદ રાખવાનું છે કે જે પોતાની સ્થિતિને જોતો નથી તે કદી પારકાની સ્થિતિને પણ જોઈ શકતો જ નથી! જે પોતાનું શરીર ન દેખે તે પારકાનું શરીર શી રીતે દેખવાનો હતો? અર્થાત્ પરની ભાવદયા સ્વદયા વિના આવવી એ ઘણી મુશ્કેલ છે.

## એક મરણની બ્હીક છે પણ....

જ્યાં સુધી આ ભાવદયા ન આવે ત્યાં સુધી તો તમારે એમજ સમજી લેવાનું છે કે ખાળે ડુચા છે ને બારણાં ઉઘાડાં છે! બધા આત્માઓ એક આ ભવના મરણથી ડરે છે, પરંતુ તેઓ અનંતા મરણોથી કદી ડરતા નથી. આ સંબંધીનો આત્માને હજી વિચાર જ આવ્યો નથી, અને જ્યાં એ સંબંધીનો વિચાર જ નથી આવ્યો ત્યાં એ સંબંધીની પ્રવૃત્તિ તો હોયજ શાની? પ્રસ્તુત વિચાર આ જીવને નથી છતાં તે વિચાર આત્મામાં જાગૃત કરનારી જો કોઈપણ વસ્તુ હોય તો તે ભગવાન શ્રીજીનેશ્વરદેવનું શાસન છે. ભગવાનશ્રીજીનેશ્વરદેવના શાસન શિવાય આ વિચાર બીજા કોઈથી કોઈપણ રીતે આવવો શક્ય નથી. ભગવાનશ્રીજીનેશ્વરદેવનું વચન તમે જાણતા હો યા ન જાણતા હો તો પણ તમે સંસારની પાપ પ્રવૃત્તિ છે તેમાં ધસો છો અને એ વ્યવહાર તમારે હાથે ઘડાયો જ જાયછે એ વ્યવહારમાંથી તમોને ચેતાવીને સાવચેત કરનારૂં જો કોઈપણ શાસ્ત્ર હોય તો તે શ્રીમાન જીનેશ્વરદેવનું શાસન છે.

## મોટામાં મોટો ઉપકાર

ભગવાન જીનેશ્વરદેવનો જો આપણા પર કોઈ મોટામાં મોટો ઉપકાર હોય તો તે એ છે કે તેમણે આપણને સદ્ગતિના તેમજ દુર્ગતિના રસ્તા બતાવ્યા છે, સંસારગતિ કેવીરીતે ટાળી શકાય, મોક્ષ કેવીરીતે મેળવી શકાય, કર્મ આવવાનાં કારણો કેવીરીતે રોકી શકાય, કર્મ કેવીરીતે બાંધી જવાય એ સઘળી વાતો શ્રીમાન્ જીનેન્દ્રદેવોએ પોતાના જ્ઞાનથી જાણીને આપણી આગલ પ્રત્યક્ષ કરી છે અને તે શ્રીમાન્ જીનેશ્વરદેવોને આપણા ઉપરનો ભવ્ય ઉપકાર છે. આપણે શ્રીમાન્ જીનેન્દ્રદેવોને પૂજીએ છીએ, તેમને આરાધીએ છીએ, તેમનું ગુણગૌરવ કરીએ છીએ, તે સઘળાનું કારણ આ એકજ છે. તમે દીવામાં તેલ પૂરો અને દીવો સળગાવો છો એ દીવો તમારો

રોજમેળ લખી આપતો નથી, તે તમારા હીરા પારખી આપતો નથી, તમારા ઘરનો કચરો સાફ કરી આપતો નથી, પરંતુ દીવાનું જો અજવાળું છે તો તમે એના તેજથી તમારાં સઘળાં કામો કરી શકો છો. કોઇ એમ કહેશે કે દીવા વિના પણ માણસ પોતે પોતાના અનુભવ અને અનુમાનને આધારે કામો કરીજ શકે છે અને તેને પ્રકાશની જરૂર પડતી નથી. તો પછી પ્રકાશ આવશ્યક છે એમ શામાટે માની લેવું જોઈએ ?

### અંધકાર અને પ્રકાશ

આ વાત સાચી નથી. તમે અનુભવ અને અનુમાનને આધારે કામ કરો છો એ વાત સાચી છે, પરંતુ તમોને અનુભવ અને અનુમાનની પ્રાપ્તિ પણ ત્યારેજ થાય છે કે જ્યારે તમે પહેલાં એ બાબતની ટ્રેનીંગ લો છો. વારંવાર તમે પ્રકાશમાં વાળ્યું હોય તોપછી તમે અંધકારમાં પણ વાળી શકો છો, પરંતુ જમીન કેવી છે ? તેના પર કચરારૂપે શી વસ્તુઓ પડે છે ? અને તે કેવીરીતે ઉલેચાય છે ? એ સઘળું તમે પ્રથમ દીવાના પ્રકાશમાં જાણી લો છો. અને પછી જ્યારે તમારો સ્વભાવજ એવો થઈ જાય છે ત્યારે તમે તે પ્રમાણે વગર પ્રકાશે કરી શકો છો, કોઇને તમે જન્મતાંવારજ અંધારામાં પૂરી રાખો અને તેને જગતના સંસ્કારોથી પણ દૂર રાખો, તો તે માણસ કદી અંધકારમાં વાળી શકવાનો નથીજ. જો દીવો યા પ્રકાશજ ન હોય તો તમે હીરા કે મોતી, જડ કે ઝવેરાત, સોનું કે રૂપું કશુંજ પારખી શકવાના નથી. દીવાનો જો પ્રકાશ ન હોય તો મીનીઆ મોતી અને સાચા મોતી એ બંનેની વચ્ચે કશોજ ફરક આપણે જોઈ શકતા નથી. આથી સ્પષ્ટ છે કે સત્યાસત્યનો નિર્ણય કરવાને માટે દીવો કે પ્રકાશ છે તોજ આપણે સત્યાસત્યનો નિર્ણય કરી શકીએ છીએ.

### જો પ્રકાશ ન હોય તો ?

ભગવાન શ્રીજીનેશ્વરમહારાજનો ઉપદેશ જો આપણા અંતરમાં ન વસ્યો હોય તો આપણને બધુંજ સરખું છે. દીવાનો પ્રકાશ ન હોય તો આપણને હીરો અને કાચ બંને સમાન છે, તેજ પ્રમાણે ભગવાન શ્રીજીનેશ્વર દેવોનો ઉપદેશ પણ જો આપણા હૃદયમાં ન પચે તો કર્મબંધનનાં કારણો, સંસારના કારણો, મોક્ષનો રસ્તો, એ બધું આપણને સરખું જ છે, આપણી આવી હીનદશા ન થાય તેટલાજ માટે આપણે ભક્તિરૂપી દીવો જાગૃત રાખવો પડે છે. એ દીવો જાજવલ્યમાન રાખવાને માટેજ શાસ્ત્રકારમહારાજાઓએ ભગવાનશ્રીજીનેશ્વરદેવોની ભક્તિ કરવાની કહી છે. આ સઘળામાં મુખ્યવાત સમજવાની એ છે કે આપણે જે પ્રમાણે કર્મ કર્યાં હોય તેજ પ્રમાણે આપણને ગતિ પણ મળે છે. આપણે કર્મો ખરાબ કર્યાં હોય તો સારીગતિએ ઈશ્વર આપણને મોકલી આપે એવી ઈશ્વરની પાસે મુદલ તાકાત નથી. અથવા તો આપણાં કર્મોજ સારાં હોય તો આપણી સદ્‌ગતિ ટાળીને આપણને દુર્ગતિમાં નાંખવાની પણ ઈશ્વરની પાસે પૈસાભારની તાકાત નથી!

## માનવભવની થાપણ શી ?

આ બધા ઉપરથી સમજવાનું એ છે કે આપણી સદ્ગતિનો આધાર જો કોઈપણ ચીજ ઉપર હોય તો તે આપણાંજ કર્મો ઉપર છે. પરંતુ બીજા કશાના ઉપર નથી. હવે આપણે જે આ પેઢી ખોલી છે તેનો આધાર તપાસો. આપણી આ માનવભવની પેઢીમાં ત્રણ રકમો જમા કરેલી છે (૧) પાતળા કષાય, દાનરૂચીપણું અને સદ્ગુણપણુ. સ્વભાવે પાતળા કષાય હોય અર્થાત ઘરબારને અંગે થતા કષાયો પાતળા હોય તો તે મનુષ્યપણાની પેઢીની એક થાપણ છે. હવે કોઇ એમ કહેશે કે એ થાપણથી જ મનુષ્યપણાની પ્રાપ્તિ થાય છે કે તો એ થાપણ તો બધા જ એકેન્દ્રિયોમાં પણ દૃષ્ટિએ પડે છે તો પછી બધા જ એકેન્દ્રિયો માનવયોનીમાંજ આવતા હોવા જોઈએ. આનો જવાબ એ છે કે પાતળા કષાયો સાથે બીજી થાપણ તે દાનરૂચી છે, પણ અહીં યાદ રાખજો કે દાનરૂચી અને દેવું એમાં આસમાન જમીનનો ફેર છે. કોઈ એક પાઈ દાનમાં આપે એથી તેનામાં દાનરૂચીપણું નથી એમ સમજવાનું નથી, અથવા કોઇ લાખ રૂપીયાનું દાન કરે તો તેથી તેનામાં દાનરૂચીપણું છે એમ પણ માની લેવાનું નથીજ.

## ૫૦૦ બચ્યા કે ૧૫૦૦ ગયા ?

ધારો કે એક શ્રીમંત શેઠ છે, તેની આગળ એક દાનની ટીપ આવે છે. કોઇએ એ દાનની ટીપમાં બે હજાર ભર્યા હોય તો એ શેઠીયો પણ એ આંકડાનેજ વળગી પડે છે! ફલાણા ભાઇએ બે હજાર મુક્યા તેમાં શું થયું ? અરે એ તો કરોડપતિ છે, લાખ આપે તો ય ઓછા છે, અમે તો ફલાણાની સામે ટુંકભંડોલીયા ગણાઈએ. આ વરસે વળી વેપારમાં ખોટ છે, રૂના બજાર ઠંડા છે, લો ૧૫૦૧ લઈ જાઓ. એવો એવો લવારો કરીને આ શેઠ રૂા ૧૫૦૧ ભરી આપી ટીપવાળાને વિદાય કરે છે. અને ટીપવાળો વિદાય થાય કે મનમાં ખુશ થાય છે કે ચાલો રૂા. બે હજાર ભરવા પડે એમ હતું, પણ પંદરસોમાં પીડા મટી, એટલે રૂા. પાંચસો તો આ ધર્મ કરવાનો હોય ત્યારે પોતે આખી દુનિયાની મોંકાણ માંડવા બેસી જાય છે, અને નહિં તો દુનિયા શું કહે છે એનો ખ્યાલ પણ રાખતો નથી! આ રીતે જે પાંચસો બચાવે છે તે પાંચસો બચાવતો નથી, પરંતુ ખરીરીતે ૧૫૦૧ ગુમાવે છે! ૧૫૦૧ નું દાન થયું પણ તેમાં દાનરૂચી ન હતી, એ તો માર ખાઈને મુસલમાન બન્યો હતો, એટલે એના પંદરસોએ પંદરસો એળે જાય છે. આ દૃષ્ટિએ જે દાન કરે છે તેનામાં દાનરૂચીનો અભાવ ગણાય અને એ દાન માનવભવનું કારણ બનવા પામતું નથી! ફલાણાએ ગમે એટલા ભર્યા હોય, પણ મારે તો મારી શક્તિપ્રમાણે આટલા ભરવાજ જોઈએ. આ સંસાર રૂપી હોળી છે અને જે કાંઈ અહીં પડયું રહે છે તે સઘળું ભસ્મીભૂત થઈ જાય છે, ઉલટું એમાંથી બચાવીને ધર્મને માર્ગે આપ્યા છે તેજ બચ્યા છે. એવી જ્યાં સમજણ છે તેજ સ્થાને દાનરૂચી છે.

### ત્રીજી શું જોઈએ ?

હવે ત્રીજી વાત વિચારો. સ્વભાવે પાતળાં કષાયો હોય અને દાનરૂચીપણું હોય, છતાં જે દુર્ગણોથી યુક્ત હોય, લુચ્ચો, નિંદાખોર, નિર્લજ્જ અને નીતિહીન હોય, તે આત્મા પણ માનવભવ નજ બાંધી શકે. જેનામાં સ્વભાવે પાતળાકષાય હોય, જેનામાં દાનરૂચીપણું હોઈ લજ્જાળુ, દાક્ષિણ્યઆદિ સદ્‌ગુણો હોય તો તેવાજ ગુણવાળો માનવભવ બાંધી શકે છે. તમે આ મહાપવિત્ર એવું ભગવાન્‌શ્રીજીનેશ્વરદેવનું શાસન પામ્યા છો, તે છતાં આ ત્રણ વસ્તુ તમારે મેળવવી કેવી મુશ્કેલ છે ?તો પછી જે આત્મા અજ્ઞાન છે, જેનામાં જ્ઞાનનો ઉદ્દભવ થયોજ નથી, તેને એ વસ્તુ મેળવવી કેટલી મુશ્કેલ હોય ? તેનો વિચાર કરો. આટલાજ માટે કારણદ્વારાએ માનવભવ કેવો મુશ્કેલ છે તે જણાવવામાં આવ્યું છે. હવે મનુષ્યભવ દશદષ્ટાંતે દોહલો કહ્યો છે. તેનો મેળ તપાસો. અહીં એક દષ્ટાંત વિચારજો એક શહેર હતું, તેમાં એક રાજા રહેતો હતો, એકવાર રાજાને પૈસાની જરૂર પડી, રાજા વિચારમાં પડયોકે હવેમારે મારા કાર્યને માટે પૈસા ક્યાંથી મેળવવા ? અને શીરીતે મેળવવા ?

### અજબ યુક્તિ શોધી કાઢી !

પ્રજાને લુંટીને પૈસા ભેગા કરવા એપણ રાજાને ઠીક ન લાગ્યું. તેણે વિચાર કર્યો કે લોકોને લુંટી લેવામાં મારી પ્રતિષ્ઠા નથી, અને પ્રતિષ્ઠાનો નાશ થવા દેવામાં મારી સલામતી નથી. હવે તેણે પ્રધાનને બોલાવ્યો. પ્રધાન આવ્યો, પ્રધાનને સઘળી વાત કહી અને પ્રધાનની સલાહ માંગી. પ્રધાને કહ્યું "હમણાં બધાને લુંટી લેવાની જરૂર નથી, પરંતુ બધાની મુંડી હાલમાં જાણી લ્યો, એટલે બસ છે !" રાજાએ પ્રશ્ન કર્યો કે પારકાની મુડી જાણી લેવી એ પણ મુશ્કેલ છે. આપણાથી બીજાને એવો પ્રશ્ન કેમ થાય કે તારી પાસે કેટલું દ્રવ્ય છે ? દિવાન બડો સેતાન હતો. તેણે કહ્યું. મહારાજ દશદશ હજાર રૂપીયાનો એકેક એવો વાવટો કરાવો. પછી ગામમાં એવી જાહેરાત કરો કે આપણા શહેરની કીર્તિ વધે તે માટે કરોડાધિપતિઓએ પોતાના મકાન પર વાવટો ફરકાવવો એવી રાજાજ્ઞા થઈ છે, માટે જેની પાસે કરોડ રૂપીયા હોય તેણે દરબારમાં આવીને પોતાનું નામ કરોડાધિપતિ તરીકે નોંધાવી વાવટો લઈ જવો. વાવટો દરેકને મફત મળશે અર્થાત્ વાવટાના પૈસા લેવામાં આવશે નહિ.

(અનુસંધાન ટાઈટલ પાના ત્રીજાનું ચાલું)

૪ શ્રી સિદ્ધાચલજી મહારાજ ઉપર મ્હોટાં મ્હોટાં ગગનચુંબીમન્દિરોની મરામત અને સાફસુફી શ્રી આણંદજી કલ્યાણજી તરફથી જ થાય છે અને એ વાત જગજાહેર હોવાથી યાત્રિકગણ તેની તરફ આંખ મીંચામણાં કરી શકે જ નહિ.

૫ શ્રી સિદ્ધાચલજી મહારાજ સરખા પવિત્રધામ ઉપર હદ બહારની ભગવાન્ તીર્થંકરની મૂર્ત્તિઓની સંખ્યા જેવી સ્વચ્છ રહે છે તેવી સ્વચ્છ રાખવાની સ્થિતિ કેવી મુશ્કેલ છે તે યાત્રિકગણ પોતાના ગામમાં અલ્પસંખ્યાની મૂત્તિઓમાં પણ રહેતા સ્વચ્છતાના અભાવને વિચારે તો સ્હેજે સમજી શકે અને તે જો સમજવામાં આવે તો ગિરિરાજ ઉપર રખાતા નોકરોની સંખ્યા અને તેના ઉંચા અને ઘણા પગારો તરફ નજર રાખ્યા શિવાય કોઈ દિવસ રહી શકે જ નહિ.

૬ યાત્રિક મનુષ્ય એક પણ દેરાસરનો બંદોબસ્ત કરતો હશે અથવા તો ગામમાં પણ એક દેરાસરની મીલ્કત જાળવવી હશે તો કેટલી મુશ્કેલ પડે છે તે સ્હેજે સમજી શકશે અને તે અપેક્ષાએ એક ઉંચા ગિરિરાજની ટોચ ઉપર રહેલા ગગનચૂંબી અનેક મન્દિરો અને સંખ્યાબંધ મૂત્તિઓની સાથે મોટી સંપત્તિનું રક્ષણ કરવાની મુશ્કેલી કેટલી હશે તે સમજ્યા શિવાય નહિં રહે.

૭ શ્રી સિદ્ધાચલગિરિરાજ ઉપર ચઢતાં વિશ્રામ સ્થાનો, તેમાં રખાતાં પાણી પાનારા નોકરો, શ્રી ગિરિરાજને અંગે રખાતા ચોકીદારો વિગેરેની સ્થિતિ જેઓ વિચારે તેઓ તો આણંદજી કલ્યાણજી તરફ પોતાની ફરજ અદા કરવાને કદી પણ ચુકે જનહિ. તા.ક. જેવી રીતે યાત્રિક ગણ ઉપર જણાવેલી વાતો ધ્યાનમાં લેવાને અને તે માટે ઉદારતા કરવાને માટે બંધાયેલો છે, તેવી જ રીતે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના મેમ્બરો પણ સર્વવાતે સાવધાન રહેવા અને આત્મકલ્યાણની બુદ્ધિએ પેઢીનો વહીવટ ચલાવવા માટે બંધાયેલા છે એ વાત નિશ્ચિત જ છે.

(અનુસંધાન ટાઈટલ પાનું ૪ થું)

ભાવિકો આગલ ધરી દઈને તે ભાવિકોનાં ખીસ્સાં ત્યાંજ ખાલી કરાવે છે. યાદ રાખવું કે જગત્ જ્યારે વહીવટની સ્વચ્છતા માટે અને તેમાં કોઈની ખાઉધરી ન હોય તેના નિશ્ચયને માટે જગો જગો પર પોકારો કરે છે, ત્યારે આ ધર્મશાળાઓ જુગજુના ખાઉધરાપણા અને ભંડારોઆદિના નામે પ્રતિવર્ષ અને પ્રતિમાસ રકમો એકઠી કરે છે, અને નથી તો તેમાં શ્રીસંઘ તરફનો કોઈપણ અવાજ ? નથી તો તેમાં શ્રીસંઘના કોઈપણ ટ્રસ્ટી ? અને નથી તો રીતસર કમિટિમાં હિસાબ મૂકવાની રીતિ ? આ કડવી પણ પરિણામે હિત કરનારી સ્થિતિ હમણાં બહાર મૂકવાની જરૂર ભવ્યજીવોની સાવચેતીને માટે એટલા માટે થઈ છે કે એક ધર્મશાળાના માલીકે પોતાના ગુમાસ્તાદ્વારાએ પ્રતિવર્ષ બસો રૂપીઆ કમાઈ આપવાનું લખાણ કરાવ્યું અને તેને બહાર આવ્યાને મુદત થઈ છતાં કોઈપણ જાતનો ખુલાસો થયો નથી. આવી રીતે અન્યસ્થાનોમાં પણ રીતસરની કમીટિ અને વ્યવસ્થા ન હોવાથી કેમ થતું હશે તે સુજ્ઞ વેપારી જૈનઆલમ ન સમજી શકે તેવું નથી. જૈનભાઈઓએ યાદ રાખવું જોઈ કે ચવાઈ જાય તેવીરીતે જાણીજોઈને ધર્માદાના નામે રકમ આપનારા પણ નિર્દોષ સ્થિતિમાં તો રહેતા જ નથી. વળી શ્રીસિદ્ધાચળજી યાત્રા કરવા આવનાર ભાવિકોએ પોતાના માટે આણંદજી કલ્યાણજીએ વહેવાતો ભાર નીચે જણાવીએ છીએ તે જરૂર ધ્યાનમાં લેવા જેવો છે.

૧ પ્રતિવર્ષ આણંદજી કલ્યાણજી યાત્રાળુઓની સગવડની ખાતર જ રખોપા પેટે સાઠ હજાર રૂપીઆ ભરે છે એટલે જે યાત્રિક શ્રી આણંદજી કલ્યાણજીને રખોપાપેટે ઓછામાં ઓછા બે રૂપીયા ન આપે તે ભારે થાય કે નહિં તે વાંચકોને સ્હેજે સમજાય તેવું છે.

૨. શિહોર અને પાલીતાણાના સ્ટેશન ઉપર યાત્રાળુઓની સગવડને માટે, શ્રીઆણંદજી કલ્યાણજી તરફથી નોકરોની સગવડ રાખવામાં આવે છે તે ભાવિકયાત્રિકોને ધ્યાન બહાર નહિં હોય.

૩. શ્રી સિદ્ધગિરિજી મહારાજ ઉપર યાત્રા કરવાના રસ્તાનું સમારકામ વિગેરે શ્રીઆણંદજી કલ્યાણજીની પેઢીથી જ થાય છે અને તેનો ઉપયોગ દરેક ભાવિકયાત્રિકો વગર રોકટોકે કરે છે, તો તે તરફ પણ યાત્રાળુઓએ ધ્યાન ખેંચવું જરૂરી ગણાય.

(જુઓ અનુસંધાન પાનું ૪૭૨)

# અમૂલ્ય લાભ રૂ. ૧૨૯-૨-૦ ની કિંમતના પુસ્તકો રૂપીયા સોમાં

## નંબર ૧ થી ૫૫ સુધીનો આખો સેટ લેનારને રૂપીયા સોમાં મલનારો લાભ

### (છુટક લેનારને નીચેની કિંમત પ્રમાણે મળશે)

(તા. ૧-૧૨-૧૯૩૭થી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ ઐન્દ્ર સ્તુતિ | ૦-૮-૦ | ૨૯ | પ્રવચનપરીક્ષા (સટીક) ભા. ૧ | ૬-૦-૦ |
| ૨ | અનુયોગદ્વારચૂર્ણિ અને હરિ૦ વૃત્તિ | ૧-૧૨-૦ | ૩૦ | ઈર્યાપથિકાછત્રીશી ૦-૩-૦ | |
| ૩ | આચારાંગ (સટીક) ભા.૧ લેઝર | ૫-૦-૦ | ૩૧ | પ્રત્યાખ્યાન (વિશેષણવતી વીશ વીશી) વિગેરે | ૧-૪-૦ |
| ૪ | ભા. ૨ સાદા | ૧-૮-૦ | ૩૨ | બારસાસૂત્ર સચિત્ર૧૨-૦-૦ | |
| ૫ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ | ૩૩ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ પ્રત | ૨-૮-૦ |
| ૬ | ઉપદેશ માલા મૂલ | ૦-૮-૦ | | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ ચોપડી | ૨-૮-૦ |
| ૭ | પુષ્પમાલા (સટીક) | ૬-૦-૦ | ૩૪ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ | ૩૫ | ભવભાવના (સટીક) ભા. ૧ | ૩-૮-૦ |
| ૯ | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૫-૦ | ૩૬ | મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પકૌમુદી | ૨-૦-૦ | ૩૭ | પૂ. યશોવિજયજી (૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સાક્ષી પાઠ સહિત) સ્તવન | |
| ૧૧ | જ્યોતિષ કરંડક (સટીક) | ૩-૦-૦ | ૩૮ | યુક્તિપ્રબોધ | ૧-૧૨-૦ |
| ૧૨ | જીનસ્તુતિદેશના (હિન્દી ભાષાંતર) | ૦-૧૦-૦ | ૩૯ | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૧૩ | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ | ૪૦ | વસ્ત્રવર્ણસિદ્ધિ | ૦-૫-૦ |
| ૧૪ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય (હરિભદ્રસૂરિ) | ૬-૦-૦ | ૪૧ | | |
| ૧૫ | તત્ત્વાર્થ સટીક સભાષ્ય મૂલ | ૧-૦-૦ | ૪૨ | દેવસીરાઈ સૂત્ર (વિધિસહિત) | ૦-૨-૦ |
| | | | | વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૧૬ | તત્ત્વાર્થ સૂત્ર કર્તા નિર્ણય | ૦-૧૦-૦ | ૪૩ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૧ | ૫-૦-૦ |
| ૧૭ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ | ૪૪ | વિશેષાવશ્યક (કોટ્યાચાર્યટીકા) ભા. ૨ | ૬-૦-૦ |
| ૧૮ | દશપયન્ના (છાયાસહિત) | ૨-૦-૦ | ૪૫ | સામાયિકસૂત્ર | ૦-૧-૦ |
| ૧૯ | દ્રવ્યલોકપ્રકાશ | ૨-૦-૦ | ૪૬ | વન્દારૂવૃત્તિ | ૧-૦-૦ |
| ૨૦ | નવપદપ્રકરણ (બૃહદવૃત્તિ) | ૪-૦-૦ | ૪૭ | ષોડશકપ્રકરણ (સટીક) | ૧-૦-૦ |
| ૨૧ | નંદિચૂર્ણિ અને હારિ૦ વૃત્તિ. | ૧-૧૨-૦ | ૪૮ | ષડાવશ્યક સૂત્ર (વિધિસહિત) | ૦-૮-૦ |
| ૨૨ | પરિણામમાલા સાદી | ૦-૧૦-૦ | ૪૯ | શ્રાદ્ધ વિધિ (હિન્દિ) | ૧-૧૨-૦ |
| ૨૩ | પર્યુષણાદશશતક (સટીક) | ૦-૧૦-૦ | ૫૦ | સિદ્ધચક્રમહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૪ | પ્રવચનસારોદ્ધાર. ઉત્તરાર્ધ્ધ | ૪-૦-૦ | ૫૧ | ક્ષેત્રલોકપ્રકાશ | ૨-૮-૦ |
| ૨૫ | પંચાશકાદિ મૂલ અષ્ટગ્રંથ | ૪-૦-૦ | ૫૨ | પ્રવચનપરીક્ષા ભા. ૨ | ૪-૦-૦ |
| ૨૬ | પંચાશકાદિ મૂલ દશઅકારાદિ (અભય૦) | ૪-૦-૦ | ૫૩ | અંગાકારાદિક વિષયક્રમાદિ | ૪-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક (સટીક) | ૩-૦-૦ | ૫૪ | ભગવતીજી (સટીક) ભા. ૧ | ૫-૦-૦ |
| ૨૮ | પયરણસંદોહ (૪૯ પ્રકરણો) | ૧-૦-૦ | ૫૫ | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.**

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

खामेमि सव्वजीवे सव्वेजीवा खमंतु मे।

# શ્રી સિદ્ધચક્ર

(પાક્ષિક)

## સા ધુ... પ... ર્યું.... ષ.... ણા.... અં.... ક

મુંબઈ ૨૫-૮-૩૮

વર્ષ ૬, અંક ૨૧, ૨૨.

વીર સંવત્ ૨૪૬૪.

## 卐 પંચ પરમેષ્ઠિ - સ્તુતિ 卐

देवेन्द्रादिभिरचितानरिहतः स्तौम्यर्हतः सन्मुदा-

विद्यानंदसुखाद्यनंतसुगुणैः सिद्धान् समृद्धान् सदा।

आचार्यान् यतिधर्मकीर्तितसमाचारादिचारुन् महो-

पाध्यायान् श्रुतधर्मघोषणपरान् साधून् विधेः साधकान्॥

卐 - २ - 卐

अर्हन्तो मम मंगलं विदधतां देवेन्द्रवंद्यक्रमा,

विद्यानंदमयास्तु मंगलमलंकुर्व्वन्तु सिद्धा मम।

मह्यं मंगलमस्तु साधुनिकरः सद्धर्मकीर्तिस्थितौं,

मांगल्यं श्रुतधर्मघोषणपरं धर्म्मं सुदृग्भिः श्रये॥

— (०) —

આચાર્યશ્રીધર્મઘોષસૂરિજી

શ્રી સંઘાચાર ભાષ્ય ટીકા.

# પર્યુષણા પર્વનું ઉત્તમધ્યેય

પર્યુષણા શબ્દ જૈનજનતામાં એટલો બધો પ્રસિદ્ધ છે કે જૈનોને પર્યુષણાની ઓળખાણ કરાવવી તે જગત્‌ને સૂર્યની ઓળખાણ કરાવવા જેવું ગણાય, પણ જગત્ માત્ર સૂર્યને દિવસ કરનાર તરીકે જાણે છે, પરન્તુ તેના દિવસ કરવાના સ્વભાવની સાથે તેનું વિમાન, તેમાં રહેનારા દેવતા અને દેવીઓ સંબંધી કાંઈ હકીકત જગત્ સામાન્ય રીતે જાણતું નથી. તેમ જૈનજનતા પણ પર્યુષણને એક પોતાના વાર્ષિક તહેવાર તરીકે જાણે છે, પરન્તુ તે પર્યુષણાની ઉપયોગિતા ઘણા ઓછા જૈનોના ખ્યાલમાં છે.

## સાધુભગવંતોને અંગે પર્યુષણા

સાધુભગવંતોની અપેક્ષાએ પર્યુષણાના બે પ્રકાર છે. તેમાં એક પ્રકાર તો એ છે કે સાધુભગવન્તો મુખ્યતાએ આષાઢ સુદ દસમીને દિવસે ચોમાસાને લાયક ક્ષેત્રમાં આવ્યા હોય અને તે ક્ષેત્ર ચોમાસાને લાયક તૃણ ડગલ આદિ મેળવી શકે, તો અષાઢ સુદ પુનમથી પર્યુષણા (અવસ્થાન) કરવાનું શરૂ કરે, એટલે આષાઢ સુદ પુનમ પછી શ્રાવણ વદ એકમથી પાંચ દિવસ સુધી રાત્રિની વખતે કલ્પસૂત્રનું કથન કરે. (ન્યાયાચાર્યજી શ્રીગુરૂતત્વવિનિશ્ચયમાં આર્દ્રા બેસતાં ચોમાસાને લાયક ક્ષેત્રની દશા ગાઉની અંદર સાધુઓનું અવસ્થાન હોય એમ જણાવે છે. વળી શ્રી કાલકાચાર્યથી પહેલાં આષાઢ સુદ પુનમે ચૌમાસી થતી હતી તેની અપેક્ષાએ અહિં આષાઢ સુદ પુનમ કહેવામાં આવી છે. તતા આગલનું પણ વિવેચન તે અપેક્ષાએજ કહેવામાં આવશે.) પણ પહેલા પ્રકારની સાધુભગવન્તોની અવસ્થાન લક્ષણ પર્યુષણા ગણાય છે. આ પર્યુષણા નિયમિત હોતી નથી. કોઈ આષાઢ (શ્રાવણ) વદ પાંચમે કોઈ દશમે, કોઈ અમાવાસ્યાએ, કોઈ શ્રાવણ સુદ પાંચમે, કોઈ સુદ દસમે, કોઈ પુનમે કોઈ શ્રાવણ (ભાદરવા) વદ પાંચમે, કોઈ દશમે કોઈ અમાવાસ્યાએ, કોઈ ભાદરવા સુદ પાંચમે પર્યુષણા કરતા. પણ આવી રીતે પંચકવૃદ્ધિથી અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનું વર્ષાદની અનિયમિતતાથી ક્ષેત્રાંતરની કેન્દ્રતા થવાથી, બહુધા જ્ઞાતિપરત્વે ધર્મનું બંધારણ નિયમિત થવાથી આગર ઉપાશ્રયની વ્યવસ્થા નિયમિત થવાથી અર્થાત્ એ જણાવેલ

કારણોમાંથી કોઈપણ કારણથી અથવા અન્ય કોઈ કારણથી બંધ થયું અને કાલાંતરે તે શ્રી સંઘની આજ્ઞાથી બંધ થયું એમ જાહેર થયું. ક્યા આચાર્યથી અને ક્યા કારણથી કેવી રીતે અનવસ્થિતપણે રહેવાનું બંધ થયું તેનો સ્પષ્ટ લેખ તેવા ગ્રંથોમાં પણ કોઈ જગોએ દેખાયો નથી. ભગવાન્શ્રીહરિભદ્રસૂરિજી અને યાવત્ શ્રીઅભયદેવસૂરિજી આદિના પંચાંગીના અને તે શિવાયના ગ્રંથોમાં અનિયમિતપણે રહેવારૂપ પર્યુષણાની અનિયમિતતાનાં લખાણો આવે છે, પરન્તુ તે અનિયમિતપણે અવસ્થાનના વ્યચ્છેદનો લેખ કોઈપણ મહાશયે ત્યાં જણાવ્યોજ નથી. (આશ્ચર્યની વાત છે કે પંચાંગીમાં સ્પષ્ટપણે જણાવેલી ચોથની સંવચ્છરીને નહિ માનનારા આંચલીયા, પાયચંદીયા અને ઢુંઢીયા પણ આ પંચકવૃદ્ધિથી અનિયમિતપણે કરાતી પર્યુષણાની રીતિનો તો વિચ્છેદ માનેજ છે, પણ તેઓને માત્ર જુદા પડવા માટે પાંચમની સંવચ્છરીને આગલ કરવી છે. બાકી પંચાંગમાં કહેલ ચોથની સંવચ્છરી ન માનવી અને પંચાગીમાં પણ કોઈ જગો પર નહિ જણાવેલ પંચકવૃદ્ધિનો વિચ્છેદ માનવો તથા નિષેધ કરેલ સભા સમક્ષ કલ્પસૂત્રનું વાંચન માનવું. એ કેવું ગણાય ? યાદ રાખવું કે સંવચ્છરી તો દિન પક્ષ અને માસના હિસાબવાળી છે, એટલે એક વખત પલટાતાં વર્ષોવર્ષ પલટાય, પણ પુત્ર મરણનું જે કારણ કલ્પસૂત્રના વાંચનનું હતું તે તો કંઈ દરેક વર્ષે છે નહિ અને હોય પણ નહિ છતાં તે વંચાય છે. વળી સંવચ્છરી માટે તો **ચઉત્થી પવત્તિયા** એટલે ચોથ પ્રવર્ત્તાવી. એટલે આગલ ચલાવવાની શરતેજ કાલકાચાર્યે સંવચ્છરી ચોથની કરી છે એમ સ્પષ્ટ લેખ છે. જ્યારે પુત્ર મરણથી શ્રી કલ્પસૂત્ર વંચાયું તેનો આનન્દપુર શિવાય બીજે સ્થાને સભામાં વાંચવાનો લેખ પણ નથી, છતાં સંવચ્છરી ચોથનીન માનવી અને વર્ષોવર્ષ કલ્પસૂત્ર સભામાં વાંચવું એ ક્યા સજ્જનને શોભે ?

વળી તીર્થોદ્ગારિકપયન્નાના નામે જે ચાર ગાથાઓ જણાવાય છે તેમાં પંચક વૃદ્ધિના વ્યવચ્છેદની વાત જણાવતાં ઘણો ગોટાળો કરાય છે. પ્રથમ તો જે ચોથની સંવચ્છરી નવસેં એંશીમાં થઈ જણાવે છે તે જો તેમ માની લેવામાં આવે તો શ્રી નિશીથભાષ્યની ચૂર્ણિ કરનાર કે જે પ્રદ્યુમ્નક્ષમાશ્રમણના શિષ્ય છે તેમને ક્યારે થયા માનવા ? કેમકે તે ચૂર્ણિકાર મહારાજ શ્રી કાલકાચાર્ય મહારાજ પછી ઘણે આંતરે થયેલા છે. જો એમ ન હોત તો ભરૂચથી ચોમાસામાં શ્રી કાલકાચાર્ય મહારાજને વિહાર કરવો પડ્યો તેના કારણોમાં વિવિધતા જણાવી હોત નહિ, તેમજ આચાર્યોના મતાંતરો નોંધવા પડત નહિ. વળી નવસેં એંશીમાં જો સંવચ્છરીની ચોથ થઈ એમ માનીએ તો પછી તેમના પછી ઘણે વર્ષે થયેલ પ્રદ્યુમ્નક્ષમાશ્રમણ જે શ્રીનિશીથ ચૂર્ણિકારના ગુરૂ છે અને ક્ષમાશ્રમણ હોવાથી પૂર્વધર પણ છે તો તેથી પૂર્વગતશ્રુતને રહેવાનો કાલ જે ભગવતીસૂત્રમાં એકહજાર વર્ષનો જણાવ્યો છે તે કેમ મળે ? કેમકે નવસેં એંશીએ શ્રીકાલકાચાર્યે ચોથ કરી. પછી ઘણે આંતરે શ્રી

પ્રદ્યુમ્નક્ષમાશ્રમણ અને શ્રી નિશીથ ચૂર્ણિને બનાવનારા તેમના શિષ્ય થયા, એટલે જો નવસેં એંશી વર્ષે ચોથની સંવચ્છરી મનાયતો પૂર્વગતશ્રુતનો કાલ શ્રી ભગવતીજીમાં કહેલા કાલ કરતાં લાંબો માનવો પડે.

મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી વગેરે તો શ્રી પુષ્પમાલાવૃત્તિ વગેરેમાં ચોથની સંવચ્છરી વિક્રમાદિત્યથી પણ પ્હેલાં થયેલ શ્રી કાલકાચાર્યે કરી છે. એમ સ્પષ્ટપણે જણાવેલ છે. વળી જ્યારે સંવચ્છરીની તિથિનો પલટો વિક્રમાદિત્ય કરતાં પણ પ્હેલાંનો હોય તો ચોમાસીની પુનમનો પલટો પણ પ્હેલાંનો હોય એ સ્વાભાવિક જ છે અને તેથી જ ચૂર્ણિકારમહારાજાઓ કેટલેક સ્થાને ચોમાસી પછી વિહાર કરવાનો પ્રસંગ જણાવતાં કાર્તિકીપુનમના દિવસે આચાર્ય મહારાજને વિહારનું સાધક નક્ષત્ર ન હોય તો વ્હેલો મોડો વિહાર જણાવતાં મુખ્યતાએ કાર્તિક સુદ પુનમને દિવસે વિહાર કરવાનું જણાવે છે. છતાં તે પણ ચોમાસીની પુનમનું પલટવું નવસેં એંશીમાં થયું એમ કહેવાતી તીર્થોદ્‌ગારિકની ગાથાઓથી જણાવાય છે. વળી જે સંવચ્છરી અને ચોમાસીની તિથિના પલટાની વાત ચૂર્ણિકાર મહારાજ આદિના વચનોથી સિદ્ધ છે તેની સાથે પંચક વૃદ્ધિના વિચ્છેદની વાત પણ સાથે જ નવસેં એંશીમાં થઈ એમ બતાવવામાં આવે છે પરંતુ શ્રી પર્યુષણાકલ્પસૂત્રની સંસ્કૃત ટીકાઓ થયાના કાલ કરતાં કોઈપણ પ્રથમના ગ્રંથમાં તેનો ઈસારો પણ નથી. એટલે આ પંચકવૃદ્ધિની વિધિનો વ્યુચ્છેદ થયો છે કે ઉપર જણાવેલા કારણથી તે વિધિ પ્રચારમાંથી નીકળી ગયો છે અને તે વિચ્છેદ થયો ગણાયો છે તે ખરેખર વિદ્વાનોએ તપાસવાની જરૂર છે. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી આવશ્યકવૃત્તિમાં સંવચ્છરી પડિક્કમણા પછી શ્રી કલ્પસૂત્રનું કથન જણાવે છે તે ઉપરથી એમ માની શકાય છે કે પંચકવૃદ્ધિની વિધિનો વિચ્છેદ તેમના પ્હેલેથી થયો હશે. એમ ન હોત તો કલ્પસૂત્રનું કથન સંવચ્છરી પડિક્કમણાને અંત્યે જણાવત નહિ. વળી શ્રી આવશ્યકચૂર્ણિકાર મહારાજ પણ જ્યારે સંવચ્છરી પડિક્કમણા પછી કલ્પસૂત્રનું વાંચન જણાવે છે ત્યારે તો વળી પંચકવૃદ્ધિની પ્રથાનો વિચ્છેદ ઘણા પ્હેલેથી શરૂ થયો. એટલે તીર્થોદ્‌ગારિકની ગાથાને નામે જે નવસેંએંશીએ પંચકવૃદ્ધિનો વિચ્છેદ જણાવાય છે તે યથાર્થ હોવો મુશ્કેલ છે. વળી કલ્પસૂત્રના ટીકાકારો वायणंतरे अयं तेणउए संवच्छरे गच्छइ એ સૂત્રની ટીકામાં સંભવની અપેક્ષાએ જે ટીકા કરે છે કે શ્રી વીરમહારાજથી નવસેંત્રાણુ વર્ષથી શ્રી કલ્પસૂત્રનું સભાસમક્ષ વાંચન એમ જે જણાવે છે તે પણ શ્રી આવશ્યકની વૃત્તિ અને ચૂર્ણિના લેખથી અનુકૂલ થતું નથી. જો કે શ્રીમાન્ મુનિસુન્દરસૂરિજીએ સ્તોત્રરત્નકોશમાં શ્રીવીરમહારાજથી નવસેંત્રાણુ વર્ષે આનન્દપુરમાં શ્રી કલ્પસૂત્રની આદ્ય વાચના થઈ એ वीरात् त्रिनन्दांकशरद्यचीकरत् ઈત્યાદિ કાવ્યથી જણાવેલ છે, પણ તે કલ્પસૂત્રોના અન્તર્વાચ્યોનું અનુકરણ અને પ્રસિદ્ધતાને લીધે જ છે. શ્રી આનંદપુરમાં મૂલધરમાં શ્રી કલ્પસૂત્રનું સભાસમક્ષ વાંચન તો શ્રી ચૂર્ણિકારથી પણ પ્હેલાનું

છે. એમ શ્રી નિશીથચૂર્ણિ ઉપરથી સ્પષ્ટ થાય છે. જો ધારણા કરવામાં ભૂલ ન થતી હોય તો એમ મનાય કે ભગવાન્ નિશીથચૂર્ણિકારના વખત સુધી પંચકવૃદ્ધિની પ્રવૃત્તિ અવસ્થાન પર્યુષણામાં હતી અને શ્રી કલ્પસૂત્રનું કથન પણ સાધુઓ તે વખતે કરતા હતા અને આવશ્યક ચૂર્ણિકાર તથા શ્રી હરિભદ્રસૂરિજીના પ્હેલાં અવસ્થાનમાં પંચકવૃદ્ધિની વિધિ બંધ થયેલો અને શ્રી કલ્પસૂત્રનું કથન સાધુઓ રાત્રે જ કરતા હતા. એ પછી કોઈક અરસામાં શ્રી કલ્પસૂત્રને સભાસમક્ષ વાંચવાની પ્રવૃત્તિ થયેલી છે. એટલે આ ઉપરથી જેઓ શ્રી કલ્પસૂત્રને તો સભાસમક્ષ વાંચે, પંચકવૃદ્ધિથી અવસ્થાનરૂપ પર્યુષણા પણ ન કરે, છતાં તેઓ જે ચોથની સંવચ્છરી છે તે કરે નહિ, તેઓ જે વિધિને કરનાર તથા પ્રવર્ત્તાવનારનો પંચાંગીમાં સ્પષ્ટ લેખ છે તેને નહિંમાની પાંચમની સંવચ્છરી કરે છે અને જે પંચકવૃદ્ધિની વિધિના વિચ્છેદનો લેખ નથી તથા જે સભાસમક્ષ કલ્પસૂત્રના વાંચનનો પણ પંચાંગીમાં લેખ નથી તેને માને છે અને તે પ્રમાણે આચરે છે તે લોકો શાસ્ત્રને અમાન્ય કરનાર અને શાસ્ત્રમાં અનુકતવિધિને જ માનનાર છે એમ ચોક્કસ થાય છે. પંચકવૃદ્ધિની વિધિએ અવસ્થાન કરવા રૂપ પર્યુષણા કરવાનો વ્હાય ત્યારે વિચ્છેદ થયો હોય પરંતુ વર્ત્તમાનમાં દરેક ચૌમાસી દિવસથી અવસ્થાન પર્યુષણાને જણાવેલો વિધિ દરેક ગચ્છવાળા દરેક સાધુ ચૌમાસીથી જ કરે છે. તે અવસ્થાનપર્યુષણાનો વિધિ સંક્ષેપથી શ્રી અભયદેવસૂરિજી મહારાજ આ પ્રમાણે જણાવે છે.

## અવસ્થાનપર્યુષણાનો વિધિ.

૧. ઊનોદરી કરણ - સ્વાભાવિક રીતે શ્રી અભયદેવસૂરિજી શ્રી ઔપપાતિકવૃત્તિમાં જણાવે છે. અનશન એટલે ઉપવાસ કરવો એ ઉત્સર્ગ બાહ્યતપ અને જ્યારે ઉપવાસ કરતાં સંયમાદિયોગોનો નિર્વાહ થતો ન લાગે ત્યારે ઊનોદરીથી ભોજન કરવું. આવી રીતે ઊનોદરી દરેક ઉપવાસ સિવાયને દિવસે કર્તવ્ય છે. છતાં શેષઋતુમાં ઊનોદરી એકલી નિર્જરાનું કારણ બને છે, ત્યાર ચોમાસાની ઊનોદરી નિર્જરાની સાથે ચોમાસાની વિરાધના જે અજીર્ણઆદિથી થાય તેને બચાવનાર પણ થાય છે અને તેથી શેષઋતુની ઊનોદરતા કરતાં વર્ષાની ઊનોદરતા આત્મા સંયમ અને પ્રવચનની વિરાધનાને બચાવનાર હોવાથી નિયમિત કરવા લાયક છે, એમ જણાવે છે. સામાન્ય પણ એમ કહેવાય છે કે સિદ્ધ થયેલ વિધિનો આરંભ નિયમ માટે હોય છે. એટલે ચોમાસામાં તો ઊનોદરી અવશ્ય કરવી જ જોઈએ.

૨. વિગઈનવકનો ત્યાગ :- દશમી પકવાન્ન નામની વિગય શિવાયની નવ વિગયોનો ત્યાગ અવસ્થાનપર્યુષણા વખતથી થવો જોઈયે. ચોમાસાના શિવાયના કાલમાં પણ अभिक्खणं निव्विगइं गया य એ વચનથી એટલે પ્હેલાં પણ નક્કી હતું કે વગર કારણે વિગયો લેવાની ન્હોતી, પણ ચોમાસામાં વિશેષપણે નિષેધ છે અને તેથી જ શ્રી કલ્પસૂત્રમાં हट्ठाणं ઈત્યાદિ સૂત્ર ચોમાસા માટે કહ્યું અને ગ્લાનને માટે પણ કેટલી અને કેટલી વખત જોઈએ એ વગેરે વિધિ રાખ્યો અને તે દ્વારા ગ્લાનનિશ્રાએ તે લેવાનો નિષેધ કર્યો. જો કે

ચોમાસાના ક્ષેત્રની યોગ્યતા માટે ક્ષેત્રના ગુણો જણાવતાં જ્યાં પ્રચૂરગોરસ હોય તે ક્ષેત્રને યોગ્ય ગણ્યું છે, પરંતુ તેનું કારણ વિગયનો વિશેષ ઊપભોગ નથી. કિન્તુ શેષઋતુમાં ગ્લાનને માટે વિગયઆદિની જરૂર પડે તો ક્ષેત્રાંતરમાંથી તે લઈ આવી શકાય, અથવા શાસ્ત્રકથિત વિધિએ ગોષ્ઠઆદિમાં ગ્લાનને રાખી શકાય. પરંતુ ચોમાસામાં ક્ષેત્રાંતરથી લાવવાની મુશ્કેલી વરસાદઆદિથી પડે અને ગ્લાનને ગોષ્ઠઆદિમાં મોકલવાનું પણ ન બની શકે માટે ક્ષેત્રના ગુણ તરીકે પ્રચૂરગોરસની લાભ જણાવ્યો છે. વળી ચોમાસામાં જેટલી અને જેટલી વખત વિગય લેવી હોય તેની સ્પષ્ટ આજ્ઞા લેવી એમ પર્યુષણાકલ્પ જણાવેજ છે.

૨ ત્રીજા પર્યુષણાકલ્પમાં સ્થિરતા કરતી વખતે પીઠ ફલક પાટઆદિ લઈ લેવાં. ચોમાસામાં ત્રસજીવોની ઉત્પત્તિ ઘણી થઈ જાય છે તેની જયણા માટે પીઠઆદિ પ્હેલેથી લઈ તેનું પડિલેહણઆદિ કરતા રહેવું કે જેથી ત્રસજીવની ઉત્પત્તિ ન થાય. વળી તૈલાદિ લાગેલાં હોય તો અનંતકાયની વિરાધના પણ થાય માટે ચુનાઆદિ લગાડીને રાખવાથી અનન્તકાયની વિરાધના બચે. વળી શાસ્ત્રકારો ફરમાવે છે કે મણિકુટ્ટિમ હોય (સ્ફટિકથી જડેલી ભોંય હોય) તો પણ ચોમાસામાં કુટ્ટિમે (ભૂમિમાં) આસન શયનાદિ ન રાખવાં. માટે ચોમાસા પ્હેલાં પીઠફલકાદિને સંગ્રહ કરવાની જરૂર પર્યુષણાકલ્પ તરીકે જણાવી છે.

૪ ઉચ્ચારપ્રશ્રવણ અને શ્લેષ્માદિ માટે માત્રક નામના ત્રણ ભાજનનો સાધુઓએ સ્થિરતા કરવા પહેલાં સંગ્રહ કરવો જોઈએ. ચોમાસામાં શરદી થવાથી અજીર્ણ જ્વરઆદિ થઈ આત્મવિરાધનાઆદિ થાય માટે પણ તે ભાજનની જરૂર વરસાદ શિવાયના વખતમાં વરસાદ આદિની અડચણ ન હોવાથી ઉચ્ચાર (સ્થંડિલ) આદિ માટે સ્હેજે બ્હાર જવાય. પણ ચોમાસામાં એક તો સ્થંડિલનો ભેદ થાય અને શંકા થયા છતાં વરસાદ હોય તો બ્હાર ન જવાય. અર્થાત્ જાય તો સંયમ વિરાધના થાય અને ન જાય તો વેગ ધારણથી આત્મ વિરાધના અને વગે પણ જો ધારણ ન થઈ શકે તો પ્રવચનાદિ ત્રણે વિરાધના થવાનો પ્રસંગ આવે. વળી પ્રશ્રવણ માટે શેષ ઋતુમાં તો ઉપાશ્રય બ્હાર પણ છુટી જમીનમાં કંઈક અનુકુલતા રહે, પણ ચોમાસામાં તો બધી જમીન ભીની થઈ ગઈ હોય તેથી માતરામાં પ્રશ્રવણ કરીને પરઠવે તોજ કંઈક જયણા રહે. વળી ચોમાસા શિવાયના વખતમાં શ્લેષ્મ વિગેરે બ્હાર જઈને નાંખે અને ઉપર ધૂળવાળી શકે, પણ ચોમાસામાં તો બ્હાર સુકું મળે નહિં. તેથી નાંખેલા શ્લેષ્મમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ અને માખીઆદિનો વધ થવાનો પ્રસંગ આવે અને તે શ્લેષ્માદિ ઉપર ધૂળ વાળવાનું તો ધૂળના અભાવને લીધે બનેજ નહિં અને તેથી પણ સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ અને માખીઆદિનો વધ થવાનો પ્રસંગ આવે. અને તે શ્લેષ્માદિ ઉપર ધૂળ વાળવાનું તો ધૂળના અભાવને લીધે બનેજ નહિં. અને તેથી પણ સંમૂર્ચ્છિમની ઉત્પત્તિઆદિનો પ્રસંગ આવે, માટે સંયમઆદિ ત્રણે પ્રકારની વિરાધનાથી બચવા માટે ત્રણે પ્રકારનાં માત્રકો સંગ્રહી જયણાથી રાખવા અને વાપરવાની જરૂર છે. પર્યુષણાકલ્પમાં સામાચારીમાં પણ શેષ ઋતુ કરતાં ચોમાસામાં માત્રક અને માત્રકભૂમિના પ્રમાર્જનની વિશેષે જરૂર જણાવે છે.

## ઉપયોગ વિનાની પ્રવૃત્તિથી શું થાય ?

સર્વસંયત સંયતીઓ અને પૌષધ આદિ કરવાવાળા સજ્જનોને સ્પષ્ટ માલમ છે કે વરસાદની ઋતુમાં જીવોના દરોમાં પાણી ભરી જવાથી જીવોને દરોથી બહારની જગ્યામાં ફરવાનું ઘણું થાય છે અને તેવી વખતે જો બરોબર કીડીના દરો વિગેરેનો કે કીડીના પ્રચારનો કયાં કયાં સદ્ભાવ છે અને તેથી તેની જયણા કેવી કેવી રીતે થઈ શકે એ વિચારવામાં ન આવે તો અગર વિરાધના ન થાય તેવી રીતે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવામાં ન આવે તો જીવની વિરાધનાનો પાર રહે નહિ એ સ્વભાવિકજ છે. શાસ્ત્રકારો સ્થાને સ્થાને સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે જયણાથી એટલે જીવોની વિરાધનાને પરિહરવાની બુદ્ધિથી પ્રવૃત્તિ કરનારા જીવને પ્રાણ-ભૂતની હિંસા થતીજ નથી. અર્થાત્ जयं चरे० पावं कम्मं न बंधइ આવું ભગવાન્ શય્યં ભવસૂરિજીનું કથનજ સ્પષ્ટપણે જણાવે છે કે જયણા એટલે અન્યજીવની વિરાધનાનો પરિહાર કરવાની બુદ્ધિપૂર્વકનો જે વ્યાપાર તે દ્વારાએ પ્રવૃત્તિ કરનારો પાપ બાંધતો નથી. અને ચોમાસા જેવા કાળમાં જયાં ત્રસાદિક જીવોની વધારે ઉત્પત્તિ હોય ત્યાં પણ જયણાની જ્યારે ખામી રહે ત્યારે તો નિઃશૂકતા અને નિર્દયતાને માટે બીજું કંઈ કહેવાનું રહે નહિ.

## જયણાથી લાભ શો ?

આચાર્ય મહારાજ શ્રી શય્યંભવસૂરિજી જેમ जयं चरे० વિગેરે કહીને જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળાને જ કટુકવિપાક દેનારાં એવાં પાપ કર્મો નથી બંધાતાં, અર્થાત્ જયણાથી પ્રવર્ત્તવાવાળાના યોગને લીધે કદાચિત્ સ્થાવર કે ત્રસ જીવની હિંસા થઈ પણ જાય, તો પણ જીવની રક્ષા કરવાની બુદ્ધિ હોવાને લીધે તે હિંસક ગણાતો નથી, અને તેથી તે જયણાથી પવર્ત્તવાવાળાને હિંસા થાય તો પણ પાપ કર્મ લાગતું નથી, એમ જેવી રીતે જણાવે છે, તેવીજ રીતે શ્રુતકેવલિભગવાન્ ભદ્રબાહુસ્વામિજી પણ શ્રી ઓઘનિર્યુક્તમાં उच्चालियंमि पावे० વિગેરે ગાથા કહીને જયણાથી પ્રવર્ત્તવાળાને તે પ્રવર્ત્તવાળાના વ્યાપારથી જ કોઈક જીવ ચંપાય અને તેથી તે મરે તોપણ તે જયણાથી પ્રવર્ત્તવાવાળાને સુક્ષ્મ પણ બંધ થાય એમ શાસ્ત્રકારો કહેતા નથી એમ સ્પષ્ટપણે જણાવે છે. જેવી રીતે જયણાથી પ્રવર્ત્તવાવાળાને પોતાની પ્રવૃત્તિથી કોઈપણ જીવની હિંસા થાય તો પણ તે જયણાવાળાને અહિંસક જણાવવામાં આવ્યો અને તે જયણાવાળાને કોઈ પણ પ્રકારનું પાપ બંધાતું નથી એમ જણાવ્યું. એ વાત સમજાશે ત્યારે જ સમુદ્ર અને નદીના જળોમાં સિદ્ધ થવાનું જે શાસ્ત્રકારો ફરમાવે છે તે સમજી શકાશે. કેમકે નદીના પાણીમાં અસંખ્યાત અપકાય વિગેરેની વિરાધના ઔદારિક શરીરથી થવાવાળી છતાં પણ તે સિદ્ધિ પામનાર જીવ જ્યારે સર્વથા પાપથી નજ લેપાતો હોય તોજ તે સયોગિપણું અને અયોગિપણું ધારી શકે અને મોક્ષે જઈ શકે.

ॐ

આ....જે....જ....મં....ગા....વો.

કયાંથી ?

## શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા

સુરત.

માસ્તર કુંવરજી દામજી મોતી કડીયાની મેડી પાલીતાણા

**श्रीदेववंदनभाष्यनी**

આચાર્યમહારાજ શ્રીમાન્

ધર્મઘોષસૂરીશ્વરજીએ રચેલ શ્રી સંઘનો સર્વ આચારવિધિ દર્શાવતી

श्रीसंघाचारटीका મૂલ્ય રૂા. ૫-૦-૦

૨ આચાર્યમહારાજ શ્રી પ્રધુમ્નસૂરીશ્વરવિરચિતટીકાયુક્ત અને પૂર્વાચાર્યની અવચૂરિવાળું श्रीप्रव्रज्याविधानकुलकं જેમાં સંપૂર્ણતયા સાધુઆચાર દર્શાવેલ છે. કિં. રૂા. ૩-૦-૦

૩ સંસાર અસાર શાથી ? એ વાતને અપૂર્વ રીતે દર્શાવવા પૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રી મલધારીયહેમચંદ્રસૂરીશ્વરજીએ સ્વોપજ્ઞટીકા યુક્ત રચેલ ભવભાવના, ભાગ બીજો કિં. ૩-૧૦-૦ (પ્રથમ રૂા. ૩-૮-૦)

-: તે સિવાય :-

૪ શ્રીકૃષ્ણ ચરિત્ર (પ્રાકૃત) રૂા. ૦-૧૦-૦

૫ શ્રી શ્રેણિકચરિત્ર (સં૦) રૂા. ૦-૬-૦

૬ શ્રી નમસ્કારમાહાત્મ્યમ્ રૂા. ૦-૫-૦

શ્રાદ્ધદિનકૃત્યસટીક. ટુંક સમયમાં

............ બ્હાર પડશે ............

વળી શાસ્ત્રકારો અપ્રમત્તદશામાં આત્મારંભ પરારંભ કે ઉભયારંભ એ ત્રણ પ્રકારનો આરંભ હોય નહિં એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. એટલે આ બધા ઉપરથી એમ માનવું જ પડશે કે જયણાથી પ્રવર્ત્તવાવાળો મનુષ્ય કોઈપણ પ્રકારે જીવહિંસા કરનારો ગણાતો નથી, અને તેથી તે પાપકર્મને બાંધનારો પણ ગણાતો નથી.

### અજયણાથી થતી હિંસા કટુકફળવાળી હોય છે.

આથી ઉલટી રીતે અર્થાત્ જેઓ જયણાની ધારણા વગર અગર જયણાવાળી પ્રવૃત્તિ વગર કંઈપણ ચાલવું વિગેરે કરે તે જીવ જરૂર પ્રાણભૂતોનો હિંસક બને છે, અને તે હિંસકપણું માત્ર વ્યપદેશદ્વારાએ જ રહે છે એમ નહિં, પરન્તુ ભગવાન્ શય્યંભવસૂરિજી સ્પષ્ટપણે જણાવે છે. કે **पाणभूयाई हिंसइ** અર્થાત્ તે જયણા રહિતપણે પ્રવર્ત્તવાવાળો પ્રાણ અને ભૂતોની હિંસા કરનારો જ બને છે. એટલે એ પ્રાણભૂતની હિંસાથી કટુક એવાં પાપ કર્મો જે થાય છે તેનો તે જરૂર ભાજન બને છે. અને માટે કહ્યું કે **तं से होइं कडुयं फलं** અર્થાત્ અજયણાથી થતી હિંસાને અંગે જે પાપકર્મ બંધાય તે સુકાગોળા જવું રૂક્ષ ન હોય, પરન્તુ અત્યન્ત કટુકફળને દેવાવાળું જ તે હોય છે, ધ્યાન રાખવું કે ભગવાન્ શય્યંભવસૂરિજી એકલું ચાલવા બોલવા કે ખાવામાં જયણારહિત પ્રવર્તવાવાળાને પાપકર્મનો બંધ કહે છે એમ નહિં. પરન્તુ ઉભા રહેવા અને સુવા સરખા નિષ્ક્રિય વ્યાપારમાં પણ જયણા વગરનો જીવને પ્રાણભૂતોનો હિંસક ગણે છે, અને તેને પાપકર્મ બંધાવવાનું ગણે છે, યાવત્ તે પાપકર્મ ઘણું જ વિપાકફળ દેવાવાળું હોય છે, એમ ચોક્કસ જણાવેલ છે. એ વાત સુજ્ઞ પુરૂષો જ્યારે ધ્યાનમાં લેશે ત્યારે તેઓને સ્પષ્ટ સમજવામાં આવશે કે જયણાની બુદ્ધિ અને પ્રવૃત્તિવાળો જીવ કોઈપણ પ્રકારે પાપના રસ્તામાં ગયો નથી એમ ચોક્કસ થાય છે. તેની સાથે જયણાની બુદ્ધિ વગરનો અને જયણાની પ્રવૃત્તિ વગરનો જીવ ચ્હાયતો ચાલવાઆદિકની ક્રિયા કરે, અથવા તો ચ્હાય તો એક જ જગોપર ઉભા રહેવાની કે સુવાઆદિકની ક્રિયા કરે તો પણ તે જીવ હિંસાથી, પાપથી અને તેના કટુકફલોથી બચી શકતો નથી.

ભાવમાં પ્રાણભૂત અને જીવોના હિંસકપણાનો નિયમ જણાવવા સાથે કટુક ફલવાળા પાપકર્મોને બાંધનાર છે એમ સ્પષ્ટ જણાવે છે.

### અધર્મી તો સૂતા સારાનું સ્પષ્ટીકરણ

આ સ્થાને શ્રી ભગવતીજી સૂત્રમાં અધર્મીનું સુવું કલ્યાણકારી એમ જે જણાવ્યું છે તે હકીકત શ્રોતાઓના હૃદયમાં ખટકશે, પરન્તુ શ્રી ભગવતીજીસૂત્રનું વાક્ય જયણારહિત અને અધર્મીઓ જાગ્યા હોય ત્યારે અન્યજીવોની સાક્ષાત્ વિરાધના વિગેરેથી હિંસા, જુઠ, ચોરી વિગેરે અનર્થો કરે અને તેઓ સુતા હોય ત્યારે તેવા અનર્થો તેઓ ન કરે એ અપેક્ષાએ જ જયણારહિત અધર્મીઓનું શયન પણ સારૂં ગણ્યું છે. અથવા જયણાવાળા ધર્મીઓના

જાગરણમાં થતા જે આત્માહતના પ્રયત્નો તે સર્વ શ્રેયસ્કર છે અને તેમાં તે અધર્મીઓ અગર જયણાની બુદ્ધિથી રહિત કે વિરૂદ્ધ વર્ત્તનાર જીવો તે ધર્મીઓના શ્રેયસ્કરપંથને વિઘ્ન કરનાર કે નાશ કરનાર કે વગોવનાર થાય તે અપેક્ષાએ તે અધર્મીઓના સુતાપણાને સારૂં ગણવામાં આવે તેમાં આશ્ચર્ય નથી ? ધ્યાન રાખવું કે જૈનશાસ્ત્રોમાં સ્થાને સ્થાને અપેક્ષિતવાદ જ હોય છે અને તેથી અધર્મીની પ્રમત્તદશા જો કે અધમ છે અને અધર્મીઓને પણ નુકશાનકારક તો છે જ, પરન્તુ હિંસાદિ પ્રવૃત્તિના બાહ્યઅનર્થોના અભાવને લીધે ધર્મીઓના શ્રેયસ્કરકાર્યોને વિઘ્ન કરનાર ન થાય તે અપેક્ષાએ માત્ર અધર્મીઓનું સુતાપણું શ્રેયસ્કર ગણેલું છે. આ વસ્તુને સમજનારા સમજી શકશે કે પાપીજીવોને પાપપ્રવૃત્તિમાં થતાં વિઘ્નો તે ધર્મીઓની અપેક્ષાએ શ્રેયસ્કર ગણી શકાય અને તે શાસ્ત્રાનુસારી છે એમ માનવામાં અડચણ આવે નહિ, છતાં ભગવાન્ શય્યંભવસૂરિજી તે અધર્મીઓના જાગવાથી થતા હિંસા, જુઠ વિગેરેના પ્રયત્નો અને તે અધર્મીઓના સુવાની વખતે તેવા હિંસાદિકના પ્રયત્નોનો અભાવ જે હોય છે તેની વિવક્ષા નહિ કરીને માત્ર જયણાની બુદ્ધિ કે પ્રવૃત્તિ ન હોવાથી થતા હિંસકપણાની વિવક્ષા મુખ્ય કરી અધર્મીના શયનમાં અને ઉભા રહેવામાં પણ જયણાના અભાવના પરિણામથી થતી હિંસાને આગળ (મુખ્ય) કરી તે અધર્મી સૂતેલો હોય કે ઉભેલો હોય તોપણ તેને પ્રાણભૂતોની હિંસા કરનાર તરીકે ગણાવે છે. પાપનો બંધ કરનાર ગણાવે છે, અને તે પાપના કટુકફળ તેને ભોગવવાં પડશે એમ ચોકખા શબ્દોમાં તેઓ જણાવે છે.

### શ્રમણ મહાત્મા કેવી રીતે રહે ?

*આ જયણા અને અજયણાની હકીકતને* સમજનારો શ્રમણમહાત્મા સર્વકાળ જયણાની બુદ્ધિએ પ્રવર્ત્તવાવાળો જહોય, તે મહાત્માની કોઈપણ કાળમાં જયણાની બુદ્ધિ અને પ્રવૃત્તિ ખસેલી ન હોય એ સ્વાભાવિક છે, છતાં વર્ષાઋતુ કે જે કાળમાં છએ કાયની વધારે ઉત્પત્તિ થાય તેવા કાળમાં વિશેષે જયણાની બુદ્ધિ થાય અને જયણા એ જ પ્રવર્તવાનું નિયમિત રહે એ સ્વાભાવિક જ છે અને તેજ કારણથી ચોમાસાના કાળમાં પીઠ-ફલક વિગેરે ઉપધિ માટે પર્યટન ન કરવું પડે તેથી પીઠફલકાદિનું જેમ ગ્રહણ કરીએ, તેવી જ રીતે વરસાદનું વર્ષવું થતું હોય તેવી વખતે વરસાદની જયણા માટે અને મકાનની નજીકમાં કીડીયોનાં દરો, અનંતકાય કે બીજી વનસ્પતિ થયેલી હોય તો તેની રક્ષા અને જયણા માટે ઉચ્ચારાદિનાં ભાજનો ચોમાસામાં ગ્રહણ કરવાં એ ઓછું આવશ્યક નથી.

### ચાતુર્માસમાં માત્રાની અધિક્તા માટે ભાજનની જરૂર, તદભાવે સંયમ વિરાધના

સામાન્ય રીતે વર્ષાઋતુ શિવાયના વખતમાં પ્રશ્રવણ (માત્રા) ના અધિકતા નથી હોતી પરંતુ ઘણી જ ઓછાશ હોય છે. તેથી તે સંબંધી તેટલો વેગ થવાનો સંભવ પણ નહિ હોવાથી માત્રક ન હોય

તો પણ તે વેગને રોકવાની જરૂર પડે નહિં. અને વેગ રોકવાથી સંભવિત ગણાતું ચક્ષુરિન્દ્રિયને જે નુકસાન શાસ્ત્રકારોએ જણાવ્યું છે તેનો પ્રસંગ થાય નહિ, પરન્તુ ચોમાસાના કાળમાં સ્વાભાવિક રીતે પ્રશ્રવણની આધકતા હોય અને તેથી પ્રશ્રવણનો વેગ વારંવાર અને તીવ્ર બને તેથી તેનું રોકાણ કરવાનો સ્હેજે સંભવ ઉભો થાય અને તે વેગના રોકાણથી સંભવિત રીતે ચક્ષુરિન્દ્રિયને નુકસાન થવાનો પ્રસંગ થાય માટે ચોમાસાના કાળમાં પ્રશ્રવણને માટે માત્રકની આવશ્યક્તા આત્મવિરાધનાના રક્ષણને માટે પણ જરૂરી ગણાય. વળી ચોમાસા શિવાયની ઋતુમાં જમીન સૂકી હોવાથી માત્રું કરતાં કે પરઠવતાં રેલો ન જાય અને તેથી નિયમિત જગામાં એટલે દૃષ્ટિથી બરોબર તપાસેલી જગ્યામાં જ માત્રકનું પરઠવવું થાય એટલે સંયમવિરાધનાનો પ્રસંગ ન આવે, પરન્તુ ચતુર્માસ જેવા સ્નિગ્ધસકાળમાં લગીર પણ માત્રું પરઠવતાં કે કરતાં રેલો ચાલે અને તેથી અપ્રતિલેખિત કે અપ્રત્યુપેક્ષિત જગાએ માત્રાનો રેલો થાય અને તેમાં અનેકપ્રકારની ત્રાસ સ્થાવરની વિરાધના થાય માટે તે ઉભયપ્રકારની વિરાધના બચાવવા એટલે આત્મ અને સંયમ વિરાધના ટાળવા માટે ચોમાસાના કાળમાં માત્રકની આવશ્યક્તા ગણાય, એવી રીતે માત્રાની અપેક્ષાએ આત્મા સંયમ અને ઉભયની વિરાધના ટાળવા માટે સંયમના અર્થી એવા મુનિમહારાજાઓએ માત્રકપ્રતિગ્રહ રાખવાની ચોમાસામાં અનિવાર્ય આવશ્યક્તા છે. વળી ચોમાસા શિવાયના વખતમાં જે વખત પણ માત્રાની શંકા થાય તે વખત તે નિરાબાધપણે માત્રું કરી શકાય અને પરઠવી શકાય, પરન્તુ ચોમાસાના કાળમાં વરસાદને લીધે કેઈ વખત અધિક વિરાધનાનો સંભવ દેખતાં કરેલું માત્રું યત્કિંચિત્ વખત રોકીને પણ બહાર પરઠવી શકાય, પરન્તુ જો માત્રકનું ભાજન જ રાખેલું ન હોય તો વરસાદ વરસતો હોય તે વખતે શંકા થતાં કાં તો વેગ રોકતાં આત્મવિરાધના થાય તે વહોરવી પડે, અગર વરસતા વરસાદે પરઠવતાં થતી સંયમવિરાધના વહોરવી પડે, કદાચ માની લો કે વરસાદ લાંબો વખત વરસે અને તેને લીધે માત્રાની વધારે શંકા અને વેગ થાય અને તે માત્રું ભાજનમાં પણ કરવામાં આવ્યું હોય, છતાં વરસાદની ઝડી નહિ રોકાવાને લીધે પરઠવવું પડે અને તેથી સંયમવિરાધનાનો પ્રસંગ આવે, પરન્તુ ધ્યાનમાં રાખવું કે જે મનુષ્યે સંયમવિરાધના અને આત્મવિરાધના ટાળવા માટે જયણાની બુદ્ધિએ માત્રકનું ભાજન રાખેલું છે તે મનુષ્ય કદાચિત્ તેવી રીતે ભાજનમાં માત્રું કર્યા છતાં અને વરસાદ નહિ રોકાયા છતાં વરસતા વરસાદે પણ જો માત્રું પરઠવે તો પણ તે અધિક એવા માત્રામાં થતા સમુર્ચ્છિમ મનુષ્યજીવોની રક્ષાને માટે પરઠવે છે એમ કહી શકાય અને તે માની તથા ધારી પણ શકે, વળી તેવા વખતે તેવો ગીતાર્થ ધર્માસ્તિકાયમયજગત્ વિચારીને પરઠવે એમ શાસ્ત્રકારોનું સૂચન ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ કરનારો હોવાથી જયણા અને શાસ્ત્ર બન્નેને

માનનારો થવાથી આરાધક રહેવા સાથે સંયમ અને આત્મવિરાધનાથી બચી જાય છે. આગળ પણ આપણે જોઇ ગયા છીએ કે જયણાની બુદ્ધિવાળા અને જયણાપૂર્વકની પ્રવૃત્તિવાળાને કોઇપણ જીવની હિંસા જો પ્રવૃત્તિ કરતાં થાય તો પણ બંધ લાગતો નથી, માટે જયણાની બુદ્ધિ અને પ્રવૃત્તિવાળાએ માત્રકનું ભાજન ઉભયવિરાધનાના પરિહારને માટે રાખેલું છે અને તેનો યોગ્ય ઉપયોગ કરેલો છે, તેથી તે જયણાએ પ્રવૃત્તિવાળા અને પ્રશ્રવણના માત્રકને રાખનારા મહાત્માને કોઇપણ પ્રકારે વિરાધના લાગે નહિ, પરન્તુ જેઓ ચોમાસામાં થતા માત્રાની અધિક્તાને જાણે છે. ચોમાસામાં માત્રાનો વેગ પણ વિશેષે થાય એ પણ જાણે છે તથા શાસ્ત્રકારોએ આત્મા અને સંયમ બન્નેની વિરાધનાના પરિહારને માટે માત્રકનું ભાજન રાખવાનું નિયમિત ફરમાવ્યું છે એમ પણ જે જાણે છે, તે જો ચતુર્માસના પ્રારંભના કાળમાં માત્રકના ભાજનની ગવેષણા કરે નહિ અગર માત્રકનું ભાજન લઇ રાખે નહિ, તો તેવા મનુષ્યો આત્મ અને સંયમ વિરાધનાથી નિરપેક્ષ તેમજ શાસ્ત્રકારના હુકમથી નિરપેક્ષપણે વર્તનારા હોવા સાથે ચોમાસું બેઠું ત્યારથી પોતાના આત્માને વિરાધકકોટિમાં મુકે છે. વળી ચોમાસા શિવાયના કાળમાં ભટ્ઠી સળગાવવા વિગેરે પ્રસંગો બનતા હોવાતી માત્રકનું ભાજન ગવેષવું જેટલું સહેલું પડે તેટલું ચોમાસાના કાળમાં ભટ્ઠી વિગેરે બંધ થતાં હોવાથી અગર ઘણાં ઓછાં થતાં હોવાથી માત્રકના ભાજનની ગવેષણા માટે દીર્ઘકાળ પર્યટન કરવું પડે અને તેમાં સંયમ તથા આત્માની વિરાધના થવા સાથે સ્વાધ્યાય-વૈયાવચ્ચનો વ્યાઘાત થઇ જે ગેરલાભ થાય તે પણ સહન કરવો પડે. આ પ્રસંગ ન આવે તેટલા જ માટે શાસ્ત્રકાર મહારાજાઓએ અવસ્થાનરૂપી પર્યુષણાની પહેલાં જ માત્રકનું ભાજન ગ્રહણ કરવાનો કલ્પ બતાવ્યો છે.

## ઉચ્ચાર અને લઘુનીતિ માટે વર્ષાકાળમાં પાત્રકની આવશ્યક્તા, ઉપયોગ નહિં કરનારાઓની અધમસ્થિતિ.

જેવી રીતે શિયાળા ઉન્હાળા કરતાં ચોમાસાના કાળમાં પ્રશ્રવણની અધિકતા અને વેગ થવાનો જણાવવામાં આવ્યો હતો એવી જ રીતે ઉચ્ચાર એટલે સ્થંડિલને માટે પણ સ્હેજે સમજાય તેવું છે. કારણ કે શીયાળા અને ઉન્હાળાના કરતાં ચોમાસામાં શરદીનો પ્રસંગ ક્ષણે ક્ષણે હોય છે અને તેવા ક્ષણે ક્ષણે શરદીના પ્રસંગને લીધે સ્થંડિલનો ભેદ થઈ જાય અર્થાત્ નરમપણું થઇ જાય એ અનુભવ બહારની હકીકત નથી. અને બંધાયેલા સ્થંડિલને કદાચિત્ રોકવો પડે તોપણ તે રોકી શકાય. જો કે સ્થંડિલનું રોકવું તે સંભવતઃ જીવનને નુકસાન કરનારૂં છે, પરન્તુ ચોમાસાના કાળમાં સ્થંડિલનો ભેદ થવાથી તેને રોકવો મુશ્કેલ પડે, વળી ચોમાસાના કાળમાં કેટલીક વસ્તુઓ નવીનપણાથી ઉત્પન્ન થયેલી ખાવામાં આવે અને તેથી પણ જઠરામાં પ્રવાહનો સંચય વધારે થવાથી સ્થંડિલનો ભેદ થવાનો સંભવ રહે, અને તેવી વખતે જો ઉચ્ચારનું ભાજન ન હોય

તો આત્મા અને સંયમ એ બન્નેની વિરાધનાની સાથે પ્રવચનની વિરાધનાનો પણ પ્રસંગ આવે, એ ન સમજી શકાય તેમ નથી. કેમકે જ્યારે સ્થંડિલ ભેદાયો હોય અને શરીર તથા લુગડાં વેગ ન રોકાવાથી બગડે ત્યારે તે લુગડાં સાફ કરવાને અંગે પ્રથમ તો પાણીઆદિક દ્વારાએ સંયમવિરાધના થાય, અધિક પરિશ્રમથી આત્મવિરાધના થાય, અધિક પરિશ્રમથી આત્મવિરાધના પણ થાય અને ધર્માભિમુખ એવા જે પ્રાણીઓ મુનિમહારાજના સંસર્ગમાં નવા આવેલા હોય તેઓને ધર્મની અરૂચિ અને ધર્મથી વિમુખ થવાનો પ્રસંગ ઉભો થવા સાથે પ્રવચનની વિરાધના તથા શાસનની નિંદા સાથે ખડી થાય. આ બધું વિરાધનાનું પ્રકરણ ન ઉભું થાય તેટલા જ માટે શાસ્ત્રકારોએ અવસ્થિત રહેવારૂપી પર્યુષણાની પહેલાં જ સ્થંડિલના ભાજનને ગ્રહણ કરવાનો કલ્પ રાખેલો છે. આવી રીતે સંયમ, આત્મ અને પ્રવચન એ ત્રણેની વિરાધનાના પરિહારને માટે સ્થંડિલના ભાજનને ચોમાસા પહેલાંથી ગ્રહણ કરવાનું જણાવ્યાં છતાં જેઓ તે ગ્રહણ કરવા માટે પ્રવૃત્તિ કરે નહિ તેઓ આત્મ, સંયમ અને પ્રવચનની વિરાધનાથી નિરપેક્ષ છે એમ ગણાય. એટલું જ નહિં, પરન્તુ તેઓ શાસ્ત્રકારના વચનોને પણ બાધ કરનારા હોઈ અત્યંત વિરાધક હોવા સાથે દુર્લભ બોધિ બની જાય એ અસંભવિત નથી.

### વર્ષાકાળમાં શ્લેષ્માદિ માટે પણ ભાજન જોઈએ

જેવી રીતે ચોમાસા પહેલાંથી, માત્રા અને સ્થંડિલ માટે ભાજન ગ્રહણ કરવાની જરૂર છે, તેવી જ રીતે શ્લેમાદિકને માટે પણ ભાજન ચોમાસા પહેલાંથી જ ગ્રહણ કરવાની જરૂર છે. ચોમાસામાં શિયાળા ઉન્હાળાની ઋતુઓ કરતાં શરદીનો પ્રભાવ વધારે હોય અને તેથી શ્લેશ્માદિકની અધિક્તા થાય તે અસંભવિત નથી. તો પછી તેના માટે પણ ઉપર જણાવ્યા હેતુઓથી ભાજનનું ગ્રહણ કરવું પડે અને તેથી શાસ્ત્રકારો તે ભાજનને માટે હુકમ ફરમાવે તેમાં આશ્ચર્ય નથી, આ સ્થાને એવી શંકા જરૂર થાય કે પ્રશ્રવણ, સ્થંડિલ અને શ્લેશ્માદિકને માટે જુદાં જુદાં ત્રણ ભાજનો રાખવાં તેના કરતાં એક જ ભાજન રાખીને તેનો ઉપયોગ ત્રણે કાર્યમાં કરવો ઉચિત ગણી શાસ્ત્રકારોએ તે ત્રણેને માટે એક જ ભાજન લેવાનું કેમ ન કહ્યું ?

### આત્મવિરાધનનો ખ્યાલ પ્રથમ હોય.

આવી શંકા કરવી તે ગેરવ્યાજબી છે એટલું નહિ, પરન્તુ શાસ્ત્રકારોની ઉપર પણ બુદ્ધિની ખામીનું કલંક લગાડવા જેવી છે, યાદ રાખવું કે સંયમવિરાધના કરતાં પણ આત્મવિરાધનાને બચાવવી એમ શાસ્ત્રકારો સહેતુક જણાવે છે. કેમકે સર્વ જગો પર સંયમની વિરાધનાનો પરિહાર કરવો એમ મુખ્યતાએ જણાવી સંયમ વિરાધના કરતાં પણ આત્મવિરાધનાનો પહેલો પરિહાર કરવો એમ સ્પષ્ટપણે જણાવે છે. આ કથનના હેતુમાં એમ જણાવવામાં આવે છે કે જો આત્મવિરાધનાથી બચવામાં ન આવે તો અકાળે જીવિતનો નાશ થાય અને ગત્યન્તરમાં અવિરતપણાની સ્થિાત આવે અને એટલા જ કારણથી તો શાસ્ત્રકારોએ સંયમના

અંગીકારની સાથે અનશન કરાવી દેવાનું રાખ્યું નથી. વળી તે ગત્યન્તરની અવિરતિથી આત્મવિરાધનાથી બચનારો મનુષ્ય બચી જાય છે. એટલું જ નહિં, પરન્તુ આત્મવિરાધનાથી બચવાવાળો થયેલી સંયમવિરાધનાનું પ્રાયશ્ચિત વગેરે લઈ શોધન કરી શકે છે. અર્થાત્ ગત્યન્તરથી થવાવાળી અવિરતિ થતી નથી અને સંયમવિરાધનાથી થયેલા દોષની શુદ્ધિ પ્રાયશ્ચિત્તની પ્રતિપત્તિથી થઈ શકે છે. તેથી સંયમવિરાધના કરતાં પણ આત્મવિરાધનાનો પરિહાર પહેલે નંબરે કરવો એમ શાસ્ત્રકારો ફરમાવે છે.

## ઉભયવિરાધના કરતાં પણ પ્રવચનવિરાધના કરાય જ નહિ.

તે આત્મવિરાધના અને સંયમવિરાધના બન્ને કરતાં પણ પ્રવચનવિરાધના અત્યન્ત ભયંકર ગણવામાં આવેલી છે, તેમાં પણ શાસ્ત્રકારોએ કરેલી આજ્ઞાઓથી વિરૂદ્ધપણે વર્ત્તાવામાં થતી પ્રવચનવિરાધનાથી તો શાસ્ત્રકારો ભવોભવ દુર્લભબોધિપણું અને અધમતા જણાવે છે, માટે સુજ્ઞમુમુક્ષુઓએ અંશે પણ પ્રવચન વિરાધનાનું કાર્ય કરી શકાય નહિ. જો એ વાત ખ્યાલમાં લેવામાં આવે તો પછી આખો દિન પાસે રાખવાથી જેનો ઉપયોગ થાય છે તેવા શ્લેષ્મના ભાજનમાં સ્થંડિલ માત્રું કરવાની અગર સ્હેજે થોડે થોડે આંતરે ઉપયોગમાં લેવાતા પ્રસ્રવણના ભાજનમાં સ્થંડિલ કરવાની કલ્પના કરવા માટે કોઈપણ શાસ્ત્રાનુસારી સુલભબોધિ તૈયાર થાય નહિ, તો પછી ત્રણ ભાજન ન જોઈએ અને એક ભાજનથી કાર્ય કરવું એમ શાસ્ત્રકારોએ કેમ ન કર્યું ? એવું સ્વપ્ને પણ કલ્પનામાં લે નહિં.

## શ્લેષ્મપાત્રક જુદું રાખવું જોઈએ.

વળી શ્લેષ્મના પાત્રમાં લેપનું સાચવવું, જેવી રીતે રાખોડો અંદર રખાતો હોવાને લીધે ઘણું ઘણું જ સહેલું પડે તેવુ માત્રકના ભાજનમાં લેપનુ સાચવવું સહેલું ન પડે તે સ્વાભાવિક જ છે. શ્લેષ્મના પાત્રો મહિનાના મહિના અને વર્ષોના વર્ષો સુધી વાપરવામાં આવે અને તે પાત્રો કદાચ દેશી કે ચીનાઈ મૃત્તિકાનાં હોય તોપણ તેને કોઈપણ જાતની ગંધની અસર થતી નથી. એ વાત અનુભવ સિધ્ધ છે. ત્યારે માત્રકનું પાત્ર દેશી કે ચીનાઈ માટીનું તો શું ? પરન્તુ ધાતુનું હોય તો પણ તે બે ચાર પખવાડીયામાં વાસિત થઈ જઈ દુરભિગંધનું સ્થાન બને છે. એટલે માત્રકના પાત્રને શુધ્ધ કરવાની અવારનવાર વધારે જરૂર રહે, અને શ્લેષ્મનું પાત્ર જો જુદું રાખવામાં ન આવ્યું હોય તો તે ભાજનને પ્રવચનની હેલના ટાળવાવાળો મનુષ્ય સ્વાધ્યાય ધ્યાનની જગો પર રાખી શકે નહિં, એટલું જ નહિં, પરન્તુ તેને વારંવાર શ્લેષ્મ કહાડવા માટે હાથમાં લેવું કરી શકે નહિં, તો પછી મ્હોંઢા કે નાક આગળ તે માત્રકના પાત્રકને લઈ જવું તે અઘોરીના આચારવાળા શિવાય બીજાથી તો બની શકે જ નહિ. વળી ઉચ્ચારના પાત્રકની ભિન્નતા રાખી એનું સ્પષ્ટ તત્ત્વ સમજાય તેમ છે કે સ્થંડિલનો એક છાંટો પણ જ્યાં લાગ્યો હોય ત્યાં ધોયા છતાં પણ તેટલી

સ્વચ્છતા થતી નથી. એટલું જ નહિ, પરન્તુ વ્યવહારમાર્ગને જેઓ સમજતા હશે તેઓ સારી રીતે સમજી શકશે કે સ્થંડિલના પાત્રને ઘરમાં પણ જ્યાં ત્યાં મૂકવામાં નથી આવતું, એટલું જ નહિ, પણ સ્થંડિલ કરીને શૌચ કરવાના ભાજનને પણ ઘરના એક ખુણામાં જ ઘણે ભાગે મૂકવામાં આવે છે, આવી રીતે જગત્‌ની સ્થિતિને સમજનારો મનુષ્ય જો જગત્‌ના જીવોને ધર્મની સન્મુખ કરવામાં જ સર્વથા લાભ છે, અને કોઇપણ પ્રકારે કોઈપણ જીવ ધર્મથી વિમુખ થાય તેમાં નુકસાન જ છે, એવું જેઓ સમજે છે તેઓ કોઈપણ પ્રકારે ઉપર જણાવેલા ત્રણે પાત્રકોની ભિન્નતા સમજ્યા વિના રહે નહિ.

### રક્ષાના ધ્યેયે પાત્રોની આવશ્યકતા

જો કે શાસ્ત્રકારનો મુખ્ય મુદ્દો તો ચોમાસામાં છએ પ્રકારના જીવોની રક્ષા કરવાનો છે, પરન્તુ તે રક્ષા ઉપર જણાવેલા ત્રણે પાત્રો ગ્રહણ કરવામાં ન આવે તો બને નહિ, અને તે ત્રણે પાત્રોનું ગ્રહણ પણ વર્ષાઋતુના પ્રારંભમાં કરવામાં ન આવે તો વિશેષે હિંસા થાય અને તે પણ એવી કે સંભવિત હિંસાના પરિહારને માટે સાક્ષાત્ હિંસાની આપત્તિમાં જવું પડે, જો કે શાસ્ત્રકારો અણુપણ પદાર્થનો સંગ્રહ કરવો તે આત્માને માટે યોગ્ય હોય તેમ માનતા નથી કેમકે આત્માથી ભિન્ન એવા પદાર્થમાત્રને ઉપધિ અને ઉપાધિરૂપે જ માને છે, છતાં જેમ જ્ઞાનાદિકના સાધનને માટે દિગમ્બરોને પણ પુસ્તકો રાખવાં એ ઈષ્ટ છે અને તેને પરિગ્રહરૂપ ગણ્યાં નથી.

### ચારિત્રની રક્ષા માટે ઉપકરણોની જરૂરીયાત

સૂક્ષ્મદૃષ્ટિવાળો મનુષ્ય દિગમ્બરોએ ચારિત્રની રક્ષા માટે રખાતા ઉપકરણોને છોડી દાધા અને તેના ત્યાગમાં ધર્મ માન્યો છતાં શ્રુતજ્ઞાનના ઉપકરણ તરીકે કે સાધનતરીકે ગણાતા પુસ્તકોને તો પરિગ્રહતરીકે ન ગણ્યાં. એ ઉપરથી સ્પષ્ટ સમજી શકશે કે દિગમ્બરોનો ધર્મપુસ્તકોના સર્વત્ર પ્રચાર પછીજ ઉત્પન્ન થયેલો છે અને તેઓએ ચારિત્રની તેટલી બધી દરકાર નહિ કરતાં માત્ર જ્ઞાનનીજ તેટલી દરકાર કરીને પુસ્તકોને પરિગ્રહમાંથી બાતલ રાખ્યાં છે. એમ નહિં કહેવું કે પુસ્તકોનો પ્રચાર તો ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ પછીજ એટલે નવસોએંશી પછી થયેલો છે અને દિગમ્બરોની ઉત્પત્તિ તો વીરસંવત્ છસોં નવમાં થયેલી છે તો પછી દિગમ્બરની ઉત્પત્તિની વખતે પુસ્તકોનો પ્રચાર હતો અને તેથી તેઓએ પુસ્તકો કે જે ચારિત્રના હેતુરૂપ માત્ર જ્ઞાનનું સાધન છે તેને પરિગ્રહમાંથી બાતલ રાખ્યાં તે કેમ કહી શકાય ? એમ નહિં કહેવાનું કારણ એટલુંજ કે ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ પહેલાં પુસ્તકોનો પ્રચાર ન્હોતો કે પુસ્તકો ન્હોતાં એમ કોઇ માનતુંજ નથી. ભગવાન્આવશ્યચૂર્ણિકાર સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે ભગવાન્ મહાવીર મહારાજના કેવળજ્ઞાન પહેલાં તેમની છદ્મસ્થઅવસ્થામાં પણ જે કંબલ અને શંબલે ગંગાનદીમાં ડુબવાના ઉપસર્ગથી ભગવાન્‌નો બચાવ કર્યો હતો. તે દેવતા પૂર્વભવમાં જીનદાસ

નામે શ્રાવક હતો, અને તે દરેક આઠમ અને ચઉદશે પૌષધ ગ્રહણ કરી પુસ્તકને વાંચતો હતો.

### શાસ્ત્રોની વિદ્યમાનતા ઘણા સમયથી છે.

વળી ભગવાન્ સુધર્મ્મસ્વામિમહારાજે શ્રી ભગવતીસૂત્રની શરૂઆતમાં બ્રાહ્મીલિપીને નમસ્કાર કર્યો છે. તેજ જણાવે છે કે પુસ્તકોનો પ્રચાર ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ કરતાં પહેલાં પણ ઘણો હતો. સ્હેજે સવાલ થશે કે જ્યારે પહેલેથી શાસ્ત્રો પુસ્તકોમાં લખાયેલાં હતાં તે પછી ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ શું કર્યું ? આ સવાલનો ઉત્તર સ્હેલો છે શૃંખલાબદ્ધ આગમોનું લખાણ અને પરસ્પર અતિદેશ (ભલામણ) વાળું આગમોનું લખાણ, ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ વિગેરે શ્રી સંઘે જકર્યું છે. આજ કારણથી આચારાંગાદિ અંગો કે જેની રચના સુધર્મ્મસ્વામિ આદિ ગણધરોએ કરેલી છે અને ઉવવાઈઆદિ ઉપાંગો કે જેની રચના શ્રુતસ્થવિરોએ કરેલી છે, છતાં તે ઉપાંગના અતિદેશો આચારાંગાદિ અંગોમાં (ભલામણો) કરવામાં આવ્યા છે.

### શ્રી દેવર્દ્ધિક્ષમાશ્રમણજીનું વચન તીર્થંકરતુલ્ય સમજવું જોઇએ.

વળી ભગવાન્ દેવર્દ્ધિ ગણિક્ષમાશ્રમણ સુધી શાસનને અંગે બનેલા બનાવોની કેટલીક નોંધ પણ તે અંગ ઉપાંગમાં દાખલ કરવામાં આવી છે, અને તેને જ લીધે શાસ્ત્રોમાં શ્રી વજ્રસ્વામિ શ્રી આર્યરક્ષિતસૂરિજી વિગેરેના વૃત્તાન્તો પણ મૂળમાં દાખલ થયા છે. આ બધું શૃંખલાબદ્ધ ગોઠવતાં તે કાળ સુધીમાં થયેલા નિન્હવો અને કેટલાક આચાર્યોના ઉલ્લેખો જે અંગોપાંગમાં દાખલ થયા છે તે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ દાખલ કર્યા છે, અથવા શ્રી નમીસૂત્ર અને શ્રી યોગશાસ્ત્રના કથનને અનુસારે શ્રી સ્કંધદિલાચાર્યે અનુયોગની વ્યવસ્થા કરી હતી લેખાઈ છે. અને તેથી ગોષ્ઠીમાહિલનો અધિકાર મૂલમાં લેવાયો અને શિવભૂતિનો ન લેવાયો. જોકે શ્રદ્ધાલુઓને તો ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીના વચનની માન્યતા ભગવાન્ તીર્થંકર અને ગણધર મહારાજના વચન જેવી જ હોય છે. કારણ કે તેઓ તો સમજે છે પરંપરાના આચાર્યોની પ્રામાણિક્તાના આધારે પરંપરાથી પ્રાપ્ત થતા શાસ્ત્રોની પ્રમાણિકતા હોય છે. જ્ઞાનિની પ્રામાણિક્તાના આધારે જ પરોક્ષજ્ઞાનની પ્રામાણિક્તા હોય છે અને તેથી સૂત્રનાં વચનો અને ભગવાન દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીના વચનોમાં શ્રદ્ધાનુસારિઓને તો કોઈપણ જાતનો ફરક હોય નહિ.

### પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ.

પરન્તુ તર્ક કે શુષ્કતર્કને અનુસરનારાઓને પણ જો ભગવાન દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ ઉપર વિશ્વાસ ન હોય તો તેમનાં લખેલાં સૂત્રોની પ્રામાણિક્તા માનવી તે તેવા તર્કાનુસારિઓને તો અશક્ય જ થઈ પડે, વળી શાસનની સ્થિતિને ભગવાન્ દેવર્ધિગણિક્ષમાશ્રમણજી પોતે લખે કે શ્રી સ્કંદિલાચાર્ય ગોઠવે તે સૂત્રોમાં ન જણાવે તો પહેલાંના બનાવો પ્રામાણિક ગણવામાં ન આવે એ

પણ સ્વાભાવિક છે. આ વિગેરે કારણોથી ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ જે શૃંખલાબદ્ધ સૂત્રો લખ્યાં અને યથાયોગ્ય સ્થાને અંગ ઉપાંગમાં ભલામણો લખી અને તેની સાથે તે લખવાના કાળ સુધીના શાસનમાં બનેલા ઉપયોગી બનાવો દાખલ કરવામાં આવ્યા.

## વિવાદનો નિર્ણય અન્ય આચાર્યોથી થતો હતો.

વળી પ્રાચીનકાલમાં પરસ્પર સાધુઓના કથન ઉપર વિવાદનો નિર્ણય થતો હતો, કેમકે ભગવાન આર્યરક્ષિતજી કાળધર્મ પામ્યા તે વખત ગોષ્ઠામાહિલે જ્યારે ભગવાન્ દુર્બલિકાપુષ્પથી કર્મના બંધન અને યાવજ્જીવના પચક્ખાણ બાબતમાં વિરૂદ્ધ માન્યતાવાળા અને પ્રરૂપણાવાલા થયા હતા, ત્યારે અન્યગચ્છના સ્થવિરોને તે બાબતમાં નિર્ણય કરવા માટે નિર્ણય કરવા માટે પૂછવામાં આવ્યું હતું. આ વાત ચૂર્ણિકાર મહારાજા ચોક્ખા શબ્દોમાં જણાવે છે. એ ઉપરથી સમજી શકાય છે કે પ્રાચીનકાળમાં કોઇ પણ વિવાદના નિર્ણયમાં અન્ય આચાર્યોના મુખથી નિર્ણય થતો હતો.

## શ્રદ્ધા અને ધારણાની સ્ખલનાથી જ સિદ્ધાન્ત રચના.

પરન્તુ ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી શ્રદ્ધા અને ધારણાની ખામી દેખીને તે અન્ય આચાર્યના વચનદ્વારાએ થતા નિર્ણયને બંધ કરીને પુસ્તકમાં લખેલા પાઠોથી જ સિદ્ધાન્ત એટલે નિર્ણય કરવાનો રીવાજ નક્કી કર્યો, એટલે જેમ આગમો પુસ્તકોમાં લખાયાં તેમજ સિદ્ધાન્તને પણ પુસ્તકમાં આધીન કર્યો, અને તેથી ભગવાન્ દેવર્દ્ધિગર્ણિ ક્ષમાશ્રમણ પછી ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરે જેવાને પોતાના શાસ્ત્રોમાં "यदुक्तं यदाहुः तदाहुः" વિગેરે વાક્યોથી પુસ્તકોની સાક્ષીઓ આપવી પડી છે. અંગોપાગાદિક કોઈપણ સૂત્રોમાં भणियं च वुत्तंच વિગેરે વાક્યો કહીને કોઈપણ જગો પર સાક્ષી આપવામાં આવતી નથી. આ વસ્તુને બારીકદૃષ્ટિથી વિચારીશું તો ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ પુસ્તકોમાં આગમો લખવાની સાથે સિદ્ધાન્તને પણ પુસ્તકને આધીન કેવી રીતે બનાવ્યો છે તે પણ સ્પષ્ટ સમજાશે. આ પુસ્તકનું પ્રકરણ અત્યારે વધારે નહિં ચર્ચતાં માત્ર એટલું જ જણાવીશું કે ભગવાન્ દેવર્દ્ધિ ગણિક્ષમાશ્રમણજી કે તે પહેલાં પુસ્તકોનો તો પ્રચાર હતો.

## પ્રાચીનકાળમાં પુસ્તકોનું વાંચન થતું નહિં.

પરન્તુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે સાધુમહાત્માઓમાં પુસ્તકો રાખવાનો પ્રચાર પૂર્વોની હાનિના વખતમાં જ થયેલો છે, અને તેથી શાસ્ત્રોમાં કોઈપણ મુનિરાજના પ્રસંગમાં પુસ્તકોના વાચનની હકીકતનો ઉલ્લેખ જ હોતો નથી. ભગવાન્ મહાવીર મહારાજની વખતે સાધુઓની અવસ્થાઓ સ્વાધ્યાય-ધ્યાન કાયોત્સર્ગ આતાપના તપસ્યા વિગેરેની જણાવવામાં આવી છે, પરન્તુ કોઈપણ સ્થાને પુસ્તકનું વાંચન સાધુઓ કરતા હતા એમ જણાવવામાં આવ્યું નથી, એટલે સ્પષ્ટપણે માનવાને કારણ મળે છે કે સાધુમહાત્માઓમાં પુસ્તકોનો પ્રચાર વિશેષે કરીને પાછળથી થયેલો છે. વાત પણ

વાસ્તવિક છે કે જે વખતે ધારણાથી મનુષ્યો આગમોને મુખપાઠે ગ્રહણ કરી શકે અને રાખી શકે, તેવી વખતે પુસ્તકો રાખવાં તે મોક્ષમાર્ગના સાધનરૂપે નહિં. પણ માત્ર ઉપાધિરૂપે જ હોય. આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે નિર્યુક્તિકારોએ પુસ્તક ગ્રહણમાં પ્રાયશ્ચિત લેવાનું બતાવ્યું છે, છતાં ચૂર્ણિકારમહારાજાઓએ પુસ્તકનું ગ્રહણ તે દુષ્ષમાકાળને લીધે સંજમરૂપ ગણાવ્યું છે તેનો ખુલાસો થઈ જશે.

### દિગમ્બરોત્પત્તિ નિર્ણય સાથે ઉપયોગી જ્ઞાન કયું ?

ચાલુ અધિકારમાં તો માત્ર એટલું જ જણાવવાનું કે દિગમ્બરોની ઉત્પત્તિ શ્રમણભગવંતોમાં પુસ્તકોના પ્રચારકાળની પછી થયેલી છે કે જેથી તેઓને જ્ઞાનના સાધનને નામે પુસ્તકોને પરિગ્રહ નહિં ગણવાનું થયું છે, અને નિર્ગન્થમહાત્માને પણ નાગા થવા છતાં તે પુસ્તક રાખવાની છુટી અપાઈ છે, પરન્તુ જૈનદર્શનને સમજનારો સારી રીતે સમજી શકે તેમ છે કે છદ્મસ્થ મનુષ્યોને જ્ઞાન માત્ર ચારિત્રના સાધન તરીકે વધારવાનું હોય છે, અને જે જ્ઞાન ચારિત્રનું સાધન ન બની શકે તેવા જ્ઞાન તરફ શાસ્ત્રકારો પ્રવર્તવાની છદ્મસ્થસાધુઓને આજ્ઞા આપતા નથી અને એજ કારણથી નિમિત્ત જ્યોતિષો વિગેરેના જ્ઞાનોને પાપશ્રુત ગણવામાં આવેલા છે. આગમના નિર્મલ જ્ઞાનને ગ્રહણ કરનારાઓ જ્યારે શાસનપ્રેમીઓને અત્યંત ભક્તિનું સ્થાન ગણાવે છે ત્યારે પાપશ્રુત જે અંગનિમિત્તાદિ છે તેનો પ્રયોગ કરવાનો પણ નિષેધ કરે છે, એટલે એમ સ્પષ્ટ થાય કે શાસ્ત્રકારોનો મુદ્દો સંવર અને નિર્જરાને જ પોષણ કરનારા જ્ઞાન તરફ જ છે. તેમ તેઓ સ્પષ્ટ શબ્દોમાં પણ જણાવે છે કે **पढमं नाणं तओ दया** એટલે જેથી સંયમની પ્રવૃત્તિ થાય તેજ જ્ઞાન શાસ્ત્રકારોને ઇષ્ટ છે. અને તે સંયમની પ્રવૃત્તિ માટે જ્ઞાન મેળવવું તે આવશ્યક જ છે.

### જ્ઞાનનાં સાધનો તે પરિગ્રહરૂપ ન ગણાય.

આજ કારણથી છે **जया जीवमजीवे य** એ વિગેરે શ્રી દશવૈકાલિકસૂત્રના પ્રઘટ્ટકમાં **यदा तदा** કહીને જ્ઞાનથી આગળ સંજમ અને સંજમથી આગળ મોક્ષનો ઉદ્દેશ રાખી પરસ્પર સંબંધ જણાવાયો છે. આ વસ્તુ વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે જૈન શાસ્ત્રકારો જે જ્ઞાનની જરૂર માને છે તે માત્ર સંયમની રક્ષાને અંગે છે, તો પછી જ્ઞાનને માટે પુસ્તકાદિ સાધનો રાખવાની છુટ ગણે અને તે પરિગ્રહરૂપ ન ગણે, પરન્તુ જીવરક્ષા કે જે ચારિત્રનું મુખ્ય ધ્યેય છે તેને પાળવા માટેના ઉપકરણો છોડી દે તે તો ખરેખર આખા શરીરે નાગો રહીને માથે પાઘડી રાખનારા મદારીના માંકડાની ચેષ્ટાને જ સાર્થક કરે.

### હિંસાના નિવારણ માટે ત્રણ પાત્રોની જરૂર.

પરન્તુ ભગવાન્ જીનેશ્વર મહારાજના શાસનમાં તેવું અનુચિત વર્તન કે વચન હોય નહિં એ ચોક્કસ જ છે. તેથી સંભવિત રક્ષાને માટે પણ ઉપકરણોની જેમ જરૂર ગણી છે, તેવી રીતે સંભવિત હિંસાના નિવારણને માટે આ પાત્રોને ગ્રહણ

કરવાની શાસ્ત્રકારોએ ફરજ જણાવી છે. અર્થાત્ ચોમાસું બેસવા પહેલાં ઉચ્ચાર પ્રશ્રવણ અને શ્લેષ્માદિના પાત્રકોને સંયમધારીએ ગવેષીને લઇ રાખવાં જોઈએ. અને એ પણ પાત્રકોને લઈ રાખવું તે કેટલું બધું આવશ્યક હશે કે તે ત્રણ પાત્રો કે ચોમાસામાં ન ખોળવા જવાં પડે તેવી ચોમાસાની પહેલાં જ એટલે વર્તમાનકાળની અવસ્થિત પર્યુષણા પહેલાં દરેક સાધુઓએ તે ત્રણ પાત્રો ગ્રહણ કરવાં એમ કલ્પ તરીકે જણાવ્યું.

## લોચવિધાન આશ્ચર્યકારક નથી.

આવી રીતે ઊણોદરી નવવિગઇનો ત્યાગ પીઠ અને ફલકાદિ સંથારાનું ગ્રહણ કરવું, અને ઉચ્ચારાદિ ત્રણ માત્ર ગ્રહણ કરવાના કલ્પરૂપી ચાર પર્યુષણા કલ્પો જણાવવામાં આવ્યા. જેવી રીતે એ ચાર કલ્પો નિયમિત ચોમાસામાં રહેવાનું નક્કી કરનાર સાધુઓને કરવાના હોય છે, તેવી જ રીતે લોચ નામનો પાંચમો કલ્પ પણ કરવાનો હોય છે. ચોમાસામાં સ્વાભાવિક રીતે વરસાદનો કાળ હોવાથી શરદી રહે એ સ્વાભાવિક છે અને તે શરદીના કારણથી માથામાં ઉડીને આવેલી ધૂળથી થયેલા મેલને લીધે યૂકા અને લિક્ષ થવાનો વધારે સંભવ રહે. એક સિદ્ધાન્ત જૈનશાસ્ત્રનો જે જગત્માં જયધ્વજ ફરકાવનાર છે તે ધ્યાનમાં રાખવો કે એકપણ ત્રસ કે સ્થાવર જીવની વિરાધના જો સંભવ થકી પણ થવાની હોય અને તેનો બચાવ જો જીંદગી ભરના ઉદ્યમે કે પોતાના જીવનના ભોગે પણ થઈ શકતો હોય તો તે પરમકર્ત્તવ્ય તરીકે ગણવામાં આવ્યો છે. એજ અપેક્ષાએ શરદી અને મેલને લીધે વાળમાં જે જીવ ઉત્પન્ન થવાનો સંભવ છે એવા યૂકા અને લિક્ષા આદિ જીવોના બચાવને માટે ચોમાસામાં સ્થિરતા કરવા રૂપી પર્યુષણાની શરૂઆતમાં લોચ કરવાનું જૈનશાસ્ત્રકાર ફરમાવે છે તેમાં જરાયે આશ્ચર્ય નથી.

## હિંસાના બચાવ માટે લોચ કરવો જોઇએ.

જો કે ગ્રીષ્મઋતુમાં પરસેવાનો વધારે સંભવ હોય તેમજ ઉન્હાળાના વાયરાઓની પ્રચંડતા હોવાને લીધે વાળમાં વધારે મેલ બાઝવાનો સંભવ રહે, અને ઉન્હાળામાં વધારે યૂકા અને લિક્ષાની વિરાધનાનો સંભવ ગણાય, પરન્તુ ફાલ્ગુનચોમાસાની વખતે સામાન્ય રીતે છ માસિક લોચ કરેલો હોવાથી એટલા બધા વાળ વધવાનો સંભવ ન હોય અને તેથી બધા વાળ વધવાનો સંભવ ન હોય અને તેથી ચોમાસામાં ઉન્હાળા કરતાં વધારે ઉગેલા વાળોને લીધે યૂકા લિક્ષાનો વધારે સંભવ થાય એ સ્વાભાવિક છે, વળી ચોમાસાનો સ્વભાવ છે કે અંશે પણ ચીકાશનો જ્યાં લેપ હોય ત્યાં લીલ ફુલી કે જે અનંતજીવોના સમુદાયા સ્વરૂપ છે તે થવાનો અધિક સંભવ ગણાય. અને જે અનંતકાયના રક્ષણને માટે જૈનજનતા બાલપણાથી અને કુલપરંપરાથી અનંતકાયના ભક્ષણનો નિયમ કરે છે અને જે અનંતકાયની રક્ષા કરવી એ જૈનકુલની આવશ્યક ફરજ છે એમ જૈન જનેતા [illegible] અનંતકાયની વિરાધનાનો પ્રસંગ સાધુ[illegible] એ [illegible] તે

અનિવાર્ય હોય તેમાં આશ્ચર્ય નથી, અને તે અનંતકાયની વિરાધનાના પ્રસંગને ટાળવા માટે ચોમાસાના પાણીની શરદીથી અનંતકાયની ઉત્પત્તિ થવા પહેલાં લોચ કરવાનું નિયમિત વિધાન શાસ્ત્રકાર કરે અને સાધુમહાત્માઓ તેને આચરણમાં મૂકે તે નવાઈ જેવું નથી ?

## જીનકલ્પીઓ ચોમાસામાં સર્વદા લોચ કરે.

જો કે લોચની બાબતમાં બે મતો છે. અહિં બે મતો છે એનો અર્થ એ નથી કે કેટલાકો લોચ કરવાનુ કહે છે, અને કેટલાકો લોચ કરવાની ના પાડે છે, પરન્તુ કેટલાકો જીનકલ્પને ધારણ કરનારા હોય છે અને તેથી તેમનો કલ્પ જુદો હોય છે. જ્યારે કેટલાકો સ્થવિરકલ્પને ધારણ કરનારા હોય છે અને તેથી તેમનું આચરણ પણ જુદા રૂપે હોય છે, જેઓ કંઇક ન્યૂનદશપૂર્વ સુધીના શ્રુતજ્ઞાનને ધરાવનારા હોય છે, જેઓ તપ, સત્વ, સૂત્ર, આદિની ભાવનાએ પરિકર્મ એટલે અભ્યાસ કરીને તૈયાર થયેલા હોય છે, વળી જેઓ વજ્રઋષભનારાચ નામના ઉત્તમોત્તમ સંઘયણને ધારણ કરનારા હોય છે જેઓ શુદ્ધ આહાર ન મળે તો છ માસ સુધી આહાર ન કરતાં અગ્લાનપણે ઉપવાસ કરવાની શક્તિવાળા હોય છે. જેઓ સ્થંડિલ માટે બહાર ગયા હોય અન કદાચ શુદ્ધ જગા ન મળે તો જેઓ છ માસ સુધી સ્થડિલ ન જાય તો પણ તેવી અબાધાને ન પામે, એટલું જ નહિં, પરન્તુ એવી રીતે છ માસ સુધીમાં પણ જેઓને સ્થંડિલ કરવા લાયકની શુદ્ધિ જગા ન મળે તો તેઓ સ્થંડિલની તેવી બાધાવાળા થાય નહિં, આવા મહાપુરૂષો જ જીનકલ્પગ્રહણ કરી શકે છે, અને તેવા જીનકલ્પને લેનારા મહાત્માઓ ચોમાસાના કાળમાં હંમેશાં લોચ કરે છે, એટલે જીનકલ્પવાળાને લોચનું વિધાન ચોમાસાને માટે હંમેશનું છે ?

## જીનકલ્પનો વાસ્તવિક અર્થ શો ?

યાદ રાખવું કે વર્ત્તમાનકાળમાં કેટલાકો માત્ર વસ્ત્ર છોડી દઈને નાગા થવામાં જીનકલ્પીપણું ગણે છે, પરન્તુ ઉપર જણાવેલી શ્રુતજ્ઞાન અને શારીરિક શક્તિને ધરાવરનાઓ જ જિનકલ્પી હોય છે. જીન એટલે ભગવાન તીર્થંકર અને તેનો કલ્પ એટલે તેમનો આચાર તે જિનકલ્પ એવો જે અમે અર્થ કર્યો છે, તે અજ્ઞાની જીવોએ સમજવું જોઇએ કે પ્રથમ તો તીર્થંકર મહારાજા કલ્પાતીત હોય છે એટલે તીર્થંકર મહારાજને કોઈ કલ્પ હોતો નથી. આ વસ્તુ જો સમજવામાં આવશે તો તીર્થંકરના કલ્પને જીનકલ્પ તરીકે માનવાનું કે કહેવાનું કોઈ દિવસ સમજુ હશે તો કરી શકશે નહિ. વળી જીનકલ્પની હકીકતને જેઓ પૂરેપૂરી રીતે સમજી શકે છે તેઓ જીનેશ્વરમહારાજના ચારિત્રને જીનકલ્પ તરીકે ગણવા કોઈ દિવસ તૈયાર થઈ શકે નહિ.

## તીર્થંકરો જન્મતઃ ત્રણ જ્ઞાનવાળા હોય.

વળી એ પણ ધ્યાન રાખવું કે સર્વ કોઈ પણ તીર્થંકર મહારાજ જન્મથી ત્રણ જ્ઞાનવાળા જ હોય છે, અને ત્રણ જ્ઞાનવાળા હોઈને જ તેઓ ચારિત્ર લે છે. જો જીનેશ્વર મહારાજના કલ્પના જેવો કલ્પ તે જીનકલ્પ હોય છે એમ કહેવા જઈએ તો

અવધિજ્ઞાન સીવાયનો કોઈ પણ મનુષ્ય જીનકલ્પ લઈ શકે નહિં એમ માનવું જ પડે. વળી ભગવાન્ જીનેશ્વર મહારાજ જ્યારે જ્યારે ચારિત્ર ગ્રહણ કરે છે ત્યારે ત્યારે તેઓને જરૂર મનઃપર્યજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તેમની આખી છદ્મસ્થાવસ્થા મનઃપર્યવવાળૂ જ હોય છે, એટલે જો જીનેશ્વર મહારાજના કલ્પ જેવો જ જીનકલ્પ હોય છે એમ માનીએ તો કોઈપણ જીનકલ્પવાળો મનઃપર્યવજ્ઞાન વગરનો ન હોય એમ નક્કી માનવું જ પડે, તો પછી આ નાગા થઈને જીનકલ્પી બનનારા વર્તમાનકાળમાં દિગમ્બરો અવધિ અને મનઃપર્યવ વગરના હોવાથી શાસનમર્યાદામાંથી હાંકી કાઢવા લાયક જ બને છે.

**શું જીનકલ્પીને તેવા આચારથી કેવળજ્ઞાન ન થાય ?**

વળી એક વાત ધ્યાનમાં રાખવાની છે અને તે એ છે કે જીનકલ્પ તેઓ જ લે છે કે જેઓની સંપૂર્ણ દશપૂર્વ શીખવાની શક્તિ ન હોય. તો શું ભગવાન જીનેશ્વર મહારાજા તેવી શક્તિ વગરના હતા એમ આ દિગમ્બરો માનવા તૈયાર થાય છે. વળી જીનકલ્પને અંગે એ પણ નિયમ છે કે જીનકલ્પમાં રહેલો જીવ તેવી જાતના કર્મના ઉદયવાળો હોવાથી કેવળજ્ઞાન કે મોક્ષ મેળવી શકે નહિ. તો શું જીનેશ્વર ભગવાન્ પોતાના આચારમાં કેવલજ્ઞાન અને મોક્ષને ન મેળવી શકે ? અને એમ વર્તમાનકાલે નાગાને માનનારા દિગમ્બરો અને નાગાપણામાં જીનપણું છે એમ માનનારા અજ્ઞાનભદ્રિકો માનવાને તૈયાર થશે ?

**જીનકલ્પ તરીકે ગણાતા અને ઉપકરણ વિના રહેનારાની સ્થિતિ કેવી ?**

ભગવાન જીનેશ્વર મહારાજની ચારિત્ર અવસ્થા સર્વથા વસ્ત્ર રહિત હતી એમ નથી, એટલું જ નહિં, પરન્તુ જીનકલ્પવાળા સાધુઓ પણ ઉપકરણાદિકે રહિત જ હોય એવો નિયમ નથી, છતાં જેઓને ઉપકરણ રાખવાં નથી અને ઉપકરણ નહિં રાખવાને લીધે છ જીવનિકાયનું સત્તાનાશ વાળવું છે તેવા એક નાગાને જીનકલ્પી તરીકે ગોઠવી દેવાય એ દુઃષમકાળમાં વિષમય વાતાવરણનો જ પ્રભાવ છે. જીનકલ્પનો સારી રીતે વિસ્તાર શ્રી બૃહત્કલ્પ અને શ્રી પંચવસ્તુ સૂત્ર અને અન્ય ગ્રંથ વિગેરેમાં જણાવવામાં આવેલો છે તે આદ્યોપાંત જાણનાર અને માનનાર મનુષ્ય જ જીનકલ્પની સ્થિતિને બરોબર સમજી શકે. જો કે એ વાત ખરી છે કે એ ઉત્કૃષ્ટો કલ્પ છે પરન્તુ તે કોને અને કેવીરીતે કરવાનો છે અને કોને તે કલ્પવાળા કહી શકાય એ સમજવાની બહુ જરૂર છે. ટુંકાણમાં વર્તમાનમાં નાગા રહીને જીનકલ્પમાં ભળવા માગનારા દિગમ્બરો ભગવાન્ જીનેશ્વરમહારાજના માર્ગમાં સર્વથા વિરાધક થનારા છે. એટલું જ નહિં, પરન્તુ અનંતા ભવો રખડયા પછી પણ તેઓને ભગવાન્ જીનેશ્વરમહારાજનો માર્ગ પ્રાપ્ત થશે કે નહિ એ પણ શંકાસ્પદ છે. સંક્ષેપમાં પૂર્વે જણાવેલી શક્તિ અને આચારવાળા યથાર્થ જીનકલ્પીઓ તો ચોમાસાના ચારેમાસમાં હંમેશાં લોચ કરે જ. એટલે જે જે વાળ જ્યારે જ્યારે હાથમાં આવે ત્યારે ત્યારે

ચુંટી જ નાંખે. આ એક સામાન્ય જીનકલ્પીઓનો નિયમ પણ તે નાગા બનનારા દિગમ્બરસાધુઓમાં હોતો નથી. તો પછી તેવાઓને જીનકલ્પીમાં ગણવા કે જીનકલ્પી કહેવા તે અજ્ઞાન સિવાય બીજા કોઈનો પ્રભાવ નથી.

## જીનકલ્પમાં દીક્ષા દેવાય નહિ

પૂર્વે જણાવેલા જીનકલ્પ કરતાં બીજો કલ્પ સ્થવિરોનો છે અને તે કલ્પવાળાને સ્થવિરકલ્પી કહેવામાં આવે છે. આ સ્થવિરકલ્પમાં જ દીક્ષા દેવાનું હોય છે. ભગવાન્ જીનેશ્વરમહારાજે જેમ છદ્મસ્થાવસ્થામાં કોઈને પણ દીક્ષા દીધી નથી, અને તેઓ દેતા પણ નથી તેવી રીતે જીનકલ્પ ધારણ કરવાવાળા સાધુઓ પણ કોઈને પણ દીક્ષા આપે નહિ. અર્થાત્ દિગમ્બરો જો પોતાના કલ્પને જીનકલ્પ તરીકે ગણાવતા હોય તો તેઓને દીક્ષા દેવાનો અધિકાર હોઈ શકે નહિ, પરન્તુ ભગવાન્ જીનેશ્વરમહારાજા જેમ લોકલોકપ્રકાશક એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી જ સંસારસમુદ્રથી તારનારી એવી દીક્ષા કલ્યાણના અર્થી એવા ભવ્યજીવોને આપે છે, તેવી રીતે સ્થવિરકલ્પીઓ પણ સંસારસમુદ્રથી તારનારી એવી દીક્ષા કલ્યાણના અર્થી એવા ભવ્યજીવોને આપે છે.

## સ્થાવરકલ્પીઓ જ દીક્ષા આપે. છકાયના રક્ષકો તૈયાર કરે પણ તેજ.

વળી સંસારની મોહજાળમાં ફસાયેલા જીવો દેશના વિગેરેથી વૈરાગ્ય પામે અને સંસારનો ત્યાગ કરી ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી શકે, છતાં તે નવીનદીક્ષિતજીવોને છકાયના જીવોનું યર્થાથજ્ઞાન ન હોય તો તે જ્ઞાન સંપાદન કરાવવા માટે સ્થવિરકલ્પવાળા ગુરૂઓ જ પ્રયત્ન કરે, એટલે કહેવું જોઈએ કે સાધુમહાત્માને છકાયના જીવોની રક્ષામાં તૈયાર કરનાર જો કોઈ પણ હોય તો સ્થવિરકલ્પના સાધુઓ જ છે. યાદ રાખવું કે જીનકલ્પના સાધુઓ વાચના અને પૃચ્છનાના આચારથી દૂર જ હોય છે, અને સ્વાભાવિક છે કે વાચના અને પૃચ્છનાંના કાર્યો સ્કુલના માસ્તરોની માફક જુદી જુદી જાતના મગજથી જ કરવાનાં હોય છે અને તેવાં મગજો ધરાવવાં તે જીનકલ્પીઓને કરવા કોઈ દિવસ પાલવે જ નહિ.

## નવદીક્ષિત પણ સ્થાવિરને જ સોંપાય.

ભગવાન્ જીનેશ્વર મહારાજા પણ તે કાર્યો સ્થવિરને જ સોંપે છે. અને તેથી શાસ્ત્રોમાં દરેક દીક્ષાના પ્રસંગોમાં જોઈ શકીએ છીએ કે નવદીક્ષિતોને ભગવાન્ સ્થવિરોને જ સોંપે છે, વળી નવદીક્ષિત થનારો વૈરાગ્ય પામેલો અને સંસારસમુદ્રથી પાર ઉતરવાને માટે કટિબદ્ધ થયેલો હોય, છતાં સમિતિનો આચાર તેના અભ્યાસમાં ન હોય અને તે સમિતિનો આચાર તેમજ ભાતપાણીની ગવેષણારૂપી એષણાસમિતિનો આચાર મુખ્યત્વે કરીને સ્થવિરોએ જ શિખવવો પડે છે.

## નવદીક્ષિતને છ માસ સુધી પોષવો પડે.

ધ્યાન રાખવું કે સ્થવિરકલ્પીમહાત્માઓને તે નવદીક્ષિતને છ માસ સુધી તો પોતે ગોચરી પાણી લાવીને પોષવો પડે છે, અને જ્યાં સુધી તે નવદીક્ષિત ભિક્ષાકલ્પમાં તૈયાર ન થાય ત્યાં સુધી તેને ગોચરી પાણી લેવા મોકલવાનો હોતો નથી.

સ્થવિરમહાત્માઓ પોતે ગોચરીમાં તે નવદીક્ષિતને તૈયાર કરે. ગોચરીની બધી રીતભાતથી વાકેફ કરે. પછી પણ તેની ભિક્ષાકલ્પમાં પણ યથાયોગ્ય પરીક્ષા કરે અને તેમાં જ્યારે ઉર્ત્તીણ થાય ત્યારે જ નવદીક્ષિતને ગોચરી લાવવાનું કલ્પે. અર્થાત્ પિંડકલ્પિક બનાવવો, એષણાદિક સમિતિઓમાં તૈયાર કરવો, પ્રતિક્રમણઆદિ અને ઈચ્છાકારઆદિ દસ દસ પ્રકારની સામાચારીમાં તે નવદીક્ષિતને નિષ્ણાત કરવો તે સ્થવિરકલ્પીઓનું જ કાર્ય છે.

આવી રીતે માત્ર નિત્યક્રિયા અને નિત્યઆચારમાં જ માત્ર નવદિક્ષિતને તૈયાર કરવાથી સ્થાવિરકલ્પીમહાત્માઓની ફરજ પૂરી થતી નથી, પરન્તુ તે આખા સાધુના સમુદાયને ભગવાન્ જીનેશ્વરમહારાજના માર્ગ ઉપર સતત વહેવડાવવા માટે પણ તૈયાર કરવાની ફરજ પણ સ્થવિરકલ્પીમહાત્માઓને શિરે રહે છે.

## સ્થવિરકલ્પીઓની સદાની ડ્યુટી ક્યાં સુધીની?

આજ કારણથી ભગવાન્ શાસ્ત્રકારમહારાજાઓ જેમ અપ્રાપ્ત અને અપાત્રને શ્રુતાદિક આપવામાં પ્રાયશ્ચિત જણાવે છે, તેવી જ રીતે પ્રાપ્ત થએલ અને પાત્રભૂત એવા મહાત્માઓને શ્રુત વિગેરે નહિ આપવામાં પણ સ્થવિરકલ્પના સ્થવિરોને શાસ્ત્રકાર મહારાજા પ્રાયશ્ચિત લાગવાનું જણાવે છે. એટલે સ્પષ્ટ થયું કે ભવથી વૈરાગ્ય પામેલા જીવોને દીક્ષા આપવી અને પિંડાદિકકલ્પોમાં તૈયાર કરવા તેટલા માત્રથી સ્થવિરકલ્પીઓના સ્થવિરોનું કતાર્થપણું થતું નથી, પરંતુ દિનપ્રતિદિન નવા નવા જ્ઞાનાભ્યાસમાં જોડવાની, દિનપ્રતિદિન તે નવદીક્ષિતના આત્માને અપ્રમત્તદશામાં વર્તાવવાની ફરજ પણ તેજ સ્થવિરમહાત્માઓએ સંપૂર્ણપણે ઉઠાવવાની હોય છે.

## સ્થવિરકલ્પ વિના જીનકલ્પ હોઈ શકે નહિ.

વર્તમાનકાળમાં જીનેશ્વરભગવાનૂના શાસનમાં ગણાતા શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને ભેદો એ તો કબુલ કરે છે કે દીક્ષાની જઘન્ય વય આઠ વર્ષની હોય છે, તો તેવા જઘન્યવયે દીક્ષિત થયેલા સાધુનું આત્મકલ્યાણ કેવી રીતે થાય અને તેના ચારિત્રનું પરિપાલન કરનારો તે કેવી રીતે બને, એ બધી ફરજ સ્થવિરકલ્પી મહાત્માઓને શિર છે, જો સ્થવિરકલ્પ જેવો કલ્પ જ ન હોત તો જીનકલ્પ લેવાને લાયક થનારો કોઈ પણ જીવ સંસારમાં હોત જ નહિ. જીનકલ્પ લેનારો મહાત્મા ઓછામાં ઓછો વીસ વરસ તો સ્થવિરકલ્પની મર્યાદામાં રહેલો જ હોય છે, એટલે નક્કી થયું કે યથાર્થ પરંપરાની રીતિએ તો જીનકલ્પ થવાનું સ્થવિરકલ્પમાં વીસ વરસ સુધી વસેલાને જ હોય. એ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી જેઓ સ્થવિરકલ્પને માન્યા સિવાય એકલી નાગાપણાની અવસ્થામાં જીનકલ્પ માનનારા છે તેઓ કેવળ સંમુર્ચ્છિમ જીનકલ્પી જેવી સ્થિતિના જ છે એમ કહી શકીએ. બાળસાધુઓને પાળવાનું કાર્ય જેમ સ્થવિરકલ્પીઓને ફરજરૂપ છે, તેવી જ રીતે તપસ્વી, ગ્લાન, અનશનવાળા તેમજ વૃદ્ધ

સાધુમહાત્માઓનું વૈયાવચ્ચ કરાવવું, પાલન કરવું અને દિનપ્રતિદિન નિર્વિઘ્નપણે સમાધિમયજીવન ગાળવા આગળ વધારવાની ફરજ પણ સ્થવિરકલ્પીઓને શિરે જ રહે છે, એ બધી ફરજ નિયમિત અનુષ્ઠાનની માફક માત્ર સ્થવિરકલ્પીઓને કોઈ કોઈ દિને જ બજાવવાની હોય છે એમ નથી, પરન્તુ હંમેશાં તે ફરજો બજાવવાની હોય છે. આ વાત જ્યારે ધ્યાનમાં રાખવામાં આવશે ત્યારે આહારપાણી, વૈયાવચ્ચ, પડિલેહણ વિગેરેમાં જે બાલ ગ્લાન વૃદ્ધ વિગેરેના કાર્યો કરવાની રાખેલી ફરજો છે તેનો ખુલાસો થશે.

### સ્થવિરકલ્પમાં અવસ્થાશ્રિત લોચની રીતિ.

આ પૂર્વે જણાવેલા સ્થવિરકલ્પી મહાત્માઓનો લોચને અંગે એવો રિવાજ છે કે તે સ્થવિરકલ્પીઓમાં જો યાવન અવસ્થાવાળા હોય તો તેઓ દરેક ચાર ચાર મહિને લોચ કરે. સામાન્ય અવસ્થાવાળાઓ છ છ મહિને લોચ કરે અને વીસ વર્ષથી વધારે વખતના પર્યાયવાળાઓ કે જેઓને સ્થવિરકલ્પમાં પણ સ્થવિર તરીકે ગણવામાં આવે છે તેઓ એક વર્ષમાં એક વખત લોચની ક્રિયા કરે. ધ્યાન રાખવું કે આવી રીતે સ્થવિરોને ચાર મહિના, છ મહિના અને વર્ષ થયાં લોચ કરવાનો કલ્પ છતાં પણ પર્યુષણાની વખતે તો સર્વસ્થવિરોએ લોચ કરવાનો જ હોય છે. એટલે પર્યુષણાની અંગે સ્થવિરકલ્પીઓને માટે સંવચ્છરીની વખતે લોચનો નિયમિત કલ્પ છે. જ્યારે જીનકલ્પી મહાત્માઓને માટે તો ચોમાસાના ચારે મહિના પ્રતિદિન લોચ કરવાનો નિયમ છે. એટલે આ ઉપરથી કલ્પસૂત્રમાં શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુસ્વામિજીએ સંવચ્છરીના દિવસે ગાયના રૂવાંટા જેટલા પણ વાળ માથે ન હોવા જોઈએ એવું જે જણાવેલું છે તે સ્થવિરકલ્પીમહાત્માઓને અંગે યોગ્ય જ છે.

### લોચ પછી વાળનું પ્રમાણ કેટલું ?

એ ગાયના રૂંવાટા જેટલા વાળનું સૂત્ર જીનકલ્પીઓને માટે નથી. કેમકે તેઓ તો ચોમાસામાં ચારે માસ લોચ કરનારા હોય છે, પરન્તુ સ્થવિરકલ્પીઓ કે જેઓ ચાર માસ, છ માસ કે બાર માસે લોચ કરનારા છે તેઓને માટે શ્રી કલ્પસૂત્રમાં ગોલોમવાળું સૂત્ર છે. આ સર્વ હકીકત સમજવાથી માલમ પડશે કે ઉન્હાળામાં કદાચ પરસેવાની અધિક્તા થવાથી મલ થવાનો સંભવ ગણાય, તોપણ તે વખતે તેવા મોટા વાળ ન હોય તેથી લિક્ષા અને યુકા વિગેરેનો સંભવ ગણાય નહિ, પરન્તુ વર્ષાચાતુર્માસમાં તો તે વાળ મોટા હોવા સાથે ઉન્હાળાના પરસેવાથી બાજેલા મેલને લીધે લિક્ષા અને યુકાદિ હોવાના વધારે સંભવવાળા ગણાય. તેમજ લીલફુલ થવાનો સંભવ પણ તે મેલને લીધે વધારે ગણાય, માટે શાસ્ત્રકારોએ વર્ષાકલ્પના હીસાબમાં લોચ કરવાની ક્રિયાને પણ વર્ષાકલ્પના નિયમ તરીકે ગણાવી છે.

## સાધુપણામાં કષ્ટમયક્રિયા કયી ?

ઉપર જણાવેલી હકીકતથી વર્ષાઋતુમાં પર્યુષણાકલ્પની વખતે લોચનું નિયમિત વિધાન કેમ રાખ્યું છે અને તેમાં જીનકલ્પી અને સ્થાવિરકલ્પીને લોચ બાબતમાં કેવી રીતે જુદાપણું છે તેનો વિચાર કરવામાં આવ્યો છે, પરન્તુ કેટલાક ભદ્રિકજીવો તો લોચના વિધાનને જ આદરનું સ્થાન ગણતા નથી. વાત સાચી છે કે વર્ત્તમાન સાધુમહાત્માઓની બીજી બધી કષ્યમય ક્રિયાઓ કરતાં લોચ કરવાની ક્રિયા અન્ય મતવાળાઓને તેમજ કેટલાક જૈનમતવાળાઓને પણ અત્યન્ત દુઃખદાયક તરીકે માનવામાં આવી છે. જો કે લોચની ક્રિયામાં અસાતાની ઉદીરણા કે દુઃખની વેદના નથી એમ કોઈથી પણ કહી શકાય તેમ નથી, પરન્તુ જેમ કામના લોલુપી પુરૂષોને સ્ત્રીયોનો પરિહાર કરવો અને બ્રહ્મચર્યને ધારણ કરવું તે અત્યન્ત દુઃખમય લાગે છે, ધર્મ માટે તૈયાર થયેલા મહાપુરૂષો પણ પ્રથમ એવી જ રીતે માનનારા હોય છે છતાં આત્માના કલ્યાણને માટે પાપના કાર્યોથી બચવું એ સ્વાભાવિક છે એમ ગણીને જ ધર્મમાં પ્રવર્તેલા પુરૂષો તે બ્રહ્મચર્યને અવિચ્છિન્નપણે ધારણ કરવા અને શુદ્ધઉલ્લાસતી પાળવાને તૈયાર થાય છે. વળી કેટલાક ક્ષુધાવેદનીને નહિં સહન કરી શકનારાઓ રાત્રિભોજનનો ત્યાગ કરવો કે રાત્રિએ પાણી પીવાનો પ્રતિબંધ કરવો તે અશક્ય નહિં તો છેવટે મુશ્કેલ તો માને જ છે, પરન્તુ રાત્રિભોજનના દોષને તથા રાત્રિએ પાણી પીવામાં લાગતાં પાપોને સમજનારો સુજ્ઞમનુષ્ય તે રાત્રે નહિં ખાવા પીવાની આપત્તિને વહોરીને પણ રાત્રિના વખતમાં અશનાદિક ચારે પ્રકારના આહારને વાપરવાનો ત્યાગ કરે છે.

## સાધુક્રિયા પુદગલાનંદિને કેવી લાગે ?

ખરી રીતે વિચારીએ તો સંસારમાં રાચેલા અને પુદગલાનંદમાં ઓતપ્રોત થયેલા એવા ઈન્દ્રિયાનંદી જીવડાઓને સાધુમહાત્માઓની એક એકેએક ક્રિયા દુઃખમય જ લાગે છે. વાસ્તવિક રીતિએ જોઈએ તો સાધુમહાત્મા થનારા જીવો બાહ્યસુખની અપેક્ષાએ લાલચથી સાધુપણું લેતા નથી, અને લઈ શકે તેમ પણ નથી. સાધુપણાની દરેક ક્રિયા પુદગલાનંદીગૃહસ્થોને તો કેવળ ગાંડાની ચેષ્ટા જેવી લાગે. અને તે જ માટે એક કવિને મહાત્માના મોંઢામાં એમ બોલાવવું પડયું છે કે हमोसें मत मीलो लोको हमें बकते दिवानेंहैं એટલે સાધુમહાત્માની દશામાં આ દુઃખની ક્રિયા છે માટે ન હોવી જોઈએ. એવું વિચારવું તે સાધુમહાત્માની દશાને અને તેના ધ્યેયને જે નહિં ઓળખવાના જ કારણથી છે.

## આત્માનો ઉત્કર્ષ ક્યારે સધાય ?

શાસ્ત્રકારમહાત્માઓએ તો સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે देहदुक्खं महाफलं અર્થાત્ સંયમમાં બાધા ન થાય અને અસંયમનું પોષણ ન થાય તેવી રીતે શરીરને દેવાતી બાધા અગર શરીરદ્વારાએ સહન કરાતી બાધા મહાફલને દેવાવાળી એટલે મોક્ષના સાધનભૂત નિર્જરા ધર્મને કરવાવાળી અને વધારવાવાળી છે, વળી શાસ્ત્રકારો પરિષહ અને

ઉત્સર્ગોની પીડાને ડગલે પગલે સહન કરવા માટે મોક્ષાર્થીઓને માટે ફરમાન કરે છે. તો પછી દુઃખથી ડરવું એ મોક્ષાર્થીઓને માટે એક અંશે પણ પાલવે નહિ. છ ખંડના માલીક ચક્રવર્ત્તીઓ અને રાજા મહારાજાઓ પણ જ્યારે સાધુપણાની દશામાં દાખલ થાય છે ત્યારે તેઓને અનુચિત અશનાદિકના અને પરિષહ ઉપસર્ગનાં દુઃખો વેઠવાનો પ્રસંગ આવે છે. અને તેવા દુઃખો વેઠવાથી જ તેઓ પોતાના આત્માનો ઉત્કર્ષ સાધી શકે છે.

### સુખ ઉપર પ્રીતી અને દુઃખ ઉપર દ્વેષ કઇ અપેક્ષાએ ?

જો કે સંસારના સર્વ જીવોના લક્ષણ તરીકે સુખ ઉપર પ્રીતી અને દુઃખ ઉપર દ્વેષ એ બે વસ્તુઓ શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે. પરન્તુ તે સુખ ઉપરનો રાગ અને દુઃખ ઉપરનો દ્વેષ સાંસારિક સાહજીક અને સર્વદાની પ્રવૃત્તિને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. એટલે પૂર્વભવમાં બાંધેલા ગાઢતર કર્મોના ક્ષયને માટે ઉદ્યમવાન્ બનેલા મહાનુભાવોને માટે દુઃખનો દ્વેષ અને સુખનો રાગ કોઈપણ પ્રકારે વ્યાપક હોય એટલે અસ્તિત્વમાં હોય એમ સમજવાનું નથી. આ હકીકત આત્માના અનુપમસુખને એક બાજુ રાખીને આલેખાયલી છે. પરન્તુ જો તે શાશ્વતઆંતર સુખની અપેક્ષા રાખીએ અગર આત્માદિકના સુખની અપેક્ષાએ વિચાર કરીએ તો સાધુમહાત્માઓ અનન્તપુદગલપરાવર્ત્ત સુધી ચારે ગતિરૂપ સંસારમાં ભટકતાં જે દુઃખો થવાનાં છે તે દુઃખોથી ઉદ્વેગ પામેલા જ છે અને આત્માના તથા મોક્ષના અવ્યાબાધ એવા સુખોની ઈચ્છાથી જ તેઓ કષ્ટમય સાધુક્રિયાને આદરમાં મૂકે છે. પગમાં વાગેલા કાંટાને કાઢવા માટે જેમ સોય ખોસવાની વેદનાને સહન કરવી પડે છે, ગુમડાંને મટાડવા માટે તેને ધોવા વિગેરેની ક્રિયાથી થતું દુઃખ સહન કરવું પડે છે, તેવી રીતે આ જીવને પણ ભવિષ્યનાં તીવ્ર દુઃખો મટાડવા આ દુઃખની પસંદગી કરવી જ પડે છે.

### દુઃખ સહન કર્યા વિના છુટકો નથી.

સંસારમાં રહેલા દરેક જીવને બે જાતના દુઃખમાંથી એક જાતનું દુઃખ પસંદ કરવાનું છે. સંસારા જીવ જો વર્તમાન કાળના ત્યાગના દુઃખોને સહન નહિં કરે તો તેને ભવાંતરમાં નરક તિર્યંચગતિનાં દુઃખોને જરૂર સહન કરવાં પડશે અને જે સંસારી જીવ ત્યાગ કે પરિષહ કે ઉપસર્ગના દુઃખોને સહન કરશે તેઓને કોઈ પણ કાળે નરક તિર્યચઆદિગતિનાં દુઃખો સહન કરવાં પડશે નહિજ. અર્થાત્ વર્તમાનજન્મ કે ભવિષ્યના જન્મોમાંથી કોઈપણ જન્મનાં દુઃખોને સંસારી જીવને સહન કરવાની ફરજ છે, તોપછી કયો સુજ્ઞમનુષ્ય વર્તમાન જન્મમાં અને સ્વાધીનતાએ પરિષહ, ઉપસર્ગ ત્યાગના દુઃખોને કે જે ગત્યન્તરની અપેક્ષાએ માત્ર સ્વલ્પપ્રમાણમાં છે તેને સહન કરીને ગત્યન્તરના નિઃસીમ અને અસંખ્યકાળના દુઃખોને જલાંજલી આપવામાં ભૂલ કરે ?

### અત્યાગીને દુઃખ ક્યાં સુધી ?

વર્તમાનજન્મમાં ભોગોનો ત્યાગ અને પરિષહ ઉપસર્ગોથી જે દુઃખ સહન કરવું પડે તે ક્રોડપૂર્વથી વધારે કાળનું તો હોય જ નહિ. કેમકે ત્યાગની વધારેમાં વધારે મર્યાદા ક્રોડપૂર્વની છે, પરન્તુ નરકાદિકગતિઓમાં પરાધીનપણે અકથ્ય એવાં દુઃખો જે સહન કરવાં પડે છે તેનું પ્રમાણ કંઈક હજારો વર્ષનું, લાક્ખો વર્ષનું, ક્રોડો વર્ષનું, અબજો વર્ષનું કે પરાર્ધો વર્ષોનું નિયમિત હોતું નથી, પરન્તુ અસંખ્યાતકોડાકોડીવર્ષોએ થનારા એવા પલ્યોપમથી દસ કોડાકોડી ગુણા કરીએ અને જે કાળ આવે અને જેને સાગરોપમ કહેવાય છે એવા કેઈ સાગરોપમ સુધી એક જ ભવની અપેક્ષાએ લઈએ તો અમતિ પલ્યોપમો અને સાગરોપમો સુધી તે નરકનાં દુઃખો વૈરાગ્યમાર્ગમાં નહિં આવનાર અને ત્યાગ તથા પરિષહ ઉપસર્ગોના દુઃખોને નહિં સહન કરનાર જીવોને વેઠવાં પડે છે.

### વૈરાગીની દશા કેવી ?

વળી નરકાદિકગતિઓમાં સાગરોપમો સુધી અકથ્ય અને અનુપમેય દુઃખોને સહન કરતાં પણ જ્ઞાનદશા ન હોવાથી જીવને નવાંનવાં કર્મો બાંધવાનું થાય છે. એટલે તે જીવ મોક્ષના માર્ગ તરફ અંશે પણ તેવું વેઠવા છતાં વધી શકતો નથી, પરન્તુ વૈરાગ્યમાર્ગે આવેલો મહાપુરૂષ ત્યાગ અને પરિષહ ઉપસર્ગોનાં દુઃખો વેઠતાં પ્રતિસમયે અનંતાનંતગુણી નિર્જરાને કરતો થકો મોક્ષમાર્ગની અત્યન્તનિકટમાં જાય છે. કેટલાક અજ્ઞાની જીવો જેમ આળસનું પોષણ કરવામાં જ મગ્ન થયેલા હોય છે અને તેથી જ વિદ્યાભ્યાસના કષ્ટથી વિધવિધ ફાયદાઓને ન દેખતાં તે ફાયદાઓના કથનને લાલચરૂપ ગણાવે તેવી જ રીતે આબરૂની ઉપર પાણી ફેરવનારા લોકો આબરૂની વાતને હમ્બકરૂપ ગણાવે. વળી વ્યસનમાં ઓતપ્રોત થયેલા લોકો સજ્જનના વર્ત્તનને ઢોંગ રૂપ ગણાવે, તેવી રીતે કેટલાક શ્રદ્ધાસહિત હોઈને નાસ્તિક થયેલા, ધર્મહીન થઈને અધર્મી બનેલા, પોતે સંસારના ખાડામાં પડનારા થઈને બીજાઓને પાડવા તૈયાર થયેલા, મૂર્ખશેખરો પણ ધર્મ સ્વર્ગ અને મોક્ષ વિગેરેની વાતોને હમ્બક અને લાલચ વિગેરે શબ્દોથી નવાજે અગર ધર્મના તથા શાસ્ત્રના શ્રવણનો ઉપદેશ કરનારા મહાત્માઓને નરકનિર્દેશકટોળી, નિગોદનિર્દેશકટોળી વિગેરે નામો બદદાનતથી આપી નવાજે તેમાં કંઈ આશ્ચર્ય જ નથી.

### નેત્રની જેમ મહાપુરૂષો ઉપકારી કેમ નહિં ?

પરન્તુ ધ્યાન રાખવું કે કાંટાની વાડમાં પડનારો મનુષ્ય સૂર્યને કાંટા દેખાડનાર છતાં ન માને કે તેનું અપમાન કરે તો તેટલા માત્રથી તે મનુષ્ય કાંટાના દુઃખોથી બચી શકતો નથી, તેવી રીતી પાપથી થનારા નરક અને નિગોદના દુઃખોને જણાવનાર મહાત્માઓ તરફ ઉપેક્ષા કરવાથી કે તેમની નિંદા કરવાથી ધ્યાનમાં રાખવું કે કોઈ દિવસ પણ તે નરક અને નિગોદના દુઃખોથી બચી જઈ શકાશે જ નહિ. યથાસ્થિત સ્વરૂપ દેખાડવામાં જો

કોઈપણ પ્રકારે અવગુણો દેખાતા હોય તો પછી જગત્‌માં દીપક ચંદ્ર અને અને સૂર્ય જેવા પદાર્થો તો તેવા ઉદંડોને માટે શ્રાપરૂપ જ હોવા જોઈએ. વધારે તો શું કહેવું ? પરન્તુ તેવા ઉદંડોને માટે તો કાંટા કાંકરા અને ખાડા ખોચરાને દેખાડારી પોતાની આંખ જ ખરેખર શ્રાપરૂપ જ થાય. શું તેઓ પોતાની આંખને કંટક નિર્દેશક કે ગર્ત્તાનિર્દેસક આદિ હાંસી અને અવજ્ઞા રૂપ શબ્દોથી નવાજીને કાઢી નાંખવાનો પ્રયત્ન કરે છે ખરા ? જો કાંટા કાંકરા અને ખાડા ખોચરાને આંખ બતાવે છે અને તેથી આપણે કાંટા-કાંકરા અને ખાડા ખોચરાથી બચી શકીએ છીએ માટે આંખનો તો ખરેખરો કાંટા કાંકરા અને ખાડાખોચરાથી બચાવવાનો ઉપકાર છે તો તેજ પ્રમાણે વર્તમાન જીંદગીમાં કરાતા અનેક ઘોર પાપકર્મોથી થનારા નરક અને નિગોદના દુઃખોને બતાવનાર મહાપુરૂષો કેમ અત્યન્ત ઉપકારી થાય નહિં !

## નરકાદિને નોંતરનારા કોણ !

આ બધુ કહેવાનું તત્ત્વ એટલું જ છે કે ધર્મ સ્વર્ગ કે મોક્ષ એ વાસ્તવિક છે અને તેથી તે લાલચરૂપ નથી, અને તેવી જ રીતે અધર્મ પાપ અને નરક નિગોદનાં દુઃખો એ પણ વાસ્તવિક જ છે, અને તે કહેવાં તે છોકરાને હાઉ કહેવા જેવું નથી. આ બધી વસ્તુ વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે હિંસાદિક પાપસ્થાનકોમાં વર્તવાવાળો, ઈન્દ્રિયોના વિષયનો ઉપભોગ કરવામાં આનંદ માનનારો, અને કાયાના પોષણમાં જ તત્પર બનનારો, મનુષ્ય જરૂર નરક અને નિગોદના દુઃખોને નોંતરૂં આપે છે, પરન્તુ હિંસાદિ પાપસ્થાનોથી નિવર્તવાવાળો, ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત નહિ થનારો, પરન્તુ તેનો પરિહાર કરનારો અને મોક્ષના સાધનભૂત મળેલી ઔદારિકાયાથી અનેક પ્રકારની નિર્જરા કરતાં વૈરાગ્ય ત્યાગ અને પરિષહ ઉપસર્ગના સહનમાં લીન બનેલો મહાપુરૂષ જ તે ભવિષ્યના નરક નિગોદના દુઃખોને સર્વથા દૂર કરે છે. એટલું જ નહિ, પરન્તુ સર્વદાને માટે તેનો નાશ કરે છે.

## લાભના ઉદ્યમમાં દુઃખ સહવું પડે.

વ્યાપાર કરનાર સુજ્ઞમનુષ્યો જેમ લાભની અપેક્ષા રાખી વ્યાપારના ઉદ્યમમાં થતા દુઃખોને ગણકારતો નથી, તેવી જ રીતે ધર્મ, નિર્જરા અને મોક્ષને મેળવવા માટે તત્પર થનારો મહાત્મા લોચાદિક કાયકષ્ટની દરકાર અંશે પણ ન કરે તે સ્વાભાવિક જ છે, વળી જે શાસ્ત્રકારો અન્યજીવોની કિલામણા પણ કરવી તે પાપરૂપ જણાવે છે કે શાસ્ત્રકારો કેટલા બધા મહાફળનું કારણ હોય ત્યારે લોચાદિકકાયકષ્ટોનું ફરજીયાત કરવાપણું જણાવે. જો કે ધર્મથી ચ્યુત થનાર લાગે, તેવે પ્રસંગે, કે બાલાદિ હોય અને રૂદન કરે જેથી અન્યને પણ ધર્મની અરૂચિ થાય તેવે પ્રસંગે, શાસ્ત્રકારો તે ફરમાનમાં અપવાદ રાખે છે, પરન્તુ તે અપવાદ જૈનશાસનમાં એકાન્તવાદ નથી, એટલું જ માત્ર જણાવવા માટે બસ થાય છે, અને એ અપવાદોનો પ્રસંગ શક્તિસંપન્ન, લષ્ટપુષ્ટ યુવાનોને કરવાનો હોય નહિં અને કરે તો તે અપવાદ માર્ગ કહેવાય જ નહિં.

**વિના કારણે અપવાદના સેવનથી થતું કટુક ફલ.**

જેવી રીતે દ્રવ્યાદિક કારણોને અંગે થતું અપવાદનું સેવન તે ઉત્સર્ગના ફલને દેનારૂં છે, એવી જ રીતે વગર દ્રવ્યાદિક કારણોએ સેવાતો અપવાદ એ ઉત્સર્ગમાર્ગની સરખો નથી એટલું જ નહિં પરન્તુ તે વાસ્તવિક રીતે અપવાદ માર્ગ જ નથી, કિન્તુ સુખશીલતાસ્વરૂપ તે અપવાદનું સેવન ગણાય અને તેથી નિષ્કારણ અપવાદ સેવનારાઓને માટે શાસ્ત્રકારો સંયમની વિરાધના થયેલી જણાવવા સાથે દુર્ગતીનું ગમન જ જણાવે છે. વળી બારીકદ્રષ્ટિએ જણાવીએ તો વગર અપવાદના સ્થાને અપવાદ છે એમ કહેનારા કે અપવાદને માનનારાને શાસ્ત્રકારોએ ઉત્સૂત્રભાષક કે ઉન્માર્ગગામી જ જણાવ્યા છે, ધ્યાન રાખવું કે સ્ત્રીના સંઘટ્ટાને માટે સર્વથા એકાન્ત પક્ષ નથી, કેમકે સ્ત્રી એવી નદીમાં તણાતી જે સાધ્વી તેના બાહુઆદિક અંગોપાંગોને પકડીને પણ નદીથી બહાર કાઢવાનું શાસ્ત્રકારો ફરમાન કરે છે, છતાં શ્રી કુવલયપ્રભાચાર્ય સ્ત્રીનો સંઘટ્ટો કે જે પોતાના પ્રમાદથી થયેલો હતો તેનો અપવાદપદ નામ લઈને બચાવ કર્યો તેથી તે આચાર્યે જે પૂર્વે તીર્થંકરનામગોત્ર બાંધેલું હતું તે ચાલ્યું ગયું અને કેઈ ચોવીસીઓ સુધી તેઓની સંસારમાં રખડપટ્ટી થઈ. આ વસ્તુ ધ્યાનમાં રાખનારો મનુષ્ય પોતાના પ્રમાદથી થયેલા કાર્યને પણ અપવાદના નામથી બચાવે નહિં જ તો પછી સુખશીલતાને લીધે કે દુઃખભીરૂતાને લીધે લષ્ટપુષ્ટ યુવાન નિરોગી સાધુઓ લોચ ન કરાવે અને તે કૃત્યને અપવાદપદમાં જોડે કે જાહેર કરે તે શાસ્ત્રનુસારી અને શાસનપ્રેમીઓને માટે તો કોઈપણ પ્રકારે ક્ષન્તવ્ય જ નથી.

**અશક્ત માટે મૂંડન તે મર્યાદિત હોય ?**

બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે લોચકરનારા સાધુઓને જ ચાર મહિના છ મહિના કે વર્ષ સુધી માથાના વાળો વધવા દેવાની આજ્ઞા છે, પરન્તુ જેઓ જુવાન હોય, વૃદ્ધ હોય, કે ગ્હાય જેવી અવસ્થામાં હોય, તો પણ જો તે મુંડન કરાવનારા હોય તો તેને ચાર મહિના છ મહિના કે વર્ષ સુધી કેશોને વધારવાનું ફરમાન શાસ્ત્રકારોએ જણાવેલું નથી. અશક્તોને માટે શાસ્ત્રકારોએ લોચનને સ્થાને મુંડનનો જે અધિકાર દીધેલો છે તેમાં મહિનાની મર્યાદા જણાવવામાં આવી છે. એ દૃષ્ટિએ જો વિચારીએ તો શાસ્ત્રોના કથનનું તત્ત્વ એજ નીકળે કે મુંડન કરાવનારાએ એક મહિને મુંડન કરાવી લેવું જ જોઈએ. જો કોઈપણ વિશેષ કારણ ન હોય અને છ મહિના સુધી વાળ વધારીને કે વર્ષ સુધી વાળ વધારીને જે મુંડન કરાવવામાં આવે તે કેવલ લોચ કરનારા સાધુઓની સરખા દેખાવવાના ઢોંગ જ કરવા જેવું ગણાય, લેખક માને છે કે જો શાસ્ત્રકારોના કથન મુજબ કોઈપણ કારણથી મુંડન કરાવનારને મહિને મહિને મુંડન કરાવવાનું બને તો વર્ત્તમાનમાં લોચ નહિં કરાવવાના રાસોં સાધુમાંથી સિત્તેર સાધુઓ તો લોચ કરાવવા જ તૈયાર થાય. કારણ

કે મહિને મહિને લોચન નહિં કરાવવાની જાહેરાત જો મુંડન દ્વારાએ થતી રહે તો કોઈપણ સાધુ તેવી જાહેરાત ખમવાને જો તે શક્તિમાન્ હોય તો તૈયાર રહે જ નહિ, પરન્તુ વર્તમાનકાળમાં મુંડનની પ્રવૃત્તિવાળાઓમાં લોચવાળાની માફક છ છ માસે મુંડનની પ્રવૃત્તિઓ થયેલી હોવાથી તેવી જાહેરાતથી થતો ફરક ઓછો દેખાય છે.

### અધ્યાત્મવાદીઓના લોચને અંગે થતા ઢોંગો

કેટલાક જીવો મુંડન કરાવવું એ દોષપાત્ર ગણીને મહિને મહિને તે મુંડનનો દોષ લગાવવો તે ઉચિત નથી એમ ધારણા કરતા હોય તો તે અસંભવિત લાગતું નથી, જો કે એ ધારણા પણ શાસ્ત્રકારોને સંમત હોય તેમ લાગતું નથી, છતાં કેટલાક લોકોમાં ગણાતા મહાત્માઓ અધ્યાત્મિકપણાની વાતો કરવાવાળા હોવા સાથે ભજન અને ગીતો દ્વારાએ પોતાના આધ્યાત્મિપણાનો ડોળ કરી પોતાને અધ્યાત્મિકના વર્ગમાં ગણાવવા માગનારા છતાં મુંડન બાબતની પ્રવૃત્તિ જેમ તેઓને માટે સર્વથા લાયક નથી, તેમ તેઓની મુંડનની સાથેની બીજી પ્રવૃત્તિઓ તો ખરેખર આત્માની કોઈક બીજી જ દશા જણાવે છે, તેવા લોકો લોકોને લોચનો ઢોંગ દેખાડવા માટે જેમ લોચવાળાઓને લોચની ગરમીની શાન્તિ માટે ભક્તો બરાસ સુખડ વિગેરેના લેપો કરે છે તેવીરીતે તે મુંડન કરાવનારા અધ્યાત્મવાદી બગભક્તો પણ પોતે મુંડન કરાવેલું હોય છતાં પણ સુખડના લેપનો આડંબર કરી લોકોને દંભથી લોચ કરાવેલા તરીકે પોતાને ગણાવી છેતરે છે, વળી કેટલાક અધ્યાત્મ આડંબરીઓ છ છ માસે મુંડન કરાવ્યા છતાં લોકોને લોચની છાયા પાડવા માટે સુખડ અને બરાસના લેપો લગાવ્યા છતાં જાણે રખેને હું લોચ કરાવનારા સાધુ મહાત્માઓથી ઓછો ગણાઉં કે મારા અધ્યાત્મનું પોગલ ગણાય, એમ ધારી કેટલાક લોચવાળાઓ લોચને લીધે થતા માથાના દુઃખાવાને લીધે કેટલીક મુદત જેમ રૂમાલો બાંધે છે તેમ તે અધ્યાત્મનો ઢોંગ કરનારા સુખશીલીઆઓ પણ લોચની વખતમાં મુંડન કરાવી, સુખડો વિગેરે ચોપડાવી અને રૂમાલો બાંધીને ઢોંગ કરે છે. આ વાત જગત્‌ને ભરમાવવા નીકળેલા કહેવાતા અધ્યાત્મવાદીઓની શાસ્ત્રકારોના વચનની અપેક્ષાએ કેવી ગતિ થતી હશે ? તે વિચારવાનું વાચકોને સોંપવું એજ ઉચિત છે. જોકે સામાન્યરીતે મુંડન કરાવનારા મુનિમહારાજોને અંગે અને તેમાં પણ મુંડન કરાવ્યા છતાં લોચના ઢોંગ કરનારાઓને અંગે ઉપર જણાવેલી હકીકત કંઈક કઠોરતાને ધારણ કરશે, છતાં એવા જાહેરકાર્યોમાં ઢોંગ કરનારાને માટે આટલું સામાન્ય વિવેચન કરવામાં ન આવે તો સંભવ છે કે એવા ઢોંગીઓના પ્રભાવે ભગવાન્ જીનેશ્વરમહારાજે કહેલા માર્ગને અનુસારે ચાલનારા મહાપુરૂષોની જાહેર લોકોમાં અવજ્ઞા થવાનો સંભવ આવે કોઈપણ વ્યક્તિ કે કોઈપણ સમુદાયને હલકો પાડવાનો ઉદેશ એક અંશે પણ નહિ રાખતાં માત્ર કેવળ અધ્યાત્મવાદીઓને

અંગે જે શાસ્ત્રકારો કહે છે કે :- जो जह वायं न कुणइ मिच्छादिट्ठि तओ हु को अन्नो। અર્થાત્ જે પુરૂષ બોલ્યા પ્રમાણે કરે નહિ તેનાથી બીજો મિથ્યાદષ્ટિ કયો ? એ વિચારવા જેવું છે. ધ્યાન રાખવું કે જેઓ અધ્યાત્મનો ડોળ કરનારા નથી, તેઓ તો પોતાની અશક્તિ કે પ્રમાદ કે એવું બીજું કંઈપણ આગળ કરી શકે, પરન્તુ જેઓ અધ્યાત્મનો ડોળ ઘાલી કાયાની જડતાને અંગે આત્માની ખરેખર ભિન્નતા પોતે પીછાની છે એમ જણાવવાળા છતાં જ્યારે ઢોંગ કરે ત્યારે ખરેખર તે ઢોંગ પ્રગટ થતાં તે અધ્યાત્મનો ડોળ ઘાલનાર મનુષ્ય લોકોને મિથ્યાત્વ જ પમાડનારો થાય અને તેથી તેના જેવો મિથ્યાદષ્ટિ બીજો કોઈ નહિ એમ શાસ્ત્રકારો કહે તેમાં આશ્ચર્ય જેવું નથી.

## લોચાદિક કષ્ટોને સહન કરનારાઓની ભક્તિથી ફળ કયું ?

લોચની ક્રિયા પર્યુષણાના પ્રસંગને અંગે નિયમિત છે અને તેથી તે ક્રિયા ત્રીજા ઔષધની માફક એકાન્ત ગુણ કરનારી જ છે, અને તેથી જ તે લોચની ક્રિયાને કલ્પ તરીકે શાસ્ત્રકારોએ ફરમાવી છે. એટલું જ નહિ પરન્તુ લોચ કરનારની ભક્તિને માટે શાસ્ત્રકારોએ મહાફળની પ્રાપ્તિ જણાવી છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે -

''पहसंतगिलाणेसु आगमगाहीसु लोयकारीसु उत्तरपारणगे अ दिन्नं सुबहुप्फलं होइ''

અર્થાત્ વિહાર કરીને થાકેલા, માંદા થયેલા આગમાદિક જ્ઞાનને ગ્રહણ કરનારા એટલે અભ્યાસી સાધુઓ અને લોચ કરનારા સાધુઓમાં જે દાન દેવામાં આવે છે તે ઘણા ફળને એટલે બીજી વખતના સુપાત્રદાન કરતાં અત્યન્ત ફળને દેનારૂં થાય છે. એવી જ રીતે તપસ્યાના ઉત્તર પારણે પણ દેવાતું દાન ઘણા ફળવાળું થાય છે અને તેને માટે મૂળદેવ-ધન્નાજી શાલિભદ્રજી અને સુબાહુકુમાર વિગેરેનાં દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં સ્થાને સ્થાને જણાવવામાં આવેલાં છે. આ વસ્તુને વિચારતાં લોચ કરનારાઓને અંગે લોચની વખતે દેવાતું દાન જે મહાફળવાળું જણાવવામાં આવ્યું છે તે સર્વકાળમાં લોચની મહત્તાને સમજાવ્યા વિના રહેતું નથી, પરન્તુ આ પર્યુષણાની વખત તો તે લોચની ક્રિયા તો અવશ્ય કર્તવ્ય તરીકે છે બીજા કોઈ પણ પાક્ષિક ચાતુર્માસિક દિવસોને અંગે વધારે પ્રમાણમાં વાળ હોવાનો શાસ્ત્રકારોએ નિષેધ જણાવ્યો નથી, ત્યારે આ સાંવત્સરિકપર્યુષણાને અંગે તો શાસ્ત્રકારોએ ગોલોમ પ્રમાણ કરતાં અધિક વાળ રહે ત્યારે પ્રાયશ્ચિત લાગે અગર સાંવત્સરિકની ક્રિયા યથાસ્થિતિ ન થાય એમ જણાવી લોચની નિયમિતકર્તૃતા જણાવી છે. આટલી હકીકત જણાવ્યા પછી લોચ કરવાથી તથા ગુણો અને લોચ નહિ કરાવવાથી થતા અવગુણો જણાવી ચોથા કલ્પને સમાપ્ત કરવું ઉચિત ધાર્યું છે.

**મનને રોકવા પહેલાં કાયાનો કબજો કરવો જોઈએ.**

અનાદિકાળથી સંસારમાં રખડપટ્ટી કરનારા જીવો મન, વચન અને કાયા એ ત્રણ યોગો દ્વારાએ કર્મ બંધનને કરે છે એ વાત જૈનશાસનને જાણનારા અગર બીજા કોઈ પણ આસ્તિકમતવાળાઓથી અજાણી નથી. તેમાં જો કે મનદ્વારાએ બંધાતાં કર્મો ચીકણાં હોય છે તો પણ તે મન કાયાના ચીલે જ ઘણા ભાગે પ્રવર્તવાવાળું હોય છે. નહિં અનુભવેલી, નહિ દેખેલી અને નહિં સાંભળેલી વસ્તુઓ તરફ મનનું દોરાવવું થયું હોય એમ કોઈ પણ સુજ્ઞ મનુષ્ય માની શકે નહિ. એ વસ્તુ તરફ ધ્યાન રાખવાથી સ્પષ્ટ માલમ પડશે કે મનને રોકવાની ઈચ્છાવાળાઓએ કાયાને જરૂર કબજામાં લેવી જ જોઈએ.

**મન-કષાય-ઈન્દ્રિયોમાં સર્વ શ્રેષ્ઠ કબજો સ્પર્શેન્દ્રિયનો જ હોય.**

ધ્યાન રાખવું કે પાંચે ઈન્દ્રિયો સંસારના કારણભૂત કર્મ બંધાવવામાં મ્હોટો ભાગ ભજવે છે. મન અને કષાયો જો કે કર્મ બંધાવવામાં મોટો ભાગ ભજવનારા ગણાય છે અને તે વાસ્તવિક પણ છે, છતાં તે મન અને કષાયોની ઈન્દ્રિયોના વિષયથી અને તે વિષયોના અભ્યાસથી જ મનની અસ્તવ્યસ્ત દશા થાય છે, એટલે મન અને કષાય એ બન્ને વસ્તુને કાબૂમાં લેવાવાળાએ ઈન્દ્રિયોને વશ કરવી એ પહેલે નંબરે કર્મના બંધનથી બચવાનો રસ્તો છે, એવી રીતે જ્યારે ઈન્દ્રિયો માટે મનને જીતવા અને કષાયોને જીતવા માટે વશ કરવાની પહેલી મુખ્ય જરૂર છે, તો તે ઈન્દ્રિયોમાં પણ સર્વ ઈન્દ્રિયોને આધાર અગર સર્વ ઈન્દ્રિયો સાથે વ્યાપક એવી જો કોઈપણ ઈન્દ્રિય હોય તો તે માત્ર સ્પર્સેન્દ્રિય છે માટે તે ઈન્દ્રિયને જે સ્થાન આપવામાં આવ્યું છે તેની વ્યાપકત્તાને લઈને તથા પ્રથમોત્પત્તિ લઈને છે.

**દુઃખને સહન કરતાં શીખો.**

સામાન્ય રીતે આ વસ્તુ સમજવામાં આવશે તો લોચની ક્રિયા કાયાના યોગ ઉપર, ઈન્દ્રિઓ ઉપર અને કષાયો ઉપર જય મેળવવામાં કેટલી બધી ઉપયોગી છે અને તેથી તેની આવશ્યક્તા કેટલી છે તે સમજાશે. જગત્‌માં સામાન્ય નિયમ એવો છે કે મનુષ્યે સુખશીલતાવાળા ન થતાં દુઃખની સહિષ્ણુતાવાળા થવું જોઈએ. જે મનુષ્યો સુખશીલતાથી જીવન ગુજારવાવાળા હોય છે તે મનુષ્યોને કોઈ આકસ્મિક સંયોગે આપત્તિ આવતાં કઈ દશા થાય છે તે સુજ્ઞમનુષ્યોના ધ્યાન બહાર નથી. સુજ્ઞ મનુષ્યો જાણે છે કે દેશના નેતાઓ દેશના ઉદ્ધારને અંગે કારાગૃહમાં જવું પડે એ પ્રથમ નક્કી કરીને તે કારાગૃહની દશાને લાયક નીતિએ પણ સ્વાધીનદશામાં વર્તે છે. અને કારાગૃહની રીતિએ ટેવાયેલ મનુષ્યો અનેક વખતે કારાગરમાં ગયા છતાં દેશની ઉન્નતિના ધ્યેયને છોડતા નથી.

(અપૂર્ણ)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી પાના ૪૭૧ થી શરૂ)

## આત્મા અને તેનું નિત્યાનિત્યપણું

ધર્મનો આત્મા ઉપર અવિભાજ્ય અધિકાર છે. ❋ શૈવો અને વૈષ્ણવોની મોક્ષની માન્યતા અને તેમાં રહેલું સત્યાસત્ય ❋ જીવના સ્વરૂપમાં જૈનમાન્યતાનું શ્રેષ્ઠત્વ ❋ જીવની વ્યાખ્યા શું? ❋ કર્મો જીવના દ્વારાજ ઘડાય છે, પરંતુ તેથી જીવ કર્મો કરે છે એવો સિધ્ધાંત કેમ બાંધી શકાતો નથી? ❋ જ્ઞાન અને કર્મોને પરસ્પર સંબંધ ❋સમ્યગ્દષ્ટિ આત્મા અને સત્તરપાપસ્થાનકો ❋ સ્યાદ્વાદવાદીઓ જીવને કેવો માને છે ❋ આસ્તિક પણું અને તેની વ્યાખ્યા ❋ ગીતાનો ઉપદેશ - તેણે જ અર્જુનને મહાભયંકર હિંસાના કાર્યમાં પ્રેર્યો હતો ❋ જૈનશાસનનું આત્મસ્વરૂપ, તેની શ્રેષ્ઠતા, સુંદરતા અને શાસ્ત્રીયતા.

### હજી તમન્ના ક્યાં છે?

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના કલ્યાણને અર્થે ધર્મોપદેશ આપતાં એ વાત જણાવી ગયા છે કે ધર્મ એ આત્માની માલીકીની વસ્તુ છે. આત્મા સિવાય ધર્મ ઉપર બીજા કોઈની માલિકી નથી, અથવા તો ધર્મ ઉપરની આત્માની માલીકીમાં કોઈ ભાગીદાર પણ નથી, ધર્મ ઉપર આત્માની આવી અભંગ માલીકી હોવા છતાં ધર્મનો સદુપયોગ કેમ થાય છે? તેની જાણ ન હોય, સદુપયોગ કેમ કરવો? તેની માહિતી ન હોય, દુરુપયોગનો નાશ કેવી રીતે કરવો? તે જાણવામાં ન હોય, અને ધર્મનો અનુપયોગ કેમ રોકવો? તેનું જ્હેનેજ્ઞાન ન હોય ત્હેને ધર્મનો સ્વતંત્ર પણે વહીવટ કરવાનો અધિકારજ નથી, ધર્મ એ આત્માની માલીકીની ચીજ હોવા છતાં એ ધર્મનો સદુપયોગ કેમ કરવો? દુરૂપયોગ કેમ રોકવો? અને અનુપયોગ કેમ ટાળવો? તેની આત્માને સમજણ પડીજ નથી અને જો કદાચ આત્માએ એ વાત સમજી લીધી હોય તો તેને સમજ પડ્યા છતાં તે માટે પ્રયત્ન કરવા કટિબદ્ધ થવાની આ જીવને હજી કેમ તમન્ના જાગી ન હોય?

## જૈન કર્મફીલોસોફીની પાડોશમાં!

જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી પણ જીવમાત્ર છે એવી મિથ્યત્વીની શ્રદ્ધા હોય એ સંભવિત છે, પરંતુ જીવનું સ્વરૂપ કેવું છે? એ વાત જ્યાં સુધી મિથ્યાત્વમાં ટકે છે ત્યાં સુધી ખ્યાલમાં આવતીજ નથી. જીવનું સ્વરૂપ જેવું છે તેવી શ્રદ્ધા મિથ્યાત્વથી હંમેશા દૂર જ રહેનારી છે. આ જગતના દરેક આસ્તિક ધર્મવાળાઓ નવ તત્ત્વોને અને તેમાં પણ વિશેષ જીવતત્ત્વને માને છે, કોઈ પણ આસ્તિક સંપ્રદાય એવો તો નથી જ કે જેણે નવતત્ત્વો માનવાનો પણ ઈન્કાર કર્યો હોય! વૈષ્ણવ, શૈવ, બ્રહ્મ વગેરે આર્ય-સંપ્રદાયની વાતો બાજુએ રાખો, પરંતુ ખ્રીસ્તિ અને મુસલમાન જેવા મ્લેચ્છ-ધર્મો તરફ દ્રષ્ટિ નાંખશો તોપણ તમોને માલમ પડશે કે તે લોકોએ પણ નવતત્ત્વો માન્યા છે. જીવને અને અજીવને, પાપનાં કારણ, પુણ્યનાં કારણ, આત્માનું આવરણ, કર્મનું બંધાવું, કર્મનું રોકાવું અને કર્મનું અંશે અને સર્વથા તૂટવું એ વાતો પણ બધા માને છે. અત્યારસુધી વિજ્ઞાનશાસ્ત્રીઓ અને મનોવિજ્ઞાનશાસ્ત્રીઓનો આ બાબતમાં પ્રવેશ થયો ન્હોતો. હવે તેમણે પણ આ બાબત હાથમાં લીધી છે, અને તેમણે જે માનસગ્રંથીઓની નવી શોધ કરી છે તે લગભગ જૈનકર્મ ફીલોસોફીની નજીકમાં આવી પહોંચી છે.

## શૈવો અને વૈષ્ણવોનો મોક્ષ

શૈવો અને વૈષ્ણવો મોક્ષતરીકે વૈકુંઠ, અને કૈલાસને માને છે. તેઓ કઈ વસ્તુમાં પાપ માને છે અને કઈ વસ્તુમાં પાપ નથી માનતા, તે વસ્તુ જુદી જ છે. જિનેશ્વરનું નામ લઈએ તો પાપ થાય, તેને જગતનો કર્તા ન માનીએ તો એ પાપ છે ઈત્યાદિ તેમની માન્યતાને હમણાં બાજુએ રાખવાની છે અહીં તો માત્ર એ એકજ વાત જોવાની છે કે તેઓ જીવાદિ નવતત્ત્વો માને છે કે નહિં? આ પ્રશ્નનો જવાબ તો એજ છે કે તેઓ પણ નવતત્ત્વો તો જરૂર માને છે. તો પછી તમે જે નવતત્ત્વો સમકિતના સમયે માનો છો તે પ્રસંગે તમારી માન્યતામાં તેનાથી શ્રેષ્ઠતા ક્યાં હોય છે? વધારો શો હોય છે? તેનો વિચાર કરો. સૂક્ષ્મપણે વિચાર કરી જોશો તો માલમ પડશે કે દરેક સંપ્રદાયવાળાઓ એમની પોતપોતાની દ્રષ્ટિએ જીવ માને છે. પરંતુ તેમની જીવની માન્યતામાં અને સમકીતીની જીવની માન્યતામાં ઘણો મોટો તફાવત રહેલો છે અને એ તફાવતને લીધે જ સમકીતીની સમકીત પ્રાપ્તિ વેળાની જીવની માન્યતા મહત્ત્વની અને શ્રેષ્ઠ છે.

## જૈનશાસ્ત્રમાં અધિકતા ક્યાં છે?

સમકિતની પ્રાપ્તિ વેળાએ સમકિતી જીવ જીવતત્ત્વ કેવું માને છે? અજીવતત્વ કેવું માને? પુણ્ય પાપ આશ્રવ સંવર વગેરેના કારણો કેવા માને છે? તે તરફ ધ્યાન આપવાની જરૂર છે આસ્તિકતાના છ સ્થાનકો જૈનદર્શન માને છે. જૈનશાસ્ત્ર જીવ માને છે, અને જીવ છે એવું તો વૈષ્ણવો અને બીજા આર્યસંપ્રદાયવાદીઓ પણ માને છે, વળી જીવ હોવા ઉપરાંત તેઓ એમ પણ માને છે કે જીવ નિત્ય છે,

જીવ પોતે જ કર્મો કરે છે અને એ જીવના કરેલાં કર્મો પણ જીવનેજ ભોગવવાં પડે છે. તેઓ મોક્ષ છે એ વાતનો પણ સ્વીકાર કરે છે, અને મોક્ષ મેળવવાના માર્ગો છે, એ વાત પણ તેમને કબુલ છે, મોક્ષની પ્રાપ્તિ અર્થે ઉદ્યમ કરવો જોઈએ એ વસ્તુ પણ તેઓ સ્વીકારે છે, આસ્તિકપણાના અસ્તિત્વનો સ્વીકાર કરાવનારાં જે છ સ્થાનકો આપણા શાસ્ત્રમાં છે તેથી બીજા દર્શનકારોમાં કાંઈ તફાવત છે કે નહિ? અને જો કાંઈ તફાવત હોય તો તે શો છે? તે તપાસો.

## કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય

બીજાદર્શનોમાં અને જૈનશાસનમાં મહત્વનો તફાવત હોય તો તે જીવના સ્વરૂપની માન્યતામાં રહેલો છે. જીવનું જે પ્રકારે અસ્તિત્વ છે જીવનું જે રીતનું સ્વરૂપ છે તે રીતે જૈનદર્શનજ જીવને માને છે, ત્યારે અન્ય દર્શનકારો જીવને એ રીતે માનતા નથી. અન્ય દર્શનકારો જીવને નિત્ય માને છે, પરંતુ જીવ જે રીતે નિત્ય છે તે રીતે તેઓ જીવને નિત્ય માનતા નથી. બીજા દર્શનકારોના મંતવ્યો આસ્તિકતાને વિષે અભંગ રહી શકતા નથી, પરંતુ તેઓ આસ્તિકતામાં તૂટી જાય છે ત્યારે જૈનદર્શન જ માત્ર આસ્તિકતાની ખરી માન્યતા વિષે ટકી રહ્યું છે. જૈનદર્શન માને છે કે જીવ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે. અહીં તમે આ શંકા કરશો કે આસ્તિકતાના છ સ્થાનકમાં તો જીવ નિત્ય છે એમ કહ્યું છે. તો પછી બેમાં સાચુ શું માનવું? કોઈપણ પદાર્થ જગતમાં નિત્ય કે અનિત્ય નથી. જેટલા પદાર્થો આ જગતમાં છેતે બધા જ પદાર્થો કથંચિતૂનિત્ય અને કથંચિત્ અનિત્ય છે. એવું જૈનશાસન માને છે તો પછી તેજ શાસન આસ્તિકતાના બીજા સ્થાનમાં જીવ નિત્ય છે એમ કેવી રીતે માની શકે? અર્થાત્ જૈનમતની દ્રષ્ટિએ આસ્તિકતાનું બીજું સ્થાનક તો અશક્ય જ છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણેની જેઓ શંકા કરે છે તેમણે સમજવાની જરૂર છે કે જૈનશાસને જે નિત્યતા અને અનિત્યતા માનીછે તેનો તેમણે સંભાળપૂર્વક વિચાર કરવાની જરૂર છે. નિત્યતા શબ્દથી અહીં કેવી નિત્યતા લેવાની છે તેનો વિચાર કરો. અહીં દ્રવ્યાર્થરૂપે એટલે જીવત્વની અપેક્ષાએ જીવની નિત્યતા માનવાની છે, જ્યારે પર્યાયાર્થરૂપે એટલે મનુષ્યતિર્યગાદિરૂપે જીવની અનિત્યતા માનવાની છે. જીવને સર્વથા નિત્ય માનીએ તોએ આસ્તિકતાનું સ્થાન જ ન બની શકે. જીવને નિત્ય માનવો એ કર્તવ્ય છે, પરંતુ એ નિત્યતાપણ રીતિપૂર્વક માનવાની છે. ગમે તેમ તો નહિજ!

## જીવ કર્મ કરે છે એનો અર્થ સમજો

હવે જીવ કર્મ કરે છે એ વસ્તુનો વિચાર કરો. 'જીવ કર્મ કરે છે'. એ વચનનો શાસ્ત્રીયરીતિએ તોડ ન લાવશો અને આંધળીયા કરીનેજ 'જીવ કર્મ કરે છે' એ વાક્યનેજ પકડી રાખશો તો તેવડે પણ અનર્થનીજ પ્રાપ્તિ થવાની છે એ જરૂર માનજો. 'જીવ

કર્મ કરે છે.' એ વાક્યને પકડી રાખીને એવી વ્યાખ્યા કરો કે કર્મ કરે તેજ જીવ છે. અને જે કર્મ નથી કરતો તે જીવજ નથી, તો સિદ્ધત્વપદમાં વિરાજિત જીવોને પણ કર્મ કરતા જ માનવા પડશે.

### સિદ્ધદશામાં કર્મ કરવાનાં હોતાં નથી

હવે એ વાત તો સૌ કોઈ સારી રીતે જાણે છે કે કર્મ કરવાપણું સિદ્ધત્વદશામાં તો બાકી રહેવા પામ્યું જ નથી. જો સિદ્ધ કર્મ નથી કરતા એ સત્ય ધ્યાનમાં લઈએ તો કર્મ કરવા એ પણ આસ્તિકતાનું સ્થાનક છે એ વાતને ઉડાવી દેવી પડશે. ખરી વાત તો એ છે કે અહીં કર્મ કરવાપણાની વ્યવસ્થા કરવાનીજ ભારે જરૂર છે. આ સઘળી શંકાઓ અને આ સઘળા પ્રશ્નોને પહોંચી વળવા સૌથી પહેલાં તો એ વાતની જરૂર છે કે આપણે જીવ કેવો માનવો? જૈનશાસ્ત્રકારોએ જીવ એવો માનેલો છે કે જે સિદ્ધત્વની પ્રાપ્તિ કરવાનો છે અને તેની જેટલી અને જેવા પ્રકારની દશા છે, તેટલીજ અને તેવા પ્રકારની દશાવાળો જીવ અહીં માનવામાં આવ્યો છે. તમે જ્ઞાનાવરણી, દર્શનાવરણી વગેરે કર્મો માનો છો, હવે આ સઘલા પ્રકારના કર્મો તમે ક્યારે માની શકો છો? તેનો વિચાર કરજો. આજીવને તમે સિદ્ધનાજેવો માનો તોજ તમે સિદ્ધાવસ્થાની દશા પામતાં પહેલાં તેને દબાવી રહેલા કર્મોને પણ માની શકો છો, નહિં તો નહિં!

### સિધ્ધના સમોવડીયો આપણો આત્મા

આ જીવને સિધ્ધ જેવો માનો તોજ તમે કેવળજ્ઞાનાવરણીય, કેવલ દર્શનાવરણીય, ચારિત્રમોહનીય અને અંતરાય એ સઘળા કર્મોને માની શકો છો. જો તમે જીવાત્માને સિદ્ધ જેવો ન માનો તો પછી આ કર્મો માનવાનો પણ તમોને અવકાશ રહેતોજ નથી. જોઈએ તો ભવ્ય જીવ હો, જોઈએ તો અભવ્ય જીવ હો, કે જોઈએ તો મિથ્યાત્વી જીવ હો, પરંતુ સઘળા જીવોને તમારે સિદ્ધ સરખા માનવાને અવકાશ રહેશે, નહિ તો નહિ રહે, કેવળજ્ઞાનાવરણીઆદિ કર્મો કેવળજ્ઞાનાદિને રોકે છે. જો તમે એમ માનશો કે કેવળજ્ઞાન કે કેવલદર્શનઆદિ કાંઈ છે જ નહિ, તો પછી કેવળજ્ઞાનાવરણીયકર્મો કોને રોકશે? અર્થાત તમારે એમ માનવુંજ પડશે કે દરેક જીવમાં કેવળજ્ઞાન આદિ છેજ અને કેવળજ્ઞાનાવરણીયકર્મ કેવળજ્ઞાનને રોકેજ છે. કેવળદર્શનાવરણીયકર્મ છે તે કેવળદર્શનને પણ રોકે છે જો તમે કેવળદર્શન ન માનશો તો કેવળદર્શનાવરણીયકર્મનું રોકાણ કોને માનશો? અર્થાત્ કેવળદર્શન છે અને કેવળ દર્શનાવરણીયકર્મ કેવળદર્શનને રોકે છે એ પણ માનવુંજ પડે છે.

### કર્મો કોને ખોળે? આત્મા મુક્ત ક્યારે બને?

દર્શનમોહનીયકર્મ દર્શનને ખાળે છે. હવે જો તમે દર્શનનો જ અસ્વીકાર કરશો તો દર્શનમોહનીયકર્મ કોને ખાળે છે એમ માનશો? તેજ પ્રમાણે ચારિત્રમોહનીયકર્મો ચારિત્રને મુંઝવે છે, જો તમે આત્માનો સ્વભાવ ચારિત્ર ન માનશો તો

ચારિત્રમોહનીયકર્મ કોને ખાળે છે એમ કબુલ રાખશો? અર્થાત્ એ વાત પણ માન્ય રાખવીજ પડે છે કે દર્શન અને ચારિત્ર એ જ્ઞાનની માફક આત્માનો સ્વભાવ છે અને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયકર્મોએ તેને રોકનારા છે. આ રીતે તમારે દરેક આત્માની દશા સમ્યક્ત્વવાળાને સિદ્ધ જેવી માનવી પડે છે. સમ્યક્ત્વ થાય તે વખતે સમકીતી જીવ દરેક આત્માને સિદ્ધ જેવો માને છે. હવે એ વાત વિચારો કે સમ્યક્ત્વ થાય તે સમયના પહેલાં જીવને આપણે કેવો માનતા હતા? સમ્યક્ત્વ ન થયું હોય તે પહેલાં અને સમ્યક્ત્વ થાય તે પછી આપણા આત્માને અંગેની માન્યતામાં શો ફરક પડે છે? તેનો વિચાર કરો. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પહેલાં આત્માનું લક્ષણ ચેતનાજ છે એમ માનવામાં આવતું હતું, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી એ માન્યતા પલટો લે છે.

### જીવનું શુદ્ધ સ્વરૂપ સમજો.

સમ્યક્ત્વ થયા પછી આત્માને અંગે એવી માન્યતા થાયછે કે જીવ એ કેવળજ્ઞાનસ્વરૂપ છે, કેવલદર્શનસ્વરૂપ છે, ક્ષાયિકસમ્યક્સ્વરૂપ છે, વીતરાગતાસ્વરૂપ છે, અને અનંતવીર્યસ્વરૂપ છે. આત્માનું સ્વરૂપ એકલુ ચેતના છે એટલુંજ માનો તો એ તમારી માન્યતા આસ્તિકતાને અંગેની થઇ, અને આત્માનું સ્વરૂપ ઉપર પ્રમાણે માનો તો એ માન્યતા સમ્યકૂત્વની અંગેની થઇ. ઈષ્ટ વસ્તુને ઈષ્ટપણે જાણવી એ સૌથી પહેલી વાત છે. વસ્તુને વસ્તુસ્વરૂપે જાણ્યા પછી તેની પ્રાપ્તિને માટે યત્ન કરવાનું કહેવાની આવશ્યકતા રહેતીજ નથી. તમારા ખીસામાંથી જો મહોર પડી જાય અને તે મહોર તમો ન જોઇ શકો તો જરૂર તે મહોર તમે ખોઇ બેસવાનાજ ! પરંતુ જો તમારા ખીસામાંથી પડી જતી મહોર તમે જોયેલી હોય તો તમોને એવી સૂચના આપવાની જરૂરજ નથી રહેતી કે ભાઈ તમારી મહોર પડી છે તે તમે લઈ લો ! તમે વગર કહેજ એ મહોર ઉપાડી લેશો.

### તમે ઉદ્યમ ક્યારે કરો ?

તમોને એ વાતનું જ્ઞાન થાય કે તમારી અમુક વસ્તુ જતી રહી છે, એટલે પછી તો તમે વગર સૂચના આપે પણ તમારી ખોવાએલી વસ્તુને મેળવવા યત્ન કરવાનાજ. જ્ઞાનનું એજ ફળ છે. ઈષ્ટવસ્તુની સિદ્ધિ કરી આપવી અને અનિષ્ટવસ્તુનું નિવારણ કરવું એજ જ્ઞાનનું ફળ છે. જો તમારી એકવાર એવી માન્યા થઈ ગઇ કે મારો જીવ કેવળજ્ઞાનદર્શન વીતરાગતાસ્વરૂપ, અને અનંતવીર્યસ્વરૂપ છે તો પછી તમે એની પ્રાપ્તિ માટે પણ વગરકહે જ કટિબદ્ધ થવાના ! પોતાની ખોવાએલી વસ્તુ એકવાર તમે ખોવાઈ છે એમ જાણી ગયા તો પછી તમે તેને મેળવવા માટે હંમેશાં ઉદ્યમ કર્યાજ કરવાના ! અને એ ઉદ્યમમાં જરા પણ કચાશ રાખવાનાજ નથી. એજ પ્રમાણે જે વખતે જીવને એ વાત માલમ પડે છે કે પોતાનું સ્વરૂપ તો કેવળસ્વરૂપ છે અને કેવળજ્ઞાનદર્શન ક્ષાયિકસમ્યકત્વ, વીતરાગપણું અનંતવીર્ય વગેરે ઢંકાઈ ગયું છે તો એ વખતે તમે પહેલાં તીર ક્યાં તાકશો તે વિચારી લેજો.

## નવું મેળવો પણ જુનું સંભાળો

પરંતુ નિશાન તાકતાં પહેલાં તમારે એક વાત યાદ રાખવાની છે. તમે તમારા દુકાનનો કામ ધંધો છોડીને કોર્ટમાં નાણાં વસુલકરવા જાઓ છો ત્યારે તમે જવાની આશામાં ફરો છો, પરંતુ તમારે એક વાત યાદ રાખવાની છે કે નવું મેળવતાં પહેલાં તમારે જુનાનું રક્ષણ કરવાનું છે.

આ વ્યવહારનો નિયમ છે અને તેજ વાત તમારે અહીં પણ પાળવાની છે. હવે તમારે એ વસ્તુનો વિચાર કરી જોવાનો છે કે તમારો આત્મા જુનાની રક્ષા કરવા માટે કેટલો કટિબદ્ધ થયો છે ? પહેલાં તમારે આસ્તિકની સ્થિતિ કલ્પવાની છે, જે આસ્તિક નથી તે કદાપિ પણ સમ્યગ્દૃષ્ટિ થઇ શકતો નથી. જ્યારે આસ્તિકપણા પછી સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે ત્યારેજ સમ્યગ્દૃષ્ટિઆત્મા જે મોક્ષનો માર્ગ હોય તેનેજ ઈચ્છે છે. સમ્યગ્દૃષ્ટિઆત્મા મોક્ષ અને મોક્ષમાર્ગ સિવાય અન્ય કાંઇપણ માંગી શકતો નથી.

## તમે આત્માને શુદ્ધ ક્યારે માની શકો ?

સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે તે આત્મા આત્માને સિદ્ધસરખો માને છે અને તે વખતે આત્માને મોક્ષરૂપી સિદ્ધિ સિવાય બીજું કાંઈજ પ્રિય લાગતું નથી. જીવને ભવ્યાત્માઓએ આવે સ્વરૂપે જાણવો જોઈએ. એકવાર જીવને તેઓ આવા પરમસ્વરૂપે ઓળખે છે તે પછી તેવા શુભત્માઓ બીજી કોઇ ગતિની યાચનાજ કરતા નથી ! શાસ્ત્રકારમહારાજાઓએ તો ખુલ્લી રીતે જણાવી દીધું છે કે સમ્યગ્દૃષ્ટિએ પહેલું આયુષ્ય બાંધી દીધું હોય તો તે એક જુદી વાત છે, પરંતુ જો તેણે આયુષ્ય બાંધ્યું નહોય તો વૈમાનિકદેવતા સિવાયની બીજી ગતિ તેમને મળવાજ પામતી નથી. આપણી નીતિરીતિપ્રમાણે આપણા સ્થાનનો ધર્મ આપણે પાળીએ છીએ. ઉપાશ્રયમાં જઈએ છીએ ત્યારે આપણામાં ધર્મબુદ્ધિ હોય છે, દહેરામાં હોઈએ ત્યારે પણ આપણી ધર્મબુદ્ધિ હોય છે. પુસ્તક વાંચવામાં હોઈએ ત્યારે પણ આપણામાં ધર્મબુદ્ધિ હોય છે. ગુરૂની શીખમણ સાંભળીએ છીએ ત્યારે પણ ધર્મબુદ્ધિજ હોય છે, પરંતુ ત્યાંથી બહાર નીકળીએ છીએ અર્થાત્ એ કાર્યમાંથી નિવૃત્ત થઈએ છીએ ત્યારે આપણી દશા કેવી હોય છે તે વિચારજો.

## પછી એ બુદ્ધિ રહેતી નથી.

ઉપાશ્રયમાં ગયા તો ત્યાં ધર્મબુદ્ધિ ખરી, પરંતુ ઉપાશ્રયમાંથી બહાર નીકળતી વખતે આપણે ધર્મબુદ્ધિ ઝાટકી નાંખીએ છીએ. બહાર એ પ્રકારની ભાવનાનો આપણામાં લવલેશ પણ હોતો નથી. આપણી આવીસ્થિતિ હોવાથી સમકિતી જીવના સંબંધમાં શાસ્ત્રકારમહારાજાઓએ જે નિયમ ઘડયો છે તે આપણને લાગુ પડી શકતો નથી. સમક્તિ પામેલો આતમા કાંઇ પોતાનું ઘરબાર વેચીમારી ઉપાશ્રયમાં કે દહેરામાંજ ધામો નાંખીને રહેતો નથી.તે કાંઇ દિવસના અને રાતના બધાએ કલાકો સાધર્મિકો અથવા તો શાસ્ત્રકારમહારાજાઓના કબજામાંજ અથવા તેમની સેવામાંજ રહેતો નથી

તેની પણ રહેણી કરણી દેખીતી રીતે તો બધાના જેવીજ હોય છે હવે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્માની પરિસ્થિતિ કેવી હોય છે તેનો વિચાર કરો. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્માની ખાસ વિશેષતા તો માત્ર એટલીજ છે કે તેનું જે મિથ્યાત્વ તે મરણ પામેલું છે.

### તેની પણ સર્વત્ર પ્રવૃત્તિ ચાલુ છે.

અવિરતિસમ્યગ્દૃષ્ટિઆત્મા પણ સત્તરે પાપસ્થાનકમાં પ્રવૃત્તિ કરતો હોય છે, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્માનું માત્ર મિથ્યાત્વ ગએલું હોઈ તે બીજા સઘળા પાપસ્થાનકોમાં પ્રવર્તતો હોય છે છતાં તે વૈમાનિક દેવતાનુંજ આયુષ્ય બાંધી શકે છે એનું કારણ શું ? આ વસ્તુ કેવી રીતે બની શકે છે તે વિચારજો અહીં ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે સત્તરે પાપસ્થાનકમાં પ્રવૃત્તિ કરતો હોવા છતાં એ આત્મા સાધ્ય ચુકી ગએલો હોતો નથી. તેની પ્રવૃત્તિ સત્તરે પાપસ્થાનકમાં હોવા છતાં તે ધ્યેયભ્રષ્ટ થવા પામતો નથી. પાણીયારીઓ નદીનાળેથી પાણી ભરી લાવે છે ત્યારે રસ્તામાં છુટા બેડાં રાખીને ચાલે છે આખે રસ્તે તેઓ બેડાં પકડી રાખતી નથી. રસ્તામાં સહીયરો સાથે વાતચીત થાયછે શરીર હાલે છે, ડોકું ધુણાવે છે, તે છતાં તેણીઓનું લક્ષ્ય જોશો તો બેડા ઉપરજ હોય છે ! માથા ઉપરનું બેડું ગમે તેવી વાતચીતમાં પણ ડગમગતું નથી કે ધડ દઈને નીચે પડતું નથી.

### ધાવનું ધ્યેય નિરાળું છે.

શેઠીયાના છોકરાને ધાવ રમાડે રીઝાડે છે, ફેરવે ફેરવે છે, તેની સારવાર કરે છે, તે વખતે એ ધાવ શેઠના છોકરાનેજ પોતાનો જીવનગાળો ગણે છે, પરંતુ તે છતાં તેનું ધ્યેય તો પોતાના બાળકની રક્ષાનું જ હોય છે. ધારો કે તે ધાવ છોકરાને રમાડે છે, તેટલામાં જો ધરતીકંપનો એકાદ આંચકો લાગે તો તે ટાણે એજ ધાવ શેઠના છોકરાને પડતો રાખી પહેલો પોતાના બાળકનેજ બચાવી લે ! તેજપ્રમાણે સમકિતી આત્મા પણ સઘળી પ્રવૃત્તિ કરતો હોવા છતાં એની લેશ્યા અને ધારણા તો એકજ સ્થળે હોય છે. પાણીવાળી જેમ બધી ચેષ્ટા કરે છે, પરંતુ તે ચેષ્ટા કરતા છતાંએ તેનું ધ્યાન તો પોતાના બેડાં તરફજ હોય છે, તેજ પ્રમાણે સમકિતી આત્મા પણ સઘળી પ્રવૃત્તિ કરતો હોવા છતાં તેની સઘળી પ્રવૃત્તિમાં ધ્યેય તો ધર્મ તરફજ લાગેલું હોય છે એ સિવાય તેનું બીજું કાંઇ ધ્યેયજ હોતુંજ નથી. એ પ્રવૃત્તિ બધી કરે ખરો, પરંતુ તેની એ વૃત્તિ તો કાયમજ હોય છે કે મારી આ બધી પ્રવૃત્તિ મારા ધ્યેયને ક્ષતિ પહોંચાડનારી નજ હોવી જોઈએ.

### સમકિતી કદી તત્ત્વત્યાગ કરતો નથી.

સત્તરે પાપસ્થાનકોમાં પ્રવર્તેલો છતાં સમકિતી આત્મા પોતાના તત્ત્વની પ્રતીતિમાંથી કદી ખસતો નથી. બધાને અંતે તેનો એ તો નિશ્ચયજ હોય છે કે મારું સાધ્ય, મારું ધ્યેય એતો આજ વસ્તુ છે. બીજુ નહિં ! તેની અંતરની માન્યતા તો એજ હોય છે કે હું આ બધું કરું છું, પરંતુ તત્ત્વરૂપ વસ્તુ તો તે બધામાં એક પણ નથી. બધી માથે પડેલી વેઠ

છે. તત્ત્વદૃષ્ટિતરીકે તે પાપસ્થાનકને કદી જોતો કે માનતો નથી. પાંચ ટકા કિમ્મત લઈને શની વેચવો એમાંજ તત્ત્વ છે એવી તેની માન્યતા કદી થતીજ નથી. આત્માની આવી દૃઢસ્થિતિ હોવી જોઈએ આવી દૃઢસ્થિતિ હોય ત્યારેજ સત્તારે પાપસ્થાનકોમાં પ્રવર્ત્તવા છતાં તેની દૃષ્ટિ તત્ત્વમાં સ્થિર રહે છે અને ત્યારેજ તે વૈમાનિકદેવતાનું આયુષ્ય પણ નિયમિતપણે બાંધી શકે છે.

**દૃષ્ટિ ક્યાં હોવી જોઈએ ?**

હવે અહીં તમારે એક વસ્તુ સમજવાની છે. પનીયારી માથે બેડુ ભાંગવાનો પ્રસંગ આવે છે કે ત્યાં તે ફટ રોકાઈ જઈને ઉભી રહી પડે છે. માથે ગાગર મૂકીને ચાલતી હોય, પરંતુ જો બાવળીયાની ડાળી આડે આવે તો તરત અટકી પડે, અને વાંકી વલીને એ બેડુ લઈ જાય ! અર્થાત્ તેની સઘળી પ્રવૃત્તિમાં તમે જોશો તો તેનું ધ્યેય "બેડાંની રક્ષા" એજ રહેલું છે. એજ પ્રમાણેની દશા સમ્યકત્વપામેલાની પણ હોય છે. સમ્યકત્વ પામેલો સત્તરે પાપસ્થાનકોમાં રોકાએલો રહે છે, પરંતુ જ્યાં એ પ્રવૃત્તિથી સમ્યકત્વને ધક્કો લાગવાની વાત આવે છે કે ત્યાં પેલી પાણિયારીની માફક તે તરતજ રોકાઈ જાય છે. સમ્યકત્વની પ્રાપ્તિ થવાની સાથેજ સિદ્ધિની આકાંક્ષા કેમ થાય છે ? વૈમાનિકનું આયુષ્ય કેમ બાંધે છે ? અને તેને દુર્ગતિ કેમ મળતી નથી ? તે સઘળાનો ખુલાસો સમક્તિધારીની ઉપર જણાવેલી મનોદશામાં રહેલો છે. (અપૂર્ણ)

## સમાલોચના

૧ વ્યાકરણ, ન્યાય આદિ સાહિત્ય માટે દરેક પખવાડીયામાં અમુક તિથિયો અસ્વાધ્યાય તરીકે ગણવી એવું નથી.

૨ લીલી મકાઈની વસ્તુ આંબિલમાં ન લેવી.

૩ શ્રાવકને આંબિલમાં હલદરવાળી ચીજ નથી ખપતી. હલદર સ્વયં અનાહારી છે. પણ પાણી સાથે મળવાથી અનાહારિપણું રહેતું નથી.

૪ સિંધા લૂણ પકાવેલ અચિત્ત ગણાય.

૫ ધાણાના બેજ કટકા થતા ન હોવાથી તે દ્વિદલ નથી ગણાતા.

૬ ખસખસ ન્હાના દાણા છે અને નસો પેદા કરનાર અંશવાળા છે.

(પાડીવ-પત્ર)

(અનુસંધાન પેજ નં. ૫૨૩)

# શ્રી ચતુર્વિધસંઘમાં એક જ દિવસ સંવચ્છરી કેમ ?

જૈનજનતામાં પજુસણના તહેવારની મુખ્યતા છે તે સંવચ્છરીને અંગે જ છે. એ વાત કોઈપણ જૈનનામધારીથી અજાણી નથી. પજુસણના જો કે આઠ દિવસો છે તો પણ આઠે દિવસોનો હિસાબ સંવચ્છરીના દિવસ ઉપર જ રહે છે, અને એથી જ સામાન્ય રીતે જે વારની સંવચ્છરી આવવાની હોય છે તે જ વારે પજુસણનો આરંભ કરાય છે. કદાચ અજ્ઞાનતાને લીધે કે બીજો કોઈપણ કારણથી પજુસણના આરંભમાં ભૂલ થઈ હોય તો પણ તે ભૂલનો ભોગ સંવચ્છરી થતી નથી. ગુરૂવારે સંવચ્છરી આવવાની હોય અને કદાચ તેના પ્હેલાના ગુરૂવારે પજુસણ બેસાડતાં ભૂલી ગયા અને પજુસણનો આરંભ બુધવારે કે શુક્રવારે થયો હોય તો પણ તે પજુસણના આઠ દીવસને નામે સંવચ્છરી બુધવારે કે શુક્રવારે કરવાની હોતી નથી. એટલે સ્પષ્ટ છે કે પજુસણ ઉપર સંવચ્છરીનો આધાર નથી, પણ સંવચ્છરી ઉપર જ પજુસણનો આધાર છે. સકલચતુર્વિધસંઘનું દૃષ્ટિકોણ સંવચ્છરી ઉપર જ હોય છે. એટલું જ નહિં, પણ સમજુ કે અણસમજુ હરકોઈ સંવચ્છરીની ક્રિયા તો સમુદાયે જ કરે છે અને તેમ કરવામાં જ શ્રેય ગણે છે અને તેથી જ દેખાય છે કે સંવચ્છરીપડિક્કમણામાંથી કોઈપણ સમજુ કે અણસમજુ ઉમરવાળો મનુષ્ય બાતલ રહેતો નથી, અને જુદો પડવા માંગતો નથી. વળી સંવચ્છરીનો એટલો બધો પ્રભાવ છે કે જેઓની સાથે તે દિવસે વૈરવિરોધ અને કલેશકંકાશની માફી લેવાઈ દેવાઈ નથી હોતી તેઓની સાથે ગ્રામગ્રામાંતરે પત્રો લખીને પણ વૈરાદિસંબંધી માફીની લેવડદેવડ કરવામાં આવે છે. તેમજ સ્ત્રીવર્ગ કે સાધ્વી અને શ્રાવિકાના સંઘરૂપ છે અને જેઓને પુરૂષવર્ગ કે જે સાધુ અને શ્રાવકરૂપ છે તથા જેમાં સાધુમહાત્માના સંઘરૂપ છે તેઓની સાથે સંવચ્છરીપડિક્કમણું કરવાનું હોતું નથી, તેઓ જો કે પોતે સંવચ્છરીપડિક્કમણું પોતપોતાના સમુદાયથી પોતપોતાના સ્થાને કરે છે અને તે વખત **સવ્વસ્સ સમણસંઘસ્સ** એમ કહી ખમતખામણાં કરે છે, તો પણ સાક્ષાત્ ખમતખામણાં કરવાની જરૂર

ગણાય છે અને તેથી સકલસાધ્વી-શ્રાવિકાનો વર્ગ જુદાં ખમતખામણાં કરે છે. તેમજ ભિન્નસ્થાને સંવચ્છરીપડિક્કમણું કરનાર સાધુ શ્રાવકવર્ગ પણ તેવી જ રીતે સાક્ષાત્ ખમતખામણાં કરે છે. આ બધી પ્રવૃત્તિનું તત્ત્વ સમજનાર સુજ્ઞો સ્પષ્ટપણે સમજી શકશે કે સંવચ્છરી એ એક સકલજીવરાશિના તો વૈરવિરોધને ખમવાખમાવવાનું સ્થાન છે જ. પરન્તુ ચતુર્વિધસકલ સંઘમાં ખમતખામણાના જબરદસ્ત વાતાવરણને ઉત્પન્ન કરે છે. આવી રીતે સકલ શ્રી સંઘમાં ખમતખામણાના એકસરખા વાતાવરણની તરફ દૃષ્ટિ કરનારને સ્હેજે માલમ પડશે કે ભગવાન્ જિનેશ્વરમહારાજાદિ મહાપુરૂષોએ અદ્વિતીયપણે ખમતખામણાં કરવાનો એકસરખી રીતે એક જ દિવસ રાખવામાં કેટલો બધો ઉપકાર કરેલો છે. આ ઉપરથી જેઓ બીચાર શ્રદ્ધાથી પતિત થયેલા અને શાસ્ત્રાજ્ઞાથી વિમુખ થયેલા પોતાને જૈન કહેવડાવવાળા છતાં જે બોલે છે કે ખમતખામણાં કરવાં એટલું જ સંવચ્છરીનું તત્ત્વ છે. પછી તે ખમતખામણાં ચ્હાય તો ત્રીજે ચ્હાય તો ચોથે ચ્હાય તો પાંચમે અને ચ્હાય તો છઠને દિવસે થાઓ એની અડચણ નથી.' એમ કહે કે તેઓ ખરેખર શ્રી સંઘના વાતાવરણને સમજવામાં અશક્ત નીવડયા છે, એમ ચોક્કસ માનવું પડે છે. સકલ શ્રી સંઘ તો શાસ્ત્રાનુસારે એમ માનનારો હોય છે કે જો કે આ સંવચ્છરીમાં ખમતખામણાં કરવાં એ મુખ્ય મુદો છે. પણ તે મુદો ખમતખામણાંના વાતાવરણથી જ સચવાય છે અને તેવું વાતાવરણ થયા શિવાય તે ખમતખામણાંનો મુદો જલવાતો, નથી એટલા માટે તો શ્રી પર્યુષણા કલ્પમાં સંવચ્છરીને અંગે ગતાનુગતિકતા કરવાનું આખા શાસનને ફરમાવ્યું છે. જુઓ તે પાઠ.

जहा णं समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेइ, तहा णं गणहरावि वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जसविंति॥३॥ जहा णं गणहरा वासाणं सवीसइराए जाव पज्जोसविंति तहा णं गणहरसीसावि वासाणं जाव पज्जोसविंति॥४॥ जहा णं गणहरसीसा वासाणं जाव पज्जोसविंति तहा णं थेरावि वासावासं पज्जोसविंति॥५॥ जहा णं थेरा वासाणं जाव पज्जोसविंति तहा णं जे इमे अज्जत्ताए समणा निग्गंथा विहरंति तेविअ णं वासाणं जाव पज्जोसविंति ॥६॥ जहा णं इमे अज्जत्ताए समणा निग्गंथा वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसविंति तहा णं अम्हंपि आयरिया उवज्झाया वासाणं जाव पज्जोसविंति॥७॥ जहा णं अम्हंपि आयरिया उवज्झाया वासाणं जाव पज्जोसविंति तहाणं अम्हेऽवि वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेमो, ''कल्प-बारसा-पत्र'' ५८

આ પાઠમાં સ્પષ્ટપણે ફરમાવે છે કે જેમ શ્રમણ-ભગવાન-મહાવીર મહારાજે ચોમાસાના વીસ દિવસ સહિત મહિનો ગયે છતે પર્યુષણા કરી તેવી રીતે ગણધરોએ પણ ચોમાસાના વીસ દિવસ સહિત મહિનો ગયા પછી પર્યુષણા કરી (૩) જેવી રીતે ગણધરમહારાજાઓએ ચોમાસાના વીસ દિવસ સહિત મહિનો ગયો છતે પર્યુષણા કરી તેવી રીતે ગણધરમહારાજના શિષ્યોએ પણ ચોમાસીથી યાવત્ પર્યુષણા કરી (૪) જેવી રીતે ગણધરના શિષ્યોએ ચોમાસીથી યાવત્ પર્યુષણા કરી તેવી રીતે સ્થવિરોએ ચોમાસીથી યાવત્ પર્યુષણા કરી (૫) જેમ સ્થવિરોએ ચોમાસીથી યાવત્ પર્યુષણા કરી તેવી રીતે જે આજકાલ શ્રમણનિર્ગ્રંથો વિચારે છે તે પણ ચોમાસીથી યાવત્ પજુસણ કરે છે (૬) જેવી રીતે વર્ત્તમાન સાધુઓ ચોમાસીથી વીશ દિવસ સહિત મહિનો જાય ત્યારે પજુસણ કરે તેવી રીતે હમારા આચાર્ય ઉપાધ્યાયો પણ ચોમાસીથી યાવત્ પજુસણ કરે છે (૭) અને જેવી રીતે હમારા આચાર્ય ઉપાધ્યાયો ચોમાસીથી યાવત્ પજુસણ કરે છે તેવી રીતે હમો પણ ચોમાસીથી વીસ દિવસ સહિત મહિનો ગયા પછી પજુસણ કરીયે છીએ.

ઉપર જણાવેલ પાઠ ઉપરથી નીચેની વાતો સ્પષ્ટ થાય છે.

૧ વૈરવિરોધને વોસરાવવા અને તે માટે ખમતખામણાં કરવા દ્વારાએ આત્માને ઉપશાંત કરવા અને બીજાને ઉપશાંત બનાવવા માટે સાંવત્સરિક છે, છતાં તે પરંપરાગતની રીતિએ જ શ્રી સંઘને કરવા જેવું છે. પણ યથાકંથચિત્ કરવાનું નથી.

૨ આ ખમતખામણાં કરવાનું અને ઉપશાંત બનવા અને બનાવવાનું વાતાવરણ ચોમાસીથી વીસ દિવસ સહિત મહિનો ગયા પછી જરૂર કરવાનું છે.

૩ અન્ય સર્વપ્રવૃત્તિઓ આજ્ઞા અને આચરણાની મુખ્યતાએ કરવામાં આવે છે, છતાં આ ખમતખામણાં કરવાની અને ઉપશાંત બનવા અને બનાવવાની પ્રવૃત્તિનું વાતાવરણ તો આજ્ઞા અને આચારણાથી કરવાનું હોવા છતાં તેમાં ગતાનુગતિક્તાને પણ આગલ કરવાની છે.

૪ સામાન્ય રીતે ભગવાન્ મહાવીરમહારાજે કર્યું છે કે ગણધરમહારાજાઓએ કર્યું છે તેમ હમે કરીયે છીયે એમ કહ્યું હોત તો ચાલી શકત. છતાં તેમ ન કહેતાં શ્રમણ ભગવાન્ મહાવીર ૧ ગણધરો ૨ ગણધરશિષ્યો ૩ સ્થવિરો ૪ વર્ત્તમાનકાલના બધા સાધુ ૫ અને પોતાના આચાર્ય ઉપાધ્યાયોના કરવાની માફક પોતાનું સંવચ્છરી સંબંધી ખમતખામણાં અને ઉપશમ કરવા કરાવવાનું કાર્ય જણાવીને સકલસંઘની એક સરખી કર્ત્તવ્યતા જણાવી છે.

૫ સાધુઓએ પોતાના આચાર્ય ઉપાધ્યાયના અનુકરણથી કર્ત્તવ્યતા ગણી આચાર્ય ઉપાધ્યાયોને વર્ત્તમાન સાધુઓની અનુકરણીયતા સમજાવી, વર્ત્તમાનકાલના શ્રમણનિર્ગ્રંથોને સ્થવિરોની અનુકરણીયતા, સ્થવિરોને ગણધર શિષ્યોની, ગણધર શિષ્યોને ગણધરોની અને ગણધરોને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની અનુકરણીયતા જણાવી છે. એટલે આજ્ઞા અને આચરણા કરતાં પણ ખમતખામણાં કરવા અને ઉપશાંત થવા અને ઉપશાંત બનાવવામાં ગતાનુગતિક્તાની અધિક્તા જણાવે છે અને તે દ્વારાએ સકલ શ્રી સંઘમાં વાતાવરણની મુખ્યતા જણાવે છે.

ઉપર જણાવેલ શ્રી પર્યુષણાકલ્પસૂત્રના પાઠથી જેઓ આજ્ઞા આચરણા કરતાં પણ સંવચ્છરીમાં ગતાનુગતિક્તાનું તત્ત્વ બરોબર સમજી શકશે તેઓ જ બરોબર સમજી શકશે કે આચાર્ય શ્રી કાલિકાચાર્ય મહારાજને અગર શાતવાહનરાજાને છેવટે પ્રતિષ્ઠાનપુરના શ્રી સંઘને કદાચ ચૌથની સંવચ્છરી કરવી પડી તો તેથી બીજાક્ષેત્રના બીજા કાલના બધા આચાર્યો અને બધા શ્રી સંઘોને ભાદરવા સુદ ચોથની સંવચ્છરી કેમ કરવી પડી ? તેનો ખુલાસો થશે. અને તે ખુલાસો સમજાતાં ભાદરવા સુદ ચોથની સંવચ્છરીનું આખા શ્રી સંઘનું શાસ્ત્રોક્ત વાતાવરણ છોડીને તે વાતાવરણને ડહોલવા તે શ્રી સંઘે માનેલી ચોથને છોડીને પંચમીનો ફાંટો કહાડનારા શ્રી કલ્પસૂત્રના તાત્પર્યથી કેવા વિમુખ થાય છે તે સમજાશે.

આ વાત તો સકલ સુજ્ઞ મનુષ્યોની ધ્યાનમાં જ છે કે ચક્રવર્તી જેવા બલવાન્ રાજાનું પણ સૈન્ય પરસ્પર સહયોગવાળું ન હોય તો કાર્ય સાધી શકે નહિં તેવી રીતે ધર્મચક્રવર્તી શ્રી જિનેશ્વરમહારાજનું શ્રી ચતુર્વિધ સંઘરૂપ સૈન્ય પરસ્પર સહયોગવાળું હોવું જ જોઇયે. શ્રી ચતુર્વિધસંઘમાં સહયોગ સાધનારૂં સાંવત્સરિક પર્વ છે એ વાત સર્વ સુજ્ઞમનુષ્યોને અંતઃકરણમાં કોરી લેવા જેવી છે. વળી એ વાત પણ નક્કી છે કે અન્યપંથના અસહયોગની પણ ભયંકર અસર થાય છે, માટે તે પણ ટાળવી જ જોઇયે, પરન્તુ અન્યપંથના અસહયોગ કરતાં લાખો દરજ્જે વધારે ભયંકરતા જો કોઇની હોય તો સ્વસમુદાયના અસહયોગની છે, માટે શ્રી ચતુર્વિધ શ્રમણસંઘે અન્યની અશહયોગિતા ટાળવા માટે વૈરવિરોધ ખમાવવા જેટલા જરૂરી છે તે કરતાં પણ શ્રી ચતુર્વિધ શ્રમણસંઘે પરસ્પરની અસહયોગિતા ટાળવા માટે વધારે કટીબદ્ધ થવાની જરૂર છે. એ જરૂરીયાત પૂરી પાડનાર જો કોઇપણ યોજના હોય તો તે આ સંવચ્છરીની જ યોજના જણાવાયેલી છે અને તે આદરાયેલી પણ છે.

કદાચ કહેવામાં આવે કે શ્રી સકલચતુર્વિધસંઘે હમ્મેશાં સવાર અને સાંજે પ્રતિક્રમણ કરાય છે ત્યારે સકલસંઘ અને સર્વજીવરાશિને ખમાવાય છે. વળી પક્ખી ચોમાસીમાં પણ પરસ્પર સ્પષ્ટપણે ખમતખામણાં થાય છે, તો પછી સંવચ્છરીમાં પણ તેવી જ રીતે ખમતખામણાં થાય છે તેમાં અધિક્તા શી છે ? આવું કહેનારાએ પ્રથમ તો એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે વ્યાવહારિકરીતિએ સાંજ સવાર આદિ વખતે પડિક્કમણું કરનારો જેટલો વર્ગ છે તેના કરતાં સંવચ્છરીએ પડિક્કમણું કરનારો વર્ગ ઘણો જ જબરદસ્ત હોય છે, અને તેનું કારણ પણ સંવચ્છરીની મહત્તા જ છે. વળી શાસ્ત્રકારો ફરમાવે છે કે સંવચ્છરી એ એક એવો છેલ્લો ખમવા અને અને ખમાવવાનો દિવસ છે કે જે દિવસની પછી ખમતખામણાનું સ્થાન નથી. વસ્તુ એવી છે કે સંવચ્છરી કર્યા પછી તે સંવચ્છરી પહેલાં થયેલા ક્લેશને અંગે જો સ્વપક્ષ વગેરેમાં ન ખમી લેવાય તો સાધુ અને ઉપાધ્યાય વગેરે, સૂત્રદાન ભોજન અને આલાપસંલાપને તે ન ખમનારની સાથે છોડી દે. પરન્તુ સંવચ્છરીને દિવસે પણ સાધુ પરસ્પરના ક્લેશને ખમે નહિં અગર ખમાવે નહિં તો આચાર્ય મહારાજ પોતે પણ તે સાધુની સાથે ભોજન અને સૂત્રદાન તો આગલની બે ચોમાસીઓએ ખમત ખામણાં નહિં કરવાથી છોડેલા હોય અને છેવટે તે સંવચ્છરીને દિવસે તો બોલવું ચાલવું પણ બંધ કરે. આવી રીતે શાસ્ત્રની મર્યાદાને જાણનારો સુજ્ઞ સંવચ્છરીની મહત્તા સમજ્યા શિવાય રહે જ નહિ. વળી બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે અન્ય દિવસોમાં થયેલા ગુન્હાના પ્રાયશ્ચિતની ક્રમસર વૃદ્ધિ થતાં સંવચ્છરીને દિવસે મૂલપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, પણ જો કદાચ સાંવત્સરિકને દિવસે અધિકરણ થાય અને તે જો તે સંવચ્છરીને દિવસે ન ખમાવાય તો તે એક જ દિવસમાં જે મૂલનામંનું સાધુઓને અપાતું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત છે તે આવે છે. એ વસ્તુને સમજનાર માનનાર મનુષ્ય અને સંવચ્છરીનાં ખમતખામણાંની અને આલોચનાદિની મહત્તા સમજ્યા શિવાય રહેશે જ નહિં. ઉપરના લખાણથી સ્પષ્ટ સમજાશે કે જૈનસંઘને માટે સંવચ્છરીનો દિવસ એજ ન્યાય અને શુદ્ધિનો દિવસ ખરેખરો છે. વળી શાસ્ત્રકારોની અપેક્ષાએ એ પણ ચોક્કસ છે કે સાધુમહાત્માઓના દીક્ષાપર્યાયની વર્ષથી ગણતરી કરવામાં સંવચ્છરીની સંખ્યાના હિસાબે જ ગણતરી થાય. સંસારમાં જેમ દુકાનને માટે દીવાળીઓની ગણતરીથી વર્ષ સંખ્યા થાય છે તેવી રીતે સાધુઓના સાધુપણાના વર્ષની સંખ્યા પણ પર્યુષણાંની સંખ્યા ઉપર જ આધાર રાખે છે, એટલે ચોક્ખું થાય છે કે સંસારવાળાઓને દીવાળીની જેટલી કિંમત હોય એના કરતાં શ્રી જૈનસંઘને શ્રી સંવચ્છરી અને તેને

લીધે પજુસણની કિંમત ઘણી જ ઉંચી છે. વળી બીજા પડિક્કમણાં ખમતખામણાં સકલ શ્રી સંઘમાં પરસ્પર થાય જ છે. પરન્તુ તે હંમેશનાં અને પાક્ષિક આદિ પડિક્કમણાનાં ખમતખામણાં શ્રી સંઘના મ્હોટા ભાગની ગેરહાજરીમાં હોય છે કેમકે તે રાઈ આદિ પડિક્કમણાથી શ્રી સંઘનો સેંકડોમો ભાગ પણ હાજરી આપનારો હોતો નથી. ત્યારે શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણમાં શ્રી સંઘના સાડા પંદર આના જેટલી હાજરી હોય છે. માટે સર્વશ્રમણસંઘને સાક્ષાત્ ખમતખામણાં કરવાનો વખત જો કોઈ પણ હોય તો તે આ સાંવત્સરિકદિવસના પ્રતિક્રમણનો જ છે. વળી એ વાત પણ લક્ષ્યમાં રાખવાની છે કે ભગવાન જિનેશ્વરમહારાજાઓનું ફરમાન સર્વને અંગે આ સંવચ્છરી દિવસને માટે એવું સ્પષ્ટ છે કે ન્હાનો હોય કે મ્હોટો હોય, પણ દરેકે સંવચ્છરીને દિવસે ખમતખામણાં કરવાં જ જોઈએ. અને તેની સાથે એ ફરમાન પણ સ્પષ્ટ જ છે કે ચ્હાય તો પ્હેલા સંવચ્છરીની રાતનો વિરોધ હોય અથવા ચ્હાય તો સંવચ્છરીના દિવસના ચોથા પ્હોરનો વિરોધ હોય તો પણ શ્રી જિનેશ્વરની આજ્ઞાને માનનારાએ સંવચ્છરી પડિક્કમણા વખતે ખમતખામણાં કરવા તૈયાર થવું જોઈએ જ . આવા ફરમાનને લીધે ઉભય પક્ષને ખમતખામણાંની સંવચ્છરીને દિવસે ફરજ પડે છે, અને તેથી બીજા દિવસોમાં ખમતખામણાં એકપક્ષીયપણે પણ થાય, પરંતુ આ સંવચ્છરીના ખમતખામણાં તો ઉભયપક્ષના જ થાય આ વાત જ્યારે વાંચકોના ધ્યાનમાં આવશે ત્યારે સંવચ્છરીના નામે પત્રોની ભડીમાર જોતાં જે કંટાળો આવે છે તે આવશે જ નહિં, કારણ કે જેની જેની સાથે મળવાનું થાય, બોલવા ચાલવાનું થાય, તે સંબંધી પોતાને ઘેર કે સમુદાયમાં પણ ઉંચી નીચી વાત કરવાનો અભિપ્રાય ઉચ્ચારવાનો પ્રસંગ આવે, તે તે બધાના અવિનય અપરાધ થવાનો સંભવ ગણાય, માટે તે બધામાંથી જે જે પરગામ રહેનાર શ્રી સંઘની વ્યક્તિ હોય તેને પણ ખમાવવી જ જોઈયે અને તે પત્રવ્યવહાર સિવાય ન બને એમ દેખી પત્રવ્યવહારથી પણ અવિનય અપરાધની ક્ષમા માગવી એ શ્રી સંઘને અનુચિત નથી. જો કે આ એક ત્રુટિ તો જરૂર વર્તમાનકાલમાં રહે છે કે સામાન્ય અપરાધોની માફી માટે પત્રો લખાય છે અને અનુકૂલતાવાળો ઉપર કાગલો લખી માફી મંગાય છે, પણ જેની સાથે દેખાવથી વધારે વિરોધ થયો હોય, અને જેનો મ્હોટો અપરાધ થયો હોય, તેની માફી માટે કાગલો લખી, માફી માંગવાનું ઘણું ઓછું જ થાય છે. પરન્તુ સુજ્ઞમનુષ્યોએ એ ત્રુટિ સુધારવા જેવી છે. પણ એ ત્રુટિને બ્હાને સકલ વ્યવહારને ઉલટાવવા તૈયાર

થવું એ તો ઉચિત ન જ ગણાય મુખ્યતાએ ચતુર્વિધ શ્રી સંઘને માટે એ જરૂરી છે કે નકામી કુથલી કરવી નહિં. અને કાનના કાચા થઈ કોઈના કહેવા માત્રથી છેડાઈ જવું નહિ. ધ્યાન રાખવું કે એકપક્ષીય સાંભળીને દોરાઈ જનારા હુકમ કરનારા અને ચુકાદો આપનારા જોહુકમી કરનારા અને મોગલાઈ ચલાવનારા ગણાય છે એવી રીતે શ્રી સંઘની પણ કોઈ વ્યક્તિ જો ઉભયપક્ષનું સ્વરૂપ ન વાંચે, ન જાણે, ન સમજે અને ચુકાદો આપવાને માટે મગજ અને વચનને તૈયાર કરે તો તેઓ પણ મોગલાઈ ચલાવનારા જ ગણાય. માટે જે કંઈ અભિપ્રાય બાંધવો અથવા ઉચ્ચાર કરવો તે બન્ને પક્ષનું કથન સમજીને કરવો જ યોગ્ય છે. છતાં જે જે તેવા એક પક્ષીય વિચારો, વચનો અને વર્ત્તનો જાણવા સાંભળવામાં આવતાં વિચારો બંધાય કે વચનો ઉચ્ચારાય તેની માફી જરૂર માગવી જ પડે. એટલે કહેવું જ જોઈયે કે આખા વર્ષની થતી મલિનતા ટાળનારો જો કોઈ પણ વખત હોય તે તે આ સંવચ્છરીનો જ વખત છે. આ સંવચ્છરીનો ફક્ત એક દિવસ જ છે કે જેમાં શ્રી જિનેશ્વરમહારાજના ફરમાનને માનનારો સમસ્તચતુર્વિધસંઘ એકસરખી રીતે પોતપોતાના વૈરવિરોધ અને કલેશકંકાશની સકલ શ્રી સંઘની સમક્ષ માફીની આપલે કરે છે. અન્ય સમયમાં એકને માફી માગવાનો વિચાર થાય અને બીજાને ન થાય, વળી એકને માફી માગવાનો વિચાર કયે દિવસ થાય અને બીજાને કયે દિવસ માફી માગવાનો વિચાર થાય ? અને તેથી પરસ્પના વૈરવિરોધ અને કલેશકંકાશને શમાવવાનું વાતાવરણ ઉત્પન્ન થાય નહિ, પરન્તુ આ સંવચ્છરીનો દિવસ તો એટલો બધો ઉત્તમ અને નિયમિત છે કે તે દિવસે તો બન્ને પક્ષને શાસ્ત્રોની આજ્ઞાને અનુસારે ફરજીયાતપણે ખમતખામણાં કરવાં અને ઉપશાન્ત થવા તથા બનાવવાનું કાર્ય કરવું જ પડે છે.

ઉપર જણાવેલી હકીકતને સમજનારો સુજ્ઞમનુષ્ય સાંવત્સરિકની મહત્તા સમજવા સાથે અવિચ્છિન્નપ્રભાવશાળી ત્રિકાલાબાધિત શ્રી જિનેશ્વરમહારાજે સંવચ્છરીને દિવસે ખમવા ખમાવવાની અને ઉપશાન્ત થવા અને ઉપશાન્ત બનાવવાની મહત્તા સમજાવી જે જૈનશાસનમાં ઉપશમની જ પ્રધાનતા છે એમ ફરમાવ્યું છે તેની મહત્તા બરોબર સમજાશે.

# સાગર-સમાધાન

પ્રશ્ન ૯૮૬ શ્રી જૈનસૂત્રોમાં સ્યાદ્વાદ નથી, પણ આચાર્ય મહારાજ શ્રી સિદ્ધસેનદિવાકરજીએ જૈનદર્શનના પદાર્થોની વ્યવસ્થા કરતાં સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ તરીકે શ્રી જૈનદર્શનને સ્થાપન કર્યું છે, એવું કેટલાકોનું કથન અસત્ય કેમ ?

સમાધાન - શ્રી ભગવતીજી, જીવાભિગમ વગેરેમાં જીવ અને નારકી આદિના શાશ્વત અશાશ્વતપણાના પ્રશ્નની વખતે સિઅ સાસए, दव्वट्ठयाए सासया ઇત્યાદિ વાક્યોને દેખનાર તો ભગવાન જિનેશ્વરમહારાજનું શાસન હમ્મેશાં સ્યાદ્વાદદર્શન તરીકે હતું એમ સમજી જ શકે તેમ છે વળી શ્રી ભગવતીજીમાં સોમિલ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ મહાવીરે પોતાનું એકપણું બેપણું વગેરે જણાવ્યું છે તે પણ સ્યાદ્વાદ જ છે, विज्ञान० નો અર્થ કરતાં ઘટજ્ઞાનરૂપે નાશ અને ઉપયોગરૂપે અવસ્થાનનું કથન તે પણ સ્યાદ્વાદ છે.

પ્રશ્ન ૯૮૭ નિત્યપદાર્થમાં વિકાર ન થાય કે માનમાં અલ્પબહુત્વ ન થાય તો જ નિત્ય કહેવાય એમ ખરું ?

સમાધાન - જૈનદર્શનની માન્યતા પ્રમાણે કોઇ પણ પદાર્થ ઉત્પાદ અને વ્યયથી મુક્ત જ નથી. વળી ગંગાદિ નદીઓનું માન સર્વકાલે સરખું નથી, છતાં નિત્ય છે. સમજવું જોઇએ કે જગત્માં કોઇપણ વસ્તુ દ્રવ્યની અપેક્ષાએ તો અનિત્ય છે જ નહિં. વિકાર રહિત હોય તે નિત્ય કહેવાય એવું તો સાંખ્યનું મત છે. જૈનમત એવું નથી. अप्रच्युता० એ લક્ષણ સાંખ્યનું છે. જૈનનું तद्भावाव्ययं લક્ષણ છે.

પ્રશ્ન ૯૮૮ શ્રી સિદ્ધાચલનું પ્રમાણ ન્યૂનાધિક થાય છે તો તે શાશ્વતો કેમ કહેવાય ?

સમાધાન - શ્રી સિદ્ધગિરિ મહારાજનું પ્રમાણનું ન્યૂનાધિકપણું હોવાથી પ્રાયઃ શાશ્વતો કહેવાય છે કોઇ કાલે શ્રી સિદ્ધાચલજીનો નાશ થવાનો નથી, માટે ગિરિની અપેક્ષાએ શાશ્વતગિરિ કહેવામાં પણ અડચણ નથી.

પ્રશ્ન ૯૮૯ સ્તુતિ, સ્તવ અને સ્તોત્રનાં લક્ષણોમાં સ્તુતિ અને સ્તવની ભિન્નતા માટે શ્રી વ્યવહાર ભાષ્યકાર एगदुग० એ ગાથાથી ત્રણ શ્લોક સુધીની સ્તુતિ અને પાંચ કે સાત શ્લોકથી અધિકને સ્તવ કહે છે અને શ્રી શાંતિસૂરિજી ચૈત્યવન્દનબૃહદ્ભાષ્યમાં સંસ્કૃતમાં હોય તેને અનેક પ્રકારના છંદોથી પ્રાકૃતભાષામાં હોય તેને સ્તોત્ર કહેવું એમ કહે છે, છતાં શ્રી આવશ્યકઉત્તરાધ્યન વગેરેમાં लोगस्स આદિને કોઇ વખત સ્તવશબ્દથી, કોઇ વખત સ્તુતિશબ્દથી અને કોઇ વખત સ્તવશબ્દથી કહેવામાં આવે છે તે કેમ?

સમાધાન - ચૈત્યવંદનની અપેક્ષાએ આદિચૈત્યવંદન એ મંગલ, પ્રાણિધાનોની વચ્ચે સ્તવ અને કાયોત્સર્ગની અંતે સ્તુતિ કહેવાય છે. પાંચ દંડકના દેવવંદનમાં પણ તેમ હોવા છતાં नमोत्थुणं આદિને દંડક તરીકે કહેવામાં આવે છે, પ્રતિક્રમણની અપેક્ષાએ लोगस्स આદિને સ્તુતિ સ્તોત્ર અને સ્તવ કોઇપણ શબ્દથી કહેવાય છે, અને છુટી સ્તવનાની અપેક્ષાએ ભકતામરાદિને સ્તોત્રો અને અજિનશાંતિઆદિને સ્તવ કહેવાય તો ઠીક ગણાય.

(અનુસંધાન ટાઈટલ પાના ૪ નું ચાલુ)

ચારે કષાયોમાં સ્વલ્પશુદ્ધિથી જો કોઈનો પણ ક્ષય થતો હોય તો તે માત્ર ક્રોધનો જ ક્ષય છે, અને આ ક્રોધના ક્ષયને માટે જૈનશાસનની સમગ્રરીતિઓએ નિશાન તાકવાનું છે, આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે મુખ્યતાએ ક્રોધને વોસરાવવાના સાધનભૂત એવા સાંવત્સરિક-પ્રતિક્રમણની ક્રિયાની મહત્તા એટલે જે સંવચ્છરીના દિવસને અન્તમાં ઉદ્દેશીને આઠ દિવસના પર્યુષણ કરાય છે તેની મહત્તા ધ્યાનમાં આવશે. આ ક્રોધના નાશની મહત્તાને શાસનમાં મોટું સ્થાન આપેલું હોવાથી उवसमसारं खु सामन्नं એમ સ્પષ્ટપણે કહેવામાં આવે છે. આ ઉપશમનો કાળ જો કે હંમેશને માટે છે, છતાં પણ પર્યુષણા (સંવત્સરી) નો કાળ તો એટલી બધી મુખ્યતાએ તે ઉપશમને માટે નિયત કરવામાં આવ્યો છે કે તે સંવચ્છરી પછી જુના શમેલા ક્રોધને ઉદીરવાને માટે જે કોઈ વાક્ય બોલે તેને સકળસંઘ અકલ્પનીય બોલે છે એમ કહી શકે, એટલું જ નહિં, પરન્તુ તું અકલ્પ્ય બોલે છે એમ કહ્યા છતાં પણ જો તે વૈરવિરોધને ઉદીરણાનું વચન બોલનારો મનુષ્ય તે વિરોધનું વાક્ય બોલવું બંધ ન કરે તો તેને સડેલા પાનના દૃષ્ટાન્તથી દૂર કરી દેવા સુધીનો પણ હુકમ શાસ્ત્રકારો ફરમાવે છે.

યાદ રાખવું કે સમ્યગ્દર્શનસંપન્ન એવો ચતુર્વિધ સંઘ કે જેને સ્વપક્ષ કે સ્વતીર્થીય કહેવામાં આવે છે તેના સંબંધના વિરોધને નહિં સહન કરનારો મનુષ્ય ઈતરપક્ષીય કે ઈતરધર્મવાળાનું ચ્હાય જેટલું સહન કરે તોપણ તેને માત્ર દેશઆરાધકપણું એટલે ગુણની અપેક્ષાએ અંશમાત્ર જ આરાધકપણું થાય છે. આ વાત સુજ્ઞમનુષ્યો જ્યારે ધ્યાનમાં લેશે ત્યારે મહારાજા ઉદાયને સ્ત્રીલંપટ અને પ્રતિમાજી ત્થા દાસીને ઉપાડી જનારા તેમજ સંગ્રામભૂમી ઉપર પ્રતિજ્ઞાને લોપનારા એવા પણ ચંડપ્રદ્યોતનને સંવચ્છરી (પર્યુષણા) નો ઉપવાસ છે એમ જણાવવાથી જે આખો માલવાપ્રાન્ત જીત્યો હતો તે પાછો આપ્યો, કપાલમાં દીધેલો જે ડામ હતો તે ઢાંકવા માટે સોનાનો પટ્ટબન્ધ કરાવ્યો અને પોતાનો શ્રીમાન્ ઉદયન મહારાજે પર્યુષણાનો મહિમા સાચવ્યો, તેની કિંમત બરોબર સુજ્ઞમનુષ્યોને સમજવામાં આવશે. દુનિયાદારીમાં દીવાળીના અંગે જુનાં ખાતં માંડીવાળી સરખાં કરવાનાં હોય છે, તેવી રીતે જૈનશાસનમાં આ એક પર્યુષણાનો તહેવાર એવો છે કે જેમાં આખા વર્ષના વૈરવિરોધના પ્રસંગો વોસરાવી દેવાના છે. આ અપેક્ષાએ જૈનના આચારને અંગે વર્ષનો છેલ્લો દિન સંવત્સરી છે અને તેનો બીજો દિવસ તે વર્ષની શરૂઆતનો છે. આ માટે સાધુઓના પર્યાયનું પ્રમાણ ગણવાને અંગે શાસ્ત્રકારો પર્યુષણાની સંખ્યાને અગ્રપદ આપે છે. એટલે જેટલી પયુર્ષણા કરી હોય તેટલા વર્ષનો પર્યાય શાસ્ત્રકારો ગણવાનું જણાવે છે, અર્થાત્ શાસનની અપેક્ષાએ ઉપશમનું સ્થાન, વૈરવિરોધને વોસરાવવાની અપેક્ષાએ ખમતખામણાનું સ્થાન, અને સાધુપણાની અપેક્ષાએ પર્યાય ગણવાનું સ્થાન જો કોઈપણ હોય તો તે માત્ર પર્યુષણા જ છે.

# પર્યુષણા અને આરાધના

જૈનશાસનમાં જો કંઈપણ મુખ્ય ધ્યેય હોય તો તે એક જ છે કે રાગ અને દ્વેષનો સર્વથા નાશ કરવો અને ક્રોધ માન માયા તથા લોભનો બંધ ઉદય ઉદીરણા અને સત્તાથી સર્વથા અભાવ કરવો.

જૈનશાસનમાં જણાવેલી કર્મની આઠ મૂળ પ્રકૃત્તિઓ અગર એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃત્તિઓમાં રાગ અને દ્વેષનું સ્થાન નથી, અર્થાત્ નથી તો રાગ અને દ્વેષ મૂળપ્રકૃત્તિઓમાં ગણાવ્યા, તેમ નથી તો તે બેને ઉત્તરપ્રકૃત્તિમાં ગણાવ્યા, તેમું કારણ એજ છે કે રાગને અભિવ્યક્તિ જ્યારે પણ હોય છે ત્યારે તે મુખ્યતાએ માયા કે લોભ રૂપમાં હોય છે, અને દ્વેષની જ્યારે અભિવ્યક્તિ હોય છે ત્યારે તે ક્રોધ કે માનરૂપમાં જ હોય છે. આ વાત ભગવાન્શ્રી ઉમાસ્વાતિવાચકજી વિગેરે મહાપુરૂષો સ્પષ્ટપણે પ્રશમરતિ વિગેરે પ્રકરણમાં જણાવે છે, એટલે રાગ અને દ્વેષ એ બન્ને પ્રચ્છન્નસ્વરૂપમાં રહે છે, પરન્તુ વ્યક્તસ્વરૂપે તો ક્રોધ માન માયા અને લોભસ્વરૂપને જ ગ્રહણ કરે છે અને કર્મને બાંધવાનાં કારણોને નાશ કરવાને તૈયાર થયેલો મનુષ્ય અભિવ્યક્તસ્વરૂપને જ રોકવા તૈયાર થઈ શકે, પરન્તુ અવ્યક્ત સ્વરૂપને રોકવા તૈયાર થઈ શકે નહિ માટે શાસ્ત્રકારોએ કર્મની પ્રકૃતિઓમાં રાગ દ્વેષ જે અવ્યક્તસ્વરૂપના હતા તેને સ્થાન નહિં આપતાં તેનું જે વ્યક્તસ્વરૂપ ક્રોધ માન માયા અને લોભરૂપે હતું તેને સ્થાન આપ્યું. જો કે ગુણોની મહત્તા જણાવવાની અપેક્ષાએ અવ્યક્તસ્વરૂપના નાશને ગુણ તરીકે જણાવી વીતરાગપણાદિકને ગુણો તરીકે જણાવ્યા, પરન્તુ તે પાપપ્રકૃતિઓનો નાશ કરવાને માટે ઉદ્યમ કરવાવાળા મહાનુભાવોને ઉદ્યમની સફળતા મેળવવા માટે ક્રોધ માન માયા અને લોભનું વ્યક્તસ્વરૂપ જે હતું તેજ જણાવ્યું. આ ચાર કષાયના ભેદોમાં પહેલા નંબરે જો કોઈનો પણ નાશ થઈ શકતો હોય અગર અલ્પશુભ-પ્રયત્નથી પણ જો કોઈ નાશ પામતો હોય તો તે માત્ર ક્રોધ જ છે. યાદ રાખવું કે ગુણસ્થાનોની શ્રેણિએ ચઢતાં ચ્હાય તો ઉપશમ કરે કે ક્ષય કરે, અર્થાત્ ઉપશમશ્રેણિ માંડે કે ક્ષપકશ્રેણિ માંડે, અરે તેમાં ચ્હાય તો અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણી કે સંજ્વલન એ ચારે જાતના કષાયોમાંથી કોઈપણ જાતના કષાયની ચોકડીનો ક્ષય કરે તો તેમાં પ્રથમ નંબરે ક્રોધનો જ ક્ષય-કરવો પડે છે. અર્થાત્ ચારે જાતના ક્રોધ માન-માયા કે લોભો ખપાવવાના હોય છે તોપણ તે બધા ખપાવતા પહેલાં તે ચારે જાતના ક્રોધનો પોત પોતાના સ્થાને ક્ષય કે ઉપશમ કરવો પડે છે. આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે આત્મકલ્યાણને માટે સ્વલ્પ પણ પ્રયત્ન કરવાવાળાએ પ્રથમ નંબરે ક્રોધનો ક્ષય કરવાની જરૂર છે, તેમજ

(જુઓ ટાઈટલ પાનું ૩ જું)

Regd. No. 3047

લવાજમ.

વાર્ષિક રૂ. ૨-૦-૦

છૂટક રૂ. ૦-૧-૬

દર વર્ષે ૬૫૦ પાનાં લગભગ વાંચન આપ્યા છતાં એક ગ્રંથ ભેટ અપાય છે.

લખો

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,

ધનજી સ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ.

अर्हम्

# શ્રી સિદ્ધચક્ર

(પાક્ષિક)

(વિશેષ - સાધુપર્યુષણા)

તંત્રી - પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૬ અંક ૨૩, ૨૪ | ભાદ્રપદ ૨૩ સપ્ટેમ્બર ૧૯૩૮ | વીર સંવત્ ૨૪૬૪ વિક્રમ સંવત્ ૧૯૯૪

## શાસનપતિશ્રીવીર

(૧)

वीरः सर्वगुणालयोऽद्भुतनिधिं वीरं नुवे सर्वदा
वीरेणोदितमाप्य धर्ममनघ वीराय कुर्वे स्पृहाम्।
वीरात् कर्ममलोज्झितिः प्रतिपदं वीरस्य घोरं तपो।
वीरे ज्ञानममानसौख्यमुदितं श्रीवीरं। जीयात् सदा॥

(२)

पूर्णस्त्वं गुणवारिणा शमनिधिस्त्वां मोह आप्वाऽबलः
कर्माणि त्वयका हतानि निखिलान्याप्ता नतिं ते व्यधुः।
त्वत्तोऽशेषमिदं जगत्सुफलयुक् धर्मोऽनघस्त्वऽस्तेपृहः
त्वय्यानन्दममेयमाप्य मतिमान् कस्काः कृती नो पुमान् ?

(ટાઈટલ પાના ૩ નું ચાલુ)

ધર્મસંબધી સ્મારણા વિગેરે પણ ઝેરની માફક પરિણમે છે, અને કોઈક આત્માથી શ્રાવક સ્મારણાદિકથી રોષ ન પામે, તોપણ શ્રાવકે હિતની બુદ્ધિથી મિથ્યાત્વારોગને નાશ કરનારી સાધુ અને શ્રાવક વર્ગને હિત કરનારી એવી સ્મારણઆદિકની ભાષા અનુગ્રહની બુદ્ધિથી કહેવી જ જોઈએ. શ્રાવકે પ્રમાદવાળા શ્રાવકને પ્રમાદના પરિહારને માટે જણાવવું કે પ્રમાદરૂપી મદિરાએ મત્ત થયેલો જીવ જો કદાચ દ્વાદશાંગને ધારણ કરનારો હોય તોપણ તે મહાનુભાવ પ્રમાદના પ્રતાપે અનંતકાળ એટલે અનંતી ઉત્સર્પ્પિણી અવસર્પ્પિણી સુધી નિગોદમાં રખડે છે, આવી રીતે પ્રમાદનું ભયંકરપણું સમજાવી તે શ્રાવકને સ્મારણાદિ કરતાં કહે કે કાલે પૌષધશાળામાં કેમ દેખાયો ન્હોતો ? કાલે જીનેશ્વરમહારાજના ચૈત્યમાં કેમ ન્હોતો દેખાયો ? સાધુમહારાજના ચરણકમળમાં પણ દેખવામાં કેમ ન્હોતો આવ્યો ? જે કાર્યથી ન આવ્યો હોય તે મને જણાવ આવી રીતે સ્મારણા કર્યા પછી જો તે શ્રાવક પોતાનું પ્રયોજન જણાવે અને તેમાં જો તે પ્રમાદને આધીન થયેલો માલમ પડે તો તે શ્રાવકને સમજુ શ્રાવકે આવી રીતે ધાર્મિકપ્રેરણા કરવી કે હે મહાનુભાવ ? મનુષ્યજન્મ દુર્લભ છે. મનુષ્યજન્મ મળ્યા છતાં સર્વજ્ઞે કહેલ ધર્મ મળવો મુશ્કેલ છે, તે મળ્યા છતાં પણ સાધુ અને સાધર્મિકની સોબત મળવી ઘણી મુશ્કેલ છે, આ જીવન મળેલી ઋદ્ધિ, ધાન્ય, કુટુંબ અને મિત્રોનો સમાગમ એ સર્વ ચલાયમાન છે, ક્ષણવારમાં પણ અનેકપ્રકારના વ્યાધિઓ યાવત્ મરણ પણ આવી લાગે છે, માટે પ્રમાદ કરવો તે કોઈપણ રીતે યોગ્ય નથી. વળી ચોરો ધન લુંટીને જે નુકશાન કરે નહિં, અગ્નિ વસ્તુ બાળીને જે નુકશાન કરે નહિ, જુગાર રમતાં હારવાથી જે નુકશાન થાય નહિં, તેવું અસાહ્ય નુકસાન ધર્મમાં પ્રમાદ કરવાથી થાય છે, આવી રીતે શિખામણ દીધા છતાં પણ જેઓ પ્રમાદને છોડતા નથી તેઓ હાથે કરીને કાળા સાપને લે છે, ઝેરને ખાય છે અને નિધાનને છોડીને કાચનો કટકો પકડે છે. હે સૌમ્ય! મહાનુભાવ આ બધી વસ્તુને તું જાણતો અને સર્વજ્ઞભગવાન્‌ના ધર્મને પણ જાણતો છતા જો તું પ્રમાદને છોડતો નથી તો સંસારસમુદ્રમાં રખડતાં તું જરૂર ઘણા ખેદને પામીશ. ભાવ-વાત્સલ્યને સમાપ્ત કરતાં જણાવે છે કે એવા પ્રકારની વાણીએ કરીને શ્રાવકે શ્રાવકને પ્રમાદ થતો હોય તો જરૂર પ્રેરણા કરવી અને એવી પ્રેરણાનું નામ જ ભાવસાધર્મિકવાત્સલ્ય કહેવાય અને એવું ભાવસાધર્મિકવાત્સલ્ય સમજુ શ્રાવકે દિનપ્રતિદિન કરવું જ જોઈએ. ઉપર જણાવેલી ભાવસાધર્મિકવાત્સલ્યની હકીકતને સમજીને દરેક સુજ્ઞશ્રાવકે પોતાના સાધર્મિકભાઈઓને ધાર્મિકકાર્યના પ્રમાદથી બચાવવા તેજ શ્રેયસ્કર છે અને તેનું નામ જ ભાવસાધર્મિકવાત્સલ્ય છે તે સ્હેજે સમજાશે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

खामेमि सव्वजीवे सव्वेजीवा खमंतु मे।

# શ્રી સિદ્ધચક્ર

(પાક્ષિક)

મુંબઈ ૨૩-૯-૩૮ | વર્ષ ૬, અંક ૨૩, ૨૪ | વીર સંવત્ ૨૪૬૪.

## અનિત્યતા આદિ[૧૨]

(૧)

નમન કરતાં ઇંદ્રના મણિવંત મુગુટોનાં અતિ
દીપતાં કિરણોથી રંજિત જેહ અર્પે અતિ રતિ
બહુ પુણ્યના અંકૂરના નિકરોથી અંકિત હોય ના ?
ચરણાવિંદો વીરના વંદુ સદા હું શુભમના

(૨)

નવિનિત્યતા છે સર્વરીતે મનુષલોકની સત્યથી
દૂર રહેવા દો વિચારો સાર નહિં કંઇ તેહથી
કાયા જીવન ને સંપદા સુરલોકમાં સ્થિર ના દિશે
નિતએહવું ભવિ ભાવજો ભવભાવશ્રુત ઉપદિશે

(૩)

જિમ બાલકો સરિતાતણાકાંઠે જઈ ધૂળો વિષે
કરિ હાથી, ઘોડા કલ્પનાથી વપ્ર રાજ્ય કરી હશે
નહિ સાર તેમાં અન્યથી ભાંગે જ કે રહેવા દીયે
તુષ્ટ ચિત્તે રમત કરિને નિજ ઘેર જાતા દેખીયે

(૪)

સંસારમાં કંઇ કાલથી એ જાણજો ભવિયાં ! ખરે
ઘર રાજ્ય વૈભવ નિજજનોમાં દિવસ પાંચ (જૂજ) રમ્યા કરે
નિજ કર્મ રૂપી પ્રલયદવના અગ્નિથી બળતો ફરે
ક્યાંય ચાલ્યા એ જશે, એમ ભવોભવ જીવો અરે!

(૫)

રાજ્યઆદિ ઇષ્ટવસ્તુ સ્વપ્નમાં જિમ પામીને
ક્ષણવાર ખુશી થાય જીવો લેશ નવિ લે ખામિને
તેવી જ રીતે જુજ દિવસો રહે રાજ્યાદિક વિષે
પણ એકલો નર જાય ત્યારે કાલ લાંબો નાખુશે

(૬)

રૌપ્યમૌક્તિક કનક વસ્તુ ઈન્દ્રજાલ પ્રયોગથી
દેખાય ને ક્ષણવારમાં જિમ નાશ પામે જોગથી
વિભવાદિ તિમ તું જાણ જીંવડા ! નાશ પામે ભિતે
શું મોક્ષપ્રાપકધર્મમાં ઉદ્યમ કરો નહિ શુભ મતે

(૭)

ઘટન-નાશ-રૂપવાળી મોહિયો કાય શુ મોહિયે !
નહિ શૌચ તેમાં અંશથી એ ચિત્તથી યદિ જોઈયે
મેઘનું જેમ બાણ તેવી વિવિધ કામિની કાય છે
રે ! જીવ ! કાં તું મુંઝાય ! તેમાં સતત અશુચિતા
અસ્તિ છે

(૮)

પ્રાસાદ-શાલા બાગ આદિ વસ્તુઓથી શોભતા
ગન્ધર્વનગરો અભ્રમમાં દેખાય સુંદર થોભતાં
જો સ્થિર રેશે તે યદિ માનવજે તવ રિદ્ધિને
ના પાપ પટલો ના રહે એ પાપ પટલો માનજે
ભવસિદ્ધિને

(૯)

સ્વજન-ધન ને શક્તિથી ઉન્મત્ત થઈ તું ગર્વથી
ખોટો ભમે હે જીવડા ! અહિં ફોક શાના મર્મથી
પાંચ દિવસો બાદ જોજે સ્વજન, ધન ને શક્તિએ
રેશે નહિ, કર સંયમે રતિ ધર્મ કર નિત યુક્તિએ

(૧૦)

બલદેવ ચક્રી વાસુદેવો થયા સંખ્યા તિગ કહ્યા
તેઓ રહ્યા ના વિશ્વમાં ગત કાલમાં બહુ મરી ગયા
તો તેહ પાસે શા હિસાબે ? તું અને તવ દોલતો
છોડિ તપમાં ચિત્ત બાંધો ધર્મને નહિ ચૂકતો

(૧૧)

ભવન ઉપવન શયન આસન યાન વાહન વસ્તુઓ
સ્થિર કોઈને એ રહિ નથી રક્ષ્યા નથી નરને જુઓ !
માત, પિતાની સાથ રહેવું મિત્રનો સહવાસ જે
લહ્યોવાર અનંત નહિ જિન ધર્મ એક સુહાસ તે

(૧૨)

બલ રૂપ યૌવન ઋદ્ધિ પ્રભુતા સુરતા સુભગતા તથા
ગતરોગતા ને ઈષ્ટ વસ્તુ સકલ જીવનની કથા
નહિ શાશ્વતુ ઈમ જગપતી જિન શાશ્વતુ કહે
જે જગે
બલિરાજઋષિ જિમ સતત ધરિ યત્ન ધર્મે સેવજે

(૧૩)

તપગચ્છનાયક ભૂપબોધક સકલશ્રુત પારંગમી
વર્તમાનપ્રભાવકા જે ધર્મ કહે મોક્ષગમી
આનંદસાગરસૂરિવરને ભાવથી વંદન કરૂં
યાચું ભવોભવ સેવના તસ, જેહ મુજ છે શુભ કરૂં.

આનંદ-શિશુ.

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી પાના ૫૧૨ થી શરૂ)

**નાસ્તિકો અને આસ્તિકોની જીવની માન્યતા.**

હવે આ સઘળા ઉપરથી તમે સહજ કલ્પી શકશો કે સમકિતધારીની જીવસંબંધી માન્યતા કેવા પ્રકારની હોય છે ? બીજા આસ્તિકો કરતાં જૈન આસ્તિકોની જીવનનીશ્રદ્ધા જુદાજ પ્રકારની હોય છે, જૈન આસ્તિકો કરતાં પણ સમકિતી જીવની શ્રદ્ધા વળી જુદાજ પ્રકારની હોય છે. તમે જ્યારે સમકિતદૃષ્ટિની દૃષ્ટિએ જીવને માનો છો ત્યારે તમે આસ્તિક્તાથી પણ આગલ પહેલે સ્થાનકે પહોંચેલા છો એમ ગણી શકાય. ભગવાન્‌શ્રીજીનેશ્વરદેવોના વચન પ્રમાણે આ જીવ છે વગેરે છ વાત માને તે ખરો આસ્તિક છે. જે આત્મા આ છ વાતોને માનનારો નથી તે વસ્તુતાએ આસ્તિકપણ નથીજ! જો આસ્તિકની જીવની માન્યતા એવી ન હોય પરંતુ "જીવ એટલે જીવ, વળી તેમાં વસ્તું શું ? ને સિદ્ધાંત શું" એવી ગરબડ સરબડજ વાતો કરે તો પછી તેની જીવની માન્યતા અને નાસ્તિકની જીવની માન્યતા એમાં કાંઈ ફેરફારજ રહેવા પામતો નથી.

**બોલવાના કાકા મામા કામે નહિ આવે !**

તમે કદાચય એવા ખ્યાલમાં હો કે નાસ્તિકો જીવ માનતાજ નથી, તો તમારી એ માન્યતા પહેલી તકે જુઠી છે એમ તમે સમજી લેજો ! નાસ્તિકો પણ જીવ છે એમ અવશ્ય માનેજ છે, પરંતુ તેમની જીવની માન્યતા ચંદ્રને બાળકો મામો કહીને બોલાવે છે તેવીજ છે ! ચાંદાને બાળકો મામા કહે છે એ બોલવાના મામા ખરા, પરંતુ લેનેદેનેમેં ખયરસલ્લા!! એવીજ રીતે નાસ્તિકોનો જીવ તે બોલવાનો જીવ ખરો, પરંતુ જીવનું તાત્ત્વિક સ્વરૂપ શું ? તો કહે કે કીધર ગાડી ચલતી હે સો અલ્લામીયા જાણે !! નાસ્તિકો એમ માને છે કે જીવ એટલે પ્રાણધારણ! દસ પ્રાણનું ધારણ કરે તે જીવ, તેનેજ આસ્તિકો જીવ માને છે, નાસ્તિકો પણ કાન, આંખ, નાક જીભ, શરીર, મન, વચન, કાયા, શ્વાસોચ્છ્‌વાસ, અને જીંદગી એ બધું માને છે, દસે દસ પ્રાણો તે માને છે, અને એ દશ પ્રાણોને જે ધારણ કરે છે તેજ જીવ છે એવી નાસ્તિકોની પણ જીવ સંબંધીની માન્યતા હોયછે.

**નાસ્તિકો કહે છે : દસે પ્રાણોનો ધારક તે જીવ**

દસે પ્રાણનો ધારક તે જીવ એ માન્યતા તો નાસ્તિક પણ રાખે છે. હવે તમે કેવો જીવ માનો છો તે વિચારો. તમે જીવને એરીતે માનો છો કે જેણે અનાદિકાળથી દસે દ્રવ્ય પ્રાણ ધારણ કરેલા છે, જે વર્તમાનને વિષે દ્રવ્ય પ્રાણે ધારણ કરે છે, અર્થાત્ જે એક પ્રાણથી ભિન્ન વ્યક્તિએભૂતકાળને વિષે પણ પ્રાણથી ભિન્ન વ્યક્તિએ ભૂતકાળને વિષે પણ પ્રાણને ધારણ કર્યા હતા અને જે ભવિષ્યકાળને વિષે પણ પ્રાણને ધારણ કરશે તે જીવ છે. जीवति जीविष्यति अजीवीत् इति जीवः જીવ આ પ્રમાણેનો છે એવું કદી નાસ્તિકો માનવાને તૈયાર નથી. પ્રાણધારણ કરનાર અનાદિનો છે એ પ્રમાણે માનવાને નાસ્તિકો કદી તૈયાર નથી. નાસ્તિક હો અથવા મિથ્યાત્વી હો, કોઈપણ જીવને આ સ્વરૂપે માનવાને અનાદિતા ન માનવાથી તૈયાર નથી.

એ રીતે જીવને તમે નિત્ય કહો તો તે શાસ્ત્રથી વિરૂદ્ધ છે, કારણ કે સ્થળે સ્થળે શાસ્ત્રોમાં જીવનું નિત્યાનિત્યપણુજ કહેવાએલું છે અને જીવના અનિત્ય કે નિત્ય એકાંતપણાનું શ્રીમાન્ શાસ્ત્રકારમહારાજાઓએ સ્થળે સ્થળે ખંડન કરેલુ છે, તો પછી અહીં જીવનું નિત્ય એકાંતપણું પ્રતિપાદન થાય છે તેનું શું ? આવી શંકા કરનારાઓ માર્ગ ભૂલેલા છે એમ કહીએ તો તે જરાપણ ખોટું નથી. કેમકે જેઓ અપેક્ષાવાદને સમજતા નથી તેઓજ અહીં સાચી વાતને જુઠી માનવાને તૈયાર થાયછે. આ પ્રસંગ બરાબર ખ્યાલમાં લેવા માટે અને અપેક્ષાવાદ એટલે શું ? તેની તાત્ત્વિક સમજ મગજમાં ઠસાવવાને માટે એક ઉદાહરણ લઈએ અને તે દ્વારા આ વાત બરાબર સમજવાનો યત્ન કરીએ.

૨૭-૯=૦

દિલ્હીપતિમ્લેચ્છરાજઅકબરશાહ એક વખતે મહારાજા બીરબલ સાથે બેઠો હતો. યવનપતિ અકબરશાહે પૂછયું : "બીરબલજી ! સત્તાવીશમાંથી નવ કાઢી નાંખો તો શું બાકી રહે ?" બીરબલે શાંતપૂર્વક જવાબ આપ્યો -જનાબેઆલી ! કુછ્છ ભી નહિ !! મ્લેચ્છરાજ અકબરશાહ બીરબલનો આ જવાબ સાંભળીને ખુશ થઈ ગયા અને બોલ્યાઃ - શાબાશ દોસ્ત ! ત્હારી વાત સાચી છે અને તારી બુદ્ધિને ધન્યત્વ ઘટે છે, એમ કહીને તેમણે બીરબલને પોતાના હાથમાંની વીંટી કાઢીને બક્ષીસ આપી દીધી! બાદશાહને આ પ્રમાણે ઈનામ આપતો જોઈને બાદશાહની પાસે બેઠેલા એક બીજા સરદારે પોતાના સોબતીના કાનમાં કહ્યું, "સાલા, બન્ને ગધેડા છે !" એક કહે છે કે સત્તાવીશમાંની નવ જાય તો મીંડુ રહે !! ત્યારે બીજો આ વાત સાંભળીને ખૂબ કહી દોસ્ત ! એમ કહી વળી તેને ટેકો આપે છે !!

## "એતો ખાનગી વાત."

બાદશાહે પોતાના બંને સરદારોને આરીતે વાતચીત કરતાં સાંભળ્યા અને તરતજ મ્લેચ્છરાજઅકબર પોતના યવન સરદારોની વાતચીતનો મર્મ સમજી ગયો. તેણે પેલા સરદારોને કહ્યું, "સરદાર ! તમે બંને જણાએ અત્યારે જે ખાનગી વાતો કરી છે તેનો મર્મ હું સમજી ગયો છું, માટે તમારી વચ્ચે થએલી વાતચીત મને કહી બતાવો ! પેલા સરદારો તો બાદશાનું આ બોલવું સાંભળીને ઠરીજ ગયા ! તેમણે માની લીધું કે આપણે બદાશાહનો દોષ કાઢયો છે, એ વાત બાદશાહ જાણશે તો જરૂર આપણને ગરદન મારશે ! સરદારોએ કહ્યું, "બાદશાહ સલામત ! અમારા બંને વચ્ચે થએલી ખાનગી વાત અમારા ઘર સંસારી ખટલા સંબંધીની છે માટે એ વાત પૂછવી એ આપને માટે યોગ્ય નથી ! બાદશાહે કહ્યું - "સરદારો ! તમે મારો અપરાધ કર્યો હશે તો પણ હું તમોને ક્ષમા આપીશ માટે ગભરાઓ નહિ અને તમારા બંને વચ્ચે જે વાત થઈ હોય તે મને નિવેદન કરો.

## ભીતરનો ભેદ ભાંગ્યો.

બાદશાહથી અભય પામ્યા પછી સ્વસ્થ થએલા તે બંને સરદારોએ કહ્યું, "બાદશાહ! સત્તાવીશમાંથી નવ જાય તો અઢાર બાકી રહે, એ

વાત તો એક ન્હાનો છોકરો પણ કહે છે. જ્યારે આ નવવેંતના લાંબા બીરબલ સત્તાવીશમાંથી નવ જાય તો શૂન્ય બાકી રહે છે એવો લવારોકરે છે, અને આપ તે જવાબને ખરો માનીને તેને વળી ઈનામ આપો છો એ સઘળું જોઈને અમે એવી વાત કરી હતી કે ખરેખર બાદશાહ સલામતનો આ સઘળો કારભાર નાદન જેવી છોકરવાદીથી ભરેલો છે. બાદશાહે હસીને બીરબલને કહ્યું "બીરબલ ! આ ઉમરાવોને તારા પ્રશ્નોત્તરમાં શંકા થઈ છે માટે એને તારો જવાબ સાચો છે એ સમજાવી બતાવ ! બીરબલ બોલ્યો, ભાઈઓ ૨૭ નક્ષત્રો છે તેમાંથી વરસાદના નવ નક્ષત્રો ગયા ! જો વરસાદના નવ નક્ષત્રો કાઢી નાંખીએ તો પછી વગર વરસાદના બાકીના નક્ષત્રો રહ્યાં ! પરંતુ જ્યાં વરસાદ ન પડે ત્યાં બીજા નક્ષત્રો ધૂળ બરાબર છે. એટલેજ મેં ૨૭માંથી ૯ જાય તો શૂન્ય રહે એમ કહ્યું છે.

## વરસાદ વિના બધું નકામું

તમે પણ વિચાર કરી જોશો તો તમોને પણ માલમ પડશે કે બીરબલે જે જવાબ આપ્યો હતો તેજ જવાબ તદ્દન સાચો છે. આર્દ્રાથી સ્વાતીસુધીમાં નક્ષત્રો વરસાદના છે. તે નક્ષત્રો જો કોરા ગયા તો પછી બીજાં ક્યાં નક્ષત્રો પાણી લાવવાના હતા ? બીરબલ અને બાદશાહની આ વાત તદન સાચી હતી, પરંતુ તે છતાં ત્યાં બેઠેલા સભાજનો એ વાતચીતને સમજી શક્યા ન હતા અને તેથી તેમણે અપેક્ષા ન સમજવાને લીધે બીરબલ બાદશાહના દૂષણો જાણ્યાં હતાં ! જો તેઓ અપેક્ષા સમજ્યા હોત તો અહીં તેઓની ભૂલ થવા નજ પામત ! એજ રીતે જીવને નિત્ય કહ્યા છે તેમાં પણ અપેક્ષા સમજવાની છે. એકાંતનિત્યનું અથવા એકાંતઅનિત્યનું શાસ્ત્રમાંજ ખંડન છે તો અહીં એકાંત નિત્ય માનીએ તેમાં વિરૂદ્ધતા આવે, પરંતુ ખરી વસ્તુસ્થિતિ તેવી નથી. અહીં. જે જીવનું નિત્ય પણું માનવમાં આવે છે તે નિત્યપણું આપેક્ષિક છે તે કઇ અપેક્ષાનું છે તે સમજી લો ! નિત્યપણું તે સ્યાદ્વાદનીજ અપેક્ષાનું છે.

## જીવ કઇ અપેક્ષાએ નિત્ય છે.

જીવનું જે નિત્યપણું અહીં સ્વીકારવામાં આવ્યું છે તે સ્યાદ્દદનીજ અપેક્ષાએ સ્વીકારવામાં આવ્યું છે, અન્ય રીતે નંહી. હવે અહીં બીજી એક વાત તપાસો. તમે જીવને નિત્ય સમજાવો છો અને બીજા જીવને અનિત્ય સમજાવે છે એમાં ફરક શો ? આસ્તિકતા કઇ વસ્તુને અંગે જરૂરી છે તે વિચારો. આસ્તિકતા તે માત્ર એકજ વસ્તુ માટે ખરી જરૂરી છે. આત્માને મોક્ષ મેળવી આપવો એનેજ અંગે આસ્તિકતા જરૂરી છે. હવે એ મોક્ષ ક્યારે મળે તે વિચારો. જવાબ એ છે કે આત્મા ભવપરંપરાએ ભટકતો બંધ થાય ત્યારેજ તેને મોક્ષ મળી શકે.હવે એ પ્રશ્ન વિચારીએ કે આત્મા ભવમાં ભટકતો બંધ ક્યારે થાય ? જવાબ એ છે કે આત્મામાં એવી માન્યતા દૃઢ થાય કે હું આત્મા પોતેજ નિત્ય છું

અને હું જેમાં ભટકું છું તે વસ્તુ અનિત્ય છે. ત્યારે ! હવે આ વસ્તું સાથે આત્મા કર્મ કરે છે અને કર્મના ફળો પણ ભોગવે છે એ માન્યતા કેવી રીતે ટકી શકે છે તે વાતનો ખાસ કરીને વિચાર કરો.

## કર્મોના ફળો કોણ ભોગવે ?

જો જીવને નિત્ય માનીએ તોજ એ માન્યતા ટકી શકે છે કે આ જીવ પોતેજ કર્મો કરે છે અને પોતેજ કર્મોનાં ફળો પણ ભોગવે છે. જો તમે જીવને ઘડીમાં થવાવાળો અને ઘડીમાં જવાવાળો માનશો અને નિત્ય નહિં માનો તો પછી તમારો પ્હેલો મુદ્દો સદંતર ઉડી જશે કે આ આત્માજ કર્મો કરે છે અને આત્માજ તેને ભોગવે છે ! આત્માને અનિત્ય માનશો તો પરિણામ એવું વિચિત્ર ઉભું થશે કે વાત ન પૂછો. અનિત્યઆત્મા એક જીંદગીમાં કર્મ કરે અને પછી તે ખલાસ થઈ જાય તો તેણે કરેલાં કર્મોનાં ફળો કોણ ભોગવે ? જ્યારે આત્મા કર્મ કરે છે અને આત્માજ કર્મનાં ફળો ભોગવે છે એ વસ્તુ તો દીવા જેવી સ્પષ્ટ છે તો તેથીજ આસ્તિકતામાં જીવ નિત્ય છે એવી માન્યતા હોવી જોઈએ એ મુદ્દો રાખવામાં આવ્યો છે. અર્થાત્ આ માન્યતામાં એકાંત નિત્ય ઉપર મુદ્દોજ નથી અને તેવો મુદ્દો ન હોવાથીજ શાસ્ત્રથી વિરૂદ્ધતા આવવાનો અહીં જરાય સંભવ નથી.

## ભગવદગીતાનું તત્વજ્ઞાન

જીવને માનવો એટલામાત્રથીજ તમે આસ્તિકપણાની છાપ મેળવી શકતા નથી. જે જીવ માને છે તે કાંઇ બધાજ આસ્તિક નથી, પરંતુ જે યથાર્થ શાસ્ત્રપ્રમાણે જીવ માને છે તેઓજ માત્ર ખરા આસ્તિક છે. જે કોઇ આત્માને એકાંત નિત્ય માને છે તેને પોતાને આસ્તિક કહેવડાવવાનો હકજ નથી. એકાંતનિત્ય માનવાપણું એ લોકોને નાસ્તિકતા તરફ પ્રેરનારૂ છે. અજૈન એવા વૈદિકોએ તત્વજ્ઞાનના મુખ્ય ગ્રંથતરીકે માનેલું પુસ્તક ગીતા છે. ગીતાને જેઓ મોટું શાસ્ત્ર માને છે તેવાઓને અહીંથી પૂછવાનો એક પ્રશ્ન છે. જો કે એ પ્રશ્ન સાંભળીને તેમને ચમકારો થશે, પરંતુ સત્યને ખાતરજ આપણે અહીં પ્રશ્ન કરતા હોવાથી એ પ્રશ્ન કર્યેજ છુટકો છે. ભગવદ્ગીતા કયા સંયોગોમાં રચાઈ છે ? તે વાત પહેલાં તો વિચારો વિશ્વપ્રસિદ્ધકુરૂક્ષેત્રના મેદાન પર પાંડવો અને કૌરવો યુદ્ધને માટે ઉભા હતા. બન્નેનાં લશ્કરો લડવાને માટે સામસામા તૈયાર થઇ ગયાં હતાં. લડાઈના શંખો વાગી રહ્યા હતા. એક બીજાના મનમાં એક બીજા પરત્વે પૂરતું વૈર વ્યાપી ગયું હતું. એવે સ્થાને કૃષ્ણ અર્જુનનું સારથીપણું કરે છે. ત્યાં અર્જુને કૃષ્ણ સારથીને કહ્યું કે “મારો રથ આગળ હાંકો” અર્જુનના આ શબ્દો સાંભળીને કૃષ્ણ અર્જુનનો રથ આગળ લઈ ગયા. અર્જુને આ વખતે આખી યુદ્ધભૂમી બરાબર જોઈ.

## કૃષ્ણાર્જુન સંવાદ

યુદ્ધભૂમીમાં અર્જુને પોતાના સગાંસ્નેહીમિત્રો વગેરેને જોયાં અને પોતે તેમને મારી નાંખવા આવ્યો

છે એ વિચારથી અર્જુનને ક્ષોભ થયો એટલે તેણે કૃષ્ણને કહ્યું.

"आचार्याः पितरः पुत्रास्तथैच च पितामहाः

मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधनिस्तथा"

(ભ.ગી.૧.૩૪)

અર્જુન બોલ્યો "હે કૃષ્ણ ! આ મારા સગાઓ સંબંધીઓ મિત્રો પૌત્રો વગેરે મ્હારી સામે યુદ્ધમાં આવીને ઉભા છે." અને તેઓને મારે મારી નાંખવાને છે, આ કામ મારાથી થઈ શક્તું નથી. આમ કહીને અર્જુને પોતાની યુદ્ધ તરફની તાત્કાલિક અપ્રીતિ પ્રકટ કરી દીધી. વળી અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કેઃ-

एतान्न हंतुमिच्छामि, घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य, हेतोः किं नु महीकृते

(ભ.ગી.૧:૩)

આ મારા સઘળાં સગાંવહાલાંઓ મિત્રો અને મુરબ્બીઓ છે, મ્હારા એ મિત્રો અને મુરબ્બીઓને મારી નાંખવાથી મને ત્રણ લોકોનું રાજ્ય મળતું હોય તો તે ત્રણ લોકના રાજ્યને પણ હવે તો હું ચાહતોજ નથી અને એ ત્રણ લોકના રાજ્યને માટે પણ હું આ સ્નેહીઓ અને સુહદોને મારવા ઈચ્છતો નથી, તો પછી આ જગતના રાજ્યને માટે તો મારે આ મારા સ્નેહીઓ અને સુહદોને મારવાનો હોયજ ક્યાંથી ? વળી આગલ ચાલતાં અર્જુન કહે છે :

गुरूनहत्वा हि महानुभावन् श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके।

इत्वाहर्थकामांस्तु गुरूनिहैव; भुंजीय भोगात् रुधिरप्रदिग्धान् (ભ.ગી.૨.૫)

અર્જુન બોલ્યો : "હે કૃષ્ણ ! મ્હારા જે ગુરૂ અને વડીલો છે તેમને મારીને તેમનો સંહાર કરીને રાજ્ય અને ભોગો મેળવવા તેના કરતાં તો તેમને જીવતા રહેવા દઈને મારો જે ભિક્ષાથી નિભાવ થતો હોય તો તે પણ મ્હારું વધારે શ્રેય કરનારૂં છે !"

અર્જુનની આ શંકાનો ઉત્તર આપતાં કૃષ્ણ શું કહે છે તે હવે સાંભળો ! કૃષ્ણ કહે છે : "હે અર્જુન ! યુદ્ધનું ટાણું મહાભંયકર છે. એ યુદ્ધના મહાભયંકર ટાણે તને આ મહાપાપ ક્યાંથી વળગ્યું?" શ્રીકૃષ્ણના ઉપદેશનું આ એકજ વાક્ય સાંભળો અને તેમાં રહેલા હિંસોપદેશ શ્રવણ કરો! ગીતાના નવનીતને સમજવા તેના તારતમ્યને પામવા અહીં આટલું એકજ વાક્ય શું બસ નથી? ગીતાનો આખોય ઉપદેશ કેવો છે તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે. આગળ ઉપદેશ આપતાં શ્રીકૃષ્ણ કહે છે તે ખાસ ધ્યાનપૂર્વક લક્ષમાં રાખવાનું છે. શ્રીકૃષ્ણ કહે છે :-

वासांसि जीर्णानि यथा विहाय; नवानि गृह्णाति नरोऽपराणि।

तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही

(ભ.ગી.૨:૨૨)

અર્થાત્ "હે અર્જુન ! આ આત્મા જુના શરીરને છોડી દે છે અને તે નવા શરીરને ધારણ કરે છે. જે પ્રમાણે મનુષ્ય એક જુના વસ્ત્રને બદલીને નવું વસ્ત્ર પહેરે છે તેજ પ્રમાણે આ આત્મા પણ એક દેહ છોડીને નવો દેહ ધારણ કરે છે. એટલે આ આત્માને હણવામાં પાપ નથી ! કારણ કે એથી

ઘરડા, વૃદ્ધ વગેરે દેહનો નાશ થયો તો તે આત્માઓ નવાં શરીરો મેળવશે ! જુઓ, ગીતાનું જ્ઞાન કેવું છે ? તે શ્રીકૃષ્ણના આ શબ્દો પરથી સ્પષ્ટ થાય છે.

## ગીતા એ કલ્પવાની વસ્તુ છે કે સત્ય ?

ગીતાના સંબંધમાં કેટલાકોની માન્યતા એવી છે કે શ્રીકૃષ્ણે અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યોજ ન હતો પરંતુ મહાભારતના રચયિતા વ્યાસે મહાભારત ગ્રંથની રચના કરતાં યોગ્ય પ્રસંગ સાધીને પોતનોજ ઉપદેશ ગીતા તરીકે દાખલ કર્યો છે અને તે ઉપદેશ શ્રીકૃષ્ણાર્જુન સંવાદના રૂપમાં રજુ કર્યો છે. આવી માન્યતા ધરાવનારાઓ આવો દાવો કરે છે. કે ગીતા કુરૂક્ષેત્રના મેદાનમાં કહેવામાં આવી છે. એ પ્રંસગને બરાબર લક્ષ્યમાં લેવો જોઈએ. પાંડવકૌરવોના સૈન્યો સામસામે તીર તાકીને ઉભા હતા વેરથી એક બીજાનાં હૃદય ધમધમી ઉઠેલાં હતાં, ઈર્ષાથી દરેકનું અણુંએ અણુ ભરેલું હતું. એવે વખતે રણક્ષેત્રમાં મેદાનમાં ઉભેલા માણસોને સાતસોશ્લોકોનો સંવાદ કરવા જેટલો વખત મળે અને તેઓ વાતચીતમાં સાતસો શ્લોક જેટલો સમય પસાર કરે, એ વસ્તુ બનવા જોગજ નથી. આવું દર્શાવીને કેટલીક વ્યક્તિઓ ગીતાને કલ્પિત માને છે.

## યોગ્ય સિદ્ધાંત યોગ્યજગાએજ શોભે.

ગીતા કલ્પિત હો કે તે ખરેખર રચના પામી હો, એ વાત સાથે આપણને પ્રત્યક્ષ સીધો સંબંધ નથી. આપણે તો એ વસ્તુનોજ વિચાર કરવાનો છે કે ગીતામાં જે તત્વજ્ઞાન છે તે કેવા પ્રકારનું છે અને તે તત્વજ્ઞાને જગત ઉપર ઉપકાર કર્યો છે કે અપકાર કર્યો છે ? ગીતાકાર જણાવે છે કે જુનાં વસ્ત્રો છોડીને માણસ જેમ નવાં વસ્ત્રો પહેરે છે તેમ આતમા પણ એક શરીર છોડીને બીજી દેહ ધારણ કરે છે, માટે આત્માની જુની દેહ લઈ લેવી અને તેને નવો દેહ મળે એવું છુટાપણું સરજાવવું એ તો તેમના ઉપર કરવાનો ઉપકારજ છે. વળી ગીતાકાર કહે છે કે આતમા અમર છે એટલે એ આતમાને મારવો, સંહારવો એ માન્યતા પણ ખોટીજ છે. આત્માના અમરપણાનો જે સિદ્ધાંત રજુ કરવામાં આવ્યો છે. તે તો ઠીક છે, પરંતુ તે યોગ્ય જગાએ દાખલ કરવાવવો જોઈએ. ત્યાગ એટલે વિષયોપભોગની વસ્તુઓ છોડી દેવી એ ઈષ્ટ છે, પરંતુ તેથી રસ્તામાં ચાલતા માણસના હાથમાંથી વીંટી ખુંચવી લઈએ અને એમ કહીએ કે, “ભલા માણસ ! ત્યાગમાં પુણ્ય છે, માટે હું તને આ વીંટીના ત્યાગ દ્વારા પુણ્ય કરાઉં છું.” તો આ મનોદશાનો તમે શો જવાબ આપી શકો ?

## આત્માની અમરતા ઉપસર્ગો સહન કરવામાંજ માનવી ઘટે.

ત્યાગ કરવામાં શ્રેષ્ઠતા છે એ વસ્તુ સાચી છે, પરંતુ તેથી તમે તેનો અવળો ઉપયોગ ના કરી શકો એજ પ્રમાણે આત્મા અમર છે એ વાત કબુલ છે, પરંતુ બીજાના આત્માદ્વારા થતા ઉપસર્ગો સહન કરવા વગેરેમાંજ એ અમરપણાનો સિદ્ધાંત દાખલ કરવાનો છે. બીજી જગાએ નહિ. પોતે શરીરે સંકટ સહન કરતી વખતે આત્મા અમર માનો એ વ્યાજબી

છે, પરંતુ આત્માના વિનાશને માટે પણ આત્માની અમરતાનો સિદ્ધાંત આગલ કરવો એ પાપ છે. આત્માને મારવામાં પણ જેઓ આત્માના અમરપણાને આગળ કરે છે તેઓ "ચઢ જા, બેટા શૂળીપે અલ્લા મીયા અચ્છા કરેગા." એ નીતિપ્રમાણે આત્માને આડે માર્ગો દોરનારા છે. આત્માનું નિત્યપણું ગીતાકાર શા માટે સમજાવે છે તે જુઓ. ઘા કરવા માટે કે સહન કરવા માટે ? "આત્મા નિત્ય છે અને તેના શરીરો તમે તેને મારી નાંખો કે ન મારી નાંખો તો પણ છેવટે તો પડવાનાંજ છે." એ વસ્તુ જો કસાઈઓનાજ હાથમાં આવી જાય તો પછી કાંઈ પણ વાંધો રહે ખરો કે ? પછી તેમને ઘી કેળાંજ સમજી લેવાં. !!

અને આગળ......"

આ રીતના આ અધકચરાજ્ઞાનથી પણ ત્યાં હજી સંતોષ માનવામાં આવતો નથી. એ અજ્ઞાન આગળ વધે છે, અને ગીતકાર કહે છે કે:

"य एनं वेत्ति हंतारं यच्चैनं मन्यते हतम्!
उभौ तौ न विजानीतो नायं हंति न हन्यते"

(ભ.ગી.૨:૧૯)

"જે બીજાને હણનારો આત્મા એમ માને છે કે મેં ફલાણાને માર્યો છે તો તે આત્મા-તેવું માનનારો આતમા સર્વથા અજ્ઞાન છે. જીવો તો એની મેળેજ ન હણાય એવા છે, પછી એને બીજા જીવે હણવા એ શું ? અથવા તો બચાવવા એ પણ શું ? આ જીવ એવો છે કે તે નથી કોઈને મારતો અથવા તે નથી કોઈનાથી મરાતો !" અર્થાત્ હે, અર્જુન ! તું ખુશીથી બીજાઓને મારી નાંખ ! તેમના વધનું તને કાંઈપણ પાતક લાગવાનું નથી." આ ઉપદેશ જો સહન કરવા માટે આપવામાં આવ્યો હોત તો તે ઉપદેશને માટે કોઈને કાંઈપણ વાંધો લેવાપણું ન રહેત, પરંતુ જ્યારે બીજાને મારવામાં પણ આવો ઉપદેશ અપાય છે ત્યારે તે ઉપદેશ વાંધાવાળો બને છે !

આ સઘળાનો હેતુ શો છે ?

ગીતકારના આખા પ્રયત્નનો હેતુ જુઓ તો તે અર્જુનને હિંસામાં પ્રવૃત્ત કરવામાં છે. ગીતકાર આગળ જતાં દૈવી. આસુરીસંપત્તિ, યોગ સાંખ્યપ્રક્રિયા વગેરે વિવિધ વાતો બતાવે છે પરંતુ એનું પરિણામ જોઈએ તો એ નીપજે છે કે તેથી અર્જુનનું માથુ ચક્કરે ચઢે છે આ સઘળું સાંભળવાથી અર્જુન બુદ્ધિભ્રષ્ટ થાય છે અને તે ભ્રમિત બને છે. આથીજ અર્જુન શ્રીકૃષ્ણને કહે છે કે: "હે કૃષ્ણા ! હવે તો મ્હારૂં મન સંદિગ્ધ થયું છે. મને કાંઈજ સમજ પડતી નથી, અને તેથી હું ત્હારે શરણે આવ્યો છું !" અર્જુન આ રીતે ભ્રમમાં આવી પડે છે અને તે સત્યાસત્યને શોધી શકતો નથી, ત્યારે વળી કૃષ્ણ તેનો શો ઉપદેશ આપે છે તે જુઓ.

"હે અર્જુન ! આ સઘળાને તું તે શું મારી નાંખવાનો હતો ? મેં આ બધાને તો પહેલેથી મારી નાંખેલાજ છે. તારે તો માત્ર નિમિત્તજ થવાનું છે માટે તું તૈયાર થા ! યુદ્ધ કર અને છેવટે વિજય

પામ !" આ ઉપદેશ ઉપરથી તમે વિચારી જોશો તો સ્પષ્ટ રીતે જણાઈ આવશે કે ગીતાનો પાયોજ પણ આત્માને નિત્ય મનાવી યુદ્ધ કરાવવા ઉપરજ રહેલો છે. અહીં તમે પણ આત્માને તો નિત્યજ મનાઓ છો, પરંતુ તમે જે નિત્ય મનાઓ છો તેમાં અને બીજા નિત્ય મનાવે છે તેમાં કેવો ફરક છે તે હવે જુઓ ! જૈનશાસન આત્માને નિત્ય માને છે તેનો મુદ્દો એવો નથી કે આત્મા નિત્ય છે તે મરતોય નથી અને મારતોય નથી માટે હુંઉ ! ધમકાવે જાઓ ! ચોરી લાવો ! હાથ મારો ! ધાડપાડોને મઝા કરો !! જૈનશાસન તો આત્માને એ હેતુઓ નિત્ય માને છે કે આ આત્મા અનિત્ય નથી. અનિત્ય હોત તો તો ખાધુ પીધુંને ભૂલી ગયા ! પણ અહીં ભૂલી જવાની વાત નથી. અહીં તો એ વસ્તુ છે કે આત્મા અમર છે, નિત્ય છે અને સત્ય છે, તેથી આત્મા જે કાંઇ કર્મો કરે છે તે બધા કર્મો તેને ભોગવવાનાજ છે. અને જો ત્હારો આત્મા, આત્માના કલ્યાણનાં સાધનો મેળવશે તો તે કષ્ટમુક્ત બનીને અમરતા પણ મેળવીજ શકશે. જૈનશાસન આ હેતુએજ આત્માને નિત્ય માને છે.

## આત્મા બ્રહ્મનું પ્રતિબિંબ છે.

પ્રસ્તુત કારણ અર્થે આત્માને નિત્ય માનવો એને આસ્તિકતાનું બીજું સ્થાન માનવામાં આવ્યું છે. કેટલાક એવી દલીલ લાવે છે કે તળાવમાં આકાશનું-જળનું પ્રતિબિંબ પડે છે એ વસ્તુ કાંઇ તાત્ત્વિક સત્ય નથી. માત્ર પ્રતિબિંબજ છે. તળાવનું પાણી હાલે છે તો આકાશ પણ હાલતું માલમ પડે છે, અને તળાવનું પાણી સ્થિર થાય છે તો આકાશ પણ સ્થિર થાય છે. વળી તેઓ બીજી એવી પણ દલીલ કરે છે કે ધારો કે એક સ્થલે ચારે બાજુએ સામટી સંખ્યામાં ગોળાકાર આરસા મૂકયા હોય અને વચ્ચોવચ્ચ એક માણસ ઉભો રહીને શરીરનો અવયવનો મરોડ વગેરે કરતો હોય, તો સઘળા આરસાઓમાં તેના પ્રતિબિંબો પોતાની મેળે કાંઈપણ ક્રિયા કરતા નથી, પરંતુ તે આરસોઓની વચ્ચે ઉભો રહેલો માણસ જેવી ક્રિયા કરે છે તેવીજ ક્રિયા પેલા પ્રતિબિંબો પણ કરે છે. એજ પ્રમાણે આતમા અને પરબ્રહ્મનો પણ સંબંધ છે. પરબ્રહ્મ એ એકજ મૂળ વ્યક્તિ રૂપે છે અને તેના અસંખ્ય સ્થળોએ પ્રતિબિંબો પડે છે તે આત્મા છે. પરબ્રહ્મ નિત્ય હોવાથી આ આત્મા પણ તેને પ્રતિબિંબરૂપે હોઈ નિત્ય છે.

## આંખ પીળુંજ દેખે છે એ સિદ્ધાંત નથી.

જે કોઇ આત્માને આ રીતે માને છે તેને આપણે આસ્તિક કહી શકતા નથી. જીવ આ જગતમાં સઘળાં કર્મોનો કર્તા છે અને તેને તેવેરૂપે માનવો એમાંજ આસ્તિકતા રહેલી છે. અહીં કોઇ એવી દલીલ કરશે કે આ જીવ કર્મને કરનારો છે તે કર્મ કરે છે એ વસ્તુ સત્ય છે, પરંતુ તે તેના સ્વભાવથી કર્મ કરતો નથી ! જીવનો સ્વભાવજ કર્મ કરવાનો છે એ માનવું મિથ્યા છે. હવે એ દલીલ તપાસીએ જીવનો સ્વભાવ કર્મ કરવાનો નથી એ

વાત અહીં કબુલ છે, પરંતુ યાદ રાખવાની જરૂર છે કે જીવને ફરજીઆત કર્મ કરવાંજ પડે છે. આંખનો સ્વભાવ જોશો તો સ્વાભાવિકપણે જેવું હોય તેવું દેખવાનો છે, પરંતુ એજ આંખોને જો કમળો થાય તો એજ આંખોથી પીળું દેખાય છે ! આંખનો સ્વભાવ પીળું જોવાનો નથી, આંખનો સ્વભાવ તો સ્વચ્છ વસ્તુ સ્વચ્છ રીતે અને સ્વાભાવિકરીતેજ જોવાનો છે; છતાં પણ આંખને કમળો થયો હોય તો એજ આંખ સ્વચ્છ વસ્તુને પણ પીળી જુએ છે. ત્યાં કોઇ બીજી આંખ પીળું જોવા આવતી નથી! અહીં વિચાર કરશો તો માલમ પડી આવશે કે આંખનો સ્વાભાવજ પીળું દેખવાનો નથી. આંખનો સ્વભાવ તો શુદ્ધ દેખવાનો છે, છતાં આંખે કમળો થયો હોવાથી તે આંખ પીળું દેખે છે અને જો એ રોગ મટી જાય તો પછી એજ આંક પાછી શુદ્ધ વસ્તુને જોતી બની જાય છે !

### "કર્મ ન કરે તે જીવ નથી" એમાં સત્યતા કેટલી?

આંખને જેમ કમળાનો રોગ લાગુ પડેલો છે તેમ જીવને પુદગલ યુક્તતા લાગુ પડેલ છે જીવનો એ રોગ જ્યાં સુધી મટી ગયો નથી ત્યાં સુધી કર્મ કરવાનો સ્વભાવ બંધ થવાનો નથી. અર્થાત્ નિરોગી આંખ પીળું દેખતી નથી, કમળાના રોગવાળી આંખ પીળું દેખે છે, એ સત્ય છે, પરંતુ શું આંખજ પીળું દેખે છે એ વસ્તુ અહીં ધ્યાનમાં લેવાની છે. તેજ પ્રમાણે જ્યાં જ્યાં કર્મ થાય છે ત્યાં ત્યાં તેનો કરનારો પણ જીવજ છે એ વસ્તુ સ્પષ્ટ છે. વળી અહીં એક બીજી વાત યાદ રાખવાની છે. તે એ કેકમળાવાળી આંખ પીળું દેખે છે, પરંતુ તેથી આખ પીળુંજ દેખે છે એવો જેમ નિયમ થતો નથી, તેમજ પ્રમાણે કર્મ પણ જીવ પોતેજ કરે છે છતાં; 'જીવ હોય તે કર્મ કરેજ! અને "કર્મ કરે નહિં તે જીવ નહિં" એવો નિયમ પણ બાંધી શકાતો નથી. જીવ કર્મ કર્યાંજ કરે એવો નિયમ નથી, પરંતુ જે કર્મ થાય છે તે જીવ દ્વારાએજ થાય છે, એ વસ્તુ સત્ય છે. આથીજ ત્રીજું આસ્તિકતાનું સ્થાનક એ માનવમાં આવ્યું છે કે જીવને પોતાનેજ કર્મનો કર્તા માનવો અર્થાત્ જીવ પોતે સ્વયંપ્રેરક થઇ એ કરે છે એમ માનવું.

### કરે કોણ ? ભોગવે કોણ ?

બધાજ જીવો કર્મો કર્યાંજ કરે છે માટે કર્મો કરે તેજ જીવ છે અને કર્મ નથી કરતો તે જીવ નથી એમ માનશો તો તો મોક્ષ પદ ઉડીજ જશે ! કારણ કે મોક્ષે ગએલા જીવો તો કર્મો કરતાજ નથી, એથી એમજ માનવામાં ડહાપણ છે કે જે કર્મ થાય છે તે જીવ પોતેજ કરે છે પરંતુ જીવ કર્મો કરેજ છે, અર્થાત્ જે કર્મ કરે છે તેજ જીવ છે એમ માનીયે તો એ અસત્ય છે. જીવ કર્મ કરે છે એવું માની લીધાં છતાં પણ બીજો એક મોટો પ્રશ્ન આવીને આપણી આગળ ઉભો રહે છે. કોઇ એમ કહેશે કે જીવ કર્મ કરે છે એમાં જીવને કશું બીવાનું નથી. કારણ કે જીવ કર્મો કરતો રહે તો પણ એ કર્મો ભોગવવા માટે જીવ કાંઇ બંધાએલો નથી. આ દલીલ કરનારાઓ એવું કહેશે કે એક માણસ પોતે

જે કર્મો કરે છે તેના ફળો તે પોતેજ ભોગવતો હોય એવું આપણે જોતા નથી. એક માણસ પત્થર મારે છે તો તેને ઘા તેને પોતાને થતો નથી, પરંતુ બીજા માણસને થાય છે ! દેખતો માણસ રસ્તાની વચ્ચે ખાડો ખોદી જાય છે,તો તે ખાડામાં દેખતો માણસ પોતે પડતો નથી. પરંતુ બિચારો એકાદ આંધળો કદાચ આવે છે તો તેજ પહેલો તેમાં પટકાઇ પડે છે. અર્થાત્ દુનિયામાં એવું જોવામાં આવ છે કે જે માણસ કર્મ કરે છે તેને એ કર્મનું ફળ ભોગવવું પડતું નથી, પરંતુ ગમે તેને તેનું ફળ ભોગવવું પડે છે. એજ પ્રમાણે જીવ પોતે જે કર્મો કરે છે તેનાં ફળો પણ બીજાને ભોગવવાનાં નથી હોતાં અને તે પોતાનેજ ભોગવવાનાં હોય છે એમ આપણે માની લેવું ન જોઇએ.

## કર્મોથી છુટકો ક્યારે થાય ?

આ માન્યતાની અસત્યતા થોડકીજ મહેનતે તમે સહેલાઈથી જોઇ શકશો, તમે જગતના વ્યવહાર તરફ જોશો તો ઘણી જગાએ તમે આવી અસમાનતા જોઇ શકશો. લુહાર જાતે ઘણી જાતના હથિયારો બનાવે છે પરંતુ લુહાર પોતેજ લડવૈયો હોતો નથી અથવા તો પોતાના બનાવેલા હથિયારો વડે તે પોતેજ લડતો નથી ! તરવાર બંદુક સઘળુ તે તૈયાર કરે છે પરંતુ તેનો ઉપયોગ બીજાને કરવાનો હોય છે તેજ પ્રમાણે જીવ પોતે કર્મ કરે અને તેનો ઉપભોગ બીજોજ કરે પરંતુ એવુંબને છે કે નથી બનતું, તે પ્રશ્ન હવે આપણે તપાસવાનો છે. જીવ કર્મ કરે છે અને તેના ફળોને ભોગવે છે તેમાં મુખ્યત્વે બે વસ્તુ સમજવાની છે. મિથ્યાત્વીઓના નિયમ પ્રમાણે જોઈએ તો તેઓ તો સ્પષ્ટ શબ્દોમાં એ વાત કહીજ દે છે.

અર્થાત તેઓ એમ કહે છે કે આત્માને હાથે જે કર્મો થાય છે તે કર્મો ભોગવ્યા વિના આત્માનો કદી છૂટકોજ થતો નથી.કારણ કે એ કર્મોનો કદી પણ ક્ષય થવા પામતો જ નથી. મિથ્યાત્વીઓએ કર્મો બે પ્રકારના માન્યા છે. શુભકર્મો અને અશુભકર્મો અને એ બંને પ્રકારના કર્મોનો ક્ષય થતોજ નથી, અને એ કર્મોતો ભોગવવાંજ પડે છે, એમ તેઓ કહે છે. આપણે ત્યાં દીક્ષા લેનારો દીક્ષા અંગીકાર કરે છે એટલે તેનું વ્યવહારનુ પોતાનું લેણું હોય તો તે મિથ્યા થાય છે અર્થાત્ દીક્ષા લીધા પછી દીક્ષા લેનારો પોતાના લેણાનો માલિક રહેતો નથી પરંતુ તે પોતાના લેણાનો માલિક નથી રહેતો તેથી કાંઇ તે તેના દેવામાંથી મુક્ત થઇ શકતો નથી. વ્યવહારમાં દીક્ષા લેનાર લેણાથી સીવીલડેથને સબબે મુક્ત થાય છે. આ તેનું સીવીલડેથ લેણા માટે છે પરંતુ દેવા માટે તે પોતાનું સીવીલડેથ થયું છે એમ કહીને તેમાંથી છટકી જઇ શકતો નથી ! પરંતુ મિથ્યાત્વીઓ તો એ રીતે અશુભકર્મોજ કાયમ રહે છે અને શુભકર્મોનો નાશ થાય છે. એમ પણ માનતા નથીજ. તેઓ તો એવું માને છે કે શુભ અને અશુભ બન્ને કર્મો કદી પણ ક્ષય પામેજ

નહિ એવા છે અને તે ભોગવ્યેજ છુટકો છે.

## કર્મોનો નાશ શક્યછે કે અશક્ય ?

મિથ્યાત્વીઓના વિચારો પ્રમાણે "શુભાકર્મ હોય, તો પણ તેનો નાશ થતો નથી અને અશુભ કર્મો હોય તો પણ તેનો નાશ થતોજ નથી. જે કોઈ કર્મો આત્માએ કર્યાં છે તે કર્મો તો ભોગવેજ છુટકો છે" એમ તેઓ માને છે. મિથ્યત્વીઓ કલ્પગણના માને છે. અને એવા કલ્પો અસંખ્ય થવાનું તેઓ જણાવે છે આવા અસંખ્ય કલ્પોના કર્મો ભેગાં થાય તો પણ તે કર્મોનો નાશ થતોજ નથી અને એ સઘળાં કર્મો ભેગાંજ થયા કરે છે. એ સઘળાં ભેગાં થતા કર્મોનો બદલો આત્માને ભોગવવોજ પડે છે પરંતુ એ કર્મોનો ક્ષય તો થતોજ નથી, એવી તેમની માન્યતા છે. કર્મો આ પ્રમાણે ભોગવવાજ પડે છે એવું આપણે આસ્તિકો માની શકતા નથી. જો આપણે એમ માની એ કે સઘળાં શુભાશુભકર્મો ભોગવવાંજ પડે છે અને તેનો નાશ કોઈ પણ રીતે થતોજ નથી તો પછી ધર્મ ક્રિયાઓ, તપસ્યાઓ, આલોચન, નિંદા ગર્હણએ સઘળું નકામુંજ ઠરે છે ! આથીજ જૈનશાસ્ત્ર એવો સિદ્ધાંત માનવાને તૈયારજ નથી કે જે કાંઈ પાપ અથવા પુણ્યના કર્મો થાય છે તે સઘળા અક્ષયજ છે અને તે ભોગવવાંજ પડે છે.

## તો પછી ધર્મક્રિયાનું કામ શું ?

જે વખતે તમે પાપ કરો છો તે વખતે તમે પાપ બાંધી લો છો. ધર્મમાં જે અલોચન નિંદન, વિગેરે જે બધું કરવાનું છે તે સઘળું પાપની પાછળ કરવાનુ છે, પાપ કર્યાં પછી જો તેનો ક્ષયજ ન થતો હોય અને તે સઘળાં ભોગવવાંજ પડતાં હોય તો તે પછી એને અંગે તપસ્યા, નિંદન ઈત્યાદિ જે કરીએ તે સઘળુંજ નકામું બની જાય છે, અને તેથીજ ધર્મક્રિયાઓ સઘળી અર્થહીન ઠરે છે. આથીજ જૈનશાસન એમ માને છે કે કર્મોનો તપસ્યા ઈત્યાદિથી ક્ષય થાય છે, અને તેનો ક્ષય થાય છે એટલે પછી એ કર્મો ભોગવવાનો પ્રશ્ન રહેતો નથી. નીતિકારો આ સંબંધમાં કહે છે કેઃ અર્થાત્ વ્યાકરણનો નિયમ તપાસશો તો માલમ પડશે કે ઈ, ઉ ઋ લૃ નો જુદી જાતનો સ્વર પર છતાં અસ્વ સ્વર ય, વય, ર, લ થાય છે. આ સ્થાન પર સ્વર છે. તે જુદી જાતનો છે અને તેની સંધી થઈને મુન્યત્ર શબ્દ બને છે. આ શબ્દ બન્યા પછી તમે એ સૂત્ર લાવો કેઃ 'ઈદૂદેદ દ્વીવચન' એટલે દ્વીવચનના ઈ ઉ એ સંધી પામતા નથી, તો તમારું એ સૂત્ર સર્વથા નકામુંજ થઈ પડે છે.

## ઉત્સર્ગ અને અપવાદનો ભેદ.

ઈનો ય થયા પછી તમે સૂત્ર લાવો તો તે સૂત્ર તમોને કામ લાગતું નથી અને શબ્દ બની જવો ચાલુ રહે છે, અર્થાત્ અપવાદસૂત્ર પહેલું લગાડવું જોઈએ એજ એ ઉપરથી સાબીત થાય છે; પરંતુ જો એ અપવાદ ન લાગે તો ઉત્સર્ગ લાગે છે. આ ઉપરથી એ નિયમ નીકળે છે કે પહેલાં અપવાદસૂત્રો લગાડવાં જોઈએ, અને તે ન લાગે તો પછીજ ઉત્સર્ગસૂત્રો લગાડવાં જોઈએ. એ નિયમ અહીં

લગાડો. તપસ્યાથી કરેલા કર્મોનો ક્ષય થાય છે એ અપવાદ છે. હવે અહીં કોઈને એવી શંકા થશે કે તપશ્ચર્યા અને અને આલોયણાઆદિને અપવાદ શા માટે કહેવામાં આવે છે ? કર્મ ભોગવી લેવા એ ઉત્સર્ગ અને તપસ્યાથી ક્ષય કરવો એ અપવાદ એમ કેમ ઠરાવવામાં આવ્યું છે, તો તેને હવે તપાસો. જો તપસ્યા કરીને કર્મોનો નાશ કરવામાં ન આવે તો કર્મો ભોગવવાંજ પડે છે. મુખ્યતાએ કર્મો છૂટતાંજ નથી. તપસ્યાદ્વારા કર્મોનો ક્ષય કરવો એ ઉત્સર્ગ નથી. કરેલાં કર્મો ભોગવવાં પડે છે એ ઉત્સર્ગ છે, એથીજ શાસ્ત્રકારમહારાજાઓ કહે છે કે ચાહે તો વેદી કર્મક્ષયનું કારણ ઉત્પન્ન કર્યું હો વા ચાહે તો તપસ્યાથીને ઉત્પન્ન કર્યુ હો. અર્થાત્ કર્મક્ષયનું કારણ આ બે ક્રિયાઓ દ્વારાજ બને છે, અન્યથા કર્મનો ક્ષય થતો નથી.

## આસ્તિક નાસ્તિક ભેદ

તપસ્યાથી કર્મનો ક્ષય ન કરવામાં આવ્યો હોય તો કર્મો ભોગવવાંજ પડે છે અને ઉત્સર્ગદ્વારાએ કર્મનો ક્ષય થાય છે. અર્થાત્ અપવાદસૂત્ર પહેલાં લેવાનું છે તે પછી ઉત્સૂર્ગ સૂત્ર સમજવાનું છે. તપસ્યાદ્વારા કર્મોનો ક્ષય કરવો એ ધોરી માર્ગ છે અને એ કરેલાં કર્મ વેદી લેવાં અર્થાત્કર્મો તોડતાં પહેલાં એ કર્મો તપથી તોડયાં ન હોય તો વેદી લેવા એ ધોરી માર્ગનો અપવાદ છે. હવે જો તેમ એમ માનશો કે કર્મો ભોગવવાં એજ ધોરી માર્ગ છે અને એ કરેલાં કર્મોને તોડવા એજ તેનો અપવાદ છે તો એક મોટી મુશ્કેલી આપણા માર્ગમાં આવવા પામશે. તપસ્યાદ્વારા કર્મો તોડવાં એતો ઠીક છે, પરંતુ જો કર્મો ભોગવી લેવાં એજ ધોરી માર્ગ હોય તો કર્મો ભોગવી લીધા પછી એ કર્મો તોડવાં અથવા તપસ્યાથી એ કર્મોનો ક્ષય કરવો એનો કાંઈ અર્થજ રહેતો નથી. કર્મો ભોગવી લીધી પછી એ કર્મોનો તપશ્ચર્યાથી ક્ષય કરવાની વાતને અવકાશ રહેતો નથી, આથીજ શાસ્ત્રકારોએ એવું ઠરાવ્યું છે કે કરેલા કર્મો ભોગવાવાં પડે એ ઉત્સર્ગ છે અને એ કર્મો તપસ્યાથી છોડવાં એ અપવાદ છે. આમ હોવાથીજ આસ્તિકતાના સ્થાનમાં એ ભોગવવાના શબ્દો રાખ્યા છે અને એ તપસ્યાદિના શબ્દો રાખવામાં આવ્યા નથી.

કર્મોનું વેદન કરવું એ ઉત્સર્ગપક્ષ ઠરાવ્યો છે અને તપશ્ચર્યાથી કર્મો તોડવાંએ અપવાદ રાખવામાં આવ્યો છે. આ રીતે તપસ્યાને માટે સ્થાન ન કહેતાં વેદનનો શબ્દ છે. એ સ્થાન શાસ્ત્રસાપેક્ષથી સમજવાનું છે.

## મોક્ષ એટલે શું ?

એજસ્થિતિ મોક્ષની પણ સમજવાની છે. મોક્ષને કાંઈ માત્ર જૈનોનજ માને છે એવું નથી, પરંતુ બધીજ કોમો, સંપ્રદાયો, શાખાઓ વગેરે મોક્ષને માને છે. વૈશેષિકો મોક્ષને માને છે. નૈયાનિકો મોક્ષને માને. છે પરંતુ જૈનશાસનનો મોક્ષ એ સઘળાથી જાુદીજ માન્યતાવાળી વસ્તુ છે, જૈનશાસ્ત્રપ્રમાણે જીવનું ઉર્ધ્વલોકના છેડા સુધીનું ગમન, શરીર વચન તથા મનનો અભાવ અને કેવળજ્ઞાન દર્શન

વીતરાગના વગેરે સ્વરૂપે ત્યાં રહેવું એ મોક્ષ છે અને એ માન્યતા સત્ય છે એ માન્યતા કબુલ રાખવી એજ આસ્તિકતાનું પાંચમું સ્થાનક છે. મોક્ષની જૈનશાસનની માન્યતા ખંડન ન કરી શકાય એવી અપવાદમુક્ત અને શુદ્ધ છે તેજપ્રમાણે મોક્ષનો માર્ગ પણ જૈનશાસને દર્શાવેલો છે તે પરમ શુદ્ધ અને અપવાદ રહિતનો છે. ઘણા સંપ્રદાયવાળા મોક્ષના ભિન્ન ભિન્ન માર્ગો માને છે. કોઈ અમુક રસ્તે મોક્ષ માને છે, તો કોઈ તેથી બીજે જ રસ્તે મોક્ષ માને છે વામમાર્ગીઓ "વિષયાનંદે પરમાનંદ...." એમ કહી અનાચાર ને વ્યભિચાર કરવો એનેજ મોક્ષનો માર્ગ માને છે, જ્યારે જૈનશાસ્ત્રના મોક્ષના માર્ગો સર્વથા શુદ્ધ અને નીતિમાન છે અને જે આત્મા જૈનશાસનમાં કહેલા એ મોક્ષના માર્ગને માને છે તેજ આસ્તિક છે.

### "હું તો જીવનો જ્ઞાતા બન્યો !"

જીવને પણ ગમે તે રીતે મનમાં આવે તેમ માનવો, અને પછી કહેવું કે હું જીવનો જ્ઞાતા બની ગયો છું એ વાત સર્વથા આ શાસનના માર્ગથી દૂર છે. અહીં તો સ્પષ્ટરીતે એમ કહેવામાં આવ્યું છે કે જે શાસ્ત્રમાં કથન કર્યા પ્રમાણે જીવ માને છે, કર્મો કરવાં અને તે ભોગવવાં અથવા તેનો ક્ષય કરવાનું પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે માને છે અને એ મોક્ષનો માર્ગ પણ જૈનધર્મ જે રીતે પ્રતિપાદન કરે છે તેજ રીતે એને કબુલ રાખે છે, અર્થાત્ આ સમગ્રવસ્તુઓ શાસ્ત્રોમાં જેરીતે કહેવામાં આવી છે. તેજ રીતે જે કબુલ રાખે છે તેજ આસ્તિક છે અને એ પ્રકારની માન્યતાઓ રાખવી એમાંજ આસ્તિકતા રહેલી છે. જે પોતે પોતાને આસ્તિક કહે પણ પોતાને અભરાઈએ ચઢાવે તેવાઓનું અહીં સ્થાન નથી. જો તમે તમોને આસ્તિક કહો છો તો તમારે એ પોથાંને થોથાં ન કહેતાં મહાપવિત્ર માનીને તેન અનુસરેજ છૂટકો છે.

### ધર્મઉપર અધિકાર કોનો ?

સર્વજ્ઞભગવાનોએ કહેલાં અને ગણધર ભગવાનોએ ગુંથેલાં શાસ્ત્રોની શ્રદ્ધા વિનાનું જો તમે આસ્તિકતાનું એક પણ સ્થાન શોધશો તો તમોને તેવું એક પણ સ્થાન મળવાનુંજ નથી. શાસ્ત્રોની શ્રદ્ધાથી યુક્ત એવાંજ આસ્તિકતાનાં બધાં સ્થાનો છે. શાસ્ત્રોની શ્રદ્ધા વિનાનું સ્થાન તે આસ્તિકતાનું સ્થાન નથી જ. પરંતુ ભયંકર નાસ્તિકતાનું સ્થાન છે. વળી બીજી એક વાત ખાસ યાદ રાખવાની છે કે આસ્તિકતાના બધા સ્થાનોમાં પહેલું સ્થાન જીવનું જૈનત્વાંકિતસ્વરૂપ ધારવું અને તેને માન્ય રાખવું એજ છે. આ પ્રથમ સ્થાનેજ જીવની શુદ્ધ માન્યતા હોવાથી ધર્મ એ આત્માની માલીકી વસ્તુ છે એ વાત સ્પષ્ટ થાય છે.

❀ ❀ ❀

# સમાલોચના

૧ શાસનધર્મને શ્રી જિનેશ્વરો જ થાપે અને ઉદ્ધરે અને તેથી પ્રભાવનાશબ્દની વ્યુત્પત્તિમાં પ્રેરક પ્રત્યયને સ્થાન અપાય છે. એ વાત સમજી લે તો ધર્મિના નામે ગોટાળો ન થાય.

૨ ભગવાન્ જિનેશ્વરના અભાવે જ તેમની મૂર્તિ મનાય એમ માનનારે સમવસરણની ત્રણ મૂર્તિઓ તથા જિનેશ્વર ભગવાનની વખતે થતી ચૈત્યમૂર્તિની વિશાલતા જોવી.

૩ શાસ્ત્રના અભાવે પુસ્તકોની માન્યતા હોય એમ જણાવનારનમો બંભીએ પાઠ અને પુસ્તકરત્નની પૂજાને માને તો તરત માર્ગે આવે.

૪ તાડપત્ર અને કાગળ આદિની માફક શિલાઓમાં લખાયેલ અને કોતરાએલ આગમો આરાધ્ય છે જ. શાસ્ત્ર અને પરંપરાથી થતી જ્ઞાનપંચમીને દિવસે પુસ્તકદ્વારાથી જ્ઞાન આરાધના દિગંબરો કરતાં ઉતરતા હોય તેજ ન માને.

૫ કોઈ આશ્રમને પોતાને નામે ચઢાવે, કોઈ સંસ્થાને ગુરૂને નામે ચઢાવે, કોઈ ગ્રંથની આદિ વગેરેમાં પોતાના કે ગુરૂના નામો અને ફોટા ગોઠવે, એવું કંઈપણ અહિં ન હોવાથી નામનાની વાત કહેવી તે અયોગ્યતા કે સ્વધારણા શિવાય કંઈ જ નથી.

૬ શેઠ આનન્દજી કલ્યાણજી બાબત ટ્રસ્ટીયો શિવાયની લેભાગુ વ્યક્તિની કિમ્મત ન હોવાથી ચર્ચા કરવી નકામી ગણાય. કોઈક વખત તેમાં કોઈકને માફક ન થઈ હોય અગર કુભંડીયો આશ્રઆદિમાં ન લઈ જાય તે અપેક્ષાએ ન કરી શકે તો પણ જ્યાં કાર્યની અનુમોદના હોય ત્યાં વાક્પટુતા કરનાર હાંસીપાત્ર જ બને છે. (સમય.)

૧ શાસ્ત્રકારો જન્મ સૂતક અગ્યાર બાર દિવસનું ગણે છે અને તેના ઘરની ગોચરી લેવાને તથા તેવા ઘરમાં ગોચરી માટે પેશવાનો પણ નિષેધ કરે છે.

(કિશનગઢ)

૧ શ્રી વિજયસેનસૂરિજી મહારાજ શ્રી સેનપ્રશ્નની અંદર શ્રી મહાવીરમહારાજના ચક્રવર્તિના ભવ પ્હેલાં શુભ ભવો બીજા પણ થવાનું જણાવી મનુષ્યભવમાંથી જ ચક્રવર્તી થવાનું નક્કી કરતા નથી.

(લુંપક)

## શ્રી વર્ધમાન જૈન આગમમંદિર પાલીતાણા

૧ શ્રી વર્ધમાન જૈન આગમમંદિરની સંસ્થામાં આગમો બધાં નોંધાઈ ગયા છે.

૨ ૫૦ પદની અંદરની એકતાલીસ દેરીયોમાંથી આઠ દસ દેરીયો નોંધવા આવી ગઈ છે. દેરીયોમાં ૧૩.૧૩ ઇંચની ચાર પ્રતિમાઓ ચોમુખજી તરીકે બીરાજમાન થશે. અને ચારેની અંજનશલાકા દેરી લેનારના નામથી થશે અને ચાર ભગવાનને પધરાવવાનું પણ તેજ કરશે.

૩ આ સંસ્થાની હદમાં સુરત નિવાસી શેઠ પાનાભાઈ ચુનીભાઈ મંછુભાઈ તરફથી તેમના સદ્ગત પુત્ર જીવનભાઈના શ્રેયાર્થે રૂા. ૧૫,૦૦૦) થી મકાન બંધાવવાનું નક્કી થયું છે.

# પર્યુષણા પર્વનું ઉત્તમધ્યેય (ગતાંકથી ચાલુ)

જેઓ તેવી રીતે કારાગારની દશાથી ટેવાયેલા હોતા નથી અને તેઓને કારાગારવાસનો પ્રસંગ આવે છે ત્યારે તેઓ કારાગારવાસથી નીકળ્યા પછી દેશની ઉન્નતિના પ્રસંગને કોઈ દિવસ પણ વધાવી લઈ શકતા નથી, તેવી રીતે અનાદિકાળથી લાગેલાં કર્મોનો ક્ષય કરીને એટલે આત્માના અવિચળ ગુણો દબાવી દેનારા કર્મોને નાશ કરી મોક્ષ મેળવવાને તૈયાર થયેલા મુમુક્ષુ મહાત્માઓને શારીરિક પોષણ કોઈપણ પ્રકારે પાળવે નહિં એ સ્વાભાવિક જ છે.

**કષ્ટક્રિયાની જરૂરીઆત કોને ? તેનું ઓછામાં ઓછું ફળ કયું ?**

આ વસ્તુ ધ્યાનમાં લઈએ તો સાધુમહાત્માને માટે શાસ્ત્રકારોએ જણાવેલી કષ્ટાનુષ્ઠાનની ક્રિયા ધર્મની સ્થિરતાને માટે હંમેશાં જરૂરી હોય તે સ્વાભાવિક જ છે. જેવી રીતે ધર્મની અવિચરળતાને માટે ધર્મીષ્ઠોને કષ્ટક્રિયાની જરૂરીયાત છે, તેવી જ રીતે ધર્મઉત્પત્તિ માટે અને ધર્મમાં આગળ વધવા માટે પણ કષ્ટક્રિયાની પૂરી જરૂરીયાત છે, અને યાદ રાખવું કે અજ્ઞાનપણામાં મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયના યોગે બાંધેલા કર્મોને ભોગવવા પડે એ સર્વદર્શનકારોના મત પ્રમાણે નિયમિત જ છે અને તે કર્મોનો ભોગ મુખ્યતાએ બે પ્રકારે થાય છે. તે બે પ્રકાર જે ઔપક્રમિક અને આભ્યુપગામિક નામના છે, તેમાં ઔપક્રમિકદ્વારાએ એટલે સ્વયં ઉદય આવતા કર્મોદ્વારાએ થતી વેદનાને સહન કરવામાં જે નિર્જરા થાય છે તે કરતાં પણ આભ્યુપગામિક એટલે લોચઆદિ કરીને ઉદીરણાથી ઉદય કરાયેલી વેદનામાં ઘણી જ તીવ્ર નિર્જરા થાય છે અને આજ કારણથી આતાપનાદિકષ્ટો સર્વશાસ્ત્રકારો જાણી જોઈને સહન કરવાનાં કહે છે. એ વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે જૈનશાસ્ત્રકારો કાયાની કષ્ટક્રિયાને ત્યારે જ આદરપાત્ર ગણે છે કે જ્યારે તે કષ્ટક્રિયામાં કોઈપણ અન્યજીવોની વિરાધના ન હોય, તેમજ કોઇપણ પ્રકારની સંયમને બાધા કરે તેવી પ્રવૃત્તિ ન હોય, એટલે શાસ્ત્રકારો શીતની અને ઉષ્ણની આતાપનાની જેટલી જરૂરી ગણી છે તેટલી જ યોગ્ય ગણવામાં આવી છે, પરન્તુ અગ્નિઆદિની આતાપનાને આરંભના હેતુ તરીકે અને આરંભરૂપ ગણીને તે અસંયમ અને અનર્થકર્મ બંધનનું મહાઆરંભમય કારણ છે. એ દેખીને તે અગ્નિની આતાપના કરવાના કાર્યને અજ્ઞાક્રિયા ગણાવી બાલકાર્ય ગણાવેલું છે, જો કે તેવા પંચાગ્નિ તપોની કષ્યક્રિયાથી પણ શાસ્ત્રકારો અકામનિર્જરા તો જરૂર માને જ છે.

**સકામનિર્જરાના ઈચ્છકોએ એ આરંભમય આતાપના ન લેવાની હોય.**

પરન્તુ સકામનિર્જરાવાળાઓએ તો તેવી આરંભમય આતાપના લેવાની હોતી નથી. સકામનિર્જરાની ઇચ્છાવાળાઓએ તો નિરારંભ એવી શીત, ઉષ્ણ વિગેરેની નિરારંભપણે આતાપના લેવાની

હોય છે. જ્યારે આતાપનાદ્વારાએ આભ્યુપગમિકીવેદના સહન કરવી એ મુમુક્ષુઓનું સર્વદર્શનસંમતકાર્ય છે તો પછી આલોચની ક્રિયા જો કે કષ્ટમય તો પણ મુમુક્ષુજીવોને તે લોચની ક્રિયા સકામનિર્જરા માટે અવશ્ય કર્ત્તવ્ય હોય તેમાં આશ્ચર્ય શું ? એટલે લોચને પ્રથમગુણ આભ્યુપગમિકીવેદના વેદવાદ્વારાએ પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરવી તે છે.

## ત્રિવિધ ત્રિવિધિ વિરતિ કરનારને ગૃહસ્થનું વૈયાવચ્ચ કરવું કલ્પે નહિ.

જેવી રીતે નિર્જરા એ લોચનો મુખ્ય ગુણ છે, તેવી જ રીતે લોચ ન કરાવવાથી મુંડન કરાવતાં જે નાપિત વિગેરેને બોલાવવો પડે, પહેલાં પણ તેના હાથ ધોવરાવવા પડે, વિગેરે જે સાધુપણામાં રહેલી જે ત્રિવિધ ત્રિવિધ વિરતિ તેને બાધ કરનાર વર્ત્તન કરવું પડે તેથી બચવાનું થાય છે. ગૃહસ્થનું વૈયાવચ્ચ ત્રિવિધ ત્રિવિધ વિરતિવાળાઓએ સર્વથા વર્જવાનું છે એ વાત દશવૈકાલિકના **गिहिणो वेआवडियं** એ સૂત્રને જાણનારાઓથી અજાણ્યું નથી, અને સામાન્ય રીતે અસંયતો છ જીવનિકાયની હિંસા કરનાર હોવાથી તપેલા લોઢાના ગોળા જેવા ગણાય છે, અને તેથી તેઓને આવવા જવાનો આદેશ આપવો એ ત્રિવિધ ત્રિવિધ વિરતિને કેટલો બધો બાધક છે. એ નહિં સમજી શકાય તેમ નથી. જ્યારે સામાન્ય અસંયતને માટે પણ આવવા જવાનો આદેશ એવી રીતે ત્રિવિધ ત્રિવિધ વિરતિને બાધક હોય તો પછી નાપિત જેવી જાતિને આવવા જવાનો આદેશ કરાવવો કે કરવો તે ત્રિવિધ ત્રિવિધ વિરતિને કેટલો બધો બાધક થાય તે સ્હેજે સમજાય તેમ છે.

## લોચ કરવાથી પૂર્વકર્મ અને પશ્ચાત્કર્મનો ત્યાગ

શાસ્ત્રકારો આહારપાણી અને ગોચરી આદિના વિષયમાં અચિત્તથી પણ પૂર્વકર્મ અને પશ્ચાત્કર્મ વર્જવાનું જણાવી નહિં લેપેલા પાત્રાદિથી લેપવાળી ગોચરી વહોરવા આદિનું મુખ્યતાએ નિષેધ કરી પૂર્વકર્મ પશ્ચાત્કર્મ વર્જવાનું જણાવે છે, અર્થાત્ તેવી રીતે પૂવકર્મ પશ્ચાત્કર્મના દોષવાળાં પિંડશય્યા વિગેરે લેવાનો પણ જ્યારે નિષેધ કરે છે તો પછી મુંડનને માટે નાપિતના જે હાથનું પ્રક્ષાલન કરાવવું પડે તે, તેમજ મુંડન કરાવ્યા પછી પણ તેને હાથનું પ્રક્ષાલન વિગેરે થાય તો તેમાં પૂર્વપશ્ચાત્કર્મ કેમ ન ગણવું ? અને જો એવી રીતે પૂર્વપશ્ચાત્કર્મ લાગે તો તે દોષોએ કરીને યુક્ત એવું મુંડન સાધુપણાની અપેક્ષાએ ન શોભે એ સ્વાભાવિક જ છે. એક સામાન્ય રીતે દશવૈકાલિકના ચાર અધ્યયનને જાણનારો મનુષ્ય પણ સમજી શકે છે કે ત્રિવિધ ત્રિવિધ વિરતિ કરનાર સાધુને ગૃહસ્થનું વૈયાવચ્ચ કરવું કલ્પતું નથી, કેમકે વૈયાવચ્ચમાં જો કે અપ્રતિપાતિગુણપણું હોઈને ફાયદો જ છે અને વૈયાવચ્ચથી ઉપાર્જન કરાયેલું સાતાવેદનીય કર્મ નિકાચિત હોય છે અને તે ભોગવવાનું જ હોય છે તેથી તે વૈયાવચ્ચગુણને અપ્રતિપાતીપણે

ગણવામાં આવે છે, એટલે જ્ઞાનની નિર્જરાનો જેમ અભિમાનથી નાશ થાય, દાનથી થયેલા પુણ્યનો નિંદાગર્હણાદિથી નાશ અગર વિપર્યાસ થાય, તપસ્યાથી થયેલા ફળનો ક્રોધાદિકે કરી વિનાશ થાય, એવી રીતે અન્યઅન્યગુણોનો અન્યઅન્યઅવગુણોથી વિનાશ થવાનો શાસ્ત્રકારે સ્વાભાવિક રીતે જણાવ્યો છે. પરન્તુ વૈયાવચ્ચ એક એવો ગુણ છે કે જે વૈયાવચ્ચથી સાતાવેદનીયઆદિ કર્મ ઉપાર્જન કરવામાં આવ્યાં હોય તે અભિમાન, ક્રોધ, પશ્ચાત્તાપ વિગેરે અવગુણો થાય તો પણ તે વૈયાવચ્ચના ફળનો નાશ થઈ શકે જ નહિ. જો કે તે અવગુણો વૈયાવચ્ચ કરનારાને પણ નુકશાન તો કરનારા જ્યારે ત્યારે થાય જ છે, પરન્તુ વૈયાવચ્ચથી ઉપાર્જન કરેલા લાભમાં તે ક્ષતિ પહોંચાડી શકતાં નથી. શ્રી ભગવતીજી સૂત્રમાં તો એટલા સુધી નિયમ બાંધવામાં આવ્યો છે કે જે સાધુ માંદા સાધુની વૈયાવચ્ચ કરે છે તેજ તીર્થંકરને માનનારો ગણી શકાય, અને જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને માને તે તો જરૂર માંદા સાધુની માવજત કરે જ, આવી રીતે વૈયાવચ્ચની ઉત્તમતા છતાં પણ સાધુમહાત્માઓએ ત્રિવિધ ત્રિવિધ વિરતિ હોવાથી અવિરતિનું કે સર્વવિરતિરહિતનું વૈયાવચ્ચ કરવું કોઈપણ પ્રકારે કલ્પતું નથી. કેમકે તે વૈયાવચ્ચ અવિરતિને વધારવાનું કારણ બને છે અને તેથી તે દ્વારાએ અવિરતિની અનુમોદના થઈ એમ કહી શકાય. ધ્યાન રાખવું કે અનુમોદના ત્રણ પ્રકારે છે એક અવિરતિનાં કાર્યો કરનારની અનુમોદના કરવી, બીજી અવિરતિનાં કાર્યો કરનારની સાથે સહવાસ રાખવો, અને ત્રીજી અવિરતિના કાર્યોનો નિષેધ ન કરવો. આ ત્રણ પ્રકારની અનુમોદના હોવાથી નાપિતના વિષયોમાં આવવા જવાનું કહેવું, આગળ પાછળ એના હાથ ધોવરાવવા વિગેરે કાર્યો જે કરાય તે આ અસંયતિગૃહસ્થનું વૈયાવચ્ચ અને તેની અવિરતિની અનુમોદના જ ગણાય. અને આ વૈયાવચ્ચ કોઈપણ પ્રકારે તે નાપિતને દુઃખથી બચાવનાર કે જીવનથી બચાવનાર ન હોવાને લીધે અનુકંપામય પણ હોઈ શકે તેમ નથી. તેમજ તેના કોઈ ભયને બચાવનાર નહિં હોવાથી તે અભયમાં પણ જઈ શકે તેમ નથી. તેથી તે નાપિતના આગતસ્વાગતને કરવાનો પ્રસંગ આવે તો સાધુપણાને માટે કોઈપણ પ્રકારે શોભતું નથી એમ કહેવું જ જોઈએ. મુખ્યતાએ સાધુમહાત્માઓએ કર્મોની નિર્જરા માટે સાધુત્વનો અંગીકાર કરેલ હોવાથી તે માટે મોટા મોટા ઉપસર્ગો અને પરિષહોને સહન કરવાના છે અને ભગવાન મહાવીર મહારાજ જેમ કલિષ્ટકર્મોની નિર્જરા માટે અનાર્યદેશમાં દુઃખો સહન કરવા ગયા હતા, તેઓના સંતાનપણાનો દાવો કરનાર મહાત્માઓ આચારરક્ષણ અને નિર્જરાની સાથે ગૃહસ્થના વૈયાવચ્ચથી નિવૃત થવા માટે લોચ જેવા સામાન્યકષ્ટને ઉઠાવવામાં કેમ પાછી પાની કરે ? અથવા લોચ જેવી ક્રિયાને સહિષ્ણુતાના મૂલ પગથીયા તરીકે કેમ આચરે નહિં?

આવી રીતે પર્યુષણાના પાંચ કલ્પો જણાવી હવે છટ્ઠા શૈક્ષાપ્રવાજન એટલે ચોમાસામાં દીક્ષા ન દેવી એ નામના છટ્ઠાકલ્પને અંગે કંઈક વિવેચન કરવાની જરૂર ગણાય.

## પર્યુષણાનો છટ્ઠો કલ્પ શૈક્ષાપ્રવ્રાજન, ચાતુર્માસમાં દીક્ષાના અધિકારી કોણ કોણ ?

નવા દીક્ષિત થયેલા સાધુઓને શૈક્ષ તરીકે કહેવામાં આવે છે. અને તેથી ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી शैक्षः प्राथमकल्पिकः એમ કહી સ્પષ્ટપણે પ્રથમ કલ્પવાળાને શૈક્ષ તરીકે જણાવે છે. આ છટ્ઠા કલ્પમાં જે દીક્ષાનો નિષેધ જણાવવામાં આવેલો છે તે સ્થૂલદષ્ટિએ વાંચનાર કે સમજનારને ભયંકરમાં ભયંકર લાગશે. કારણ કે વૈરાગ્ય કઈ વખતે કોને કયા કારણોથી થાય ? એનો નિયમ નથી. ચાતુર્માસમાં વ્યાખ્યાનશ્રવણાદિકના ઘણા પ્રસંગો હોય છે અને તે પ્રસંગે શ્રોતાદિકને વૈરાગ્ય નજ થાય એવું કોઈ પણ વિધાતાનું વિધાન નથી. તેમાં પણ વૈરાગ્યવાન્ થયેલો મનુષ્ય કેટલીક વખત તો માતાપિતા સ્ત્રી પુત્ર ભગિની લેણદેણ રોગાતંક વિગેરે કારણોથી વૈરાગ્યને ટકાવી શકતો નથી અને વધારી પણ શકતો નથી, છતાં કોઈક તેવો ભાગ્યશાળી પુરૂષ રણમાં ઉતરતા શૂરવીર યોદ્ધાની માફક એક જ ધ્યેયને વળગતો વૈરાગ્યને ટકાવે અને વધારે, અને તે વૈરાગ્ય ટકવા અને વધવાના પ્રતાપે સંસારકારાવાસમાંથી નીકળીને મોક્ષના માર્ગે વધવા માટે મહાત્માઓને શરણે આવી મોક્ષની નીસરણીરૂપ પ્રવ્રજ્યાની યાચના કરે, હવે જો તેવી વખતે જ્યારે મહાત્મા તેવા વૈરાગ્યવાળાને દીક્ષા દેવાની ના પાડે અર્થાત્ તેને ધક્કો મારી સંસારસમુદ્રમાં રખડતો કરી દે ત્યારે એના જેવું ભયંકર પરિણામ એકકે નથી. પરન્તુ વાચકે ધ્યાન રાખવું કે આવા વૈરાગ્યવાળા અને ધર્મથી વાસિત થયેલ મહાનુભાવને માટે આ શૈક્ષાપ્રવ્રાજનકલ્પ લાગુ પડતો જ નથી અને તેટલા જ માટે શ્રી નિશીથભાષ્યકાર અને ચૂર્ણિકાર મહારાજ मो-तु-सड्डे એમ જણાવી ખુલ્લા શબ્દોથી સાધુના આચારથી વાસિત થયેલા તેવા ભાવિતઆત્માને પ્રવ્રાજન કરવાની આજ્ઞા આપે છે. એટલે પૂર્વે જણાવેલ મહાભયંકર દોષ આ કલ્પ પાળનારને શિરે રહેતો નથી અને તેથી શાસ્ત્રકારોએ જે જે દીક્ષાના પ્રસંગોમાં मा पडिबन्धं करेह કહીને દીક્ષાના અભિલાષીને ક્ષણમાત્ર પણ વિલંબ કરવો તે પ્રતિબંધ અને તે પ્રતિબંધ કોઈપણ પ્રકારે આ દીક્ષામાં કરવા લાયક નથી. એમ જે જણાવેલું છે તે વચનને કોઈપણ જાતનો બાધ નથી.

## ભાવિત-શ્રાદ્ધને દીક્ષિત થતાં રોકનાર ને તેને થતું ફલ.

વળી એ વાત પણ યાદ રાખવાની છે કે વૈરાગ્યથી થયેલા પરિણામને અંગે લેવાતી પ્રવ્રજ્યામાં ક્ષણમાત્ર જેટલો વખત પણ શ્રી બાહુબળજીના વંદનના મનોરથમાં થયેલી દશાને પામે તે સ્વાભાવિક છે. સંસારના અનુભવીઓ પણ સારી રીતે જાણી શકે છે કે દીક્ષા લેવાને માટે ગયેલા અનેક વૈરાગ્યવંતો પણ એક ક્ષણના વિલંબથી દીક્ષા

વગર આખી જીંદગી રહ્યા છે અને પસ્તાવવાળા થયા છે. વળી શાસ્ત્રકારો દેવલોકાદિકને માટે ધર્મ કરવાની જે ત્રિવિધ ત્રિવિધ વિરતિવાળાને મનાઈ કરે છે તેમાં એજ વસ્તુ કારણ તરીકે આગળ કરાય છે કે દેવપણામાં થતા સાવદ્યની અનુમોદના લાગવાથી ત્રિવિધ ત્રિવિધ પચક્ખાણને બાધ આવે. તો પછી જે મનુષ્ય ત્રિવિધ ત્રિવિધ પ્રકાર સાવદ્યની વિરતિ કરવા માટે આવેલો છે તેને શાસ્ત્રમાં કહેલ અડતાલીસ દોષમાંથી કોઈપણ પ્રકારનો દોષ નથી એવું સમજાય છતાં સર્વવિરતી આપવાનો જે નિષેધ કરવો તે બળાત્કારે સર્વવિરતી ખસેડી અવિરતીમાં નાંખવાનું કાર્ય થયું ગણાય અને એવી રીતે બળાત્કારે વિરતિ લેનારને અવિરતિમાં નાંખવાનું જે થાય તેને શાસ્ત્રકારો મહામોહનીયનું સ્થાન કે જે સ્થાનમાં ગણધરઆદિ મહાપુરૂષોની હત્યા ગણાવવામાં આવી છે તવું મહામોહનીય સ્થાન લાગે. એમ સ્પષ્ટપણે જણઆવે છે. એટલે સર્વવિરતીવાળાને કોઈપણ પ્રકારે સર્વવિરતિ લેવા માટે તૈયાર કવા એજ યોગ્ય ગણયા, પરન્તુ સર્વવિરીત લેવા આવેલાને સર્વવિરિતિ નહિં આપવી તે અવિરતિના સમુદ્રમાં ધક્કો મારી દેવાનું ગણાય. શ્રી સંભવનાથજી મહારાજ, શ્રી નેમનાથજી મહારાજ વિગેરે અનેક તીર્થંકરોના શાસનમાં લાખો મનુષ્યોએ સંસારકારાવાસમાંથી નીકળી સર્વવિરતિરૂપી મોક્ષ નીસરણીને ચોમાસામાં જ ગ્રહણ કરી છે એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં કહે છે. અચેલક્યાદિ દશ કલ્પો કે જેમાં સ્થિતાસ્થિતકલ્પપણાનો વિચાર કરવામાં આવે છે તેમાં કોઈપણ સ્થાને તીર્થંકર મહારાજ કે સામાન્યસાધુ અથવા તો બાવીશ તીર્થંકરના અથવા તો પહેલા છેલ્લા તીર્થંકરના સાધુઓને અંગે દીક્ષા માટે કલ્પનો ભેદ જણાવવામાં આવેલો નથી. એટલે વૈરાગ્યવાળા શ્રદ્ધાલુ અને ભાવિત શ્રાવકને દીક્ષા દેવામાં નિષેધ નથી એમ શ્રી ભાષ્યકાર અને ચૂર્ણીકાર મહારાજ જે જણાવે છે તે જૈનશાસનની મર્યાદાને અનુકૂળને જ ગણાય.

**ચાતુર્માસમાં કોણે કોની પ્રવ્રજ્યા કરી ?**

જેવી રીતે ઉપર જણાવ્યા પ્રમાણે સાધુધર્મની સામાચારીથી માહિતગાર થયેલા અને વૈરાગ્યવાન્ શ્રાવકન દીક્ષા દેવાની તથા લેવાની શાસ્ત્રકારે છુટ રાખી છે અને શ્રી કાલકાચાર્ય મહારાજજીએ ભરૂચ શહેરમાં બલભાનુને દીક્ષા આપી પણ છે.

**કદાચ ચોમાસામાં પતિત થાય તો શું કરવું?**

એવી રીતે કોઈક તેવા મોહનીય કર્મના ઉદયથી ચારિત્રથી પતિત થયેલો મહાનુભાવ પાછો તરત ચારિત્ર લેવાને તૈયાર થાય અને તે વખત કદાચ ચોમાસાનો હોય તોપણ તેને પુનતે દીક્ષા આપવામાં શાસ્ત્રકારો તરફથી પ્રતિષેધ છે: નહિ, અને હોય પણ નહિં, અને તેથી જ મહારાજા ભાષ્યકાર અને ચૂર્ણિકાર મુતું પુરાણસડ્ઢે એમ કહી તથા પુરાણે सड्ढेसु य एए दोसा ण भवन्ति तेण ते पव्वाविज्जंति ઈત્યાદિક વાક્યો જણાવી ભાવિત આત્મા શ્રાવકની

માફક જ પ્રવ્રજ્યાના પ્રદાનમાં પુરાણ એટલે દીક્ષાથી પશ્ચાત્ થયેલાના પુનઃ દીક્ષા આપવાની છુટ શેષ ઋતુના આઠ મહિનાની માફક જ રાખી છે. કોઈપણ સર્વવિરતિની સ્થિતિની શ્રેયસ્કરતા સમજ્યા સાથે સંસારની કારાવાસ જેવી સ્થિતિ સમજનારો મનુષ્ય મોહનીયકર્મના ઉદયથી અષાડવદિ એકમ (શ્રાવણ વદ એકમ) ને દિવસે કે તે પછી પતિત થયેલાને કાર્તક વદ એકમ (માગસર વદ એકમ) સુધી પતિતદશામાં રાખવાને તૈયાર થાય જ નહિં. કહેવાતા આરામમાર્ગીઓ ભાષ્ય અને ચૂર્ણીના પાઠોને દેખ્યા વગર, સમજ્યા વગર, અગર, નહિં માનતા હોઈને દીક્ષાના નિષેધનો ચોમાસાને માટે સર્વને અંગે પોકાર કરે છે તેઓએ પણ પતિતને તો તત્કાળ સર્વ સાવદ્યનો ત્યાગનું પચક્ખાણ પુનઃ કરાવેલું છે અને જો તે પતિતને કરાવેલ સર્વસામાયિકનો ઉચ્ચાર શાસ્ત્રસંમત ગણતા હોય તો તે પતિ તને સર્વવિરતિ સામાયિક પુનઃ ઉચ્ચરાવવાનો અધિકાર જે શાસ્ત્રમાં અને જે ગાથામાં છે તેજ ગાથામાં ભાવિત એવા શ્રાવકને પણ ચોમાસામાં દીક્ષા આપવાનો સ્પષ્ટ અધિકાર છે, એટલે કાંતો તે પ્રેમારામીઓએ પતિતને સ્વચ્છંદપણે દીક્ષા આપેલી ગણાય, અથવા તો ઉભય વસ્તું એક જ ગાથામાં અને એક જ સ્થાને હોવા છતાં પણ એક વસ્તુને માનવી તથા આચરવી અને બીજી વસ્તુને ન માનવી અને આદરવાનો નિષેધ કરવો તેમાં શું કારણ હશે તેની કલ્પના વિચક્ષણો કરી શકે અગર તેઓનો આત્મા જાણે.

## ભાવિતાત્મા અને શ્રાવકાદિને ચોમાસામાં દીક્ષા આપવી એ ઉત્સર્ગમાર્ગ છે કે અપવાદ?

જૈનશાસનમાં મનાતા આગમો કે તેની પંચાગી પૈકી કોઈપણ શાસ્ત્રમાં સાધુસામાચારીથી ભાવિત એવા શ્રાવકને કે કથંચિત્ મોહનીય કર્મના ઉદયે પતિત થયેલા પશ્ચાત્કૃતને દીક્ષા આપવાના નિષેધ માટે એક પણ વાક્ય નથી, અને જ્યારે કોઈપણ જગો પર તે બેની દીક્ષાના નિષેધને માટે કોઈપણ કાલની અપેક્ષાએ વાક્ય ન હોય તો પછી ઉત્સર્ગપણે નિષેધ થયા શિવાય તેને અપવાદનું રૂપ આપી શકાય નહિં તે સ્વાભાવિક જ છે. એટલે રાજા અમાત્ય વગેરેને માટે કરાતું જે અપવાદપદથી દીક્ષાનું વિધાન તે અભાવિત અને અપુરાણને માટે જ છે, એમ સમજવામાં કંઈપણ મુશ્કેલી પડે તેમ નથી.

## ચાલુ કલ્પનું સ્થાન અહિં કેમ ?

ઉપર જણાવેલા પ્રમાણે ભાવિતઆત્મા એવા શ્રાવક અને પશ્ચાત્કૃતને માટે ચોમાસામાં પણ દીક્ષાનો નિષેધ નહિં, પરન્તુ શેષઋતુની માફક જ ઔત્સર્ગિકવિધાન હોવા છતાં પર્યુષણાકલ્પના દશ પ્રકારોમાં શૈક્ષાપ્રવ્રાજન નામનો છઠ્ઠો કલ્પ કેમ રાખ્યો એ શંકા થવી અસંભવિત નથી, પરન્તુ આચાર્ય મહારાજ અભયદેવસૂરિજીએ શ્રી સ્થાનાંગસૂત્રની ટીકામાં જે દસ પ્રકારનો પર્યુષણાનો કલ્પ જણાવેલો છે. તે શ્રી નિશીથસૂત્રના ભાષ્યની ગાથાને ઉદ્દેશીને છે અને એ વાત શ્રી

સ્થાનાંગસૂત્રની ટીકાના તે સ્થાનને જાણનારાઓથી અજાણી નથી, જો કે કલ્પસૂત્રની ટીકાઓમાં પર્યુષણાકલ્પની વ્યાખ્યા કરતાં કલ્પશબ્દથી અચેલકપણા આદિ દશ પ્રકારનો તીર્થકલ્પ લેવાય છે. પરન્તુ તે દસ કલ્પોમાં પર્યુષણાકલ્પ દસમે સ્થાને રહેલો છે, અને તેથી તે પર્યુષણાકલ્પ પેટાભેદ રૂપ થાય છે. વળી ત્યાં માત્ર રહેવાની વ્યવસ્થા લેવાય છે. પરન્તુ આહારાદિ દ્રવ્યવિષય પણ લેવાતો નથી. પરન્તુ પર્યુષણના કલ્પને અંગે કલ્પશબ્ધથી જો કોઈ પણ આચાર લેવા જેવો હોય તો તે નિશીથસૂત્રમાં જણાવેલ દ્રવ્યાદિક સ્થાપનાનાનાઓ અને એમાં પણ દ્રવ્યઅધિકારે જણાવેલા ઉણોદરીઆદિ દસ ભેદો લેવા તે વધારે અનુકૂલ છે.

## ચાતુર્માસમાં ભાવિતાત્મા શ્રાવકાદિ વગરનાને દીક્ષા કેમ ન દેવાય ? તેની સ્પષ્ટતા.

તે નિશીયભાષ્યના દ્રવ્ય સ્થાપનાના છઠ્ઠા શૈક્ષાપ્રવ્રાજન નામના કલ્પમાં જ ભાવ્યકાર મો-તું પુરાણસઢે એમ કહીને સ્પષ્ટ શબ્દોથી પુરાણ અને ભાવિતશ્રાદ્ધ શિવાયના મનુષ્યોને માટે દીક્ષાનું અપ્રદાન જણાવે છે. એટલે સ્પષ્ટ થાય છે કે જેઓ व्याख्यानतो विशेषअप्रति पत्तिर्नहि संदेहाद्दलक्षणं એ સામાન્યન્યાયને સમજતો હશે તે તો ભાષ્ય અને ચૂર્ણિ ઉપર ધ્યાન રાખીને છઠ્ઠા શૈક્ષાપ્રવ્રાજન નામના કલ્પમાં ભાવિત અને પુરાણ શિવાયની દીક્ષાના નિષેધને કહેશે તથા માનશે, છતાં જેઓ પુરાણ અને ભાવિત શ્રાદ્ધને માટે પણ ચોમાસામાં દીક્ષાનો નિષેધ છે એમ માની લે તેઓ ઉપર જણાવેલા ન્યાયને માનતા કે સમજતા નથી. અગર તો શાસ્ત્રમાં કહેલાં વાક્યોને માનવામાં ઓછાશ હશે. વળી શ્રી દશવૈકાલિકની અંદર શૈક્ષસ્થાપનાનો કલ્પ સમજાવતાં ભગવાન્ હરિભદ્રસૂરિજીએ વાપરેલ પ્રાયઃ એવું અન્વય જેવી માન્યતામાં હોય તે મનુષ્યપણ ચોમાસામાં સર્વથા દીક્ષાનો નિષેધ છે એમ કહી શકે નહિ. આ સ્થળે જરૂર શંકા થશે કે જો સ્થિતિ પૂર્વે જણાવ્યા પ્રમાણે છે તો પછી શૈક્ષાપ્રવ્રાજન નામનો શાસ્ત્રકારોએ છઠ્ઠો કલ્પ પર્યુષણાની દ્રવ્યસ્થાપનાના કલ્પમાં કેમ રાખ્યો ? પરન્તુ તેવી શંકા કરનારે ભાષ્યકાર મહારાજના વચનના વ્યાખ્યા કરતાં ચૂર્ણિકાર મહારાજે જણાવેલી સ્થિતિ વિચારવાની જરૂર હતી. ભગવાન્ ચૂર્ણિકાર ચોમાસામાં પુરાણ અને ભાવિત શિવાયના જીવો માટે પણ દીક્ષાનો નિષેધ કરતાં સ્પષ્ટ શબ્દોમાં હેતુ જણાવે છે. તેઓ જણાવે છે કે જેઓ સાધુધર્મથી વાસિત ન હોય અર્થાત્ ભાવિત કે પુરાણ શિવાયના જીવો હોય, તેઓ ચોમાસામાં કચરાથી ખરડાયેલા પગનું ધોવું ન થવાથી અને માત્ર પાદલેખાનાદિથી પગનો કચરો સાફ થાય તેટલો સાફ કરીને પગ ધોયા વગર માંડળીમાં વર્ત્તવાનું દેખીને પૂર્વકાળના શૌચવાદને લીધે સાધુ ધર્મથી ઉદવિગ્ન થઈ જાય. એટલું જ નહિ, પરન્તુ તે ધર્મની નિંદા કરનારા અને કરાવનારા થાય. માટે તેવા સાધુસામાચારીથી અવાસિતને દીક્ષા ચોમાસામાં નહિં આપવી, એમ

સ્પષ્ટપણે જણાવેલ છે, જો કે દીક્ષિત થયેલાને બીજે વર્ષે ચોમાસું નહિં આવે તેમ નથી, પરન્તુ બાકીના કાળમાં સાધુસામાચારીથી વાસિત થવાને લીધે તથા સાધુધર્મની ભાવનાથી ઓતપ્રોત થવાથી તેનો શૌચવાદ નષ્ટ પ્રાયઃ થયેલો હોય અને તેમ હોવાને લીધે બીજા વિગેરે ચોમાસાઓમાં પગ નહિં ધોવાની સામાચારી દેખીને પણ તેવી રીતે સાધુધર્મથી ઉદવિગ્ન થવાનું કે વટલાયેલાનું બોલવાનું વિગેરે કંઈ પણ બનવાનો સંભવ ગણ્યો નહિં, વળી ચતુર્માસની અંદર સ્થવિરકલ્પની મર્યાદાએ કામળી અને કપડો ભીંજાઈને અંદર પાણી ન ઉતરે તેવા વર્ષાદમાં સામાન્ય રીતે ગોચરી પાણી લાવવાનું દેખીને તથા બાલગ્લાનાદિકને માટે બીજી રીતે પડતા વરસાદમાં પણ લવાતા આહારપાણી દેખીને તે ભાવિત અને પુરાણ શિવાયનો નવદીક્ષિત જીવ અપવાદપદથી વાસિત નહિં થયેલો હોવાને લીધે સાધુના માર્ગથી ઉદવેગ પામે. કેમકે તે વાસિત નહિં થયેલો હોવાને લીધે અપવાદપદ સમજે નહિં, અને તે ન સમજવાથી જ અવળો વિચાર કરે. તે એમ ધારે કે જ્યારે સાધુઓ આહારપાણીને માટે અપકાયની વિરાધનામાં દુર્લક્ષ્ય કરો છો તો પછી સ્નાનને માટે અપકાયની વિરાધનાનું દુર્લક્ષ્ય કરવું એ કેમ ગેરવ્યાજબી ગણાય ? આ વિગેરે અનેક કારણો ને જણાવવા પૂર્વક ભગવાન્ ચૂર્ણિકાર મહારાજે ભાવિત અને પુરાણ શિવાયના જીવોને માટે ચોમાસામાં દીક્ષાનો નિષેધ જ કર્યો છે.

**શૈક્ષાપ્રવ્રાજન કલ્પ જો ભાવિતાત્મા શ્રાવક માટે હોત તો ?**

વળી એક વાત ધ્યાનમાં રાખવાની છે કે સામાન્ય રીતે જનસંખ્યા પુરાણ અને ભાવિત શિવાયની જ ઘણી હોય છે અને તે ઘણાને અંગે ઉત્સર્ગ માર્ગે કરેલા નિષેધને અનુલક્ષીને શૈક્ષાપ્રવ્રાજનને કલ્પ તરીકે ગણવામાં આવે તો તેમાં આશ્ચર્ય નથી, વળી જો શૈક્ષાપ્રવ્રાજનકલ્પનો અર્થ ભાવિત શ્રાદ્ધ, પુરાણ અને તદિતર જીવોને લઈને સર્વની દીક્ષાના નિષેધને માટે કરવામાં આવે તો તે કલ્પના અપવાદમાં પુરાણ અને ભાવિતશ્રાદ્ધને માટે જે કંઈ કહેવું જોઈએ કે લખવું જોઈએ તેમાંથી કંઈપણ નથી એ ચોક્ખું જ છે, પરન્તુ ग्रामाभावे कुतः सीमा वृक्षाभावे कुतः शाखा ઈત્યાદિક ન્યાયની માફક જેનો ઉત્સર્ગ માર્ગે પણ નિષેધ ન હોય તેનું અપવાદમાર્ગે પણ વિધાન કરવાની જરૂર ન રહે તે સ્વાભાવિક જ છે, અને તેથી અપવાદપદમાં પણ પુરાણ અને ભાવિતશ્રાવકની વાત દૂર રાખી ભાવિતની વાત રાખીયે તો પણ પુરાણને માટે પણ કિંચત્માત્ર જે લખવામાં આવ્યું નથી તેથી સ્પષ્ટ થાય છે કે શૈક્ષા પ્રવ્રાજન કલ્પ પુરાણ અને ભાવિત શિવાયને માટે સમજવો. આ સ્થળે એક શંકા જરૂર થશે કે શું પુરાણ અને ભાવિત શ્રાદ્ધ સિવાયના આત્માઓનો ઉદ્ધાર કરવો તે શાસ્ત્રકારો અને શ્રમણમહાત્માઓને માટે ચોમાસામાં ઈષ્ટ નથી ? આ પ્રશ્નના સમાધાનમાં સમજવું કે જગત્માત્રના જીવોનો ઉદ્ધાર કરવો તે શાસ્ત્રકારોને અને સર્વ

શ્રમણમહાત્માઓને ઈષ્ટ છે, પરન્તુ પૂર્વે જણાવેલ શૌચવાદની અપેક્ષાએ પતિતપણું અને શાસનની હીલના કરવા સાથે ધર્મથી પોતાના જીવને અને અન્યને વિમુખ કરવાનો જે સંભવ દેખાડેલો છે તે સંયમના અપ્રદાનના દોષ કરતાં ભયંકરમાં ભયંકર ગણીને જ ચતુર્માસમાં ભાવિત અને પુરાણ શિવાયના જીવોને માટે શૈક્ષાપ્રવ્રાજન કલ્પ રાખેલો છે.

## શૈક્ષાપ્રવ્રાજન કલ્પની સ્પષ્ટતા

જો કે શૈક્ષાપ્રવ્રાજન કલ્પની વ્યાખ્યામાં માત્ર શૈક્ષને પ્રવ્રજ્યા ન આપવી એટલું જણાવી અન્યસ્થાનોની માફક શેષઋતુમાં બાલ નપુંસકાદિ અયોગ્યોને દીક્ષા ન અપાય અને ચોમાસામાં પ્રાય: યોગ્ય અને અયોગ્ય બન્નેને દીક્ષા ન અપાય એટલું જ કહેવાની જરૂર હતી. છતાં જેઓ વ્યાખ્યા કે સૂત્રના પૂર્વાપર પ્રકાર ન સમજતાં ઢુંઢીયાઓ જેમ છકાયની દયાની ધર્મત્વ સ્થિતિને જીનેશ્વરભગવાને જે જણાવી છે, અને બીજાઓએ હિંસા કરવાની સ્થિતિને ધર્મ તરીકે જે જણાવી તેનું ખંડન કરવા જે સૂત્ર જણાવ્યું છે તે સમજ્યા વગર પૂજા અને દાન વિગેરેને ઉઠાવવા તૈયાર થાય છે, તેવી રીતે માત્ર શૈક્ષાપ્રવ્રાજન શબ્દનો પ્રાસંગિક કરાતો અર્થ ન સમજતાં પુરાણ અને ભાવિતશ્રાદ્ધને માટે પણ લાગુ કરી પૂર્વાપર અવિરૂદ્ધપણાને ન વિચારતાં જેઓ પુરાણ અને ભાવિતશ્રાધ્ધને પણ દીક્ષાનો એકાંત નિષેધ કરે તેઓને સન્માર્ગે લાવવા માટે ઉપયોગી થાય તેટલું લખાણ અત્રે આપવામાં આવ્યું છે. કદાચ શંકા થશે કે ઊણોદરીઆદિ કલ્પો તો ચોમાસામાં વિશેષથી સંયમની વૃદ્ધિ અને રક્ષા માટે છે અને તે સમજી શકાય તેવું છે, પરંતુ જે શૈક્ષાપ્રવ્રાજનકલ્પ છે તે તો સંયમની પ્રાપ્તિમાં નિષેધ કરનાર હોવાથી સંયમન રક્ષા કે વૃદ્ધિને અંગે તેનું વિધાન હોય તે સ્વપ્ને પણ માની શકાય તેમ નથી, તેથી શું એમ માનવાને કારણ ન રહે કે ભગવાનકાલકાચાર્યમહારાજની પહેલાં પુરાણ અને શ્રાદ્ધને ચોમાસામાં પણ સંયમ આપવાની છુટ હોય અને તે રીતિને અનુસરીને ભગવાન્ કાલકાચાર્યે બળભાનુને દીક્ષા આપી હોય, પરન્તુ તેમાં શ્રી નિશીથચૂર્ણિકારમહાત્માના જણાવ્યા મુજબ ભરૂચથી કેટલાક આચાર્યોના જણાવ્યા પ્રમાણે દેશથી રાજા એક હાડવાનું થયેલું હોય તેને લીધે પાછળથી આચાર્યોને ચોથની પર્યુષણાની આચરણાથી માફક શૈક્ષાપ્રવ્રાજનકલ્પ આચરીને ભાવિત તથા પુરાણને પણ દીક્ષાનો નિષેધ આચર્યો હોય. આવી શંકા નહિં કરવાનું કારણ એ છે કે કેટલાક આચાર્યોના મતે તો ભગવાન્ કાળકાચાર્યની પૂજા રાજાએ બહુમાનથી વિસ્તારી તે સહન નહિં થવાથી પુરોહિતના પ્રપંચને લીધે આચાર્ય મહારાજ સ્વંય ચોમાસામાં વિહાર કરી ગયા છે. એમ પણ લખેલું છે. તેથી ભગવાન કાળકાચાર્યના ચોમાસાના વિહારમાં નિર્વિવાદપણે રાજાના ભાણેજ બલભાનુની દીક્ષા જ કારણ છે એમ પણ કહી શકાય તેમ નથી, વળી જો તે કારણથી શૈક્ષાપ્રવ્રાજનનો કલ્પ આચારણમાં આચરવામાં આવ્યો હોત તો ચોથની

પર્યુષણાની આચરણાની માફક તે શૈક્ષાપ્રવ્રાજનને પણ સ્પષ્ટ શબ્દોમાં આચરણા તરીકે જ જણાવત, વળી એ વાત તો સિદ્ધ જ છે કે નિશીથચૂર્ણિકાર મહારાજ ભગવાન કાલકાચાર્યમહારાજ પછી ઘણા સૈકાઓને આંતરે થયેલા છે તેઓ ભાવિત અને પુરાણ શિવાયના વૈરાગ્યવાળાઓની દીક્ષાના નિષેધમાં અપકાયની વિરાધના, વટલવું અને શાસનનિંદા વિગેરે હેતુઓ ન આપતાં તે કાલકાચાર્ય મહારાજનું વૃત્તાન્ત જ જણાવીને આચરણાથી જ શૈક્ષની અપ્રવ્રાજનાનો કલ્પ છે એમ જણાવત, વળી ભાષ્યકારમહારાજા કે જેઓ પણ ભગવાન્ કાલકાચાર્ય મહારાજ પછી જ થયા છે તેઓ મોતું પુરાણ સડ્ઢે વિગેરે ગાથા કહી પાશ્ચાત્કૃત અને ભાવિતશ્રાવકને માટે નિષેધનો અંશ પણ નથી એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે તે જણાવત નહિં અને ભાષ્યકાર તથા ચૂર્ણિકાર બન્ને જે અપવાદમાં પશ્ચાતકૃત અને ભાવિતને સ્થાન ન આપતાં અન્ય અન્ય પ્રકારના જીવોને અપવાદપદમાં ચોમાસાની દીક્ષા માટે જે સ્થાન આપેલ છે તે આપત જ નહિં. અર્થાત્ એ ઉપરથી આ વાત સ્પષ્ટ થાય છે કે પશ્ચાત્કૃત અને ભાવિતને માટે દીક્ષાનો ચોમાસામાં નિષેધ આચરણાથી પણ નથી જ.

**ચોમાસામાં વિહાર નથી હોતો માટે દીક્ષા પણ ન થાય એ કથન સંગત છે ?**

કેટલાકો તરફથી એમ કહેવાય છે કે ચોમાસામાં સાધુઓને વિહાર કરવાનો મુખ્યતાએ હોતો નથી અને શૈક્ષને દીક્ષિત કરતાં તે દીક્ષા દીધેલા ગામમાં બીજે દિવસે નવીદીક્ષિતે ન રહેવાનો આજકાલ કલ્પ હોવાથી ચોમાસામાં દીક્ષાનો નિષેધ કરેલો છે, આ કથન પણ શાસ્ત્ર કે પરંપરા એકેને મળતું નથી. કોઈપણ શાસ્ત્રમાં એવું વિધાન જ નથી કે દીક્ષિત કરેલા નવા શૈક્ષકને લઈને બીજે દિવસે તે ક્ષેત્રથી વિહાર કરવો જ જોઈએ. જ્યારે એવીરીતે વિહારને માટે આચરણાની મર્યાદા જ નિયમિત નથી તો પછી તેને આધારે શૈક્ષાપ્રવ્રાજકો કલ્પ કરવામાં આવ્યો છે એમ કહેવું તે કેવળ આકાશના ફુલો ઉતારવા જેવું જ છે. વળી કેટલાકોનું કહેવું એમ થાય છે કે પ્રવ્રજ્યા દેવી એ જો કે પ્રવ્રજ્યા લેનારના આત્મકલ્યાણની અપેક્ષાએ ઘણીજ ઉત્તમ અને ઈચ્છવા લાયક છે. છતાં પણ મોહનીયમાં ફસેલો વર્ગ કેટલીક વખત તો શ્રદ્ધાલુ હોય છે તોપણ અને કોઈપણ જાતના સગાસંબંધ વિનાનો હોય છે તોપણ દીક્ષાની વિરૂદ્ધતાને ધારણ કરનારો હોય છે. તેવી વખતે ચોમાસાનો કાળ અપ્રીતિવાળાક્ષેત્રમાં દીક્ષા ચોમાસામાં કરવાથી નિર્ગમન કરવો પડે અને તે અત્યન્ત મુશ્કેલીનો વિષય થઈ પડે છે. તે મુશ્કેલી ટાળવા માટે શાસ્ત્રકારોએ ચોમાસામાં શૈક્ષાપ્રવ્રાજન કલ્પ રાખેલો છે, આવું કહેનારે વિચારવું જોઈએ કે ભગવાન્ વજસ્વામીજીની વખતે આખું શહેર અને રાજા દીક્ષાની બાબતમાં અનુકૂલ વર્ત્તનવાળાં ન્હોતાં, છતાં શ્રી વ્રજસ્વામીજીને નથી તો તે સ્થાનથી બીજે લઈ જવામાં આવ્યા અને નથી તો ધનગિરિજી અને સિંહગિરિજીએ તત્કાળ ત્યાંથી

વિહાર કર્યો. માટે સર્વ દીક્ષામાં શહેરની અપ્રીતિ કલ્પી ક્ષેત્રની અપ્રીતિના નામે શૈક્ષપ્રવ્રાજન કલ્પનો કલ્પિત અર્થ ઉભો કરવો તે યોગ્ય નથી.

**સર્વને સામાન્ય રીતે ચાતુર્માસમાં પ્રવ્રજ્યા આપવાથી થતી અનવસ્થ**

અમુક અમુક સંપ્રદાયો તો વર્તમાનમાં પણ ભાવિતશ્રાદ્ધ હોય કે અભાવિતશ્રાદ્ધ હોય, પશ્ચાત્કૃત હોય કે પશ્ચાત્કૃત ન હોય, અન્યમતીય હોય કે કોઈપણ હોય તોપણ નિર્વિશેષપણે ચાતુર્માસમાં પણ પ્રવ્રજ્યાનું વિધાન કરે છે, પરન્તુ તેઓએ ભાષ્યકાર અને ચૂર્ણિકારના વચનો ઉપર ધ્યાન રાખવાની જરૂર છે. જો તેવી રીતે ચોમાસામાં સર્વને સામાન્ય રીતે પ્રવ્રજ્યા દેવાનું વિધાન માનવામાં આવે તો પછી ભાષ્યકાર અને ચૂર્ણિકાર મહારાજે કહેલો શૈક્ષાપ્રવ્રાજનનો કલ્પ વ્યર્થ જ જાય, વળી શ્રી જીતકલ્પચૂર્ણિકાર અને ભગવાન્ હરિભદ્રસૂરિજી વગેરે મહાપુરૂષોએ પણ પોતાના ચૂર્ણિ અને ટીકાઆદિ શાસ્ત્રોમાં અકલ્પ નામના કલ્પની વ્યાખ્યામાં પ્રાયઃ કરીને અથવા સામાન્યે કરીને જણાવેલો શૈક્ષાપ્રવ્રાજનકલ્પ ન માનેલો ગણાય, અગર વ્યર્થ માનેલી ગણાય, માટે શૈક્ષાપ્રવ્રાજન કલ્પથી પશ્ચાત્કૃત અને ભાવિતશ્રાદ્ધને છોડીને બીજાને શૈક્ષાપ્રવ્રાજન કલ્પ ગણી દીક્ષાનું વિધાન કરવું ઉચિત નથી, એ સ્પષ્ટ જ છે. જો કે ભગવાન અભયદેવસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં આ શૈક્ષાપ્રવ્રાજનકલ્પને જઘન્યથી સિત્તેર દિવસ અને મધ્યમથી એંસી-નેવું-એકસો વીસ દિવસો માની યાવત્ એકસો ને એંશી દિવસ સુધી માને છે. અને એ અપેક્ષાએ મધ્યસ્થ બુદ્ધિવાળો વિચાર કરશે તો શૈક્ષાપ્રવ્રાજનકલ્પનો હેતુ પૂર્વે જણાવેલો અપ્કાયની વિરાધના અને વટલાવવાના સંકલ્પ વિગેરેનો જ નિશ્ચિત છે એ સમજી શકશે.

**પર્યુષણા કલ્પની મુદત અને તે મુદત વધારવા ઘટાડવાનાં કારણો.**

યાદ રાખવું કે પર્યુષણાકલ્પ ઉત્કૃષ્ટથી અષાડશુક્લ પૂર્ણિમાથી શરૂ થાય છે. કારણ કે અષાડ વદ પાંચમથી ભાદરવા સુદ પાંચમ સુધીના કલ્પો ક્ષેત્રની અપ્રાપ્તિઆદિ કારણને લીધે થવાવાળા હોય છે, અને ભાદરવા સુદિ પાંચમ પછીથી કાર્તિક શુક્લા પૂર્ણિમા સુધી તે પર્યુષણાકલ્પ નિયમિત હોય છે. પરન્તુ કાર્તિકશુક્લા પૂર્ણિમા પછી પણ જો વરસાદનું રોકાવું ન થાય અને કિચ્ચડ વગેરે જેમાં સુકાયેલા છે એવા માર્ગ ન થાય તો દસ દસ દિવસના અનુક્રમે આખો માગસર મહિનો પણ પર્યુષણાકલ્પની મર્યાદામાં જ રહેવું પડે. આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે પર્યુષણાકલ્પના પ્રારંભમાં ક્ષેત્રાદિકની યોગ્યતાને અંગે જ્યારે પાંચ પાંચ દિવસના કલ્પો છે ત્યારે માગસર મહિનામાં પાંચ પાંચ દિવસના કલ્પો નથી, પરન્તુ વિહારની યોગ્યતા માટે દસ દસ દિવસના કલ્પો છે. આમ

હોવાથી કયો ગચ્છ કયો સંઘાડો, કયો સાધુ અને કયો ગણ, કઈ વખતે પર્યુષણાકલ્પ શરૂ કરે કે સમાપ્તિ કરે તેનો નિયમ નકકી હતો એમ કહી શકાય નહિ, અને જ્યાં સુધી પર્યુષણાકલ્પની શરૂઆત ન કરી હોય ત્યાં સુધી શૈક્ષાપ્રવ્રાજન કલ્પની પણ નિયમિતતા થઈ શકે નહિ. અને તેવી જ રીતે પર્યુષણાકલ્પની સમાપ્તિ પણ દસ દસ દિવસના ત્રણ કલ્પવાળી હોવાથી કથા સાધુ વગેરેને ક્યારે પર્યુષણા કલ્પ સમાપ્ત થાય એનો પણ નિયમ નહીં હોવાથી સામાન્ય રીતે શૈક્ષકનું પ્રવ્રજ્યા વિધાન અમુક વખતે જ શરૂ થાય એ પણ નિશ્ચિત હોઈ શકે નહિં. આ વસ્તુ વિચારતાં પણ સુજ્ઞમનુષ્યોને શૈક્ષને પ્રવ્રજ્યા નહિં દેવાના કલ્પમાં ચૂર્ણિકાર વગેરેએ જણાવેલા અપ્કાયવિરાધના અને વટલાવવાઆદિના પ્રસંગો જ ચોકખી રીતે તરી આવશે, જો સર્વથા શૈક્ષની દીક્ષાના નિષેધને પ્રેમારામ પંથીઓ માનશે તો શું ચોમાસું ઉતર્યા પછી પણ વરસાદને લીધે કરાતા માગસર મહિનાના પર્યુષણાના કલ્પને વિષે શૈક્ષની પ્રવ્રજ્યાનો સર્વથા નિષેધ શું માને છે ? શું માનશે, અગર તે પ્રમાણે શું વર્ત્તન કરે છે કે કરશે ? અર્થાત્ શાસ્ત્રના પાઠોને સમજ્યા અને વિચાર્યા શિવાય પયુર્ષણાકલ્પને નામે શૈક્ષાપ્રવ્રાજન કલ્પનો અનર્થ કરનારાઓને ઘેલીના પહેરણા જેવી જ અવસ્થા થવાનો વખત આવશે. આ છઠ્ઠા કલ્પનું તાત્પર્ય એટલું છે કે પૂર્વે જણાવેલ ઉદકવિરાધનાને અંગે યથાવાદી તથાકારિત્વના અયોગદ્વારાએ કે વટલાવવાની બુદ્ધિદ્વારાએ શાસનની હેલનાનો પ્રસંગ ન આવે તેટલા માટે પશ્ચાત્કૃત અને ભાવિતશ્રાદ્ધ અને જેમાં તે દોષો નથી તેમને છોડીને બીજાઓની દીક્ષા ન કરવી.

**સાતમા કલ્પની ભૂમિકા, ભસ્મ, ડગલની આવશ્યકત્તા.**

સાતમા કલ્પની અંદર અચિત્તને અંગે કંઈ કઈ વસ્તુ પર્યુષણાકલ્પ સ્થાપતાં પહેલાં છોડી દેવી તેનો વિચાર કરવાનો છે, જો કે ભસ્મ ડગલ વિગેરે જેવી રીતે અચિત્ત વસ્તુઓ વર્ષાકલ્પને અંગે નિયમિત ગ્રહણ કરવાની છે, તેવી જ રીતે પર્યુષણાકલ્પ અગર ચોમાસાને માટે બમણી ઉપધિનું ગ્રહણ કરવાનું વિધાન પણ વર્ષાકલ્પને અંગે નિયમિત છે. અને તે વસ્તુતાએ અચિત્ત પણ હોય છે, છતાં પણ ભસ્મડગલાદિકને ગ્રહણ કરવાનો કલ્પ જુદો રાખ્યો અને દ્વિગુણ એવી વર્ષાકલ્પની ઉપધિ ધારણ કરવાનો કલ્પ જુદો રાખ્યો, તેનું કારણ એ જણાય છે કે ભસ્માદિક અને વસ્ત્રાદિક બન્ને અચિત્તપણાની અપેક્ષાએ સરખાં છતાં જેમ પીઠફલકઆદિ ગ્રહણ તથા માત્રકભાજન આદિ ગ્રહણ અચિત્તપણાએ સરખા છતાં ધ્યેયભેદની અપેક્ષાએ આગળ જુદા ગણવામાં આવ્યાં છે, તેવી રીતે અહિં પણ તૃણ ડગલાદિ અને વસ્ત્રાદિનો વિષય જુદો પાડવામાં આવ્યો પીઠફલકઆદિ, માત્રકભાજન, ભસ્માદિ અને વસ્ત્રાદિઉપધિમાં પૃથક્ પૃથક્ મુદ્દાઓ વિચારીએ તો માલમ પડશે કે પીઠ કલક વિગેરેનું ગ્રહણ આત્મવિરાધનાને મુખ્યતાએ વર્જવા

માટે છે. માત્રકભાજનનું ગ્રહણ મુખ્યતાએ સંયમવિરાધના વર્જવ માટે છે, તેવી રીતે અહિં આગળ ભસ્માદિકનું ગ્રહણ કરતી વખતે જુનાં ભસ્માદિકને ત્યાગ કરીને નવાં ભસ્માદિ લેવાનાં છે, અને વસ્ત્રાદિક ઉપકરણો ચોમાસા વગરની ઋતુમાં જે પ્રમાણમાં રખાય તેના કરતાં બમણાં રાખવાનાં છે. એવી રીતે ભેદ હોવાને લીધે અચિત્તતા સરખી છતાં પણ આ બધા કલ્પો જુદા રાખેલા છે. વાંચકોએ યાદ રાખવાની જરૂર છે કે બારેમાસ વાચના લેવાવાળા સાધુઓની ફરજ છે કે વાચના દેવાવાળા મહાપુરૂષને માટે માત્રક અને શ્લેષ્મની કુંડી તેમના આસન પાસે તૈયાર રાખવી અને પછી જ વાચના લેવા માટેનો વિધિ શરૂ કરવો. જો કે આ જગો પર શાસ્ત્રકારોએ શ્લેષ્મના ભાજનને અંગે વિશેષ ચર્ચા કરી જ નથી, છતાં માત્રકના ભાજનને અંગે ચર્ચા કરતાં શિષ્યદ્વારાએ શંકા ઉઠાવી છે કે વાચના દેવા જેટલા કાળમાં માત્રકનું ભાજન વાચનાચાર્ય માટે રાખવાની જરૂર શી ? એવી ઉઠાવેલી શંકાના સમાધાનમાં શાસ્ત્રકારોએ ખુલ્લા શબ્દોએ જણાવ્યું છે કે માત્રકની ક્રિયાનો પ્રતિબંધ નહિં રહી શકતો હોય તો પણ તે વાચના ચાર્યે વાચના દેવી જરૂરી છે, માટે વાચના લેનારે માત્રકના ભાજનને સ્થાપન કરવાની જરૂર છે. આ માત્રકના ભાજનને ગ્રહણ કરવાનું ફળ જો કે માત્રકગ્રહણ નામના ચોથા કલ્પમાં કહેવાની જરૂર હતી, પરન્તુ આ માત્રકનું પ્રયોજન વાચનાચાર્યમહારાજને અંગે અને બારે માસની સતતસ્થિતિને માટે હોવાથી ચોમાસામાત્રને માટે અને યાવત્ સાધુને માટે માત્રકનું પાત્ર ગૃહણ કરવાના કલ્પમાં આ હકીકતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ભસ્મ-પાત્રની ઉપયોગિતા

અહિંઆ મુખ્ય અધિકાર શ્લેષ્મના પાત્રને માટે છે, અને તેમાં એ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે શ્લેષ્મનું પાત્રે એ ભસ્મ શિવાય ઉપયોગમાં આવે નહિ, અને તેથી દરેક વાચના લેવાવાળા સાધુઓએ વાચનાચાર્યને માટે એ શ્લેષ્મપાત્ર ભસ્મવાળું વાચનાચાર્યની પાસે વાચના વખતે હંમેશાં મૂકવું જોઈએ. આ ઉપરથી સ્પષ્ટ થશે કે સાધુઓને ચોમાસાના કાળ શિવાય પણ ભસ્મગ્રહણની વાચનાચાર્યને અંગે તો અનિવાર્ય આવશ્યકતા છે, વળી વર્ત્તમાનકળામાં વસ્ત્રધાવનની વખતે માંખી વિગેરેનો બચાવ ભસ્મદ્વારાએ વિશેષ થાય છે એ કોઈના પણ અનુભવ બહાર નથી. ચોમાસા શિવાયના કાળમાં પણ કીડીયોનો ઉપદ્રવ અનેક જગોપર અનેકપ્રકારે હોય છે. તેમાં તે જીવોનો પણ બચાવ ભસ્મદ્વારાએ વિશેષે થઈ શકે છે અને કરાય છે, એ વાત પણ અનુભવ બહાર નથી. લોચાદિકકાર્યોને અંગે પણ ચોમાસા શિવાયના કાળમાં પણ ભસ્મની જરૂર રહે છે વમનાદિક કારણોમાં પણ ભસ્મની જરૂર રહે છે. આ બધી હકીકતનું તત્વ એટલું જ છે કે ભસ્મનું ગ્રહણ એકલું ચોમાસામાં હોય છે તેમ નહિં, પરન્તુ

ચોમાસા શિવાયના શેષમહતુના આઠ માસના કાળમાં પણ ભસ્મનું ગ્રહણ ઘણું જરૂરી અને નિયમિત હોય છે. તે ભસ્મને અંગે શાસ્ત્રકાર પર્યુષણકલ્પને અંગે ફરમાન કરે છે કે પર્યુષણાકલ્પથી રહેવાનું શરૂ કરનારા મહાનુભાવોએ જુની ભસ્મને વોસરાવી દઈને નવી ભસ્મ જ ગ્રહણ કરવી જોઈએ.

નવી ભસ્મ લેવાનું કારણ ?

ભસ્મની અંદર જે ગુણ ભસ્મને શરદી ન લાગી હોય ત્યાં સુધી દુર્ગંધ હરવાનો, જીવ બચાવવાનો અને ચીકાશ હરવા વિગેરેનો હોય છે તે ગુણ શરદીથી જુની થયેલી રાખમાં નથી હોતો, એ વાત સમજાવવી પડે તેમ નથી. દાળ વગેરે દ્રવભોજનમાં પડેલી માખ ઉપર જો તાજી ભસ્મ નાંખી હોય છે તો તે માખીઆદિ જીવને બચાવનાર થાય છે, પણ ભસ્મ જો જુની થઈ ગઈ હોય છે તો તે માખીઆદિને બચાવનાર નથી થતી. કીડિયો પણ જુની ભસ્મમાં તેવી ગન્ધ ન હોવાથી રોકાઈ કે વીખરાઈ જતી નથી, પરન્તુ નવી ભસ્મ હોય છે તો તેની ગન્ધને લીધે કીડીઓનું આગમન રોકાય છે, અને આવેલી કીડીયો વિખરાઈ પણ જાય છે. અર્થાત્ જુની ભસ્મથી માખીઆદિની થતી વિરાધના બચતી નથી અને કીડીયો આદિની થવાની વિરાધના પણ બચતી નથી, પરન્તુ તે બધો બચાવ તેવી ગન્ધવાળી નવી ભસ્મથી બની શકે છે. માટે શાસ્ત્રકારો પર્યુષણાકલ્પમાં રહેવાને તૈયાર થયેલા મહાનુભાવોને જુની ભસ્મનો ત્યાગ કરી નવી ભસ્મ લેવાનું ફરમાન સંયમવિરાધનાના પરિહારને માટે કહે તેમાં આશ્ચર્ય નથી ? વળી જુની અને ગન્ધ રહિત એવી રાખમાં શ્લેષ્માદિક કરવાથી તે ભાજન જ અત્યંત દુર્ગંધવાળું થાય અને તેવે વખતે સમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિનો પ્રતિબંધ ન રહે માટે પણ ચોમાસાના સ્નિગ્ધકાલમાં પહેલાં જુની રાખને છોડી દઈને નવી રાખને ગ્રહણ કરવાનું આત્મા અને સંયમ બન્નેની વિરાધનાના પરિહારને માટે ઉપયોગી છે, એવી રીતના અનેકકારણોને લીધે જુની ભસ્મનો ત્યાગ કરી નવી ભસ્મ લેવાનું શાસ્ત્રકાર સાતમા કલ્પમાં જણાવે છે, જેવી રીતે સંયમધારીઓને ભસ્મ પૂર્વે જણાવ્યા પ્રમાણે અત્યંત ઉપયોગી છે, તેવી જ રીતે ડગલક (સ્થંડિલ ગયા પછી પાણીથી સ્વચ્છતા કરવા પહેલાં સ્વચ્છતા કરવા માટે જોઈતા ઈંટના સુંવાળા કટકા) તૃણ પલાલ વિગેરે પણ પર્યુષણાકલ્પના પ્રારંભમાં પરિવર્ત્તન માગે જ છે, કારણ કે જો ઈંટોના કટકા જુના ન હોય અને તાજા હોય તેમાં રેત જામેલી હોતી નથી અને તેથી તેની ઉપર વર્ષાકાળમાં પણ લીલ ફુલ થવાનો સંભવ રહેતા નથી પરંતુ જ્યારે ઈંટોના કટકા જુના હોય છે અને તેથી તે ધૂળ વિગેરેને લીધે અનંતકાયની ઉત્પત્તિ ઈંટના ટુકડાઓ ઉપર થાય છે, વળી જુની ઈંટોના કટકા ધૂળ વિગેરે ચીકાશવાળા હોવાથી તેમાં કુંથુઆદિ ત્રસ જીવોની ઉત્પત્તિ થવાનો સંભવ ઘણે અંશે રહે, એટલે જુના રાખેલા ઈંટના કટકારૂપી ડગલાથી શૌચ કરતાં અનંતકાય અને

ત્રસકાયની વિરાધનાનો પ્રસંગ આવે, અને તે પ્રસંગ ઈંટના નવા કટકાઓમાં ન હોય, માટે ચોમાસાના પ્રારંભમાં તેવા જુના ઈંટના કટકા વોસરાવી દઈને ડગલ તરીકે નવા ઈંટના કટકાઓનું ગ્રહણ કવું તે કલ્પ તરીકે જણાવેલું છે. ઈંટના કટકાઓ ડગલ માટે જે લેવાય તે ઘસાયેલા અને સુંવાળા થઈ ગયેલા લેવાના હોય છે અને તેવા ડગલોથી આત્મવિરાધના થવાનો પ્રસંગ આવતો નથી. કેટલાક ભદ્રિકસાધુઓ લુગડાંના કટકાઓનાં ડગલો કરે છે, પરન્તુ તેઓએ સમજવું જોઈએ કે શાસ્ત્રકારોએ ડગલને માટે કોઈપણ જગો પર લુગડાના કટકા કહ્યા નથી, પરન્તુ ઈંટના સુંવાળા કટકા જ ડગલ માટે લેવાના કહેલા છે, જેવી રીતે જુની ભસ્મ અને જુના ડગલકોને છોડી દઈને ચોમાસાના પર્યુષણાકલ્પના પ્રારંભમાં નવી ભસ્મ અને નવા ડગલકોનું ગ્રહણ કરવું એ સાતમા કલ્પ તરીકે વિહિત છે, તેવી જ રીતે વ્રીહિઆદિના તૃણો અને પલાલો પણ ચોમાસાની વખતે પહેલાં ગ્રહણ કરેલાં હોય તે ચોમાસું બેસતાં વોસરાવી દઈ નવાં ગ્રહણ કરવાનું થાય તે પણ સાતમા કલ્પ તરીકે જ છે.

**આઠમા કલ્પની ભૂમિકા-બમણી ઉપધિ રાખવાનું પ્રયોજન.**

આઠમા કલ્પમાં સાધુમહાત્માઓએ વર્ષાકાળમાં બમણી ઉપધિ ગ્રહણ કરીને ધારણ કરવાનું જે શાસ્ત્રકારો જણાવે છે તેની વિગત આવી રીતે છે. ચોમાસાના કાળમાં જો કે પરચક્ર વિગેરેના ભયો કાદવ અને લડાઈની અનુકૂળતા નહિં હોવાને લીધે ઘણા જ ઓછા હોય છે, તોપણ તસ્કરઆદિના ઉપદ્રવો ચોમાસાને લીધે રોકાઈ જતા નથી, વળી ચોમાસામાં સ્થંડિલ માટે, ભિક્ષા માટે, કે અન્ય કોઈપણ કારણ માટે બહાર જવું થયું હોય અને આકસ્મિક યોગે વરસાદનું પડવું થાય તો પાસેનાં સર્વ ઉપકરણો ભીનાં થઈ જાય એ સ્વાભાવિક જ છે. અને તેવાં ભીનાં ઉપકરણો પહેરીને ક્રિયા કરવામાં અપૂકાયની પોતાના યોગે વિરાધના થાય, અને તે ભીનાં લુગડાંને પહેરવાથી થતી શરદી વિગેરેને લઈને આત્મવિરાધનાની પરંપરા પણ ઉભી થાય. તેથી શાસ્ત્રકારો પર્યુષણાકલ્પના આરંભમાં બમણી ઉપધિ ધારણ કરવાનું વર્ષાકલ્પના આઠમા કલ્પ તરીકે જણાવે છે. વળી તસ્કરાદિ કારણથી ઉપકરણનું હરણ થયું હોય ત્યારે ઉપકરણોની ગવેષણા તે ગામ કે અન્ય ગામમાં કરવામાં આવે તો સંયમવિરાધના, અને આત્મવિરાધના થવા સાથે કલ્પ સમાચારીની વિરાધના પણ અનિવાર્ય થઈ પડે, તે કારણથી પણ ચોમાસામાં બમણી ઉપધિ રાખવાનું જણાવે છે. વળી ચતુર્માસ શિવાયના કાળમાં કોઈ આકસ્મિક રીતિએ કે સ્વાભાવિક પણ સાધુનું મરણ થાય તો તેને માટે પણ સારાં સ્વચ્છ ઉપકરણો માગીને પણ તેનો નિર્ગમન સત્કાર થઈ શકે, પરન્તુ ચતુર્માસમાં નવાં ઉપકરણો લેવાનો નિષેધ હોવાથી મૃતકને તેનાં મેલાં ઘેલાં વસ્ત્રોથી નિર્ગમસત્કાર કરવો પડે, અને તેવી વખતે ધર્મની

પ્રશંસા તો દૂર રહી, પરન્તુ શાસનની અત્યંત હીલના નિવારવાને માટે પણ વર્ષાકાળમાં પોતે વાપરતા હોય તે સિવાયનાં સ્વચ્છ બીજાં ઉપકરણો રાખવાની આઠમાકલ્પ તરીકે શાસ્ત્રકારોએ જરૂરીયાત બતાવી છે, વર્ષાકાળમાં શરદીઆદિ કારણને લીધે સ્થંડિલનો ભેદ થવાનો, અજીર્ણ થવાનો, અને જ્વરાદિનો વિશેષ સંભવ હોઈ તેવે વખતે ગ્લાનિનો સંભવ વિશેષ ગણાય. અને ગ્લાનિની વખતે ગ્લાનતા વધતી અટકાવવા માટે તથા નિવારવા માટે સ્વચ્છ ઉપકરણોની આવશ્યક્તા રહે. અને તેને માટે પણ બમણાં ઉપકરણો ચોમાસાં ધારણમાં કરવાનું શાસ્ત્રકારો કહે તે યોગ્ય જ છે. યાદ રાખવું કે જેવી રીતે ચોમાસાની શરૂઆતમાં સાધુમહાત્મા માટે બમણાં ઉપકરણો ધારણ કરવાની જરૂર ગણાવી છે, તેવી જ રીતે શાસ્ત્રકારોએ ચોમાસું ઉતરવાના કાળમાં અનલ (અસમર્થ) અધ્રુવ અને અધારણીય વસ્ત્રોને પરઠવી દેવાનો પણ નિયમ બતાવ્યો છે. અર્થાત્ ચોમાસા શિવાયના શેષકાળમાં અનલઆદિ ઉપકરણોને ધારણ કરનારાને શાસ્ત્રકારોએ ઘણી જગો પર પ્રાયશ્ચિત બતાવ્યું છે. આ કહેવાનું તત્વ એટલું જ કે ચોમાસામાં લીધેલી બેવડી ઉપધિને લીધે પોટલીઆ સાધુ બની એક જ જગો પર રહેવાનો પ્રસંગ આવે તે શાસ્ત્રકારોને ઈષ્ટ નથી અને બહુઉપધિસહિતપણું તે પણ ઈષ્ટ નથી. કેમકે અનલ વિગેરે ઉપધિ પરઠવવાની વખતે સંયમને અયોગ્ય અને યાવત્ ધારણ કરવા લાયક નહિં એવી સર્વ ઉપધિ પરઠવી દેવાનું શાસ્ત્રકાર વિધાન કરે છે, એટલે ચોમાસાને અંગે ગ્રહણ કરેલી બેવડી ઉપધિમાંથી જે જે સંયમને સાધક બને એમ ન હોય અર્થાત્ અધિકરણ રૂપ થાય એમ હોય તેવી સર્વઉપધિને પરઠવી દેવાનું જ જણાવે છે. એટલું જ નહિં, પરન્તુ જેવી રીતે પર્યુષણાકલ્પના પ્રારંભમાં બેવડી ઉપધિ નહિં ધારણ કરવાવાળને પ્રાયશ્ચિતની આપત્તિ જણાવે છે, તેવી જ રીતે પર્યુષણાકલ્પ પૂરો થયા પછી તે અનલ વિગેરે વિશેષણોવાળી ઉપધિને નહિં પરઠવી દેવામાં પણ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં પ્રાયશ્ચિતની આપત્તિ જણાવે છે. વાચંકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે સાધુમહાત્માઓએ શાસ્ત્રકારોએ કહેલા ઉપકરણના લાઘવ નામના ગુણને માટે ઉપધિની અલ્પતા કરવાની ઘણી જરૂર છે, પરન્તુ કોઈક પ્રમાદી તેવો જીવ બમણી ઉપધિ વર્ષાકાળમાં લેવી જોઈએ એ નિયમને અનુસરીને વર્ષાકાળના નામે બેવડી બેવડી ઉપધિ ગ્રહણ કરતો જાય અને તેથી જો તે નિત્યવાસાદિ દોષવાળો એટલે વિહાર કરવાની અભિરૂચિ વગરનો થઈ જાય તેવો બને તો તેવે વખતે સુજ્ઞ શ્રાવકોનું શાસ્ત્રકારોએ દેખાડેલું અર્થાપત્તિ સિદ્ધ કર્ત્તવ્ય છે કે તેવા સાધુને પ્રતિબંધ થવાના કારણભૂત તેવી ઉપાધિરૂપ ઉપાધિની અસ્તવ્યસ્ત દશા કરી નાંખે, જેથી તે ઉપધિને લીધે પ્રતિબંધ પામવાવાળા સાધુને પોતાની પ્રતિબદ્ધ દશામાંથી છુટી અપ્રતિબદ્ધપણે વિહાર

કરવાનું થાય. આવી રીતની શાસ્ત્રની અંદર જણાવેલ સૂચકકથાનું તત્વ સમજનારા મહાનુભાવોએ પણ વર્ષાકાળના આરંભમાં બેવડી ગ્રહણ કરાતી ઉપધિ આદિથી કથંચિત્ થઈ જતા પ્રતિબંધને દુર કરાવવા કટિબદ્ધ રહેવું જોઇએ. અર્થાત્ જેવી રીતે સાધુમહાત્માઓને વસ્ત્રપાત્રાદિ દાન આપવાનું મહાફલ છે. અને પરંપરાએ તે સ્વર્ગ અને મોક્ષનાં સુખો આપનાર બને છે, તેવી જ રીતે વર્ષાકાળની બમણી ઉપધિના નામે પોટલીઆ સાધુ બનનારા સાધુઓના પોટલાઓની અસ્તોવ્યસ્તદશાને કરનારો પણ શુભફળને જ પામે છે. ધ્યાન રાખવું કે સાધુમહાત્માઓને અપાતા વસ્ત્રપાત્રમાં જે શાસ્ત્રકારોએ સુપાત્રદાનપણાનો વ્યવહાર કહ્યો છે તે વસ્ત્રપાત્રની કિંમતની અપેક્ષાએ નથી, પરન્તુ તે વસ્ત્રપાત્રથી સંયમ સાધનમાં બનતી મદદની અપેક્ષાએ છે. અને તેથી જ અને આજ કારણથી સૂત્રકાર મહારાજ પણ સુપાત્રદાન દેનારને જ્ઞાન દર્શન ચારિત્રરૂપી સમાધિ કરનાર અને તેવી સમાધિ મેળવનાર તરીકે ગણે છે. એટલે શરત્કાલાદિકની વસ્ત્રપાત્રાદિ દેવાથી જેમ સંયમની સહાયતા કરી ગણાય અને તેથી પરમફળની પ્રાપ્તિ થાય, તેવી જ રીતે માત્ર વસ્ત્રાપાત્રાદિકની અધિક્તાને લીધે થતા પ્રમાદી સાધુઓનું અર્થાત ક્ષેત્ર મમત્વ ધારણ કરીને વિહારને માટે અસમર્થ બનતા સાધુઓનું સંયમ શિથિલ ન થાય અને શુદ્ધ બને તે અપેક્ષાએ સંયમના સહાયક બનવાનું પણ પોટલીઆ સાધુઓના પોટલાઓની અસ્તવ્યસ્ત દશા કરીને પણ શાસનપ્રેમી અને શુદ્ધસંયમરાગી શ્રાવકોએ પ્રવર્ત્તવું જોઇએ એ ગંભીર સૂચન કોઈપણ પ્રકારે ભુલવા જેવું નથી.

## નવમાકલ્પની ભૂમિકામાં ઉપધિગ્રહણ કરવાનું પ્રયોજન ! ! !

જેવી રીતે આઠમા કલ્પમાં ચોમાસાની અંદર વરસાદના કારણથી ઉપધિભીની થાય અને તેથી સંયમ વિરાધના આત્મવિરાધના અને પ્રવચનવિરાધનાનો પ્રસંગ આવે તેને ટાળવા માટે બેવડી ઉપધિ લેવાનું જણાવ્યું, તેવી જ રીતે નવમા વર્ષાકલ્પની અંદર ચોમાસાના પ્રારંભમાં જ આખા ચોમાસાને લાયકની ઉપધિ ગ્રહણ કરી લેવાનું ફરમાન શાસ્ત્રકારોએ કહેલું છે. અર્થાત્ જેવી રીતે ચોમાસાની શરૂઆતમાં બેવડી ઉપધિ લેવાનું વિધાન શાસ્ત્રકારોએ જણાવેલું છે તેવી જ રીતે ચોમાસામાં ઉપધિ ગ્રહણ કરવી તે નામનો નવમો વર્ષાકલ્પ પણ શાસ્ત્રકારોએ જણાવ્યો છે, યાદ રાખવું કે જેવી રીતે કોઈ પણ કાળમાં સ્વામી ગુરૂ વગેરેને પૂછયા શિવાય લેવાતી કોઈપણ વસ્તુને અંગે સાધુઓને અદત્તાદાન એટલે ત્રીજા મહાવ્રતનું દૂષણ લાગે છે, એવી જ રીતે ચોમાસાની અંદર કોઈપણ જાતનું સંયમ ઉપકરણ પછી તે

ઔધિક હોય કે ઔપગ્રહિક હોય, પરન્તુ તેવા ઉપકરણનું લેવું તેને શાસ્ત્રકારો અદત્તાદાન એટલે ચોરી છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, એટલે માલીકના દીધા શિવાય વસ્તુ લેવામાં આવે ત્યારે જેમ ચોરી ગણાય તથા ગુરૂમહારાજની આજ્ઞા શિવાય લેવામાં અગર લાવેલો પદાર્થ ગુરૂમહારાજ આગળ આલોવ્યા શિવાય ધારણ કરવામાં જેમ અદત્તાદાન એટલે ચોરી થાય છે અને એમ શાસ્ત્રકારો જણાવે છે, તેવી રીતે ચોમાસાના કાળમાં કોઈપણ સંયમનું ઉપકરણ ઔધિક હોય તે ઔપગ્રહિક હોય, પણ તેનું લેવું થાય તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ હોવાને લીધે અદત્તાદાન એટલે ચોરી રૂપ જ ગણાય છે.

## ચોમાસામાં ઉપધિગ્રહ કરનાર પરિણામે મિથ્યાત્વના ભાગી થાય

વાચકોએ એક વાત ધ્યાનમાં રાખવાની છે અને તે એ કે સ્વામીને પૂછયા શિવાય કે તેના આપ્યા શિવાય લેવાતી વસ્તુમાં જે અદત્તાદાન લાગે છે તે અદત્તાદાનમાં એકલા અદત્તનો જ દોષ રહે, પરન્તુ જેમ ગુરૂના અદત્તાદાનમાં અદત્તાદાનના દોષની સાથે ગુરૂમહારાજની અવજ્ઞાદ્વારાએ મિથ્યાત્વનો પ્રસંગ પણ સાથે છે, તેવી રીતે ભગવાન્ તીર્થંકર મહારાજાઓએ ચોમાસાના કાળમાં નવાં સંયમના ઉપકરણો પછી તે ઔધિક હોય કે ઔપગ્રહિક હોય, પરન્તુ તે સર્વને લેવાની નવમાકલ્પમાં મનાઈ કરી છે, છતાં જેઓ તે કલ્પનો અનાદર કરી ગ્રહણ કરે તેઓ અદત્તાદાનના દોષના ભાજન બનવા સાથે તીર્થંકર મહારાજની અવજ્ઞાદ્વારાએ મિથ્યાત્વના ભાજન પણ બને તેમાં નવાઈ નથી. શ્રદ્ધાનુસારી જે શાસનપ્રેમી લોકો છે તેઓને માટે તો વર્ષાકલ્પના નવમા ભેદ તરીકે ચોમાસામાં નવા ઉપકરણો લેવાનો નિષેધ કર્યો એ વાક્ય જ માર્ગને સાધક બની જાય, પરન્તુ જેઓ શ્રદ્ધાનુસારી નથી, અગર શ્રદ્ધાનુસારી છતાં પણ યુક્તિને અનુસરવાની લાગણી વધારે ધરાવવાવાળા હોય તેઓને આ નવમાકલ્પમાં નવા ઉપકરણો લેવાનું કેમ નિષેધ કરવામાં આવ્યું છે તેની યુક્તિ જાણવાની જરૂર રહે તે સ્વાભાવિક જ છે. માટે નવમા કલ્પને અંગે કંઈક યુક્તિનો વિચાર કરીએ.

## પૂર્વકાળમાં આજીવિકાનું સાધન શું ?

ભરતક્ષેત્રની પ્રાચીનદશા અને પૂર્વકાળના આર્યોની વ્યવસ્થાને જાણવાવાળા મનુષ્યો સારી રીતે સમજી શકે છે કે પ્રાચીનકાળમાં વિધવાબાઈઓ અનાથ સ્ત્રીઓ અને કૃષ્યાયાદિક વ્યાપારથી રહિત એવા લોકો બીજું કંઈપણ આજીવિકાનું સાધન ન મેળવી શકે ત્યારે તેઓ કાંતવું પીજવું અને વણવું વિગેરે કાર્યો કરતાં હતાં, અને તે દ્વારાએ જ પોતાની આજીવિકા તેઓ ચલાવતાં હતાં. આર્દ્રકુમારની સત્પત્ની કે જેણે બાર બાર વર્ષ સુધી દાનશાળાઓમાં દાન દીધું હતું તેણીને પોતાના ભરતારને દીક્ષાનો અભિપ્રાય થયો છે એમ જ્યારે

માલુમ પડયુ. ત્યારે તેણીએ પોતાના બાળક એવા પુત્રને પોતાની ભવિષ્યની દશા સમજાવવા માટે કાંતવાનું કામ શરૂ કીધું હતું, અને બાલકે એ કાર્યની અનુચિતતાનો પ્રશ્ન કર્યો ત્યારે અનાધાર બાઈઓ આદિનો એજ આધાર છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું એ હકીકત શાસ્ત્રને જાણનારાઓથી અને જૈનજનતાથી પણ અજાણી નથી વળી સાધુને અંગે શ્રી પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુકિત વિગેરેમાં પિંડના દોષો બતાવતાં કર્ત્તન અને પીંજણ વિગેરે દોષો સ્પષ્ટ શબ્દોમાં બતાવેલા હોવાથી નિરાધારો અને નિરાશ્રિતો માટે કર્ત્તન અને પીંજણ વિગેરેનો કેટલો બધો વ્યવહાર હશે તે ન સમજાય તેવું નથી, આવી કાંતણ પીંજણ વિગેરેની સ્થિતિ નિર્વ્યાપારપણાને અંગે નિર્ભર હોવાથી ચતુર્માસ જેવા કાળમાં તે કર્ત્તન પીંજણનો વ્યવહાર મોટા પાયા ઉપર ચાલતો હોય તેમાં આશ્ચર્ય નથી ? કારણ કે ચતુર્માસની અંદર વરસાદને લીધે ગ્રામાન્તરોનું ગમનાગમન ઘણા ભાગે બંધ થઈ જાય, અને તેથી દેશાન્તર અને ગ્રામાન્તરદ્વારાએ વ્યાપાર અને વ્યવહારની જે જે પ્રવૃત્તિ હોય તે બધી બંધ પડી જાય અને જ્યારે દેશાન્તર અને ગ્રામાન્તરની પ્રવૃત્તિ બંધ પડી જાય ત્યારે સ્વગ્રામને અંગે આખી વસ્તીનો જનસમુદાય જો આવશ્યક અને થોડા કાળ માટે જો કોઈપણ વ્યવાહર કરી શકે તો તે માત્ર કાંતણ પીંજણ વિગેરેનો જ છે.

કૃષિકર્મને નહિં કરનારાઓનું આજીવિકા માટે સાધન કાંતણ પીંજણ જ.

સાંભળીએ છીએ કે રાજગૃહી સરખી મહારાજા શ્રેણિક જેવા ક્ષાયિકસમ્યક્ત્વના ધણીથી અધિષ્ઠિત નગરીમાં પણ સામાયિકને માટે અજોડ તરીકે વર્ણવાયેલો પુણિયો શ્રાવક જે હતો તે પણ પુણીદ્વારાએ એટલે કાંતવું, પીંજવું વિગેરે કરવા દ્વારાએ જ પોતાનો નિર્વાહ કરતો હતો. એટલું જ નહિં, પરન્તુ પ્રતિદિન એકેક સાધર્મિકને દ્રવ્યસાધર્મિકવાત્સલ્યને માટે જમાડવાનું પણ કરતો હતો, એટલે સ્પષ્ટ થાય છે કે સર્વથા અન્ય વ્યાપારથી રહિતને સર્વદાને માટે તથા અન્ય વ્યાપાર કરવાવાળાને પણ ચતુર્માસના કાળમાં નિર્વાહને માટે કાંતણ પીંજણ અને વણવું એજ આજીવિકાનાં સાધનો હતાં. આ વાત જ્યારે લક્ષ્યમાં લેવાશે ત્યારે પૂર્વકાલમાં ચોમાસાની શરૂઆતથી તે અંત સુધીમાં વણાટકામની કેટલી બધી પ્રવૃત્તિ થતી હશે તે સમજાશે, એવી પ્રવૃત્તિની વખતે રૂને તૈયાર કરવાથી માંડીને કપડાને તૈયાર કરવા સુધીનું કાર્ય તે ચોમાસાની વખતે થાય અને તેવા વખતમાં જો સાધુઓ ઔધિક કે ઔપગ્રહિક ઉપકરણોનો સંગ્રહ કરે તો તે સંગ્રહ લોભના લક્ષ્યરૂપ થાય, અને તે વસ્ત્રની ઉત્પત્તિ સાધુનિમિત્તે ઘણી જ થઈ જાય, અને વળી આધઃકર્મી વસ્ત્રનો પ્રસંગ ઘણો ઉભો થાય. આ બધા પ્રસંગને નિવારવા માટે શાસ્ત્રકારોએ વર્ષાકલ્પના પ્રારંભમાં જણાવેલા દશકલ્પોમાં

વર્ષાકાળમાં નવી ઉપધિ નહિં લેવાનો જે નવમો કલ્પ જણાવ્યો છે તે વ્યાજબી જ છે, યાદ રાખવું કે કૃષિઆદિ કાર્યો કે જે ચોમાસાને અંગે જ ઘણા ભાગે કરવાનાં હોય છે તે કૃષિઆદિ કરનારા પણ ત્રીસે દહાડા અને ચારે મહિના કૃષિ (ખેતી) ના કામમાં પ્રવર્ત્તેલા હોતા નથી અને તેથી તેઓ પણ બીજા નિર્વ્યાપારલોકોની માફક ચોમાસામાં પ્રાયઃ વસ્ત્રવણવાદિકનો જ ધંધો કરતા હોય, અને તેથી પણ સાધુઓને શુદ્ધવસ્ત્રોની પ્રાપ્તિ થવી મુશ્કેલ પડે માટે શાસ્ત્રકારોએ ચોમાસામાં નવાં વસ્ત્રો લેવાનો નિષેધ કરેલો છે, જેવી રીતે પિંડ અને શૈય્યાને માટે આધાકર્મઆદિ દોષો વર્જવાના છે, તેવી જ રીતે વસ્ત્ર અને પાત્રને માટે આધાકર્મઆદિ દોષો વર્જવાના જ છે, અને ચોમાસામાં વસ્ત્રપાત્ર આદિ આધાકર્મવાદિ દોષો દીર્ઘપરિચયઆદિને લીધે વધારે લાગવાનો સંભવ ગણી શાસ્ત્રકારોએ નવા ઉપકરણો લેવાની મનાઈ કરી છે.

**દશમાકલ્પની ભૂમિકા, પાંચકોશમાં ગમનાગમન વ્યવહાર.**

પર્યુષણાકલ્પમાં સ્પષ્ટ જણાવેલા દસ કલ્પમાં છેલ્લો કલ્પ પાંચ કોશની મર્યાદામાં ગમનાગમનનો વ્યવહાર રાખી પાંચ કોશથી આગળ સાધુઓએ ચોમાસામાં ગમનાગમન ન કરવું તે રૂપ છે.

સામાન્ય રીતે જો કે વર્ષાકાળમાં પાણીના પ્રવાહને લીધે ગ્રામાન્તર ગમનની ઈચ્છાવાળાઓને પણ ગ્રામાન્તરે અને દેશાન્તર જવું થતું નથી, છતાં પણ સર્વદેશમાં સર્વસ્થાને માર્ગનું તેવું દુર્ગમપણું હોય એમ કહી શકાય નહિં અને તેથી જે સ્થાને માર્ગનું દુર્ગમપણું ન હોય અગર નજીકમાં માર્ગનું સુગમપણું હોય તોપણ સાધુઓએ પર્યુષણાકલ્પનો વાસ કરતાં પાંચ કોશથી વધારે જવાનો નિષેધ કરવો તે દસમો કલ્પ ગણાય. આ સ્થાને જે પાંચ કોશની જવા આવવાની છુટ આપવામાં આવી છે, તે ગમનાગમનના વ્યવહારને પોષવા માટે નથી, પરન્તુ મુખ્યતાએ ઈંદ્રગિરિ જેવા સ્થાને ચોમાસુ રહેલા સાધુઓને પાંચ કોશ દૂર સુધી ગામ હોય અને તેથી ભિક્ષા માટે જવું પડે, તેવા પ્રસંગને ઉદ્દેશીને પાંચકોશનો અવગ્રહ ચોમાસાને માટે રાખવામાં આવેલો છે. આ પાંચ કોશના અવગ્રહમાં કેટલાક મહાનુભાવો સર્વદાને માટે ક્ષેત્રની ચારે બાજુ સક્રોશયોજનનો અવગ્રહ સાધુઓને માટે રહે છે અને તેજ અવગ્રહ ચોમાસુ કે જેને આઠ માસના આઠ કલ્પની માફક નવમો કલ્પ કહેવામાં આવે છે તેમાં પણ ક્ષેત્રની ચારે બાજુ સક્રોશયોજન એટલે એટલે પાંચ કોશનો અવગ્રહ રહે છે, આ વાતને ધ્યાનમાં નહિં લેતાં, જવા અને આવવાના બન્નેના મળીને પાંચ કોશને મેળવી અવગ્રહ ગણે છે તેઓએ ઈંદ્રગિરિનો રસ્તો ઈંદ્રિગિરિના રસ્તાનું માપ અને ઐરાવતી નદી કે જે હંમેશાં બે કોશ જેટલા પ્રવાહવાળી જ હોય છે અને જેમાં ઉતરીને ભિક્ષાચર્યાને માટે જવા આવવાનું ચોમાસામાં શાસ્ત્રકારો ફરમાવે છે તે ધ્યાનમાં લીધું હોત તો

જવા અને આવવાનું મળીને પાંચ કોશ થવું જોઈએ એવું કહેવાનો વખત ભાગ્યે જ આવત. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ઇંદ્રિગિરિ ઉપર રહેલા સાધુઓના ક્ષેત્રથી અયોધ્યા પાંચ કોશ ઉપર રહે અને તેથી જો પાંચ કોશ જ ઉપાશ્રયનું ગ્રામ ન લેતાં ઉપાશ્રયનું ધામ લેવામાં આવે તો ઉપર જણાવેલી રીતિ પ્રમાણે અયોધ્યામાં ગોચરી કરી શકાય જ નહિં, વળી દ્વારિકા અયોધ્યા રાજગૃહી વિગેરે નગરીઓમાં ત્યાંની બારબાર જોજન લંબાઈ અને નવનવ જોજન પહોળાઈની અપેક્ષાએ અવગ્રહ ગ્રામની વચમાં જ સમાપ્ત જ થઈ જાય, આ બધી વસ્તુ વિચારતાં સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે જે ગામમાં સાધુઓએ ચોમાસા માટે ઉપાશ્રય ગ્રહણ કરેલો હોય તે ગામથી ચારે બાજુ કોશ સહિત એવો યોજન એટલે પાંચપાંચ કોસ ચોમાસામાં સાધુઓને જવું આવવું રહી શકે. શાસ્ત્રકાર પણ **सव्वओ समंता सक्कोसं जोयणं गंतुं पडिणियत्तए** અર્થાત્ ચોમાસાના ક્ષેત્રની એટલે ઉપાશ્રયવાળા ગામની ચારે બાજુ ક્રોશ સહિત યોજન એટલે પાંચ ક્રોસ સુધી જઈને આવવાનું કલ્પે છે એમ જણાવે છે. આ સૂત્રને સમજનારો મનુષ્ય કોઈ દિવસ પણ જવા અને આવવાના લઈને પાંચ ક્રોશ અવગ્રહ છે એમ નહિં કહે, તથા ઉપાશ્રયનું જે મકાન તે મકાનથી જવા આવવાના મળીને પાંચ ક્રોશ જ થવા જોઈએ એવું પણ નહિં જ કહે. આ અવગ્રહની મર્યાદાનામના દસમા કલ્પમાં વિચારવાનું જરૂર રહેશે કે જો જીવ વિરાધનાને લીધે ગમનામગનનો નિષેધ કરવો હોય તો સર્વથા નિષેધ કરવો જોઈએ અને જો ગમનાગમનની છુટ રાખવી હોય તો પાંચ ક્રોશની અવગ્રહની મર્યાદા ન રાખવી જોઈએ, પરન્તુ આવો વિચાર કરવો યોગ્ય નથી. કારણ કે ગ્રામાન્તર જવાના માર્ગો કેવી સંયમ વિરાધના કરવાવાળા હોય છે તે વાત ચર્તુમાસના પ્રારંભમાં કોઈક વખત વહેલો આકસ્મિક વિહારના વખતમાં જ વરસાદ આવે છે અને તે વખત કેટલી બધી અને કેવી ત્રાસ છોડનારી વિરાધના થાય છે તેના અનુભવવાળો સાધુ વિગેરે સ્હેજે સમજી શકે તેમ છે, વળી ચર્તુમાસમાં વસ્ત્રપાત્ર અને વિહારનો નિષેધ છતાં પણ સંયમનિર્વાહને માટે અન્નપાન અને ઔષધાદિકના ગ્રહણને માટે ગમનાગમન કરવું પડે તે અનિવાર્ય છે, અને આટલા જ માટે શાસ્ત્રકારોએ સક્રોશ યોજનથી અધિક ગમનનો નિષેધ કરીને સાધુને વર્ત્તવાનું જણાવ્યું છે. જો કે પૂર્વે જણાવેલા ઊણોદરી આદિનવે કલ્પોમાં અપવાદનો માર્ગ નથી એમ કોઈથી કહી કે માની શકાય તેમ નથી અને શાસ્ત્રકારોએ પણ તેમ ફરમાવ્યું નથી, છતાં આ દસમા સક્રોશયોજન અવગ્રહ નામના કલ્પને અંગે ખુદ મૂળ સૂત્રકાર મહારાજે અપવાદને પ્રદર્શિત કરીને ગ્લાનની બરદાસ માટે ઔષધ લાવવા ચારપાંચ જોજન સુધી પણ ચોમાસામાં જવાની આજ્ઞા ફરમાવી છે, પરન્તુ જો **गिलाण पडियरइ सो मं पडिवज्जइ** ઈત્યાદિ સૂત્રથી વેયાવચ્ચનું અને તેમાં પણ ગ્લાનના વેયાવચ્ચનું માહાત્મય સમજનારો સૂત્ર મનુષ્ય મૂળસૂત્રકાર મહારાજે

પર્યુષણા કલ્પસૂત્રમાં ગ્લાનને માટે પાંચ જોજન સુધી જણાવેલો વિહાર અયોગ્ય નથી એમ જરૂર ગણશે.

## ઉપસંહાર

આ ઉપર જણાવેલો ૧ ઊણોદરી, ૨ વિગયત્યાગ ૩ પીઠફલકાદિગ્રહણ ૪ માત્રકત્રિકગ્રહણ ૫ લોચકરણ ૬ શૈક્ષાપ્રવ્રાજન ૭ ભસ્મડગલકસંબંધી, ૮ દ્વિગુણઉપધિકરણ ૯ નવાં ઉપકરણોનું અગ્રહણ અને ૧૦ સક્રોશ યોજન અવગ્રહ ધારણ, એ દસ પ્રકારનો પર્યુષણાકલ્પ છે. તે શાસ્ત્રકારોની મર્યાદા પ્રમાણે દરેક ગચ્છે પર્યુષણાકલ્પથી ચોમાસું રહેવા પહેલાં પોતાના સર્વસમુદાયને કલ્પસૂત્રના કથનના પાંચ દિવસમાં છેલ્લે દિવસે સંભળાવવો જ જોઈએ એમ ફરમાવ્યું છે. તેનું જ નામ વર્ષાકલ્પની સ્થાપના અને વર્ષાસામાચારી કહેવાય. આ વર્ષાસામાચારીનો જે ભાવ તેને પર્યુષણાકલ્પમાં સામાચારી વ્યાખ્યાન જે નવમું વ્યાખ્યાન કહેવાય છે તે મુખ્યતાએ જણાવે છે.

પર્યુષણાકલ્પની સામાચારીના ચોસઠ સૂત્રો આવી રીતે છે ૮ પર્યુષણા, કલ્પવાસ, ૧૩ સક્રોશયોજનાવગ્રહ, ૧૬ ગ્રહણવિધિ, ૧૯ વિકૃતિત્યાગ ૨૭ ઊનોદરી ૪૧ વર્ષાવિધિ, ૪૫ સ્નેહાયતનરક્ષા ૫૧ ગુર્વાજ્ઞા ૫૪ ઉપકરણાતાપના, ૫૬ ભૂમિત્રિકમાત્રકત્રિક, ૫૭ લોચ, ૫૯ ઉપશમ, ૬૦ વસતિત્રય, ૬૧ આજ્ઞાથી ગવેષણા, ૬૨ ગ્લાનાર્થ, ૬૩ સામાચારીક પર્યુષણા ફલ, ૬૪ પર્યુષણાકલ્પનું જિનોક્તત્વમ્. તે સૂત્રોને સમજનારો મનુષ્ય પર્યુષણાકલ્પમાં કલ્પશબ્દથી આ દશ ઉપર જણાવેલા કલ્પો આચેલક્યાદિ તીર્થ કલ્પો કરતાં સમજવા ઘણા જ જરૂરી છે એમ સમજ્યા વગર રહેશે નહિં.

## પર્યુષણાકલ્પ અને ક્ષમાપના.

સાધુભગવંતોને પણ પર્યુષણાકલ્પની અપેક્ષાએ પરસ્પર અપરાધ ખમાવાવની આવશ્યક્તા ભગવાન્ કલ્પસૂત્રકારે સ્પષ્ટશબ્દોમાં જણાવેલી છે, અને તેમાં એટલે સુધી મર્યાદા જણાવવામાં આવી છે કે રત્નાધિક એટલે ચારિત્રના પર્યાયે કરીને મોટો છે તેણે પણ શૈક્ષક એટલે દીક્ષાપર્યાયે ન્હાનો યાવત્ સ્થલ્પદીક્ષિત હોય તેને પણ ખમાવવો જ જોઈએ. પરસ્પર ખમતખામણાં કરવાથી જ જૈનશાસનને અનુસરનારાઓનું આરાધકપણું છે, એ વાત સ્પષ્ટ શબ્દોમાં ભગવાન્ સૂત્રકાર મહારાજે જણાવી છે, માટે સાધુ ભગવંતોએ ઉપર જણાવેલા દસ પ્રકારના પર્યુષણાકલ્પની સાથે અપરાધક્ષામણના આચારને સાચવીને પર્યુષણાની આરાધના કરવી જોઈએ.

આવી રીતે શ્રાવક અને સાધુ મહાત્મા અને પર્યુષણને અંગે જરૂરી કર્ત્તવ્યતા જણાવનારા લેખો લખીને અન્તમાં એક જ પ્રાર્થના કરવાની રહે છે અને તે એ કે આ ઉભય લેખને વાંચી વિચારી આત્મહિત તરફ દરેક શ્રમણમહાત્મા અને શ્રાવકો પોતાના આત્માને દોરે નમઃ શ્રીશ્રમણસંઘાય.

એવી રીતે 'પર્યુષણાપર્વનું ઉત્તમધ્યેય' અર્થાત્
'સાધુ-વિશેષ પર્યુષણા-કલ્પ' લેખ સમાપ્ત થયો,
'શ્રાવક પર્યુષણા કલ્પ' માટે જુઓ વર્ષ ૫ અંક ૨૨-૨૩ વર્ષ ૬ અંક ૧-૨-૩

ॐ

આ....જે....જ....મં....ગા....વો.

❀ ક્યાંથી ? ❀

## શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા

## સુરત.

માસ્તર કુંવરજી દામજી મોતી કડીયાની મેડી પાલીતાણા

**श्रीदेववंदनभाष्यनी**

આચાર્યમહારાજ શ્રીમાન્

ધર્મઘોષસૂરીશ્વરજીએ રચેલ શ્રી સંઘનો સર્વ આચારવિધિ દર્શાતી

श्रीसंघाचारटीका મૂલ્ય રૂા. ૫-૦-૦

૨ આચાર્યમહારાજ શ્રી પ્રધુમ્નસૂરીશ્વરવિરચિતટીકાયુક્ત અને પૂર્વાચાર્યની અવચૂરિવાળું श्रीप्रव्रज्याविधानकुलकं જેમાં સંપૂર્ણતયા સાધુઆચાર દર્શાવેલ છે. કિ. રૂા. ૩-૦-૦

૩ સંસાર અસાર શાથી ? એ વાતને અપૂર્વ રીતે દર્શાવવા પૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રી મલધારીયહેમચંદ્રસૂરીશ્વરજીએ સ્વોપજ્ઞટીકા યુક્ત રચેલ **ભવભાવના**, ભાગ બીજો કિં. ૩-૧૦-૦ (પ્રથમ રૂા. ૩-૮-૦)

-: તે સિવાય :-

૪ શ્રીકૃષ્ણ ચરિત્ર (પ્રાકૃત) રૂા. ૦-૧૦-૦

૫ શ્રી શ્રેણિકચરિત્ર (સં૦) રૂા. ૦-૬-૦

૬ શ્રી નમસ્કારમાહાત્મમ્ રૂા. ૦-૫-૦

શ્રાદ્ધદિનકૃત્યસટીક. ટુંક સમયમાં

............ બ્હાર પડશે ............




પ્રશ્ન ૯૯૦ - છ માસના તપને ચિંતવવા કાર્યોત્સર્ગ કરતાં છેલ્લે મહિને તેર દિવસ ઓછી કરી પછી સોલ ઉપવાસ આદિ ન લેતાં ચૌત્રીસ ભક્તઆદિ કેમ લેવાય છે ?

સમાધાન - શ્રી પ્રવચનસારોદ્ધાર વગેરેમાં છેલ્લે મહિને ચોત્રીસ ભક્તથી લેવાનું અને પછી નીચે ભક્ત સુધી બે બે ભક્ત ઓછા કરવાનું સ્પષ્ટપણે કહે છે. વળી શ્રી ભગવતીજી અને જ્ઞાતાજીઆદિમાં શ્રી સ્કંદક અને શ્રી મેઘકુમાર આદિના ચરિત્રમાં પણ ગણધર મહારાજા ચોત્રીશ ભક્ત સુધી ભક્તોની ગણત્રી જ જણાવે છે.

પ્રશ્ન ૯૯૧ - ખરતરગચ્છવાળા બીજા ઉપવાસે છઠ્ઠ અને ત્રીજા ઉપવાસે અઠ્ઠમ કહે છે, અને એમ આગળ આગળ પણ કહે છે તે કેમ?

સમાધાન - ભગવાન્ અભયદેવસૂરિજી શ્રી ભગવતીજી તથા શ્રી જ્ઞાતાસૂત્રની વૃત્તિમાં ચોક્ખાશબ્દોમાં षष्ठादिरुयवासद्वयादेः એમ કહી બે આદિ ઉપવાસોની છઠ્ઠ આદિ સંજ્ઞા જણાવે છે. કોઈ પણ સ્થાને બીજા ઉપવાસની છઠ કે ત્રીજા ઉપવાસની અઠ્ઠમ એવી સંજ્ઞા છે જ નહિં અર્થાત્ બે ઉપવાસ સાથે કરે અથવા ત્રણ ઉપવાસ સાથે કરે તોજ છઠ્ઠ અઠ્ઠમ કહી શકાય, એ ચોકખું છે.

પ્રશ્ન ૯૯૨ - શ્રી નન્દીસૂત્રમાં निव्वुइपहसासणयं० એ ગાથાની વ્યાખ્યામાં ચૂર્ણિકારભગવાને દર્શન અને ચારિત્રને મોક્ષમાર્ગ તરીકે લીધાં છે કે કેમ ?

સમાધાન - શ્રી નન્દીસૂત્રની ચૂર્ણિમાં એ निव्वुइ० વ્યાખ્યા નથી અને તેથી ચૂર્ણિકારભગવાન્‌ને મળેલા આદર્શમાં કે તેઓની પરંપરામાં એ ગાથા નહિં હોય. બીજી ગાથાઓની વ્યાખ્યા જોતાં એ ગાથા હોત તો જરૂર વ્યાખ્યા કરત. છેવટે બીજી સુગમ ગાથાઓ માટે कंठा એમ જેવી રીતે કહે છે તેમ कंठा એવું પણ કહેત.

પ્રશ્ન ૯૯૩ - ભગવાન્ હરિભદ્રસૂરિજીએ

निव्वुइ० ગાથાની વ્યાખ્યા કરતાં સમ્યગ્દર્શન અને ચારિત્રને જ મોક્ષમાર્ગ તરીકે કેમ ગણાવ્યા ? જો કદાચ સમ્યગ્દર્શનથી સમ્યગ્જ્ઞાન આવી જાય છે અથવા ચારિત્રવાળો જીવ કોઈ દિવસ જ્ઞાન વિનાનો હોતો નથી. અર્થાત્ नाणेण विणा न हुंति चरणगुणा એ વાક્યથી જ્ઞાન વિના ચારિત્ર ન હોય, એટલે ચારિત્ર લેવાથી જ્ઞાન આવી જાય, એમ ધારીએ તો સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ બે રૂપ જ મોક્ષ માર્ગ લઈએ ? અને એમ હોય તો ज्ञानक्रियाभ्यां मोक्षः એમ કહેવાય કેમ ?

સમાધાન - ભગવાન્ હરિભદ્રસૂરિજીને सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એ સૂત્ર માન્ય છે, અને निव्वुइ० ગાથામાં પણ એ ત્રણને જ મોક્ષમાર્ગ તરીકે જણાવેલ છે, છતાં નિર્વૃતિપથની વ્યાખ્યા કરતાં જે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ બેને જ મોક્ષમાર્ગ તરીકે જણાવેલ છે તે सव्वमीव० ની જ્ઞાનદ્વારાએ વ્યાખ્યા કરવા માટે છે. અર્થાત્ गो કહેવાથી બલદ અને ગાય બન્ને આવી જાય છે, છતાં बलिवर्द શબ્દ જોડે હોય ત્યારે गो શબ્દની વ્યાખ્યામાં એકલી ગાયો જ લેવાય છે, તેમ મોક્ષમાર્ગથી સમ્યગ્દર્શન જ્ઞાન અને વિરતિરૂપ ચારિત્ર લેવાં પડે. પણ सव्व० એ પદ અને જ્ઞાનને દેખાડનાર જોડે છે તેથી મોક્ષપક્ષની વ્યાખ્યામાં દર્શન અને ચારિત્ર જ લીધાં છે.

પ્રશ્ન ૯૯૪ - શ્રી નંદીસૂત્રમાં તીર્થંકરાવલિકા ગણધરાવલિકા કહ્યા પછી निव्वुइ० એ ગાથા સ્થવિરાવલિકાના પ્હેલાં ત્રણ આવલિકાની વચમાં કેમ લખી ?

સમાધાન - ચૂર્ણિકારમહારાજ અને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે શ્રી નન્દીસૂત્રની શરૂઆતમાં અનાદિના સામાન્ય તીર્થંકરો અને શ્રી મહાવીર મહારાજારૂપ વિશેષ તીર્થંકરની અને तित्थयरपवयण એ ગાથામાં બીજે નંબરે શ્રી સંઘ હોવાથી તેની સ્તુતિ કરીને શ્રી તીર્થંકર વગેરેની ત્રણ આવલિકા કહેવાની પ્રતિજ્ઞા જણાવી છે, છતાં ભગવાન્ હરિભદ્રસૂરિજીએ જે निव्वुइ० ગાથા માની છે અને તેની વ્યાખ્યા લખી છે તે એમ જણાવવા માટે હોય કે શ્રી તીર્થંકર અને ગણધરોની પ્રામાણિક્તા જેમ તે તે નામકર્મના ઉદયવાળા હોવાથી સ્વતઃ છે તેવી સ્થવિરોની પ્રામાણિક્તા સ્વતઃ નથી પરંતુ સ્થવિરોની પ્રમાણિકતા શ્રી શાસનની પ્રામાણિક્તા માનવા અને તે પ્રમાણે વર્ત્તવા ઉપર રહેલી છે. શ્રી જિનેશ્વરમહારાજ અને શ્રી ગણધર મહારાજા કેવલ મોક્ષગામી જ હોય, પરન્તુ સ્થવિરોમાં શ્રી જંબુસ્વામીજી જેવા મોક્ષગામી તથા શ્રી પ્રભવસ્વામી જેવા સ્વર્ગગામી હોય અને ગૌષ્ઠામાહિલ અને આર્યરોહ જેવા દુર્ગતિગામી પણ હોય, માટે સ્થવિરોની પ્રામાણિક્તા અને પૂજ્યતા તેઓ શ્રી જિનવચનને અનુસરતા હોય તો જ અને અનુસરતા હોય ત્યાં સુધી જ હોય. આ ઉપરથી એ પણ સમજી શકાય કે જેમ કુગુરૂને સુગુરૂ માનીને કરેલી માન્યતા અને આરાધના સાચી શ્રદ્ધા થાય ત્યારે મિચ્છામિદુક્કડં આદિ કઈ વોસરાવવાની હોય છે, તેમ જમાલિઆદિની શ્રી જૈનશાસનને અનુસરવાની અવસ્થામાં કરેલી માન્યતા અને આરાધનાનું પ્રાયશ્ચિત કરવાનું હોય નહિં.

# વર્ષનું અન્તિમ નિવેદન

આ અમારૂં છ વર્ષ પુરૂ થાય તેની પહેલાં મ્હારા વાચકોને એક નમ્ર નિવેદન કરવાની જરૂર છે, અને તે એ કે મારૂં છટ્ઠું વર્ષ શરૂ થયું તે વખતે સંવત્સરીના વાર બાબતની ચર્મા જોસભેર શ્રી સંઘમાં ચાલતી હતી. મારી સ્થિતિ ભગવાન્ જીનેશ્વર મહારાજના શાસન અને શુદ્ધ પરંપરા ઉપર નિર્ભર હોવાથી મ્હારે દ્વિતીય પર્વની વૃદ્ધિના પ્રસંગે જેમ પુનમ અમાવાસ્યાની વૃદ્ધિના પ્રસંગે શાસ્ત્ર પરંપરાને અનુસરીને તેરસની વૃદ્ધિ કરવાનો આદેશ છે, તેમ ભાદ્રશુક્લપંચમીની વૃદ્ધિના પ્રસંગે ભાદરવા શુદિ ત્રીજની વૃદ્ધિની વૃદ્ધિ કરવી તેજ શાસ્ત્ર અને પરંપરાના આદેશને અનુસરતું ગણાય, તેથી મ્હારે ભાદરવા સુદિ ત્રીજની વૃદ્ધિના પક્ષને યથાસ્થિતપણે જણાવવા અનેક પર્વતિથિ પ્રકાશના લેખો લખવા પડયા, સમાલોચનાઓ લખવી પડી, યાવત્ કેટલી વખત તો આખું મારૂં શરીર તે પર્વતિથિની ચર્ચોથી ભરવું પડયું, જો કે શનિવારની એટલે પર્વદિવસની ચર્ચાથી ભરવું પડયું, જો કે શનિવારની એટલે પર્વદિવસની પણ વૃદ્ધિ ગણીને સંવચ્છરીને કરનારા પક્ષે પોતાના ગામોનું લીસ્ટ એવું બહાર પાડયું કે જેમાં કેવલ છલવૃત્તિ જ હતી, કારણ કે કેટલેક સ્થાને તો તે શનિવારના પક્ષે પોતે શનિવાર કર્યો અને આખા સંઘને રવિવાર કરાવ્યો, વળી કેટલેક સ્થાને તે પક્ષવાળામાંથી એકાદ બે સાધુને ઓરડીમાં બેસીને સંવચ્છરી પડિક્કમણ અને પજુસમણ કરવાં પડયાં અને કેટલીક જગો પર માત્ર એકાદ શ્રાવકે જ પોતાને ઘેરે સંવચ્છરી પડિતક્કમણું કરી લીધું. તેવા ગામોનાં પણ લાંબું લીસ્ટ તે શનીવાર પક્ષે પ્રગટ કર્યું, છતાં આખા દેશની અપેક્ષાએ શ્વેતામ્બરતપાગચ્છમાં પંદરઆની સંઘે રવિવારની સંવચ્છરી કર્યા છતાં તે હકીકતમાં મેં ઉત્તરવાનું અંગત ટીકાનું સ્થાન ગણી કર્યું ન્હોતું, પરન્તુ મારી વિધાતા મને શાસ્ત્ર અને પરંપરાને અનુકૂલ માર્ગ દેખાડતી હોવાથી મેં રવિવારના પક્ષનું પોષણ કર્યું અને અંશે પણ બીજાઓની પેઠે કરવું કંઇ અને કહેવું કંઇ, પહેલા છાપવું અને કરવું કંઇ અને પછી છાપવું કંઇ અને કરવું કંઇ, એવું વાંચકના દ્રોહનું આચરણ કર્યું નથી અને તે કરવાનું પ્રયોજન પણ ન્હોતું. આ બધી વાત માત્ર ઈસારારૂપે જણાવીને હું સર્વ સ્વપક્ષને એટલું જ નમ્ર નિવેદન કરવા માગું છું કે શાસ્ત્ર અને પરંપરાના ઉપદેશને અનુસારે નિરૂપણ કરતાં છતાં પણ જો કોઈને કોઈપણ પ્રકારનું દુઃખ નીપજ્યું હોય અગર દુઃખ નીપજવાનો પ્રસંગ આવ્યો હોય તો તેવો પ્રસંગ લાવવો તે હું ઈષ્ટ ગણતો ન્હોતો, અને હજુ પણ ગણતો નથી માત્ર માર્ગની પ્રરૂપણા જ ઈષ્ટ ગણી છે અને ગણું છું છતાં વૈરવિરોધ વોસરાવવાની મુદ્રા જૈનશાસનની હોવાથી હું તે વૈરવિરોધને માટે મિચ્છામિદુક્કડં દઉં તે શાસ્ત્ર અને આત્મકલ્યાણના માર્ગને અનુસરતું જ ગણાય. મ્હારા વાંચકોએ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે વર્તમાન શ્રી સંઘે કોઇ યુગોથી જોધપુરીપંચાગને અનુસરીને સર્વદેશમાં એક સરખાં પર્વો અને ત્હેવારો થાય તે માટે ચાલવાનું રાખેલું છે, છતાં કેટલાકો જૈનશાસ્ત્રથી જુદી રીતે પોષ અષાઢ શિવાયના માસોની વૃદ્ધિ અને ક્રમસર બીજઆદિ

તિથિઓ શિવાયની તિથિઓની પણ હાનિ જણાવતાં છતાં જૈનપંચાંગપણે પ્રસિદ્ધ થવા માંગે છે, તો તેઓને માટે એક જ માર્ગ સલાહ ભરેલો છે તેઓએ શ્રી સંઘનું સંમેલન કરી જોધપુરી પંચાંગ અન્યમતીય છતાં પણ જેમ વ્યવહારથી વાર ત્હેવારને માટે મનાય છે, તેવી રીતે તે નવા કાઢેલા જૈનશાસ્ત્ર વિરૂદ્ધ પંચાંગને પણ માનવાનું નક્કી કરાવે. જ્યાં સુધી આવી રીને સંઘસંમેલનથી નક્કી ન થાય ત્યાં સુધી તેવા પંચાંગોને પ્રવૃત્તિ અગર તેવા પંચાંગોને આધારે વાર તહેવારનું કરવું અને પ્રવર્ત્તાવવું તે શાસનની અવિચ્છિન્નદશાને અનુસરવાવાળો તો સ્વપ્ને પણ સારૂ ગણી શકે નહિં. સંવચ્છરીના પ્રસંગ પછી સિદ્ધાચલજીના સંઘનો પ્રસંગ આવ્યો, તે વખતે જો કે શાસ્ત્રમાં જણાવેલા અનુપબૃંહણના પ્રાયશ્ચિત્તને ધ્યાનમાં રાખી ધર્મીપુરૂષોની પ્રશંસા માટે મ્હારે જરૂર પ્રકાશમાં આવવું જોઈતું હતું, પરન્તુ જે વખત શાસનથી વિરૂદ્ધ વર્ત્તનારા અને વીરશાસન કે જૈનશાસનને નામે લોકોને ધર્મીઓથી વિમુખ કરનારા અગર તેમની ખોટી નિંદા કરનાર લોકો શ્રીમંતની શેહ લાગી, શ્રીમંતની શેહમાં અંજાઈ ગયા, ઈત્યાદિક કહીને ધર્મીષ્ઠમનુષ્યોની હેલના કરી પહેલાં ચીકણાં કર્મો જે બાંધ્યાં હતાં તેમ પુનઃ તેવાં ન બાંધે માટે વ્યક્તિગત ધર્મીની પ્રશંસા કરવા હું બહાર પડયો ન્હોતો, વળી સામાન્યરીતે પણ મ્હારી નીતિ છે કે વર્ત્તમાનના ઓચ્છવ મહોચ્છવ સંઘ પ્રતિષ્ઠા વિગેરે સમાચારો પ્રગટ કરવામાં મ્હારે કેટલાક યોગ્યકારણોને અંગે પ્રવૃત્તિ નહિં કરવી એમ રાખવું પડયું છે અને અસલથી રાખ્યું છે છતાં હું દરેક પ્રતિષ્ઠા, ઉપધાન, ઉજમણાં, પ્રવેશમહોત્સવો, સંઘ, તીર્થોદ્ધાર, જીર્ણોદ્ધાર, જીવદયા, પુસ્તકાલયો વિગેરે જે જે કાર્યો ઉદાર ગૃહસ્થો પોતાની લક્ષ્મીના સદુપયોગને માટે કરાય છે તે સર્વની હું અનુમોદના કરનાર જ છું એવું આલેખથી જાહેર કરી દઉં છું, જો કે શ્રી સંઘયાત્રા (તીર્થયાત્રા) નું પ્રકરણ ઘણા લાંબા વખતથી હું જાહેર કરૂં છું તે માત્ર માર્ગની વિધિ દેખાડવી જ જાહેર કરૂં છું, અને તે દ્વારાએ તેવા કાર્ય કરવાવાળાની અનુમોદના કરૂં છું એ સ્પષ્ટ જ છે. એટલે હું કોઈપણ પ્રકારે દર્શનાચારના ઉત્તમોત્તમ કાર્યો કરનારાઓની અનુમોદનાથી દૂર રહીને પ્રાયશ્ચિત્તનો ભાગી બનું છું એમ જ્ઞાનીમહારાજની દૃષ્ટિએ તો સંભવિત જ નથી. ધર્મ કાર્યોની સતત અનુમોદના કરવી એ જ ખરેખર ધર્મની કિંમત સમજ્યાનું ચિન્હ છે, માટે તેમાં કોઈપણ પ્રકારે ઓછાશ રાખવી તે ઉચિત હોય એમ હું અંશે પણ માનતો નથી. માત્ર ઉપર જણાવેલા કારણોથી હૃદયગત તે વસ્તુ પૂર્વે જણાવ્યા પ્રમાણે અનુમોદના અને પ્રશંસા પાત્ર ગણ્યા છતાં પણ વિશેષરૂપે બહાર આવતો નથી અને તેથી જ જામનગરથી નીકળેલા શ્રી સિદ્ધાચલજીના સંઘમાં જે નીચે જણાવેલી વિશિષ્ટતાઓ હતી તે વિશેષ અનુમોદના પાત્ર હતી તે હમણાં પણ જણાવવું જરૂરી છે.

૧ સર્વસંઘને વાહનો પુરાં પાડવાં. (શાસ્ત્રકારો અને પહેલાંના સંઘવીઓએ શક્તિ રહિતને પુરાં પાડવાનું તો જણાવેલું અને કહેલું છે, પરન્તુ અહિં તે વાહનો સર્વને આપવામાં આવ્યાં હતાં.)

૨ સર્વસંઘને માટે પટમંડપો (રાવટી-તંબુ-સમીયાણા) શ્રી સંઘપતિએ જ આપ્યા હતા (અત્યાર સુધીની સંઘયાત્રામાં તેવો પ્રસંગ જાણ્યો કે સાંભળ્યો નથી.)

૩ સંઘયાત્રામાં આવેલા સર્વસમુદાયને સંઘવી તરફથી જ ત્રણે વખત ભોજનની વ્યવસ્થા હતી. (કોઈને પણ ખાનગી ચૂલા સળગાવવાનું ન્હોતું અને રસોઈનો સામાન રાખવો પડતો ન્હોતો.)

૪ દરેક સ્થાને સખાવતો મ્હોટી મ્હોટી કરવામાં આવી હતી, અને તે સખાવતોમાં એ વિશિષ્ટતા હતી કે સખાવતોની વખતે જેમ ભક્તિના સાતક્ષેત્રોને પોષવામાં આવ્યાં હતાં, તેવી જ રીતે અનુકંપા અને ઉચિતદાનને પણ ભૂલવામાં આવ્યું જ ન્હોતું, એમ કહીએ તો ખોટું નથી કે સખાવતનો આંકડો સંઘમાં થયેલ બીજા ખર્ચના લગભગ અડધા ભાગ જેટલો હતો એટલે તે દોઢ લાખથી વધારે હતો.

૫ તીર્થયાત્રા માટે નીકળતા સંઘોમાં યાત્રિકગણના નેતાઓ 'છ' રીપાળીને જાત્રા કરવા માટે ઓછા જ ભાગ્યશાળી થાય છે, છતાં શ્રી ગિરનારજી તીર્થ સુધી તો યાત્રિગણના મુખ્ય નેતાને 'છ' રીપાળવાનું બની શક્યું છે અને તે પણ ગુરૂમહારાજની સાથે જ જ્ઞાનગોષ્ઠી અગર ધર્મની અનુમોદના સાથે પાદ વિહારચારીપણું થયેલું છે. સાથેના બીજા સંઘપતિની સત્પત્નીની પાદ વિહારની અને સુપાત્રોને પોષવા સાથે ભગવાન્ જીનેશ્વરમહારાજની ભક્તિ અને શાસનપ્રભાવનાની ઉત્તમ સ્થિતિ તો સંઘમાં જ રહેલા સર્વમનુષ્યોને હૃદયમાં યાવત્જીવન સુધી રમી રહે તેવી હતી.

૬ શ્રી સિદ્ધાચલજીક્ષેત્રમાં તીર્થમાળા પહેરી તે પવિત્ર દિવસની સ્મૃતિ માટે પાલીતાણા નરેશ કે. સી. આઈ બહાદુરસિંહજી મહારાજે પોતાના રાજ્યના તમામ સ્થાનોમાં અમારી પડહો વજડાવવાને બંદોબસ્ત કરી આપ્યો.

(અત્યાર સુધી શ્રી સિદ્ધાચળજીમાં સેંકડો સંઘો આ જમાનામાં આવી ગયા છે, છતાં આવી પવિત્ર પ્રવૃત્તિ ફક્ત આ જામનગરના ભાગ્યશાળી સંઘપત્તિને જ સાંપડી છે.)

૭ સંઘપતિઓએ તીર્થોની અને અતિશયવાળા ક્ષેત્રોની યાત્રા કરીને પોતાની જન્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી પણ પોતે જે ગામના ચૈત્યમાં વિશેષે પૂજન કરે છે ત્યાં સંઘયાત્રાના કળશ તરીકે અગર તેના સ્મરણ ચિન્હ તરીકે હજારોની સંખ્યાનો હાર અર્પણ કર્યો, આ વિગેરે અનેક વિશિષ્ટતાઓ ઉપર મ્હારે બહાર આવવાની જરૂર હતી અને મ્હારૂં મન પણ તેમાં ઉત્કટદશાને પામ્યું હતું, છતાં ઉપર્યુક્ત કારણો અને તેના જેવાં બીજાં કારણોને લીધે તે અનુમોદનીય પ્રસંગોમાં હું પ્રવૃત્તિ કરી શક્યો નથી.

મારા આ વર્ષમાં શાસનને અંગે શ્રી સિદ્ધક્ષેત્રની અંદર શ્રી રાણકપુરજીમાં જેમ ચોરાશી દેરીઓવાળું જીનમંદિર છે, તેવી રીતે પીસ્તાલીસ આગમની અપેક્ષાએ પીસ્તાલીસ દેરીઓવાળું એક જીનમંદિર તળેટીમાં સ્થાપન કરવાનો નિર્ણય થયો, તેને અંગે મેં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાના ધારાઓ જાહેર કરવા દ્વારાએ લોકોને તેમાં ભાગ લેવા ઉત્સાહિત કર્યા. વળી તે આગમમંદિરમાં વર્તમાન પીસ્તાલીસ આગમોનાં મૂળસૂત્રોને શિલામાં ઉત્કીર્ણ (ખોદી) કરી સ્થાપવાનો જે જે ભાગ્યશાળીએ તૈયાર કરી હતી અને શ્લોકના હિસાબે સવાઈરકમ સંસ્થાને સાદર અર્પણ કરી તેઓનું લીસ્ટ પણ હું જૈનજનતા સમક્ષ નિવેદન કરી શક્યો છું. આશા રાખું છું કે વર્ષ પ્રતિવર્ષ આવાં આવાં ઉત્તમ કાર્યો અનેક શ્રી જૈનશાસનમાં શોભાવનારાં થાય અને તેની અનુમોદના કરવા પૂર્વક હું જૈનજનતાને, તે જાહેર કરવામાં ભાગ્યશાળી બનું.

તા.ક. વખતે વખતે આવતી અનેક ચર્ચાઓ વખતો વખતો થતાં વિહારો અન્ય શાસ્ત્રનાં મુદ્રણો, અને શ્રી વર્ધમાન જૈન આગમમંદિરના કાર્યો વિગેરેમાં મારા વિધાતાનો ટાઈમ રોકાતો હોવાથી હું કેટલીક વખતે યુગપદઅંકરૂપે બહાર પડું છું, કેટલીક વખતે મુદત અતિક્રતિ થયે બહાર પડું છું, પણ મારા કદરદાન ગ્રાહકો તે સર્વ સહન કરી મને અપનાવવામાં પોતાની ફરજ સમજે છે તે ખરેખર અનુમોદનાને પાત્ર છે.

ॐ

# છઠ્ઠા વર્ષનો વિવિધ.

## વિષયક્રમ

(આ સિવાય સમાલોચના, સાગર-સમાધાન આદિ ખાસ વિષયો જુદા નહિ કાઢેલ હોવાથી તે તે સ્થાને જોઈ લેવા વિનંતિ છે :- તંત્રી.)

### આગમરહસ્ય


આત્માના અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ ક્યારે થાય ૭

આત્માના ગુણો ઉત્પન્ન થતા નથી, પણ પ્રગટ થાય છે. તેવા ગુણો મેળવવા શું કરવું ? ૮

સિદ્ધશિલાનું સ્વરૂપ

ગુણો જાણવા માટે આકૃતિની જરૂરીયાત ૯

નમિવિનમિની સેવા ૧૦

ભક્તોનું કાર્ય ?

નમિવિનમિનું ચિરસ્મરણ શા માટે ? ૪૬

આદ્યપ્રભુની દાનપ્રવૃત્તિ સર્વત્ર પ્રસરી રહી છે. ૫૦

દાનપ્રવૃત્તિની શાસનને અંગે કેટલી જરૂર છે ? ૫૦

દાનધર્મનો મહિમા ૫૦

સાધુઓને શા માટે બીજાઓ પાસેથી દાનગ્રહણ કરવું? ૫૨

સુપાત્રદાનથી શું અસાધ્ય છે ? ૫૩

દાનીપુરુષોને પૂજ્યમલધારીજીના બે બોલ ૫૩

મોક્ષનું સુંદર કારણ સુપાત્રદાન છે. ૫૨


### અમોઘદેશના


શાશ્વત્ સ્થાન ૧૨

સંસાર એટલે શું ? ૧૨

જડતી લેવાશે, વાલની વીંટી પણ કાઢી લેશે. તે પણ અવગતીયો ન થવા દેવાના નામે ૧૩

જેનો નાશ કરવો હોય તેના કારણનો નાશ કરવો જોઈએ ૧૩

અભવ્યની ઓળખાણ ૧૪

મોક્ષનો પ્રયત્ન કેમ ન થયો ? ૧૫

| | | | |
|---|---|---|---|
| મનના મોતીના ચોક સાચા થાય છે ? | ૧૫ | વહેમ લાગતાં ખાત્રી કરો | ૩૩૩ |
| હૃદયમાં રમે શું ? | ૧૬ | સર્વનું મૂલ મોક્ષ | ૩૩૪ |
| એક-અનેક | ૫૬ | મૂળ વાત વિચારો | ૩૩૪ |
| મૂલ્યમાં તફાવત નથી | ૫૭ | અસીલનો કેસ તૈયાર કરો | ૩૩૫ |
| ફેર ક્યાં નથી ? | ૮૯ | વકિલોનો ધર્મ શું ? | ૩૩૫ |
| મૂલ્ય જાણે તો જ વ્યવહાર | ૮૯ | ધર્મનું મૂળ પવિત્રતા | ૩૩૬ |
| મોક્ષ સિવાય કાંઈ નહિં | ૯૦ | શૌચનો સાચો હેતુ | ૩૩૭ |
| પાપસાધુ કોણ ? | ૯૦ | તે શીયાળવે જ થાય | ૩૫૩ |
| ગૃહસ્થપણાની દેશના | ૯૧ | હુંડી સલામત પણ આંકડો ગુલ | ૩૫૪ |
| સર્વવિરતિનો વીર્યોલ્લાસ | ૯૧ | ધર્મનું મૂળ વિનય | ૩૫૪ |
| નિરુપાયે દેશવિરતી | ૯૧ | દયા અને સત્ય | ૩૩૫ |
| ધર્મની જડ શું ? | ૯૨ | પાકી ઈમારત શી રીતે થાય ? | ૩૩૫ |
| ગામનો ઝાંપો તો જાણો | ૯૨ | અધિષ્ઠાતા થવાનો મર્મ | ૩૫૫ |
| એ ત્રણ વસ્તુ શાથી ? | ૩૨૧ | જુઠું બોલવાની છુટ | ૩૫૬ |
| મૂલની સલામતી જોઈએ ? | ૩૨૧ | હું જાણતો નથી | ૩૫૬ |
| એ અહિંસાઅપૂર્ણ | ૩૨૨ | બંને પક્ષો જુદા છે. | ૩૫૭ |
| ભવ્યાભવ્યભેદ | ૩૨૨ | પક્ષાંતર ક્યાં થાય છે. | ૩૫૮ |
| ઉંચકવાની પણ મહેનત | ૩૨૩ | દીક્ષા અને મૃષાવાદ | ૩૫૮ |
| મહેલ કરવતીયા કરવત અંતે મોચીડો ને મોચીડો ? | ૩૨૩ | ધર્મનું સ્વરુપ અહિંસા | ૩૫૯ |
| દયા અને સત્યા | ૩૨૩ | પુનરુદ્ધારનો ગપાટો | ૩૭૭ |
| જ્ઞાનનો વિનય | ૩૨૪ | મોતી પાક્યું તો મહાસાગર છે જ. | ૩૭૮ |
| કુલીનતાની પવિત્રતા | ૩૩૦ | કુદરતી ધર્મ છે. | ૩૭૮ |
| મોક્ષ એજ પરમાર્થ | ૩૩૦ | તીર્થંકરનું અસ્તિત્વ ક્યારે | ૩૭૮ |
| વાયરલેશનો સંદેશો | ૩૩૦ | પુરુષાર્થને પૂરી તક | ૩૭૯ |
| આબરૂનું ફળ શું ? | ૩૩૧ | સર્વકાળનો ધર્મ | ૩૮૦ |
| સંસ્થા પર વિશ્વાસ | ૩૩૧ | જગત જ આદિવાળું છે તો ધર્મ અનાદિ ક્યાંથી ? | ૩૮૦ |
| સંદેશો આપવાનો જ ધર્મ | ૩૩૨ | ગુરુ કોણ ? | ૩૮૧ |
| એથી વધારે નહિ | ૩૩૨ | મહુકની મહત્તા | ૩૮૩ |
| સાધુઓ ફરજ બજાવે છે | ૩૩૨ | વિચિત્ર પ્રશ્નો | ૩૮૩ |
| રેકર્ડ તપાસી શકો | ૩૩૩ | નશીબદાર કોણ ? | ૩૮૪ |

ચિંતામણીરૂપધર્મ ૪૦૭
આનંદ ક્યારે થાય ? ૪૦૭
અજ્ઞાન છતાં સુદેવ પૂજે તેની જ મહત્તા છે ૪૦૮
અજ્ઞાનતાએ મેળવેલ સુધર્મ ૪૦૯
ઔષધ કેમ પીઓ છો ? ૪૦૯
શું નજરે દેખાય તેજ સત્ય ? ૪૧૦
જગતની હદ છે ? ૪૧૦
જગતનો અંત છે જ ! ૪૧૦
ધર્મોની ખેંચતાણ ૪૧૨
અનંતા સિદ્ધો છે ૪૧૨
પોતે ડુબે ને દુનિયાને ડુબાવે ૪૧૨
આત્માની સર્વોત્તમતા ૪૧૪
ભગવાનના ઉપકારો ૪૧૫
ભાવના શી રાખવી ? ૪૧૬
આજ્ઞાભ્યાસ ૪૧૭
હું કોણ છું ? ૪૧૮, ૪૪૨, ૪૬૫
આત્મા અને તેનું નિત્યાનિત્યપણું ૫૦૫
હજી તમન્ના ક્યાં છે ? ૫૦૫
જૈન કર્મ ફીલોસોફીની પાડોશમાં ૫૦૬
શૈવો અને વૈષ્ણવોનો મોક્ષ ૫૦૬
જૈન શાસ્ત્રમાં અધિક્તા ક્યાં છે ? ૫૦૬
કથંચિત્ નિત્ય કંથચિત્ અનિત્ય ૫૦૭
જીવ કર્મ કરે છે એનો અર્થ સમજો. ૫૦૮
સિદ્ધના સમો વડિયો આપણો આત્મા ૫૦૮
કર્મો કોને ખાળે ? આત્મા મુક્ત ક્યારે બને ? ૫૦૮
જીવનું શુદ્ધ સ્વરૂપ સમજો ૫૦૯
તમે ઉદ્યમ ક્યારે કરો ૫૦૯
નવું મેળવો પણ જુનું સંભાળો ૫૧૦
તમે આત્માને શુદ્ધ ક્યારે માની શકો ૫૧૦
પછી એ બુદ્ધ રહેતી નથી ૫૧૦
તેની પણ સર્વત્ર પ્રવૃત્તિ ચાલુ છે ૫૧૧
ધાવનું ધ્યેય નિરાળું છે ૫૧૧
સમકિતિ કદિ તત્વત્યાગ કરતો નથી ૫૧૧
દૃષ્ટિ ક્યાં હોવી જોઈએ ૫૧૨


## પરચુરણ લેખો


વિષય પત્ર
નવા વર્ષમાં પ્રવેશ અને અમારૂં ધ્યેય ૧
પર્યુષણાપર્વ અને શ્રાવકવર્ગ ૧૩, ૩૩, ૫૭
દીપાલિકા અને પ્રભુ મહાવીર ટાઈટલ અંક ૧
શ્રી જૈનધર્મ અને જ્ઞાનપંચમી ટાઈટલ અંક ૨
આજનો પવિત્ર દિવસ ટાઈટલ અંક ૩
તીર્થયાત્રા (સંઘયાત્રા) ૭૩, ૯૮, ૧૦૩, ૧૨૧, ૨૦૧, ૨૪૧, ૩૦૫, ૩૩૭, ૩૬૧, ૩૮૫, ૪૩૩, ૪૫૭
મૌનએકાદશી અને ભગવાન્ નેમનાથજી મહારાજ ટાઈટલ અંક ૪
શ્રી સંઘપૂજન અને શ્રી સંઘ ભગવંતોનો મહિમા ટાઈટલ અંક ૫
આયુષ્યબંધનો સમય અને સમાનત્રિભાગે કાલ ગણત્રી ટાઈટલ અંક ૬-૭
જીનેશ્વરમહારાજની મુર્ત્તિ કરતાં ગિરિરાજની અધિક્તા કેમ ? ટાઈટલ અંક ૧૦-૧૧
આગમ અને તેની અવિચ્છિન્નતા.ટાઈટલ અંક ૧૨-૧૩

વચનામૃત ૩૨૬

જૈનધર્મ અને અનુકંપા ટાઈટલ અંક ૧૪

જૈનધર્મની વિશ્વધર્મ થવાની લાયકાતટાઈટલ અંક ૧૫

સનાતનધર્મ કયો ૩૬૦-૩૫૯

દુષ્કર શું ? ૩૭૨

ભવઅટવી કઈ રીતે ઓલંઘવી અને ઉતરેલો ક્યાં જાય ? ટાઈટલ અંક ૧૬

શું જિનમંદિરે રાત્રિએ ગમન ન હોય ? ટાઈટલ ૧૭, ૧૮

ધર્મવૃક્ષ (અંક ૧૯)

પુરુષાર્થ કેટલા અને ક્યાં ક્યાં ? ટાઈટલ (૧૯)

પાંચ કલ્પવૃક્ષ ટાઈટલ ૨૦

શેઠ આણંદજી કલ્યાણજી અને યાત્રિકોટાઈટલ(૨૧)

જ્ઞાનક્રિયાવાદ ૪૨૫

શ્રી વર્ધમાન જૈન આગમ-સંસ્થાનું ધારાધોરણાદિ ૪૨૯, ૪૪૯

કઈ ગતિનું આયુષ્ય શાથી બંધાય ? ૪૪૧

ઈન્દ્રિયદમન ૪૫૬ ब

પર્યુષણાપર્વનું ઉત્તમધ્યેય ૪૭૪ થી ૫૦૪

શ્રી ચતુર્વિધસંઘમાં એક જ દિવસે સંવચ્છરી કેમ ? ૫૧૩

પર્યુષણા અને આરાધના ટાઈટલ ૨૧-૨૨

સાધર્મિકોનું થવું જોઈતું ભાવવાત્સલય ટાઈટલ ૨૩-૨૪


## સંવચ્છરી બાબત


સાગર-સમાધાન૨૭, (૯૩૭-૯૩૮, ૩૯, ૪૦, ૪૧)

સમાલોચના અંક ૨ - ટાઈટલ

સમાલોચના ૫૪ (૩૭) ૩૪૮

તિથિક્ષયવૃદ્ધિપ્રદીપ ૧૭૦

અપર્વતિથિક્ષયપ્રકાશ ૧૭૭

પૂર્વતરઅપર્વતિથિક્ષયપ્રકાશ ૨૦૯

પૂર્વતિથિવૃદ્ધિપ્રકાશ ૨૨૩, ૨૫૭

પૂર્વતરાપર્વતિથિવૃદ્ધિપ્રકાશ ૨૭૬

આણસૂરપક્ષીય પત્રકમાંથી જણાવેલ ૫૩ ત્રુટીઓ ૨૯૦

(અનુસંધાન ટાઈટલ પાના ૪ નું ચાલું.)

य कहिए कज्जे, जइ पमायवसं गओ। वत्तव्वो सो जहाजोगं, धम्मियं चोयणं इमं॥२१३॥ दुल्लहो माणुसो जम्मो, धम्मो सव्वण्णुदेसिओ। साहु साहम्मियाणं च, सामग्गी पुण दुल्लहा॥२१४॥ चलं जीयं धणं धन्नं, बंधुमित्तसमागमो। खणेण ढुक्कए वाही, ता पमाओ न जुत्तओ।२१॥। न तं चोरावि लुप्पंति, न तं अग्गीवि णासए। न तं जूएवि हारिज्जा, जं धम्मंमि पमत्तओ॥२१६॥ किण्हसप्पं करग्गेणं, घट्टए घुंटए विसं। निहाणं सो पमुत्तूणं, कायखंडं तु गिण्हए॥२१७॥ ता सोम। त वियाणंतो, मग्गं सव्वन्नुदेसिय! पमायं जं न मिल्हेसि, तं सोइहिसि भयन्नवे॥२१८॥

આનો વિસ્તારથી અર્થ જાણવાની ઈચ્છાવાળાએ શ્રી શ્રાદ્ધદિનકૃત્યની ટીકામાં પ્રસ્તાવ ત્રીજાનો છેલ્લો ભાગ જોવો, છતાં તેનો સંક્ષિપ્ત અર્થ આ પ્રમાણે છે.

પૂર્વે જણાવેલ સાધર્મિકભાઈઓનું જે વાત્સલ્ય છે તે દ્રવ્યવાત્સલ્ય છે, પરન્તુ આગળ જણાવવામાં આવે છે તે બીજું વાત્સલ્ય એટલે ભાવવાત્સલ્ય છે, શ્રાવકરૂપી સાધર્મિકને અંગે ભાવવાત્સલ્ય એ ચીજ છે કે જે સાધર્મિક (શ્રાવક) પૂજા વિગેરે ધર્મકાર્યોમાં પ્રમાદ કરતો હોય તેને સર્વપ્રકારના ઉદ્યમથી સ્મારણાદિકદ્વારાએ શિખામણ દેવી. તે સ્મારણઆદિ જણાવતાં કહે છે કે ધર્મકાર્ય જે ભૂલાયેલું હોય તેને યાદ કરાવી દેવું તે સ્મારણઆદિ જણાવતાં કહે છે કે ધર્મકાર્ય જે ભૂલાયેલું હોય તેને યાદ કરાવી દેવું તે સ્મારણા કહેવાય, તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિ અને પાસત્થાદિકના સંબંધનો નિષેધ કરવો તે વારણા કહેવાય, આવી રીતે સ્મારણા અને વારણા વારંવાર કર્યા છતાં પણ કોઈક તેવો પ્રમાદી શ્રાવક અને વ્રતનિયમની અંદર સ્ખલના કરવાવાળો થાય તો શું આવા ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલા તારે આવી રીતે પ્રવર્ત્તવું લાયક છે ? એ વિગેરે ઠપકાવાળાં વાક્યોથી પ્રેરણા કરવી તેનું નામ નાદના કહેવાય, તેમજ તેજ વ્રતમાં વિગેરેમાં વારંવાર સ્ખલનાદિક થાય તો તારા જન્મ ને જીવિતને ધિક્કાર છે ઈત્યાદિવાક્યોથી સજ્જડ પ્રેરણા કરવી તેનું નામ પ્રતિનોદના કહેવાય. આવી રીતે સ્મારણાદિ ચાર ભેદો સાધુએ સાધુને અંગે કરવાનાં છે એમ નહિ, પરન્તુ શ્રાવકે પણ શ્રાવકોને તેના હિતને માટે આ સ્મારણાદિક ચાર પ્રયત્નો કરવાના જ છે. જે શ્રાવક અપ્રીતિના ભયથી સાધર્મિકને શિખામણ દેવાની ઉપેક્ષા કરે તેને માટે પણ શાસ્ત્રકાર કહે છે કે સ્મારણા વિગેરે કરતાં અસહિષ્ણુપણાને લીધે કોઈક રોષ કરવાવાળો થાય, કેમકે કેટલાક ભારે કર્મીઓને

(જુઓ ટાઈટલ પાનું ૨જું)

# થવું જોઈતું સાધર્મિકોનું ભાવવાત્સલ્ય.

જૈનજનતામાં સાધર્મિકવાત્સલ્ય એટલે જેને સામિવચ્છલ કહેવામાં આવે છે તે એટલું બધું પ્રસિદ્ધ છે કે તેને માટે જૈનને સમજાવવા બેસવું તે ચક્ષુવાળાને સૂર્ય સમજાવવા જેવું છે, પરન્તુ તે સાધર્મિકવાત્સલ્ય શબ્દનો જગત્‌માં એટલો જ રુઢાર્થ થયો છે કે સાધર્મિકોને જમાડવા કે વસ્ત્ર વિગેરે દેવાં, જો કે આનું નામ સાધર્મિકવાત્સલ્ય નથી એમ તો કોઈપણ શ્રદ્ધાલુમનુષ્યથી કહી શકાય તેમ નથી, પરન્તુ જૈનજનતાએ જાણવું જોઈએ કે ભોજન અને વસ્ત્રાદિદ્વારાએ થતું સાધર્મિકવાત્સલ્ય તે દ્રવ્યથકી સાધર્મિકવાત્સલ્ય છે, પરન્તુ ભાવથકી સાધર્મિકવાત્સલ્ય જે રીતે છે અને શાસ્ત્રકારો ફરમાવે છે તે લગભગ સમગ્રજૈનોની ધ્યાન બહાર અગર વર્ત્તાવની બહાર છે એમ કહીએ તો ખોટું નથી. એ વાત તો જૈનજનતાની ધ્યાન બહાર નજ હોય કે જેમ ભાવ વગરની ક્રિયા ફળ આપતી નથી અને તેને માટે શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે :-

''यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशुन्याः''

એવી રીતે ભાવસાધર્મિકવાત્સલ્યની ભાવના જીવોના આત્મામાં ન હોય તે મનુષ્યો દ્રવ્ય સાધર્મિકવાત્સલ્ય કરીને પણ કેટલો લાભ મેળવી શકે તે સમજવું મુશ્કેલ નથી, પરન્તુ કેટલાક શ્રદ્ધાળુ ભદ્રિકજીવો ભાવસાધર્મિકવાત્સલ્ય કરવાની ઈચ્છાવાળા હોય, છતાં પણ તેઓ ભાવસાધર્મિકવાત્સલ્યને જાણતા ન હોવાથી તે કરવાને માટે તૈયાર થઈ ન શકે તે અસ્વાભાવિક નથી, પ`ન્તુ તેવાઓને ભાવસાધર્મિકવાત્સલ્યની સમજણ જવી રીતે આચાર્યમહારાજ શ્રી દેવેન્દ્રસૂરિજીએ આપી છે, તેવી રીતે જો આપવામાં આવે તો જરૂર તે ભાવિકજીવો તે ભાવસાધર્મિકવાત્સલ્ય તરફ પ્રવૃત્તિ કરે, એમ ધારી તે ભાવસાધર્મિકવાત્સલ્યને નિરૂપણ કરનારી ગાથાઓ જણાવવામાં આવે છે.

साहम्मियाण वच्छल्लं, एयं अण्णं वियाहियं। धम्मट्ठाणेसु सीयंतं, सव्वभावेण चोयए॥२०८॥ सारणा वारणा चेव, चोयणा पडिचोयणा। सावएणावि दायव्वा, सावयाणं हियट्ठया॥२०९॥ रुसउ वा परो मा वा, विसं वा परियत्तउ। भासियव्वा हिया भासा, सपक्खगुणकारिया ॥२१०॥ पमायमइरामत्तो, सुयसायरपारओ। अणंतं णंतकायंमि, कालं सोऽविय संवसे॥२११॥ कल्लं पोसहसालाए, नवि दिट्ठो जिणालए। साहूणं पायमूलंमि, केण कज्जेण साहि मे ॥२१२॥ तओ

(જુઓ ટાઈટલ પાનું ૩ જું)

# વર્તમાન સમયે પૂ.આ. શ્રીઅશોકસાગરસૂરિ મ.સા.ન



શ્રી નાગેશ્વર
પાર્શ્વનાથ તીર્થ
ઊન્હેલ (રાજ.)



શ્રી માંડવગઢ તીર્થધ

શ્રી જંબૂદ્વીપ દેરાસર





શ્રી માણિભદ્રતીર્થ
(ઉજ્જૈન-મધ્યપ્રદેશ)



શ્રી નવકાર મંદિર

# માર્ગદર્શન મુજબ શાસનની સેવાઅર્પી રહેલા તીર્થો.



ધાર) (મધ્યપ્રદેશ)






બૂદ્વીપ-પાલિતાણા)



અજીતશાંતિ તીર્થ બામણવાડા
(ઉંઝા ઊ.ગુ.)



શ્રી આર્યરક્ષિતસૂરિ તીર્થધામ
મંદસૌર (મ.પ્ર.)

# પૂ.આગમોદ્ધારકશ્રીની આગમવાણીને સુરક્ષિત રાખનાર મુખ્ય સ્થાપત્યો



શ્રી વર્ધમાન જૈન
આગમમંદિર સંસ્થા
(પાલિતાણા-સૌરાષ્ટ્ર)



શ્રી વર્ધમાન જૈન
તામ્રપત્ર આગમમંદિર
(સુરત)

પૂજ્ય આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.



જૈનાનંદ પુસ્તકાલય
(સુરત)



શેઠ શ્રી દેવચંદ લાલભાઈ ઝવેરી
જૈન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત)

